Nav Rachana

1947

G. K. V. I.ld. HARDWAR

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

111179

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊર્મિ અને નવરચના

ફેબ્રુઆરી ૧૯૪૭ : અંક અગિયારમો

587
NAV RACHANA
(Gujrati)
111179
194

આ અંકની સામગ્રી

નર્મદાને તીરે	ઝવેરચંદ મેઘાણી
જીવનપંથ	ધૂમકેતુ
અરુણા અને ત્રિવિક્રમ	દ્વિરેફ
કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી
મુનશીની મહાકથા	અનંતરાય મ. રાવળ
ગરોળીનાં ઇંડાં	શરદિન્દુ બંદ્યોપાધ્યાય
વલ્લભનગરની યોજના	નિરીક્ષક
બાળ માનસશાસ્ત્રના પ્રવાહો	નીરુ દેસાઈ
વિજ્ઞાન દર્શન	બંસી ગાંધી, પ્રો. જ. દે. ઓઝા, ડો. ન. મૂ. શાહ
ગ્રંથ સમીક્ષા	અ. મ. રા.

સંપાદક : ઈશ્વરલાલ મોહનલાલ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં પુસ્તકો

વિલોપન	ઝવેરચંદ મેઘાણી	૩-૦
તુલસીક્યારો	,, ,,	૪-૦
બીડેલાં દ્વાર	,, ,,	૩-૦
મેઘાણીની નવલિકાઓ ખંડ ૧	,,	૩-૦
,, ,, ખંડ ૨	,,	૩-૮
ડોશીમાની વાતો સાતમી આવૃત્તિ	,,	૧-૪
સંસાર	,, ,,	૦-૧૨
વેરાનમાં ત્રીજી આવૃત્તિ	,, ,,	૨-૦
તેજ છાયા	જ્યોત્સ્ના ખંડેરીઆ	૨-૮
ધરતીનો અવતાર	ઈશ્વર પેટલીકર	૨-૮
જનમટીપ (બીજી આવૃત્તિ)	,, ,,	૩-૦
રૂપમતી	ચુનીલાલ વ. શાહ	૪-૦
હૈયાની વાટ	,, ,, ,,	૪-૦
પ્રથમ પત્ની	પર્લ બક	૨-૮
મેં પાંખો ફફડાવી	તનસુખ ભટ્ટ	૨-૦
પિયો ગોરી	કૃષ્ણલાલ શ્રીધરાણી	૧-૦
કેળવણીની પગદંડી	નાનાભાઇ ભટ્ટ	૩-૮
નાનસેન	મૂળશંકર મો. ભટ્ટ	૧-૪
પાદરનાં તીરથ	જયંતિ દલાલ	૨-૮
કદમ કદમ બઢાયે જા	નિરંજન વર્મા જયમલ્લ પરમાર	૩-૮
ગાંધીજીના સાંનિધ્યમાં	પુરાતન બુચ	૧-૮
બાપુની છાયામાં	,, ,,	૨-૦
ધોળી બિલાડી	ગુલાબસિંહ બારોટ	૧-૦
તારકમંદિર	જયંતિલાલ ઓઝા	૦-૧૦
પતંગિયા રંગરંગી	નટવરલાલ દેસાઇ	૦-૮
હજુય મને સાંભરે છે	ગિજુભાઇ બધેકા	૦-૬
ચાતુરીની વાતો	નિ. વર્મા-જ. પરમાર	૧-૪
શાહનવાઝની સંગાથે	,, ,,	૨-૦
ક્ષય અને દમમાં નૈસર્ગિક સારવાર :	ભૂપતરાય મો. દવે	૩-૦

હું નિસર્ગોપચાર તરફ કેમ વળ્યો	અનુ. રમણલાલ એન્જિઅર	૧-૮
વિજ્ઞાનના વ્યાપક સ્વરૂપો	પદ્મકાન્ત ર. શાહ	૩-૦
કાયાકલ્પ ભા. ૧-૨	પ્રેમચંદજી	૪-૦
,, ભા. ૩	,,	૩-૦
ક્રાન્તિ	સાને ગુરુજી	૪-૦
આપણો સાગર સૈનિક	મહેન્દ્ર મેઘાણી	૩-૦
વક્તા કેમ થવાય ?	સતીશચન્દ્ર દેસાઈ	૨-૮
આતિથ્ય	ઉમાશંકર જોષી	૩-૦
લખચોરાસી-(બીજી આવૃત્તિ)	પન્નાલાલ પટેલ	૩-૦
આવતી કાલ (સુધારેલી નવી આવૃત્તિ)	રા.ના. પાઠક	૩-૦
સાહસિક સોદાગરો	ડુંગરશી ધરમશી સંપટ	૨-૪
આપણું બંધુરાષ્ટ્ર ચીન	જીવણલાલ ચાંપાનેરીઆ	૩-૦
ગોવાલણી અને બીજી વાતો	મલયાનિલ	૨-૮
પરિભ્રમણ (બીજી આવૃત્તિ)	ઝવેરચંદ મેઘાણી	૩-૮
બાપુનાં પારણાં	,, ,,	૦-૧૨
બંદીઘર	દર્શક	૬-૦
મન્વંતર	અનુ. રમણિક મેઘાણી	૪-૮
તાણાવાણા	ઇશ્વર પેટલીકર	૨-૮
ગાંધીબાપુ ભા. ૧-૨	રામનારાયણ ના. પાઠક	૯-૦
ભારતમાં અંગ્રેજી રાજ્ય ભાગ ૧	પં. સુંદરલાલજી	૯-૪
ભા. અં. ગ. ભાગ ૨	,, ,,	૯-૪
વિશ્વદર્શન (૧૯૪૬-૪૭)	છોટાલાલ કામદાર	૧૦-૮
દવાનો છેલ્લો ઘુંટડો (આ. ૩)	ભુપતરાય મો. દવે	૨-૦
મેડકકુમારી	મયુર	૦-૧૨
જગલની રાણી	,,	૦-૧૨
દક્ષિણભારતનાં તીર્થધામો	શાંતિલાલ ગાંધી	૨-૦
શિખરિણી	ચન્દ્રવદન મહેતા	૧-૮
દ્વિરેફની વાતો ભા. ૧	રામનારાયણ વિ. પાઠક	૨-૮
,, ,, ભા. ૨	,, ,, ,,	૨-૮

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

પો. બો. નં. ૯૯૮ મુંબઈ ૧ : પો. બો. નં. ૭૩ અમદાવાદ.

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી તારાચંદ માણેકચંદ રવાણી; ૧૬ શ્રીમાળી સોસાઈટી : અમદાવાદ.
મુદ્રક : [illegible]લાલ મગનલાલ ભટ્ટ : ભારતી મુદ્રણાલય : હરણવાળી પોળ ; ચાર રસ્તા; ખાડિયા; અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વધુ સિમા–ચિન્હ

રૂબી જનરલે.......... ૧૯૪૬માં એક વધુ પ્રગતિકૂચ કરી છે

૧૯૪૬ માં

લાઈફ ડીપાર્ટમેન્ટે

રૂા. ૨,૬૫,૦૦,૦૦૦

બે કરોડ પાંસઠ લાખ

નવું કામકાજ લખી
જનતાની લોકપ્રિયતા સાબિત કરી છે

રૂબી જનરલ ઈન્સ્યુ. કું. લી.

હેડ ઓફીસ...........કલકત્તા

ચેરમેન

બી. એમ. બીરલા

જીંદગી, આગ, દરીઆઇ, મોટર, અકસ્માત, ચોરી, લુંટફાટ
કામદારોના બદલાના વિમાનું કામકાજ લખવામાં આવે છે

અમદાવાદ શાખા:
જયંતીલાલ ગી. શાહ
બ્રાંચ મેનેજર (જનરલ)
ભદ્ર કારંજ, અમદાવાદ

શ્રી. બી. કે. સેતલવાડ
જનરલ મેનેજર
ઈનચાર્જ ઓમ્બે ડીવીઝન
ઈમ્પીરીઅલ બેંક, એનેક્ષ બીલ્ડીંગ
ફોર્ટ......મુંબઈ.

મેસર્સ પી. ચંદુલાલ એન્ડ કું.
ઇન્ડીપેન્ડન્ટ એજંટ
લાઈફ ડીપાર્ટમેન્ટ
નાતાલવાળા બિલ્ડીંગ, ચાર રસ્તા
અમદાવાદ.

શ્રી. ફુલાભાઈ ઝવેરભાઇ પટેલ
ભોજની ખડકી સામે, નડીઆદ.
ઈન્સ્પેક્ટર ઓફ એજન્સીઝ [લાઇફ]
ખેડા જીલ્લા અને ખંભાત સ્ટેટ.

ટેલીફોન નંબર
૨૦૫૬૦ : ૩૧૯૨૯

મે. એમ. જી. પટેલ એન્ડ કું.
સ્પેશીયલ એજંટ
જ્યુબિલિ બાગ સામે,
વડોદરા.

વડોદરા શાખા
શ્રી. કે. ટી. પટેલ
રાવપુરા, વડોદરા.

ટેલીગ્રામ્સ:
RUBINSURE

સુરત શાખા
શ્રી. બી એમ. રેશમવાળા
કણપીઠ, સુરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અભૂતપૂર્વ સાહસ

જણાવતાં આનંદ થાય છે કે હિંદી રાજવીઓના સહકાર અને પ્રોત્સાહનથી હિંદી જનતા અને રાજવીઓ માટેની જંગી યોજના આકાર લઇ રહી છે.

ધી પ્રિન્સીઝ પિકચર્સ કોરપોરેશન લી૦

સત્તાવાર અને બહાર પાડેલી થાપણ

એક કરોડ રૂપિયા

રંગભૂમિ અને ફિલ્મચિત્ર

બંને વ્યવસાયોમાં

વપરાશે.

નીચેની યોજના તૈયાર થઈ ગઇ છે

- ૦ ૨૪ એરકન્ડીશન્ડ છબીઘરો
- ૦ ૩ નાટક કંપનીઓ
- ૦ ૬૦ હિંદી અને વિદેશી ચિત્રોનું વિતરણ

અને

હિંદનો મોટામાં મોટો એરકન્ડીશન્ડ સ્ટુડિયો

એજન્સી અને વિગત માટે લખો

ધી પ્રિન્સીઝ પિકચર્સ કોરપોરેશન લીમીટેડ

મહાલક્ષ્મી મારકીટ, ચાંદની ચોક, દિલ્હી.

ટે. નં. ૫૧૬૪ અમદાવાદ ઓફીસ : ટેલીગ્રામ્સ : KAUMUDI

બાબુભાઈ ભટ, ૫, રાજનગર સોસાયટી એલીસબ્રીજ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રનું અણમોલ ધન

* જે પ્રજાનું ધન પોતાના જ દેશમાં સાચવી શકે છે–તેને કેળવી પોતાના સાધનો માટે ઉપભોગ કરી શકે છે, તે દેશને દુન્યવી કોઈ શક્તિ ગુલામ બનાવી શકતી નથી.

- નિર્ણય કરો કે દેશનું ધન–દેશમાં જ રાખશો
- હિન્દી વીમા કુંપનીને જ તમારો વીમો આપશો

સ્ટાન્ડર્ડ જનરલ એસ્યુ. કું. લી.

તમને તમારા આ નિર્ણયમાં સહાય આપવા તત્પર છે.

આગ–મોટર–અકસ્માત–દરીઆઈ અને કામદારોના બદલાના વીમાનું કામકાજ લખવામાં આવે છે.

હેડ ઓફીસ : કલકત્તા

જનરલ મેનેજર
શ્રી. યુ. એન ચેટરજી

: ચેરમેન :
સર બદ્રિદાસ ગોએન્કા
નાઇટ સી. આઇ. ઇ.

કે. જી. મર્ચન્ટ
બ્રાન્ચ મેનેજર :
૪૫/૪૭, એપોલો સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ ૧.

ટે. નં.
૨૨૦૪૮–૨૨૦૪૯

ટેલીગ્રામ્સ :
STANGENAL

: અમદાવાદ શાખા :

શ્રી જશવંત સુતરીઆ
બ્રાન્ચ મેનેજર :
વકીલ બીલ્ડીંગ, ચાર રસ્તા, ખાડીઆ
ટે. નં. ૨૩૭૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણ સાયકલ એન્ડ મોટર કું.

રીચીરોડ, પોષ્ટ ઓફીસ પાસે,

અ મ દા વા દ.

✻

દરેક જાતની

✻ સાયકલો,

✻ બાબા ગાડીઓ

✻ બાબા મોટરો

તથા

✻ ટ્રાયસીકલના

જથાબંધ અને છુટક વેપારી

✻ સાયકલો વિ. ખરીદતાં પહેલાં અમારી મુલાકાત લો ✻

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૬ : 'નવરચના' વર્ષ ૧૧ : અંક ૧૨

ફેબ્રુઆરી : ૧૯૪૭

ક્રમ

૧	નર્મદાને તીરે	ઝવેરચંદ મેઘાણી	૭
૨	વહેતાં પાણી	માસિક નોંધ	૧૧
૩	કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી	૧૭
૪	જીવન-પંથ	ધૂમકેતુ	૨૪
૫	અરુણા અને ત્રિવિક્રમ	દ્વિરેફ	૨૫
૬	મુનશીની મહાકથા	અનંતરાય મ. રાવળ	૩૧
૭	વલ્લભનગરની યોજના	નિરીક્ષક	૩૮
૮	ચરોળીનાં છોડા	શરદિન્દુ બંદ્યોપાધ્યાય અનુ : રમણિક મેઘાણી	૪૩
૯	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, જયંતિલાલ દે. ઓઝા, નરસિંહ મૂ. શાહ	૪૮
૧૦	બાળમાનસશાસ્ત્રના પ્રવાહો	નીરુ દેસાઈ	૫૩
૧૧	ગ્રંથસમીક્ષા	अ. म. रा.	૬૫

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૭-૦-૦ : પરદેશમાં રૂ. ૧૦-૦-૦

છૂટક નકલ બાર આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીમરાજ બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન

ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

સૂર્યનગર

સ્થળ :

વટવા

સ્ટેશનની સામેજ

સર્વે નંબર

૧૦૫૨, ૧૦૨૫, ૧૦૨૩, માં

૫૦ પ્લોટની સુંદર

યોજના ઘડાઈ રહી છે.

*૪૦૦ વારનો પ્લોટ

*દર વારનો ભાવ રૂ. ૪-૮

વધુ માટે જાહેરખબર જોતા રહો.

ભૂધરદાસ સી. પટેલ

મેનેજીંગ ડીરેકટર

પટેલ શાહ એન્ડ કું.

અમદાવાદ

પ્રભાતનો પ્રથમ પ્રશ્ન

મનપસંદ ને ટેસ્ટદાર

ચા હ

ઊંચી જાતની તમાકુવાળી, દમોહના

કારખાનામાં તૈયાર થએલી સંપૂર્ણ

તમાકુથી ભરપૂર

બીડી

હોલસેલ માટે ખાસ ઘટાડેલા ભાવ

નહાવા તથા ધોવા માટે દરેક જાતનો

સાબુ

છુટક તથા જથાબંધ મળશે.

આજેજ અમારે ત્યાંથી કિફાયત ભાવે

ખરીદી ખાત્રી કરો.

બહારગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન

આપવામાં આવે છે.

દિપકલાલ એન્ડ કું.,

લોટસ બ્રાન્ડ ચાહના ચીફ એજન્ટ

કાળુપુર દરવાજા બહાર : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારો ફાળો

* હિન્દની આઝાદી સત્વર પ્રાપ્ત કરવા
* હિન્દી ઉદ્યોગો અને હિન્દી મૂડીને સંગઠિત અને સદ્ધર બનાવવા તમારો ફાળો આપો.

* હિન્દી ઉદ્યોગો અપનાવો
* હિન્દી વીમા કંપનીને જ તમારૂં સઘળું વીમાનું કામકાજ આપો

ધી યુનીવર્સલ ફાયર એન્ડ જનરલ ઇન્સ્યુ. કું. લી.

ચેરમેન : શ્રી. ભીમરાવ કે. સેતલવડ

જિંદગી—આગ—મોટર—દરિયાઈ વિગેરે વીમાનું કામકાજ કરતી સંપૂર્ણ સ્વદેશી સદ્ધર વીમા કંપની

*

વિગત માટે લખો:—

મેનેજર

ધી યુનીવર્સલ ફાયર એન્ડ જનરલ ઈન્સ્યુ. કું. લી.

યુનીવર્સલ ફાયર બીલ્ડીંગ, ફીરોઝશાહ મહેતારોડ

કોટ—મુંબઈ

ટે. નં. ૩૦૮૨૮, ૩૦૮૨૯, ૩૦૮૩૦ ગ્રામ્સ: UNIFIRE

શાખાઓ:—

* અમદાવાદ * સુરત * કરાંચી * દિલ્હી
* લાહોર * કલકત્તા * પૂના * ઈન્દોર.

—ચીફ એજન્સીઓ હિન્દના મુખ્ય શહેરોમાં છે—

મુંબઈ ઇલાકાના દરેક શહેરમાં જીંદગીના વીમાના ખાતા માટે ઉદાર શરતોએ યુવાન ઉત્સાહી અને લાગવગવાળા એજન્ટો જોઈએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામ અને નવરચના

નર્મદાને તીરે

ઝવેરચંદ મેઘાણી

એક તો નર્મદા જેવી નદી, અને તેમાં પાછી એ નદી અર્ધચંદ્રાકારે વળાંક લેતી હોય, પછી સ્થાનની રમ્યતાનું પૂછવું જ શું ?

એવા એક ગામડાને જાણે કાખમાં તેડીને લોકમાતા નર્મદા ભરૂચની ઊગમણી દિશાએ એક ઠેકાણે પોતાના આંગણામાં જરાવાર ઊભી થઈ રહી છે. પતિદેવ દરિયાની પ્રતીક્ષા કરે છે. દેશાવરે વિચરતો સ્વામી કોઈ વાર મહિને પખવાડિયે ઘરમાં ડોકાઈ જાય છે, જુવાળનાં આલિંગનો ભરી ભરી નર્મદાને મળે છે, ને પાછો ખેપે પળે છે.

આ નર્મદા, વિરલ એક અપવાદ જેવી, સ્વામીનાં ખારાં ખારાં સલિલે લેશમાત્ર ખારી બનતી નથી. પોતાની સાત્ત્વિક મીઠપને એ, દરિયાખારાની આટલી નજીકમાં હોવા છતાં યે મૂકતી નથી. ભરતીનાં પાણીનું જોર અહીં સુધી—બાર બાર ગાઉ સુધી નર્મદાના દેહને રોમાંચિત કરે છે, રેવાને રૂંવે રૂંવે પ્રેમની પુલકાવળ પ્રકટાવે છે, છતાં રેવા—ગરવી ને ગંભીર ગુજરાતણ સમી—પોતાનું હૃદય ઉન્માદરહિત અને મધ જેવું મીઠું રાખી શકે છે.

એવી ભદ્રરૂપિણી નર્મદાને અહીં અર્ધચંદ્રાકારે વળાંક લેતી સાંભળી તો હતી વર્ષોથી, પણ દીઠી છેક અત્યારે. દેખ્યા વગર કદાચ રહી ગયા હોત, તો તેમાં શી નવાઈ હતી ! તીર્થાટનને ધાર્મિક વેવલાઈ ઠરાવીને આપણા શિક્ષિત સમાજે ઉપેક્ષિત બનાવ્યું છે. એટલે ગરીબ મધ્યમવર્ગનાં માનવીઓ પોતાના જીવનસંગ્રામની વચ્ચે ક્યાંક ને ક્યાંક કોઈક એકાદી વેળાએ બૈરાં છોકરાંને સંગાથે રાખી દેવદર્શનને મિષે દેશદર્શને નીકળી પડતા, તે તો હવે ચાલ્યું જાય છે. અને સામી બાજુએ આપણી સમાજ-રચનામાં દેવસ્થાનોનું સ્થાન ક્રીડાસ્થાનોએ હજુ લીધું નથી. આપણી વિદ્યાપીઠોએ પોતાની ઉપાધિઓ એનાયત કરવામાં રાખવી જોઈતી તેવી આ જરૂરી શર્ત હજુ રાખી નથી, કે દરેક પરીક્ષા પાસ કરનાર યુવાન યુવતીએ જન્મભૂમિના એકાદા ટુકડાને મહિનો બે મહિના પણ પગતળે કાઢી નાખેલો હોવો જોઈએ.

એટલે જ અમારા યૌવનની ફૂલગુલાબી વેળાએ નહિ પણ આયુષ્યના નમતા બપોરે અમને અકસ્માત આ નર્મદાનું સૌંદર્યધામ શુક્લતીર્થ જોવા મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્મદા હાઈસ્કૂલના ઊંચાણ સ્થળેથી આપણી સન્મુખ, કોઈ જૂહુતટની યાદ આપતો વિસ્તીર્ણ ભૂમિપટ પડ્યો છે, તેની ઉપર હવાફેર માટેના બંગલાની કે બીજી કોઈ આરોગ્યાલય ધર્મશાળાની ઈમારતો નથી; ચોખ્ખું ફૂલ એ ગ્રામ—આંગણું જ રહ્યું છે; અને નવાઈની વાત છે, કે ગ્રામજનોએ આ ગામ અને નદી વચ્ચેના વિશાળ મેદાનને શૌચ ઉકરડાનું સ્થાન બનાવ્યું નથી. સાંભળ્યું છે કે એ તો ગામના એક આગેવાન ઠાકોરની શેહને આભારી છે. તો તો ગામેગામ આવી આગેવાનીની જરૂર.

વચ્ચે કોઈ ભેખડ-કિનારાનું વિક્ષેપસ્થાન રાખ્યા વગર આ ઠેકાણે નર્મદા શુકલતીર્થની પૃથ્વિી સાથે બહેનપણાં બાંધી રહી છે. બારીક રેતનો થોડો પટ ખૂંદ્યા પછી નદીનો પહોળો સ્રોત આવે છે. અને એનું પાણી સાચા અર્થમાં પુણ્ય-સલિલ છે. નાવડીમાં બેઠે બેઠે પહલીઓ ભરી ભરીને ઘૂંટડા પીધા, પણ મન ધરાતું નહોતું.

શતકોના પરદા ઉચકાય છે, ને એક દિવસની બપોરવેળાએ ઉપરવાસથી એક નવાઈભરી નાવડી ફૂલેલે શઢે ચાલી આવે છે. કાળી નૌકા, કાળા શઢ, તેની મોખરે કાળા પોશાકે બેઠેલો એક પ્રવાસી દેખાય છે. એને શરીરે કોઢની કાળાશ વ્યાપી વળી છે. અંગેઅંગે રક્તપીતનાં ધારાં વહે છે. તીર્થ પછી તીર્થ એ કરતો આવે છે, કાળા શઢ પર અને પોતાના કાળા પોશાક પર એ ધ્યાનમગ્ન છે. એ કશાક પરિવર્તનની વાટ જોતો જણાય છે. નૌકામાં ભયભરી ચિંતાભરી નીરવતા છે, ખળળ ખળળ કેવળ હલેસાંના જ બોદા ધ્વનિ સંભળાય છે, અને નર્મદાની પ્રવાહ-વાણી માર્દવપૂર્ણ છે.

એકાએક એ નાવડીના શઢ કાળા મટી શ્વેત-શુકલવર્ણા બની જાય છે, પ્રવાસીનાં કાળાં પરિધાન પણ રંગપલટો અનુભવી ધોળાં ફૂલ બને છે, અને પ્રવાસી નૌકાને થોભાવે છે. કાંઠે ઊતરે છે, ચિરવાસ કરે છે, નિત્ય નહાય છે, જળપાન કરે છે, અને થોડે દહાડે એનો કોઢ ટળે છે.

એ હતા આર્યાવર્તના ડહાપણભંડાર અર્થશાસ્ત્રી અને પરમ રાજનીતિજ્ઞ દેવ ચાણાક્ય. રાજનીતિના એણે ખેડેલા પંથ વસમા હતા. પાપના પુંજ એના દેહ પર કોઢરૂપે ફૂટી નીકળ્યા હતા. દેવવાણી બોલી હતી એકદા, કે નૌકારોહણ કરો કૌટિલ્ય! નર્મદાનાં પર્યટન માંડો, કાળા શઢ, કાળી નાવ, કાળા પોશાક ધારણ કરો! નર્મદાના વિહારમાં જે ઠેકાણે એ કાળા મટી શુક્લ (શ્વેત) બની રહે, ત્યાં ઠેરજો, તમારી કાયા પણ ત્યાં કોઢણી મટીને શુક્લ બનશે.

શુક્લતીર્થના એ મહાતમને તો આજે ય કોઢિયાં લોકો તટવાસો સેવીને સાર્થ કરે છે. નર્મદાનાં હવા ને પાણી આ કારમા કાળા રોગને હરી લે છે એવું સાંભળ્યું. અને પેલી ચાણાક્ય-કથામાંથી આપણું આર્યોનું સદાય વહાલું એવું કાવ્યતત્ત્વ જડે છે. જીવનને લગતી એવી એક પણ બાબત નથી, કે જેને આપણા પૂર્વજોએ કાવ્ય વડે ન શણગારી હોય. આજે જેને વહેમ પાખંડોનાં વાગ્જાળાં કહીએ છીએ તે તો આપણાં રૂપકકાવ્યો છે. આપણી આજની વાસ્તવનિષ્ઠતા રૂક્ષતાને પામી છે, કાવ્યને હારતી જાય છે, રૂપકને પકડી શકતી નથી.

નર્મદા પૂર્વથી પશ્ચિમે વહે છે. નર્મદા હાઈસ્કૂલના આચાર્ય, ચરોત્તર એજ્યુ૦ સોસા૦ના નિવૃત્ત કાર્યવાહક અને અત્યારે નવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્જતા ચરોત્તરી વિદ્યાધામ વલ્લભવિદ્યાનગરના બે જોડિયા નિર્માતાઓમાંના એક શ્રી. ભીખાભાઈ પટેલ એ મને આ સ્થળ પર ઊભતાંની વાર જ નદી–દશ્યથી મુગ્ધ બનતો દેખીને કહે કે, 'હું પણ અહીંના લોકોને એ જ કહું છું, હું લોકોથી આકર્ષાઈને નહિ પણ નદીથી આકર્ષાઈને દસ વર્ષ સુધી અહીં આવી બેઠો હતો.'

નર્મદા હાઈસ્કુલના હેડમાસ્તર શ્રી સત્રે કહે છે કે 'અહીં તો આકાશ નદીને માથે દિવસમાં કેં કેં વાર રંગો બદલે છે. આ રંગપરિવર્તનોનો કંઈ પાર નથી.'

આ પાર ભરૂચ જીલ્લાની વસ્તી છે, ને સામે પાર રાજપીપળાની રાજસ્થાની સરહદની શરૂઆત થઈ જાય છે. નાવડીમાં નદી–વહેન ઓળંગતા હતા ત્યારે એક સંગાથીએ કહ્યું કે, બેઉ પ્રદેશોની વચ્ચે તો છે કેવળ આ નદી, છતાં અહીંથી એ પાર પર પ્રવેશો કે તરત જ તમને આબોહવા ફરી ગયેલી લાગશે. અરે, આ આપણા કાંઠાનાં વાંદરાં અને એ કાંઠાનાં વાંદરાંમાં પણ મોટો ફરક છે. આ કાંઠાનાં વાંદરાં પૂછડાનો ઝંડો ઊંચે શરીર પર ફરકાવીને ફરે છે, ત્યારે તે પારનાં વાંદરાંનાં પૂછડાં તો પાછળ ઘસડાતાં હોય છે.'

હતું તો કેવળ પ્રાણીનિરીક્ષણ, પણ એમાં વિધાતાનો વ્યંગ હતો. જીલ્લાની પ્રજા અને દેશી રાજ્યની પ્રજા, એ બે વચ્ચેનો, મિજાજનો તફાવત એ શબ્દોમાં ધ્વનિત થતો હતો.

શુકલતીર્થના અને સામા પારના ઝઘડિયા શહેરના ઓવારા વચ્ચે ઉતારુઓને લઈ જતી નાવડીના નાવિકો 'નિજામા' નામે ઓળખાતી એક કોમના છે. આ કોમના ખારવા કેવળ શુક્લતીર્થ, ભરૂચ, જાડેશ્વર, અને સીનોર એમ ફક્ત ચાર જ ઠેકાણે છે. નામ નિજામા, પણ જાતે હિંદુ, ખેતી કરનારા, ઓવારા સિવાયની કોઈ ખેપ ન કરનારા, અને મચ્છી ખાનારા છતાં જાતે તો મચ્છી નહિ જ મારનારા, એવા વિલક્ષણ છે. તદુપરાંત એમની અપવાદરૂપ હકીકત તો આ છે, કે આ ઓવારાનો નૌકાવ્યવહાર કાયમને માટે તેમને જ હસ્તક સુપરદ છે. અન્ય ઓવારાની માફક આ ઓવારો ઈજારે અપાવા હરરાજીમાં મુકાતો નથી, કોઈ સરકારી દરબારી લાગાલેતરી એમના પર છે નહિ, તેમ લોકપક્ષે તેઓ બ્રાહ્મણ, સાધુ, ફકીરોને વિનામૂલ્યે નાવડીમાં લઈ જાય છે. અને નાવડીનો ચાર્જ ફક્ત બે પૈસા!

અમારા નાવિક બનેલા જુવાન નિજામા ધીરજભાઈને પૂછીને આ વાતો કઢાવી, અને વળતા પ્રભાતે કબીરવડની નૌકા–યાત્રામાં નાવિક છીતાભાઈને જે પૂછપરછ કરી, તે તો વિવિધવિષયવંતી હતી.

'છીતાભાઈ, આ નર્મદાની માછલીઓ કઈ કઇ?'

'દાંગરી, ગરી, શિંગારિયો, કાંટિયો, ઓચો, લેવરો, જીંગા, કરચલા, અને કાતરિયું.'

આ કાતરિયાની વાત અમારા સાથી ઠાકોર ગુલાબસિંગભાઈ પરમારે કહી: 'ખારવો જ્યારે માછલી પકડવા પાણીમાં પડી, અંદર ડૂબેલો ડૂબેલો તરતો જતો હોય છે. ત્યારે તેને કોઇક વાર નદીનું પાણી લાલ લાલ દેખાય છે. અને તુરત એ પોતાના પગ સંભાળે છે. એને ખબર પડે છે કે એક પગ એને રહ્યો જ નથી. કાતરિયું એ આખો પગ પોતાના દાંતની તીક્ષ્ણ ધાર વડે એવી તો સફાઈથી કાપી ગયું હોય છે, કે નાવિકને પગ જુદો પડવા છતાં જાણ નથી થતી!

મનમાં થયું: વાહ! ખાંડ ખાય છે જગતના સર્જન બહાદુરો! આ જળચર સર્જનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ક્લોરોફોર્મ કે કોકેનાઈઝ કરવાની યે જરૂર રહેતી નથી. પછી તો વિશેષ વાતો પણ સાથી ગુલાબસિંહજી કહેવા લાગ્યા:—

ચોમાસે આ નર્મદા જ્યારે બે કાંઠે બની જઈ 'રુદ્રદેહા' એવું એને આપાયેલું નામ સાર્થ કરે છે, ત્યારે એવા પ્રલય-પૂરમાં ખારવા તુંબડીની ઘોડી બનાવીને પડે છે. બે લાંબાં તુંબડાં હોય છે. તેને એક સાદી રસીથી જોડેલાં હોય છે. તે રસી પર ખારવો, માણસ ઘોડેસ્વાર બને તેવી અદાથી પલાણી, બીડી પીતો પીતો, વણભિંજાયેલ કપડે, પગને પાણીમાં રાખી હલનચલન કરતો જાય છે. એટલે આ તુંબડી-ઘોડી ચાલતી જાય છે. એણે પોતાની મોખરે ગોળાકાર વાંસની ખપાટ પર એક જાળ ગોઠવેલી હોય છે, આ જાળમાં જે માછલાં પકડાય છે, તેને પોતે મોંભાગેથી એક રસીમાં પરોવી દઈ પછવાડે તરતી રાખે છે. એટલી બધી માછલીઓને પછવાડે તરતી રાખી ઘસડી જવા માટે પાછળ બીજું એક તુંબડું બાંધેલું હોય છે.

રુદ્રદેહા નર્મદાના પ્રલયકારી તાંડવ—પૂર પર જે તુંબડાં પર આ માછીમાર ઘોડેસવારીની લજ્જતભરી સેલગાહ માણતો હોય છે, (ને તે લજ્જત કેટલી! બીડી પણ પીતો જાય!) તે રચનાનો પરિચય તો મને ભાઠાં પર ગયા પછી એક ઝૂંપડામાંથી આપવામાં આવ્યો. ઝૂંપડાના છાપરા પર એ યંત્ર પડ્યું હતું! બે નાનાં, લાંબાં, દૂધી જેવાં તુંબડાં, ને વચ્ચે કાથીની સાદી રસી: ગુજરાતના બહાદુરિયા નાવિકની આ સાણુકી ઘોડી! એના પર પલાણીને એક કંગાલ માણસ રુદ્રરૂપિણી સંહારમૂર્તિ રેવા ની જળબંબાકાર લીલાભૂમિના પટ પર આસાનીથી રમતો જાય છે! ગુજરાતે તો આ તુંબડાંઘોડીનાં ઈનામી ટૂર્નામેન્ટ ઉજવવા જેવું છે.

(અપૂર્ણ)

*

ટેલીફોન

૩૮ કરોડની વસ્તીવાળા આપણા દેશમાં આજે કુલ ૧,૨૧,૦૦૦ ટેલીફોન છે. જેમ જેમ પરદેશથી નવાં યંત્રો અને અન્ય સરંજામ આવતો જશે તેમ તેમ એ આંકડો વધારીને ૨,૧૮,૦૦૦ ઉપર લઇ જવાની એક યોજના છે. એ ૨,૧૮,૦૦૦ માંથી વીસહજાર તો એકલા મુંબઇ શહેરમાં હશે.

૧૪ કરોડની વસ્તીવાળા અમેરિકામાં ૨,૮૦,૦૦૦ ટેલીફોન છે; એટલે કે દુનિયાના કુલ ટેલીફોનની અડધી સંખ્યા તો આ એક જ દેશના કબજામાં છે. દર પાંચ અમેરિકન કુટુંબમાંથી બેના ઘરમાં ટેલીફોન હોય છે.

જીવનનો આનંદ

હજામતની દુકાનો, પોમેડ-પાવડર ઇત્યાદિ સૌંદર્યવર્ધક બનાવટો, બીડી-સિગારેટ અને દારૂ પાછળ અમેરિકન પ્રજા દર વરસે તેર અબજ ડોલર ખરચે છે.

એ જ અમેરિકન પ્રજા પોતાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ અંગે બારમહિને બે અબજ ડોલરનો ખર્ચ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેતાં પાણી : માસિક નોંધ

શહેરોનાં જંગલી જીવનની કરુણ તસવીર

કોમી વિખવાદને કારણે આપણાં શહેરો કેટલી જંગલી અને પછાત દશામાં ગરકી પડ્યાં છે તે વિશે 'હરિજનબંધુ'માં લખતાં શ્રી કિશોરલાલ મશરૂવાળા એક શહેરનું નીચે પ્રમાણેનું વર્ણન ટાંકે છે—

> 'શહેરનું વાતાવરણ ઉપરથી તો સૌને હવે કોઠે પડી ગયું હોય એમ લાગે છે. પણ વિશ્વાસ બિલકુલ બેઠો નથી. તોફાનનું નવું કારણ કે સ્વરૂપ ન જન્મે, તો અત્યારની સ્થિતિથી બધા ટેવાતા જાય છે. વેપારી બજારમાં અમુક અમુક સ્થળે વચ્ચે પોલીસ બેઠી હોય અને એક તરફ હિંદુ અને બીજી તરફ મુસલમાનો એકઠા થાય. લાખો રૂપિયાની લેવેચ કરે. કલાકો સુધી ત્યાં ઊભા ઊભા જ કામ થાય. એકબીજાના નોકરો નક્કી કરેલી સરહદ સુધી માલ પહોંચાડી જાય, અને પછી સાંજ પડયે કામકાજ ખતમ થાય. હિંદુઓ હિંદુસ્તાનમાં અને મુસલમાનો પાકિસ્તાનમાં! કોઈ એકબીજાના લત્તામાં જતા નથી ને આ રીતે કામકાજ કરે છે.'

આ વર્ણનને શબ્દે શબ્દે વાસ્તવની કઠોરતા અને કરુણતા ન ભરેલી હોત તો એ કટાક્ષચિત્રનો એક આબાદ નમૂનો બની રહે. શું મુંબઈ–અમદાવાદમાં કે શું કરાંચી–કલકત્તામાં હિંદુઓ અને મુસલમાનોના જીવનના તાણાવાણા એવી રીતે વણાઈ ગયેલા છે કે એમાંથી એમને જુદા પાડવાનું કામ બ્રહ્માને પણ આકરું પડી જાય. બંનેને રોજ રોજ, કલાકે અને હર ઘડીએ એકબીજા સાથે વ્યવહાર કર્યા વિના ચાલતું નથી; અને છતાં અહીં વર્ણવાયું છે તેમ એકબીજા સાથે છૂટથી હળવા મળવાની હિંમત બંને હાલ તુરત પૂરતી ખોઇ બેઠા છે. પ્રાંતની પ્રજાકીય સરકાર એમ આશા રાખતી હશે કે જેમ જેમ સમય વીતશે તેમ તેમ કૃત્રિમ જીવનવ્યવહાર બંને ઝઘડતા પક્ષો માટે અસહ્ય થઈ પડશે અને વિશ્વાસનું વાતાવરણ આપોઆપ ઊભું થશે.

થડમૂળ ઉપર કેમ ઘા નથી થતા?

આવી આશા રાખવી એ એક વાત છે અને મહિનાઓ સુધી તેને નિષ્ફળ નીવડતી જોયા કરવી અને છતાંય નિષ્ક્રિય રીતે બેસી રહેવું તે બીજી વાત છે. કુદરતનો ક્રમ છે કે, ચાહે તેવો જખમ; સમય વીતવાની સાથે, આપોઆપ રુઝાય છે. પણ આજે પ્રજાના બે પક્ષો વચ્ચે જે ખાઈ પડી ગઇ છે તેને જખમ સાથે નહિ પણ ઊંડા ઘારા સાથે સરખાવી શકાય. પ્રજાનો એક પક્ષ રોજ રોજ એ ઘારામાં મરચાં ભરી રહ્યો છે. એમનાં છાપાં બેફામપણે ઉશ્કેરણી ફેલાવ્યે જાય છે. રમખાણોમાં જે પક્ષ આક્રમક છે તેના માત્ર ગુંડાઓ જ નહિ પણ વેપારીઓ, વકીલો અને સમાજમાં ઊંચું સ્થાન ભોગવતી કેટલીય વ્યક્તિઓ અગ્રભાગ ભજવે છે તે સરકારથી અજાણ્યું ન હોઈ શકે. છૂરી મારનારા ગુંડાઓ તો કેટલાક પકડાશે? એમ પાંદડે પાંદડે તોડતાં ક્યારે આરો આવશે? થડમૂળ ઉપર ઘા કરતાં આ પ્રાંતની સરકાર કેમ આટલી બધી અચકાય છે? આવા બધા પ્રશ્નો પ્રજાના દિલમાં સળગી રહ્યા છે. વિશ્વયુદ્ધ દરમિયાન લડાઈને મોરચેથી યાદીઓ આવતી કે, આજે આટલાં વિમાનો તૂટી પડ્યાં, આજે આટલાં જહાજ ડૂબ્યાં, આજે આટલા સૈનિકો મરણ પામ્યા, તેની માફક રોજ રોજ સરકારી યાદીઓ છરાબાજીના ભોગ બનેલા નિર્દોષોના આંકડા ઘણી કાળજીપૂર્વક અને બાહોશીથી આપ્યે જાય છે; પાંચ મર્યા: દસ ઉપર છૂરી ચાલી: પંદર ઉપર તેજાબ ફેંકાયો. સરકારી યાદીને મન એ પાંચ–દસ–પંદર નિષ્પ્રાણ આંકડાઓ છે, પણ એ પાંચ–પંદરમાંથી પ્રત્યેકના પચાસ–સો કુટુંબીજનો અને સ્નેહીઓને માટે તો છાપાંમાંના એ આંકડા આંખો ઉપર ધગધગતા અંગાર ચંપાયા બરોબર છે. એક એક આંકડે અનેકનાં કિસ્મત ફૂટી જાય છે, હૈયાં ભાંગી જાય છે, રોટલા રઝળી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોંગ્રેસની મનામણાં-નીતિને પ્રધાનોથી કેમ અનુસરાય ?

જાણીએ છીએ કે કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો જ આજે કોમવાદીઓનાં મનામણાં કરવા શક્ય તેટલા માર્ગો શોધી રહ્યા છે અને બહુ દૂર નીકળી ગયા છે. એ આગેવાનોના દેશપ્રેમની કે એમની સમજણ-શક્તિની લેશ માત્ર પણ અવહેલના કર્યા સિવાય આ વસ્તુ સ્પષ્ટ રીતે કહી શકાય તેવી છે. ધર્મરાજા પણ જો જુગટામાં દ્રૌપદીને મૂકે તો તે વસ્તુ સહી શકાય નહિ. કોંગ્રેસ દેશની આઝાદી માટે, દેશની અખંડિતતા માટે ને દેશની આબાદી માટે લડતી આવી છે. પણ એ આઝાદી, એ અખંડિતતા કે એ આબાદી ગીરે મૂકવાનો ખુદ કોંગ્રેસને પણ અધિકાર ન હોઇ શકે.

આ રીતે કોંગ્રેસની દેશવ્યાપી નીતિ લીગ સાથે અથડામણમાં ન આવવાની હોવાથી કોંગ્રેસી પ્રધાન-મંડળોને અમુક મર્યાદાઓમાં રહીને જ રમખાણોને અંકુશમાં રાખવાનાં પગલાં ભરવાં પડતાં હોય તેમ લાગે છે. (જોકે પ્રજાને આવી વાત દિલ ખોલીને કોઇ પ્રધાને કહ્યાનું જાણમાં નથી.) પરંતુ પ્રાંતોના પ્રધાનમંડળોની સ્થિતિમાં અને કોંગ્રેસ સંસ્થાની હાલતમાં કાંઇક ફેર છે. પ્રધાનો કોંગ્રેસના અનુયાયી-ઓ હોવા છતાં આખર જતાં તો પોતાના પ્રાંતની પ્રજાને જવાબદાર છે. એ પ્રજામાં જેમ કોંગ્રેસીઓ અને બિનકોંગ્રેસી છે તેમ જીવને જોખમે પણ કોમ-વાદીઓનાં મનામણાં કરવાની હદ સુધી ન જઈ શક-નારા ખુદ કોંગ્રેસીઓ પણ છે. એ તમામના જાન-માલની સલામતી પ્રધાનોને શિરે છે. પ્રધાનો આમ ન કહી શકે કે રમખાણો માટે ઉશ્કેરણી ફેલાવનારા-ઓનાં મનામણાં કરવાની કોંગ્રેસની નીતિ છે માટે પ્રજાની સલામતીની દરકાર કર્યા વિના પોતે એ નીતિને વળગી રહેશે.

તે ઉપરાંત પણ મુંબઇ પ્રાંતની પરિસ્થિતિ કાંઇક વધુ વિષમ છે. તોફાનો તો યુકતપ્રાંતમાં પણ થયાં છે, પણ ત્યાંની કોંગ્રેસી સરકારે ઉશ્કેરણી કરનારા અમુક આગેવાનોને જેલ ભેગા કરી દેતાં પણ સંકોચ અનુભવ્યો નથી, અને એ પ્રાંતની ધારાસભાની બેઠક-માં વડા પ્રધાન પંડિત પંતે અને ગૃહપ્રધાન શ્રી કિડવાઇએ એ વાત ખુલ્લંખુલ્લી કહી દીધી છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અંતરાયરૂપ બનનાર ચાહે તેવી વ્યકિત સામે પગલાં ભરતાં સરકાર અચ-કાશે નહિ. પંજાબમાં કોમી છાપાંઓ સામે સરકારનો ડંડો બરાબર ઊછળતો રહ્યો છે, તેથી એ પ્રાંતમાં શાંતિ રહી શકી છે. એટલે કોંગ્રેસની મધ્યસ્થનીતિની સીમામાં રહીને પણ જે કેટલાંક કડક પગલાં ભરી શકાય તેમ છે તે આ પ્રાંતના પ્રધાનમંડળે નથી ભર્યા, તેમ નથી એ ન ભરવાનાં કારણો પ્રાંતની પ્રજા સમક્ષ રજૂ કર્યાં.

હીચકારાપણાનું વિષ પ્રજામાં સિંચાઈ રહ્યું છે.

પરકોમના અજાણ્યા ને નિર્દોષ માનવી ઉપર પીઠ પાછળથી છૂરી ચલાવવાનું હીચકારાપણું દેશ આખામાં મુંબઈના જેટલું વ્યાપક ક્યાંય નથી બન્યું. આવા ઘાતકી હુમલાઓ રોજ પાંચ-દસની સંખ્યામાં હજી પણ થઇ રહ્યા છે. એમાં પ્રજાની તો શરમ છે જ, પણ એ પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સર-કારની પણ શરમ છે. જુદી જુદી કોમનાં બે ટોળાં વચ્ચે રીતસરની અથડામણ થતી હોય અને તેમાં એક યા બીજે પક્ષે પાંચ-દસનાં મરણ થાય તે સમજી શકાય તેવી બાબત છે. એમાં જે મરે છે તેનું દુઃખ તો સહુને થાય જ, પરંતુ એ મૃત્યુનો એટલો સંતોષ લઈ શકાય, કે મરનાર દેખીપેખીને અને પરિણામોની સમજણ સાથે લડવા ગયા હતા. ગમે તેવા હલકટ હેતુસર પણ સામી છાતીએ લડીને મરનારમાં એક પ્રકારની બહાદુરી છે, પરંતુ રસ્તે જતા ત્રાહિત ઉપર તૂટી પડનારા હુલ્લડખોરો તો પ્રજામાનસમાં એક પ્રકારનો હીન અને જુગુપ્સાજનક રસ પેદા કરી રહ્યા છે. નિર્દોષોનાં મૃત્યુ કરતાં ય આ ઝેર ઘણું વધારે ભયાનક છે. જે સમાજમાં આવા હીચકારા હુમલાઓ રોજિંદા બનાવ ગણાવા માંડે તેના પતનનો કોઈ પાર નહિ રહે, માટે આવા પીઠ પાછળના હુમલાઓ માટે આકરામાં આકરી સજાઓ થવી જોઇએ.

હુલ્લડખોરોના ત્રાસનો જવાબ ત્રાસથી અપાવો જોઇએ. Terror must be faced with terror એમ માનતી હોય કે, અંતે કોમને ઝઘડવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાદ લાગ્યો છે માટે ભલે થોડા દિવસ ઝઘડી લ્યે– પછી એમની મેળે સમજશે કે સંપીને સાથે રહ્યા સિવાય એમને માટે કોઈ ઇલાજ નથી, તો પણ લડવામાં તો અમુક મર્યાદાઓ જળવાય તે જોવાનું તેનું કર્તવ્ય છે. એવી મર્યાદા ચૂકનાર હિંદુ હોય કે મુસલમાન, તેને જાહેર રસ્તા ઉપર ફટકા મારવા સુધીની સજા કરતાં તેણે અચકાવું ન જોઈએ. આખર જતાં જીવનનાં અમુક પ્રાથમિક મૂલ્યો તો આપણે જાળવવાં જ જોઈએ અને દહાણુંના હજારો ગામડિયા વારલીઓ સામે રીતસરના યુદ્ધમાં ઊતરી શકનાર સરકાર મુંબઈના હુલ્લડખોરોને ધારે તો મહાત ન કરી શકે એમ કોઈ માનતું નહિ હોય.

તરવાર ધારણ કરવાની આવકારપાત્ર છૂટ

દિલ્હી, અજમેર અને કૂર્ગ જેવા મધ્યસ્થ સરકારના સીધા વહીવટ હેઠળના પ્રદેશોમાં તમામ કોમની પ્રજાને તલવાર ધારણ કરવાની છૂટ આપવાનું ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ વિચારી રહ્યા છે, એવા સમાચાર સાચા હોય તો બરાબર સમયસરના છે. હિંદુસ્તાનભરમાં ચાહે તેવી હથિયારબંધી હોય, છતાં શીખો પોતાના ધાર્મિક ચિહ્નસમી કીરપાણો ધારણ કરી શકે છે. વળી કાયદાની દૃષ્ટિએ કીરપાણના કદની કોઈ મર્યાદા ન હોવાથી માસ્તર તારાસિંગ જેવાની કમરે લટકતી લાંબી તરવારને પણ કીરપાણ જ ગણવી પડે છે. આ અંગે વડી ધારાસભાની છેલ્લી બેઠક દરમિયાન કેટલાક સવાલ–જવાબ થયેલા. તલવાર ધારણ કરવાનો આવો અધિકાર બીજા ધર્મના અનુયાયીઓને શા માટે નથી અપાતો એવા પ્રશ્નના જવાબમાં સરદાર વલ્લભભાઈએ મજાકમાં કહેલું કે બીજાઓ જો શીખધર્મ અંગીકાર કરશે તો એમને પણ એ અધિકાર પ્રાપ્ત થશે.

સંભવ છે કે આખા દેશમાંથી હથિયારબંધીનો કાયદો એકીસાથે રદ કરતાં પૂર્વે આવા મર્યાદિત વિસ્તારોમાં તેના પ્રત્યાઘાતો જોઈ લેવાનું મધ્યસ્થ સરકારે જરૂરી માન્યું હોય, પણ છ–બાર મહિનામાં જ એ કાયદો નીકળી જવાનો છે તેમાં કોઈ શંકા નથી. અલબત્ત તલવાર ધારણ કરનારાઓ જ બહાદુરી દાખવી શકે છે એવું કાંઈ નથી, મહાત્માજીનો દાખલો યાદ કરીએ તો પણ આઝાદ ફોજવાળા સરદાર નિરંજનસિંગ ગિલ અને એમના શીખ સાથીઓ આજે પોતાના કીરપાણનો ત્યાગ કરીને બંગાળમાં ઘૂમી રહ્યા છે તે આત્મબળનું અદ્ભુત ઉદાહરણ છે, અને બતાવે છે કે વર્ષો સુધી જેણે તલવાર ચલાવી જાણી છે એવા સૈનિકો પણ અહિંસક વીરતાને ઘણા ઉચ્ચ પ્રકારની ગણે છે.

પરંતુ સામાન્ય પ્રજાજન માટે તો હજી તલવારવાળી વીરતા શીખવાનું બાકી છે. વર્ષો સુધી એનો અનુભવ પામ્યા પછી જ એ તલવાર વિનાની વીરતા દાખવી શકશે, અને ત્યારે જ એનો મર્મ પામી શકશે, તેથી સરદારશ્રીનું આ પગલું યોગ્ય દિશામાં જ છે.

જુવાનોને અપાનારી લશ્કરી તાલીમ

એ જ રીતે કલકત્તા યુનિવર્સિટીએ પોતાની કૉલેજોમાં પહેલાં બે વર્ષોમાં વિદ્યાર્થીઓને ફરજિયાત લશ્કરી તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે તે આવકારપાત્ર અને અનુકરણીય છે. આ વિશે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ–ચાન્સેલર શ્રી બેનરજી અને વચગાળાની સરકારના સંરક્ષણ પ્રધાન સરદાર બળદેવસિંગ વચ્ચે પત્રવ્યવહાર ચાલી રહ્યાનું અને હિંદી લશ્કરના સર સેનાધિપતિ સમક્ષ ફરજિયાત લશ્કરી તાલીમ અંગેની યુનિવર્સિટીની આ યોજના રજૂ કરાઈ હોવાનું મનાય છે. આવી રાષ્ટ્રવ્યાપી અગત્યની બાબતમાં રાષ્ટ્રીય સરકારને બદલે આ કે તે પ્રાંતની યુનિવર્સિટીને પહેલ કરવી પડે તે જરા નવાઈ પમાડે તેવું તો છે જ. પણ હવે આશા રાખીએ કે આ બાબતમાં રાષ્ટ્રીય સરકાર જે કાંઈ યોજના મંજૂર રાખે તેનો અમલ સમગ્ર દેશની કૉલેજો દ્વારા એકીસાથે કરાવે. ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો હિંદુસ્તાન તેનાથી અલિપ્ત નહિ રહી શકે, એટલું જ નહિ પણ તેમાં તેણે એક મહાસત્તા તરીકેનો ભાગ ભજવવો પડશે. અને ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય તો પણ હિંદુસ્તાનના જુવાનોને તેમના અભ્યાસકાળ દરમિયાન જ આવી લશ્કરી તાલીમ આપવાની અગત્ય જેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાવીએ તેટલી ઓછી છે. સૌ કોઇ જાણે છે તેમ, અને ખુદ ગાંધીજીએ પણ સ્વીકાર્યું છે તેમ, લશ્કરી તાલીમ જુવાનોને માત્ર બીજાઓનાં લોહી રેડતાં જ નથી શીખવતી. બહાદુરી, શિસ્તપાલન, સહનશીલતા, સંઘજીવન અને એવા બીજા જે અનેક ગુણો લશ્કરી તાલીમ દ્વારા કેળવાય છે તે શાંતિમય જીવન કાજે અને અહિંસક યુદ્ધ માટે પણ અત્યંત આવશ્યક છે.

પંડિત જવાહરલાલ અને સરદાર બળદેવસિંગે મળીને થોડા વખત પર હિંદુસ્તાનના જુવાનોને લશ્કરમાં ભરતી થવાની અપીલ કરેલી તેનો જવાબ ઠીક ઠીક મળી રહ્યાનું જણાવવામાં આવ્યું છે. એ અપીલથી એક ડગલું આગળ વધીને હવે જુવાનોને સામે ચાલીને લશ્કરી તાલીમનો સ્વાદ ચખાડવો જોઇએ.

શિસ્તવિહીન અને બિનજવાબદાર બની રહેલા વિદ્યાર્થી

વર્ષ વીત્યું અને ફરી જુવાનો અને વિદ્યાર્થીઓની પરિષદો મળી, ફરી એ પરિષદોની ફારસ રૂપ કાર્યવાહીઓ ચાલી, પરિષદો ભરનારાઓએ ફરી સમસ્ત વિદ્યાર્થી આલમને શરમિંદી બનાવી, અને તેથી ફરી ફરીને એમને માટે એકની એક વાત કહેવાની જ ઊભી રહે છે. પહેલી લઇએ દિલ્હીમાં મળેલી અખિલ હિંદ વિદ્યાર્થી પરિષદ. છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદ્યાર્થીઓ 'સામ્યવાદી' અને 'રાષ્ટ્રવાદી' એવી બે છાપવાળાં મંડળોમાં વહેંચાયેલા તો હતા જ. તેમાં વળી આ દિલ્હી-અધિવેશન વેળા ખુદ 'રાષ્ટ્રવાદી'ની છાપવાળાઓમાં બે તડાં પડ્યાં, બન્નેએ સમાંતર પરિષદો ભરી હોદ્દેદારો નીમ્યા અને એકબીજાનાં માથાં ફોડ્યાં—અને આ બધું વિદેશોમાંથી આવેલા આમંત્રિત પરોણાઓની નજર સામે જ! તે ઉપરાંત શ્રી. જયપ્રકાશ નારાયણ જેવા જુવાનોના જ લાડકવાયા આગેવાનોનું અપમાન કર્યું! આવા વિદ્યાર્થીઓને કઇ જાતની સલાહ આપવાની કઇ વ્યક્તિએ હિંમત કરવી તે નક્કી કરવું અઘરું છે. 'વિદ્યાર્થીઓને બે શબ્દ' એ નામના એક અગ્રલેખમાં 'નેશનલ હેરાલ્ડે' જે લખ્યું છે તેમાંથી જ વિસ્તૃત ઉતારા આપવા જેવા છે—

'પોતાના દેશની આઝાદીની લડત દરમિયાન હિંદુસ્તાનના વિદ્યાર્થીઓએ કરેલી સેવાએ એમનું નામ ઉજળું બનાવ્યું છે. પોતાની શક્તિ અનુસાર તેમણે કાર્ય કરેલું છે, અને પરિણામે એમનો આત્મા કચડાયો છે અને એમની ભૌતિક કારકિર્દીને હાનિ પહોંચી છે. આપણા રાજકારણમાં આજે લડતો દરમિયાન ભાંગી પડેલા હતાશ જુવાનો ઠેર ઠેર દેખાય છે. સમાજ માટે કાં તો એ શહીદો બને છે ને કાં તો ભાડુતી સિપાહીઓ. તે સિવાય સમાજથી તેઓ સંપૂર્ણપણે વિમુખ બની ગયા છે......ક્રમભાગ્યે આજે વિદ્યાર્થીઓમાં વિખવાદ ફેલાયો છે. એનો બચાવ તો એટલો જ હોઇ શકે કે ખુદ રાજદ્વારી આગેવાનો જ વિદ્યાર્થીઓ માટે ખરાબ દાખલો બેસારી રહ્યા છે, પણ જુવાનોએ મોટેરાઓના માત્ર દોષની જ નકલ શા માટે કર્યે રાખવી જોઇએ તેનું કારણ સમજાતું નથી......વિદ્યાર્થીઓનાં જુદાં જુદાં જૂથ પોતાનાં અલાયદાં મંતવ્યોને વળગી રહે અને તે છતાં સહુ સાથે મળીને કામ કરી શકે, પોતે: માત્ર વિદ્યાર્થીઓ જ છે તેનું આત્મભાન રાખી શકે અને બહુમતીના નિર્ણયનું શિસ્તબદ્ધ રીતે પાલન કરવાનું ઠરાવી શકે, પણ આજે તો આગેવાની ઉપરથી ઠોકી બેસાડેલી હોય છે, અને આપણા રાજકારણની માફક વિદ્યાર્થીઓમાં પણ આગેવાનો ઉભરાય છે, જ્યારે શિસ્તબદ્ધ અનુયાયીઓની અછત છે. જે વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂરો કર્યો હોય તેમને આગેવાની ધારણ કરવાનો જરાય અધિકાર નથી. હિંદુસ્તાન જેવા દેશને સંસ્થાઓની સંખ્યાની વિપુલતા પોસાય તેમ છે, અને કાર્યમાં આગેવાની લેનારાઓ અહીં આવકારપાત્ર છે, પરંતુ એ આગેવાની માત્ર ભાષણો અને નિવેદનોવાળી અને ઉદાર દિલ તથા જરા બેદરકાર છાપાંઓ દ્વારા ઉત્તેજન પામેલી ન હોવી જોઇએ.....દુર્ભાગ્યે વિદ્યાર્થીઓની સંસ્થાઓએ પસાર કરેલા ઠરાવોમાં વિદ્યાર્થીઓના ખુદના જ કાયદાઓનો તો સમૂળગો નિર્દેશ જ નથી હોતો. પોતાની વિદ્યાપીઠના કરતાં વિશ્વ-પ્રશ્નોના ડોળાણમાં એમને વધુ રસ પડતો હોય છે. વિદ્યાર્થીઓમાં જો ડહાપણ હોય તો તેમણે જીવનની આ વિશાળ શાળાનો અભ્યાસ કરવાની ડૉ. રાજેન્દ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસાદની સલાહનો અમલ કરવો જોઇએ. જે વિદ્યાર્થી અભ્યાસ નથી કરતો તે વિદ્યાર્થી મટીને રસ્તે ચાલતો કોઇ સામાન્ય માનવી બની જાય છે, અને એના દેશપ્રેમની ભાવના ગમે તેટલી પ્રબળ હોય તે છતાં કોઈ પણ રીતે એ મદદરૂપ થઇ શકતો નથી.'

વડોદરામાં મળેલી ગુજરાતના વિદ્યાર્થીઓની પરિષદ સમક્ષ શ્રી. રવિશંકર મહારાજે કરેલું પ્રવચન તો આખું સૌ વિદ્યાર્થીઓએ વાંચવા જેવું, અને વાંચીને ફરી ફરી વિચારવા જેવું છે. એ પરિષદમાં હાજર રહેલા વિદ્યાર્થીઓ કરતાં મહારાજે અભ્યાસ તો ઓછો કર્યો છે, પણ આમજનતાની કોલેજમાંથી એમણે જે મેળવ્યું છે તે જ્ઞાન મોટી મોટી વિદ્યાપીઠોની ઉપાધિઓ મેળવનારાઓમાંથી પણ બહુ થોડાને હાથ લાગ્યું છે. વિદ્યાર્થીઓ માટે કડવાં વેણ બોલતાં એમનો આત્મા તો ઘણો દુભાયો હશે. પણ કોઇ બીજું કાંઈ કહી શકે તેવું વિદ્યાર્થીઓએ રહેવા દીધું નથી.

ગાંધીજી, સરદાર, મહારાજ, એ બધા ચાલી જતી પેઢીના માણસો છે. એમની તપશ્ચર્યાએ દેશને જે હાંસલ કરાવી દીધું છે તેમાં અખૂટ ખજાનાઓ પડેલા છે. સમૃદ્ધિના, સુખના, ઈન્સાફના, નીતિના. એ ખજાનાઓ આજના જુવાનોના હાથમાં સોંપીને એમણે તો એક દિવસ ચાલી નીકળવાનું છે. જુવાનો પોતાનો વારસો દીપાવે છે કે વેડફી નાખીને દેવાળિયા બને છે તે જોવા પણ એ રોકાવાના નથી. પવન ફુંકાય ત્યારે ધરતીની ધૂળ પણ આસમાને ચડી જાય છે. એ આસમાનમાં જ રહેવું કે ફરી પાછું ભૂમિની રજ બનીને પડવું. એ નક્કી કરવાનું કામ એકલા જુવાનોનું—વારસદારોનું જ છે.

અડાસ–ખટલાનું ઉન્નત ધ્યેય
શહાદતને શોભાવે છે

વિદ્યાર્થીઓના ઇતિહાસ સાથે સંકળાયેલી પુનિત સ્મૃતિઓમાંની એકને ફરી તાજું કરવાનો એક અવસર હમણાં આવી ગયો. લગભગ સાડાચાર વર્ષ ઉપર અડાસ ગામે પોલીસના નિર્દય ગોળીબારોનો ભોગ બનેલા ચાર જુવાનોની શહાદતને શોભાવે તેવા એક ધારાશાસ્ત્રીને હાથે એ પોલીસો સામેના આરોપો સેશન્સ અદાલતમાં સાબિત થયા છે. ચિતામાં પોઢેલા એ નવલોહિયાના આત્માને પુલકિત બનાવનારી હકીકત આ ખટલામાંના ત્રણ આરોપીઓને જનમટીપની કેદ મળી છે તે નથી, પણ એક પ્રૌઢ અને નિષ્ઠાવાન લોકસેવકે સંપૂર્ણપણે સત્યપરાયણ રહીને જે ઉચ્ચ હેતુઓ કાજે લડત ચલાવી છે તે છે. અડાસ ગોળીબાર કેસની ચૂંટેલી જુબાનીઓવાળી એક પુસ્તિકા બનાવવાનું કામ ગુજરાત વિદ્યાર્થી કોંગ્રેસે કરવા જેવું છે. એવી પુસ્તિકામાં સહુથી શોભીતી વાત તો આ ખટલો ચલાવનાર ધારાશાસ્ત્રી શ્રી. મોતીભાઈ વીણે જે આખરી વક્તવ્ય કર્યું છે તેમાં રહેલી છે—

'આ ખટલામાંથી આ પોલીસોને જેલ ભેગા કરવા કે એમની ઉપર વેર વાળવા હું નથી નીકળ્યો. હું તો માગું છું ઈન્સાફ—ભલે પછી એ નિર્ભેળ ન્યાય ન હોય, ભલે એ દયાભાવે ભિંજાયેલો ન્યાય હોય. હું કાંઇ લોહીનો બદલો લોહીથી લેવા નથી નીકળ્યો. મારે તો દુનિયાને કહેવું છે કે અમે ન્યાયની માગણી કરી છે, તમે અમારા નિર્દોષ જુવાનોને ખોટી રીતે માર્યા છે. મારે સાબિત કરી બતાવવું હતું કે એમનાં ખૂન કરવામાં આવ્યાં છે. બાકી આ સિપાહીઓ તો બિચારા દયાને પાત્ર છે, સરકાર જો દયા બતાવીને એમને છોડી મૂકશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય.'

શ્રી. વીણનું છેલ્લું વાક્ય જ આ ખટલો જે ઉન્નત ધ્યેયસર લડાયો છે તેનું દર્શન કરાવે છે. સિપાહીઓનો બચાવ કરનારા શ્રી. નરીમાને કહેલું કે, આરોપીઓ સાચા ગુનેગારો નથી, એ વાતને સાચા સ્વરૂપે રજૂ કરીને શ્રી. વીણે જણાવેલું કે સાચા ગુનેગારો તો બંગલાઓમાં બેઠા છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોંગ્રેસના વહીવટ તળે પણ એ 'સાચા ગુનેગારો' હજી પોતાના એના એ જ હોદ્દા ઉપર બેઠેલા છે, અને આ ચિઠ્ઠીના ચાકર, આ 'મર્સિનરીઝ' જેલ ભેગા થઇ ગયા છે. બેશક આરોપીઓએ હાઇ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોર્ટમાં અપીલ કરી છે, એટલે એનો ફેંસલો આવ્યા પછી જ પ્રાંત-સરકાર બીજાં પગલાં લે તે ઉચિત છે.

કોમવાદનું ધારણ ઓછું કરનારો કોલાહલ

યુક્તપ્રાંતની સરકારે મ્યુનિસિપાલિટીઓના મતપત્રકોમાંથી પેટાકોમોનું ખાનું કાઢી નાખવાનો નિર્ણય કર્યો છે. એ અંગે એટલો જ વિચાર આવે છે કે તમામ પ્રાંતોમાંથી આવાં દૂષણો એકસામટાં દૂર કરવાનું કાંગ્રેસી પ્રધાનમંડળોથી કેમ નહિ બની શકતું હોય ! નિશાળોમાં, ઇસ્પિતાલોમાં, અદાલતોમાં અને સરકારી વ્યવહારમાં ઠેર ઠેર પ્રજાજનોની કોમો ને પેટા-કોમો પૂછવાનો જે અનર્થકારી અને બુદ્ધિહીન રિવાજ છે તેને સહુ પ્રાંતોમાંથી એકસામટી વિદાય અપાવી જોઈએ. એ વિદાય છાનેખૂણે શાંતિપૂર્વક નહિ, પણ છડેચોક મોટા કોલાહલ સહિત અપાવી જોઈએ. તો જ કોમવાદનું ધારણ કાંઇક ઓછું થશે.

કાળાં બજારિયાઓને શી સજા હોય !

લડાઇ દરમિયાન અસ્તિત્વમાં આવેલાં અનેક ભાવ-નિયમનોનો અંત આવી જવાથી જીવનની જરૂરિયાતની વસ્તુઓને આપણા વેપારીઓ ફરી પાછા કાળાં બજારમાં ઢસડી ગયા છે અને નાની નાની વાત માટે પ્રજાને રાતે પાણીએ રોવરાવી રહ્યા છે. કોઇ વસ્તુની અછત હોય અને તેથી બધાને એ સરખે હિસ્સે મેળવવા માટે કતારોમાં ઊભા રહેવું પડે એમાં શરમ નથી, પણ કતારોમાં ન ઊભા રહેનારાઓ એ વસ્તુ થોડે થોડે કાળાં બજારમાંથી ખરીદી શકે છે તે અસહ્ય બને છે. રાજકીય ક્ષેત્રે આપણે જેટલી પ્રગતિ કરી છે તેટલું જ સમાજજીવનને ક્ષેત્રે આપણું પતન થયું હોય તેમ લાગે છે, નહિ તો આપણા વેપારીઓ નફાના નશામાં આટલા બધા ચકચૂર બનીને માનવતાને સાવ ન વિસારી બેઠા હોત.

દોષ એકલા વેપારીઓનો જ નથી. કાળાં બજારના પાપસ્પર્શથી સમાજનો કયો વિભાગ સમૂળગો અલિપ્ત રહ્યો છે તે નક્કી કરવું સહેલું નથી. આખર જતાં તો કાળાં બજારનો આધાર તેના વેપારીઓ ઉપર નહિ પણ એમાં ખરીદી કરનારા ઘરાકો ઉપર રહેલો છે તે સહુ જાણે છે. પણ પ્રજા કાળાં બજારમાંથી જ પોતાની જરૂરિયાતો ખરીદવાની લાલચનો ત્યાગ ન કરી શકે ત્યાં સુધી કાળાં બજારિયાઓને છૂટે હાથે મહાલવા દેવાની જરૂર નથી.

લડાઈ દરમિયાન ચીનમાં અને ત્યાર પછી ફ્રાંસમાં કાળાં બજારના વેપારીઓ માટે મોતની સજા જાહેર કરવામાં આવી હતી તે હકીકત હજી સહુની સ્મૃતિમાં તાજી જ હશે. આપણે ત્યાં ઘણા ય કાળાં બજારિયાઓ માત્ર અમુક દંડ ભરી દઇને સજામાંથી છૂટી જાય છે, અને પછી, એવા તો એકસો દંડ ભરી શકે 'તેટલી મૂડી' પ્રજાના લોહી-પરસેવામાંથી ઊભી કરે છે. કાળા બજાર કરનારા કોઈ પણ ગુનેગારને કેદની સજા ન ફરમાવાય તો દંડનો તેને માટે કાંઇ અર્થ નથી રહેતો. ખુદ સરદાર વલ્લભભાઇએ અમદાવાદમાં એક વાર જાહેર કરેલું કે 'હું સત્તા ઉપર હોઉં તો કાળાં બજારિયાઓને ખતમ કરી નાખું.' આજે એ સત્તા પર છે, છતાં ફૂંકી શકયા નથી. કોને ફૂંકે ?

કાપડ-ઉદ્યોગની કાળી કથા

આ દેશના કાપડ-ઉદ્યોગ સામે શ્રી. ખંડુભાઈ દેસાઈ જેવા જવાબદાર માનવીએ જે તહોમતનામું ઘડીને બહાર પાડયું છે તે આપણી આંખોને સાચી દિશા ઉઘાડનારું અને ઘણું સમયસરનું છે. ૧૯૪૦થી ૧૯૪૬ સુધીના યુદ્ધકાળ દરમિયાન પ્રજાની નિરાધારતાનો લાભ લઇને કાપડ-ઉદ્યોગના મૂડીવાદીઓએ આ દેશના ગરીબોનું શોષણ કર્યું છે તે કાળી કથાનો આ જમાનામાં જગતના કોઇ પણ દેશના ઈતિહાસમાં જોટો નહિ જડે એવું વિધાન શ્રી. ખંડુભાઇએ માત્ર હકીકતો અને આંકડાને આધારે બાંધ્યું છે. આ નિવેદનના કેટલાક મુખ્ય મુદ્દાઓ આ રહ્યા—

૧. આખા દેશના કાપડ ઉદ્યોગમાં અત્યારે પચાસ કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે. આ મૂડીમાંનો મોટો ભાગ આ દેશમાંની મેનેજિંગ એજન્ટસની ૧૫૦ પેઢીઓના હાથમાં છે. એટલે આ દોઢસો મૂડીવાદીઓ જ આખા દેશના આવા મહત્ત્વના ઉદ્યોગનો કબજો ધરાવે છે, એનું સંચાલન કરે છે, અને એમાંથી

[અનુસંધાન પૃષ્ઠ ૫૯]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

પ્રકરણ ચૌદમું : ક. બિલ્ડીંગની ટોચે

મુંબઈની એક ધીકતી બજારવાળા રાજમાર્ગ પર ક. બિલ્ડીંગ ઊભું હતું. એને ત્રણ મજલા હતા. એને નિહાળો એટલે કોઈક અવ્યવસ્થિત અને બેદરકાર અમીર માણસના શરીરનો ખ્યાલ આવે. આવા માણસનાં જાકીટ અને ડગલાનાં, બહાર તેમજ અંદરનાં ખિસ્સામાંથી એકાદની અંદર કાગળચિઠ્ઠીઓ પડી હોય, એકાદમાં નોટો ને પરચુરણ હોય, એકાદમાં ગંધાતો રૂમાલ, તો વળી એકાદમાં દવાની નાનકડી શીશી, ને બીજા એકમાં સીગરેટની ડબી પડી હોય. ક. બિલ્ડીંગ પણ, દેખાવે અને બાંધણીમાં આવું અમીરી હતું. એને દરેક મજલે દુકાનો ઑફીસો, ગોદામો અને રહેઠાણનાં ઘરો સામટાં ખદબદતાં હતાં. છતાં પેલા અમીર ગૃહસ્થના ઉપલા એકાદ ગજવામાં જેમ એકાદ કીમતી ફાઉન્ટનપેન અને ગુલાબ–ફૂલનું બટન શોભી રહ્યું હોય છે, તેવી અદાથી ક. બિલ્ડીંગની ટોચે માણેકબહેનનું પતિગૃહ દીપતું હતું.

વિકટોરિયા ગાડીમાંથી વિમળાની સાથે નીચે ઊતરીને માણેકબહેને ઉપલે માળે નજર કરી. કોઈ ત્યાં ઊભું નહોતું, પણ ફૂલરોપનાં કૂંડાં મલકાઈ રહ્યાં હતાં; મન બોલી ઊઠ્યું: 'ઠીક, મહેરબાન ફૂલઝાડને પાણી તો નાખતા લાગે છે.'

મંજૂર કરી દરવાજે દાખલ થતાં જ એક માણસની ને માણેકબહેનની આંખો મળી. દાંત કાઢીને પૂછ્યું, 'ક્યું, બૈઠે હો ને ભાઈ! બરાબર ચોકી કરતે હો ને?'

માણસ શરમાઈ ગયો. 'ક્યા કરેં બાઈ! જૈસા હુકમ ઉપરીકા!'

'કરો કરો ચોકી. શેઠ હૈ ને ઉપર?'

'હાં બાઈ, અભી તો હૈ.'

'દૂસરે સબ?'

'સભી ગયે.'

'અચ્છા! અચ્છા! હમેરેકું તો સરકારને મુફત ચોકીદાર દિયા હૈ. આનંદ કરો.'

એટલું કહી, હસતે હસતે દાદર પછી દાદર ચડતાં માણેકબહેને વિમળાને પૂછ્યું: 'કાંઈ સમજી?'

'હાસ્તો!' વિમળા પણ હસી.

'શું?'

'તમારી સરકારમાં આબરૂ!'

'એટલે?'

'પોલીસનું ખાનગી માણસ.'

વિમળાની ગ્રહણશક્તિ સાહજિક હતી. ખેરાળીમાં એને આવી સી. આઈ. ડી. પોલીસનો અનુભવ નહિ, તેમ છતાં, કેટલાંક માણસો હવાની સાથે જ નવી પરિસ્થિતિની સમજણ શ્વાસમાં પી શકે છે, તે માંહેલી હોઈને વિમળા આ માણસનું રહસ્ય પામી શકી.

માણેકબહેને કહ્યું: 'તું બીતી નહિ!'

'જરાકે નહિ. મજા પડે છે.'

પોતાના બ્લોકમાંના છેલ્લા ખંડમાં પહોંચીને માણેકબહેને ગળાનો હાસ્ય–ઘૂઘરો ખખડાવ્યો: 'લ્યો! આંહીં તો મેરબાન એનો એ જ ધંધો લઈ બેઠા છ!'

પતિને એ 'મેરબાન' શબ્દે સંબોધતી. 'મેરબાન' તો બેઠા બેઠા રેડિયોની ચાવી ફેરવ્યા જ કરતા હતા.

'રહે તો!' મેરબાને ઊંચે જોયા વગર જ કહ્યું: 'એક નવું સ્ટેશન પકડાય છે.'

ચાવીને ધીરે ધીરે ફેરવતો એ મેરબાન રેડિયોના કાંટાને અમૂક એક ઠેકાણે ઠેરવવા મથતો રહ્યો. 'આ મીડીઅમ વેવ પર ૨૨મા મીટર પર એક નવું જ સ્ટેશન પકડાય છે......રહે તો!'

'તમ તમારે નવાં નવાં સ્ટેશનો પકડ્યા, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહો તો ખરા, અમારો તાર શું નથી મળ્યો ?' એમ કહી પતિનો કાન ઝાલ્યો.

'મળ્યો છે.' ચાવી ઘૂમરડતે ઘૂમરડતે મેરબાને મહેરબાની કરી.

'તો પછી મોટર કેમ ન મોકલી ?'

'નહોતી.'

'કેમ ?'

'ભાઇલાલને જોતી'તી, એના સગાને કોઈકને મળવા જવા.'

'ઠીક ! ઘયે ઠીક ! માંડ જતે જનમારે મોટર પામ્યા, તે પણ આપણા માટે નહિ—મેમાનોને માટે. હં-હં-હં-હં--'

ખુબી જ આ હતી, કે જે શબ્દો બીજા માણસો રોષ ને કંટાળાની લાગણીથી બોલતાં હોય છે, તે જ શબ્દોને આ સ્ત્રીએ પોતાના કંઠ-ઘૂઘરાની અંદર કાંકરાની પેઠે રમાડ્યા. પણ પતિએ તો રેડિયોનો કાંટો ફેરવતે ફેરવતે 'રહે તો લગીર ! રહે તો જરા !' એમ કહ્યા કર્યું. માણેકબહેન વરનો કાન આમળીને પછી ચાલ્યાં—

'ચાલો ભાઈ ! મોટર ઘેર આવી પણ એ આપણા પ્રારબ્ધની નહિ હોય, મેમાનના ભાગ્યની હશે. અરે પણ આ બાથરૂમમાં ગૂંસડો લૂગડાં કેમ પડ્યાં છે ?'

'તમારે માટે રાહ જુએ છે.' રેડિયો પરથી જ મેરબાને ટોકો કર્યો.

'કેમ, રામો નથી ?'

'ના, ચાલ્યો ગયો રત્નાગિરિ.'

'ક્યારે ?'

'પરમદિવસે.'

'પરમદિવસનાં પડ્યાં છે લૂગડાં ? બધાયનાં ! કોઇએ પોતાનું ધોતિયું પણ નિચોવ્યું નહિ ?'

'ના, તમારી તો કાલે વાટ હતી ખરી ને ?'

'વા...આ...આ...રૂ ! ઘણી સારી વાત ! ચાલ બેન ઘેલી, પ્રથમ તો આ ધરણ ઘરમાંથી કાઢવા દે.'

બેઉ જણીઓ કપડાં ધોવા બેઠી. એ ધોણ્ય ચિત્રવિચિત્ર હતી. મલમલ, રેશમ અને ખાદી; સફેદ લેંઘા, ખાખી ચડ્ડીઓ, બારીક અને ધડકી જેવી જાડી ધોતીઓ : સાડીઓ ને ચણિયા પણ હતા. આ પોશાક પહેરનારાં આઠ-દસ માનવીઓની કલ્પના કરવી એ પણ એક તમાશો જોવા બરોબર હતું.

'હું ત્યારે જાઉં છું કારખાને.' કહેતા 'મેરબાન' સજ્જ થઇને નીકળ્યા; ને ધોતી પત્નીને જણાવ્યું: 'કાલે કોંગ્રેસની મહાસમિતિની બેઠક માટે તમારી ટીકીટ આવી ગઈ છે.'

'અને તમારી ?'

'હું નથી આવવાનો.'

'કેમ ?'

'હું ક્યાં કોંગ્રેસનો અનુયાયી છું ? રાજકારણમાં આપણા રામને અંધારું ઘબ !'

'હં-અં—સીધા કહોને, સરકારના ઑર્ડર મેળવવામાં આબરૂ આડે આવે !'

'એવું કંઇ નહિ. તમારી ધોળી ટોપીને તો એ બાબતનું એવડે દોરે સુખ છે.'

'પત્યું. ચાલો, બાથરૂમ તો ગાવાની જગ્યા છે, રાજકારણ ચર્ચવાની નહિ. પણ આંહીં જરા ડોકાતા તો જાવ ! આ એક વધુ મહેમાનને તેડતી આવી છું.'

'કોણ છે વળી ?' એમ કહેતા 'મેરબાન' અંદર દૃષ્ટિ કરતા ઊભા. વિમળાને માણેકબહેને કહ્યું: 'મોં તો બતાવ તારા બનેવીને !' બન્ને એકબીજા સામે જોઈ રહ્યાં. જોયાં હશે વર્ષો પૂર્વે. સ્મરણ નહિવત્ હતું. પાતળી ઊંચી કાઠીના બનેવી મનોહરલાલને અકાળે બેઉ લમણા પર ધોળાં આવી ગયાં હતાં. ચહેરો અક્કડ હતો, અને તક્ષણ આંખોમાં આછો મલકાટ એટલો તો ગુપ્ત હતો, કે કોઈકને જ એ જોવા મળે. માણેકબહેને બહાર આવીને બારણાં સુધી જઈ માશિયાઈ બહેનની પિછાન દીધી અને અહીં લઈ આવવાનું પ્રયોજન કહ્યું. મનોહરલાલે ટકોર કરી; 'આ ઘરની અંદર તો કૈંક આવે છે ને જાય છે. છોકરી બાપડી ભોળી લાગે છે. એટલા પૂરતો તારે માથે બોજો થયો, બાકી તો સારું કર્યું. અને જો, રસોયો પણ આજથી કદાચ ન આવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારે છણકો કરીને ગયો છે. અને મેં તો હવે ગૃહરાજ્ઞીને ઘરનો ચાર્જ ક્ષેમકુશળ સોંપી દીધો છે.'

"વા...આ...આ...રૂ મેરબાન! એમ કહોને ચોખ્ખું, કે વીશ જણનું ભઠિયારૂં સાંજે કરી રાખજે!'

'કહેવે કહેવે ફેર છે ના! માને કાંઈ, સાચું છે છતાં ય, બાપની બૈરી કહીને બોલાવાય છે?'

'અરે તમારી ખૂબી!' કહેતાં માણેકબેન વિદાય થતા વરને ચોંટિયો ખણવા ગયાં, ત્યાં તો 'એ બધી રાતે વાત,' એમ કહેતો મનોહરલાલ, જે ચાલાકીથી સીડી પર સરકી ગયો, તે ચાલાકી એનામાં આજે તો શું પણ જન્મારે ય કદી હોઈ શકે નહિ, એવું સોગંદ પર કહેવા એના નજીકના સ્નેહીઓ પણ છાતી ઠોકીને બહાર પડ્યા હોત. કારણ કે એ ચાલાકીનું લીલાસ્થાન વરવહુ બે જ જણાંની વિશ્રંભ-પળોમાં જ હતું.

જેમ જેમ સાંજ પડ્યા પછીનો સમય અંધારૂં ઘૂંટતો ગયો. તેમ તેમ વિમળાએ માણેકબહેનના ઘરના દાદર પર અને દ્વાર પર નાનાં મોટાં ધમસાણુ ચાલુ થતાં સાંભળ્યાં. દાદરના પથ્થરો પર તડાક તડાક બોલતાં ચંપલો ને પઠાણી સેંડલો પછડાતાં ઘસાતાં આવે છે; અને જોશભેર હસવાના તથા ઉગ્ર રોષના ઉશ્કેરાટભર્યા સામસામા અવાજો. બારણા સાથે અફળાટ કરે છે.

એક કહે છે, 'નહિ જવાહરના ભેજામાં ભૂસું ભર્યું છે. આઇડિયોલોજી...'

બીજો બોલે છે, 'મોસ્કોના પઢાવ્યા તમે તો પોપટ છો પોપટ.'

ત્રીજો, 'પંદર દા'ડામાં દેશભરમાં કોન્ફ્લેગ્રેશન (દાવાનલ) સમજજો.'

ચોથો, 'આ વખતે તો ફાઈટ ટુ ધ ફિનિશ!'

પહેલો, 'કંઈ નથી થવાનું. આઇડિયોલોજી...'

ત્રીજો, 'આઈડિયોલોજીની મોંપાટ શું લો છો યાર! શું વલ્લભભાઈને આઈડિયોલોજી નથી એમ કહેવું છે તમારૂં!'

પહેલો, 'ઓફ્ કોર્સ (અલબત્ત) એમ જ.'

ત્રીજો, 'આ સામ્યવાદીઓને તો મારી મારીને બોલતા બંધ કરવા જોઇએ.'

પાંચમો, 'ધેટ્સ ઈટ! ધેટ ઈઝ આવર ટ્રાયમ્ફ (વાહવાહ! એ જ અમારો વિજય!) તમારા ઉશ્કેરાટથી જ અમને જીત મળે છે.'

ત્રીજો, 'હવે બેસો બેસો! હું તો કંઇ નથી ઉશ્કેરાયો.'

આમ આ હા વા ને ધાબડિયો આસ્તેકદમ મુલાકાત્તેકદમ મનોહરલાલ—માણેકબેનના ઘરમાં દાખલ થયાં અને તેમાંના બેત્રણ જણાએ સીધા રસોડામાં પેસી માણેકબહેન પૂરીઓ તળતાં હતાં તેમાંથી અક્કેક ઉપાડતે ઉપાડતે માણેકબહેનના સમાચાર પૂછવા માંડયા.

'અહો! કાઠિયાવાડ આવ્યું કે પાછું? આ વખતે કોઈ ડેકોઈટ કે રોબર—કોઈ બહારવટિયો લૂંટારો મળેલો ખરો કે માણેકબેન?'

'એ બધી વાતો હું તમને બધાને કહું, ખૂબ સાંભળવા જેવી છે, પણ પ્રથમ તો તમે અક્કેક પૂરી ઉપાડી લઈને રસોડાની બહાર નીકળો.'

માણેકબહેન આ કહેતાં હતાં ત્યારે એ મિત્ર મંડળની નજર વિમળા પર પડી. વધુ એક શબ્દ બોલ્યા વગર તેઓ પોતાનાં ટોળટિખળ ચૂપ રાખીને બેઠકના ખંડમાં ચાલ્યા ગયા.

વિમળાનું જીગર મજબૂત હતું એ વાત સાચી, પણ એક ગૃહસ્થીના ઘરમાં બહારના માણસો કાયમી વાસો કરતા હોય, વહેલા મોડા ફાવે ત્યારે બહારથી આવી નહાવા જમવાનું કે સૂવાનું પામી શકતા હોય, વાતોનાં સાદાં ટોળટપ્પાં મારી શકતા હોય તેમ જ દેશના સળગતા જાહેર પ્રશ્નો પર હળવી ભારે ચર્ચા કરી શકતા હોય, માણેકબહેન અને એના પતિ મનોહરલાલ આ સઘળી બાબતોમાં શામેલ રહેતાં હોય, ગંભીર વાતોમાંથી એકાએક ગંજીપો લઈ સૌની જોડે આ દંપતી બ્રીજ બિઝીક રમવા પણ બેસી જતાં હોય; એ સઘળી લીલાએ વિમળાને ઠીક ઠીક અકળાવી, વિસ્મિત બનાવી, અને ભયભીત સુદ્ધાં કરી.

પહેલી જ રાત હતી-પંદરેક દિવસની ગેરહાજરી પછીનું પતિ-પત્નીનું મળવું થયું હતું. તેમ છતાં સૌની સંગાથે બેઠાં બેઠાં અધરાતનો સુમાર થયો. પછી બે પાંચ ગયા, ત્રણ ચાર રહ્યા. માણેકબહેને સૌની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથારીઓની વેતરણ કરવા માંડી. એમની ગણતરી આજે તો પોતાના શયનખંડને સલામત રાખવાની હતી. મનોહરલાલ હિંદુસ્તાનની અંદરનાં રેડિયો—કાર્યક્રમો ખલાસ કરીને–મુંબઇ, દિલ્હી, લખનૌ, કલકત્તા, વગેરે બધાં સ્ટેશનો પતાવી નાખીને પછી અલકમલકના સ્ટેશનો પર કાંટો ફેરવતા હતા; તરેહ તરેહની જબાનો સાંભળતા હતા. છેલ્લે પહોળું બગાસું ખાઈને માણેકબ્હેને પતિને કહ્યું કે, ' હવે તો બચાડા રેડિયોનો જીવ લેવા છોડો! ઊઠો; ઊંઘ ભરાણી છે મને તો.'

' આ લગાર—લગાર સાઇગોનને સાંભળીએ. જુઓ, કોઈ કેપ્ટન મોહનસિંગ બોલે છે.'

એમ કહેતા મનોહરલાલ એકાગ્ર બન્યા. ઘરમાં હાજર હતાં તે સર્વ હાજર થઈ જઇને એક કાને સાંભળતાં ઊભાં. સિયામ દેશના પાટનગર સાઇગોન-માંથી શુદ્ધ હિંદી સ્વરોની ધારા વહેતી હતી. મરદાઈના મરોડો વડે શોભતા શબ્દો કોઇ રણબંકડા હિન્દીવાનના હોઠ પરથી ટપકતા હતા:—

' પ્યારા દેશબાંધવો, અમારી ફિકર કરશો નહિ. અમને હિન્દીવાન સૈનિકોને જાપાનને હાથે જબ્બે થવા સોંપી દઇને અંગરેજ ઠંડે કલેજે ચાલ્યા ગયા છે. પણ અમે આઝાદ હિન્દ ફોજની સ્થાપના વિચારી છે. જુઓ, સાંભળો, આ આઝાદ ફોજી જુવાનો અહીંથી બોલે છે. પોતાનાં માતાપિતાને ખુશખબર કહેવરાવે છે.

પછી કોઇ કોઈ બુલંદ ઘેરો પ્રૌઢ અવાજ, તે પછી કોઈક જખ્મી જનનો કંઠ, અને તે પછી કોઇક યુવાનીના પ્રવેશ–દ્વારે ઊભેલા છોકરાની તરડાતી ભરડાતી જબાન અનુક્રમે બોલી ઊઠી : ફલાણો પ્રાંત, ફલાણો જીલ્લો, ફલાણો તાલુકો, એમાં અમુક શહેર, ને એ શહેરની પાસે આવેલા અમુક ગામડાનો હું રહીશ : બાપનું અમુક નામ : એને કહેજો કોઈક, કે હું અમુક નામઠામનો, અમુક પલટનમાંનો માણસ ખુશમઝામાં છું. દેશની આઝાદી મેળવવા હું લડનાર છું. મારી ફિકર કરશો નહિ. મારી બહેનને બોલાવશો, મારી માને મારા પ્રણામ પહોંચાડશો અને તમે સૌ પણ ત્યાંથી અંગરેજોને હાંકી કાઢજો......'

વગેરે વગેરે ઓળખાણ આપીને અપાતા આ દેશાવરી સંદેશા સ્તબ્ધ હૃદયે સૌ સાંભળતાં હતાં, તેમાં વિમળા પણ અદ્ધર શ્વાસે બેઠી હતી. એને થતું હતું કે હજુ કંઇક નવું માણસ એ રેડિયો પર નીકળશે, જેનું નામ, ઠામ ને ગામ જાણીતું છે. પણ એ પોતાનો સંદેશો કોને પહોંચાડવાનું કહેશે ? કોનું નામ લેશે ? આ દસ બાર માણસોની વચ્ચે વિટળાયેલું જ્યોતિર્મય યંત્ર શું એકાદ કોઈક દિવસ પણ નહિ બોલી ઊઠે, કે 'ખેરાળી ગામમાં એક વિમળા નામની કન્યાને.....'

પણ હવે તો રેડિયો પર 'વંદે માતરમ્' ગવાતું સંભળાયું. સ્ત્રીઓ પુરુષોનો કોઈ મોટો સમૂહ મળીને દરિયાપારથી ગાતો હતો. અને એ ગાનની સન્મુખ પેલા, સાંજથી લઇ અધરાત સુધી ચર્ચાદલીલોના અવિરત બડબડાટ કરનારા પાંચ છ જણા મંત્ર—મુગ્ધ હૃદયે, નિમિલિત નયને, પુજ્યભાવપ્રેરિત ચહેરે પ્રાર્થનાભરપુર ઊભા હતા. અજાણી વિમળાને પણ વધારે સ્પષ્ટીકરણ વગર જ સમજાઈ ગયું હતું, કે દુનિયાના બેઉ ગોળાર્ધોમાં ચાલી રહેલી માનવી–માનવીની કાપાકાપીની વચ્ચે, પ્રલયના ઝંઝાગ્નિની વચ્ચે, આ કોઈક ગર્વભર્યાં ખુવાર દેશવાસીઓ ગાતાં હતાં—જે ગાન તેઓ ગાતાં હતાં તે ગાન વિમળાએ પણ પોતાના ગામની કન્યાશાળાના મેળાવડામાં અન્ય સખીઓની જોડે ગાયું હતું, પણ આવું તો કદાપિ નહોતું સ્પર્શ્યું. આટલી બધી ઉષ્મા, ઉલ્લાસ ને ઉજાસ શું એકના એક જ શબ્દ–ઝૂમખામાં અગોચર અને અણસુણ્યાં પડ્યાં હતાં !

વિમળા, કે જેણે પ્રાર્થના કદી કરી નહોતી, તે વિમળા શુન્યને પ્રાણમંદિરે પહેલી જ વાર નમી રહી.

બધાં પોતપોતાને ઠેકાણે સૂવા ગયાં, અને માણેક-બહેન પોતાનો, નાનાં છોકરાંનો ને પતિનો સૂવાનો એ અલાહેદો ઓરડો બંધ કરતાં હતાં તે જ ટાણે દરવાજે ટકોરી વાગી.

અંદર આવનાર હતાં એનાં દેર–દેરાણી.

' ઓહો ! અત્યારે ? ક્યાંથી ? માટુંગાથી ?'

' ના, ના, એ તો બપોરે એક મિત્રને ત્યાં આવેલાં, મોડું થઈ ગયું, થયું કે હવે રાત જ રહી જઈએ.'

બહાર પરામાં રહેતાં દેર–દેરાણીને આવો એજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વાબદાર વિશ્વાસવૃત્તિને માટે કશું જ કહ્યા વગર ભોજાઈએ ઘરમાં લીધાં. જગ્યા તો હવે કોઈ બીજી રહી નહોતી. પોતે, દેરાણીની સાથે જ્યાં વિમળા હતી, તે મોટાં છોકરાંવાળા ખંડમાં પથારી કરી, અને દેરને એના મોટાભાઈ સાથે પોતાના સુવાના ખંડમાં સુવરાવ્યો.

સાઇગોન.રેડિયોના શબ્દ—ભણકાર સૂર-ભણકાર વિમળાને અંતરદ્વારેથી મોડી રાતે પણ શમ્યા નહોતા. પોતાને આ થોડા કલાકોની અંદર જીવનના ધરમૂળમાંથી કશોક ફેરફાર થયો જણાતો હતો. આ ઘરની ગૃહિણી માણેકબાઈ, ગૃહપતિ મનોહરલાલ, આ બહારથી આવનારા ચિત્રવિચિત્ર અને ભેદી સૃષ્ટિના કોઇક આગન્તૂકો, અને એ બહારવાળાઓની ખિદમત આડે જેમને ઘરમાં પોતાનો અલાયદો રમત-ઓરડો પણ નહોતો મળી શકતો તે ત્રણચાર નાનાં બાળકોનું મૌનભર્યું જીવન, બધું જ રહસ્યમય હતું. ને સૌથી વિશેષ વિસ્મયકારી તો વિમળાને માટે આ હતું, કે પેલા પાંચછ ચર્ચાખોર આગન્તૂકો એકબીજાની વિરોધી વિચાર-દુનિયાનાં પ્રાણીઓ હોવા છતાં તે રાત્રિ-પહોરે એકબીજાની નજીક નિરાંતે ઊંઘતા હતા. એમાંનો એક એમ. એ. નો અભ્યાસ કરતો હતો, બીજો રોયલ ઇન્ડિયન નેવીમાં જવા માટે ભણતો હતો, ત્રીજો ચારેક મહિનાથી મુંબઈમાં રહ્યો રહ્યો, કાઠિયાવાડમાંની પોતાની એક હરિજન સંસ્થાને માટે ફાળો કરતો હતો, અને હજુ એ સંસ્થાને સંભાળવા પાછો પહોંચતાં પહોચતાં બેએક મહિના કાઢી નાખશે એમ મનોહરલાલનું માનવું હતું. ચોથો મૂળ તો આસામનો વતની, મુંબઈમાં આવેલો અનાથ અવસ્થામાં, ઊછરેલ કોઈ બાવાની જોડે મંદિરમાં, ભણેલો એક વેશ્યાને ઘેર રહી, ભણીને નિશાળમાં માસ્તર થયો હતો, ભણતર ભણાવતે ભણાવતે કોઇક એકાદ ગુજરાતી કન્યાને પરણી લેવાના કોડ સેવતો હતો, એ કોડને પુરનાર કોઇ ન મળ્યું એટલે કોંગ્રેસ-હાઉસમાં વગરવેતને સેવા આપતો હતો, એ સેવાની કદરરૂપે અને કાયમીપણાને ખાતર કોઈક આગેવાને એની જોગવાઇનો ભાર માણેકબહેન પર નાખ્યો હતો. કોંગ્રેસના ખડા સૈનિક તરીકે એનું કામ લડત થાય ત્યારે જેલમાં જવાનું હતું, અને શાંતિકાળ દરમ્યાન સીગરેટો પીતાં પીતાં એક આગેવાનની વાતો બીજા આગેવાનને ઘેર જઇ મીઠું-મરચું ભભરાવીને કહેવાનું હતું. ચોર-લૂંટારાને પણ ખાનદાનીના નિયમો હોય છે, તેમ આ માણસના સંબંધમાં પણ માણેકબહેનને માતૃતુલ્ય ગણવાની અને એમના ઘરની એક પણ સારી માઠી વાત બીજે કોઇ સ્થળે ન કરવાની ડાકુ-નીતિ હતી. પાંચમા એક ભાઇ, એલ. એલ. બી. થઇને બે વરસ નોકરી કર્યા પછી પાછા ફિલ્સુફીના વિષયમાં એમ. એ. નું કરી લેનાર, અને એમ. એ. તરીકે પોણાબે વર્ષ શાળા ભણાવ્યા પછી પાછા ગણિતમાં એમ. એ. થવાનો મનોરથ લઈ બેસનાર અલગારી હતા.

આવાઓને મુંબઈમાં મુખ્ય જરૂર સૂઇ રહેવા અને બે ટંક પેટીઉં મેળવી લેવાની હતી. માણેકબહેનનું ઘર એમને એ પુરું પાડતું હતું. બદલામાં તેઓ કશો કૃતજ્ઞતાનો ભાવ પણ નહોતા સેવતા, દબાઈ સંકોડાઇને પણ નહોતા રહેતા, તેમ બીજી બાજુ આ પોતાનું ઘર જ છે એવો સહજ ભાવ સેવતા હતા.

એક વાર, વિમળાના આવ્યા બાદ ત્રણેક દહાડે કોંગ્રેસ મહાસમિતિની ૧૯૪૨ના ઓગસ્ટની ૮ મી તારીખની બેઠક પર ગુજરાતમાંથી બેએક પ્રતિનિધિઓ આવ્યા હતા, તેમનો ઉતારો પણ માણેકબ્હેનને ત્યાં હતો. એમણે અગાઉ અનેક વાર આવેલ તે વખતની માફક આ વેળાએ પણ ઘરમાં પડેલાં આ બહારવાળાઓનાં બિછાનાંની અવ્યવસ્થિતતા ટાળવા માટે માણેકબ્હેનને મથતાં જોઇ જોઇને, પ્રભાતે ચા પીતાં પીતાં કહ્યું: 'આ તે કંઇ ઘર છે? આ તો ધર્મશાળા છે, ધર્મશાળા!'

કહેતા કહેતા એ કહેનાર હસ્યા. માણેકબ્હેનની આંખ એ સાંભળી એકાએક બદલી ગઇ. કહેનાર તરફ ફરીને એણે પૂછ્યું: 'શું બોલ્યા......ભાઈ? ફરી કહો તો! હેં! આ ધર્મશાળા છે? ધર્મશાળા છે મારું ઘર?'

કહેનારના ચહેરા પરથી રૂધિર સુકાઇ ગયું. એમનો ગર્ભિત હેતુ તો માણેકબ્હેનની દયા ખાવાનો હતો. પણ એ દયા ખાવા જતાં એમના પોતાના મનમાં પડેલી એક માન્યતા બહાર ડોકાઈ પડી કે આહીં આ ઘરમાં તો કોઇ પણ માણસ ધામા નાખી શકે છે. કોઇ ના પાડનાર નથી!

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણેકબહેને તે દિવસે આ ભાઈને જમવાનું તો રોજના કરતાં ય અધિક ચીવટથી પીરસ્યું, પણ રોજિંદું રોનકીપણું માણેકબહેનના પીરસવા જમવામાંથી ઊડી ગયું હતું. એમણે પોતાના ગાંભીર્યનો વધુ કશો ઉહાપોહ કર્યો નહિ. બીજા કોઇની મગદૂર નહોતી—મનોહરલાલની પણ નહિ!—કે એમને આ વાત પર ટાઢાં પાડી શકે. મન એવું માંહીં બેઠું બેઠું બોલતું હતું, કે અહીં આ બધાને રહેવા ઊતરવા દઉં છું, અને એમની વિચિત્રતા તેમજ બેદરકારી વગેરે બધું ચલાવી લઉં છું, તે તો તેમને ઘરનાં બાળકો જેવાં જાણીને. તેઓ પણ છો આ વિચિત્ર આદતો ને સંસ્કારો રાખીને રહે—પણ તેઓને આટલું ભાન હોવું જોઇએ, કે પોતે ઘરના જનો થઈને રહે છે માટે આ લાલન પામી રહેલ છે, ધર્મશાળા સમજીને અહીં પડવાનો કોઇને જ અધિકાર નથી.

કદી ન રડનાર માણેકબહેનની આંખો તે આખો દિવસ સુકાઈ નહિ; અને પેલા 'ધર્મશાળા' કહી ટીખળ કરનાર ભાઈ ફરી ઘેર ડોકાયા નહિ.

આમ આ ઘરની અંદર બનતા નાના મોટા બનાવોની ઝીણી ઝીણી અસરોમાં વિમળા રંગાયે જતી હતી. દિનભરમાં એનો સૌથી વધુ રસભર્યો સમય સાંજરે, બપોરે કે વહેલી સવારે મનોહરલાલ જ્યારે રેડિયોનો કાંટો ઘૂમરડતા બેસતા, તે જ હતો. પોતે બાજુના ખંડમાં બારણા આડે લપાઈને બેઠી બેઠી કાન માંડતી. એમ પણ થતું, કે દિવસે જ્યારે કોઈ ઘરમાં ન હોય ત્યારે, કદાચ છે તે સાઈગોન રેડિયો પર કોઈક જો પેલા, પોતે જેને માટે ઉત્સુક હતી તે સમાચાર બોલી નાખશે, તો શું થશે! અને બીજો પ્રશ્ન એને આ પણ થતો, કે જો સાઇગોન રેડિયો પરથી બોલાતા સંદેશા અહીં મળી શકતા હોય, તો પછી આ માણેકબહેનના રેડિયો પર હું જો બોલું, કે 'ભાઈ! કાઠિયાવાડના ફલાણા ફલાણા ગામના મૂળ રહેવાશી અને રીસાઇને મલાયા-સિંગાપોર ચાલ્યા ગયેલા એક સુમનચંદ્ર નામે વેપારી લાઇનના માણસને આટલા ખબર દેશો!' તો ત્યાં સાઇગોન રેડિયો પર કોઇકે ને કોઇક તો સાંભળશે જ; અને સાંભળશે તો સીંગાપુર મલાયામાં સમાચાર પણ દેશેરતો.

આવી ગેરસમજણથી એણે ૧૯૪૨ના ઑગસ્ટની તા. ૮મીના બપોરે એકાંતે માણેકબહેનની ગેરહાજરીમાં રેડિયોની સ્વીચ ઉઘાડી, ધીરે ધીરે એના કાચ પાછળ જલતી જ્યોતને સંબોધી કહ્યું પણ ખરું, કે 'કોણ છે ત્યાં? કોઇ છે? મારે સાઇગોન રેડિયોવાળાને સંદેશો કહેવો છે!'

ખડખડાટ એની પાછળ કોઇક હસી પડ્યું. બાપડી હાંફળી-ફાંફળી ઊભી થઈ ગઈ. હસનારાં માણેકબહેનનાં નિશાળેથી ઘેર આવેલાં છોકરાં હતાં. એમાંની મોટી છોકરીએ કહ્યું: 'માશી! શું કરતાં હતાં? સાઇગોન કોને સંદેશો કહેતાં હતાં? એમ કંઈ આ રેડિયો-સેટમાંથી કોઇ સાંભળી શકે? એ તો એના બ્રૉડકાસ્ટિંગના સ્ટેશને જવું પડે—પણ ત્યાં તમને કોઇ બોલવા ન દે, એક હજાર શું એક લાખ રૂપિયા આપો તો પણ નહિ, હાં કે માશી? ત્યાં સાઇગોનમાં તમારું કોઇ છે માશી? કોઇ રહી ગયું છે? એને શું સ્ટીમર નહોતી મળી? પણ તો તો હવે એ ક્યાંથી રહ્યું હોય? એને તો મારી જ નાખ્યા હોય.'

મુંબઇ શહેરનાં છોકરાંને માટે આ બાબતની સમજ સહજ હતી. કાચની પૂતળી સરખી પારદર્શી પ્રકૃતિની એ છોકરીના છેલ્લા શબ્દો વિમળાની કલ્પનાશક્તિને ઢંઢોળી ગયા. એણે જવાબ દીધો: 'અરે એ તો હું અમસ્થી અમસ્થી લહેર કરતી હતી. એ તો હું પણ જાણું જ ને, કે આમાંથી તે કાંઈ કોઇને સંભળાવી શકાય!?'

અધરાત વીતી ગયા બાદ મોટર ગાડી આવી અને એમાંથી ઊતરેલાં માણેકબહેનને છેક દાદર પરથી બેકાબુ થનગનાટ કરતાં આવેલાં દેખી પતિએ પૂછ્યું: 'કાં, શું સમાચાર છે? બેઠક પૂરી થઈ ગઈ?' એનો પ્રશ્ન ગોવાળિયા તળાવમાં ભરાયેલી કોંગ્રેસ મહાસમિતિ વિશેનો હતો.

'પૂરી થઈ શું, બાપુએ તો કમાલ કરી,' માણેકબહેને પાણીનો ગ્લાસ લઈ કંઠ-ઘૂઘરો રમતો મૂક્યો: 'કરેંગે, મરેંગેનું આખરીનામું આપ્યું. હવે સરકારનાં મોતિયાં મર્યાં જાણજે.'

'હં-હં—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ તમે કંઈ વાત કહેતા નથી ?'

'મને તો માઠું થનારું લાગે છે.'

'એટલે શું ? સરકાર પકડી લેશે બધાંને ?'

'મને એમ જ લાગે છે.' બોલતાં બોલતાં પતિ હાથનાં આંગળાં ચોળતા હતા. એણે આગળ વાત ચલાવી: 'ગાંધીજીએ ભલેને હૈયાં હલમલાવી નાખે તેવું છેલ્લું ભાષણ કર્યું, વાઇસરાયને મિત્ર કહ્યા, મળવા દેવાની માગણી કરી, મળ્યા પહેલાં મારે તો કંઇ લડત ઉપાડવી જ નથી, એવું એવું મીઠું મધ જેવું ભલેને કહ્યું, પણ સરકાર હવે સમય આપે એમ મને તો નથી લાગતું.'

'તો તો લડત ઊપડશે.'

'ઊપડશે તે તો ઠીક—પણ એમાં શું બન્યું હશે !'

'કેમ ?'

'કોઇને કશી ખબર નથી, કશી દોરવણી નથી, બધાં જ ધાંધિયા છે.'

પત્નીએ કહ્યું: 'અરે વાત શી કરો છો ! અત્યારે તે સરકાર શું મૂરખી છે કે આ દેશને છંછેડે ? જાપાન માર માર કરતું આવે છે તેનો તો વિચાર કરો ને ?'

'શું વિચાર કરે ?'

'કેમ શું વિચાર કરે ? આખો દેશ સળગી ઊઠ્યા વિના રહેવાનો છે શું? મીલો કારખાનાંને તાળાં દેવાય, ટ્રેનો, તાર, ટપાલના વ્યવહાર તૂટી પડે, એ ઉપરાંત આજે તો લશ્કરને વિફરી જતાં વાર નથી લાગવાની.'

પત્નીના દોરેલા આ ચિત્ર ઉપર શાહીનો ખડિયો ઊંધો વાળી દેતો હોય તેવી દર્દભરી હાંસી સાથે પતિએ કહ્યું: 'આ બધી તો તમારી' ધોળી ટોપીઓ ફિશિયારી જ છે !'

'નહિ, દરેક માણસ બોલે છે. અને અમે તો દેશના મોટામોટાઓ પાસેથી જ સાંભળ્યું છે કે, જવાહર પાસે તો મોટા લશ્કરી માણસો આવીને કહી પણ ગયા.'

'શું કહી ગયા ?'

'કે લડત જગાડો, એટલે અમે ઝંપલાવવા તૈયાર જ છીએ.'

'હાં, એમ તો જમશેદપુરની તાતા-ફેક્ટરી વિશે પણ એવાં જ ગપાટાં ચાલે છે, કે તાતા પોતે મહાત્માજીને મળી ગયા—આજે જ, અને જો લડત ઊપડે તો આખું કારખાનું બંધ કરી બેસવાનો કોલ દઇ ગયા ! બધી બજારૂ વાતો છે. સરકાર નહિ ડરે. પકડશે—કદાચ છે ને રાતોરાત પકડશે.'

પાણીનો ગ્લાસ માણેકબહેનના હાથમાં જ ભરેલો હતો, પણ એ મોંએ અડકાડવાનું વીસરીને એ વિમાસી રહ્યાં. મોં પર પતિના ભાખેલા આગમ-બોલની વાદળી છવાઇ ગઇ. એ બોલવા જતી હતી કે 'તો તો મને......'

'હા એ તો, લીસ્ટ તૈયાર જ હશે.'

'હવે જાવ ! જાવ !' પત્ની ઊભી થઇને કહેવા લાગી 'ઘેલા થશો ના. સરકારથી કશું બનવાનું નથી. મહાત્માજીએ ખરેખરી એના પગમાં આંટી નાખી છે. પકડે તો તો સરકારનું મોત હાથવેંતમાં સમજવું.'

'ઠીક, ચાલો, જોઇએ સવારે શું થાય છે.'

પછી સવારે જ્યારે મનોહરલાલ ઊઠીને ટેલીફોન પર નંબર ઘૂમરડવા લાગ્યા, ત્યારે યંત્ર ખોટકાઇ ગયેલું જણાયું. સામી બાજુએ આવેલા પડોશીના ટેલીફોન પર ગયા, ત્યાં પણ કહે કે અમારો ફોન ખોટકાઇ ગયો છે. પાએક કલાકમાં તો આખા ક. બિલ્ડીંગના એકેએક ફોન ખોટા પડી ગયા હતા.

'આ તે શું !'

બહાર નજર કરે છે, તો નજર પહોંચી શકી ત્યાં સુધી પોલીસ ! પોલીસ ! ચોકીપહેરા બેસી ગયા છે.

માણસો ખબર લાવ્યા: 'ગાંધીજીને અને બીજા ઘણાને પકડી ઉપાડી ગયા......'

'ક્યાં ?'

'ઇશ્વર જાણે !'

માણેકબહેને પતિની સામે જોયું. પતિએ એમ તો બેશક ન જ કહ્યું, કે 'હું નહોતો કહેતો !' પણ કહ્યું કે 'બિરલા હાઉસ પર ફોન તો જોડો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોન પાછા ચાલુ થઈ ગયા હતા.

માણેકબહેને બિરલા હાઉસનો ફોન જોડી પૂછ્યું: 'એલાવ ! ગાંધીજી પકડાઇ ગયાં શું ?'

'બંધ કરો !' સામો ઉત્તર મળ્યો, અને રિસીવર ધબ દેતું નીચે મૂકાયું એવું લાગ્યું.

ફરી ફરી બિરલા હાઉસ ખાતે નંબર જોડવાનો પ્રયત્ન કરતાં, એકવાર સામેથી બહુ જ અસભ્ય જવાબ સાંભળવા મળ્યો.

મેડેથી બારણા પરની ટકોરી વાગી. ઉઘાડવા જતા મનોહરલાલે કહ્યું: 'આવી પહોંચ્યા જણાય છે !'

[અપૂર્ણ]

❋

શાંતિનાં મૂલ્ય

પેરિસમાં અઢી મહિના સુધી ચાલેલી શાંતિ–પરિષદની બેઠકનો તેની યજમાન ફ્રેન્ચ સરકારને આશરે સાડત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, એમાંથી લગભગ ત્રીસ લાખ તો ખાદ્યસામગ્રી, પેટ્રોલ ઈત્યાદિ ચીજવસ્તુઓ પાછળ ખરચાયા છે એને સાતેક લાખ રૂપિયા પરિષદના નોકરિયાતોને પગાર દેવામાં વપરાયા છે.

૨૦૬ સરકારી ગાડીઓએ મળીને પરિષદની બેઠક દરમિયાન ૧,૬૪,૪૭૪ ગેલન પેટ્રોલ વાપર્યું હતું. જુદી જુદી સમિતિઓની કાર્યવહી, સભ્યોનાં ભાષણો ઇત્યાદિના છાપકામ પાછળ કુલ પચાસ ટન કાગળ વપરાયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનસંસ્મરણોની શરૂ થતી. નવી લેખમાળા

જીવન પંથ

ધૂમકેતુ

શ્રી. 'ધૂમકેતુ'ની જીવનકથાના સંસ્મરણોની લેખમાળા નિયમિત પ્રગટ કરવાનો અમે પ્રબંધ કર્યો છે. તે પ્રમાણે આ પહેલો હપ્તો અહીં પ્રસિદ્ધ થાય છે. હવે પછી દરમહિને નિયમિત રીતે એ આવશે. 'જીવનપંથ'ની આ લેખમાળામાં શ્રી 'ધૂમકેતુ'ના જીવનના અનેક પ્રસંગો આવી જાય છે.

[નોંધ : પ્રવેશ]

'ઊર્મિ'માં મારા 'જીવનપંથ'ના 'સંસ્મરણો'ની લેખાવલિ પ્રગટ કરવાનું નક્કી થયું, ત્યારે એક ક્ષણભર તો એમાં રહેલી ધૃષ્ટતાનો વિચાર આવતાં સંક્ષોભ થયો. સિદ્ધસેન દિવાકરનું પેલું પ્રસિદ્ધ વચન—'નિર્લજ્જ: કો ન પણ્ડિત:' આ ધૃષ્ટતાનો ઉપહાસ કરતું, નજર સામે તરી આવ્યું. એડમંડ ગોસે પોતાની જીવનકથા આલેખતાં એક સુંદર વાક્ય લખ્યું છે કે વય વધતાંની સાથે માણસ પોતાના સંસ્મરણોની પરિમલસૃષ્ટિ ધીમે ધીમે ગુમાવતો જાય છે. એટલે એ પરિમલસૃષ્ટિને કાંઈક પણ સાહિત્ય સ્વરૂપ જેવું આપવાનો, એને થોડો પણ અધિકાર હોય તો, એણે એ પરિમલ લુપ્ત થઈ જાય તે પહેલાં, એ વાત ઉપાડી લેવી જોઈએ.—'While he is unbiased by the sensibility of advancing years'–એટલું છતાં શ્રી. મેઘાણી, મારી હમણાંની માંદગી દરમ્યાન અચાનક આવી ચડ્યા ન હોત—અને મારી પાસેની અનેક નોંધપોથી વગેરેનો નિર્દેશ કરીને આ કામ ઉપાડવાનું પ્રોત્સાહન આપ્યું ન હોત, તો મને લાગે છે કે આ વસ્તુનું પ્રાગટ્ય હજી ઘણું વહેલું ગણવાની મારી મનોવૃત્તિ ચાલુ રહેત. પણ એમનું પ્રોત્સાહન, ઊર્મિના સંચાલક શ્રી. ઇશ્વરલાલ દવેની એ વિષેની તરતની સતત માગણી અને મારી પાસેની નોંધપોથીઓ, હમણાંની માંદગી દરમ્યાન આરામ લેવા માટે વાંચી જવાની તક મળી જતાં, સંસ્મરણોની જાગી ઊઠેલી આખી માનસસૃષ્ટિ, અને અંદરથી આવેલો એક છાનો અવાજ—'હમણાં અથવા કદાચ કોઈ દિવસ નહિ—' એ સઘળી ઘટનાઓએ 'જીવનપંથ'નું તાત્કાલિક નિર્માણ કર્યું, અને મેં મારી આ 'જીવનકથા' કહી શકાય એવી સંસ્મરણોની સૃષ્ટિનું આલેખન કરવાની હિમ્મત કરી.

પરંતુ માણસની પાસે વિશ્વાસપાત્ર મળી શકાય એવી એની કેટલીક હકીકતો હોય છતાં સાહિત્યનો આ પ્રકાર ઘણો જ અટપટો અને વિકટ છે. એમાં જેટલો ભય અતિશયોક્તિનો છે એટલો જ ભય હીનોક્તિનો પણ છે. ગોસના શબ્દો ટાંકીએ તો Perhaps an even more common fault in such autobiographies is that they are sentimental, and are falsified by self admiration and self fity' આ પ્રકારમાંથી માણસ જેટલો બચી શકે એટલું એનું મૂલ્યાંકન વધારે. છતાં જ્યાં ફીલસૂફો પણ જતાં ડરે એવું આ ક્ષેત્ર છે. અને માણસ સત્યની ઘણામાં ઘણો નજીક હોય ત્યારે પણ એ અસત્યના દોષારોપણથી બચી શકે એવું ન બને, તો એણે એ વિષે લેશ પણ ગ્લાનિ ધરવી ન જોઇએ, કારણ કે કલાની પેઠે સત્ય એ પણ વ્યક્તિનો મનોમત પદાર્થ છે કે કોઇ ત્રિકાલાબાધિત વ્યાપક વસ્તુ છે, એનો એકમતી નિર્ણય હજી સુધી તો થઈ શક્યો નથી. ગીલ્બર્ટ મરેએ આનુ એક સુંદર ઉદાહરણ આપ્યું છે કે ઉદ્યાનમાં સુંદર પુષ્પ ખીલ્યું છે. સમય, સ્થિતિ, વાતાવરણ, સ્થાન—સઘળાં પુષ્પના સૌન્દર્યમાં વધારો કરે તેવાં છે. પણ એ પુષ્પને જોનાર જ કોઈ ન હોય તો? એ પુષ્પ સુંદર કહેવાય ખરું? કહેવાય તો કહેનાર કોણ? ન કહેવાય તો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌન્દર્ય જેવો કોઇ ભાવ વ્યક્તિ વિના અપૂર્ણ ગણવો જોઇએ. અને જ્યાં વ્યક્તિનો એ મનોગત પદાર્થ બન્યો કે વ્યક્તિની મર્યાદા શક્તિ એ એનાં પોતાનાં મર્યાદા શક્તિ બન્યાં.

આપણી સમકાલીન વિચારચર્ચા લઈએ તો જણાશે કે વીર કવિ નર્મદ ચાર આનાના પૌંઆ દૂધ ઉપર દિવસો વીતાવતો એ વસ્તુને એક જીવનચરિત્રકારે નર્મદના વીરત્વની પરિસીમા માની છે; અને ગૂજરાતની કંગાલ ઉપેક્ષાવૃત્તિને દોષ દીધો છે; તો બીજા જીવનચરિત્રકારે એમાં ગૂજરાતનો દોષ ન જોતાં કવિ નર્મદની મનોવૃત્તિના અસમાધાનકારી ખુણાઓનો દોષ કાઢ્યો છે. ખરી રીતે આ બન્ને દષ્ટિબિંદુઓ સાચાં છે અને બન્ને દષ્ટિબિંદુઓ ખોટાં પણ છે. તમે કઈ ભૂમિકાથી એને જૂઓ છો એ ભૂમિકા ઉપર જ બધો આધાર છે. કાન્ટ જેવો કોઇ ફિલસૂફ એને ‘ Idealism ’ ‘ Realism ’નો જ ભેદ ગણી કાઢે, એટલે જ આ મારા ‘ જી વ ન પં થ ’નો જેટલો અને તેટલો સત્યાન્વેષી સ્વાંગ છતાં, એમાં રેખાંકિત થયેલા પ્રસંગો પાત્રો અને પ્રકીર્ણ વિચારો એ મારી પોતાની મનોમત ભૂમિકાના દષ્ટિબિંદુઓ રજુ કરે છે. એ સાચાં છે. ખોટાં છે. એ કાંઇ જ નથી, અને વળી એ કાંઈક છે પણ ખરાં.

આ જીવનપ્રવાસી રેખાંકનમાં અનિવાર્યપણે ‘ હું ’ કાર વાપરવો પડે છે; પરંતુ એ ‘ હું ’કારમાં હુંકાર, જો જાણી જોઇને કોઇ ખાંખાંખોળાં કરીને ગોતી નહિ કાઢે, તો ગોત્યો તો મળવો મુશ્કેલ થઈ પડે, એટલો સભાન કહેવાય તો સભાન, પણ લેખકનો માનવ પ્રયત્ન તો જરૂર હશે જ; પોતાની જાતને મહત્ત્વ ન આપવાનો તેમજ એની લઘુતા પણ ખોટી રીતે વિનયી બનીને પ્રગટ ન કરવાનો. બાકી તો વિલ્યમ હેન્રી હડસને કહ્યું છે તેમ સર્જકનું કામ સૌન્દર્ય છૂપાવવનું છે અને વિવેચકનું કામ એ સૌન્દર્ય ફરીને પ્રગટ કરવાનું છે. અને સૌન્દર્ય એ સત્યથી જુદી વસ્તુ નથી. સાહિત્યના તમામ જુદા જુદા પ્રકારોમાં જીવનરંગી આ પ્રકાર, એકી સાથે અને એક જ સમયે, સર્જકની અને વિવેચકની એવી બે ભિન્ન ભિન્ન પ્રકારની શકિતઓનો વધુમાં વધુ સમન્વય અને સેવન માગે છે. એટલે જેમ જીવનચરિત્રો તેમ જીવનકથાઓ સોએ સો ટચનું શુદ્ધ કુન્દન આપે એ પ્રસંગ ઘણો જ વિરલ ગણાય છે. છતાં એનું સાચું મૂલ્યાંકન તો રહે છે જ. સમકાલિન ઐતિહાસિક, સાહિત્યિક કે સામાજિક ભૂમિકાઓને સમજવામાં મદદરૂપ બનવાનું કે સત્યપ્રસંગો આપીને કાંઈક અંશે વિવેચકને, તો કેટલેક અંશે પોતાની જાતને, વધુ સ્પષ્ટ કરવાનું. કવિ નર્મદનું પોતાનું સાહિત્ય સમજવામાં એની ‘ મારી હકીકત ’ સુંદર ભૂમિકા આપે છે; તો સમકાલીન સામાજિક સ્થિતિ ઉપર પણ સારો પ્રકાશ નાખે છે. નારાયણ હેમચંદ્રનું ‘હું પોતે,’ મણીલાલ નભુભાઈની ‘આત્મકથા,’ નરસિંહરાવનું ‘સ્મરણ મુકુર’, મુનશીજીનું ‘અરધેરસ્તે’, બ. ક. ઠા.નું ‘પંચોતેરમે’, મેઘાણીની સાહિત્ય સ્મરણાંજલિ જેવી ‘ પરકમ્મા ’, હમણાં પ્રગટ થવા માંડેલી શ્રી. રમણલાલ દેસાઈની ‘ સંસ્મરણો ’ની લેખમાળા, કે શ્રી. નૃસિંહપ્રસાદ ભટ્ટની ‘ઘડતરકથા’ એમના જેવી તાજી ખુશ્બો વાંચનારને આમાંથી ન મળે તો એણે આ પ્રયોગને થોડો વખત નભાવી લેવાનો રહ્યો. કારણ કે આ લેખમાલા રજુ કરવા માટે જોઇતી સામાજિક ભૂમિકા—સમકાલીન યશોકાય વ્યક્તિઓનો સંપર્ક—મારા જેવા કાઠિયાવાડના એક ખૂણામાં પડેલા માણસ પાસે ન જ હોય, એ એની મોટામાં મોટી ખામી—રસહાનિ કરાવે એ સંભવિત ખરું; છતાં આ વસ્તુ પણ તદ્દન નિરુપયોગી નહિ નીવડે એવા વિશ્વાસથી વહાણ હાંકયું છે. માણસને જ્યારે એમ લાગે છે કે એનામાં પણ કોઈક રસ લેનારું છે, ત્યારે એની આંતરસૃષ્ટિની પ્રફુલ્લતા ઓર ખીલી ઊઠે છે. અને કલ્પનાની મનોભૂમિમાં રાચનારા લેખકની તો આ એક જ મહામૂલ્યવાન સમૃદ્ધિ ગણી શકાય. મને એક પ્રસંગ સાંભરે છે; ઘણું કરીને શ્રી. મેઘાણી પોતાની તબિયતને અંગે થોડો વખત આબુનિવાસ કરવા માટે નીકળેલા; અમદાવાદ જેવા ધમાલિયા સ્ટેશનમાં એમના સરસામાનની ચિંતા તો હતી જ, અને સાથે હું હતો કે જેને સ્ટેશનમાં કોઈ ઓળખે નહિ અને સ્ટેશનમાં જે કોઈને ઓળખે નહિ; દિવસો પણ હજી લડાઈ પ્રસંગના, એટલે એમના સરસામાનને આબુ સુધી પહોંચાડી દેવાની વેતરણ કરવી એ પણ મુશ્કેલીનો જ પ્રસંગ ગણાય. એ મુશ્કેલીમાંથી રસ્તો શોધવા માટે અમે બન્નેએ ઓફિસમાં પ્રવેશ કર્યો

CG-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મેઘાણીનું નામ આવતાં જ, આ શુષ્ક યાંત્રિક ઑફીસના સામાન્ય ક્લાર્ક જેવા માણસે પણ, ગુજરાતી સાહિત્યમાં પોતાનો રસ પ્રગટ કરીને અમને બન્નેને છુટકારાનો દમ લેતા કરી મૂકેલા. ત્યારે જ લાગેલું કે, કહો ન કહો, પણ આપણા જેવા નાના માણસોની નાનીસૃષ્ટિમાં પણ રસ લેનારા કોઇ ને કોઇ નાનાં માણસો કોઇને કોઇ ખૂણે વસે છે ખરા. અલબત્ત આવા પ્રસંગો અનિવાર્ય રીતે, subjective –આપલક્ષી જેવા જણાય, એ એની મર્યાદા ધ્યાન બહાર નથી, પણ આંહીં તો આ પ્રયોગના ઉદ્‌ગમની થોડી ઝાંખી કરાવવા પૂરતો જ એનો ઉલ્લેખ કર્યો છે.

આ સઘળી મર્યાદાઓની વચ્ચે પણ આનંદોર્મિની એક ઝાંખી રેખા દર્શન દે છે. માણસ, પોતાના સંસ્મરણોનો પોતે જ સૃષ્ટા અને પોતે જ ભોકતા પણ છે. કોઇ રસ ન લે તો પણ, પોતાનાં સંસ્મરણોમાં માણસનું જીવનકાવ્ય વસી રહ્યું છે. ‘સ્વજનો જેવા ભૂતકાલના દિવસો’–‘એકલવ્ય’ નાટકમાં આવતું મારૂં આ વાકય, હજી મારે માટે તો એ ની એ મધુરતા રાખી રહ્યું છે. શિશુઅવસ્થા જયાં ગાળેલી, જ્યાંના હર્ષ, શોક, સુખ, દુઃખ, ગ્લાનિ અને ભય આજ પણ ફરી ફરીને અનુભવાય છે, એવાં ખંડેરોને સ્મરણાંજલિ આપવી એમાં એક પ્રકારની ઑર મીઠાશ છે. આ પંથે આજે ફરીને રસળતાં રસળતાં–કેટલા બધા પ્રસંગો અને કેટલી બધી વ્યકિતઓનો દુઃખભર્યો સુખદ મેળાપ થશે, એ સાંભરે છે ત્યારે તો આજ દિવસ સુધી એ મેળાપને ઠેલી રાખવા માટે થોડોક અંતરગ્લાનિ પણ થાય છેઃ એટલા માટે કે, કદાચ, આટલે લાંબે ગાળે હવે એમાંથી કોઇને કોઇ રહી જાશેં.

પેલો લંગડો, ભૂતાવળની આખી સૃષ્ટિ રજુ કરતો રજપૂત, એની સામે વાતમાં તાલ પૂરાવતી ખાંટની વિધવા બાઈ સોમલ, પેલી તોતીડોશી, બકાલી નરસૈં લુવાણો, સુમરા, પીંજારા, ખાંટ, કોળી, રાવળિયા, મીર, કારડિયા રજપૂત, ભરવાડ, મેકિસમ ગોર્કીએ પોતાની જીવન સંસ્મરણાંજલિમાં જે પડોશીઓમાં પોતે વસ્યો હતો એમને સંભાર્યા છે, એવા આ હમેશનું લાવી ને હમેશ ખાઇ જનારા, નીચલામાં નીચલા થરના મારા પાડોશીઓમાંથી, અનેક તો આજ દિવસ સુધી સાથે ચાલ્યા આવ્યા છે. છતાં લાગે છે કે કોઈ ને કોઇ તો નજર ચૂકવીને રામરામ કર્યા વિના જ કોણ જાણે કયે ખૂણે છૂપાઈ ગયા હશે કે એમને શોધતાં હવે તો ભોં ભારે પડશે.

પણ આજ હવે જ્યારે સંસ્મરણોની દુનિયા જાગી ઊઠી છે ત્યારે મને લાગે છે કે ધૃષ્ટતા મનાય તો ધૃષ્ટતા, અભિમાન મણાય તો અભિમાન, વિનિપાત કહેવાય તો વિનિપાત, ગપ્પાં સમજાય તો ગપ્પાં, પણ એક વખત તો મારું સઘળું અંતર પ્રગટ કરી દઉં ! હું, વધુમાં વધુ કાવડિયાં છનો પગાર લાવનાર, માત્ર બારવર્ષનો, ગુજરાતી સાતમી પાસ કરી આઠમીમાં ભણતો, વીરપુરની તાલુકાસ્કુલનો, તે વખતનો ‘પ્યુપિલ ટીચર’, તે વખતનાં સંસ્મરણો જ્યારે આલેખવાં છે, ત્યારે આજની આ સ્થિતિની એવી તે શી તમન્ના મારે જાળવવાની હોય કે ફરી શિશુ બનવાનો આવો મહા આનંદ, માંડમાંડ કલ્પનાની મનોસૃષ્ટિ વડે મળી ગયો છે, તે જતો કરું ? એટલે હું તો orthodox––જૂનવાણી ગણાઉં તો જૂનવાણી–જે ગણાઉં તે–મારે મારી તમામ આંતરસૃષ્ટિ પ્રગટ કરી દેવી છે; પછી ભલેને એમાં કોઇ ન માને એવો ચૂડેલનો નજરો નજર રાસડા રમતી જોવાનો પ્રસંગ આવે કે પેલા વીરપુરની ખળાવાડના ભૂવાને કંકુ કાઢતો દેખાડવામાં આવે ! એ આંતરસૃષ્ટિને પોતાની સચ્ચાઈ હોય એટલે થયું; એમાં ‘હીપ્નોટીઝમ’નો અધકચરો અભ્યાસ પણ આવે; રાયપુર પખાલીની પોળમાં રહેતા એક સ્ટેશન માસ્તર મણીલાલના મેસ્મેરીઝમના પ્રયોગો પણ આવે; આપણા નૃસિંહપ્રસાદ––નાનાભાઇ ભટ્ટ––શ્રીમન્નથુરામ શર્માના આશ્રમમાં સ્વપ્નમાં ગોપીભાવ પામ્યા હતા એ આખો રમુજી પ્રસંગ–‘બ્રહ્મનાદ’ નામે માસિકમાં પ્રગટ થયેલો એ પણ આવે; અને એમ ને એમ એ ‘જીવનપંથ’ ઇ. સ. ૧૯૨૨–૨૩ની સાલમાં જ્યારે મેં અમદાવાદમાં પહેલવહેલો પગ મૂકયો ત્યાં સુધી આવીને અટકી પડે; જીવનપંથના આ પ્રથમભાગની આટલી કાલ્પનિક રેખા મર્યાદા અત્યારે આંકી રાખી છે. એથી આગળનો પંથ–તદ્દન સમકાલીન છે એ એક કારણ, અને એમાં આવતા પાત્રો ને પ્રસંગો હજી નજર સંમક્ષ છે એ બીજું કારણ, એટલે એ હમણાં ન આલે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખતાં ભવિષ્યના કોઈ દિવસ માટે રાખી મૂકવો પડશે. પણ કાલમર્યાદા પ્રમાણે ગણતાં જીવનનાં યત્નનાં તમામ વર્ષો અત્યારે અંકિલી રેખામાં આવી જાય છે. કોઈક બહેને એક વખત પ્રશ્ન કર્યો હતો અને એમની કટાક્ષી શૈલીમાં રમુજ પણ કરી હતી, કે સર ચીનુભાઇના બંગલામાં બેઠાં બેઠાં ગરીબોની સૃષ્ટિ વિષે લખનારા વાર્તાનવેશો આપણે ત્યાં કયાં નથી ? મારી રંકકૃતિઓમાં રસ લેનારા અનેકોએ આજ દિવસ સુધી જુદી જુદી રીતે એમાં રસ લીધો છે. 'હું કૂતરાં પાળું છું કે નહિ ?' એવા પ્રશ્નથી માંડીને મેં અમુક વાર્તા કેવા પ્રસંગમાં લખી છે ત્યાં સુધીના અંગત કહી શકાય એવા પ્રશ્નો પણ પૂછાયા છે. સોમાંથી નવાણુંને આજ દિવસ સુધી પ્રત્યુત્તર આપ્યા નથી. અલબત, એથી એક હવાઈ ખ્યાલ ફેલાયો જણાય છે કે અતડાપણું અને ગર્વિષ્ટતા એ બન્ને મહાન દોષો, ગુજરાતના તમામ લેખકોના ભાડાના ઘરમાંથી ગાંઠડાંપોટલાં સીખે એમનાં 'રેશનકાર્ડ' લઈને મારે ત્યાં આવીને વસ્યાં છે। ખરી વસ્તુ તદ્દન જુદી જ છે. મેં જો આ છેલ્લાં વર્ષોમાં પ્રસ્તાવનાઓ લખવાનું કામ કર્યું હોત તો એ એટલું મહાભારત હોત કે એમને આડે મારી પુસ્તકો લખવાની તમામ મહેનત બચી જાત અને વળી મારી કીર્તિસુવાસ ફેલાત; પરંતુ દરેક લેખકને પોતાની અમુક ખાસિયત હોય છે, જેને આપણે મિજાજ કહીએ [સારા અર્થમાં] એ હોય છે; મિજાજની પણ ઋતુઓ આવે જાય છે. અને જેને ઋતુ ઋતુના પાક લેવાની તલ્લીનતા લોહીમાં વહેતી થઇ ગઇ હોય એટલે કે કામ કરવાની એવી જ ઢબ જેને ફાવી ગઇ હોય, એને કદાચ હાથ ઉપર એક કામ હોય, ત્યારે બીજું કામ હૈયે ચડે જ નહિ, અને ચડે તો એમાં એનો મીઠો સંવાદી સરોદ જાગે જ નહિ! એ તો કામ કરવાની ફાવટનો અંગત અનુભવનો વિષય કહી શકાય; એટલે એવી એવી અનેક વસ્તુઓની ગૂંચ પણ આ 'જીવનપંથ' ને રસ્તે ઉકેલાતી જશે એ કાંઈ જેવો તેવો લાભ નથી.

અત્યારે જ જ્યારે સોલંકીયુગની આખી ભૂતાવળ મારી આસપાસ ફરી રહી છે, ત્યારે આ ગોંડલથી છ ગાઉ દૂર આવેલા, વીરપુરના સીમાડાઓ, નદીઓ, વોંકળાઓ, પાણીની પાળો, ડુંગરાઓ, ટેકરાઓ, અનેક પાત્રો અને પ્રસંગોને જાગ્રત કરવાનું કામ મેં આરંભ્યું છે એ તો એક અનોખી મનોભૂમિમાં પ્રવેશ કરવાના હેતુથી. અને એક રીતે એ બન્નેનો પંથ સમાન જેવો છે. કારણકે સીઝર, સિકંદર, જયસિંહ સિદ્ધરાજ, વનરાજ, પૃથ્વીરાજ, શિવાજી, પ્રતાપ, હાનિબાલ, નેપોલિયન, એકીલીઝ, હેક્ટર, અલેકઝાંડર, બાજીરાવ, બાપારાવળ, શાર્લમન ફ્રેડરિક, નર્મગદ્યની ઈ. સ. ૧૮૯૯ ની છઠ્ઠી આવૃત્તિના પહેલા પૃષ્ટથી માંડીને પાંચસોત્રીસ પૃષ્ટ સુધીના અનેક વખત થયેલા વાચને—આ ઇતિહાસ પ્રસિદ્ધ વ્યક્તિઓને મારી શિશુકલ્પનામાં એક એવું તો વિચિત્ર અને અનોખા પ્રકારનું સ્થાન તે વખતે અપાવ્યું હતું, કે આજ દિવસ સુધી 'હજી એ કોયડો તો અણઉકેલ્યો જ રહ્યો છે. વિરપુરના રેવાશંકર મહારાજ પાસેથી દોઢ રૂપિયામાં ખરીદેલું એ નર્મગદ્ય આજ પણ મારી પાસે છે. એના માલિક તરીકે, મારું જે નામ મેં એના ઉપર લખ્યું છે તે 'મણિરાય વિ. ગોવરધનરામ જોષી' જેઠ શુકલ ૪, વીરપુર, એમ છે. આ નર્મગદ્ય અને એક ત્રણ આનામાં પ્રસિદ્ધ થયેલું અને પાનકોર નાકાના હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલરે પ્રગટ કરેલું 'વૃદ્ધ ચાણક્ય' એ બે પુસ્તકોએ એટલો તો જીવન્તરસ એ વયમાં પણ મને આપેલો જણાય છે કે ચિત્તશાસ્ત્રના થોડા-ઘણા અભ્યાસ પછી પણ હજી એનું ખરું કારણ તો કોયડા રૂપે જ રહ્યું છે. 'નર્મગદ્ય' મારી પાસે છે પણ 'વૃદ્ધ ચાણાક્ય' કોઇ ચોરી ગયું છે। એ નર્મગદ્યનાં પૃષ્ટો ફેરવતાં એમાંથી જર્મનીનો ફ્રેડરિક, ફ્રાન્સનો લૂઈ ૧૪મો ૧૫મો, મેવાડની મુખતેસર હકીકત અને એસિરિયા બેબિલોનની ઇતિહાસ-નોંધો ખાસ આકર્ષણથી વાંચેલી જણાય છે.

[ચાલુ]

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણા અને ત્રિવિક્રમ

દ્વિરેફ

અરુણા અને ત્રિવિક્રમના લગ્નની તારીખ બહાર પડી ગઇ. શહેરનો આખો જુવાન વર્ગ એ તારીખની કૌતુકથી રાહ જોતો એકપગે થઇ રહ્યો. તેમાં એમને આશ્ચર્ય એ હતું કે આવી મિજાજી, ધાર્યું કરનારી, ઘડી ઘડીમાં છંછેડાઇ જતી, અરુણા ત્રિવિક્રમથી જીતાઇ ગઇ. અને આવો દૃઢ મનનો, આત્મનિગ્રહને જ આત્મવિજય માનનારો, ઇષ્ટ વસ્તુ તરફ એકધ્યાનથી ધસતો, ત્રિવિક્રમ અરુણાથી જીતાયો; અને તે સાથે હર્ષ, ઉમંગ અને ઉત્સાહ એ હતો કે બન્નેનું લગ્ન સુધારાના વિજયને મૂર્ત કરતું હતું. ત્રિવિક્રમે અને અરુણાએ લગ્નની એકેએક વીગત પોતાના મિત્રમંડળમાં ચર્ચી, પોતાના આદર્શ પ્રમાણે નક્કી કરી હતી. બન્ને જુદી જુદી નાતનાં તો હતાં જ, બન્નેને યુનિવર્સિટીની ડીગ્રી હતી જ; બન્નેએ પોતાની ઇચ્છાથી જ એકબીજાને પસંદ કરેલાં તો હતાં જ! પણ લગ્નની પદ્ધતિ પણ તેમણે પોતે જ નક્કી કરી અને ઘડી. લગ્ન એ પણ એક કરાર છે, માટે તેમણે હિન્દુ વિધિએ નહિ પણ રજિસ્ટર કરી, કરવાનું નક્કી કર્યું. રજિસ્ટર થતાં ઘણાંખરાં લગ્નો પણ, પોતાને આંગણે રજિસ્ટ્રારને બોલાવી, હિન્દુ લગ્ન જેવો ઠાઠમાઠ કરે છે, તો આમણે નક્કી કર્યું કે લગ્ન બેમાંથી કોઇને ગામ ન કરવાં, પણ મૈત્રીના સમયમાં જે જિલ્લામાં તેઓ વારંવાર ફરવા જતાં તે જિલ્લામાં કરવાં અને સાક્ષી તરીકે જરૂર જેટલા જ મિત્રો લઇ લગ્ન રજિસ્ટર કરવાની ઓફિસમાં જઇને જ નોંધાવવું. બધા લગ્નનું મુહૂર્ત જોવરાવે છે, તો એમણે મિત્રો સાથે એ બાબત ચર્ચી લોટરીથી લગ્નતિથિ નક્કી કરવાનું કર્યું. એકસરખી ચિઠ્ઠીઓ પર ત્રણસે પાંસઠે ય તારીખો લખી, તેમાંથી અરુણા પાસે એક ચિઠ્ઠી લેવરાવી પછી જ તે જાહેર કરી. ત્રિવિક્રમને બીક હતી કે ક્યાંક ચિઠ્ઠીની તારીખ હિન્દુઓના જ્યોતિષે યોગ્ય ઠરાવેલ મહિનામાં જ પડશે! પણ એમ ન થયું. હિન્દુઓના નિષિદ્ધ કાર્તક મહિનામાં આવી તેથી તે ઘણો ખુશ થયો. અરુણાને ભય હતો કે ક્યાંક બહુ દૂરની તારીખ આવશે! તેને જરા લાગ્યું કે છ મહિના સુધી રાહ જોવી પડશે. પણ તેણે સુધારકની બહાદુરીથી તે સ્વીકારી લીધું. આ બધું કર્યા પછી ત્રિવિક્રમે મિત્રોને પણ કહ્યું કે લગ્નની તારીખ જોકે ખાનગી નથી, પણ બધા અભિનંદન આપે અને એવી ધમાલ કરે તે પોતાને પસંદ નથી, માટે એને ખાસ પ્રસિદ્ધિ આપવા કશું કરવું નહિ, જોકે આ લગ્નકૌતુકી દુનિયામાં તેની બાતમી મેળવનારાની સંખ્યા પર કશો અંકુશ કે કશી મર્યાદા રહી શકી નહિ!

બન્નેએ આ છ મહિના પોતપોતાના સ્થાને ગાળવા અને એ દરમિયાન મળવું નહિ એમ નિશ્ચય કરેલો. તે પ્રમાણે ત્રિવિક્રમ તો પોતાના સૂતરના ધંધે લાગી ગયો. ધંધામાં પણ સખ્ત પ્રમાણિકતા રાખવી એવો તેનો નેમ હતો, અને એના પાલનના ઉત્સાહમાં તેના દિવસો તો આનંદમાં જતા હતા. પણ અરુણાને આ દિવસો માત્ર રાહ જોવામાં જ ગાળવાના હતા. તેને ગામ તે છેલ્લાં અભ્યાસનાં વરસોમાં બહુ ઓછું રહેલી, ત્યાં તેને મિત્રો નહોતાં, વાતો કરવા ભાંડુઓ નહોતાં, આટલા છ જ મહિના પૂરતું તે કશું કામ ઊપજાવી શકે એમ નહોતું, માત્ર ત્રિવિક્રમના પત્રોની રાહમાં અને તે વાંચવામાં તેને દિવસો ગાળવાના હતા.

હવે લાગણી ગમે તેવી સારી હોય, પણ ઘણી વાર તે વસ્તુસ્થિતિને બરાબર સમજવામાં આડી આવી, માણસને માત્ર હેરાન કરે છે. લાગણી ઘણી વાર બુદ્ધિ વિના પ્રવર્તે છે એટલું જ નહિ, ઘણી વાર બુદ્ધિથી અવળી દિશામાં વહેવા માંડે છે. દિવસ જેમ જેમ પસાર થતા જતા હતા તેમ તેમ વિરહની અવધિ કપાતી જતી હતી. લગ્નનો દિવસ નજીક આવતો જતો હતો. અરુણાએ આમ વિચાર્યું હોત તો તે વધારે વધારે ઉત્સાહથી હર્ષમાં દિવસો પસાર કરી શકત. પણ તેથી ઊલટું જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેની અધીરાઇ વધતી ગઈ, અને તે ત્રિવિક્રમ ઉપર વધારે વધારે ગુસ્સે થતી ગઈ. તેના પત્રોમાં પ્રેમને બદલે વધારે વધારે વાંધાવચકા જ આવવા લાગ્યા.

એક દિવસ તેનો ગુસ્સો હાથ ન રહ્યો. આખો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ તેના મર્મોમાં ખટકતો એક જ ઉદ્‌ગાર થયા કર્યો! 'છ…અ દિવસ!' તેણે ચિડાઇને કાગળ લખ્યો: 'તમે લાગણી વિનાના છો. હું તમારે માટે અહીં ઝૂરી મરું છું અને તમને, મને એક કાગળ લખવા જેટલી પણ પડી નથી! હું હંમેશાં જોતી આવી છું કે તમારામાં સ્નેહ જેવું કંઇ છે જ નહિ. તમારા હૃદયમાં અનેક વનસ્પતિ ઊગે-ઊગશે, પણ સ્નેહ કદી પણ ઊગે એવી હવે મને આશા રહી નથી!' વગેરે વગેરે.

ત્રિવિક્રમે ખુલાસાનો અને સાન્ત્વનનો કાગળ લખ્યો: "આ આખું અઠવાડિયું હું પગ વાળીને બેઠો નથી. જંપીને ખાધું નથી કે જંપીને ઊંઘ્યો નથી. પંદર હજારની હૂંડીનાં નાણાં વસૂલ આપવાનાં હતાં. જેમને ત્યાં ખાતું છે તે શેઠ બહારગામ હતા. માલ ઉપર નાણાં લેવાનાં હતાં, પણ કોઇ આપતું નહોતું. ઊલટું મારી સચ્ચાઇની મશ્કરી કરવાની બધાએ તક લીધી. તાકડે વનમાળીદાસની દસ હજારની હૂંડીની પણ મારે જોગવાઈ કરવાની હતી. તું જાણે છે કે મારે તેની સાથે ગાઢ મૈત્રી છે અને એ પેઢીનો વેપારસંબંધ છે. ઘરના દાગીના મૂકવા જરા પણ ગમતું નહોતું, તને બતાવવા કહેલું તે યાદ આવતું હતું, પણ છેવટે તે મૂકી નાણાં લીધાં…અલબત આ વખતમાં તને એક નાનો કાગળ ઉતાવળમાં લખી મોકલી શકાત, પણ તે ન લખ્યો. કદાચ એથી તું ચિડાય એમ ધારીને! તું બહુ કામમાં હો, ને મને માત્ર એક પોસ્ટકાર્ડ પર સહી કરી મોકલે તો પણ મને તો સંતોષ થાત. પણ તું દીર્ઘ સુદીર્ઘ અને વારંવાર વાંચી શકાય એવો કાગળ માગે છે. તેમાં વળી એક વારની નાલાયકી વધારી આપવાની ઇચ્છા નહોતી. પણ હવે આ બધું એક આંખ ઉઘાડીને મીંચ એટલામાં પૂરું થવાનું છે. પછી તું કંટાળે એટલી વાર હું તારી સાથે હોઇશ." વગેરે વગેરે.

પણ આનાથી સાન્ત્વન લેવાને બદલે અરુણા વધારે ગુસ્સે થઇ. હાજર હોય તો મારી લે એટલા ગુસ્સાથી તેણે લખ્યું: "તમે તો મારી સહી માત્રના કાર્ડથી રાજી થાઓ જ ના! તમે તો વેપારી છો. વેપારનાં તમારાં બીજાં ઘરાકો જેવી એક ઘરાક, મને સમજો છો. વેપારી, માલ મળ્યો છે, કે તમારા રૂપિયા આટલા લેણા છે તે ખરા છે, કે એવું કાંઇ લખી સહી કરીને મોકલે એટલે બસ! મારે તો લેણું પણ કબૂલવાની જરૂર નહિ. કારણ કે પરણી એટલે મારું સર્વસ્વ તમારું થઇ ગયું! હું માત્ર સહી કરું એટલે બસ! પણ જો જો એવી ભૂલ ખાતા. નવી સ્ત્રી એવી નથી. એ તો પ્રેમ આપે ય છે અને પ્રેમ માગે ય છે. આપ્યા વિના એની પાસેથી તમે કશું પામવાના નથી…તમે તમારા મિત્રોમાંથી કદી પરવારવાના નથી. આજે વનમાળીદાસની હૂંડી હશે તો કાલે નથ્થુભાઇની હશે, તો પરમ દિવસ મથુરભાઇની હશે. તમને આવા સંબંધો વધારીને મોટાં થઇને બેસવું બહુ ગમે છે. હું જાણું છું તમારા જીવનમાં મારે માટે તલપૂર જગા પણ નથી." વગેરે વગેરે.

ત્રિવિક્રમે જરા દૃઢતાથી જવાબ આપ્યો: "મારા જીવનમાં સર્વત્ર તું છે; એટલે તલપૂર કે કેટલી એ ન કહી શકાય. પણ એટલી વાત નક્કી છે. બીજા બધા સંબંધો તારા લગ્નને લીધે હું તોડી નાખું કે ઘટાડી દઉં એવું ન બની શકે. લગ્નથી તો ઊલટા બધા સંબંધો વધારે રસમય બને! માણસ એક વ્યક્તિ સાથે સંબંધ કરે તેથી તેના બીજા સંબંધો તૂટતા નથી." વગેરે વગેરે.

અરુણા આ વાંચીને રાતીપીળી થઇ ગઇ, તેણે લખ્યું: "હવે હું સમજી. તમારે મને તમે માણસ છો અને હું તો એક માત્ર વ્યક્તિ છું. તમે ભણેલા છો પણ પહેલાંની અભણ બાઈડી તરફ પુરુષોને જે દૃષ્ટિ હતી એ જ તમારી છે. એ પહેલાંની બાઇડીઓ ખમી લે. પણ અમે પણ ખમી લઇશું, એમ માનશો તો ખત્તા ખાશો."

ત્રિવિક્રમે લખ્યું: "વ્યક્તિ કહેવામાં તને શું માઠું લાગ્યું એ હું તો સમજી શકતો નથી. તને વ્યક્તિ નહિ તો શું સમષ્ટિ કહું? અને અભણ ભણેલીનો અહીં પ્રશ્ન નથી. મારી મા અભણ હતી પણ ઘણી જ કુશળ, ઉદાર, સુરુચિવાળી, સ્નેહાળ અને કાર્યદક્ષ હતી. અને ભણેલી પણ એવી થવા પ્રયત્ન કરે, એટલી મોટાઈ હોય, તો એવી થઇ શકે. માત્ર ભણવાથી કંઇ મોટા થઇ જવાતું નથી."

અરુણાનો ગુસ્સો ઉત્તરોત્તર હાથથી જવા માંડ્યો: તેણે લખ્યું: "હું નહોતી ધારતી, તમે મરેલી માયેય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલા માવડિયા હશો. તમે તો હજી એમનો જૂનો આદર્શ જ દેખતા હશો. અત્યારે મારું લોહી પીઓ છો, અને ત્યાં આવું તે પહેલાં સાસુ નણંદ જેઠાણી દેરાણી બધું મારે માટે તૈયાર કરી રાખતા હશો !...... પણ આ બધું કશું થવાનું જ નથી. તા. ૧૧મીએ ટ્રેન ઉપર મને લેવા ન આવતા. અને મારા તમારા ઉપરના પત્રો પાછા મોકલી આપો."

ત્રિવિક્રમે માત્ર ટૂંકો જ જવાબ આપ્યો: "શ્રીમતી અરુણાબાઇ, તમારો તા......નો પત્ર મળ્યો. મારી સ્વર્ગવાસી મા સુધી તમારે જવાની જરૂર નથી. પત્રો માગો છો તો કહું છું એની ઉપર માલિકી–કબજાનો હક મારો છે. એની પ્રસિદ્ધિ અટકાવવાનો જ માત્ર તમારો હક છે. બાકી એનો કદી તમારા વિરુદ્ધ ઉપયોગ હું કરું એમ માનતાં હો તો ખોટું છે. જે મારું અથવા મારાંઓનું અપમાન કરે તેનો હું વિચાર પણ ન કરું. અને જેનો વિચાર ન કરું તેનું બૂરું કરવા પૂરતો પણ હું વિચાર ન કરું. (વળી જરા નરમ થઈ લખ્યું) તમને માઠું લાગે તે હું સમજું છું. પણ સંસારમાં એવા તો પ્રસંગો આવ્યા જ કરે. તેમાં ગુસ્સે થઈ, આવા નિર્ણયો, ક્ષણિક આવેશમાં આવી ન કરાય."

અરુણા: "મને શિખામણ આપવાની મુરબ્બીવટ મારા પર કરવાની જરૂર નથી. અને મારા નિર્ણયો કરતાં આવડે છે. કાગળો પાછા મોકલવાની ના કહેવા જેટલા તમે અધમ હશો એ હું નહોતી જાણતી. ભલે ! તમારે કાયદેસર કાગળો રાખવા હોય તો રાખો. હું સમજીશ કે કેવા હલકટ સાથે જોડાતી જોડાતી હું બચી ગઈ. (અને છતાં મનની કોઇ ગૂઢ વૃત્તિથી લખ્યું) હવે મારે પક્ષે મારે તમને કંઇ લખવાનું રહેતું નથી."

ત્રિવિક્રમ: "હું કબૂલ કરું છું કે પત્ર ન આપવાનું મેં આવેશમાં આવી લખી દીધું. મારે એમ કરવું જોઈતું નહોતું. અત્યારે એ સુધારવા તમને તમારા પત્રો પાછા આપવા હું તૈયાર છું. પણ મને થાય છે કે જો આપણે છૂટા જ પડવું હોય તો એ પત્રો રાખીને ય શું કરવું છે ? કેટલીક પ્રજાઓ મૃતદેહને દાટે છે. આપણે હિન્દુઓ અગ્નિદાહ દઇએ છીએ. એ પદ્ધતિ સૌથી સારી છે એમ આખી દુનિયાંના વિચારકો કબૂલ કરે છે. આપણે પણ બન્ને એકબીજાની સમક્ષ બધા પત્રો બાળી નાખીએ.

"આવતી અગિયારમીએ આપણાં લગ્ન માટે આપણે ભેગાં થવાનાં હતાં. હવે તે જ દિવસે છેલ્લી વાર જુદાં પડવા મળીએ. લગ્ન માટે આપણે બપોરના અઢી વાગે મળવાનાં હતાં. તેને બદલે હું ત્યાં બરાબર સાડા અગિયારે આવીશ. તમે પણ ત્યાં આવી પહોંચજો. હું કહું છું તમે પણ મારા કાગળો સાથે લેતાં આવજો. અલબત તમારે જેમ કરવું હોય તેમ કરવા તમે મુખત્યાર છો, પણ મારું સાંભળો, અને માનો તો તમે પણ બાળી નાખવા લઇ આવજો જ. હું મિત્રોને કશું જણાવતો નથી. એ પાછા વચમાં પડી સમાધાન કરવા આવે. આપણે લગ્ન કરવાનો વિચાર કર્યો, એ કાંઇ એમની સલાહથી કર્યો નહોતો, તો હવે છૂટાં પડવાના નિર્ણયમાં પણ એમની સલાહને અવકાશ રહેવા નહિ દઇએ."

"હું બરાબર સાડા અગિયારે હાજર રહીશ. તમારી આથી કોઈ જુદી દરખાસ્ત હોય તો જણાવશો."

અરુણા જે જવાબ આપે તો સ્ત્રી જ શેની ? સાડા અગિયારે ત્રિવિક્રમ રજિસ્ટ્રારની ઑફિસે હાજર થયો. થોડી વાર રાહ જોઇ આંટા મારવા લાગ્યો. ત્યાં હાથમાં ઝોળી લઇ, લથડિયાં ઉપર સંયમ રાખી, ધીમે ધીમે ચાલતી આવતી અરુણાને જોઈ. તે એકદમ સામે ચાલી, જ્યાં તેઓ વારંવાર ફરવા આવતાં તે વડલા નીચે તેને મળ્યો. તેણે જરા સંકોચથી નીચી નજર રાખી કહ્યું: "મને જરા જુદો વિચાર આવ્યો. અહીં રજિસ્ટ્રારની ઑફિસ આગળ કાગળો બાળીએ તો લોકો જુએ, કૌતુકથી ભેગા થાય, કંઇક વાતો કરે, અને અઢી વાગે આપણા મિત્રો આવવાના છે તેમને કોણ જાણે કેવાય સ્વરૂપમાં એ વાત મળે. તમે જાણો છો કે આટલામાં એક જ જગાએ એકાન્ત છે. પેલા નદી ઉપરના શિવમંદિરના ખંડેરની જગામાં. આપણે લગ્નની તારીખે છૂટાં પડીએ, તો જ્યાં અનેક વાર મળ્યાં હતાં, અને એને પરિણામે જ્યાં લગ્નનો નિર્ણય કર્યો હતો ત્યાં જ મળીએ. કેમ ?"

અરુણાએ 'ભલે' એવા અર્થની દૃષ્ટિ કરી. ત ખંડેરને માર્ગે જોયું. બન્ને થોડી વારે ત્યાં પહોંચી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીની ઊંચી ભેખડ ઉપર નાનું એવું એકા ઘાટનું અનેક વરસોથી અપૂજ્ય રહેલું શિવનું મંદિર હતું. અને તેની બાજુમાં બાવાની જગા, કૂવો અને બગીચા જેવું હતું. સામે દર્શન કરવા આવતા લોકોને બેસવાનું. જતા આવતા મુસાફરોને પોરો ખાવાનું નાનું ધરમશાળા જેવું મકાન હતું. આમ ત્યાં ત્રણ બાજુની આડશથી વચ્ચે ચોક જેવું થતું હતું.

ત્રિવિક્રમ અને અરુણા બંને ચોક વચ્ચે આવી ઊભાં રહ્યાં. અરુણા માત્ર ત્રિવિક્રમ સામું સૂનમૂન જોતી ઊભી રહી. ત્રિવિક્રમે ચારે બાજુ નજર નાંખી. પછી થેલીમાંથી પોતાનું દોરાથી બાંધેલું પત્રોનું નાનું પોટકું કાઢી, શિવમંદિરના ઓટલા પર મૂકી એ થેલી પાથરી અરુણાને ત્યાં બેસવા કહ્યું. એ પણ બોલ્યા વિના તેણે કર્યું.

ત્રિવિક્રમ પોટકું લઈ ચોક વચ્ચોવચ્ચ બાગની સામેની બાજુએ બેઠો. ખિસ્સામાંથી તેણે દિવાસળીની પેટી કાઢી ભોંય પર મૂકી. નાના છોકરાનું ઝભલું કાઢતો હોય તેટલી સંભાળથી પેલા પોટકાના દોરા તે ઉકેલવા લાગ્યો. ઉકેલતાં ઉકેલતાં તે બોલતો હતો, "આ જ જગાએ બેસી તેં મને બહુ ભાવતી જલેબી, હું આશ્ચર્ય પામું તેમ ઓચિંતી થેલીમાંથી કાઢી, સૌથી પ્રથમ તારે હાથે તેં મને ખવરાવી. ત્યારે મેં કહેલું સ્ત્રીને ભોજ્યેષુ માતા કહી છે એ સાચું. સ્ત્રીને ખવરાવવું ગમે છે. ત્યારે તેં બહુ સખ્ત સામનો કરેલો, યાદ છે ને! તેં કહેલું હું તો સદાનો જૂનવાણી વિચારનો જ હતો. તેં મને જૂનવાણી કેદાડે નથી કહ્યો?" અરુણા સામે જોઇ તેણે પૂછ્યું "કેમ નહિ?". અરુણા ત્રિવિક્રમ સામે સૂનમૂન જોઈ બેઠી હતી તેમ જ બેઠી રહી.

કાગળો છૂટતાં, એક નવો જ વિચાર આવ્યો તેના હર્ષથી જરા ઊંચે સ્વરે ત્રિવિક્રમે કહ્યું, "હવે બાળવા જ છે, તો છેલ્લી વખતના એક વાર વાંચી જ કેમ ન લઉં?" "હેં?" કહી તેણે અરુણા સામે જોયું. અરુણા એમ જ બેસી રહી હતી.

ત્રિવિક્રમ તો પોતાને આવેલા આ નવા વિચારની ધૂનથી એક કાગળ ઉઘાડી બોલવા લાગ્યો: "જો આ કાગળ. તેનો આગલો ભાગ ક્યાંક બીજે પડ્યો હશે. કદાચ આ તારો જૂતામાંહેલો કાગળ હશે. તેં તેમાં લખેલું: 'તમે જાણો છો કે ત્રિવિક્રમનો અર્થ સૂર્ય થાય છે. અરુણાનો અર્થ ઉષા થાય. સૂર્ય અને ઉષા પાસે પાસે રહે છે પણ કદી એકઠાં થઈ રહી શકતાં નથી. તેમ આપણે પાસે પાસે રહીએ, પણ કદી એકઠાં રહેવાની આશા રાખવી વ્યર્થ છે.'

"મેં આનો તને જવાબ લખ્યો'તો એ યાદ છે? ક્યાંક તારા બંડલમાં હશે. મેં લખ્યું'તું કે એ જ યુગલ વેદથી નીકળી પુરાણમાં આવે છે ત્યારે અનિરુદ્ધ અને ઓખા તો પરણે છે! કોણ જાણે ક્યાંથી મને આવો જવાબ આવડી ગયો. તને નથી લાગતું કે, કવિ તો ભલે ને તું હો, પણ મારો પણ જવાબ તો સારો છે!" "કેમ?" કહી તેણે સામું જોયું. અરુણા એમ ને એમ બેસી રહી હતી.

પણ અરુણાનો વિચાર કર્યા વિના ત્રિવિક્રમ પત્રવાચનના ઉત્સાહમાં જ આગળ ચાલ્યો. "આ તારો કૉલેજમાંથી લખેલો કાગળ. તેમાં તું આપણાં મુસાફરીનાં સંભારણાં લખે છે. જો આ રહ્યું: 'આપણે હનીમૂન પૉઇન્ટ પર ગયાં. ત્યાં તદ્દન એકાંત હતું. મેં કહેલું કે આ મુસાફરીમાં અને અહીંના નિવાસમાં આપણે ઘણાં જ સુખી થયાં. આપણે લગ્ન કર્યા પછી અહીં આવીશું અને હનીમૂન પૉઇન્ટ જોવા જઇશું. તેં તારી વસ્તુલક્ષી દૃષ્ટિથી તરત કહ્યું કે આપણા વ્યવહારમાં કોણ જાણે હનીમૂન કરવા એમ નીકળી શકાશે કે કેમ! તું જાણે છે પિતાના મરણથી આખા વેપારનો બોજો મારા પર પડ્યો છે. મારે સૌથી પ્રથમ આખો વ્યવહાર સમજી લેવો જોઇએ. તને આમ બોલતાં તું મારી લાગણીનું શું કરી રહ્યો છે તેનું જરા પણ ભાન હતું? તારી સમજવાની અને ન સમજવાની શક્તિ કંઈક અદ્ભુત છે. કોણ જાણે તને સમજતાં મારો આખો જન્મારો જ ચાલ્યો જશે!'"

ત્રિવિક્રમ હજી કાગળોમાં જ મોં રાખી કાગળો ફેરવતો ફેરવતો બોલ્યો: "અને અરુણા, તને તારા નિશ્ચયમાંથી ફેરવવા નથી કહેતો, માત્ર એક સત્ય ખાતર કહું છું, તું મને નથી જ સમજતી, પણ હું સમજવા જેટલો મહત્ત્વનો છું એમ પણ હું નથી કહેતો. એમ તો હું પણ તને ક્યાં સમજું છું? અરે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે દરેક પોતપોતાને ક્યાં સમજીએ છીએ? લગ્નમાં ખરું હોવું જોઈએ તે એકબીજાને તેના વિકાસમાં સહાયક થવા જેવો સાચો સદ્‌ભાવ જ. એ સિવાય પ્રેમ બીજી કઇ રીતે વ્યક્ત થાય એ જ હું તો સમજી શકતો નથી. પણ તું જુદું જ માને છે, નહિ અરુણા?" કહી તેણે અરુણા સામું જોયું. હજી અરુણા એમ ને એમ બેઠી હતી.

ત્રિવિક્રમ ફરી કાગળો ફેંદવા લાગ્યો: "આ પેલો ચન્દ્રદર્શનનો. આ તારી કૉલેજની સખીઓની વાતચીતનો. આ તારાં માતપિતા સાથેની તારી વાતચીતનો. એમણે કેટલું બધું પૂછયું, પણ તેં એક પણ જવાબ ન દીધો. એક વરસ વીતી ગયું. તેમણે ફરી પૂછવા માંડયું, તો પણ જવાબ ન દીધો. એમ કરતાં કરતાં એમણે તને તદ્દન અનુકૂળ થઇ તારે જોઇતો હતો તે પ્રશ્ન પૂછયો, ત્યારે જ તેં જવાબ દીધો. સ્ત્રીઓ કોઈ અદ્‌ભુત રીતે પોતાનું ધાર્યું બીજાઓ પાસે કરાવે છે." આટલું વાંચી રહ્યો ત્યારે ત્રિવિક્રમને ભાન આવ્યું કે તેના કાગળ ઉપર તડકો પડતો હતો અને વાંચવામાં તેની આંખો પર બહુ તેજ પડતું હતું. તડકા તરફ પીઠ કરવા તે જરા ફર્યો, અને એમ કરતાં અરુણા તેની સંમુખેથી એક બાજુ થઈ ગઇ તેનું તેને ભાન ન રહ્યું. તે વાંચવા જ લાગ્યો:

"અને જો તારો આ કાગળ. હું ક્યારનો એ જ શોધતો હતો. જો તું એમાં સૌથી પહેલું મને સંબોધન કરે છે 'વીકુ.' નામ સુંદર છે. પ્રેમસાહિત્યના કોઈ અગમ્ય નિયમ પ્રમાણે બે જ અક્ષરનું છે. એ વાંચતાં મને યાદ આવેલું. મારી બા મને વઢતાં કહેતી કે જ્યાં હોય ત્યાં મારો રોયો વીકો વધામણિયો ઊભો જ છે! એને મુઆંય કેટલાં વરસો વીતી ગયાં!" થોડી વાર રહીને, "અને પછી તેં જે લખ્યું છે તે હું કદી નહિ ભૂલી શકું. મારે મન એ પ્રેમના સાહિત્યનાં ઉત્તમ વાક્યો છે. 'તું અને હું હવે ભેગાં રહેવાનાં. પોતાના સ્વજન સાથે જીવનભર રહેવાનું હોય, એ તો કેવું મોટું સુખ! તું સર્વસ્વથી મારો. હું સર્વસ્વથી તારી! કેવું અદ્‌ભુત! મારા એકે એક વિચારમાં તું પરોવાઈ ગયો હો! તારો આખો વ્યવહાર, તારા મિત્રો, તારા પરિચિતો, સર્વ મારા પણ મિત્રો પરિચિતો બને, કેવો વૈભવ!' અને અરુણા! તું મને કહે છે કે હું તને સમજતો નથી. પણ ખરી તો તું ન સમજ એવી છે. અહીં કહે છે કે મારો આખો વ્યવહાર તારો થવાનો. અને ચીડાઈ ત્યારે મારા એ જ વ્યવહારને ખરાબમાં ખરાબ ગાળો તેં દીધી. કેમ અરુણા! ન સમજ એવી તે તું, કે હું? કેમ બોલતી નથી?"

જવાબમાં ત્રિવિક્રમે અરુણાનું ડુસકું સાંભળ્યું. ત્યારે જ તેને ખબર પડી કે અરુણા તરફ તેની પીઠ થઈ ગઇ હતી. હાથના કાગળ પડતા મૂકી તે એક ફલાંગે અરુણા પાસે ગયો. તેની પાસે બેસી તેની આંખો લૂછતાં પૂછવા લાગ્યો: "કેમ અરુણા! રડી કેમ પડી? મારા બોલવાથી કંઈ માઠું લાગ્યું? હું કંઈ એવું બોલ્યો હોઉં એમ મને તો નથી લાગતું! હેં, કેમ રડવા લાગી?" અરુણાએ રડવું ચાલુ રાખ્યું: "મારા સમ અરુણા! તને શું થયું? કેમ બોલતી નથી?"

અરુણા રડતે અવાજે એક છણકો કરી બોલી, "તમને શેનું લાગે કે તમે કંઈ બોલ્યા છો કે ચાલ્યા છો! આ કાગળ તમારે મન છે તેટલીએ હું નથી. ક્યારના મારા સામું જોયા વિના બસ કાગળોમાં જ મોઢું ઘાલીને બેઠા છો! તમને કાગળ લખે એનું છે, હું બળું એનું કંઈ નથી!"

ત્રિવિક્રમે ગરીબ અવાજે કહ્યું: "હું તને બાળું છું અરુણા, એવું કહેવાય? એવું કદી બને? મારા સમ અરુણા, તું રોતી બંધ થઇ જા, તું રડે એ મારાથી નથી ખમાતું. તું કહે એમ કરું."

'કહે એમ કરું!' તમે શું હું કહું એમ કરવાના હતા?

રડતી અરુણાને ખોળામાં લેતો લેતો ત્રિવિક્રમ બોલ્યો: "એવું હોય અરુણા? તું જે કહે તે કરું. તું કહે તો તારા બધા કાગળો તને પાછા આપું. તું કહે તો કદી તારા માર્ગમાં આડો ન આવું. તું કહે તો......"

ત્યાં દૂરથી બન્નેને જોઈ ખડખડાટ હસતા પેલા સાક્ષી માટે આવેલા મિત્રો આવી પહોંચ્યા. અને બધા મસ્તીમાં આવી બોલવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું નહોતો કહેતો, એ ત્યાં જ મળવાનાં! હમેશ ત્યાં સંતાઈ વાતો કરતાં, તે આજે છેલ્લાં એ ભૂમિનું દર્શન કરવા ગયા વિના રહે?"

"અલ્યા હવે તો પરણવાનાં હતાં, પછી આમ એકાન્તમાં ભરાવાની શી જરૂર?"

"અને આ કાગળો ને દીવાસળીની પેટી ને આ બધું શું?"

"એ તો હવે કાગળો બધા સાર્થક થઈ ગયા, એટલે એનો મોક્ષ કરવા બેઠાં હશે!"

"કેમ અરુણાબહેન, તમે કંઈ બોલતાં નથી?"

એટલામાં પવન આવ્યો અને કાગળો ઊડશે એમ લાગવાથી ત્રિવિક્રમ મોટી ફાળે કાગળ પાસે જઇ બધા ભેગા કરવા લાગ્યો. કાગળ લાવ્યો અને અરુણાને થેલીમાં મૂકવા કહ્યું. અરુણાએ બેઠી હતી ત્યાંથી થેલી કાઢીને આપી, અને કહ્યું: "મને જરા ઝોલું આવી ગયું હતું. રાત આખીનો ઉજાગરો! ચાલો જરા નીચે નદીએ જઈ મોં ધોઇ આવીએ."

એ પોતે ચાલવા લાગી. સાથે ત્રિવિક્રમ તેની પાછળ ગયો. અને જતાં જતાં મિત્રોને કહ્યું: "તમે ય ચાલોને, નીચે પણ નદી ઘણી સુંદર દેખાય છે. અહીં એક ધરામાં બહુ વિચિત્ર જાતનાં માછલાં થાય છે તે દેખાડું."

બધાં નીચે જઈ મોં ધોઈ વાતો કરતાં કરતાં પાછાં આવ્યાં. એક મિત્રે કહ્યું: "ચા પીને ચાલો, ઑફિસે પહોંચશું ત્યાં રજિસ્ટ્રાર તૈયાર થઇ બેઠા હશે. હું એમને ઓળખું છું. આપણું કામ જ પહેલું લેશે."

ત્રિવિક્રમે પૂછ્યું: "કેમ અરુણા! ચાલીશું ને!"

"હું તમે કહો તેમ કરવા કેદાડે તૈયાર નથી?"

*

પ્રગટ થઈ ચૂકયો છે-

કોમી આગની જવાળામાં
ભસ્મીભૂત થયેલ
ચિરસ્મરણીય બે શહીદોની
જીવનઝરમર
આલેખી જતો:

વસંત-રજબ સ્મારક ગ્રંથ

સંપાદક: ઝવેરચંદ મેઘાણી

: મૂલ્ય :

રૂપિયા પાંચ

પ્રાપ્તિસ્થાન:

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મીમરાજ બિલ્ડિંગ કાલબાદેવી, મુંબઇ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો, અમદાવાદ.

વસંત-રજબ સ્મારક સમિતિ
કૉંગ્રેસ હાઉસ, ભદ્ર,
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનશીની મહાકથા

: અનંતરાય મ. રાવળ

શ્રી. મુનશી હીરક મહોત્સવ ગ્રંથાવલિના ગ્રંથ નં. ૧ તરીકે ભારતીય વિદ્યાભવન તરફથી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પ્રગટ કરેલ ભગવાન પરશુરામ* આર્યત્વ અને આર્યાવર્તનું દર્શન અને નિરૂપણ કરવાની રા. મુનશીની 'ઉલ્લાસમય તપશ્ચર્યા' ની પૂર્ણાહુતિનું શ્રીફળ છે. એ વાઙ્મય–તપશ્ચર્યા બેપાંચ નહિ, પચીસ વર્ષ સુધી ચાલી છે એમ આ કથાની પ્રસ્તાવના બોલે છે. સને ૧૯૨૧–૨૨થી મહાભારત અને પુરાણોની પ્રેરણાથી પૌરાણિક વિષયો પર નાટક લખવાનું આરંભ્યું ત્યારે રા. મુનશીને મહાભારતના પ્રસંગોની પૂર્વકથાની કૃતિઓની એક માળા લખવાનો સંકલ્પ જાગ્યો. 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા'ના ચારે ભાગ એ સંકલ્પને સિદ્ધ કરવાનું મૂર્તપરિણામ છે. નવલકથામાંથી નાટક પર ઊતરી ગયેલા રા. મુનશીએ બાર નાટકોનું મહાનાટક લખવું ધારેલું, પણ 'લોપામુદ્રા'ના ગુજરાતમાં થયેલા અલ્પ સત્કારે એમને ફરી નવલકથા પ્રત્યે વાળ્યા છે. 'પછી મને ભાન આવ્યું કે નાટક ગુજરાતી વાચકોને સુગમ નથી ને ગમતું ય નથી' એ, મહાનાટકના ઉત્તરાર્ધ માટે નાટક મૂકી નવલકથાનું સાહિત્યરૂપ પોતે કેમ સ્વીકાર્યું તેનું કારણ આપતાં રા. મુનશીએ ગુજરાતીઓને મારેલું મહેણું ખરેખર વિચારવાજોગ છે. નાટક મૂકી નવલકથા લખી કાઢી તે હકીકત અને નવલકથાકાર અને નાટકકાર તરીકેની તેમની વિજયી પૂર્વ કારકિર્દી સ્પષ્ટ રીતે સિદ્ધ કરી આપે છે કે રા. મુનશી નવલકથા અને નાટક પરત્વે સવ્યસાચી છે. ઉભય સાહિત્યપ્રકાર એમને એકસરખા ફાવે છે. તેથી જ જેટલી સહેલાઈથી એ નવલકથામાંથી નાટક તરફ વળ્યા હતા એટલી જ સહેલાઈથી નાટકમાંથી પાછા નવલકથા પર આવી ગયા છે. એમની નવલકથાઓ પણ નાટ્યપૂર્ણ જ નહોતી શું? આ નવલકથા પણ એવી જ છે. એનું નાટ્યરૂપાંતર સહેલાઈથી થઈ શકે.

પોતે સંકલ્પેલા એ મહાનાટકના ઉત્તરાર્ધમાં ઋગ્વેદકાળનું જીવન પૂરું થઇ બ્રાહ્મણકાળનું જીવન પ્રારંભાયું એ સમયને નિરૂપવાનું નક્કી કરતાં, એ સંક્રાન્તિકાળના અધિષ્ઠાતા પોતે જેમને માને છે[1] અને જે એમના કલ્પનામંદિરનાં બારણાં પરશુથી ક્યારના ઠોકી રહ્યા હતા[2] તે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામને રા. મુનશીએ કથાના નાયક બનાવ્યા છે, અને એમના પ્રતાપી પાત્રથી ઉત્તરાર્ધને ભરી દીધો છે. અને તે પણ તેમના જીવનનાં પહેલાં ત્રીસ વરસની કથાથી જ. બે ભાગમાં વહેંચી નાખેલી એ કથામાં, ગઈ સાલ પ્રગટ થયેલ 'લોમહર્ષિણી' રામ જામદગ્ન્યેયના બાળપણ ને કિશોરજીવનને અને આ 'ભગવાન પરશુરામ' તેમના યૌવનને અને તે કાળમાં તેમણે કરેલાં પરાક્રમોને આલેખે છે. રા. મુનશીની જાણીતી પરશુરામભક્તિએ પોતાના એ આરાધ્ય વીરના આયુષ્યના પહેલા ત્રણ દસકાને આટલા વિસ્તારમાં એવા તો સજીવ કર્યા છે કે એમના ઉત્તર જીવન વિશે કદાચ હવે લખી ન શકાય તો યે એણે તો પૂરતી કૃતાર્થતા રળી લીધી છે.

પુરોગામી કથા 'લોમહર્ષિણી'નો અન્ત બતાવે છે તેમ માહિષ્મતીનો હૈહયરાજ સહસ્રાર્જુન કાર્તવીર્ય લોમહર્ષિણીને તથા રામ જામદગ્ન્યેયને પકડી પોતાની જોડે લેતો આવે છે. દ્વારાવતીને દરિયાકિનારે એ બધાં ઊતર્યાં. ત્યાંથી આ કથા શરૂ થાય છે અને સહસ્રાર્જુનવધ સાથે પૂરી થાય છે. પણ એ દરમ્યાન તો ઘણું ઘણું બની જાય છેઃ રામ યાદવોને સંસ્કાર આપે છે ને શિસ્તબદ્ધ સૈનિકો બનાવી તેમને શાર્યાતોના ભયમાંથી મુક્ત કરે છે, ગુલામ તરીકે પકડાતા ને

---

* 'ભગવાન પરશુરામ' [લેખક : કનૈયાલાલ મુનશી; પ્રકાશક અને વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મૂલ્ય સાડાપાંચ રૂપિયા.]

૧. પ્રસ્તાવના, પૃ. ૧૮.

૨. જુઓ: 'પરશુરામ તો બારણે પરશુ ઠોકી રહ્યાઃ "ખરી વાત છે. મને આમ લાગ્યો, તેમ લાગ્યો, મારો ક્રોધ સર્જાવ્યો, 'મારું' જામદગ્ન્યાસ્ત્ર સર્જાવ્યું, પણ મને તો બહાર ને બહાર—"

—'ભગવાન કૌટિલ્ય'ની પ્રસ્તાવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રખાતા નાગલોકો પ્રત્યેનું તેમનું વર્તન સુધરાવે છે, માહિષ્મતીમાં આર્યાવર્તના સંસ્કાર પ્રચારે છે, અઘોરીઓનો માનવતિરસ્કાર નિર્મૂલ કરી તેમને સંસ્કારી તેમના ગુરુ ડફુનાથનો પ્રેમાદર જીતી લે છે, મૃગારાણીનો ઉદ્ધાર કરે છે અને રામ જામદગ્નેય મટી ભગવાન જામદગ્ન્યેય બની યાદવો અને ભૃગુઓનાં ગોત્રોનું સુરાષ્ટ્ર અને અનૂપદેશમાંથી આર્યાવર્તના સપ્ત-સિંધુ તરફ ઐતિહાસિક મહાભિનિસ્સરણ કરાવે છે. તે આર્યાવર્ત પહોંચે છે તે દરમ્યાન વેદપ્રસિદ્ધ દાશરાજ્ઞ વિગ્રહ પૂરો થવા આવ્યો હોય છે. એના બલિ થતા વિશ્વામિત્રના, ત્યારબાદ દક્ષિણથી ચડી આવતા સહસ્રાર્જુનના દુષ્ટ જુલમથી પ્રાણ છોડતા વસિષ્ઠના, અને જમદગ્નિના ભવ્ય અને પ્રતાપી વારસ તરીકે યુદ્ધજર્જરિત આર્યાવર્તના પુનરસર્જનના વિધાયક બનતા અને 'સિંધુથી સિંહલ સુધી આર્યાવર્ત પ્રસરે' એ ભાવના સેવતા ભગવાન પરશુરામ સહસ્રાર્જુનની અકારણ દુષ્ટતાનો ઘડો પૂરો ભરાઈ જતાં તેનો વધ કરે છે.

સ્થળસમયનો વિશાળ પટ ભરી દેતું આટલું વસ્તુ નાનકડી વાર્તાનું નથી, મહાકથાનું છે. રા. મુનશીએ એને ત્રણ ખંડમાં વહેંચી દીધું છે. પહેલા ખંડનું સ્થળ છે સૌરાષ્ટ્રમાં ગિરનારની તળેટીનો પ્રદેશ, અને વસ્તુ છે ભદ્રશ્રેણ્યના અને તેના યાદવ ગોત્રના સ્વયંસિદ્ધ ગુરુ બની જતા રામને હાથે યાદવોનું સંસ્કરણ, નાગમોચન અને શાર્યાતોનું નિકંદન. રામનાં જન્મજાત નેતૃત્વ (born leadership), વીરતા અને મુત્સદ્દીગીરીનું અહીં દર્શન થાય છે. રામ-લોમાનું લગ્ન, જેને માટે થોડી પૂર્વભૂમિકા પુરોગામી નવલ 'લોમહર્ષિણી'માં ગોઠવાઈ હતી, તે પણ આ પહેલા ખંડમાં થાય છે. બીજો ખંડ રામને માહિષ્મતીમાં અને તત્પશ્ચાત્ નર્મદાને સામે તીરે ડફુનાથ અઘોરીના અડ્ડામાં લઈ જાય છે, એટલે સ્થળ બદલાય છે. સહસ્રાર્જુનને ભારતનો ચક્રવર્તી સમ્રાટ બનાવવા ઇચ્છતી ને પ્રેરતી તેજસ્વી મૃગારાણી તથા રાજગુરુ બની બેઠેલા મૃકંડ પર રામનો પ્રભાવ અને વિજય, મૃગારાણીનો ઉદ્ધાર, સહસ્રાર્જુનની દુષ્ટતા, ડફુનાથ અઘોરીનો રામ તથા લોમાને થતો સંપર્ક, અને સહસ્રાર્જુનના કોપમાંથી બચવા યાદવો અને ભૃગુઓનાં ગોત્રોના મહાભિનિસ્સરણની યોજના બીજા ખંડનો કથાવિષય બને છે. ત્રીજો ખંડ નવલકથામાં વધુ જગ્યા રોકે છે. યાદવ-ભૃગુ ગોત્રોના મહાભિનિસ્સરણની કથા એમાં હોવાથી મહીકાંઠાથી સરસ્વતી સુધીનાં એક પછી એક વટાવાતાં જતાં સ્થળો એના પૂર્વાર્ધનાં પ્રસંગોની ભૂમિ બને છે. ઉત્તરાર્ધની ભૂમિ છે આર્યાવર્ત, અને કાળ છે દાશરાજ્ઞ વિગ્રહની પૂર્ણાહુતિ અને તેની તરત પછીનો. મહાભિનિસ્સરણ, સહસ્રાર્જુનના સેનાપતિ રુરુના સૈન્ય જોડે અભિનિસ્સરકોનું યુદ્ધ, દાશરાજ્ઞ વિગ્રહની પૂર્ણાહુતિ, વિશ્વામિત્રનો દેહવિલય, રેણુકાવધના પુરાણખ્યાત પ્રસંગનું અભિનવ નિરૂપણ, તે કાળના સમયપુરુષ બની જતા ભાર્ગવશ્રેષ્ઠને હાથે થતું આર્યાવર્તના નવસર્જનનું વિધાન, વસિષ્ઠની મહાસમાધિ, સહસ્રાર્જુને આવી આર્યાવર્તમાં પ્રવર્તાવેલી મહતી વિનષ્ટિ, અને ભગવાન પરશુરામને હાથે આખરે થતો તેનો વધ—આટલાને આ મોટા ત્રીજા ખંડના વસ્તુભૂત કથાપ્રસંગો રા. મુનશીએ બનાવ્યા છે.

પહેલા બે ખંડોમાં પ્રસંગકથન અને કાર્યનો રસ વિશેષ છે. ત્રીજામાં એ તો છે જ, પણ તે ઉપરાંત ભાવનાનો રસ વિશેષ જામે છે. અલબત્ત, ભગવાન પરશુરામનું પ્રચંડ વ્યક્તિત્વ તો ત્રણેમાં મુખ્ય આકર્ષણ છે જ. વસિષ્ઠ, વિશ્વામિત્ર અને ભાર્ગવની પ્રવૃત્તિઓને જે ભાવના પ્રેરે અને ચલાવે છે તેનું આલેખન એ ખંડમાં ઘણું સારું થયેલું છે. ભાવનાઓનું આલેખન જેના વાહન વડે થવું વધુ સંભવિત તેવા સંવાદોનું જોર પણ એ ખંડમાં ઘણું છે. વસિષ્ઠ-રેણુકાનો સંવાદ (પૃ. ૩૦૮-૧૦), વસિષ્ઠ ને વિશ્વામિત્રનો સંવાદ (પૃ. ૩૨૦-૨૩), રામે પિતાને સંભળાવેલી પ્રકોપવાણી (૩૩૨-૩૩), શુનઃશેપ અને ભાર્ગવનો સંવાદ (પૃ. ૩ ૮-૪૦), અને મુનિ પરાશર તથા પુરુરાજનો સંવાદ (પૃ. ૩૬૪-૬૫) આનાં સરસ ઉદાહરણો છે જેમ સરસ સંવાદો તેમ નાટ્યક્ષમ પરિસ્થિતિઓ પણ એ ખંડમાં ઓછી નથી.

કથાનું મોટામાં મોટું આકર્ષણ તો છે પરશુરામનું પાત્ર. ભગવાન પરશુરામના પ્રતાપી પાત્રનું આલેખન એવું થયું છે કે તે બધા કથાપ્રસંગો વચ્ચે અને તે દ્વારા ઉત્તુંગ બની ઉપસી આવે છે. બીજાં બધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો એનાથી ઢંકાઈ જાય છે ને એની આગળ ઝાંખાં પડી જાય છે. જુદા જુદા દેશ, કાળ અને કાર્યને લીધે વ્યકિતગત ભિન્નતાવાળા દેખાતાં છતાં રા. મુનશીના નાયકો એક જ માટીના ઘડેલા હોય છે એ સાહિત્યરસિકોને જાણીતું છે. પરશુરામનું પાત્ર પણ પ્રતાપી નરપુંગવોના રા. મુનશીને પ્રકૃતિથી બહુ રુચતા અને આલેખવા પણ ફાવતા આદર્શના ઢાળામાં ઢાળેલું છે. સુરાષ્ટ્રમાં આવતાં જ 'લોમહર્ષિણી'નો તરુણ રામ જામદગ્ન્યેય સ્વયંસિદ્ધ અને સ્વનિયોજિત ગુરુદેવની અદાથી વર્તવા મંડી જાય છે,[૧] અને ત્યારપછી તો 'આવ્યો, જોયું ને જીત્યો' જેવું જ એનું નિરૂપણ કર્તાએ છટાથી છેક સુધી કર્યે રાખ્યું છે. એમ કરવામાં, પોતાના આવા તેજસ્વી પાત્રવિશેષોનાં પ્રતાપ ને ગૌરવ બતાવવાની જાણીતી યુક્તિઓનો કર્તાએ પૂરો ઉપયોગ કર્યો છે. સહસ્રાર્જુનનો સેનાપતિ ભદ્રશ્રેણ્ય એના સંસર્ગમાં આવતાં જ એનો ભક્ત બની જાય : પાતાલનગર સુધી સહસ્રાર્જુનનું પ્રયાણ તે એનું વિજયપ્રયાણ બની રહે : દ્વારાવતીને કિનારે તે ઉતરતાં પ્રેક્ષક મેદનીમાં ધાક ને પૂજ્યભાવનું મોજું ફરી વળે : ભદ્રશ્રેણ્ય, વિશાખા, મૃકંડ, તાલબાહુ, વિતિહોત્ર, જયામઘ —સૌ એને નમે, એનાથી અંજાય ને જીતાઈ જાય : કલ્વિણી ને મૃગારાણી જેવી તેજસ્વી વિલાસિનીઓ એના પ્રત્યે આકર્ષાય : ડફુનાથ અને મહાદન્તી સિધ્ધેશ્વરી જેવાં અઘોરીઓનાં પરમપૂજ્યો એને મમતા અને આદરથી જુએ ને એનાં થઈ જાય : સહસ્રાર્જુન એના દર્શને અને પછી તો એના સ્મરણમાત્રથી ભયથી છળી મરે : વસિષ્ઠ–વિશ્વામિત્ર સરખા આર્યાવર્તના મહર્ષિવરો ભાવિ આર્યાવર્ત માટે એના પ્રત્યે આશા ને શ્રદ્ધાભરી મીટ માંડે—આવું રામ જામદગ્ન્યેયનું આ કથામાં થયેલું આલેખન તેનો પ્રભાવ બતાવવાની ને વધારવાની કર્તાએ કેવી કાળજીભરી કોશિશ કરી છે તે સ્પષ્ટ બતાવે છે. અંધારામાં વાઘની માફક ચમકતી રામની આંખો પર વારે વારે મુકાયેલો ભાર, મૃકંડ મૃગા લોપા સહસ્રાર્જુન આદને થયેલાં દર્શાવાયેલાં પરશુધર ભગવાન જામદગ્ન્યેયનાં પ્રભાદર્શનો [visions], ગોમતીને શાપી વરુણને પ્રાર્થી રામગોમતી વહાવી યાદવોનું પાણીનું દુઃખ નિવારવાનો જામદગ્ન્યેયનો ચમત્કાર મહાદન્તી સિદ્ધેશ્વરી તેનામાં સમાઈ ગયાનું નિરૂપણ—આ સૌ પણ કથાનાયકનો પ્રભાવ સૂચવનારી કર્તાની યુક્તિઓ જ છે. અને પછી, પોતાની તેજસ્વી કલમને જોરે પોતાના પ્રભાવશાળી પાત્ર વિશે જે માન્યતા ઉપજાવવી હોય તે વાચકોમાં ઉપજાવવામાં કર્તા હમેશ મુજબ અહીં પણ સફળ થાય છે.

'લોમહર્ષિણી'માંનો ચંચલ તરુણ એકદમ આવો પ્રભાવશાળી ચમત્કારપુરુષ અને 'ભગવાન જામદગ્ન્યેય' બની જાય એવું આ કથામાં થયેલું તેનું આલેખન નાટકી લાગવાનું ખરું જ, પણ એવું આલેખન તો રા. મુનશીની વિશિષ્ટતા કહો તો વિશિષ્ટતા, આલેખનરૂઢિ કહો તો આલેખનરૂઢિ, અને મર્યાદા ગણો તો મર્યાદા છે. એને એક વાર ભૂલી જાઓ કે સહી લો, તો પછી પરશુરામનું અહીં થયેલું ચિત્રણ તમને અવશ્ય ખેંચી રાખશે. એ યજ્ઞ કરી દેવો ને પિતૃઓને પ્રાર્થી શકે છે. આર્યોની વિશુદ્ધિનું અને એમના ધર્મનું એને ઘણું અભિમાન છે. યાદવ ગોત્રમાં ને માહિષ્મતીમાં 'ધર્મ' પ્રવર્તાવવાની એની અભિલાષા ને પ્રવૃત્તિ છે. યાદવગોત્રમાં, માહિષ્મતીનાં પુરજનોમાં અને અઘોરીઓમાં એ સંસ્કાર અને આર્યોના આચાર ફેલાવે છે. સ્વનિયુક્ત અધિકારે અને આત્મપ્રભાવે કરીને લોકનેતા બનતા કાર્લાઈલની કલ્પનાના જનનાયક (Hero : Leader of the people) પણ એ છે.* એથી જ એ આવે છે ને યાદવો, માહિષ્મતીના ભૃગુઓ ને હૈહયો સૌ એના સેવકો ને ભક્તો બનવા મંડી જાય છે. એ યુદ્ધશાસ્ત્રવિશારદ છે. એવાની અચૂક નજરે એ ઘોડાનું મહત્ત્વ સમજે છે, અને યાદવ જુવાનોને અશ્વ–શસ્ત્ર–વિદ્યા શીખવી તેમનું તાલીમબદ્ધ સૈન્ય ઊભું કરે છે. એ યુદ્ધકલાના પરિવર્તક જ નથી,

---

૧ જુઓ : 'હું એમને કહ્યે ઓછો ગુરુ થયો છું? હું તો છું જ.' (પૃ. ૫૩)

* એ જે ચમત્કારક પ્રભાવ જેમના સમાગમમાં પોતે આવે છે તેના પર પાડે છે તે, આવા સ્વયંસિદ્ધ જનગણ અધિનાયક મહામાનવીના પ્રબળ આત્મવિશ્વાસ અને સંકલ્પબળ એ પ્રાણગુણોને જ લીધે. રા. મુનશી એક રીતે આ કથામાં પરશુરામના પાત્રનિરૂપણ દ્વારા લોકનેતા મહાવીરનું ઘડતર (making) બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્થ વ્યવસ્થાપક અને શાસક પણ છે. એ દીર્ઘદર્શી મુત્સદ્દી પણ છે. શાર્યાતો ને મૃગારાણી ને સહસ્રાર્જુન શું કરવાના છે તે એ આગળથી જાણી જાય છે. એ અપ્રતિમ ને દુર્ધર્ષ વીર છે. ઘોર હિંસા પણ વિના અચકાયે ને સ્વસ્થતાથી એ કરી શકે છે. તો બીજે પક્ષે એ અહિંસક પણ રહે છે ને પોતાને મારવા તલસતા જયામઘ સામે છાતી ધરે છે; એટલું જ નહિ, એને ત્રણ વાર મોતથી ઉગારે છે. જયામઘને એ દ્વેષ મૂકી દેવાનો ઉપદેશ પણ બે વાર કરે છે. સહસ્રાર્જુનને પણ કથાના પ્રારંભમાં દ્વારાવતીના સમુદ્રમાંથી એ બચાવે છે, અને આખરે મારે છે, જ્યારે એ દુષ્ટતાની પરિસીમાએ જઈ પહોંચી જમદગ્નિને મારી નાખે છે ત્યારે જ. દ્વેષોન્મૂલનની ભાવના ભગવાન પરશુરામના મોંમાં મૂકી કર્તાએ તેમની હિંસાને અને નક્ષત્રીને દ્વેષોન્મૂલન માટેની હિંસા બતાવીને હળવી બનાવી છે.[1] દસ્યુસહાયક વિશ્વામિત્રની માનવતા પણ કર્તાએ એમનામાં મૂકી છે. યાદવો ને શાર્યાતોનો નરશિકાર એ સત્યાગ્રહ કરીને બંધ કરાવે છે, નાગલોકો પ્રત્યેનો જુલમી વર્તાવ પણ અટકાવે છે, અસંસ્કારી અઘોરીઓ પ્રત્યે પણ પ્રેમ કરે છે, અને દસ્યુરાજ ભેદના પુત્ર શિબિને ગાદીએ બેસાડાવે છે. વિશ્વામિત્રની ઉદાર માનવતાભરી દસ્યુ સહિષ્ણુતા અને મહર્ષિ વસિષ્ઠનો વિશુદ્ધિનો આગ્રહ –બંને એનામાં છે. 'વિદ્યા ને તપની અભિવૃદ્ધિ, અને તેને સંક્ષવાની ને વિસ્તારવાની શક્તિ : આ બે એમના ધર્મના નિશ્ચલ પાયા હતા.' 'સિંધુથી સિંહલ સુધી આર્યાવર્ત પ્રસરે' એ જ તેમની ભાવના બતાવાઈ છે. સુદાસ આદિ આર્યાવર્તના ચારે રાજાઓનું એકત્ર પુરોહિતપદ એ સ્વીકારતા નથી. આર્યત્વને રાજ્યાશ્રય પર અવલંબતું એને કરવું નથી... 'તમે ને હું તો સઈ કાલના છીએ–એ આજનો ને આવતી કાલનો' એ વસિષ્ઠના એમના માટેના ઉદ્ગારો (પૃ૦ ૭૫૦) એમને અપાતી ભવ્ય અંજલિ છે. પરશુરામ રા. મુનશીનાં અનેક તેજસ્વી પાત્રોની માફક ચિરસ્મરણીય પાત્ર છે.

એક પ્રશ્ન થશે : વાલ્મીકિ અને વ્યાસ આ મુનશીના પરશુરામને પોતાની કલ્પનાના પરશુરામ તરીકે ઓળખી શકશે ખરા ? પણ પરશુરામનું પાત્રાલેખન એકલું જ શા માટે, રેણુકાવધ, વિશ્વામિત્ર ને વસિષ્ઠના દેહવિલય અને સહસ્રાર્જુનવધ જેવા પ્રસંગોનું નિરૂપણ પણ એના પરંપરાગત આલેખન કરતાં જુદું છે. વસ્તુતઃ આ કથા પુરોગામી 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા'ની માફક છે દૂર સુદૂરના ભૂતકાળમાં એક ડોકિયું, વેદકાળના સાહિત્યના અભ્યાસથી ઉત્તેજિત થયેલી એક અર્વાચીન સર્જકની કલ્પનાએ કરેલું તેનું દર્શન. 'ઇતિ હ આસ', એ આમ જ બન્યું હતું, એમ તો એમાંનાં પાત્રો ને પ્રસંગોને માટે કોણ કહી શકે એમ છે ? રા. વિશ્વનાથ ભટ્ટે 'લોપામુદ્રા' વિશે લખતાં કહેલું તેમ 'રોમાન્ટિક' સર્જકને નિરંકુશ વિહારની આવા દેશકાળનું વસ્તુ લેતાં સવડ મળી રહે છે એ ખરું, પણ એ પ્રાચીન દેશકાળનું ચિત્ર આપતા સાહિત્ય વિશે પોતાનું અને લોકોનું જ્ઞાન એના પર નિયમન કે અંકુશરૂપ બને છે એ ભૂલવું જોઇએ નહિ. રા. મુનશીએ વેદકાલીન અને પૌરાણિક દેશકાળ ને વાતાવરણ વિશે અભ્યાસમૂલક જે સામગ્રી એકઠી કરી છે તેનો તો તેમણે અહીં પૂરો ઉપયોગ કર્યો છે. એટલું કર્યા પછી તેમણે પોતાની સર્જક કલ્પનાને કામે લગાડી તે કાળની એક આખી સૃષ્ટિ કથામાં ઊભી કરી છે. એમ કરતાં એમણે દાશરાજ્ઞ વિગ્રહને, રેણુકાવધ ને સહસ્રાર્જુનવધને, વિશ્વામિત્ર–મેનકાવાળા પ્રસંગના ફળરૂપ દુષ્યન્તપુત્ર ભરતના રાજ્યાભિષેકને, પરાશર–મત્સ્યગંધાવાળા પ્રસંગને, અને વિશ્વામિત્ર તથા વસિષ્ઠના મૃત્યુને, એમ વેદપુરાણાંતર્ગત પ્રસંગોને અને પાત્રોને સમકાલીન બનાવી ભેગાં કરી દીધાં છે અને એમાંથી તે પ્રાચીન સમયનું ચિત્ર ઊભું કર્યું છે. વેદપુરાણપ્રસિદ્ધ પાત્રો ને પ્રસંગોના નિરૂપણમાં કરેલ

---

૧ છતાં, તેમના શાર્યાતોના નિકંદનનો મુત્સદ્દીગીરીની દૃષ્ટિએ બચાવ કરવો હોય તો કદાચે થાય; પણ રેણુકા જેની સેવાચાકરી કરી રહી હતી તે ત્રીસ રક્તપીતિયા ગંધર્વોના સંહારથી તો 'ગુજરાતના નાથ'ના નરસિંહ ગઢવીને કોટ પરથી ફેંકી દેતા કાકના પગલાથી ત્રાસી ઊઠતા કાકા કાલેલકર જેવા અનેકોને કમકમાં જ આવશે. રેણુકાને એમનાથી અળગી કરવાનો બીજો ઉપાય જ કર્તાને ન જડયો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરફાર માટે રા. મુનશીએ મહાભારત, રામાયણ ને ભાગવતના કર્તાઓના દાખલાની ઢાલ ધરી છે અને સર્જક કલાકારના નિરૂપણસ્વાતંત્ર્યના વણલખ્યા અધિકારને સૂચવ્યો છે, 'માનવજીવનના મારા આદર્શો અને મારી જે કાંઈ સર્જકશકિત છે, તેનાથી જ આ ચણતર થયું છે' એમ કહીને. એ ફેરફાર ઉચિત છે કે અનુચિત, મૂળ પ્રસંગો ને પાત્રોનું ગૌરવ એનાથી વધે છે કે હીણું પડે છે, એ દૃષ્ટિબિંદુથી જ એને જોવા જોઈએ.

એ રીતે જોતાં રેણુકાવધ અને રામાર્જુનવિરોધનું આ કથામાં થયેલું નિરૂપણ કચવાટ નહિ પણ એથી ઊલટી જ લાગણી ઊભી કરે છે. રેણુકાને ચિત્રરથ પ્રતિ આકર્ષાઈ ઇષત્સ્ખલિતા બતાવતી પુરાણકથાને બદલે રા. મુનશીએ રક્તપીતથી પીડાતા ગંધર્વોની આ બની તેમના પ્રત્યે અનુકંપાથી પ્રેરાઈ તેમની સેવાશુશ્રૂષા અર્થે તેમની જોડે એ રહી હતી એવું આલેખન કર્યું છે તે એ પાત્રને દોષમુક્ત કરી ઊંચું ચડાવે છે. રેણુકાને મારવાની જરૂર ન રહે, છતાં જમદગ્નિએ એને મારી નખાવી ગણાય અને પરશુરામે એને પુનઃ સજીવન કરાવી ગણાય એવું રા. મુનશીનું આલેખન પુરાણકથાને સરસ રીતે સુધારી આપે છે. નથી ગમતું એક જ તત્ત્વ, રેણુકાને મનોહર આલેખતાં જમદગ્નિનું પાત્ર અનુદાત્ત, સંકુચિત ને હઠીલું બની ગયું છે તે. સહસ્રાર્જુનના પાત્રના ચિત્રણમાંથી પરશુરામના રોષ અને પૃથ્વીને નક્ષત્રી કરવાના તેમના પુરાણકીર્તિત પરાક્રમનો સહેજ બુદ્ધિગમ્ય ખુલાસો મળી રહે છે. આર્યાવર્તને રંજાડતા ને પદદલિત કરતા સહસ્રાર્જુનને ઊંડે સુધી આવવા દઈ, પછી આર્યાવર્તના ચારે રાજાઓનાં સૈન્યો તથા ભૃગુઓનાં શતકો એકસામટા ધસી આવી તેને ચોમેરથી ઘેરી લઈ તેના સૈન્યમાંથી એક પણ જણને પાછી નર્મદા ભાળવા દે નહિ એવા ભગવાન પરશુરામના (આ વિશ્વયુદ્ધમાં રશિયનોની યુદ્ધનીતિના કર્તાએ કરેલા અનુકરણ જેવા લાગતા) વ્યૂહનો અમલ તે જ એમની નક્ષત્રી. એવી જ રીતે દાશરાજ્ઞ વિગ્રહને અંતે વિશ્વામિત્રનું કથામાં નિરૂપાતું મૃત્યુ, વસિષ્ઠ અને વિશ્વામિત્રના સુંદર સંવાદને અવકાશ આપી એ બેઉ ઋષિવરોની દૃષ્ટિ અને જીવનકાર્યને સરસ રીતે રજૂ કરવાની કર્તાને તક આપે છે. ડફુનાથ અને અઘોરીઓના સંપર્કમાં પરશુરામને લાવવામાં જરૂરી કાળક્ષેપની યુક્તિનો આશ્રય લેવા ઉપરાંત અથર્વવેદમાંના ઘણા મંત્રો ને પ્રયોગોના ભૃગુઓના કર્તૃત્વના ખુલાસા માટે ભૂમિકા એ રીતે ગોઠવવી કર્તાએ ધારી લાગે છે. પરશુરામ તથા લોમહર્ષણી ડફુનાથની હવામાં ઊડવાની ને બિલાડી પેઠે કૂદવાની સિદ્ધિઓ તથા અઘોરીઓના ઉપાસનામંત્રો શીખી આવ્યાં છે એ કથામાં બતાવ્યું છે જ. પરાશર અને મત્સ્યગંધાના સંબંધનું નિરૂપણ પણ પુરાણકાર કરતાં જુદું છે.

મતલબ કે, સૂચનો અને સામગ્રી વેદ અને પુરાણોમાંથી મેળવ્યાં પણ તેમાંથી આ અર્વાચીન નવલકથાકારે રચી તો છે નવો જ ઘાટ ઘડી પોતાની અનોખી કલાકૃતિ. 'ભગવાન પરશુરામ'માં સરજાયેલી સૃષ્ટિ અને સંકળાયેલી ઘટનાઓ એક ન્યારી દુનિયા બતાવે છે, એ દુનિયા તેના પ્રવાસીને પોતાનું પૂરું દર્શન એ કરી રહે નહિ ત્યાં સુધી આકર્ષણના બંધમાંથી છોડતી નથી, અને એની વૈદિકતા કે પૌરાણિકતાની શંકા પણ પ્રથમ તો ઉપજવા દેતી નથી. એનો જશ રા. મુનશીની ઉચ્ચ પ્રતિની સર્જકતાને ભાગે જ જાય. લોમા, મૃગારાણી, ડફુનાથ, સહસ્રાર્જુન, રેણુકા, જમદગ્નિ, વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવાં પ્રધાન પાત્રોનું અને ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, મૃકંડ, કુક્ષિવંત, કલ્વિણી, વિમદ, તાલબાહુ, વૃશ્ચિક, ઋક્ષ આદિ ગૌણ પાત્રોનું પણ તેમતેમની વ્યક્તિતા સાથે થયેલું જીવંત આલેખન: ગિરનારતળેટીના યાદવગોત્રના થાણાનું, ડફુનાથના અઘોરીઓના વસતીસ્થાનનું તથા ભૃગુઓ અને યાદવોની સરસ્વતી તરફથી ભવ્ય કૂચનું તાદૃશ ચિત્રણ: લગભગ બધા કથાપ્રસંગોનું વાચકના કલ્પનાચક્ષુ સમક્ષ ભજવાતું રહે એવું નાટ્યાત્મક આલેખન: પ્રધાન વીર અને અપ્રધાન શૃંગાર ઉપરાંત રામ, ડફુનાથ અને મહાદન્તી સિદ્ધેશ્વરીનાં પાત્રો સાથે સંકળાયેલા ચમત્કારોથી નિષ્પન્ન થતો અદ્ભુત રસ: પ્રાચીન વાતાવરણનો યોગ્ય ઉઠાવ: ત્રીજા ખંડમાંના સુંદર ભાવનાપ્રપૂર્ણ સંવાદો: ભગવાન પરશુરામનાં એક એકથી ચડિયાતાં પરાક્રમો પરથી જ વાચકની નજર ખસે એમ નથી, છતાં કયારેક ખસે તો એને ખેંચી રાખવા કુશળ નવલકથાકારે આ બધાં આકર્ષણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથામાં ગોઠવી જ રાખ્યાં છે.

પણ કથાપ્રસંગો તો નિમિત્ત છે. રા. મુનશીનો મુખ્ય આશય તો વેદકાળના પ્રચંડ માનવીઓનું આલેખન તેની ઓથે રહીને કરવાનો છે. ' એવી ગગનસ્પર્શી માનવતા વિના સનાતન આર્ય સંસ્કૃતિનો પાયો નંખાયો ન હતો. આર્યત્વ ને આર્યાવર્ત બંનેનાં દર્શન મને એમની દ્વારા થયાં છે : એમના પ્રસ્તાવનામાંના ,આ ઉદ્ગાર સ્પષ્ટ સમજાવે છે કે એમનું અંતિમ સાધ્ય તો આર્યત્વ અને આર્યાવર્તનું આ નિમિત્તે દર્શન કરાવવાનું છે. આર્યાવર્તનું બહિર્દર્શન કથાએ કરાવ્યું છે તે તો તરત ખ્યાલમાં આવે તેમ છે. પણ આર્યવર્તના વિશિષ્ટ સંસ્કાર, જે આર્યત્વ બનાવે છે, તે કયા એ જોવા માટે વસિષ્ઠ અને વિશ્વામિત્રની પર દૃષ્ટિ કરવી પડશે. આર્યાવર્તને આંતરવિગ્રહની યુદ્ધજ્વાળામાં નવડાવનાર વસિષ્ઠના દાશરાજ્ઞ વિગ્રહના જનકત્વને પ્રેરતી ભાવના હતી માત્ર આર્યોની વર્ણશુદ્ધિ, અને દસ્યુદ્વેષ નહિ પણ આર્યોનાં સ્ત્રીપુરુષોના ચારિત્ર્યની વિશુદ્ધિનો આગ્રહ. વસિષ્ઠના

"આંખમીંચામણે અધર્મ ચલાવી ન લેવાય. આર્યો એ શીખે તો ધર્મવૃત્તિ ઘસાઇ જાય ને મનુષ્ય પશુ બની જાય......રેણુકા ! મેં યુદ્ધ નહીં આદર્યું હોત તો શશિયસી પર, બધા આર્યો પર કરેલા અત્યાચાર શિષ્ટ ગણાત. આર્યોની રીતિ વીસારે પડી દસ્યુઓના સ્વચ્છંદ સર્વમાન્ય થાત તેથી. ધર્મ માટે મેં આર્યોને મરતાં શીખવ્યું. દાશરાજ્ઞમાં રેડાયેલાં રુધિર આર્યત્વની વિશુદ્ધિ અભેદ્ય રાખશે. મારે શશિયસીઓ તો શું—દસ્યુ કન્યાને પણ અમ્બાઓ બનાવવી છે. અમ્બાઓ શશિયસી થાય તેનો વિરોધ તો પ્રાણાર્પણે કરવાનો જ રહ્યો."

એ શબ્દો ભાર્ગવને

'પ્રેમાળ માતા એકના એક પુત્રને તેના સ્વાસ્થ્ય માટે ઠંડા પાણીમાં સ્નાન કરાવે તેમ એમણે વિશુદ્ધિના સંરક્ષણાર્થે આર્યાવર્તને રુધિરનું સ્નાન કરાવ્યું હતું'

એવી જે પ્રતીતિ કરાવે છે, તે વાચકોને પણ કરાવી આર્યત્વનું એક વિશિષ્ટ તત્ત્વ કર્તા સમજાવવા મથ્યા છે.

હવે વિશ્વામિત્ર તરફ નજર કરો. એમની અંતિમ પળે વસિષ્ઠને એમણે સંભળાવેલા શબ્દોમાં એમનું ભવ્ય જીવનકાર્ય દર્શાવાયું છે :

'દેવે મને નિમિત્ત બનાવી યજ્ઞનો માર્ગ શીખવ્યો. નરમેધ અટકાવ્યો, નવું આર્યત્વ સર્જ્યું.'

એ ' નવું આર્યત્વ ' કયું ? આ :

'મુનિવર ! આપે માની લીધું કે હું ભેદના અત્યાચારની પડખે ઊભો રહી અધર્મ સંરક્ષી રહ્યો હતો ? ના...ના...મારે આર્ય–અનાર્યનો ભેદ ટાળવો હતો...... માનવી માનવીના ભેદ તો આર્યત્વને કલંકિત કરે છે. જ્યાં સંસ્કાર ત્યાં આર્યત્વ...મેં વર્ણભેદ ભુલાવ્યો–સંસ્કારભેદ શીખવ્યો. આર્ય જે તપ ને વિદ્યા મેળવે તે. આ દેહે ફરી જન્મે તે આર્ય. આ દેહે સંસ્કારજન્મ ન મેળવે તે અનાર્ય. ......માનવી તો આર્યત્વને પંથે દેવત્વ પામવા સર્જાયો છે.'

એક બાજુથી વેદપ્રસિદ્ધ દાશરાજ્ઞ વિગ્રહને કથા વિષય બનાવી તેનું મૂળ આવા ભાવનાવિરોધમાં રહેલું કર્તા બતાવે છે, તો બીજી બાજુએ આર્યત્વની ભાવનાનો વિશ્વામિત્રને હાથે થયેલો વિકાસ બતાવી આર્યત્વને જીવતી વિકાસશીલ ભાવના તરીકે આલેખવાનું તેમણે આમ કર્યું છે. જમદગ્નિ અને રેણુકાનાં પાત્રો એક રીતે વસિષ્ઠ ને વિશ્વામિત્રની ભાવનાનાં પ્રતિરૂપો જેવાં જ છે એ ન સ્વીકારવું હોય તો રેણુકાના પાત્ર દ્વારા આર્યત્વની ભાવનાને એક ડગલું વધુ આગળ લઈ જવામાં આવી છે એમ માનવું પડશે. રોગપીડિત ગંધર્વોની મા બની તેની સેવાશુશ્રૂષા કરવા માટે એમને મૂકી ચાલી આવવા પતિએ કરેલી આજ્ઞા લોપવામાં આર્યા રેણુકાએ, ગંધર્વોની જ નહિ વસિષ્ઠ જેવાની જીભથી પણ 'અમ્મા'નું સંબોધન મેળવનારી રેણુકાએ, આર્યત્વની સીમા વિસ્તારી આપી છે.

ભગવાન પરશુરામમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર અને રેણુકા ત્રણેની દૃષ્ટિ એકત્રિત થયેલી છે. વસિષ્ઠ જેવા સ્ત્રીના વિશુદ્ધ શીલના આગ્રહી હોવાથી જ એ યાદવગોત્રમાં પોતાના પતિનું ઘર છોડી રૂરુના ઘરમાં ચાલી જનાર સોમાને શિક્ષા કરે છે (પૃ. ૪૮), પોતામાં મુગ્ધ થનાર કલ્વિણીને સાટકા મારે છે અને મૃગારાણીએ એ પ્રસંગ ઉલ્લેખતાં સ્ત્રીની શીલવિશુદ્ધિ પર ભાર મૂકી તેને સહસ્રાર્જુનની ભોગિની મટી પરિણીતા પત્ની બનવા આદેશ આપે છે. વિશ્વામિત્ર જેવો ઉદાર માનવપ્રેમ પણ એમનામાં છે, જેથી જ એ નાગો, અઘોરીઓ ને દસ્યુઓ પ્રત્યે માયાળુ વર્તન રાખે–રખાવે છે. અને રેણુકાને પિતૃઆજ્ઞાથી મારવા તત્પર થતા એ રેણુકાની વાત સાંભળી એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવ્ય વર્તનને અભિનંદવા માંડી પિતાને ખરું આર્યત્વ પ્રબોધવા મંડી જાય છે, જે બતાવે છે રેણુકાની ભાવનાને એમણે પોતે આપેલી મંજૂરી. દાશરાજ્ઞ વિગ્રહને અંતે આર્યાવર્ત એક થયું. આર્યો ને દસ્યુઓનો પરસ્પર દ્વેષ ટળ્યો. વસિષ્ઠ વિશ્વામિત્રના ઝઘડાનું પરિણામ તો બંનેને ઇષ્ટ એવી આર્યાવર્તની એકતામાં જ આવ્યું. ભગવાન પરશુરામ એ એક અને અખંડ આર્યાવર્તને અને આર્યત્વને સિંધુથી સિંહલ સુધી લઈ જવાનું મહાસ્વપ્ન પછી સેવે છે. સુરાષ્ટ્રના યાદવો, માહિષ્મતીના હૈહયો અને અઘોરીઓને બારણે તો એ આર્યત્વને લઈ ગયા હતા જ. એ મહાસ્વપ્નમાં એક માત્ર વિઘ્નકર્તા સહસ્રાર્જુનના વધ પછી તો એ સ્વપ્નની સિદ્ધિ હાથવેંતમાં જ હોવાની એ પ્રતીતિ કથાનો અન્ત આપણામાં જગાડી જાય છે.

આર્યત્વ અને આર્યાવર્તની ભાવના ઉપરાંત બીજી ય એક ભાવના આ કથામાં રા. મુનશીએ વણી લીધી છે. એ છે દ્વેષોન્મૂલનની ભાવના. એ ભાવનાના પુરસ્કર્તા ને ઉદ્‌ગાતા પરશુધર જામદગ્ન્યેયને બનાવવામાં એમના શાર્યાતો ને ગંધર્વોના ઉચ્છેદનના કાર્ય જોડે અસંગતિ તો લાગે છે. છતાં એમને જયામઘ સામે એક વાર છાતી ધરતા અને એક વાર મોત માગી લેતા, તેને દ્વેષ મૂકી દેવા વીનવતા તેમ જ એને ત્રણ વાર મૃત્યુમાંથી બચાવતા રા. મુનશીએ બતાવ્યા છે. આગળ કહ્યું છે તેમ સહસ્રાર્જુનને પણ એક વાર બચાવી, એને મૃત્યુદંડ દેવાનું ઠેલતા રહી તે દ્વેષ મૂકી દેશે એવી આશા તેમણે સેવ્યા કરી છે. આખરે તેનો વધ કરવો પડ્યો છે તે પણ દ્વેષોન્મૂલન સારુ એ અનિવાર્ય ધર્મ થઈ પડે છે તેથી જ. દ્વેષ છે ત્યાં સુધી હિંસા રહેવાની, અને દ્વેષને કાઢવા હિંસાની જરૂર પણ રહેવાની, એ મતલબના ઉદ્‌ગાર પણ કથામાં એમના મોંમાં મૂક્યા છે. જયામઘને પરશુરામે કરેલા ઉપદેશ ઉપરાંત મુનિ પરાશર પાસે ત્રૈય્યારુણ પુરુરાજને આર્યાવર્ત પર આવતા સહસ્રાર્જુનના વિનાશક દળકટકની આગાહી કરી ચેતવણી આપી એની હિંસાને અહિંસાથી જીતતા તેને શરણે જવાની વીનવણી કરાવતાં હિંસાની અનિષ્ટતા માટે જે વચન કર્તાએ ઉચ્ચારાવ્યાં છે. [પૃ. ૩૬૫] તે પણ દ્વેષના ઉન્મૂલનની ભાવના રજૂ કરવા ખાતર જ. હમણાં પૂરા થયેલા વિશ્વયુદ્ધ વેળા અહિંસાના આચાર્ય ગાંધીજીએ જે માર્ગ બતાવેલો તે કંઈ અનુસરાયો તો ન હતો. તેમ પ્રાચીન કાળના ગાંધી બનાવાયેલા પરાશરનું પ્રવચન પણ નિષ્ફળ જાય છે. પણ એ વાત જુદી છે. કર્તાએ હિંસા વિરુદ્ધ થોડીક ઝુંબેશ 'ભગવાન પરશુરામ'માં ઊઠાવી છે તે જ જોવાનું હતું. આ દ્વેષોન્મૂલનની ભાવના પણ આર્યત્વનું જ એક અંગ છે, અને કર્તાએ એ ભાવનાનો ઉદય એ વખતે થતો જતો હતો એ બતાવવા માગ્યું છે.

આર્યત્વ અને આર્યાવર્તનું આ તો આ કથામાં કરાવાયેલું દર્શન. 'પૌરાણિક નાટકો'થી માંડી આ કથા સુધીની કૃતિઓમાં એવું દર્શન કરાવવા જતાં એ આખી માળા આર્યાવર્તની મહાકથા બની ગઈ છે. એ મહાકથામાં જે પ્રચંડ માનવીઓની કથા કહેવી પડી છે તે મોટા પ્રમાણમાં ભૃગુશ્રેષ્ઠોની કથા બની ગઈ છે. ભાર્ગવ મુનશીને હાથે એટલી પૂર્વજ-પૂજા કે ગોત્રગૌરવગાન થાય એની નવાઈ ન ઉપજવી જોઇએ એ ખરું, પણ એમણે ભૃગુવીરોની ઇતિહાસ-માન્ય મહત્તા પ્રસ્તાવનામાં ગણાવી જઈ એનું પૂરું વાજબીપણું પણ સિદ્ધ કર્યું છે. ને એમ છતાં, અગસ્ત્ય, વસિષ્ઠ, વિશ્વામિત્ર આદિ વ્યક્તિવિશેષોનું ગૌરવગાન પણ ક્યાં નથી થયું?

ગુજરાતીમાં પ્રાચીન આર્યાવર્તનું સજીવ ચિત્ર આલેખવાની ૧૯૨૨માં પ્રકટ થયેલ 'પુરંદર પરાજય' નાટકથી માંડી ૧૯૪૬ની આ 'ભગવાન પરશુરામ' નવલકથા સુધીની કૃતિઓમાં મૂર્ત થતી રા. મુનશીની 'ઉલ્લાસમય તપશ્ચર્યા'ની સિદ્ધિ–અસિદ્ધિઓનું મૂલ્યાંકન એ કૃતિઓની આખી માળાનો અભ્યાસ કરી કોઇકે કરવા જેવું છે. અહીં તો એટલું જ કહીએ કે આ કથાથી જેની પૂર્ણાહુતિ થાય છે એ 'વૈદિક ને પુરાણ કાળનાં દર્શન કરવાનો અને કરાવવાનો' તથા 'પ્રચંડ માનવીઓ ને પ્રચંડ પ્રસંગોનાં......સ્વપ્નાં એમાં આલેખવાનો', બીજા શબ્દોમાં આર્યાવર્ત ને આર્યત્વની મહાકથા કહેવાનો, રા. મુનશીનો 'પ્રયત્ન' ઓછો મહત્ત્વાકાંક્ષી કે નાનોસૂનો ન હતો અને એની સિદ્ધિ પણ જેવી તેવી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી અને ગ્રામોદ્ધારનું એક નવીન સ્વપ્ન

વલ્લભનગરની યોજના

લે : નિરીક્ષક

ગતાંકથી ચાલુ

તળપદી યોજના

ગામડાંમાં વોટરવર્ક્સ, ડ્રેનેજ, આસફાલ્ટના રસ્તા ને વીજળી આવશે, એમ જાણીને કેટલાક લોકો છળી ઊઠયા છે. તેઓ એવો આક્ષેપ કરે છે કે આ યોજના એક પરદેશી યોજના છે. પરિસ્થિતિમાંથી ઊગી નથી, પ્રજા ઉપર પરાણે લદાઈ છે.

આ યોજનાની ચારેબાજુથી તપાસ કર્યા પછી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે આ યોજનાના દેહમાં અમુક વિદેશી તત્ત્વો હશે, પણ એનો આત્મા હિંદી છે. એની ઉપર થતા આક્ષેપો, અજ્ઞાન, રૂઢિચુસ્તતા અને પૂર્વગ્રહોને લઇને થાય છે.

આ યોજના શુદ્ધ સ્વદેશી છે, હિંદી છે, ગુજરાતી છે, અને એથી આગળ વધીને કહું તો એ શુદ્ધ ચરોતરી છે. આ યોજનાનું હાર્દ જેને સમજવું હોય તેણે શ્રી. ભાઈલાલભાઈના પ્રિય પુસ્તક 'સરસ્વતીચંદ્ર'નો ચોથો ભાગ જોવો. એમાં આલેખેલી કલ્યાણગ્રામની યોજના વાંચવી. શ્રી. ભાઈલાલભાઈ અહીં આગળ જાણેઅજાણે કલ્યાણગ્રામ ઊભું કરી રહ્યા છે. ચરોતરના એક મહાન સાક્ષરની સ્વપ્નભોમ, ચરોતરની ધરતી ઉપર સાક્ષાત્કાર પામે એવી એના સર્જકોની અભિલાષા છે. સાહિત્ય જીવન ઉપર કેટલી પ્રબળ અસર કરે છે, એનો આ એક દાખલો છે.

આ 'ચરોતરી' યોજના છે, એનો અર્થ કોઈ એવો ન કરે કે 'ચરોતર ચરોતરીઓ માટે' એવા સંકુચિત સિદ્ધાંત ઉપર રચાયલી આ કોઇ ખાબોચિયા યોજના છે. ઊલટપક્ષે આ એક વ્યાપક યોજના છે. હું તો એટલું જ બતાવવા માગું છું કે આ યોજનાની ડાળો આકાશમાં જાય છે, પણ એનાં મૂળ તો ચરોતરની ધરતીમાં છે. બાકી તો યોજનાના સંચાલકોને મન ચરોતરી કે બિનચરોતરી, ગુજરાતી, દક્ષિણી, હિંદુ, મુસલમાન કે હિન્દી બિનહિન્દી એવો કોઇ જ ભેદભાવ નથી. વલ્લભવિદ્યાનગરને એક સાચું સંસ્કારધામ બનાવવા માટે હિંદુસ્તાનને ખૂણે ખૂણેથી; એટલું જ નહિ પણ ઇંગ્લંડ–અમેરિકાથી ય પણ વિદ્વાનો અને નિષ્ણાતોને બોલાવવાની વ્યવસ્થા થશે. પહેલી ખુલનાર કૉલેજના પ્રિન્સિપાલ સિંધી છે, અને ડી. એ. વી. કૉલેજના શ્રી. બુટાનીનું નામ જાણીતું છે. 'ચરોતર ગ્રામોદ્ધારક સહકારી મંડળ લિમિટેડ'ના પહેલા રૂા. ૫૦૦૦)ના શેર એક કાઠિયાવાડી શ્રીમંતે લીધા છે. એટલે આ કોઇ સંકુચિત યોજના નથી.

ચરોતરની પુનર્ઘટનાની પંચવર્ષી યોજના

'આ આખી યે યોજના પૂરી થતાં કેટલો સમય લાગશે?' મેં શ્રી. ભાઈલાલભાઇને પૂછ્યું.

'આ યોજનામાં ઈ. સ. ૧૯૪૬ અને ૧૯૪૭ એ રીતે પૂર્વતૈયારીનાં બે વર્ષ જશે. ત્યાર પછી પ્રજા જો મને પૂરેપૂરો સહકાર આપે, તો પાંચ જ વર્ષમાં આ કામ ઊકલી જાય. ઈ. સ. ૧૯૪૮ના જાન્યુઆરીમાં કામ શરૂ થાય અને ઈ. સ. ૧૯૫૨ના ડિસેમ્બરમાં કામ પુરું થાય.'

'પણ ધારો કે પ્રજા તરફથી સહકાર ન મળે, આજે છે એનો એ ઉત્સાહ કાયમ ન ટકી રહે તો શું?' મેં શંકા ઉઠાવી.

'મને જનતામાં શ્રદ્ધા છે. છતાં ય તમે કહો છો એમ થાય અને મોટાભાગનો બોજો મારે અને મારા સાથીઓને માથે આવી પડે તો પંદર વર્ષ થાય. કદાચ એથી વધારે પણ થાય.' પછી થોડી વાર મૂંગા રહી, ગંભીર થઇને એમણે મને કહ્યું: 'કદાચ એમ પણ બને કે યોજના પૂરી થાય ત્યારે મારી હયાતી ન પણ હોય. પણ એક પ્રજાના જીવનમાં પંદર વર્ષનો શો હિસાબ?'

આ યોજના શરૂ શી રીતે થઈ?

શ્રી૦ ભાઇલાલભાઈએ પોતાની નોકરીની શરૂઆત ગાયકવાડીમાંથી કરેલી. ત્યાંથી એ બ્રિટિશમાં ગયા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખાનદેશ, મહારાષ્ટ્ર અને સિંધમાં બધી નોકરી પૂરી કરી. સિંધમાં સક્કર બેરેજની ૨૦ કરોડની યોજનામાં એક મહત્ત્વના અંગ તરીકે ભાગ ભજવ્યો. એમણે એમની નોકરીની શરૂઆત ઓવરસીયર તરીકે કરેલી તે ચઢતા ચઢતા સિંધના સ્પેશ્યલ રોડ એન્જિનીઅર તરીકે નિવૃત્ત થયા. આ સમય દરમ્યાન એમણે એમની વિશિષ્ઠ શક્તિઓ અનેક કામોમાં બતાવી હતી. સિંધમાંથી એ અમદાવાદ મ્યુનિસિપાલિટીના મુખ્ય ઇજનેર તરીકે આવ્યા અને એ શહેરને સુધાર્યું. એ અરસામાં સરદારશ્રી વલ્લભભાઈ સાથે એમને એક વખત વાત થઈ.

સરદારશ્રીએ કહ્યું: "ભાઈલાલભાઈ! તમે તમારી બુદ્ધિનો શહેરોને ખૂબ લાભ આપ્યો. હવે ગામડાંને ક્યારે લાભ આપશો?"

શ્રી. ભાઈલાલભાઇએ કહ્યું: "હું આજે જ રાજીનામું આપી દઉં."

સરદારશ્રીએ કહ્યું, "ના, હમણાં નહિ, હજી અમદાવાદને તમારી જરૂર છે; પણ આપણે ભવિષ્યમાં મળીશું ત્યારે આ પ્રશ્ન ચર્ચીશું. ખેડૂત, ખેતી, અને ગામડાંનાં કલ્યાણ માટે તમે જો કોઈ યોજના કરો તો હું રાજી થઇશ."

પછી તો '૪૨ની લોકક્રાન્તિ આવી, સરદાર પકડાઇ ગયા, મ્યુનિસિપાલિટીની લડતમાં શ્રી. ભાઈલાલભાઈએ રાજીનામું આપ્યું, સરદાર છૂટયા ત્યારે એમની આગળ શ્રી. ભાઈલાલભાઇએ પોતાની યોજના રજૂ કરી. સરદારશ્રીની પ્રશ્નધારાની અગ્નિ-પરીક્ષામાંથી એ યોજના પસાર થઇ અને કામ શરૂ થયું.

ઈ. સ. ૧૯૪૪ના માર્ચમાં આખાયે ચરોતરના કેળવણીમાં રસ લેતા સજ્જનોની સભા બોલાવવામાં આવી. એમાં વિચારોની આપલે થઈ, અને લોકમત કેળવાયો; કેળવણીની સંસ્થાઓ માટે બસો વીઘાં જમીન મેળવવાનું નક્કી કરવામાં આવ્યું. જમીન માટે પ્રયાસ કરવામાં આખું વર્ષ ચાલ્યું ગયું. પછી એક સજ્જને એવી સૂચના કરી કે લોકોનો સ્વાર્થ નહિ હોય ત્યાં સુધી જાહેર કામ માટે મદદ કરવા બહુ ઓછા આગળ આવશે; એટલે જો અર્ધી જમીનના પ્લોટ પાડવાની ખાતરી અપાય તો જમીન મળી શકશે. સૂચના સારી હતી પણ એની પાછળની જવાબદારી બહુ મોટી હતી. આખું નવું નગર સર્જવાની જવાબદારી હતી. એ જવાબદારી સ્વીકારી લઈને આ પ્રકારની જાહેરાત કરવામાં આવી. એની અસર ચમત્કારિક થઈ. નાપાડ, વડોદ, મોગરના ઠાકોર, બાકરોલ અને કરમસદ તરફથી માગણીઓ આવી. એમાં કરમસદ સરદારશ્રી વલ્લભભાઈ અને વીર વિઠ્ઠલભાઈની જન્મભૂમિ હોવાથી સંસ્થાના બધા કાર્યકર્તાઓની પસંદગી એની ઉપર ઢળી. કરમસદ ગામ તરફથી ૫૦૦ વીઘાં જમીન મળી. એમાં બાકરોલના સજ્જનોના ઉત્સાહી આગ્રહથી ૩૦૦ વીઘાં ઉમેરાયાં. એ રીતે ૮૦૦ વીઘાં જમીન થઈ. એમાંથી ૩૦૦ વીઘાં કૉલેજો ખાતે રાખી છે. ૧૦૦ વીઘાં સંસ્થા પાસે રહેશે અને ૪૦૦ વીઘાં રસ્તા કાપીને મૂળ માલિકોને પાછી અપાશે. આમ કરવાથી બંને પક્ષને લાભ થયો. સંસ્થાને લાખો રૂપિયાની જમીન મફત મળી. લોકોને ૧ના ૧૦ થયા.

પછીથી કામ શરૂ થયું. જે મુશ્કેલીઓ વચ્ચે આ કામ આગળ ચાલ્યું છે તેનું વર્ણન કરવાથી લેખનો ઝાઝો વિસ્તાર થાય, શરૂઆતના ૭ મહિના Table work એટલે લખાપટ્ટીમાં ગયા. પછીના ૭ મહિનામાં સક્રિય કામ થયું. માર્ચની ૧૮મીએ ભઠ્ઠામાંથી પહેલી ઈંટ નીકળી. રસોડાંનાં વાસણ મેળવતાં એક મહિનો નીકળી ગયો. તેય પૂરાં ના મળ્યાં એટલે બાકીના શ્રી. ભીખાભાઈએ એમને ઘેરથી આપ્યાં. ઝૂંપડાં બાંધવા માટે વાંસ, વળીઓ ને પાલા મેળવતાં ત્રણ મહિના નીકળી ગયા.

ઓગસ્ટ આખર સુધીમાં માત્ર ૭ જ વેગન માલ મળ્યો. અને લોઢુંલાકડું તો છેક ઓક્ટોબરમાં મળ્યાં. આ રીતે ડગલે ને પગલે કાળાં બજારનો રાહુ સંસ્થાઓની પ્રગતિને નડી રહ્યો છે. પણ સંસ્થાઓનું કામકાજ જેમ જેમ ગોઠવાય છે, તેમ તેમ એ સ્વાશ્રયી બનતી જાય છે.

આવડાં મોટાં કામ કરનાર સંસ્થાઓની ઉદ્ઘાટન વિધિ સંસ્થામાં કામ કરનાર એક ભંગીભાઇને હાથે થઈ, ભઠ્ઠો એક ઢેડ કામદારે ખોલ્યો અને વર્ક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોપની ઉદ્‌ઘાટન વિધિ એક મુસ્લિમ કારીગરને હાથે થઈ. આ રીતે કશા જ ડોળદમામ, ધાંધલ કે ઉહાપોહ વિના લાખો રૂપિયાનું કામકાજ યોજનાપૂર્વક આગળ વધી રહ્યું છે.

નવા અર્થશાસ્ત્રના ચમત્કારો.

વગર પૈસે કરોડોનાં કામ થઈ શકે એમ છે, એવી શ્રી. ભાઈલાલભાઈની વાત સૌ કોઈને હાસ્યાસ્પદ લાગતી. પણ કોઈ ભણેલા માણસને એ હાસ્યાસ્પદ લાગવી ના જોઈએ.

નાઝી જર્મનીએ જ્યારે પોલેન્ડ અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓને પંદર પંદર દિવસમાં ઢાળી દીધી, ત્યારે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને ભારે અજાયબી થઈ. એણે પોતાના અર્થશાસ્ત્રીઓને પૂછ્યું કે : "આ કેવી રીતે બન્યું? જર્મની તો ભૂખડીબારસ દેશ છે!"

એના અર્થશાસ્ત્રીઓએ જવાબ આપ્યો કે : "પૈસાનો આપણે જે અર્થ કરીએ છીએ તે જર્મનો કરતા નથી. તેઓ મહેનત એટલે જ પૈસો એમ સમજે છે. હિટલરે પરિશ્રમ વ્યવસ્થિત કર્યો એટલે એનું પરિણામ આબાદીમાં આવ્યું"

એ જ રીતે રશિયા જેવા ગરીબ દેશે પણ સમાજવાદી તંત્ર હેઠળ આત્મોન્નતિ સાધી. જે વસ્તુ જર્મની અને રશિયામાં બની તે જ વસ્તુ હિંદમાં પણ બની શકે.

એ હકીકત સાચી છે કે, શ્રી. ભાઇલાલભાઇ સ્થાનિક આગેવાન છે. એમનું ક્ષેત્ર નાનું છે, અને પ્રજાના મરજિયાત સહકારથી જ જેટલું વધી શકાય તેટલું એમને આગળ વધવાનું છે.

પણ એટલા ઉપરથી એમનો સિદ્ધાંત ખોટો ઠરતો નથી.

એ એમ કહે છે કે, પૈસો=પરિશ્રમ+વ્યવસ્થા. પરિશ્રમ કરનાર લોકો હોય અને વ્યવસ્થા કરનાર બુદ્ધિ હોય તો પૈસાની ઝાઝી જરૂર રહેતી નથી.

એનો પહેલો ચમત્કાર આપણે સંસ્થાઓની જમીન બાબતમાં જોયો. લોકોના સહકાર અને સદ્‌ભાવથી, લોકો પાસેથી એક પાઇ પણ લીધા સિવાય, એમને સામેથી રળાવીને લાખો રૂપિયાની જમીન મફત મેળવી.

બીજો ચમત્કાર સંસ્થાઓના ઇજનેરી કામકાજનો છે. સંસ્થાના ઇજનેરો સ્ટાફને તેમ જ બીજા સ્ટાફને પૂરતો અને સંતોષકારક પગાર આપવામાં આવે છે, એનું એક પરિણામ એ આવ્યું છે કે સ્ટાફ પગારદાર છે. પણ ભાડૂતી નથી. નાનેથી મોટે સુધીના સૌ કોઈ રાતદિવસ જોયા વિના, કામના કલાકો કે પગાર વધારા માટે ઝઘડો નાખ્યા વિના, સંસ્થાના એ બિનવેતની કાર્યકર્તાઓ જેટલી જ ઝિંદાદિલીથી કામ કરે છે. સ્ટાફ પોતે જ બહારનું એટલું કામ ખોળી લાવે છે કે સંસ્થાઓનું તમામ ઇજનેરી કામકાજ મફત થાય છે, અને બહારના કામમાંથી સ્ટાફનો પગાર નીકળે છે.

ત્રીજો ચમત્કાર ગામડાંમાં વૉટરવર્ક્સ અને ડ્રેનેજ કરવાનો છે. લોકો કહે છે કે એ કામ અશક્ય છે. વાત સાવ સાચી. એક ગામમાં વૉટરવર્ક્સ ને ડ્રેનેજ કરવાં હોય તો ચાલુ વહીવટમાં દશ લાખ રૂપિયા જોઈએ. લોકો પાસે એટલા પૈસા નથી. એટલા પૈસા લોન કે દાન તરીકે આપવાની સરકારની શક્તિ નથી. એટલે આ પ્રશ્નમાં માથું મારવાની કોઈની છાતી ચાલતી નથી.

હવે એનું એ કામ આ નવી રીતે કરતાં બેત્રણ લાખમાં પતી જાય છે. કારણોમાં પ્રણેતાઓની જાતદેખરેખ, પ્રામાણિક, સંતુષ્ટ અને કુશળ સ્ટાફ, મોટા પાયા ઉપર ઉત્પાદન, ગામડાંને જોઇતી વસ્તુઓનું ગામડાંઓમાં જ ઉત્પાદન, કરકસરભર્યો વહીવટ, તુમારશાહીનો અભાવ, કામકાજની અસાધારણ ઝડપ, અને સરકારી લાંચરુશવત, વેપારી કાળાં બજાર અને ગામપટેલોની ખટપટમાંથી મુક્તિ.

આ રીતે ૨/૩ પૈસાનો પ્રશ્ન ઊકલી ગયો. પણ બાકીના બેત્રણ લાખ રૂપિયા કાઢવા ક્યાંથી? એને માટે ગામમાંથી એક શ્રીમંત ઊભો કરવો, જે અર્ધી રકમ આપે, બાકીની રકમ ગામલોકો ઊભી કરે, ગામેગામ, શરાફો, સહકારી બેંકો પોષ્ટ ઑફિસના સેવિંગ ખાતામાં કે સરકારી લોનોમાં લોકોનાં નાણાં પડ્યાં હોય છે. એ પૈસા ત્યાંથી ખસેડી "ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડ"ના શેર લેવા. આ શેર ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ % વ્યાજ મળે. એટલે લોકોને એનું એ જ વ્યાજ મળે, મૂડી સલામત રહે, દાનધર્મ કરવાનો નહિ. અને કામ પાર પડે. આ રીતે જોઇએ તો શ્રી. ભાઈલાલભાઈની વ્યવહારૂ બુદ્ધિથી જે યોજના કાગળ ઉપર દશ લાખની દેખાય છે તે જ યોજના મફત પાર પડે છે. લોકોને દશ લાખનાં વૉટરવર્ક્સ અને ડ્રેનેજ મફત મળે છે. પછી એમને દર મહિને એક કનેકશન દીઠ ૨-૩ રૂપિયા ટેક્સ આપવાનો રહે. સંસ્થાની આર્થિક વ્યવસ્થા એવી છે કે ૩૦ વર્ષે નવાં વૉટરવર્ક્સ કે ડ્રેનેજ કરવાં પડે તો તે પણ લોકો પાસેથી નવા પૈસા લીધા વગર થાય.

પણ ધારો કે જે ગરીબ ગામો પાસે એટલી ય રકમ ન હોય તેનું શું?

એમનું કામ પછીથી થશે. સંસ્થાઓ ખોટ ખાઈને પણ એવા ગામોનું સેનીટેશન સુધારશે. સાધનસંપન્ન ગામોમાં ય ગરીબ લોકો માટે જાહેર નળ થશે. તેમ જ જાહેર જાજરૂ, મૂતરડી અને હમામખાનાં થશે.

પૂર્વતૈયારીનાં પહેલાં વર્ષની પ્રગતિ

ગઈ દિવાળીએ શ્રી. ભાઈલાલભાઈએ, જ્યારે ધોળે દિવસે માણસને લૂંટી લે એવી એ ભયંકર જગ્યાએ, પોતાના સાથીદારો સાથે, ડેરાતંબુ તાણ્યા, ત્યારે એમની પાસે મૂડીમાં સરદારસાહેબના આશીર્વાદ, એક ભવ્ય સ્વપ્ન, એને પાર પાડવાનો નિર્ધાર, બે ખાદીનાં ધોતિયાં, અને ચાર ખાદીનાં પહેરણ હતાં. ગજવામાં એક આનાના પણ પૈસા ન હોતા.

આજે એ જે સંસ્થાઓનું અધ્યક્ષ છે તેમની સ્થિતિ નીચે મુજબ છે:

સંસ્થાઓની પોતાની ૨૦ લાખ રૂપિયાની જમીન છે. એની કીમત ભવિષ્યમાં ઘણી જ વધશે.

અત્યાર સુધીમાં ચાર લાખ રૂપિયા ખર્ચાઈ ગયા છે.

વર્કશૉપ, ગોડાઉન, કન્યાઓનું છાત્રાલય પ્રિન્સિપાલનો બંગલો અને દુકાનો બંધાઈ ગયાં છે. અમદાવાદ શહેરમાંથી ૩૫ જગ્યાએથી લોઢું ભેગું કર્યું ત્યારે વર્કશૉપ બંધાયો.

આર્ટ્સ-સાયન્સ કૉલેજ ઝપાટાભેર બંધાઈ રહી છે અને પ્રિન્સિપાલ આવી બેસી ગયા છે. આવતા '૪૭ના જૂનમાં તો કૉલેજ ચાલુ થાય છે.

૨૦૦ માણસોનો સ્ટાફ કામકાજ કરે છે. એમાં મજૂર કડિયાથી ઇજનેર સુધી સૌ કોઈ આવી જાય છે. એમને નિયમિત રોજ અને પગાર ચુકવાય છે. દિવાળી પછી આ સ્ટાફ વધારીને ૫૦૦ માણસોનો કરવાના છે.

ભઠ્ઠો દરરોજની ૧૦,૦૦૦ ઈંટ કાઢે છે. દિવાળી પછી એક દિવસની ૪૦,૦૦૦ ઈંટ કાઢશે.

વગર પ્રચારે ચરોતરને ગામડે ગામડે આ નવા સ્વપ્નનો આશાસંદેશ પહોંચી ગયો છે.

૨૦×૨૦ની દુકાનનું માસિક સો રૂપિયા ભાડું વેપારીઓ આપવા તૈયાર છે, અને બાર મહિનાના પૈસા ડિપોઝિટ તરીકે આપી ગયા છે.

શેર ઉપર પહેલે જ વર્ષે ૩ % વ્યાજ અપાયું છે.

લોકોનો ઉત્સાહ પૂરો છે એવો એકે દિવસ જતો નથી, કે જ્યારે દાન કે શેરખરીદી તરીકે લોકો પૈસા ન આપી જતા હોય. સિમેન્ટ માર્કેટિંગ કંપનીએ સો ટન સિમેન્ટ મફત આપ્યો છે. જુદા જુદા ભાઈઓ તરફથી મોટર, એન્જિન તિજોરી, લાકડું, લોઢું વગેરે ભેટોનો પ્રવાહ વહી રહ્યો છે.

આણંદ મ્યુનિસિપાલિટી, એલેમ્બિક કેમિકલ વર્ક્સ અને વડોદરા રાજ્ય સંસ્થાના નિષ્ણાત ઇજનેરોની સલાહ ફી આપીને લેવાય છે.

વલ્લભવિદ્યાનગરનું દશ લાખનું, આણંદ મ્યુનિસિપાલિટીનું દશ લાખનું, ઓડનું ત્રણ લાખનું કરમસદ અને ચીખોદરાનું બબ્બે લાખનું, વાસદનું દોઢ લાખનું એ રીતે લગભગ ૩૦ લાખના વૉટરવર્ક્સ ડ્રેનેજનાં કામ સંસ્થાએ શરૂ કર્યાં છે, અને એને માટે સંસ્થાના ઇજનેરો કામ કરી રહ્યા છે.

અસંખ્ય યુદ્ધોત્તર મુશ્કેલીઓ વચ્ચે આ કામ થયું છે. આવતા વર્ષની પ્રગતિ આથી ઘણી વધારે હશે, અને ત્યાર પછી તો મહિને મહિને પ્રગતિ જોઈ શકાશે.

લોકોની ગેરસમજ

આ યોજનાની પહેલી ઈંટ નહોતી ચંપાઈ, ત્યારે જ શ્રી. સરદારસાહેબની કુશાગ્ર બુદ્ધિને એનું રહસ્ય સમજાઈ ગયું, અને એની સંગીનતા ને સફળતા માટે સોએ સો ટકાની ખાતરી થઈ. પણ આજુબાજુનાં ગામડાંઓના લોકોને ગળે આ વાત નહોતી ઊતરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાંમાં એક ઘર કરતાં ત્રણ પેઢી નીકળી જાય, અને હાઈસ્કૂલ કે ધર્મશાળા જેવું જાહેર હિતનું કામ હોય તો અંદર અંદરની ખટપટને લીધે દશકો વહી જાય. એટલે લોકો પોતાના તોલમાપથી આ નવી યોજનાને માપે એમાં એમનો દોષ નહોતો.

હવે એક વરસનું કામ જોયા પછી બધો ય લોકમત વિરુદ્ધ દિશામાં ગયો છે.

નરસિંહ મહેતાની હૂંડી

ગઈ સાલ મેં શ્રી. ભાઈલાલભાઈને પૂછ્યું કે: "તમે આવડું મોટું કામ તો ઉપાડ્યું છે પણ તમારી પાસે પૈસા મેળવવાનો કોઈ "પ્લેન" છે કે નહિ?"

એમણે જવાબ આપ્યો: 'પ્લેન' વળી શો? નરસિંહ મહેતાએ હૂંડી લખી ત્યારે એમની પાસે કયો 'પ્લેન' હતો? હું તો હૂંડી લખીને બેઠો છું, હવે મારે શી ફિકર?"

મારે ગળે એ વાત ન ઊતરી. એક બાજુ વિજ્ઞાન, યંત્રો, સેનીટેશન ને બુદ્ધિવાદની વાતો અને બીજી બાજુ નરસિંહ મેહતાની હૂંડી!

હવે એક વરસનું કામ જોયાં પછી મને એ વાતમાં વિશ્વાસ બેસે છે. જનતાજનાર્દને એમની હૂંડી સ્વીકારી છે.

લોકો સંસ્થાઓને કઈ રીતે મદદ કરી શકે?

(૧) 'ચારુતર વિદ્યામંડળ'ના સભાસદ થઈને. એના વર્ગો ને લવાજમ નીચે મુજબ છે:

(ક) મુરબ્બી: રૂ. ૫૦૦૦ (ગ) દાતા: રૂ. ૫૦૦
(ખ) ઉપમુરબ્બી: રૂ. ૧૦૦૦ (ઘ) સભ્ય: રૂ. ૨૫૦

(૨) ગ્રામોદ્ધાર સહકારી મંડળના શેર લઈને. એક શેરની કીંમત રૂ. ૧૦૦) છે. ત્રીસથી વધારે શેર એક માણસને નામે આપવામાં આવતા નથી. શેર ઉપર ૩ % વ્યાજ મળે છે. દરેક સભાસદને રૂ. ૧) દાખલ ફી આપવી પડે છે.

(૩) ૩ %ના વ્યાજે ગ્રામોદ્ધાર મંડળમાં બાંધી મુદ્દતની થાપણ મૂકીને.

સંસ્થાઓ લોકોને કઈ રીતે મદદ કરી રહી છે?

(૧) વલ્લભવિદ્યાનગરમાં જે લોકો પ્લૉટ વેચવા કે ખરીદવા માગતા હોય તેમને તે સગવડ મંડળ તરફથી કોઈ પણ જાતનું મહેનતાણું લીધા સિવાય કરી આપવામાં આવે છે.

(૨) આજુબાજુના પ્રદેશના લોકોને ઘર બાંધવાનો સામાન કિફાયત ભાવે પૂરો પાડે છે.

(૩) મંડળના નિષ્ણાત ઇજનેરોને સલાહ નીચેની શરતોએ મળે છે:—

(ક) કોઈ પણ બાંધકામના પ્લેન અને એસ્ટીમેટ તૈયાર કરી આપવા બદલ એસ્ટીમેટનો ૧½ % લેવામાં આવે છે.

(ખ) કોંટ્રાક્ટરને આપેલા કામકાજ ઉપર મંડળના ઇજનેરની દેખરેખ માટે એસ્ટીમેટ ઉપર ૫ % ચાર્જ લેવામાં આવશે.

(ગ) પ્લેન, એસ્ટીમેટ, તેમ જ માલસામાન વગેરે ખરીદી બાંધકામનું બધું જ કામ મંડળને કરવાનું હશે. તો કુલ ખર્ચના ૧૦ % વધારાના લઈ તે કરી આપવામાં આવશે.

આ સંસ્થાઓનો "ઑફિશિયલ" રિપોર્ટ નથી. "ઊર્મિ"ના તંત્રીશ્રીએ મને આજ્ઞા કરી કે મારે વલ્લભવિદ્યાનગર જઈને બધું જોઈ આવવું, અને ત્યાંના કામકાજનો અહેવાલ "ઊર્મિ"ના વાંચકો માટે રજૂ કરવો. હું ત્યાં જઈ આવ્યો, અને એક વૃત્તવિવેચક તરીકે મારા મન ઉપર પડેલી છાપ હું અહીં રજૂ કરું છું.

સંસ્થાઓ વિષે "ઑફિશિયલ" માહિતી મેળવવાની જેમની ઈચ્છા હોય તેમણે—

શ્રી૦ ભીખાભાઈ કુબેરભાઈ પટેલ.
મંત્રી: ચારુતર વિદ્યામંડળ,
વલ્લભવિદ્યાનગર—આણંદ.

એ સરનામે પત્રવ્યવહાર કરવો.

જેઓ જાતે જઈને બધું કામકાજ જોવા માગતા હોય, તેમણે આણંદ-ખંભાત રેલ્વે ઉપર આવેલા કરમસદ સ્ટેશને ઊતરવું. ત્યાંથી ૧-૧॥ માઈલ ઉપર વલ્લભવિદ્યાનગર રચાઈ રહ્યું છે, સ્ટેશને સંસ્થાઓની મોટરો માલસામાન વહી જતી હોય છે, જેમાં બેસીને ત્યાં જઈ શકાય છે. સંસ્થાઓનું અતિથિગૃહ ત્યાં છે, પણ ત્યાં એકાદ બે દિવસ રહેવા ઇચ્છનારે સાથે પોતાનો બીસ્તરો અવશ્ય લઈ જવો.

સંસ્થાઓને અત્યારે ઇજનેરો, ઑવરસીયરો, ડ્રાફ્ટસમેનો વગેરેની જરૂર છે, તો ઉપર જણાવેલે સરનામે સંસ્થાઓના મંત્રીને પોતાની લાયકાત દર્શાવીને અરજી કરવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરોળીનાં ઈંડાં

શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય
અનુવાદક : રમણિક મેઘાણી

શિયાળાની એક સાંજે અમે કેટલાક મિત્રો કલબમાં બેઠાં બેઠાં રાજકારણની ચર્ચા કરતા હતા, જોકે અમારી કલબમાં રાજકારણ ચર્ચવાની મનાઈ હતી, કારણ બિહારમાં રહીને બંગાળીઓએ જો મંડળો સ્થાપવાં હોય તો નિયમ લેખે આવા કેટલાક નિયમો રાખવા જ પડે છે.

ચર્ચા ધીરે ધીરે બે સભ્યો વચ્ચેના વાગ્યુદ્ધમાં પરિણમી. અમે સહુ ધ્યાનપૂર્વક એ સાંભળતા હતા. પૃથ્વી બોલ્યો, "ગમે તેમ કહો પણ માત્ર ગાંધીટોપી પહેર્યે જ દેશભક્ત નથી થવાતું. ગાંધી ટોપીધારી ચુની બોલ્યો, "ના, થઈ શકાય છે. બંગાળના સાત લાખ માણસો જો ગાંધી ટોપી પહેરતાં થઈ જાય તો ઓછામાં ઓછી એક કરોડ વાર ખાદીનું વેચાણ થાય, ને એની કિંમત વધું નહિ તો યે ત્રીસ લાખ રૂપિયા તો થાય જ. એ રૂપિયા દેશવાસીઓના પેટમાં પડે એટલું તો દેખીતું જ છે."

"એ હશે પણ ટોપી પહેરવાથી બંગાળીઓની વિષમતા નાશ પામશે, પછી ભલે એ ગમે તે ટોપી હોય. ઉઘાડું માથું એ જ બંગાળીની વિશેષતા છે." પૃથ્વીએ કહ્યું.

"જો એ વિશેષતાના જોરે જ બંગાળીઓ ટકી રહેવા માગતા હોય તો તે એમણે દોરડું બાંધી લટકી જવું જ બહેતર છે." ચુનીએ રોષભર્યા અવાજે કહ્યું.

આઘે ટેબલના ખૂણા પાસે બેઠેલો વરદા ઊંચે છતના મોભ તરફ તાકી રહ્યો હતો. એણે ઓચિન્તાનો પ્રશ્ન કર્યો કે "તમે ગરોળીને કદી હસતાં જોઈ છે ?

આ અણધાર્યા પ્રશ્નથી બંને ચર્ચાખોર થોડી વાર માટે અવાક થઈ ગયા. ને પછી અમે સૌ એકીસાથે ખડખડાટ હસી પડ્યા.

હાસ્ય અટકતાં વરદા બોલ્યા, "હસવાની વાત નથી. હું ટાઢા પહોરનાં હાંકયે રાખું છું કહી તમે મને વગોવો છો એ જાણું છું. પણ એમાં તો નિન્દકોની જ નિન્દા છે. માત્ર ગાંધી ટોપી પહેર્યે દેશોદ્ધાર થાય કે નહિ તે તો હું નથી કહી શકતો, પણ ગયા જઈને પિન્ડદાન દીધે બંધાયેલા જીવાત્મા મુક્તિ પામે છે. એનું ખરેખરું પ્રમાણ જોતું હોય તો તે હું આપી શકું તેમ છું.

સૌએ જાણ્યું કે એકાદ વાર્તા માથે તોળાઈ જ રહી છે. અને ઊભો થઈને અમૂલ્ય બોલ્યો, "હવે ગાંજાનું શ્રાદ્ધ થવાનું. હું તો ભાઈ ઘેર જાઉં છું," ને બારણાં સુધી જઈ પાછો વળીને તે બોલ્યો, "જુઓ, કલબનું અને આપણાં સૌનું કલ્યાણ ઈચ્છતા હો તો આ વરદાને કલબમાંથી ગડગડિયું આપો. નહિ તો માત્ર ગાંજાના ધુમાડાથી આપણી આ કલબને ક્યારેક ફુગાની જેમ શૂન્યમાં ઊડી જશે." ને આટલું બોલી ધબ ધબ કરતો એ ચાલ્યો ગયો.

એક ઊંડો નિસાસો મૂકી વરદા બોલ્યો, "સાચું કહેનારાની દશા આવી જ થાય છે. ઈશુને તો એ માટે ક્રોસે જડાવું પડેલું. વારુ રૂપી, એક સિગાર લાવ તો!'

'સિગાર તો નથી, બીડી છે, પીવી હોય તો આપું.' રૂપીએ જવાબ આપ્યો.

અને બીજો એક ઊંડો નિસાસો મુકતાં મુકતાં એ બોલ્યો, "રહેવા દે, જરૂર નથી; જોઉં કદાચ મારા ખિસ્સામાં એકાદ......"

ને ખિસ્સામાંથી સિગાર કાઢી એને ચેતાવતાં વરદાએ વાત શરૂ કરી, "વાત એટલી તો સામાન્ય છે કે તમારી પાસે એ રજૂ કરતાં મને સંકોચ થાય છે, પણ જ્યારે તમે સહુએ એ સાંભળવી એમ નક્કી જ કર્યું છે ત્યારે કહી નાંખું છું."

'માત્ર માણસ જ મરીને ભૂત થાય છે એવું નથી. પશુ-પંખી એટલે સુધી કે કીટ-પતંગ સુદ્ધાં મૃત્યુ પછી પ્રેત યોનિમાં જાય છે, એની સાબિતી મને એકવાર મળી છે.

'હજુ થોડા વખત પહેલાંની જ વાત છે. માંડ બે વરસ એને થયાં હશે. ત્યારે રજાના દિવસો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામકાજની ચિંતા નહોતી; એથી નચિંત મને મોપાસાંની વાર્તાઓ ફરી ફરીને વાંચતો હતો. આપણે ત્યાંના અકાળે પાકટ થઈ ગયેલા યુવાન સાહિત્યકારોએ મોપાસાંનો દોષ સોળેસોળ આના ગ્રહ્યો છે, પણ એના ગુણોનો તો એકાદ અંશ પણ ગ્રહ્યો નથી, બલ્કે તેઓ તે જાણી જ શકયા નથી. 'ખિસ્સાં ખાલી ને ભપકા ભારી' એ આનું જ નામ.

'પણ જવાદો એ વાત. એ રાત્રે ખુરશી પર બેઠો બેઠો સામેના ટેબલ પર ઝુકી તલ્લીન થઇને હું વાંચી રહ્યો હતો. ધાસલેટિયો લેમ્પ મોટી વાટે બળતો હતો. ઓચિંતી આંખ ઊંચી કરીને જોયું તો એક મોટી એવી ગરોળી કોણ જાણે કયારની યે મારા ટેબલ ઉપર ઊતરી આવી જીવડાંઓને 'મોક્ષધામ' પહોંચાડી રહી હતી. એની આવી હિંમત જોઇ હું અવાક જ બની ગયો.

'દુનિયામાં બધાયે જનાવરોમાં સહુથી વધુમાં વધુ ચીતરી ચડે એવું જાનવર હોય તો તે ગરોળી છે એમ મને લાગે છે. કરોળિયો, વંદા, કાચબા અરે દેડકાં સુદ્ધાંને હું સહન કરી શકું છું. પણ આ ગરોળી! જાણો છો, ગરોળીને એક કાનથી બીજા કાન સુધી આરપાર જોઇ શકાય છે! એની પૂંછડી કાપી નાખીએ તો એ પૂંછડી પણ આપમેળે કૂદકા મારતી રહે છે! મુદ્દે વાત એટલી જ કે ગરોળીને જોતાં જ કોણ જાણે કેમ વિના કારણે મારામાં ભયનો સંચાર થાય છે. પેટ ખાલી ખાલી લાગવા માંડે છે ને માથું વિચિત્ર રીતે ધ્રૂજવા લાગે છે. તમને હસવું આવશે પણ હસવાની વાત નથી. ડયૂક ઑફ વેલિંગ્ટનનો બિલાડો જોતાં સહુને આવું જ થતું *

'જે હો તે. મારા ટેબલ પર એ ગરોળીને સ્વચ્છંદે વિહરતી જોતાં જ હું ભડાક કરતો ખુરશી પરથી ઊભો થઇ ગયો. ને પછી દૂર રહ્યો રહ્યો એને હાંકી કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો. એ માથું ઊંચું કરી થોડી વાર મારા તરફ તાકી રહી ને પછી દાંત બહાર કાઢીને એકવાર હસી પડી.

'એથી જ તમને સૌને પૂછતો હતો કે કદી ગરોળીને હસતી દીઠી છે? ગલુડિયાંના, બિલાડીના, અને શિમ્પાન્ઝીના હાસ્ય વિષે ઘણું ઘણું જાણ્યું—વાંચ્યું છે. પરંતુ ગરોળીના હાસ્ય વિષે કયાંય કંઈ વાંચ્યું હોય—કંઇ—લોકવાયકા સુદ્ધાં સાંભળી હોય એવું યાદ નથી આવતું.

'એ ગરોળીના મોઢામાં લગભગ પચાસ હજાર દાંત હોય એમ લાગતું હતું. એનું એ હાસ્ય સ્પષ્ટ અવજ્ઞાસૂચક હતું. જાણે એ કહેતી હતી કે, કેમ? મને જોતા જ ખુરશી છોડીને નાઠાને? દૂરથી બડાઇ કરતાં લજવાતા નથી?

'બહુ રોષ આવ્યો. નાની એવી આ ગરોળી—ભલે ને એ છ ઇંચ લાંબી રહી!—મારા જ ટેબલપર ચડીને મને જ આટલી તુચ્છકારે છે? અને એક ભારે એવું થોથું જોઈ ને, બનતાં સુધી વેબસ્ટર ડીકસનેરી જ ઉપાડીને ટેબલ પર મેં ધડામ દેતી પડતી મૂકી. એ વીજળીની જેમ પાછી વળી ગોળ ગોળ આંખો કાઢી મારી સામે જોઇ રહી, ને બે મિનિટ પછી ફરીને એના એ જ પચાસ હજાર દાંત બહાર કાઢીને હસી.

'મારી પત્ની પડદાની તડમાંથી બાજુના ઘરમાં ઊભી ઊભી મારૂં આ શબ્દભેદી યુદ્ધ જોતી હતી. બંગડીના અવાજથી એ બાજુ જોયું તો એ પણ મૂંગી મૂંગી હસતી હતી. ગરોળી અંગેની મારી આ નબળાઇ એ પહેલેથી જાણતી હતી.

'ક્રોધથી હું અંગેઅંગ બળી રહ્યો. ડિકસનેરી હાથમાં જ હતી. એ હાથ વડે એને ઊંચે તોળી, ગરોળી ઉપર જ બરાબર નિશાન લઈ મેં એ અદ્ધરથી ટેબલ પર ઝીંકી. હોહા મચી ગઈ. લેમ્પ ઊંધો વળતાં ચિમની ખનૂન્ન્ કરતી ફૂટી ને ઘરમાં અંધકાર થઈ ગયો. મા રસોડામાંથી આ અવાજ સાંભળી દોડતી આવી. મારા નાના ભાઇ પાંચુનો હિન્દુસ્તાની શિક્ષક બહારના ઓરડામાં બેસી તેને ભણાવતો હતો એ 'કયા હુઆ? કયા હુઆ?' કરતો હો હા કરવા લાગ્યો.

'અંધારામાં ઊભો ઊભો હું ડરતો હતો કે પેલી ગરોળી કયાંક ટેબલ પરથી ઉતરીને મારા શરીરે ચડવા ન માંડે?

---

* વરદા ભૂલ્યા છે. ડયૂક ઑફ વેલિંગ્ટન નહિ પણ લોર્ડ રોબર્ટ્સ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નોકર રઘુ ઊંચે શ્વાસે ફાનસ લઈ હાજર થયો. ને મેં જોયું તો ભાંગેલા કાચની વચ્ચે જબ્બર ડિફ્સ-નેરીની નીચેથી માત્ર એનું મોં જ બહાર દેખાતું હતું. ધડ દબાઈ ને સાથવો બની ગયું હતું. માથું તદ્દન સલામત હતું. જાણે ભારે થોથા તળેથી માથું આગળ લાવી એ મને જોતી હતી ને અગણિત દાંત બહાર કાઢી એક અત્યંત દાનવી હાસ્ય હસતી હતી.

'હું પગથી માથા સુધી બે ચાર વાર ધ્રૂજી ઊઠયો. ચીતરી ચડે એવા એ મૃત દેહ ફેંકી દેવાનો હુકમ કરી, હું જઈને પથારીમાં પડયો. એ રાત્રે પછી વાળુ કરવાની રુચિ જ ન જન્મી.

'રાત્રે ઊંઘમાં વચ્ચે વચ્ચે અનેક દુઃસ્વપ્નો ફરી ફરીને આવતાં રહ્યાં. અને ભાનમાં આવી પકડાતાંયે નહોતાં. તેમજ કંઈ નથી કહી ઉડાડી મૂકી શકાતાંયે નહોતાં. સવારે જ્યારે પથારીમાંથી ઊભો થયો ત્યારે શારીરિક કે માનસિક તાઝગી જરાયે નહોતી.

'કંટાળાભર્યા ચિત્તે બહારના ઓરડામાં બેઠો બેઠો ચા પીતો હતો ત્યાં ઓચિન્તી નજર સામે ટેબલ પર પડી. જોયું તો ત્યાં બે નાનાં નાનાં ઈંડાં બાજુબાજુમાં પડ્યાં છે. દેખાવમાં બરાબર ખડી ચોપડેલા ઝીણાં કરમદાં જેવાં લાગ્યાં. એ પહેલાં કદીયે ગરોળીનાં ઇંડાં જોયાં ન હતાં. છતાં એને ઓળખતાં મને જરાયે વાર ન લાગી કે એ એનાં — ગરોળીનાં ઈંડાં જ છે.

'બૂમાબૂમ કરી નોકરોને પૂછા કરી કે અહીં કોણે એ મૂક્યો છે? પણ કોઈ જ કંઈ ખુલાસો કરી શકયું નહિ. મારઝૂડની બીક દેખાડ્યા છતાં કોઇની પાસેથી કંઈ વાત કઢાવી ન શક્યો, ત્યારે મને પશા ઉપર ગઝબની શંકા આવી. હું એના ઉપર ઊતરી જ પડ્યો. બહુ બહુ કર્યા છતાં ય એ કંઇ જ કહી ન શકયો, આખરે એ રડી પડયો. પણ ગુનો મેં કર્યો છે એમ ન બોલ્યો. દંડ તરીકે એ બેઉ ઇંડાં બહાર ફેંકી દેવાનું ફરમાન કરી હું વિચારમાં પડ્યો.

'મને ડરાવવાના હેતુથી જ કોઈએ આ કાવત્રું રચ્યું હોવાની શંકા મારામાં ઘર કરી ગઈ હતી. થોડી વારે ટેબલનું ચાવી દીધેલું ખાનું ખોલીને જોઉં છું તો તેમાં પણ બે ધોળાં ધોળાં નાનાં નાનાં ઈંડાં દેખાયાં, ને ત્યારે. મને એવો તો આંચકો લાગ્યો કે વાત જ ન પૂછો! આ શું? અહીં વળી આ કોણ મૂકી ગયું?

'પછી તો જોતજોતામાં આખા ઘરમાં આ ઈંડાંઓની છૂટે હાથે લાણી થઇ હોય એમ લાગ્યું. જ્યાં જ્યાં નજર નાખું, જ્યાં જ્યાં હાથ મૂકું, ત્યાં બધે જ ઈંડાં ને ઈંડાં જ દેખાતાં હતાં. આખી દુનિયાની તમામ માદા ગરોળીઓએ જાણે એકાએક સંપી જઈને સર્વત્ર ઈંડાં મૂકવાં શરૂ કરી દીધાં હતાં.

'એ રીતે લગભગ બે દિવસ ચાલ્યું. હું એવો તો ત્રાસી ગયો હતો કે એકાએક ક્યાંય હાથ મૂકતાં સુદ્ધાં હું ડરવા લાગ્યો. કદાચ ત્યાંથી યે ગરોળીનાં ઈંડાં નીકળી પડે તો!

'પણ બીજાઓ માટે આ વાત એવી તો મામૂલી હતી કે હું ખુલાસો કરી કોઈને કંઇ કહીયે ન શકતો. ગરોળીનાં ઈંડાં! એમાં શું? એનો જવાબ આપવો મુશ્કેલ હતો. મને પોતાને પણ એ વાત સમજાવવામાં ન ફાવ્યો. ઊલટાનું મનમાં થયા કરતું કે આ બરાબર નથી, સ્વાભાવિક નથી, ક્યાંક નક્કી કંઈક ભૂલ છે.

'પરંતુ માત્ર એક ગરોળીને આમ કમોતે મારી નાખવાને કારણે જ આ બધું થાય છે એ સહજબુદ્ધિથી માન્યામાં નહોતું આવતું. તો પછી આનું કારણ? બહુ બહુ વિચાર કર્યા પછી હું એ નિર્ણય પર આવ્યો કે મેં પેલે દિવસે જે ગરોળીને અત્યંત અન્યાયપૂર્વક મારી નાખ્યો હતો. તેની ગર્ભવતી વિધવા જ વિરહ વેદનાએ અસ્થિર બની ચારેબાજુએ ઇંડાં મૂકતી ફરે છે. આ સિવાય બીજું હોઈ પણ શું શકે?

'ઘેર બેઠાં બેઠાં જ્યારે મનને કંઇ જ ચેન ન પડયું ત્યારે થયું કે ચાલ કલબમાં જાઉં. અહીં આવ્યો. પણ કલબ લગભગ બંધ જેવી જ હતી. તમે કોઈ નહોતા. દરવાન પાસે બારણું ખોલાવી આ ઓરડામાં જ આવીને બેઠો. ટેબલ પર રજકણનો આછો થર જામ્યો હતો. સિગારેટ ચેતવી દીવાસળી એશટ્રેમાં નાંખવા જાઉં છું તો તેમાં રાખની વચ્ચોવચ્ચ બે ધોળાં ઇંડાં. ને તુરત જ હું ઘેર પાછો ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બારણામાં પ્રવેશતાં જ બા સામે મળી. મારી સામે જોઈ રહીને બોલી, 'કેમ ભાઈ, આ થોડા દિ'થી તારું મોં આવું પડી ગયેલું કેમ લાગે છે? શરીરે ઠીક નથી કે શું?'

'મેં કહ્યું, 'હા, આ જરાક......'ને એટલું બોલતાં બોલતાં હું પાછો બહાર નીકળી ગયો.'

'વાત ધીરે ધીરે વધતી જતી હતી. એમાં શક નહોતો. કદાચ પેલી ગરોળીની માદા વધુ ઈંડાં મૂકતી હશે તેમ કહી વાત ઉડાડી દેવી એ પણ સહજ નહોતું. આ બીજું કંઇ જ નહોતું. નક્કી ભૂત-ઈંડાં-ભુત જ હતું. પેલી પ્રતિહિંસાપરાયણ ગરોળી પ્રેતયોનિમાં જઇ મને ડરાવતી હતી, અને એની ભૌતિક બુદ્ધિથી એણે જાણી લીધું હતું કે આ ઈંડાં-ભૂત સિવાય બીજા કશાથી હું ડરું એમ નથી.

'પ્રાણી માત્ર પ્રત્યે દયા દર્શાવવાનું આપણાં શાસ્ત્રોમાં શા માટે સૂચવવામાં આવ્યું છે, અને એક સામાન્ય બકરાંનો જીવ બચાવવા ભગવાન બુદ્ધ પોતાનો પ્રાણુ સુદ્ધાં આપવા કેમ તૈયાર થયેલા તે મારી આ વાત સાંભળ્યા પછી તમને ન સમજાય તો નક્કી માનજો કે તમારા કર્મમાં કુમ્ભીપાક નર્ક અનિવાર્ય છે. મુજે મારા મનમાં ઘોર પશ્ચાત્તાપ થતો હતો. અસંખ્ય દાંતોવાળી એ મૃત ગરોળીને ઉદ્દેશીને હું બોલતો હતો કે 'હે પ્રેત! હે અવલંબનવિહીન વાયુભૂત! ઘણું થયું. હવે ખમૈયાં કરો. તમારી ઈંડાં-લીલાને હવે સમેટી લો-કૃપા કરી એને પાછાં ખેંચી લો!

'પણ એને પાછાં કોણ ખેંચે? રાત્રે વાળુ કરવા બેસતાં ભાતનો કોળિયો લેતાં જ જોયું તો બે બરાબર પાકી ગયેલાં ઈંડાં! ધ્રુજતે અંગે હું આસન પરથી ઊભો થઇ ગયો. બા બોલી, 'ઊઠયો કેમ? શું થયું?'

'હું થરથર કંપતો હતો. માંડ માંડ કંપને શમાવી મેં કહ્યું, કંઈ નહિ! અમસ્થો જ ભૂખ નથી.'

'જઈને પથારીમાં પડયો. આળોટતાં આળોટતાં સાંભળ્યું. બા મારી વહુને ધમકાવતી હતી કે 'મૂરખી, ઝીણાં કરમદાં તે કદી ભાતમાં નખાતાં હશે? ખબર નથી ઈ બહુ સુગાળવો છે! જોતાં જ એમને એમ ઊઠી ગયો.'

'રાત્રે એક મઝમ સ્વપ્ન જોયું. એ પહેલાં કે એ પછી કદીયે એવું સ્વપ્ન મેં નથી જોયું ને હવે ફરી કદી જોવા ઇચ્છતો યે નથી. એ સ્વપ્નમાં મેં જોયું કે જાણે ખૂબ જ કંટાળીને હું પથારીમાં પડયો છું. પથારીમાં લંબાવતાં જ લાગ્યું જાણે ઓછાડ નાખ્યો નથી. ઓછાડને બદલે પથારી આખી ગરોળીનાં ઈંડાંથી જ ઢંકાઈ ગઈ છે, ધીરે ધીરે મારા ભારથી એ ઈંડાં ફૂટી જવાં લાગ્યાં ને એમાંથી કાળા કાળા કંકાલ જેવા સાપોલિયાં શા લાખમલાખ ગરોળીઓનાં બચ્ચાં નીકળી નીકળીને મારે અંગે અંગે ભમવા લાગ્યાં. હું જીવ લઇને નાસી છૂટવા ઊઠવા મથ્યો. પણ સ્વપ્નમાંથી ભાગવું કઈ રીતે? આખરે પથારીમાં રહ્યો રહ્યો જ હાંફવા લાગ્યો. અને મેં મારી હતી તે જ ગરોળી મારે શરીરે ચઢી નાક ઉપર બેસી એકી ટશે મારી સામે જોઇ રહી.

'પત્નીનો ધક્કો વાગતાં ઊંઘ ઉડી ગઇ. જોયું તો આખું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું છે. અને ત્યારે પણ ચીતરી ચડે એવાં એ ગરોળીનાં જણ્યાં મારે આખે શરીરે ભમી રહ્યાં હોય એમ મને લાગતું હતું.

'ઘણાં ઘણાં ખરાબ સ્વપ્નો જોયાં છે-અને બીજાં યે ઘણાં જોઇશ એમાં શંકા નથી. પરંતુ ભગવાનને પ્રાર્થું છું કે એવું સ્વપ્ન હવે ફરી કદી યે ન દેખાડે.

× × ×

'ભયની જે વસ્તુ આંખ દ્વારા જોઇ શકાતી નથી. તર્કદ્વારા જેની ભયંકરતા દૂર કરી શકાતી નથી, અને જેના હાથમાંથી ઉગરવાનો બીજો કોઈ જાણીતો ઉપાય જડતો નથી. એ વસ્તુ જ જગતમાં કદાચ સહુથી વધુ ભયંકર છે. ભૂતનો ભય એ પ્રકારનો છે. તેથી જ હું જેમ જેમ વધુ ભય પામતો હતો તેમ તેમ તેમાંથી છૂટવાનો માર્ગ મારાથી વધુ દૂર જતો હતો. શું કરવું? કયાં જવું? કંઈ જ જાણે નહોતું સુઝતું.

'મારી માનસિક સ્થિતિ જયારે આવી હતી ત્યારે એક દિવસ ટપાલમાં એક કાગળ આવ્યો: કાગળ મારા મિત્ર શુભેન્દુનો હતો. ગયાથી એ લખતો હતો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું કેમ છો……હું મઝામાં છું……વગેરે કાગળમાં ખાસ કંઈ જ નહોતું. છતાં ઓચિન્તાની મને જાણે દિવ્યદૃષ્ટિ સાંપડી. મારે માટે જાણે એ મામૂલી કાગળ જ નહોતો. દૈવવાણી હતી.

'ને તુરત જ મેં શુભેન્દુને તાર કર્યો, 'આજે જ ઉપડું છું, ત્યાં આવવા.'

'એ પછી યથાસમયે ગયા પહોંચી પેલી ગરોળીના પ્રેતાત્મા માટે સદ્‌ગતિનો સંકલ્પ કરી મેં પિન્ડદાન દીધું. હવે ગયા જઈને કોઈ ગરોળીના પ્રેતાત્માને કોઈ પિન્ડદાન કરે છે કે નહિ એ નથી જાણતો. પણ એ પછી મને એ ઈંડા-પ્રેતે કદી યે નથી સતાવ્યો.

'એ માયામુક્ત જીવાત્મા હવે કદાચ દિવ્યલોક વૈકુંઠમાં ભીંત પર કીટ-પતંગને આરોગતો વિહરતો હશે!'

✻

કેટલું દૂધ પીશો?

હિંદુસ્તાનમાં નવકરોડ સિત્તેર લાખ ગાયો છે. આ રીતે, આખી દુનિયાની ગાયોના લગભગ ૨૯ ટકા એકલા હિંદમાં જ છે. છતાં હિંદુસ્તાનમાં દૂધનું ઉત્પાદન સરેરાશ વ્યકિતદીઠ રોજના ૭ ઔંસ (૧૭॥ તોલા) આવે છે. ન્યુઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિયામાં માણસદીઠ રોજનું ૫૬ અને ૪૫ ઔંસ દૂધ પેદા થાય છે. આહારશાસ્ત્રના નિયમ પ્રમાણે માણસે રોજનું ઓછામાં ઓછું ૨૦થી ૩૦ ઔંસ દૂધ પીવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વિજ્ઞાનદર્શન

શ્રી. બંસી ગાંધી બી. एससी.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम. एससी., पीएच. डी.

'વિજ્ઞાન-દર્શન'નું એક વર્ષ

નવેમ્બર ૧૯૪૫ના અરસામાં ભારતી સાહિત્ય સંઘના ભાઈશ્રી ઈશ્વરલાલ તથા ભાઈશ્રી તારાચંદ અમારામાંના એકને મળ્યા અને 'ઊર્મિ અને નવરચના' માસિકમાં વિજ્ઞાન વિભાગ શરૂ કરવા તેમને થએલ વિચારની અને તેના લેખન માટેની જવાબદારી સ્વીકારવાની વાત કરી. પૂરતો વિચાર કરી અમે આ જવાબદારી સ્વીકારી, અને ડિસેમ્બર ૧૯૪૫થી આ માસિકમાં દર માસે નિયમિત રીતે 'વિજ્ઞાન-દર્શન' વિભાગની શરૂઆત થઈ. 'વિજ્ઞાન-દર્શન' એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે અમારી એક વર્ષની પ્રવૃત્તિનું સરવૈયું અસ્થાને નહિં ગણાય.

'વિજ્ઞાન-દર્શન'ના પહેલા હપ્તામાં ('ઊર્મિ અને અને નવરચના' અંક ડિસેમ્બર ૧૯૪૫) અમે અમારા ધ્યેયનો નિર્દેશ કરેલો. હિંદની જુદી જુદી પ્રયોગશાળાઓમાં ચાલતી વૈજ્ઞાનિક સંશોધનની વિધવિધ પ્રવૃત્તિઓ અને તેના પરિણામો સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડવાનો, હિંદની ઔદ્યોગિક ખીલવણીમાં વૈજ્ઞાનિક સંશોધનના પરિણામો શું અગત્યનો ફાળો આપી શકે છે તે સંબંધી નિર્દેશ કરવાનો, તેમ જ વિજ્ઞાનના જુદા જુદા વિષયો સંબંધી ટૂંકી નોંધો લોકભોગ્ય ભાષામાં આપી વિજ્ઞાન વિષે વાચકોની અભિરુચિ ઉત્પન્ન કરવાનો અમારો ઉદ્દેશ અમે વાચકો સમક્ષ રજૂ કર્યો હતો. વર્ષ દરમિયાન વિજ્ઞાનના જુદા જુદા વિષયો સંબંધી વિવિધ રસથાળ અમે વાચકોને પીરસ્યો છે. અમારા ઉદ્દેશની સિદ્ધિ અર્થે અમારી શક્તિ અનુસાર અમે પ્રયત્ન કરેલ છે એવી અમોને ખાત્રી છે. પરંતુ અમારા પ્રયત્નમાં અમે કેટલે અંશે સફળ થયા છીએ તેનો તો માત્ર વાચકો જ નિર્ણય આપી શકે. થોડાઘણા પ્રોત્સાહન પત્રો તેમજ મૌખિક અભિનંદનો જો અમારી સફળતાના સૂચકચિહ્નો હોય તો અમોને તેટલા પૂરતો સંતોષ છે.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું છે. યુદ્ધકાળ દરમિયાન વિજ્ઞાનનો ઉપયોગ યુદ્ધની સંહારક પ્રવૃત્તિઓ માટે પૂરતા પ્રમાણમાં થયો. યુદ્ધકાળ દરમિઆન વિજ્ઞાને ખૂબ જ સંશોધનાત્મક પ્રગતિ કરી એ ખરું; પરંતુ તેમાંની ઘણી ખરી શોધોનો ઉપયોગ 'એટમ-બોમ્બ'ની માફક સંહારક પ્રવૃત્તિઓમાં જ લેવાયો. પરંતુ વિજ્ઞાન તો બેધારું છે. એક ધારે તે સર્જે છે, તો બીજી ધારે તે સંહારે છે. એટલે વિશ્વયુદ્ધની ભયાનક જ્વાલાઓ શાન્ત થતાં શાન્તિકાળમાં આપણે જરૂર આશા રાખીએ કે વિજ્ઞાને જે પ્રગતિ સાધી છે તેનો ઉપયોગ હવે માનવ હિતની સર્જક પ્રવૃત્તિઓમાં કરવામાં આવે.

ગત વિશ્વયુદ્ધે જગતના દેશોની સંસ્કૃતિ છિન્નભિન્ન કરી નાખી. એ સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે જગતના બધા દેશોમાં જોરશોરથી આંદોલનો શરૂ થયાં છે. સંયુક્ત રાષ્ટ્રોમાં આ સંબંધે તો એકમત છે. અને તેથી 'યુનેસ્કો' (United Nations Educational, Cultural and Scientific Organisation) જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી છે. દેશની કેળવણી તેમ જ સંસ્કૃતિ વિષયક ખીલવણીના જેટલી જ વૈજ્ઞાનિક ખીલવણીની અગત્ય હવે પ્રત્યેક દેશ સ્વીકારતો ગયો છે. નવા નવા ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક સંશોધન મંડળો સ્થપાયા છે અને નવી પ્રયોગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાઓના પાયા નખાયા છે. આ બધી પ્રવૃત્તિઓનો હેતુ વૈજ્ઞાનિક સંશોધનનો મોટા પાયા પર શરૂ કરી તે સંશોધનના પરિણામો દેશના ઉદ્યોગોમાં લાગુ પાડી જીવનની જરૂરિયાતો પૂરી પાડવાનું તેમ જ દેશમાં વસતા કરોડો માનવીઓનું જીવન સુખી અને સરલ બનાવવાનો છે. હિંદમાં પણ આ દિશામાં મોટા પાયા પર વૈજ્ઞાનિક સંશોધનની પ્રવૃત્તિઓના પગલા મંડાયાં છે. દેશના જુદા જુદા ભાગોમાં તાજેતરમાં જ કેટલીક મોટી પ્રયોગશાળાઓના પાયા નખાયા છે. માનવીના જીવનમાં વિજ્ઞાનની અગત્ય સહુ કોઇ સમજતું થયું છે. વૈજ્ઞાનિક સંશોધનમાં હિંદના વૈજ્ઞાનિકો હવે આગળ પડતો ભાગ લઇ રહ્યા છે અને તેથી હિંદ બહારની દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યું છે એ દેશને માટે એક શુભ ચિહ્ન છે.

'વિજ્ઞાન-દર્શન'ના બીજા વર્ષમાં અમો વાચકોનો સહકાર અને શુભેચ્છા માગીએ છીએ.

હિંદી વિજ્ઞાન પરિષદ : ૧૯૪૭નું અધિવેશન

ઈશુના ૧૯૪૭મા વર્ષના દ્વિતીય દિવસે દિલ્હી વૈજ્ઞાનિકોનું યાત્રાધામ જેવું થઈ પડ્યું હતું. એ આખું અઠવાડિયું વિજ્ઞાન-સપ્તાહ સમું પસાર થયું. એ દિવસોમાં હિંદી વિજ્ઞાન પરિષદની ચોત્રીસમી બેઠકનું અધિવેશન દિલ્હીમાં મળ્યું હતું. પરિષદના ચૂંટાયેલા પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરુ હતા.

વિજ્ઞાનપરિષદના ઇતિહાસમાં આ વખતની બેઠક અપૂર્વ ગણી શકાય : પ્રથમ, પરદેશી વિજ્ઞાનીઓની હાજરી; બીજું, પંડિત નહેરુની પ્રમુખ તરીકે ચૂંટણી અને ત્રીજું, યુદ્ધ વિરામ પછી હિંદના પલટાયેલા વાતાવરણમાં આ બેઠક અને તે પણ હિંદના પાટનગરમાં–આ બધું બેઠકની અપૂર્વતાના કારણરૂપ ગણી શકાય. પરિષદની બેઠકનું સ્થાન પટના નક્કી થયેલું હતું; પણ પરિસ્થિતિના કારણોએ બેઠકનું સ્થાન બદલાવ્યું. પરિષદના પ્રમુખ કાર્યમાં પહેલા મુખ્ય દિવસનો કાર્યક્રમ મુલ્તવી રાખવો પડ્યો; પરદેશી વિજ્ઞાનીઓને લઈ આવતું વિમાન સમયસર પહોંચી શક્યું નહીં. પ્રતિનિધિઓને સત્કારતાં સ્વાગત મંડળના પ્રમુખ દિલ્હી યુનિવર્સિટીના વાઈસ–ચાન્સેલાર સાર મોરીસ ગ્વાયરે યથાર્થ કહ્યું કે "પરિષદની આ બેઠક આંતરરાષ્ટ્રીય સંમેલન જેવી બની છે."

પ્રમુખ તરીકે પંડિત જવાહરલાલ નહેરુએ નવો ચીલો પાડ્યો. પરિષદના ઇતિહાસમાં પહેલી વાર પ્રમુખનું ભાષણ આપણા દેશની ભાષામાં શરૂ થયું. પંડિતજી વિજ્ઞાનને માત્ર બુદ્ધિમાનોને ખેલવાનું રમકડું ગણતા નથી. વિજ્ઞાન આજે રાષ્ટ્રઘડતરમાં અદ્વિતીય ફાળો આપે છે. વિજ્ઞાનના પરિણામો જનતા સુધી પહોંચવા જોઈએ અને એટલા માટે એ પરિણામ વ્યક્ત કરવાનું વાહન દેશની ભાષા થવી જોઈએ. પંડિતજીએ પોતાના પ્રમુખ તરીકેના ભાષણની શરૂઆત હિંદીમાં કરી. પછી અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું.

"હું સત્તા ઉપર છું એ માટે મેં આ માન સ્વીકાર્યું નથી. સત્તાને આધીન રહેવાની વૃત્તિ હું વૈજ્ઞાનિકોમાં ઉત્તેજવા માગતો નથી. મને અગાઉ આ માન માટે પસંદ કરવામાં આવ્યો હતો. પણ હું અહમદનગરના કિલ્લામાં શાંતિ ભોગવતો હતો, એટલે એ માન સ્વીકારી શક્યો ન હતો. "આજે જે નૂતન હિંદ ઊભું થતું તમે જોઈ રહ્યા છો તેનો હું એક અદનો પ્રતિનિધિ છું." એટલે આ માન સ્વીકારતાં હું આનંદ લઉં છું.

"હિંદમાં વૈજ્ઞાનિક સંશોધનને ઉત્તેજન આપવા અમે અમારી શકિત અનુસાર બધું કરશું : માનવજાતની પ્રગતિ અને જગતની શાંતિના કાર્યમાં અમે અન્ય દેશોના વૈજ્ઞાનિકો સાથે સહકાર કરશું. પણ એ વાત હું સાવ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માગું છું કે યુદ્ધના કાર્યમાં અમારો સહકાર નહીં હોય. આવા સંહારક હેતુઓ માટે વિજ્ઞાનને વરેલા સ્ત્રી–પુરૂષોનો થતો ગેરઉપયોગ અટકાવવા શું કરવું તે વિચારવાનું હવે જરૂરી બન્યું છે.

"વિજ્ઞાનનું ધ્યેય સમાજનું હિત હોવું જોઈ એ. વિજ્ઞાને સ્વતંત્ર અને સ્વાવલંબી સમાજ ઊભો કરવામાં મદદ કરવી જોઈ એ. હિંદની ભૂખી અને અર્ધનગ્ન વસતીને ખોરાક અને વસ્ત્ર પૂરાં પાડે એ રીતે વિજ્ઞાનની ફત્તેહ અંકાવી જોઈએ. પ્રજાની શક્તિ મુક્ત રીતે વ્યક્ત થાય એમાં વિજ્ઞાને પોતાનો ફાળો આપવો જોઇએ. તેની ખીલવણી માટે બધી તકો મળે એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજ્ઞાનને મદદ કરવી જોઇએ. અને છેવટે પણ ખૂબ અગત્યનું એ છે કે આ કાર્ય પૂરેપૂરા નિયોજનપૂર્વક થવું જોઈએ. વિજ્ઞાનને દુનિયાના સામાજિક અને રાજકીય બનાવો અને આર્થિક બંધનોથી અલગ પાડી ન શકાય. એટલા માટે જ વિજ્ઞાનને પોતાનું તત્ત્વજ્ઞાન અને એકતા ખીલવવાની જરૂર છે. વિજ્ઞાનના સીમાડા વધ્યા નહોતા ત્યારે વિજ્ઞાન પાસે આ બંને હતા. પરંતુ વિજ્ઞાનની વૃદ્ધિએ આ મુશ્કેલ બનાવી દીધું છે. જગતની ચાલુ પરિસ્થિતિમાં વિજ્ઞાનદૃષ્ટિની એકતા ખીલવવાની જરૂર છે એમ મને લાગે છે.

“ આજથી બે વર્ષો પર હિરોશિમામાં બોમ્બ ફૂટ્યો દુનિયા આખીમાં ખળભળાટ મચી ગયો. રચનાત્મક તેમજ સંહારાત્મક—બંને જાતના જબરદસ્ત ફેરફારોની આગાહી મને લાગી. આપણે ક્યાં જઈ રહ્યા છીએ, આપણી સંસ્કૃતિ ક્યાં જાય છે વગેરે ઘર્ષણો માનવીના મગજમાં પેદા થયા. આ જરૂરી હતું કે નહીં એ હું જાણતો નથી પણ એક પ્રશ્ન ઉપસ્થિત થયો : અમુક હેતુ સાધવા માટે કોઇ પણ શક્ય સાધન હાથ ધરવું જોઇએ ? હિરોશિમામાં વાપરેલું સાધન એટલું ભયંકર છે કે તેનું વર્ણન શબ્દાતીત છે. ધારેલું સિદ્ધ થયું છે પણ દરેક વિજ્ઞાનીએ વિચારવાનો એ પ્રશ્ન છે.

“ નવયુગમાં આપણે પ્રવેશીએ છીએ : સમાજની રચના ધરખમ ફેરવી નાખે એટલી જબરદસ્ત શક્તિનો કાબુ માનવીના હાથમાં છે. મારા વિચારો મધ્યયુગમાં જાય છે. દારૂગોળાની શોધ થઈ હતી. કેટલેક અંશે નૂતન રાજકીય અને આર્થિક રચના ઊભી કરવામાં તેણે મદદ કરી. અન્ય બળો પણ કાર્ય કરી રહ્યા હતા. છેવટે એક નવો મૂડીવાદી વર્ગ ઊભો થયો. અત્યારના સંજોગોને અનુકૂળ નૂતન સમાજ રચવામાં આજનો ‘ એટમ બોમ્બ ’ સંદેશવાહક તો નથી ને ?

“ વિશાળ દૃષ્ટિપૂર્વક આ ચિત્ર સમજવા હું માગું છું. એટલે જ આ બધા વિચારો આવે છે. આજની દુનિયાના સામાજિક બંધારણમાં અમુક ધરખમ મૂળભૂત ફેરફારો ન થાય ત્યાં સુધી વિજ્ઞાન કે અન્ય કોઇ ક્ષેત્રમાં પ્રગતિ થવાની નથી એવી મને તો ખાત્રી છે.

હિંદની પરિસ્થિતિ વિશિષ્ઠ છે. જુદી જુદી જગ્યાઓએ તમને જુદી જુદી સમાજરચના નજરે પડશે. મધ્યયુગની તેમજ આજની વીસમી સદીની રચના તમને જોવા મળશે. આ ઝડપથી બદલાતા ચિત્રમાં વીસમી સદીની સમાજ રચના પણ વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ ઘટવાતી હોય એમ લાગતું નથી. એટલે મને ખાત્રી થઈ છે કે તેમાં મૂળભૂત પરિવર્તન થવું જોઇએ.

“ હિંદની ખીલવણી નિયોજનપૂર્વક થવી જોઈએ: છૂટાછવાયા પ્રયત્નો કામના નહીં નીવડે. નિયોજનપૂર્વક કાર્ય નહીં થાય ત્યાં સુધી કાંઈ પ્રગતિ થઇ શકવાની નથી.”

× × ×

બીજે દિવસે બપોરના પંડિત નહેરુએ નેશનલ ફીઝીકલ લેબોરેટરીની શિલારોપણવિધિ કરી હતી. આ લેબોરેટરી દિલ્હીથી પાંચ માઇલ દૂર પુસા એગ્રિકલચરલ ઇન્સ્ટીટ્યૂટ પાસે આવેલી છે. જવાહરલાલના દર્શને ખૂબ દૂરથી ગ્રામ્ય જનતા ઊલટી પડી હતી. આ લેબોરેટરી ૪૦ લાખના ખર્ચે બંધાવવામાં આવે છે. નહેરુજીએ કહ્યું કે, “ પૈસાની અગવડ આની કોઈ પણ યોજનાની વચ્ચે આવવી જોઇએ નહીં. દેશના માણસોને કેળવવા જોઇએ અને એમની કેળવણીનો ઉપયોગ કરી શકાય એવી તક આપવી જોઇએ. નહીંતર તેમની શક્તિ નકામી નોકરીઓના કામમાં વેડફાઇ જાય. આપણે શું કરીએ છીએ તેનો ખ્યાલ દેશની દરેક વ્યક્તિને આપવો જ જોઇએ.

“ મને ઘણી દિલગીરી થાય છે કે અમારાં સ્વપ્નાં અનુસાર ઘડાયેલું હિંદ હું જોઈ શકીશ નહી, છતાંય એ ઘડતરમાં ફાળો આપવો એ કાંઇ ઓછું ભવ્ય નથી.

“ આજે આ મહાન સંસ્થાની શરૂઆતમાં મદદ કરતાં મને ઘણો આનંદ થાય છે. ”

આટલું અંગ્રેજીમાં બોલીને તેમણે ગ્રામ્ય જનતાને ઉદ્દેશી હિંદીમાં થોડું ભાષણ કર્યું હતું અને જનતાને વિજ્ઞાનના ફાયદા શું છે એ સંક્ષિપ્તમાં સમજાવ્યું હતું.

× × ×

આ પરિષદની વિશેષતાઓ બે હતી : એક પરદેશથી આવેલા વૈજ્ઞાનિકોના લોકભોગ્ય ભાષામાં અપાયેલાં ભાષણો. આ ભાષણો એટલાં આકર્ષક હતાં કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબ ગીર્દી રહેતી. બીજું આકર્ષણ વિજ્ઞાન પ્રદર્શન હતું. આ વખતનું પ્રદર્શન શિક્ષણાત્મક હતું. તેના ચાર વિભાગ કરવામાં આવ્યા હતા :

(૧) લશ્કરમાં વિજ્ઞાન વિભાગ, (૨) સંસ્થાઓનો વિભાગ, (૩) વેપારીઓનો વિભાગ અને (૪) પ્રકાશન વિભાગ.

પ્રથમ વિભાગમાં રડાર અને યુદ્ધમાં ઉપયોગી બીજી એવી કરામતો ગોઠવવામાં આવી હતી. ઉપરાંત યુદ્ધ દરમિયાન વૈદકીય સંશોધનની પ્રગતિને લગતી વિગતો જેવી કે પેનીસીલીન, બનાવટી ફેફસાં વગેરે બતાવવામાં આવ્યું હતું. સંસ્થાઓના વિભાગમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનની કાઉન્સિલ તરફથી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. તેમાં જાતજાતના પ્લાસ્ટીકમાંથી બનાવેલી વસ્તુઓ આકર્ષક હતી. દેશની ઔદ્યોગિક પ્રગતિસૂચક આ પ્રદર્શન વિભાગ સૌનું ધ્યાન ખેંચતો હતો; ઉપરાંત બીજી ઘણી વિજ્ઞાન સંસ્થાઓ તરફથી પુષ્કળ નમૂનાઓ આ વિભાગમાં પણ હતા. ત્રીજા વિભાગમાં વેપારીઓએ પોતાનો વિજ્ઞાનને લગતો માલ ગોઠવ્યો હતો અને પ્રકાશન વિભાગમાં જુદા જુદા વૈજ્ઞાનિક પ્રકાશનો બતાવવામાં આવ્યા હતા.

પરિષદના વિભાગોના પ્રમુખોના ભાષણોનો સાર આવતા અંકમાં આપશું.

આવતે વર્ષે વિજ્ઞાન પરિષદ પટનામાં ભરવાનું નક્કી થયું છે અને તેના પ્રમુખ સર રામનાથ ચોપરા ચૂંટાયા છે.

*

હિંદનો મહાન વારસો

હિંદે છેલ્લાં થોડાં વર્ષોમાં સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો પેદા કર્યા છે: આમાંના કેટલાક દુનિયાના વૈજ્ઞાનિકો સાથે આગલી હરોળમાં સ્થાન ધરાવે છે. હિંદના યુવકો દેશની સંશોધન સંસ્થાઓમાં અતિ મહત્ત્વના પ્રશ્નો પર કાર્ય ચલાવી રહ્યા છે. જૂના કાળમાં જેમ આપણા વિદ્વાનો વૈજ્ઞાનિક સંશોધનમાં અગ્રે હતા તેમ આધુનિક હિંદ પણ પોતાનું યોગ્ય સ્થાન આ ક્ષેત્રમાં પ્રાપ્ત કરશે એમ ખાત્રીથી કહેવાય.

પ્રાચીન હિંદના તત્ત્વજ્ઞાનીઓનું અંતરજ્ઞાન આધુનિક વિજ્ઞાનની શોધો અને માન્યતાઓની ખૂબ સમીપ પહોંચેલું હતું. દુનિયામાં એવો કોઈ દેશ નથી જ્યાં આવું બન્યું હોય. વિજ્ઞાનનું વ્યવસ્થિત જ્ઞાન જ્યાંથી સૌ પ્રથમ દુનિયાના જુદા જુદા પ્રદેશોમાં ફેલાયું હોય એવું કોઈ કેન્દ્ર હોય તો તેનું માન મેળવવાનો હક્ક પ્રાચીન હિંદને છે. આપણા સંસ્કૃત ગ્રંથોમાં ખગોળ અને ગણિતને લગતું જ્ઞાન એટલું બધું છે કે ખરેખર આશ્ચર્ય થાય છે. કેટલાક એવો મત ધરાવે છે કે ગ્રીસ આ બધા જ્ઞાનનો ઝરો હતો. હિંદને આ બધું તેની પાસેથી મળ્યું હતું. ઘડીભર ધારો કે આ પ્રતિપાદન સ્વીકારી લઈએ. ગ્રીસ જેવા દૂરના દેશ પાસેથી આટલું બધું જ્ઞાન એ સમયના હિંદી ખગોળવેત્તાઓ અને ગણિત શાસ્ત્રીઓ પચાવી શક્યા એ શું કાંઈ નાનીસૂની સિદ્ધિ છે? વિજ્ઞાનને અંગે આજે દેશમાં ઉત્સાહની ભરતી આવી છે. હિંદના શિક્ષિતો વિજ્ઞાનની પ્રગતિમાં પોતાનો હિસ્સો આપી રહ્યા છે. આજની વિજ્ઞાનની આ પ્રગતિ હિંદની પ્રાચીન વિજ્ઞાન–પરંપરાને સંવાદી છે.

હિંદના પ્રજામાન્ય રાજકીય નેતાઓ વૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્વક કામ કરે છે. જે ગાંધીજીના ગાઢ સંપર્કમાં છે તેઓ, ગાંધીજી પોતાના દરેક કાર્યમાં છૂટછાટરહિત વૈજ્ઞાનિક વૃત્તિ ધરાવે છે, એ બરાબર જાણે છે. વિચાર કે અનુમાન–શિથિલતા અને ખોટા વિધાનો થાય તો તેઓ ધૈર્ય ગુમાવે છે. તેમની પ્રવૃત્તિઓમાં આધુનિકતા ન દેખાય : છતાં સત્યની શોધમાં તેઓ વૈજ્ઞાનિકોના જેવા જ સંશોધક છે. ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિપૂર્વક યોજેલા હથિયારો વડે જ તેઓ કામ કરે છે.

પંડિત જવાહર નહેરુનું પણ એમ છે. એ સત્તા પર છે માટે તેઓ વિજ્ઞાન પરિષદના પ્રમુખ થવા લાયક છે એમ નથી. એમનું હૃદય અને બુદ્ધિ આધુનિક વિજ્ઞાન અનુસાર કામ કરે છે. વિજ્ઞાન પરિષદ સાથે તેમનો સંબંધ હિંદમાં મૌલિક સંશોધનને ઉત્તેજન આપશે અને આપણી યુનિવર્સિટીઓમાં વિજ્ઞાનના અભ્યાસમાં પડેલા યુવકોને પ્રેરણારૂપ બનશે.

વિજ્ઞાન, કલા અને સંસ્કૃતિ રાજકારણ જેટલા જ અગત્યના છે. જ્યાં સુધી પરદેશી સત્તા આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર પડેલી છે અને તેને કાઢવા લડત ચલાવવી પડે છે ત્યાં સુધી રાજકારણના મૂલ્યમાં ફુગાવો રહેવાનો. સ્વતંત્રતા સાંપડ્યા પછી પરિસ્થિતિ બરાબર થઇ જશે: પછી રાજકારણ પ્રાધાન્ય ભોગવશે નહી. વિજ્ઞાન તેમજ કલા અને સંસ્કૃતિ રાજકારણના ઝઘડા યા સત્તાપ્રાપ્તિ કરતાં વિશેષ મહત્ત્વના થશે.

શ્રી રાજગોપાલાચારી

વિજ્ઞાનમાં પ્રગતિ

અમુક વ્યક્તિ કે વ્યક્તિઓ આજે પ્રયોગોમાં નિષ્ફળતા પામે: એ જ કાર્યમાં ભવિષ્યનો કોઈ સંશોધનકાર ફત્તેહ પ્રાપ્ત કરે. આજે મને જે ન સમજાય તે અમુક કાળના ગાળા પછી બીજાને સુસ્પષ્ટ બની જાય. બીબામાં નાખેલ લોહરસનો ઢાળો તૈયાર થાય તેમ વિજ્ઞાન અને કળાનું ઘડતર થતું નથી: તેના ઢાળા એક સરખા હોતા નથી. વિજ્ઞાન અને કળા આસ્તે આસ્તે અને થોડે થોડે મૂર્તસ્વરૂપ પામે છે: અને એ સ્વરૂપમાંથી તેટલીજ ધીમી ગતિએ થોડે થોડે સુંદર આકૃતિ પરિણમે છે. જેમ રીંછ પોતાનાં બચ્ચાંને ચાટીચાટીને યા જરૂર પડે થપ્પડ લગાવીને તેના જેવું આકારવાન બનાવે છે તેવી રીતે વિજ્ઞાનમાં પણ થાય છે.

જે બાબતમાં મારી શક્તિઓની ઉણપને લીધે આજે હું ચંચુપાત પણ ન કરી શકું, તેમાં વિશેષ પ્રયાસો કર્યા કરું; અને ન સમજાય એ નવી બાબતને જુદી જુદી રીતે તપાસીને મારા પછીના કાર્ય કરનારાઓને એ ક્ષેત્રમાં હું ચીલો પાડી આપું; તેમનું કાર્ય સરળ અને સહેલું બનાવું; મારી પોતાની અશક્તિઓ અને મુશ્કેલીઓને લીધે હતાશ ન થતાં મારું કાર્ય જારી રાખું; આનું નામ વિજ્ઞાનમાં પ્રગતિ. મને નડતી અડચણો અને મુશ્કેલીઓ વ્યક્તિગત છે. વૈજ્ઞાનિક પ્રગતિ વ્યક્તિથી પર હોય છે.

'મીકેલ ડી મોન્ટેઈન'ના આત્મચરિત્રમાંથી

*

બેન્કો કે બિલાડીના ટોપા ?

૧૯૩૮માં હિંદુસ્તાનમાં ૧૪૭૧ બેન્ક-કચેરીઓ હતી. તેની સંખ્યામાં નીચે મુજબનો ક્રમિક વધારો થયો છે:—

૧૯૪૨ની આખરે	૨૭૧૦
૧૯૪૩ „ „	૩૪૧૩
૧૯૪૪ „ „	૪૫૫૦
૧૯૪૫ „ „	૫૨૬૬

(વડી ધારાસભામાં નાણાંપ્રધાન શ્રી લિયાકત અલીખાન).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળ માનસશાસ્ત્રના પ્રવાહો

નીરુ દેસાઈ

બાળ માનસશાસ્ત્રમાં હમણાં હમણાં ભારે પ્રગતિ સધાઈ છે. સંશોધનની ઘણી ફળદાયી દિશાઓના દ્વાર ઉઘડ્યા છે. તાજેતરમાં થયેલું પ્રાયોગિક કાર્ય મુખ્યત્વે બાળકોના સામાજિક વર્તન અને વલણ વિષે થયું છે; અને તેના આરંભકાળ વિષે હવે નિશ્ચિત મત બંધાતા જાય છે. બાળક બાળમંદિર કે પ્રાથમિક શાળામાં જતું થાય તે અગાઉની સ્થિતિ શિક્ષણ વિષે આથી રસ જાગૃત થવા માંડ્યો છે. ફ્રોઇડે બાલ્યવયમાં પ્રાપ્ત કરેલા સંસ્કારોની જીવન પર કેટલી છાપ હોય છે તેનું વિશદ દર્શન કરાવ્યું છે. અન્ના ફ્રોઇડ અને અન્ય શિક્ષણકારોનો મત એવો છે કે માનવી એકથી ત્રણ વર્ષના ગાળા દરમ્યાન જ ઘડાય છે. બાળ માનસશાસ્ત્રના નવા સંશોધનો આની શાખ પૂરે છે.

બાળકના અભ્યાસ અંગે કૂલ્લે ૧૪ પદ્ધતિઓનો નિર્દેશ જે. ઈ. એન્ડરસને કર્યો છે. આમાં પ્રાસંગિક નિરીક્ષણ, ચરિત્રલેખન, પદ્ધતિપૂર્વકનું નિરીક્ષણ, પ્રશ્નાવલી, માનસ પૃથક્કરણ, તમામ વિગતોની ઝીણામાં ઝીણી નોંધ (case history), સીધું માપ અને અન્ય કસોટીઓ, ગૂંથીત કાર્યો અંગે કસોટીઓ, ગણતરી, પ્રયોગ, ઇન્દ્રિય અંકુશના પૃથક પ્રયોગો, ઇન્દ્રિય અંકુશના સમૂહ પ્રયોગો, આંકડાઓના ઉપયોગ દ્વારા અંકુશ અને પ્રસંગ પૃથક્કરણ (Factor Analysis) આ બધી પદ્ધતિઓ એકબીજાથી સાવ નિરાળી કે પરસ્પર પ્રતિબંધક નથી. બાળ માનસના અભ્યાસમાં એકથી વિશેષ પદ્ધતિઓનો આશ્રય લેવો પડે છે.

આ પદ્ધતિઓનું વર્ણન અહીંયાં અપ્રસ્તુત છે. પરન્તુ તેના પરિણામોથી જે પ્રકાશ સાંપડ્યો છે તે જાણવો જરુરી છે. આથી ખૂબ માહિતી એકઠી થઇ શકે છે; અને બાળકનું નાનામાં નાનું વર્તન તપાસી શકાય છે. અલબત્ત અમુક પદ્ધતિના પ્રયોગ પછી તારવેલા નિર્ણયોને સાચા જ માની લેવાની ભૂલ ન કરવી જોઇએ. પરન્તુ સમગ્ર દર્શનને સરવાળે જેમાં એકમતિ સધાઇ હોય તેવા નિર્ણયો વાજબી માની શકાય ખરા. કેટલાક ક્ષેત્રોમાં આવા નિર્ણયો પ્રાપ્ત થઈ શકયા છે—અને તેની આપણે નોંધ લઇએ.

ભાષા અને વાણી

વાણી અને ભાષા સામાજીક દૃષ્ટિએ ઘણા મહત્ત્વના છે; તેની સિદ્ધિ બાલ વિકાસમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

પ્રથમવાર જ જ્યારે બાળકના ફેફસામાં હવા જાય છે, અને એક શ્વાસ સાથે બહાર આવે છે ત્યારે બાળકનો પ્રથમ અવાજ—જન્મતા વેળા થયેલો અવાજ સંભળાય છે. થોડા દિવસ પછી તે વધારે મોટો કરે છે, યા રડે છે, તેમાં ખાસ કશો ફરક હોતો નથી. થોડાક અઠવાડિયામાં ભેદ માલૂમ પડવા માંડે છે, અને અનુભવી માતાઓ અને નર્સો ભૂખના તરસના, થાકના, શારીરિક અગવડના જુદા જુદા અવાજો પારખી શકે છે.

બીજા મહિનાને અંતે કે ત્રીજા મહિનાના આરંભમાં 'બબડાટ' શરૂ થાય છે—આમાંથી જ ભાષાનો ઉપયોગ વપરાશનો આરંભ છે. બુહલર જેવા આ 'બબડાટ'ને " તમામ માનવ ભાષાઓની ઊર્મિજન્ય અવાજ સામગ્રી " તરીકે ઓળખાવે છે. આ અવાજમાં દુનિયાના તમામ બાળકોમાં કશો ભેદ પરખાયો નથી. પ્રથમ વર્ષમાં બબડાટથી થતા અવાજોમાં વિવિધતા આવવા માંડે છે; તેમાં બધી ભાષામાં વપરાતા તમામ અવાજોનો સમાવેશ થાય છે, એટલું જ નહિ ભાષામાં નહિ જણાતા અવાજો પણ હોય છે. આ બધા મુદ્દા પર ગ્રેયરે સંભાળપૂર્વક નિરીક્ષણ કર્યું છે. એ સ્વર સૂચવે છે કે કોઈ પણ બાળક કોઇ પણ ભાષાના અવાજને સરળતાથી પકડી શકે છે. બબડાટનો આવેગ ઘણો પ્રબળ હોય છે—બાળક આ રમત યા બબડાટનુ આત્મસંભાષણ તેમાંથી મળતા આનંદ માટે ચલાવ્યે રાખે છે. પછીથી અવાજો વચ્ચેના ભેદનો તેને ખ્યાલ આવે છે. અને વાણીમાં અર્થ આવવા માંડે છે. જુદા જુદા અવાજોના અનુકરણમાંથી થોડેઘણે અંશે તે શીખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટર્ને ધ્વનિ–અનુક્રમનું અનુકરણ આઠ–નવ મહિનાના બાળકોમાં નોંધ્યું છે. પરન્તુ આવા અવાજો બાળકે કર્યા જ નથી તે કહેવું કઠણ છે..

સ્ટર્ન 'ઇકોલેબિયા' અને 'મેટાલેબિયા' વચ્ચે મહત્ત્વનો તફાવત આંકે છે: 'ઇકોલેબિયા' એટલે અવાજ સાંભળ્યા પછી તુરત જ તેનું ઉચ્ચારણ–આને ટૂંકમાં તાત્કાલિક પ્રતિધ્વનિ કહી શકીએ. મેટાલેબિયા એટલે વારંવાર સંભળાયેલા અવાજનું ઉચ્ચારણ–દીર્ઘકાલીન પ્રતિધ્વનિ–આમાં સાંભળ્યા પછી તુરત જ બાળક અનુકરણ ન કરે. પરન્તુ અમુક સમય–એક દાખલામાં દશ મહિને–પછી બાળક તેનું ઉચ્ચારણ કરે. લ્યુઈસ એમ કહે છે કે બાળક કોઇપણ અવાજ સાંભળે કે તુરત જ તેનું ઉચ્ચારણ કરવા ઝંખે છે, જો કે તે ઇચ્છા પાછી સમાઈ જવાનો પણ સંભવ રહે છે. "આવાજ બીજા પ્રસંગે આવા જ પરંપરા તે અનુભવે છે. યા તો મૂળ પરંપરા તે કાયમ કરે છે. બન્ને વિકલ્પોમાં મૂળ અનુભૂતિ સાથે સંકળાયેલ ઉચ્ચારણની પુનઃસ્થાપના થાય છે. જો વર્તમાન પ્રેરક બળવાન હોય તો અંતર્ગત ઉચ્ચારણને વક્તવ્ય સાંપડે છે અને બાળકને વાણી પ્રાપ્ત થાય છે. બાળકને આમળ સાંભળેલા અવાજો યાદ રહ્યા છે તેવું નથી; પરન્તુ અવાજનું તે સમગ્ર દર્શન પુનઃ સ્થાપે છે." ડ્રેવર; જરા ય બબડાટ વગર સોળ મહિને બોલવાનું શરૂ કરેલ બાળકનો દાખલો નોંધ્યો છે. આમાં ઉચ્ચારણ અંતર્ગત જ હતું તેમ કહી શકાય.

બાળક અમુક શબ્દ બોલે છે તેનો અર્થ એવો નથી કે તેનો અર્થ એ સમજે છે. આવી સમજ ત્યારે જ આવી ગણાય જ્યારે કાર્યો દ્વારા આ શબ્દનો અર્થ તે પ્રગટ કરે. ભાષાના અમુક વપરાશ પછી અને પ્રથમ વર્ષના અંતભાગમાં આવી સમજ અમુક અંશે શરૂ થાય છે. સાદા શબ્દોચ્ચાર સમજવા શક્તિમાન થાય તે અગાઉ ગૂંફીત શબ્દો અને વાક્યો પણ બાળક સમજવા લાગે ખરું. કેટલાક બાળકોના દાખલામાં પ્રથમ "અર્થપૂર્ણ અને બુદ્ધિગમ્ય" શબ્દો નવ મહિનાની વયે પણ સંભળાવા લાગે છે. પરન્તુ મોટા ભાગના દાખલાઓમાં આ વય મોડી હોય છે. વાતાવરણની ભિન્નતા, વ્યક્તિગત તફાવતો આદિ ઢીલમાં કારણભૂત થાય છે. દાખલા તરીકે બાળક ઇશારાઓનો છૂટથી ઉપયોગ કરતું હોય અને તેનો શીઘ્ર જવાબ જો આપવામાં આવે તો શબ્દ વપરાશનું પ્રેરક બળ ઘટે છે. બાળક બોલતુ ન થાય એટલે માનસિક ક્ષતિ છે તેવું સામાન્યતઃ મનાય છે. પરન્તુ ઘણી વાર વાણીનું સ્ખલન ભાષાની સમજ સાથે સંકળાયેલું હોય છે તેટલે અંશે જ માનસ વિકાસ અટકેલો કહી શકાય.

બાળકની ભાષાનો વિકાસ તેના શબ્દભંડોળ પરથી માપી શકાય. પ્રથમ તો અમુક શબ્દો વપરાય છે. ગેસેલના મતે બારમહિનાના બાળકનું શબ્દભંડોળ ત્રણ–ચાર શબ્દોનું હોય છે. આ પછી તેની ઝડપી પ્રગતિ થાય છે. આ પ્રગતિ વિશે અનેક નોંધો ઘણા માનસશાસ્ત્રીઓએ સંખ્યાબંધ બાળકો તપાસી કરી છે. પ્રેયર, સ્ટ્રુપીન સ્ટર્ન, ડ્રેવર શાર્લી વગેરે આ અંતે અભ્યાસપૂર્ણ સંશોધનો કર્યા છે. બધા જ એક વાત પર સંમત છે કે આરંભમાં શબ્દ–પ્રાણીણ્ય ઘણું ઓછું હોય છે, પરન્તુ પાછળથી તે ઝડપથી વધે છે. ૨૭૩ બાળકોનો અભ્યાસ કરી એમ. ઇ. સ્મીથ એવા અનુમાન પર આવ્યા છે કે ૮ મહિનાના બાળકને એકેય શબ્દ આવડતો નથી, જ્યારે ૭ વર્ષની વયે ૨૫૬૨ શબ્દોનું ભંડોળ તો સામાન્ય બની જાય છે. ટરમાને મોટા બાળકો તથા મોટાઓના શબ્દભંડોળનો અભ્યાસ કરી નીચે પ્રમાણે કોઠો તારવ્યો છે.

વય	શબ્દભંડોળ
૮ વર્ષ	૩૬૦૦
૧૦ ,,	૫૪૦૦
૧૨ ,,	૭૨૦૦
૧૪ ,,	૯૦૦૦
સાધારણ જુવાન	૧૧૭૦૦
અસાધારણ ,,	૧૩૫૦૦

બીજા વર્ષમાં બાળકનું શબ્દભંડોળ વધવાનું એક કારણ પ્રત્યેક વસ્તુને નામ હોય છે તેવી એની શોધ છે. અંધ અને બ્હેરી હેલન કેલરના દાખલા પરથી આ જોઈ શકાય છે.

શબ્દભંડોળના જાતિ વિષયક ભેદો સમજવામાં છોકરીઓ છોકરાઓ કરતાં આગલો નંબર મેળવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. છોકરીઓ છોકરાઓ કરતાં બોલવાનું પણ વહેલું શીખે છે. સામાજિક દરજ્જાના ભેદભાવો પણ શબ્દભંડોળ સાથે સંબંધ ધરાવે છે. શિક્ષિત માબાપો અને મજૂર માબાપોના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ કરી ડેસકોદર એવા અનુમાન પર આવ્યો છે કે શિક્ષિત માબાપના બાળકો જલદી બોલતા શીખે છે–તકો અને સંસ્કારી વાતાવરણનો અભાવ શબ્દભંડોળ વધતું અટકાવવામાં કારણભૂત થાય છે જ.

ભાષાના કાર્ય વિશે મહત્ત્વના સંશોધનો થયા છે. એક મહિના સુધી પીઆજેટ અને તેના એક મદદનીશે ખૂબ વિગતથી એક મહિના સુધી એક શાળાના સાડા છ વર્ષના બે છોકરાઓના સંભાષણો નોંધ્યા છે. આ શાળામાં વિદ્યાર્થીઓને રમવા ભણવાની તમામ સ્વતંત્રતા છે, એ પછી ચારથી સાત વર્ષની વયના વીસ છોકરાઓના સંભાષણો પણ તેણે નોંધ્યા. પીઆજેટના મતે બાળકોની વિચારશક્તિ અમુક શ્રેણીઓમાંથી પસાર થાય છે. આ પ્રત્યેક શ્રેણી અમુક પુખ્તતાનું પાછું પરિણામ છે. પ્રથમ શ્રેણી તે autistic કહે છે. તેમાં કલ્પના અને તરંગ પ્રધાનપદે હોય છે,

બીજી શ્રેણી egocentric—સ્વકેન્દ્રી વિચારની હોય છે. બાળક સાતથી આઠ વર્ષનું થાય ત્યાં લગી તે ટકે છે. આ પછી તેની સમજશક્તિનો આરંભ થાય છે. અને બાળક સમાજનું એકમ બને છે.

વાણીના પીઆજેટ બે વિભાગો કરે છે:

સ્વકેન્દ્રી અને સામાજિક બાળક જ્યારે સ્વકેન્દ્રી વાણીનો ઉપયોગ કરતું હોય છે ત્યારે તે કોને સંબોધીને કહે છે, કે કોઈ સાંભળે છે કે નહિ તેની યત્કિંચિત પરવા પણ તેને હોતી નથી. તે મોટે ભાગે પોતાના વિશે જ વાત કરતું હોય છે. અને જે હાજર હોય તે પોતાની ગરજ સારે છે. સ્વકેન્દ્રી વાણીના ત્રણ વિભાગ છે. (૧) પુનરાવર્તન અથવા બોલવા ખાતર બોલવું. (૨) સ્વગત મોટેથી વિચારતા હોય તેમ બોલવું. (૩) સમૂહગત વાણી–હાજર રહેલ વ્યક્તિ બોલવા માટે પ્રેરક બનતી હોય. આવી વ્યક્તિ કશું જ ન બોલે તો પણ બાળક બોલ્યા જ કરે.

સામાજિક વાણી સમાજ સંભાષણનું ચોક્કસ સ્વરૂપ જ છે. તેના પીઆજેટ ચાર વિભાગ કરે છે. (૧) સાનુકૂળ માહિતી તેમાં બાળકો અન્યની સાથે વિચાર વિનિમય કરે છે. (૨) ટીકા—અન્યના વર્તન યા કાર્ય વિશેની ટીકાઓ—આ ટીકાઓ બુદ્ધિજન્ય કરતા લાગણીજન્ય વિશેષ હોય છે—તેમાં સ્વની શ્રેષ્ઠતા બતાવવાનો આશય વિશેષ હોય છે. (૩) હુકમો, વિનતીઓ, ધમકીઓ, (૪) પ્રશ્નો, ઉત્તરો. બે બાળકોના અભ્યાસ પછી પીઆજેટે સ્વકેન્દ્રી વિચારની માત્રા ૩૭ થી ૩૯ ટકા જેટલી ઠરાવી છે. તેના પરથી તેનું અનુમાન એવું છે કે "બાળકો મોટાઓ કરતાં વધારે સ્વકેન્દ્રિત રીતે વિચારે અને વર્તે છે. અને મોટાઓ કરતા બુદ્ધિજીવન પણ ઓછું જીવે છે."

પાંચ વર્ષ સુધી બાળકો મોટે ભાગે રમ્યા જ કરે છે. પાંચથી સાત સાડાસાત વર્ષ સુધીમાં બબ્બેના જૂથ રચાવા માંડે છે. પરન્તુ ભિન્નતા ઘણી છે. સાતથી આઠ વર્ષની અંદર તે બીજાની સાથે રમવાની કે કામ કરવાની તત્પરતા દાખવે છે."

સાતથી આઠ વર્ષ અગાઉ બાળકો સ્વકેન્દ્રી હોય છે, અને સમાજવર્તનથી વિમુખ હોય છે, તેના મત સાથે સુસેન ઇસેકસ મળતી નથી, તેનો મત એવો છે કે અન્ય બાળકોની હાજરી તો નોંધાય જ છે. માત્ર તેમનું નિરાળુ વ્યક્તિત્વ લક્ષ્યમાં નથી લેવાતું. સ્વકેન્દ્રી સ્થિતિના બે મુખ્ય લક્ષણો છે.

(૧) સંઘ રમત કે કાર્યના ઉદ્દેશ સ્વરૂપ પર તરંગનું પ્રભુત્વ અને, (૨) અન્ય બાળકોના હિસ્સાનું લઘુતમ મૂલ્યાંકન.

બાળકના વિચારના અન્ય પણ કેટલાક અંગો છે. બાળક ખાસ પદાર્થ છે તેવા નહિ, પરન્તુ પોતે જે રીતે કલ્પે છે તે રીતે જુએ છે. તેનામાં પરલક્ષી નિરીક્ષણ ઘણું ઓછું છે. બાળકોના ચિત્રો આની શાખ પૂરે છે. જે બનાવો એકસાથે બન્યા હોય તેની વચ્ચે બાળક જલદીથી સંબંધ જોડી દે છે. આમાંથી ખોટા નિર્ણયો પર આવતાં વાર થતી નથી. બાળકો જલદીથી ભેદ પારખી શકતા નથી. સરવાળા બાદબાકી કરી શકતા નથી, એ જ રીતે બાળકો કદી સામાન્ય ભૂમિકા સ્વીકારી દલીલ નથી કરતા, પરન્તુ એકદેશી દલીલ જ કરે છે—કોઈ દિવસ બધી સર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખામણી કરી ચોક્કસ સાચા અનુમાન પર આવવાની શક્તિ તેનામાં હતી.

સંવેદના

સંવેદના જગવે તેવી સ્થિતિમાંના ઘણા બાળકોનો અભ્યાસ વોટસને કર્યો છે. તેના મતે બાળકમાં મૂળે ત્રણ પ્રકારની સંવેદના છે. (૧) ભય (૨) ગુસ્સો (૩) પ્રેમ. એ જ ઉદ્દીપકો ભય પ્રેરે છે. મોટા અવાજો અને નિરાધારતા બાળકની પ્રવૃત્તિમાં અંતરાય આપે તો તેને ગુસ્સો ચઢે છે. બાળકને થાબડો, પંપાળો તો પ્રેમની લાગણી જાગે છે.

ભય

ભય એ જ ઉદ્દીપકોના કારણે જાગે છે. તેના મતે બધાનું ધ્યાન ઠીક ઠીક ખેંચાયુ છે. ૧૬૫ દિવસની એક છોકરી પર વોટસને પ્રયોગ કર્યા. તેની આગળ કાળી બિલાડી, કબૂતર, સસલું, અને સફેદ ઉંદર મૂકવામાં આવ્યો. છોકરીએ કશો ભય ન બતાવ્યો. ૧૭૨ દિવસે તેને એક અંધારી ઓરડીમાં એક બહારના માણસના ખોળામાં બેસાડવામાં આવી. અને બધા પ્રાણીઓને લાવવામાં આવ્યા. ત્યારે પણ તેણે કશો ભય ન દાખવ્યો. થોડા દિવસ પછી ખુરશી સાથે બાંધવામાં આવી ત્યાં કોઈ ન રહ્યું, અને પેલા પ્રાણીઓ ત્યાં મૂકવામાં આવ્યા. તોયે તેને કશો ભય ન લાગ્યો. આ બધા પ્રયોગ પછી વોટસન એવા નિર્ણય પર આવ્યો છે કે બીજા બધા ભયો અનુભવો દ્વારા જન્મે છે. વોટસન પાવલોવ conditioned reblexes (અભિસંધિત પ્રતિલેપ)ના સિદ્ધાંતને અનુસરે છે, અને તદ્દઅનુસાર એમ માને છે કે બાળકમાં ભય પણ અમુક વસ્તુ સાથે મૂળ જડાયેલો હોય છે. પાછળથી આ વસ્તુ દૂર થતાં પણ ભય કાયમ રહી જાય છે. જેમ કે બાળકના ખાવાના સમયે તમે તેને વઢયા હો, તો પછી ખોરાક સાથે ભય જડાઈ જવાનો પૂરો સંભવ રહે છે.

વેલેન્ટાઈન વોટસનના તમામ નિર્ણયો સાથે સંમત થતો નથી. તેનું કહેવું એવું છે કે વહેલી ઉમ્મરે ભયનું દર્શન ન થતું હોય, અને પાછળથી અનુભવે તે જાગે, તેનો અર્થ એવો નથી કે આવો ભય તેનામાં છે જ નહિ. બાળકમાં આવો ભય અંતર્ગત હોય–તે મોટું થાય ત્યારે આ વૃત્તિ પણ પુખ્ત બને, અને દર્શન દે.

લાગણીના સ્વરૂપ વિશે એચ. ઇ. તથા એમ. સી. જોન્સે પ્રયોગો કર્યા છે. પચાસ બાળકો અને નેવું મોટી વયના માણસોના સાપ વિશેના પ્રત્યાઘાતો તેમણે નોંધ્યા. બે વર્ષ સુધીના બાળકોએ કશો ભય દાખવ્યો નહીં. સાડાત્રણ વર્ષે જરા સંભાળપૂર્વકના ઇશારાઓ થયા. ચાર વર્ષે સાપથી દૂર રહેવાની વૃત્તિ દેખાઇ. એ પછીના વયવાળાઓએ તો ભય જ દેખાડયો. "બાળકનો વિકાસ થાય છે તેમ તેમ તેની બુદ્ધિ પાંગરે છે. પ્રૌઢ બને છે. તેનું જ્ઞાન અનુભવથી સમૃદ્ધ બને છે. નૂતન પદાર્થો નૂતન તથા અસ્વાભાવિક હોવાના જ્ઞાનના કારણે તેને આશ્ચર્યચકિત કરે છે."

આ પ્રયોગો નિર્ણાયક નથી લેખાયા. ગેસેલે વધારે સારા પ્રયોગો યોજ્યા છે. તેના પ્રયોગ પ્રમાણે "દશમે અઠવાડિએ બાળક એક પરિસ્થિતિનો સંપૂર્ણ સંમતિ સાથે સ્વીકાર કરશે. વીસમે અઠવાડિએ જરા અસહિષ્ણુતા, અસંતોષ દાખવવાનું, માથું ફેરવી લેવાનું શીખે છે: ૩૦મે અઠવાડિએ પરિસ્થિતિ તરફનો અણગમો અને અસહિષ્ણુતા રૂદન દ્વારા જેને આપણે અમુક ભય પણ લેખવી શકીએ–વ્યક્ત કરે છે."

પોતાના જ બાળકો પરના પ્રયોગો દ્વારા વેલેન્ટાઇને સિદ્ધ કર્યું છે કે અવાજ સાથે પરિચય વધતા મૂળ ભય ઘટે છે.

વેલેસ્ટાઇન અને જોન્સે એમ પણ બતાવ્યું છે કે બાળક અમુક ઉદ્દીપક તરફ જ જવાબ નથી વાળતું, પરન્તુ સમગ્ર પરિસ્થિતિ લક્ષ્યમાં લ્યે છે. બાળકનો વિશ્વાસ મેળવનાર વડીલની હાજરી પ્રત્યાઘાતનો પ્રકાર અવશ્ય ફેરવે છે.

બાળકને ભય મુક્ત કરવા માટે જોન્સે પુનરભિસંધાનની પદ્ધતિ પ્રયોજી છે. તેમાં ભય જન્માવતા ઉદ્દીપક સાથે પ્રિય યા સંમત ઉદ્દીપકને જોડી દેવામાં આવે છે. બાળકને ભય પમાડનારું પ્રાણી ખાવાના સમયે પ્રથમ દૂરથી અને પછી નજીકથી બતાવવામાં આવે. બાળક તેનાથી તુરત જ પરિચીત થાય છે એ ભય નાબૂદ થતાં તેના જેવા અન્ય પદાર્થો માટેનો ભય પણ દૂર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુસ્સો

ગુડનફ પીસતાળીસ માતાઓએ ઘરમાં બનતા ગુસ્સે ભરાવવાના પ્રસંગોની જે નોંધ રાખેલી તે પરથી કેટલાક અનુમાનો તારવ્યા છે. વારંવાર ગુસ્સે થવાના બે જાતના કારણો છે. એકને તે પ્રાકૃતિક–intrinsic કહે છે. બીજાને તે વિદેશીય extrinsic કહે છે. પ્રાકૃતિક કારણોમાં થાક, અપચો, અપૂરતી નિદ્રા આવે છે. વિદેશીયમાં અપરિચિત માનવીઓનું આગમન અજાણ્યા સ્થળોની મુલાકાત, નવું રમકડું, નવો ખોરાક કે નવો સાથીદાર વગેરે બાહ્ય વસ્તુઓ આપે છે, વય, બાળકનો વિકાસ, કુટુંબની પરિસ્થિતિ, કુટુંબનો સ્વભાવ પણ ગુસ્સા સાથે સંકળાયેલા છે. ત્રણથી ચાર વર્ષની વયમાં બાળકો સૌથી વધારે ગુસ્સો કરતા હોય છે.

હાસ્ય અને રૂદન

જીવનના પ્રથમ વર્ષમાં પંદર બાળકોના હાસ્ય –પ્રત્યાઘાતોનો અભ્યાસ વોશબર્ને કર્યો છે. આઠમા અઠવાડિયા આગાઉ સ્મિત ફરકતું દેખાય છે. એક વર્ષના અંતે તો એ દેખાય જ છે–અને આ બધા દાખલાઓમાં સ્મિત એ સામાજિક પ્રત્યુત્તર જ હોય છે. ખડખડાટ હાસ્ય મોટી વયે શરૂ થાય છે. પહેલામાં પહેલો દાખલો સોળમે અઠવાડિએ મળ્યો છે. વોશબર્ને એક વાત એ પણ નોંધી છે કે વીસમા અઠવાડિયા સુધીમાં પ્રયોગકના સ્મિતથી બાળકમાં સ્મિત જગવી શકાય છે; પરન્તુ ‘અજાણ્યાઓ’નું જ્ઞાન શરુ થતા આવું સ્મિત જગવવાનું દુષ્કર બને છે.

સામાજિક અને લાગણી વિષયક વિકાસ

બ્રિજીસે સામાજિક વ્યવહારનું બે વિભાગ હેઠળ પૃથક્કરણ કર્યું છે. એકમાં પૃથક્કરણ અન્ય બાળકો સાથેના વ્યવહારનું છે, જ્યારે બીજામાં મોટી વયના માણસો સાથેના વ્યવહારમાં અમુક વ્યવહાર બાળક કરતું હોય અને અમુકથી વંચિત રહેતું હોય તેને પ્રગતિની નિશાની લેખવામાં આવે છે.

લાગણી વિષયક પ્રકારો સોળ વિભાગો હેઠળ ચર્ચવામાં આવે છે: દુઃખ અને આંસુ; ભય અને સાવધાની; ક્રોધ અને ચીડ; આનંદ અને સ્નેહ; ઉશ્કેરણી અને ઉત્તજના.

પ્રયોગો અને સંશોધનના પરિણામે બ્રિજીસે લાગણીનો વિકાસ સિદ્ધાંત સર્જ્યો છે. માને છે કે મૂળમાં તો કશા યે ભેદભાવથી રહિત એવી લાગણી હોય છે–તેને તે ઉત્તેજના excitement કહે છે. કોઈ બળવાન ઉદ્દીપકના કારણે જ તે જાગી શકે છે. ટૂંક સમયમાં–એક જ દિવસમ ભિન્નકરણ શરૂ થાય છે–અને તેના બે પ્રકારો દુઃખ અને આનંદ જોવા મળે છે. ધીરે ધીરે દુઃખના ત્રણ વિભાગો–ભય, ક્રોધ અને ઇર્ષા–થાય છે, અને આનંદના બે વિભાગો પ્રસન્નતા અને સ્નેહ–થાય છે. આ બધી લાગણીઓ શાળામાં જવા બાળક ઉમ્મરલાયક થાય તે અગાઉની છે. પાછળથી અલબત્ત બાળપણમાં જ હર્ષ, આશા, શરમ, નિરાશા, ચિંતા કંટાળો, પીડા વગેરે લાગણીઓનો આવીર્ભાવ થાય છે. આ બધી લાગણીઓ છેક શિશુ વયમાં થયેલા અનુભવો પર આધાર રાખે છે.

“આ ઉપરથી એ સંભવિત છે કે લાગણીશીલ કે ઉત્તેજીત થતાં બાળકને વિવિધ અનુભવોની અનુકૂળતા પ્રાપ્ત થાય, અને રીતભાતમાં તથા પ્રેરકોના સંગઠનમાં યોગ્ય તાલીમ મળે તો તેનું વ્યક્તિત્વ સબળ અને અસરકારક નીવડે...આ જ બાળકને જો શિશુવયમાં દુઃખી યા તો અતિ ઉત્તેજીત અનુભવો થાય, સંગઠન ધોરણે કશો રસ પેદા ન થાય, કાર્યકુશળતા ન આવે અને ઉપયોગી સમાજ વ્યવહાર શીખવવામાં ન આવે તો પાછલા વર્ષોમાં તેનો વિકાસ કુંઠિત અને જરાક ઉન્માદી રહેવાનો.”

વડીલો સાથેના બાળકોના વ્યવહારમાં ત્રણ કક્ષાઓ જોઈ શકાય છે. પ્રથમ કક્ષામાં બાળક શાંત અને નિષ્ક્રિય હોય છે, અને વડીલો પર આધાર રાખતું હોય છે. બીજી કક્ષામાં વડિલોની અસર પાળવા અને સ્વતંત્ર થવા મથે છે. બાળક બેથી અઢી વર્ષનું થાય છે ત્યારે આ કક્ષાની પરાકાષ્ટા આવે છે. ચાર અને પાંચ વર્ષની વચ્ચે આવતી કક્ષા આત્મવિશ્વાસની હોય છે. તેમાં બાળક વડીલોની સાથે મૈત્રીભર્યો સહકાર સાધે છે.

દરેક લાગણીના પાછા વિશિષ્ટ મુખાવિર્ભાવ હોય છે. આ મુખાવિર્ભાવ ઓળખવા અઘરા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણીઓ અને ઇચ્છાઓના વિનિમયમાં તેનો ઉપયોગ છૂટથી થાય છે. બુહલર એમ કહે છે કે ત્રણ મહિનાનું બાળક પણ ઠપકાનો રમૂજથી જવાબ વાળે છે. શિક્ષક કે વડીલ કયા અવાજથી અને કેવી લાગણીથી વાત કરે છે, તેની અસર બાળક પર ખૂબ જ થાય છે.

બાળકો અને માનસવિજ્ઞાન અંગેના બીજા અનેક પ્રશ્નો સંશોધાયા છે. બુદ્ધિમાન અને નબળાં મગજના ખોટી રીતે ગોઠવાયેલા, કિશોર તથા પ્રાકૃત બાળકોના વિશિષ્ઠ અભ્યાસો થયા છે. શાળા વિષયોના અભ્યાસથી આપતા થાકની તથા તેમાં સુધારાવધારા કર્યા પછી આપતા પરિણામની અસરો તપાસાઈ છે. શાળાના વિષયોની પણ આવી માનસશાસ્ત્રીય પરીક્ષા લેવાઈ છે. વાંચનમાં દાખલા તરીકે દષ્ટિવિસ્તારના માપ નોંધવામાં આવે છે. આંખના હલનચલન પર પ્રયોગો કરવામાં આવે છે. રેડિયો અને સિનેમાની બાળક પર થતી અસરો નોંધવા પ્રયાસો થાય છે. બાળમાનસના ઘણા ક્ષેત્રોમાં વિપુલ માહિતી આમ ઉપલબ્ધ છે. આપણે ત્યાં પણ બાળક અને બાળમાનસની પ્રતિષ્ઠા થવા માંડી છે. બાળમંદિરો સેંકડોની સંખ્યામાં ચાલે છે. તે સૌએ આ બધી માહિતી મેળવવા તથા આવા પ્રયોગો આપણે ત્યાં કરવા પ્રયાસ કરવો જોઈએ. બાળકના સમગ્ર વિકાસનો આદર્શ ત્યાં સુધી ફળીભૂત નહિ થાય.

આ લેખ અંગે વધુ માહિતી મેળવવા નીચે પુસ્તકોની એક યાદી આપી છે.

(૧) The Social and Emotional development—K. M. Bridges
(૨) From birth to maturity–C. Buhler.
(૩) The young Delinquent–C. Burt.
(૪) Pavlov and his school Y. R. Frolov
(૫) Anger in young children – F. L. Goolenough
(૬) Imagination in Early childhood – R. Griffiths
(૭) Gifted children: their nature and nurture- L. S. Hollingworth
(૮) The elimination of children's fears – M. C. Jones
(૯) Ehe emotions of young children – L. R. Marston
(૧૦) The child in primitive society N. Miller
(૧૧) Judgement and reasoning in child – J. Piget
(૧૨) The Language and Thought of child – J. Piget
(૧૩) Intellectual Growth in Young children – S. Issacs
(૧૪) The Growth of Mind – K. Koffka
(૧૫) Social Behaviour and child Personality – L. B. Murphy

*

વર્ષે સોળવાર

હિંદુસ્તાનની મિલોમાં દર વર્ષે ૪ અબજ ૮૦ કરોડ વાર કાપડ પેદા થાય છે. તે ઉપરાંત બીજું બે અબજ વાર કાપડ હાથશાળો ઉપર તૈયાર થાય છે. આ રીતે કેટલાંય વર્ષોથી સરેરાશ હિંદી જનને ફાળે વર્ષે ૧૬ વાર સુતરાઉ કાપડ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી ચાલુ]

લખલૂટ નફા પ્રાપ્ત કરવા ખાતર દેશનાં કરોડો પ્રજાજનોનાં હિત પ્રત્યે સદંતર અંધાપો સેવે છે.

૨. દેશના કાપડ–ઉદ્યોગમાં આજે ૨,૦૦,૦૦૦ શાળો અને એક કરોડ સ્પિન્ડલ છે. લડાઈ પહેલાં દર વર્ષે ૪. અબજ ને ૨૦ કરોડ વાર કાપડ પેદા કરતો, અને પાંચેક લાખ કામદારો એમાં કામ કરતા. લડાઇ દરમિયાન ચાલેલી રાતપાળીઓને લીધે મજૂરોની સંખ્યા આજે વધીને સાત લાખે પહોંચી છે, પણ એના પ્રમાણમાં કાપડનું ઉત્પાદન નથી વધ્યું. લડાઇ દરમિયાન સરકારના સહકારથી ઉદ્યોગપતિઓને ગંજાવર નફો મળવા લાગ્યો તેથી તેઓ બેદરકાર, બિનકુશળ અને આળસુ બની ગયા. એમને મળતો નફો એટલો બધો મોટો હતો કે ઉદ્યોગના સંચાલનમાં ગમે તેટલી બિનઆવડત દાખવવા છતાં તેમને ખાસ કાંઈ નુકસાન થયું નહિ.

૩. લડાઈ પહેલાંનાં વર્ષોમાં આ દેશની પ્રજા કાપડ અને સૂતરની ખરીદી પાછળ દર વર્ષે ૭૨ કરોડ રૂપિયા ખરચતી એમાંથી મિલ–માલિકોને પાંચ કરોડ રૂપિયા નફાના મળતા. લડાઇ દરમિયાન કાપડના ભાવ કૂદકે ને ભૂસકે વધતા ચાલ્યા અને ૧૯૪૩ના મે માસમાં ટોચે પહોંચી ગયા. ૧૯૪૩ દરમિયાન પ્રજાએ કાપડ અને સૂતરની ખરીદી પાછળ ૪ અબજ ને ૮૦ કરોડ રૂપિયા—એટલે કે લડાઈ પહેલાના કરતાં ૬॥ ગણી રકમ ખરચવી પડી હતી. એમાંથી ૧ અબજ ને ૯ કરોડ નફાના હતા. સરકારે પ્રજાના હિત માટે સ્થાપેલું કહેવાતું 'ક્લૉથ કંટ્રોલ બૉર્ડ' તો પ્રજાને જેની સામે રક્ષણની જરૂર હતી તેવા મોટા ઉદ્યોગપતિઓનું જ બનેલું હતું, તેથી એ બૉર્ડની સ્થાપનાનું પરિણામ પ્રજાના શોષણને કાયદેસરનું અને પ્રામાણિકતાની સરકારી છાપવાળું બનાવવા સિવાય બીજું કાંઈ જ ન આવ્યું.

૪. સહુ જાણે છે તેમ લડાઈનાં વર્ષો દરમિયાન મિલ–માલિકોએ સરકારી કર ઉઘરાવનારા દલાલોનું જ કામ કર્યું છે અને પ્રજા પાસેથી પૈસામાંથી કરોડો રૂપિયા સરકારને કર રૂપે ભર્યા છે. આ રીતે, કાપડના ભાવ વધવા દેવામાં ઉદ્યોગપતિઓને અને સરકારને, બન્નેને લાભ થતો હતો. બ્રિટન, અમેરિકા, કેનેડા અને ઑસ્ટ્રેલિયા જેવા યુદ્ધમાં સીધી રીતે સંડોવાયેલા દેશોમાં પણ કાપડના ભાવોમાં ૩૦ ટકાથી વધુ વધારો નથી થયો.

૫. જે કાપડ–ઉદ્યોગમાં પચાસ કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે,અને જેનાં મકાનો, યંત્રો વિ.ની કિંમત બીજા એક અબજ જેટલી ગણાવવામાં આવે છે, તેણે ૧૯૪૦–૪૬નાં સાત વર્ષો દરમિયાન પ્રજા પાસેથી ૧૯ અબજ ને ૭૪ કરોડ રૂપિયા વેચાણ વાટે મેળવ્યા છે, અને એમાંથી ૩ અબજ ને ૭૨ કરોડ રૂપિયાનો નફો કર્યો છે. આ રીતે પ્રજાએ મિલ–ઉદ્યોગમાં રોકાયેલી કુલ મૂડી કરતાં અનેકગણી રકમ કાપડ અને સૂતરની કિંમત દ્વારા ચૂકવી દીધી છે. તેથી દેશની ૪૨૦ મિલો ઉપર હવે પ્રજાની માલિકી નૈતિક અને આર્થિક દૃષ્ટિએ સ્થાપિત થઈ ચૂકી છે, મતલબ કે મિલ–ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ પ્રજાકીય સરકારે પહેલી તકે કરવું જોઈએ.

અખબારોએ સારી પ્રસિદ્ધિ ન આપી.

આ નિવેદન કોઇ ચળવળખોર કે ધમાલિયા સામ્યવાદીએ કરેલું હોત તો તેની પ્રત્યે આંખ આડા કાન કરવાની ધૃષ્ટતા જવાબદાર વ્યક્તિઓ પણ કરી શકત. પરંતુ શ્રી ખંડુભાઈના બોલનું વજન એવું છે કે પ્રાંતોની અને વચગાળાની પ્રજાકીય સરકાર મૂંગી બેસી રહી શકશે નહિ. શ્રી. ખંડુભાઇ મજૂર મહાજનના પ્રૌઢ કાર્યકર્તા છે એટલું જ નહિ પણ મુંબઈ ધારાસભાના અને બંધારણ સભાના સભ્ય છે. સરદારશ્રી ઉપરાંત વચગાળાની સરકારના અન્ય પ્રધાનો પણ એમને જાણે છે. એટલે પોતે ધાર્યું હોત તો શ્રી. ખંડુભાઇએ પડદા પાછળથી હિલચાલ શરૂ કરી હોત અને કાપડ–ઉદ્યોગના સંચાલનમાં કાંઈક ને કાંઈક ફેરફાર સરકારી મદદ વડે લાવી શક્યા હોત. પણ સાચો લોકશાસનવાદી સદા સરકાર સામે નહિ પણ પ્રજા સામે જુએ છે. સરકારને ભંભેરવાને બદલે એ પ્રજામતને કેળવે છે, માત્ર પોતાની લાગવગ વડે પ્રજાહિતનું કાર્ય કરાવી નાખવાને બદલે એ લોકોને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવે છે અને પોતે માર્ગ ચીંધીને પ્રજાને. આપમેળે ડગલાં ભરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શ્રી. ખંડુભાઈએ લીધેલો માર્ગ ઘણો ઉચિત છે. અફસોસ માત્ર એટલો જ છે કે છાશવારે ને છાશવારે નીકળતી નવી નવી લિમિટેડ પેઢીઓનાં પ્રોસ્પેક્ટસથી આખાં ને આખાં પાનાં ભરનારાં આપણાં મોટા ભાગનાં છાપાંઓએ આ હિતકારી નિવેદનને યોગ્ય જાહેરાત નથી આપી. અખબારી-સ્વાતંત્ર્ય કાજે પરદેશી હકૂમત સામે લડનારાઓ શું એ જ સ્વાતંત્ર્યને જાહેરખબરવાળાઓને હાથે રુંધાવા દેશે?

મંદિરો ખોલાવવાની નરી ઘેલછા

મદ્રાસ પ્રાંતના હિંદુઓ ઘણા જ રૂઢિચુસ્ત મનાતા હોવા છતાં થોડા વખતથી ત્યાંના વિખ્યાત દેવમંદિરો દબદબાભેર વિધિપૂર્વક હરિજનો માટે ખુલ્લાં મુકાવા માંડ્યાં છે તે જોઈ ને મદ્રાસની પાછળ રહી જવાની બીતિવાળા બીજા પ્રાંતોના સુધારકોએ પણ હરિજન-મંદિર-પ્રવેશનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉપાડી લીધો છે. અહીં વારંવાર કહેવામાં આવ્યું છે કે મંદિર-પ્રવેશમાં સાચું અસ્પૃશ્યતાનિવારણ નથી, અને સાચો અંત્યજો-દ્ધાર પણ નથી. મંદિરોમાં ગયા વિના હરિજનો ટળવળતાં નથી, મંદિરોમાં જવાથી એમને રોટલા અને લૂગડાં મળી જશે એવું અભણ ને અજ્ઞાની હરિજનો પણ માનતા નથી. હરિજનોના મંદિર-પ્રવેશ માટે મથનારા સવર્ણોમાં ઉત્સાહ ઘણો હશે, પણ ઉત્સાહ અને ડહાપણ એ બે ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. જે મંદિરમા હરિજનો કે માનવસમાજનો કોઈ પણ ભાગ પ્રવેશી ન શકતો હોય તેની સામે નજર સુદ્ધાં નાખે તેવા મૂરખ ભગવાન નથી.

એવાં મંદિરમાં જનાર ચાહે તેટલી ઉચ્ચ ગણાતી કોમનો હોય, એ ટીલાં-ટપકાંના આત્મસંતોષ સિવાય બીજી કોઈ પ્રાપ્તિ કરી શકતો નથી. આવાં મંદિરોમાં હરિજનોનો પ્રવેશ કરાવવા માટે જેહાદ ચલાવવી એ તો હરિજનોમાંના સાચા પ્રભુભક્તોનું અપમાન કરવા બરાબર છે.

વડતાલ-મંદિરે અવળિ કરી

ગુજરાત પ્રાંત કોંગ્રેસ અને ગાંધીજીનો અનુયાયી ગણાય છે. તેથી, તેના મંદિરોને જલદી ગાંધીજીને રીઝવવાનું ઘેલું કેટલાંકને લાગ્યું છે. આવી પ્રવૃત્તિથી અસ્પૃશ્યતાનિવારણના સાચા કાર્ય પ્રત્યે જાણ્યેઅજાણ્યે ઉદાસીનતા દાખવવાનું પ્રજાને ફાવી જાય છે, અને હરિજનો પણ પોતાના હક્કો માટે યોગ્ય દિશામાં લડવાને બદલે ઊંધે માર્ગે ચઢી જાય છે. તે ઉપરાંત હમણાં વડતાલમાં બન્યું તેમ, એ માર્ગે અણધાર્યા અને કઠોર આઘાતો વિના કારણે સહેવા પડતા હોય છે.

વડતાલના સ્વામીનારાયણના મંદિરમાં હરિજનોએ એક દિવસ ગાજતેવાજતે પ્રવેશ કર્યો તેથી મોટો આનંદોત્સવ હોય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. પણ ત્રીજે જ દિવસે એ મંદિરના મહંતે હરિજનોનાના સ્પર્શથી અપવિત્ર બનેલું મંદિર આખું ઉપરથી નીચે સુધી ધોવરાવી નાખ્યું અને સ્વામી-નારાયણના ભક્તોને ગામેગામ છાપેલાં ચોપાનિયાં મોકલાવ્યાં કે, હરિજનોને અપાયેલી મંદિર-પ્રવેશની છૂટ પાછી ખેંચી લેવામાં આવી છે. કોઈ પણ મંદિરના પૂજારી સમાજના આટલા મોટા સમૂહનો આ રીતનો તેજોવધ કરી શકે તે ખરેખર શરમ-જનક છે. પણ તેને માટેની જવાબદારી આપણી જ છે. હવે તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું રહ્યું. ફરી ફરીને વિનંતી કરીએ છીએ કે હરિજનો માટે મંદિ-ર-પ્રવેશનું નામ પણ છોડી દેવું જોઈએ. એ મંદિ-રોમાં બધા બ્રાહ્મણો, બધા વણિકો કે અન્ય કોમના બધા લોકોએ જવા જેવું પણ કાંઈ રહ્યું નથી, એમાં નાહક હરિજનોને ધકેલીને નાહક દંભ અને પાખંડના ભોગ શીદ બનાવવા જોઈએ? વડતાલના ધર્મગુરુએ એવું જાહેર કર્યું કે, ખ્રિસ્તી પાદરીને તો અમે ના નથી પાડી, એ તો હરિજનોને જ ના પાડી! અવધિ તો એ કહેવાશે.

સાચું અસ્પૃશ્યતાનિવારણ તો હરિજનો માટે ગામના નળ-કૂવા-અવેડાઓ ગામની નિશાળો, સરકારી કચેરીઓ, ઇસ્પિતાલો વિગેરે ખુલ્લાં મૂકવામાં રહેલું છે, હરિજનોને ઝાડું મારવા કે શાળા ચલાવવા સિવાયનાં સમાજનાં બીજાં કાર્યોમાં સમાન દરજ્જે શામિલ કરવામાં રહેલું છે. અને સૌથી વિશેષ જરૂર તો જુદા હરિજનવાસો, જુદી હરિજનશાળાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે કાઢી નાખવાની છે, અને ભંગીકામને સુઘડતા અને સ્વમાનપૂર્વક રોટલો રળવાનો તમામ કોમો માટે ખુલ્લો એવો એક રોજગાર બનાવવાની છે. કલોલ વગેરે સ્થળે હરિજનને બસમાં બેસવા જતાં માર પડે છે, વઢવાણની ગ્રામોમાં હરિજનો માટે જુદાં ખાનાં રખાયાં છે, એવા જુલમોને નાબૂદ કરવા જ જોર એકત્ર કરવું ઘટે.

ઇન્ડિયન ન્યૂઝ પરેડ

વડી ધારાસભાની છેલ્લી બેઠક દરમિયાન પસાર થયેલી એક કાપની દરખાસ્તને પરિણામે ‘ ઇન્ડિયન ન્યૂઝ પરેડ ’ નામે નીકળતી સમાચાર–ફિલ્મોનો વિભાગ હિંદી સરકારને બંધ કરવો પડ્યો હતો. પ પછી એ આખો વિભાગ એક વેપારી પેઢીએ ખરીદી લઈને દેશભરના સિનેમાઓને આ જાતની ફિલ્મો પૂરી પાડવાનું ચાલુ રાખ્યું હતું. તાજેતરમાં એ પેઢીએ પણ આ કામ છોડી દીધું છે, અને પરિણામે હિંદુસ્તાનના સિનેમાઓમાં દેશના મહત્ત્વના બનાવો અંગેની ફિલ્મ દેખાવી બંધ થઇ છે. પેઢીએ પોતાનું કામકાજ બંધ કરતી વખતે બહાર પડેલા નિવેદનમાં એમ જણાવવામાં આવ્યું છે કે આવી સમાચાર–ફિલ્મોમાં આવતાં દશ્યોમાંના કેટલાંક એક કોમને નથી રુચતાં તો કેટલાંક બીજી કોમને નથી રુચતાં, માટે સિનેમા –માલિકો હવે એ ફિલ્મો ખરીદતા નથી.

આપણો દેશ આઝાદીને ઉંબરે આવીને ઊભો છે, ત્યારે આવી જાતની અસહિષ્ણુતા પ્રજાના તમામ વર્ગોમાંથી ખંખેરી નાખવાની કોશિશ હૃદયપૂર્વક થવી જોઈએ. આવી અસહિષ્ણુતા બતાવનારા અણસમજુ લોકો ઉપર જેમની લાગવગ પહોંચતી હોય તેમણે તેમને આ હીનમાર્ગેથી પાછા વાળવા જોઈએ. આ જાતની પછાત મનોદશાને જરા ય ઉત્તેજન ન આપવું જોઈએ. આમ તો આપણે કયાં જઈને અટકશું ? બેશક, આ રાષ્ટ્રનું કે તેના કોઈ પણ એક વિભાગનું અપમાન થતું હોય તેવાં દશ્યો સિનેમાના પરદા ઉપર રજૂ થાય તે સાંખી શકાય નહિ. પરંતુ શ્રી ઝીણાને લગતું દશ્ય આવે તો રાષ્ટ્રવાદીઓને ન રુચે, અને કોંગ્રેસી નેતાનું દશ્ય આવે તો લીગવાદીઓને ન રુચે, એ તો કેમ કામ આવે ? જે બનાવ બન્યો છે તે આપણી સમક્ષ રજૂ થાય છે. એ બનાવને આપણા ગમા–અણગમા સાથે શો સંબંધ છે ? છાપાંમાં જે જે બનાવોને લગતા સમાચારો આવે છે તે બધા શું આપણી પસંદગીના હોય છે ? જે બન્યું છે તે તો બનેલું જ છે. આપણે એવું દશ્ય જોવાની ના પાડીએ તો ગુમાવવાનું આપણે જ છે. રેતીમાં માથું ખોસીને દુનિયામાં કાંઈ બનતું જ નથી એવું મન મનાવનારા શાહમૃગની હાંસી કરનારા આપણે માનવીઓ એની નકલ રખે કરીએ.

અલબત્ત, આ ઇન્ડિયન ન્યૂઝ પરેડની ફિલ્મોમાં કેટલાય ધૂળ જેવા બનાવોનાં જે રેઢિયાળ દશ્યો આવતાં હતાં તેની ચર્ચા અત્યારે અસંબદ્ધ છે.

ડૉ. વ્રજલાલ મેઘાણી-ની શુદ્ધ શહીદી

કોમી હુલ્લડે ગત વર્ષમાં ધારણ કરેલા રાક્ષસી સ્વરૂપની સામે માનવીની માનવતાએ કેટલાં ય મહિમાવંત દશ્યો રજૂ કર્યાં છે. અહીં કોઈએ આડા ઊભવા પહોંચીને કપાઈ જવું પસંદ કર્યું, તહીં કોઇએ છુરીના ભોગ બનેલાં નિર્દોષોનાં શબો બેસવવા જખ્મને એ ઉઠાવવા દેવાની ના કહેનાર હત્યારાઓનાં ખંજર કલેજે પહેરી લીધાં, તો ત્રીજે ઠેકાણે કોઈક જાહેર હિતનાં ખાતાની પગારદાર નોકરી કરનારો પોતાના ચાકરી–સ્થાનેથી ખસ્યા વગર ખંજરબાજોને હાથે ભૂંડે હવાલે ખપી ગયો.

મુંબઈની શહેર સુધરાઈમાં ૨૫ વર્ષથી એકધારી નેકપાક નોકરી કરનારા ડૉ. વ્રજલાલ મેઘાણીનું તાજેતરનું આત્મસમર્પણ એ આ ત્રીજી કોટિમાં આવે છે. સુધરાઈ ખાતામાં પોતે ઇન્સ્પેક્ટર હતા, એની નોકરી મુંબઈના સૌથી ભયાનક ગણાતા મદનપુરા નામના મવાલી–લતામાં હતી. એક સવારે પોતે નિત્યની માફક નોકરી પર ગયા, ખંજરબાજે દગલબાજીથી હુમલો કર્યો, ડૉ. મેઘાણીના ત્રણ સાથીઓ નાસી શકયા, પણ પોતે ઘેરાઈ ગયા, નાસવું અતિમોડું બન્યું, નાસવાની વૃત્તિ યે નહોતી. ‘ લે ભાઈ માર ! ’ એવું કહ્યું, મવાલીમાંના એકે એને પાછળથી પકડયા હતા, બીજાએ ખંજર હુલાવી દીધું, ડૉ. મેઘાણીના રહ્યાસહ્યા પ્રાણ ઇરિપવાલના ઑપરેશન–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેબલ પર જતા રહ્યા. પત્ની કે બચ્ચાં સાથે મીટનો મેળાપ પણ ન થઈ શક્યો.

ઘરનો ધંધો કર્યો હોત તો ખૂબ રળી શકયા હોત એવી મિત્રો-સ્નેહીઓની અનુકૂળતાવાળા અને જનહૃદયો જીતનારા ડૉ. વ્રજલાલે સુધરાઈની નોકરી દ્વારા કંગાલ લાખો પ્રજાજનોની સેવા કરવાનો યોગ નિહાળ્યો, સામાન્ય સ્થિતિને જ સ્વીકારી લીધી, જ્યાં પોતાનો જાન લેવાયો એવા લતાઓની તો એમણે વધુમાં વધુ ખિદમત કરી હતી. હુલ્લડના દાવાનળથી બચી જવા, એટલે કે રજા પર ઊતરી જવા અથવા તો નોકરીનું રાજીનામું જ દઈ દેવા આપ્તજનોએ ખૂબ દબાણ કર્યું. પણ જવાબમાં ડૉકટરે એક જ વાત કહી, કે આજે તો હું નોકરી છોડું, કાલે બીજા છોડે, પરમ દિવસે બધા નાસે, પરિણામે તો સુધરાઇનું તંત્ર તૂટી પડે—એ દૃષ્ટિએ મારો નોકરીત્યાગ એ તો અકર્તવ્ય કહેવાય.

બસ, આ ધર્મદૃષ્ટિએ એમણે નોકરી પર હાજર રહી જાન આપ્યો, એ તો જાહેર નોકરીઓની દુનિયામાં અતિ ઉજ્જવળ ઘટના છે. ડૉ. વ્રજલાલની સર્વ સેવાઓને, શીલચારિત્ર્યને, જ્ઞાનદર્શનને, આદર્શભક્તિને અને પીડિતો પ્રત્યેના પ્રેમને શિરે સોનાનો કળશ ચડ્યો છે.

એમના સ્મારક માટે મુંબઈના બહોળા સ્નેહીમંડળે આદરેલું ભંડોળ પાંત્રીશ હજારે પહોંચી ગયું છે, ને એક લાખે પહોંચાડવાની સ્મારકકારોની નેમ છે.

અવેતન રંગભૂમિનો પુનરુદ્ધાર

ગુજરાતી રંગભૂમિ માટેનાં રોદણાં સૌનાં જાણીતાં છે. ધંધાર્થી નાટક-દુનિયાને આપણે એના અધોગતિના કાળમાંથી ઉગારવાની કોઇ કોશિશ વિચાર્યા વગર નકારાત્મક રીતે બહિષ્કૃત કરી. પછી અવેતન રંગભૂમિનું નવસર્જન કરવાને છુટાછવાયા પ્રયત્નો થતા રહ્યા, પણ એમાંથી ઝાઝો સાર મેળવી શક્યા નહિ. મુખ્ય કારણ એ લાગે છે, કે નાટ્યકળાની ઉપાસનાને પરિણામગામી કરવાને સારુ જે ભગીરથ શરીરશ્રમ, મનશ્રમ, નિયમવશતા, સુવ્યવસ્થા અને ઊંડા અવગાહનયુક્ત અભ્યાસની અપેક્ષા છે, તેની ખેવના અવેતનોએ રાખી નહિ. એટલે અવેતનો દ્વારા ઊલટો બગાડો વધ્યો. રંગભૂમિ આછકલાઈનું સ્થાન બની.

વિફલતાની મનોદશાના આવા અંધકારની વચ્ચે એક નવો ઉજાસ 'પીપલ્સ થિયેટર' નામે ઓળખાણ પામી ઝડપભેર જનપ્રિય બની રહેલી રંગભૂમિએ આણ્યો છે. એની અમદાવાદવાળી ગુજરાતી શાખાના કર્ણધાર શ્રી. જશવંત ઠાકર અને શ્રીમતી લીના સંઘવી વગેરેએ આપણાં પ્રાચીન સંસ્કૃત નાટકોથી લઈ તદ્દન અર્વાચીન એવાં ઇબ્સન-સંપ્રદાયનાં નાટકો સુધીના ક્ષેત્રમાં ઘૂમી ઘૂમી, વિવિધ પ્રયોગો રંગભૂમિ પર અનેરી સફળતા સાથે કરી દેખાડ્યા છે. તેમના પ્રયોગોમાં વેશપરિધાન, અભિનય, અવાજ વગેરેની મેળવણી સપ્રમાણ અને સુરેખ બને છે. એમનું ટીમ-વર્ક (સંઘકાર્ય) અભિનંદનને માગી લે છે. એમનું લક્ષ્ય ગાંભીર્યયુક્ત આરાધનાથી સિદ્ધ થઈ રહ્યું છે. પ્રેક્ષકોની 'ઉદારતા' ને 'પ્રોત્સાહનવૃત્તિ' એવા શબ્દે ઓળખાતી ખોટી લાલનબુદ્ધિ પર તેમણે મદાર બાંધ્યો નથી. પ્રેક્ષકોને તેઓ શિક્ષણસમૃદ્ધ અને કલ્યાણગામી મનોરંજન પૂરા પ્રમાણમાં આપે છે. અમને લાગે છે કે આ મંડળી દ્વારા આપણે રંગભૂમિના ક્ષેત્રમાં સાચી ક્રાંતિ લાવી રહ્યા છીએ. આ મંડળમાંનાં બધાં અવેતન છે, છતાં ધંધાર્થીને પણ ટપી જાય તેટલા ઉદ્યમ પરિશ્રમ અને નિયમપાલને કરી તેમની કલા શોભી રહી છે.

શિક્ષિત સ્ત્રીઓની પક્ષાઘાતી દૃષ્ટિ

'પીપલ્સ થિયેટર' જે નાટકો ભજવે છે તેની 'અપીલ' હમેશાં સર્વસ્પર્શી જ હોવી જોઈએ અને હોય છે. એટલે એ બતાવવામાં સ્ત્રીઓ માટેના અલાયદા ખેલ હોવા જોઈએ એવું કાંઇ નથી. તદુપરાંત આપણા સંસાર-જીવનની ઊંડી સમસ્યાઓની કલાયુક્ત સમીક્ષા કરનારાં 'ઢીંગલીઘર' જેવાં નાટકોને માટે સ્ત્રીઓ માટે અલાયદા તમાશા રખાવવા અને એ જોવા સ્ત્રીઓને આકર્ષવા એવા પ્રકારની હિમાયત કરવી, કે આમાં તો સ્ત્રી પ્રત્યેના ઘોર જ અન્યાયનું દર્શન થાય છે, એ અમને ઘટિત લાગતું નથી. આ તો ઊલટું સ્ત્રીપુરુષે સંગાથે બેસીને મોકળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનથી, અન્યોન્યને આઘાત-પ્રત્યાઘાત આપતી સાંસારિક પરિસ્થિતિની ઊંડેરી સમસ્યાઓ વિષમતાઓને કલાની વિવેચના દ્વારા હૃદયગત તેમ જ બુદ્ધિગત કરવા જેવી વાત છે.

આ લખાઈ રહ્યું છે તે જ પળે નાટ્યશાસ્ત્રોના ઊંડા નિરીક્ષક એક સ્નેહી અમારી જોડે સહમત બનીને માહિતી આપે છે કે, ઇબ્સનને જ્યારે એક વાર એક સ્ત્રી-સંસ્થાએ સ્ત્રીના અધિકારરક્ષક તરીકે માન આપવાનો મેળવડો યોજ્યો હતો. ત્યારે એણે જવાબમાં કહ્યું હતું કે, મને એવું યાદ નથી કે મેં કદી સ્ત્રીઓના પક્ષકાર રૂપે કશું રચ્યું હોય. મેં તો સમગ્ર સંસાર-જીવનનાં તળિયાંમાં પડેલાં વિષમ રહસ્યોને જ સ્પર્શ કરવાની દૃષ્ટિ રાખી છે.'

આમ હોઇને સ્ત્રીઓ માટેના અલાયદા પ્રયોગો રખાવી તેની પક્ષકારી નેમને આગળ કરનારાં સ્ત્રી જનોની-દૃષ્ટિ ખાસ કરીને તો તેઓ જ્યારે સુશિક્ષિતો હોય છે ત્યારે. પક્ષાઘાતથી પીડાતી ભાસે છે.

નૃત્યાભિનયની મોટી સિદ્ધિ

'પીપલ્સ થિયેટર'ની મુંબઈથી અમદાવાદ આવેલી મંડળીવા નૃત્યપ્રયોગો નિહાળવા મળ્યા. આપણા દેશના દેહાતી (ગ્રામીણ) ખેડુજનોની રામલીલા તેમ જ લોકગાથાઓ લોકગીતોથી લઇ ચાલુ રાજકારણમાં બનતા ઉલ્કાપાતી બનાવોને આ પ્રયોગકારો નૃત્ય અભિનયની વાણીમાં રજૂ કરે છે, તેમાં તેઓએ અનેરી કલાસિદ્ધિ કરી બતાવી છે. પાત્રના સામટા સમૂહને, વ્યક્તિ વ્યકિતએ વિભિન્ન એવા અભિનયોની મેળવણી દ્વારા મૂક ઘટના-દૃશ્ય નીપજાવવા માટે શક્તિમાન કરવામાં આવ્યો છે. જે ભાવો તેઓ વ્યંજિત કરવા માગે છે અગર ઘટનાઓનું જે કોઇ રાજકારણી વિચારસ્વરૂપ તેઓ બાંધવા માગે છે, તે પરત્વે મતભેદને પૂર્ણ અવકાશ હોવા છતાં પ્રસંગોનું આટલું પ્રબલ, આટલું વેગીલું, સ્ફૂર્તિમાન, અને જોમવંતું કલાવિધાન એક વાત તો પુરવાર કરી આપે છે, કે આ મંડળીની પાસે જનહૃદયને જીતવાની કલાદૃષ્ટિ છે.

આખરી નેમ નાપાક હોય તોયે—

કહેવામાં આવે છે, કે આ તો બધી સામ્યવાદી પક્ષની કલાજાળ છે, અને આખરે તો એમની નાપાક નેમ નવા નવા નુસખા મારફત પ્રજાનાં હૃદયોને કલુષિત કરી રાષ્ટ્રશક્તિને તોડી નાખવાની છે. આ મંતવ્યની પાછળ કેટલાક ભાઇઓનાં તો વર્ષોના અનુભવનું પીઠબળ છે. દલીલ ખાતર એ કબૂલ કરી લઇએ, કે આવું હશે પણ તેથી તો સામેપક્ષે એક સચોટ પાઠ શીખવા જેવો બને છે, કે એમણે સાધેલી આ કળાને બીજાઓએ પણ હસ્તગત કરવી અને પ્રજાહૃદયને એકતાનાં સ્વરૂપો મારફત જ આ ધર્મસ્થાનોથી સાવધાન કરી દેવી. નહિતર તો પછી થશે, એવું, કે આવી કલાપ્રવૃત્તિઓને પણ જતે દહાડે જનતા પર અસર પાડતી અટકાવવાને સારુ મનાઈ હુકમો ઘડવા પડશે, આપણે ઇચ્છીએ કે આ નટ-મંડળની આટલી બધી ઊંચી સિદ્ધિ ઉપર કહેવાય છે તેવી રાજકારણી કુટિલ નેમને ફલિત કરવા માટે નહિ પણ જનતાની કલાનાં સુષુપ્ત બળોને રાષ્ટ્રના કલ્યાણ ખાતર જોતરવા માટે જ વપરાય. પણ એ તો થાય તે ખરું, આપણી ફરજ એમના જેટલી સાધનાશકિતને ઉપાસી લોકસમાજનું ક્ષેમકલ્યાણ નીપજાવતે માર્ગે જનતાને ખેંચી જવાની છે.

મહીડા પારિતોષિક

મહીડા-પારિતોષિક નામે ઓળખાતી યોજનાથી ઘણા વાકેફ હશે. માંડવા-ચાણોદના મરહૂમ સાહિત્યપ્રેમી શ્રી. મોતીસિંહજી મહીડાની પુણ્યસ્મૃતિમાં સ્વ.ના નાના બંધુ શ્રી. નરેન્દ્રસિંહ મહીડાએ બે ઇનામો કાઢેલ છે. એક છે વર્ષભરની સર્વોત્તમ નવલિકા માટેનું, ને તે ગુ. સાહિત્ય પરિષદ દ્વારા અપાય છે. બીજું છે. વર્ષભરની કોઈ પણ વિષય પરની સર્વોત્તમ ગ્રંથ-કૃતિ માટેનું ઇનામ, ને તે માટે મુંબઈના કલામંડળના નિર્ણય મુજબ અપાય છે. આ વર્ષે ઉત્તમ કૃતિ તરીકે શ્રી. મેઘાણીની 'માણસાઇના દીવા'ની વરણી થઇ હતી, તેના પારિતોષિક-પ્રદાનનો સમારંભ વડોદરા મુકામે થયો હતો, ને ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રોત્સાહન ભરપૂર, વાતાવરણ વચ્ચે શ્રી. નરેન્દ્રસિંહ મહીડાએ આવતા વર્ષથી મજકૂર પારિતોષિક રૂ. ૩૦૦નું હતું તે બેવડાવી રૂા. ૬૦૦ કર્યું છે, તે માટે તેમને ધન્યવાદ છે, આ પારિતોષિક એ કોઇ પણ એકાદ કીર્તિભૂખ્યા લતાનું સ્વેચ્છાચારી દાન નથી, પણ સંભાવિત સાહિત્ય સંસ્થાને હસ્તક સર્વાધિકાર સાથે સોંપાયેલું કાયમી ટ્રસ્ટ છે. શ્રી. નરેન્દ્રસિંહજી એ કારણે જ ધન્યવાદને પાત્ર છે.

મહીડા પારિતોષિકને રૂા. એક હજારની રકમ સુધી પહોંચાડવાની કલામંડળની ઉમેદ છે. અને તેનો જરા જેટલો ઉલ્લેખ થતાં જ એક ગૃહસ્થે રૂા. ૫૦૦ તથા બીજાઓએ રૂા. ૧૦૦નો ફાળો વડોદરાના સમારંભમાં જાહેર કર્યો હતો.

બંધુ-માસિક
સંસ્કૃતિને સ્વાગત

ગુજરાત વિદ્યાસભામાંથી નિવૃત્ત થયેલા આપણા કવિ-સાક્ષર શ્રી. ઉમાશંકર જોશીએ ' સંસ્કૃતિ ' નામનું જે નવું માસિક શરૂ કર્યું છે તેને અમે સામયિકોના પ્રદેશમાં હર્ષભેર આવકાર દઈએ છીએ. ગુજરાતમાં અત્યારે જે સામયિકો ચાલે છે. તેમાંનાં કોઈ કોઈની આગલી ઉજળી કારકિર્દીનો અકાળે અંત આવી રહ્યો છે. કોઇકનાં અંગો પૂરા પ્રયત્ને પુષ્ટ થતાં નથી, કોઇ પોતાની ઉપયોગિતાને હારતાં પણ જણાય છે. આ સંજોગોમાં નવું લોહી સદા સ્વાગતને પાત્ર છે. ઉપરાંત પ્રત્યેક સામયિકને એનું આગવું ક્ષેત્ર હોય છે, ધ્યેય હોય છે અને ન્યૂનાધિકતા હોય છે. દરેકને અમુક અમુક વિશિષ્ટતા પર જોર દેવાનું હોય છે. એથી કરીને પણ એક અનોખું વ્યક્તિત્વ ધરીને પ્રવેશ કરનાર ' સંસ્કૃતિ ' માટે ગુજરાતમાં બહોળો અવકાશ છે. શ્રી. ઉમાશંકરની વિચારપ્રતિભા તેમજ કવિસુલભ ઊર્મિતત્ત્વ, એ બેઉના સુભગ સમન્વય વડે સંસ્કૃતિ ખૂબ ખીલો અને કૃતાર્થ બનો, એવી શુભેચ્છા છે. એનો પહેલો અંક આપણાં અભિનંદનોને આપોઆપ માંગી લે છે.

❋

તાર–ટપાલ

હિંદી સરકારના તાર–ટપાલ ખાતાના આવક–જાવકના નીચે મુજબના આંકડા બહાર પડયા છે:

	૧૯૪૩–'૪૪	૧૯૪૪–'૪૫
આવક	૨૫,૧૭,૦૦,૦૦૦	૨૯,૩૮,૦૦,૦૦૦
ખર્ચ	૧૬,૧૪,૦૦,૦૦૦	૧૯,૧૪,૦૦,૦૦૦

❋

સૈન્ય વિખેરણી

૧૯૪૫ના ઑગસ્ટમાં યુદ્ધનો અંત આવ્યો ત્યારથી આજ સુધીમાં હિંદી સૈન્યમાંથી નીચે મુજબના અફસરો છુટા કરવામાં આવ્યા છે:—

લશ્કર—૧૯,૧૮૨ (૪૨૦૮ હિંદી×૧૪,૯૭૪ યુરોપિયનો).

નૌકાદળ—૧૬૦૨ (૫૫૭ હિંદી×૧૦૬૩ યુરોપિયનો).

વિમાનીદળ—૨૪૦.

(વડી ધારાસભામાં સંરક્ષણમંત્રી શ્રી ભાઈની)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ સમીક્ષા

अ. म. रा.

બે નવલકથાઓ

ઉલ્કા

[લે. વિ સ. ખાંડેકર; અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ; પ્રકા૦ આર. આર. શેઠની કં. મુંબઇ—૨; મૂલ્ય, સાડાચાર રૂપિયા.]

'દોન ધ્રુવ' અને 'ક્રૌંચવધ' પછી પ્રસિદ્ધ મહારાષ્ટ્રીય સાહિત્યકાર ખાંડેકરની ગુજરાતીમાં ઉતરતી આ ત્રીજી કથા છે. આગલી બેઉ કૃતિઓ કરતાં વહેલી લખાયેલી આ કથા પોતાની વધુ વખણાયેલી અન્ય કૃતિઓ કરતાં લેખકને વધુ પ્રિય છે. એનું કારણ છે : આ કથાના પહેલા અક્ષર પડયા પહેલાં હૃદયને બેચેન બનાવી મૂકે એવું ક્ષોભક સંવેદન એમણે અનુભવ્યું છે, એટલે હૃદયનાં લોહીથી લખાયેલી પોતે એને ગણતા હોય તો તે સ્વાભાવિક છે.

એ સંવેદન કર્તાને થએલું સાધારણ મધ્યમવર્ગના નારીજીવન તથા દલિતવર્ગની ગુલામીના આંખ ખોલી દેનાર હૃદયમથન સમાજદર્શને. એ ઉભયવિધ ગુલામીનું ચિત્ર આલેખી તેની સામે જગાડવાની સામાજિક ક્રાન્તિનો સંદેશ સુણાવવા આ કથાનું નિર્માણ થયું છે. કથાની ત્રીજી આવૃત્તિની એમની સુવિસ્તૃત પ્રસ્તાવના આ બધું આપણને જણાવે છે. સંસ્કારી કથાનાયિકા ઉલ્કાના લગ્નનો પ્રશ્ન એને તથા એના આદર્શભક્ત ભાવનાશાળી પિતા ભાઉસાહેબને કેવો મૂંઝવે છે ને કેવું વીતાડે છે, અને છેવટે ઉલ્કાને એક બીજવર જાગીરદાર સાથે પરણવું પડે છે એ બતાવીને, મધ્યમ વર્ગની કન્યાને સમાજની સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિ તથા લગ્ન સંબંધી રૂઢિઓ ફર્યાં નથી ત્યાં લગી કેવું વેઠવું પડવાનું, તેનું રા. ખાંડેકરે વાચકોને સચોટ ભાન કરાવ્યું છે. બ્રાહ્મણ અબ્રાહ્મણના ઝઘડા, કન્યા-વહેવાર માટે નાના નાના ગોળ, જમાઇને પહેરામણી આપવાનો રિવાજ, દ્રવ્ય ને સલામ ભરતી દુનિયા, પુરુષ કરતાં સ્ત્રીનો ઊતરતો દરજ્જો—આ બધાં લક્ષણોથી યુક્ત મહારાષ્ટ્રીય સાધારણ મધ્યમ સમાજનું વાસ્તવચિત્ર કથામાં મજાનું ઊપસાવાયું છે. આવી સામાજિક પરિસ્થિતિ આગળ ભાઉસાહેબના આદર્શવાદને પરાજિત થતો કર્તાને બતાવવો પડયો છે.

સ્ત્રીની દુર્દશા ટીટાડવા સામાજિક ક્રાન્તિની જરૂર બતાવવા આમ એ પિતાપુત્રીનાં પાત્ર યોજ્યાં, તો દલિતોની ગુલામીના નિવારણ માટે ક્રાન્તિની જરૂર પ્રબોધવા ચંદ્રકાન્તનું પાત્રકર્તાએ સર્જ્યું છે. કથામાં પહેલી વાર નાના વિદ્યાર્થી તરીકે દેખાય છે ત્યારથી સ્વમાન દાખવી અન્યાય સામે માથું ઊંચકતા કંગાલ હાલતમાં ઉછરેલ વિધવાપુત્ર ચંદ્રકાન્તને સ્વયંસ્ફૂર્તિથી આત્મવિકાસ સાધતા પ્રગતિશીલ આત્મા તરીકે આલેખી; સત્યાગ્રહી શાંતિનિકેતનનો વિદ્યાર્થી, ક્રાંતિકારી શિક્ષક અને છેવટે મિલમજૂરો અને કિસાનોનો બેલી બનતો વર્ણવી કર્તાએ એ ઉદ્દેશ સાધ્યો છે. અન્યાય-સંતપ્ત જનતાના ખોફનો ભોગ થઇ માર્યા ગએલા સ્વાર્થાંધ જાગીરદાર પતિના અવસાન બાદ ઉલ્કાને તેની સઘળી મિલ્કતનું ટ્રસ્ટ કરી બાંબેગાવના ગરીબ ખેડૂતોને જમીનો અપાવવાનું કામ હાથ ધરતી આલેખીને પણ કર્તાએ આ જ ઉદ્દેશ સાધ્યો છે અને એ કથાનાયિકાના 'ઉલ્કા' નામને સાર્થ પણ કર્યું છે.

બીજી રીતે જોતાં, કથા, એના કમનસીબે નિષ્ફળતાને વરેલા ઉલ્કાના પ્રેમના પ્રયોગોની કથા પણ બની છે. સૌ પહેલાં ચંદ્રકાન્તના સંપર્કમાં આવી તેના પ્રત્યે આકર્ષાયેલી છતાં લગ્ન માટે તો ફોઈના પુત્ર વસંત પર નજર માંડતાં શીખેલી ઉલ્કાને એમાં નિરાશ થવા વારી આવે છે, ત્યાં માણિકરાવ એને ભેટે છે; તો એમાંય આખરે એને મળે છે તો નિરાશા જ. હૃદયથી બે વ્યક્તિ પર શુદ્ધ પ્રેમ કરી ચૂકેલી અને તેમનો એવો પ્રેમ વાંછતી એ સૌભાગ્યાકાંક્ષિણીને અન્તે પોતાનો સૌભાગ્યનાથ બનાવવો પડે છે આંબેગાંવના મોટી ઉંમરના જમીનદારને.

ચોવીસ પચીસ વરસની કોડભરી યૌવનાને ડોશી બનાવી દેતી આ બધી એની કર્મકથા છે. બંગાળી યુવતી કલ્પનાને મોંયેથી કથાન્તે જાણવા મળતો ચંદ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાન્તનો પોતા માટેનો વિશુદ્ધ, ઊંડો ને સ્થાયી પ્રેમ જ વિધવા ઉલ્કાના ઉત્તરજીવનનું એક માત્ર આશ્વાસન બની રહેશે, એવી વાચકને ખાતરી કરાવીને કથા પૂરી થાય છે. ચંદ્રકાન્તના ઉલ્કા માટેના એ બિનપ્રદર્શ-નિયા, નિર્મળ અને દેહકામનાશૂન્ય પ્રેમનું નિરૂપણ આ કથાની એક સિદ્ધિ ગણાય. એ સાત્ત્વિક અહૈતુક પ્રેમ આગળ દેહલાલસાના દાસ અને દ્રવ્યના કામી વસંત અને માણિકરાવનો પતંગિયાં જેવી અસ્થિર વૃત્તિવાળો, ઉલ્કાના દેહને જ વાંછતો પ્રેમ અને જમી-નદારપતિ તરફથી ઉલ્કાને મળતો એવો જ પ્રેમ કેવો ક્ષુદ્ર અને ઝાંખો લાગે છે! સામાન્ય પુરુષ સ્ત્રીને કઇ દૃષ્ટિથી જુએ છે તેનું એમાંથી યથાર્થ દર્શન મળી રહે છે.

કથાની લખાવટ આકર્ષક છે. નાયિકા ઉલ્કા પોતાની આત્મકથા કહેતી હોય એવી એની યોજના છે. તેના પિતાની નોંધપોથીમાંથી ઉતારા આપવાનો તથા ચંદ્રકાન્તના પત્રો ટાંકવાનો લેખનપ્રયોગ સારો થયો છે, પાત્રાલેખન સાફ છે. ભાઉસાહેબ, ઉલ્કા, ઉલ્કાનાં ફોઈ, આધુનિક કેળવણીનાં સર્જનરૂપ વસંત ને માણિકરાવ, ચંદ્રકાન્ત, ચંદ્રકાન્તની મા, નીરા, ઉલ્કાનો જમીનદાર પતિ—સૌ નાનાંમોટાં પાત્રો સુરેખ દોરાયાં છે. ખાંડેકરનું કવિત્વ પણ કેટલાંક કાવ્યોમાં તેમ ચંદ્રકાંતના પત્રોમાંની વાર્તાનાં ચમક્યું છે, જોકે કાવ્યોના ગુજરાતી ભાષાંતરમાં એ ચમકી શક્યું નથી. કૃતિનું ભાષાંતર સ્વચ્છ ગુજરાતીમાં કાળજી-પૂર્વક થયુ છે. અશુદ્ધિઓ અહીંતહીં નજરે પડે છે ખરી, પણ તે મુદ્રણદોષને આભારી હશે એમ માનીશું.

આવી કથાનું ગુજરાતી ભાષાંતર થયું તે ખોટું નથી થયું. બંગાળની કથાઓની જથ્થાબંધ આયાત કરતું ગુજરાત પોતાના સાખપડોશી પ્રાંતની કથા-ઓનો સ્વાદ ચાખે તે જરૂરનું છે. બંગાળી કથાઓની અને બંગાળી માનસની લાક્ષણિકતાઓ, જેનાથી આપણે હવે ઘણા પરિચિત થઈ ગયા છીએ, તેનાથી સ્વકીય રીતે વિશિષ્ઠ લાક્ષણિકતાવાળી મહારાષ્ટ્રીય કથાઓ અને મહારાષ્ટ્રીય માનસ ગુજરાતી વાચકોને અનોખો જ સ્વાદ આપશે, તે ઉપરાંત મહારાષ્ટ્રના જીવનનો સાચો પરિચય પણ કરાવશે; એ લાભ ઓછો છે?

ભગવાન કૌટિલ્ય

[લે. કનૈયાલાલ મુનશી; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યા-લય, અમદાવાદ; મૂલ્ય ચાર રૂપિયા; ત્રીજી આવૃત્તિ.]

શ્રી. મુનશી હીરક મહોત્સવ ગ્રંથાવલિના ગ્રંથ નં. ૪ તરીકે આ નવલકથા પ્રગટ કરવામાં આવી છે. કથાનાયક નંદનિકંદક આચાર્ય વિષ્ણુગુપ્તના પ્રતાપી પાત્રની દીપ્તિથી સાદ્યંત અજવાળાતી અને ચબરાક ચંદ્રગુપ્તપ્રિયા મૈનાકી, દુષ્ટ નંદ, મેલા મુત્સદ્દી વક્રનાસ, શકટાલપુત્રી મુગ્ધાગૌરી, અને તેના હાથના ઉમેદવાર સેનાજીતનાં પાત્રો ચમકાવતી, કોશા અને સ્થૂલિભદ્રના જૈનાગમ પ્રસિદ્ધ કિસ્સાનેય અંદર વણતી, અને સૌથી સરસ તો નૈમિષારણ્ય અને ત્યાંના વિશુદ્ધ બ્રાહ્મણ સંસ્કાર ને વાતાવરણનું યાદ રહી જાય તેવું ચિત્ર દોરી આપતી 'ભગવાન કૌટિલ્ય'ની આ તો ત્રીજી આવૃત્તિ છે, એટલે તેના પર વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. એટલું જ કહેવું પ્રાપ્ત થાય છે કે આમાં તો નંદવિનાશની આચાર્ય વિષ્ણુગુપ્તની પ્રતિજ્ઞા પૂરતી જ કથા આવે છે. એ પ્રતિજ્ઞાની સિદ્ધિની કથાની અપેક્ષા આ કૃતિ જગાવે છે જ. આનો પ્રથમ સંકલ્પેલો બીજો ભાગ લખાયો, તો પણ 'વાર્તા તેથી કોઇ રીતે અધૂરી નથી' એવો મનમનામણો સંતોષ માણવાનું રા. મુનશીએ ભલે ધાર્યું હોય, મુનશીપ્રિય વાચકોએ તેમને આ વાત એટલેથી પતા-વવા દેવી જોઇએ નહિ.

❋

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફીલ્મોની તેમજ ધંધાદારી પબ્લીસીટી માટેની નવીન સંસ્થા ...

સ્ક્રીન પબ્લીસીટી કોર્પોરેશન

ઓફ ઈન્ડીયા લીમીટેડ.

હેડ ઓફીસ :-
ધી પાસ્સ, ફેઈન રોડ,
દાદર, મુંબઈ.

રજીસ્ટર્ડ ઓફીસ :-
મહાલક્ષ્મી મારકીટ, ચાંદની ચોક,
ન્યુ દિલ્હી.

થાપણ :-

સત્તાવાર થાપણ.... રૂા. ૧૦,૦૦,૦૦૦

રૂા. ૧૦૦ નો એક એવા ૪,૦૦૦ કયુમ્યુલેટીવ પ્રેફરન્સ શેરો
રૂા. ૧૦ નો એક એવા ૪૦,૦૦૦ ઓડીનરી શેરો
રૂા. ૫ નો એક એવા ૪૦,૦૦૦ ડીફર્ડ શેરો.

કાઢેલી થાપણ... રૂા. ૫,૦૦,૦૦૦

રૂા. ૧૦૦ નો એક એવા ૨,૦૦૦ કયુમ્યુલેટીવ પ્રેફરન્સ શેરો અરજી સાથે રૂા. ૨૫-૦-૦ શેર દીઠ
રૂા. ૧૦ નો એક એવા ૪૦,૦૦૦ ઓડીનરી શેરો ,, રૂા. ૨-૮-૦ ,,
રૂા. ૫ નો એક એવા ૪૦,૦૦૦ ,, ,, રૂા. ૧-૪-૦ ,,

બાકીનાં નાણાં ડીરેકટર્સને યોગ્ય લાગે ભરવાનું જણાવે ભરવાના રહેશે.

મેનેજીંગ એજન્ટો અને તેમના મિત્રો તરફથી રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખના) શેરોની અરજીઓ આવી ગઇ છે

— બોર્ડ ઓફ ડીરેકટર્સ —

શેઠ ગોવિંદલાલ એલ. જોબનપુત્રા
શેઠ શિરાઝઅલી હાકીમ
આઇ. મકાની એસ્કવાયર
રૂપ કે. શોરી એસ્કવાયર
બી. બી. કપાસી એસ્કવાયર
એચ. સી. હાસમ એસ્કવાયર
ચંદ્રશંકર ટી. ત્રિવેદી એસ્કવાયર

— ઓન. એડવાઈઝરો —

ઇઝરા મીર એસ્કવાયર : હરિ બબાજી કોલ્હટકર એસ્કવાયર

— મેનેજીંગ એજન્ટો —

એચ. સી. હાસમ એન્ડ કું. લી.

અમદાવાદ ઓફીસ :- શ્રી બાબુભાઈ ભટ્ટ. C/O. કૃષ્ણ સાયકલ એન્ડ મોટર કંપની
રીચીરોડ, પોસ્ટ ઓફીસ પાસે, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રખ્યાત યોગાશ્રમના સંચાલકની દેખરેખ નીચે બનાવેલું

રામતીર્થ બ્રાહ્મી તેલ



(રજીસ્ટર્ડ)

સ્પેશીઅલ નં. ૧

પ્રખ્યાત ડોકટરો, વૈદ્યો, પ્રોફેસરો અને સ્ત્રી પુરૂષો આ તેલની પ્રશંસા કરે છે.

કારણ કે તે અનેક ફાયદાઓની ખાત્રી આપે છે.

- ✻ તેનાથી જ્ઞાનતંતુ અને ક્રિયાતંતુ બળવાન બને છે.
- ✻ માથાનો દુઃખાવો અટકે છે.
- ✻ સ્મરણ શક્તિ વધે છે.
- ✻ આંખના અનેક દરદો દૂર થાય છે.
- ✻ વાળ કાળા અને તેજસ્વી બને છે.
- ✻ ટાલ પર વાળ ઊગે છે.
- ✻ ખોડો દૂર થાય છે.
- ✻ ગાઢ નિદ્રા લાવે છે.
- ✻ શરીરે ચોળવાથી પાંડુરોગ દૂર થાય છે.
- ✻ ખરી પડતા વાળ અટકે છે, ને વધે છે.
- ✻ કાનની અનેક ફરિયાદો દૂર થાય છે.

સર્વત્ર મળે છે.

સર્વને ઉપયોગી.

સૂચના:—પ્રત્યેક ઋતુમાં દરેક સ્ત્રી, પુરુષો અને બાળકો માટે અનુકૂળ છે. ખાત્રી માટે તમારા કેમીસ્ટ કે દુકાનદાર પાસે આ તેલની માગણી કરો.

મોટી બાટલીનાં : રૂા. ૩–૮–૦ :: નાની બાટલીના : રૂા. ૨–૦–૦

શ્રી રામતીર્થ યોગાશ્રમ.

૪૪૮, સેંડહર્સ્ટ રોડ, મુંબઈ નં. ૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર બેઠાં માથેરાન

ઉનાળામાં રાજા મહારાજાઓ અને ગવર્નરો **માથેરાન** ભેગાં થઈ જશે પરંતુ બધાં કંઈ ઓછાં જઈ શકે છે? તેમને બીજે જવાની જરૂર નથી. અમેરિકાના રસાયણ શાસ્ત્રીએ જેમ વરસાદ વરસાવવાનો કીમિયો શોધી કાઢ્યો છે તેમ હિંદુસ્તાનનાં એક તપકીર બનાવનારાં કારખાનાંએ **એક તપકીર** તૈયાર કરી છે. જે સૂંઘવાથી મગજ ઠંડા **શેરડાઓથી** તરબોળ બની જાય છે, વળી શિયાળે મગજ હુંફાળો રહે અને વસંતનો વાયુ ઈચ્છા હોય તો **કસ્તુરીની સુગંધ** સાથે મગજને બારે માસ પમરાવતો રહે ઉપરાંત **માથાનો ગમે તેવો દુઃખાવો, નાકના છોડ, સળેખમ** વિગેરે અનેક દર્દો તાત્કાલિક દૂર થાય તેવી અજબ ઔષધિ આ તપકીરમાં ભરી છે. તેનો રંગ શામ છે, તેનો સ્પર્શ મુલાયમ છે. તેનું નામ છે:—

" ફોટા છાપ મેડીકેટેડ સ્નફ "

તેની કીંમતઃ—૫ ને ૧૦ તોલાના સુંદર ટીન પેકીંગમાં રતલ ૧ ના રૂા. ૮-૦-૦ ૧ તોલાવાળી શીશી ડઝન ૧ ના રૂા. ૪-૦-૦ પોસ્ટેજ અલગ: નમૂના માટે ૦-૨-૦ સ્ટેમ્પ બીડો.

પ્રાપ્તિસ્થાન :

મહાસુગંધી સ્નફ વર્કસ

શિહોર : કાઠિયાવાડ : **B. S. Ry.**

એજન્ટ : કંચનલાલ વાડીલાલની કું.

મંગળદાસ રોડ, મુંબઈ ૨.

Famous for Durability & Figure Fit

PIYUSH UPLIFT *Brassiere*

Lift that never lets you down

રૂપની લાવણ્યભર સજાવટ માટે

પીયુષ અપલીફટ

બ્રેસીયર

લવલી રૂા. ૩, યંગસ્ટર રૂા. ૪-૮
પ્યોર સીલ્ક રૂા. ૭/૮, સાટીન રૂા. ૪
મોડર્ન રૂા. ૨, વીનસ રૂા. ૨-૮

પીયુષ હોઝીયરી વર્કસ

રાજામ્હેતા સ્ટ્રીટ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકત છ આનામાં જ કાશ્મીરી બગીચો

માત્ર એકજ ડબીમાં

કાશ્મીરી બગીચાની મધમધતી બરફ જેવી શીતળ અને આનંદદાયક સુગંધ એકજ ડબીમાં

ક્રીશ્ના મેડીકેટેડ તપકીર

ની ડબી ફકત છ આનામાં જ ખરીદીને **એકજ ચપટી** સુંઘતાની સાથે તેની મહેક મહેક થતી **ઠંડી દીલખુશ** સુવાસ **ચંપેલી, ગુલાબ, કસ્તુરી** વગેરે પુષ્પોથી મહેકતો **કાશ્મીરી બગીચાનો** ખ્યાલ આપી રહે છે, ફકત એકજ અજમાયશથી તમો તેની **અપૂર્વ ઠંડક** આપનાર **મધુર મીઠી** સુગંધીનો ખ્યાલ કરી શકશો. ઉપરાંત આ ઔષધી ખુશ્બોદાર કાળી ઘુંટેલી તપકીર **નાક, આંખ,** અને **માથાના** તમામ દરદો **ચમત્કારી** રીતે નાબુદ કરી શ્રમિત **મગજને** શાંત, શીતળ અને **પ્રફુલ્લિત** બનાવે છે.

ટ્રાયલ માટે ફકત એકજ ડબી આજે ખરીદી કાશ્મીરી બગીચાનો સ્વર્ગીય આનંદ અનુભવો.

“ સુગંધ સાગર સ્નફ વર્કસ ” શિહોર (કાઠિયાવાડ)
(હિંદુસ્તાન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પ્રો. મહેતા પીતાંબરદાસ આણંદજી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬મી જાન્યુઆરીએ પ્રગટ થયેલ

ઊર્મિ

સ્વાતંત્ર્ય દિન ગ્રંથ

* '૪૨ ની શહાદતનાં સ્મરણો
* જયપ્રકાશ નારાયણ અને રાજેન્દ્ર બાબુના જીવન પ્રસંગો
* રાજસ્થાનો, લઘુમતીઓ અને બીજા પ્રશ્નોની અભ્યાસભરી આલોચના.
* વિદ્યાર્થીઓને અનેક રીતે ઉપયોગી એવો આ ગ્રંથ વહેલી તકે વસાવી લેજો.

કિંમત : ૧-૧૨-૦

ઊર્મિ-નવરચનાના ગ્રાહકોને
રૂા. ૧-૪-૦ માં મળશે.

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીમરાજ બિલ્ડિંગ, ૪૦૫ કાલબાદેવી, મુંબઇ-૨

ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો, અમદાવાદ

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેઢુનો દુખાવો, અમુંઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અનેક જાતના દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂા. ૧ાા, વચલી બાટલી રૂા.૧ા અને નાની બાટલી રૂા. ૦ા≈ ટ. ખ. જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના-નડીયાદ

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ.-૨

પુસ્તકોના
દરેક પ્રકારના પ્રિન્ટીંગ બ્લોકને
લગતું સુંદર રીતે કામ કરનાર
તથા રબ્બરસ્ટેમ્પ બનાવનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદમાં કેશગુંથન

પ્રાચીન હિંદની પ્રથાઓ આજે પશ્ચિમમાં પુનર્જન્મ પામતી જાય છે. અમેરિકામાં અને ખાસ કરીને હોલીવુડમાં હિંદી કેશગુંથનની પ્રાચીન પદ્ધતિઓ સ્વીકારાતી જાય છે.

હિંદમાં શોખીન સ્ત્રીઓ પોતાની વેણીનું આકર્ષણ સ્વસ્તિકનું સુગંધિત કેસ્ટર ઓઈલ વાપરી ઓર વધારે છે.

સો વર્ષ પહેલાંની મલબારની નાયર સ્ત્રીનું કેશગુંથન

બીજી સર્વોત્તમ સ્વસ્તિક બનાવટો : કાન્તિ અને બીજાં ન્હાવાના સાબુઓ, શેવીંગ સ્ટીક, ધોવાના સાબુઓ, ગોવાલિન છાપ વનસ્પતિ, વગેરે, વગેરે.

સ્વસ્તિકનું સુગંધિત કેસ્ટર ઓઈલ

ઉત્તમ અને અજોડ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લીમીટેડ., વડાલા, મુંબાઈ.

SHILPI

BOM 3

સાચા હિંદી બનો. હિંદી માલ ખરીદો.

ડીસ્ટ્રીબ્યુટર્સ : વેસ્ટર્ન ઇન્ડીયા પ્રોસ્પેક્ટિંગ સિન્ડીકેટ લિ. પો. ઓ. નં. ૨૮ અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપચ્યૂન

જિંદગી, આગ

અને

અકસ્માત

ના વીમાનું

કામ કરે

છે

કુલ અસ્કયામત

રૂા. ૫૫,૦૦,૦૦૦થી વધુ

કામકાજ કરવા લાગવગવાળા અને શક્તિશાળી એજન્ટો જોઈએ છે.

નેપચ્યૂન એસ્યુરન્સ કંપની લિમિટેડ

: હેડ ઑફિસ :

નેપચ્યૂન બીલ્ડીંગ, મુંબઈ.

અમદાવાદ બ્રાંચ:

પાંચકૂવા, અમદાવાદ.

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૭ : 'નવરચના' વર્ષ ૧૨ : અંક ચોથો

જુલાઇ : ૧૯૪૭

ક્રમ

૧	ગદ્ય સાહિત્યનો પ્રયોગી વિકાસ	ધૂમકેતુ	૫
૨	જીવનનું એક પૃષ્ઠ	અજ્ઞાત	૮
૩	વહેતાં પાણી	માસિક નોંધ	૯
૪	જીવનપંથ	ધૂમકેતુ	૧૬
૫	ગુરુદેવના સંસ્મરણો	રમણીક મેઘાણી	૨૮
૬	કાઠિયાવાડના એક ગામડાના અનુભવો	ડૉ. સુમન્ત મ્હેતા	૩૨
૭	આડે લાકડે આડો વેર	અ-કવિ	૩૭
૮	ચેતનસ્પર્શ	નરસિંહભાઇ પટેલ	૪૨
૯	દૂધનાં પોરા	જોનાર-આંધળોજોત	૪૫
૧૦	મેઘબિંદુ	ધૂમકેતુ	૪૯
૧૧	પ્રતીક	ભુપેન્દ્ર ઉપાધ્યાય	૫૮
૧૨	હાસ્યલહરી	કૌશિકરામ વિ. મહેતા	૬૨
૧૩	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, પ્રો. જયંતિલાલ, ડૉ. નરસિંહ મૂ. શાહ	૬૯
૧૪	ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૭૪

: વાર્ષિક લવાજમ :

દેશમાં : રૂા. ૭-૦-૦ :: પરદેશમાં : રૂા. ૧૦-૦-૦

છૂટક નકલ બાર આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મીસરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી રોડ : મુંબઈ-૨

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વ વિખ્યાત ફ્રેંચ નવલકથાકારની જગમશહૂર નવલકથા

લા' મિઝરેબલ

બહાર પડી ગયું છે.

ભા. ૧ લો ૩-૧૨-૦   ભા. ૨ જો ૪-૮-૦

બન્નેનું ટપાલ ખર્ચ ૦-૮-૦

નવલકથાઓ તો ઘણીયે બહાર પડે છે અને પડશે, પણ અમરપદ તો કોઈક જ નવલકથાને સાંપડે છે. લા' મિઝરેબલને જગતની શ્રેષ્ઠ નવલકથામાંહેની એક ગણવામાં આવે છે. ઈ. સ. ૧૮૬૨માં એક જ દિવસે આઠ મોટાં શહેરોમાં દસ જુદી જુદી ભાષાઓમાં એ પ્રથમ પ્રગટ થઈ. ત્યારથી આજ સુધીમાં તેની હજારો નકલો ઊપડી ચૂકી છે અને આજે પણ તેની આવૃત્તિઓ નીકળ્યે જ જાય છે.

ગુજરાતીમાં નવલકથાની ખોટ ઘણા સમયથી છે. 'ગુજરાતનો નાથ' લખાયા પછી એવી દીર્ઘજીવી નવલકથા વાંચનારાને મળી નથી. 'લા' મિઝરેબલ' પણ લાંબા કાળ સુધી પોતાનું સ્થાન જમાવશે એમ ખાતરીપૂર્વક કહી શકાય. ગુજરાતીમાં પણ એની સેંકડો નકલો જશે એ વિષે શંકા નથી. આપ આપની નકલ વહેલી તકે મંગાવી લેશો.

અમારાં બીજાં પ્રકાશનો

(૧)	મહાદેવભાઈ	લે. વજુભાઈ શાહ	૨-૮-૦
	,,	(એન્ટિક કાગળમાં)	૩-૦-૦
(૨)	હરતાં ફરતાં હાડપિંજરો વચ્ચે	લે. કાન્તિલાલ શાહ	૩-૮-૦
(૩)	દુર્ભિક્ષ	લે. કાન્તિલાલ શાહ	૩-૪-૦
(૪)	એકાન્તના સામ્રાજ્યમાં	અનુ. રજબઅલી લાખાણી	૩-૪-૦
(૫)	ધરતીને મથાળે	અનુ. મૂળશંકર મો. ભટ્ટ	૩-૦-૦
(૬)	પથ્થરનાં પારેવાં (નાટક)	લે. ઈન્દુલાલ ગાંધી	૨-૧૨-૦
(૭)	સરવાણી (કાવ્યસંગ્રહ)	લે. પ્રહ્લાદ પારેખ	(તૈયાર થાય છે)
(૮)	સાહસિક સોદાગરો	લે. ડુંગરશી સંપટ	૨-૧૨-૦
(૯)	લોઢાના ચણા		૪-૮-૦

મહાભારત ગ્રંથાવલિ	ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે	ભા. ૧ લો	૨-૧૨-૦
	,, ,,	ભા. ૨ જો	૨-૮-૦
	,, ,,	ભા. ૩ જો	૨-૮-૦

પ્રાપ્તિસ્થાન

સંસ્કાર સાહિત્ય મંદિર	**આઝાદ ભંડાર**	**અનંત, દેસાઈ**
મુખ્ય કાર્યાલય જોરાવરનગર	ઘોઘાદરવાજો	ડી. ૧૧ માધવજી બિલ્ડીંગ, કમળ ટોકીઝ
[કાઠિયાવાડ] B. S. Ry.	ભાવનગર	સામે, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ-૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મહિનાનો વિચાર

ગદ્ય સાહિત્યનો પ્રયોગી વિકાસ

ગદ્યમાં રહેલી પ્રચ્છન્ન કાવ્યમયતા વિષે આપણું વિવેચન જ્યાં સુધી ગંભીરતાપૂર્વક વિચાર નહિ કરે ત્યાં સુધી ગુજરાતી સાહિત્યનાં સર્વોત્તમ શિખરો આપણને જોવાં નહિ મળે. મણિલાલ નભુભાઇ, આનંદશંકર, ગોવરધનરામ અને બીજા અનેકાનેકે આપણા ગદ્યસાહિત્યને ઘણા ઘણા આભૂષણો વડે અલંકૃત કર્યું છે છતાં ભૂલવું ન જોઈએ કે એમાંના કોઈમાં – ગોવરધનરામમાં પણ પ્રચ્છન્ન કાવ્યમંયતા આપણને જોવા મળતી નથી. એ આખી એક અનોખા પ્રકારની કલા છે. કવિ ન્હાનાલાલના અલંકૃત ગદ્યમાં પણ એ નથી. મુનશીમાં નથી. બ. ક. ઠા., ગાંધીજી, મશરૂવાળા કે કાલેલકરમાં નથી–નહિ કે આમાંના કોઈ ગદ્યના અદ્‌ભુત સ્વામી નથી, પરંતુ એમની વિચારધારામાં, જે વસ્તુ પ્રધાનપણે દેખા દે છે, એ સુંદર નિર્મળ મોહક કલાસ્વરૂપ ધારી શકતી નથી. ટાગોર, રસ્કીન કે જિબ્રાનમાં દેખા દે છે તેવું. એવું કલાસ્વરૂપ કે જેમાં શબ્દ, વાક્ય, રચના, લઢણ, વાચનનો આરોહઅવરોહ, વિચાર, ભાવના, લાગણી અને જરાક અદૃશ્ય રહેતી એવી લેખકની પોતાની વ્યક્તિગત વિચિત્રતા કે શ્રદ્ધા–એ તમામેતમામ એટલાં ઓતપ્રોત થઈને વણાઈ ગયાં હોય કે સેઈન્ટસબરી રસ્કિન વિષે કહે છે તેમ એના ગદ્યની દરેકેદરેક 'ઈંચ' જગ્યામાં એક સંપૂર્ણ ચિત્ર બેઠું હોય છે અને તે આખા ચિત્રની સાથે તદ્દન મેળમાં હોય છે.

એનું કારણ એવું છે કે પોતાના વિષયના રસ ઉપરાંત, ગદ્યની રચનાના સૌન્દર્યનું જેને આકર્ષણ હોય, એવા લેખકો બહુ થોડા હોય છે. રચનાના વિવિધ અંગનો મોહક સ્વાંગ સમજવામાં લેખકની પાસે શાંત સમાધિ હોવી જોઇએ. સેઇન્ટસબરી એક જગ્યાએ બહુ સુંદર રીતે મૂકે છે તેમ ' The necessities of the prose writer are, an ear in the first place : this is indispersable and perhaps not too Common '– ગદ્યનું સૌન્દર્ય, આપણો કાન તરત પકડી શકે, એવી રીતે મુકાયલું હોય તો જ એ વસ્તુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠાવ આપે છે. આને કૃતિમતાનો ઘણો ભય છે પણ, સંભાળ હોય, વિષયનું જ્ઞાન હોય, ખરો રસ હોય ને ચિત્તમાં પ્રસન્નતા હોય–તો એક સુરેખ કાવ્યમયતા, ગદ્યમાંથી ઊઠી આવે, અને એનો આખો રણકો ફરી જાય. પણ આટલે ઊંચે જવાની જરૂર નથી. એ પછી આવશે. પણ આપણી પાસે, આજે ફરેલી પરિસ્થિતિને લીધે, ગુજરાતીમાં લખાણો વધવાની અને અનેક પ્રકારના પ્રયોગો થવાની શકયતા વધી છે. એવે વખતે ગુજરાતી ગદ્યસાહિત્યનો, રચનાના અખતરા લેખે, અને એથી એમાં ઉદ્‌ભવ પામતા અર્થોના ફેરફાર લેખે, અભ્યાસ કરવામાં આવે, અને એમાં પણ આપણી બોલવાની લઢણનું સુરેખ મિશ્રણ મૂકવામાં આવે, તો ગદ્યસાહિત્યની ઘણી જ વિવિધ દિશાઓ ઊઘડે એટલું જ નહિ, આપણી સમજણશક્તિ, સૌન્દર્યદૃષ્ટિ અને ચિત્તની ભાવનામાં પણ સંસ્કારી ફેરફાર થાય. કારણ કે છેવટે તો માણસ આ જમાનામાં જેટલો પોતાની વિચારશક્તિ વડે ઘડાય છે એના કરતાં એક હજાર ગણો વધારે, એ પોતાની આસપાસના વાતાવરણમાંથી ઘડાય છે. આ વાતાવરણને શબ્દ વડે સરજવાનું બળ માણસ પાસે રહ્યું છે. માટે માણસે શબ્દની ઉપાસનામાં ઘણું વધારે ચિંતન રેડવું જોઇએ. અને શબ્દને ચિત્તની શાંતિનો, પવિત્રતાનો ને તેજસ્વિતાનો વાહક બનાવવો જોઈએ.

આજે જે રીતે માણસો શબ્દવ્યવહાર કરી રહ્યાં છે, સેંકડો હજારો ને લાખો માણસોનાં ખૂન કરાવ્યા પછી, જે મોહક ફિલસૂફીની વાતો કરી રહ્યાં છે, એ દર્શાવે છે કે શબ્દનું ખરું રહસ્ય આપણે ગુમાવી દીધું છે. એ રહસ્યને ફરી સ્થાપવા માટે એનો નવેસરથી રચનામર્મ શોધવો જોઇએ. એ દૃષ્ટિએ પણ ગદ્યસાહિત્યનો વિકાસ સાધવાનો આ સમય છે. આપણને જેટલો ભય અત્યારે 'એટમ બૉમ્બ' નો લાગે છે એટલો જ મિથ્યા પ્રલાપી શબ્દોનો પણ લાગવો જોઈએ.

અમાં ખરું કર્ત્તવ્ય તો વિવેચકોનું છે. એ જે વાંચે છે ને એ સમજે છે એ પ્રમાણે નથી, પણ આ પ્રમાણે છે, એવો તત્ત્વાર્થ આજે વારંવાર વિવેચકોએ વાચકોને આપવો ઘટે છે. આજે વાચનની ભૂખ જાગી છે. જાણવાની મહેચ્છા જન્મી છે. એ વખતે, માનવપ્રકૃતિમાં રહેલા તમામ અંશોને સુવ્યવસ્થિત કરે અને એને એક માનવ તરીકે જીવતાં શીખવાડે એટલું સામાન્ય સાહિત્ય તો હાથવગું બની જવું જોઈએ. સાહિત્યની વિવેચનાની જેમ, સિનેમા, નાટક, સામાજિક પ્રવૃત્તિ અને રાજકરણની તલસ્પર્શી, મધ્યસ્થ, આકર્ષક, રુચિકર અને સમજાવટ કરવામાં સફળ એવી વિવેચનાઓનો હવે વારંવાર ખપ પડવાનો છે. જેવી રીતે ઋતુનાં મોસમી ફળો પાકતાં જ તરત એની મારણ ઔષધીઓનો ખપ પડે છે તેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ સમય છે કે જ્યારે આપણે આપણા ગદ્યસાહિત્યની એક રાષ્ટ્રીય સંપત્તિ લેખે મૂલમુલવણી કરવી જોઈએ. આપણા ગદ્યસાહિત્યમાં એટલા બધા અવનવા પ્રયોગોને અવકાશ છે કે એ તમામેતમામ પ્રયોગો માટે રસ લેનારાઓ જાગવા જોઈએ.

ગઝલમંડળની પેઠે ગદ્યને ખીલવણીની તાલીમ આપવી જોઈએ. એ ખીલવણી આપવામાં કૃતિમતાનો મહાભય રહ્યો છે એ ખરું પણ એટલા ભયનો સામનો કરીને જો એનું સાચું સ્થાન સ્થાપવાનો પ્રયોગ કરવામાં આવે, તો લોકોને એક નવીન દૃષ્ટિ મળે. અને એની રીતે શિક્ષણ અને સંસ્કારનો વ્યાપક સ્પર્શ જનતાને પહોંચે.

આપણે આપણા ગદ્યને સાચું, એકધારું, સ્વચ્છ, સમજાય તેવું બનાવી શકીએ તો એ પણ મોટી સેવા છે. આપણે શરૂઆતમાં જે વિચાર દર્શાવ્યો–ગદ્યકલાના સ્વામીઓનો–એ સ્વામીઓની ગદ્યકલાને સમજવાની પ્રાથમિક ભૂમિકા પણ હજી આપણે ત્યાં ખૂટે છે. એને પરિણામે આપણે ત્યાં જ્યારે કાંઈ અસાધારણ ક્રાન્તિકારી સ્થિતિ જન્મે છે ત્યારે એમાં વ્યવસ્થા સાચવવાનું સાહિત્ય પણ આપણે યોગ્ય રીતે આપી શકતા નથી. એક જ ઉદાહરણ આપું. ઘણી વખત એક સાદામાં સાદી સજાવટ જે વસ્તુ કરી શકે તે સજાવટ પણ આપણે બરાબર આપી શકતા નથી. આપણા અસંખ્ય નાગરિકોએ આજ દિવસ સુધી બસ અને ગાડીઓના કડવા અનુભવો કહ્યા છે. એમને આટલી સાદી સમજ કોઈ દિવસ આવી કે શહેરની મ્યુનિસિપાલિટીએ એક એવું ઈનામ જાહેર કરવું જોઈએ કે વરસ દરમ્યાન સૌથી વધારેમાં વધારે વિવેક જે ગાડીવાળો જાળવી શકયો હોય એવો ગાડીવાળો એ મેળવે ! માત્ર એટલું જ કરવાથી નાગરિક જીવનને કેટલી રાહત આપી દેવાય !

ખરી રીતે આપણા આવા સાદા વાચનપ્રયોગોની પણ તાલીમશાળા જોઈએ. એક જ વિષયને–સાદામાં સાદી, સુંદરમાં સુંદર, ને સ્વચ્છમાં સ્વચ્છ રીતે કહી બતાવનાર ને લખી દેખાડનાર માટે બીજા કોઈએ નહિ તો, દૈનિક-પત્રોએ, પોતપોતાના ‘કોલમ’ દ્વારા પ્રસિદ્ધિ ને પારિતોષિક આપીને, એના પ્રયોગો પણ માંડવા જોઈએ. દેશની જરૂરિયાત–અને એને પહોંચવાના માર્ગો વિષે જે વધારેમાં વધારે ચિંતન કરતા રહેશે તે જ છેવટે પ્રગતિશીલ બની શકશે.

ધૂમકેતુ

❋

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનું એક પૃ…

અજ્ઞાત

આજ મારું હૃદય જાણે પાણી પાણી થઈને વહી જાશે કે શુ? એવી એક ભયંકર શૂન્યતા એમાં આવીને વસી છે. એને શૂન્યતા પણ શી રીતે કહું? એ જે લાગણી આવી છે, એને શું નામ આપું, એ પણ મને ખબર પડતી નથી. કોઇ મહા-પર્વતની પગદંડી પગદંડીએ માણસ પ્રવાસ કરી રહેલ હોય, અને એકાદ સુંદર ટેકરીને છેડે, એક નાનું ઉપવન જોવાની આશામાં ઉત્સાહી પગલે આગળ વધી રહ્યો હોય, અને અચાનક ત્યાં ટેકરીને છેડે આવીને, થંભી જાય; સામે ઉપવનને બદલે કોઈ વખત ભયંકર વેરાન કંદરા મોં ફાડીને ઊભેલી જુએ અને જેવી એની મનોવસ્થા થાય, એવી આજ મારી મનોવસ્થા થઇ છે.

ઓગણીસ ઓગણીસ વર્ષ થયાં જે વસ્તુને માટે હું ચિંતાતુર હતી તે વસ્તુ આજે બની ગઇ છે.

બની તો ભલે બની, એની પણ મને રંજ ચિંતા ન હોત, જો એ યોગ્ય રીતે બની હોત તો.

પણ આ તો એવી રીતે બની કે એમાંથી નીકળવાનો કોઇ જ માર્ગ દેખાતો નથી. માર્ગ કાઢવા જતાં વધારે મથામણનો એક જ માર્ગ દેખાય છે.

આજ મેં એનું મોં જોયું, અને હું એ કળી ગઈ.

કાંઈક પણ નવાજૂની ચોક્કસ થઇ છે. ફૂલની કુમાશ અને મીઠાશ બન્ને જેનામાં વસી રહ્યાં છે, એવું એ કુમળું રૂપાળું નિત્ય અકારણ હસતું મોં આજે જાણે કે મહાવિષાદની ઘેરી છાયામાં આવી ગયું છે. એના ઉપર કોઇ મહા દુઃખનો ઓછાયો પથરાઈ ગયો છે. મારાથી એ દેખ્યું જાતું નથી.

મેં ધાર્યું જ હતું કાંઈક નવા જુની ચોક્કસ થશે. હું મારા મનને એ માટે તૈયાર પણ કરી રહી હતી. હું પોતે એ માટે તૈયાર થતી હતી. મારે કમળને એને માટે તૈયાર કરવાનો હતો. પણ ત્યાં તો જેમ દૂધમાં વિષનાં બિંદુ પડે તેમ એના સ્વચ્છ અંતઃકરણમાં આ ડાઘ આવી પડયા. અને એ ડાઘ મૂકનારો તો મૂકીને ચાલ્યો પણ ગયો.

બીજો કોઈ હોત તો તો હું એને આ મ… એકાંત વૈધવ્યને સામે ઊભવા જ દેત નહિ, ઓગણ… ઓગણીસ વર્ષ થયાં મેં વૈધવ્ય એકલી એ જ પા… છે. એનાં સંકટ, એની અથડામણ, એની મથામ… એની વિટંબના તમામને મેં એકલીએ જ … દિવસ સુધી સંભાળ્યાં છે. આ કમળ—એક વર… નાનું ફૂલ હતું; ત્યારથી ઓગણીસ વર્ષ સુધી… રાતદિવસની જહેમત મેં ઉઠાવી છે. મને એક… ખબર છે કે મારા હૃદયમાં મારાએ દિકરાનું … સ્થાન છે. અને મારા દીકરાના હૃદયમાં મારું … સ્થાન છે!

પણ હાય રે: આજે એક ભયંકર મા… અચાનક આવીને, મારું અને એનું બન્નેનું … ઉજાજડ કરી મૂકયું!

ઓગણીસ ઓગણીસ વર્ષ સુધી, એક … મનોરમ વાટિકા રચવાનાં જે સ્વપ્ન હું સેવી રહી … એ મારાં તમામ સ્વપ્ન આજે છિન્નભિન્ન … વેરણછેરણ થઈ ગયાં છે! એ મારા સ્વપ્નનું … કાંઈ નહિ, હું મારા ભગ્ન અંતઃકરણના એકાદ ખુ… એ સ્વપ્નાની થોડી મળી તેવી રાખ સંઘરીને … મારું જીવન એને આધારે કાઢી નાખત. પણ … તો, કમળના ચહેરા ઉપર અને વાતાવરણમાં, … પવનમાં, પાંદડા ઉપર ને પંખીની બોલીમાં … ભયંકર અનુભવના પડઘા સાંભળું છું, જે … ઓગણીસ વર્ષ ઉપર મારા એક નાના ખંડિયે… ઘરને આંગણે સાંભળ્યા હતા. આજે હું … ચહેરો જોઉ છું, એનો વિષાદ નિરખું છું, એમાં … ભયંકર શૂન્યતા દેખું છું, અને મને એ ગોઝારો … સાંભરી આવે છે! અને હું ધ્રૂજી ઊઠું છું! શું … ઇતિહાસનું પુનરાવર્તન થાશે?

તે દિવસે, આજથી ઓગણીસ વર્ષ ઉપ… ગોઝારા દિવસે હું મારા ધૂળિયા મકાનના … ખરે બપોરે, લીમડાની છાયા નીચે બેઠી હતી. … માસના શરૂઆતના દિવસો હતા, પણ વરસા…

[જુઓ અનુસંધાન પાનું ૬૪]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક નોંધ

'કવીટ ઇન્ડીઆ'ની જેહાદનું વેર વળાઈ રહ્યું છે

વાઇસરૉય માઉન્ટબૅટને ઘડેલી, મુસ્લિમ લીગે આવકારેલી, કૉંગ્રેસની સંમતિવાળી અને શીખોએ સ્વીકારેલી ત્રીજી જૂનની માયાવી યોજના ત્રણ જ અઠવાડિયામાં તો કાગળ ઉપરથી ઊતરીને ભારત-ભૂમિના પુરાણા મહાવૃક્ષ ઉપર કરવત અને કુહાડા ચલાવવા મંડી પડી છે. હજારો વર્ષ પૂર્વે ભરી સભામાં દ્રૌપદીનાં ચીર લુંટાયા ત્યારે પાંડવોએ અનુભવેલી કરુણ નિસહાયતા આજે આ દેશની પ્રજાનો મોટો ભાગ અનુભવી રહ્યો હશે. પાંડવોની અને આપણી હાલત વચ્ચે ફરક ફક્ત એટલો છે, કે એમની તો પત્નીનાં વસ્ત્ર લંટાતા હતા, જ્યારે આજે આપણી સમક્ષ માતાનાં ચીર લુંટાઇ રહ્યાં છે.

બંગાળ અને પંજાબના ભાગલા પાડવાના નિર્ણયો લેવાઇ ગયા છે. સિલ્હટનો લોકમત કદાચ પાકિસ્તાન સાથે જોડાવા માટે આસામથી વિખુટા પડવાનું નક્કી કરશે, અને સરહદમાં પણ નવેસરની ખુનામરકીથી ઢાંસેલા લોકમતને નિવારી શકાય તેવી કોઈ સંભવિતતા દેખાતી નથી. આ છે કાળો ઘોર કરુણ વર્તમાન. એની આડશેથી દેખાતા દોઢેક મહિના જેટલા નજીકના ભાવિમાં જ સાંસ્થાનિક સ્વરાજ ઊભું છે, હિંદની અને પાકિસ્તાનની દિલ્હીવાસી તેમજ કરાચીવાસી બે સરકારો ઊભી છે. બે લોક-પ્રતિનિધિ-સભાઓ ઊભી છે. અને ભાવિની એ થોડી ઊજળી રેખાઓની ચોપાસ અરાજકતાનો અંધકાર છવાયેલો દેખાય છે. બરાબર પાંચ વર્ષ પૂર્વે આ જ મહિનાઓમાં ગાંધીજીએ 'હિંદ છોડો'ની જેહાદ ઉપાડી હતી. અંગ્રેજો ત્યારે બહાના કાઢતા હતા કે, અમે જવા તૈયાર છીએ, પણ સત્તા કોને સોંપીએ ? તમે સંપીને એક બનીને સત્તા સંભાળી લેતા હો તો અમે જઇએ. ગાંધીજીનું હૃદય ભેદીને એનો જવાબ આવેલો કે, તમે અહીંથી જાવ, આખા દેશનું રાજ ભલે લીગને સોંપો, રસ્તે ચાલતા માણસને સોંપો, કાળા ચોરને સોંપો, અરાજકતાને પણ સોંપો, પરંતુ તમે તો અહીંથી હવે જાવ. એ 'કવીટ ઇન્ડીઆ'નું આજે જાણે કે અક્ષરશઃ વેર વળાઈ રહ્યું છે. અંગ્રેજો જઈ રહ્યા છે અને ખંજરબાજી તથા ડાકુગીરીમાં પાવરધા બનેલા લોકોના હાથમાં એ દેશના અમુક હિસ્સા સોંપતા જાય છે.

સિમલા પરિષદથી આરંભાયેલી વાટાઘાટોનો આવેલો અંત

અરાજકતા અને ડાકુગીરીના હાથમાં વ્યવસ્થિત રીતે દેશની સોંપણી થઇ રહી છે ત્યારે પોતાની કીર્તિને ભોગે પણ એ યોજનામાં સંમત થનારા ફસાયેલા રાષ્ટ્રનેતાઓનો એક માત્ર ઉદ્દેશ એ જ હશે, કે દેશના બને તેટલા હિસ્સાઓને એ અરાજકતાના પંજામાંથી ઉગારી લેવા, અને જે કોઇ થોડા ભાગ દેશના મુખ્ય અંગથી જુદા પડે તે વિદેશીઓની સીધી યા આડકતરી હકૂમત નીચે રહી ગયેલા જ છે તેમ માનીને એને ફરી આઝાદ હિંદનાં અંગ બનાવવા પ્રયત્નો કરતા રહેવા. બે વર્ષ પર જેલમાંથી છૂટીને સિમલા પરિષદથી જે વાટાઘાટોની શરૂઆત થઇ હતી તેનો આજે હવે આ રીતે અંત આવ્યો છે. બે વર્ષ પર જ ત્યારના રાષ્ટ્રપતિ મૌલાના આઝાદે કહેલું કે, આઝાદી માટે હવે લડત લડવાની જરૂર નથી; એ વાટાઘાટો દ્વારા આવી જશે. ત્યારથી લડતનો માર્ગ પડતો મુકાયો. ચાહે તેવા ઉમદા લડવૈયાઓ પણ સતત લડ્યે જ રાખવામાં માનતા હોય એવું નથી બનતું. વાટાઘાટો તો ભલભલા યોદ્ધાઓએ પણ કરેલી છે. પરંતુ છેલ્લાં બે વર્ષો દરમિયાન રાષ્ટ્રનેતાઓએ અનેક વાટાઘાટોમાં કોઈ પણ હિસાબે એનો નિવેડો લાવવાના હેતુથી ડગલે ને પગલે જે સમાધાનો સ્વીકાર્યાં છે તે ઉપરથી એમ જ લાગે કે આપણે માટે જાણે વાટાઘાટો સિવાય કોઇ બીજો રસ્તો રહ્યો નહોતો.

રાષ્ટ્ર-એકતાને સર્વોપરી ગણી લડનાર લિંકન ન નીકળ્યો

નેતાઓ કદાચ હૃદયપૂર્વક એમ માનતા હશે. એમને એમ પણ લાગ્યું હશે કે પ્રજામાં લાંબી લડત લડવાની તૈયારી નથીઃ એ તૈયારી પ્રજામાં આવતાં હજી ઘણાં વર્ષો જશેઃ તેના કરતાં તો વાટાઘાટો દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–અપમાનિત સમાધાનોભરી વાટાઘાટો દ્વારા પણ –સ્વરાજ વહેલું લાવી શકાશે. કદાચ એ હૃદયપૂર્વક એમ માનતા હશે કે આઝાદીની હિંસક લડતમાં જાન-માલની જે ખુવારી થાય તેના કરતાં વાટાઘાટો એકંદરે દેશને ઓછી નુકસાનકારક નીવડશે. નેતાઓ આવું માનતા હોય તો એ તેમની નબળાઇ છે, એમ ઘણા કહેશે. આત્મનિર્ણયના સિદ્ધાંતને નામે, અને દેશના કોઈ પણ ભાગ ઉપર બીજાઓની ઈચ્છા બળ-જબરીથી ન લાદવાના ધ્યેયના બહાના હેઠળ એમણે મંજૂર રાખેલા દેશના ભાગલા પાછળ વસ્તુતઃ તો એમની જ કમજોરી રહેલી છે, એમ પણ કેટલાક કહેશે. એમ તો અમેરિકા જેવા સ્વાતંત્ર્યપ્રિય દેશના લોકો શું આત્મનિર્ણયના અધિકારમાં નહોતા માનતા? અને છતાં હબસી ગુલામોના પ્રશ્ન ઉપર અમેરિકન રાજ્યસંઘમાંથી જુદા પડવા માગતાં દક્ષિણનાં રાજ્યો સામે એ કેવા લડ્યા હતા! અમેરિકાની એકતાને સર્વોપરી ગણીને પોતાના જ ભાઈઓ સામે લિંકનનાં લશ્કરોએ કેવી ટક્કર ઝીલી હતી!

નેતાઓની તાકાતનું ભાથું પ્રજાએ પૂરુ પાડવું પડે છે

વાત પણ સાચી છે. આજે આપણા આગેવાનોમાંથી કેમ કોઇ લિંકન તલવાર ઉઠાવીને ન નીકળ્યો? કેમ કોઇ એવું કહેનાર વીરલો ન જાગ્યો કે, ના, સિલ્હટને આસામથી અલગ નહિ પાડી શકાય; ના, સરહદમાં લોકમત નહિ લઈ શકાય; ના, બંગાળના કે પંજાબના ભાગલા નહિ પાડી શકાય; ના, શું ત્રાવણકોર કે શું નિઝામ, શું ભોપાલ કે શું કાશ્મીર, હિંદની ધરતીનો એક અંગૂઠા જેટલો ટુકડો પણ દેશ આખાથી વિખૂટો પડીને પોતાની સ્વતંત્રતા કે સાર્વભૌમતા જાહેર નહિ કરી શકે; ના, ગોવામાં પોર્ટુગીઝો અને ચંદ્રનગરમાં ફ્રેંચો નહિ રહી શકે; કારણ કે એ ગેરઈન્સાફ છે, એ જુલમ છે, એ અસત્ય છે, એ અસહ્ય છે? એ સવાલનો જવાબ મેળવવા માટે નેતાઓનાં મોઢાં સામે જોવાની જરૂર નથી. લિંકનથી સવાયાં જોખમો પણ ઉઠાવી શકે તેવા ભડવીરો આ દેશમાં પડ્યા છે. પણ ખરેખર શું એ આપણા નેતાઓ રહ્યા છે?

સાચાખોટા, પણ શ્રી ઝીણા કરોડો મુસ… માનોના આગેવાન છે. એ માગણીઓ રજૂ … શકે છે ને માગણીઓ મંજૂર પણ કરાવી … છે; એ તોફાનોની ધમકી આપી શકે છે … એમનાં અનુયાયીઓ એ ધમકી સાચી પણ પા… શકે છે. જ્યારે આપણે જેમને રાષ્ટ્રીય આગેવા… ગણીએ છીએ તે શું સાચેસાચ લોકનેતાઓ ર… છે? ગાંધીજીને જગત આખું મહાત્મા તરીકે ઓળખ… થયું છે. પણ આ દેશની પ્રજા એમની આગેવા… સ્વીકારે છે ખરી? હરિજનો સાથેના ભેદભાવ છો… દેવાની એક એમની નાની શી માગણી પ્રજા આ… પચીસ વરસે અંશતઃ પણ પૂરી કરી શકી છે ખરી … દેશની આજની મોટી કમનસીબી, એના ભાગ… કરતાંય વિશેષ તો, જે નિર્લેપભાવે પ્રજાએ એ ભાગ… સ્વીકારી લીધા છે તે છે. ભવિષ્યની પ્રજા આજ… ઇતિહાસ વાંચીને પાંચ–પંદર નેતાઓની કમજોરી… નહિ સંભારે, પણ જે ચાલીસ કરોડ–ત્રીસ કરો… –વીસ કરોડ માનવીઓએ વતનના ભાગલા મૂંગે મો… સ્વીકારી લીધા તેમને એ ફટ ભણશે. ચાહ્ય તે… શક્તિશાળી નેતાને પણ એની તાકાતનું ભાથું આખ… છતાં તો પોતાની પ્રજા પાસેથી જ મેળવવું પડે … 'હું એકલો શું કરી શકું?' એવી ગાંધીજીની આજ… રૂદનવાણી એ જ સૂચવે છે. નીર કૂવામાં જ ખૂટ… છે, પછી અવેડામાં ક્યાંથી આવે? લોકસાગર … સુકાવા માંડ્યો છે, ત્યાં બાપડા આગેવાનો શું કરે… છેવટ સુધી લડતનાં રણશીંગા ફૂંકનારા સમાજવાદીઓ… પણ આખરે પાણીમાં બેસી ગયા એનું પણ એ … કારણ. ભાગલાની વિરુદ્ધ ઉપવાસ પર ઊતરવા… ગાંધીજીને સલાહ આપવા નીકળનારાઓએ એમ કે… ન કહ્યું, કે ભાગલા સામે લડતાં લડતાં દેહ પાડ… અમે હજારોની સંખ્યામા તૈયાર છીએ. લિંકન કાં… ઇશ્વરને ઘેરથી ઘડાઇને નથી આવતો, જનતા … લિંકનોને પેદા કરે છે.

પાકિસ્તાન ભલે આપ્યું— હજી બીજું લુંટાઇ ગયું નથી

કાળઘડી આવીને ચાલી ગઈ—એને કોઈ… પડકારી નહિ અને એ ચાલી ગઇ. એણે કરેલું દે…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેદન હવે કોણું જાણે કેટલાંય વર્ષે કદાચ ફરી સમારી શકાશે. પણ પ્રજાને જો જાગવું હોય તો એ હજુય જાગી શકે છે. ડોશીનું તો મોત થઇ ગયું—તે હવે બન્યું-ન-બન્યું થઇ શકનાર નથી. પણ જમને ઘર ભાળી જવા ન દેવું હોય તો હજી ય પ્રજા ખબરદાર બને. પોતાનું પાકિસ્તાન લઈને લોગ તો રવાના થઈ ગઇ, પણ આ દેશનું દૈવત હવે ખૂટયું છે એમ સમજીને ત્રાવણકોરના દીવાન, હૈદ્રાબાદના નિઝામ અને એવા કૈક બીજા તીસમારખાં પણ હિંદના નાના મોટા ટુકડા ઉઠાવી જવાની પેરવીમાં પડયા છે. હજી બધુ લુંટાઇ ગયું નથી. આત્મનિર્ણયના સિદ્ધાંતોની બધી વાતોનો અંચળો દૂર કરીને હિંદની પ્રજા તોપગર્જનાને સ્વરે હજી ય કહી શકે તેમ છે કે, પાકિસ્તાન ભલે આપ્યું, પણ હવે તો એક તસુ ય જમીન કોઇ નહિ લઈ શકે: જરૂર પડયે ત્રાવણકોર, હૈદ્રાબાદ, કે કાશ્મીરને ફરી સર કરવા પણ અમે તૈયાર છીએ.

હિંદમાં વસનારા મુસ્લિમો હવે સાચા હિંદીઓ બને

પાકિસ્તાનમાં વસનારા ચાર કરોડ મુસલમાનોને નવાબો-જમીનદારોની કેવી સરમુખત્યારી વેઠવી પડશે તે હવે આગાહીઓનો વિષય નહિ પણ થોડા જ વખતમાં નજરે નિહાળવાની બીના છે. પાકિસ્તાન માટે શોરબકોર કરવામાં મોખરે રહેલા બાકીના હિંદના મુસલમાનોએ હવે પાકિસ્તાનને ભૂલીને સ્થિર ચિત્તે પોતાનું ભાવિ વિચારવાનું રહે છે. જેઓ પાકિસ્તાનમાં જ વસતા હતા, કે બાકીના હિંદમાંથી પાકિસ્તાનમાં વસવાટ કરવા જે જઇ શકશે તેવા સરકારી અમલદારો કે શ્રીમંતોને એમનું નવું વતન મુબારક હો; ખુદા તેમને સન્માર્ગે દોરશે તો તેઓ ત્યાં જઇને પણ સુખી થઇ શકશે. પણ એમને બાદ કરતાં જે પાંચ કરોડ જેટલા ગરીબ અને મધ્યમ વર્ગના મઝદૂર-વેપારી મુસલમાનો હિંદમાં જ રહેવાના છે તેમણે હવે તો સંપીને સાચા હિંદીઓ બનીને જીવવું જોઇએ. દરેક બાબતમાં વિરોધ કરવાની, ઝઘડા ઊભા કરવાની, રિસાળ નાના ભાઇ જેવી રસમો છોડી દઇને તેમણે હિંદના ઉત્કર્ષ માટે સક્રિયપણે મચવું જોઇએ. પાકિસ્તાન તો એકલાં મુસલમાનો માટે જ હશે, પણ આ હિંદ તો જેટલું હિંદુનું છે તેટલું જ મુસલમાન, પારસી અને ખ્રિસ્તીનુ છે. એના ઉત્કર્ષથી સહુ કોઇને લાભ છે, એના ઉત્કર્ષ માટે મથવાની હિંદુ-મુસલમાન સર્વની જેમ ફરજ છે તેમ સર્વનો અધિકાર પણ છે—એ કોઇનો ઇજારો નથી. અહીં તો ઝાઝા હાથ રળિયામણા બનશે. હા, એટલું છે, કે કોઇ પણ માણસ, તે મુસ્લિમ, હિંદુ કે બીજી ગમે તે કોમનો હશે તેને તે કોમનો હેવાને કારણે કાંઇ જ મહત્વ રાજકારણમાં નહિ અપાય. જેનામાં જેટલી આવડત, જેટલું તેજ, જેટલા ગુણ, તેટલા પ્રમાણમાં તે આગળ વધી શકશે.

ઈન્સાફનો અમલ અને ખુશામતનો અંત

સંભવ છે કે પાકિસ્તાની મનોદશામાં ગળાબૂડ ઊતરી પડેલા કેટલાક મુસ્લિમોને હિંદમાં વસવા છતાં, થોડા કાળ સુધી, પોતાને પાકિસ્તાની ગણાવવાની ઘેલછા વળગેલી રહેશે અને કોમી ધોરણે પોતે અહીં કોઈ ખાસ લાભ નહિ મેળવી શકે તો પાકિસ્તાનમાં 'બાન પકડેલા હિંદુઓ' ઉપર જોરતલબી કરીને અહીં પોતે ધાર્યું કામ કરાવી શકશે એવી ભ્રમણા એમના મગજમાં રહેશે. આવી ભ્રમણા જેટલી વહેલી દૂર થાય તે ખુદ એમને માટે તેમજ બીજા બધાને માટે સારું છે. સિંધમાં હિંદુઓને એમની વસ્તીના પ્રમાણમાં ૨૭ ટકા અને મુસલમાનોને ૭૩ ટકા સરકારી નોકરીઓ આપવાની લીગી પ્રધાનમંડળે જાહેરાત કરી તેથી યુક્તપ્રાંતમાં મુસલમાનોને ૪૦ ટકા નોકરીઓ મળતી હતી તે ઘટાડીને તેમની વસ્તીના પ્રમાણમાં ૧૫ ટકા જ કરી નાખવામાં આવી એટલે તરત જ સિંધના પ્રધાન શ્રી ગઝદરને પોતાના પક્ષની ભૂલ સમજાઇ અને એમણે જાહેર કર્યું કે, બીજા બધા બિન-મુસ્લિમ-બહુમતી-પ્રાંતો જો યુક્ત પ્રાતનું અનુકરણ કરશે તો સિંધના મુસ્લિમોને થયેલા નજીવા લાભની સામે એ પ્રાંતોના મુસલમાનોને વેઠવુ પડશે.

શ્રી ગઝદરની માફક બીજા લીગ-નેતાઓને પણ કદાચ આ ભૂલભર્યો માર્ગ સમજાશે તો હિંદના મુસ્લિમોને તેમની સંખ્યાના પ્રમાણ કરતાં પણ વધુ નોકરીઓ મળી શકે તે માટે પાકિસ્તાનમાંની લઘુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતીઓને પણ તેઓ થોડી લાલચો આપશે. પણ પાકિસ્તાનની લઘુમતીઓએ એક બાજુથી એવી કોમી લાલચોના મુદ્દલ અપેક્ષા ન રાખવી જોઇએ. અને બીજી બાજુથી હિંદી સરકારે સરકારી નોકરીઓમાંથી કોમી પ્રમાણુ સદંતર બાતલ કરવું જોઇએ.

એકબીજી કોમો વચ્ચે વધુ ભાઈચારો ઊભો કરવા માટે પહેલી જરૂર જેમ ઇન્સાફ પ્રમાણે વર્તવાની છે તેમ ખોટી ખુશામત બંધ કરવાની પણ છે.

પ્રજા અને પ્રધાનો વચ્ચે સહકાર ને સુમેળ ઘટ્યા

દેશનું બદકિસ્મત સંપૂર્ણ બને તે માટે અન્ન-સંકટ બરાબર ઘેરાયું છે તે ટાંકણે જ દેશના, પ્રાંતોના, વાહનવ્યવહારના અને બીજા પ્રકારોના ભાગલા પાડવાનું શરૂ થયું છે. 'વધુ અનાજ વાવો'ની ચળવળમાં પ્રજાએ સહકાર નથી આપ્યો, સંઘરાખોરો ને કાળાં બજારિયાને પકડીને ખુલ્લા નથી કર્યા, અમલદારોને રુશ્વતો આપી છે, મુસીબતો હસતે મુખે બરદાસ્ત નથી કરી, વગેરે ફરિયાદો આપણા જ પ્રધાનો કરી રહ્યા છે. તેમની સામે પ્રજાનો મોટો આક્ષેપ ગેરવ્યવસ્થા અને અન-આવડતનો છે.

ઊંચી પાયરી ઉપર બેઠેલા સિવિલિયનો કહે તેમાં સહી કરી આપવામાં જ પ્રધાનોની ઘણીખરી શક્તિ રોકાયેલી હોય તેમ પ્રજાને લાગે છે. કોંગ્રેસી પ્રધાનોની એક વર્ષની કામગરીમાંથી ખેડુતો અને મજૂરોએ કેટલો લાભ મેળવ્યો છે ને કેટલો નહિ તે હજી એમને સમજાવવાનું બાકી છે. જ્યારે શ્રીમંતો,કાળાબજારિયાઓ રૂશ્વતખોરો 'કોંગ્રેસના રાજમાં' પણ બેફામપણે મહાલી રહ્યા છે તે હકીકતથી સામાન્યમાં સામાન્ય માણસ પણ જાણીતો થઈ ગયો છે. કોંગ્રેસ પાસેથી પ્રજાએ સમાજરચનામાં મોટી નસ્તરક્રિયા જેવા ધરમૂળના ફેરફારોની આશા રાખેલી તેને બદલે પ્રધાનો તો સમાજના કોહાઇ ગયેલા અંગને ફૂંકી ફૂંકીને ઝીણી ટાંકણી વડે તેમાંનું પસ કાઢી રહ્યા હોય તેવું લાગે છે. ખેડૂતો પાસેથી અનાજ મેળવવા માટે કોંગ્રેસના પ્રધાન ગામન ઘેરો ઘાલીને જપ્તીઓ કરાવવાનુ વિચારી રહ્યા છે તે વાત સાચી હોય તો કોંગ્રેસના દહાડા ભરાઇ ચૂકયા છે એમ જ માનવું રહ્યું.

ખેડૂતોને જેમનામાં વિશ્વાસ હોય તેવા સ્થાનિ- કાર્યકર્તાઓ આજે ખેડૂતો પાસે જઇને પ્રજાના બી- વર્ગો માટે અનાજની ટહેલ નાખી શકતા નથી, કા- કે તેમના મોઢે ડૂચા દેવાયેલા છે. ખેડૂત ભાવ ઓ- મળે છે, વચલા માણસો નફો કરી જાય છે, જીવન- બીજી જરૂરિયાતો ખેડૂતોને યોગ્ય દામે મળતી નથી સસ્તું કાપડ મિલમાંથી નીકળ્યા પછી કેટલા વેપારીઓને બંગલામાં બેઠા બેઠા ખવરાવીને - મોટરોમાં ફરતા રાખીને જનતા પાસે પહોંચે છે ત્યા- એના ભાવ આકાશે ચઢયા હોય છે; છડેચોક કા- બજાર ચલાવનારા, ભેળસેળ કરનારા અને રુશ્વ- લેનારાઓને કોઈ પકડતું નથી, પકડે છે તો નજી- દંડ ભરીને એ છૂટી જાય છે, અને દંડથી દસગ- રકમ એમના કાળા માર્ગેથી એક જ દિવસમાં - વસૂલ કરી લ્યે છે. બીજી બાજુ ખેડૂત દાણાના કા- બજાર કરે ત્યારે ફિરસ્તાઓના સંસારમાં એ એક- નરાધમ નીકળ્યો હોય તેમ એની ઉપર સહુ તૂ- પડે છે. કુદરતે જ અનાજની જે ખેંચ પેદા કરી - તે માટે પ્રધાનોને કોઇથી દોષ દેવાય નહિ, પ- મનુષ્યથી થઈ શકે તેટલું બધું કરીને, ગરીબ-તવંગર- ભેદભાવ વગર સહુને પોતે થોડું થોડું સરખે ભા- વહેંચી આપી રહ્યા છે તેવી પ્રતીતિ પ્રધાનો પ્રજા- કરાવી શકયા નથી. ત્યાં સુધી પ્રજાની ફરિયાદ એમ- સામે ઊભી રહે અને એનો ખરા દિલનો સહકા- એમને ન સાંપડે તેમાં નવાઇ નથી.

કિશોરોની તાકાત-તંદુરસ્તી રાષ્ટ્રની મોટી દોલત છે

છાપામાં રોજેરોજ ઠલવાતા સમાચારોના ધો- માંથી કેરોના એક ટચૂકડા સંદેશાને વીણીને 'નેશન- હેરાલ્ડે' તંત્રીનોંધમાં એની ઉપર સહુનું ધ્યાન ખે- છે. ઇજીપ્તની ધારાસભાની નાણાંકીય સમિતિ- એવી ભારપૂર્વકની ભલામણ કરી છે કે એ દેશ- પ્રાથમિક અને માધ્યમિક નિશાળોમાં ભણતા તમા- વિદ્યાર્થીઓને સરકારી ખરચે સંપૂર્ણ ભોજન પૂ- પાડવું. ઇજીપ્તની વિદ્યાપીઠોમાં અભ્યાસ કરતા જુવાનો- ૯૦ ટકા ભાગ લશ્કરી તાલીમ માટે નાલાયક - છે તેનું કારણ, આ સમિતિ કહે છે તેમ, નાનપણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

એમને પૂરતું પોષણ નથી મળતું, એ છે. લાંબા કાળ સુધી પરદેશી અમલ નીચે રહેલા ઇજીપ્ત, હિંદ અને બીજા ઘણા દેશનું યૌવનધન બરાબર આ જ રીતે વેડફાઇ જતું હોય છે. હિંદમાં લડાઇ દરમિયાન વીસ લાખ સિપાહીઓ તરીકે ગામડીઆ ને સશક્ત ખેડૂતોની ભરતી થઈ શકી હતી ખરી, પણ કેળવણી પામેલા વર્ગમાંથી અફસરપદને યોગ્ય શરીર–સંપત્તિવાળા જુવાનો બહુ જ ઓછા સાંપડેલા. થોડા મહિનાઓ પછી આ દેશમાંથી બ્રિટિશ લશ્કર તેમ જ હિંદી લશ્કરમાંના બ્રિટિશ અફસરો વિદાય લેશે ત્યારે આપણી મોટી કસોટી થશે. હિંદી લશ્કરમાં હિંદી અફસરોની જે મોટી અછત છે તે પૂરી કરવી સહેલી નહિ હોય. પૂરતી લશ્કરી તાકાત વિના હિંદ દુનિયાના સહુ રાષ્ટ્રો વચ્ચે માનભર્યું સ્થાન મેળવી શકશે નહિ. અને એ લશ્કરી તાકાત માટે જરૂર છે સશક્ત, કેળવાયેલા જુવાનોની. કિશોરાવસ્થામાં શરીરનો જે બાંધો બંધાય છે તેનો જ ઘાટ યુવાનીમાં ઘડી શકાય છે. આપણા કિશોરોની તંદુરસ્તી વધે, એમની શકિત વધે, એમનાં હાડકાં ફરતી માંસલ દીવાલો રચાય તે માટે પોતાનાથી શું શું થઈ શકે તેમ છે તેનો પ્રાંતિક સરકારોએ, મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોએ અને કેળવણી વિષયક બીજી સંસ્થાઓએ તત્કાલ વિચાર કરવો જોઇએ. માત્ર અખાડા ખોલવાથી શરીરની શકિત વધી જશે નહિ. આપણા કિશોર વિદ્યાર્થીઓને તેમની નિશાળોમાં આજે સંપૂર્ણ ભોજન ભલે ન આપી શકાય, પરંતુ ઘેર એમને મળતા ખોરાકમાં પૂરવણી રૂપે પૌષ્ટિક તત્ત્વોવાળા કોઈ પદાર્થો એમને નિશાળમાં જ મળી શકે તો કેવું સારું! એમાં રોકાતી મૂડીનું વ્યાજ છ ટકાથી ઓછું નહિ આવે એવી પ્રતીતિ આપણી સરકારી–બિનસરકારી સંસ્થાઓને તેમ જ સટોડિયા શ્રીમંતોને કરાવવાનું કામ બહુ મુશ્કેલ ન બનવું જોઈએ.

જાપાનની સરકારે અનાજની કટોકટીને પહોંચી વળવા માટે દેશભરની હોટલો અને વીશીઓને છ મહિના માટે બંધ રાખવાનું ફરમાન કર્યું છે તે પ્રમાણે આપણા અન્નનો બેફામપણે બગાડ કરતી અને લોકોની તંદુરસ્તી બગાડતી સેંકડો ફરસાણ–મિઠાઇની દુકાનો અને હોટલો કટોકટીના થોડા મહિનાઓ દરમિયાન બંધ કરાવીને આપણી પ્રાથમિક શાળાઓનાં બાળકોને થોડુંઘણું સાત્ત્વિક પોષણ પૂરું પાડી શકાય તેમ છે.

'મેટ્રિકની કત્લેઆમ'નો પ્રશ્ન કાયમી ઉકેલ માગે છે.

મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં આ વર્ષે બેઠેલા વિદ્યાર્થીઓમાંથી માત્ર ૪૪ ટકા જ પાસ થઈ શકયા છે તે હકીકતને માત્ર 'મેટ્રિકની કત્લેઆમ'નું સનસનાટીભર્યું નામ આપીને તેમ જ પરીક્ષકોની 'ક્રૂરતા' ઉપર રોદણાં રોઇને બેસી રહેવાથી આ પ્રશ્નનો ઉકેલ નથી આવી જતો. આવા પ્રસંગોએ પક્ષરીકોની કસોટીનું ધોરણ હળવું કરવાનું કહેવું કે યુનિવર્સિટી પાસે નાપાસ થયેલાઓ માટે ફરી પરીક્ષા લેવાની માગણી કરવી એ વિદ્યાર્થીઓ માટે ભારે નાલેશીભર્યું અને તેમના વાલીઓ માટે હાસ્યાસ્પદ ગણાય. જાતવંત ઘોડા પાસે કુંભારના ગધેડાનું કામ કરાવવું, અને તે કામ બરાબર ન કરી શકવા બદલ એને ડીફણાં મારનાર કુંભારને ઠપકો આપવો, કે 'ક્રૂરતા' ન બતાવવાનું કહેવું, એ જાતની વાત થઇ આ તો! કાં તો વિદ્યાર્થી પરીક્ષામાં બેસે, અથવા તો પોતાની બુદ્ધિનું માપ કાઢવા માટેનો એ યોગ્ય માર્ગ નથી તેમ સમજીને તમામ પરીક્ષાઓનો જ એ મૂળભૂત વિરોધ કરે. પણ પરીક્ષાઓની પ્રથાને સ્વીકાર્યા પછી તેમાં પરીક્ષકોને તેમની કસોટી નીચી ઉતારવાનું કહેવું તો તો પછી પરીક્ષાનો અર્થ જ શો રહે છે?

પ્રગતિશીલો સાથે બેસવું હોય તો— કેળવણીનું ધોરણ સુધારો

સાચી વાત એ છે કે બળતરા પેટની અંદર ઊપડી છે, અને આપણે ચામડી ઉપર આયોડીનનાં ચોપડચા કરીએ છીએ. અત્યારે આપણી યુનિવર્સિટી તરફથી જે કેળવણી મળી રહી છે તે આપણા કિશોરો–જુવાનો માટે નકામી છે; એ બીના જ આવી 'કત્લેઆમ'ના કારણરૂપ છે, પરીક્ષાનો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારીનો કાંઇ વાંક નથી, તેમ નથી પરીક્ષકોનો. જ્યાં જ્યાં શિક્ષણ હશે ત્યાં એક યા બીજા સ્વરૂપે પરીક્ષા તો રહેવાની જ, પરીક્ષકોની જરૂર પણ પડવાની જ. મદ્રાસના 'હિન્દુ'એ એક અગ્રલેખમાં લખ્યું છે તેમ—

'કેળવણીનો હેતુ (વિદ્યાર્થીના) મગજને સજાવીને પાણીદાર બનાવવાનો, અને જીવનમાં આગળ જતાં એને જે જ્ઞાનની જરૂર પડવાની છે તે એ કયાંથી મેળવી શકશે તેની જાણ કરવાનો છે, એ વાત વારંવાર ઉચ્ચારાય છે ખરી, પરંતુ વર્તનમાં એ ભાગ્યે જ ઉતારવામાં આવે છે. હિંદમાંની કેળવણીની પ્રથાની મોટા ખામી એ છે, કે વિદ્યાર્થીમાં જિજ્ઞાસા-વૃત્તિ જગાડવાને બદલે કે એને જાતે પોતાનું સંશોધન કરતો બનાવવાને બદલે એ જેને ન પચાવી શકે તેવી હકીકતોથી એનું મગજ એ ઠાંસી દે છે. આપણા રાષ્ટ્રપ્રયાણને એવે તબક્કે આપણે પહોંચ્યા છીએ કે જગતના પ્રગતિશીલ દેશોની સાથે આપણા કદમ મિલાવવા હોય તો આપણી કેળવણીનું ધોરણ આપણે સુધારવું જોઇએ.'

યુનિવર્સિટીના અંધેર માટે
એકલા ગવર્નર જ જવાબદાર ?

આપણાં બાળકો જે કેળવણી આજે પામી રહ્યાં છે તેની સામે એટલું બધું કહેવાઈ-લખાઈ ગયું છે, કે નવી, આ ભૂમિની જ, શિક્ષણ-સંસ્થાઓની સ્થાપના થતાં જે છ-બાર મહિના લાગે ત્યાં સુધી બધી નિશાળો-કૉલેજો બંધ રહે તો પણ દેશને બહુ નુકશાન થાય તેમ નથી.

આપણે ઇચ્છીએ છીએ તે જાતનું શિક્ષણ મુંબઇ યુનિવર્સિટી નથી આપી શકતી તે માટે ગુજરાત અને મહારાષ્ટ્રનો પ્રાદેશિક અને ભાષાવાર યુનિવર્સિટીઓ સ્થાપવાંની હીલચાલ સદ્‌ભાગ્યે પ્રગતિ કરી રહી છે. નવાં કેળવણીને લગતા આપણા જે મનોરથો છે તે સિદ્ધ કરવાની તક આ ગુજરાત વિશ્વવિદ્યાલયનો સ્થાપનાની સાથે જ સાંપડી જશે તે સાચું છે. પરંતુ આપણું સાચા દિલથી શું એમ કહી શકીએ તેમ છીએ કે આજની મુંબઈ યુનિવર્સિટીની મર્યાદાઓની અંદર રહીને એવી તકોનો પણ આપણે પૂરો ઉપયોગ કરી છૂટ્યા છીએ. એ સાચું છે કે એક વિદેશી ગવર્નરના ચેન્સલરપદ નીચે આ યુનિવર્સિટીને કામ કરવું પડે છે. બીજી બાજુથી એ પણ સાચું છે કે યુનિવર્સિટીનું તંત્ર આપણા ગ્રેજ્યુએટોએ ચૂંટી મોકલેલા પ્રતિનિધિઓ દ્વારા જ ચાલે છે. એમ છતાં, સરસ્વતીના એ પવિત્ર ધામની અંદર કલહ, સ્પર્ધા, ઇર્ષ્યા, લાંચ-રૂશ્વત, ગેરવ્યવસ્થા, બેદરકારી, અને દૃષ્ટિહીનતાનું જે અંધેર ચાલી રહ્યું છે તેને માટે શું એકલા એ વિદેશી ગવર્નર-ચેન્સલરને જ દોષિત ગણવાના રહે છે ?

આ લખવાનો ઉદ્દેશ આજ સુધીની યુનિવર્સિટીની કલંક-કથા ઉખેળવાનો નથીઃ પરંતુ, જેમ આ યુનિવર્સિટીમાં તેમ આપણી ગુજરાત યુનિવર્સિટીમાં પણ આપણા ચૂંટેલા પ્રતિનિધિઓ આ જ —અથવા આવા જ — હશે તો આપણી હાલત ઝાઝી સુધરવાનો સંભવ નથી એટલું સૂચવવાનો જ છે.

વિદેશવાસી હિંદીઓએ
બેવડી રાષ્ટ્રીયતા છોડવી ઘટે

બરમામાં હિંદીઓ, ચીના અને બીજા પરદેશીઓના પુનઃપ્રવેશ ઉપર બરમી સરકારે મૂકેલા પ્રતિબંધ ઉતાવળિયા અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સભ્યતાનો ભંગ કરનારો હોવાથી આ દેશવાસીઓને એ ખટકે તે સ્વાભાવિક છે. પણ આ પ્રસંગ વિદેશવાસી હિંદીઓએ પરરાષ્ટ્રોમાંના પોતાના સ્થાન અંગે સ્વસ્થ ચિત્તે વિચાર કરી લેવાની એક તક આપે છે. સિલોન ખાતેના નવા હિંદી રાષ્ટ્રીય પ્રતિનિધિ શ્રી. ગિરીએ સિલોનમાંના હિંદીઓને સિલોનવાસી માનસ કેળવવાની અને સિલોનના હિતમાં જ પોતાનાં હિત સમાવી દેવાની સલાહ આપી છે. એ જ પ્રમાણે બરમાની રાષ્ટ્રીય સરકારના એક પ્રધાને પણ કહ્યું છે, કે બરમામાંના હિંદીઓએ કાંતો બરમાવાસી બનવું જોઇએ, અને કાં તો નર્યા હિંદી રહેવું જોઇએ—પણ એકી સાથે બન્નેના અધિકારોની માગણી નહિ કરવી જોઈએ. આજ સુધી બરમામાં આપણા દેશભાઈઓએ જે કર્યું છે તેના માઠા પરિણામરૂપ ઉપલા પ્રતિબંધને દૂર કરવાનો સીધો રસ્તો એ છે કે હિંદીઓએ બરમી અને હિંદી, એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવડી રાષ્ટ્રીયતાનો ભોગવટો ઇચ્છવાને બદલે કાં તો દૂધમાં સાકર ભળે તેમ કલ્લોલતી બરમી પ્રજામાં પ્રસન્નચિત્તે સમાઇ જવું જોઇએ; અથવા તો બરમી તરીકેના અધિકારો જતા કરીને પણ હિંદી તરીકેનું પોતાનું ગૌરવ જાળવી રાખવું જોઇએ.

ઉશ્કેરણી ફેલાવનારાઓ ઉપરનો અર્થહીન, રમૂજી પ્રતિબંધ

મુંબઈની પ્રજાકીય સરકાર કેમ આવી બહાવરી બની બેઠી હશે? અખબારી કાનૂનનો ભંગ કરનારા તેમજ કોમ કોમ વચ્ચે દુશ્મનાવટ અને ધિક્કાર પેદા કરનારાં લખાણો છાપનારાં છાપાંને સરકારી જાહેરખબરો ન આપવાનો હાસ્યાસ્પદ નિર્ણય જાહેર કરીને મુંબઈના પ્રજાકીય પ્રધાને લોકમાનસમાં એવી અસર મજબૂત કરી છે કે પ્રાંતનું તંત્ર તો હજી દૃષ્ટિવિહીન સનંદી અમલદારોના હાથે જ ચાલી રહ્યું છે; અને પ્રધાનો તો ઘણું ખરું સહીઓ કરવામાં જ રોકાયેલા રહે છે. રસ્તે ચાલતા નિર્દોષ રાહદારીઓનાં ખૂન કરનારા ગુંડાઓ ઉપર સરકારી બાગ-બગીચાનો ઉપભોગ કરવાનો પ્રતિબંધ જો સરકારે મૂક્યો હોત તો તે આથી વિશેષ અર્થહીન ન લાગત.

છેલ્લા કેટલાય મહિનાઓથી આ પ્રાંતનાં—ને આખા દેશનાં—અમુક છાપાં ભયંકર કોમી ઉશ્કેરણી ફેલાવી રહ્યાં છે તે જાણીતી વાત છે દેશને માથે ઊતરેલા રમખાણો માટે એ છાપાં કેટલે અંશે જવાબદાર છે તે પણ દીવા જેવી વાત છે. છતાં કોણ જાણે ક્યાં રાજકીય કારણોસર એ કોમી છાપાં સામે પ્રજાકીય સરકારોના હાથ સળવળ્યા નથી. એ વિશે ઘણું લખાઇ ગયું છે, ઘણી ટીકાઓ થઈ ગઇ છે. પ્રજાકીય સરકારની એ કમજોરી વિપરિત પરિણામો લાવી છે. એ પરિણામો પ્રજા ભોગવી ચૂકી તે પછી હવે મુંબઈની સરકાર જાગી છે અને, જાણે કે ન છૂટકે,.તેણે હુકમ બહાર પાડ્યો છે કે, કોમી ઉશ્કેરણી ફેલાવનારાઓને સરકારી જાહેરખબરોનો સુંવાળો સરપાવ નહિ મળે! કેમ જાણે એ છાપાં તો બિચારાં સરકારી જાહેરખબરોની આવક ઉપર જ પોતાનુ ગુજરાન ચલાવતાં હોય! કેમ જાણે સરકારના કરતાં ય વધુ કમાણી કરાવી દેનારી બીજી જાહેરખબરો એમને કોમી સ્થાપિત હિતો તરફથી નહિ મળતી હોય! આ હુકમ બહાર પાડીને મુંબઈ સરકારે પોતાની જાતને આવી રમૂજી અને અપમાનજનક હાલતમાં મૂકી તેના કરતાં તો જે ઉશ્કેરણી ચાલતી હતી તેને અસલ મુજબ જ ચાલવા દેવી હતી. પ્રજાએ આટલા મહિના જેમ વેઠ્યું છે તેમ થોડા દિવસ વધુ વેઠી લેત.

કોમી ઉશ્કેરણી ફેલાવનારાં છાપાં સામે જે સરકાર બીજાં કોઇ કડક પગલાં ન ભરી શકતી હોય તેને પણ આમ સરકારી જાહેરખબરોનું પ્રકાશન બંધ કરવાનો અધિકાર છે ખરો? સરકારી જાહેરખબરો એ શું સરકારને મનભાવતાં છાપાંને આપવાની કોઈ બક્ષીસ છે? આજના સંજોગોથી પર જઈને આ આખી પ્રણાલિકા ઉપર વિચાર થવો જરૂરી છે. દિલ્હીથી, 'હિંદુસ્તાન ટાઇમ્સે' અને મદ્રાસથી 'હિંદુ'એ અખબારો સામેના આ અપમાનકારી પ્રતિબંધને વખોડી કાઢ્યો છે. મુંબઈ-અમદાવાદનાં ઘરઆંગણાંના છાપાં પણ એ જ રીતે પ્રજાકીય સરકારને પોતાના મનની વાત સ્પષ્ટ રીતે જણાવી દે તેની રાહ જોવાને બદલે સરકાર એ હુકમ પાછો ખેંચી લે તેમાં તેની શોભા છે. ઉશ્કેરણીખોર છાપા સામે બીજાં શિક્ષાત્મક પગલાં લેવાતાં હોય તો આ હુકમ બિનજરૂરી છે, અને એવાં પગલાં ન લઇ શકાતાં હોય તો તો પછી હુકમ બિલકુલ અર્થહીન છે.

સારા સાહિત્યને માટે કાગળ સુલભ બનશે?

હિંદુસ્તાની સાહિત્યને ઉત્તેજન આપવા માટે યુક્તપ્રાંતની સરકારે રૂ. ૫૦,૦૦૦ના એક ફંડની જાહેરાત કરી છે. એમાંથી હિંદી, ઉર્દૂ અથવા હિંદુસ્તાનીમાં લખાયેલાં ઉચ્ચ કક્ષાના પુસ્તકોને રૂ. ૫૦૦૦ સુધીનાં પારિતોષક અપાશે અને વૈજ્ઞાનિકો, સંશોધકો તેમજ વિદ્વાનોને ગરીબ હાલતમાં માસિક રૂ. ૧૦૦ સુધીની મદદ અપાશે.

વિદ્યાના ઉત્તેજન માટેનાં આવાં પારિતોષકો કે આવી મદદ સરકારી કે બિનસરકારી સંસ્થાઓને હાથે અપાવાં જોઈએ તે સંબંધે મતભેદ હોઈ શકે છે. પરંતુ બીજી કેટલીક રીતે સારા સાહિત્યના પ્રચારને સરકાર મદદ કરી શકે તેમ છે, અને વિદ્વાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ સ્વમાનભેર એનો સ્વીકાર કરી શકે તેમ છે. કાગળની અત્યારે એટલી અછત છે અને એના કાળાં બજાર એટલાં બધાં ચાલી રહ્યાં છે કે પ્રજા-ઉપયોગી પુસ્તકો કાગળ વિનાં રઝળતાં હોય છે ત્યારે કસહીન સાહિત્ય બજારમાં છલકાતું હોય છે. નિશાળો ઊઘડી ગઈ છે ત્યારે પણ હજી કેટલાંય પાઠ્યપુસ્તકો કાગળની આવી અછતને કારણે અપ્રાપ્ય છે. જે પાઠ્યપુસ્તકોને સરકાર તરફથી કાગળનો કવોટા મળ્યો છે તે પણ છાપખાનાં બજારુ સાહિત્યની સેવામાં રોકાયેલાં હોવાથી વેળાસર છપાઈ પ્રસિદ્ધ થઇ શક્યાં નથી. આનો એક ઈલાજ એ છે કે કોઈ સંમાનિત સાહિત્યિક સંસ્થાની ભલામણ પામેલાં તમામ પુસ્તકોને માટે જરૂરી કાગળ વેપારીઓ પાસેથી બાંધેલા ભાવે મેળવી આપવાનું કામ સરકાર માથે લે. એ રીતે લોકોને સારું સાહિત્ય સસ્તે ભાવે આપવાની દિશામાં એક વધુ પગલું ભરી શકાશે.

રેલ્વેના 'ખુદાબક્ષ' મુસાફરો

હિંદની રેલગાડીઓમાં દર દસ મુસાફરે એક ટિકિટ વગરનો હોય છે તે હકીકત તો સરકારી અહેવાલ વાંચ્યા પહેલાં જ પ્રજા અનુભવે જાણી ચૂકી હતી. પણ એ વિશે થોડું વધુ જાણવા જેવું છે. ૧૯૪૫-૪૬ના વર્ષ દરમિયાન હિંદમાં કુલ એક અબજ માણસોએ રેલ્વેમાં મુસાફરી કરી. ઉપરના હિસાબે તેમાંથી દસકરોડ તો 'ખુદાબક્ષ' હોવા જોઈએ. બાકીના નેવું કરોડ પાસેથી રેલ્વેને સવા બે અબજ રૂપિયા મળ્યા. એ રીતે મફતિયા મુસાફરોને કારણે રેલ્વેને ઓછામાં ઓછું વાર્ષિક વીસ કરોડ રૂપિયાનું નુકસાન થયું ગણાય. આખર જતાં તો વીસ કરોડની ખોટ આ ટિકિટ લેનારા મુસાફરોના ખીસામાંથી જ, વધેલાં ટિકિટભાડાં રૂપે વસૂલ થાય છે- હજી, પગાર-કમિશનની ભલામણોને પહોંચી વળવા માટે ટિકિટોના દર વધુ ઊંચા કરવાનું વિચારાઈ રહ્યું છે. રેલ્વેના નોકરો અને માનભેર મુસાફરી કરનારાઓ મળીને, જો ધારે તો, 'ખુદાબક્ષ' મુસાફરો સામે મોરચો માંડીને રેલ્વેને જો આવી દસ-વીસ કરોડની બચત કરાવે તો ભાડાં એટલાં ઓછાં થશે.

વેપારીઓના નવસર્જન ભણી—

'ઉદ્યોગ અને વેપાર' નામનું એક નવું માસિક અમદાવાદથી શરૂ થયું છે. તેના પ્રથમ અંકના સંપાદકીય નિવેદનમાં જણાવાયું છે કે:

'ગુજરાતી પ્રજા વેપારી છે. તેનો વેપાર વિશાળ છે. ધંધો ઉદ્યોગ અને કારીગરીથી તે ભરપૂર છે. તેની ખેતી સમૃદ્ધિથી તે ભારતની વાડી ગણાય છે. આ સર્વ વિષયોની છણાવટ કરી તેમાં યોગ્ય માર્ગદર્શન જનતાને મળે...એ દિશામાં આપણે ત્યાં અને તેય ગૂજરાતી ભાષામાં બહુ ઓછા પ્રયત્નો થાય છે. 'ઉદ્યોગ' એ દિશામાં એક નમ્ર પ્રયાસ છે.'

પહેલાં અંકની વસ્તુસામગ્રી બતાવે છે કે પોતે સ્વીકારેલી જવાબદારીનો આ માસિકને સારી પેઠે ખ્યાલ છે. આવા માહિતીપૂર્ણ, અભ્યાસનિષ્ઠ અને વૈજ્ઞાનિક ઢબે લખાયેલાં વધુ માસિકો આપણે ત્યાં વંચાતા થશે તો આપણા વેપારીઓ-ઉદ્યોગપતિઓને તેમની કાળાં-બજારિયા-રૂશ્વતખોરીની ક્ષણજીવી કીર્તિને સ્થાને કાંઇક કાયમી આબરૂ પ્રાપ્ત કરવામાં એ ઘણી મદદ કરી શકશે.

ઉપર કહેલી 'કાયમી આબરૂ' શી ચીજ છે તે પણ અત્યારની નાણાંછોળોમાં અટવાયેલા આપણા કેટલાય વેપારીઓ ભૂલી ગયા હશે. નીચેના સમાચારમાંથી એમને તેનો આછો ખ્યાલ, કદાચ, આવે પણ ખરો:

'શેફીલ્ડ (ઈંગ્લંડ) ના એક ખાટકી શ્રી રોબર્ટસે પોતાના ૨૦૦ ઘરાકોને દરિયા કિનારાના બ્રિડલિંગ્ટન ગામે સફર કરવા લઇ જવાને તેની પાછળ ૧૦૦ પાઉન્ડથી વધુ ખર્ચ કર્યો છે. લડાઈ દરમિયાન માંસનું રેશનિંગ હતું ત્યારે પોતાના ઘરાકો ધીરજ ધરીને વિનયપૂર્વક દુકાન આગળ હારબંધ ઊભા રહેતા તેથી પ્રસન્ન થઇને ખાટકીએ લડાઈ પૂરી થયા પછી એમને માંસનો એક એક મોટો ટુકડો ભેટ આપવાનું વચન આપ્યું હતું. પરંતુ લડાઈ પૂરી થયા પછી પણ માંસની અછતને કારણે તેનું રેશનિંગ ચાલુ જ રહ્યું તેથી ખાટકીએ ઘરાકોને આ સહેલગાહની સોગાદ આપી.'

મ૦

૨૫-૬-'૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાલી આવતી આપકથાનો હપ્તો પાંચમો

જીવનપંથ

ધૂમકેતુ

જ્યારે હું નજરોનજર ભૂવાને કંકુ કાઢતો દેખું છું ને ચુડેલને રાસડા લેતી જોઉં છું ! !

સરસ્વતીચંદ્ર ભાગ પહેલામાં એક પ્રસંગ આવે છે, ચકલીના માળાનો. શેઠ લક્ષ્મીનંદન પાસે ચંદ્રકાન્ત એ પ્રસંગ વર્ણવે છે. સરસ્વતી-ચંદ્ર વાંચતાં વાંચતાં જ્યારે એ પ્રસંગ આવ્યો ત્યારે તો ચોપડી હાથમાંથી હેઠે મુકાય નહિ ને આંખમાંથી વહી રહેલાં આંસુ આડે એકે અક્ષર વંચાય પણ નહિ. હરતાં ફરતાં મા એ જોઈ ગયાં. એમને નવાઈ લાગી. ને ઘરનાં સૌને પણ આશ્ચર્ય થયું ! કોઈ વાત ઘરમાં બની હોય ને છોકરું રડે એ સમજી શકાય પણ આવી કેવળ કાલ્પનિક વસ્તુ ઉપર રડવું આવે એ એમને સમજાયું નહિ !

બે ત્રણ દિવસ સુધી આ અસરમાંથી હું મુક્ત થઈ શક્યો ન હતો એ આજ પણ સાંભરે છે. ખાવા-પીવામાંથી ને રમતગમત તમામ વસ્તુમાંથી આનંદ જ ઊડી ગયો. એવી જ એક બીજી વાર્તા, તે વખતે અંગ્રેજી નિશાળમાં ચાલતા, 'બાલમિત્ર'માં 'ન્હાના જગુ'ની આવે છે. એ અત્યંત કરુણ વાર્તાએ, મારા જીવનમાં એવું તો એક ચિરસ્થાયી સ્થાન મેળવી લીધું હતું કે ન પૂછો વાત. વર્ષો સુધી હું કોઈ દિવસ 'ન્હાના જગુ'ની વાત દ્રવિત થયા વિના વાંચી શક્યો ન હતો. કોઈ દેખી ન જાય માટે છાને ખૂણે બેસીને એ વાંચતો. એમાં એવું દર્દ લાગતું કે જાણે એ વાંચ્યા વિના ચાલતું જ નહિ ! એક તરફ તે સમયના આર્યસમાજી વક્તાઓ—આર્યમુનિ, મણિશંકર શાસ્ત્રી, શંકરાનંદ અત્માનંદ—જેવાનાં તેજસ્વી ભાષણો, 'આર્યસમાજ'માં વારંવાર થતાં, ત્યાં હું નવરોધૂપ હોવાથી આંટાફેરા મારતો, બીજી તરફ જે હાથ પડ્યું તે વાંચવામાં મશગૂલ રહેતો. પણ તે વખતનું વાચન કેટલું અવ્ય-વસ્થિત અને વિવિધતા ભર્યું રહ્યું હશે, એની કાંઈક ઝાંખી તો આજ મારી પાસે સચવાયલી તે વખતની એક નાની પુસ્તિકા આપી રહે છે.

એ નાની પુસ્તકાનું નામ 'ગૂજરાતી ઇંદ્રજાળ' એવું છે. કોઈ જેશીંગભાઈ મોતીભાઈએ પ્રાચીન પુસ્તકો ઉપરથી ઈ. સ. ૧૮૯૩ની સાલમાં એ છપાવેલ છે. એમાં તાત્કાલિક થનારા મહાન ફેરફારોની ચાવીઓ આપેલી છે. આ પ્રમાણે જાદૂઈ લાકડી ફરતાં એકદમ સિદ્ધિ મળી જાય એ વાત ગમે તેને આકર્ષી શકે તેવી છે તો મારા જેવાને એ કિશોર સમયમાં આકર્ષી રહે એમાં તો શી નવાઈ ? એ ઈંદ્રજાળમાં કેવી કેવી વાતો હતી તે નીચેના બે નમુના-ઓમાંથી જણાશે:

* રાજસભામાં માન પામવાનો જંત્ર :

૪૦	૫૦	૨	૭
૬	૩	૪૭	૪૮
૪૯	૪૪	૮	૧
૪	૫	૪૫	૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મંત્રને કસ્તુરી અને કપૂરના રસમાં લખી પાસે રાખે તો રાજસભામાં સારું માન પામે ! !

આ મંત્રને રાજસભામાં માન મેળવવા માટે મેં લખીને પાસે રાખ્યો હતો કે નહિ તે તો આજે સાંભળતું નથી, પણ એક બીજો પ્રયોગ અવશ્ય કર્યો હતો. એ પ્રયોગ વીંછી ઉત્પન્ન કરવા માટેનો હતો.

ગધેડાનું મૂત્ર પાંચ શેર, તથા ભેંશનું છાણ, બાજરીનો લોટ, ખજૂરીનાં જાળાં ને પીળી મટોડી એ બધાંને એક ઠીંકરાના વાસણમાં ભરવાં અને લૂગડે વતી તે વાસણનું મોં બંધ કરી રાખી મૂકવું. પછી ત્રીજે દહાડે તે ઉઘાડયાથી સેંકડો વીંછી દેખાશે.

ઇંદ્રજાળમાં આપેલો આ પ્રયોગ કરવાનું મને મન થયું. અમારા ઘરના ઉત્તર તરફના પાછલા ભાગમાં ઘણું મોટું ફળી હતું. ત્યાં ફળીને છેડે એક ખાંડો હતો અને તેમાં રામ બાવળ, બાવળ, બોરડી ને એવાં કાંટાળાં ઝાડવાળું નાનકડું ઝુંડ હતું. એ જગ્યા ઉપર પસંદગી ઊતરી. આ પ્રયોગ માટે ઘણી ઘણી છાની તૈયારીઓ કરી. વાસણ મેળવાયું. કોઇને ખબર ન પડે તેમ એ મૂકવામાં આવ્યું. પળે પળે એની ચોકી રહેવા માંડી. ત્રીજો દિવસ થાય ને સેંકડો વીંછી એમાં દેખાય, એવા ઐન્દ્રજાલિક આકર્ષણે મારી ઊંઘ પણ ઊડી ગઇ !

અંતે જેની રાહ જોવાતી હતી તે ત્રીજો દિવસ આવી પહોંચ્યો. તે દિવસે હું સવારમાં વહેલો જ જાગી ગયો. કોઈને ખબર ન પડે તેમ પ્રયોગસ્થળ તરફ ચાલ્યો. આતુરતાભર્યા પગલામાં કૈંનું કૈં જોવાની મહેચ્છા હતી. દેવતાઓ જાણે પ્રગટ થવાના હોય એવી ઉતાવળી ધડક છાતીમાંથી આવી રહી હતી. હજી મોં-સૂઝણું થાતું આવતું હતું. મેં ત્યાં પહોંચીને નજર ફેરવી બહુ જ ધીમેથી ગોઠણભર બેસીને મારી સમૃદ્ધિ ખોળવા માંડી. પણ ઓત તારીની આ શું ? સમૃદ્ધિ સઘળી વેરણછેરણ થઈ ગઇ હતી. માટલું ફૂટી ગયું હતું. ઉપર બાંધેલું લૂગડું એ પણ કોઈક ઉપાડી ગયું હતું !

કોઇકે જાણીજોઈને મારા આ મહાન પ્રયોગની રેવડી કરી નાખી હતી. કોઇક વાંકદેખાને, મને મ… જનાર વિજ્ઞાનસિદ્ધિની, ઇર્ષા આવી હતી !

સારૂં થાય પેલા લંગડા રજપૂતની છોકરી કેસ… કે એણે આ કામો કરનારનું મને ખાનગીમાં ના… આપી દીધું !

અમારી પડખે રહેતી ખાંટની ડોશી સુમલ… છોકરા જાગલાનું એ કામ ! જાગલો કોણજાણે ક્ય… એના ફળીમાંથી આ જોઈ ગયો હશે. જાગલ… આમાં કાંઈ મળ્યું નહિ ને મારો તો આ પ્ર… માર્યો ગયો તે માર્યો જ ગયો. એવું જણાયું કે… બનાવમાં કોઈ જૂના પ્રસંગનો પડઘો પડ્યો હ… અમારો એક કૂતરો બાવળો, બેવફા થઈ ને, અમ… ટોળકીમાંથી / ખસી જઇને જાગલાને ત્યાં આશ્… તરીકે રહ્યો હતો. ત્યાર પછી જ્યારે અમારા ધોળિ… કૂતરા સાથે આ બાવળાને યુદ્ધ થયું ત્યારે કોણજ… કેમ એ યુદ્ધમાંથી, વૃદ્ધ છતાં ધોળિયો લોહીલુહ… બનીને વિજેતા બની બહાર આવ્યો, જ્યારે બાવળો… તો એની એક આંખ ગુમાવી ત્યારથી એ કાણિ… બની ગયો. જાગલાની માન્યતા હતી કે આ યુદ્… અમે જો પક્ષ લીધો ન હોત તો બાવળો વિજ… થાત ! ગમે તેમ, ત્યાર પછી એ અમારી ને … ફળીની કિલ્લેબંદી ઉપર હરતાંફરતાં કાંઈ ને… લાટા સોધ્યા કરતો. આજ મારો વિજ્ઞાનનો પ્ર… એ વેરની વસૂલાતનો ભોગ બની ગયો ! મેં… બીજો પ્રયોગ ઉપાડ્યો. સિંદૂર, કંકું ને ગોરોચન… સઘળાંને ખાંડીને તેનો ચાંલ્લો કપાળે કરવાથી જો… લોકો વશ થાય છે, એ વાંચીને એનો ચાંલ્લો કર્યો, … આર્યસમાજમાં સૌને છેવાડે જોડા પાસે બેસ… મળતું એ મહાભાગ્યમાં એને લીધે કાંઈ ચમત્… ફેરફાર થયેલ દીઠો નહિ કે ભગતની જગ્યામાં… લોટ માગવા જતા, ત્યાં લક્ષ્મણ કોઠારી એક… લોટ આપતો, એણે પણ આ ચાંલ્લાથી વશ થ… કાંઇ દેવાનો ખોબો કર્યો નહિ, એટલે પછી… ધીમે એ ચાંલ્લો ભુંસાઇ ગયો ને ભગવાન શ્રી… વિભૂતિ પાછી વાપરવા માંડી !

પણ હવે આઠમી ચોપડીમાં પાસ થઈને શું…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મોટો પ્રશ્ન થઈ પડ્યો. રામજીભાઈ ને અંબાશંકરભાઇ તો નોકરીએ ચડી ગયા હતા, એટલે મારે માંટે પણ એ ટ્રેનિંગ કૉલેજનાં દ્વાર ખુલ્લાં હતાં પણ એમાં વાંધો ઉમરનો આવતો હતો. હું ઇ. સ. ૧૯૦૬માં આઠમીમાં પાસ થયો. ભૂમિતિમાં ૩ માર્ક તૂટતા હતા, તે મળ્યા એટલે હવે નિશાળમાં જગ્યા તો મળે–પણ પ્રેમજી દલ્લુ કાંઈ મને રાખે તેમ ન હતો. વિરપુરમાં તે વખતે અંગ્રેજી સ્કૂલ ન હતી. વળી વીરપુરમાંથી હજી સુધી કોઈએ અંગ્રેજીમાં જલેલ વાળ્યું ન હતું. એટલે એ માર્ગ એ વખતે અજાણ્યો હતો અને ભયંકર ગણાતો. જેતપુર જવાય તો અંગ્રેજી ભણાય. અથવા ગોંડલ જવાય તો અંગ્રેજી શીખાય. એ સિવાય બીજો કોઇ રસ્તો ન હતો.

પણ જેતપુરમાં ક્યાં રહેવું ? એકલું શી રીતે રહેવું ? એટલે એ આખો અંગ્રેજીનો પ્રશ્ન ઊડી જતો હતો.

પણ મારા મનમાં અંગ્રેજી ભાષાની એક મોહક ચિનગારી પ્રગટી હતી. દરબાર સુરાજીના યુવરાજ હમ્મીરસિંહજી રાજકોટ રાજકુમાર કૉલેજમાં અંગ્રેજી ભણીને આવ્યા હતા, કુમારશ્રી રામસિંહજી — જેને લોકો તો હમેશાં નવલુભા સાહેબને નામે જ ઓળખતા — એ પણ અંગ્રેજી ભણીને આવ્યા હતા.

આર્યસમાજ અને સનાતનધર્મ વચ્ચે રાજકોટ ખાતે એ સમયે જે વાગ્યુદ્ધો ચાલતાં એનો તો એક આખો રસિક ઇતિહાસ ખડો થાય તેમ છે. એ વખતે જે જે પ્રશ્નોની શાસ્ત્રચર્ચા માટે સામાપક્ષને આહ્‌વાન દેવાતું તેમાં ‘હમ્મીરસિંહજી વર્મા’ની સહી આવતી. કેટલીક વખત સ્વામી શંકરાનંદ આત્માનંદ એમની પણ સહીઓ થતી. ક્યારેક વળી એક કારકુન વેલજી વર્માનું નામ પણ દેખાતું. આ હમ્મીરસિંહ વર્મા — એટલે તે સમયના યુવરાજ મોટાભાઈ સાહેબ, ને નવલુભા બન્નેને ભાષણો આપવાની પણ ટેવ હતી. માનકેશ્વરના મંદિર પાસે સાતમઆઠમનો મેળો ભરાતો ત્યારે ઘણી વખત નવલુભા ભાષણ આપતા. એવું એક ભાષણ–Duty–ઉપરનું મેં સાંભળેલું. એમાં વારંવાર જે અંગ્રેજી શબ્દપ્રયોગો આવતાં તે પરદેશી ઉચ્ચારણોનું માધુર્ય મનમાં રમ્યા કરતું. અંગ્રેજી ભણવાના આકર્ષણનું આ બીજ હતું. એક અકસ્માત લેખે. આ નવલુભા સાહેબ વિષે સાંભળેલી એક આડકથા — એના સત્ય અસત્ય અંશોની જવાબદારી લીધા વિના નોંધપાત્ર છે.

ઘણું કરીને પાછલા વખતમાં એ થોડા વખતને માટે જેતપુરમાં પોલીસઅધિકારીને દરજ્જે આવ્યા હતા. જેતપુર ગામની એક ખૂબી છે કે ત્યાં ધણીધોરી કોઇ મળે નહિ. તે વખતે તો અઢાર ભાગીદાર હતા. એક પાટીમાં ગુન્હો કરીને ચાર શેરી વટાવી જાય ત્યાં એ બીજા રિયાસતનો આદમી બની જાય. આવી રિયાસતી વ્યવસ્થાને લીધે જેતપુરમાં કોઈ પ્રકારનું કડક શાસન કોઈ દિવસ ચાલતું નહિ. જો કોઈ આવે તે ભાઈબાપા કરીને દિવસો કાઢી નાખે.

વળી જેતપુરની રૈયત પણ પૈસે ટકે ને વેપારે સુખી. બ્રહ્મદેશ એમનું આંગણું. પરદેશ જવું આવવું એ તો એમને મન રમત. સાહસિક પણ પૂરા. જબ્બર વેપારીઓ. માથાના ફરેલા ને કોઈની તમન્ના ન રાખે એવા.

આવા જેતપુરમાં જેમ વ્યાપારની છોળ રહેતી તેમ જુગારની અને જુગાર અંગેનાં સર્વ અંલકારોની પણ છોળ રહેતી.

એક સમયની વાત છે કે રામસિંહ પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે સાથે હતા અને તાજિયા નીકળ્યા હતા. સઘળું શાંતિથી ચાલી રહ્યું હતું. એ વખતે તો કોઈ પ્રશ્ન ઊભો થયો ન હતો. આબરૂદાર માણસો પણ સાથે હતા. પણ આવા ટોળામાં બને છે તેમ કાંઈક અકસ્માતી ગેરવ્યવસ્થા થઈ જાય તો એનો લાભ ઉઠાવનારા પણ સાથે સાથે જ ચાલી રહ્યા હતા.

-રામસિંહજીના કાન ઉપર એક સમસા આવી ગઈ. બરાબર મોટા દરબારગઢ પાસેથી ખેચાતાં જ્યાં સોનારૂપાના વેપારી પારેખોની હારબંધ દુકાનો આવેલી છે ત્યાં તોફાન શરૂ કરવું એવી હવાઈ વાતો રામસિંહજીને કાને અથડાઈ.

પોલીસદળ તો બિચારું કેટલુંક ગજું કરે ? અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેતપુરમાં પોલીસદળ હોય પણ શું ? સામે તો માથાભારે માનવીઓનો એક મહેરામણ હતો.

પણ આ રામસિંહજીએ પાણી પીધું વીરપુરની આર્યસમાજની વાવનું. એ પાણીમાં લોહ ઘણું છે. એનાં લોહીમાં હજી મધ્યયુગનો અસલ રજપૂતી વારસો બેઠો હતો. અને મન જેતપુરનો પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટએ તો ઠીક હવે, પગારદાર નોકર, પણ વીરપુરનો રાજકુમાર એ મહામોલો વારસો હતો. અને એની હાજરીમાં આ બને તો તો થઈ રહ્યું નાં. એણે એક ક્ષણમાં શું કરવું એનો નિશ્ચય કરી લીધો. પોતે ત્વરાથી આગળ ચાલીને બંદોબસ્ત કરતા હોય તેમ આગળ નીકળ્યા. એમની અચૂક નિશાની બંદૂક સાથે હતી; ભેટમાં તલવાર હતી. માથા ઉપર કેસરી સાફો ફરફરી રહ્યો હતો.

પારેખની દુકાનો શરૂ થઈ. થોડીક કાંકરીઓ આકાશી પંથે ઊડતી લાગી. વાણીમાં જરાક વધુ તીવ્રતા જણાવા લાગી. રામસિંહજી ચેતી જઈને તરત આગળ વધ્યા. એક ઊંચા ઓટલા ઉપર સિંહગતિએ ચડી ગયા. એમની એક નિશાનીએ પોલીસદળ થંભી ગયું. માણસો પણ જરાક ખમચાઈને સ્થિર થતાં જણાયાં. રામસિંહજીનો અવાજ આવ્યો: 'જુવો ભાઈ ! તમે અમારા ભાઈઓ છો. આજનો તમારો આ તમામ કાર્યક્રમ વગર હરકતે પાર પાડવો એ મારી ફરજ છે. પણ હું તમને એક વાત કહી દઉં છું. જો કોઈનું મન ફરશે તો પછી હું સુપ્રિન્ટેન્ડેન્ટ પોલીસનો નથી. પછી તો હું રજપૂતનો બચ્ચો છું. ને વીરપુરનો રાજકુમાર છું. ભગવાને ધાર્યું હશે તે થાશે. પણ તમારે તમારો કામો કરવો હશે તો મારા મૂડદા ઉપર એ કામો થાશે. હું આંહીં મરીશ ને તમારામાથી પાંચ; પચીસ પચાસ જેમની આવરદા ખૂટી હશે એ પણ ભેગા ઢળી પડશે ! મારી પાસે ધાર્યાં નિશાન પાડનારી 'આ' છે.' રામસિંહજીએ પોતાનું અચૂક શસ્ત્ર બતાવ્યું.

થઈ રહ્યું. આજ બરાબર તક નથી એવો ન સમજી શકાય તેવો મૌનવ્યવહાર ટોળામાં ફરી વળ્યો. બે ક્ષણમાં તો એનો પડઘો પડ્યો. અને શાંતિ ચાહક તરીકેના ઉદ્‌ગારો સાથે જ સૌ આગળ વધ્યા આ રાજકુમાર રામસિંહજી ! ×

એટલે વીરપુરમાં મેં મારી આ વયમાં જે વાતાવરણ પીધું તેમાં અનેકરંગી વસ્તુઓ આવી રહી હતી.

એ વખતની પણ જેવી તેવી નોંધપોથીઓ આજે મારી પાસે પડી રહેલ છે. એમાં વહેલામાં વહેલી તારીખનો એક કાગળ છે. તે તા. ૧–૫–૧૯૦૭નો મોટીકુંકાવાવના મહેતાજી કાહાનજી જીવા પરમારનો છે. કાહાનજી જીવા પરમાર એ દેશળજી પરમારના પિતા. એ વખતે તે ત્યાં હેડમાસ્તર હતા. મોટી કુંકાવાવમાં હું ઘણું કરીને ત્રણ રૂપિયાથી કે ચાર રૂપિયાથી આસિસ્ટંટ તરીકે રહ્યો હતો. ત્યાં પછી રાજીનામું આપ્યું ને પાછો વીરપુર આવ્યો ત્યારે રાજીનામું મંજૂર થયાનો આ કાગળ છે. એ ઉપરથી જણાય છે કે ૧-૫--૧૯૦૭ની પહેલાં બેએક વર્ષ મેં મોટીકુંકાવાવમાં ગાળ્યાં હશે.

મોટીકુંકાવાવમાં મારે આસિસ્ટંટ તરીકે જવું પડ્યું હશે, કારણકે પ્રેમજી દલ્લુ મને લેવા ખુશી ન હતો. એમાં એની મોટામાં મોટી ફરિયાદ એ હતી કે આવડો નાનકડો છોકરો વર્ગમાં બંદોબસ્ત શી રીતે રાખી શકે ? વયના પ્રમાણમાં મારી ઊંચાઈ જોઈએ તેટલી ન હતી. આથી કરીને આઠમીમાં પાસ

---

* આ રામસિંહજીના એક પુત્ર જાલમસિંહજીને મેં થોડો વખત જૂનાગઢમાં ભણાવ્યા હતા. અકાળ મૃત્યુ પામ્યા ન હોત તો જાલમસિંહજી આગળ ઉપર દીપે તેવા હતા. એવી જ રીતે વીરપુરના એક બીજા રાજકુમાર જોરાવરસિંહજી, જ્યારે જૂનાગઢમાં ભણતા ત્યારે પ્રોફેસર પેન્ડજેના પુત્રોને બંદૂકનિશાનબાજીનું શિક્ષણ આપતા હતા. શસ્ત્રોનો શોખ એ પણ વીરપુરની એક વિશિષ્ટતા હતી. મેં ઘણું કરીને થોડો વખત આ બંદૂકશિક્ષણ જોરાવરસિંહજી પાસે લીધેલું. પણ પછી હું તો ગિરનારની રખડપટ્ટીમાં ને ગુલાબસિંહ વાંચવામાં પડી ગયો એટલે કાંઈ પ્રગતિ કરી નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા પછી થોડો વખત મારે આમતેમ રંખડવું પડયું લાગે છે.

એ રખડપટ્ટીનો કેટલોક અનુભવ આજે પણ તાજો છે. જે ગામોમાં વીઘોટી હોતી નથી, અને ભાગ બટાઇનું ધોરણ હોય છે ત્યાં ખેડૂતોને પોતાનો તમામ પાક ખળાવાડમાં લાવવો પડે છે. જ્યારે દાણા તૈયાર થાય ત્યારે ખળાવાડમાં આવેલી ખરી ઊપજ-માંથી દરબારી ભાગ ને ખેડૂતનો ભાગ એમ ભાગ પાડે છે. ઘણું કરીને આ ૨ : ૩ એ પ્રમાણમાં હોય છે. આ ભાગ બટાઇનું ધોરણ વીઘોટીના કરતાં વધારે સારું ગણાય એમ માનનારો પણ એક વર્ગ છે.

વીરપુરમાં ભાગ બટાઇનું ધોરણ પ્રચલિત હતું. એથી કરીને અમારા ઘરથી થોડે દૂર 'ભીંસાબોળ' નામની એક વાડી હતી, તેની સામે ખળાવાડ થતી. બીજે સમયે વેરાન જેવો લાગતો, હાથલાથોરની વાડથી રક્ષિત બનેલો ખળાવાડનો વંડો, આસો મહિનાથી હુતાશની સુધી લગભગ છ મહિના માણસોથી ગાજી રહેતો. ગાડાં, ખેડુ, ઢોરઢાંખર, ભતવારીઓ, રખેવાળો, ચોકીદારો, બ્રાહ્મણો, સાધુઓ, ભગત-ભીખારીઓ—માણસોનો એક અખંડ પ્રવાહ દિવસરાત ત્યાં વહેતો જ હોય!

આ ખળાવાડમાં હું વારંવાર જતો—ભીંસાબોળની વાડી દિવાળી ઉપર તો છેક કાંઠા સુધી પાણીથી છલકાતી હોય. એમાં મંડાણેથી ધૂબકા મારવાની મજા તો જેણે માણી હોય એને જ એના ખરા સ્વાદની ખબર પડે. ત્યાં એવા અઠંગ તરવાવાળા પણ આવતા કે જે આવ્યા હોય સવારે નવ વાગે પણ પાછા ફરે ત્યારે સાંજના ચાર વાગતા હોય. ત્યાં કાંઠે એક પીપળો હતો. આ ખળાવાડ જાંમતી ત્યારે બ્રહ્મસભા ત્યાં ભરાતી. એમાં દુર્બળદેહી મેઘજી મહારાજ આવે. રેવાશંકર મહારાજ ત્યાં અચૂક હાજર હોય જ. એક જીવરામ મહારાજ હતા જેઠા મહારાજ હોય. હરિલાલ હોય. ઓધવજી મહારાજનો જેશંકર આવે. કરશનજી અને એનો દીકરો કાશીરામ એ પણ આવ્યા હોય. આપણા રામ પણ ત્યાં બેઠા હોય. બ્રહ્મસભામાં વિષયવિચારણીનો પણ ઠાકમાઠ જામતો. આખા વીરપુરની નવાજૂની ત્યાં મળતી. પડખેના ગોમટા કે મશીતાળામાં ક્યારે ચોરાશી છે એ સમાચાર ત્યાં પહેલાં પ્રગટતા. કોની ઢગ કે જાન આવવાની છે ને કેટલા વચ્ચે રૂપિયો ભદ્રાશણનો મળશે એ આગાહી પણ ત્યાં થતી. ત્યાં જ કોણ ધાર્મિક રહ્યા છે, ને કોણ અધાર્મિક બન્યા છે, એની જાહેરાત આવતી. ભીંસાબોળના એ પીપળાએ જેટલી વિનોદ વાતો સાંભળી હશે તેટલી ભાગ્યે જ કોઈ કથાસરિતાસાગરમાં પણ સંઘરાયલી પડી હશે. આજ પણ મને કોઇ દેવાધિદેવ ઇંદ્રાસનની સીધી બેઠક આપે તો એને હું કહું કે ઇંદ્રાસન લેવાની ના નથી, પણ વધારે નહિ તો એ પળ પણ એ પીપળાનું સ્થાન મને દેખાડ જો!

એક વખતની વાત છે. એક કણબીનું ખળું આગલી સાંજે ભરાઇ ગયેલું પણ મોડું થવાથી બ્રહ્મણોની પંગતને બોલાવવી રહી ગઈ. આમ 'ખળજેખણે વિવાહે' રહી જવાથી બીજે દિવસે સવારમાં કાગડા બોલ્યે જ બ્રહ્મસભાના અતિ ઉત્સાહી કેટલાક મેમ્બરો હાજર થઈ ગયા હતા. હું પણ તેમાં હતો. હવાલદારની ઝૂંપડી પાસે એક વચ્ચેના ભાગમાં ગોળાકારે બાંધેલી માટીની હૈયારખી આડશ હતી. તેમાં વચ્ચેના ભાગમાં ગાર કરીને બેસવા લાયક જમીન બનાવી હતીઃ ત્યાં મધ્યમાં એક ધૂણી ધખતી રહેતી, આ ધૂણીમાં જ્યારે જુઓ ત્યારે ચોવીસે કલાક દેવતા જળતો હોય. ચુંગી પીવાવળા, બીડી વાળા, હોકાવાળા, કોઈ ને કોઇ ત્યાં બેઠા હોય. એ હૈયારખીની જમીન કાચ જેવી સ્વચ્છ રહેતી. જરાક ઠંડી હોય ત્યારે તો ધૂણીની આસપાસ ગોળ કૂંડાળું વળી જતુ. દેવતમાં સૌ હાથ રાખીને તાપતા હોય ને અલકમલકની વાતું ચાલતી હોય.

તે દિવસે જરાક ઠંડી જેવું હતું, એટલે સવારનાં પહોરમાં જ ત્યાં ગોળકૂંડાળે માણસો બેસી ગયાં હતાં.

પેલો કણબી આવશે ત્યારે સાદ કરશે એમ ધારીને અમે બ્રાહ્મણો પણ બે ચાર જણા ત્યાં નિરાંતે તાપી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતે ત્યાં એક ખાંટ કણબી પણ બેઠો હતો. એ ભૂવો ગણાતો. સૌ એને વાતોએ ચડાવીને કૈં કૈં પ્રશ્નો પૂછી રહ્યા હતા.

હવે પછી ત્યાં જે બનાવ બન્યો એનો હું પોતે આંખસાક્ષી છું. જે બન્યું તે બનવાની અનેક શકયતાઓ વિષે વારંવાર મેં મારા મનને પ્રશ્નોત્તર કરી જોયા છે; પણ જે બન્યું તે બનવાની કોઇ જ ચાવી હજી સુધી મને માલૂમ પડી નથી. મારો સ્વભાવ ખાસ વહેમી હોય એવું હું માનતો નથી. મને ચમત્કારમાં સ્વભાવસિદ્ધ રસ આવતો હોય એવું પણ માનસપૃથકકરણ કરતાં મને કોઈ દિવસ જણાયું નથી. એટલું જ નહિ–ત્યાર પછીના જીવનના ચાર છ પ્રસંગોએ મારી એ માન્યતા દૃઢ કરી છે કે જેટલી સૃષ્ટિ દેખાય છે તેના કરતાં અનંતગણી સૃષ્ટિ અણદીઠ રહી છે! આકરામાં આકરી તર્કસરણીથી તાવતાં પણ કાંઈક ને કાંઈક એવું અવશેષ આ બનાવોમાં રહી જાય છે કે જેનું પૃથકકરણ થઇ શકતું નથી.

આ ભૂવાનું નામ અત્યારે યાદ નથી. આ બનાવ ઈ. સ. ૧૯૦૭ પહેલાંનો છે ને મારી પાસેની નોંધપોથીઓ સાત આઠ પછીથી શરૂ થાય છે. તે પહેલાંની એક બે ખરી, પણ એ આડીઅવળી મુકાઇ ગઇ છે, ને અત્યારે હાથવગી નથી. વહેલામાં વહેલી એક સચિત્ર નોંધપોથી ઈ. સ. ૧૯૦૪ની છે. 'આંહીં' એમાં આ હકીકત હોવાનો સંભવ છે. તો એના અભાવે જે છાપ અત્યાર સુધી ચાલી આવી છે એ જ હું પ્રગટ કરું છું. પણ મારા પર જે છાપ પડે છે એ કેટલીક વખત પથ્થરમાં લખેલા અક્ષર જેટલી જ દૃઢ થઇ રહે છે એ મારો જાતઅનુભવ છે અને એ ઘણુંખરું ખરી હોય છે. હું આજ પણ દાર્જીલિંગમાં ૧૯૨૭ જોયેલો ભવ્ય સૂર્યોદય નિહાળી શકું છું. અને શિશિરકુમાર ભાદુરીનો કલકત્તા નાટકનો 'સીતા' શબ્દ સાંભળી શકું છું! અને સીતા બનતી પ્રભાની આખી મૂર્તિને આંખ સમક્ષ ઊભી કરી શકું છું! આ માનસને પોતાના લાભ હશે પરંતુ ગેરલાભ ઘણા મોટા છે. એ તમામ ગેરલાભો જીવનમાં મળતા પણ રહ્યા છે. મોટામાં મોટો ગેરલાભ આ જાતના માણસને એ છે કે એ કદાપી પણ વ્યવહારજ્ઞ બની શકતો નથી; અને એની આ કારણ વિનાની વેદનામાં કોઈ ભાગ લઇ શકતું નથી. એણે એનાં વેદના આનંદ કે જે કાંઇ હોય તે એકલાં એકલાં ભોગવવાનાં રહ્યાં, અને પોતાની સ્વેચ્છાસર્જિત ખુમારીમાં પોતાની ખુવારી પણ વહોરવી રહી! લોકો એને સમજે કે ન સમજે એ કાંઇ બહુ મોટો પ્રશ્ન નથી. દરેક કાર્યકરે પોતે લોક સમજે એ રીતે જ કાર્ય કરવું જોઇએ. પણ આવા મનસ્વીઓને લોકો સમજે કે ન સમજે, કદર કરે કે ન કરે એવું પણ કાંઇ નહિ માત્ર પથરાનો માર ન આપે તો પણ ઘણું!

આ જુવાન ભૂવાને સૌ વિનંતી કરી રહ્યા હતા. અમને કાંઇક બતાવો. હું ત્યાં બરાબર એની સામે જ બેઠો હતો. ભૂવો કાંઇ બોલતો ન હતો. માત્ર નકારાત્મક માથું ધૂણાવતો હતો. મોં સૂજણું થઇ ગયું હતું. એની દરેક હિલચાલ સ્પષ્ટ રીતે જોઇ શકાય તેમ હતું. કૂંડાળું ઘણું નાનું હતું. અંતે ભૂવાને કાંઇક ચાનક ચડી લાગી. એણે ત્યાં પડી'તી એ એક થાળી હાથમાં લીધી. 'જુઓ, અત્યારે કાંઇ મીઠાઇબીઠાઇ નહિ થાય હો!'

મારું તો સમગ્ર ધ્યાન એની દરેકેદરેક હિલચાલ ઉપર ચોંટયું હતું. ભૂવાએ થાળી લીધી. પછી એક ચપટી જ રાખ ધૂણીમાંથી લીધી. એને રાખ લેતો અમે જોયો હતો. એણે કાંઇક બોલીને એ ચપટી રાખ થાળી ઉપર જોરથી લીંટી કરતો હોય તેમ ઘસી. સૌના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ત્યાં રાખ ન હતી. થાળીમાં સુંદર લાલ જામનગરી કુંકુમ જાણે ચમકી રહ્યું હતું!

હવે આ ભૂવાએ ધારો કે પોતાની બાંયમાં આટલું કંકુ છુપાવ્યું હોય, પણ તો આટલી બધી નજરને ચુકાવીને એણે જે રાખ થાળીમાં ઘસી તે રાખ ક્યાં ગઈ? નીચે ઢોળતાં તો કોઇએ જોઇ ન હતી. રાખ ત્યાં ન હતી એ ચોક્કસ હતું. કુંકુમ થયું એ પણ ચોક્કસ હતું. શી રીતે થયું એ જ માત્ર અચોક્કસ હતું–ને આજ દિવસ સુધી એ અચોક્કસ રહ્યું છે!

મેં ઘેર જઇને બીજે દિવસે ચુલાની રાખ લઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાળીમાં ખૂબ જોરથી ઘસી જોઇ હતી એ મને હજી યાદ છે. પણ એ રાખ તો રાખ જ રહી હતી!

છતાં આ પ્રસંગ ઉપર ઘણો મદાર મેં બાંધ્યો છે એમ લાગવાનો સંભવ છે. એવા તર્કવાદીઓ માટે, કાલનો વ્યુત્ક્રમ અને વર્ણનનો દોર તોડીને પણ એક બીજો એવો જ આંખ સાક્ષીનો પ્રસંગ રજૂ કરું છું. આથી આમાં કોઈ પ્રકારના વહેમોને ઉત્તેજન આપવાનું ધ્યેય રહ્યું છે એમ ન મનાવું જોઇએ. પણ કોઇ કોઇ વખત કોઇ વસ્તુ આપણા માટે કોયડા રૂપ રહી જ જાય છે અને જ્યાં સુધી એનું બીજું કોઇ કારણ આપણે આપી ન શકીએ ત્યાં સુધી એને માટે રજૂ થતાં કારણોનું આપણે શુદ્ધ દૃષ્ટિથી સંશોધન કરવું જોઇએ, એટલો જ કહેવાનો આશય છે. એક ઉચ્છેદક ફુત્કારથી કોઇ અનુભવને કાઢી મુકવો એમાં કોઇ દૃષ્ટિ રહી નથી.

આ બીજો પ્રસંગ આ પ્રમાણે બન્યો. એ વખતે તો મારી ઉમ્મર પણ ખાસ્સી છવીસ સત્તાવીસ વર્ષની હતી. હું ઇન્ટરની પરીક્ષા દેવા અમદાવાદમાં આવ્યો હતો.

એ વખતે મેં જ્યાં મુકામ કરેલો ત્યાં એક ગૃહસ્થ કેટલાક હીપ્નોટીઝમના પ્રયોગો કરતા હતા. આ ગૃહસ્થને મેં તે પહેલાં જોયા હતા. એમણે મારી હાજરીમાં વર્ષો પહેલાં એનો અભ્યાસ શરૂ કર્યો હતો. એટલે આ બીજી વાર હું એને મળ્યો ત્યારે એ વાત ઉપર લગભગ દસેક વર્ષ વીતી ગયાં હતાં.

ઇન્ટરની પરીક્ષા હતી ત્યાં સુધી તો મેં મહા-મથામણ કરીને મારા મનને આ ઘટનામાં રસ લેતું રોકી રાખ્યું.

પણ મન તો અંદરથી પોકાર કરી રહ્યું હતું કે ક્યારે લોજીકફોજીક પૂરું થાય અને ક્યારે હું આ પ્રયોગો નિહાળું. મણિલાલ નભુભાઇનું 'પ્રાણવિનિયમ' વગેરે કેટલાંક પુસ્તકો તો મેં જોયાં હતાં એટલે આ વિષયમાં મારો સહેજ ચંચુપ્રવેશ કહી શકાય. રસ લેવા જેટલો. વળી એક સમય એવો હતો કે જ્યારે આ ગૃહસ્થે મારા ઉપર હીપ્નોટીઝમનો પ્રયોગ શરૂઆતમાં કર્યો હતો એ ખરાબ medium તરીકે મને છોડી દીધો હતો. જેનું અંતઃકરણ કોમળ ને તરત આજ્ઞા માને તેવું હોય એ medium તરીકે સારું કામ આપે.

હું બેઠો હતો. બીજા પણ કેટલાક અજાણ્યા ગૃહસ્થો ત્યાં હતા. એક વ્યક્તિ ઉપર પ્રયોગ થઇ રહ્યો હતો.

વચ્ચે એણે કાંઇક એવું કહ્યું કે "હવે પૃથ્વી તત્ત્વથી મેં આને બાંધી લીધેલ છે. એટલે કોઇ મલિન તત્ત્વનો હમણાં ભય નથી."

હું ત્યાં બેઠો હતો અને મારી હાજરીમાં એણે આ કહેવાની હિમ્મત કરી એથી મને નવાઇ લાગી. કારણ કે અમારે તે દિવસે થોડી દલીલો થયેલી તેમાં મેં એના આ ધતિંગ ઉપર ક્રૂર પ્રહાર પણ કરેલા. એટલે અત્યારે જેવું એણે આ વિધાન કર્યું કે તરત મેં પ્રશ્ન કર્યોઃ , આ પૃથ્વીતત્ત્વ શું ? ને આ બંધન શું ?'

તેણે પ્રત્યુત્તર આપ્યોઃ 'હું તમને સમજાવું એના કરતાં તમે અનુભવ જ લ્યો ને!'

'શી રીતે?'

'તમે આંહીં આવો. આનો પગ ઉપાડો.' હું તરત ઊભો થયો. એ વ્યક્તિની પાસે ગયો. દેખીતી રીતે એ નિદ્રા અવસ્થામાં પડેલી જણાઇ. એનું શરીર શાંત, હલનચલન વિનાનું મૂડદાં જેવું પડેલું હોય તેમ પડ્યું હતું. મેં થોડીવાર એની તરફ જોયું. જેના ઉપર પ્રયોગ થઇ રહ્યો હતો એ એક જુવાન સ્ત્રી હતી. અને એનાં બંધ પોપચાં ઉપર રમતું સૌન્દર્ય જેટલું મોહક હતું એટલું જ નિર્દોષ હતું. સ્ત્રીનો, અને જુવાન રૂપાળી સ્ત્રીનો કિસ્સો હતો એટલે તો પ્રયોગ કરનાર વિષે વધારે લેભાગુપણાનો આરોપ મૂકવાનું મન થાય તેમ હતું. પણ એણે શાંતિથી કહ્યુંઃ

'પૃથ્વીતત્ત્વ એટલે ઘન-ભાર. આને મેં આંહીં પૃથ્વીતત્ત્વથી બાંધી દીધેલ છે. તમે એનો પગ ઉપાડી જુઓ. અત્યારે એ આંહીં નથી એમ સમજવાનું. એનામાં કોઇ જાતની સંજ્ઞા રહી નથી. એ તો તમે જોઈ શકો છો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં ઉપેક્ષાપૂર્વક આહ્વાન સ્વીકારી લીધું. અત્યંત વિશ્વાસથી અને કાંઈક તિરસ્કારથી પણ, ઝપાટાબંધ વધારે નિકટ જઈને, એ સ્ત્રીનો પગ ઉપાડવાનો પ્રયત્ન કર્યો.

મને તો ખાતરી જ હતી કે આવી ફૂલ જેવી કોમળ સ્ત્રીનો પગ હું જુવાન માણસ ઉપાડી ન શકું એ કાંઇ બનવાનું ન હતું. મેં તરત એના પગને જમણા હાથથી ઘૂંટી પાસે પકડીને ઊંચો કરવા માંડ્યો.

પણ મારો હાથ ભોંઠો પડતો હોય એવો અનુભવ થયો. પગ ઘણો ભારે જણાતો હતો.

પણ એ તો આ સૌ અંદર અંદર મળી ગયેલા હોય એટલું જાણી શકાય એવો જિંદગીનો અનુભવ મેં લીધો હતો. એટલે એવી રીતે આ કોઇ છેતરી જાય એ વસ્તુ મને આકરી લાગી.

મેં વધારે જોરથી પગને ઊંચો કરવા માંડ્યો. સૂઇ રહેનાર સ્ત્રી જાણીજોઇને પગમાં ભાર મૂકતી હોય તો જણાયા વિના રહે નહિ. પણ એનામાં ઇચ્છાશક્તિ રહી હોય તેમ લાગતું ન હતું. પગનો ભાર નક્કર લોઢાના ભાર જેવો જણાતો હતો.

અંતે મેં બે હાથનો આધાર લીધો. જેટલું હતું તેટલું જોર કર્યું. પગ ઊપડ્યો ખરો, પણ ભારે વજનવાળા કોઈ પદાર્થને આપણે પરાણે પરાણે થોડીવાર અધર રાખી શકીએ, ને હરપળે આપણો હાથ દગો દઈ દેશે એવો ભય મનમાં રહ્યા કરે, એવી મારી સ્થિતિ હતી. થોડીવાર પછી મેં પગને હળવેકથી નીચે મૂકી દીધો.

શી રીતે આ થયું તે સમજાયું નહિ. એ માણસ જે સમજૂતી આપતો હતો—પૃથ્વીતત્ત્વ વગેરેની—તે મનમાં બેસતી ન હતી. એટલે હારેલો દાવ સ્વીકારીને હું પાછો મારે સ્થાનકે તો ગયો પણ કોઈ રીતે એનું Explanation—વિવેચન એ વખતે મારા મનમાં બેઠું નહિ. આજ પણ બેઠું નથી. અને છતાં આ મેં લીધેલો અનુભવ, સગડીમાં હાથ બળે એના જેવો નક્કર બનીને, એક કોયડા રૂપે આજ દિવસ સુધી રહી જ ગયો છે!

આટલી આડકથા મારા પેલા વીરપુરના ભૂવાના અનુભવ માટે આંહીં આપવી પડી છે. એ આડકથાને છોડીને મૂળ વર્ણન ઉપર આવીએ તો પ્રેમજી દલુએ મને નોકરી ન આપી અને મારે જે ચાર છ મહિના રખડવું પડ્યું એ રખડપટ્ટીએ એક રીતે ગણો તો મને અફાટ શીમનો અનુભવ આપ્યો.

બાગ, બગીચા, વનોપવન, જંગલ, મેદાન, રણ, ખારોપાટ, એ તમામ કરતાં શીમમાં એક જુદું જ વ્યક્તિત્વ વસી રહ્યું છે. આ શીમમાં તમને ભય લાગે નહિ, અને જ્યાં નજર કરો ત્યાં કોઈ ને કોઈ ફરતું દેખાય! એટલે તમને ચેતનની હાજરીનો આનંદ મળે!

મારી મા શીમમાં ઘાસની ભારી લેવા જતાં. બારના ટકોરા થાય ને અમે શેરીને છેડે અમારા ઘર પાસે રાહ જોઇને ઊભા રહીએ. એટલામાં વાંસો ફાટફાટ થતો હોય, ઘોળિયા ઘાસમાં કે ખેવમાં કે કે ધ્રોમાં મોં પણ છુપાઈ ગયું હોય, પરસેવો તો રેબઝેબ વહેતો હોય ને ઉતાવળે ગતિએ દોડ્યા આવતાં મા ને ભાભી નજરે પડે. એમની ભારીમાં કાં મગની શીંગ કાં ડાંડા કાં ચીભડાં કાંઈક ચોક્કસ હોવાનું. એ આ ચીજો લાવ્યાં હોય—આબરૂને સાટે ચોરીને. છતાં એ લાવ્યાં હોય એ નક્કી. ભારીની અધવચાળે એકાદ ઘાસના પૂળામાં એવી રીતે છુપાવીને આ વસ્તુઓ રાખી હોય કે કદાચ કોઈક ગોલો કણબી શેઢે મળે ને ભારી ઉતરાવીને આખી વીંખાવે તો પણ એની નજરે તો ઘાસનો પૂળો જ ચડે!

કેટલા પ્રેમથી મા, આ વસ્તુઓ ચોક્કસ તે ચોક્કસ લાવતાં એ આજે આટલાં વર્ષે સંભારું છું ત્યારે મને લાગે છે કે જીવનની ખરી કરુણતા મોટા થવામાં રહી છે. એ શૈશવ કોઈ પણ દિવસ ગયું જ ન હોત—એ મા પણ ગયાં ન હોત, એ શીમ એ ઘાસ ને એ ચોરીછુપીનો ખજાનો પણ ગયો ન હોત—કાંઈ જ ફેરફાર વિના એમ ને એમ રહ્યું હોત—પણ ભગવાન મહાકાલની મર્યાદા, રામચંદ્રને જોવાને પણ યાદી આપવા આવી ચડે છે ને વાલ્મીકિના કવિસત્યમાં કેટલું કારુણ્ય રહ્યું છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંહીંથી સઘળાંએ એક પછી એક જવું જ જોઇએ. અને આંહીં જ સઘળાંએ એક પછી એક આવવું જોઇએ.

એ વયનાં કેટલાં સંસ્મરણો વેરણ છેરણ પડેલાં છે એમાંનું એક અત્યંત પ્રબળ સંસ્મરણ આજે દૃષ્ટિએ ચડે છે. એ સંસ્મરણ છે નજરોનજર ચુડેલને રાસડે રમતી જોયાનું ! !

એ વખતે ખાદી રૂપીયાની સોળ હાથ મળતી. ખાદી એવા ભયંકર સુધરેલા નામે એ કાપડને કોઇ ઓળખતું નહિ. એ તો પાણકોરૂં કહેવાતું ને પાણકોરા તરીકે વહેંચાતું. અમારે ત્યાં ફળીમાં વાળુ થયા પછી સભા ભરાતી. એમાં ચાંદની રાત હોય તો રાતના અગિયાર બાર સુધી એ સભા ચાલતી. એમાં એક બાજુ નવલગરબાવળી ગવાતી હોય, એક તરફ 'છજાં માળિયાં' ચાલતાં હોય, ને બીજી તરફ ત્રણ કે ચાર રેંટિયા ઉપર મારી મા, ગલઢીમા, કાકી, ભાભી સૌ કાંતવા મંડ્યા હોય. એ વખતે 'કાંતણ યજ્ઞ છે' એવું પાંચ વરસના છોકરાને વાંચતા વાંચતાં, ન સમજાવાને લીધે આપઘાત કરવાનું મન થાય એવું વાક્ય કોઇ છદ્મગાંધીવેલાએ હજી બાળ પાઠપોથીમાં ઘુસાડી કાઢેલું નહિ, એટલે જે નાનકડાં છોકરાં હતાં એ પણ કાંઇ ને કાંઈ કવિતા મોંએથી બોલીને આ મોટાઓના આનંદમાં પોતપોતાનો ખૂણો સાચવી શકતાં હતાં. આ કાંતણયજ્ઞ ચાલતો હતો, પાણકોરૂં તૈયાર કરવા માટે નહિ, પણ કણબીને રૂપિયા એકનું બરાબર સોળ શેર કાંતી દેવા માટે ! મને સાંભરે છે કે રૂ જ્યારે ખરાબ હોય ને ઘણી કીટી નીકળે ત્યારે માને કાંતેલા સૂતરની ઘટ પૂરી કરવા માટે ઘણી વખત સવારમાં વહેલા ઊઠીને ફાળકા નેવે મૂકવા પડતા કે એના ઉપર થોડો મેઘરવો પડે ને ઘટ દેખાય નહિ. આ સૂતર કંતાતું તે અને ઘણાં વેચાતાં તે—એ પૈસા માની ખાનગીમાં રહેતા. એ વખતે રૂપિયાના ઓગણીસસો છાણાં મળતાં. માનો છાણ ભેગું કરી કરીને ઠઠ નીકળી જતો ત્યારે માંડ ઓગણીસસો છાણાં થતાં !

આ કાંતણયજ્ઞ ચાલતો હોય ત્યારે અમે હુડતુડ

નવરચના

રમતા. અથવા તો કોઇ ડાહી વાત સાંભળવા બેસી જતા. એક વખતની વાત છે કે ચાંદની હોવાથી આમ કાંતણયજ્ઞ ચાલી રહ્યો હતો, ત્યાં સૌને સાંભર્યું કે આજે તો હુતાશની છે. કાંતણક્લાસમાં રજા પડી ગઇ. સૌ મજાએ ચડી ગયાં. સૌ સૌના ઘરમાંથી, તાંસળીમાં ધાણી, ખજૂર, ઢેબરાં જે મળ્યું તે લાવીને ખાટલી ઉપર ખાવા બેસી ગયાં. હુતાશની પ્રગટે તો દર્શન કર્યા પછી બીજું કામ હાથ ઉપર લેવું એમ નક્કી થયું.

અમારા ઘરના પાછલા ઉત્તર તરફના ભાગમાં મોટું ફળી હતું. એ ફળીમાં એક લીમડો હતો. લીમડાને ફરતો મોટો ઓટલો હતો. એ ઓટલા ઉપર ચડીએ તો સામે દૂર મતવાના ઢોરા ઉપર જ્યાં હુતાશની પ્રગટતી તેની જ્વાળા નજરે ચડતી.

વીરપુરની તાલુકાસ્કૂલ એના જૂના કિલ્લાના એક દરવાજા ઉપર આવેલી છે. નીચે જેલ છે ને સિપાઇઓની ચોકી રહે છે. ઉપર નિશાળ છે. નિશાળ ઉપર જવા માટે રસ્તા ઉપરથી પગથિયાં છે. આ પગથિયાં ઉપર ચડીએ એટલે કોટની રાંગે રાંગે પૂર્વ પશ્ચિમ તરફ પણ જવાય છે. આમાંથી પૂર્વ રાંગે રાંગે જતાં, કાંઇક ઠીક દૂર, પણ ઘણા જ અગોચર જણાય એવા સ્થળમાં એક કોઠો આવેલો છે.

અમે અમારા લીમડાવાળા ઓટલાથી, હુતાશનીનાં દર્શન કરીએ, તો બરાબર સીધી લાઇનમાં અને લગભગ મધ્યમાં આ કોઠો આડે આવેલો દેખાતો.

આ કોઠાને અમે ઘણીવખત, નીચે રસ્તા ઉપર ઊભા રહીને ડોક ઊંચી કરીને જોયો હતો. કોઈ ને કોઈ સાપ ડોકાતો ન હોય એવું ત્યાં ભાગ્યે જ બનતું. એ કોઠા સુધી, નિશાળની રાંગે રાંગે ચાલીને જવાની દિવસે પણ ભાગ્યે જ કોઇ હિમ્મત કરતું. કારણ કે ત્યાં એટલી બધી અગોચર પડીપાથરી રહેતી કે ન પૂછો વાત ! કોઇએ ખાસ કામ માટે ત્યાં સુધી જવાની હિંમત કરી હોય તો ભલે, બાકી મારી સાંભરણમાં કોઇ છોકરો તો ત્યાં ગયો જ ન હતો !

અમે સૌ હુતાશનીને પ્રગટ થવાની રાહ જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠાં હતાં. તે દિવસે કાંઇક મોડું મૂહુર્ત હતું. એટલે આડાંઅવળાં ગપ્પાં ચાલતાં હતાં. એમ કરતાં કરતાં તો ઠંડા મધુરા પવનને લીધે આંખ ઘેરાવા માંડી. ને ઓછા શ્રદ્ધાળુ હતા તે સૌ એક પછી એક સરવા માંડયાં.

અંતે અમે—હું, મારી મા અને ભાભી ત્રણ જણાં અને ઘણું કરીને એક બેન—એ સૌ અમારી ખડકીમાં થઇને પાછળના ભાગમાં ગયાં. અને ઓટલા ઉપર ચડીને હુતાશની જોવા ઊભાં રહ્યાં.

અમે એ પ્રમાણે સૌ ઊભાં હતાં. પેલો કોઠો, સીધી લાઇનથી જરાક પશ્ચિમ તરફ આવેલો, ઝાંખો ભૂખરો ચાંદનીમાં નાહી રહેલો ત્યાં ઊભેલો નજરે પડતો હતો. અમારી દૃષ્ટિ હુતાશનીની જ્વાલા જોવા માટે અધીરી હતી. રાતના લગભગ દસ–અગિયારનો સમય હતો. એ પ્રગટી! એવો અધીરો ભાવ સૌના મનમાં વસી રહ્યો હતો.

એટલામાં એક મહાન આશ્ચર્ય થયું. પેલા કોઠા ઉપર કોઇ બાઈ દેખાઇ. જાણે કે અદ્ધરથી ઊડીને પડી હોય! ચાંદની નાહ્યા જગતમાં ઘણી વખત આકારની જે સ્પષ્ટતા દેખાય છે એ ભ્રમણાત્મક હોય છે. એ પ્રમાણે આ આકાર દેખાયો તે દૃષ્ટિભ્રમનો હોઈ શકે.

પણ હજી એક વધુ આશ્ચર્ય બાકી હતું. જ્યાં દિવસે લોઢછાતીનો માણસ જવાની હિંમત ન કરે ત્યાં રાત્રે એક બાઈ આવવાનું સાહસ કરે એ તો ગજબની વાત હતી. છતાં આ બાઇ ત્યાં ઊભી રહીને ચાલી ગઈ હોત તો તો સંભવિત હતું કે કોઇ ગંડુ-ગમાર એમ પણ કરી બેસે. 'પણ એ પળ થઈ—તે આ બાઇ ચાલી!

આવી રીતે ચાંદનીમાં ચાલવાના ભ્રમ પણ આપણી દૃષ્ટિને છેતરે એવા ઘણી વખત દેખ્યા છે. એટલે આ સ્થિતિ સુધી, ખરી રીતે એ દૃષ્ટિભ્રમ ગણાવો જોઇએ.

પણ પેલી બાઇએ તો એ જ ક્ષણમાં પોતાનું રૂપ પ્રગટયું લાગ્યું. ચાંદનીમાં એનાં વસ્ત્ર ધોળાં દેખાતાં હતાં. એ કોઠાની દીવાલ ઉપર રાસડા લેતી કરવા લાગી! હવે તો દૃષ્ટિભ્રમ હોય તો આ દૃષ્ટિ-ભ્રમ કેવળ હિમાલયના પચીસ હજાર ફીટ ઉપરાંતના બરફીમેદાનનો ભ્રમ હોઇ શકે. ત્યાં આપણા પોતાના મોં જેવાં સેંકડો મોં ઇન્દ્રધનુરંગી વાદળામાં આપણી નજરે પડે છે! અને આપણી ખરી જાત વિષે આપણને પોતાને ભ્રમમાં નાખે છે! તે દિવસે વાતાવરણમાં આવું કોઇ હિમાલયીનું મોજું આવી ચડયું હોય તો ભલે–બાકી આ બાઇને ત્યાં રાસડા લેતી જોતી, નમતી, વળતી, કેડવાળતી, તાલી લેતી, અસલી રૂપમાં નિહાળવી એટલી બધી દૃષ્ટિભ્રમની વ્યાખ્યા મન ઘણા પ્રશ્નો કરીને સ્વીકારે–કે વખતે ન પણ સ્વીકારે.

મેં મારી માને પ્રશ્ન કર્યો પણ ખરો: 'મા! કોણ હશે? ત્યાં શું કરે છે અત્યારે?'

'કોઇક એ તો બેટા! હુતાશનીનાં દર્શન કરવા!' પણ સૌ–મા ભાભી સૌ આ જોઇ રહ્યાં હતાં. એ દૃષ્ટિનો ભ્રમ ન હતો. ત્રણ દૃષ્ટિનો ભ્રમ હતો. અને વધુ નવાઇની વાત એ હતી કે–વસ્તુસ્થિતિ ઉપર કાંઇક પણ વાતચીત થઇ હોય તો તો એકના ભ્રમનો બીજાને ચેપ પણ લાગે. પણ વાત કાંઇ જ થઇ ન હતી. તે થઇ ત્યારે ખબર પડી કે જે હું જોઇ રહ્યો હતો તે સૌ જોઇ રહ્યાં હતાં! ને સૌ આશ્ચર્યચકિત થઇ રહ્યાં હતાં!

પરંતુ પરાકાષ્ટા તો હજી હવે આવવાની હતી. એ પરાકાષ્ટા વિના તો આ આખી ઘટના સંપૂર્ણ ન થાત. હુતાશની પ્રગટી અમે દર્શન કર્યાં. પેલી રાસડા રમતી બાઇએ પણ જાણે કે દર્શન કર્યાં–કારણ કે તે કોઠા ઉપર ફરતી ફરતી થોડીવાર થંભી ગઇ હતી.

અને પછી કાંઇક હવામાં ઊડયું: કોઠામાં જ પડયું લાગ્યું: અને એક જ્વાળા જેવી જ્વાળા થઇ જતી નજરે પડી.

'ચાલો સૂઇએ...' માએ કહ્યું. પણ દેખીતી રીતે સૌના મનમાં આ વાતનો કોયડો અણઊકલ્યો જ હતો. છોકરાના દેખતાં ન બોલાય માટે કોઇ બોલતું ન હતું.

મેં આ વસ્તુ ઉપર વિચાર કર્યો છે. કોઇ વાસના દેહ જેવી સૃષ્ટિ અસ્તિત્વમાં હોઇ શકે ખરી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો એના નિયમ શા ? ન હોય તો આવી આંખ સાક્ષીના ભ્રમનું વિવેચન શું ?

ખગોળશાસ્ત્ર પોતાને અપૂર્ણ માને, વિજ્ઞાન પોતાને અપૂર્ણ માને, ભૂગોળ પોતાને અપૂર્ણ ગણે, તો જીવનશાસ્ત્રે શા માટે પોતાને સંપૂર્ણ ગણવું જોઇએ ? આધ્યાત્મવિદ્યા તો શિશુ અવસ્થામાં હજી ન હોઇ શકે ? વિષય જેમ વધારે ને વધારે મનની એકાગ્રતા માગનારો તેમ તેમ એના અધિકારી ઓછા ને ઓછા—એ નિયમ પ્રમાણે આવા અનુભવના જ્ઞાતા કોઇ એક બે જણ હોય એ સંભવિત નથી લાગતું ? અને આવો અનુભવ વ્યક્ત કરનારની પરિભાષા સમજવા માટે જે અધિકાર જોઇએ તે અધિકાર પણ દુનિયાના ઘણા જ ઓછા માણસોમાં મળી આવે અને એથી આ વિદ્યા ઓછી વ્યાપક થાય એમ ન બને ? અને એમ પણ ન બન્યું હોય કે આ મહામૂલ્યવાન વસ્તુના જ્ઞાતા ઓછા હોવાથી એના લેભાગુની સંખ્યા જ વધારે દેખાતી હોય ને એ રીતે આખી વિદ્યા જ ખાડે ગઇ હોય ?

એ જે હોય તે. આ કોયડાઓ હજી તો દુર્ભેદ્ય જ રહ્યા છે.

વીરપુરના વસવાટનો પહેલો અંત હવે નજીક આવી રહ્યો હતો. પ્રેમજી દલ્લુએ જ્યારે મારી ભલામણ ન જ કરી ત્યારે એક બીજી દિશામાં પ્રયત્ન કર્યો.

મોટીકુંકાવાવમાં મારા કુટુંબના દીકરા શંકરભાઇ રહેતા હતા. એ વખતે મોટીકુંકાવાવ જેને 'હાંડા' જેવું ગામ કહીએ એવું ગામ ગણાતું. ત્યાં પ્રભાશંકર મયાશંકર કરીને એક બ્રાહ્મણ હેડમાસ્તર હતા. શંકરભાઇએ પ્રયત્ન કર્યો. અને પ્રભાશંકર માસ્તરે અરજી મંગાવી ભલામણ કરી. ડાહ્યાભાઇ વેણીરામ મહેતા—ઉમરેઠના ખેડાવાળ એ વખતે આસિ. એજ્યુ. ઇન્સ્પેક્ટર હતા. જેતપુરમાં એમનો મુકામ રહેતો. એને કાંઇક માવો માખણ ઘી વીરપુરથી પહોંચાડવામાં આવ્યાં, અને આ આખા સરકારી ભયંકર તંત્રે કાયદા અને કાયદાની બારીઓ સરજી છે તે પ્રમાણે મારી ઉંમરનો પણ બાધ નેવે મુકાયો ને મારી નિમણૂક થઇ. મોટીકુંકાવાવના ચોથા આસિ. માસ્તર તરીકે, માસિક રૂપિયા ચાર પગારથી.

એ હુકમ જ્યારે વીરપુરમાં આવ્યો ત્યારે આખા ઘરમાં આનંદ આનંદ વ્યાપી ગયો.

પણ એ આનંદ ક્ષણજીવી નીવડ્યો તરત—અમને—માને અને દીકરાને—બન્નેને ભાન આવ્યું કે અમે છૂટા પડતાં હતાં !

કોને ખબર હતી કે અમારું આ છૂટા પડવાનું છેલ્લું જ હતું ?

કોને ખબર હતી કે એ વિદાયપ્રયાણની એવી તો ચિરસ્થાયી કરુણભરી અસર જીવનના તાણાવાણામાં વણાઇ જશે કે કોઇ મેઘાણી જેવાનો,

'મા મને કોઇ દી સાંભરે નૈં'
કેવી હતી ને કેવી નૈં

એવો સ્વર સાંભળતાં જ આજ પંચાવન વર્ષે પણ આંસુ છલકાતી આંખોને ઘૂમાવવી પડશે ?

આ વિદાયપ્રયાણની એક ટૂંકી નોંધ સદ્ભાગ્યે મારી પાસે છે. [ચાલુ]

❋

સિક્કા

ચાંદીનો રૂપિયો બનાવતાં સરકારી ટંકશાળને જેટલું ખર્ચ થતું તેના ૧-૪૦ કે ૧-૫૦ ભાગ જેટલું ખરચ હવે પછીનો નિકલનો રૂપિયો બનાવતાં થશે.

લડાઈ પહેલાના સરેરાશ એક વર્ષ દરમિયાન હિંદની ટંકશાળો ૩૦ કરોડ સિક્કાઓ પાડતી હતી. લડાઇનાં વર્ષો દરમિયાન એમણે કુલ ૮ અબજ ૭૦ કરોડ સિક્કાઓ પાડેલા. એમાંથી ૨ અબજ ૫૦ કરોડ સિક્કાઓ તો એક જ વરસમાં બનાવેલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુદેવનાં સંસ્મરણો

['મંગપુ તે રવીન્દ્રનાથ'–મૈત્રેયીદેવીમાંથી]

અનુવાદક : રમણીક મેઘાણી

ઘણી વારે સહુના ચાલ્યા ગયા પછી, એમણે ગીતાંજલિના ગીતો રચવા શરૂ કર્યા ત્યારની વાતો શરૂ કરી. શાન્તિનિકેતનમાં અત્યારે જ્યાં અતિથિગૃહ છે, એની ઉપર બીજે માળે તેઓ રહેતા. એનો ઝરૂખો કેટલીયે સવાર સંધ્યાએ આ ગીતોની રચના વેળા ગુંજ્યો હશે.

"પહેલા જ્યારે ગીતાંજલિનો અનુવાદ કર્યો, ત્યારે વિશ્વાસ નહોતો બેસતો કે એ અંગ્રેજીમાં સુવાચ્ય બનશે. ઘણાંઓએ શંકા કરેલી કે આ અનુવાદ તો એન્ડ્રુઝે કરી આપ્યો છે.' બીચારા એન્ડ્રુઝ તો આ સાંભળી શરમાઈ જતા. રોથેનસ્ટાઇનને ઘેર "ગીતાંજલિ"ના ગીતો સંભળાવવા યીટ્સે જે દિવસે વિશિષ્ટ વ્યક્તિઓને નોતરીને સભા મેળવેલી, તે દિવસે કેવો–કેટલો સંકોચ થયેલો તે વર્ણવવો શકય નથી. વારંવાર મેં કહેલું કે ભાઇ આ બરાબર નથી, પણ યીટ્સે કોઈ પણ રીતે મારું કહેવું ન જ માન્યું. અદમ્ય હતો તે. સભા માટે વિચારણા કરી. મોટા મોટા સહુ વિદ્વાનો આવ્યા, 'ગીતાંજલિ'નું વાચન થયું. કોઇના મોંમાંથી એક શબ્દ પણ ન સંભળાયો. મૂંગા મૂંગા 'ગીતાંજલિ'–વાચન સાંભળી, સહુ આવ્યા હતા તેમ મૂંગા મૂંગા જ વિદાય લઇને ચાલ્યા ગયા. –ન કંઇ ચર્ચા–સમાલોચના, ન પ્રસંશા કે ન ઉત્સાહસૂચક એક શબ્દ પણ. શરમ અને સંકોચે મને તો થયું કે ધરતી મારગ આપે તો સારું. શા માટે યીટ્સનું કહેવું માની આવું કરવા હું તૈયાર થયો! મારું તે વળી અંગ્રેજી લખાણ, કોઇ દિવસ શિખ્યો યે છું શું અંગ્રેજી લખતા? આવા આવા વિચારો આવતા હતા અને પારાવાર પશ્ચાત્તાપે હું માથું ઊંચુ નહોતો કરી શકતો. એને બીજે દિવસથી એક પછી એક પત્રો આવવા લાગ્યા. પ્રાણવંત આહ્લાદિત પત્રો–પત્રોનો જાણે ધોધ ચાલ્યો. સહુની પાસેથી પત્રો આવ્યા. તદ્દન અણુકલ્પ્યા. ત્યારે મેં જાણ્યું કે તે દિવસે એ લોકો એટલા હલી ઊઠ્યા હતા કે કંઇ જ બોલી ન શકેલા. અંગ્રેજો સાધારણ રીતે જરા ગંભીર હોય છે. એમને માટે તત્ક્ષણ કંઇ બોલવું શકય નહોતું. જ્યારે પ[ત્રો] આવવા મંડ્યા ત્યારે હું શું આશ્ચર્ય પામેલો! એટ[લી] તો મેં આશા પણ રાખી નહોતી, કલ્પના [પણ] નહોતી કરી! બન્ધુ યીટ્સને તે દિવસે ખૂબ આન[ંદ] થયો હતો."

× × ×

"જવા–આવવામાં આ જ મોટી મુશ્કેલી [છે]. બાંધવું–છોડવું, પરિશ્રમનો પાર નહિ. અને આટ[લી] બધી અનાવશ્યક ચીજોનો સંઘરો કરી તમે સંગ્ર[હ] કરો છો, સંગ્રહ કરો છો–જીવનને બીનજરૂરી ચીજોથ[ી]. માણસને કેટલાની જરૂર છે? એક મહિનો યા બે મહિના માટે આવવાનું, તે માટે વહુમા જેટલ[ી] વસ્તુઓ લાવ્યા છે તેમાંથી અનાયાસે એક વ[સ્તી] નીકળી જાય. જે લુગડાં–લત્તાં હું કોઇ દિવસ વાપર[તો] નથી, એ પણ કયાંક જવાનું હોય ત્યારે સાથે [જ] હોય. જો જરૂર પડે, "જો" આ એક મોટો એ[ક] 'જો' છે ને! વળી અમારો વનમાળી કહેશે–[હું] રાખું ને શું લઇ જાઉં, જે મૂકી જઇશ એ [તો] બાબામોશાયને જોઇશે. એની કલ્પનામાં આ વિ[ષે] મારું Uncanny પ્રકારનું જ્ઞાન હશે, જેથી જે [નહિ] લાવ્યા હોઇએ તે જ હું માગી બેસું છું."

× × ×

"તમારા લગ્નની વાત કહો ને?"

"મારા લગ્નની કોઇ ખાસ વાત નથી. ભાભીએ જ્યારે બહુ પજવવા લાગી ત્યારે મેં કહી દીધું! 'તમારે જે કરવું હોય તે કરો. મારે એમાં કં[ઇ] વાંધો–વચકો નથી' એ લોકો જ જેસોર ગયા હ[તા]. હું નહોતો ગયો. મેં કહ્યું હતું કે હું કયાંય ન[હિ] જાઉં, લગ્ન અહિં જ કરવા પડશે. ને લગ્ન જોડ[ા]સાંકુમાં જ થયા હતા." ગુરુદેવ બોલ્યા.

"એ શું, તમે પરણવા પણ જેસોર ન ગયા!"

"શા માટે જાઉં? મારે શું જરા યે અભિમા[ન] નહિ હોય?"

"ગજબના અહંકારી તમે તો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે હશે, એ લોકો તો તમારી જેવા આધુનિક નહોતા, એટલે આવ્યા હતા.

એક વાર એક વિદેશી અર્થાત અન્ય પ્રાન્તીય કન્યા સાથે મારા લગ્ન વિષે વાતો ચાલતી હતી. એ એક પૈસાપાત્ર માણસની દીકરી હતી, જમીનદાર અને એ પણ કેટલો મોટો ? સાત લાખ રૂપિયાની વારસ હતી એ. અમે કેટલાક જણ ગયા કન્યા જોવા. નાની ઉમ્મરની બે છોકરીઓ આવી ને બેઠી—એક તદ્દન સાદી સીધી, જડભરતની જેમ એક ખૂણામાં બેઠી હતી; અને બીજી જેવી સુંદરી તેવી જ ચપળ. અજબ હતી એની સ્માર્ટનેસ. જરા યે જડતા નહિ, વિશુદ્ધ અંગ્રેજી વાક્છટા. પિયાનો વગાડવામાં સરસ—તે પછી Music વિષે ચર્ચા ચાલી. મેં વિચાર્યું, હવે બીજું શું વિચારવાનું છે ? હવે મળે એટલે બસ !—એ જ વખતે ગૃહસ્વામીએ ઘરમાં પ્રવેશ કર્યો. ઉમ્મર વધી હતી પણ એ જણાતા હતા શોખીન માણસ. અંદર આવતા જ પેલી બન્નેની ઓળખ કરાવી. સુન્દર છોકરી તરફ ફરીને એમણે કહ્યું:—"here is my wife' અને પેલી જડ ભરત જેવી તરફ ફરીને કહ્યુ:—here is my daughter !... અમે બીજું શું કરીએ ? એકબીજાના મોં તરફ જોઈ શાન્ત બની ગયા. અરે જો આમ જ હતું તો અમને સજ્જનોને બોલાવી તકલીફ શા માટે આપી ? જવા દો, હવે વચ્ચે વચ્ચે પશ્ચાતાપ થાય છે, ભલે એમ કહ્યું હોત તોયે શું કાંઇ ખોટું થાત. છોકરી ગમે તેવી કેમ નથી હોતી, સાત લાખ રૂપિયા હોત તો વિશ્વભારતી માટે કાંઈ ચિન્તા તો ન કરવી પડત. સાંભળ્યું છે કે એ છોકરી લગ્ન પછી બે વર્ષે જ વિધવા બની છે. એથી વિચારું છું કે મેં જે કર્યું એ સારું જ કર્યું, કારણ સ્ત્રી વિધવા થાય એટલે એના પુરુષને જીવવું યે અશક્ય જ બને ને ?"

×

બીજે દિવસે સવારે હું રસોઈની વ્યવસ્થામાં પરોવાયેલી હતી, એવે વખતે આવીને મારી બહેન ચિત્રિતા બોલી :

'આ જો ભાંઈ, એમણે પત્રો લખી ત્રણ આના આપ્યા છે પોસ્ટેજ માટે; હું કોઇ પણ રીતે નહોતી લેતી, પણ એમણે કહ્યું કે 'જઇને દે જે તારી બહેનને. હવે શું કરું એનું ?'

'બાંધી દે મારા પાલવને છેડે.'

એણે બીચારીએ નિરુપાય બની અનિચ્છાપૂર્વક એમ કર્યું. થોડીવાર પછી ઉપર આવીને જોઉં છું તો તેઓ એકચિત્તે 'બાંગ્લા ભાષા પરિચય' નામક પુસ્તક લખી રહ્યા હતા. 'આજ તો સવારે ઊઠતા જ ત્રણ આના કમાણી' કહેતા મેં પાલવછેડે બાંધેલ પૈસા દેખાડ્યા.

'વાહ, બાંધ્યાં ને ગાંઠે ? હં, તમારી બહેન બીચારી ભલું માણસ છે, કહેવા લાગી 'ના, ના, એ શું ? તમારે તે ટિકિટના પૈસા દેવાના હોય ? હું ટિકિટ લગાવી લઇશ'—મેં કહ્યું, આપી દે જે તારી બહેનને,—જે આ બધી ચીજોની કિંમત સમજે છે. તારે તો દુનિયાદારીની ચિન્તા નથી, એટલે ત્રણ આનાનું મૂલ્ય તું ક્યાંથી સમજે ? એકવાર એને યોગ્ય ઠેકાણે લઈ જા, ને જોજે કે આને અપનાવી લેતા એ જરાયે વાર નહિ લગાડે. હં, હવે શું ? આઠ આનાના પૈસા વહુમાએ આપ્યા હતા, એમાંથી ત્રણ આના ગયા. હવે આ પાંચ આનાની પૂંજી રહી છે ! સાવચેત રહેવું પડશે.' કહી કલમનું બાકસ હાથમાં લઈ તેમાં પાંચ આના શોધવા લાગ્યા.

'પણ તમારી એક કલમ તમારે મને આપવી પડશે.' મેં કહ્યું. એમણે ગંભીર ભાવે પાછળ વળી વનમાળી તરફ જોતા કહ્યું: 'અરે આ ક્યાં આવી ચડ્યા ? વધુ નહિ, હવે ગાંસડાપોટલા બાંધવા માંડ, નહીં તો એક પણ વસ્તુ અહીંથી પાછી નહિ લઇ જઇ શકાય.' વનમાળી હસતો હસતો ચાલ્યો ગયો. આ કલમના બાકસમાં ભારો એક કલમની સાથે બે—ચાર આના જેટલા પૈસા—જે એમની પૂંજી હતી—હંમેશાં પડ્યા રહેતા—અને તેઓ સદાયે એમની શંકા જાહેર કર્યા કરતા કે એ પૈસા ઉપર મારી નજર પડી છે—મને એનો ગજબનો લોભ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ પહેલાં એક ગમ્મત પડે એવો પણ બનાવ બની ગયો. બોલપુરથી કલકત્તા આવતા હતા. સાથીદારો બીજા ડબ્બામાં હતા. બર્દવાન સ્ટેશને એક લેમોનેડ પીઈ મહા આફતમાં–ચિન્તામાં પડી ગયા. ગાડી ઊપડું ઊપડું થઇ રહી હતી, લેમોનેડવાળો એમની સ્થિતિ સમજીને ચાલ્યો ગયો, એમ ને એમ પૈસા લીધા વિના જ. ત્યાર પછીથી તેઓ પોતાની પાસે કાંઇક પૈસા રાખે છે. જોકે તેઓ કહે છે કે ‘ પાસે પૈસા ન હોય એમાં જ વધુ સગવડ છે. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે ખિસ્સાં ફંફોળવા લાગીએ એટલે સાથે જે કોઇ હોય–ખાસ કરીને તમારા જેવી કરુણ હૃદયા હોય તો તો કંઇ વાત જ નથી–તે બોલી ઊઠે કે ‘ ચિન્તા કરોમા, હું આપી દઉં છું. ’ હકીકતમાં આપણે તો બિન્દુમાત્ર ચિન્તા ન કરતા હોઇએ, છતાં દેખાવ શકચ એટલો નિરુપાયતાનો ને કરુણતાનો કરીને કહીએ કે ‘ ના, ના, તમે શા માટે હેરાન થાવ છો ? એ શું ? ? ’ આ રીતે બહુ મજાની રીતે ચાલ્યું જાય છે !’

એ જ દિવસે એક પેલિકન પેન મને આપી હતી. એની સાથે એક ચબરખી કાગળની લખેલી–

સુરેલ, દાર્જિલીંગ.

હું વિખ્યાત ઠાકુર કુટુમ્બમાં જન્મેલો કવિ સાર્વભૌમ રવીન્દ્રનાથ—

શ્રીમતી મૈત્રેયીદેવીની આજે જેઠ વદ દશમના રોજ દિવસે બપોર પહેલાં, અંગ્રેજી સાડા નવ વાગે પેલિકન કૃત એક ઝરણા–કલમ (ઉત્સલેખની) મારી પૂરેપૂરી રાજીખુશીથી હૈયું સાબિત રાખી ભેટ આપું છું. તે આને પુત્ર, પ્રપ્રૌત્રાદિ વંશ–વંશજ વારસો પર્યંત વાપરવાને હક્કદાર છે. તે જો આના બદલામાં એમની કોઈક અમૂલ્ય કલમ મને ભેટ આપશે તો તે હું વિના સંકોચે તત્ક્ષણ સ્વીકારીશ એનો પણ સહુ સમક્ષ સ્વીકાર કરું છું. કદાચ એ અફળ નહિ જાય. ચંદ્ર સૂરજની સાખે.

૯મી જેઠ ૧૩૪૫ (બંગાબ્દ)

રવીન્દ્રનાથ ઠાકુર

‘ કેવો સુન્દર વિનિમય ! તમે જો મને એક કલમ આપશો તો તે લેવામાં મને જરાય વાંધો નથી એ વાત સ્પષ્ટપણે લખી રાખવી સારી. પણ મારા સાક્ષીઓને જોવા–જાણવા યે મુસ્કેલ બન્યા. તમારા મેઘની પછી તે સૂર્યદેવ તો અદશ્ય થઈ ગયા છે.

×

‘ આ જરાક ખાશો ? રોજ રોજ તમને શું અન્ન–ફળાહાર કરાવવો તે સમજાતું નથી.’ મેં કહ્યું.

‘ આ શું છે ? ’

‘ Brain ’

‘ આ શું કર્યું ! આમાં તો અપમાને પણ ભેગું જ છે ! કઈ રીતે જાણ્યું કે આ ચીજની મારે જરૂર છે. આજ કાલ શું હું સારું નથી લખી શકતો ! વિશ્વકવિનું કાવ્યત્વ શું હણાવા લાગ્યું છે ? જવા દે, એકવાર જ્યારે શંકા જ કરી છે ત્યારે ભલે શરૂ થાય...પણ એક વાત છે. વહુમાને× શું લાગશે ? એને હું શું જવાબ આપીશ ? એ જો કહેશે, કે, ‘ આટલા દિવસે મેં કહ્યું પણ કોઇ પણ રીતે ન ખાધું તે ન જ ખાધું–હું તમને માંસ ન જ ખવડાવી શકી. અને પેલી નાની છોકરીના કીધે નાના બાળકની જેમ તુરત હા પાડી દીધી–’

‘ પણ વહુમા કદી કંઈ કહે જ નહિ, ઊલટાના એ તો ખુશી થશે તમે ખાશો તેથી. ’ મેં કહ્યું.

‘ તેં એક બે ચોપડી ભલે માનસશાસ્ત્ર વિષેની ગોઠવી રાખી, પણ તારામાં માનસશાસ્ત્ર વિષે કંઈ જ જ્ઞાન આવ્યું દેખાતું નથી–’

‘ વાહ, બધાયનું માનસ શું સરખું હોય છે !

‘ એ સાચું બોલી. બધાનું એમ નથી હોતું. વહુમા બહુ ઉદાર દિલની છે, તને તો એ ખૂબ જ ચાહે છે. અને આ વૃદ્ધ શિશુ ઉપર તો એનો પ્રેમ અપાર છે, એથી જ કોઈ કાળે જે નહોતું તે આજે મને દેખાય છે. મન જાણે બાળક બની ગયું છે. સદા મા–મા–કરે છે મારું મન. જ્યારે એ ક્યાંય

×પુત્રવધૂ–શ્રી પ્રતિમાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જાય છે ત્યારે ચારે બાજુ નિર્જનશૂન્ય ભાસે છે. જમવા બેસું ત્યારે પાસે આવીને બેસે, ને ધીરે ધીરે પૂછે 'આ જરાક ચાખી જુઓ તો !' એમ સાંભળવું મને બહુ ગમે છે. આવું મારે કદી નહોતું, મન વિષે કે શરીર વિષે પૂરેપૂરો સ્વતંત્ર હતો સદા. નાનપણમાં નોકરો પાસે કે હરવાફરવામાં–દરેક વેળા હું જાણે મોટો જ હતો–એથી કોઈની પાસેથી સેવા –ચાકરીની આશા ઘણાં દિવસથી નથી રાખી–પ્રકૃતિ જ પડી ગઈ હતી સદા સંપૂર્ણપણે આત્મનિર્ભર રહેવાની. પ્રાકૃતિ પડી ગઇ હતી આપમેળે. બંગાળી બાબુઓની જેમ ગરમીના દિવસોમાં સ્ત્રીઓના હાથે પંખો વિંજાવાની મને ટેવ નહોતી.– પણ હમણાં હમણાં એ માએ મને તદ્દન બાળક બનાવી દીધો છે, લાગે છે કે ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ મન વધુ નાના બાળક જેવું બનતું જાય છે.

*

એક સાંજે ચારેક વાગે અમે જ્યારે ખાવા બેસતા હતા ત્યારે સુધાકાન્તબાબુએ આવી બેઠક જમાવી. હાથમાંતું છાપું ખોલી એ બોલ્યા–''ગુરુદેવ, કાલના છાપામાં એક ફક્કડ વાત આવી છે. આપણા અમુક સજ્જનની ઉંમર તો વૃદ્ધત્વે પહોંચી છે. હજુ થોડા દિવસ પહેલાં જ વિધુર બન્યા છે, ને આટલી વારમાં તો જઈ પહોંચ્યા હતા એક નાની ઉંમરની બાઈને પરણી લાવવા. પોળના છોકરાઓને ખબર પડી એટલે સહુએ એને ભારે બનાવ્યો.' આ બનાવવાની વાતે ત્યારે અમે સહુ ખૂબ ઉત્સાહિત થઇ ગયા હતા. પણ એ (ગુરુદેવ) શાંત જ રહ્યા. થોડીવાર પછી એમણે કહ્યું. 'આમાં તમારો અન્યાય છે, એ સજ્જનનો વાંક શું છે ?

'વાંક ? વાંક શું કહો છો ? આ ઉંમર, હજુ થોડા જ દિવસ પહેલા પત્ની અવસાન પામી–'

"એથી જ તો એને વધુ જરૂર છે. જેને સ્ત્રીના સાથની સદાની ટેવ પડી ગઈ છે એ જ એના જીવનના આખરી દિવસોમાં વધુ અસહાય થઇ જાય છે."

'એથી જ શું એક નાની બાળાને—"

"પણ કદાચ એ નાની બાળાને આ સામે જરાયે વાંધો નહિ હોય, એની તમને કંઈ ખબર છે ? આ બધી વ્યક્તિગત વાતો છે. એનો વિચાર બહાર રહીને–ઉપર ઉપરથી તમે કઇ રીતે કરશો ? એથી જ આને અંગે વ્યંગ–કટાક્ષ કરવા યોગ્ય નથી.'

×

એક દિવસ સવારે એમના ઓરડામાં જતાંવેંત બોલ્યા–' અરે ઓ ગૃહિણી, તમારા સુસજ્જિત ગૃહની વ્યવસ્થામાં જરા ફેરફાર કરશો કે ?'

'અવશ્ય વિના વિલંબે. બોલો શું કરવું છે ?'

'પેલી બાજુનો ઓરડો તો ખાલી જ છે, ત્યાંજ મારે માટે જગ્યા કરી આપોને.'

'શા માટે ? કહો તો. આ ઓરડામાંથી તો ચારે તરફ સરસ રીતે જોઈ શકાય છે.' મેં કહ્યું.

'એ સાચું, પણ પેલી બાજુ પૂર્વની છે. પ્રભાતનો પ્રકાશ ત્યાં આવે છે, એ પ્રકાશની મારે ખૂબ જરૂર છે. જોયું છે ને મારા શાન્તિનિકેતનમાં, પ્રભાત વેળાએ ઊઠીને બેઠો રહું છું, મારા આકાશી દોસ્તની રાહ જોતો જે મને પ્રકાશધારામાં સ્નાન કરાવે છે. કઇ રીતે આ નામનું ઐક્ય થયું એની ખબર નથી, કે હું પ્રકાશનો પૂજારી, સૂર્યોપાસક રવિ ને એ આકાશમાંનો રવિ.'

*

સંરક્ષણનું ખર્ચ

લડાઇ પહેલાં હિંદુસ્તાનમાં બે લાખનું લશ્કર હતું. લડાઇ દરમિયાન હિંદનાં લશ્કર, નૌકાદળ અને વિમાની દળમાં મળીને કુલ વીસ લાખ સૈનિકો હતા. લડાઇ પૂરી થયા પછી સૈન્યવિખેરણીનું કાર્ય ઝપાટાબંધ ચાલ્યું અને ૧૯૪૭ની ૧ લી એપ્રિલે હિંદી લશ્કરમાં ચાર લાખ સૈનિકો રહ્યા છે. તે ઉપરાંત નૌકાદળ અને વિમાની દળમાંના ૩૦ હજાર જુદા ૧૯૪૭ના જૂન સુધીમાં હિંદી લશ્કરમાં ૨,૩૦,૦૦૦ સૈનિકો રહ્યા હશે. ૧૯૪૫–૪૬માં આ સૈન્યનું ખર્ચ ૩૬૦ કરોડનું અને ૧૯૪૬–૪૭માં ૨૩૮ કરોડનું હતું, ૧૯૪૭–૪૮માં એ ખર્ચ ૧૮૮ કરોડનું થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડના એક ગામડાંના અનુભવો

ડૉ. સુમન્ત મહેતા

અમદાવાદનાં ભયંકર ઉનાળાના તાપમાંથી બચવા માટે અમે ગુજરાતની દરિયાપટ્ટી અથવા કાઠિયાવાડની દરિયાપટ્ટી તરફ જવાનું પસંદ કરીએ છીએ. ખંભાતથી દહાણુની દરિયાપટ્ટી લગભગ ૧૫૦ માઇલ લાંબી હશે. ગરીબ અને સાધારણ–ઠીક સ્થિતિના મધ્યમવર્ગ માટે આવા સ્થળોને ખીલવવાની જરૂર છે. અમે બે વર્ષ ગણદેવીમાં ગાળ્યા પછી હિંમતથી કહી શકીએ છીએ કે જો એ ગણદેવી દરિયાથી સાત આઠ માઇલ દૂર હશે તે છતાં ત્યાં ઠંડો પવન આવે છે, અને કોઇ પણ દિવસ બારીબારણાં બંધ કરવાં પડે એવો તાપ અમે અનુભવ્યો નથી. તેવી જ રીતે ભાવનગરની દક્ષિણપૂર્વમાં કુડાહાથબ અને પછી, ગોપનાથ છે. ત્યાંથી દ્વારકા અને બેડીબંદર સુધીની દરિયાપટ્ટી પર, કે તેની પાસે આવેલાં ગામડાંઓમાં જો વાહન, અનાજ દૂધ અને શાકભાજી મળી શકે એટલી ગોઠવણ થાય તો ઘણા ઓછા ખર્ચે મધ્યમવર્ગના લોકોને હવાફેર કરવાની સગવડ મળી રહે.

ભાવનગરથી નવેક માઇલ દૂર ઘોઘાનું જાણીતું જૂનું બંદર છે અને ત્યાંના હવાપાણી વખણાય છે. આ તરફની દરિયાપટ્ટી પર એક સાંજે અમે ફરતાં હતાં ત્યારે ઠીક ઊંચા ટીંબા પર આવેલું એક ગામડું—ભુંભલી—અમને બતાવવામાં આવ્યુઃ અમને એવું કહેવામાં આવ્યું કે એ ગામડાંનાં હવાપાણી લગભગ ઘોઘાનાં જેવાં સારાં છે, અને ત્યાં એક સારું સગવડોવાળું મકાન મળી શકે તેમ છે. અમને વિચાર સ્ફુર્યો કે જો હવાફેર માટે સારું સ્થળ મળે અને સાથે સાથે કાઠિયાવાડના એક ગામડાંનાં જીવનનો પરિચય થાય તો તેના કરતાં સારું શું? તેથી એક દિવસ અમે એ ગામડાંના વતનીઓને મળવા તથા મકાન જોવા માટે ત્યાં ગયાં. ગામના વતનીઓ ઉપરાંત ત્યાં એક ખાનગી દવાખાનું હતુ, તેના દાક્તતર પણ મળ્યા. અને તે ઉપરાંત આ ગામડાંના ભાવનગરની હાઇસ્કૂલો અને કોલેજોમાં ભણતા ચારેક વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરીને અમે આં ગામડાંમાં ઉનાળો ગાળવાનો નિર્ણય કર્યો, અમને એવું લાગ્યું કે અમારે જે જાતનો સાથ પ્રજાજનોનો જોઇતો હતો તે આ ગામડે મળી રહેશે, ગ્રામજીવનના અભ્યાસને માટે આ ગામડું અમે પસંદ કર્યું:–

અમારી પ્રાથમિક મુલાકાત દરમ્યાન અમે ગ્રામજનો સાથે ચોખવટ કરી દીધી હતી કે અમારા વસવાટનો મુખ્ય હેતુ તો હવાફેર કરવાનો હતો, પણ તેની સાથે સાથે અમારે ગ્રામજીવનનો અભ્યાસ કરવો હતો, ગામડાંઓમાં શું શું મુશ્કેલીઓ પડે છે તે જાણવું હતું અને ગામડાંઓના જીવનની સુધારણા ગ્રામપ્રજાના સંગઠનથી તેમ જ સરકારની મદદથી કેટલી અને કેવી રીતે થઇ શકે તેની ચર્ચાઓ દ્વારા અભ્યાસ કરવો હતો;–અમે બોધ આપવા માટે કે ભાષણો આપવા તાટે ત્યાં ગયાં નહોતાં–(ભાવનગર રાજ્યમાં 'સરકાર' શબ્દ અંગ્રેજી હકૂમત માટે વપરાય છે, અને પોતાની હકૂમત માટે 'દરબાર' શબ્દ વપરાય છે. વખતે આ પ્રયોગ આખા કાઠિયાવાડમાં થતો હશે તે છતાં રાજ્યવ્યવસ્થાપકો એટલે ગવર્મેંટ, માટે હું 'સરકાર' શબ્દ વાપરીશ.)

શ્રી. શારદા બેન અને હું તથા અમારી પુત્રવધુ પુષ્પાબ્હેન એમ અમે ત્રણ આ ગામડે જઇને વસ્યાં. અમારી સાથે રસોઇયો હતો. વાત વાતમાં અમે જણાવી દીધું કે વહેલી સવારથી તે રાત સુધી, માત્ર બપોરના બારથી બે વાગતા સુધીનાં બે કલાક સિવાય, જ્યારે કોઇને મળવા આવવું હોય ત્યારે તેઓ આવી શકશે, અને અમારાં પુસ્તકો, માસિકો, અને દૈનિક પેપરો એક ટેબલ પર ખુલ્લાં મૂકી દીધાં. પહેલા દિવસથી જ અમને ચા કે દૂધ પીવાનાં તથા જમવાનાં આમંત્રણો મળવા લાગ્યાં, પણ અમે વિનયપૂર્વક ખુલાસો કરી દીધો કે અમે આ પ્રકારના શિષ્ટાચારમાં ભાગ લઇશું નહીં.

મુંબઇના એક ધનિક વેપારીના મોટા ઘરનો જરૂર પૂરતો ભાગ અમને મળ્યો હતો. તે આ ગામડાંની વચ્ચોવચ્ચ બંધાયું હતું. તેમાં બહુ નાનો બાગ હતો, વપરાશના પાણીનો પંપ હતો અને સેપ્ટિક ટૅંકવાળું ફ્લશ જાજરૂ હતું. આ ઘરની પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતોનો મહોલ્લો તદ્દન જોડાજોડ હતો એટલે ઘરની ભીંતની પાછળ ભેંસોની સારી સંખ્યા બાંધવામાં આવતી. અને રાતદિવસ અમને છાણની વાસ આવતી. એક બાજુએ નાની ગલી હતી અને ત્યાં સવારસાંજ નાનાં છોકરાં મળત્યાગ કરવાને બેસતાં, પણ એ દિશાના ઓરડાઓ અમે વપરાશમાં લીધા નહોતા. એ ત્રણ દિવસ આ ગામડાંની અંદર ગાળ્યા પછી અમે જોઈ લીધું કે હવાફેરની બાબતમાં તો અમે સખત ભૂલ કરી હતી. બપોરે બહુ આકરો તાપ લાગતો, એટલે અમને તાપમાંથી રાહત મળશે એવી આશા રાખેલી તે તદ્દન નિષ્ફળ ગઈ એમ કહી શકાય, અને પવનની દિશા અનુકૂળ નહીં હોય કે કેમ પણ પવનનું સુખ પણ નહોતું. જ્યારે દરિયામાં ભરતી ન હોય ત્યારે ઘામ અને તાપ પુષ્કળ જણાતા. જ્યારે પવન આવતો ત્યારે તેની સાથે બારીક રેતી એટલી આવતી કે આખા ઘરમાં તે પથરાઇ જતી અને તેની સાથે રેતીની બારીક માંખ (સેન્ડ-ફ્લાય) આવતી; તે જોકે ભાગ્યે જ નજરે જોવામાં આવતી પણ તેનો ડંખ ઘણો ત્રાસ આપતો. ભેંસોના છાણને લીધે માંખીઓનો ઉપદ્રવ એટલો બધો હતો કે જમતી વખતે એક હાથે ભાણામાંથી માંખીઓ સતત ઉડાડ્યા કરવી પડતી; અને છેવટે શહેરી લોકોને ગામડાંઓનાં પાણીથી ઘણો લાભ થાય છે પણ આ ગામમાં પાણીની ભારે અછત હતી અને જે હતું તે ખાસ પાચક કે સારું કહેવાય એવું નહોતું. ટૂંકમાં—શરીર સુધારવાની દૃષ્ટિએ તો અમારે તદ્દન નિરાશ થવા જેવી પરિસ્થિતિ હતી પણ માત્ર બે ત્રણ દિવસ આ ગામડાંમાં રહ્યા પછી અમને અમારા અભ્યાસમાં એટલો બધો રસ પડ્યો કે અમે આ કામ છોડવા માટે જરા પણ રાજી નહોતાં.

દરરોજનો કાર્યક્રમ

અમારો કાર્યક્રમ પોતાની મેળે અનાયાસે નીચે પ્રમાણે ગોઠવાઈ ગયો. વહેલી સવારે પરવારી નાસ્તો લઈને અમે ગામડાંની બહાર ફરવા જતાં. ગામડાંની ઉત્તરે અને પશ્ચિમ દિશામાં પાણીના છાછરા કૂવાઓ હતા અને ત્યાં સ્ત્રીઓ અને છોકરીઓ પાણી ભરવા જતી. એવા કૂવાની પાસે કોઇ ઝાડના ચોતરા પર અમે બેસતાં, અને હું ત્યાં કાંતતો અને બીજાં બન્ને ગૂંથતાં. અમને જોઇને અનેક સ્ત્રીઓ અમારી પાસે એકઠી થતી. તેમની સાથે અમે મુદ્દાસરની ચર્ચા કરતાં સવારે ઊઠે ત્યારથી સૂવા જાય ત્યાં સુધી એમને શું શું કામ કરવાનું હોય છે, દરરોજ અને વારતહેવારે લોકો શું ખાય છે, ઘરખર્ચ કેટલો થાય, કુટુંબમાં કેવું વાતાવરણ હોય છે, વાંચતાં, કપડાં. શીવતાં, ગૂંથતાં આવડે છે કે કેમ, કોઈ તેમને આવું કામ શીખવે તો તેઓ શીખવા જાય કે નહીં, ઘરની સફાઈ, ફળિયાનો ગંદવાડ, સુવાવડોની સંખ્યા, ધણી, સાસુ, નણંદ વગેરે સાથેનો સાંસારિક વ્યવહાર વગેરે અનેક બાબતોની ચર્ચા થતી. મોટે ભાગે એ બ્હેનો પોતાની મેળે જ ઘરસંસારના વિષય પર આવી જતી—એક કૂવાની પાસે નાની વાડી હતી અને તેના કૂવા પર કોશ ચાલતો હતો તેથી ત્યાં ખાટલા ઢળાવીને અમે બેસતાં. પછી અમે ગામડાંમાં પેસીને એક પછી બીજા એમ જુદાં જુદાં ફળિયામાં જતાં, ત્યાં ખાટલા ઢળાવીને પુરુષો અને છોકરાંઓને એકઠાં કરતાં અને પછી પુરુષોના ઉદ્યોગો, કમાણી, ખર્ચ વિષે વિગતવાર ચર્ચા થતી. છોકરાઓ સાથે જુદી જુદી રમતોની વાતો અમે કરતાં. કાઠિયાવાડના બીજા ભાગોમાં, ગુજરાતના બીજા જિલ્લાઓમાં કે ગુજરાતની બહાર ક્યાં ક્યાં એમનાં સગાંવહાલાં ગયાં છે, અને શા માટે, તેની ચર્ચા થતી—એક જાણીતી કહેણી છે કે ભરુચના કૂતરાં ભસે તો તે ઘોઘામાં સંભળાય છે એ વાતમાં અતિશયોક્તિ હોય કે ન હોય પણ ભૌગોલિક દૃષ્ટિએ જોઇએ તો ઘોઘાની પૂર્વમાં ભરુચ જિલ્લાનો કિનારો છે તે ખરેખરો બહુ નજીક છે, અને આ તરફના ઘણા માણસો નાના ધંધા કે વેપાર માટે સુરત, ભરુચ તરફ ચાલ્યા જાય છે. અમે નાનાં બાળકોની સંપત્તિ તપાસતાં, અને ખાસ કરીને ઘરની અપરણિત છોકરીઓ જે ભરતકામવાળાં કપડાં, સાદાં કે આભલાવાળાં, સુતરાઉ કે રેશમી તૈયાર કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંઘરતાં તે પટારામાંથી કઢાવીને જોતાં. આવી રીતે અમે એક સો કરતાં વધારે કુટુંબોની સાથે ઠીક સારા સંપર્કમાં આવ્યાં અને ગ્રામલોકોની રહેણીકરણી, સામાજિક રીતરિવાજો, ખોરાક અને જીવનવ્યવહારના અનેક પ્રશ્નો વિશે માહિતી મેળવતાં. અમારી સવારની ફેરણી ૧૧ કે ૧૧–૩૦ સુધી, દરરોજ ચાલતી.

બપોરના ૨થી ૪ વાગતા સુધી ગામના યુવાનો અમને મળવાને આવતા, અને જ્યારે એમની સાથે અમારું ઓળખાણ સારું થયું ત્યારે તેમાંથી કેટલાક અમારી સાથે ફળિયાંના લોકો સાથેની ચર્ચામાં સામેલ થયા. પેપરોમાં કે માસિકોમાં ચર્ચા થઈ હોય તેવા અગર બીજા કોઈ ને કોઈ વિષયની ચર્ચા બપોરે ઊપડતી, અને યુવક મંડળો, વિદ્યાર્થી મંડળો, સ્ત્રી મંડળોની પ્રવૃત્તિઓ વિશે અમે માહિતી આપતાં; તેમ જ શિક્ષણ, વ્યાયામ, દેશની પ્રગતિ, પુસ્તકાલયોની યોજના વગેરે અનેક ગ્રામવિકાસના પ્રશ્નોની અને ખાસ કરીને અમને શેરથા આશ્રમના, બારડોલી સત્યાગ્રહની લડતના, મીઠાના કરની લડતના જે અનેક અનુભવો થયેલા તે અમે કહી સંભળાવતાં. સાડાચાર વાગ્યાથી ગામના જે મોટેરાઓ કહેવાય તેમાંથી ચાર–પાંચ દાક્તર, અને શિક્ષકોમાંથી કોઈ કોઈ, એવી રીતે પ્રજાજનોનો ડાયરો અમારા મકાનની ડેલીના ઓટલા પર જામતો. ગામડાંના પ્રશ્નો, આખા રાજ્યનાં ગામડાંઓનો વિકાસ તેમજ કૉંગ્રેસની રીતિનીતિ, સમાજવાદી પક્ષોના પ્રોગ્રામ વગેરે બાબતોની ચર્ચા ચાલતી, અમને ઘણું ઘણું નવું જાણવાનું મળતું. આ પ્રોગ્રામ દરમ્યાન પણ હું કાંતવાનું ચાલુ રાખતો. કોઈ કોઈ સ્ત્રીઓ મળવા આવતી તે મકાનમાં એકઠી થતી અને ૬–૩૦ વાગે અમે પાછાં જુદા જુદા લત્તાઓમાં ફરવા જતાં, અને તે વખતે થોડા જુવાનો તેમ જ મોટી વયના પુરુષો અમારી સાથે ફરતા. આવી રીતે છેક અંધારું થાય ત્યાં સુધી અમે ફળિયાંઓમાં ફરી ફરીને આમવર્ગનું જીવન સમજવાનો પ્રયત્ન કરતાં. સ્ત્રીઓ અને કન્યાઓ માટે તો થોડા દિવસો પછી ગૂંથણવર્ગ કાઢવામાં આવ્યો, અને તે અમારા મકાનમાં જ એકઠો થતો. ગામની પાસેથી એક વહેળો પસાર થતો હતો તેના ભાઠામાં યુવાનોની ટુકડીઓ ખારોપાટ (આટાપા… કે બીજી રમતો રમતા તે જોવા માટે અમે જ… ગામની ગુજરાતીશાળા, કન્યાશાળા, અંગ્રેજી… અને એ દવાખાનાંની મુલાકાત અમે લઈને આ… સંસ્થાઓમાં થોડા કાંઈક સુધારા કરવાની સૂચના… કરી હતી. કોઈ રવિવારે અમારાં કુટુંબીઓ ભાવનગ… આવી પહોંચતા ત્યારે તેમની સાથે વાતો કરવા… લાભ ગામલોકોને મળતો અને સ્ત્રીઓ પોતાની ન… મજલિસ એકઠી કરતાં. આ પ્રકારનો અમારો દૈ… કાર્યક્રમ હતો. એક નાની વિગત ઉમેરવાની હું… જોઉં છું કે કોઈ પણ દિવસ લોકો જોડે જે વા… થતી તેની નોંધ હું તેમના દેખતાં લખતો નહિ, … ઘેર જઈને ત્રણે જણ સાથે બેસીને બધું સંભારી… લખી લેવાતું, માત્ર કોઈ વિચિત્ર શબ્દ જે … પહેલી જ વાર સાંભળ્યો હોય તે અને તેનો … લખી લેવામાં આવતો.

ગામડાંના ગૂંચવાયલા પ્રશ્નો

અમને આ ગામડાંમાં રહેવાને માત્ર ત્રણ … દિવસો થયા હશે. પછી એક સાંજે મેં જાહેર … કે આજે તો અમારે વણકરવાસમાં જવું છે, જે… મારી સાથે આવવું હોય તે આવે અને જો … અમને સાથ નહીં આપે તો મને વાંધો ન… વણકરવાસમાં ફરવામાં તો વાંધો શો હોય … ચારપાંચ મિત્રો સાથે આવ્યા. પણ જ્યારે વા… પહોંચીને અમે ખાટલા ઢાળવાનું કહ્યું ત્યારે સા… અનેક મિત્રોએ આસપાસ ઊભા રહેવાનું પસંદ કર્… અમે તો પહેલેથી નક્કી કર્યું હતું કે કોઈને … અસ્પૃશ્યતાનિવારણ વિશે ઉપદેશ કરવો નહીં … અમારી સાથે જે મિત્રો હતા તેમાંથી સહુથી … વણિકભાઈ હતા તે અસ્પૃશ્યતા નાબૂદ કરવ… હિમાયતી હતા. તેમણે થોડાં કડવાં વચનો અને મે… આ ઊભા રહેનારાઓને સંભળાવી દીધાં. અમે … જાણ્યું કે આ વણકર લોકોની સંખ્યા ઘટતી … લોકો વધારે કમાણી કરવા માટે સુરત મુંબઈ … ચાલ્યા જતા હતા, અને તેમનાં ખોરડાં ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યાં હતાં. પોતાનાં છોકરાંઓને ભણાવવાની મહા-મુશ્કેલી હતી. અહીંની શાળાના મકાનમાં તેમને બેસવા દે નહીં એટલે તાપ, કે વરસાદ કે ઠંડા પવનમાં બેસવું પડે અને શિક્ષકો તેમને બરાબર શીખવે પણ નહીં. ઘોઘામાં એક ખ્રિસ્તી મિશન છે, તેમણે આ ગામડે એક શાળા કાઢી હતી અને પીવાના પાણી માટે કૂવો પણ કરાવ્યો હતો, પણ શાળા હાલ તો બંધ હતી. અમે અહીં વણેલું કાપડ દરેક ઘરમાંથી કઢાવીને જોયું, સૂતર મેળવવા માટે શું વ્યવસ્થા હોય છે, વેચવાની વ્યવસ્થા શું અને મજૂરી કેટલી મળે તે બાબતોની ચર્ચા કરી, પણ સાથેસાથે અમારો ઉદ્દેશ એ હતો કે વણકરોને અડકીને અછૂતપણાનો ભંગ કરવો, અમે માંદાં છોકરાંઓને તપાસીને બીજે દિવસે સવારે દવાખાનામાં બોલાવી ત્યાં સાર્વજનિક દવાખાનામાં તપાસી તેમને યોગ્ય ઔષધિ અપાવી. આ બાબતમાં બન્ને દાક્તરોએ અમને સાથ આપ્યો, એક દવાખાનું તો અમારા માલિકના ખર્ચે ચાલતું હતું.

બીજો પ્રશ્ન વાંચનાલય અગર પુસ્તકાલયને અંગે શરૂ કર્યો. અમે એવું સાંભળેલું કે થોડા વર્ષો પહેલાં અમારા શેઠે ગામલોકોને થોડા સારા પુસ્તકો ભેટ આપ્યાં હતાં પણ તેની સારી વ્યવસ્થા થઇ નહીં. લોકો પુસ્તકો વાંચવાને પોતાને ઘેર લઇ ગયા અને પાછાં આપ્યાં નહીં, લગભગ બધાં પુસ્તકો અદ્રશ્ય થઇ ગયાં. કોઈ લોકોની આવી હલકી વૃત્તિને લીધે આ શેઠને ખોટું લાગ્યું હતું. આ ગામના બીજા એક ધનિક ભાઈએ શાળાના બાળકોને યોગ્ય સારાં નાનાં પુસ્તકો સારી સંખ્યામાં શાળાને આપ્યાં હતાં—પુસ્તકો છોકરાંઓને આપવામાં આવે તો ફાટી જવાનો સંભવ રહે, ફાટી જાય તો ઉપરી અમલદાર માસ્તરોને જવાબદાર ગણે. આવી બીકથી આ પુસ્તકો મોટે ભાગે માત્ર સંઘરી રાખવામાં આવતાં હતાં, કોઈ માસ્તરે કલાસમાં વાતો સંભળાવી હશે. આખી વસ્તુસ્થિતિ દયાજનક હતી અને દેશી રાજ્યોમાં પ્રવર્તતી જડતા, અને ગુલામીવૃત્તિના પ્રતીક જેવી હતી; અને આ પુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની ચર્ચા શરૂ થઈ.

એક દિવસ અમે તાઇવાડામાં ફરતાં હતાં ત્યારે મેં પૂછ્યું કે અહીંના કારીગરો હાથે કાંતેલું સૂતર વણી શકે કે નહીં, ત્યારે અમને ખબર મળ્યા કે ૧૯૩૦-૩૨ના વર્ષમાં અહીં ખાદી વણાતી હતી. એક ભાઈએ પોતાના ઘરમાંથી એક ફણી કાઢીને બતાવી તેમાં ૬૦ નંબરનું હાથે કાંતેલું સૂતર હતું. વણકરો તો માત્ર જાડું કાપડ વણતા. આ બન્ને કોમના લોકો બાપીકો ધંધો છોડીને નાના વેપાર ખેડવા માટે ચાલ્યા જતા, કારણકે વણાટકામને પૂરતુ ઉત્તેજન મળતું નહોતું. એક તાઇ ગાયો વેચાતી લઈને સુરતમાં કસાઈને વેચતો હતો. એક તરફથી આ લોકોનો ધંધો નષ્ટ પામે અને બીજી તરફથી ગાયો કપાવવાનો ધંધો ખીલે તેને બદલે ગામલોકો વણકર તથા તાઈ લોકોનાં જ વણેલાં કપડાં પહેરતાં હોત તો ગામને કેટલો બધો લાભ થાત!

આ ગામડાંની આસપાસ અનેક જાતની માટી જોવામાં આવતી હતી. ભૂતડો નામની માટી માથું ચોળવા માટે સ્ત્રીઓ વાપરતી, અને ગર્ભવતી સ્ત્રીઓ આ માટીને શેકીને ખાતી. એક પ્રકારની કાળી માટી સિમેંટમાં વપરાતી હતી, એક પ્રકારની લાલ માટીથી વાસણો સારાં મંજાય છે. એક ચોથા પ્રકારની માટીને માણુલકાનો પથ્થર કહે છે તે લોખંડને ઢાળવા માટે (foundry)માં પુષ્કળ વપરાય છે. બીજી એક ચંદણી નામની પીળાશ પડતી માટી કુંભારો વાપરે છે જેની ચીકાશને લીધે આ ગામનાં નળિયાં, માટલાં, ઈંટો, સારાં થાય છે અને વખણાય છે. ઘરની ભીંતોમાં વાપરવાના ગાર માટે પણ આ માટી ઘણી ઉપયોગી ગણાય છે. પણ આ બધી માટી કેટલા જથ્થામાં છે, તેમાંથી કોઇ નાના હુન્નરઉદ્યોગો ખીલી શકે કે કેમ તેની માહિતી એકે ગ્રામવાસીને નહોતી.

જનસમાજ અને ધંધા

આ ગામડાંમાં લગભગ ૨૦૦૦ માણસોની વસ્તી હતી—ખેતી કરનારી બે કોમો ખરક અને આયરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

હતી. ખરક શબ્દની ઉત્પત્તિ વિશે મને માહિતી મળી નથી, પણ તે કણબીઓના જેવી મહામહેનતુ પ્રજા છે, અને આખું કુટુંબ ખેતીમાં રોકાયલું હોય છે. છોકરાં ઢોર ચારે છે અને તેથી આ પ્રજા કેળવણીમાં બહુ પછાત છે. એની સંખ્યા સારી મોટી હતી. બીજી કોમ આયર કહેવાય છે. એ લોકોને તેમ જ બ્રાહ્મણ વાણીઆને મેં પૂછી જોયું કે આ લોકો આહીર છે? ત્યારે તેની સહુએ ના પાડી, એટલે વધારે તપાસ કરવાની જરૂર રહે છે, આ પ્રજા કાઠીના જેવી શૂરવીર અને લડાયક છે. આ લોકો પહેલાં ઢોરઉછેર અને ઢોરપાલનનું કામ કરતા એ સાચું છે. શરીરે સશક્ત હોય છે અને કેટલીક સ્ત્રીઓ ગૌરવર્ણની અને રૂપાળી હોય છે, પણ રબારીઓ કરતાં વધારે સંસ્કારવાળી જણાઈ. અહીં ઔદિચ્ય બ્રાહ્મણોની સારી સંખ્યા હતી પણ તે હવે ઓછી થતી જાય છે. પહેલાં આ લોકો ધીરધારનો ધંધો કરતા અને તેલ વગેરેનો વેપાર કરતા. અમારા ઘરના માલિક લખપતિ છે પણ તેમનો વેપાર અને કારખાનાં મુંબઇમાં છે. આ તરફ પાલીવાલ બ્રાહ્મણોનાં ઘરો છે. (મારવાડના પાલી ગામના). એમનામાં કન્યાવિક્રય થાય છે, છોકરીને રૂ. ૫૦૦ થી ૧૦૦૦માં વેચે છે. રાજગર (કોળીના ગોર) અને કંડોળીઆ (કપોળના)નાં થોડાં ઘરો હતાં. વાણિયામાં કપોળ અને દશાશ્રીમાળીની સારી ઊજળી વસતિ હતી, કેટલાક મુંબઈ જઈને સારું કમાયા છે. કુંભારની વસ્તી મોટી છે, તાઇની ઘટતી જાય છે, મુસલમાન ઘાંચીઓ તલ પીલે છે અને ઘોડાગાડીઓ ભાડે ચલાવે છે. ખોજાની વસ્તી જૂજ છે. લવાર, સુથાર, ભરવાડ, મોચી, કંસારા, જોગી, વાઘરી અને તળબદા, અને સુંવાળી બન્ને જાતના કોળીઓનાં થોડાં થોડાં ઘરો છે. આ ગામડાંમાં જૈન વાણિયા, ગરાશિયા અને લુહાણા બિલકુલ નથી.

ઢેડ વણકરનાં ૨૦–૨૫ ઘરો હતાં, વસતિ ઓછી થતી જાય છે, એક જ ઘર ભંગીનું છે. ધોબી અને કલાઈ કરનાર ઘોઘાથી અવારનવાર આવે છે. બજાર નાનું છે અને ચા, સાબુ વેચવા માટે ભાવનગરથી માણસો આવે છે.

આ તરફની જમીન એવી છે કે જો દસેક વરસાદ પડે તો પાક થાય છે, પંદરેક થાય તો પાકે છે પણ વધારે વરસાદ માફક આવતો માટી માત્ર ત્રણ ચાર ફૂટ ઊંડી હોય છે અને નીચે સુરરમ અગર પથરાળ જમીન આવે છે. વાળવાનું કામ મોટા પ્રમાણમાં ચાલે છે. પાક સારો હોવાને લીધે અનેક ઘાણીઓ છે, ઘાણો (સંચો) નથી. લોટ દળવાની એક (સંચો) છે, લોકોનાં ઘરોમાં ઘંટીઓ હોય છે આ એક કમાણીનો માર્ગ પણ ચાલુ છે. સ્ત્રીઓ કપડાં લૂગડાં ધોઇને જીવનનિર્વાહ કરે અને ઘણી સ્ત્રીઓ પાણી ભરી આપે છે. ફોલવાના કામમાં (મોસમ વખતે) ઠીક કમા થાય છે.

અહીં હળ લાકડાના હોય છે, અને તે ખોદતા નથી. બાગાયત ખેતી એકંદરે બહુ છે. કૂવાઓ થોડા છે અને તેનાં પાણી મીઠાં મીઠીવીરડી, કોળીઆક, હાથળ વગેરે ગામડાં દરિયા વધારે પાસે છે તે છતાં ત્યાં વાડીઓ અને ફળફૂલ ઝાડો ઊગે છે. ગામનું ગામઠાણ બહુ ટૂંકું છે, વસ્તી ઘણી ઘીચ છે. ગામઠાણની આસપાસ આની વાડ હતી. જે વખતે થોરને મારી નાંખ જંતુઓ કાઠિયાવાડમાં ફેલાયા ત્યારે ઘણાં ઉઘાડાં થઈ ગયાં. એક દયાજનક પરિણામ એ છે કે લોકોને જાજરૂ જવા માટે સંતાઇ બેસાય જગ્યા રહી નથી. થોરીઆની વાડ ઘણી રોકતા, જમીનનો કસ ચૂસી લેતા એ મોટા હતો, પણ તેના સદંતર નાશથી નુકસાન થયું છે.

ગામમાં પીવાના પાણીની ઘણી ભારે તંગી રૂ. ૬૦૦૦નો ખર્ચ કરીને ૨૬૦ ફૂટ ઊંડું કર્યું હોવા છતાં પાણી સારું ન મળ્યું. અને વાડીમાંથી પાણી મંગાવતાં હતાં. ગરીબ બીચારા તળાવનું પાણી પીતા.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડે લાકડે આડો વેર

અ-કવિ

આને તમારે પાનગોષ્ટિ કહેવી હોય તો કહેજો ને ! મારે એમાં ક્યાં નાવા જવું પડે એમ છે ? પણ ભાઈસા'બ આ નામ જે મેં પાડ્યું છે એવું મહેરબાની કરીને કોઈ આખું અપહરણ કરતા નહિ ! એમ તો લ્યો, હું એક નવા મથાળા હેઠે વળી નવી જ વાત શરૂ કરવાનો છું એવું શું ? મથાળાં નવાં આવે એટલે કાંઈ વિષય નવો થાય છે ? ન માનતા હો તો પૂછોને આપણા બૂકસેલરોને : એ તરત કહેશે કે "નામરૂપ જૂજવાં શરદ બાઉતણાં, અંતે તો હેમનું હેમ હોયે !" એવું જ આ મથાળાનું. તમે કહેશો પણ વાત શેની ? એ તો કહો ! તો એ કાંઈ હમણાં કહેવાય ? પેલી વાત સંભારોને ! બાંધી મૂઠીની !

અને એમ તો આ આપણી જ વાત બાંધી મૂઠી જેવી નથી થઈ ? કોંગ્રેસ સરકાર સત્તા ઉપર ન હતી ત્યાં સુધી સૌ કહેતા કે એને આવવા તો દ્યો ! એ આવે એટલી જ વાર ! ને ભાઈ, સાચું કહું. આવી ત્યારે તો હું યે છક્ક થઈ ગયો ? ગજ ગજ તો ફૂદ્યો' તો. કોઈ નાની વાત જ કરે નહિ ને ! એમનાં સપનાં અખિલ વિશ્વને છાઈ લે એવાં. યોજના તો કોઈ દસ પંદર અબજથી ઓછી મળે જ નહિ !

અરે ભાઈ ! એ આંકડાનો જાદુ તો મને ય એવો લાગ્યો કે આપણા રામે પણ એક યોજના એક લાખની ઘડી કાઢી. લિમિટેડ જેવું કરવું ને ઈસ્વીસનની સાલ, ઓગણીસ સો પચાસની, ડિસેમ્બરની તારીખ પહેલી, તે દિવસે, એક માસિક બહાર પાડવું ને એવું નામ...અથવા જાવા દ્યો નામ તો હું નહિ કહું. કહું એટલી જ વાર ! પૂછી જુઓને સાઈકલવાળાને અમદાવાદમાં, મૂકે એટલી જ વાર ! તરત ઊપડી જાય એના જેવું આ નામનું ! પણ એની કોપી એક લાખ કાઢવી. ને લાખની પછી રાખ થાય તો ભલે પણ કાઢવી તો એક લાખ ! આ મારી યોજના. મેં આ માસિકની યોજના કરી ત્યારે મને એક આશ્વાસન હતું. બીજા કોઈ ભલે એ ન વાંચે પણ આપણા પ્રધાન ખેર સા'બ તો જરૂર વાંચવાના ! એ તો માળું મને ખબર નહિ કે આપણા વડાપ્રધાન ખેર સા'બ –ખુદા એમને ખેર કરે–આવા વિદ્વાન છે, નહિતર તો ક્યારનું એક કાઢી પણ દીધું હોત ! એ તો ભાઈ ! તે દિવસે પ્રેમાભાઈ હૉલમાં હું એમનું ભાષણ સાંભળવા ગયો ને શું એ તો શ્લોક ઉપર શ્લોક બોલ્યા છે ! શું બોલ્યા છે ! ને બધાય ગીતાજીના હો ! મને તો એ જ વખતે મન થઈ આવ્યું કે અમદાવાદની તમામેતમામ નિશાળના હેડમાસ્તરોને ભેગા કરીને સંભળાવું કે અલ્યા ભાઈઓ ! હેડમાસ્તર હોય તો આવા હોય ! કેવા શ્લોક ઉપર શ્લોક બોલ્યે જાય છે ! આવે છે ક્યાંય ઘઉં કે ચોખા કે મગ કે મઠ કે કોલાપુરી ગોળ કે તુરદાળ કે એવું કોઈ પ્રાકૃત નામ ? આ એનું નામ તે ગીર્વાણ ભાષાનો અભ્યાસ !

અને તમતારે બીજી એક હજાર એક સો ને પાંત્રીસ ભાંડવી હોય તે ભાંડ જો, પણ ખબરદાર ! જો મુંબઈ પ્રાંતના એક પણ પ્રધાનને અવિદ્વાન કહ્યો છે તો ! મારો ને તમારો મેળ નહિ મળે ! એમાંના કોઈએ કોઈ દી કોઈ પ્રાકૃત વિષયને સ્પર્શ્યો છે ખરો ? તમ તારે તમારે કહેવું હોય એ કહો, પરંતુ મુંબઈ પ્રાંતનો એક પણ પ્રધાન, અવિદ્વાન તો નથી નથી ને નથી જ. બીજું એ ગમે તે હોય–પણ અવિદ્વાન તો નથી જ. અને ગુજરાત ઉપરની છેક નર્મદજમાનાથી ચાલી આવતી ગાળ–નર્મદજમાનાથી શું છેક હેમચંદ્ર-જમાનાથી ચાલી આવતી ગાળ–આજ ઊડી ગઈ છે. આ આપણા વિદ્વાન પ્રધાનોને લીધે, એ શું જેવી તેવી મગરૂબીની વાત છે ? ગુજરાત ! તું એકદર ન હોત તો આજે ઘેર ઘેર એમની છબીઓ પૂજતું હોત ! આવું વિદ્વાન પ્રધાનમંડળ બીજા કયા પ્રાંતમાં છે ? એક તો બતાવો ! પણ ગુજરાત એકદર એ એકદર ! અને એક દિવસ મને કેટલાક છોકરા મળ્યા તે માળા અહિંસા વિષે ગાંધીજીના લેખની ચર્ચા ડોળ્યા કરે ! મેં એમને કહ્યું કે મફતનાં ફીફાં ખાંડોમાં, ફીફાં. ખુદ ગાંધીજી પોતે અહિંસામાંથી જે વાત સમજી શક્યા નથી એ આપણા એક જ ભાઈ સમજી શક્યા છે–અને તે આપણા મોરારજીભાઈ ! કાન પકડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌએ કબૂલ કર્યું કે એ વાત સો-ટકા સાચી. એક વખત મેઘાણીભાઇ મંડયા'તા 'કલમકિતાબ'માં–એ વખતે એ આજના જેવું લોકપ્રિય નહિ, એટલે લોકપ્રિય બનાવવા માટે જ મંડયા'તા–એમાં એમ આવતું કે ચાંદલો તો આનંદશંકરભાઈનો, સજ્જનતા તો રમણલાલની, તકઝડપી ચાલ તો મુનશીની, અને બીજું ય એમાં ઘણું આવતું, પણ પોતે જ લખવાવાળા એટલે પોતાનું લખવાનું રહી ગયું હતું. આજ મને સાંભળે છે એટલે હવે એ પૂરું કરું છું. ચંદનઘસણી તો મેઘાણીભાઈની. ગમે એ આવે ને લાભ લઇ જાય, કોઇને ના નહિ, ને માગે તો ડુંગળીનું શાક! અને એમાં આ આજ દિવસ સુધી રહી જાતું 'તું તે ઉમેરી દઉં છું–મારે મુસાભાઈને પછી વા ને પાણી–અહિંસા તો કે' મોરારજીભાઈની, બાકી બધી વાતું! મને તો સાળું મોંમાં પાણી છૂટતું'તું હો, એમની અહિંસાની વાત સાંભળીને, એમ થાતું'તું કે હે ભગવાન! ઊંચાઈ આપ તો આટલી આપજે કે કોઇ નાની વાતમાં મન જ જાય નહિ! અરે! ઘણી વખત તો મને થઇ આવતું કે સાળી જો શિશુ અવસ્થા પાછી આવે તો પાટી લઇને એકડો ઘૂંટવા જાઉં, ને ભલેને લોક પંતુજી પંતુજી કરે, પણ એકડો શીખવા બેસું તો તો મોરારજીભાઇ પાસે જ! હે ભગવાન! તું હિંદુસ્તાનનું તમામ ખેદાનમેદાન ભલે કરી નાખજે, પણ અમારી મહાન વાતો, એ મહેરબાની કરીને તું અમારી જ રહેવા દે જે! વાતો હશે તો કોક દી' વડાં દેખશું!

પણ એમ તો કોકે મારે બેટે અંગરેજે જ લખ્યું છે કે લોક હિંદુસ્તાનના સ્વપ્નદષ્ટા છે. મુનશીજીએ તો એટલા માટે સ્વપ્નદષ્ટાની નવલકથા પણ લખી નાખી છે. જુઓને હમણાં જ બિરલા શેઠે સ્વપ્ન ન ભાખ્યું કે લોક પાકિસ્તાનના કોલસા ને લોઢા વિના નભશે ક્યાંથી? ઘઉં તો એને ત્યાં છે, પણ ઘઉં કાંઈ ખવાય? પૂછોને આપણી પુરવઠા સરકારને, હજી એણે ખબર નથી પાડયું પણ વહેલેમોડે એક ફરફરિયું બહાર પાડશે, જેમાં એ લખશે કે નપાવટમાં નપાવટ ખોરાક તો કે ઘઉંનો. આપણા રામને તો પહેલેથી એ ખબર હતી કે ઘઉં જેવો નપાવટ ખોરાક બીજો કોઇ નથી. એટલે મેં તો દ્રોઢ જ કરી નાખી'તી. રોટલી હો, આંખ નહિ! ત્યાં તો સારું થાય બિરલા શેઠનું કે એમણે બહાર પાડયું કે કોલસા ને લોઢું આપણને નભાવશે! મને બીક હતી કે એ ક્યાંક એમ લખી નાખશે કે સોનું આપણને નભાવશે! પણ સારું થાય એમનું કે એ લોઢાને વળગ્યા. એ તો એમ પણ થાય કે પછી વહેંચણી ક્યાં નથી થતી? લોઢું ને કોલસા આપણે ખાશું, સોનું બિરલાશેઠ ખાશે, ને ઘઉંનાં છોડાં ભલે ને બીજા ખાતા! ઘઉંમાં છે પણ શું? એનું પરાળે ય ક્યાં ઢોર ખાય છે? અને ખરું પુછાવો તો આ ઘઉંના ખોરાકની પાછળ આપણે મફતના મંડયા છીએ! અત્યારની દુનિયાના સર્વોત્તમ પુરુષ તો કે' ગાંધીજી–એ મધ લ્યે, માખણ લ્યે, ટમાટાં લ્યે, બકરીનું દૂધ લ્યે, મોસંબી લ્યે, તાજી દ્રાક્ષ મળે તો લ્યે, પણ ઘઉં, ઘઉંનું નામ લ્યે છે? મેઘાણીજી–ડુંગળી ને બાજરાનો રોટલો ખાતા, પણ ઘઉંને નો'તા વળગ્યા. અરે, આ આપણા મુનશીજી! એક પ્યાલો નારંગીનો રસ લ્યે છે, પણ રોટલી તો અરધી પણ નથી લેતા! ખરું પુછાવો તો ઘઉં ખાવાથી મગજ જડ થાય છે. શરીર તાકાતવાન થાવાથી હિંસા પ્રત્યે દોરાઈ જાય છે. બુદ્ધિ મંદ બને છે. તાત્કાલિક પરિણામો જોતાં શીખે છે, ને સ્વપ્નાં જોતી જ નથી. એ દૃષ્ટિએ ઘઉંનો ખોરાક નપાવટમાં નપાવટ છે.

માનવું ન માનવું તમારી મરજી, પણ મને તો આપણા તમામ નેતાઓની આ દીર્ઘદૃષ્ટિ લાગે છે કે એમાંથી કોઇ કોઇ દિવસ ઘઉંનું નામ જ નથી લેતા! આપણા દેશને જડવાદી જેવો બનાવી નાખ્યો છે જ આ ઘઉંએ. કદાચ એ આ દેશની ઊપજ જ નહિ હોય! આ પરદેશી સરકાર સાથે આ પરદેશી દાણાને તો આંહીંથી કાઢયે જ છૂટકો છે.

તે પહેલાં આપણી સરકારે વધારે દાણો 'ઉગાડવાની' ઝૂંબેશ ઉપાડી હતી. હવે આ ઘઉંને દેશવટો આપવાની ઝૂંબેશ ઉપાડવાં જેવી છે. અને લોકો તો બિચારા હિંદુસ્તાનના, ભગવાનના ઘરનાં માણસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે કહો કે ઘઉં સારા છે તે ખાવ–તો કે'શે સારું, ઘઉં લાવો. તમે કહો કે લોટ સારો છે, તો કે'શે લોટ લાવો. તમે કહો કે વીટામીન તો આ પાંદડામાં છે, લીમડાના પાંદડામાં, તો કે'શે ભાઈ! એ લાવો!

ઘઉં ખાવાથી આપણી બુદ્ધિ એવી છોકરમત જેવી થઇ જાય છે કે એમાં પછી ન પૂછવાના સવાલો પૂછાણા જ કરે છે. એક વખત અમારે ત્યાં એક મહેમાન આવ્યા તે છોકરાં એને પૂછ્યા જ કરે: 'તમે ક્યાં રહો છો?' એનો જવાબ મળે ત્યાં તરત પૂછેઃ 'પાછા ક્યારે જવાના છો? તમારી મા ક્યાં છે? તમને શું ભાવે છે? તમે ચસમાં કેમ પહેરો છો? તમે ઘડિયાળ કેમ રાખી છે?'

મહેમાને ઘણા ય જવાબ આપ્યા. પછી છેવટે આપણું આ જમાનાનું અમોઘ બ્રહ્માસ્ત્ર જેવું બ્રહ્માસ્ત્ર એણે કાઢ્યું. ચોપાનિયામાં મોઢું રાખીને બેસી ગયા! ત્યારે સવાલ જવાબ બંધ થયા! આ આપણે પણ સૌ, મંદબુદ્ધિને લીધે, શંકા ઉપર શંકા ને સવાલ ઉપર સવાલ ઉપાડ્યા જ કરીએ છીએ! આ અમારા ઘઉં ક્યાં ગયા? હવે આ પ્રાંત ખાધનો બની ગયો? તો આજ દિવસ સુધી કેમ ખાધ દેખાણી નહિ? આ લોટ ક્યાંથી કાઢ્યો? એમાં આ બધું ચેતનમય શું? આખી પ્રજાને છોકરમત લાગી છે. એ તો આપણા પ્રધાનો સજ્જન જેવા છે તે જવાબ વાળતા નથી, મારા જેવા હોય તો છાપું લઇને જ વાંચવા બેસી જાય! તમતારે પૂછ્યા જ કરો! આંકડા કોઈને જોવા નથી ને શંકા કરવી છે!

આ વળી વલ્લભભાઇ જેવા કો'ક દી' હૈયાવરાળ કાઢી નાખે છે કે ભાઈ! અમે તો સૂંઠને ગાંગડે ગાંધી થઈ બેઠા છીએ. બાકી નથી આંઇ કાંઈ સત્તા કે નથી અમને ખબર કે આપણા ઘઉં ક્યાં ગયા ને ધતૂરિયાખીવાળા ક્યાંથી આવી પડ્યા? અમને સત્તામાં સત્તા એક સત્તા છે, અબજોની યોજનાઓ કરવાની ને અબજોનો 'ટેક્સ' નાખવાની. આ તો મારા બાપ, પેલો વિભાકર કહેતો એમ, અબજોનાં બંધન છે! આવડતું હોય તો નાટક લખોને. મુન-શીજી લખત પણ એ તો એમાં જ જઇને બેસી ગયા. એ'મ સમજેનાં કે આ ત્રિઅંકી ચાલે એટલી વાર તો ભગવાન કૌટિલ્ય થઈ જવા દે, પછી ગુજ-રાતનો ઇતિહાસ ક્યાં નથી લખાતો? કેટલાય ભૂખડીબારશ પ્રોફેસરો આપણા ડાબા ને જમણા ખિસ્સામાં બેઠા તો છે!

તમે કહેશો કે આમાં વિષય શું છે? તો આમાં વિષય શાનો હોય? આ તો આડે લાકડે આડો વેર. ખરી રીતે આ જમાનો કોઈ વિષય છણવાનો જ નથી. વિષય ઉપર વિષય ઉપાડવાનો છે. યોજના ઉપર યોજના. લોકો તો છક્ક થઇ જાય કે ઓહો હો હો! આ તે કાંઇ ભેજું છે? આની પાસે યોજના જ કેટલી છે? એમાં તો તમારે નંબર પહેલો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો. બસની યોજના એની એવી સફળ થઈ કે વેદાંતશાસ્ત્રે કીધેલાં બન્ને Time અને space–દિક્ અને કાલ બન્નેનો એણે તો છેદ જ ઉડાવી દીધો! દિક્ પણ નહિ ને કાલ પણ નહિ! કાં આવે તો ઉપરાઉપરી ત્રણ બસ આવે ને કાં જાવે તો ઉપરાઉપરી ત્રણ બસ જાવે. આ યોજનાનાં યશોગાન ગાતા, અમદાવાદના નાગરિકો પોળે પોળે ફરે છે, ત્યાં બીજી યોજના આવી રહી છે દૂધની. અને દૂધ પીને નાગરિકો ખુશખુશાલ થાતા હશે ત્યાં તરત ત્રીજી ઊભી છે બાગબગીચાની! ૧૯૨૭–૨૮માં બાંધેલાં એલિસબ્રીજ સોસાયટીનાં મકાનોને આ ભદ્રનો સીધો ઠંડો પવન હવે મળવાનો છે. રસ્તા તો મળી ગયા છે. હવે પવન મળશે. અને પછી પાણી. અનાજ ખાય એ તો આહારી ગણાય એટલે અનાજનું કામ નહિ! આનું નામ તે ભેજું! સાળું ભગવાને એક દોઢ ઔંસ મારામાં વધારે નાખી દીધું હોત, તો આ તમામ લખાણુંનો સમય એમાં જ વાપરત. સેવાની સેવા ને વળી યોજનાની યોજના.

મારી પાસે યોજનાઓનો એક મોટો ખજાનો છે. એમાં એક યોજના એવી છે કે જેમ અમદાવાદ મ્યુનિ-નિસિપાલિટી ઘેર ઘેર શીશીનાં દૂધ પહોંચાડશે તેમ આ મારી યોજના પ્રમાણે ઘેર ઘેર બટાટાનું શાક ને પૂરી પહોંચી જાશે. વળી ભવિષ્યમાં, આ કોલેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર છોકરા દોડાદોડ કરે છે ને ગુજરાત કૉલેજવાળા એલ. ડી. કૉલેજમાં, ને એલ. ડી. કૉલેજવાળા ગુજરાત કૉલેજમાં, એમને ફંગોળ ફંગોળ કરે છે, એવું પણ નહિ રહે. મારી યોજના પ્રમાણે છોકરા ઘરમાં આરામખુરશીમાં બેઠા બેઠા 'લેકચર' સાંભળશે ને પરસેવો બોલવાનો, પેલા પ્રૉફેસરોને વળતો હશે.

આ મારી યોજનાઓ પાર પડે કે નહિ એ સવાલ જુદો છે. પણ એમની ભવ્યતા તો ખરેખર મોહક છે.

અને આ યોજનાઓ વિષે આપણે સમજવું જોઈએ કે જ્યારે જ્યારે માણુસ યોજના કરે છે ત્યારે એનામાં થોડુંક ગાંડપણ પ્રવેશે છે. તમે જોશો તો ખબર પડશે કે યોજના કરનારા તમામ ગાંડા હતા. યોજના કરતી વખતે આપણામાં થોડી ઘેલછા આવે છે. ઘેલછા વિના કોઈ યોજના થતી નથી, પછી એ ઘેલછા ગમે તેની હોય, બુદ્ધિની હોય, વિજ્ઞાનની હોય, આદર્શની હોય, સેવાની હોય, કે લક્ષ્મીની હોય, ગમે તેની હોય, પણ તમને ઘેલછા લાગે ત્યારે તમે યોજના કરો. અને યોજના કરો એટલે મહાન લાગો.

મારા મનમાં સાળી એક એવી કલ્પના ઘર કરી બેઠી છે કે હું તે એ બોલું કે ન બોલું ? નથી બોલતો તો કલ્પના મને મારી નાખે છે. બોલું છું તો કલ્પના મરી જાય છે. કારણ કે ભવ્યતમ કલ્પનાઓની એ ખૂબી છે કે એ એટલી બધી નાજુક હોય કે તમે બોલો ત્યાં જ મરી જાય ! એને વ્યવહારક્ષમ બનવાની વાત તો બાજુએ રહી. એ વાણીક્ષમ પણ ન હોય. નહિતર તો એ ભવ્યતમ શાની ?

તમે કહેશો આટલું મોણ નાખ્યું પણ ત્યારે કલ્પના શી છે એ વાત તો કરો ?

જુઓ મારી કલ્પના આ છે. ગાંધીજીએ તો વારંવાર કહ્યું છે કે અહિંસાને ભોગે આપણે કાંઈ જોતું નથી. એનો અર્થ એ કે આ તમામેતમામ સત્તા છોડીને પહેલું તો અહિંસક સેન ઊભું કરવું જોઈએ. અત્યારે જેમ સરકારી તંત્રમાં દાખલ થવાની શક્તિનું માપકરણ કર્યું છે કે "તમે જેલમાં ગયા'તા કે નહિ ?" જેલમાં ગયા હો તો તમે [illegible] ન ગયા હો તો અજ્ઞાની. આ આવા ટૂંકા ને ટચ નુસ્ખાથી જેમ આપણું અત્યારનું તંત્ર ઘણું જ પ્રસિદ્ધિ પામ્યું અને વળી આવડતવાળું ગણાયું, તેમ આવા ટૂંકા ને ટચ નુસ્ખા વાપરો તો રસ્તો પણ સરળ થઈ જાય ને એમાંથી એક પક્ષને માટે તો સફળ પણ થઈ જાય.

મને તો આવા ટૂંકા ને ટચ નુસ્ખાની એક યાદી કરી આપવાનું મન થઈ આવે છે. પણ એ યાદી વળી ક્યારેક આપીશ. અત્યારે તો આ મારી ભવ્યતમ કલ્પનાનું રાજ ચક્રવર્તી થાય એ મારે જોવાનું છે.

આ આપણો ટૂંકો ને ટચ નુસ્ખો લ્યો. સોંપી દેવું સરકારને પાછું કે લે બાપા ! આ તારું તું સંભાળી લે. તારા રંગઢંગ કાંઈ બહુ સારા દેખાતા નથી ! આ એટલું જ કર્યું હોય તો ? કાંક માળો સમજે હો ! સમજી જાય કે આ માળા બીજું તો ઠીક, પણ મારી તાજુડીની ડાંડલીનો ભેદ તો પામી ગયા છે !

હવે એમ આપણે કર્યું હોત તો આ જાદુઈ રચના ઊભી જ શેની થાત ? આ મોગલનો છેલ્લો બાદશાહ પેલો બહાદુરશાહ નહિ ? એને આપે તો જાણે પેન્શન, પણ એનું કાંઇ માન રાખે, માન રાખે, વાઈસરૉય સીખે સલામ ભરતા જાય ! આ એવું જ કાંક માળા આમાં નહિ કરતા હોય ? સરદારને માન આપે, જવાહરને માન આપે, ભોપાળને માન આપે, મુનશીને માન આપે, માવલંકરને મોટા કરે, અરે ! અઢી ગાયના ગરાશિયાને કેશે અમે બાપા ! હવે તમારા રાજા શેના ? પણ માળા આ કરી કરીને પાછો ક્યાંક જૂનો ઇતિહાસ ભજવતા હોય નહિ ! છે માળું વચાર કરવા જેવું ! દાળમાં ક્યાંક કાળું છે !

પણ આપણું તો ભાઈ ! ભેજું આમાં કાંઇ કામ કરતું નથી. એના કરતાં ઘઉંનો પ્રશ્ન સારો, કે એમાં કાંક તો અક્કલ કામ કરે.

આ ઘઉંનું કહે છે કાળું બજાર છે. આ કાળું બજાર એટલે પૈસા. આ પૈસા એટલે નવી નવી નોટો. આ જેમ અંધારામાં ભટકી ભટકીને છેવટે ભીંત સાથે ધબ માથું ભટકાય એવું જ આમાં થાય છે ! કાળા બજારનું મથાળું નોટુંમાં નીકળે. ને નોટુંનું મથાળું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

હું મારાભાઈ! નોટુંનું મથાળ ક્યાં હશે? આકાશ-માંથી ભગવાન વરસાવતો હશે? કે જરમન વિમાન હજી આવતાં હશે? આટલી બધી માળી નવી નવી, લડાઇના વખંતમાં તો બહુ દેખાતી, ઇ નોટું ક્યાંથી આવી? આંખું વીંચીને માળું કોઈ છાપ્યે જ જાતું હશે! અરે! જાવ રે મારા ભાઈ! તમે ય તે? આપણે કાળું બજાર કર્યું છે એમ આપણા પોતાના પરધાન સીખે કહે છે, એ ખોટું? અને આપણા છાપાં ઇ કાંઇ ખોટાં? આપણે જ દુષ્ટ છીએ. આપણે જ કાળું બજાર કર્યું છે. આપણે જ દૂધ ઘી ખોયાં છે. આપણને તે પહેલાં કોકે સમજાવ્યું કે આપણે નમાલા છીએ. હવે વળી કોક સમજાવે છે કે આપણે દુષ્ટ છીએ!

પણ હેં મારા બાપલા પરધાન! એક મારી શંકાનું કાંક તો ઠેકાણું પાડો! આ દૂધ ઘી તો અમે ખોયાં. અમે તો જાણે દુષ્ટ ખરા. પણ બબ્બે હજાર રૂપિયાની નવી નોટું લઇને ઢોર લેવા માળા દોડ્યા આવતા ઇ માળા હતા કોણ? કોઈ સરગાપુરીના નવા આદમી આવ્યા હતા? ને બીજું તો ઠીક પણ આ નવી નોટું કાઢતા ક્યાંથી? ને લઈ લઈને આ ઢોરાંને લઈ ક્યાં જાતા? ઈ ઢોરાં જ બાપલા! તમે પાછાં અપાવોને! ને અમે કાળું બજાર કાઢ્યું છે તે તમે ધોળું બજાર બંધ કરોને!

હેં મારા બાપલા પરધાન! તમે જાણે વેપારીને દુષ્ટ કહો છો એ વાત તો સાચી, પણ તમને જે સજ્જન પુરુષોનો વારસો મળ્યો છે એમને એક સવાલ તો પૂછી જુઓ કે આ જરમનીના લડાઇના સર્જકોને તો તમે માનવતાની ખાતર જાણે ફાંસીએ લટકાવ્યા ને તમારી માનવતા બતાવી. પણ આ આંહીં બીજી માનવતા સળી કરી કરીને ઊભી કરી રહ્યા છો એનું શું? એ માનવતા ઊભી તમે કરો ને વશ કરવા અમારે જાવી?

આંહીંની લડાઈના કોઇ સર્જકો હશે કે નહિ જ હોય? પણ હા! તમને માળું ઠીક ફાવી ગયું છે. જે સવાલ ઊભો થાય એ કાં તમારા ધ્યાન નીચે હોય ને કાં વચગાળેની સરકારનો હોય! થઇ રહ્યું. જેગોપાળની આરતી!

પણ આ બધું જાવા દ્યો. મારું કોઇને માનવું હોય ને ઘઉંનો એક જ પ્રશ્ન અત્યારે થાળે પાડવો હોય તો મુંબઇ યુનિવર્સિટીની તમામ કોલેજમાં 'ઘઉંનો ખોરાક નુકસાનકારક છે' એ વિષય ઉપર પી. એચ. ડી.માં એક મહાનિબંધ રખાવે! જોઇ લ્યો પછી, લોકો ઘઉં માગશે તો નહિ, પણ ઘરમાંથી કાઢીને તમને પાછા સોંપશે. આપણે ઘઉં પેદા ન કરી શકીએ. ક્યાંયથી લાવી ન શકીએ. પણ ઘઉં ખવાય જ નહિ, આપણી પ્રજાના માનસમાં આટલું ભૂસું પણ ભરાવી ન શકીએ? ને તે આપણાં આટલાં આટલાં છાપાં છતાં? ને આપણી આવી પ્રજા છતાં?

બીજાં જેટલાં ભૂસાં ભરાવ્યાં એ એણે ઉપાડી લીધાં છે તો આ એક વધારે! ને એમાં પણ જો કોઇ ભગવાનપ્રેરિત ડૉક્ટર મળી જાય ને ઘઉં ખાવાથી થતા રોગોનું એક લાંબું 'લીસ્ટ' પ્રગટ કરી નાખે. અલબત્ત, કોઈ અમેરિકન તબીબી મેગેઝીનને આધારે, તો અમદાવાદ, મુંબઈ પૂરતો ઘઉંનો પ્રશ્ન તરત પતી જાય. પછી બીજાનું થઇ રહે. મને તો આ ટૂંકામાં ટૂંકો નુસ્ખો લાગે છે. ને ખરેખર તો મને શંકા છે કે ઘણાખરા રોગ ખાવામાંથી જન્મે છે. અત્યારે આપણે જે ખોરાક ખાઈએ છીએ તેનાથી અરધો ખોરાક ખાઇએ તો જીવીએ છીએ એના કરતાં બમણું જીવીએ. એ હિસાબે આપણે ન ખાઇએ તો કદાચ ન મરીએ! હવે જુઓ શું થાય છે! ઘઉંનું સારામાં સારું Substitude—પૂરક—મને અઘેડાનાં બી લાગ્યાં છે. એની જરાક ખીર કરી નાખે તો આઠ દીની નિરાંત! ભૂખ જ ન લાગે. આ અઘેડાનાં બીની આપણે તપાસ કરો ને! ઘઉંનો પ્રશ્ન પણ પતી જાશે ને પ્રગતિશીલ ગણાશું એ નફામાં!

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેતનસ્પર્શ

નરસિંહભાઈ પટેલ [શાન્તિનિકેતન

પ્રયોગશાળા—રાત્રે એ. વૈજ્ઞાનિક શીશીઓમાંથી પ્રવાહી કાઢી પ્યાલામાં મિશ્રિત કરે છે. થોડી થોડી વારે પાસે પડેલું પુસ્તક ઉઠાવી વાંચે છે. મુખ પર દિવસરાતના થાકની રેખાઓ દઢ થયેલી છે. ધારેલું પરિણામ સફળ ન થતાં આખરે કંટાળે છે અને એક ખુરસી પર સૂએ છે, ચિંતાગ્રસ્ત કપાળ દાબે છે અને ઝોકાં ખાય છે.

[એક ખુરસી જરા હાલે છે. ડોક લંબાવી વૈજ્ઞાનિક તરફ જુએ છે.]

ખુરસી—(ખૂબ ધીરે ટેબલને) એઇ! ઊંઘી ગયા લાગે છે.

ટેબલ—(ટેબલ-કલોથમાંથી માથું કાઢી હોઠ પર આંગળી મૂકી) શ...શ...કદાચ જાગતા હોય તો!

ખુરસી—દિનરાતનો પરિશ્રમ; બિચારા! આડા પડે એટલે ઊંઘ ન આવે!

[અભરાઇ પરની શીશીઓ ખખડી ઊઠે છે. વૈજ્ઞાનિક ઝબકી જાગે છે. ખુરસી, ટેબલ, શીશીઓ વગેરે જેમ હતાં તેમ શાંત અને સ્થિર થઈ જાય છે. વળી પાછાં બધાં ડોક લંબાવી જુએ છે. ખૂણામાં ઊભેલું ઘડિયાળ પોતાનું લોલક ઝડપથી હલાવી બંધ કરે છે—બોલવાની તૈયારી કરતું હોય તેમ.]

ઘડિયાળ—(મિનિટ હાથ લંબાવી તોતડાતાં) અરે છોને અર્ધાં જાગતા; સત્યને સ્વપ્ન માનશે!

ખુરસી—(અધીર બની જઇ ટેબલનો હાથ પકડી) સવાર પડી જશે તો મનમાની વાત કરવાની આવી તક નહિ મળે.

[એક બાજુએ કૂંડામાંથી માથું ઊંચું કરી છોડ પોતાનાં ફૂલ સૂંઘતો હોય છે.]

(હાથ હલાવી) કેમ રે છેલછબિલા!

[ફૂલછોડ સ્મિત કરી ફૂલ ધરે છે. બે ત્રણ શીશીઓ અભરાઈ પરથી ખિલખિલ હસી ઊઠે છે. પ્રયોગ કરવાનાં ટેબલ પર રહેલો એક પ્યાલો બીજાને ખભે હાથ ઠોકે છે. ટેબલ ઊઠવા જાય છે પણ ઉપર રહેલી ફાઈલો, ખલદસ્તો વગેરે પડી અવાજ થાય એ ભયે પ્રયત્ને પ્રયત્ને સંકોચાય છે.

ઊઠને! જે થવાનું હોય તે થાય.

[ખુરસી ટેબલનો હાથ ખેંચે છે. ટેબલ પરની વસ્તુઓ નીચે પડવાથી ખૂબ શોરબકોર થઇ જાય છે. વૈજ્ઞાનિક જાગી ઊઠે છે. બધાં સ્થિર થવા મથે પણ સફળ થતાં નથી. વૈજ્ઞાનિક ચશ્મા કાઢી આંખો ચોળે છે અને ઝીણી નજરે બધું તપાસી લે છે. મનમાં સંશય પેદા થાય છે પણ વળી ઝોકું આવે. પાસે પડેલી શાલ આખે શરીરે ઓઢી સૂએ છે.]

ટેબલ—(થોડી વારે કપાળ કૂટી) આ દુષ્ટના શાપમાંથી ક્યારે છૂટીશું? મન થયું હોય ત્યારે એ ઘડી ફરવાનું યે સ્વાતંત્ર્ય નહિ. માનવી રાખે ત્યાં પડી રહેવાનું. ન હાલવાનું કે ચાલવાનું—શનસા...ન.

ઘડિયાળ—અરે સમય બદલાયો છે. આ વૈજ્ઞાનિક કોઇ વાર આપણને એ શાપમાંથી બચાવે. એની ખંતથી મને એના પ્રત્યે માન ઊપજે છે.

ખુરસી—વાત સાચી છે. મને તો ભગવાન કરતાં એ વધુ દયાળુ લાગે છે.

શીશી—હં...આપણી મુક્તિ માટે જ કદાચ અહીં પરિશ્રમ કરતા હોય.

[બહાર કોઇનાં પગલાં ઓરડા તરફ આવતાં સંભળાય છે.]

ખુરસી—(કાન માંડી) કોઇ આવતું લાગે છે.

[બારણું ઠોકાય છે. બધાં ગૂપચૂપ સ્થિર થઈ જાય છે. ટેબલ જમીન પર પડેલી ફાઇલો, ખલદસ્તો વગેરે ઊઠાવી પોતાની પીઠ પર સૂકવા યત્ન કરે છે. એ ખળભળાટ શમે ન શમે ત્યાં બારણું ધડ દઇને ખોલી વૈજ્ઞાનિકની પત્ની દાખલ થાય છે.]

વૈ. પત્ની—અરે ઊઠો. ચોવીસે કલાક કામ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને તમારા શરીરની કાળજી ખરી કે? તમને મારી પરવા ખરી કે? ખાવું નહિ, પીવું નહિ, પ્રયોગગૃહમાંથી ઘરે આવવું નહિ.

[વૈજ્ઞાનિક.મુખ પરથી શાલ ખસેડી અગાસું ખાતાં ખાતાં હંસી પડે છે.]

અને જ્યારે કંઈ કહું ત્યારે હસી નાખો.

વૈજ્ઞાનિક—હું તો જાગતો જ હતો!

વૈ. પત્ની—પણ તમને ઘેર આવી આરામ કરતાં શું થાય?

વૈજ્ઞાનિક—એક અદ્‌ભુત સત્ય મેં જોયું.

વૈ. પત્ની—રહેવા દો તમારું સત્ય તમારી પાસે. એવા સત્ય સિવાય જાણે આ દુનિયા ચાલતી જ ન હોય!

વૈજ્ઞાનિક—સાંભળ તો ખરી! થાકને લીધે હું આ ખુરસી પર આંડો પડી ઝોકાં ખાતો હતો. ત્યાં જ મેં ખળભળાટ સાંભળ્યો જોયું તો આ બાજુ ખુરસી, ટેબલ હલતાં હતાં, પેલી બાજુ શીશીઓ, અહીં પ્યાલા, ત્યાં ફૂલછોડ જાણે બધી નિર્જીવ વસ્તુઓમાં પ્રાણ ન હોય! હું જ્યારે જાગું અને ધ્યાનપૂર્વક તપાસું ત્યારે બધાં પાછાં શાંત અને સ્થિર.

વૈ. પત્ની—સ્વપ્ન, સ્વપ્ન—આ તે કંઇ માનવામાં આવે?

વૈજ્ઞાનિક—પછી તો બધાં વાતો કરવા લાગ્યાં. ગતિની એમને સ્વતંત્રતા નથી તેથી એઓ કેટલાં દુઃખી છે! આ ઘડિયાળે તો તોતડા માણસની જેમ ટક ટક કરી કેટલી વાતો કરી! જો પેલો પ્યાલો હલે છે.

વૈ. પત્ની—તમે તો ગાંડા થઇ ગયા કે શું? જરા મનને સ્વસ્થ કરો. (છાતીએ હાથ દઇ) સ્વપ્ન ભાંગ્યું ત્યારે જાગી ભ્રમણા. (ઝીણો નિશ્વાસ નાખી) કામ, કામ ને કામ. ભૂખ્યે પેટે ભ્રાન્તિ નહિ જાગે!

વૈજ્ઞાનિક—પણ આ રીતે આપણે કેટલા દિવસ આ વસ્તુઓને ચેતનહીન માનીશું? આ બાબતમાં તો પદાર્થ-વિજ્ઞાનના વિકાસની કેવી મહાન શક્યતાઓ રહેલી છે! કદાચ તને ખબર હશે કે પદાર્થ તરીકે માણસનું માંસ અને કોલસો સરખાં જ છે. માણસમાં એવી કઇ જીવનકણિકા છે કે જે એને ખાતો, પીતો, હસતો, રમતો, જોતો રાખે છે? એ જીવનકણિકા શું આ પદાર્થોમાં નથી?

વૈ. પત્ની—(કંટાળી જઇ) તમે તો જ્યારે ને ત્યારે સંભાષણ કરવા મંડી પડો છો.

વૈજ્ઞાનિક—(હવાને સંબોધતો હોય તેમ) છે...છે... ધાતુ, લાકડું, ધૂળ કે કોઇ પણ પદાર્થના અણુ-પરમાણુમાં ચેતનતત્ત્વ રહેલું છે. એને સજાગ અને સ્વનિયંત્રિત કરવામાં આવે તો એકએક તત્ત્વસમૂહ હાલવું, ચાલવું કે બોલવું શરૂ કરે. પદાર્થ અને એમાંનાં અણુઓ ઉપર જડતાનો થર બાઝી ગયો લાગે છે. એ જો કોઈ પ્રવાહીની મદદથી ધોવાય તો એમનામાં શક્તિસંચાર થાય. (એની નજર વૈ. પત્ની ભણી છે છતાં એ એને જોઇ શકતો નથી.) આપણે ખુરસી પર બેઠા હોઇએ અને જાદુઇ શતરંજીની જેમ ખુરશી ઊડવા માંડે—ખાતા હોઇએ અને પેટમાંથી કોળિયો ઊછળી હવામાં ઝૂલે—પાણી પીતા હોઇએ ત્યારે ગ્લાસ હોઠથી દૂર ભાગતો રહે—લખતાં લખતાં પેન હસી ઊઠે—હા...હા...હા...હા..

[વૈ. પત્ની અધીર બની ઘડીકમાં ક્રોધની, ઘડીકમાં હતાશની તો ઘડીકમાં દયાની લાગણી અનુભવે છે. મુખ રડું રડું થઈ જાય છે. વૈજ્ઞાનિક આંગળીનો ટચકો ફોડી શીશીઓનાં પ્રવાહી લઈ સંજીવન મિશ્રણ બનાવવા મંડી પડે છે. એના તરફ એક કરુણ દષ્ટિ ફેંકી વૈ. પત્ની ડૂસકાં ભરે છે. શીશી.-પ્યાલાના પ્રવાહીના ગળગૂળાટ સાથે ડૂસકાં અજબ સમૂહગીત પેદા કરે છે. ટેબલ પરથી ખલદસ્તાને લાવી તેમા કંઈક રસાયણતત્ત્વો ઘૂંટી પ્રવાહીમાં નાખી હલાવે છે. અંદરથી અગ્નિભડકલાં ઊઠે છે અને રંગબેરંગી ધુમાડો આખા ઓરડાને ભરી દે છે. બન્ને ગુંગળાઈ જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉધરસ ખાય છે. વૈ. પત્ની અસહ્ય બનતાં એમાંથી બચવા બહાર ભાગી જાય છે.]

હા...શ ? પ્રવાહી બનાવ્યું તો ખરું. હવે જોઇએ એની શી અસર થાય છે !

[મોટા પ્યાલામાં પ્રવાહી લે છે, તેમાં પીંછી બોળી ઘડિયાળના કાંટા રંગે છે અને આતુરતાથી એ તરફ જોઇ રહે છે. આશા, ચિંતા, નિરાશાનો ભય–થોડીવારમાં તો અધીર બની જાય છે. એક કાંટો હલે છે. વૈજ્ઞાનિકના ફિક્કા હોઠપર સ્મિત ફરકે છે. વળી બીજો કાંટો હલે છે. અને બન્ને હાથો વંદનનો અભિનય કરે છે.]

(હર્ષમાં ચિત્કાર કરી) ઓહ !... ઓહ !—સફળ. (વૈ. પત્નીને પાસે ઊભેલી માની) જો, જો... હવે તો તારી ખાતરી થઇ ? સાચે જ, આજે જડ-વસ્તુમાં સુપ્ત રહેલું ચેતન જાગ્યું છે.

[વળી ગાંડાની જેમ ઝડપથી ઘડિયાળના બીજા ભાગો રંગે છે. અને પછી ખુરસી, ટેબલ, શીશી, પ્યાલા, ફૂલછોડ રંગી વળે છે. ઘડિયાળ ચાલવા મંડે છે. વારા ફરતી બધી વસ્તુઓમાં જીવન સંચાર થાય છે. બધાં હસવા લાગે છે અને વૈજ્ઞાનિકને પ્રણામ કરે છે. એઓ " માનવીનો જય " પુકારે છે અને નિજાનંદમાં નાચવા મંડે છે. વૈજ્ઞાનિકને ઘેરી વળી ગીત ગાય છે. ત્યારે તે અર્ધપાગલ એક હાથમાં પ્યાલો અને બીજા હાથમાં પ્રવાહી નીગળતી પીંછી સાથે બધા વચ્ચે ચમત્કૃતિનો આનંદ માણે છે. આ જાદુઈ સત્ય જોવા ફક્ત એ એક જ છે.]

તું વણ ઇશ્વર ન્હોય, માનવ ! ઈશ્વર અન્ય ન કોઈ.
ઇશ્વર સીતમગાર જે શાપે
જીવનમુક્તિ મંત્ર ન આપે,
તું અમ તારણહાર, માનવ ! ઈશ્વર અન્ય ન કોઈ.
જડમાં ચેતન થીજી ગયું'તું,
જીવંત તોયે મૃત રહ્યું'તું,
તું પ્રેરણપાનાર માનવ ! ઈશ્વર અન્ય ન કોઈ.
અમ અણુઅણુએ અંતરયામી,
દુઃખહતાશા તેં કંઈ વામી,
તું ખોલે બ્રહ્મદ્વાર, માનવ ! ઈશ્વર અન્ય ન કોઈ.

[પાત્ર તૈયારીઃ

ખુરસી–વાંકા વળી જમીન પર હાથ ... ઘૂંટણો ટેકવવાથી ખુરસીનું પાત્ર ભજવી શકાશે.

ટેબલ–વાંકા વળી જમીન પર હાથ ટેકવવા ... અને પીઠ પર લાકડાનું પાટિયું રાખવું.

ઘડિયાળ–બે હાથના કાંટા બન્નેની કોણી ... પાસે મેળવવા. એક હાથની મૂઠી વાળવાથી ... કાંટો થશે, અને બીજો ખુલ્લી હથેલીવાળો ... મિનિટ કાંટો. કોણીના મિલન બિંદુએ કલા... આંક પાડેલો કાગળનો ચંદો રાખવો. ભજ... પોતાનું મુખ ચંદા પાછળ છુપાવી શકે. એક ... પર ઊભા રહી બીજા પગને લોલક તરીકે હલા... એ ફરતે લાકડાંનું ખોખું રાખવું.

શીશી–ભજવનારે મોટી શીશીને છાતી ... ચાંપીને બેસવું. વાર્તાલાપ વખતે પાછળ છૂપાવેલું ... બહાર કાઢવું. એ જ રીતે પ્યાલાનું પાણી પણ...

ફૂલછોડ–ભજવનારે એક કૂંડામાં બેસી ... કાનામા છૂપાવી હાથો બહાર લંબાવવા. હા... ફૂલ રાખવાં] *

---

* નાટિકા ભજવતાં પહેલાં લેખકની પૂર્વા... આવશ્યકતા છે :

❋

ઊન

આપણા દેશમાં દર વર્ષે આઠ કરોડ રતલ ઊન પેદા થાય છે, અને ત્રણ કરોડ રતલ કાચા ઊનની આયાત થાય છે. કુલ અગિયાર કરોડ રતલ ઊનના આ જથ્થામાંથી ૬૩ ટકાની પરદેશમાં નિકાસ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધમાં પોરા

જોનાર-આંવળોભીંત

રા. ભાઈશ્રી,

આપ મને કહ્યા કરો છો કે તમે આટઆટલું સમાજના અનુભવ વિષે જાણો છો, ત્યારે લખતા કેમ નથી? પણ સાચે જ મારી કલમ ઊપડી શકતી નથી. હિમથી જેમ આંગળીઓ ઠૂંઠવાઈ જાય તેમ કલમ ઠરી ગઈ છે. શું લખું? લખીશ તો મને ખાતરી છે કે લોકો-લાગતાવળગતા કહેશે કે આને તો દૂધમાં પોરા જોવાની ટેવ પડી છે. સારી બાજુ જોતા નથી અને કાળી બાજુ જોવાની ટેવ પડી છે-માખી નરક ઉપર જ જઈને બેસે તેમ. છતાં આપનો આગ્રહ છે, મારી દૂધમાં પોરા જોવાની વાંકદષ્ટિ આપ નભાવી લેવા તૈયાર છો, એથી છેવટ થીજી ગયેલી કલમને મહાપરાણે ચાલતી કરું છું.

સ્વરાજ્ય નહોતું આવ્યું ત્યારે મને સ્વરાજ્યના સ્વપ્નાં આવતાં હતાં. હવે સ્વરાજ્ય આવી પહોંચ્યું છે ત્યારે મને એની બીક લાગે છે. થાય છે, આપણે સ્વરાજ્યને પચાવી શકીશું? આજે તો જ્યાં જોઉં છું ત્યાં ઊંધે ઘડે પાણી ભરાઈ રહ્યું છે.

કલમ ડગુમગુ થઈ છે ત્યાં વિચારો તો ચોમેરથી સામટા ધસી આવવા લાગ્યા છે. એટલે શંભુમેળો થઈ જાય તો માફ કરશો.

એક કેળવણીની સંસ્થાનો સમારંભ હતો. દેશના નવઘડતરમાં ફાળો આપે તેવા નાગરિકો ઘડવાનો એ સંસ્થાનો દાવો છે. એ સંસ્થાના આમંત્રણો અંગ્રેજીમાં છપાયેલાં હતાં. જે પ્રદેશમાં એ વહેંચાયા હતાં તેની ૫ ટકા પ્રજા પણ અંગ્રેજી જાણતી નથી!

એ આમંત્રણની યાદી તપાસો તો ૫-૧૦ ટકા આમંત્રણો ભાગ્યે કેળવણીકારો કે કેળવણીમાં રસ ધરાવતા સજ્જનોને હશે! ૨૦૦-૨૫૦ રૂપિયા દાન આપનારને આમંત્રણ, એ એક આમંત્રિત સદ્‌ગૃહસ્થ, અને જે જાતે કેળવણીના પાયામાં પુરાયેલા છે એવા શિક્ષકો-રસ ધરાવતાને આમંત્રણની જરૂર નહિ!

કહેવાની મતલબ એ નથી કે દાન આપનારને આમંત્રણ ન આપો. પરંતુ દિલગીરી એ થાય છે રૂ. ૨૫૦ના દાનની આર્થિક મૂલ્ય જેટલી પેલા કેળવણીકારની કિંમત નહિ? અને તેય આવી કેળવણીની સંસ્થાના સમારંભમાં! એક છાપાનો પ્રતિનિધિ, જે એની રીતે સારી સેવા કરે છે તેની પણ રૂ. ૨૫૦ જેટલી કિંમત નહિ!

કેળવણીકારો — શિક્ષકોનું દરેક જગાએ માન હોવું જોઈએ, એ સિદ્ધાંતને હું અહીં રડતો નથી. બીજા ગમે તે પ્રસંગે, તમે એને મહત્ત્વ ન આપો તે સમજાય એવું છે. પરંતુ જેનું લગ્ન હોય તે પગે ચાલે, અને બીજા જ ઘોડે ચડીને એ વરઘોડો મહાલે એ કેમ સાંખી શકાય?

મારો છોકરો ગમે તેવો ગાંડોઘેલો હોય, હું એને બીજી વખતે માન ન આપતો હોઉં, પરંતુ એના લગ્ન વખતે ઘોડે તો મારે એને જ બેસાડવો જોઈએ ને? મારો બીજો છોકરો બહુ હોશિયાર હોય માટે એ જગા તે વખતે એને અપાય?

આમ કહીને શિક્ષકો — કેળવણીકારો ગાંડાઘેલા છે એવો હું આક્ષેપ કરતો નથી. કહેવાની મતલબ એ કે, એમ હોય તો પણ, કેળવણીની સંસ્થાનો સમારંભ, એ એમનો વરઘોડો છે. બીજા પ્રસંગે ભલે એમને માન ન આપો, પરંતુ આ વખતે તો એને જ ઘોડે બેસવાનો હક છે.

પરંતુ આ વસ્તુ જેમ આપણા કાર્યકર્તાઓ સમજ્યા નથી, તેમ કેળવણીકારો ય સમજ્યા નથી. એ પોતે જો પોતાનું સ્વમાન જાળવતાં શીખે તો તરત કાર્યકર્તાની પણ ભૂલ સમજાય. વર વગરની જાન તે કંઈ શોભવાની હતી?

એ વાત લંબાવ્યા વગર આગળ ચાલું છું. સમારંભની બેઠક ગોઠવાય છે. વ્યાસપીઠ ઉપર નજર કરું છું તો ચક્કર આવે છે. ૩૦-૪૦ ખુરસીઓમાં ૩-૪ કેળવણીકારો વ્યાસપીઠ ઉપર હશે. બાકીના જોઉં છું તો સરકારી અમલદારો, કોંગ્રેસના કાર્યકર્તાઓ, ખિતાબધારીઓ, કાળા બજારીઆ અને કેળવણીનું મહત્ત્વ ન સમજતા પ્રતિષ્ઠિત સજ્જનો!

ભાષણો શરૂ થાય છે. દરેક વકતા અંગ્રેજીમાં બોલે છે. સ્વભાષામાં કેળવણી આપવી જોઈએ, એ સિદ્ધાંત સ્વીકારાયો છે ત્યારે બોલવા ઊભા થયેલા વકતાઓમાંથી એકાદનેય ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થાના ભાવિની સારી સારી વાતો ઉચ્ચારાઇ. અહીં વિદ્યાર્થીઓ દરેક બાબતમાં સ્વાશ્રયી થશે, સંસ્થાના અધ્યાપકો પણ વિદ્યાર્થીઓ ઉપર એ જાતનો દાખલો બેસાડશે. અત્યાર સુધીની સંસ્થાઓ શહેરમાં બંધાઇ છે, પરંતુ આ સંસ્થા ગામડાંમાં બંધાય છે એ એનું એક મહત્ત્વ છે. એથી ગામડાંની પ્રજાને કેળવણી સુલભ થશે.

મારા મગજમાં તે વખતે જુદા વિચારો ચાલી રહ્યા હતા. આ કોટપાટલૂન અને ટાઈ બાંધેલા અધ્યાપકો વિદ્યાર્થીઓને કયા સ્વાશ્રયનો કઇ જાતમહેનતનો પાઠ આપશે! એમાં સ્ત્રી અધ્યાપિકાઓ પણ હતી, જેમનો ગુજરાતી પહેરવેશ નથી, ઊંચી એડીવાળા બૂટ પહેરેલા છે, એ મારી ગુજરાતી બહેનો આગળ શો આદર્શ મૂકશે? બહેનો ચંપલ પહેરે છે તેને બદલે ઊંચી એડીવાળા બૂટ પહેરવા જોઇએ એમ કહેશે? પફ પાવડર કરતાં શીખવશે? લગભગ અર્ધ ઉપરાંતના અધ્યાપકો ગુજરાતી નથી જાણતા એટલે ગુજરાતી ભાષાને શી રીતે મહત્ત્વ મળશે? ગામડામાં આવી કેળવણીની સંસ્થાઓ થવાથી શો લાભ થવાનો છે? એ સમારંભમાં મેં દૃષ્ટિ કરી ત્યારે ગામડાંનો સાચો પ્રતિનિધિ હોય એવો કોઈ દેખાતો ન હતો. અને હશે તો કોક દૂરના ખૂણામાં ભરાઇ ગયો હશે, જે મારા જોવામાં ન આવ્યો હોય. બાકી બધો, ગામાડાંની વાતો કરનાર શહેરી જીવન રહેણીવાળો વર્ગ હતો. ગામડાંનો સાચો પ્રતિનિધિ ભૂલેચૂકે આવી ચડયો હોય તો અંદર પેસતાં જ ગભરાય!

સમારંભ પૂરો થાય છે. પ્રમુખને ફૂલહાર થાય છે. સંસ્થાના કાર્યકર્તા ફૂલહાર કરે, એ બરાબર છે. પરંતુ તે પછી જેમને ફૂલહાર કરવાનું, માન મળ્યું તેમને મન પ્રમુખ શું બોલ્યા તે તૂંબડીમાં કાંકરા ભરી ખખડાવે તેની બરોબર હતું!

સમારંભ પૂરો થયો.

મને થયું સ્વરાજ્યના તંત્રમાં આવું ચાલશે તો એ ક્યાં સુધી નભશે? કેળવણીની એ સંસ્થા વિષે મને બહુ માન છે. એમના કાર્યકર્તાઓની ધગશ માટે મને શંકા નથી. એમની સેવા અને ત્યાગ જ્વલંત છે. પરંતુ એટલું બસ નથી. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની વાણી અને આચરણ એક હોવું જોઇએ. એ નહિ હોય ત્યાં આદર્શની ગમે તેટલી વાતો ધૂળ ઉપર લીંપણ.

આ કેળવણીની સંસ્થાનો આદર્શ, જૂની સંસ્થાઓને ટક્કર મારે એવી ચાલુ–ઘરેડવાળી–કેળવણી આપવાનો હોત તો મારા ઉપરના પોરા કંઇ કામમાં ન લાગત. પરંતુ એક બાજુ જાતમહેનત અને ગામડાંની વાત છે—સામી બાજુ ધખધખતા ઉનાળામાં કોટ, પાટલૂન, ટાઇ ને ઊંચી એડીના બૂટ છે! આ શબ્દો આ મોંમાંથી બોલાય એનો મેળ કેમ બેસે?

આજે આપણા પ્રજાજીવનમાં, વ્યાસપીઠ સર કરનાર એક સર્વગુણસંપન્ન વર્ગ છે. જે અસ્પૃશ્યતા-નિવારણની પરિષદ હોય, કેળવણીની હોય, સાહિત્યની હોય, કે તેલીતંબોળીની અને કાણુ–માકણુની હોય પણ, વ્યાસપીઠના અધિકારીઓ એ જ ગણાય છે. જેનાં લગ્ન હોય તેનાં ગીત ગવાય, એટલી સાદી વાત પણ આપણા સમજવામાં આવી નથી.

આવા પોરા હું આપવા બેસું તો પાર જ આવે તેવો નથી. હમણાં એક સવર્ણોનો કૂવો હરિજન માટે ખુલ્લો મૂકવાનો હતો તે માટે જેમના પોતાના ઘરમાંથી અસ્પૃશ્યતા નથી નીકળેલી તેમને આમંત્રણ મળ્યું! કારણ કે, એ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે.

એક વ્યાયામનો મેળાવડો, જેનું શરીર માયકાંગલું છે, વ્યાયામને અને એને નાહ્યે સ્નાનસૂતક નથી, તેવા દૂધમાં પાણી રેડવાનો વેપાર નહિ, પણ પાણીમાં દૂધ રેડવાનો વેપાર કરે છે તેવા દૂધના વેપારીના પ્રમુખપણા નીચે ઊજવાયો! કારણ કે, એવા પાણીના એની પાસે ઘણા પૈસા હતા.

વાત નીકળી છે ત્યારે તાજા તાજા આપણા ગ્રીષ્મ તાલીમ વર્ગો વિષે કહી લઉં. હમણાં હમણાં દર સાલ ગ્રીષ્મવર્ગો વધતા જાય છે. કોઇ વ્યાયામના હોય છે, કોઇ ગ્રામસેવાના હોય છે, કોઇ રાષ્ટ્રભાષાના હોય છે, કોઈ રેંટિયાના હોય છે, વગેરે વગેરે.

એક દર્દીને ડૉક્ટર રોજ દવા આપ્યા કરે એ એમ માની લે કે એનો રોગ મટે છે તો એ ભૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલું કહેવાય. એની ચિકિત્સા પછી જો લાગે કે રોગ મટયો છે તો એ બરાબર છે. બાકી દવા કર્યા છતાં રોગ ન મટે એવું પણ બન્યા કરે છે. એમ આપણા આ વર્ગોરૂપી દવા કરવાથી જેની જેની દવા આપી તે રોગ મટયો છે એમ મોટે ભાગે માની લેવામાં આવે છે. કારણ કે, દર સાલ વર્ગો વધે છે, પછી દવા લાગુ પડયા વગર આટલી સંખ્યા ઊભરાતી હશે? આમ ઘણા માની વર્ગો ચલાવ્યાનો શ્રમ ફળ્યો એમ માને છે.

પરંતુ ઘણા પ્રસંગો તપાસાય તો, પેલા વ્યાસજી કથાની પોતાની છટા માટે મનમાં ફૂલાતા હતા એના જેવી એ વાત છે, વ્યાસજી ગળું ખેંચી ખેંચીને કથા કહેતા હતા તેથી એક ઘરડી ડોસીની આંખમાં જળજળિયાં આવ્યા. વ્યાસજી ફૂલાયા, થયું કે મારી કથા ડોસીના હૈયાને પીગળાવે છે! વધુ ગળું ખેંચવા લાગ્યા. ડોસીની આંખમાં આંસુ આવ્યાં. કરાંઝી કરાંઝીને જોર હતું તેટલું ગળું વ્યાસજી ખેંચવા લાગ્યાં. ડોસીની આંખમાંથી આંસુની ધારા ચાલી! કથા પૂરી થઈ રહી. બધું શ્રોતામંડળ વેરાઈ ગયું પણ ડોસીમા સૂમ બની ગયાં હોય તેમ બેસી રહ્યાં હતાં.

વ્યાસજીએ પુલાઈ જતાં પૂછયું. 'માજી? તમને કથામાં બહુ રસ પડયો. ચોધાર આંસુએ રડયાં એટલું હૈયું ઊભરાઈ આવ્યું!'

માજીએ કહ્યું: 'બાપજી! કથામાં તો મારું ધ્યાન જ ન હતું......'

'ત્યારે?'

'મારી પાડી બચારી બરાડી બરાડીને એટલું દુઃખ પડયું કે છેવટ મરી ગઈ. મને થયું, તમે પણ એની પેઠે બરાડો છો તે કેટલું દુઃખ તમને પડતું હશે? એથી મને ઓછું આવ્યું અને રડી પડાયું!'

બિચારા વ્યાસજીની જે દશા થઈ તેવી માનું છું કે સંપૂર્ણ નહિ તો અમુક અંશે આ ગ્રીષ્મ વ્યાયામ વર્ગોના ચલાવનારાઓની થાય. જો આજે વર્ગો સંખ્યાથી ઊભરાઈ જવાથી હરખાય છે, તે વર્ગોમાં આવનારનું માનસ જાણે તો.

આજે ઘણા વિદ્યાર્થીઓ શ્રી રામનારાયણ પાઠકની 'મુકુંદરાય' વાર્તાના પ્રતિનિધિઓ છે. રજાઓમાં એમને ગામડાંનું એમનું ગૃહજીવન, શાળા–કૉલેજોમાં શહેરમાં રહેવાથી, ગમતું નથી. દાળભાત અને રોટલી જમેલા એમને ઘેર કઢી, ખિચડી, રોટલા ગળે ઊતરતા નથી. એટલે આવી રજાઓનો ઉપયોગ આવા વર્ગોમાં જવાથી ઘરથી છૂટાય!

ઘણા એ વૃત્તિના નહિ હોય તો મજા ખાતર આવે છે. કંપની ખાતર આવે છે. જુદા જુદા મોટા માણસના ભાષણ સાંભળીશું. એમના ભેગા રહેવાનો લ્હાવો મળશે. આમ જે વર્ગોનો જે ઉદ્દેશ છે તે ભાવના ઝીલનાર તો ગણ્યાગાંઠયા જ નીકળે.

બાકી વ્યાયામવર્ગના વિદ્યાર્થીઓ મણ મણના લોઢાના ગોળા ઊંચા કરીને ફેંકે, તે વર્ગ પૂરો થાય ત્યારે બિસ્તરો ઉપાડવા મજૂર શોધે? ગ્રામસફાઈની તાલીમમાં જઈ આવેલો યુવક ઘેર એના ઘરની એના સૂવાબેસવાની ઓરડી સાફ કરવા માટે બા–બહેનની રાહ જુએ? તાલીમના વર્ગમાં પાંચ વાગે ઊઠતો યુવક સોનાનાં નળિયાં થાય છતાં, બા ઉઠાડે છતાં ઘોરયા કરે?

અને સામો સવાલ કરો કે—ભાઈ! તાલીમવર્ગમાં તો એટલા વહેલા ઊઠતા હતા અને અહીં કેમ આમ?

તો જવાબ આપશે —અહીં વહેલા ઊઠીને મરવાં મારવાનાં છે!

બબલભાઈ અને નાનાભાઈનાં તાજાં વ્યાખ્યાનો સાંભળી આવેલો. ઘેર આવ્યાને બીજે જ દિવસે રજાઓ હોવાને લીધે કામ ન દેખે, **મરવાં મારવા** જેવો શબ્દપ્રયોગ વાપરે! બાપ રે!

રાષ્ટ્રભાષાના વર્ગો ભરતો અને પરીક્ષા આપતા વિદ્યાર્થીને પૂછીએ કે, 'કેમ ભાઈ, કંઈ રાષ્ટ્રભાષાનું બહુ અભિમાન જાગ્યું છે કંઈ?'

તો એ વ્યવહારડાહ્યો જવાબ આપે છે–તમે ત્યારે હજી સમજતા નથી. કૉંગ્રેસ સરકાર આવવાની છે. અંગ્રેજીને ઠેકાણે રાષ્ટ્રભાષાને મહત્ત્વ મળવાનું છે. તે વખતે જેટલા માણસો સરકારને જોઈએ તેટલા તૈયાર નહિ હોય એટલે આ સર્ટિફિકેટનું કાગળ તે દા'ડે ખરું ખપમાં લાગવાનું છેઃ હમણાં બહુ ભણનાર નહિ એટલે ઉત્તેજન ખાતર પરીક્ષાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીબરલ છે. પછી જતે દહાડે કડક થવાની. એટલે હમણાંની પંગતમાં બેસી જવામાં ફાયદો છે.

કોઈ કહેશે, તમે તે બસ પોરા જ જોયા કરો છો ને? નરાતાર તે કંઈ આવું ડીંડવાણું હોતું હશે? એના જવાબમાં કહેવાનું કે નરાતર નહિ તો ૯૯ ટકા તો છે જ.

પરંતુ આપણા આજના વ્યાસજીઓ સારું છે કે થોકેથોક કથામાં આવતા અને આંસુ પાડતા શ્રોતાજનોને એ કારણ પૂછતા નથી. વળી જો પૂછતા હશે તેમને પણ આંસુ પાડવાનું ખરું કારણ જાણવા મળવું મુશ્કેલ છે. કારણ કે આપણો આજનો શ્રોતાવર્ગ પેલી ડોસી જેવો પાછો અબુધ નથી કે મનની વાત કહી દે!

આજે તો આપણને જૂઠાણું ચલાવતાં બહુ સરસ આવડી ગયું છે. ખોટો ડોળ કરવો. અંતરમાં ન હોય તે વાત ઉચ્ચારવી. હમણાં એક બાર–એટ–લૉ અને જાહેર માણસને કેળવણીની એક સંસ્થા જોવા નીમંત્ર્યા હતા. ટાઈમ કરતાં દોઢ કલાક મોડા આવ્યા. દરવાજે વિદ્યાર્થીઓની ટુકડીને ગાર્ડ ઑફ ઑનર આપવા ગોઠવેલી તે ઉનાળાના તાપમાં તપી, કેપ્ટન કોઈ કાળી ટેક્ષી દૂરથી જુએ કે વિદ્યાર્થીઓને ખડા હો જવાનો હુકમ કરે. પગ પછાડતા વિદ્યાર્થી ઊભા થઇ જાય. કાળી ટેક્ષી સરરર કરતી રસ્તા ઉપર આગળ ચાલી જાય. કેપ્ટન લાચાર થઈ વિદ્યાર્થીઓને બેસી જવાનો હુકમ આપે. ચાર વખત આવું થયું. વિદ્યાર્થીઓ તો બિચારા વાજ આવી ગયા. કેપ્ટન પણ બબડવા લાગ્યા. છોકરાઓને હવે થાકીને રજા આપી ઘેર વિદાય કરવા જેટલો વખત થઈ ગયો. એની તૈયારી ચાલતી હતી. સભાસ્થાને બેઠેલા વિદ્યાર્થીઓને કહી પણ દેવાયું હતું. ત્યાં મોટર આવી. ગાર્ડ ઑફ ઓનર અપાયું. એમના માટે રાખેલી વિદ્યાર્થીઓ અંગેની બધી પ્રવૃત્તિઓ મોકૂફ રાખવી પડી હતી. ફક્ત વિવેક ખાતર વિદ્યાર્થીઓ આગળ એ બે શબ્દ બોલ્યા. ભૂખ એટલી લાગી હતી કે બે શબ્દો સાંભળવા જેટલી ય વિદ્યાર્થીઓની ધીરજ ન હતી. એ બે શબ્દોમાં એમણે કહ્યું: 'તમારી અહીંની પ્રવૃત્તિઓ જોઈ હું ઘણો ખુશી થયો છું.'

એનો વળતાં આભાર માનતાં સંસ્થા તરફથી કહેવાયું: 'આપના પધારવાથી અમને બધાંને ઘણો આનંદ થયો છે.'

સાચી રીતે એમણે સંસ્થાની એકે ય પ્રવૃત્તિ જોઈ નહોતી, તેમ જ તે વખતે સામી બાજુથી આનંદનું બિંદુ પણ ન હતું. જે કંઈ હતું તે દોઢ કલાકના તાપમાં સૂકાઈ ગયું હતું!

આ બધું આપણા રોજના જીવનમાં જામેલું જૂઠાણું ભલે આપણને ન દેખાતું હોય પણ એ ભયંકર છે. અને આપણાં મોટાંનો–ઘરમાં કુટુંબીઓનો, શાળામાં શિક્ષકોનો–એ વારસો યુવકો પણ એટલે જલદી પચાવે છે કે વર્ગોમાં આવનારને તમે સીધું પૂછો તો એ એના અંતરનું કારણ સાચું કહે જ નહિ. અને એ જૂઠાણાની પરંપરામાં આપણો સમાજ તણાયે જાય છે.

પ્રૌઢશિક્ષણના વર્ગો જે ચલાવે છે, એમનાં કેટલાનાં ઘરમાં પત્નીઓ અભણ છે? એમાંના કેટલાંએ ભણાવી? આની કોઇએ ગણતરી કરી છે! આજે આપણા કેટલા શિક્ષકોની પત્નીઓ અભણ છે!

ભાઇ ઈશ્વરભાઈ, મારા જેવા આંધળાભીંતને તમે વળી દૂધમાં પોરા શોધવાનું ક્યાં સોંપ્યું? આંધળાને તે વળી દિશા કે વખતનું ભાન હોય? એ તો જેમ આવ્યું તેમ હાંકયે રાખ્યે. એને ક્યાંથી ક્યાં ચાલે છે તેમ શી રીતે દેખાય? એટલે ગાયનું ભેંસ તળે ને ભેંસનું ગાય તળે જતું રહી વિષયાંતર પણ થઈ જાય.

આશા રાખું છું કે મારા આ પ્રથમના પોરાઓ જોઈ, તમારા વાચકોનો ઠપકો સાંભળી ફરી આ કામ તમે મને નહિ સોંપો. બાકી આથી ય તમે સાન નહિ સમજી જાવ અને જો મારી પાસે આમ હંકાવ્યે જશો તો વાચકો તમારા ઉપર તૂટી પડશે. પછી મારો દોષ ન કાઢતા.

લિ. આપનો,

દેખતાને દોરવાનો મિથ્યાપ્રયત્ન કરતો આંધળોભીંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘબિંદુ

ધૂમકેતુ

એવી તે કેવી ભયંકર ઉદાસી ગુરુ અર્જુનદેવ જેવાને ઘર આંગણે આજ ઊતરી પડી છે?

આજ એ આંગણે આવો શોક ક્યાંથી?

જીવનધર્મનો પ્રશ્ન જ્યારે જ્યારે ઊભો થયો, ત્યારે ત્યારે જેમણે મહામોલી જિંદગીને પણ પાણીનાં મૂલ્યે ગણી, એવા આ સંતના પણ સંતને આંગણે, એવી તે કેવી આ નિરાશા વ્યાપી ગઈ છે કે જેના પડછાયામાં જીવનધર્મ ઉત્સવો પણ જાણે ઝાંખા ઝાંખા બની જતા દેખાય છે?

એવી કઈ મહાવેદના ત્યાં છાઇ ગઈ છે?

ઘેરા વિષાદની આવી છાયા ત્યાં આજ ક્યાંથી ઢળી પડી છે?

ઘરઆંગણે, ગુરુપત્નીના અંતરમાં, એક કથી ન શકાય તેવો શોક, ઘર કરીને બેઠો છે.

એ શોકના નાનામોટા પડછાયાથી આખું આંગણું જાણે છવાઈ ગયું છે.

પોતાના નારીત્વના ધર્મકાર્ય ઉપર એક મહાન સંકટ આવતું ગુરુપત્ની નિહાળી રહ્યાં છે.

નારીત્વનો મહામોલો વારસો પોતાના હાથમાંથી સરી જતો એ દેખી રહ્યાં છે.

નારીત્વનો મહા મૂલ્યવાન જીવન જન્મ્યો વારસો તો આ કે, એ નરનું તેજ, સાંગોપાંગ સંઘરીને, જાણે હાથોહાથ સમુદ્રમંથની અમૃતનો કૂપ ધારતી હોય તેમ ધારે અને ભવિષ્યની પેઢીને એ સોંપે, જાણે પરંપરા સોંપતી હોય તેમ; જાણે પેઢી ઉતાર થાપણ આપતી હોય તેમ.

પણ સામાન્યમાં સામાન્ય નારીનું પણ, આ મહાભાગ્ય ગુરુપત્નીને હજી મળ્યું નથી. વર્ષો વહ્યા છતાં એમની વેદનાનો એટલે કોઈ આરો નથી. એ ઘરઆંગણે બેસે છે અને એમના મનમાં ને મનમાં નિરુત્તરી પ્રશ્નો ખડા થાય છે: 'ગુરુનો યોગ્ય વારસ, હે નારી! તેં ક્યાં સંતાડયો છે? નારીધર્મની તારી ઉત્તમોત્તમ જીવનસફળતા તેં હજી કાં દેખાડી નથી? લોહધર્મને વરેલા પંજાબના સંતાનોને દોરનારો ગુરુનો સિંહાસનધર્મી વારસ તું ક્યારે આપવાની છે? કે તારામાં એ જીવનપ્રેમ નથી? હે નારી! બોલને, નિરુત્તર કેમ થઇ ગઇ છો?'

ગુરુપત્નીનું અંતર તો અગ્નિકુંડ જેવું અંદર ને અંદર સળગી ઊઠયું છે. એમને જીવનમાં એક પળની શાંતિ નથી. નારીત્વની વિફળતાનો આ લજ્જાભાર એમનાથી સહ્યો જતો નથી, એક શેર માટીના અભાવે એમનું જીવન ખારું ધુધવાડ થઈ ગયું છે! અને પછી એક દિવસ એ ચિત્તમાં આશાનો આનંદધ્વનિ સંભળાય છે!

ગુરુ નાનકના જમાનાના એક સંત માતાજીને સાંભરી આવે છે. વયોવૃદ્ધ, એકલડોકલ, અબોલ જેવા એ પુરુષે ગુરુનાનકના દિવસોનાં સંસ્મરણો એના જીવનમાં મહામોલાં રત્નોની જેમ સંઘરી સંઘરીને ભરી રાખ્યાં છે. એ સંસ્મરણોની મીઠી ખુશબો એના જીવનને તરબતર કરી રહેલ છે. જો આ પુરુષની અમીદૃષ્ટિ પડે—માતાજીને જીવનમાં આશાનું આ એક જ છેલ્લું કિરણ દેખાય છે.

એક દિવસ અચાનક પોતે સંતને મળવા ચાલી નીકળ્યાં. એમનો આશીર્વાદ લેવા ઊપડ્યાં. સાથે દમામભર્યો રસાલો છે. નોકરો છે. ચાકરો છે. દાસી અને દાસનું સેન છે. ભેટસોગાદોનો કોઈ પાર નથી. ગુરુનાનકના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાનાના વયોવૃદ્ધ તપસ્વીને યોગ્ય માન આરામની તમામ સામગ્રી સાથે છે. ભોજનના સોનારૂપાના થાળ રસભરી વાનીઓથી છલકાઈ રહ્યા છે.

મોટા રાજવંશી ઠાઠમાઠથી એની સાદી ઝૂંપડીને ઢાંકી દેતાં ગુરુપત્ની ત્યાં નમ્રભાવે ઊભાં રહ્યાં.

પણ સંતની દૃષ્ટિ—એમાં કયાંય અમી નથી. શા માટે આવ્યાં છો એવી નેહભરી પૃચ્છા નથી. અંતર વાંચી લેવાની તમન્ના નથી. એમાંથી તો આ રાજવંશી ઠાઠ પ્રત્યે આશ્ચર્યભરેલી ઉદાસીનતા આવી રહી છે!

જાણે કે કાંઈ જ ન હોય તેમ ખુશી નાખુશીની, સ્વીકાર અસ્વીકારની, કોઇ જ ઝાંખી એમાંથી આવતી નથી.

ગુરુપત્ની જ્યારે પાછાં ફર્યાં ત્યારે જાણે અંતરમાં અંધારૂં અંધારૂં લાગે છે. સંતની મૌનવાણીનો કોઇ અર્થ હૃદયમાં જન્મતો નથી. આશીર્વાદની કયાંય પ્રતીતિ જણાતી નથી. આશાબિંદુને નિરાશામાં ન ફેરવનારું કોઈ ચિહ્ન દેખાતું નથી.

પછી તો એ પોતે એકલાં એકાંતમાં આ વસ્તુ ઉપર ચિંતન કરવા બેઠાં!

આ શું? આ ગજબ કેવો? સંતની આ મૌન સ્વીકૃતિ અસ્વીકૃતિ કાંઈ ન સમજાય તેનો અર્થ શું?

અને એ એકલાં વધારે ને વધારે ઊંડું ને ઊંડું નિહાળવા લાગ્યાં, એમ એમ સંતની મૌનવાણીમાં રહેલા મહાઅર્થની ઝાંખી થવા લાગી: અને એ અંતે બોલી ઊઠ્યાં: 'ઓ હો હો! આ તો આમ જ હોય. એમાં કાંઇ મીનમેખ ન થાય!' થોડા દિવસ પછીની વાત છે. કોઈ કોઈ દેખનારા ન માનતા હોય તેમ આશ્ચર્યચકિત નેણે રસ્તા ઉપર જોઈ રહ્યા છે!

આ શું?

ગુરુપત્ની એકલાં અણવાણે પગે આમ અત્યારે અસુરાં કયાં ચાલ્યાં? કોઈ દાસદાસી નોકરચાકર પણ સાથે નથી. મ્યાના પાલખી રથ દેખાતાં નથી. આ શું?

ગુરુપત્ની એકલા ઉઘાડે પગે ચાલી રહ્યાં છે. માથે ભાત ઉપાડયું છે. ખેડકરનારાઓ મજૂરો ગરીબો ખાય તેવું. જાણે કે ભથવારીનો સ્વાંગ ધાર્યો છે. અને એ એકલાં સંતની ઝૂંપડી તરફ જઈ રહ્યાં છે!

સંત બુદ્ધ, સમજી જનારી આ અદ્‌ભુત નારીને દેખતાં જ ડોલી ઊઠ્યા. મૌન વાણીને એની શક્તિને, અંતરમાં ને અંતરમાં પોતે આનંદથી પ્રશંસી રહ્યા!

એનામાં રહેલા અનન્ય વ્યક્તિત્વને જાણે કે પ્રત્યક્ષ જોઇ રહ્યા! વાહ્ વાહ્!

'મહાભાગી માતાજી! તમે તો જગતને પોષનારું, આ અન્ન માથે ઉપાડયું છે.' સંતનું મૌન વાણીમય બન્યું: 'તમે જે સમજણ બતાવી છે તે તો ભલભલાને પાણી ભરાવે તેવી છે. માતાજી! 'દેગ ને તેગ–' આહારઅન્ન ને આયુધ બન્ને જેની પાસે હોય, કરુણા ને શક્તિ બન્ને જેને વર્યાં હોય, એવા કોઈ નરપુંગવની જન્મદાત્રી થવાનું મહાભાગ્ય તમારા લલાટમાં હું તો સ્પષ્ટપણે વાંચી રહ્યો છું! પાછાં સ્થાને ફરો માતાજી! કોઈ મહાન જ્યોતિ તમારી રાહ જુએ છે!'

પછી તો ભવિષ્યના એક દિવસે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ અર્જુનદેવના અકાલ મરણ પ્રસંગે, માત્ર અગિયાર જ વર્ષના ગુરુ હરગોવિંદને–'દેગ ને તેગ'ની બબ્બે સમશેરના સ્વામીને નિહાળીને–પંજાબના મેદાનો એકવાર ફરીને ઘેલી રણભેરીથી ગાજી ઊઠે છે: 'અકાલનો વિજય હો! ગુરુ નાનકનો જય હો! ગુરુ હરગોવિંદની સમશેર સમર્થ હો! દેગનો ને તેગનો જય હો! કરુણા અને કઠોરતા બન્ને અમારા જીવનધર્મ હો!'

અને સામેથી સિંધુનાં જલમેદાની પડઘા પડે છે: આતતાયીને હણનારી અમારી તેગ અમર રહો. નિરાધારને અપંગને આશ્રિતને રક્ષનારી અમારી દેગ પણ અમર રહો! દેગનો ને તેગનો જય હો! કરુણા અને કઠોરતા બન્ને અમારા જીવનધર્મ હો!'

[૨]

કાબુલી ડુંગરમાળાની કંદરાઓ! તમે–તમે પણ–ગુરુ ગોવિંદના ચેલાનો તે દિવસે આ જવાબ સાંભળીને એક ઘડીભર તો મધુરી સંગીત કવિતાના તાને તાને જેમ હૃદય પ્રફુલ્લી ઊઠે એમ પ્રફુલ્લ પ્રફુલ્લ બનીને ડોલી ઊઠેલ કે નહિ? તમને પણ લાગ્યું હશે કે મૃત્યુનો આવો મહિમાવંત ખ્યાલ મેળવવા માટે તો યુગોના યુગો પાછું જવું પડે કાં? તમારી કંદરાઓ કે જ્યાં મૃત્યુ મહેફિલ છે એમને પણ સુબેદાર જેવંદસિંઘનો પ્રત્યુત્તર ડોલાવી ગયો કાં?

ઈસ્વીસન અઢારસો એંશીનો એ સમય હતો. અંગ્રેજોને એક કુમતિ સુઝી હતી. અફઘાનોને ત્યાં પોતાનું થાણું જમાવવાની.

થાણું તો નાખ્યું–પણ એ કેટલા દી? એક દિવસે તો હજારોનાં ટોળાં ઊપડયાં. રેસિડન્સી અંગ્રેજોની ઘેરી કાઢી. ગોળિયોની સામસામી ઝપટ બોલવા માંડી. માણસો એક પછી એક મરી ખૂટવા માંડ્યા. સપ્ટેમ્બરનો સૂરજ આ જોઈ રહ્યો.

અમીરને સંદેશા ત્રણ મોકલ્યા. પણ સંદેશો પહોંચાડનારો કોઈ સો વારથી આગળ વધી શક્યો જ નહિ ને!

એ વખતે રેસિડન્સીમાં ચાર અંગ્રેજ અમલદારો હતા. થોડા હિંદુશીખ સૈનિકો હતા. નોકરચાકર ને માણસો હતાં. જ્યારે લાગ્યું કે મદદ કોઈ નહિ કરે ત્યારે મરણિયો બચાવ શરૂ થયો. જંગ જેવું તો કાંઇ થાય તેમ હતું નહિ. સામે તો ટોળાં હતાં. રેસિડન્સીમાં તો ગણ્યાંગાંઠ્યાં માણસો હતાં.

પણ પોતાનું જીવન મોંઘામાં મોંઘી કિંમતે વેચવું– એવો સંકલ્પ સૌએ કર્યો.

એટલામાં તો બહારનાં ટોળાંને હાથ બે નાનકડી તોપો આવી ચડી. થઇ રહ્યું. હવે તો એના મારા સામે ટકવું મુશ્કેલ હતું. અત્યાર સુધી બચાવને કાંઈક સ્થાન હતું, ટકી રહેવાનો કાંઈક મોકો હતો. પણ હવે? શું થાય?

એ તોપોને ડામી દેવાનો ભીષણ પ્રયોગ કરવાનો નિશ્ચય થયો. પહેલાં ચાર અંગ્રેજો ખુલ્લી તલવારે હેમીલ્ટન નામનો જુવાન સહિત થોડા સૈનિકો સાથે બહાર પડયા. સેનાનાયક એમને દોરી રહ્યો હતો. તોપોને પાંગળી કરી બહાદુરીથી આશ્રયસ્થાને પાછા ફર્યા. પણ તેમાંનો એક મર્યો. પછી બીજી વાર ત્રણ બહાર પડયા. ત્રીજી વાર બે બહાર પડયા, છેવટે ચોથી વાર જુવાન હેમીલ્ટન એકલો વીરમૃત્યુને ભેટવા ચાલી નીકળ્યો. એની સાથેના દેશી સૈનિકો એને ચાર ચાર વખત મૃત્યુના મોંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો જોઈને એની હિમ્મત ઉપર આજે ફીદાં ફીદાં થઈ ગયા હતા.

પણ આ ચોથી વખતના કેસરીયા જુદ્ધમાં હેમીલ્ટન વીરમૃત્યુને ભેટ્યો.

હવે અંગ્રેજોની રેસિડન્સીમાં એક પણ અંગ્રેજ ન હતો. દેશી સૈનિકો હતા, પણ દોરનાર કોઈ ન હતો.

સપ્ટેમ્બરનો સૂરજ, સંધ્યાકાળે, હેમીલ્ટનના કરતાં વધારે ગૌરવશાળી મૃત્યુ હવે જોવા નહિ મળે, એમ ધારીને ઝાંખો થતો આથમી ગયો.

પણ એને કયાં ખબર હતી કે દિવસનાં સઘળાં પરાક્રમોને ઝાંખાં કરી બતાવનારી તો હજી રાતની વાત આવવાની હતી. એણે જોયું એ અદ્‌ભુત હતું. પણ ન જોયેલું તો અનન્ય થવા નિર્માયેલું હતું.

કોઇ અંગ્રેજ જીવતો રહ્યો નથી એ જાઈને ટોળાંએ સૈનિકોને કહેવરાવ્યું: 'હવે જુદ્ધનો અંત આવે છે. અમારે તમારી સાથે કાંઈ લેવા દેવા નથી! જે કોઈ ઘાયલ સાહેબ પડ્યા હોય તેની સોંપણી કરી દો. ને તમે ચાલ્યા જાઓ! તમારે લૂંટવું હોય એ લૂંટતા પણ જજો! ફીરંગી તમારા સગા નથી. અમારા પણ સગા નથી!'

અને તે વખતે કોઇ અંગ્રેજ એમને દોરનાર ન હતો. લડવાવાળા મરી ખૂટ્યા હતા. ઘાયલ થયેલા પણ મરણ પામ્યા હતા.

પણ જવાબમાં તો જુદ્ધ ચાલુ રહ્યું!

'અરે! હવે શું કરવા લડો છો, તમે? કૂતરાને મોતે મરવા માટે? હવે શું છે?' ટોળાંએ ફરી કહેવરાવ્યું.

જમાદાર જયવંતસિંહ એકલો એમને દોરનાર રહ્યો હતો. પોતાની આસપાસ એણે નજર કરી. આખું મકાન મરણ પામેલાઓથી ને મરી રહેલાઓથી ભરાઇ ગયું હતું. એની પાસે કેવળ દસબાર જણા ઊભા હતા. જયવંતસિંહે એમના તરફ જોયું, 'આપણી એક જ ફરજ છે ભાઇઓ! મરી ખૂટવાની. આ લડાઈ ન હતી. એ જે કાંઈ હતું તે, આપણે એમાં સમજતા નથી એમ માનો. પણ અત્યારે તો હવે માનવનો ધર્મ શું છે? આ શબનાં અપમાન કરીને આવી સ્થિતિમાં એમને તજીને જો આપણે ચાલ્યા જઈશું, તો આપણા નામ ઉપર માણસજાતને ધિક્કાર છૂટશે. નિશ્ચય કરો—બોલો, મરેલાંને ખાતર મરવું છે કે બૈરાં છોકરાં માટે જીવવું છે?'

જવાબમાં ધડાધડ બંદૂકો છૂટવા માંડી ફરીને ડુંગરાઓ ડોલી ઊઠ્યા. સૌને મરવું હતું. કોઈને જીવીને મરવું ન હતું.

[૩]

બાદશાહ જહાંગીરના દરબારમાં ગયેલા સર થોમસરૉનું મન તે દિવસે ખાટું ખાટું થઈ ગયું.

શહેનશાહે માગ્યું એટલે એ ના પાડી શકયો નહિ, પણ પોતાના એક અત્યંત નિકટના પ્રિયમિત્રનું એવું સુંદર આબેહૂબ ચિત્ર ગુમાવીને એને લાગ્યું કે એ જાણે હવે મુફલિસનો પણ મુફલિસ બની ગયો છે. એની આ છબી જેવી અદ્‌ભુત હતી તેવી અનન્ય હતી. હવે એ મિત્ર આ દુનિયા ઉપર હતો નહિ. છબી કરનારો ચિતારો પણ હતો નહિ. એની પાસે એ બન્નેની યાદમાં રહેલી આ એક અણમોલ કૃતિ હતી. શહેનશાહ જહાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીરે આજે એ માગી લીધી. પોતે આવવાની ના પાડી હતી. પરંતુ શહેનશાહને આવાં અદ્‌ભુત ચિત્રો સંઘરવાનો ભારે શોખ હતો. એટલે તેણે વારંવાર આગ્રહ કર્યો. ગમે તે મૂલ્યે ખરીદવાની ઈચ્છા બતાવી. રાજહઠનો થોમસરૉને અનુભવ થયો.

તેનું મન આજે ખાટું થઈ ગયું. પોતાના દેશના મહાનકાર્યને હાનિ પહોંચતી ન હોત તો એ આજે જ ગાંસડાપોટલાં બાંધીને ચાલી નીકળ્યો હોત. એણે કોઇ પાર્થિવ છબી નહોતી ગુમાવી. મિત્ર જ ગુમાવ્યો હતો.

પણ એ વાત એ પોતે તો જાણે ભૂલી જ ગયો હોય તેમ નિયમસર રાજદરબારમાં આવતો જતો રહ્યો. શહેનશાહ પણ એ વાત સંભારતા નથી.

એમ ને એમ થોડા દિવસ વીતી ગયા. એક દિવસ એ હમેશના નિયમ પ્રમાણે રાજદરબારે ગયો, અમીરો દરબારીઓ જમીનદારો ત્યાં બેઠા હતા. જુદા જુદા અનેક વિષયો ઉપરનો હળવી વાર્તાવિનોદવાણીનો સમય હતો.

થોમસરૉને આવા વિશ્વાસુ સંમેલનમાં પણ સ્થાન મળી ગયું હતું. બાદશાહની એના ઉપર મીઠી નજર હતી. બન્નેની વચ્ચે એક સમભાવી વસ્તુ રહી હતી, ચિત્રકલા. એટલે તો ખુદ શહેનશાહ પોતે એને મિત્રની જેમ સાચવતો હતો.

કેશુ, લાલ, મુકુંદ, માધુ જગન, મહેશ, ક્ષેમકરણ તારા, હરિવંશ, રામ–મોગલ સમયનાં કેટકેટલા ચિત્રકારો વિષે થોમસરૉ જાણી શકયો હતો! એ સઘળું આ રાજદરબારી સભાને પ્રતાપે હતું.

વાર્તાવિનોદવાણીનો સમય પૂરો થયો. સૌ સૌને સ્થાને ગયા. થોમસરો પોતાને ઉતારે પહોંચ્યો. પણ આજે એનું મન હિંદી ચિત્રકારો વિષે કાંઇક નવો જ પ્રકાશ પામ્યું હતું. સાત સાત વરસની મહેનત કરીને શહેનશાહ અકબરનાં વીરોચિત કાર્યોને એક ઢાલ ઉપર ચિત્રાંકિત કરનાર ચિતારાની વાત એણે સાંભળી ને એ તો ડોલી ગયો!

સાત વરસ–એક ચિત્રની પાછળ! આ ચિત્રની ઉપાસના તો ખરી, પણ એમાં નવા આગામી જુવાન રાષ્ટ્રને એના દેશના ગૌરવનો કેવો અમર સંદેશ! ઉન્નત પંથે હજી આગળ ને આગળ જવાનો માન નિર્દેશ! સંસ્કૃતિના જ્યોતિની, એક પછી એક આવતી પેઢીને જાણે કે હાથસોંપણી!

એ સૂવાની તૈયારી કરતો હતો ત્યાં હાકલ પડી. શહેનશાહનો જે માણસ એને બોલાવવા આવતો હતો એ અત્યારે આટલો અસુરો એને બોલાવી રહ્યો હતો. બાદશાહે એને યાદ કર્યો વતો.

આશ્ચર્ય પામતો થોમસરો ત્યાં જવા માટે ઊપડયો. ત્યાં પહોંચ્યો તો એક બીજું આશ્ચર્ય એની રાહ જોતું ઊભું હતું. આજે જાણે કે આશ્ચર્યોનો દિવસ હતો!

બાદશાહ જહાંગીરે એની સામે બે ચિત્રો રજૂ કર્યાં. એનાં મૃતમિત્રની બન્ને આબેહૂબ છબીઓ હતી. બન્ને, રંગ, રેખા, તેજછાયા, પ્રતિચ્છાયા તમામેતમામમાં એટલી તો સંપૂર્ણ રીતે એકબીજાને મળતી આવતી હતી કે ન પૂછો વાત.

એટલામાં બાદશાહે કહ્યું : 'તમારું મન તે દિવસે જરાક દુભાયું હતું, ફિરંગી સાહબ! અમે તમારા મિત્રનું ચિત્ર માગ્યું ત્યારે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે એ તમારું મૂળ ચિત્ર પાછું સોંપવાનું હતું. અમને કાંઈ માહિતી મળતી નથી એટલે તમને બોલાવ્યા છે. અમને ખબર પડતી નથી કે આમાં તમારું મૂળ ચિત્ર કયું છે. અને એની નકલ કઈ છે! એટલે તમને બોલાવ્યા છે. તમે તમારું મૂળ ચિત્ર ઓળખી કાઢીને લઈ જાઓ!'

થોમસરો તો દિંગ થઈ ગયો. એનું મૂળ ચિત્ર કયું છે ને કઈ એની નકલ છે. એની ગતાગમ પડે તેમ ન હતું. ગમે તેટલું બારીક નિરીક્ષણ એ કરે તો પણ એ પોતે એ કળી શકે તેમ લાગ્યું નહિ! ભારે આશ્ચર્યની વાત હતી, પોતાનું મૂળ ચિત્ર એ પોતે ઓળખી શકતો ન હતો!

'ઉપાસના તે આનું નામ! અંગ્રેજ પોતાના મનમાં ને મનમાં ઘા ખાઈ ગયો હતો. પણ તરત જ એના કાન પાસે પાછળથી અવાજ આવતાં એ ચમકી ઊઠયો.

ચિત્રકાર આવી રહ્યો હતો.

[૪]

જગદીશપુરના જમીનદાર કુંવરસિંહે જ્યારે અઢારસો સત્તાવનમાં અંગ્રેજો સામે રણમેદાનમાં પોતાની એંશી વરસની વયોવૃદ્ધ કાયાને પણ હોમી—એટલો બધો એને આ પરદેશીઓની કાગળભટકણુ અન્યાયી વૃત્તિનો માર વાગી ગયો હતો—ત્યારે તો બિહારના ગામડે ગામડે એક જ પૃચ્છા થઈ રહી: કુંવરસિંહે રણવાટ લીધી? ત્યારે તો હવે વિજય આપણો જ છે.

કુંવરસિંહે વીસહજાર માણસોને છ મહિના ચાલે એટલો દાણો જગદીશપુરમાં ભર્યો હતો. અંધારઘેરાં ગાઢ જંગલોમાં એની ખોળ કરનારા કેંક મૃત્યુને ભેટી ગયા હતાં. બિહારમાં તો અંગ્રેજોનો વાવટો ઊખડી જાશે એવો સાચો લાગતો હતો.

પણ એ વખતે એક અંગ્રેજે અંગ્રેજ નાક રાખ્યું. એનું નામ વિન્સેન્ટ આયર.

એનામાં અજબ કુનેહ હતી. એની શૂરવીરતા હતી. પણ સૌથી વધુ તો એ એનામાં અદ્ભુત શ્રદ્ધા હતી. પોતાના માટે સર્વસ્વ હોમવાની શક્તિ હતી.

અફઘાનિસ્તાનની કાબુલ-કંદહારની ડુંગરમાળાઓ એની એ ઠંડી તાકાતનો પરિચય પામ્યાં હતાં. વિન્સેન્ટ આયરની ત્યાં અને એક વાત હતી.

અફઘાનિસ્તાનની પહેલી લડાઈનો સમય. એ વખતે અંગ્રેજોને માથે ભારે વીતી ગઈ. દેશ તો છોડવો પડયો, પણ એના શબ્દ ભરોંસો કરવા પણ કોઈ અફઘાન અમીર તૈયાર ન હતો. અંગ્રેજોની રમત એમને જ ભારે પડી ગઈ હતી. એમના પગ એમના ગળામાં જ ભરાણા હતા. અફઘાન અમીર મહમ્મદ અકબરખાને માગણી મૂકી હતી: 'ચાર અંગ્રેજ ઓફિસરોને, બૈરાં છોકરાં સીખે, બાનમાં સોંપી જાઓ—જવું હોય તો!'

એ વખતે તો આ માગણી સામે અંગ્રેજોનો કાંઇ ઉપાય ન હતો. ઓફિસરોને મુકાય પણ બૈરાંછોકરાંને? વાટાઘાટ હજી ચાલી રહી હતી. દાણો દાબવા સેનાપતિએ એક પછી એક ઓફિસરને આવી માગણી માટે પૂછયું.

એકે જવાબ આપ્યો: 'બાનમાં શું બૈરી પણ રાખવાની છે એમ? મારી રાઈફલ હંમેશ આબાદ નિશાન લે છે, સાહેબ! હું એને આંહીં રાખવા કરતાં—મારી ગોળીથી એને પહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંધી નહિ નાખું ? મેં ઇંગ્લંડનાં રણમેદાનો જોયાં છે !'

જવાબમાં ભારે બહાદુરી હતી. પણ અત્યારે સેનાપતિને એનો ઉપયોગ ન હતો. એણે બીજા તરફ દૃષ્ટિ કરી. બીજાએ કહ્યું: "મારા મુડદા ઉપર જ મારી સ્ત્રીને આંહીં રાખવાનો નિશ્ચય લઇ શકાય. હું મુડદું નથી, હું માણસ છું!"

ત્રીજાનો જવાબ આવ્યો: "સાહેબ! હું પોતે લડાઈમાં મરવા માટે તૈયાર છું. બૈરાં-છોકરાંને બાનમાં રાખવાનું મારાથી નહિ બને!"

એ વખતે, અત્યંત શાંત, મક્કમતાભર્યો, વીર પ્રત્યુત્તર આ વિન્સેટ આયરનો હતો: "જો આવી રીતે આપણા તમામનું કોઈ પણ હિત સધાતું હોય તો સાહેબ! હું મારી પત્ની અને છોકરા સહિત આંહીં બાનમાં રહીશ. રહેવા તૈયાર છું!"

નેપોલિયનના ઇતિહાસકારે માણસમાં રહેલી વીરત્વની ભાવનાના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. તેમાંથી વીરત્વનો છેલ્લો ને ઉચ્ચત્તમ પ્રકાર જાતસમર્પણનો છે.

આવા જાતસમર્પણ વીરો વિના કોઈ પણ રાષ્ટ્ર મહાન બની શકતું નથી. તાત્કાલિક રોટલાના ટુકડાનો લાભ પડાવી લેવાનાં જુદ્ધ તો શેરીનાં કૂતરાં પણ લડી શકે છે! કુતરિયાં જુદ્ધથી કોઈ પ્રજા મહાન બની નથી! જાતસમર્પણી શાંત જુદ્ધ તો નરોત્તમની મૂડી છે!

[૫]

એક વખત એવું બન્યું કે, વીરોનો પણ વીર, દિલ્હીના અઢારસો સત્તાવનના ઘેરામાં કોણ હતો એની ચર્ચા ચાલી. ચર્ચા ચલાવનારાઓ તો સામાન્ય સિપાઈઓ હતા. પંડિતજન કે પ્રાજ્ઞ ન હતા.

એક જણાએ કહ્યું: "આ લડાઈમાં મેજર બ્રાઈન્ડ–એના જેવો કોઈ વીર ન હતો. લડાઈના ઘેરા દરમ્યાન એણે એક પળ પણ આંખ મીંચાવા દીધી નથી. જ્યારે જુઓ ત્યારે જાગતો ને જાગતો. એણે ઊંઘ ઉપર તો જાણે સવારી કરી હતી! ખરી રીતે એને પગથી માથા સુધી 'વિક્ટોરિયા ક્રોસ'થી ભરી દેવો જોઈએ! એની એવી બહાદુરી હતી!'

'વિક્ટોરિયા ક્રોસ' જેને મળવો જોઈએ તે તો મરી ગયો, ફ્રેગન સાહેબ' બીજાએ કહ્યું: 'ખુદા ખેર કરે એને. એના જેવો વરસભ ઝડીમાં દોડનારો આપણે કોઈ જોયો નથી! એ તો કહેતો કે એની માએ કહ્યું છે કે એ અમર છે, માટે એ અમર છે!'

'એ તો ભાઈ! આપણે દેશી રહ્યા ને દેશીમાં કાંઇ નથી એમ માનનારા રહ્યા એટલે શું થાય? બાકી માનઅકરામ જો તમારે સર્વોત્તમ વીરને આપવાં જ હોય તો કોક ને કોક દેશી માણસ પણ મળી રહે. અરે! બીજા કોણ? મેજર સ્કોટના હાથ નીચે ઘેરા વખતે જેમણે કામ કર્યું એમને સંભારોને! રાતે કામ થાય નહિ ને દિવસે તો બંદૂકોની ગોળીઓનો વરસાદ વરસે. ખબર છે આ 'નેટીવ પાયોનીયરર્સ' કેમ કામ કરતા? એક જણો મરે, પાછળ કામ કરનારની આંખમાંથી એક બે આંસુ ખરે, એ તરત એને એક તરફ છોડી દઈને કામ આગળ વધે! આમાંથી કોઈ બહાદુર નહિ?'

'જુઓ ભાઇ! તમે સૌ કહી રહ્યા? હવે ખરો બહાદુર કોણ હતો એ હું કહું છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સિપાઈ છેવટે બોલ્યોઃ 'તમામેતમામ બહાદુરોમાં' ખરો બહાદુર જુમ્મો ભીસ્તી હતો. બ્રાઇન્ડ પણ નહિ ને ફેગન સા'બ પણ નહિ. ચારે તરફથી ગોળિયોનો વરસાદ પડતો'તો. માણસો ટપોટપ મરતાં'તાં. એ વખતે જાણે કાંઈ ન હોય તેમ એક જુમ્મો ભીસ્તી પોતાની મસક ભરી ભરીને તરસ્યાને, અપંગને, ઘાયલને, મરતાંને પાણી પાઇ રહ્યો હતો. એને મન કોઈ દોસ્ત નથી, કોઇ દુશ્મન નથી, કોઇ લડનાર નથી, કોઈ મરનાર કે મારનાર નથી. એને મન સૌ તરસ્યા છે. અને એ પાણી પાનારો છે! વરસતી બંદૂકોની ઝડીમાં એ પોતાનું કામ કરી રહ્યો છે! આ એનું નામ બહાદર બંકડો–!'

સૌએ એકીસાથે પોકાર કર્યોઃ 'બહાદરનો બહાદર આ જુમ્મો ભીસ્તી! એ ખરો બહાદર!'

[૬]

ભગવાન તથાગત એ વખતે હજી ગૌતમ નામે પ્રસિદ્ધ હતા. હજી બુદ્ધ થયા ન હતા. એમને મૃત્યુનું રહસ્ય જાણવું હતું. ખબર મળી કે મેરૂપર્વતની પાસે એક જ્ઞાનવૃદ્ધ મહાત્મા રહે છે, એમણે મૃત્યુને જીત્યું છે. એ મૃત્યુ વિષેનું રહસ્ય જાણે છે. એ જ્ઞાનપ્રવાસ એમણે ખેડયો.

ચાલતાં ચાલતાં મેરૂપર્વત આવ્યો. પેલા મહાત્મા પણ મળ્યા. જ્ઞાનગોષ્ટિ શરૂ થઈ.

'મારે જાણવું છે મહારાજ! મૃત્યુ વિષે તમે શું જાણો છો? મૃત્યુને નિવારાય શી રીતે?'

વૃદ્ધ મહાત્મા પ્રસન્ન દૃષ્ટિથી જોઈ રહ્યા.

'પણ આ જ્ઞાન મેળવવાનો અધિકાર–ગૌતમ તેં એ પ્રાપ્ત કર્યો છે?'

'હા–એ અધિકાર મેં મેળવ્યો છે!'

'કંચનનો મોહ એ તજી શકાયો છે!

'હા.'

'અને કામિનીનો?'

'એ પણ.'

'એ બન્નેના કરતાં વધારે દુષ્કર એ તો કીર્તિનો મોહ છે. એનું શું?'

'એ પણ રહ્યો નથી!'

'આ મોહ શી રીતે છૂટયા?'

'એમના વિષે વિચાર કરવાથી. એમના શંકા ઉત્પન્ન થવાથી. એમની અનિશ્ચિતતા ઝાંખી મળવાથી.'

'ત્યારે તો બરાબર! કંચનનો રાગ ગયો કામિનીનો ગયો. કીર્તિનો ગયો. પણ જીવન જીવનનો પોતાનો રાગ? સૌથી વધુ પ્રિય જીવન છે. એનો રાગ? એ ગયો? એ જા તો જ મૃત્યુને નિવારી શકાય. એના વિ નહિ!'

'પણ જીવન શું છે મહારાજ? જીવન કે જાણવું?'

'જીવન એટલે 'તું પોતે જ.'

'પણ 'હુ પોતે' એટલે શું?'

'"તું પોતે" એટલે "તમારી તમારા આસક્તિ" એ ન હોય તો તમે પોતે હો! તમે પોતે ન હો એટલે જીવન ન હો જીવન ન હોય એટલે મૃત્યુ ન હોય. આ જ્ઞાન આ રહસ્ય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ લેવા હું તૈયાર છું મહારાજ! હું એ મેળવવા માટે તો આવ્યો છું!'

વૃદ્ધ મહાત્માએ ગૌતમને ત્રણ કાળાં કબૂતર આપ્યાં કહ્યું કે, 'જ્યારે આ ધોળાં થશે ત્યારે એ જ્ઞાનનો અધિકાર મળશે. ત્યાં સુધી રાહ જોવાની. આવતી કાલે એમનું શું થયું એ કહેવા આવજો.'

બીજે દિવસે ગૌતમ આવ્યો. દરેક કબૂતરને એક એક ધોળું પીછું હતું.

મહાત્માએ કહ્યું: 'આ પ્રમાણે હમેશાં એક એક પીછું ધોળું થાતું જશે. એ આખાં શુક્લવર્ણી બને પછી, બીજી વાત એ કે, એમનું તું ભોજન કરે તો આ જ્ઞાન મળે!'

ગૌતમે એમને પાંજરાંમાં સાચવ્યાં, જાળવણી માંડી. કબૂતર તો હમેશાં એક એક પીંછું ધોળું કાઢે. એમ ને એમ સાત વર્ષ વહી ગયાં. સાત વર્ષે કબૂતર ત્રણે ધોળાં થઈ ગયાં, અને દેખાવમાં ઘણાં સુંદર બની ગયાં. હવે તો માત્ર એક પીંછું કાળું રહ્યું છે. અને એક બીજું આશ્ચર્ય પણ થયું છે. અત્યાર સુધી તો એ કબૂતરના જેવું ઘૂઘૂ કરી શકતાં હતાં. હવે તો એ મુક્તકંઠે જાણે ગાતાં હોય એમ લાગે છે. કોકિલાના જેવું પંચમસૂરી ગાન!

છેલ્લું કાળું પીંછું અદૃશ્ય થાય એની ગૌતમ રાહ જુએ છે!

છેવટે એક છેલ્લું કાળું પીંછું હતું તે પણ અદૃશ્ય થઈ ગયું!

અને તે જ દિવસે ગૌતમના મનમાં એક વિચાર આવ્યો: 'હું આ મૃત્યુને હરાવવાનું રહસ્ય જાણવા આવ્યો છું એ સાચું. પણ એમાં આ કબૂતરનો શું વાંક છે? અને વળી એમને ભોજનમાં લેવાં એ ન્યાય ક્યાંનો? આ વસ્તુ જ બરાબર નહિ હોય કે, મૃત્યુનું શું રહસ્ય છે એ જાણવામાં પહેલું આ જ જાણવાનું હોય કે, જેમ તમે જીવનને ગણો છો તેમ જ મૃત્યુને ગણતાં શીખો. એ બન્નેનો ભેદ તો જ ટળે. આમ નહિ હોય?'

અને એણે તરત પીંજરાનું બારણું ઉઘાડી નાખ્યું. ત્રણે પંખીને મુક્ત કરી દીધાં. ઉડાડી મૂક્યાં. પછી તે મહાત્મા પાસે ગયો. પોતાને જે વિચાર આવ્યો હતો તે કહ્યો.

'બસ ત્યારે ગૌતમ! એ જ સાચું રહસ્ય છે. જેમ જીવન છે તેમ જ મૃત્યુ છે. જીવનનું મૃત્યુ એમ તમે માનો છો ત્યાં સુધી મૃત્યુ છે. પણ જીવન છે તેમ મૃત્યુ છે એમ જ્યારે જાણો છો, ત્યારે તમે મૃત્યુને નિવારી શકો છો, કારણ કે પછી મૃત્યુ રહેતું નથી. એ રહે છે જ આપણા મનમાં.'

*

ફુગાવાનો ફુગ્ગો

૧૯૪૭ના ફેબ્રુઆરીની અધવચ્ચે હિંદુસ્તાનમાં કુલ ૧૨ અબજ ૫૭ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. ૧૯૪૦થી આજ સુધીમાં દર વરસે આગલા વરસની સરખામણીમાં નોટોની કિંમતમાં આટલા ટકાનો વધારો થતો આવ્યો છે—

૧૯૪૦–૨૧·૩%; ૧૯૪૧–૧૪·૫%; ૧૯૪૨–૭૧·૩%; ૧૯૪૩–૬૦·૬%; ૧૯૪૪–૨૯%; ૧૯૪૫–૨૧·૯%; ૧૯૪૬–૮·૩%.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતી

અનુવાદક : ભૂપેન્દ્ર ઉપાધ્યા

સ્થાન ખૂબ રમણીય હતું. રાજમાર્ગની બત્તીઓ નગરને બીજના ચન્દ્રની શોભા અર્પતી હતી. નદીના સુન્દર કિનારા ઉપર ઉલ્લાસમગ્ન નગરજનો સંધ્યાકાળે ફરવા આવતા. કેટલાયે રસિકો નદીમાં સ્નાનની મઝા માણતા ને એમની લીલા કાંઠે ઊભેલા લોકો નિહાળતા. પાસેના બગીચામાં રંગબેરંગી વસ્ત્રો ધારણ કરેલી સ્ત્રીઓ ઉદ્યાનના પુષ્પશી શોભતી હતી. બાળકો તોફાનમસ્તી કરતા. સ્ત્રીઓ સાહેલીઓ સાથે ગોષ્ટિઓ ચલાવતી, યુવાનો ટોળટપ્પાં ઉડાવતા ને વૃદ્ધો એકસ્થાને બેસી શાન્ત ચર્ચાઓ કરતા. તો વળી, આ ભીડ અને કોલાહલથી ભાગી દૂર દૂર બેસી કેટલાક નિરવતાનો આનંદ માણતા. આ સોહામણા વાતાવરણમાં મધુરતા અને વિવિધતા હતી.

અહીં એક પ્રખ્યાત યુવાન ચિત્રકાર પૈડાવાળી ખુરસી પાસે ચાલતો હતો. એ ખુરસી પર એની અપંગ પત્ની બેઠી હતી. અસહાયતાની લાગણી એને કારુણ્યમયી બનાવી દેતી. એક નોકર ખુરસીને ધીરે ધીરે ધકેલતો. એ અપંગ સ્ત્રી આજુબાજુ પથરાઇ રહેલા આનંદ, ઉલ્લાસ, રંગીન આકાશ ને પ્રફુલ્લિત સૂર્યપ્રકાશ તરફ વિશાદભરી નજરે જોયા કરતી.

બન્ને એકબીજા સામે ન તો જોતા હતા, ન તો વાત કરતા હતા. "બસ, અહીં થોભીએ" થોડી વાર પછી સ્ત્રીએ કહ્યું.

અને તેઓ અટકયા. ખુરસી સાથે જોડેલું નાનું ટેબલ નોકરે છૂટું કરી ચિત્રકારને આપ્યું ને તેના ઉપર તે બેઠો. નોકર દૂર ગયો.

હાલ્યાચાલ્યા વિના મૌનપૂર્વક બેસી રહેલા આ યુગલ તરફ કરુણાપૂર્વક દષ્ટિ ફેંકીને લોકો ત્યાંથી પસાર થતા હતા. એ બેનો પ્રેમસંબંધ નગરની જાણીતી દંતકથા હતી : મુકુલ કલાર્થી શ્યામાને પરણ્યો હતો, એ અપંગ હતી તો પણ; એના પ્રેમથી આકર્ષાઇને.

થોડેક દૂર રેતી ઉપર વાતચીત કરતા બે યુવાનો બેઠા હતા.

'ના. એ સાચું નથી. મુકુલને હું સારી
ઓળખું છું; એ મારો મિત્ર છે.'

'તો પછી, એ એને શા માટે પરણ્યો?
વખતે પણ એ આવી જ અપંગ હતી, નહિ?'

'હા. એ અપંગ હતી તો પણ એ
પરણ્યો...ઠીક છે, પરણ્યો. માણસ પરણે છે તે
પણ એ જરા મૂરખ હતો.'

'પણ, બીજું કાંઇ કારણ તો હોવું જોઇએ

'દોસ્ત, બીજું શું કારણ? બીજું કશું જ
નથી. માણસ મૂર્ખ છે, કારણ કે એ મૂર્ખ હો
ને, તુ જાણે છે? ચિત્રકારો કે કલાકારો વિચિત્ર
કરવામાં શૂરા હોય છે! તેઓ હંમેશાં કોઈ 'પ્રતી
પરણી જાય છે કે જે કોઇની નહિ ને કોઈની પ્રિય
રખાત ઇત્યાદિ હોય છે; કહોને કે ભંગાર માલ
પણ એમ તેઓ શા માટે કરે છે? કોઈ જાણતું
'પ્રતીક' નામે ઓળખાતા એ પ્રાણીનો સતત
એમને માટે એ જ જાતની સ્ત્રીની અનિવાર્ય આવશ્
ઊભી કરી દે છે. એમને નમૂના તરીકે બેસાડે
પછી પત્ની તરીકે પરણી જાય છે. આ માટે તો
'આર્ટીસ્ટસ વાઇવસ' વાંચવું જોઇએ. પુસ્તકોમાં
રત્ન જેવું છે. ખૂબ સાચું છતાં ખૂબ જ ક્રૂર!

'આ લોકોની બાબતમાં અતિ કરુણ છતાં
રણ એવો એક બનાવ બન્યો હતો. કહોને કે શ્યા
સુખદ અન્તવાળું એક નાટક જ ભજવ્યું છે!
મુકુલના પ્રેમમાં હતી કે એનો પ્રેમ સાચો
એવા પ્રશ્નોના ચોક્કસ જવાબ, આ પ્રકારના
ઓમાં કોઈ પણ આપી શકે એમ નથી હોતું.
કોઈ પણ કાર્યમાં નિષ્ઠા અને ક્રૂરતાના કેટકેટલા
રહેલા છે એ કોઈ પણ સમજી શકવા સમર્થ
વખત આવે છે ત્યારે એમનામાં પૂરેપૂરી નિષ્ઠા
પણ એમની લાગણીઓ તો સદાએ બદલાતી
સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ ભાવપ્રચૂર, સદોષ,
વીર કે અધમ હોય છે. વિવિધ લાગણીઓના
તરંગો ઉપર તેઓ આમથી તેમ ઝોલા ખાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાતની એમને મુદ્દલે ખબર નથી હોતી. મરજીથી કે નામરજીથી વિચાર વગર તેઓ ઘણુંખરું જૂઠું બોલે છે. ને આવા અંશો હોવા છતાં, ભાવના અને ઊર્મિની પૂર્ણ પ્રામાણિકતા તેમનામાં જ રહેલી છે ને તેને પોતાના નિર્ણયો દ્વારા પ્રગટ કરે છે. એ નિર્ણયો આવેશયુક્ત, અણધાર્યા, અગ્રાહ્ય ને વિચારહીન હોય છે. આપણા તર્ક, કાળજી અને બધી જ ગણતરી ત્યાં આગળ ઊંધી વળી જાય છે! એમના અણધાર્યા ને ઓચિંતા નિર્ણયો આપણે પુરુષોને માટે તો સદાએ અણઊકલ્યા કોયડાઓ જ રહે છે. આપણે મનમાં પૂછીએ છીએ : 'શું આ સ્ત્રીઓ પ્રામાણિક હશે કે પછી નાટક ભજવી રહેલ છે?'

પણ, દોસ્ત! આ પ્રામાણિકતા અને અપ્રામાણિકતા બન્ને તેમનામાં એકીસાથે ને એક જ વખતે હોઇ શકે છે. તેમનો સ્વભાવ છે કે બન્નેનો અતિરેક થાય ત્યાં સુધી તેમને જાળવવા. છતાં, નથી તેઓ પ્રામાણિક કે નથી અપ્રામાણિક.

સારામાં સારી સ્ત્રીઓ પણ પોતાનો હેતુ પાર પાડવા કેવી કેવી રીતોનો ઉપયોગ કરે છે એનો વિચાર કરવા જેવો છે. એમની રીતો ગૂંચવણભરેલી છતાં તદ્દન સાદી હોય છે. એટલી ગૂંચવણભરેલી હોય છે કે આગળથી આપણે એનો પાર પામી શકતા નથી ને એટલી સાદી હોય છે કે એના સકંજામાં સપડાઈ ગયા પછી આપણે વિચારીએ છીએ : 'ઓહ! કેવી સહેલી ને સાદી રીતે એણે મને મૂર્ખ બનાવ્યો!'

અને જ્યારે પરણવા માગે છે ત્યારે એમની આ રીતનો તેઓ ખાસ ઉપયોગ કરે છે.

એ છોકરી 'પ્રતીક' હતી. એની આગળ એ બેસતી ને એના ચિત્રો માટે નારીરૂપો આપતી. સુંદર હતી. ચપળ હતી. સૌ એને રૂપસુંદરી કહેતા. એક ને એક સુન્દર સ્ત્રીને વારંવાર જોવાથી પુરુષ તેના પ્રેમમાં પડે છે તેમ મુકુલ એના પ્રેમમાં પડ્યો. એ માનતો કે શ્યામાને એ ખરેખર ચાહે છે. આ એક ખરેખર અલૌકિક ઘટના કહેવાય કે પુરુષને એકાદ સ્ત્રી મળે છે ને પછી એને સો ટચની ખાતરી થઇ જાય છે કે જીવનભર એ એના વિના નહિ જીવી શકે. એને ખ્યાલ હોય છે કે પહેલાં પણ એને એવી જ લાગણી થયેલી. એને પૂરો અનુભવ હોય છે કે આવી લાગણી તૃપ્ત થતાં ઘૃણા ઉત્પન્ન થાય છે. એ એમ પણ માને છે કે આખુંયે જીવન એક બીજા માનવી સાથે વિતાવવા માટે જડ પ્રાણીઓમાં નજરે પડતી ક્ષણિક વાસનાની જરૂર નથી, પણ આત્માના સખ્યની જરૂર છે; સ્વભાવ રુચિ અને લાગણીની સંવાદિતાની જરૂર છે. ઇંદ્રિયોના ઘેનમાંથી જન્મતું આકર્ષણ અને આત્માના ઊંડાણમાં અનુભવાતું, બન્નેના અદ્વૈતનું આકર્ષણ—એ બન્ને વચ્ચેનો ભેદ સમજવાની એનામાં તાકાત હોવી જોઇએ.

ગમે તેમ, મુકુલના મનમાં પૂરેપૂરી ખાતરી થઇ ચૂકી હતી કે એ શ્યામાને ચાહે છે, અનંતકાળ સુધી એને જ વફાદાર રહેવાના એ સેંકડોવાર સોગન લઇ ચૂક્યો હતો. ને કદી બીજી કોઇ સ્ત્રીની સામું જોતો પણ નહિ.

ને એ પણ ખરેખર ગજબની આકર્ષક હતી. લાખોમાં એક મળી આવે એવી ચપળ, મધુર, સૌન્દર્યવાન મુગ્ધા. તરેહતરેહની ગાંડીઘેલી અનેક વાતો કરતી ને કહેવાની રીતથી વાતને અત્યંત રસિક બનાવી દેતી. મનોહર સૌન્દર્યથી ભરેલો એનો ચહેરો કદી પણ એનું નૈસર્ગિક સૌન્દર્ય ગુમાવતો નહિ, જાણે કે ચિત્રકારની નકલ માટે સદાએ તૈયાર! એની પ્રત્યેક ક્રિયામાંથી સૌન્દર્ય ટપકતું. જ્યારે એ હાથ ઊંચો કરતી, બસમાં ચઢવા માટે વાંકી વળતી કે મિત્રો સાથે હાથ મિલાવતી ત્યારે એની ગતિ અને ક્રિયા સમયસરના ને યોગ્ય જ હોવાનાં. કોઇના પણ મનને હરી લેવાનું એનામાં અનુપમ સામર્થ્ય હતું.

લાંબા વખત સુધી શ્યામાને કદી સમજાયું નહિ કે એ પણ બીજા બધા 'પ્રતીકો' જેવી જ છે.

ઉનાળાના દિવસોમાં હવાખાવાના એક સ્થળમાં બંગલો ભાડે લઇને એ લોકો રહેતા હતા.

મારા એ મિત્રોના સંબંધમાં જ્યારે આરંભકાળના ઘર્ષણે સ્થાન લેવાં માંડ્યું હતું તે સંધ્યાકાળે હું તેમની સાથે જ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક અત્યંત સુશોભિત રાત્રી હતી. અમે નદી કિનારે ટહેલવા જવાનું પસંદ કર્યું. મંદ મંદ વહી જતાં નદીનાં પાણી ઉપર જ્યોત્સ્નાનો પ્રકાશ થનગનતો હતો. આવી પૂર્ણ રાત્રીના સંપર્કથી માણસના ચિત્તમાં ન સમજાય એવો જે આનંદ ઊછળી રહ્યો હોય છે તેવા આનંદમાં ભાન ભૂલેલા અમે ઉલ્લાસપૂર્વક ટહેલી રહ્યા હતા. આવા માદક વાતાવરણની અંદર કલ્પનાની કોઈ અજબ દુનિયા આપણે ઊભી કરીએ છીએ, ચિત્રવિચિત્ર ભાવનાઓ માણીએ છીએ ને એમાંથી ઊપસેલા પાત્રોની સંગે વિહાર કરવાની કાંઈ ઓર લિજ્જત અનુભવીએ છીએ. ચાંદનીનો શીતળ પ્રકાશ શરીરને વીંધીને આત્માને ઉજ્જવલ બનાવતો હતો. શાન્ત ચિત્તે મૌનની તાજગી અનુભવતા અમે ધીરે ધીરે નદીનાં પાણીની સમીપ કાંઠા ઉપર ચાલતા હતા. એકાએક શ્યામા જોશથી બોલી ઊઠી:

‘ઓહ! પેલી મોટી માછલી કેવી કૂદી? તમે જોઈ?’

‘હા. જોઈ.’

શ્યામાનો મિજાજ ગયો:

‘ના. તમે જોઇ જ નથી. તમારી પીઠ ફરેલી હતી.’

મુકુલ હસ્યો:

‘ખરી વાત છે. આવી સુન્દર રાત્રીએ મને બીજા કશાનો જ વિચાર નથી આવતો.’

થોડી વાર સુધી એ કાંઇ બોલી નહિ, પછી વાત કરવાની વૃત્તિ થઇ આવી એટલે પૂછ્યું:

‘કાલે તમે મુંબઇ જવાના છો?’

‘કાંઇ ખબર નથી.’

આ જવાબથી એ અકળાઈ ઊઠી:

‘ફરવા જવું ને મુદ્દલે વાત ન કરવી એમાં જ ખરી મઝા છે એમ તમે માનતા હશો, નહિ? ડાહ્યા માણસો હંમેશાં વાત કરે જ છે.’

મુકુલે કાંઇ જવાબ આપ્યો નહિ. પછી થોડી વારે શ્યામાએ સ્રીસહજ દુરાગ્રહથી મુકુલને બિલકુલ નહિ ગમતા ગીતનો રાગડો તાણવા માંડયો. અમને અમારી બુદ્ધિનું અને મહત્તાનું અપમાન થતું હોય એમ લાગ્યું.

મુકુલે ફરમાવ્યું,

‘બંધ કર.’

સામો ગુસ્સો કરી એણે પૂછ્યું,

‘શા માટે બંધ કરું?’

‘તું અમારી રળિયામણી રાત્રી બગાડી રહી

ને પછી સ્વાભાવિક રીતે જ જે અનિવાર્ય તે બન્યું. કુત્સિત અને મૂર્ખાઈ ભરેલું! સા આરોપો ને સવાલ જવાબો, ભૂતકાળના પ્રસં યાદ, એકબીજાના અવગુણોનું પ્રદર્શન, અંતે ને પછી ગૃહગમન. રાત્રીના સૌન્દર્યમાં ભાન ને બેહૂદા આરોપોના તોફાનથી પરાજિત બનેલા ઝડપભેર ચાલી જતી શ્યામાને રોકી નહિ.

આ જાતના સંબંધો માણસની આસપાસ ન શકાય એવી અદૃશ્ય દીવાલો રચે છે, એ દીવા અંદર સપડાયેલો ભગ્ન મુકુલ અનેક જાતનું અનુભવી રહ્યો હતો ને એને ટાળવાના પુરૂષાર્થ હતો. શ્યામા પોતાની ભાવવિષયક સત્તા દ્વારા ઉપર કાબૂ જમાવી જીવનને વિશાદભર્યું બનાવ હતી. સવારથી સાંજ સુધી બન્ને લડતા, ઝઘ દુઃખી બનતા.

છેવટે આ બધાનો અંત આણવાનો એણે કર્યો. એ વખતે મુકુલ ચિત્રકાર તરીકે પ્રખ્યા હતો. એણે એના ચિત્રનો સઘળો સરંજામ વેચી દેવું કર્યું ને પચીસ હજાર રૂપિયા ભેગા કર્યા. ઉપર વિદાય-પત્ર સાથે પૈસા મૂકી એ ચાલી ની

મારા ઘરમાં આવીને એણે આશ્રય લીધો.

તે જ દિવસે સાંજે અમારા ઘરનું બારણું ખ મેં બારણું ઉઘાડયું. મને બાજુએ હડસેલી એ એકદમ માળ ઉપર ધસી ગઈ. એ શ્યામા હતી

તરત જ રૂવાબભેર બધી નોટો મુકુલના આગળ ફેંકી, ધિક્કારપૂર્વક એ બોલી.

‘આ લો, તમારા પૈસા. મારે નથી જોઈત

એ ધ્રૂજતી હતી. ખૂબ નિસ્તેજ બની ગઈ એ શું કરી બેસે એ કલ્પવું મુશ્કેલ હતું. મુકુ ફિક્કો ને ફિક્કો પડતો જતો હતો, એનો અને ગુસ્સો એવા તો વધી ગયા કે મને ભારે થવા માંડી. એવા જ ક્રોધથી એણે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું શું કરવા માગે છે ?'

'હું કાંઈ વેશ્યા નથી. તમને મારી જરૂર હતી ને તમારી ઇચ્છા પાર પડી. મેં તમારી પાસે કશાની માગણી કરી નથી. તમે મને આમ તરછોડી દઈને નહિ જઈ શકો, સમજ્યા ?'

મુકુલે પગ પછાડયા,

'હવે, બહુ થઈ ગયું. તું એમ સમજતી હશે...' મારે મુકુલને પકડી લેવો પડયો. 'ભાઈ શાન્ત બન, બધું મારા ઉપર છોડી દે.' મેં કહ્યું.

હું શ્યામાની પાસે ગયો. ધીરે ધીરે માનપૂર્વક એને સમજાવવા માંડી. આવી બાબતોમાં જે કાંઇ દલીલ થઈ શકે તે બધી જ કરી. હાલ્યાચાલ્યા વિના શાન્ત ચિત્તે, એક પણ અક્ષર બોલ્યા વિના એ મને સાંભળી રહી. છેવટે બધી જ દલીલો ખૂટી ગઇ અને વસ્તુના સુખદ અંતની આશા ગુમાવી એટલે મેં છેલ્લો પાસો અજમાવ્યો:

'બ્હેન, એ તને ખરેખર ચાહે છે, પણ એના માબાપ ઇચ્છે છે કે એણે હવે તુરતમાં પરણી જવું જોઈએ. કેમ, તમે સમજ્યાં ને ?'

એ તાકી રહી,

'એમ ! એવું છે ત્યારે...' ને પછી મુકુલ પાસે જઇને કહ્યું, 'ત્યારે તમારે...તમારે પરણવું છે ?'

મુકુલે કઠોર બનીને કહ્યું:

'હા.'

એ એક ડગલું આગળ વધી.

'તમે પરણશો તો હું નહિ જીવી શકું. હું મરી જઇશ.'

એનો ક્રોધ સમ્યો ન હતો. તિરસ્કારમાં ખભા હલાવી તેણે કહ્યું:

'બહુ સારુ. મરી જા ને !'

'શું કહ્યું ? કહો...તમે ફરી કહો...'

એ ફરી બોલ્યો:

'મરવું હોય તો મરને'

ફિક્કી પડી ગઈ હતી તો પણ એણે બોલવાનું ચાલુ રાખ્યું:

'તમે એમ નહિ માનતા કે હું અમથી જ બોલી રહી છું. હમણાં આ બારીમાંથી કૂદી પડીશ.'

એ હસ્યો, બારી પાસે ગયો, બારી ઉઘાડી અને જાણે કોઇ મહેમાનને માર્ગ બતાવતો હોય તેમ નીચા નમીને કહ્યું.

'આમ થઇને, આ બાજુએથી.'

ક્ષણ સુધી એની સામે એ તાકી રહી. આંખમાં તોફાન ભર્યું હતું. ને પછી જાણે ખેતરની વાડ કૂદી જતી હોય એમ અમને બન્નેને પસારી કરી જઈ બારીમાંથી બહાર કૂદી પડી. અમારી દૃષ્ટિમાંથી અલોપ થઈ ગઈ.

ઉઘાડી બારીમાંથી એના શરીરને પડતું જોઈ રહેવાના પ્રસંગે મારા ઉપર પાડેલી અસર હું કદી પણ ભૂલી શકું એમ નથી. એ નાનકડી બારી ગગનના જેવી અગાધ અને અંતરિક્ષના જેવી શૂન્ય લાગતી હતી. હું આપોઆપ પાછળ ખસી ગયો, રખેને, હું પણ બારીમાંથી ગબડી પડું !

મુકુલ હાલ્યાચાલ્યા વિના પરિશ્રમમાં ઊભો હતો.

બિચારી શ્યામાના બન્ને પગ ભાંગી ગયા હતા. કદી પણ ચાલી શકે એમ રહ્યું ન હતું. એનો પ્રિયતમ આત્મનિર્વેદના અગ્નિમાં સળગી રહ્યો. શ્યામાની આ કરુણતાનું કારણ એ પોતે જ છે એમ એની લાગણીની તીવ્રતાએ સમજાવ્યું એટલે મુકુલ એને પોતાને ત્યાં તેડી ગયો ને પછી એને પરણી ગયો.

'દોસ્ત ! વાત આમ બની છે.'

અંધારું થતું જતું હતું ! લોકો પાછા ફરી રહ્યા હતા. શ્યામાને ઠંડી લાગી ને પાછા ફરવાની ઇચ્છા વ્યક્ત કરી. નોકરે ગાડી ઘર તરફ ધકેલવા માંડી. યુવાન પ્રખ્યાત ચિત્રકાર મુકુલ કલાથી એની અપંગ પત્નીની પૈડા–ખુરસીની સાથે સાથે ચાલી રહ્યો હતો. કેટલાય વખત થયા બન્ને એકબીજાની સાથે એક શબ્દ પણ બોલ્યા ન હતા.*

* મોં પાસાની એક વાર્તા પરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્ય-લહરી

શ્રી. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ. એમના સંગ્રહમાંથી. પુસ્તકાકારે થોડા વખતમાં પ્રગટ થશે.

કૌશિકરામ વિ. મહેતા બી. એ.

* પ્રાચીન કલાધર

ડૉકટર-મારો ધંધો સહુથી જૂનો છે. સાબિતીમાં જુઓ બાઈબલ, તેમાં કહ્યું છે કે પ્રભુએ આદમની પાંસળીમાંથી તેની પત્ની ઈવને કાઢી. આ કામ ડૉકટરનું જ હોઈ શકે.

વિશ્વકર્મા-બાઈબલનો ટેકો અમારા ધંધાને જ છે. તેમાં કહ્યું છે કે અવ્યવસ્થામાંથી પ્રભુએ વ્યવસ્થાની રચના કરી, અને રચના કરવાનું કામ અમારું છે.

રાજદ્વારી-બાઇબલનો ટેકો નથી તમને ડૉકટર સાહેબ! કે નથી તમને વિશ્વકર્મા મહાશય! એ ટેકો છે અમને એકલાને. અવ્યવસ્થામાંથી વ્યવસ્થાની રચના કરવામાં આવી, અર્થાત્ અંધેરમાંથી અજવાળું ઘડાયું. પરંતુ અંધેર ઉત્પન્ન કરનાર અમે નહિ તો બીજા કોણ? માટે અમારો ધંધો સહુથી પુરાણો.

* એમ જ ચાલે

પ્રવેશ ૧.

અમલદાર-તમારે વીમો ઉતરાવવો છે?

ઉમેદવાર-હાજી.

અમલદાર-તમારા કુટુંબની હકીકતથી વાકેફ છો?

ઉમેદવાર-હાજી.

અમલદાર-માતાપિતા હયાત છે?

ઉમેદવાર-નાજી.

અમલદાર-માતા કેટલામે વર્ષે ગુજરી ગયાં?

ઉમેદવાર-૪૧મે વર્ષે.

અમલદાર-શું થયું હતું?

ઉમેદવાર-દમનો વ્યાધિ હતો.

અમલદાર-પિતા ગુજરી ગયા ત્યારે તેમની ઉંમર કેટલી હતી?

ઉમેદવાર-૪૫ વર્ષ.

અમલદાર-શું થયું હતું?

ઉમેદવાર-દારૂના વ્યસનથી લિવર બગડ્યું હતું.

અમલદાર-બસ, પધારો.

પ્રવેશ ૨.

કારકુન-ભલામાણુસ! હું બધું સાંભળતો હતો. આવા જવાબ તે અપાય? વીમો ઉતરાવવો હોય તો તો નાટક ભજવવું પડશે. સાચું બોલશો તો માર્યા જશો. કોઇ પણ ઑફિસ તમને ઊભા રાખશે નહિ.

ઉમેદવાર-ખરે?

કારકુન-ખરેખર નહિ તો બીજું શું? એ તો એમ જ ચાલે.

પ્રવેશ ૩.

બીજી કંપનીનો અમલદાર-તમારે વીમો ઉતરાવવો છે?

ઉમેદવાર-હાજી.

અમલદાર-બાપદાદાની હકીકત જાણો છો?

ઉમેદવાર-હાજી.

અમલદાર-માતાપિતા હયાત છે?

ઉમેદવાર-નાજી.

અમલદાર-માતા કેટલી ઉંમરે મરી ગયાં અને શાથી?

ઉમેદવાર-૮૫મે વર્ષે; ચા કરતાં હતાં ત્યારે સ્ટવ ફાટયો, અને દાઝી મરી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલદાર-અને પિતા ?

ઉમેદવાર-૯૨મે વર્ષે ગુજરી ગયા. સંક્રાંતને દિવસે ચોથે માળે છાપરે ચઢી પતંગ ચગાવતા હતા, ૧૫ પતંગ કાપ્યા, પછી દોરી પકડવા દોડતાં પગ લપસી પડવાથી ગબડી રસ્તા પર પડી ગયા, અને ખોપરી ફાટી ગઈ.

અમલદાર-બંનેએ ભારે આયુષ ભોગવ્યું ! હકીકત સંપૂર્ણ રીતે સંતોષકારક છે.

* વ્યાજબી જિજ્ઞાસા

ગ્રાહક-ચાના પ્યાલાનો શો દર છે ?

હોટેલવાળો-પેલી ઓરડીમાં બેસીને પીઓ તો દોઢ આનો, ટેબલ પર પીઓ તો એક આનો.

ગ્રાહક-ઊભો રહીને પીઉં તો ?

હોટેલવાળો-તો ત્રણ પૈસા ?

ગ્રાહક-અને એક પગે ઊભો રહીને પીઉં તો ?

* ધીમેથી હાંકો

ઇન્સ્પેક્ટર-માસ્તર, ગઈ વખતે હું નિશાળ તપાસવા આવ્યો હતો ત્યારે તો અભ્યાસક્રમ નિયમિત ચાલેલો જોવામાં આવ્યો હતો. આ વખત આટલું થોડું કેમ ચાલ્યું છે ?

શિક્ષક-સાહેબ, ખાતાના નિયમ પ્રમાણે જ અમે ચાલીએ છીએ. આજકાલ વિદ્યાર્થીઓના મગજ ઉપર અભ્યાસનો સખત બોજો રહેતો હોવાના કારણથી કેળવણી ખાતાએ તાજેતરમાં દરેક નિશાળ પાસે થાંભલો દટાવી તેના ઉપર નીચેની મતલબનાં પતરાં જડાવ્યાં છે:-

નિશાળ

ધીમેથી હાંકો

એટલે અમે આસ્તે આસ્તે અભ્યાસ ચલાવીએ છીએ.

* હતું તે જ ઠીક હતું.

તંત્રી-તમે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. તમારી જિંદગી જોખમમાં નાંખી તમે મને મદદ ન કરી હોત તો જરૂર હું ડૂબી જાત. કંઈ પણ આજ્ઞા કરો.

કવિ-તમારા માસિકમાં મારાં કાવ્ય છાપો.

તંત્રી-તો તો મને ફરીથી તળાવમાં જ નાંખો.

*

કેટલી ખાંડ ખાવ છો ?

૧૯૪૩-૪૪, ૧૯૪૪-૪૫, અને ૧૯૪૫-૪૬ દરમિયાન હિંદુસ્તાનમાં અનુક્રમે ૧૨,૨૪,૦૦૦ ટન, ૯,૭૧,૯૬૨ ટન અને ૯,૫૦,૩૩૯ ટન ખાંડ પેદા થઈ હતી. ૧૯૪૬-૪૭ દરમિયાન એ આંકડો હજી ઘટીને ૯,૫૦,૦૦૦ ટન ઉપર આવી જશે એમ અંદાજવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પાનું ૮નું ચાલુ]

ક્યાંય નામનિશાન ન હતું. બપોરે માણસ માત્ર બફારાથી ને ધામથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી રહ્યાં હતાં. હું થોડોક પવન ખાતી આછા વાદળઘેરા આકાશની સામે મીટ માંડીને, કવિ ન્હાનાલાલનું 'એવાં શાં આળ રાજ માયા ઉતારી!' એ મનમાં ને મનમાં લાડીલી ઢબે ગણગણતી ગણગણતી, કમળના હાથની સાથે રમી રહી હતી.

અચાનક ધરના મેડા ઉપરથી બંદૂકનો ભયંકર ધડાકો ગાજી ઊઠ્યો.

ઉપર મારા પતિ મનમોહન સિવાય બીજું કોઈ હતું નહિ. એણે જમાદારી નોકરીનો આરામ બંદૂક સાફસુફી માટે આજે કાઢ્યો હતો. હાંફળી ફાંફળી, પડતી આખડતી, બબ્બે પગથિયાં ઠેકતી, હું નીસરણી ચડીને ઉપર દોડી ગઈ. મનમોહન ત્યાં લોહીના ખાબોચિયામાં પડ્યો હતો. પાણી! પાણી! એવો ધીમો અવાજ આવતો હતો.

એક ચિત્કાર પાડતી હું પાણી લેવા પાછી તરત નીચે દોડી ગઈ!

પણ હું પાછી ફરું ત્યાં મનમોહનનું પ્રાણપંખેરું ઊડી ગયું.

એ ગોઝારો દિવસ આજ પાછો મને હૈયે ચડી આવે છે! તે દિવસે હતી એવી ગમગીની વાતાવરણમાં છે. તે દિવસે લાગતી હતી એવી, પંખીની વાણી, છાની દરદ ભરેલી લાગે છે. તે દિવસે હતી એવી, વાદળઘેરી આજની છાયા જાણે કે કોઈક અદૃશ્ય ભાવિની શંકાને સંતાડી રહી છે! પણ વધુ ભયંકર તો આ છે કે તે દિવસે મેં જોઈ હતી એવી વિષાદની ઘેરી છાયા કમળના ચહેરા ઉપર બેઠી છે! કમળના ચહેરા ઉપર!

હાયરે! એ ત્યાં ક્યાંથી આવીને બેઠી? એ વિષાદ છાયા!

મનમોહનના ચહેરા ઉપર તે ગોઝારા દિવસે મેં એને જોઈ હતી, એ આજ પણ મને દીવા જેવું સ્પષ્ટ દેખાય છે. એના ચહેરા ઉપર સવારથી જ મૃત્યુની પાંખ જેવી એ ઘેરી વિષાદછાયા બેઠી હતી! આજ પણ મને એ સાંભરે છે!

મનમોહનની વૃત્તિના પડછાયે પડછાયામાં મારો પ્રવેશ હતો; મારે કરવો પડ્યો હતો. એવો એ શંકાશીલ આત્મા હતો એટલે તો મારા અંતરમાં આજ દિવસ સુધી એક શલ્ય બેઠું છે. બંદૂકી કહેવાતો એ અકસ્માત મનમોહનને હાથે કરીને તો નહિ કર્યો હોય? મનમોહનને હું ઓળખું નાં!

હું જ્યારે પરણીને આવી ત્યારે મારાઅંગઅંગમાંથી એટલી એટલી અવનવી સુંદરતાની ધૂપછાંય ઊપડતી હતી કે જેણે તો મનમોહનને દિવસો સુધી દીવાનો કરી મૂક્યો હતો. હું પોતે મારા ઉપર મોહી પડી હતી ને! અમારો સંબંધ સુખે ચાલી રહ્યો હતો. પણ આ તાજગીના રમણીય મોહમાં પડેલી હું એક વાત તો પામી ગઈ હતી. અને એના પરિણામથી ધ્રૂજતી હતી!

મનમોહન જમાદારી કરતો. એની નોકરી જ હરપળે શંકા અને અવિશ્વાસ ઉપર ટકનારી. એના સ્વભાવમાં હરેક વસ્તુની શંકા થાતી. દરેક હીલચાલનો અવિશ્વાસ જન્મતો. પળેપળની આશંકા ત્યાં બેઠી હતી. તમારા ચહેરા ઉપર તમારા જ અંતરમાં ચાલી રહેલી કોઈ ઊર્મિ હાસ્યની લેરખી લાવે તે જમાદાર એ જુએ તો એને શંકા થાય!

તમે ઉતાવળાં ચાલ્યાં કે શંકા. રડ્યાં કે શંકા, બોલ્યાં કે શંકા. એમાં પાછી જે કુટુંબમાંથી હું આવી ત્યાં થોડોક સુધારો હતો. હરવાફરવા રમવા હળવામળવાની છૂટ હતી. આ થયો વાતાવરણનો તફાવત. બીજો તફાવત વધુ ભયંકર હતો. મનમોહન ભૂખડી બારસ હતો. હું સાધનસંપન્ન કુટુંબમાંથી આવી રહી હતી. ભર્યાભર્યા કુટુંબના આખા દિવસના કિલ્લોલ વિનોદભર્યા સ્થાનમાંથી આવતી હતી. આંહીં મનમોહન હતો, લાઈનમાં આવેલી બે ત્રણ ઓરડી હતી, અને આખો દિવસ સાંકળ દઈને જાળી પાછળ બેઠેલી હું એકલી હતી! મનમોહન નોકરી ઉપરથી આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એને પીરસી લઉં ત્યાં કામ પૂરું થઈ જાય. પણ ખરેખરી જીવન શૂન્યતા તો બીજી હતી. મનમોહન પાસે મારી સાથે વાત કરવા જેવું કાંઇ ન હતું. મારી પાસે મનમોહનને કહેવા જેવું કાંઈ ન હતું.

—અને હું એને શી રીતે મારા જીવનના આનંદમય પ્રસંગોમાં સમભાગી બનાવું ? એ શંકાનો ખજાનો, અને મારા જીવનમાં તો નિશાળના મેળાવડાની, વાર્ષિક ઉત્સવોની, અમારા શહેરના જાહેરપ્રસંગોની મેં ભજવેલી નાટકી ભૂમિકાના યશસ્વી પાઠની કીર્તિગાથા રમમાણ કરી રહી હતી. મન તો જાણે મારી વાત કહી નાખવાને, આતુર આતુર હતું. પણ અંદરથી અવાજ આવતો અરે! ભુંડી! આ બિચારો મનમાં ને મનમાં જ બળીજળી જાશે!

હું સંયુક્તા રાણી બનીને આવી ત્યારે ડોલી ગયેલા પ્રેક્ષકોની તાળી વધામણીને જાણે કે હું સાંભળી રહી હતી. અને પેલી મારી સહિયર ગુલાબ–એ પૃથ્વીરાજ બનતી–ત્યારે તો હું પણ એના ઉપર મોહી પડતી, એવો સરસ પુરુષસ્વાંગ એને શોભી ઊઠતો–એ બિચારી પણ કોણ જાણે ક્યાં હશે?

મારું મન મનમોહનને મેળવી લેવાને કેટલું આતુર હતું! મને થાતું કે મારા આનંદનો એને સમભાગી બનાવું પણ એનો જીવનરસ જુદી જ દિશામાં હતો! એને તો માણસોની હીલચાલમાંથી કાંઈક ને કાંઈક ગુનાહિત અર્થ કાઢવાનો હતો. મને તો માણસોના ભાવને રજુ કરવામાં આનંદ મળતો. એટલે અમારી નવજવાન અવસ્થાનું જબરામાં જબરું આકર્ષણ તો મારી ધૂપછાય ભરેલી સુંદરતાનું જ રહ્યું હતું!

એક દિવસ બપોરે હું બેઠી હતી. અચનાક મનમોહન આવ્યો. કોઈ દિવસ આ વખતે આવતો નહિ. મને એમાં કાંઈક ભેદ લાગ્યો. આગલે દિવસે મારાથી વાતવાતમાં અકસ્માત ગુલાબનું નામ નીકળી ગયું હતું. વાત તો પછી મેં ફેરવી તોળી–પણ એ ગુલાબ નામની છોકરીને બદલે છોકરો હોય, અને એના ઉપરનો મારો મોહ કાયમ હોય એવી ઘેરી શંકા એના દિલમાં બેસી ગઈ તે બેસી ગઈ. એના મનને એમ હતું કે હું મારું સર્વસ્વ એને ચરણે ન્યોછાવર કરી શકતી ન હતી. કાંઈક રાખી મૂકતી હતી. હું એને શી રીતે સમજાવું કે ન્યોછાવરી, અતળ ઊંડાણી પ્રવાહનો સમમેળ માગે છે. મેં પ્રયત્ન તો ઘણો કર્યો–ગુલાબ છોકરીની વાત કહેવાનો, પણ પછી તો વધુ પ્રયત્ને વધુ શંકા થઇ! અત્યારે એ આવ્યો ને મોટી શોધ કરી કાઢી હોય તેમ બોલ્યો:

'સાળો એ જ લાગનો છે. આજ પકડાયો. તારા ગામનો છે. તું કહેતી'તી ને છોકરી છે? આ તો નીકળ્યો કલમઘોરો! ગુલાબ! એ જ તારો નાટકવાળો!'

'કોની વાત કરો છો? શું છે?'

'નહિતર તો જાણે ખબર જ નહિ હોય! અને મારે બેટે કાગળ લખ્યો છે છોકરી બનીને!'

'હું તો આ તમારી વાતમાં કાંઇ સમજતી નથી!'

'તું તો ક્યાંથી સમજે? લે આ....'

મનમોહને મારા ઉપર એક પરબીડિયું ફેંક્યું. એણે એ ફોડયું હતું. ઉપર ટપાલની આજની જ છાપ હતી. મેં અંદરથી કાગળ કાઢ્યો. અક્ષર ઓળખ્યા ગુલાબના અક્ષર! શૈશવનાં સંસ્મરણો, હું જરાક હર્ષમાં આવી ગઈ. પણ મેં મારા ઉપર તરત કાબૂ મેળવી લીધો.

'આનંદ–આનંદ થઇ ગયો ને!' તીખો કટાક્ષ આવ્યો. મનમોહન કેટલો ટીકીટીકીને મને જોઇ રહ્યો છે એ વિચારે હું ક્ષોભ પામી ગઈ.

'એ તો તમને પણ થાત! તમને ન થાત? તમારી સાથે ભણનારો કોઈ મળે તો? બાળપણ તો સૌને એવું વહાલું લાગે!'

'પણ તું તો કહેતી'તી ને છોકરી છે?'

'ત્યારે છોકરી નથી તો શું છે? આ રહ્યા એના અક્ષર, ગુલાબના. કાલે જ મેં એની વાત તો કરી'તી!'

'પણ આ તો કોઈ કલમઘોરો છે એનું શું? તે અક્ષર છોકરી જેવાય કાઢવાવાળા કાઢે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમોહનની વાત કરવાની રીત મને ગમી નહિ એટલે હું મૂંગી રહી, પણ એટલે તો એના મનની શંકા મજબૂત થઈ ગઈ.

મને પણ સાંભળ્યું કે કાંઈક ઊંધું વેતરાય છે.

એટલામાં તો મનમોહન જ બોલ્યો : 'આજે જ તમારા એ ભાઈબંધ આબાદ સપડાયા છે!'

'ભાઈબંધ ?'

'હજી સફાઈ કરવી છે ? આ કોણ છે કાકો, જો તો!' મનમોહને મારી સામે એની 'ડાયરી' ધરી. મારા જ ગામનો કોઈ છોકરો, જાદુની ઠગાઈ કરતાં સપડાયો હતો. એણે પોતાની હકીકત નોંધાવી એમાં ગુલાબ નામ આપ્યું હતું. પોતે તે પહેલાં નાટક કરતો એમ કહ્યું હતું. ભણ્યો'તો જે નિશાળમાં એ નિશાળ પણ અમારી જ નીકળી! મારું જ ગામ. ગુલાબ નામ. નાટકની વાત ને નિશાળ પણ એ. મનમોહનની શંકા અત્યાર સુધીમાં આ વાત પરત્વે એવી તો દઢ થઇ ગઇ હતી કે હવે એની જડ હલાવવી એ મુશ્કેલ હતું!

એમાં આજે આ ગુલાબના કાગળે બળતામાં ઘી હોમ્યું!

'મારા પતિને આંહીં જમાદારી છે એ એણે ક્યાંકથી શોધી કાઢ્યું હશે. એનો દૂરનો એક સગો ગુલાબ, જાદુના ખેલ કરતો રખડ્યા કરતો, તે આ બાજુ નીકળી આવ્યો હતો.

એને ક્યાંક સિપાઇગીરી મળી જાય તો એ થાળે પડે એની એમાં વાત હતી. મને મળવા આવશે એટલી નોંધ છેલ્લે ઉમેરી હતી. ને મારા પતિને એની ભલામણ કરવા માટે પણ લખ્યું હતું!

જેણે જીવનભર અનેક તર્કટી કિસ્સાઓ પકડવાંમાં જ રસ લીધો હતો—એને હવે એવી અધમ માન્યતામાંથી બ્રહ્મા પણ ડગાવે તેમ ન હતાં! એના મનથી એણે એક તર્કટ આબાદ પકડ્યું હતું!

અને મનમોહન પાછો આમ, ભલે અમારી વચ્ચે બહુ સંસ્કારમેળ ન હતો છતાં મારી પાછળ ઘેલો ઘેલો ફર્યા કરતો. એને તો આજ જ લાગી આવ્યું હતું. આંખમાંથી આંસુ ની... બાકી રહ્યાં હતાં. મેં બોલવાનો પ્રયત્ન તો ... પણ આપણે જેમ પોડામાં સપડાયા હોઈએ, ... દરેક પ્રયત્ને વધુ ને વધુ ઊંડા ખૂંચતા જઈએ એ... વાત થાતી લાગી. મનમોહન સમજી શકે એ... ભાષાની પણ મારી પાસે ખોટ હતી. જીવન સંસ્કા... એ દોષ અત્યારે ભયંકર થઈ રહ્યો!

થોડા દિવસ આ વાતને ઠંડી પાડી દેવામાં ... ડહાપણ લાગ્યું. એટલે હું કાંઈ બોલી જ નહિ. ... એટલે તો મનમોહનના મનમાં ઘેરી શંકા ઘર ... ગઇ. આ ગુલાબ કાગળ લખનારો તે જ મળ... આવનારો ગુલાબ હતો ને એણે આ ચેતવણી આ... હતી. અને વળી મારા હાથ નીચે રહીને મારા ... ઘરમાં ઘા મારવાની રચના થવાની હતી! એ... પોતાનું મગજ આ વાતને એ રીતે સમજ્યું હ... એમાં ફેરફારને અવકાશ ન હતો.

[૩]

પછી તો એ વાત અમે કોઇ દી સંભારી નહિ... મારા મનમાં એ શલ્યરૂપે રહી. મનમોહનના મન... ભયંકર શંકારૂપે રહી. ને એણે તો આ વાત... પાછળ ઝીણી ઝીણી ખણખોદ કર્યા જ કરી. ગુલાબ... શંકા તો ગઇ તો એનાં જ સગાંવહાલાંએ મારી પો... વિષેની શંકા વધારે દઢ કરી.

જે દિવસે મનમોહને બંદૂકી અકસ્માત કર્યો ... દિવસે અમારે આ વાત ઉપર બોલાચાલી થઈ ... હતી. એનો નાનોભાઈ ગઇકાલે બહારગામથી ... આવ્યો હતો.

એ કોણ જાણે શી વાતો લાવ્યો હતો, પણ ... કુટુંબ વચ્ચેના આર્થિક ને સાંસ્કારિક દરેક તફા... જુદાં જુદાં રૂપ ધાર્યાં હતાં તે તે દરેક રૂપ મનમોહન... વાતમાં વ્યક્ત થતાં હતાં!

'તમે સાહુકારની ગગીઓ—અમે તો ગરી... માણસ રહ્યાં તમે સુધરેલા—અમે તો અભણ... ભગવાનને પણ ન માનો—અમારે તો એનો જ આધાર...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવા કોણ જાણે કેટલા વિરોધાભાસ એણે કલ્યા! એના નાનાભાઈએ અમારો સાત પેઢીનો ઈતિહાસ શોધી શોધીને એને કહ્યો હોય તેમ લાગ્યું! મનમોહન જેવો શંકાશીલ હતો તેવો જ પાછો લાગણી-પ્રધાન પણ હતો. એને લાગી આવ્યું હતું. એના મનથી એણે, કોઈ સ્વર્ગની પરીની જાણે કે વિશ્વાસ-ઘાતી વસ્તુ ગોતી હતી. એ ઉદાસ થઈ ગયો. એની પરી બેવફા હતી. એ છેતરાયો હતો.

એ ધૂનમાં ને ધૂનમાં એણે એક બે દિવસ તો ખાધું પણ નહિ. પરંતુ એને સમજણ આપવાનો મારો હરેક પ્રયત્ન મેં જોયું કે વધારે ને વધારે શંકાનાં વમળ ઉપાડતો હતો. પછી તો મેં એ પ્રયત્ન જ છોડી દીધો! મારા મનમાં શલ્ય છે. એ બંદૂકી અકસ્માત નહિ—આપઘાત જ નહિ હોય? મનમોહનની મારી પાછળની ઘેલછા હું જાણું તો! એ ઘેલછા શંકાની કાંકરી પડતાં તો પોતાની જાતને પોતે ફેંકી દે એવી વિચિત્ર હતી!

પણ હાયરે! એ વીતેલી વાતો આજે આટલાં વર્ષે પાછી ફરી ઊખળશે એમ મેં ક્યાંથી ધાર્યું હોય? ભૂપાલ આવ્યો—મારો જ ભત્રીજો—એને હું આવવાની શી રીતે ના પાડી શકું? પણ મને શી ખબર કે એના દિલમાં હજુ જૂની—જૂની ખટક રહી ગઈ હતી. વેકેશન હતું, કમળ ને એ બન્ને જુદા જુદા પણ એક જ ભણતર ભણતા, એટલે એને આવવાની ના પાડવાનો કોઈ જ અર્થ ન હતો; હું ના પાડું તો ઊલટું કમળને મારા સંકુચિત માનસ વિષે શંકા થાય.

ભૂપાલ ને કમળ તો એ ક્ષણમાં જ જાણે જુગ-જૂના મિત્રો હોય એમ ભળી ગયા. એમણે કોણ જાણે કેટકેટલી વાતો કરી. કેટકેટલી મને પણ પૂછી. જૂનાં સંસ્મરણોની વેલીનાં પુષ્પનો પરિમલ જાણે મહેકી રહ્યો.

પણ ભૂપાલે તો કમળને ઝેર પાયું હતું, મને મૂરખીને એ ખબર તો એ ગયો, ને મેં કમળનો ચહેરો જોયો, ત્યારે પડી! હાય રે! મેં મારો વ્હાલો પુત્ર ગુમાવ્યો હતો. પોતાના પિતાના ખૂનીની જાણે હાજરી માત્રથી અભડાતો હોય એવો કમળ ત્યાં ઊભો હતો. મારો દીકરો ત્યાં ન હતો. એક પુરુષ પ્રગટ્યો હતો.

[૪]

અત્યારે રાત પડી છે. આકાશી અંધારામાંથી તારાઓએ ડોકિયાં કાઢ્યાં છે. અમારા નાનકડા એકાંત આવાસની આસપાસ કોઈ ફરકતું નથી. અમારા જીવનના ધરતીકંપની અમારા સિવાય કોઈને જાણ નથી. અને મહાભયંકર શંકા વમળનો ને ગેરસમજણનો મારે જે સામનો કરવાનો છે એ વસ્તુની મારા નાનકડા હૃદય સિવાય કોઈને ખબર નથી. આટલી નાનકડી બાબત ઉપર મારા તો આખા જીવનનો તાર અવલંબે છે—ને સાધનમાં મારી પાસે, મારા કમળ પ્રત્યેના નિઃસીમ પ્રેમ સિવાય બીજું કોઈ સાધન નથી અમારી આ નારીજીવનની ભયંકર યાતનાનો હું કમળને, મારા પુત્રને, કાંઈક ખ્યાલ આપી શકી હોત, પણ એમાંથી જાગ્રત થયેલા પુરુષને હું શી રીતે સમજાવી શકું કે ભાઈ! તારો પણ દોષ નથી. મનમોહનનો પણ દોષ નથી. દોષ માત્ર કુદરતનો છે કે જેણે મને નારી બનાવી. અને એ બનતાની સાથે જ હું સમાજમાં અમુક અમુક વાતનો તો જાણે વારસો જ પામી! મારો આ વારસો—એ વારસામાંથી કોણ છટકી શક્યું છે કે હું છટકી શકું?

અત્યારે કમળ ઉપર અગાશીમાં છે. આ અમારું ખંડિયર ઘર છે, જ્યાં મનમોહને જીવનનો કરુણ અંત આણ્યો હતો. એનું ભૂત કમળના મગજ ઉપર ચડી બેઠું હશે તો? એણે મને રોવરાવી નાખવાનો ને નવરાવી નાખવાનો સંકલ્પ રાખ્યો હશે. અને આજ ઓગણીસ વર્ષે પોતાના માની લીધેલા અન્યાયનું વેર લેવા, એ ત્યાં એની આસપાસ ભટકીને એને કાનમાં પ્રેરણા આપી રહ્યું હશે કે, 'છોડી દે, જીવન છોડી દે, જીવન છોડી દે—' હાયરે! એ એમ કહી રહ્યું હશે તો? હું શું કરીશ? હું કમળને શી રીતે બચાવીશ? એના મગજમાંથી ઉત્પન્ન થયેલા વાદળને શી રીતે વીંખી શકીશ? અરે! મને તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલેને કાગડાકૂતરાને મોતે મરવા માટે તજી દે, મને તો ભલેને ફિટકાર આપીને એ કાઢી મૂકે, હું તો ભલેને એને સમજાવી ન શકું. એનું પણ મને મનમાં હવે કાંઈ નથી, પણ જેને મેં આટલી આટલી યાતનાઓ વેઠીને, ઓગણીસ ઓગણીસ વર્ષની છાયાછત્ર નીચે રાખીને મોટો કર્યો છે એ એના હોઠ ઉપર, મને અંધારામાં રાખીને, ઝેરની પ્યાલી દાબી દેશે—તો ? તો—રે ! તો ?

એક પળ પણ ગુમાવવાનો—રાહ જોવાનો અત્યારે ક્યાં સમય હતો ? મારું જે કાંઈ બળ હોય, જે કાંઈ મારી શક્તિ હોય, એ તમામનો આજે જ ખપ હતો.

હું ઉતાવળે કમળને મળવા દોડી. એના મનમાંથી મનમોહનની ખટક કેમ કાઢવી એની કાંઈ મને ગતાગમ ન હતી. હું શું એને જઈને સીધી એમ વાત કરું કે કમળ ! તને ભૂપાલે વાત કરી એ તું સાચી ન માનતો. હું એને શું કહું ને શી રીતે કહું ?

હું ઉપર ગઈ.

કમળ ત્યાં બેઠો હતો. એના ચહેરા ઉપર આછી વેદના હતી. પોતે કાંઈક માનવાને ખુશી ન હોય—ને એને એ માનવું જ પડતું હોય, એવું દુઃખ ત્યાં હતું. આછી રોશનીમાં એના ચહેરા ઉપરનું દુઃખ વધારે ગમગીની પ્રેરે તેવું લાગતું હતું.

હું ધીમે પગલે એની પાસે ગઈ. એ ખુરશી ઉપર બેઠો હતો. એની આગળ ટેબલ હતું. ટેબલ ઉપર પુસ્તકો હતાં. મારા આવ્યાની એને જાણ થઈ હોય તેમ લાગ્યું નહિ. બારણા તરફ એની પીઠ હતી. એની પાછળ જઈને ધીમેથી ત્યાં ઊભી રહી. મારી નજર ટેબલ ઉપર પડી અને હું છળી ગઈ. એક ખુલ્લા પુસ્તકમાં મનમોહનની છબી પડી હતી. કમળની ત્યાં દૃષ્ટિ હતી. એને ખભે મેં ધીમેથી હાથ મૂક્યો: શાંત અવાજે એને બોલાવ્યો.

'કમળ ! શું થયું છે બેટા ! તને ?'

એણે કાંઈ પ્રત્યુત્તર ન વાળ્યો. પણ મારી સામે જોયું. એ દૃષ્ટિમાં કેટલું દર્દ હતું !

હું એની પાસે બેઠી. મેં એનો હાથ હા
લીધો : 'બેટા ! તને શું થાય છે ? કાંઈ થયું
તને શું દુઃખ છે ? મને ન કહેવાય એવું છે ?'

મને લાગ્યું કે એ પોતાનું દુઃખ બોલી શ
નથી. તે માત્ર મારી સામે જોઈ રહ્યો. એની આં
કોર ભીની થઈ ગઈ હતી.

'બેટા ! મારે તને એક વાત કરવાની છે. ઘ
દિવસ સુધી એ મેં સાચવી રાખી હતી. તું
થાય ત્યારે એ આપવા જેવી હતી. આ પડ
ઓરડો—ત્યાં તારા પિતાનું મૃત્યુ થયું હતું.
એનું બારણું ઉઘાડું છે કમળ ? હા ! ઉઘાડું
છે !......' અચાનક મારી દૃષ્ટિ સામેના ઓ
ઉપર પડી—એનું બારણું ખુલ્લું હતું. મને જાણે
મનમોહનની આંખ જેવું લાગ્યું !

હું બેઠી થઈ ગઈ. બારણું વાસવા માટે એ
ચાલી. એ ઓરડામાં પડખેના ઓરડાના દીવાનું તેજ આ
રહ્યું હતું. એમાં જૂનું ટેબલ, નાની મોટી ખુરશી
ફાટલ શેતરંજીઓ, કાટ ખાધેલાં વાસણ,
તૂટેલી ગોદડીઓ, એવું એવું આમ તેમ અસ્તવ્
પડ્યું રહેતું. સાધારણ રીતે એ બારણું બંધ
મેં જઈને બારણાને વાસવા માટે કમાડ ખેંચ્યું.

પણ મારી દૃષ્ટિ અંદર જ ચોંટી ગઈ. ત્યાં
હોય તેવું લાગ્યું. હું જરાક ખંચકાઈ. વધારે
વટથી અંદર જોઈ રહી.

આછી આભાસી સૃષ્ટિમાં જાણે મેં ઝેરના
હાથમાં રાખીને ઊભેલા મનમોહનને જોયો !
એવું મને લાગ્યું.

એના એક હાથમાં પ્યાલી હતી. બીજો
જાણે કોઈને કાંઈ નિશાની કરી રહ્યો
પ્યાલી ગટગટાવી જવાની જાણે પ્રેરણા આપી
હતો. નર્યાં હાડકાનું એક બોખું હાડપિંજર
પાછળ જ ઊભું ભિભું જાણે, આંખ વિનાના ખાડા
ભયંકર મશ્કરી ભરેલું અટ્ટહાસ્ય ત્યાં વેરી રહ્યું

મેં એ જોયું. એમાંથી ઉદ્ભવતા અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારમાં મારો પગ ત્યાં બારણા પાસે જ અટકાવી દીધો: 'એક રીતે મારી જાતને આ મારા છોકરાથી છુપાવીને આ વાદળ ઊભું નથી કર્યું ?' મારા મનમાં પ્રશ્ન થયો: 'એ વાદળ છે તો આ મનમોહન છે–એ જ સાચું નથી ? મારે હિમ્મતથી મારી વાત કમળને કહીને–એનો જ ન્યાય આ વસ્તુ ઉપર માગી લેવો જોઇતો હતો. ઘણા વખત પહેલાં. બીજા જણાવે તે પહેલાં. શા માટે એને પણ હું મારા પક્ષમાં રહેવાનું કહું છું ? માણસ માણસની વચ્ચે વાત કરવાની ભાષા શું કોઇ દિવસ માણસને મળશે જ નહિ ?

અને એ વાદળ જ આ આભાસ ઊભો કરીને અમને આજ દૂર ધકેલી નથી રહ્યું ?

શા માટે આ બારણું બંધ રહેવું જોઈએ ? શા માટે મનમોહને એ બંધ દ્વારમાંથી ચોરદષ્ટિ કરી કરીને અમારા જીવન વચ્ચે એક ભયંકર ખીણ ઊભી કરવી જોઇએ. !

મારે એની સામે થવું જોઈએ.

મારે મારો છોકરો બચાવવો છે. આ બંધ બારણની પાછળની ભૂતાવળ તો એના જુવાન કલ્પનામય હૃદયને હણી નાખશે !

મેં બારણું બંધ કરવા માટે પ્રસારેલા હાથે જ ધબ દઇને અવાજ થાય તેમ બારણું ફટ લઇને ઉઘાડી નાખ્યું. અને એ અભ્યાસી દેખાવના હાડપિંજરની સામે જ, એના હાસ્યફાસ્યને અવગણીને જાણે એને મળવા માટે, સવાલ કરવા માટે ને જવાબ મેળવવા માટે જતી હોઉં તેમ હિમ્મતભેર, પગલાં માંડી રહી !

અત્યાર સુધી મારી ક્રિયાને ક્ષોભિત જોઇ રહેલો કમળ ઊભો થયો–ને તરત મારી પાછળ આવતો દેખાયો. સાચી પકડ મળી હોય તેમ મારું અંતર આનંદથી ડોલી ઊઠ્યું ! !*

* જર્મન વાર્તા ઉપરથી.

❋

વિજ્ઞાનદર્શન

ઔષધોની મર્યાદા

શ્રી. બંસી ગાંધી, बी. एससी.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम. एससी., पीएच. डी.

મોટાં ભાગનાં દરદો સૂક્ષ્મજીવાણુઓને આભારી છે એમ મહાન ફ્રેંચ વૈજ્ઞાનિક પાશ્ચુરે પ્રતિપાદન કર્યું ત્યારથી દરદનિવારણનો એક નવો યુગ શરૂ થયો: રોગ, રોગોત્પાદક જીવાણુ, જીવાણુનું જીવન જીવાણુનો શરીરબહાર કે શરીરઅંદર નાશ કરવો –અને તે નાશ કરવામાં શું શું ઉપયોગી નીવડે તે શોધી કાઢવું. 'પ્લાઝમોડિયમ' નામના જીવાણુને લીધે મેલેરિયા તાવ આવે છે. એનો ફિલિસ જાતનો મચ્છર માણુસને કરડે ત્યારે તે જીવાણુ માણસના શરીરમાં દાખલ થાય અને મેલેરિયા રોગ ઉત્પન્ન કરે. માટે મચ્છરનો નાશ કરવો. એ થયો મેલેરિયાનિવારણનો એક ઉપાય. મચ્છર પાણીના બંધિયાર ખાબોચિયામાં ઈંડા મૂકે, માટે ખાબોચિયાં ઉલેચી નાખવાં, ખાડા પુરાવી દેવા અગર તો મચ્છરની ઇંડાળ કે તરતના પેદા થયેલ મચ્છર મરી જાય તેવી દવા છાંટવી એ મચ્છર મરવાનો ઉપાય. આજ સુધી કેરોસીનનો ઉપયોગ એ કામ માટે કરવામાં આવતો. હવે તેને માટે ડી. ડી. ટી. વપરાય છે. માણુસના શરીરમાં દાખલ થયેલા જીવાણુઓને કેમ મારવા ? ત્યાં ડી. ડી. ટી. કામ ન કરે, કારણ કે તે માણુસના શરીરને ઇજા કરે. માટે માણુસને માટે શોધાયેલી દવા તે કવીનાઇન, અને મેપાક્રીન. નવા નુસખાની શોધ ડૉક્ટરો કરી રહ્યા છે. માણુસને નુકસાન ન કરે છતાં તેના લોહીમાં રહી, તેને ચૂસવા આવતા માકડ, જૂ વગેરેને મારી નાખે તેવી કોઈ દવા હોય તો ! ગેમેક્ષીનની ભૂકી અગર સાથે ભેળવી સસલાને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરરોજ સવારે ખવડાવવામાં આવી. સસલાને કરડનારા માકડોને તરત જ લકવો લાગુ પડયો, અને તેમાંના સંખ્યાબંધ મરી ગયા. જે જીવતા રહ્યા તેમણે કદાચ ધરાઈને લોહી નહીં પીધું હોય ? પીળો તાવ ફેલાવનારા મચ્છરની પણ એ જ દશા થઈ. સસલાને કરડયા બાદ ચોવીસ કલાકમાં તે બધાં મરી ગયાં. દસ દિવસ સસલના લોહીની ઉજાણી કર્યા બાદ બધી ઈતરડી મરી ગઈ. દરરોજ 'ગેમેક્ષીન'નો ડોઝ લેનાર પ્રાણીને કંઇ ઝેરી અસર થાય કે નહિ તે શોધી કાઢવું રહ્યું. સમય જતાં તે પણ શોધાશે. કદાચ ગેમેક્ષીનને બદલે બીજું કોઈ કારગત રસાયણ પણ શોધાય !

ન્યુમોનિયાનો રોગ ન્યુમોકોકી નામનાં જીવાણુ ફેલાવે છે. ગોનોરીયાનો રોગ ગોનોકોકી નામના જંતુ ફેલાવે છે અને એ જ પ્રમાણે ક્ષય, ગડગુમડ, ટાઇફોઈડ, કોલેરા, મેનીનજાઈટીસ ઈ. રોગો પણ ચોક્કસ જાતનાં જીવાણુ ફેલાવે છે.

આ બધામાંના કેટલાંકને મારવા માટે સલ્ફાડ્રગ, પેનિસિલીન, ગેમેક્ષીન, સ્ટ્રેપ્ટોમાઇસીન શોધાયાં છે અને કંઈક અંશે તે બધાં કારગત નીવડયાં છે. પ્લેગ, શીતળા, કોલેરા માટેની રસીઓ પણ પોતપોતાની મર્યાદામાં રહીને કામ આપે છે. છતાં પ્રશ્ન એ છે કે આ બધા રોગો કેમ મટતા નથી ? શરૂ શરૂમાં કારગત નીવડેલી દવા આગળ જતાં કેમ કારગત નીવડતી નથી. એ દવાની બનાવટ બદલાય છે ? ના, તેમ તો થતું નથી, પરંતુ હકીકત જુદી જ છે.

જીવમાત્રમાં પલટાતા સંજોગોને અનુકૂળ થવાની શક્તિ રહેલી છે. માણસજાત આજ સુધી એ જ શક્તિને આધારે ટકી રહી છે. જે જે જીવ એ ન કરી શકયા તેમનું નામનિશાન પણ પૃથ્વી પર રહ્યું નથી. કોઈક કોઈકનાં અવશેષો મળી આવે એટલું જ. જે ખોરાકને સ્વપ્ને પણ ન દીઠો હોય તેવા ખોરાક ઉપર આજે આપણાં બાળકો ઊછરી રહ્યાં છે. અને થોડા સમય બાદ તે ખોરાક સ્વાભાવિક જ બની જશે, અફીણી માણસ દરરોજ થોડું થોડું અફીણ લે તો થોડા સમય બાદ અફીણની ઝેરી અસર તેના શરીર ઉપર નહિ થાય. એ જ મુજબ માણસ અનેક જાતનાં ઝેરોને ક્રમશઃ પચાવી શકે છે.

પણ આવી શક્તિ માત્ર માણસમાં જ નથી. રોગ ઉત્પન્ન કરનાર જીવાણુમાં પણ તે છે.

ક્વીનાઇન માફક આવી ગયું હોય તેવા પ્લાઝ્મોડિયા મળી આવે. તેમની આખી સંતતિ ઉપર ક્વીનાઇનની અસર નહિ થાય. એ જ પ્રમાણે સલ્ફા ડ્રગની અસર નીચે સંખ્યાબંધ જીવાણુઓ મરી જવા છતાં તેમાંના કેટલાંક ક્ષણભર બેભાન થઇ પાછા પોતાની સ્થિતિ પ્રાપ્ત કરી લેવાનાં. ઉત્તરોત્તર સલ્ફાડ્રગની તેમના ઉપર કે તેમની આ સંતતિ ઉપર અસર નહિ જ થવાની. પેનિસિલીનનું પણ તેવું જ. એટલે જીવાણુઓને મારી નાખવાની ગમે તેટલી દવા શોધવા છતાં જીવાણુઓ જીવવાનાં જ. અને પરિણામે ભાગ્યે જ કોઇ રોગનું નામનિશાન પૃથ્વી ઉપરથી કાઢી શકાય.

પ્રશ્ન એ છે કે તો પછી કરવું શું ?

સંયોગોને અનુકૂળ થવાની શક્તિ માણસે વિશેષ કેળવવી. તંદુરસ્ત માણસના શરીરમાં જીવાણુઓ લાંબો સમય ટકી શકતા નથી. બીજું જીવાણુ શરીરમાં દાખલ થતાંની સાથે જ શરીર તેમની સામે મોરચો માંડી જ દે છે. દવા મુદ્દલ ન લેનાર માણસો તંદુરસ્ત રહી શકે છે એટલું જ નહિ પણ કોઇ પણ રોગ સામે ટકી શકે છે. તે માંદા પડતાં હશે પણ માંદગીમાંથી ઊઠયા બાદ રોગ સામે વધારે ટક્કર ઝીલે તેવું તેમનું શરીર બન્યું હશે.

દવા ન જ લેવી એવો અર્થ કોઇ આમાંથી ન ઘટાવે. પરંતુ ફક્ત દવા જ બધું કરશે એમ માની તેના ઉપર નભવું એ પણ વેદિયાપણું કે મૂર્ખાઈ જ ગણાય, જીવાણુ માત્ર સશકત શરીરમાં નાશ પામે છે અને નબળા શરીરમાં જ ઘર કરી શકે છે. જીવાણુ રોગ ઉત્પન્ન કરે છે એમ કહેવાને બદલે રોગી શરીર છે માટે જ જીવાણુ છે એમ પણ કહી શકાય. જીવાણુ રોગ લાવે કે રોગ જીવાણુ લાવે. પરંતુ તે બંનેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે ટકવું જ છે એમ નિશ્ચય કરી આરોગ્યનાં નિયમો પાળવા અને ખપ પૂરતી દવા જરૂર પડે ત્યારે લઈ લેવી તે જ મધ્યમ માર્ગ ગણાય. બાકી રોગીએ વાદમાં પાંડવાની જરૂર નથી.

મગફળી : ખોરાકમાં અને ઔષધમાં

હિંદ ખેતીપ્રધાન દેશ છે. વસ્તીનો મોટો ભાગ જમીન પર નભે છે. દેશની ખેતીની પેદાશોમાં અનાજ, કપાસ, શણ અને તેલીબિયાં મુખ્ય છે. લગભગ બધાં અગત્યનાં તેલીબિયાં આપણે ત્યાં થાય છે. એરંડા, ખસખસ મહુડા અને નાઇગરનાં બિયાં પુષ્કળ થાય છે અને દુનિયાના અન્ય દેશોને હિંદ મુખ્યત્વે પૂરાં પાડે છે. આ ઉપરાંત અળસી, મગફળી અને સરસવનો મોટો જથ્થો પરદેશ ખાતે હિંદમાંથી જાય છે. તેલીબિયાંની ખેતીમાં ૨ કરોડ ૫૦ લાખ એકર જમીન રોકાય છે. ટૂંકામાં ઓલિવ, સોયાબીન અને તાડ—કોપરેલ તેલ સિવાય બીજી બધી જાતનાં તેલીબિયાં આ દેશમાં થાય છે.

આધુનિક ઉદ્યોગોમાં તેલ અને તેલીબિયાંનો પુષ્કળ ઉપયોગ થાય છે. મગફળીનું તેલ આ ઉદ્યોગોમાં સહેલાઇથી પોતાનું સ્થાન લે છે. વિશ્વયુદ્ધ પહેલાં ૭ લાખ ટન મગફળી અમેરિકા લેતું. ૧૯૪૨માં લગભગ બધી વાર્ષિક પેદાશ પરદેશ ખાતે ચડી. મગફળીનો ખોળ દૂધાળા ઢોરને ખવડાવવામાં આવે છે. તેમાં પ્રોટીનનું પ્રમાણ સારું છે. માણસની હોજરીમાં સહેલાઇથી પચી શકે એવા પ્રોટીનના રૂપમાં મગફળીનો આટો તૈયાર કરવામાં આવે છે.

મગફળીનો છોડ લેગ્યુમિનોસી—શિંબી વર્ગનો છે. તેનું શાસ્ત્રીય નામ આરાચીસ હાઈપોગોકા છે. તે જમીન પર પથરાય છે. તેનાં અનેકવિધ નામો પ્રચલિત છે—ભોયશિંગ, ખોખાં, સીંગાં વગેરે. આ છોડ હિંદ, ચીન, દક્ષિણ આફ્રિકા અને અમેરિકાનો મૂળ વતની છે. હિંદમાં તેની ખેતી સર્વત્ર થાય છે. ખાસ કરીને મદ્રાસ, મુંબઈ અને દક્ષિણ હૈદરાબાદમાં, કાઠિયાવાડમાં પણ મગફળી સારી રીતે થાય છે. આ છોડને રેતાળ જમીન અનુકૂળ આવે છે. મગફળી જમીનમાં થાય છે. તેને કાઢી લઈ સૂકવવામાં આવે છે. લીલી મગફળી પણ ફોતરાં કાઢીને ખાવા માટે વપરાય છે. મગફળીના દાણા એમ ને એમ પણ ખાવામાં આવે છે, અને તેને પીલીને તેલ કાઢવામાં આવે છે. એકલા મદ્રાસમાં જ મગફળીનું તેલ કાઢવા છત્રીસ મિલો ચાલે છે. મગફળી ફોલવા માટે સંચાનો ઉપયોગ થાય છે. કોઈ જગ્યાએ આ કામ મજૂરો હાથ વડે કરે છે. તેલ ઘાણી વડે પીલીને કાઢવામાં આવે છે. દ્રાવક (solvent) પદ્ધતિથી તેલ કાઢવાની રીત હિંદમાં ક્યાંય ઉપયોગમાં લેવાતી હોય એવું જાણવામાં કે સાંભળવામાં આવ્યું નથી.

મગફળીનું તેલ અને તેનો ખોળ સીધો યા આડકતરી રીતે જુદા જુદા ઉદ્યોગોમાં વાપરવામાં આવે છે. આવા ઉદ્યોગોમાં, રંગરોગાન, બનાવટી રાળ, સાબૂ, વોટરપ્રૂફની જુદી જુદી બનાવટો, રબ્બર જેવા બનાવટી પદાર્થો, છાપવાની શાહી, મીણબત્તી, દવાની બનાવટો ઇત્યાદિનો સમાવેશ થાય છે. મગફળીનું તેલ ખાવા માટે પુષ્કળ પ્રમાણમાં વપરાય છે.

મગફળી અને સોયાબીનની સરખામણી નીચે આપેલા કોષ્ટક પરથી સ્પષ્ટ થશેઃ—

	મગફળીમાં	સોયાબીનમાં
પાણી	૬.૬ ટકા	૮.૫ ટકા
કાર્બોહાઇડ્રેટ	૨૪.૪ ,,	૨૨.૬ ,,
ચરબી	૩૮.૬ ,,	૧૮.૦ ,,
પ્રોટીન	૨૫.૮ ,,	૪૦.૦ ,,
એક પૌંડમાંથી કેલોરી	૨૫૭૦	૧૯૩૫

ઉપરના આંકડા સ્પષ્ટ બતાવે છે કે સોયાબીન અને મગફળીનો મુખ્ય તફાવત એ છે કે સોયાબીનમાં પ્રોટીનનું પ્રમાણ વધારે છે, તો મગફળીમાં ચરબીનું પ્રમાણ વધારે છે. સોયાબીન કરતાં મગફળી વધારે સ્વાદિષ્ટ છે. ઉપરાંત મગફળીમાં વિટામીન અને ખનીજ ક્ષારો પણ સારા પ્રમાણમાં છે. પ્રયોગ દ્વારા પુરવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'થયું છે કે મગફળી અને સોયાબીનના પ્રોટીન પર રાખેલા ઉંદરોની વૃદ્ધિ લગભગ એકસરખી છે. દૂધ, ઈંડાં અને માંસના પ્રોટીન મગફળીના પોટીન પોષણની દૃષ્ટિએ સરખાં છે.

હવે ઓલિવ તેલની સાથે મગફળીના તેલને સરખાવીએ. ઓલિવ તેલને બદલે મગફળીનું તેલ પુષ્કળ વપરાય છે. આ તેલને બ્રિટિશ ફાર્મોકોપિયામાં અને બીજા ગ્રંથોમાં દવાની બનાવટ માટે સ્વીકારવામાં આવ્યું છે. મલમ, પ્લાસ્ટર અને સાબૂની બનાવટમાં ઓલિવ તેલને બદલે મગફળીનું તેલ વાપરી શકાય. ઓલિવ તેલની સાથે મગફળીનું તેલ ભેળવવામાં આવે છે, તે શોધી કાઢવું મુશ્કેલભર્યું છે. મગફળીના તેલમાં વિટામીન 'એ'ના દ્રવણો લાંબો વખત સારી રીતે સચવાઈ રહે છે.

સોયાબીન અને ઓલિવના નવા પાક દાખલ કરવા કરતાં મગફળીની પેદાશને સારી રીતે ખીલવી તેમાંથી શક્ય એટલી નવી ચીજો બનાવી આપણા દેશના ઉદ્યોગોની ખીલવણી કરવી જોઈએ.

એક અજાયબ વનસ્પતિ

જલસરપોલીઆ નામની એક વનસ્પતિ થાય છે. તે મીઠા પાણીમાં ઊગે છે. અને ગુજરાત, કાઠિયાવાડ તેમ જ હિંદના ઘણાખરા ભાગોમાં નદીઓ, ઝરણાં, તળાવો વગેરેમાં તે નજરે પડે છે. તેનું શાસ્ત્રીય નામ 'વેલીસ્નેરીઆ સ્પાઇરલીસ.' આ વનસ્પતિના મૂળ બારીક રેસા જેવા હોય છે, ડાંડી હોતી નથી અને તેના પાન લીલા, પાતળા, સાંકડા, ૫ થી ૧૦ ઈંચ લાંબા અને ૧/૨ ઈંચ પહોળા હોય છે. તેનાં ફુલોનો ઉદ્ભવકાળ એપ્રિલથી મે માસ. તેના ફુલો બે જાતના—નર અને માદા ફુલો—અને તે જુદા જુદા છોડ ઉપર થાય છે. નર ફુલો સમૂહમાં અને ઢાંકણથી રક્ષિત થયેલા એક નાની ટૂંકી ડાંડી ઉપર આવેલા હોય છે. તે બહુ ઝીણા હોય છે, પરંતુ પુષ્કળ સંખ્યામાં થાય છે. માદા ફુલો બીજા છોડ ઉપર છૂટા છૂટા આવેલા હોય છે. દરેક માદા ફુલને એક લાંબી, પાતળી ડાંડી હોય છે જે ગોળાકાર રીતે આંટીઓ ખાઇને ગૂંચળું વળીને રહે છે અને માદા ફુલને પાણીને તળીયે રાખે છે. માદા ફુલની વળવાળી ડાંડી નદી કે તળાવના સ્થિર અને સ્વચ્છ પાણીમાં ઘણી સુંદર દેખાય છે. અને જરા દૂરથી તે ઝીણા સરપોલીઆ જેવી લાગે છે. તેથી આ વનસ્પતિને જલસરપોલી આ કહે છે. નર ફુલો જ્યારે પરિપક્વ થાય છે ત્યારે સમૂહમાંથી છૂટા પડે છે, તે વખતે હજુ બીડાયેલી દશામાં જ હોય છે અને પાણીની સપાટી ઉપર આવીને તરવા માંડે છે. પછી તે ઊઘડે છે. તે જ વખતે માદા ફુલ પોતાની ડાંડીની આંટીઓના વળ છૂટાં કરીને તળીએથી પાણીની સપાટી ઉપર આવે છે. હવે નર ફુલો તરતાં તરતાં માદા ફુલના સંસર્ગમાં આવે છે અને તે વખતે તેના પરાગકોષના ફાટવાથી બહાર નીકળેલા કેટલાક ચીકણા પરાગકણો માદા ફુલના કમળની કિનારી ઉપર ચોંટી જાય છે. નર ફુલના પરાગકણો માદા ફુલે આ રીતે પોતાના કમળ ઉપર લીધા પછી માદા ફુલની ડાંડી ફરી ગૂંચળા વળી સંકોચાવા માંડે છે અને માદા ફુલ પાણીના તળીએ જઈ બેસે છે. ટૂંકમાં પાણીના તળીએ રહેતું માદા ફુલ પરાગસંયોગીકરણની ક્રિયા પૂરતું જ પાણીની સપાટી ઉપર આવે છે અને તે ક્રિયા પૂરી થતાં અને પોતાનો ઇચ્છિત હેતુ પાર પડતા પાણીના તળીએ તે પોતાની મૂળ જગ્યાએ આવી જાય છે. માદા ફુલમાં પછી ગર્ભાધાનની ક્રિયા અને તેના પરિણામે ફળ અને બીજું ઉત્પન્ન થવું વગેરે ક્રિયાઓ પાણીના તળીએ થાય છે. ફળ ત્યાં જ પાકે છે અને તેના બી વનસ્પતિનું નવસર્જન કરે છે.

એક તુચ્છ જણાતી વનસ્પતિમાં પણ કેવી અજાયબ અને રસમય નવસર્જનની ક્રિયા!

વનસ્પતિ અને માનવી

વનસ્પતિ અને મનુષ્યને અનેક જાતનો સંબંધ રહેલો છે. મનુષ્યજાતિના નિર્વાહ કે શરીર ટકાવવા માટેના જરૂરી ખોરાક મુખ્યત્વે વનસ્પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પૂરા પાડે છે. આપણા શરીરનું રક્ષણ કરવા માટે જરૂરી વસ્ત્રો કે આપણા રોજબરોજના જીવન માટે રહેઠાણ કે નિવાસ માટેનું ઘર વનસ્પતિ પાસેથી મેળવેલા સાધનોમાંથી જ મુખ્યત્વે કરીને આપણને મળે છે. રોગપીડિત જનતામાં પ્રસરી રહેલા અસંખ્ય રોગોનું નિવારણ કરનારી ઔષધિઓ મુખ્યત્વે કરીને વનસ્પતિના અંગ કે ઉપાંગોમાંથી જ મળે છે. આધુનિક સમાજમાં જ્ઞાનપ્રસારના જે મુખ્ય સાધનો પુસ્તકો અને વર્તમાનપત્રો છે તેમાં વપરાતા કાગળની બનાવટ માટે વનસ્પતિમાંથી ઉત્પન્ન થતાં સાધનો ઉપર આધાર રાખવો પડે છે. ચિત્રવિચિત્ર રંગોથી સુશોભિત બનેલા અને વિવિધ સુવાસથી મ્હેકતાં પુષ્પો જે આપણી સૌન્દર્યલાલસા તૃપ્ત કરે છે અને સૃષ્ટિશોભાનું એક મનોરમ ચિત્ર આપણી દૃષ્ટિ સમક્ષ ખડું કરે છે તે વનસ્પતિનાં જ મુખ્ય અંગો છે. ટૂંકમાં મનુષ્યને વનસ્પતિ સાથે અહોનિશ સંબંધ રહેલો છે. કેટલીક વનસ્પતિ આપણને મુખ્યત્વે ખોરાકની વસ્તુઓ આપે છે. દા. ત. ચોખા. ઘઉં, જવ, મકાઇ, વાલ, વટાણા, ચણા, નાળિયેર, મૂળા, શકરીઆ, બટાટા, કેળા વગેરે આપનારી વનસ્પતિ મકાનો, ફરનીચર, વાહનો વગેરેના બાંધકામ માટે વપરાશમાં લેવાતું લાકડું વનસ્પતિ પાસેથી મળે છે. આ ઉપરાંત વહાણો તેમ જ દરિયાઇ મુસાફરીમાં વપરાતા બોટ જેવા બીજા સાધનો, વાજિંત્રો, લાકડાંની આકૃતિઓ, વૈજ્ઞાનિક પ્રયોગ માટે વપરાતા સાધનો, ચિત્રો મઢવા માટે વપરાતી ફ્રેમો, દીવાસળી, લાકડાંની પેટીઓ. પેન્સિલો, રમકડાં વગેરેની બનાવટ માટે વપરાતું લાકડું વનસ્પતિ પૂરું પાડે છે. સાગ, મેહોગની, ચંદન વગેરે વૃક્ષો ઉપયોગી લાકડું આપનાર, વૃક્ષોના થોડા દાખલા તરીકે ગણાવી શકાય. ટર્પેન્ટાઇન, યુકેલિપ્ટસ તેલ, કાથો, હીંગ વગેરે વનસ્પતિમાંથી મળે છે. વનસ્પતિનો બળતણ તરીકેનો ઉપયોગ સુવિદિત છે. ઘેરઘેર વપરાતા કોલસા વનસ્પતિ જ પૂરા પાડે છે. આકડો તેમ જ થોરની એક જાતમાંથી મળતો કોલસો ફટાકડા અને ગનપાઉડર બનાવવામાં બહુ ઉપયોગી છે. કોલગેસની મુખ્ય બનાવટમાં બીજા ગૌણ પદાર્થ તરીકે ઉત્પન્ન થતો કોલટાર અને તેમાંથી મેળવાતા 'એનીલીન ડાઇઝ'ના નામથી ઓળખાતા બીજા રંગો એક રીતે તો વનસ્પતિમાંથી જ મેળવવામાં આવે છે. લાકડાંનો ઉપયોગ કાગળ બનાવવાના ઉદ્યોગમાં થાય છે. સેલ્યુલોઇડની બનાવટમાં લાકડાંનો માવો (pulp) વપરાય છે.

કેટલીક વનસ્પતિ રેસાઓ (fibres) આવે છે અને તેમાંથી ઉપયોગી વણાટની વસ્તુઓ બને છે. કપાસની ઉપયોગિતા સુવિદિત છે. અને આખી દુનિઆને પૂરતું કપાસ હિંદ, ઇજીપ્ત અને અમેરિકા પૂરું પાડે છે. કપાસ ઉપરાંત રેસા પૂરી પાડતી વનસ્પતિઓમાં શીમળો, આકડો, નાળિએરી, તેમ જ જ્યુટ, લીનન અને હેમ્પ આપનારી વનસ્પતિ ગણાવી શકાય. 'કોરકોરસ' નામની વનસ્પતિની છાલમાંથી જ્યુટ મેળવવામાં આવે છે. આ વનસ્પતિ મુખ્યત્વે હિંદમાં જ થાય છે અને તેથી કરીને જ્યુટ માટે આખી દુનિઆને હિંદ પર આધાર રાખવો પડે છે.

કેટલીક વનસ્પતિની ઔષધીય અગત્ય જાણીતી છે અને તેના બધા ભાગો અગર છાલ, મૂળ, થડ, પાન, ફૂલ, ફળ, બી વગેરે એકાદ ભાગમાં ઔષધીય ગુણો રહેલા હોય છે. આવી વનસ્પતિમાં ક્વીનીન, બેલાડોના, કપૂર, ડીજીટેલીન, કોકેન, સ્ટ્રીકનીન, અફીણ વગેરે ઔષધો આપતી વનસ્પતિ ગણાવી શકાય.

ઘણાખરા તેલો વનસ્પતિમાંથી મળે છે અને તે પણ ખાસ કરીને તેના ફળ અગર બીમાંથી હિંદમાં તેલો આપનારી વનસ્પતિ પુષ્કળ પ્રમાણમાં થાય છે; અને તેના કેટલાક દાખલા તરીકે મગફળી, તલ, નાળિયેરી, અળશી વગેરેની વનસ્પતિ ગણાવી શકાય. વળી એરંડાના બી, રાઇ, લીમડો, લવીંગ, એલાયચી, તજ વગેરેના તેલો દવામાં વપરાય છે. યુકેલિપ્ટસના પાનમાંથી બનાવાતું યુકેલિપ્ટસ તેલ તેમ જ જુદા જુદા ફૂલોમાંથી બનાવવામાં આવતા ખુશબોદાર અત્તરોનો ઉપયોગ જાણીતો છે.

એલાયચી, તજ, વરિયાળી, જાયફળ, ફુદીનો, [illegible] વગેરે [illegible] વપરાતી અનેક વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિ આપે છે. જુદી જુદી જાતના ગુંદરો, રેઝીન તથા ટેનીન પદાર્થો, ઇન્ડિયા રબ્બર તેમ જ અનેક ઉપયોગી અને આર્થિક દૃષ્ટિએ અગત્યની વસ્તુઓ વનસ્પતિ પાસેથી મળે છે. આપણા આહારની એક જરૂરી વસ્તુ ખાંડ વનસ્પતિ પાસેથી મળે છે. ચા, કોફી, કોકો, તમાકુ, અફીણ, ભાંગ વગેરે માદક પદાર્થો પણ વનસ્પતિ પૂરા પાડે છે.

ઉપર આપેલી ટૂંક માહિતી ઉપરથી સ્પષ્ટ સમજાશે કે વનસ્પતિ અને માનવીને નિકટનો સં રહેલો છે, અને તેથી વનસ્પતિ પાસેથી માન જુદી જુદી અગત્યની વસ્તુઓ વિષેનું સામાન્ય જરૂરી છે.

*

ગ્રંથસમીક્ષા

અ. મ. ર

પરકમ્મા

[લે૦ ઝવેરચંદ મેઘાણી; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ–મુંબઈ–અમદાવાદ; મૂલ્ય અઢી રૂપિયા.

જેમના નામની આગળ દુર્ભાગ્યે 'સ્વ૦' શબ્દ મૂકવો પડે છે તે રા. મેઘાણીએ રા. ઉમાશંકર જોષીના એક સૂચનને ઝીલી લઇ પોતાની ટાંચણપોથીઓ-માંની જે સામગ્રી લેખમાળારૂપે 'ઊર્મિ' માસિકમાં પ્રગટ કરી તેનું તેમની હયાતીમાં છપાયેલું આ ગ્રંથ-સ્વરૂપ છે. એમાં છે તો જેનાં પાંખીઆં સ્વ૦ મેઘા-ણીએ પોતાનાં પુસ્તકોમાં મેળવેલાં નહિ એવાં ટાંચણો, વણવપરાયેલા વાર્તાપ્રસંગોનાં વેરાયેલાં હાડકાં, દૂહા, છૂટકતૂટક વાક્યો ને લાક્ષણિક ભાષાપ્રયોગો, એમના જ શબ્દોમાં કહીએ તો કોઢયનાં છોડિયાં જ; પણ યુદ્ધકાળમાં ભંગાર પણ સોનામૂલે વેચાતો થયો હતો, તેમ એવી છિન્નાભ્ર જેવી સામગ્રી પણ એમાં લેખન કળાના કીમિયાગર મેઘાણીને હાથે સાહિત્ય–સોનું બની ગઇ છે. વસ્તુને મનોરમ રીતે મૂકવાની મેઘાણી-ની કળાને, એમની કહેણીને, આ પુસ્તકનું પચાસ ટકા આકર્ષણ તો આભારી છે. ક્યારેક કર્તા કેટલાંક ટાંચણો છે તે જ સ્વરૂપમાં આપણી સામે ધરી દે છે, ક્યારેક તેમાં સૂચવાતા પ્રસંગ કે વાર્તાને આખી જ રજૂ કરે છે, કયારેક તેના પરથી ઉખળતાં સ્મ નોંધે છે, કયારેક શિવલાલ ગોસલિયા ને લાખાજી જેવાનાં નખચિત્રો પણ આલેખે છે, અને એ કરતાં કરતાં પોતાને લોકસાહિત્યની ભાળ આપ વ્યક્તિઓની પરંપરાનો સળંગ પરિચય તે વાચ કરાવે છે. બીજી કોઈ વ્યક્તિને હાથે આવી વિવિ સામગ્રીનો આવો ઉપયોગ જ થાત નહિ, અને તો એમાં અભિમુખ વાચકોના દિલને જકડી રાખ આવી રસાળતા આવત નહિ. પોતે લોકસાહિ સંપાદન–સંશોધન કેવી રીતે કર્યું, ક્યાંથી તે રીતે પોતાને એની ભાળ લાધી, કોણે કોણે આંગળી ચીંધવાનું અને એથી ય વધુ એ સ પૂરું પાડવાનું પુણ્ય મેળવ્યું, પોતાની વાર્તા ક્રમશઃ ઘડતર કેમ થયું, કેટલું પોતે ખો ગુમાવી પણ દીધું—એ બધી વાતો ઠંડે પહોરે જમાવીને સમરસિયાઓને જાણે આત્મીય ભાવે દાવે મેઘાણી કરી રહ્યા હોય એવો જ અનુભવ કનું વાચન કરાવે છે. પુસ્તકની સામગ્રી મેઘાણ આજ સુધીમાં પ્રગટ થયેલા લોકસાહિત્યનાં પુ પર કેટલુંક નવું અજવાળું નાખે છે, તેમજ

'એમ ટીપે ટીપે, ટુકડે ટુકડે, સમસ્ત ભાષા, વાણી, કવિતા, રીતોરસમો, પશુઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવસ્થાન્તરો, ઈત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો હું લોકસાહિત્યમાં પલોટાયો છું. '

એ એમના ઉદ્‌ગાર (પૃ. ૨૫)ને સાચો ઠરાવે છે. એ રીતે જોતાં, સોરઠી લોકસાહિત્યના સંપાદક અને રસમીમાંસક મેઘાણીનું ઘડતર કેમ થયું તેની સુરેખ પ્રવાહી ઇતિહાસકથા એ બની જાય છે. એમણે પોતે જ કહ્યું છે તેમ તેમના વિષયની–લોકસાહિત્યની શોધનકથા છે એ. એને કૃતાર્થતા તો ત્યારે જ સાંપડે, જ્યારે

'........એક હાથ બધે પહોંચી શકતો નથી. બીજા હાથ નીકળતા નથી. યુનિવર્સિટીમાં કોડિયારાં ઉભરાય છે. શા ખપનાં ?' (પૃ. ૮૨)

એ સ્વ૦ મેઘાણીના વેદનાભર્યા ઉદ્‌ગારને યુનિવર્સિટીવડ્યા જુવાનો તરફથી જવાબ મળે, અને એક મેઘાણીમાંથી અનેક મેઘાણીઓ એ ઊભા કરે. એમ બનશે ?

રવિવંદના

[સંપાદકો, ગુજરાતી સંસદ, શાંતિનિકેતન; પ્રાપ્તિસ્થાન, ભારતી સાહિત્ય સંઘ લિ૦ મુંબઈ–અમદાવાદ; મૂલ્ય અઢી રૂપિયા.

શાંતિનિકેતનનું સંસ્કાર–ઋણ જેમના પર છે એવા જુવાનોએ ગુજરાતના લેખકવર્ગની પાસેથી જેમ તેમ કરી લેખો મેળવી જે રવીન્દ્ર–સ્મારક ગ્રંથ આખરે પ્રગટ કર્યો તે આ. એની સામગ્રી ત્રણ ખંડમાં વહેંચાયેલી છેઃ (૧) લેખો, (૨) કાવ્યો અને (૩) અંજલિ. પણ પહેલા ખંડમાં 'શેષ'નું કાવ્ય ઘૂસી ગયું છે અને લેખો ને અંજલિઓ વચ્ચે પણ, તફાવત દોરી શકાય એવું નથી. બધા લેખો એક રીતે અંજલિઓ જ છે કારણે.

ગુરુદયાલ મલ્લિક, જી. રામચંદ્રન, નરસિંહભાઈ પટેલ અને રતિલાલ મહેતાના લેખો સંસ્મરણાત્મક પ્રકારના હોઈ રવીન્દ્રનાથના વ્યક્તિત્વના કોઈ કોઈ પાસા પર ઠીક પ્રકાશ ફેંકે છે. ત્રણ રવીન્દ્રકાવ્યોના અનુવાદ સિવાયનાં બીજા ખંડનાં બધાં કાવ્યો, તેમજ બાકીના બે ખંડોમાંના કવિશ્રી ન્હાનાલાલ, મનસુખલાલ ઝવેરી, હરભાઈ ત્રિવેદી, પ્રેમશંકર ભટ આદિના લેખો રવીન્દ્રનાથ અને એમની પ્રતિભાને અપાતી અંજલિના સ્વરૂપના છે. કાવ્યોમાં 'સુન્દરમ્', 'શેષ' અને દુર્ગેશ શુકલની કૃતિઓને આગળ મુકાય, અને ગદ્યાંજલિઓમાં એમની પોતપોતાની લાક્ષણિક ગદ્યછટાવાળી કવિશ્રી ન્હાનાલાલની અને મનસુખલાલ ઝવેરીની અંજલિઓ બીજી કરતાં વધુ ધ્યાન ખેંચે છે. બચુભાઈ શુકલનો 'સાહિત્યસ્વામી' એ રવીન્દ્રનાથની સાહિત્યપ્રતિભાનો પરિચય કરાવવા મથતો લેખ પણ રવીન્દ્રનાથને અપાવેલી તેમના એક ગુજરાતી ભક્તની સુંદર અંજલિ છે. ઉમાશંકર જોષીનાં 'રવીન્દ્રનાથ અને આપણે' એ લેખમાં આપણા મહાપુરુષોને અંજલિ આપવાની આપણા લોકોની રીત તથા તે પાછળ કામ કરતા માનસ પર ઠીક સપાટા છે અને બાકી તો રવીન્દ્રનાથની કવિતાના જ સીધા અભ્યાસ માટે ઉદ્‌બોધન છે. બે લેખો—'સત્યમ્–સુન્દરમ્' (મૂળશંકર મો. ભટ) અને 'ગાંધીજી અને રવીન્દ્રનાથ' (રમણલાલ પટેલ)—ગાંધીજી અને રવીન્દ્રનાથની તુલના કરનારા છે, જેમાં બીજો વધુ સારો છે. અભ્યાસલેખોમાં 'ભૂમાનો ગાયક' (સુન્દરમ્), 'રવીન્દ્રનાથની દષ્ટિએ નારીની સાધના' (ક્ષિતિમોહન સેન) અને 'રવીન્દ્રનાથની સૂર-સૃષ્ટિ' (દિનેન્દ્રનાથ ટાગોર) એ ત્રણને ગણાવી શકાય, જોકે એમાં બીજો લેખ રવીન્દ્રનાથની ૧૯૨૦ની ગુજરાતની મુલાકાતના અને તે વખતે ગુજરાતનાં જુદાં જુદાં શહેરોમાં સ્ત્રીઓની સભામાં રવીન્દ્રનાથે કરેલાં ભાષણોના સારગ્રાહી હેવાલ જેવો વિશેષ બની બેઠો છે. પ્રેમથી, ખંતથી અને ઊંડાણથી રવીન્દ્રનાથના ગ્રંથોનો અભ્યાસ કરી એમનું જીવનદર્શન સારવવાનો તથા પોતાને સૂઝતી રીતે તેને સમીક્ષવાનો પણ પ્રયાસ જેમાં 'સુન્દરમે' કર્યો છે એ પહેલો લેખ તો આ સંગ્રહના બધા લેખોનો મુગટમાણુ ઠરે એવો છે.

ક્ષિતિમોહન સેનના લેખમાં પૃ. ૧૨૩ પર 'પરંતુ કલ્યાણ સ્ટેશન આવતાં જ ભોળાનાથ સારાભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે અનેક પ્રખ્યાત વ્યક્તિઓ સત્કાર કરવા મુંબઈથી આવી ટ્રેનમાં બેઠી' એવું વાક્ય આવે છે. ત્યાં ચોખ્ખી ભૂલ થઈ છે. ભોળાનાથ સારાભાઈ સ્વર્ગમાંથી આવ્યા હોય તો જુદી વાત, બાકી જે આવ્યા હશે તે તો નરસિંહરાવ ભોળાનાથ. નામનો ગોટાળો ક્ષિતિમોહન સેન જેવી ઇતરપ્રાન્તીય વ્યક્તિને હાથે થાય એની નવાઈ ન હોવી જોઈએ, પણ એ લેખના ગુજરાતી અનુવાદક રમણલાલ સોનીએ તો એ ભૂલ સુધારી લેવી જોઈતી હતી, અરે તેમણેય ન સુધારી તો સંપાદકે એ સુધારી લેવી હતી. પૃ. ૨૦૩ પરના 'દેશ કે પ્રજાનું જેમ તેના કવિ ને કર્મવીર પર નિર્ધાર છે' એ વાક્યમાં 'નિર્ધાર'નો કશો જ અર્થ નથી, 'નિર્ભર' જોઈએ. પુસ્તકની સામગ્રીની ગોઠવણીમાં મગનભાઈ દેસાઈએ લખેલું રવીન્દ્રચરિત સૌથી પહેલું, 'શેષ'નું કાવ્ય બીજા ખંડમાં, કાવ્યોનો એ બીજો ખંડ પહેલો, અને પહેલા ખંડમાં છપાયેલો રવીન્દ્રનાથનો પત્ર તથા તેમનાં કાવ્યોના બીજા ખંડમાં મૂકેલા અનુવાદ પુસ્તકની અંજલિ-સામગ્રીથી અલગ તારવીને રવીન્દ્ર-પ્રસાદી કે એવા કોઈ શીર્ષક તળે, એમ બીજી જ વ્યવસ્થા કરવા જેવી હતી. આવાં પુસ્તકોમાં સર-સંપાદકે (General Editor) કેવી ચીવટ રાખવી જોઈએ એ મુદ્દા તરફ ધ્યાન દોરવા જ આટલી હકીકત ઉલ્લેખી છે. બાકી સંપાદક મંડળને આ પુસ્તકના સંપાદનકાર્યે કંઈ ઓછી વીતાડી નહિ હોય એ તો વગર કહ્યે સમજાય તેવું છે. લેખકવર્ગનો અપેક્ષિત સહકાર ઝાઝો અને તત્કાળ મળ્યો નહિ હોય, અને લખાણો જેમ આવતાં ગયાં હશે તેમ છાપવાં પડયાં હશે, એવું એવું ઘણું બન્યું હશે જ. એમ છતાં આખરે આ રવીન્દ્રસ્મારક ગ્રંથ તે પ્રગટ કરી શકયા છે એ જ અભિનંદનીય છે. એમણે રવીન્દ્રનાથનું અને શાંતિનિકેતનનું પોતા પરનું ઋણ અદા કરવાનો ભાર થોડો હળવો કર્યો છે જ. બાકી રવીન્દ્રનાથનું સાચું સ્મારક તો કાકા કાલેલકર નિર્દેશે છે તે રીતે જ થશે:—

'—ગૂજરાત અને બંગાળ બંનેએ હિંદુસ્તાનને જ નહિ પણ આખી દુનિયાને લોકોત્તર યુગપુરુષો આપ્યા છે. ગુજરાતીઓ અને બંગાળીઓ એકબીજાના સહયોગથી શું શું ન સાધી શકે? આવો સહયોગ એ જ ઉત્તમમાં ઉતમ રવીન્દ્રસ્માર્ક થશે.'

ઊર્મિ અને વિચાર

(લે. રમણલાલ વ. દેસાઈ; પ્રકા. આર. આર. શેઠની કં. મુંબઇ. ૨, મૂલ્ય ચાર રૂપિયા.

પાંચ વિભાગમાં વહેંચેલા રમણલાલ દેસાઈના કુલ ૨૪ લેખોનો આ સંગ્રહ છે.

'યૌવન' વિભાગમાંના પાંચ લેખો રા. રમણલાલ-નો યુવાનીનો આદર્શ, જ્વલંત દેશપ્રેમ, ભાવનાશ[illegible] અને આજના ઉન્માર્ગી યૌવનના દર્શને તેમને થ[illegible] બળતરાનું દર્શન કરાવે છે. એમાં રા. રમણલાલે ગુજરાતના આજના જુવાનોને તેમની જાણીતી ન[illegible] ળાઈઓને માટે ઠીક ચાબખા લગાવ્યા છે—જેની જ[illegible] જ હતી—અને એમને સાચા અર્થમાં જુવાન બનવા[illegible] આદેશ આપ્યો છે. 'સન્નારી' વિભાગમાંના ચાર લેખ[illegible] તો રા. રમણલાલનું નારી પ્રતિષ્ઠા-પ્રવચન છે [illegible] સ્ત્રી જ રહી પોતાનું ગૌરવ પિછાણે અને પોતાનો ધ[illegible] બજાવે અને પુરુષો સ્ત્રીનો સ્વાતંત્ર્યનો અધિકાર મં[illegible] રાખે એમ એ બેઉ વર્ગને શીખવે એવા એ લે[illegible] છે. 'ભૂગોળ સાથે રમત' એ વિભાગમાં ગુજરાત[illegible] મહારાષ્ટ્રના સંબંધ વિશે તથા વડોદરાની વિશિ[illegible] તાઓ વિશે છે તે લેખો વિગતો સંભારી સંભારી[illegible] બનાવેલી તેની યાદી જેવા છે, અને બાકીનામાં હિં[illegible] મહાસાગરને કિનારે કિનારે' કર્તાએ કરેલા જાવા[illegible] પ્રવાસનું અને જાવા સંબંધી તેમના વાચનનું પરિણ[illegible] છે અને 'નાગરિસ્તાન' ને 'આર્યાવર્તના ટુકડા' પા[illegible] સ્તાન-ચળવળના કર્તાના પ્રત્યાઘાત રજૂ કરે [illegible] 'અંગત' વિભાગના ચાર લેખો આખા પુસ્તક[illegible] સાહિત્ય વિષયક લેખો કહેવાય એવા છે. કર્તા[illegible] લેખકજીવન, તે અંગેના એમના આદર્શ ને ટેવો ત[illegible] એમનાં પ્રિય પુસ્તકો વિશે જીજ્ઞાસુઓનું કુતૂહલ [illegible] આત્મપરિચાયક લેખો ઠીક પ્રમાણમાં સંતો[illegible] રા. રમણલાલ પર અહંપ્રેમનો આરોપ કોઈથી ક[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવી શકાય નહિ એટલી બધી એમાંના એક બે લેખોમાં દેખાતી એમની નમ્રતા આવા અતિનમ્ર અને શરમાળ આદમીને પોતાને વિશે બોલવાના પ્રસંગો ઊભા કરતી વિધિની નટખટ લીલાનોય વાચકોને સસ્મિત. વિચાર કરતાં કરી મૂકે એવી છે. પાંચમા વિભાગ 'પ્રકીર્ણ'માં ધ્યાન ખેંચે એવા તો છેલ્લા બે આગગાડી અને વીંટી પરના માહિતીથી છંટાયેલા રમણલાલ–શૈલીના રસિક નિબંધો છે, જે કર્તાની નિબંધકાર તરીકેની વિશિષ્ટતાઓ તથા મર્યાદાઓનો ઠીક ખ્યાલ આપી દે છે.

'હિંદી મહાસાગરને કિનારે કિનારે' ગુજરાત અને મહારાષ્ટ્ર' તથા 'વીંટી' જેવા લેખો કર્તાનું માહિતીભંડોળ, અને 'યૌવન'માંનું આજના કૉલેજિયનનું ચિત્ર તથા 'આગગાડી' એમનું જનનિરીક્ષણ કેટલું અને કેવું છે તે સ્પષ્ટ રીતે દેખાડી આપે છે. એમની ચિન્તનશીલતાને માટે 'સન્નારી' વિભાગના લેખો બતાવી શકાય. હિંદુ–મુસલમાનના ઝઘડા અને વિશ્વયુદ્ધ સામેનો એમનો સખ્ત અણગમો જેમાંથી આવે છે તે એમનાં રાષ્ટ્રવાદ અને ભાવનાભક્તિ તો સંગ્રહના ઘણા લેખોમાં પોકાર પાડી ઊઠે છે.

સંગ્રહનું નામ 'ઊર્મિ અને વિચાર' રાખ્યું છે તે ઉચિત જ છે. 'ઊર્મિથી પણ પ્રશ્ન નિહાળાય અને વિચારપૂર્વક પણ નિહાળાય' એમ રા. રમણલાલના કહેવા પ્રમાણે ઊર્મિઓ અને વિચારો બંનેનો વિલાસ અત્ર જોવાય છે. 'યૌવન' અને 'અંગત' વિભાગોના લેખોમાં ઊર્મિનું આધિક્ય છે, અને યુવાનો સ્ત્રીઓની સ્વતંત્રતા, જ્ઞાતિસંસ્થા, આ યુગમાં જુવાનો ને સ્ત્રીઓના ધર્મ, કોમી ઝઘડા, વિશ્વયુદ્ધ અને હિંસા અહિંસા જેવા વર્તમાન જીવનના જુદા જુદા પ્રશ્નો પરત્વે આખું જ પુસ્તક તેના કર્તાની સંવેદનશીલ વિચારકતાં બતાવી આપે છે. એક વાત કહેવા જેવી છે: પુસ્તકના ઘણા લેખોમાં ઊર્મિ છે, પણ ઊર્મિ ઊર્મિલતા કે આવેશમાં કર્તાને ઘસડી જતી નથી, તેમ વિચારક તરીકેની સ્વસ્થતાને ધક્કો મારી કાઢી મૂકતી નથી. 'સ્ત્રીજીવનનું મહત્ત્વ' અને 'સ્ત્રીઓ અને સ્વતંત્રતા' જેવા લેખો એ બતાવી આપે છે.

પોતા વિશે વાત કરવાનો પ્રસંગ 'અંગત' વિભાગના લેખોમાં આવતાં રા. રમણલાલ ફરી ફરીને પોતે સામાન્યતાના પૂજારી છે એમ કહે છે. એમના આ પુસ્તકમાંના લેખોને માટે ય કહેવાય કે એ કશું અસમાન્ય કહી જતા નથી. છતાં એમનું લખાણ વાંચવું ગમે છે ઘણું. એનું કારણ છે સામાન્ય વાતને ય રસિકતાથી અને ચોટદાર રીતે કહેવાની છટા. આદેશાત્મક 'યુવકને' કટાક્ષાત્મક 'નાગરીસ્તાન' સ્વપ્નવિહારાત્મક 'આર્યાવર્ત અને ટુકડા' તથા 'તંત્રીનું એક સ્વપ્ન' અને નિબંધાત્મક 'આગગાડી' તથા 'વીંટી'—આ લેખો એમની એ છટા કે શૈલીને લીધે આકર્ષક બન્યા છે, ભાષા રા. રમણલાલને ઠીક વાપરતાં અને રમાડતાં આવડે છે એનું એ પરિણામ છે. પાણીના રેલાની માફક ચાલતી ભાષાની એ ફાવટે લીધે એક બીજુંય પરિણામ એમની આ કૃતિમાં આવેલું દેખાય છે. તે છે જે થોડામાં કહેવાય એ મલાવીને વિસ્તારથી કહેવાય છે એ.

સંગ્રહ સુવાચ્ય છે. બીજા કોઈ એ વાંચે કે ન વાંચે તેનું કંઈ નહિ, જુવાનોએ તો પચાસની ઉપરના આ જુવાને તેમને માટે એમાં જે કહ્યું છે તે એકવાર ધ્યાનપૂર્વક વાંચવાની ખાસ જરૂર છે.

સોરઠી સંતવણી

[સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકા૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મૂલ્ય ત્રણ રૂપિયા.

એમની પહેલી માસિક અવસાનતિથિએ બહાર પડવા સર્જાયેલું આ પુસ્તક સ્વ૦ મેઘાણીએ પોતાની ટાંચણપોથીઓમાં પડેલી સામગ્રીમાંથી તૈયાર કરવા ધારેલા ત્રણચાર ભજનસંગ્રહોમાંનો પહેલો, અને હવે તો તેમનો પ્રવેશક પામીને આવતો છેલ્લો, સંગ્રહ ઠરે છે. દેવારામ, લોયણ, દેવાત પંડિત, મૂળદાસ, રવિદાસ, પીરો, જેસલતોળલ, જેઠીરામ, રાજ અમર, લખમો માળી, ગંગાસતી, કરમણ, રામયો મોરારાશિષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોથી, ભીમનો શિષ્ય દાસી જીવણ, મોરાર, ભવાનીદાસ, આંબો છઠો, કાજી મહમદશા, મીરાં, ભોજલ, શામળા ને દેવાદાસ જેવાં ભજનિકોનાં રચેલાં અને ભજનમંડળીઓમાં ગવાતાં લોકજાણીતાં કુલ ૧૦૩ ભજનો કવિવાર નહિ પણ વિષયવાર ૭ વિભાગમાં એમાં સંગ્રહાયાં છે. એ ૭ વિભાગ તે (૧) ધણી અને ધરતી; (૨) ભક્તિનો માર્ગ; (૩) નવધા ભકિત; (૪) સતગુરુ; (૫) માનવ—અવતાર; અને (૬) પ્રેમ–લક્ષણા ભકિત. અમુક ભાવ કે સૂરનો પ્રધાન લલકાર ગજાવતાં ભજનોને ભેગાં મૂકી તેનું એક એક ઝૂમખું બનાવીને એવાં આ ૭ વિભાગનાં ૭ ઝૂમખાંની વ્યવસ્થા સ્વ. મેઘાણીએ સાધી છે. બાકી સજ્જડ વિભાગીકરણને આ ભજનો બહુ ગાંઠે એવાં હોતાં નથી.

ભજનમંડળીઓમાં આ ભજનો ગવાતાં એકાદ વાર સાંભળનાર તેના શુદ્ધ શબ્દસ્વરૂપને ભાગ્યે જ પકડી શકે એવું હોય છે. સ્વ. મેઘાણીએ અનેક વાર સાંભળી સાંભળીને આ કૃતિઓનો શુદ્ધ શબ્દપાઠ નક્કી કરવામાં કેટલો શ્રમ લીધો હશે એનો આ પરથી ખ્યાલ આવવો જોઇએ. શુદ્ધ શબ્દપાઠમાં સંતો ને ભજનિકોની વાણી પીરસવી એ જ એક સેવા છે. તેમાં વળી ભજનભાષાના કેટલાક લાક્ષણિક શબ્દોના અર્થ તેમ જ રહસ્યપૂર્ણ ભજનોના ભાવાર્થ આપી તે સમજવામાં સારી મદદ વાચકોને કરી વધુનો ઉમેરો તેમણે કર્યો છે. સંતવાણીના રસિયાઓ ને ભાવિકો એટલે અંશે મેઘાણીના ઋણી બન્યા છે.

ભજનોનો ખરો સ્વાદ તો લઈ શકાય એને મોકળે કંઠે ને 'ભાવ–ભગતિ' સાથે કોઈ ભજનિકને કે ભજનમંડળીને કંઠે ગવાતાં સાંભળીએ ત્યારે. ધોળા કાગળ પર છાપેલા કાળા અક્ષરોમાં પુરાઇ જતા એના શબ્દોનું વાચન આપણને એની ખરી મજા આપી શકે નહિ. વાંચતાં એ આકર્ષે તો તે તેના રહસ્યાર્થથી, અને તેને સાદી તળપદી ભાષામાં સચોટ ઉપમાઓ, દૃષ્ટાંતો અને રૂપકોની સહાયથી માર્મિક રીતે રજૂ કરતી તેનાં રચનારાંઓની સહજોપલબ્ધ કળાથી. 'ઓળખો', 'થોડે થોડે પિયો', 'બોત રે કઠણ છે', 'અબળા એમ ભણે', 'જેને દીઠે નેણલાં ઠરે', 'આવડાં તે રૂપ!', 'પવન–ચરખો', 'જેસલ કરી લે વિચાર', 'કાગળ', 'જંગલ બીચ', અને 'ગારુડી' એ શીર્ષકોવાળાં ભજનોને તથા ગંગાસતીએ પાનબાઇને પરમ પંથ પ્રબોધતાં સંભળાવેલાં પદોને આ સંગ્રહનાં એવાં આકર્ષક ભજનો તરીકે અવશ્ય ગણાવી શકાય, જોકે આવાં ગેય ભજનોની બાબતમાં તો પસંદગી વ્યક્તિ વ્યક્તિની જુદી જુદી હોય.

સંગ્રહ સાથે જોડેલો પ્રવેશક મૂલ્યવાન છે. એ સાવ નવો નથી. વિલેપારલે સાહિત્ય સભાના રજત-મહોત્સવ ગ્રંથ 'સાહિત્ય પરામર્શ'માં તથા ૧૯૩૨ના 'બુદ્ધિપ્રકાશ'ના ઓકટોબર–ડિસેંબર અંકમાં પ્રગટ થયેલા પોતાના બે લેખોને સુધારી તેમનો સરવાળો કરી. શબ્દ, સૂન–ગઢ, નૂરત–સૂરત, વચન, ગગનમંડળ, ત્રિકુટિ મહેલ, ઇંગલા, પિંગલા, સુખમણા, નાદ, બુંદ, ઉનમની જેવા ભજનવાણીના રહસ્યમય શબ્દો તથા 'ઊલટાં નીર શિખર પર ચડિયાં' જેવા પયોગોની સમજૂતી સ્વ. મેઘાણીએ તેની સાથે જોડીને એ પ્રવેશક તૈયાર કર્યો હતો. પ્રો. રાનડે અને રા. હજારીપ્રસાદ ત્રિવેદીના ટેકાથી મધ્યકાલીન રહસ્યવાદની શુદ્ધ ભારતીયતા સિદ્ધ કરી, ગુજરાતનાં ભજનિક સંતોને એ મધ્યકાલીન રહસ્યવાદના 'નાના નાના પ્રણાલિવાહકો' કહી, તેમની ભજનવાણીને 'મૂળ પરંપરાનો જ નિજત્વના તોર પર પ્રવહમાન રાખેલો સાહિત્ય–સ્રોત' અને સ્વાનુભવની સંપત્તિનું પરિણામ ઠરાવવા સ્વ. મેઘાણીએ એમાં સરસ પ્રયત્ન કર્યો છે. ભાણ, ખીમ, રવિદાસ, મોરારસાહેબ, સંત હોથી, ત્રિકમ સાહેબ, અને દાસી જીવણ એ ભજનિક સંતોનાં જીવન અને ચમત્કારો વિશે યથોપલબ્ધ માહિતી રજૂ કરી તેમની વાણીની પ્રસાદી પણ વાચકોને તેમણે એમાં ભેટ ધરી છે, જે પણ પ્રવેશકનું મૂલ્ય વધારી આપે છે. યોગની પરિભાષાના પ્રયોગોની અંતે આપેલી સમજૂતી તો સંગ્રહનાં ભજનોને સુગમ બનાવતી સામગ્રી લેખે અનિવાર્ય હતી.

ભજનસાહિત્યને સ્વ. મેઘાણીએ પ્રવેશકમાં 'લોક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીનો અંતિમ પરિપાક ' કહેલ છે. લોકસાહિત્યના અન્ય પ્રકારોનું સંપાદન પતાવી, આયુષ્યના અંતભાગમાં લોકવાણીના એ અંતિમ પરિપાક તરફ સ્વ. મેઘાણી વળ્યા હતા, અને પોતાના લોકસાહિત્યના સંપાદનકાર્ય પર ભજનવાણીના સંપાદનનો કળશ ચડાવવા માગતા હતા. પણ વિધિએ કંઇક જુદું જ ધાર્યું હશે, એટલે આ એક સંગ્રહનું સંપાદન કરીને જ તેઓ ચાલતા થયા. લોકસાહિત્યના સંપાદનમાં તેમના છેલ્લા સંભારણા તરીકે આમ આ પુસ્તક ગુજરાત આગળ ઊભું રહેશે.

લગ્નમંગલ

[લે. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ; સોલ એજન્ટ, રાયચુરા બૂક ડેપો, વડોદરા; કિંમત સવા રૂપિયો]

લેખકના જ શબ્દોમાં, 'સ્ત્રીપુરુષના લગ્નને અંગે આપણા પૂર્વજોએ સેંકડો વર્ષ સુધી જે આદર્શોનું રટણ કર્યું છે ને જે ભાવનાઓ સેવી છે તે પ્રગટ કરનારાં કેટલાંક વચનો, છેક ઋગ્વેદથી માંડીને ભવભૂતિનાં નાટકો સુધીના સંસ્કૃત ગ્રંથોમાંથી ભેગાં કરવાનો પ્રયાસ આ નાનકડા પુસ્તકમાં થયેલો છે.' ભારતવર્ષે નારીનું જે ગૌરવ કર્યું છે, સ્ત્રીપુરુષના લગ્નમાં પ્રેમ, સેવા અને સદ્ધર્માચરણને મહત્ત્વનું સ્થાન આપી, લગ્નનો જે આદર્શ ઘડયો છે, અને દાંપત્ય અને ગાર્હસ્થ્યની જે સમાજશ્રેયાર્થી ભાવના પ્રગટાવી છે. તેનું મંગલ દર્શન પુસ્તકમાંનાં શ્રુતિ-સ્મૃતિ-સાહિત્યનાં વિવેકપુરઃસર ચૂંટાયેલાં અવતરણોમાં થાય છે. ભારતના પ્રાજ્ઞો અને સંસ્કારનિર્માતાઓની આ અમર વાણી જેના જેના અંતરમાં પ્રવેશશે તેની સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિ સુધરશે અને તેનો સંસાર મીઠો બનશે એમાં શંકા નથી. તેનું આવું સંયોજિત સંપાદન રા. ચંદ્રશંકર શુક્લ જેવા શાસ્ત્રજ્ઞ અધિકારીને હાથે થયું છે એ આનંદનો વિષય છે. રા. રાયચુરાની માફક લગ્ન પ્રસંગે ભેટ આપવા માટે આ લઘુ પુસ્તકનો ઉપયોગ છૂટથી કરવા જેવો છે. પ્રથમ સંસ્કૃત અવતરણોનો ભાવાર્થ ગુજરાતીમાં મૂકી તેની નીચે મૂળ સંસ્કૃત પંક્તિઓ ગુજરાતી લિપિમાં આપી છે. આ વ્યવસ્થા સંસ્કૃતના અલ્પજ્ઞો અને અનભિજ્ઞોને ઠીક સગવડ કરી આપે છે. ત્રણ અઠવાડિયામાં આ લઘુ પુસ્તકની બીજી આવૃત્તિ કરવી પડી એ એને મળેલા સુયોગ્ય સત્કારની એક નિશાની છે.

*

ઘર બાંધતાં પહેલાં આ વાંચજો

૧૯૩૮-૩૯ દરમિયાન હિંદુસ્તાનમાં ૧૫,૧૧,૯૦૦ ટન સીમેન્ટનું ઉત્પાદન થયેલું. ૧૯૪૫-૪૬ દરમિયાન એ આંકડો વધીને ૨૦,૭૫,૩૦૦ ટન ઉપર પહોંચેલો. ૧૯૪૬-૪૭ નું ઉત્પાદન લગભગ આટલું જ રહેશે એમ મનાય છે. પણ ૧૯૫૨ સુધીમાં હિંદનું સીમેન્ટ-ઉત્પાદન આજના કરતાં બેવડું બનાવવાની યોજના મધ્યસ્થ સરકારે કરી છે. એમ મનાય છે કે ૧૯૪૨માં સીમેન્ટની નાગરિક માંગ ૪૦ લાખ ટનની હશે, અને સરકારી કામોમાં બીજા ૧૦ લાખ ટન જોઈશે.

અત્યારે હિંદમાં સીમેન્ટના ૨૩ કારખાનાં છે. આ કારખાનાં આજે પોતાની શક્તિ કરતાં ઓછો સીમેન્ટ બનાવે છે. કારણ કે એમની માસિક જરૂરિયાત કરતાં ૧૫-૨૦ હજાર ટન ઓછો કોલસો આજે એમને મળી શકે છે. આવનાં પંદર વર્ષો દરમિયાન સીમેન્ટનું ઉત્પાદન બેવડાવવા માટે આ કારખાનાંને પૂરતો કોલસો પૂરો પડાશે એટલું જ નહિ પણ એમાંનાં ૧૫ કારખાનાં વિકસાવવામાં આવશે, તેમ જ ૧૯ નવાં કારખાનાં પણ ઊભાં કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજન્ટ : કંચનલાલ વાડીલાલની કું.

મંગળદાસ રોડ, મુંબઇ ૨.

Famous for Durability & figure fit



PIYUSH UPLIFT
Brassiere

રૂપની લાવણ્યભરી સજાવટ માટે
પીયૂષ અપલીફ્ટ
બ્રેસીયર

લવલી	રૂ. ૩,	યંગસ્ટર	રૂ. ૪-૮
પ્યોર સીલ્ક	રૂ. ૭/૮,	સાટીન	રૂ. ૪
મોડર્ન	રૂ. ૨,	વીનસ	રૂ. ૨-૮

પીયૂષ હોઝીયરી વર્કસ
રાજામહેતા સ્ટ્રીટ, અમદાવાદ

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર. સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત, દાઢમાં કળતર, પેટ પેઢુનો દુખાવો, અમુંઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અનેકજાતના દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂ. ૧ાા, વચલી બાટલી રૂ. ૧ા અને નાની બાટલી રૂ. ૦ા= ટ. ખ. જુદું

દરેક ઠેકાણે વેચાય છે
રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના-નડિયાદ

સ્ટોકીસ્ટ : કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપચૂન
જિંદગી, આગ
અને
અકસ્માત
ના વીમાનું
કામ કરે
છે

કુલ અસ્કયામત
રૂા. ૫૫,૦૦,૦૦૦થી વધુ

કામકાજ કરવા લાગવગવાળા
અને શક્તિશાળી એજન્ટો
જોઇએ છે.

નેપચૂન એસ્યુરન્સ
કંપની લિમિટેડ

: હેડ ઑફિસ :
નેપચૂન બીલ્ડીંગ, મુંબઈ.
અમદાવાદ બ્રાંચ :
પાંચકૂવા, અમદાવાદ.

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૭ : 'નવરચના' વર્ષ ૧૨ : અંક પાંચમો

ઑગસ્ટ : ૧૯૪૭

ક્રમ

૧	સ્મૃતિરક્ષા	રવીન્દ્રનાથ ટાગોર	૫
૨	જ્યાંથી બધું ઉદ્ભવે છે	अज्ञात	૭
૩	વહેતાં પાણી	માસિક નોંધ	૯
૪	જીવનપંથ	ધૂમકેતુ	૧૭
૫	ઝેર તો પીધાં છે જાણી જાણી	દર્શક	૨૫
૬	કાઠિયાવાડના એક ગામડાના અનુભવો	ડૉ. સુમન્ત મહેતા	૩૨
૭	ગુરુદેવના સંસ્મરણો	રમણીક મેઘાણી	૩૮
૮	મેઘબિંદુ	ધૂમકેતુ	૪૪
૯	ગામડું દરિયો બન્યું છે	ગ્રામવાસી	૫૧
૧૦	જ્ઞાનગોષ્ઠિ	ધૂમકેતુ	૫૬
૧૧	ડી. ડી. ટી.	કુમારી લતિકા દલાલ	૬૦
૧૨	પાંકડાં	પુષ્કર ચંદરવાકર	૬૫
૧૩	વાદળ ઘેરાય છે	દર્શક	૭૨
૧૪	ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૭૮

: વાર્ષિક લવાજમ :

દેશમાં : રૂા. ૭-૦-૦ :: પરદેશમાં : રૂા. ૧૦-૦-૦

છૂટક નકલ બાર આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મીસરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી રોડ : મુંબઈ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

વર્ષથી

જનતાની એકધારી

સેવા કરી રહી છે

આરગસ

ઇન્શ્યોરન્સ

કંપની લિ.

ઉચ્ચ કક્ષાની આ

હિંદી વીમાસંસ્થા

આપનો સહકાર વાંછે છે.

કાર્યક્ષેત્રમાં રસ ધરાવનારને અમારું હાર્દિક આમંત્રણ છે.

સૂર્યકાન્ત બી. શાહ બી. એ.

સી. એમ. જશ

મૅનેજિંગ ડિરેકટર્સ

વડી ઑફિસ

૨૬૯/૧ ગાંધીરોડ : અમદાવાદ

ઐતિહાસિક ઑગસ્ટ માસમાં પ્રગટ થયા છે

(૧) લોકમાન્ય તિલક (જીવન-ચરિત્ર)

કિં. રૂ. ૩-૦-૦   ટ. ખર્ચના ૦-૪-૦

'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે' નો પહેલપ્રથમ શંખ ફૂંકનાર રાષ્ટ્રઋષિનું જીવન જ્યારે આપણે ગણ્યાગાંઠ્યા દિવસોમાં સ્વરાજ્ય ભોગવવાના છીએ એ તબક્કે જાણવું જોઇએ.

આ પુસ્તકના લેખક છે મહારાષ્ટ્રના આપ્ટે ગુરુજી, પુસ્તક પરિચય લખ્યો છે માવલંકર દાદાએ અને પ્રસ્તાવના લખી છે કર્ણાટકના આગેવાન ગંગાધરરાવ દેશપાંડેએ. ૧લી ઑગસ્ટ ૧૯૪૭ને દિવસે પ્રગટ થયું છેઃ—

(૨) મહાદેવભાઈ (નવીઆવૃત્તિ)

લેખકઃ-વજુભાઇ શાહ.

કિંમત રૂ. ૩-૦-૦   ટ. ખર્ચના ૦-૪-૦

મહાદેવભાઇ એટલે ગાંધીજીના જ મંત્રી નહિ પણ આખા દેશના 'સ્વરાજ્ય મંત્રી' હતા. એમની પુણ્યતિથિ તા. ૧૫મી ઑગસ્ટે આવે છે. આપણે એમને ફરી ફરી યાદ કરવા જોઇએ.

ઉપરનાં બન્ને પુસ્તકો—આપણી આઝાદીની લડતનો ઐતિહાસિક ખજાનો છે. આપણા ઘરમાં એ હોવાં જ જોઇએ.

*** અમારી નવી નવલકથા ***

'**લા મિઝરેબલ**'ના બન્ને ભાગ આપે ન મેળવ્યા હોય તો મેળવી લેશો. આ નવલકથા માટે એટલું કહી શકાય કે આવી નવલકથા આપે ભાગ્યેજ વાંચી હશે. અને આ પુસ્તકને આપ વર્ષો સુધી સંઘરશો.

'**લા મિઝરેબલ**' માટે બુકસેલરને ત્યાં આજે ગ્રાહકોની પડાપડી થાય છે.

* ઑગસ્ટની આખરમાં બહાર પડશે. *

આશાનું બીજ—પર્લબકની 'ડ્રેગન સીડ' નામની નવલકથા બે ભાગમાં બહાર પડશે. આપનો ઑર્ડર આજથી નોંધાવશો.

પ્રાપ્તિસ્થાન

સંસ્કાર સાહિત્ય મંદિરઃ—જોરાવરનગર
મુખ્ય કાર્યાલય   કાઠિયાવાડ

સં. સાહિત્ય મંદિરઃ—ડી/૧૧ માધવજી બિલ્ડીંગ. કમળ ટોકીઝ સામે સૅન્ડહર્સ્ટ રોડ મુંબઇ. ૪

[illegible] ભાવનગર- કાઠિયાવાડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મૃતિરક્ષા

રવીન્દ્રનાથ ટાગોર

આજકાલ આપણા દેશમાં મહાપુરુષો અવસાન પામતાં એમની સ્મૃતિ જાળવવા સભાઓ ભરાય છે. આવી સભાઓ વારંવાર નકામી નીવડે છે તે આપણે જોયું છે.

જે જે દેશમાં આ માટે કંઈ પ્રયત્ન થયો છે તે તે એક વિશેષ સ્થાને આવી અટકી જાય છે. એથી આગળ વધવા ઇચ્છતો નથી તે દેશમાં તે પ્રયત્નને બીજો કોઇ સરળ માર્ગ દાખવવો એ મને સુ-કાર્ય લાગે છે. જ્યાં દ્વાર નથી માત્ર દીવાલ જ ઊભી છે ત્યાં ધક્કામુક્કી કરવાથી શો લાભ ?

આપણા દેશમાં માનવની મૂર્તિપૂજા પ્રચલિત નથી. એ પૂતળા-પ્રથા આપણે યુરોપમાંથી લાવ્યા છીએ. પરંતુ હવે એ કૃતકાર્ય બને એવાં લક્ષણ દેખાતા નથી.

ઇજિપ્ત તરફ મૃતદેહને એમ ને એમ જાળવી રાખવાની—મસાલા ભરી કાયમ રાખવાના પ્રયત્નો થયા છે. યુરોપ મૃતદેહને કબરમાં મૂકી એ ત્યાં સલામત છે એમ મન મનાવે છે. જ્યારે જે રહેવાનું નથી એ માટેનો મોહ તદ્દન મૂકી દઈ આપણે ત્યાં મૃતદેહનો અગ્નિ-સંસ્કાર કરવા તરફ જ લક્ષ રહ્યું છે.

છતાં યુરોપમાં વાર્ષિક શ્રાદ્ધ નથી, આપણે ત્યાં છે. દેહ નથી કહી, જેને શ્રદ્ધા સહ પ્રણમવાનું છે એ નથી એમ આપણે માનતા નથી. મૃત્યુ પછી આપણે દેહને બધા સંબંધ-વ્યહારથી મુક્ત કરી અનશ્વર પુરુષને માનીએ છીએ. આપણો આ જાતનો સ્વભાવ ને અભ્યાસ હોઈ માનવ—મૂર્તિની સ્થાપના માટે આપણે જોઈએ એવો ઉત્સાહ અનુભવતા નથી. ઊલટાની આપણે ત્યાં મૂર્તિ કરતાં કીર્તિની જાળવણીની વાત પ્રચલિત છે. માણસ મૃત્યુ પછી આ દુનિયામાં મૂર્તિથી નહિ પણ કીર્તિથી જીવંત રહે છે, આ વાત આપણે સહુ સ્વીકારીએ છીએ. ' किर्ति यस्य स जीवत्ति 'નો અર્થ જ એ કે જેની સુનામના છે એમને મૂર્તિરૂપે ટકી રહેવાની જરૂર નથી.

પણ કીર્તિ તો મહાપુરુષની ખુદની હોય છે, એની પૂજા તો આપણા તરફથી થવી ઉચિત છે. ફક્ત લઈએ, આપીએ કંઇજ નહીં તે ચાલે નહિ.

ઉપરાન્ત મહાપુરુષને યાદ કરવા એ આપણું કર્તવ્ય જ છે એટલું જ નહિ, એમાં આપણો લાભ પણ સમાયેલો છે. જો એમનું આપણે સ્મરણ નહિ કરીએ તો આપણે એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુમાવી બેસીશું. જેટલો લાંબો સમય આપણે મહાપુરુષોનું ચિંતવન કરીશું—એમની પૂજા કરીશું, એટલો જ લાંબો સમય તેમની સ્મૃતિ આપણા આ દેશમાં સ્થાયી ઐશ્વર્યરૂપે વધતી રહેશે.

મહાપુરુષોની યાદગીરી કાયમ રાખવા એક દેશી રીત આપણે ત્યાં પ્રચલિત છે. ભણેલા લોકો એ તરફ ખાસ ધ્યાન નથી આપતા. આપણે ત્યાં જયદેવની મૂર્તિ નથી, આપણે ત્યાં એના નામે મેળો ભરાય છે.

જો એની મૂર્તિ હોત તો આટલા દિવસ સુધી કોઈ જંગલમાં અથવા કોઈ કાળા પહાડમાં એની શું ગતિ થઈ હોત તે કહી શકાતું નથી. બહુ બહુ તો એના ભગ્નાવશેષો મ્યુઝિયમમાં પડ્યા પડ્યા વિદ્વાનો વચ્ચે વાદ-વિવાદનું સાધન-કારણ બન્યા હોત.

મૂર્તિ મેદાનમાં કે રસ્તાની બાજુએ ઊભી હોય, મુસાફર કુતૂહલવશ કદાચ પળવાર એનાં તરફ જોઈ રહે, યા જોયા વિના એમ ને એમ ચાલ્યો જાય. કલકત્તામાં જે મૂર્તિઓ-પૂતળાં ઊભા છે, એનો ઇતિહાસ શહેરના વધુ ભાગના લોકો નથી જાણતા. એ તરફ નજર નાંખી જોતા પણ નથી.

એકવાર સભા બોલાવી, ફાળો ભેગો કરીને વિલાયતના કોક શિલ્પી પાસે અનુરૂપ યા વિરૂપ એવી એક મૂર્તિ—(પૂતળું) તૈયાર કરાવી કોઇક સ્થળે ઊભી કરી દીધી, ને તે પછી મ્યુનિસિપાટીની જવાબદારી ઉપર રહી. આ પદ્ધતિ સ્વર્ગસ્થને અત્યંત ટૂંકાણમાં "થેન્કસ" આપી વિદાય આપવા જેવી ગણાય.

સ્વ.ને નામે એકાદ લાયબ્રેરી યા વિદ્યાલય ઊભું કરો તો પણ થોડા દિવસ પછી અનેકવિધ કારણે એનો લય થાય યા એ વિકૃત બની જાય એ સંભવિત છે.

પરંતુ મેળામાં જે સ્મરણું સચવાય છે, તે નિત્યનવીન, ચિરકાળ સજીવ, એક યુગથી બીજા યુગ સુધી ધનિક—દારિદ્ર, વિદ્વાન—મૂર્ખ સહુ મળી એને વહન કરે છે. એને કોઇ ભાંગી શકતું નથી કે એને કોઇ ભૂલી શકતું નથી. એ માટે કોઈને નથી ફાળો ઉઘરાવવો પડતો કે એ માટે કોઈને નથી અપીલો બહાર પાડવી પડતી. એ તો આપ મેળે—અતિ સરળતાપૂર્વક પોતાને જીવંત રાખતો ચાલ્યા જ કરે છે.

આપણો શિક્ષિતવર્ગ આ વાત જરા વિચારી જોશે? રામમોહનરાય, વિદ્યાસાગર, અને દેવેન્દ્રનાથ વગેરેનાં સંભારણાને વિદેશી રીતે વેડફી ન દેતાં—વ્યર્થ જવા ન દેતાં, શહેરના માત્ર થોડાક ભણેલાઓમાં જ પરિમિત ન કરતાં, દેશની પ્રચલિત્ત રીતે સર્વકાળ અને સર્વસાધારણમાં ફેલાવવાનો પ્રયત્ન કરશે ખરા?

[રવીન્દ્રનાથના કોઇ પણ પુસ્તકમાં પ્રગટ ન થયેલો આજથી ૩૮ વર્ષ પૂર્વે બંગાળી સંવત ૧૩૧૨ના વૈશાખમાં લખાયેલો આ લેખ શ્રી સજનીકાન્તદાસ સંપાદિત 'શનિવારે—૨ ચિઠ્ઠી'ના રવીન્દ્ર—અંકમાંથી ઉતારવામાં આવ્યો છે. આજે જ્યારે કેટલાક મહાપુરુષોની સ્મૃતિરક્ષા માટે આપણે પ્રયત્નો કરીએ છીએ ત્યારે આ લેખમાંનો વિચાર ઘણાને પ્રેરણારૂપ બનશે.]

અનુવાદક: રમણીક મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાંથી બધું ઉદ્‌ભવે છે

अज्ञात

ખીજડીયા જંક્શને આ પ્રમાણે ટાંટીયા ઠોકતા બેસી રહેવું પડશે એમ ધારેલું નહિ. એટલે જ્યારે ગાડી રાત્રે આવવાનો હવે સંભવ નથી, એમ સ્ટેશનમાસ્તરે કહ્યું, ત્યારે એ નિરાશા ભરેલા આશ્ચર્યને ડૂબાડી દેવા એક 'કોપ' ગોળની, ખાંડની કે જેની મળે તેની ચા મગાવી પીધી. પછી સામેની ધર્મશાળામાં ધામા નાખવાનો નિશ્ચય કરી લીધો.

પણ કોણ જાણે કેમ ધર્મશાળા સાથે મારે જૂની લેણાદેણી છે. કોઈ ને કોઇ હરિનો લાલ એમાં મને ભેટી જ જાય છે. આજ પણ જ્યાં હું દરવાજામાં પગ મૂકું છું, ત્યાં 'ઓ હો હો હો!...' એમ કોણ જાણે કેટલા 'હો હો હો' કરતો બાલમુકુંદ જ મળી ગયો. પહેલાં તો મેં એને ઓળખ્યો નહિ. પણ ત્યાં તો એણે જ ફોડ પાડી: 'કેમ ભૂલી ગ્યા સા'બ? પેલી જુનાગઢની પંચહાટડીની વીશી? તમે જમવા આવતા!'

'અરે હા, હા, આ તો બાલમુકુંદ! પણ તું અહીં ક્યાંથી? તું તો આફ્રિકા ગ્યો'તો ને?'

'આફ્રિકામાં જ હતો સા'બ! હમણાં વળી દેશમાં આવ્યો છું!'

'એમ? ઠીક ઠીક, લે, ક્યાં બેસાય તેવું છે?'

ધર્મશાળાની ઓશરીમાં એક શેતરંજી પાથરીને બીજા પણ બે જણા બેઠા હતા. બાલમુકુંદે મને કહ્યું: 'આવોને—અમે ત્યાં પાથર્યું છે!'

અમારા જેવા જ રખડી પડેલા બીજા વછીયાતો પણ ત્યાં હતા. કોઈ ગંજીફો કૂટતા હતા. કોઈ ચોવટમાં પડ્યા'તા, કેટલાક ચા પીતા'તા. ક્યાંક વાતો ચાલતી'તી. વખત કાઢવાની સૌએ નવીનવી જુક્તિઓ શોધી હતી.

અમે પણ અમારી નોખી મંડળી જમાવી.

'તું તો આફ્રિકા બહુ રખડ્યો બાલમુકુંદ! શું કરે છે ગુલાબભાભી?' નિરાંતે બેઠા એટલે મેં બાલમુકુંદની સામે જોઈને કહ્યું. એનો અનુભવ સાંભળવાની કાંઇ ઓર મજા આવશે એમ ધારીને મેં આ કહ્યું. કારણકે હું એની સાથે જૂનાગઢમાં ઘણો વખત રહ્યો હતો એટલે પરિચય તો હતો જ. બાલમુકુંદ હમણાં ગુલાબભાભી વિષે કાંઈક કહેશે એમ મેં ધાર્યું હતું પણ એ કાંઇ બોલ્યો નહિ.

'કેમ કાંઈ બોલ્યો નહિ બાલમુકુંદ? કહું છું, ગુલાબભાભી શું કરે છે?' 'મરી ગઈ!' બાલમુકુંદ બોલ્યો. પણ અવાજમાં ભારોભાર કડવાશ ભરી હતી. મને જરાક નવાઈ લાગી.

'અરર! ક્યારે?' મેં મોટેથી કહ્યું.

પણ એની ભેગા બે જણા હતા, એમણે તરત કહ્યું: 'તમે આંહીં મળી ગયા તે ઠીક થયું ભાઇ! તમે એને બે વેણ કહી શકશો એમ લાગે છે. એનું મગજ ફરી ગયું છે!'

'કેમ શું છે? દુનિયામાં કોઇ મરતું નહિ હોય બાલમુકુંદ? નામ એનો નાશ તો કહ્યો છે!' મેં બાલમુકુંદને સસ્તી ફિલસૂફીનું પડીકું આપ્યું.

'પણ કાકી તો એ બેઠી રાતી રાણ જેવી; આ બાલમુકુંદ કાકા ચોળીને ચીકણું કરે છે!' એમાંથી એક જણો બોલ્યો.

'ચોળીને હું ચીકણું કરું છું કે તમે બ્રાહ્મણના છોકરા ઊઠીને વાવરાવેડા કરો છો?' બાલમુકુંદ ખિજાઇ ગયો.

'પણ છે શું? વાત કરોને—મારાથી કાંઇ બને તેમ હોય તો—'

'અરે! સા'બ! કાંઇ નથી. આ બોલ્યો એ મારો ભત્રીજો છે, ભગવાનજી. અને આ બીજા છે તે મારા મામા છે, નરોત્તમ. હવે એ બન્ને જણા મારી પાસે જાકુબનો કામો કરાવવા માગે છે, ને મારે એ કરવો નથી!' બાલમુકુંદે હાથને છંટકારતાં ભારપૂર્વક કહ્યું.

'શું એ કામો છે એ કહોને—મફતના ખોટું શું કામ ભરાવો છો?' ભગવાનજી, એનો ભત્રીજો બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું કામો છે બાલમુકુંદ ?'

'અરે! જાવા દ્યોને સા'બ! તમે મફતના વેદ-વાન માણસ-અમે ભાઈ'સાબ! ભઠીયારા, પણ અમારે તો એ—આ છે નાં—એની કિમ્મત છે. શરીરમાં નાક કાંઇ એક મણનું ન હોય નરોત્તમ મામા! એ હોય ચણા જેટલું, પણ એ હોઈને મનખાદેહ. બાકી આ માળખાની કિમતે'ય શું છે? બાલમુકુંદ પોતાના નાકને પકડી રાખીને જ બોલતો રહ્યો: 'મારે તો મામા! આ તરભોવન જમરૂખીયાનો વંશ હાલે તો'ય ભલે ને ન હાલે નાં, કોઇ પાવળું પાણી પાનાર ન રહે તોય ભલે—બાકી આ ગળઢેગઢપણ હવે નવો સંસાર માંડવો નથી, ને જૂનો રાખવો નથી!' બાલમુકુંદે એના મામાને ખભે એક હાથ મૂકીને જોરથી કહ્યું. મામો ભાણેજ આમ સરખી વયના લાગ્યા. એટલે મિત્ર જેવી છૂટથી બાલમુકુંદ બોલી રહ્યો હતો.

'પણ એક વખત બાલમુંકુંદ! આકરા પડયા વિના વાત તો તું કર!'

'અરે! સા'બ! એમાં શું માલ છે? તમને ખબર છે નાં હું આફ્રિકા કમાણી કરવા ગયો હતો?'

'હા—એ તો મને ખબર છે!'

"ત્યારે અમે જમરૂખીયા—અમારું ગામ જમ-રૂખીયું, એટલે જમરૂખીયા કહેવાઈએ છીએ. આફ્રિકાથી મેં જમરૂખીયા કાગળ લખ્યો કે હું ફલાણી સ્ટીમરમાં ફલાણે દિવસે આવું છું. આટલાં વરસે—સાત વરસ થયાં હો, સા'બ!—દેશમાં આવું ને ઘેર કાંઈ ન લાવું તો તો ભુંડો લાગું, એમ ધારીને મુંબઇ શહેરની બે દિની રોકાણ અને રસ્તાના દિ—બધુંય ગણીને બરાબર કે દિ ઘેર આવીશ એના સમાચાર મેં આપ્યા;

"જમરૂખિયું ગામ અમથુંય અટકચાળું છે. પણ આ વાતની ખબર કો'ક અદકપાંસળીનાને પડી ગઈ હશે, એટલે બે જણાએ ગોઠ કરી. આફ્રિકાથી આવે છે તે માલ મલીદો હારે હશે. આપણે એને લૂંટી લેવો.

"ગાડી તો તમે જાણો જ છો. મોડા પડવાની એને નવાઇ નથી. અને ત્રણ ચાર ગાઉ પગેપાળા જતાં થાય વાર, એટલે મેં કર્યો ટપો. અને મોડો તે મોડો પણ ઘરનો પંથ લીધો. આજ હું આવીશ એમ ઘરમાં તો કોઈએ ધાર્યું પણ નહિ હોય. એ ઘરમાં તો બીજું હતું પણ કોણ? મારી મા તે વરસ દિ પહેલાં મરી ગ્યાં 'તાં. પહેલાં આપેલી તારીખ પ્રમાણે તો હું ચાર દિ વહેલો હતો. પણ મુંબઈનું પતાવ્યું ને બીજે ક્યાંય રોકાણો નહિ, એટલે વહેલું થયું. મનમાં એમ પણ ખરૂં કે, અચાનક ઘેર જઇએ તો વળી સૌને હળવામળવામાં કાંક ઓર આનંદ પડે! આ તમે, ભાઈશા'બ! છોકરાંવ જ વીશીમાં જમતાં જમતાં, એવી વાત નો કરતા? અટલે હું તો અચાનક ઘેર પહોંચવા વહેલો નીકળ્યો.

"આ મારો ટપો રસ્તે ચડયો ને પેલા બે જણ પડખોપડખ ટારડાં ઉપર હારોહાર હાલ્યા આવે. ટપાવાળો એમની સાથે મળી ગયો હોય તો તો મારા ભોગ લાગે. હજાર પંદરસોનો માલ હતો!

"પણ ભગવાન સૌનો છે નાં? રસ્તે કોઈ ને કોઈ મળતું જ રહ્યું. એટલે એક જણો તો ફંટાઇને થાકીને બીજે ગામ ચાલ્યો પણ ગયો. બીજાએ મારા ઉપર નજર રાખી—પણ મારે ને એને છેટું પડી ગયું. ને છેવટે એ પણ દેખાતો બંધ થઇ ગયો.

"હું તો ટપો લઇને ઘેર પહોંચ્યો. વહેલો આવ્યો એટલે પહેલાં તો ઘરમાં જરાક ગભરાટ થયો હોય એમ લાગ્યું—પણ થોડી વારમાં બધું રાગે પડી ગયું. જમ્યા જુઠ્યા. વાતુંચિતું થઇ. ઘરેણાં જોયાં ને એને મૂકવા આપ્યાં. નિરાંતે બેઠા. થાકયો પાકયો પછી હુ તો સુઇ ગયો.

"પાછલી રાતે કોણ જાણે શું થયું તે કાંઇ સંચળ થયો, અવાજ થાતો લાગ્યો, હું ઝબકીને જાગ્યો. જોઉં છું તો ગુલાબ મળે નહિ!

"ઓતતારીની! મારું બેટું, સાત વરસે, માંડ ઘેર આવ્યો ત્યાં આંહી અકરમીનો પડિયો કાણો, એવી વાત થઇ. હું તો ઊઠયો. ધીમેથી ઊભો થયો. અવાજ ન થાય તેમ થોડુંક હાલ્યો. બારણા પાસે પહોંચ્યો

[અનુસંધાન પાને ૭૬ મે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્ય આવ્યું છે—
સુરાજ્ય મેળવવાનું બાકી છે

ચોથી જુલાઈના અમેરિકન સ્વાતંત્ર્ય-દિને બ્રિટિશ પાર્લામેન્ટમાં રજૂ થયેલા હિંદી સ્વાતંત્ર્ય ખરડાએ ૧૮મીની સાંજના ચાર વાગ્યા સુધીમાં તો આમસભા, ઉમરાવસભા અને ઇંગ્લંડના રાજાની સંમતિ મેળવી લીધી અને કાનૂનનું સ્વરૂપ ધારણ કર્યું. બ્રિટને દોઢ સૈકાથી પોતાને ગળે બાંધેલું ઘંટીનું પડ આખરે આમ છોડયું છે. આવા મહાન પલટાઓ આટલી સરળતાથી અને આટલી ઝડપથી થઇ રહ્યા છે તેથી આ દેશનાં કરોડોની મતિ મુંઝાઈ ગઇ હશે, સગી આંખે દેખાય છે તે માન્યામાં નહિ આવતું હોય. લંડનમાં અને દિલ્હીમાં સ્વરાજની ચાંપો દબાઇ રહી છે, પણ લાખો ગામડાંમાં દીવા નહિ પ્રગટતા હોય.

ગુલામીના સૂસવતા વાયરાએ કેટલીય પેઢીઓથી એકસામટા બુઝાવી નાખેલા દીપકોને ફરી પ્રગટાવવાનું કામ દેશના રાજદ્વારી આગેવાનો, સામાજિક કાર્યકરો, શિક્ષકો, પત્રકારો અને શિક્ષિત જુવાનોએ ખંત, પરિશ્રમ, કુનેહ અને મક્કમતાપૂર્વક કરવાનું રહે છે. આપણા દેશે સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું તે નાનીસૂની વાત નથી, પરંતુ આપણી પ્રજા માટેનું જે સુરાજ્ય આપણે હજી હવે જ મેળવવાનું છે તેનું મહત્ત્વ આ સ્વરાજ કરતાં પણ વિશેષ છે, તે ન ભૂલીએ.

સ્વાતંત્ર્ય-પર્વની ઉજવણી
તો જ યાદગાર બનશે

હિંદી પ્રજાસત્તાકની મધ્યસ્થ તેમજ પ્રાંતિક સરકારોનાં બંધારણો બંધારણસભાની જુલાઈની ૧૪મીએ શરૂ થયેલી બેઠકમાં આખરી સ્વરૂપ ધારણ કરી રહ્યાં છે. તેને વિશેની ચર્ચાઓમાં મુસ્લિમ લીગના પચીસેક અને દેશી રાજ્યોના ચાલીસેક રાજ નીમ્યા તેમજ પ્રજાકીય પ્રતિનિધિઓ સંકુચિત પક્ષાપક્ષીથી પર રહીને ભાગ લઇ રહ્યાં છે. રેંટિયાને સ્થાને અશોક-ચક્ર મૂકીને બનાવેલા નવા ત્રિરંગી રાષ્ટ્રધ્વજને વફાદાર રહેવાનો કોલ બંધારણસભાના પુનિત ઘૂંમટ નીચેથી લીગવાદી સભ્યોના મોવડી શ્રી ખલિકુઝમાને આપ્યો છે. ૧૫મી ઓગસ્ટની ગૌરવભરી ઉજવણી માટેના આદેશો દિલ્હીની કોંગ્રેસ કારોબારીની બેઠકમાંથી છૂટયા છે. એ દિવસની ઉજવણી હિંદમાં અને પાકિસ્તાનમાં, હૈદ્રાબાદમાં, ત્રાવણકોરમાં ને તમામ રાજસ્થાનોમાં, પૂર્વ બંગાળમાં ને પશ્ચિમ પંજાબમાં, સરહદમાં ને સિંધમાં, હિંદુ-મુસલમાનો, શીખ-પારસી-ઈસાઈઓ, રાષ્ટ્રવાદીઓ ને કોમવાદીઓ, એકસરખા ઉત્સાહપૂર્વક ઊજવી શકે. વિદેશી રાજ્યના અંતકાળે પોતાનો ઉલ્લાસ પોતાની રીતે મુક્તપણે વ્યક્ત કરી શકે અને આનંદ-સાગરમાં પોતાના તમામ મતભેદોને, એક દિવસ પૂરતા પણ, ડુબાડી દઈ શકે તો એ દિવસની શોભા ઇતિહાસમાં યાદગાર બની જશે.

પૂર્ણસ્વરાજને વિસારી
'સંસ્થાનપદ'ને રખે મોહી પડીએ

અલબત્ત આ આનંદોત્સવ સપ્રમાણ હશે તો જ તે શોભશે, કારણ કે આપણા સુખના કટોરા હજી છલકાઇ ગયા નથી. સ્વતંત્ર હિંદનું બંધારણ આ વર્ષની આખર સુધીમાં ઘડાઈ જાય અને તે પછી હિંદ એક 'સંસ્થાન' મટીને પ્રજાસત્તાક બને તે દિવસને માટે આપણા આનંદ-દર્શનની પરાકાષ્ઠા આપણે બાકી રાખવાની છે. ૧૫મી ઓગસ્ટે જે દરજ્જો આ આ દેશ પ્રાપ્ત કરશે તે ગાંધીજી જેવાએ પણ નૂતન રાષ્ટ્રધ્વજમાં એક ખૂણે યુનિયન જેક રાખવાની કરેલી સૂચના પરથી પામી શકાય છે. એ સૂચનને આજે આપણે ભલે ધુત્કારી કાઢીએ અને યુનિયન જેકને હિંદમાંથી અદશ્ય બનાવીએ, પણ આપણા સંસ્થાનપદમાં પણ ગુલામીના સાપ ગયા પછીના જે લિસોટા રહી ગયા હશે તેના ભણકારા આપણને એ શબ્દોમાંથી સંભળાયા કરશે. સંસ્થાન દરજ્જો પ્રાપ્ત કર્યા પછી પૂર્ણ સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રયત્નોમાં આપણે જરાય ઢીલા ન રહીએ, રખેને બ્રિટિશ સામ્રાજ્યસમૂહના સભ્યપદના મોહમાં ન પડી જઇએ, એ જ ચેતવણી આ સૂચનના ગર્ભમાં રહેલી છે.

માઉન્ટબેટનના 'લાટ'પદ પાછળથી
ડોકિયાં કરતો ભય

આવા મોહથી આપણે પર નથી થઇ ગયા તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીતિ હિંદના ગવર્નર–જનરલપદે લૉર્ડ માઉન્ટબૅટનને ચાલુ રહેવા દેવામાં આવ્યા છે તેમાંથી ડોકિયાં કરે છે. નેતાઓના આ પગલાને વાજબી ઠરાવતી દલીલો પણ, કોણ કહે છે રાંપીનો ઘા'વાળી વાત મુજબ, ચોપાસથી સંભળાઇ રહી છે કે, ગવર્નર–જનરલના હાથમાં તો હવે કાંઈ સત્તા રહી નથી, એ તો ઈંગ્લંડના રાજાની જેમ શોભાના બંધારણીય વડા જ રહેવાના છે, માટે માઉન્ટબૅટન એ સ્થાને હોવાથી વસ્તુસ્થિતિમાં કાંઇ ફેર પડતો નથી. નેતાઓના દરેક પગલાને વાજબી જ ઠરાવવા જતાં પ્રજાને ઊંધે માર્ગે દોરવતી આવી દલીલો કરવામાં આવે છે તેનો આ પહેલો જ નમૂનો નથી, છતાં એ વાંચીને ખેદ થાય છે.

ઈંગ્લંડનો રાજા ભલે માત્ર શોભાનું પૂતળું હોય, પરંતુ તેથી એ સ્થાને કોઇ વિદેશીને (ભલે તે ચાહ્ય તેટલો પ્રતિભાશાળી હોય) બેસારવા અંગ્રેજ પ્રજા તૈયાર થશે ખરી? મંદિરમાં મૂર્તિ શોભાની જ હોય છે છતાં આરસપહાણને બદલે ઠીકરાના દેવ એમાં પધરાવવા કોઈ તૈયાર થાય છે ખરું?

ગાંધીજીએ એમ કહ્યું છે, કે પ્રથમ તો હિંદ અને પાકિસ્તાન માટે માઉન્ટબૅટનને જ સંયુક્ત ગવર્નર–જનરલ બનાવવાની કબૂલાત આપીને છેલ્લી ઘડીએ શ્રી ઝીણાએ વચનભંગ કર્યો અને પાકિસ્તાનના ગવર્નર–જનરલપદે પોતાની નીમવાની માગણી કરી. થોડા જ કલાકોમાં શ્રી ઝીણાએ એનો જવાબ વાળ્યો કે, મેં કોઈ કબૂલાત આપી જ નથી, અને વચનભંગનો આરોપ જૂઠો છે. બસ, વાત ત્યાં પૂરી થઈ. કોઇની પાસેથી કશી જ લેખિત સાબિતી નથી નીકળી. શ્રી ઝીણાની જાણે કે પહેલી જ વાર પ્રસંગ પડતો હોય તેમ દરેક વખતે એમના શબ્દોમાં વિશ્વાસ રાખવાનું, રાજકારણમાં એમની પાસેથી પણ સત્યના પ્રયોગોની આશા રાખવાનું, એકવચનીપણાના સદ્‌ગુણનું એમની ઉપર નિરર્થક આરોપણ કરવાનું આપણું માનસ આટઆટલા પછડાટો પછીથી પણ કેમ વણપલટયું રહેતું હશે તે એક કોયડો છે. શ્રી ઝીણા તો બોલીને ફરી ગયા, પણ આપણાથી કેમ ફરી શકાય? એવો પ્રશ્ન પણ કરવામાં આવે છે. ભલે લીગને રીઝ... માટે આપણે લૉર્ડ માઉન્ટબૅટનનું નામ કબૂલ રાખ... પણ પછીથી તો લીગ રિઝાય કે ન રિઝાય તે જોયા વિ... લૉર્ડ માઉન્ટબૅટનની અંગત લાગણી ન દુભવવા, એ... સ્વમાનભંગ ન થવા દેવા ખાતર જ આપણે એ... નામને વળગી રહેવું જોઇએ, એવી દલીલ પણ... વામાં આવી છે. એના જવાબમાં એટલું જ... શકાય કે રાજકારણ એ અંગત લાગણીઓને આ... આ કે તે વ્યકિતના માન—અપમાનની ભાવનાએ... રમવા માટેનું મેદાન નથી. 'ભલા' લૉર્ડ માઉ... બૅટનનું દિલ ન દુભાય તે જોવા જતાં, એક હિ... ગવર્નર–જનરલે પ્રજામાનસમાં એક જ સપાટ... શુભ પડઘા પાડ્યા હોત તે વિસારવામાં, અને ... કરીને તો પાકિસ્તાનને ગવર્નર–જનરલપદે શ્રી ઝી... આવ્યા તેથી, હિંદના લોકોએ પોતાના રાજસિંહા... ઉપર તો હજીય માઉન્ટબૅટનને બેઠેલા જોઈને... તેજોવધ અનુભવ્યો હશે તેની કલ્પના ન કર... મોટી ભૂલ થઇ છે.

તાજુબ્બીની વાત તો એ છે કે હાથી આ... જતો રહ્યો પછી આપણે એનું પૂંછડું ઝાલી રા... વલખાં મારીએ છીએ. દેશના, પ્રાંતોના, લશ્ક... સરકારી ખાતાઓના ને અમલદારોના, ટાઈપરાઈ... અને શેતરંજીઓના સુદ્ધાં ભાગલા પાડ્યા પછી ... હિંદ અને પાકિસ્તાનના સંયુક્ત ગવર્નર–જનરલ... માટે આપણે આટલા બધા તલપાપડ શીદ બની... કે એક વિદેશીને એ આસને બેસવા દેવા ... થયા? હવે તો ૧૫મી ઑગસ્ટે તમામ પ્રાં... ગવર્નરપદે હિંદીઓ હશે તેની પણ શી ખાતરી!

ઐકયના આદર્શરૂપ સૈનિકોએ સ્વીકારેલા લશ્કરી ભાગલા

દેશના ભાગલા પછી બીજી કોઈ વસ્તુએ આ... જીને સૌથી વિશેષ દુઃખ પહોંચાડયું હોય તો ... લશ્કરના ભાગલાએ. ખુદ લશ્કરના અને ... બહારના કેટલાય યુવાનો પણ એ જ આઘા... ભાગીદાર બન્યા હશે. આખરી સ્વાતંત્ર્યયુદ્ધની ... વર્ષો સુધી ઝંખના કર્યા કરનાર ક્રાંતિકારીઓએ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ યુદ્ધમાં હિંદી લશ્કરને શામિલ કરવાનાં સ્વપ્નો સેવ્યાં હતાં તેમ દેશના ભાગલા પડતા અટકાવવા ખાતર એકતાના આદર્શ નમૂનાસમા હિંદી સૈનિકો પોતાનાથી બનતું બધું જ કરી છૂટશે, છેવટ જતાં બંડ કરવું પડે તો પણ અચકાશે નહિ, એવી આશાનું પણ અનેક અંતરોએ હજી હમણાં સુધી લાલનપાલન કર્યું હશે. પણ લશ્કરમાંથી આપમેળે એવી કોઇ જેહાદ જેમ સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે નહોતી જાગી તેમ ઐક્યસિદ્ધિ માટે પણ નથી જાગી. નેતાજીના નેતૃત્વ નીચે અને ખુદ બ્રિટિશ અફસરોના હાથ નીચે એકતાનો આદર્શ ખડો કરી શકનાર હિંદી સૈનિકોએ પણ જાણે કે, 'દો કતાર બનાઓ'નો કવાયત હુકમ ઉઠાવતા હોય તેટલી સ્વાભાવિકતાથી મુસ્લિમ લશ્કર અને બિન-મુસ્લિમ લશ્કરની બે વિરોધી છાવણીઓમાં વહેંચાઈ જવાનું સ્વીકારી લીધું છે.

લશ્કરી સરમુખત્યારીનો ભય દેશના રાજકારણમાંથી અદૃશ્ય ?

એને નમૂનેદાર શિસ્તપાલન કહો કે સ્વત્ત્વહીનપણું કહો, પરંતુ હિંદી લશ્કરનો આ ગુણ એક રીતે દેશને લાભદાયી પણ છે. હુકમ મળે ત્યારે મોકલાય તે સ્થળે જઈ લડવા ઉપરાંત બીજી બાબતોમાં જો હિંદી સૈનિકો રસ લેતાં શીખ્યા હોત, અને એ રસને પરિણામે પોતાની લાગણીને કોઇ પણ પ્રશ્નના એક યા બીજા પક્ષે દેખાડવાની આદત એમણે પાડી હોત તો એક દિવસ સ્વતંત્ર હિંદના રાજસૂત્રો પ્રજાએ મુક્ત મને ચૂંટેલા નાગરિક પ્રતિનિધિઓના હાથમાંથી ઝૂંટવી લેવાની નેમવાળી લશ્કરી સરમુખત્યારોની ટોળકી પણ એમની વચ્ચેથી ઊભી થઇ હોત. લશ્કરના આજના માનસમાં એવી કોઇ શક્યતા નથી દેખાતી એ આ દેશમાં પ્રજાતંત્રવાદને માટે એક સાંત્વનની બીના છે. દર પેઢીએ નવાં નવાં યુદ્ધોના ભય વચ્ચે જીવતી આજની દુનિયામાં સર્વત્ર લશ્કરનું મહત્ત્વ એટલું બધું વધી ગયું છે કે દેશરક્ષક મટીને દેશભક્ષક બનતાં એને વાર નથી લાગતી. ચીન, રશિયા, યુરોપના બીજા દેશો, યુનાઇટેડ સ્ટેટ્સ અને દક્ષિણ અમેરિકન દેશોના રાજકારણમાં લશ્કરની કેટલી મોટી અસર છે તે જગજાહેર છે.

લડાયક ખમીરની સાથે ઘેરી ભાવનામયતા જરૂરી

આપણા સૈનિકોની શિસ્તભાવના જેમ આદરપાત્ર છે તેમ અમુક પ્રકારની પ્રાથમિક રાજદ્વારી સમજણ તેનામાં હોવી પણ જરૂરી છે. લડાયક ખમીર તો તેમણે વિદેશી માલિકોના હાથ નીચે પણ બતાવેલું, પરંતુ હવે અમુક પ્રમાણમાં એમણે રાષ્ટ્રવાદને રંગે રંગાવું પડશે. વિદેશી આક્રમણ સામે બહાદુરીપૂર્વક લડી શકવા જેટલો વતનપ્રેમ તો એમનામાં છે, પરંતુ કાશ્મીર, હૈદ્રાબાદ કે ત્રાવણકોરનાં રાજ્યોમાં પ્રજા ઉપર દમન થતું હોય તો તેની વહારે ચડવાનો પોતાનો ધર્મ એને લાગવો જોઈએ. વળી, હિંદે એશિયાની આગેવાની લેવાની હોઈને ઇન્ડોનેશિયા જેવા કોઈ એશિયાઈ બાંધવરાષ્ટ્રને વિદેશી શાહીવાદીઓ સાથે લડવામાં મદદ કરવાની ફરજ પણ એમને શિરે ગમે ત્યારે આવે. એ બધા માટે માત્ર શિસ્ત બસ નથી, કાળજામાં આગ પણ જોઇશે. સ્વતંત્ર હિંદમાં લશ્કરી તાલીમ ફરજિયાત બનવાને કારણે જે હજારો સુશિક્ષિત જુવાનો આ લશ્કરી સૈનિકોના સંપર્કમાં આવશે તેઓ આવી ભાવનાઓના દૂત બની શકે, અને જગતભરના આઝાદીવાંછુઓની ભેરુ સમી એક નમૂનેદાર જનસેના હિંદમાં ઊભી કરી શકે.

ક્રાંતિકારી પરિવર્તન માટે કોંગ્રેસનું પાંખું પોત નકામું

સ્વતંત્રતા મેળવ્યા પછી કોંગ્રેસસંસ્થા ચાલુ રાખવી કે નહિ, રાખવી તો તે કયા સ્વરૂપે રાખવી, વગેરે પ્રશ્નો હવે ઊભા થયા છે. તેની વિચારણા માટે સપ્ટેંબરમાં મહાસમિતિની બેઠક પણ બોલાવવામાં આવી છે. કોંગ્રેસસંસ્થા ચાલુ રહેવી જ જોઈએ. તે વિશે ઝાઝો મતભેદ જણાતો નથી. પણ એ સંસ્થાનું સ્વરૂપ બદલવું જ જોઇશે. દિલ્હીની રાજકીય પરિષદમાં શ્રી. જયપ્રકાશ નારાયણે કહ્યું હતું તેમ, કોંગ્રેસે હવે એ નક્કી કરવાનું છે કે તે ગરીબોની છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે અમીરોની, કિસાનોની કે જમીનદારોની, મજૂરની કે માલિકની ! આજ સુધી વિદેશી હકૂમત સામે લડવાનું હતું ત્યારે જાતજાતના અનેક પક્ષો-વિચારો કોંગ્રેસને મોરચે રહીને લડતા હતા. પણ હવે એવા શંભુમેળાથી પ્રજા-ઉન્નતિનો વેગીલો કાર્યક્રમ પાર પાડી શકાશે નહિ. કોંગ્રેસનું ઓજાર હવે વધુ તીક્ષ્ણ, વધુ મર્મપ્રહારક, વધુ અચૂક બનાવવું પડશે. રાજદ્વારી સંગ્રામ આડે વિસારે પાડેલા આર્થિક અને સામાજિક પરિવર્તનના કાર્યક્રમને પાર પાડવા માટે કોંગ્રેસનું આજનું પાંખું પોત નાકામિયાબ બનશે. આજે તો જયપ્રકાશ અને શેખ અબ્દુલ્લાથી માંડીને બિરલા અને બિકાનેરના મહારાજા સુધીના સૌ કોઇ 'કોંગ્રેસ-વાદી' બની શકે તેવું છે.

બેધારી તલવાર પર
એકલી કોંગ્રેસ જ ચાલી શકશે

દેશ સામે અગણિત કાર્યો પડેલાં છે. એનો બોજો ઉઠાવવા કોંગ્રેસે કટિબદ્ધ બનવું પડશે. દેશનું જીવનધોરણ ઊંચું લાવવાનું છે, ખેડૂતોની કંગાલિયત અને મજૂરોની પાયમાલી દૂર કરવાની છે, આપખુદ દેશી રાજ્યોમાં સંપૂર્ણ પ્રજાશાસન (જવાબદાર રાજતંત્ર નહિ) સ્થાપવાનું છે, સર્વનાશના ભયથી કંપતી પાકિસ્તાનમાંની લઘુમતીઓનું રક્ષણ કરવાનું છે, અને આખર જતાં હિંદમાં કિસાન-મઝદૂરોનું એવું રાજ્ય ઊભું કરવાનું છે કે જે પાકિસ્તાનમાં નવાબી-જમીનદારી શાસન તળે ચગદાતા કંગાલ મુસ્લિમોને આકર્ષી શકે, ફરી અખંડ હિંદ ઊભું કરી શકે.

પ્રજાની આવી આર્થિક ઉન્નતિ ભણી દોરી જતી નીતિ કોંગ્રેસ ન અપનાવે તો તેના અસ્તિત્વ માટે કાંઈ કારણ રહેતું નથી. એવા નીતિથી જાગેલી જનશક્તિને નૂતન સમાજરચનાત્મક કાર્યમાં કોંગ્રેસ જો નહિ દોરી શકે તો એ પ્રવહ હિંદુ મહાસભા જેવી કોમી સંસ્થાને અનુસરશે, અને પાકિસ્તાની મઝહબી ઝનૂન સામે હિન્દુઓના ધર્મઝનૂનનો એક અનંત સંગ્રામ કાશ્મીરથી હૈદ્રાબાદ સુધી અને સિંધથી સિલ્હટ સુધી ચાલ્યા જ કરશે. કોંગ્રેસનાં મૂળિયાં હજી આમજનતામાંથી ઊખડ્યાં નથી; તેથી આવું ભાવિ એ નિવારી શકે તેમ છે. એ ઝનૂની [illegible] વિના મક્કમ બની શકે તેમ છે, એ ખુશામ[illegible] બન્યા વિના ઇન્સાફ તોળી શકે તેમ છે, એ નિ[illegible] બન્યા વિના મૃદુ બની શકે તેમ છે. પાકિસ્તાન [illegible] મુસ્લિમોનું રહ્યું, હિન્દ તો, કોંગ્રેસ હશે ત્યાં [illegible] હિન્દુ-મુસ્લિમો, શીખ-પારસી-ઈસાઈઓ, [illegible] રહેશે. અશોકથી અકબર સુધીના સહુ વીરોનાં સંત[illegible] સહિયારું ઘર રહેશે. હિંદમાંના જે મુસ્લિમો [illegible]સ્તાની સરકારના પાંચમી કતારિયા તરીકે [illegible] તેમને આકરો દંડ દેવા છતાં સમગ્ર મુસ્લિમ [illegible] હિન્દની દુશ્મન ન ગણવાનું કાર્ય પણ ફક્ત [illegible] નવપ્રાણે ધબકતી કોંગ્રેસ જ કરી શકશે. બે[illegible] તલવાર પર ચાલવાનું કામ બીજું કોણ કરશે!

ઇંડોનેશિયાનો તેજોવધ એ
સમસ્ત એશિયાનું અપમાન છે

મહિનાઓ પૂર્વે શ્રી શહરીરે ઇન્ડોનેશિ[illegible] પ્રજાસત્તાકતા વડા પ્રધાનપદેથી ડચ શાહીવાદ[illegible] સાથે વાટાઘાટોથી સમાધાન કરવાના પ્રયાસો [illegible] ત્યારથી સેવાતી આશંકાઓ હવે સાચી પડી[illegible] ગોળગોળ વાટાઘાટોના લાંબા ગાળાનો લાભ [illegible] ઇન્ડોનેશિયામાં નવાં નવાં ડચ લશ્કરો ખડકાવા માં[illegible] હતાં, અને આજે હવે ઓચિંતાના એ ઇન્ડોનેશિ[illegible] ઉપર તૂટી પડ્યાં છે. ઇન્ડોનેશિયન ભૂમિને [illegible] વલંદાઓને એ ભૂમિની પ્રજા છૂંદી નાખીને [illegible] ન દે ત્યાંસુધી એ ત્યાંથી ઊખડવા માગતા [illegible] એમની સાથે સમાધાન હોઈ શકે જ નહિ; [illegible]નેશિયનોએ આખર સુધી લડી લીધે જ છૂટકો [illegible] ૧૧-૧૨ વર્ષો પર ઇથીઓપિયાનાં બહાદુર પ્રજાજ[illegible] અને સ્પેઇનના જવાંમર્દ પ્રજાસત્તાકવાદીઓને [illegible] આવી જ રીતે ચઢિયાતા શસ્ત્રબળ સામે આખર [illegible] ઝઝૂમવું પડ્યું હતું.

પણ ઇથીઓપિયાની અને ઇન્ડોનેશિયાની હાલ[illegible] એક મોટો તફાવત છે — ઇન્ડોનેશિયા એકલું [illegible] ઈટાલીએ આદરેલા માનવસંહારના મૂંગા [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનીને બેસી રહેલા યુરોપિયન રાજ્યોની ભીરુ ‘તટસ્થતા’ આજના નૂતન એશિયાનાં રાષ્ટ્રો ડચ-ઇન્ડોનેશિયન વિગ્રહ પ્રત્યે ધારણ કરે તેમ નથી. મલાયા. અને બરમા થઈને હિન્દ આવી પહોંચેલા ઇન્ડોનેશિયન દૂત શ્રી શાહરીરે આ દેશ ભણી જે આશાભરી મીટ માંડી છે તે નિષ્ફળ નથી જવાની. પ્રથમ આંતર-એશિયાઈ પરિષદ પોતાને આંગણે બોલાવીને હિન્દે લીધેલી એશિયાની આગેવાની આવી ભીડને ટાંકણે માત્ર સહાનુભૂતિના મીઠા શબ્દો પૂરતી મર્યાદિત નથી રહેવાની. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ તો ઇન્ડોનેશિયાનો પ્રશ્ન, બેશક, રજૂ થશે જ. પરંતુ એ સંસ્થા આ પ્રશ્ન અંગે કાંઈ કરશે તેની કોઇ ખાતરી નથી. વળી, એની અનેક કાનૂની આંટીઘૂંટીઓ વાટે એ કાંઇ કામ લેવા ધારે તો પણ તે દરમિયાન હોલેન્ડનું શસ્ત્રબળ ઇન્ડોનેશિયા ઉપરના કબજાને એક સિદ્ધ થઇ ચૂકેલી હકીકત તરીકે રજૂ કરી દઈ શકે તેમ છે. એ અટકાવવાનું કાર્ય હિન્દનું અને ઇન્ડોનેશિયાના પાડોશી તમામ એશિયાઈ રાષ્ટ્રોનું છે. એ સાચું છે કે આજે એશિયાનો પ્રત્યેક મુલક પોતાના ઘરઆંગણાના કોયડાઓમાં ને મુશ્કેલીઓમાં ગળાબૂડ છે. (કદાચ એ જોઈને જ હોલેન્ડે આજની ઘડી આક્રમણ માટે પસંદ કરી હોય.) છતાં એ ન ભૂલવું જોઇએ કે ઇન્ડોનેશિયાનો તેજોવધ એ આખા એશિયાનું અપમાન ગણાશે, ઇન્ડોનેશિયાની હાર એ સમસ્ત એશિયાનો પરાજય લેખાશે. આ બાબતમાં માનવીથી શકય તેટલું બધું કરી છૂટવાની આતુરતા પંડિત જવાહરલાલથી વિશેષ બીજા કોઇને નહિ હોય. પ્રજાનું કર્તવ્ય ઇન્ડોનેશિયા પ્રત્યેની પોતાની સહાનુભૂતિ સ્પષ્ટ અવાજે વ્યક્ત કરીને જવાહરલાલના હાથ મજબૂત કરવાનું, અને ઇન્ડોનેશિયાને જે કાંઈ સક્રિય સહાય કરવાનો નેતાઓનો આદેશ થાય તો તે ઉત્સાહભેર ઉઠાવવાનું છે.

એકહથ્થુ રાજવીઓની ધૃષ્ટતાની અવધિ થાય છે

બંધારણસભાના કાર્યમાં સહકાર આપીને પોતે આ દેશ ઉપર મોટો ઉપકાર કર્યો હોય તેવી માન્યતા એમાં જોડાયેલાં કેટલાંક દેશી રાજ્યોના રાજ્યકર્તાઓ-દીવાનો સેવતા હોય તેવું તેમના જાહેર ઉચ્ચારણો-માંથી જણાય છે. બિકાનેરના મહારાજા અને પતિયાળા-નરેશ જેવા કેટલાક ‘સો ટચના’ આપખુદ રાજવીઓ તો આ મતિભ્રમમાં એટલા બધા ડૂબી ગયા છે કે ચોર કોટવાળને દંડે તેમ એમણે રાજસ્થાની પ્રજાની સંસ્થાઓને ડાહી ડાહી શિખામણો આપવા માંડી છે. સ્થાનિક કાર્યકરોને પડતા મૂકીને સીધા દેશના મુખ્ય આગેવાનો સાથે વાટાઘાટો કરવાનો મોકો મેળવી શકનારા આવા રાજવીઓ મુખ્ય આગે-વાનોને માન આપીને પોતાના રાજ્યની પ્રજાને આમ વગોવે તેમાં બહુ નવાઇ પામવા જેવું નથી.

સરદાર વલ્લભભાઇના હાથ નીચે નવા શરૂ થયેલા હિંદી સરકારના રાજસ્થાન-વિભાગની તેમણે જાહેર કરેલી નીતિ અંગે તેમને અભિનંદન આપવાનો મોકો લઈને બિકાનેરના મહારાજાએ કરેલા નિવેદનમાં અભિનંદનના મીઠા શબ્દોના કોચલા તળે આટલું વિષ સંઘરાયેલું છે: (૧) અખિલ હિંદ રાજસ્થાની પ્રજા-પરિષદની નીતિ રાજ્યકર્તાઓ પ્રત્યે દુશ્મનાવટ ભરેલી અને વિઘ્નસંતોષી છે. (૨) એ પરિષદ તથા તેની સાથે જોડાયેલાં પ્રજામંડળો રાજવિરોધી ચળવળો ઊભી કરે છે, કોમ કોમો વચ્ચે તિરસ્કાર અને વૈરભાવ ફેલાવે છે અને માત્ર પ્રજાની શાંતિ તેમ જ સલામતી માટે જાહેર કરાયેલા પ્રતિબંધો અને બીજા હુકમોનો ભંગ કરવા નિર્દોષ પ્રજાજનોને ઉશ્કેરે છે. (૩) આ સંસ્થાઓએ એમની આ વાંધાભરી પ્રવૃત્તિઓ બંધ કરવી જોઇએ, ભૂતકાળની વાતો વિસારીને એમણે હૃદયપલટો કરવો જોઇએ, અને રાજવીઓ સાથે સંપૂર્ણ મિત્રાચારીની અને સહકારની નીતિ અપનાવવી જોઇએ.

પંડિત જવાહરલાલ જેના પ્રમુખ હતા તે સંસ્થા વિષે આવાં નરાંતર જૂઠાણાં બોલનાર માનવી સાથે પણ વાટાઘાટો કરવાનો હેતુ ગમે તેવો શુભ હોય તેનાથી પ્રજામાનસ ઘણું પાછું પડે છે, એટલું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું જ જોઈએ. બિકાનેરનું પ્રજાજીવન કેવું છે, નાગરિક-સ્વાતંત્ર્ય પ્રત્યેનું તેના રાજાનું વલણ કેવું છે તે તો હવે જૂની થઇ ગયેલી વાત છે. બિકાનેરની જેલમાં સબડતા રાજદ્વારી કેદીઓ અને સદા ૧૪૪મી કલમ નીચે ગૂંગળાતું ત્યાંનું નાગરિક-જીવન એને વિશે જે કાંઈ બોલે છે તે જ બસ છે.

યુક્તપ્રાંતમાં લોકશિક્ષણની મહત્ત્વાકાંક્ષી યોજના

ગાંવ-હકૂમતનો કાયદો પસાર કરીને ગ્રામ-પંચાયતોની બાબતમાં બીજા બધા પ્રાંતોથી આગળ નીકળી ગયેલા યુક્તપ્રાંતે કેળવણીની બાબતમાં પણ બીજાઓની આગેવાની લીધી છે, અને દસ વર્ષમાં જ પ્રાંતભરનાં ૬ થી ૧૧ વર્ષ સુધીનાં બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનું બીડું ઝડપ્યું છે. દસ વર્ષને અંતે ૧૦૦૦ની વસ્તીવાળાં પ્રાંતનાં ૪૩,૦૦૦ ગામડાંમાંથી દરેકમાં એક એક પ્રાથમિક નિશાળ થઇ જવી જોઇએ એવો આ સરકારી યોજનાનો આદર્શ છે. પરંતુ આજે શિક્ષકો અને બીજી સગવડો પૂરતા પ્રમાણમાં મોજૂદ ન હોવાથી હાલ તુરત તો એવા દર બે ગામડાં દીઠ ૧-૧ નિશાળ ખોલવાનું નક્કી કરવામાં આવ્યું છે. એ રીતે દસ વર્ષને અંતે એ પ્રાંતમાં જે ૨૨,૦૦૦ નિશાળો હોવી જોઈએ તે વરસની ૨૨૦૦ ને હિસાબે વધારાતી જશે. આ વર્ષની ૨૨૦૦ પ્રાથમિક નિશાળો જુલાઇથી શરૂ થઇ છે. આ નિશાળો ચલાવવાનો બધો જ ખર્ચ (વર્ષે રૂા. ૩,૯૬,૦૦૦ 'રિકરિંગ' અને રૂપિયા ૨,૨૦,૦૦૦ 'નોનરિકરિંગ') સરકાર ભોગવશે. તે ઉપરાંત પ્રત્યેક શાળાના મકાન ખર્ચ પેટે રૂા. ૧૦૦૦ આપીને બાવીસ લાખનો વધારાનો ખર્ચ પણ સરકાર વેઠશે. (મકાન માટે તે ઉપરાંત બીજી જે રકમ, જમીન અને મજૂરીની જરૂર પડે તે દરેક ગામના લોકો આપે એવી સરકારે માગણી કરી છે.) આ રીતે પ્રાંતના ૬૬ લાખ પ્રાથમિક નિશાળિયાઓમાંથી કોઇને નિશાળે જવા માટે ગામથી પોણા ગાઉ કરતાં વધુ ચાલવું નહિ પડે. દરેક નિશાળ સાથે એક-એક પુસ્તકાલય પણ ચાલુ કરવાની સરકારની યોજના છે, જેથી ભણી ઊતરનારાઓનું અક્ષરજ્ઞાન કટાઈ જવાને બદલે એમની જ્ઞાનભૂખ સંતોષતું, અને જગાડતું, રહે.

અભણ પ્રજાજન રાષ્ટ્રની નબળી કડી છે

લોક-શિક્ષણની આવી મોટી યોજનાની શરૂઆત કરતી વેળાના એક વાયુ-પ્રવચનમાં એ પ્રાંતના શિક્ષણ-પ્રધાન શ્રી સંપૂર્ણાનંદે સીધી સાદી ભાષામાં એ કાર્યક્રમનું મહત્ત્વ સમજાવ્યું છે.

'કેળવણીની દૃષ્ટિએ હિંદ પછાત છે, અને આપણો પ્રાંત તો ખાસ. આપણા પ્રાંતના પાંચ કરોડ લોકોનો જે મુખ્ય ધંધો છે તે ખેતી, ઉદ્યોગો અને બીજા ધંધાઓ અણવિકસ્યા છે, એને કારણે પ્રજા ગરીબ છે. પ્રજા ગરીબ છે તેથી સરકાર પણ ગરીબ છે. આજ સુધી કેળવણી પ્રત્યે બેદરકારી સેવવામાં આવી છે. એની એ જ સ્થિતિ જો ચાલુ રહે તો આપણે આગળ વધી શકશું નહિ. આપણે સ્વતંત્ર બનવાના છીએ અને આપણે આપણા જ પગ ઉપર ઊભા રહેવાનું છે. સ્વતંત્રતાની સાથે જે જવાબદારીઓ આવશે તે અભણ લોકો નહિ ઉઠાવી શકે. સ્વતંત્ર મુલકનો પ્રજાજન પોતાની જાતને સમાજનું એક અંગ સમજે છે અને પોતે જેની વચ્ચે વસે છે તે પ્રજાની આબાદી માટે સતત કામ કરે છે. પણ વ્યક્તિ અને સમાજની વચ્ચેના આ સંબંધની જેમને સમજણ નથી તેઓ સમાજની આબાદી માટે કઇ રીતે મદદ કરી શકે? દરેક શહેરીની સૌથી મોટી ફરજ પોતાના મતાધિકારનો સાચી રીતે ઉપયોગ કરવાની, સરકારી તંત્ર ચલાવવા માટે સારા પ્રતિનિધિઓ ચૂંટવાની, સરકારની મુશ્કેલીઓ સમજવાની અને સાચા દિલથી કામ કરવાની તેને તક આપવાની છે. એને માટે પણ કેળવણી બહુ જ જરૂરની છે. અભણ પ્રજાજન પોતાના મતનો સાચો ઉપયોગ નથી કરી શકતો, તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીવાડી અને જાહેર તંદુરસ્તી અંગેની નવી નવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો લાભ પણ લઈ શકતો નથી.'

વધુ કરવેરા કે ફી-વધારો?

નાણાંનો પ્રશ્ન પણ એટલો જ મુશ્કેલ છે. શિક્ષણ-કાર્યમાંથી એને બંગલા ભલે ન બાંધવા દઈએ, પણ શિક્ષકો પેટપૂરો પગાર તો માગે જ ને? એને પહોંચી વળવા માટે કાં તો ફી વધારવી જોઇએ, અને જો સરકાર પાસેથી એ વધારાનો ખર્ચ લેવો હોય તો પછી કરવધારા માટે પ્રજાએ તૈયાર રહેવું જોઈએ. શિક્ષકોની માગણીઓ માટે સહાનુભૂતિ વ્યક્ત કરનારા ઘણા માણસોને આ બન્ને રસ્તા કડવા લાગશે. તો પછી પરિસ્થિતિનો ઉકેલ શો છે? શ્રી સંપૂર્ણાનંદે એક ઉકેલ એ સૂચવ્યો છે કે કૉલેજો ઉપરનો ખર્ચ ઓછો કરીને પ્રાથમિક નિશાળો ઉપર પૂરું લક્ષ્ય આપવું. આજે નવી નવી હાઇસ્કૂલો અને કૉલેજો ખુલી રહી છે અને તેને માટે દાન દેનારા શ્રીમંતોની સંખ્યા પણ વધવા માંડી છે, તે સારી એંધાણી છે. પણ કૉલેજો અને હાઈસ્કૂલોના શિક્ષણનો પાયો પ્રાથમિક શાળાઓમાં જ નખાય છે તે ન ભુલાવું જોઇએ. આજે એક જ હાઇસ્કૂલ માટે સારું મકાન બાંધવું હોય તો તેના દોઢ લાખ રૂપિયા ખરચવા પડે છે, જ્યારે એટલી જ રકમમાંથી ઓછામાં ઓછી પંદર પ્રાથમિક નિશાળો પાંચ વર્ષ સુધી ચલાવી શકાય. કેળવણી માટે દાન દેનારાઓએ આ વાતનો ખ્યાલ રાખવાની જરૂર છે. શાળાઓના ફી-વધારા સામે હડતાલ પાડનારા વિદ્યાર્થીઓએ અને તેમના વાલીઓએ આ વાત નિરાંતે વિચારી લેવી જોઇએ: હાઇસ્કૂલો અને કૉલેજોમાં ભણવું હોય તો કાં તો વધારે ફી ભરવી જોઈએ, અને કાં તો વધુ કરવેરા માટે તૈયાર રહેવું જોઈએ. નહિતર એ કૉલેજો બંધ કર્યા સિવાય સરકારને બીજો ઇલાજ શો રહે? પ્રજાસમસ્ત પાસેથી કરવેરાના રૂપમાં મળતાં નાણાંનો ઉપયોગ પણ સરકારે સમગ્ર પ્રજાના હિતમાં જ કરવો જોઇએ. પ્રજાના મોટા ભાગને પ્રાથમિક કેળવણીથી પણ વંચિત રાખીને તેને ભોગે અલ્પ સંખ્યાને ઊંચું શિક્ષણ આપવાનો અન્યાય પ્રજાકીય સરકારો ન આચરી શકે. પ્રાથમિક નિશાળો જેટલી ઓછી હશે તેટલી જેલો અને ઇસ્પિતાલો વધતી જવાની છે, એ હકીકત ઉપરની વિચારણા પ્રસંગે સાચો નિર્ણય લેવામાં કદાચ મદદરૂપ થશે.

ઔદ્યોગિક અશાંતિનો સરવાળો

આપણાં મોટાં શહેરોમાં ભાગ્યે જ કોઇ એવું હશે કે જ્યાં છેલ્લા વરસ દરમિયાન અનેક નાની મોટી હડતાલો પડી ન હોય. રોજેરોજના છાપાંમાં આવતા એ હડતાલના સમાચારો થોડા જ દિવસોમાં સહેલાઈથી ભુલાઇ જાય છે, પણ વર્ષ આખરે આપણા સમાજજીવન ઉપરની એની અસરોનો સરવાળો કાઢવો જોઇએ. 'લેબર ગેઝટ'માં એ વિષય પરનો એક લેખ જણાવે છે કે—

> 'લડાઈ પહેલાં, ૧૯૩૯ દરમિયાન, બ્રિટિશ હિંદમાં મજૂરો અને માલિકો વચ્ચે કુલ ૪૦૬ ઔદ્યોગિક ઝઘડાઓ થયેલા. ૧૯૪૫માં એ સંખ્યા ૮૨૦ ઉપર અને ૧૯૪૬માં ૧૬૨૯ ઉપર પહોંચેલી. આ ઝઘડાઓમાં સંડોવાયેલા કામદારોની સંખ્યા ૧૯૪૫માં લગભગ સાડાસાત લાખની હતી તે વધીને ૧૯૪૬માં વીસેક લાખ જેટલી થઈ ગઇ હતી. આ કામદારોમાંથી ૫૪ ટકા જેટલો તો એકલી કાપડની (સુતરાઉ, ઊન અને રેશમી) મિલોમાં જ કામ કરનારા હતા. ૧૯૪૬ દરમિયાન હડતાલોથી દેશને થયેલા કુલ તુકસાનનો ૨/૩ ભાગ તો મુંબઇ અને બંગાળને ફાળે આવે છે. મુંબઈમાં વર્ષ દરમિયાન ૫૪૨ ઔદ્યોગિક ઝઘડાઓ થયા હતા તેમાં આઠ લાખ જેટલા કામદારો સંડોવાયેલા હતા, અને બંગાળમાં ૩૬૯ ઝઘડા થયેલા તેમાં લગભગ પાંચ લાખ કામદારો સંડોવાયેલા.'

—તો હડતાલો બિનજરૂરી બનશે

આ આંકડાઓ માટે જવાબદાર છે તે પરિસ્થિતિનો ગંભીરપણે વિચાર કરાવો જોઈએ. આજે આ દેશની પહેલી જરૂરિયાત, જેમ ખેતીમાં તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્યોગમાં, વધુ ઉત્પાદનની છે. એ રસ્તે જ રાષ્ટ્રની નવરચના શકય છે, જનસમૂહને કંગાલિયતની ખાઇ-માંથી બહાર કાઢવાનો એ જ ઈલાજ છે. જીવનની કેટલીય જરૂરિયાતો વિના પ્રજાનો મોટો ભાગ ગૂંગળાતો માત્ર હોય ત્યારે ઉદ્યોગોમાંની હડતાલો એ માત્ર મજૂર–માલિકની અટૂલી નિસ્બતની બાબત નથી રહેતી, પ્રજાજીવન ઉપર એની વ્યાપક અસર પહોંચે છે. આવા કાળમાં બાકીનો સમાજ આ ઝઘડાઓનો માત્ર પ્રેક્ષક બનીને બેસી રહી શકે નહિ. એટલા માટે જ પ્રજાકીય સરકારોએ ઔદ્યોગિક ઝઘડાઓનું નિયંત્રણ કરતા કાયદાઓ ઘડ્યા છે. મજૂરો-ની વાજબી માગણીઓ માલિકો પાસે કબૂલ કરાવવાની જવાબદારી, આ કાયદાઓ ઘડીને, પ્રજાકીય રાજ-સત્તાએ પોતાને શિરે લીધી છે. બદલામાં મજૂરો પાસે એ એટલું જ માગે છે, કે આપણા સહુના હિતમાં તમારું કામકાજ ચાલુ રાખો: અમે અમારી મતિ--શક્તિ મુજબ કાંઈ ઉકેલ શોધી કાઢીએ ત્યાં સુધી ધીરજ ધરો: અમારા હાથ હેઠા પડે તે પછી જ હડતાલનું શસ્ત્ર ઉગામજો.

હડતાલ પાડીને મજૂરો કે તેમનું ‘યુનિયન’ જે કાંઇ મેળવે છે તે એમની સામુહિક તાકાતનું જ પરિણામ છે. આખર જતાં તો સાચી પ્રજાકીય સરકાર પણ મજૂરોના એક મહાશક્તિશાળી યુનિયન સમાન જ છે, કારણ કે તેને ચૂંટનારા મતદારોનો મોટો ભાગ મજૂરોનો, જાતમહેનત કરનારાઓનો, બનેલો છે. માટે મજૂરો સીધા હડતાલ પર જઇને પોતાને તેમજ સમાજને નુકસાન કરે તેના કરતાં પ્રજાકીય સરકારમાં ચૂંટી મોકલેલા પોતાના પ્રતિ-નિધિઓ પાસે જ એવા કાયદાઓ કરાવે કે જેથી હડતાલ ઉપર જવાની એમને જરૂર ન રહે. હવે, સ્વતંત્રતા આવી ગયા પછી, આ વાત મુશ્કેલ નથી.

બંધારણ સમજનારા જાગ્રત મતદારોની જરૂર

મુશ્કેલી જો હોય તો તે એક જ છે: મજૂરોએ ચૂંટણીમાં આંખો ઉઘાડી રાખીને, બુદ્ધિપૂર્વક પોતાના મતનો ઉપયોગ કરવાનો છે. લોકશાહીમાં બીજું ઘણું સહેલું, સીધું ને સાદું છે: મુશ્કેલ આ એક જ કાર્ય છે. અમેરિકા જેવા સ્વાતંત્ર્યપ્રેમી મુલકની આટલી ભણેલીગણેલી પ્રજા પણ આ બાબતમાં પૂરી જાગ્રત નથી. ૨૧ વર્ષની ઉપરના કુલ ૯,૧૬,૩૪,૪૭૨ અમેરિકનોમાંથી ગયા નવેમ્બરની ચૂંટણી દરમિયાન માત્ર ૩,૫૦,૦૦,૦૦૦ માણસોએ જ પોતાના મતાધિકારનો ઉપયોગ કરેલો. આપણા જેવા અભણ દેશની સ્થિતિ તો આથી ય ખરાબ હશે. ગ્રેજ્યુએટ થઇને કૉલેજમાંથી નીકળનારાઓમાં ઘણાને પ્રાંતિક ધારાસભાની ચૂંટણીઓ કેટલે વર્ષે થાય છે, મધ્યસ્થ ધારાસભામાં પોતાના પ્રાંતને ફાળે કેટલી બેઠકો છે, હાલની ધારાસભામાં પોતાના જિલ્લામાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ કોણ કોણ છે, વગેરે સામાન્ય બાબતોની માહિતી પણ હોતી નથી. સાર: ઘણાખરા લોકો પોતાના મતનો ઉપયોગ કરતા નથી, અને જે કરે છે તેમાંથી બુદ્ધિપૂર્વક બહુ ઓછા કરે છે.

આવતી કાલથી આપણી શાળાઓને માથે એક મોટી જવાબદારી એ વધવાની છે કે સ્વતંત્ર હિન્દના બંધારણ અંગે, એની સરકારની રચના અંગે વધુ ને વધુ જાણવાની જિજ્ઞાસા એમણે પોતાના વિદ્યાર્થીઓમાં જાગ્રત કરવાની રહેશે. તો જ વધુ મતદારો મત આપવા આવશે, અને તો જ એમના મતની ચોકડી વતનના રાજકારણની કાંઈક ઊંડેરી સમજણથી ઘુંટાયેલી હશે.

ઊગતા જુવાનોમાં આ સમજણ કેટલીક આવી શકશે તેનો આધાર અત્યારે બંધારણસભામાં ઘડાઇ રહેલા બંધારણનાં જટિલતા કે સરલતા, ગહનપણું કે સુરેખપણું, અર્થઘન શબ્દાળુતા કે મિતાક્ષરી ભાવનામયતા ઉપર રહેલો છે. ગોપાલસ્વામી આયંગર, કૃષ્ણસ્વામી ઐયર, કનૈયાલાલ મુનશી વગેરે કાનૂની ભાષાના ખેરખાંઓ આ બંધારણઘડતરમાં જે આગેવાનીભર્યો ભાગ ભજવી રહ્યા છે તેથી એ બંધારણ ઊગતા હૈયામાં વસી જાય તેવું મધુરું બનવાને બદલે શબ્દચાતુરીના કરોળિયાનાં જાળાં સમાન બની જવાની દહેશત રહે છે.

૨૬–૭–’૪૭ મ૦

❋

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનપંથ

ચાલી આવતી આપકથાનો હપ્તો છઠ્ઠો

ધૂમકેતુ

જેમાં મરીયમ બીબી પાસે નવલકથાઓ વાંચતાં ફરીને સાહિત્યરસ જાગી ઊઠે છે!

વીરપુરથી જેતપુર આઠ માઇલ—ચાર ગાઉ થાય. એની ટિકિટ બે આના. પણ સાધારણ રીતે એ બે આના ખરચવા એ વૈભવ ગણાતો. એટલે વીરપુરથી જેતપુર જવું હોય તો ચાલીને જ જવાય. આ જાણે કે અમારા ઘરનો રિવાજ હતો. અમારાં ઘર પણ જેતપુરની સડકે—એટલે વહેલાં ઊઠીને ખંખેરી મૂકીએ તો ભાદર નદીએ દાતણ પાણી થાય. કટક-બટક શીરામણી કરીને પછી ગામમાં જઇ કાંઈ લેવું કારવવું હોય તે લઇને સાંજે પાછા વીરપુર ભણી. સોળ માઇલની પગ મુસાફરી. ચાર આના બચે. શીમની તાજી હવા મળે. આ જાણે કે અમારા ઘરનું વાતાવરણ!

વીરપુરથી જેતપુર સુધીના આ ચાર ગાઉના રસ્તાએ મને જેટલો કલ્પનારસ પાયો છે એટલો ભાગ્યે જ બીજા કોઇ રસ્તાએ પાયો હશે. હું પછી પાછળથી જેતપુરમાં ભણવા આવ્યો એટલે આ રસ્તો ઘણો પરિચિત બન્યો.

એ રસ્તો રાજમાર્ગ ગણાતો. સ્ટેશને જઇને ઘેટાં બકરાંની પેઠે પૂરાઈને નવાગઢ ઊતરવું અને ત્યાંથી પછી ચાલતાં જેતપુર જવું એ વાત મારા પિતાને તો બિલકુલ રૂચતી જ નહિ. ઘણી વખત એમને તો જોખમ લઈને પણ સીધી સડકના આ રસ્તે જવામાં જ મજા પડતી. જેતપુર જવા માટે વીરપુરવાળાને નવાગઢનું સ્ટેશન ફાવે. જેતપુરનું પોતાનું સ્ટેશન તો ઘણું દૂર પડે. આ રસ્તે જતાં એક વખત પોતાને કેવી વીતી હતી તેની વાત મારા પિતાએ કહી હતી.

આંખમાંથી કણું કાઢે એટલીવારમાં તમને સોના રૂપાના ભારમાંથી મુક્તિ અપાવનારા સંતો જેતપુરમાં ડગલે ને પગલે મળે. એક વખત મારા પિતાને એવા કોઇ જોખમ સાથે ત્યાંની ચોકશી બજારમાં કોઇએ નજરમાં રાખ્યા હશે. ભાદરનો પુલ ઊતરીને રસ્તે પડયા તો પીઠડિયે જનારું ગાડું મળી ગયું, એટલે પેલા બે ગૃહસ્થોએ ત્યાં કેડો પકડવામાં માલ નથી એમ ધારી, પીઠડિયા પછી ટોડા બાંધ્યા.

પીઠડિયા મૂકો પછી થોડે દૂરથી વેરાન પાટ શરૂ થાય છે. એકલા ગડગડિયા પાણા અને ઝાડઝાંખરા વિનાના ધાર ટેકરા.

ખડિયો ખભે નાખીને મારા પિતાએ વીરપુરની દશ નોંધી અને ખંખેરી મુકયાં. કલાકની ચાર માઇલ એકધારી ગતિ એ એમને માટે સહજ વાત હતી.

વીરપુરનો ધાર ઉપરનો ઓરડો દેખાય છે તો ઘણે દૂરથી, અને એમ લાગે કે આ વીરપુરની હદ આવી, પણ એમ આવતાં આવતાં ચાલનારને એ ગાળો લાંબો લાગે છે. વળી એ ગાળો એકાંતનો, આસપાસ ખેતર વિનાનો, ને ભાગનાર ભાગી જાય તો ધાર ટેકરાઓમાં ગુપત થઈ જવાની મજા પડે તેવો છે. આ ગાળામાં પેલા બે જણાએ હાથચાલાકી કરી લેવાની તક જોઈ.

પોતે એકલા હતા એટલે મારા પિતા ઝપાટાબંધ-માર્ગ કાપી રહ્યા હતા. પાસે જોખમ હતું. સમય સાંજનો નહિ, પણ બપોરના બાર એકનો હતો. આ ગાળામાં સમ ખાવા માટે પણ ઝાડ ઉઝરતું નહિ. એટલે કયાંય છાંયડો મળે તો થોભવાની વાત જ ન હતી. ચાલી નાખવાનું હતું.

પોતે એ ધૂનમાં ચાલ્યા જતા હતા ત્યાં રસ્તા ઉપર જ જાણે કે જમીન સરસો પડેલો પણ જમી-નમાંથી ફૂટયો હોય એવો એક માણસ આવળના જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા છાંયડા પાસે દેખાયો. એ પણ જાણે કે કોકના સાથની રાહ જોતા હોય એવો લાગતા હતો. મારા પિતાને જોતાં જ એ બોલ્યો: 'આવો, આવો, મા'રાજ ! સોપારી ખાઇને ચાલ્યા જઇએ. આટલામાં તો મારું બેટું ક્યાંય હુંડુંય નથી ! હુંય વાટ જોઉં છું કો'ક આવે તો નીકળું ! આવો !'

પણ મારા પિતાનો જીવનભરનો એક સિદ્ધાંત હતો. મુસાફરીમાં કોઇ મિત્ર નહિ. એમની પાસે જોખમ હતું એટલે આંખ તો ચારે તરફ ફરતી જ હતી.

થોડેક દૂર આગળ જતા આ રસ્તા ઉપર એક બીજા માણસને એમણે ઝડપથી આવળના ઝાંખરા પાસે, કુદરતી હાજતે ગયો હોય તેમ બેસતા જોયો. એમને શંકા પડી. એ થોભ્યા નહિ, ચાલતા થયા. એટલે પેલો માણસ પણ સાથ લેવા આતુર હોય તેમ બેઠો થયો: 'ઠીક ચાલો ત્યારે ! કયાં વીરપુર જાવું છે ?'

એક ક્ષણની પણ સરતચૂક થાય તો પ્રશ્ન જીવન મરણનો હતો. ખડિયો તો જાય—એ તો ઠીક, પણ માર મળે તે નફામાં. એક પણ વાક્ય બોલવામાં જોખમ હતું. કારણ કે એટલું તમારું ધ્યાનભંગ થાય તો આ છેલબટાઉ માટે એ પૂરતું હતું. પાંચ રૂપિયાની નોટ ફેંકીને, પાંચસોની, બેંકના થડા ઉપરથી ઉઠાવી લેનારા આ ધ્યાનભંગની રમત જ રમે છે. આંહી પણ એ જ રમત હતી. જરાક વિશ્વાસ રાખો એટલી જ વાર. તમામ ઠગ જાણે છે કે માણસ માત્ર થોડોક ને થોડોક તો વિશ્વાસમાં તણાય છે. અને એણે માત્ર એ પળ પકડવાની હોય છે !

પણ મારા પિતાએ જેવો આ નવા મિત્રને સાથ આપતો જોયો કે તરત એ સાવચેત થઈ ગયા. આગળ ઉપર બેઠેલો માણસ અને આ માણસ એ બેની વચ્ચે પોતે આવી ન જાય એ જોવાનું હતું !

એમણે તરત રસ્તો બદલ્યો !

'અરે ! કેમ મા'રાજ ? કેમ તર્યા ?'

જેણે જીવનભર ભગવાન કૌટિલ્યના વૃદ્ધ ચાણક્યનો શ્લોકે શ્લોક, આખો દિવસ અત્યંત પ્રેમ ને પ્રશંસાથી વારંવાર વાંચ્યો હતો, એણે પ્રત્યુત્તર આ વામાં જે ભયંકર જોખમ રહ્યું હતું તે તરત લીધું. સમય, શબ્દ માટે તો નહિ—ત્વરિત પદ્ધતિનો હતો.

પ્રત્યુત્તર તો ન વાળ્યો. પણ બન્નેની વચ્ચે નીકળી જવાનો જે માર્ગ એમણે લીધો હતો ચાલુ રાખ્યો.

'અરે, પણ મા'રાજ ! એ બાજુ કયાં હાલ ત્યાં ક્યાંય પાણી મળે એવું તમારી જાણમાં છે ભાતું તો અમારી ભેગુંય આ રહ્યું ! પણ પા વિના ખાવું કેમ કરીને ?'

ઉત્તરમાં તો મારા પિતાએ આસપાસ પો થોડાક ગડગડિયા ભેગા કરીને ખડિયામાં નાખ ભાગવામાં જોખમ હતું. પણ ઊભા રહેવામાં ઓછું ન હતું. એટલે ધીમો માર્ગ ચાલુ રાખ્યો. થે વારમાં જ વધારે ધાટા ગડગડિયા પથરા પડ્યા હ એ ઠેકાણું હાથ કરી લીધું. સ્થળ પણ ઊંચું હતું

આવા જાહેર માર્ગ ઉપર વધારે વાર રહેવા તો ભય રહ્યો છે એ બન્ને છેલબટાઉ જાણતા હ પણ એમણે વિશ્વાસ ઉત્પન્ન કરવાની એક તરકીબ શોધી કાઢી. પથરા ભેગા કરવા એ ગાંડપણ હોય તેમ બન્ને જણા હસવા માંડ્યા !

'અરે પણ આ શું આદર્યું છે તમે મા'રાજ આપણે ત્રણ ધણા છીએ તે બેટીનો કોઈ આપ મારી જાશે ?'

એટલી વારમાં તો ઠીક જેવું અંતર પોતા ને બન્ને આદમીની વચ્ચે પડી ગયું હતું. પોતાની આસપાસ ગડગડિયા પડ્યા હતા. સ્થળ ઊંચું હતું. પેલા છેલબટાઉ સડકના ધૂળવાળા ગમાં ઊભા હતા. ત્યાં પાણા હતા નહિ. હવે પિતાએ તરત જ એમને પડકાર્યા: 'એક ડગ બેટીના ! હવે જો આ બાજુ ભર્યું છે તો રંગાઇ જાશે !' અને વાટ જોયા વિના એમણે ગડગડિયા ચાલુ પણ કરી દીધા !

માણસ ચેતી ગયો હોય તો, સિંહ જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રને જતા રહેવા દેવાની ઉદારતા બતાવે છે, તેમ આ સજ્જનો પણ એ નિયમનું પાલન કરે છે!

તરત બન્ને પાછા જેતપુર તરફ રવાના થઇ ગયા.

× × × ×

જ્યારે મારે કુંકાવાવ જવાનું નક્કી થયું ત્યારે હું અને મારી મા–આ પંથે, નવાગઢને સ્ટેશનેથી ગાડી પકડવા ઉપડયાં. અમે બન્ને મા દીકરો, એ રસ્તા ઉપર અલકમલકની વાતો કરતા નીકળ્યા. એમાંથી કોઈના અંતરમાં ખ્યાલ નથી કે ભેગા રહેવાનો આ છેલ્લો પ્રસંગ છે. બન્ને જણાં આનંદમાં છીએ. મારે કુંકાવાવ જવાનું છે. માને પોતાનો છોકરો પરદેશ કમાણીએ ચડયાનો સંતોષ હતો. કુંકાવાવ પણ એ વખતે પરદેશ હતું. ને ત્રણ રૂપિયા તો ત્રણસો જેવા મોંઘા હતા!

આ રસ્તા ઉપર સ્ટેશને જતાં એક વાવ આવે છે.

આ વાવમાં હું અને મારી મા બન્ને પાણી પીવા ગયાં. અરધાંક પગથિયાં ઊતર્યાં, ત્યાં એક ભયંકર સર્પ દીઠો. કોણ જાણે કેમ અમારા બન્નેના દિલમાં એની ધાક સર્પ તરીકેની નહિ–પણ આગામી કોઈ અમંગલ મૃત્યુ તરીકેની બેસી ગઇ.

એકદમ બહાર દોડયાં ગયાં. બહાર જઈને શ્વાસ લીધો. હવે સ્ટેશન પાસે હતું. ગાડીનો વખત હતો. મારી માએ અચાનક કહ્યું: 'આજ જાવું નથી!'

'અરે બા! છેક આંહીં આવીને હવે નથી જાવું?'

મારી બા કાંઇ બોલ્યાં નહિ. પણ એમની આંખમાંથી આંસુની ધારા ચાલી. સાડલાથી જેમ જેમ આંસુ લુએ તેમ તેમ નવાં આવે!

'આપણે ત્યાં જાવું જ નથી બા! ચાલો. ભલે નોકરી જાતી!'

'ના, તું તારે બે દિ પછી જાજે, પણ જાણે પેટમાં કાંઈક બળવા માંડયું છે. આ નાગ આજ કયાંથી જોયો?'

'અરે! બા! તમે તો આવાં ને આવા વહેમી રહ્યાં. એવા તો આપણા ઘરમાં હમેશાં નીકળે છે. હમેશાં મારા કાકા વાંસડો લઇને નાગ સાથે જ જુદ્ધ ખેલે છે. તમે તે દિ માથું ઓળતાં'તાં ને મોભારેથી તમારી પડખે જ પડયો'તો એ ભૂલી ગયાં? અવાવરૂ વાવ હોય તો નાગ પણ નીકળે!'

'પણ કોણ જાણે કેમ—ગગા! મને લાગે છે—' મા તે પછી વાકય પૂરું કરી શકયા નહિ. 'આ તો સાક્ષાત જમદેવ! આપણે વખતે પાછા ન મળીએ...'

'અરે! મા! ઊઠો. મારે નોકરી કરવા જ નથી જવું. હાલો પાછા વીરપુર ભેગા થઇએ. વીરપુરમાં લોટ માગશું ને મજા કરશું, હાલો!'

તે દિવસે અમે મા દીકરો ખરેખર વીરપુર પાછા ફર્યાં. છેક સ્ટેશને જઈને ગાડીને જાતી જોઈ. અને પછી પાછો વીરપુરનો પંથ પકડયો.

પણ જેનું જાવાનું નક્કી છે એ કેટલા દિ રોકાય? બે દિવસ પછી પાછાં એ જ રસ્તે સ્ટેશને આવ્યાં. ટિકિટ લીધી. માની વિદાય લીધી. લાકડાની જાળીની બહાર મા ઊભાં રહ્યાં. મોટામાં મોટો—કોઇ જબરજસ્ત ત્યાગ કરતા હોઉં તેમ હું, મારી પાસે રહેલી બે કે અઢીઆનાની સિલિકમાંથી, માને બેવડિયું ફદિયું આપવા એક વખત એ જાળી પાસે આવ્યો, અને એક બેવડિયું કાવડિયું એમને આપ્યું. રસ્તે કાંઈક લઇને ખાતાં જવાય માટે. ગાડીમાં બેઠો. ગાડી ઊપડી. હું જોતો રહ્યો. મા પણ જોતાં રહ્યાં. દૂર–દૂર નજર ખેંચાય ત્યાં સુધી અમે જોતાં જ રહ્યાં! પછી હું ગાડીમાં રડી પડયો, મા ત્યાં ઝાડ નીચે. અમારું આ છેલ્લું મિલન હતું. ત્યાર પછી અમે એકબીજાએ કોઈ દિવસ એકબીજાંને જોયાં નહિ! મા ગયાં! જાણે કોઇ દિવસ હતાં જ નહિ! વીરપુરમાં વિ. સં. ૧૯૬૨–ઈ. સ. ૧૯૦૬માં ભયંકર પ્લેગ આવ્યો. તે વખતે હું કુંકાવાવ હતો. પણ આંહીં વીરપુરમાં તો પ્લેગે સોથ વાળી નાખ્યો. એ જમાનામાં એ રોગ નવો હતો. એટલે ૧૯૧૮માં જેમ ઈન્ફલુએન્ઝાએ અનેકને ઉપાડી લીધા એવું જ કાઠિયાવાડમાં આ પ્લેગે કર્યું! સેંકડો ઘરને તાળાં દેવાઇ ગયાં. એ વખતે મા ગયાં. ભાભી પણ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પિતાની એક નોંધપોથીમાં આ કૌટુમ્બિક ઘટનાનો ઉલ્લેખ છેઃ ' રામજીની વહુ મોંઘીનું 'ઋતુ' ૧૯૬૨ના આશુ સુદ ૧૪ સોમવારે 'વીરપોર' થયું છે. છોરૂ આવતાં. તે પહેલાં છોકરો ત્રણ દિવસે આવીને વળી ગયો. તથા રામજીની મા સા. ૧૯૬૨ ના આશુ વદ ૯ ગુરૂવારે મરણ પામ્યાં છે. બપોર વખતે વીરપોરમાં બન્ને મરકીથી મરણ પામેલ હતાં. બોલતાં બોલતાં છેવટ સુધી.'

પરંતુ એક સાથે થયેલાં આ બન્ને મૃત્યુએ મારા પિતાની ધીરજની જેમ કસોટી કાઢી, તેમ એમનામાં રહેલી એકલપંથી વિચિત્રતાની—અને પોતાનો વિચાર સત્ય લાગે તો એને માટે ગમે તે હદ સુધી જવાના એમના નિશ્ચયબળની, અને જમાના કરતાં ઘણા આગળ રહેલા એમના સત્ત્વની પણ પરીક્ષા કરી.

મારાં ભાભીની જીવનદૃષ્ટિની એક વાત આગળ આવી ગઇ છે. એ બાઇમાં કોઇ એવી અજબ મીઠાશ હતી કે એના સાન્નિધ્યમાં રહેનારું પછી એના વિના આંધળુંભીંત થઇ જાય. ભાભી મૃત્યુ પામ્યાં પ્લેગમાં, તે વખતે મા પાસે હતાં. એમની વચ્ચે સાસુવહુ જેવો સંબંધ તો રહ્યો જ ન હતો. એમ લાગે કે જાણે મા અને દીકરી બેઠાં છે! જ્યારે જુઓ ત્યારે બન્ને એકબીજાના સુખદુઃખની વિશ્રમ્ભ કથા કરતાં હોય. એટલે ભાભી મૃત્યુ પામતાંની સાથે જ માએ જીવનનો મનથી તો જાણે ત્યાગ કરી દીધો!

આ વખતે આખું વીરપુર ખેતરમાં ઝૂંપડાં બાંધીને રહેતું. અમે ખેતરમાં ઝૂંપડાં તો બાંધ્યાં'તાં, પણ ઘર રેઢાં મૂકવાનું પાલવે તેમ ન હતું. આ નવીન રોગમાં વૈદ ડૉક્ટર હજી કાંઇ સમજ્યા ન હતા. ઠાકોર સુરાજીએ લોકદૃષ્ટિ કેળવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો. પણ હજી ભયના વાતાવરણથી જ અનેક ટળી પડતા.

મારા પિતા એક વસ્તુ વારંવાર કહેતા. એમને જંતુનું જ્ઞાન એ વખતે થયેલું, પ્લેગનાં 'રજકણ' ફેલાઇ જાય છે માટે શીમમાં ભાગી જવું એવું સૂત્ર એમણે સ્વીકારેલું. પોતે ધુરંધર' શીમમાં રહેતા

વાડીએ રોટલો કરી લેતા. ભાભીને સુવાવડ આ
તેમ હતી—એટલે ઘર આંગણે પણ રહ્યા વિના છૂટ
ન હતો. પણ જેમ બને તેમ ઓછાં 'રજકણ'
લેવાં એ નિયમ રાખેલો. મેં અપનાવેલો 'રજકણ'
શબ્દ, ટાગોરના 'સ્પાર્ક' ઉપરથી નહિ, પણ
ઘર વાતાવરણમાંથી સૂચિત થયો હતો. પણ પ્લેગ
આ રજકણ ઘણાં ભયંકર હતાં. ભાભીનાં મૃ
પછી એનાં કપડાં ધોઇ નાખવા માટે બા
ત્યારે મારા પિતાએ, એ કપડાંને બાળી નાખ
કહ્યું. પણ બાનો જાણે કે જીવ ભાભીની સાથે
હતો. એમણે કહ્યું કે 'હવે જે થાતું હોય તે
થાય. હવે વહુ ચાલ્યાં ગયાં છે ને મારા જીવને
આંહીં ધરપત નથી!'

ત્યાર પછી મારી માને પ્લેગ લાગુ પ
છેવટના ત્રણ દિવસની એમની જીવનમૃત્યુની
રહી. એ વખતે અંબાશંકરભાઈ જેતપુર હતાં એ
એ એકલા આવતા જતા, પણ માને દહેશત
અંબાશંકર માની પથારી આસપાસથી ખસે
મા બહુ કહે તો આઘાપાછા થાય—પણ હોય
એટલામાં જ! કેસરફૈઇ કુંકાવાવથી માની માંદ
માટે આવી પહોંચ્યાં હતાં, માએ એને કહ્યું
અંબાશંકરને ગમે તેમ કરીને પણ કાઢી મૂકો.

એવામાં એક દિવસ સવારે અંબાશંકર વાડીએ
રોટલા કરવા ને ખાવા માટે ગયેલ.

કેસરફૈઇએ સમાચાર આપ્યાઃ 'ભાભી! અંબાશં
તો જેતપુર ગયો!'

'ગયો? હા...શ!'

મા એટલું બોલ્યાં. ને ત્રણ દિવસ થયાં
જીવને દહેશત લાગતી હતી કે અંબાશંકર
આમાં ભરખાઇ જાશે કે શું—એ જીવ આ સાંભ
પછી માત્ર અરધા કલાકમાં જ પ્રયાણ કરી ગયો

છેવટની ઘડીએ મારી સંભાળ લેવાની કેસરફૈ
પોતે ભલામણ કરતાં ગયાં!

માનવની અંદર કેવી કેવી અવનવી પ્રેમની
દૃષ્ટિ વસી રહી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

આ પ્રમાણે ભાભીની પાછળ મા ગયાં. માંનું મરણ સાંભળ્યું ત્યારે મારા પિતાને એક વિચાર આવ્યો: 'આ પ્લેગનાં રજકણ' હવે તમામને ભરખી જાંશે. એને સ્મશાન લઈ જાશો તો ઓછામાં ઓછાં બીજા ચાર માણસો–માને ઉપાડનારા–ભરખાઈ જાશે.' મરણ પામેલાની તમે આ ક્રિયા કરો કે તે ક્રિયા કરો એમાં કાંઈ જ મહત્ત્વ નથી. એ તમામ અર્થહીન છે. આ વિચાર એમણે અનેક વખત અમારી પાસે મૂક્યો હતો. આજે એ વિચારને એમણે એકલાએ ક્રિયાત્મક સ્વરૂપ આપવાનો ભીષણ નિશ્ચય કરી લીધો!

ફળીમાં આંટો માર્યો. જગ્યા શોધી. કોઈને કાંઈ કહ્યું નહિ, પણ ઘરમાંથી કોદાળી લાવ્યા. ખાડો ખોદી નાખ્યો. કેસરફઈ તો આભા બની ગયાં. આ વિચાર સાંભળતાં એમને બિચારાને કાંઈ સમજણ પડી નહિ! 'અરે! પણ ભાઈ! તને દરબાર ઠપકો આપશે! અને માણસ શું કહેશે?'

'માણસનું કામ નથી. ઠીક પડે તેમ ભલે બોલે. દરબારનો એ વિષય નથી.. આ વિષય વૈદકનો છે. અને આને આંહીંથી ઉપાડીને જનારા અને એના સંસર્ગમાં આવનારા હવે તમામ ભરખાઈ જાશે. મારે રોગનાં રજકણ ફેલાવા દેવાં નથી!'

એમણે માને ખાડામાં સુવાડી દીધાં. ઉપર ધૂળ વાળી નાખી. તક મળ્યે એ ઉપર પોતે ઓટલો ચણાવીને ત્યાં વેદ–વૈદક–વેદાંતના વિષયનું વાચન કરવાનો મનથી સંકલ્પ કરી લીધો. પછી માની માંદગીની આસપાસની તમામ જગ્યાને બાળી નાખી. ઘરમાં પણ ઠેર ઠેર અગ્નિ પ્રગટાવ્યો. રજકણ માત્રને બાળી નાખવાનો પ્રયત્ન કરી જોયો.

ઠાકોર સુરાજીને આ વાતની ખબર પડી. એમણે મારા પિતાને તેડાવ્યા. દાટવાથી મુસલમાન થવાય ને બાળવાથી હિંદુ થવાય એ વાતનો પિતાએ સાફ ઇન્કાર કર્યો. કીમતી પ્રાણ જ છે. પછીના ખોળિયાને કાંઈ જ નથી એ વાત દર્શાવી. પણ છેવટે દરબાર માફી આપે, ને બળદગાડીમાં માને સ્મશાન લઈ જઈને દાહ દેવો, જેથી ઓછામાં ઓછું માનવજોખમ થાય એ શરતે એમણે માને સ્મશાનમાં દાહ દીધો! માની પાછળ તરત ઘરની સમૃદ્ધિ ચાલી નીકળી. ગાય ગઈ. ભેંશ ગઈ, દુઝાણું ગયું. ઘર આંગણેથી છાશ ગઈ, રેંટિયો ગયો, જાતમહેનત ગઈ. પ્રતિષ્ઠા ગઈ અને સૌથી વધુ તો એ કે પિતાની જીવનની રસવૃત્તિ જાણે ચાલી ગઈ! પછી એમને જીવનનો વૈભવી રસ રહ્યો નહિ! અને કોઈ દિવસ મળ્યો પણ નહિ. એમનું જીવન કેટલું સંયમિત હતું એનું એક જ ઉદાહરણ બસ છે. વર્ષો સુધી એમણે દૂધ અને રોટલાને મુખ્ય ખોરાક બનાવી કાઢયો હતો. કોઈ વખત ટ્રેઈનમાં આવીને રાતના અગિયાર વાગે ઘરની સાંકળ ખખડાવીએ તો પોતે ઊઠીને બારણું ઉઘાડે. પછી ખબરઅંતર પૂછીને તરત જમવાનું પૂછે. રાખમાંથી જોગંદરની માફક ચીપિયો ભરાવીને ફટ બાટી કાઢે. અને એ બાટીનો સ્વાદ તો દાઢમાં રહી જાય એવો, એવે ટાણે પણ એ ઊની ઊની હોય. ને એને હાથનો સ્પર્શ પણ નહિ. ચીપિયાથી જ કાઢવાની! જાણે ખાખીની ધૂણી. આ જીવન એમણે પાછલાં વર્ષોમાં પોતાની સાથે એવું તો વણાટમાં મેળવી લીધું હતું કે એ જ એમનું મુખ્ય ધ્યેય થઈ પડયું હતું. જીવન શું છે એ જાણવાનું. મારા પિતાના મૃત્યુ પછી છ સાત મહિને કોઈ બે અસલ ખાખી રખડતા રખડતા ઘર આંગણે આવી ચડયા. અંબાશંકરભાઈએ એમની તેજસ્વી સાધુમૂર્તિ જોઈ સત્કાર કર્યો: બેસાર્યા. બોલ્યા કે 'વો ડોસા ઇધર બેઠતા થા વો કહાં હૈ? ઉસકુ મિલનેકે લિયે હમલોંગ આયે હૈ!' જ્યારે સમાચાર જાણ્યા ત્યારે પછી તરત ચાલી નીકળ્યા. અંબાશંકરભાઈએ સત્કાર કરવા પોતે તૈયાર છે એમ કહ્યું પણ એમણે તો કહ્યું કે અમે વરસમાં એકવાર એમની સાથે જ્ઞાનવાર્તા માટે આવતા. કપડાં–અનાજની અમારે પડી નથી!'

આ પ્રમાણે એક અત્યંત કરુણ નાટક જ્યારે મારા પ્રિય ઘરને ખંડેરમાં ફેરવી રહ્યું હતું ત્યારે હું કુંકાવાવમાં હતો.

કુંકાવાવમાં એ વખતે પ્રભાશંકર મયાશંકર જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય મહેતાજી હતા. એના હાથ નીચે હું છેલ્લો આસિસ્ટંટ હતો. પગાર ઘણું કરીને રૂપિયા ચાર હતો. મારા ગયા પછી થોડા જ વખતમાં પ્રભાશંકર માસ્તરની તો બદલી થઈ ગઈ. એની જગ્યાએ કહાનજી જીવા પરમાર–આપણા કવિ દેશળજીના પિતા ત્યાં આવ્યા.

દેશળજીભાઈનું નામ તે વખતે પોપટભાઈ હતું. ઘણું કરીને એ રાજકોટમાં મેટ્રિક કલાસમાં હતા. પોપટભાઈમાં કુમાશ ઘણી હતી, જ્યારે જુઓ ત્યારે હસતા હોય. અમારા જેવા માટે તો એ ગામડામાં એ વખતે એ મોટા માનનો વિષય હતો! મેટ્રિકમાં ભણવું એ કાંઈ જેવી તેવી વાત ન હતી. દેશળજીભાઈના પિતાને પણ પોપટભાઈની પ્રગતિ માટે ઘણી મોટી આશા હતી. અને પોતે પિતાની જેમ નહિ પણ પોપટભાઈની સાથે મિત્રની જેમ વર્તતા. પોપટભાઈ વેકેશનમાં આવે ત્યારે અમને ઠીક મજા પડતી.

તે વખતે કુંકાવાવ ગામ એક રીતે સુખી ગણી શકાય તેવું હતું. વીરપુરની બજારમાં દિવસે જોવા ન મળે એટલાં માણસો ત્યાં રાત્રે બજારમાં હોય. અમારા ફઈના દીકરા શંકરભાઈ વેપાર કરતા. ખાસ કરીને ખાંડનો. કપાશિયા ને ગોળ પણ સંઘરતા. એમની દુકાન ગામને એક છેડે. ઘર બીજે છેડે. એટલે અમે રાત્રે જમીને નીકળીએ તે ધીમે ધીમે દુકાને પહોંચીએ. ત્યાં દુકાનમાં પાછલા ભાગમાં એક નાનું ભંડકિયું હતું. એ ભંડકિયામાં શંકરભાઈ રાત્રે મોરસની દાબોટો બનાવતા. મને એમાં રસ પડતો. અમે નિરાંતે મોરસની ચાસણી કરીએ. પછી પતાસા જેમ આકરી ચાસણી થાય કે એનો ઉનેઉનો ઘાણ ઉતારી ઉતાવળે એને લોટાથી કે એવા સાધનથી ભાંગવા મંડી પડીએ. એટલે દાબોટા જેવી ભૂક્કો ખાંડ થઈ જાય. બન્ને ખાંડના ભાવમાં ફેર રહેતો એટલે કાંઈક કમાણી થતી. મેં એ ખાંડની ચાસણી બનાવવાનું 'ટ્યુશન' લીધું–અને મને તો એ ભારે સરસ વાત લાગી. મને વેપારમાં પણ રસ પડવા માંડ્યો.

શંકરભાઈનો સ્વભાવ એટલો સરસ હતો કે તમે દુઃખ માત્ર ત્યાં ભૂલી જાવ. એમના સ્વભાવમાં એક પ્રકારની મીઠી મોહિની હતી. મારા પિતા એમના મામા થાય. મામા ભાણેજની વચ્ચે એટલો બધો પ્રીતિમેળ હતો કે એકના વિના બીજાનું કોઈ શુભ કામ આરંભાય જ નહિ. એ પ્રીતિને લીધે હું પણ શંકરભાઈ માટે પ્રીતિપાત્ર બની ગયો. શંકરભાઈ વળી બાળધાંનો વેપાર પણ ખેડતા. આંહીં ગુજરાત બાજુ–વઢિયારમાંથી બળદ લેવા આવતા. એ ગયુ કણબી સાથે નીકળતા. એક વખત એ પ્રમાણે ઓગણીસ બળદ લાવ્યા. ફળી નાનું ને એમાં ઓગણીસ તો બળદ બાંધ્યાં. પછી હાલવાની જગ્યા તે શેની હોય? એમાં પાછું કેસરફઈનું ને વહુનું નિત્યયુદ્ધ ચાલતું હોય. પડખે પાડોશમાં ઘુમરાણ થાતું હોય. પગ મૂકવાની જગ્યા મળે નહિ. એ છતાં એ સાંકડમોકળવાળું ઘર અજબ જેવી આકર્ષક શક્તિ ધરાવતું.

ઘરનાં તમામેતમામ માણુસ–કેસરફઈ, શંકરભાઈ એમનાં વહુ–તમામને આ વીરપુરથી આવેલ કાકા માટે અજબ પ્રીતિ હતી. એટલે તો મને કુંકાવાવમાં માના મૃત્યુ પછી પણ એકલવાયું ન જણાયું.

એ ગામ એક રીતે જુનવાણી હતું, પણ એને નવો રંગ આપવાનો પ્રયત્ન થઇ રહ્યો હતો. પ્રભાશંકર માસ્તરે એક શિક્ષકસમાજ સ્થાપેલો. એના આદ્ય પ્રણેતા તો ઘણું કરીને બગસરા દરબાર વાજસુરવાળા હતા. કલાપીના મિત્ર તરીકે એ એટલામાં એક સંસ્કારી આત્મા હતા. એમના ગામના હડાળાની દરબારી નિશાળના મહેતાજી હરખજી આ શિક્ષકસમાજમાં અગ્રેસર તરીકે ભાગ ભજવતા. આ શિક્ષકસમાજ એક મહત્ત્વનો જીવનપ્રસંગ બની રહેતો. કાહાનજીભાઈએ પણ પ્રભાશંકર માસ્તરની પ્રણાલિકા ચાલુ રાખી. એવાં સંમેલન ભરાતાં ત્યારે અમને આનંદ થઈ રહેતો!

છતાં વીરપુરના હિસાબે આંહીંનું જીવન ઘણું ઓછું સંસ્કારી હતું, કારણકે આ બાજુ હજી કુ... વણીનો પ્રતાપ આવી રહ્યો હતો.

પણ કુંકાવાવમાં નિરાંત ન હતી. કારણ કે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ધમાલ હોય. દુકાને જઈએ ત્યાં જોખવાનું, હિસાબ માંડવાનું, ખાંડ તૈયાર કરવાનું કામ ચાલે. એટલે આ વર્ષોમાં મારી કલ્પનાનો મૂળરંગ ઊડવા માંડ્યો-પણ કુંકાવાવમાં એક મોટો ફાયદો થયો, એણે મને થોડો ઘણો વ્યવહારુ બનાવ્યો.

કુંકાવાવનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. મારું કદ એ વખતે ઠીંગણું હતું. મારા કરતાં તો મોટા છોકરા છઠ્ઠી સાતમીમાં હતા. પણ એક છોકરો, અંદરજી, ત્રીજી ચોપડી ભણતો. તે ઊંચો તાડના ત્રીજા ભાગ જેવડો. ઊભો હોય તો હું એની છાતીએ માંડ પહોંચું! આ અંદરજીની આંખો, ગોળ બિહામણી. લાંબી ખજૂરી જેવો પાતળો દેહ. સ્પષ્ટ ઉચ્ચાર વિનાની નાકમાંથી બોલાતી ભાષા અને મોં ઉપર બિલાડીએ ચૂંથ્યું હોય તેવા ઉઝરડા. માણસ એને જોતાં જ ધ્રૂજી ઊઠે. એવો વરવો અને કઢંગો અને પાછો ઠોઠડો! એ પાઠ બોલવા ઊભો થાય તો મારા કરતાં બમણો તો ઊંચો લાગે. હું તો એ વખતે ટેબલ ઉપરથી ઊઠું જ નહિ ને! અને કાં એને ઊભો કરવો હોય ત્યારે આગળના મોટા ટેબલ ઉપર બેસું એટલે નાનો તો ન લાગું! પણ અંદરજી આ કળી ગયો હતો, એટલે એ તો તોફાન પણ કરે! ટેબલ ઉપર ચડું તો એના ગાલે હું માંડ તમાચો ચોડી શકું એટલે તમાચો તો અશક્ય. સોટી હજી એ વખતે હું રાખતો નહિ. એ વૈભવ મેં બીલખામાં શરૂ કરેલો. એટલે અંદરજી અમારે માટે એક કોયડા રૂપ થઈ પડયો!

કલાસમાં મોનિટર એને બનાવ્યો હોય તો ઉપાધિ ઓછી થાય. પણ અંદરજી ભણવામાં ભેંસના ભાઈ જેવો.

છોકરા નાનકડા હતા. પણ ટીખળને ને ઉમ્મરને બહુ ધાટો સંબંધ છે. નાનકડા હોય તો ટીખળ વધારે હોય. મોટા હોય તો મસ્તી વધારે હોય. એટલે અંદરજી તો હવે મારી સત્તા માટે પ્રશ્ન રૂપ થઈ પડ્યો.

એક દિવસે કોણ- જાણે શું બન્યું તે મારામાં હિમ્મત આવી ગઈ. અંદરજીને [illegible] પૂછ્યો. અંદરજીએ એવો જવાબ આપ્યો કે સૌ હસી પડયા. થઇ રહ્યું. મારું તો નાક કપાતું હતું. મારે અંદરજીને બેસારી જ દેવો જોઈએ. હિમ્મત આવી ગઈ. અંદરજી બેઠો હતો ત્યાં પહોંચી ગયો. બોલ્યા વિના ચોડી જ દીધી. ચોડતાં ચોડાઈ ગઇ-પણ મનમાં બીક હતી કે જો અંદરજી ઊભો થયો, તો મારું, માથું એની છાતીમાં દાબી દેશે. એ બીકમાં ને બીકમાં મોટેથી ત્રાડ મારી: 'તું મને બનાવે છે એમ ? લે!' એમ કરીને બીજી ચોડી. ને પછી તો ત્રીજી પણ. ત્યાં તો અંદરજી રડી પડયો! ઓત્ તારીની આ આવડો દેહ છે, પણ અંદર તો છોકરું જ રહ્યું છે. તે દિવસથી અંદરજીનો ધાક ઊડી ગયો.

પણ હેડમાસ્તર કાહાનજી પરમાર માણસપરખુ હતા. એણે મને એકદમ આઠમીમાં બોલાવી લીધો! અને પોતાના જ ખાસ મદદગાર તરીકે રાખી લીધો. એમની તબિયત એ વખતે નબળી હતી. એમને દમનો વ્યાધિ હતો. એટલે એક એવો શિક્ષક એમને જોતો હતો જે ટાકરીઆનો ટાકરીઓ હોય અને પાછો હોશિયાર પણ હોય. એમણે મને પસંદ કર્યો.

એમની આ પસંદગીથી મને ઊંચું ધોરણ તો મળ્યું પણ બેસવાનું એમની પાસે જ. એમાંથી મારા ઉપર એમનો વિશ્વાસ બેઠો. એટલે ઘરના કામકાજ માટે મને રોકવા માંડયા. પાંચ વાગે માસ્તરો ઘેર જાય-પણ હું સૌથી નાનો એટલે ઘરમાં કામ કરવા રોકાઉં. ખાટલા પાથરું. પથારી કરું. દીવાબત્તી તૈયાર કરું. વાતો કરું ને પછી મોડેથી ઘેર જાઉં! આ વસ્તુ મને તો ભારે પડવા માંડી. મને તે વખતે ખબર નહિ કે આ વસ્તુ મારી જેવી તેવી મહત્તાનો પાયો નાખનારી નીવડશે. આ કામમાં તૈયાર થયો તો એટલી વાત ઉપર મને વીરપુરમાં પાછળથી નોકરી મળી ત્યારે મોટી સગવડતા મળી ગઈ હતી. બેઠાં બેઠાં વીરપુર માસ્તરની વહુ પાસે ચોપડીઓ વાંચવાની! તે વખતે ખૂંચતી આ વાત પણ ઉપકારક નીવડી. કુદરતની કેવી યોજના છે!

એક [illegible] રવિવારે અમે બે જણ લૂગડાં ધોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊપડયા. હું અને એક નોનમેટ્રિક થયેલો સાત રૂપિયાનો માસ્તર હતો. એ નોનમેટ્રિકયો વળી નાટક લખતો. ને એ ભજવાશે ત્યારે પોતે શાહુકાર થાશે એમ સ્વપ્નાં સેવતો. એને આ હેડમાસ્તરનાં કપડાં ધોવાં રવિવારે જવું પડે તે પસંદ ન હતું. પસંદ તો મને પણ ન હતું. પણ હું એ છતાં કોઈ દિવસ ગેલમદરાઈ ન કરતો. હવે આ નોનમેટ્રિકયાએ મને એક યુક્તિ બતાવી.

'તારે અલ્યા! કોઇ દિવસ કપડાં ધોવા આવવું જ ન પડે એમ કરવું છે?'

'શી રીતે?' મેં પૂછ્યું.

'જો ધોરિયામાંથી ઝીણામાં ઝીણી રેતી લે. પછી આ સાહેબનું, લોનનું કડિયું છે નાં, એમાં થોડી થોડી વેરી દે. પછી તારે લૂગડું ધોવું તો છે જ. એટલે જરાક ધોકો દે જે. જોઈ લે મજા. આ કોઇ દી કપડું ધોવા ન આપે બીજું શું?'

તે દિવસે એના કહ્યા પ્રમાણે કપડાં ધોવાયાં. પણ ઘેર જઇને સૂકવ્યાં ત્યાં અસંખ્ય કાણાં!

ભાઈ નોનમેટ્રિકયો તો ગજબનો નીવડયો. ખરેખર ત્યાર પછી કોઈએ કોઈ દિવસ કપડા ધોવાનું કહ્યું નહિ.

દેશળજી પરમારના પિતામાં એક મહાન ગુણ હતો. એ ન્યાયી-બહુ જ હતા. શક્તિ જ્યાં જુએ ત્યાં એને પ્રોત્સાહિત કરે. મારામાં શક્તિ છે એ જાણી ગયા હતા. આ સ્થાનમાં હું ખોટી રીતે આવ્યો છું એ પણ જાણી ગયા. એમણે મને આગળ વધવાની સલાહ આપેલી. ચોપટભાઇને મેટ્રિકમાં જોઇને મને તો કાંઈનું કાંઈ થાય. પણ કયાં કુંકાવાવ, કયાં રાજકોટ અને કયાં મેટ્રિક ને કયાં એ ખરચો. ક્ષિતિજમાં સઘળે અંધકાર હતો.

એક વખત એવું બન્યું કે અમારા મૂળગામ કેરાળામાં અમારા કુટુંબમાં લગ્નનો ઉત્સવ. કેરાળા કુંકાવાવ વચ્ચે પાંચ જ ગાઉનું અંતર. મારું મન ત્યાં જવા ઠેકડા મારે. પણ નિશાળ–નિશાળમાંથી રજા ન મળે.

શંકરભાઈ પોતે આવ્યા, પણ રજા ન મળી. પરીક્ષા માથા ઉપર હતી. આઠમીનો ભાર મારા ઉ[...] હતો. એટલે રજા એક દિવસની પણ આપવાની ર[...] ના હતી.

એટલામાં પોરબંદરથી મારા એક કાકા [...] આવ્યા. દામોદરકાકા, એ પણ કેરાળા જવા ઊપડે[...] હવે તો મારું મન કહ્યું નહિ કરે એમ લાગ્યું. નો[...] છોડી દઇને ભાગી જવાનું મન થાય. પણ એમ [...] ભાગી જવાય છે? હું તો રોઈ રોઈને અધમૂઓ [...] ગયો, પણ રજા ન મળી તે ન જ મળી. શનિવાર[...] બપોરે ઘેર જઇને ઓશરીમાં રોતો રોતો પડ[...] ખાવાપિવાનું રામ રામ!

પણ હેડમાસ્તર અત્યંત પ્રમાણિક. શનિવારે [...] ઘેર ગયા. તે પછી પહેલા આસિસ્ટંટે લગ્નમાં જવા[...] રજા માગી. પહેલો આસિસ્ટંટ તો વજનદાર ગણ[...] એને ના પાડવી એ ઔચિત્યભંગ જેવું કહેવા[...] એમણે એને જવાની હા તો પાડી. પણ તરત એ[...] મન ડંખ્યું. આને હા પાડું તો પેલા નાનકડા મા[...] સને કેમ નહિ? હું પડયો પડયો રોતો હતો [...] આવીને પહેલા આસિસ્ટંટે પોતે જ કહ્યું કે તમ[...] હેડમાસ્તરે જવાની રજા આપી છે. આ હેડમાસ્ત[...] પરમાર! અને હું પણ તરત ખાધાપીધા વિ[...] રસ્તે જ પડી ગયો! વખત છે ને પાછળથી વિચ[...] ફેરવે તો?

હું કુંકાવાવ બહુ રહ્યો નહિ હોઉં. પ્રેમજી [...] વીરપુરમાંથી બદલાઈ ગયા હતા. એની જગ્યાએ [...] મેમણ માસ્તર બાટવાથી આવ્યા. નુરમહમ્મદ [...]મ્મદ કુમકી એ એનું નામ. આ માણસે મહે[...] કરી અને મારી નિમણૂક વીરપુરમાં થઈ.

આ પ્રમાણે હું બીજી વખત જ્યારે વીરપુર[...] આવ્યો, ત્યારે તમામ પ્રકારનું જીવનભાથું લઈને [...] જ ત્યાંથી નીકળ્યો. નુરમહમ્મદ માસ્તર એકલા હ[...] છૈયાંછોકરાં કાંઈ મળે નહિ. એમનો એક [...] જૂના વખતમાં ભાગી ગયેલો તેનો પત્તો હતો [...] જાતના મેમણ હતા, પણ બહુ જ અશરાફ [...] હતા. એમની મારા ઉપર કોણજાણે કેમ પણ બહુ [...]

[અનુસંધાન પાને ૩૧ મે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અંકથી શરૂ થતી 'ઊર્મિ–નવરચના'ની ચાલુ વાર્તા

ઝેર તો પીધાં છે જાણી જાણી

દર્શક

ખંડ પહેલો : સત તમારાં વ્રત અમારાં

પ્રકરણ ૧ લું.

જેમાં શ્રીમંત સરકારને એક ધૂનીની પિછાણ થાય છે.

શીંગોડા આમ તો નાની નદી છે. પણ ચોમાસામાં ગાંડીતુર બની બન્ને કાંઠા છલી નાખે છે. ઠૂંઠા જેવો આંબો વસંતમાં લાકડું ફાડીને કોળી ઊઠે તેના જેવું આશ્ચર્યકારક એ પાતાળપેટી નદીનું એ વખતે રૂપ હોય છે. આ એની વિલક્ષણતાને પરિણામે શીંગોડાના ઉપલા પ્રવાહમાં ક્યાંક ક્યાંક નાનામોટા પ્રવાહો પડી ગયા છે. પણ એ કોતરો કંઇ મહી જેવાં ખીકાળાં ને શૂન્યતાએ ભેંકાર નથી.

એક જ આદમીનાં પુણ્યે આ કોતરોને આંબા, જાંબુડા, રાયણ અને ચીકુનાં ઝુંડથી મહેકતા કરી મૂક્યાં છે. ત્રીશ વર્ષ એ વાતને હજુ માંડ થયાં છે.

......વર્ષની શિયાળાની એક સવારે એ વખતના સ્વપ્નસેવી મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર એક બે અંગરક્ષકો સાથે ઊભા હતા. પડખેનાં ગીરનાં જંગલમાંથી એક દીપડો આવ્યાના વાવડે એ આ તરફ ઊતરી આવ્યા હતા. થોડાક શિકારીઓ ગોરડ બાવળનાં ઝાળાં ઝાંખરામાંથી નીચે કોતરમાં જતી કેડીએ સાવચેતીથી ઊતરતા હતા. એ બધા ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા. મહારાજ દૂર દેખાતી ટેકરીઓ દૂરબીન માંડીને જોતા હતા ત્યાં કોતરમાંથી એક ખેડુ માણસે આવીને પ્રણામ કરી કંઇ ફળ ભેટ ધર્યાં.

મહારાજે દૂરબીન બાજુ પર મૂકી કહ્યું. "શું છે ?"

"બોર."

"બોર ! મૂઠી જેવડાં ?" આશ્ચર્યથી મહારાજ મીઠા લીંબુ જેવા બોરને જોઇ રહ્યા.

પછી પૂછ્યું, "ક્યાંથી લાવ્યા ?"

"અહીંની મારી બોરડી પરથી. મેં એ જાતે ઉછેરી છે."

"ભેટ ધરવા આવ્યા હશો ?"

"નાજી ! ભેટ લેવા આવ્યો છું."

હસીને મહારાજ કહે, "હં, ત્યારે તો લાભેલોભે આવ્યા છો ! કહો, શું અરજ છે ?"

"મહારાજ અરજ તો એટલી જ છે કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો."

"માગણી કરજો."

"માગણી કર્યા તો વરસ ત્રણ થઇ ગયાં. કોણ દાદ દે છે ?"

"આપું, શું કરશો ? બોરડી ઉછેરશો !"

"બોર પણ આ ગામડાંનાં છોકરાંને નથી મળતાં. પણ સાચું કારણ તો એ છે કે આ બધા કોતરોનું તળ સાચું છે. અંદરના ગાળામાં ધરા છે. ગમે ત્યાં આઠ હાથે પાણી નીકળે છે. જમીન પણ કોઇ ભાતની છે. શીંગોડાના ચારને જો કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે ને ગરીબનાં અમરફળ જેવાં બોર ઢગલેઢગલાં ઊતરે.

"દીપડા રંજાડશે નહીં ?"

"આ તમારી પડખેના દીપડા ન રંજાડે તો યે ઘણું છે."

મહારાજે ઊંચું જોયું. એમની ભમરો ઘડીક ખેંચાઈ. એને મોઢામોઢ આવું કહેનાર કોણ હતો ? જોયું તો બોલનાર તો મરકમરક હસી રહ્યો છે. તેણમાં ફરિયાદના રોષને બદલે સહજ કૌતુક છે. સયાજીરાવની સમગ્ર કારકિર્દી વિષે ગમે તે મતભેદ હોય પણ એમની જાહોજલાલીના કાળમાં માણસને પારખવાની શક્તિ અચૂક હતી એ વિષે મતભેદ નથી. એમણે ધારીધારીને બોલનારને જોયો. ઊંડો શ્વાસ લીધો. જાણે મનમાં કંઇક ઉતાર્યું, પછી એકાએક કહે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને આ કાતર આપ્યું. હમણાં જ લખી આપું છું, બીજી કંઈ મદદ જોઇતી હોય તો એ પણ ખેતીખાતું આપશે. પણ એક કામ કરો. પે...લું મંદિર જોયું ?" એમણે કાતરને છેડે મથાળા પર ઊભેલ એક જીર્ણ શિવાલય બતાવ્યું.

"જી."

"એ અપૂજ રહે છે. પેશ્વા સરકારે બંધાવ્યું છે, અને જુનવાણી શિલ્પનો નમૂનો છે. એની પૂજાનો બંદોબસ્ત કરો."

"દુખ લગાડતા નહીં મહારાજ, મારાથી બને તેવું નથી."

"કેમ, મૂર્તિને નથી માનતા ?"

"ના રે બાપુ! એમ તો અમે અને તમે સૌ મૂરતીયું જ છીએ ને ? આ મૂરતીયુંને રહેવાની જગા નથી મળતી ત્યાં વળી પાણાની મૂરતીયું કયાં પધરાવવી ?"

મહારાજ ઘડીભર કહેનાર સામે એકીટસે જોઈ રહ્યા. પછી કહે:

"વાત તો સાચી છે. પણ ત્યાં યે મૂર્તિને નામે આશરો સૌને મળે તેમ કરજો.

"ધર્મશાળા બંધાવીશ."

"ભલે આમે ય આ તુલસીશ્યામ જવાઆવવાનો ધોરીમાર્ગ છે."

શિકારીઓ હજુ આવ્યા નહોતા. મહારાજને આમાં રસ પડ્યો. એમાં જાણ્યું કે આ ખેડૂત તો વણિક છે. નામ છે ગોપાળદાસ. બરડાના પેટાળના એક ગામડામાં રહે છે, ને આ બધી જમીનની ખટ-પટ કરે છે તે તો ભાઇબંધના દીકરા માટે. ઝરિયાની કોલિયરીનો ભાગદાર એ ભાઈબંધ ચારેક મહિના પહેલાં જ મરી ગયેલ છે અને જતાં જતાં દૂરથી જ એક ચિઠ્ઠીમાં બધી માલમિલકત અને દીકરાની ભાળ-વણી કરતા ગયા છે ગોપાળદાસને.

"તે આભપરાનો છાંયો મૂકીને અહીં શા સારુ જમીન માગો છો ?

"બાપુ, અમે રહ્યા વાણિયા. મૂડી ના... પહેલાં સો ગળણે ગળીએ. ને એમાં આ તો ... ધન. જતે દહાડે પડ હોંકારો દે ત્યાં જ ... કામનું ને ? વળી મારા ભાઈબંધના વડવાઓ ... ગાયકવાડીના વતની હતા."

"તમે અહીં આવશો તો તમારા વેપારનું ... થશે ?"

"વેપાર કંઇ કરતો જ નથી. હરિનામે ... વેપાર કરવાનું મારા ગુરુએ કહ્યું છે."

"કોણ ગુરુ ?"

"ગુરુ ? ગુરુ માંડણ ભગત—કોળી થઈ ... ધોરાજી પડખે."

"કોળી ગુરુ ? વાણિયાને ?'

"હા. કોળી, મહારાજ ! એના આતમાની ગુર... કોળી'તી એવી તો ભલભલા રિદ્ધિસિદ્ધિ વાળા... કોળતાં જોઈ નથી."

"નામ તો સાંભળ્યું નથી." મહારાજે વિસ્મ... કહ્યું. પછી કહે:

"પણ તને કંઈક ચમત્કાર જોયો હશે."

"એક વાર મળ્યો છું, બાપુ. બીજી વાર ... ગયો ત્યારે તો દેહ પડી ગયો 'તો. અમે તો ... વાણિયા—એકવારમાં પારખી લીધું."

"શું બન્યું હતું ?" મહારાજે પૂછ્યું.

"મારડમાં હું મગફળીના સોદા માટે ગયે... બરાબર એક વરસ ઉપરની વાત કરું છું. ગામ... ખાસ કોઇને ઓળખું નહીં તે દરવાજા પાસેની ... ધરમશાળામાં ઊતરેલો. દોઢીમાં ભગત બેઠેલા, ગામમાં... લોટની કાવડ માગી આવેલા, તે એની વહુ રોટ... ઘડે. ને ભગત કૂતરાંને નીરતાં જાય—કાળોવાન, આં... નીચે રાખવાની ટેવ. હસે ભારે, જાણે સાવ ... જેવું. અવાજ જોયો હોય તો વાંસળી જેવો. ... હારે કંઈક ગડબડ ગડબડ વાતો કરતા જાય ... મરક મરક હસ્યે જાય. એની બાઈ ઘડીક મારા ... જુએ, ઘડીક એના ધણી સામું જુએ. ભમર ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય, આંખો નચાવતી જાય, બબડતી ફફડતી રોટલા કરતી'તી.' 'કહેનારને હવે સાંભળનાર સાંભળે છે કે નહીં એની પડી નહોતી. એ તો જાણે પોતાના મન સાથે જ વાત કરી રહ્યો હતો.

'મને થયું કે આ બેય જણાં બબડે છે પણ બબડવામાં કેટલો ફેર છે? આમ મનમાં વિચારું છું ત્યાં મારી સામે જોઇને ભગત કહે:

'શેઠ છો ? શેનો વેપાર કરો છો ?'

મેં કહ્યું: 'પરચૂરણ.'

'જથ્થાબંધ મૂકીને આવા પરચૂરણમાં શીદ પડ્યા છો ?'

મેં કહ્યું, 'બાપુ મૂડી જુવેને ?'

'મૂડી તો માંઈ પડી જ છે'–કહી મારી સામે એકટીશે જોઈ રહ્યા. એની આંખોના તેજે મનમાં મારગ કરી દીધો. શિલા જાણે ખસવા માંડી–મારાથી આંખ સામે આંખ મંડાણી નહીં. નીચે જોઈ ગયો. જોઉં તો ભગતના પડખામાં કાળો ગીંગોડો ચડી ગયેલો.

'મહારાજ આ ગીંગોડો ચડી ગયો છે.' કહી એ ઉખેડવા ગયો ત્યાં કહે:

'રે'વા દો એને. એને વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ? બહુ દી થઇ ગ્યા છે એને.'

'વાહ.' શ્રીમંત સરકારથી બોલાઇ જવાયું. ગોપાળદાસે સહેજ થોભી વળી વાત આગળ ચલાવી.

'સાંજે વળી ભગત ભિક્ષા લેવા ગ્યા. હું મારા કામે ગ્યો પાછો આવી જોઉં તો ડેલીની પરસાળમાં એક છેલબટાઉ કોળી ભગતની વહુ સાથે વાત કરી રહ્યો છે. મને આવી લાગ્યો જાઇને એ ઊઠી ગ્યો. જાતાં જાતાં કાંઇક અણુસારો કરીને કહે.

'ભગતને મળાણું તો નહીં. હવે તો મળાશેય નહીં.'

'હા હવે તો એવું જ ને!' કહી બાઇ ચૂપ રહી. છાડવાવદર ગામના. ત્યાં દસ વરસ કોકમાં સાથી હતા. દિવસે માલિકનું કામ કરે ને રાતે બળદને ધરવી બે ગાઉ મારગ હાલ્યા આવે ને હનુમાનના મંદિરમાં કીર્તન કરી પાછા છાડવાવદર પોગી જાય. દર વરસ આમ શિયાળો, ઉનાળો કે ચોમાસું જોયા વિના ચલાવેલું. બે વરસથી આંહી આવ્યા હતા. પણ બાઈને ગોઠતું નહોતું એ હું સમજી ગ્યો.

'રાતે હું ડેલીમાં ઓટલા પર સૂતો હતો. પડખે ખુલ્લા ફળીમાં જ ભગત ગુણિયું પાથરીને સૂતા હતા. બાઇ સૂતી હતી દોઢીના ઓટલા ઉપર. ઊંઘ આવતી નહોતી. વિચાર એ જ આવતા હતા કે આ માણસમાં આ તે ગાંડપણ છે કે ખરેખર એને કાંઇક નવું દર્શન થયું છે કે ગાંડપણ ને દર્શન બન્નેનું મિશ્રણ છે ? આમ તો બધી વાતચીત, કામકાજ કરે છે. છતાં એના અવાજમાં ઘેલછા નથી ? આવા ને આવા વિચારમાં ઊંઘી ગયો. કાંઈક સંચળ થાતાં જાગી ગયો. જોઉં તો પેલો છેલબટાઉ છરીવાળો કોળી હાથમાં જોડા પકડી ભગતની વહુ પાસે બેઠો છે. વહુએ નાનકડી પોટલી હાથમાં લીધી છે ને પગથિયું ઊતરવાની તૈયારી કરે છે. મને થયું–કમજાત આવા ભદ્રિક સાધુ ધણીને સૂતો વેચીને જાય છે ? પણ બોલવાનો અર્થ નહોતો.

થયું, છોને જતી. ભગતને પીડા ટળી—પણ આવો ધણી મૂકીને ?

પેલાં બે હળવેથી હેઠાં ઊતર્યાં. ધર્મશાળાનો દરવાજો તો ઉઘાડો જ હતો. થોડેક ગયાં હશે એટલે મેં સફાળા ઊઠીને ભગતને જગાડ્યા.

'ભગત, ઊઠો ઊઠો, તમારી વહુને કોક ઉપાડી ગ્યો.'

'રામ રામ, સારી વાત ભાઈ. પણ એનો બધો સામાન લઇને ગઈ છે ને ?'

'એ ઊભા થઇને દોઢીમાં આવ્યા. ચંદ્રનાં કિરણુંમાં પેલાના જોડા ને ભગતની વહુની સપાટો પડી હતી.

''અરે, આ તો બેઉ ભૂલી ગ્યાં. માળાં ગાંડિયાં !' કહેતાં એ ઊપડયા ને ઉતાવળા ઉતાવળા બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળ્યા. હું ય અડવાણે પગે પાછળ દોડયો,' કહી ગોપાળદાસે મહારાજ સામું જોયું. જોયું તો સેના ખાસ ખેલ સમશેરબહાદુર ગુર્જર મહારાજના મોં પર પ્રગટ અહોભાવ ને અપ્રગટ નમ્રતાનું અદ્ભુત મિશ્રણ પથરાયું હતું. શિકારીઓ થોડે દૂર ઊભા ઊભા સહેજ તુચ્છકારથી આ ચક્રમ ગામડિયા સામે જોતા હતા.

'પછી ?'

'બહુ આઘે તો ઓલાં નો'તાં ભાગ્યાં. ચારેક ખેતરવા ગયાં હશે. ભગતે એમને ભાળ્યાં એટલે બૂમ પાડી. 'એ...રામ, ઊભાં રો, ઊભાં રો, રામ ઊભા રો. પેલાં માંડયાં ભાગવા. પણ ભગત ને હું આવી ગયા. જોયું તો પેલો ભેટમાંથી છરી કાઢવા મથી રહ્યો છે. અને બાઈએ કાંડું થોભી રાખ્યું છે.

'લ્યો રામ આ જોડા. રામને કાંટા લાગશે ઠાલા મફતના. દુઃખી શા સરુ થાઓ છો ?' કહી ભગતે સપાટ અને જોડા મૂકી દીધા ને પટ પાછા વળી ગયા—ન એમાંથી એકની સામું જોયું કે ન એક વેણ કીધું.

'હું ઘડીક ઊભો રહ્યો. આદમી ખીજડાના ઠૂંઠાની જેમ ઊભો હતો. બાઈ પાછા વળેલા ભગતના લાંબા ઓછાયાને લળી લળીને પગે લાગતી હતી. બે ખેતરવા હાલ્યા પછી એમણે પાછા ફરી કહ્યું.

'ભગવાન તમારા પર ત્રુઠવાન થાઓ. તમારી અબળખા દીનોનાથ પૂરી કરે.'

'મહારાજ, જે કહો તે આ. ચમત્કાર કહો તો ચમત્કાર, પણ મેં ત્યાં રસ્તા વચ્ચે જ એમનું કાંડું ઝાલીને કહ્યું. 'ભગત, મને મંત્ર આપો.

'મંત્ર આપે શ્રીહરિ.'

'બહુ વિનવ્યા ત્યારે ચપટી ધૂળ આપીને કહે.' આને સેવજો, રામે મળશે અને કામે થશે.'

'તે દી'નો વેપાર મૂકી દીધો છે. બરડામાં ગાયો રાખું છું ને આંધળાં લૂલાંની સેવા પણ કરું છું. ધૂળથીયે નીચો થઈને સૌમાં મળી જવા મથું છું

પણ એંકારને તો રાવણ કરતાંય સહસ્રગણા છે. એક કાપીએ ત્યાં સો ફૂટી નીકળે છે.'

થોડીવાર કોઈ ન બોલ્યું. મહારાજે ઘડીક ડાના વેરાન પટ તરફ જોયું અને પછી આ તરફ નજર માંડી. ગોપાળશેઠ તરફ જોઈ મનમાં એમાં અને પેલા આસમાનમાં સામ્ય હતું ? ને શીંગોડા વચ્ચે ? પોતાનામાં અવારનવાર ભાવ પૂર નહોતાં ચડતાં. શીંગોડા જેમ જ એ સઘળું જ કરી શકવાનું સામર્થ્ય નહોતું ને ચોમસું જતાં પાછો એ પટ શુષ્ક નિર્જ વેરાન નહોતો બની જતો ? બાકી રહેતાં ચોમાસાની સાક્ષી સમા નિર્જન કોતરો. કોઈ કોતરોને સજીવન કરી શકે ખરો ? તળની ગંગાને બહાર લાવી શિયાળે ઉનાળે પથ સેંજળ દે એવો કોઈ ઉસ્તાદ મળે ?

એમણે કહ્યું, "સાધારણ આંધળાનું તો પણ છતી આંખે આંધળાનું કાંઈ કરો છો ખરા એમના કંઠસ્વરમાં પીડા અને ભાવોદ્રેક હતાં.

"એવા તો છલમી હતા માંડણભગત. મારે હજુ પંડના પડળ ઉતારવાનાં છે."

"તમે પેલા મંદિરને સમરાવો ને એમાં ભગ મૂર્તિ રાખજો."

"ના મહારાજ, મૂરતી સૌની સરખી. એકવાર મૂરતી કંડારી લઉં પછી હરિ જો રે'વા દેશે તો જોઈશ."

આ નકારે મહારાજને પાછો આસમાન ધરતી પર લાવ્યા. બૂટ પર ચડેલી ધૂળ ઝમા ખંખેરી મોટરમાં બેઠા ને કહ્યું.

"તમારે જે કોતર જોઈતાં હોય તે તમને જશે. ઉતારે આવજો.".

"મારે મફત નથી જોતાં. કારણ કે ઘણું મૂકી ગયો છે. ફક્ત આ હું...મારમાંથી એટલી જ અરજ છે."

મહારાજ હસીને કહે. "ભલે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટર ઊપડી. થોડે જઈને અટકી સહેજ પાછી લઈ હાથ લંબાવી ગોપાળદાસ શેઠને કહે.

"ખેતીવાડી ખાતું સોંપું? રહેશો? તમારા ગુરુની ઇચ્છા મુજબ ધરતીની સેવા થશે."

"હું શું કરું? હું તો અંગ્રેજી મુદ્દલે ભણ્યો નથી. હું તો પંડ મહેનત કરી જાણું. આંધળાપાંગળા હોય એને મોકલી આપજો. એમને સાચવીશ.

'ચોક્કસને?' મહારાજે આંખ નોંધીને પૂછ્યું.

સહેજ થોભી સયાજીરાવના સ્થૂળ દેહ તરફ જોઈને કહે. 'હા. રામના દરવાજા કોઈને માટે બંધ નહીં થાય.'

બીજે દિવસે જ મામલતદાર આવીને ગોપાળ શેઠે બતાવ્યાં તે કોતરો માપી ગયો. ને દસ દિવસ પછી ૧૦૦૦ એકર જમીન ખેતીવાડીના ઉત્તેજન માટે ભેટ આપવાનો દસ્તાવેજ પણ એમને મળી ગયો. એમાં મંદિર કે ધર્મશાળાની વ્યવસ્થા કરવાનો ઉલ્લેખ પણ નહોતો. છતાં લોકોએ તો જોયું કે ગોપાળબાપા એ મંદિર પાસે ધર્મશાળા બંધાવતા હતા. પડખેના ગામતળાટીએ પહેલાં મંદિરનો જિર્ણોદ્ધાર કરાવવાનું કહ્યું. પણ એને જવાબમાં ભજનની એક કડી મળી.

'પૂજારીના ઓશિયાળા-ઠાકર ઠામેઠામજી,
મંદિરોનાં બંદીવાનો કહેવાના ભગવાન.'

લોકોએ જોયું કે માણસ પૂરો ધૂની હતો. કોતર લીધું ત્યારે અડખેપડખેના ખેડૂતો હસતા હતા. કારણકે શીંગોડાનું પાણી થપાટો મારી વરસોવરસ કોતરોને ઊંધાયત્તા કરી નાખતું. એટલે શરૂઆતમાં જ્યારે એણે મુખ્ય કોતરના મોં આગળ મોટો બંધ બાંધ્યો ને વચ્ચે વચ્ચે નાના નાના બંધો બાંધવા શરૂ કર્યા ત્યારે સૌ હસવા માંડ્યા. 'એ પથરા જેટલા રૂપિયા નાખશે તોયે કશું વળવાનું નથી. પૂરનો માર જોયો છે? પથરા ને રૂપિયા બેય તણાઈ જશે.' પણ આજે ત્રીશ વર્ષે લોકો જુદું જ કહે છે. ગોપાળદાસ આજે નથી—પણ લોકો એને ગોપાળ બાપા કે માત્ર બાપાના નામથી જ યાદ કરે છે. આજે એ કોતરોમાં વેરાન બાવળની ઝાડીની જગાએ આંબા, ચીકુડી અને ફણસની ઘટાઓ છે; બાવળના ફૂલને બદલે ચંપો, રજનીગંધા ને પરિજાતનાં ફૂલોથી કોતર ઊભરાઈ રહ્યું છે; બેઉ કાંઠાના કોતરો આંબાની કલમોથી ફાલ્યાંફૂલ્યાં છે—જાણે એ કોતરમાં માતાંય ન હોય એમ કોતરો ઉપર ડોકાશિયાં કાઢ્યાં છે. લોકોએ હોંશે હોંશે એ કલમોને ગોપાળભોગ નામ દીધું છે. કારણ કે બાપાએ માત્ર ઝાડ જ નથી ઉછેરી જાણ્યાં પણ માણસના મનના રોપડાને ઉછેરવાની રીત પણ સૌ આજુબાજુનાને બતાવી ગયા છે. કલમો તો નર્સરીવાળાની હતી, જમીન હતી ગાયકવાડ સરકારની ને મહેનત હતી ખેડૂતોના પંડની. પણ છતાંયે કોતરોના વૃક્ષોની ડાળે, કોતરોમાં વસતા ખેડૂતોના મનને માળે માળે ગોપાળબાપાનું નામ જ કેમ જાણે કોતરાઇ ગયું છે! લોકોને પૂછશો તો એ નહીં કહી શકે, કદાચ એમની સ્ત્રીઓ કહેશે કે જો એમનું મન વાંચી શકો તો, જીભે તો એમને પણ કહેતાં નહીં આવડે. કારણ કે ભરપૂર પ્રેમ વાણી માટે જગા જ નથી રાખતો. અનંત આકાશના ઉપકારની કોઈ યાદી કરે છે ખરું? પણ પ્રાતઃકાળે, મધ્યાહ્ને, મધ્યરાત્રિએ એના તરફ નજર પડતાં જ અહોભાવે માથું નીચે નમાવ્યા સિવાય રહેવાતું નથી. બહુ પ્રાથમિક દશાનું કદાચ લક્ષણ હશે. પણ કોતરવાળા કોળી ખેડૂતો પ્રાથમિક જ હતાને બિચારા! તેમાંયે અરજણ બારૈયો તો ખાસ હતો. પ્રાથમિક—શિકારની આદિમ અવસ્થાનો ભક્ત. પડખેના ગામમાં પગીપણું કરતો અને નવરાશે આ કોતરોમાં રોઝ, શિયાળ ને માછલાં મારી ગુજારો કરતો.

એક બપોરે આ કોતરના એકાંતમાં ઊંડા ધરામાં જાળ નાખીને બેઠો હતો. ખરોબપોર હતો. ને કોતરોમાં ચકલુંયે ફરકતું નહોતું. કાંઇક અવાજ થતાં ભુંગળી ખંખેરી ઊભો થયો. અવાજ પાણીમાંથી આવતો હતો. જોયું તો એક મોટી માછલી જાળમાં સપડાઇ હતી—તરફડિયાં મારીને છટકવા પ્રયત્ન કરતી પણ તેમ તેમ વધારે ને વધારે સપડાતી જતી હતી. માછલી ખાસી મોટી હતી. આંખો લાલ હતી ને મૂછો હતી ધોળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંતવતી એને જાળને બટકાં ભરતી જોઈ અરજણે એને બીજી માછલીઓનો લોભ કર્યા સિવાય બહાર ખેંચી લેવા ધાર્યું. જેવો એ જાળ બહાર કાઢવા જતો હતો ત્યાં કોઈકે એનું કાંડું પકડ્યું. જોયું તો બેઠીદડીનો એક આધેડ વયનો માણસ અને એની પછવાડે હતાં દસેક વરસનાં એક છોકરો ને છોકરી.

અરજણ અણચિંતવ્યો પકડાઇ જતાં ગભરાયો, ઉપરાંત પોતાની પાસે કુહાડી ન હતી. એણે નમનતાઈથી કહ્યું: "છોડી દો. ઘરમાં દાણો નથી—છોકરાં ભૂખે મરે છે."

"લે" કહી પેલાએ કાંડું છોડ્યું ને ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢયા.

આ તો એથી ય અણચિંતવ્યું હતું. આમ તો એ આગળ બે-ચાર વાર પકડાયો હતો. ને દર વખતે જાળ ખોઈ હતી. ને વધારામાં પકડનારને બેચાર પરખાવ્યા હતા ત્યારે જ છૂટયો હતો. એ તડકામાં ચળકતા પાંચ રૂપિયા સામે જોઇ રહ્યો.

"તારાં છોકરાં ભૂખે મરતાં હશે એમ આનાં છોકરાં પણ ભૂખે નહીં મરે? બિચારાં વાટ જોઈને બેઠાં હશે કે ક્યારે મા આવે. છોડી દે, છોડી દે."

અરજણે મૂંગા મૂંગા જાળની ગાંઠ છોડી, પેલી માછલી એક જ ફટકે દૂર જઇને તળિયે ચાલી ગઈ.

'જોયું, કેવી રાજી થઈ, બાપડી?' પછી પુલકિત થઈને કહે." 'એને યે છોકરાં તો હશે જ ને! નહીં તો આટલા બધાં માછલાં ક્યાંથી થાત? એને યેં એ ધવરાવતી હશે, ખવરાવતી હશે ને બધા વાટ જોઇને બેઠાં હશે. મોટું પુણ્યનું કામ કર્યું આજ તેં.' કહી પોતાની ગાદલી જેવી હથેળીમાં પડેલા પાંચ રૂપિયા એના ખિસ્સામાં સરકાવી પૂછ્યું.

'શું કામ કરે છે?'

'છૂટક મજૂરી'

'જમીન નથી?'

'ક્યાંથી હોય-અમ જેવાની પાસે!'

'મારી ભેગા આવવું છે ખેડ કરવા?'

. 'આંહીં કોતરડામાં શું થાય?' અરજણે વેરાન કોતર બતાવ્યું.

'બધુંયે થાય, જો દાનતથી કરીએ તો ધરતી જેવો બીજો શેઠ કયો છે? તારો શેઠ તો તને તારી મહેનત જેટલું બહુ તો આપતો હશે.'

'અરે તો તો સારું જ ને. મહેનત જ અમારી, બાકી બધુંય એમનું.'

'ત્યારે ધરતી તો એકાદ દાણો વાવનારને કેટલું આપે છે?'

'એક દાણાના તો હજાર દાણા થાય.'

'ત્યારે એકનું હજાર ગણું કરીને આપનાર શેઠને મૂકી એ મૂંડિયા શેઠો પાસે તમે સૌ અક્કરમી જાવ છો શા સારું?'

'જમીન જોઈને શેઠ.'

'આ રહી જમીન, છે કાંડા બાવડાં?'

અરજણે પોતાના માંસલ સ્નાયુઓ અને પહોળી છાતી તરફ નજર કરી પૂછ્યું. 'શું આપશો?'

'એની મને કેમ ખબર પડે? આપનાર તો ઉપર અલ્લા ને નીચે ધરતી છે. આપણી દાનત હશે એવું આપશે. આપણ બેઉ સૈંયારી. તને ગમે તે આ કોતર ઉપાડી લે. ફક્ત દારૂ નહીં પીવાય. એલફેલ નહીં બોલાય; જમીન મારી, મૂડી મારી, મેંનત સૈંયારી. ને ભાગમાં બે ભાગ તારા ને એક મારો, છે જિગર?'

અરજણને લાગ્યું કે શેઠ કાંઇક લવારો કરે છે. માથું ફાટી જાય એવો સૂરજ તપે છે એટલે આ શેઠિયા માણસને બોલવાનો ખ્યાલ નહીં હોય. એણે કહ્યું.

'પણ મુસારો શું આપશો?'

'અક્કરમી કહ્યું નહીં—સૈંયારી?'

હવે વાત લંબાવવામાં સાર નથી એમ સમજી અરજણે ચાલતી જ પકડી. ભેખડ પર ચડીને જોયું તો શેઠ કુહાડી વતી ગોરડનું જંગલ કાપતા હતા અને છોકરો ટીંબરું પર ચડી નીચે ઊભેલી છોકરીના માથામાં ટીંબરું મારતો હતો.

—ચાં...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પાન ૨૪ થી શરૂ]

પ્રીતિ થઈ. એનું એક કારણ એ હતું કે જે વસ્તુની તાલીમ મેં કુંકાવાવમાં લીધી હતી; લાવવું મૂકવું, ઘરકામ કરવું, બૈરાં પાસે વાતો કરવી, વાતો વાંચવી—એ વસ્તુની જ તુરમહમ્મદ માસ્તરને જરૂર હતી. એમણે મારી નિમણુક કરાવી. અને હું વીરપુરમાં આવી ગયો.

વીરપુરમાં હું આવ્યો ખરો, પણ વિશાળ ઘરમાં મા, ભાભી, ગાયો, ભેંશો ભરી ભરી સમૃદ્ધિ હતી તે વિશાળ ઘર વારંવાર ખંડેર જેવું લાગતું હતું ! મારા પિતા ગામ જાય ત્યારે તો એ ઘરમાં એકલા રહેવાની હિમ્મત પણ ચાલે નહિ. આખું ઘર માના સંસ્મરણોથી ભર્યું હતું. કોઈ જગ્યા એવી નહિ કે જ્યાં હું ઊભો રહું અને મા ન સાંભરે !

એ હૃદય ઉપર કેટલો જબરજસ્ત આઘાત થયો હશે અને એમાંથી કેટકેટલી ઊર્મિઓ મરી ગઈ હશે એ જાણવાનું આજે કાંઇ સાધન નથી. પણ માની આ ખાલી પડેલી જગ્યામાં કાંઈક પણ આવે તો જ આધાર મળે. એમાં એ વખતે એક વસ્તુ આવી ચડી. વાર્તારસ.

તુરમહમ્મદ માસ્તરનાં વહુ જુવાન હતાં. છોકરુંછૈયું કાંઇ હતું નહિ. કામકાજ આખો દિવસ કાંઇ મળે નહિ. આમ બાઇ થોડી મિજાજી, પણ એને સાહિત્યનો ભારે શોખ. ભણેલ તો કાંઇ નહિ. આવડે નહિ એક અક્ષર, પણ જો કોઇ વાંચે તો એ ઊઠવાનું નામ જ લે નહિ ને ! ચુલા ઉપર રાંધણું બળી જાય એ હા, પણ વાર્તા અધૂરી મૂકવી એ બને નહિ.

તુરમહમ્મદ માસ્તરની વહુ—એનું નામ ઘણું કરીને મરીયમ બીબી, એણે જુદા જુદા અનેક છોકરાઓ પાસે વાર્તાઓ વંચાવી. પણ એને કોઇ ફાવે નહિ. મરીયમ બીબીમાં ઊંચા પ્રકારની રસિકતા હતી. જેવો તેવો છોકરો વાંચે એ એને ગમે નહિ. એને તો વાર્તાના તાનેતાનમાં ઓતપ્રોત થાવું હતું. એ વખતે વિઠ્ઠલદાસ ધનજીભાઇનું દુર્ગાદાસ વંચાતું હતું. એક દિવસ સૌ વાંચતા હતા—એમાં મેં પણ વાંચ્યું. થઇ રહ્યું. બીજે દિવસેથી એ આખી કામગીરી મારી ઉપર જ આવી પડી ! એટલું જ નહિ પાંચવાગે છૂટીને તરત અમે ઘેર જતા અને સાત સાડા સાતે પાછા વાતરસિયા ને રમ્મતરસિયા સભા ભરવા આવી જતા. મરીયમ બીબી સોપારી ને સૂડી લઇને બેસે. વાત વાંચવી શરૂ થાય.

મરીયમ બીબીમાં એક પ્રકારનું તેજસ્વી રૂપ હતું. આંખ ફેરવીને બોલે ત્યારે લાગે કે હમણાં કાપી નાખશે. હસે ત્યારે તો જાણે મોતીના ઢગલા પડી રહ્યાં છે. એવા સુંદર દાંત ! મોટી નિર્મળ આંખો, મુગલ ચિત્રમાં આવે છે એવું જોધપુરાઇ શૈલીનું થોડું ગોળ, નાકની સુરેખતા જાળવી રહેલું સુંદર મોં—અને એવી જ ભાવભરી એની ઉદારતા !

નાસ્તો તો ત્યાં હમેશાં ચાલે જ. તુરમહમ્મદ માસ્તર દરબારગઢમાં જાય એટલે આ સભા ભરાય. એમાં પ્રમુખસ્થાને મરીયમબીબી. મરીયમબીબીને એવો જ ચોપાટનો શોખ. જો કાંકરી ગાંડી કરે તો રાતના દસ વગાડે ! એવો જ એને નાટકનો પ્રેમ. અમારી પાસે નાટક તૈયાર કરાવરાવે. કાંઇક લાડમાં રહેલી, સ્વભાવે અત્યંત મિલનસાર, ચારિત્રમાં અણીશુદ્ધ સો ટચનું જાણે કુન્દન, છોકરા તમામ ભેગા થાય એ એનાં પુત્ર જેવા અને જેવડા. એટલે ધમાચકરડી અને રમ્મતગમ્મત તો એવી જામે કે એમાં વખત ક્યાં જાય છે એનું કોઇને ભાન જ રહે નહિ !

મરીયમબીબીએ તમામ વિજ્ઞાનવિલાસ, સૌરાષ્ટ્ર દર્પણ, જૂનાં પુસ્તકો. ઐતિહાસિક નવલકથાઓ કરણઘેલો, 'વનરાજ ચાવડો, નર્મગદ્ય, દુર્ગાદાસ, અને બીજાં' જે જે વાર્તાનાં પુસ્તકો લાયબ્રેરીમાં હતાં તે તમામ કઢાવ્યાં. પછી મેં એ વાંચવા શરૂ કર્યાં. મને પણ એવો રસ પડવા માંડયો કે મરીયમ બીબીના ટહૌકા વચ્ચે આવે નહિ અને વાર્તાનો રસ જામે નહિ. મરીયમ બીબી વિના જાણે સભા નિર્જીવ થઇ જાય.

મરીયમબીબીએ તો જીવનની એક પળ પણ રસવિહોણી રહેવા દેવી ન હોય તેમ સવાર, બપોર, સાંજ જ્યારે વખત મળે ત્યારે આ તમામ ઇતિહાસની નવલકથાઓ સાંભળવા માંડી ! અને મેં એ વાંચવા માંડી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડના એક ગામડાના અનુભવો

ડૉ. સુમન્ત મહેતા

(ગતાંકથી ચાલુ)

ગામના ધોરી રસ્તા પર બીડીનાં પાતરાં, કાગળ અને ચીંથરાંના કટકા અને બધાં ઘરોનો કચરો નાંખવામાં આવતો. રસ્તાની સફાઈ માટે ગ્રામસુધારણા ફંડ તરફથી યોજના થઈ હતી, પણ સારી દેખરેખના અભાવને લીધે તથા કોઈ પણ પ્રકારનું નિયમન કે શાસન ન હોવાને લીધે ઘણો કચરો રસ્તા પર પડી રહેતો. નાનાં છોકરાં રસ્તા ઊપર જાજરૂ જતાં પણ આમ કરવું ખોટું છે એવું ભાન તેમના માબાપોને જરાય નહોતું. કોઈ ઘરનું ખંડેર હોય ત્યાં સ્ત્રીઓ જાજરૂ જતી. હિંદુઓ ચોખ્ખા હોય છે એમ કહેવું આપણને સહુને ગમે છે પણ ગામડાંઓમાં અપાર અસહ્ય ગંદકી હોય છે, કોઈ ઘરનો માણસ પૈસાદાર અને વગદાર હોય તેના ઘરમાંથી પાણી બહાર નીકળીને રસ્તામાં કિચડ કરે અને ગંદવાડમાં તેનાથી વધારો થાય છે. ઘણી વાર આવા મનુષ્યો જ ગ્રામસુધારણા સમિતિમાં સભ્ય હોય છે. આવાં ગામડાંઓમાં ચેપી રોગો ફેલાય, આંખો આવે, ચામડીના રોગો થાય તેમાં શી નવાઈ?

જાહેર સાર્વજનિક સંસ્થાઓ

આ ગામડામાં છઠ્ઠા ધોરણ સુધીની શાળા હતી અને તેમાં ૧૩૮ છોકરાઓ ભણતા હતા. આ સંખ્યા ખરાબ ન કહેવાય પણ ખરક ખેડૂતોનાં છોકરાં થોડાં જ ભણતાં. જો મહેનતુ પછાત વર્ગનાં છોકરાંઓને માબાપો શાળામાં મોકલવાની દરકાર ન કરે તો તેનો દોષ હું સમાજવ્યવસ્થાનો જોઉં છું. જે કેળવણી શાળાઓમાં અપાય છે તે દેખીતી રીતે ખેડૂતને ઉપયોગી થતી હોત તો માબાપો હાથ જોડીને છોકરાંઓને શાળાઓમાં દાખલ કરવા માટે આવે; અને બીજું, કે જો પછાત વર્ગ કેળવણીની કિંમત સમજતો ન હોય તો તેમને સમજાવવાનું કામ ગામના આગેવાનો અને શિક્ષકોનું છે. મુખ્ય પ્રશ્ન તો એ છે કે ગામલોકોને બાળકોના હિતની દરકાર છે ખરી? માત્ર એક જ શિક્ષક ટ્રેઇન્ડ હતા એટલે શિક્ષણ કેવી પંક્તિનું હોય?

આ શાળામાં વણકરોના થોડા છોકરાઓ ભણ[તા] હતા. આ બાળકો તરફ એવું બેદરકારીનું અને અ[પ]માનજનક વર્તન થતું કે કોઈ પણ વણકર શા મા[ટે] છોકરાંને ત્યાં મોકલે છે તેની નવાઇ લાગે. હું કહ[ું] છું કે આ દેશમાં ૫૦૦૦ આંબેડકરો પાકે. મા[રા] પર સ્પષ્ટ છાપ પાડી હતી કે મુખ્ય વાંધો બ્રાહ્મ[ણ] વાણીઆ શિક્ષકોને હતો, માબાપોને તેઓ જ ઉશ્કે[]રતા હતા. આ અસ્પૃશ્યવર્ગ આજ સુધી હિં[દુ] 'સવર્ણો'ને વળગી રહ્યો છે તે નવાઇ પામવા જે[વું] છે, પણ આ સવર્ણો પાસે આર્થિક બહિષ્કાર[નું] રાક્ષસી શસ્ત્ર છે તે આપણે ભૂલી જવું ન જોઈએ.

ગામની કન્યાશાળા માટે સારું મકાન ગામ[ના] એક ધનિકે બંધાવી આપ્યું હતું અને તેમાં પાટ[લી]ઓ પણ હતી. તેમાં માત્ર ૪૦ છોકરીઓ ભણ[તી] હતી. સેંકડે ૧૨ ટકા જેટલી સ્ત્રીઓ શાળામાં જ[વી] જોઇએ એ ધોરણ સ્વીકારીએ તો ૧૨૦ છોકરીઓ હોવી જોઈએ. મુખ્ય શિક્ષિકા સારી હતી પણ [] બીજી ટ્રેઈન્ડ થયા વિનાની હોય તો શિક્ષણની [] આત કોને હાથે થાય? આવી શાળામાં સુસંસ્[કાર] શી રીતે આવે? આ શાળાની પાસે એક સારું [] મકાન, વંડાવાળું, બાલક્રિડાંગણને માટે એક ધનિ[કે] બંધાવી આપ્યું હતું. તેમાં બાળકોને રમવાને [] સાધનો પણ સારાં આપવામાં આવેલાં, તે [] દુઃખની વાત એ હતી કે ગામલોકો તેમ જ શિક્ષ[ક] વર્ગની શિથિલતાને લીધે આ મકાનને તાળું મા[રેલું] રહેતું.

ગ્રામસુધારણા ફંડની મદદથી બે-ત્રણ પે[પર] મંગાવવાની ગોઠવણ થઈ હતી અને તે પેપરો વાં[ચવા] માટે લોકોને શાળાના મકાનમાં જવું પડતું. શાળ[ાના] એક શિક્ષક આ પેપરોને સાચવતા. આ પ્રકાર[ની] વ્યવસ્થા બહુ ખોટી નથી પણ ગામને છેડે, શાળ[ામાં] જઇને વાંચવા જનારની સંખ્યા અત્યંત [] થઇ જતી.

બે ધનિક ગામરહીશોના ખર્ચે આ ગામ[]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દવાખાનાં ચાલતાં હતાં. આપણા દેશમાં જ્યાં લાખો ગામડાંઓમાં દવાખાનાં હોતાં નથી, અને કેટલાંક ગામડાંથી સાત દસ માઇલ દૂર એકેય દવાખાનું ન હોય તેવી પરિસ્થિતિમાં આ ગામમાં બે દવાખાનાં હતાં તે વિચિત્ર લાગતું હતું, અને આ દવાખાનાંઓને કાયમ કરવા માટે યોજના કે વ્યવસ્થા થઈ નહોતી એ લક્ષમાં લેવા જેવી વાત છે. જ્યાં વાંઢાની જમાત હોય ત્યાં એક પુરુષને બે સ્ત્રીઓ હોય તેના જેવું કઢંગુ લાગતું હતું. એક દવાખાનાને બદલે નર્સ મિડવાઇફ રાખી હોય તો સારું એવી મારી સૂચના હવામાં ઊડી ગઈ હતી.

ધાર્મિક સંસ્થાઓ વિશે મારી પાસે બહુ વિગતવાર નોંધ છે, પણ આ લેખ બહુ લાંબો થઈ ગયો છે તેથી થોડી માહિતી ટૂંકાણમાં આપું છું. તાઇવાડમાં એક મસ્જિદ હતી અને તેમાં જે ફકીર હતો તે કોરાને શરીફ શિખવી શકતો હતો. એક ખોજાખાનું હતું. વૈષ્ણવો માટે હવેલી હતી, પણ ત્યાં ઉપદેશ આપવા માટે વ્યવસ્થા નહોતી. અમારા મકાનની સામે ઠાકોર દ્વાર હતું તેમાં રાધાકૃષ્ણ, બહુચરાજી, હનુમાન વગેરેની મૂર્તિઓ હતી. ત્રણેક શિવાલયો હતાં. એક શક્તિમાતાનું મંદિર હતું જેમાં અંબાભવાની અને બહુચરાજી માતાઓની મૂર્તિઓ હતી અને તેની પૂજા માટે કોતવાલનુ એક કુટુંબ હતું. પાધરમાં ખોડીઆર માતાની અને તળાવ પાસે રાંદલદેની દેવડીઓ હતી. અનેક પ્રસંગે ગામમાં રાત્રે ભજનમંડળીઓ એકત્ર થઇને ગાવા બેસતી, અને તેમાં એક બે મુસ્લિમ ભાઈઓ પણ જોડાતા.

ગાયોને બેસવા માટે સારું સ્થાન હતું અને ત્યાં ખડ નાંખવામાં આવતું. પક્ષીઓ માટે પરબડી હતી.

વહેમી લોકોમાં 'નજર' ઊતરાવવાની પ્રથા હતી. ભૂતપ્રેતને કાઢવા માટે ભૂવાઓ હતા. ડાકળી વગાડીને તથા માથું ધુણાવીને ભૂવો જે સલાહ આપે તે પ્રમાણે ક્રિયા ખર્ચ કરીને લોકો સંતોષ માનતા. જો કોઈ મનુષ્ય (સ્ત્રી કે પુરુષ) નો જીવ સંસારમાં રહી ગયો હોય તો તેને માટે ગામની બ્હાર એક પાળિયો મૂકવામાં આવતો. તેમ કરવાથી મરનારના આત્માની સદ્‌ગતિ થશે એવી માન્યતા હતી. ગામડાંને પાધરે જે પાળિયા જોવામાં આવે છે તેમાંથી મોટા ભાગના તો કેવળ આવા વ્હેમના પરિણામે ઊભા કરવામાં આવ્યા છે. આપણા કેટલાક લેખકો એવું કહે છે કે આ બધા પાળિયા કોઈ ધીંગાણામાં "ખપી" ગયેલા શૂરવીર યોદ્ધાઓ માટે રોપવામાં આવ્યા હોય છે એ વાત હું જાણું છું. આવા નરવીરો અકસ્માત અણધાર્યા મરી જવાને લીધે તેમના આત્માની શાંતિને માટે ઉપરના વ્હેમની દૃષ્ટિએ પાળિયા રોપાય છે, પણ જે બધા પાળિયા (ઘોડેસ્વાર મનુષ્યની મૂર્તિ હોવા છતાં) કેવળ શૂરવીરોના છે એ માન્યતા ખરી નથી એવું ગામ લોકોએ અમને કહ્યું હતું. આ બાબતમાં ખરી સાચી હકીકત શું છે તેની તપાસ કરવાનું કામ કોઇએ ઉપાડી લેવું જોઇએ. કોઇ માણસ ગાડાં નીચે છુંદાઇને મરી જાય, સખત તાવથી મરી જાય તેમના પણ પાળિયા ખડા કરવામાં આવે છે. આ પ્રશ્ન સંશોધન માંગે છે.

કોઇ માણસને કે ગાય ભેંસ બળદને સાપ કરડયો હોય તો નાગદેવની અમુક રીતે પૂજા કરવામાં આવે છે. જો સાપ ઝેરી હોય તો સવાશેર સાકરને બદલે સવામણ ચઢાવી હોય તો પણ ડંખેલું પ્રાણી મરી જાય છે.

આ પાળિયાની બાબતમાં એક આયરે મને વાત કહી હતી તે નોંધું છું. વર્ષો પહેલાં દુકાળના દિવસોમાં ઘણા માણસો ગામ છોડીને નાસી ગયા તેમાં એક ભરવાડ હતો. દિવસો ઘણા કાઠા હતા તેથી આ લોકો આઘે આઘે રખડયા અને તેમાંથી ઘણા મરી ગયા. જે જે મરી ગયા તેના માઠા સમાચાર ગામમાં આવતા અને તેમાં આ ભરવાડના મરણ સમાચાર એના કુટુંબને મળી ગયા. થોડા દિવસો પછી એ કુટુંબમાં કોઇ માંદું પડ્યું એટલે ભૂવાને બોલાવ્યો. ભૂવાએ વિધિપૂર્વક ધૂણીને આદેશ આપ્યો કે આ ભરવાડના જીવની શાંતિને માટે પાળિયો મૂકવાની પ્રતિજ્ઞા લો તો રોગ મટશે. રોગ મટયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કેમ તે વાત જુદી છે પણ ભરવાડની સ્ત્રીની પૂરી ખાતરી થઈ કે ધણી મરી જ ગયો છે એટલે તેણે દીયરવટો કર્યો, પાળિયો તૈયાર થયો એટલે તેને રોપવા માટે સગાસંબંધીઓ અને ભૂવા પાધરમાં એકઠાં થયાં એટલામાં દૂરથી પેલો જુવાન ભરવાડ પોતાના ગામ તરફ આવતો જણાયો. બીકણ લોકોને લાગ્યું કે સાક્ષાત ભૂત આવ્યું છે તેથી તે તો નાઠા, બીજા ઊભા રહ્યા. જીવતા ભરવાડને સમજાવી લેવાના પ્રયત્નો થયા પણ જ્યારે ભરવાડને ખબર પડી કે તેની સ્ત્રીએ ફરી લગ્ન કર્યાં છે એટલે તેણે ગુસ્સે થઈને ડાંગ ફેરવવા માંડી અને ભૂવાનાં હાડકાં ભાગ્યાં. આ વાત સાચી છે એમ મને કહેવામાં આવેલું. બનવા જોગ છે કે ભૂવાઓના ગપાટા તથા વ્હેમનાં પરિણામ બનાવવા માટે જોડી કાઢવામાં આવી હોય, તે છતાં એ જાણવા જેવી છે.

એ ત્રિપુટી

મેં એક વાત સેંકડો વખત સમજાવી છે અને તે વિશે વારંવાર લખ્યું છે કે હાલમાં જે જાતના અજ્ઞાન, ચારિત્ર્ય વિનાના, વ્યસની પૂજારીઓ (બાવા કે ગોસાઈ) મંદિરોમાં રાખવામાં આવે છે તેમને બદલે જો ભણેલા, સેવાભાવી, ધર્મનો ઉપદેશ કરી શકે અને ગ્રામપ્રજાની કાંઈક સેવા પણ કરે તેવા માણસોને જ રોકી લેવા જોઈએ. આ બાબતમાં હિંદુઓમાં જે ખોટી દયા છે તે કાઢી નાંખવાની જરૂર છે. આવી દયાની પાછળ બેજવાબદારી અને બેદરકારી છે. દરેક ગામડાંના પૂજારીઓ ખરાબ હોય છે એમ નથી, પણ સોમાંથી નવાણું ખરાબ હોય તો સર્વસામાન્ય ટીકા કરવી જ પડે. ગુજરાતની પ્રજા સમક્ષ એ હકીકત મેં અનેકવાર રજૂ કરી છે કે ઇંગ્લંડ જેવા દેશમાં દરેક ગામડામાં બીજા કોઈ નહીં તો એક શિક્ષક, એક પાદરી અને એક દાક્તર હોય છે અને ગ્રામપ્રજાની અનેક ગૂંચો આ ત્રણમાંથી એક (કે વધારે) ઉકેલી આપે છે, અને સુસંસ્કારો રેડે છે. અહીંના આચરે યુવકો સાથે ધર્મ સંબંધી વાત નીકળતાં એકે કહ્યું કે "અમે તો ઈશ્વરના કરતાં પેટનો વિચાર કરીએ છીએ, ઈશ્વર તો પૈસાદાર ચ્હે એવું માણસો માટે છે. અમારે તો પેટની પૂજાનો વિચ પહેલો કરવાનો રહ્યો. આપણા દેશમાં ધર્મનો ઢ ઘણો છે, પાઠ અને પૂજા, ટીલાં ને ટપકાં, મે મોટાં મંદિરો અને માંહે પોલંપોલ-ખરો ધ ભૂંસાઈ ગયો છે. ધર્માચાર્યો અને મહંતો મોટે ભ દંભી ભિખારીઓ છે. મ્હોડેથી રામનું નામ હે છે પણ અંદર તો રોટલાની અને સ્ત્રીની ભૂખ હે છે. સાચો ધર્મ તો ઉત્તમ આચારવિચારમાં પ્રગ ણમવો જોઈએ. હિંદુ ધર્મની અંદર, વખતે બ ધર્મોની અંદર વિપ્લવ થવાની જરૂર છે. આ ધ ધર્મોની શુદ્ધિ થયા વિના આમપ્રજાના વિચ સુધરશે નહીં.

સામાજિક જીવન

આ ગામડાંના સામાજિક જીવન વિશે લખવું અત્યંત અઘરું છે. સામાન્ય રીતે એવું બને છે જે મોટી વયના માણસમાં વધારે બુદ્ધિ હોય છે સાહસવૃત્તિ હોય છે તે આવાં ગામડાંમાં રહેતા નથી, એ તો પરપ્રાંત ખેડે છે. જેવી રીતે હિ દેશમાંથી બ્રિટિશો નાણાં ધસડી જાય છે, અને હિ દેશને કંગાલ રાખે છે તેવી જ રીતે શહેરો ગામડ ઓમાંથી બુદ્ધિવાન, કે કાર્યકુશળ, કે સાહસિ યુવાનોને આકર્ષીને ગામડાંઓનું સામાજિક જીવ ઉજ્જડ રસવિનાનું કરી નાંખે છે. આવાં ગામડાં ઓમાં ઘણી ભારે સ્થિતિચુસ્તતા, જડતા અને મન સંકુચિતપણું જોવામાં આવે છે. આપણા સંસારમાં જે અનિષ્ઠો સેંકડો વર્ષોથી ઘર ઘાલીને બેઠાં તેને વિશે આપણે જાણીએ, તે વિષયોનું ભાન થા છે તે છતાં તે અનિષ્ઠોને દૂર કરવાની વૃત્તિ નહીં જેવી હોય છે અને હિંમત તેથી પણ ઓછી હો છે. નબળી પ્રજાનું એક લક્ષણ છે કે—જો કોઈ બ્હારનો માણસ આવાં અનિષ્ટો તરફ આંગળી ચીં તો તે ક્રોધે ભરાય છે. હિંદુ સંસારમાં આપણે દીક અને વહુ વચ્ચે ભેદભાવ ગણ્યો છે, વહુને પોતા કુટુંબમાં સમાવી લેવાનો પ્રયત્ન ઝાઝો જોવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતો નથી. ભાભીનણંદના, સાસુવહુના અણબનાવને આપણે વખોડવાને બદલે 'મ્હલાવીએ' છીએ. કુમળી વયની વહુ પર ઘરકામનો અસહ્ય બોજો નાંખવાની, વહુથી સાસુના હુકમ વિના હાજતે પણ જઈ શકાય નહીં એવાં ક્રૂર વર્તનની, સાસરામાં પીયરીઆંને ઉતારી પાડવાની, નિંદા કરવાની ટેવ, લગ્નપ્રસંગનાં દ્હેણુદ્હેણની બાબતોમાં વર્ષો સુધી સાંભળવાં પડતાં દરરોજનાં મહેણાં, આ પ્રકારનું ઝેરી વાતાવરણ બહુ પ્રચલિત છે. સાધારણ રીતે ઘરસંસારમાં ઠીક ઠીક કડવાશ હોય છે. ૩૫–૪૦ વર્ષની આધેડ વયની, અનેક છોકરાંઓની મા એવી એક સ્ત્રી કૂવા પર આવીને સહુના સાંભળતાં કહે કે આજે કૂવે આવતાં વાર લાગી કારણકે સાસુ ખોટીખોટી ટકટક કરતી હતી અને "તમારા ભાઈ" ઝઘડતા હતા—આવી આવી અનેક કૌટુંબિક કલહની વાતો કૂવા પર સંભળાતી હોય તો માનવાને કારણ મળે છે કે આપણા સમાજમાં વહુને નકામો, નાહક ત્રાસ આપવામાં આવે છે તે પ્રત્યે ઘૃણા કે દયાની લાગણી આપણા હૃદયમાં ઉત્પન્ન થતી નથી, વહુઓથી અસહ્ય ત્રાસ સહન ન થાય તેથી કૂવા પૂરવા તે જાય એવા ભયંકર બનાવને સખત ભાષામાં વખોડી કાઢવાને બદલે તે વિષયને મલાવી મલાવીને રાગડા તાણવામાં આવે છે અને તે રાગડા સાંભળવામાં લોકોને આનંદ આવે છે. દીકરી–વહુ તરફના ભેદભાવ તથા વહુ તરફના દયાહીન ક્રૂર વર્તન પર સમાજે શાપ વરસાવવો જોઈએ, અને જે આવો અન્યાય અને ત્રાસ આપનારાને ફજેત કર્યાં હોય તો આવી શરમભરેલી સ્થિતિ અટકવાનો સંભવ છે. ગામની છોકરી ઉઘાડે મ્હોંએ ફરે અને વહુઓને સખત લાજમલાજા પાળવા પડે, વહુઓ તનતોડ કામ કરે અને કુટુંબની દીકરીઓ તેને મદદ કરવાને બદલે વાંકાંવચકાં પાડીને નિંદા કરે, વહુના સાંભળતાં તેનાં સગાંવહાલાંઓની નિંદા કરે, મ્હેણાં મારે—એ સ્થિતિ કલંકરૂપ છે. આપણા હિંદદેશમાં આવી ભયંકર સ્થિતિ દરેક પ્રાંતમાં છે કે નહીં તેની મને ખબર નથી. આપણા પ્રાંતના પછાત ભાગોમાં હજી પ્રચલિત છે એ શરમ ભરેલું છે.

સારાં હવાપાણીને લીધે અને માનસિક ઘસારો ઓછો હોવાને લીધે આ પ્રાંતમાં ઘરડાં લોકો મોટી વય સુધી જીવ્યા કરે છે. આ વૃદ્ધ વર્ગે આ પ્રાંતને પારાવાર નુકસાન કર્યું છે. એમણે સ્થિતિચુસ્તતા જાળવી રાખીને પ્રજાની પ્રગતિ અટકાવી છે. સંયુક્ત કુટુંબની પ્રથા આ પ્રાંતમાં મૃતપાય થઈ રહી છે છતાં આજે તેનાં અનેક અનિષ્ટો નજરે પડે છે. વિધવાઓની સ્થિતિ ખરેખરી દયાજનક છે પણ ગામડાંઓમાં ઘણા મોટા ભાગના માણસોને તે જરાય ખૂંચતી નથી.

આવાં ગામડાંઓમાં બે ચીજ ઠીક પ્રમાણમાં જણાઇ આવે છે. સ્ત્રીઓને ઉપરાછાપરી છોકરાંઓ થયાં જ કરે છે. સવાથી બે વર્ષને આંતરે વસ્તી વધે છે, તેથી સુવાવડો અને ઘરકામની ભારે મહેનતથી જુવાન સ્ત્રીઓનાં શરીર ઘસાઇ જાય છે. ઘણા પુરુષો બીજી કે ત્રીજી વખત પરણેલા માલૂમ પડે છે. ઘણા બુઢ્ઢાઓને નાની સ્ત્રીઓ હોય છે અને તેના પરિણામે સમાજમાં ઘણી સંખ્યામાં નાની વયની વિધવાઓ પણ હોય છે અને અનીતિની શકયતા વધે છે. કેટલીક કોમોમાં ૭–૮ છોકરાંઓનો બાપ જીવતી સ્ત્રી ઉપર બીજી યુવાન સ્ત્રી પરણે એવું બન્યું છે. આ હકીકત અમારી મુલાકાતના ગામડામાં નહોતી. અમે અનેક શકિતશાળી વ્યકિતઓ જોઈ કે જેઓ કેવળ આળસ અને ખોટા આત્મસંતોષને લઇને ગામડાંમાં સડયાં કરતી હતા.

ગ્રામસંરક્ષણ

આ ગામડામાં સરકાર તરફથી ચાર પસાયતા નીમવામાં આવ્યા છે જે ગામનું રક્ષણ કરે છે, પોલીસ પટેલના હાથ નીચે કામ કરતા હશે. આ બધા આયરો છે. આ લોકોની વસતી અહીં સારી છે. એ કોમ હિંમતવાન છે. શરીર કસાયલું હોય છે, ઘોડેસ્વારીનો શોખ હોય છે. તેમને સરકારે જમીન આપી હોય છે તેના પર કર ઓછો લેવાય છે અને તેના બદલામાં જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે દરબાર તેમને હાજર થવાનો હુકમ કરવાની શકે છે. જ્યારે આ લોકો નોકરી પર ચડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તેમને દરરોજના રૂ. ૦-૨-૬ મળતા હતા. આજે આવી રીતે નોકરી પર ચઢવાના પ્રસંગો અત્યંત જૂજ હોય છે. વાસ્તવિક રીતે જોઇએ તો દરેક ગામડાંની સમસ્ત પ્રજાએ આત્મરક્ષણ માટે તૈયાર રહેવું જોઇએ. લડાયક કોમોની પ્રજા જરૂર આગળ પડતો ભાગ લેશે. આજે તો દરબારે આયરોની પાસેથી તલવાર, ઢાંસવાની બંદૂકો, ધારિયાં, મોટી લાઠીઓ વગેરે પડાવી લીધાં છે. આ મોટી ભૂલ થઈ છે. જ્યારે આ દેશમાં અરાજકતા આવવાના અનેક ચિહ્નો જણાઇ રહ્યા છે ત્યારે અગમબુદ્ધિ વાપરીને દરેક ગામડાંને હથિયારો, રક્ષણ કરવાની યોજનાઓ અને તાલીમ આપવાની અત્યંત આવશ્યકતા છે.

ગામપંચ

લગભગ બે ત્રણ હજાર વર્ષોથી હિંદદેશમાં ગામડાંઓનો વહીવટ પંચો માર્ફત થતો આવ્યો છે. કહેત છે કે પંચ ત્યાં પરમેશ્વર એ વાત સાચી હતી. આજની દૃષ્ટિએ (લોકશાસનની) આ જૂનાં પંચોનું બંધારણ ન્યાયસર હતું કે નહીં એ પ્રશ્ન જુદો છે. બ્રિટિશ હિંદી સરકારે આ પંચોનું જોર રીતસર તોડી પાડયું અને પંચોનું નવું બંધારણ કર્યું કે જેમાં ખુશામતી અને ગુલામી માનસવાળા માણસો પેસી જાય છે. ભાવનગર રાજ્યમાં જ્યારે ખેડૂતોનાં કરજનું નિવારણ કરવામાં આવ્યું ત્યારે બે આવશ્યક શરતો મુકાઇ હતી કે (૧) ગામડાંઓમાં સારી ગામપંચાયતો સ્થાપવી અને (૨) સહકારી મંડળીઓની ખીલવણી સર્વત્ર કરવી, કરજ નિવારણની યોજના સફળ કરવા માટે આ બન્ને શરતો અનિવાર્ય હતી, આ બન્ને સંસ્થાઓની ખીલવણી ઘણી જ ઓછી થઇ છે એ દુઃખની વાત છે. જે ગામડામાં અમે રહ્યાં હતાં ત્યાં એક સહકારી મંડળી હતી. અને તે મોટે ભાગે ખેડૂતોને નાણાં ધીરતી હતી, પણ એ મંડળીમાં ખરો જીવ નહોતો. વળી ગામમાં ગામપંચાયત નહોતી પણ એક ગ્રામસુધારણા ફંડની સમિતિ હતી. ગામ સફાઇનું કામ ઘણું નિરાશાજનક હતું. એ ફંડમાંથી એક બે પેપરો મંગાવીને મુખ્યશાળામાં રાખવામાં આવતાં હતાં અને સ્ત્રીઓ જાજરૂ જવા માટે બે વાડા બાંધવાની તજવીજ હતી. આવડાં મોટાં ગામડાંમાં પુસ્તકાલય નહે અને જે દવાખાનાં હતાં તે ખાનગી હતાં; સરકારની ગ્રાંટ નહોતી અને તે દવાખાનાં રહેશે તેની કિંચિત માત્ર ખાતરી નહોતી.

ગામપંચાયતના હકૂમતના પ્રશ્નની જોડે છે એવો એક બનાવ અમારી હાજરીમાં બની તળાવની પાસે એક ગૃહસ્થનો મોટો કૂવો અને (હવેડો, અવેડો) હતો અને સીમમાં જતાં ઢોરો ત્યાં પાણી પીવા આવતાં. ઢોરોના પગ લઇને હવાડાની પાસેની જમીન ખોદાઇ જઇને ખાડો પડયો હતો તેથી ગામ પટેલે એક દિવસે પીટાવી કે જે જે ખેડૂતોની પાસે બળદો અને હોય તેમણે અમાસના દિવસે સહવારે ૮ વાગે કૂવા પાસે હાજર થઇ જવું અને એકેક ગાડું ભરીને ઠાલવી જવી. આ રીતે સહકારથી ગામડાંના હિ કામ થાય તે જાણીને અમને આનંદ થયો અને સવારે અમે કૂવા પાસે એક ઝાડ નીચે જઇને આઠ વાગે એક પણ ગાડું આવ્યું નહોતું, પટેલનું પણ નહીં. નવ વાગ્યા, સાડા દસ આવજા કરનારા ખેડૂતોને અમે પૂછ્યું પણ કાંઇ આપે નહીં અને ખાડો જેવો હતો તેવો રહ્યો, ઉનાળાના તાપમાં બે ત્રણ કલાકની મફત તપ કરી અને ગામસંગઠન વિશે હલકો અભિપ્રાય પાછાં વળ્યાં.

આવાં ગામડાંઓમાં પ્રજાજીવન બહુ ઓછું છે, એવું માનવું ભૂલભરેલું છે. જે ગામડાંમાં બે ત્રણ ઉત્સાહી યુવાનો અને એક પણ ઉત્સાહી મોટેરો હોય છે ત્યાં જાગૃતિ આણી શકાય જ્યારે દેશભરમાં જાગૃતિનો જુવાળ આવે છે આવાં ગામડાંઓમાં ચોરે અને મંદિરે તથા પર પત્રિકાઓ લખવામાં આવે છે અગર ચોડવામાં આવે છે. જો રાજકીય કે સામાજિક કે ધાર્મિક પર ભાષણો ગોઠવવામાં આવે છે. તો તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ સ્ત્રીઓ સારી સંખ્યામાં હાજરી આપે છે. જગતમાં દુનિયા તો ઝૂકવાને તૈયાર છે પણ તેને કોઈ ઝુકાવનાર જોઇએ.

પરિણામ શું ?

આ લેખ ધાર્યાં કરતાં વધારે લાંબો થઇ ગયો છે તેથી છેવટે એક પ્રશ્નનો ઉત્તર આપીને હવે સમાપ્ત કરવામાં આવે છે. અમને ત્રણ જણને આ ગામડાનાં જીવન વિશે પુષ્કળ જાણવાનું મળ્યું, અમે એક પ્રજાનાં સુખદુઃખ સહાનુભૂતિથી સમજતાં થયાં એ સહુથી મોટું–અને અમારે માટે કિંમતી–પરિણામ આવેલું ગણાય. બીજાં પરિણામ શું આવ્યાં તેનો ઉત્તર આપવો કાંઈક મુશ્કેલ છે. કેટલાંક પરિણામ તાત્કાલિક હોય છે, કેટલાંક વધારે ઊંડા હોઇ લાંબે વખતે જણાય છે. તે છતાં આટલું કહેવામાં વાંધો નથી કે એ ગામડામાં એક પુસ્તકાંલયની સ્થાપના થઇ હતી અને તેની વ્યવસ્થા ગામલોકો કરી રહ્યા છે. આજે તેને છઠ્ઠું વર્ષ પૂરું થયું છે. દરેક વર્ષે સારી જેવી રકમ ભેગી થાય છે તેમાંથી પેપરો અને પુસ્તકો મંગાવીને સ્ત્રીઓ તેમ જ પુરુષો તેનો લાભ લે છે.

(૨) અમે એ ગામડું છોડયું ત્યાર પછી અમને લેખિત સમાચાર આપવામાં આવ્યા હતા કે ગ્રામશાળાની છૂટ મળી છે. જો આ વાત ખરી હોય તો ગામલોકોને અભિનંદન ઘટે છે. થોડા જ સમય પહેલાં આંબલામાં વધારે તોફાન થયું હતું એવું અમે સાંભળેલું અને તેથી મેં સીધો ઉપદેશ કર્યો નહોતો. એમ ધારો કે એ છૂટ બહુ જ થોડા દિવસો સુધી આપવામાં આવેલી તો પણ મને સંતોષ થાય. કારણ કે હવે તો દેશનું વાતાવરણ એવું બદલાયું છે કે અસ્પૃશ્યોને સંપૂર્ણ રીતે અપનાવી લીધા વિના છૂટકો જ થવાનો નથી.

(૩) સ્ત્રીઓને જે ગૂંથવાનું શીખવવામાં આવ્યું હતું તેનો પ્રચાર ચાલુ રહ્યો હતો, વર્ગ પણ ચાલુ રહ્યો હતો અને સ્ત્રીઓએ પોતાનાં કામનું એક પ્રદર્શન ગોઠવ્યું હતું.

(૪) તાઇ તથા વણકર ભાઇઓને કામ મળે તે માટે સરકાર તરફથી બહુ સારી ગોઠવણ થઈ હતી અને અમારી રૂબરૂ તેમને ટુવાલ, નેપ્કીન, ટેબલક્લોથ વગેરે અનેક કામ આપવાની સરકારે મહેરબાની કરેલી. છ મહિના પછી અમે જ્યારે ફરીને એ ગામડે ગયા ત્યારે અમને ખબર મળ્યા કે આ લોકોએ કામ સ્વીકાર્યું નહોતું. કારણ કે તેમની પાસે સૂતર વેચાતું લેવાનાં પૂરાં નાણાં નહોતાં–તેની ગોઠવણ પણ કરી આપવામાં આવેલી. છેવટનું પરિણામ અમે જાણતાં નથી–અમારે એટલું કહેવું પડે છે કે ગામડામાં ઉત્સાહી યુવાનો લાંબા વખત સુધી રહી શકતા નથી એટલે મોટામાં મોટી મુશ્કેલી આગેવાનીની છે. જો ગામલોકોને સતત દોરવણી મળે તો જ ગામસુધારણાંના કાર્યો સફળ થાય.

[સંપૂર્ણ]

*

દૂધ

હિંદુસ્તાનનાં જેટલાં દૂધાળાં ઢોર બીજા કોઇ દેશમાં નથી, પણ હિંદુસ્તાનના જેટલું ઓછું દૂધ બીજા કોઈ દેશના લોકો નહિ પીતા હોય.

આજે આપણા દેશમાં દર વર્ષે છ કરોડ મણ દૂધ પેદા થાય છે. દેશની કુલ વસ્તીને રોજનું માથા દીઠ પૂરું એક રતલ પણ દૂધ પાવું હોય તો વરસે એકત્રીસ કરોડ મણ દૂધ આપણે પેદા કરવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુદેવનાં સંસ્મરણો

અનુવાદક : રમણીક મેઘાણી

આજ સવારે એમના શરીરે જરાયે ઠીક નહોતું. સવારે જ્યારે એમને પ્રણામ કરવા ગઇ ત્યારે વરંડામાં પાટ ઉપર થાકેલા સુસ્ત શરીરે બેઠા હતા. વર્ષાના વાદળમાં થઇને આછાં સૂર્યકિરણો એમના વદન પર પડતા હતા. મેં પૂછ્યું. "ડૉકટરને બોલાવવા મોકલું ને?"

"નોનસેન્સ, ડૉકટર! ડૉકટર મને શું કરશે? હું શું ડૉકટરની દવા ખાવાનો હતો? તદુપરાંત મારે તો હૃદયનો દુઃખાવો છે. હું જાણું છું એ જ મારું દ્વાર છે, દરેકને એક યા બીજું, કોઇક એક દ્વાર હોય છે, મારું મૃત્યુ–બાણ પણ ત્યાં જ છે. ઓચિન્તો એકાએક એક દિવસ સ્તબ્ધ બની જઇશ, તે એ ખોટું પણ નથી–જો તે......એ નહોતું કહ્યું મારા વિષે, કે એ મૃત્યુથી બહુ ડરે છે એટલે જ સર્વત્ર લખતા ફરે છે કે 'હું ડરતો નથી' 'હું ડરતો નથી,' પણ એ વાત ખરી નથી. લેશ પણ સાચી નથી. જીવન વિષે મને વળગણાં નથી. ફક્ત એક વાત મનમાં છે. તે શું એ જાણે છે? એક જ કે આ વિશ્વભારતીને આટલી મહેનત કરીને ઊભી કરી છે, તેનું મારી ગેરહાજરીમાં શું કંઇ જ મહત્ત્વ કે મૂલ્ય નહિ રહે? એની પાછળ કેવો પરિશ્રમ છે, એ તને ખબર નથી. કેવા દુઃખના એ દિવસો વીત્યા છે, જ્યારે નાની વહુ (કવિપત્ની મૃણાલિની દેવી)ના ઘરેણાં સુદ્ધાં લેવા પડ્યા હતા. ચારે તરફથી કરજ વધ્યે જતું હતું, વિદ્યાર્થીઓને ઘરનો ખર્ચ કરીને જમાડવા–વસ્ત્રો આપવાનું નક્કી કરીને વિદ્યાર્થીઓ શોધતો મેળવતો. કોઇ વિદ્યાર્થી તો મોકલે જ નહિ. ઊલટાના ગાડીભાડા ખર્ચી બીજાઓને ના પાડી આવે. આ જાતની સહાય મળી છે મને મારા સ્વદેશવાસીઓ તરફથી. અને એ જ વખતે એક પછી એક મૃત્યુ–શોક ચાલ્યા આવતા હતા–એ દુઃખનો ઇતિહાસ પૂરેપૂરો લુપ્ત થઇ ચૂક્યો છે. લોકો જાણતા કે એ "હું" બહુ શોખીન માણસ છું, તદ્દન નિરાધાર બન્યો હતો. મારા સંસારમાં કંઇ જ બાબુસાહેબી નહોતી. નાનીવહુને પણ ઘણો ભાર વહેવો પડતો, જાણું છું કે એ વાત એ મનમાં યે નહોતી લાવતી. પણ જે આટલા વિઘ્નો દેશવાસીઓ તરફથી ન આવ્યા હો[...] તો, માત્ર અર્થાભાવે આટલું કષ્ટ વેઠવું ન પ[...] મદદ ન મળે એ સામાન્ય વાત છે, પણ શું નિ[...] જવા દે, જે થવાનું હતું તે થઇ ગયું. હવે આ[...] વેઠીને જે ખડું કર્યું છે તેનું જો મારી ગેરહાજરી[...] ઓછું મૂલ્ય અંકાશે તો આટલા દિવસની આ [...] મહેનત નકામી જશે, ને પછી રથી (કવિપુ[...] રથીન્દ્રનાથ) પણ કેમ કરીને જીવશે? એની [...] તરફ જે એક મહાન કાર્ય, વિશાળ ને વિરાટ [...] ક્ષેત્ર ઊભું છે તે ભાંગી પડતા એ પણ અતિ અસ[...] થઈ જશે! મૃત્યુ વિષે આ એક જ વાત મને [...] આવે છે, અને તે મારી વિશ્વભારતી, બીજું [...] જ નહિ.

×

"શું વિચારો છો?" એમણે પૂછ્યું.

"હું તમારી જો કંઇક આત્મીય હોત તો [...] સારું થાત એનો જ વિચાર કરું છું." મેં કહ્યું.

"કેમ શા માટે? આત્મીય ન હોવાથી [...] નુકસાન થયું શું? આટલી કવિતાઓ વાંચ્યા પછી [...] આવી બુદ્ધિ? 'આત્મીય' હોઇએ એટલે જ શું આત્[...] થઇ જવાય છે? તે કરતાં આ જે થયા છો એ [...] સારું છે. પાસે હોવાથી જ જો સહુથી વધુ મેળ[...] શકાતું હોય તો તો મહાદેવે મને સહુથી વધુ મેળ[...] હોત. પ્રથમ જેઓની વચ્ચે જીવન શરૂ કર્યું હ[...] તેમની પાસેથી તણાઈ ચાલ્યો આવ્યો છું. [...] શાન્તિનિકેતન આખું યે અનાત્મીયોથી ભર્યું છે, [...] તેઓ તો અનાત્મીયો નથી. જેઓની વચ્ચે જ[...] હતો, તેઓની પાસેથી તો દૂર નીકળી આવ્યો [...] તેઓમાં એવાયે અનેક છે જેઓ નથી [...] યાદ કરતા, કે હું નથી એમને યાદ કરતો. [...] મારા પરાયા મારા થયા છે. એમાં નુકસાન શું [...] તમે જેઓ પરાયા છો તેઓ જ્યારે પાસે આવો [...] આવો અકારણ નિર્વ્યાજ સ્નેહ દર્શાવો છો એની [...] હું અવહેલના કરતો નથી. બહુ વિશાળ જગ્યા [...] છું અને એ સ્નેહ, એ ઊંડી શ્રદ્ધા હું વિશ્વમાન[...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેટ ગણી સ્વીકારું છું. એથી હૃદય ભરાઈ આવે છે. સમજાતું નથી કે શા માટે આ બધું મળે છે, તમારા સહુ પાસેથી મળ્યું છે ઘણું ઘણું, ફરિયાદ કરવા જેવું કંઈ જ નથી મારે. એથી જ જુઓ ને આ કેટલાયે વિનાજરૂરના કાગળો લખું છું. જો કોઇને મારી લખી એક લીટી મેળવવાથી આનંદ થતો હોય તો એને પાછો કેમ વાળું? બેશક થાકેલા શરીરે ઘણો સમય એમાં જાય છે એ જાણું છું, પણ હું કોઇને પાછો નથી કાઢી શકતો. કોઈ જો મળવા આવે તો તડ દઈને કહેવાતું નથી કે વખત નથી. જે ઊંડો સ્નેહ તમે મને આપો છો, તે તમે મને શા માટે આપો છો તેની સાચે જ મને ખબર નથી. શું તે એ માટે કે હું બહુ મોટો કવિ છું? હું જો સુંદર કવિતાઓ લખતો હોઉં તો તેમાં તમારે શું? આ જીવનમાં ઘણું ઘણું મળ્યું છે દેશમાં–વિદેશમાં પ્રશંસાપત્ર અભિનંદન આ બધું અનેક કવિના નસીબમાં હોય છે, નોબલ પ્રાઈઝનું મૂલ્ય પણ નક્કી થયેલું છે, પરંતુ આ નિર્વ્યાજ ઊંડો સ્નેહ–પ્રેમ–એ અમૂલ્ય છે, દુર્લભ છે, ક્યારેય ન માનશો કે હું એ નથી જાણતો.

×

"આપણે ત્યાં સ્ત્રીને પુરુષ સાથે જે જાતના સખત બંધને બાંધવામાં આવી છે, એ બંધનનું પરિણામ બેઉ પક્ષે શું ભોગવવું પડશે!" મેં પૂછ્યું.

"વારુ, પતિનો વિયોગ સ્ત્રી માટે વધુ દુઃખકર થાય છે કે પત્નીનો વિયોગ પતિ માટે આકરો બને છે?"

"વિધવાના દુઃખ સાથે કોઇની તુલના થઇ શકે ખરી? પતિઓને શું દુઃખ...?"

"પણ હું તો જોઉં છું કે વિધવાઓ દીર્ઘાયુ હોય છે."

"એ સાચું છે, કદાચ શુદ્ધાચારને કારણે એમ હશે. એકવાર વિધવા બનતા મરવું કઠીન થઇ જાય છે."

"ફક્ત એટલું જ શા માટે? મને તો લાગે છે કે પતિ રૂપી એક જબ્બર ભાર જે, સ્ત્રીને વહેવો પડે છે, તે દૂર થતા ભાર ઘણો હળવો બને છે. ત્યારની તે વેળાની મુક્તિ મન શરીરને થોડોક વિશ્રામ આપે છે. સેન્સરની ગણતરીમાં જોવામાં આવ્યું છે કે વિધુરો મરે છે વધુ, આનું કારણ કદાચ એમનો જે ભાર અગાઉ પત્ની–સ્ત્રી વહન કરતી તે ભાર એમને વહેવો પડતો હશે તે હશે, પોતાનો ભાર એ અતિ દુર્વહ ભાર છે. પત્નીરૂપી આદત બહુ ખરાબ આદત છે, એકવાર પડી પછી એનાથી બચવું મુસ્કેલ છે. એ કારણે જ તો પત્નીનું અવસાન થતાં સહુ લગ્ન માટે દોડે છે. ખાસ કરીને જ્યારે નાનાં નાનાં પુત્ર–પુત્રી હોય ત્યારે તો એ એક ભયાનક આફત થઇ જાય છે. કોણ એની દેખરેખ રાખે, ખવડાવે, એને મોટાં કરે, એ શું પુરુષનું કામ છે? ખાસ કરીને જેઓએ પોતાને ઘર સાથે ખૂબ એકાકાર કરી દીધો હોય એની આફત તો આથીયે વધુ છે."

થોડીવાર માટે એ શાન્ત-મૌન બન્યા–મહાદેવ ચાની સામગ્રી લઈ આવ્યો. તેઓ અન્ય મનસ્ક ભાવે કંઈક વિચારી રહ્યા હોય એમ લાગ્યું. થોડી વાર પછી એ બોલ્યા–બેશક, મારી પોતાની વાત તદ્દન જૂદી જ જાતની હતી. મેં કદીયે મારી જાતને દુનિયા-દારીમાં ફસાવા નથી દીધી. કોઇ પણ પ્રકારેયે બંધાવું મારા સ્વભાવમાં જ નથી."

"પણ તમારે તો ગૃહ–સંસારનો ભાર એકલા એકલા જ વહેવો પડ્યો હતો ને?" મેં કહ્યું.

એ તો બનેલું જ. એની બધી વ્યવસ્થા, ભણાવવા –પરણાવવા, એટલે સુધી કે ત્રણ બાળકોનું મૃત્યુ–દુઃખ પણ મારે એકલા એકલા જ વેઠવું પડેલું. બરાબર યાદ નથી પણ ઘણું કરીને વેલા*નાં લગ્ન એનાં મૃત્યુ પૂર્વે થયેલા. બધું જ કર્યું છે, પણ જાળમાં ફસાયો નથી. દૂર રહીને જ.

"આ બધું કર્યું છે. બાળકોને મોટા કરવા, એમના ભણતરની વ્યવસ્થા વગેરે કર્યું છે. પણ એ

*–માધુરીલતા [કવિપુત્રી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે એક Intellectual Task હતું. એ બુદ્ધિપૂર્વક વિચાર–વિવેકથી પુરુષની દષ્ટિએ જ કર્યું છે. રથીને ભણાવવા જતાં જ તો આ શાન્તિનિકેતનનો ગુરુ બન્યો. બેશક ત્યારે એ હયાત હતી અને મને મારા કામમાં એણે મદદ પણ કરી હતી. અત્યારના છોકરાછોકરી જેવા આટલા અસંતોષી નહોતા. આધુનિક રીતે અમારા લગ્ન નહોતા થયા છતાં એમાં કશુંય ઓછું–અધિકું નહોતું. એક ઊંડી શ્રદ્ધાનો સંપર્ક હતો. તેમાં એણે તો ઇચ્છયું હતું શાન્તિનિકેતનના મારા કામમાં સંગિની થવાનું, ખાસ કરીને છેલ્લે છેલ્લે એનો ખૂબ જ આગ્રહ હતો મારી સાથે સહકાર્ય કરવાનો. પણ એ ન બની શકયું, એ પછી ટૂંક સમયમાં જ એની એ ભયાનક માંદગી ઊપડી. ”

“ તમને એની ખોટ બહુ સાલી હશે ? ” મેં પૂછ્યું.

“ મેં હમણાં જ ન કેહ્યું કે હું એક વાતમાં સદાયે ઉદાસીન ને નિરાસકત હતો. એ જ મારો સ્વભાવ રહ્યો છે. અંદર અંદરથી દૂર રહેવાની ટેવ હતી સર્વ વાતો વિષે. તદુપરાંત જ્યારે એનું અવસાન થયું–એ ચાલી ગઈ ત્યારે મને પળવારનોયે અવકાશ નહોતો. શાન્તિનિકેતનમાં ગુરુ બન્યો હતો, ગજવે પૈસા નહોતા. કરજ પર કરજ ચડયે જતું હતું. કરજભારે દબાયેલો હતો, કામનો કોઈ આરો–વારો નહોતો એ વેળા નિજ સુખ–દુઃખ પાછળ મનને ભટકવા દેવાનો સમય જ કયાં હતો ? વચેટ પુત્રી આલમોડામાં મૃત્યુપથારીએ પડી હતી, એને ત્યાં મૂકી વારે વારે આવવું પડતું હતું શાન્તિનિકેતનમાં શાન્તિનિકેતનના કામસર. જવા–આવવાની દોડધામ ચાલતી રહેતી. ત્યારે સહુથી વધુ શું દુઃખ થતું જાણે છે ? કે મારું એવું કોઇ નથી જેને હું બધું કહી શકું. સંસારમાં વાતોના ઢગલા તો નિરંતર થયા જ કરે છે. પણ સાચી સલાહ લેવા માટે નહિ; માત્ર બોલવા જ માટે. એવા કોઈકને મેળવવા ઇચ્છતો જેને હું બધું કહી શકું–એ તો જેને–તેને કહી ન શકાય ? જ્યારે જીવનનું આ યુદ્ધ ચાલતું હતું, કામનો ભાર વધી રહ્યો હતો, ને પુત્રી મૃત્યુ માર્ગે આગળ વધી રહી હતી, ત્યારે સહુથી વધુ દુઃખ વાતનું જ થતું હતું કે એવું કોઈ નથી કે જેને મારું બધું......”

આ બધી વાતો એમને મોઢે વધુ વાર સાંભળી...... ખૂબ જ ટૂંકાણમાં માત્ર એક બે સાંભળેલી. કુટુમ્બજીવન વિષે, પોતાના દુઃખ-વિષે, ત્યાં સુધી કે એમની શારીરિક પીડા સં પણ તેઓ અજબ એવા મૌનધારી હતા.

×

“ ચાલો, હવે જરા સ્થિર થઇને બેસજો. ચિત્ર દોરીશ. બેશક, આશા પણ ન રાખતા કે ચિત્ર તમારા જેવું થશે. ઊલટાની આશંકા એમણે મને કહ્યું. ને પછી એ આગળ બોલ્યા–

“ એક વાત સાંભળેલી, અતિકુરૂપ એવા માણસે એક મહાન ચિતારા પાસે ખૂબ મહેનત આપી પોતાનું ચિત્ર દોરાવ્યું. પછી છ્મી લેવા ચિત્રમાંનું મોં જોઈ એ અસ્થિર–આભો બની બોલે ‘ આયે શું મારું ચિત્ર છે ? તું ભલે ને ગમે તે આર્ટિસ્ટ હો, I must say it is a very b work of Art.” ચિતારાએ કહ્યું, “ પણ શું you must admit that you are a b work of nature. ”

પણ જો, હુ તને કદીયે આવું નહિ કહું, નહિ કહું, સાચું હશે તોયે નહિ કહું, મનમાં તોયે દાબી રાખીશ.

×

“ એ રદ્દી કાગળિયા શા માટે ભેગા કરો છો ” ગુરુદેવે પૂછ્યું.

“ આ રદ્દી કાગળ નથી. એ તો તમારી કવિતાના કટકા છે.”

“ ઓહ, તમારા પ્રદર્શનમાં મૂકશો એમ લાગે તમને પહોંચી નહિ શકાય. કયાંકના નકામા કયાંક પડેલા ફાટેલા જોડા, એકાદું લૂગડું બધું કરે છે. તમારું મકાન આખરે બેલુર મઠ બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદુપરાંત વળી એક ડાયરી છે જેમાં બધી વેર-વિખેર વાતો ભેળી થાય છે. મકાનને સંગ્રહસ્થાન બનાવી દો એનો વાંધો નથી, પણ જીવનને સંગ્રહસ્થાન કરી ન મૂકો એટલો જ મારો આગ્રહ છે. " क्षणिकामां लख्युं छे ने फुराय जा दाओ फुराये. "

તે ભલેને બનતું મારું જીવન, એક સંગ્રહસ્થાન. એમાં વાંધો શું છે?

વાંધો? ખૂબ જ વાંધો, જબ્બર વાંધો છે. એ સંગ્રહસ્થાનના મમી બનવાની મારી ઈચ્છા નથી. જે કેટલાક દિવસ તમારી સાથે રહી ગયો, તમને સહુને આનંદ આપી ગયો, એ જ સારું છે, સ્મૃતિભારે દાબી શાને ભારાક્રાન્ત કરવું તમારું જીવન? આ કેટલાક દિવસની આનંદસ્મૃતિને જો આનંદિત બની યાદ રાખો તે સારું છે, જો યાદ કરીને આનંદ પામો તો વધારે સારું, પરંતુ એનો ભાર કે બોજો ન હોવો જોઇએ. હું તમારા જીવનમાં સમાધિ-મંદિર બનવા નથી ઇચ્છતો એ સ્પષ્ટ કહી દઉં છું, એમ કરશો તો ગઝબનો ઝઘડો કરી બેસીશ.

×

એક વાર કલકત્તાના મકાનમાં "વિચિત્રા" સભામાં ગુરુદેવ વાર્તા વાંચવાના હતા. વાર્તા પૂરી થઈ, ને સભા વિખેરાતાં ઠીક ઠીક રાત થઇ ગઈ. ત્યાર બાદ એક એક કરીને સહુને વિદાય આપતા આપતા એમના જમવાના નિયત સમય કરતાં ખૂબ ખૂબ મોડું થઈ ગયેલું. સહુના ગયા પછી હજુ તેઓ જમવા બેસતા જ હતા ત્યાં કો'ક આવીને બારણા પાસે ઊભું રહ્યું. એમને એક ટેવ હતી, કે કોઈ બહારના માણસની હાજરીમાં ખાવું એમને રુચતું જ નહોતું. આપણા દેશની વિશિષ્ટ વ્યક્તિઓ સામાન્યતઃ ખૂલી જગ્યામાં સહુની સામે ઉઘાડે શરીરે બેસી તેલ ચોળે છે, નોકરો પાસે તેલ-ચોળાવી ન્હાઇ શકે છે. સહુની સામે બેસીને જમી શકે છે પરંતુ ગુરુદેવની પ્રકૃતિગત લજ્જાળુતા કંઈક જુદી જ હતી. નોકરો દ્વારા ન્હાવા કરવાનું તો આઘું રહ્યું, કોઇ અપરિચિત યા ઓછી પરિચિત વ્યક્તિની હાજરીમાં જમવું યે એમને નહોતું રુચતું. આથી કોઇ બહારની વ્યક્તિ હાજર હોય ત્યારે નિયત સમય વીતી જવા છતાં એમનું ભોજન લઇ હાજર નહોતા થતાં. આવી નાની નાની સામાન્ય વાતોમાં પણ એમની અસામાન્ય વ્યંજના દેખાતી, જેમાં એમના હૃદયની ખાનદાની દેખા દેતી.

હવે એ દિવસની વાત જ આગળ ચલાવું. ગુરુદેવ જમવા માટે બેસતા જ હતા, ત્યાં પેલા સજ્જન આવીને ઊભા રહ્યા,-એ આવનારમાં પણ એક અજબ જેવી શક્તિ હતી કે તે કંઇ જ કારણ વિના, તદ્દન અવાંછિત ભાવે કલાકોના કલાકો રોકાઈ શકતા હતા. એમનામાં કંઈ ખોડ-ખામી કે સભ્યતાનો અભાવ હતો તેવું નહોતું, પરંતુ એમની હાજરી કંઇક અણ-ગમતી હાજરી હતી. હં, એ સજ્જન તો જામ્યા તે જામ્યા જ. ન કંઇ કારણ કે ન કંઇ બોલાવાનું, છતાં તેઓ તો બેઠા જ રહ્યા. અમે સહુ એક પછી એક અધિરા થઈ ઊઠયા, રાત પણ ઠીક ઠીક વીતી ગઈ. અનિયમિત પણ થયા. સરખી રીતે ભોજન પણ ન કરી શક્યા. જો કે અમારો મનોભાવ બોલીને અમે વ્યક્ત કર્યો નહોતો, છતાં તદ્દન ગોપવ્યો હતો એમ પણ ન કહી શકાય. એ સજ્જન કંઇ સમજ્યા હતા કે નહિ એની ખબર નથી. અવ્યક્ત મનોભાવને કળી જવા જેવી તીવ્ર અનુભૂતિ સહુને નથી હોતી, પણ કવિ તો બધું યે સમજી શકતા હતા. મોડીવારે પેલા સજ્જનમાં શુભ બુદ્ધિનો ઉદય થયો. એ ચાલ્યા ગયા પછી ગુરુદેવ બોલ્યા-"તમારામાં આ મોટો દોષ છે કે તમે અસહિષ્ણુ છો. જે પ્રિય હોય,-ગમતું હોય એને તો સહુ સહન કરી શકે, પણ જે અપ્રિય, અણગતું-અવાંછિત છે-જેને બિચારાને કોઈ જ ઇચ્છતું નથી, જે કોઇને યે ગમે એમ નથી, પછી ભલે ને એની મૂઢતાને અંગે જ આમ હોય-તેને જો તમે સ્થાન ન આપી શકો તો તે અત્યંત અકરુણ છે. એ શું ઓછો બિચારો હતો, વિચારો તો, જો એમ ન હોત તો એની ઉપેક્ષા એ ન જાણી શક્યો હોત? જે તમને ગમે છે, જે ઉપેક્ષણીય નથી, એને પાસે બોલા-વવો તે કંઇ મોટી મહત્ત્વની વાત નથી, પરંતુ જે અયોગ્ય છે એને પણ થોડુંક સ્થાન આપવું જોઇએ!"

×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બપોરે ઓચિન્તો શાન્તિનિકેતનથી તાર આવ્યો. જલદીથી શાન્તિનિકેતન પાછા ફરવાની જરૂર હતી. તાર લઇ જઇને ઊભી રહી. તેઓ કાગ્રચિત્ત વાંચી રહ્યા હતા. ચોપડી બંધ કરી ખોળામાં મૂકી તેઓ બોલ્યા: "કેમ શું ખબર?" તાર વાંચી જરા રહીને એમણે પૂછ્યું—"તમે વાંચ્યો?"

"હા" મેં ઉત્તર આપ્યો.

આ ખબર નજીકમાં જ આવશે એ હું જાણતો હતો, એથી જ તમે જ્યારે પડી ગયેલા ચહેરે અહીં આવ્યા ત્યારે ધાર્યું કે નક્કી મારા જવા વિષેના ખબર જ હોવા જોઇએ. પણ મનને અસ્વસ્થ કર્યે શું વળે? કામ છે ભાઇ કામ! મેં કહ્યું છે ને કે સપ્ટેમ્બરમાં આવવાનો છું. જવાનું જ જો બને નહિ તો આવવાનું કેમ બને? જવામાં યે મઝા છે અને આવવામાંયે મઝા છે, એમ નથી લાગતું તમને? જે થવાનું જ છે એના વિષે તર્ક કર્યે ફાયદો નથી. એના કરતાં હસતાં હસતાં જ રજા આપો ને!"

×

"યાદ છે એ પ્રથમ સ્વદેશીયુગની ચળવળમાં ભાગ લીધેલો તે, પણ વધુ વખત ટકી ન શક્યો. ગદ્ ગદ્ ભાવયુક્ત એ ભરપૂર આબોહવા ધીરે ધીરે કલુષિત થઇ ઊઠી. મનમાં તિરસ્કાર છૂટ્યો. માટિ તો નય, જેન મા'ટિ કેદે ભાષાય આરકી."

મને એ અસહ્ય થઇ પડતું. કોઇ રીતે એમની સાથે એકમત થઇ શકતો નહોતો. એકાદ સત્ય આદર્શ ઉપર ચાલનાર, સ્વસ્થ બુદ્ધિ–વિવેચના ઉપર પ્રતિષ્ઠિત સબળચરિત્ર વ્યક્તિ આપણે ત્યાં વિરલ છે. જ્યારે જોઇ શક્યો કે કેવા મૌખિક અને નકામા છે આ બધા ગદ્ ગદ્ કરી નાખતા ભાષણો, ત્યારે તેથી હું ટેવાઈ ગયો હતો.

"જલિયાનવાળા બાગનો પ્રસંગઃ અહીં હજુ એ વાત બરાબર રીતે નહોતી પહોંચી, બરાબર યાદ નથી પણ ઘણું કરીને મને એ ખબર ચૌધરીને ત્યાંથી મળેલા. એ સાંભળીને કેવું પ્રબળ અને અસહ્ય દુઃખ થયેલું, તે આજે પણ બરાબર યાદ છે. મનમાં થવા

લાગ્યું કે શું આનો કોઇ ઉપાય નથી? કોઈ પ્રતિ... નથી? કંઇ જ પ્રત્યુત્તર નથી શું? કંઈ જ શું ન... કરી શકાય? આ પણ મૂંગા મૂંગા જ સહન કરવ... થશે તો તો જીવન અસંભવ થઈ પડશે. એ જ ... એ કાગળ લખ્યો. રાત્રે ચાર વાગે કાગળ પૂરો ... ત્યારે સૂવા જઈ શક્યો. કોઇને કહ્યું નહોતું ... વિશે. રથીને પણ નહિ, કારણ જાણતો હતો કે ... બધી વાતોમાં બહુ સલાહ–વાતોની જરૂર નથી, ... કરવાં જતાં પછી કોઇક આડું આવે એનો જ ... હતો. ત્યારે મનની એવી સ્થિતિ થઇ હતી કે ... થઈ શકે તે, કંઇક પણ તુરત જ કરવું જોઇએ.

એ જ વખતે મેં.. ને કહ્યું કે તમે આ વિષે ... દેશવ્યાપી આંદોલન શરૂ કરો. તત્કાળ ચળવળ ... કરો, પણ તે વખતે તેઓ રાજી ન થયા. ત્યારે તે... ...સાથે કંઈક સગવડ વિષે વાતો ચાલતી હતી, ... બગાડવાની એમની ઇચ્છા નહોતી, પછીથી એ... આ વિષયને જ મુખ્ય પ્લેટફોર્મ બનાવી ... ભાષણો એમણે આપ્યા હતા. એ વેળા મને ... આશ્ચર્ય થયું હતું તે કહી શકતો નથી.

તે પછી......ને મેં કહ્યું કે એક વિરોધ ... બોલાવવાની તજવીજ કરો. હું યે બોલીશ તમે ... પણ બોલજો. એણે જવાબ આપ્યો–"તમે જ ... અમે એમાં હાજરી આપીશું" આને તમે શું કહેશો ... આ બધું પોલિટિશિયનોનું પોલિટિક્સ! ... જોઇને સાચવી સાચવીને ચાલવું–એ લોકો સાથે ... કદીયે મળતો નથી થઈ શક્યો. એ ખરું છે કે ... બધી વિરોધ સભાઓ બહુ ફળદાયી હોય છે ... નથી. પરન્તુ અન્યાયનો વિરોધ જો યોગ્ય સમયે ... કરીએ તો તે આપણો આપણા પોતાના પ્રત્યે ... અન્યાય છે. વિરોધ જ્યારે મનમાં ઊકળી રહ્યો હ... ત્યારે ચૂપ કરીને રહેવું, કારણ એ જ સગવડપ્રદ ... અને ત્યાર બાદ જરૂર મુજબ સગવડ પ્રમાણે વિ... ઉચ્ચારવો એ મારાથી થઈ શકે તેવું નથી. એથી ... રાતે કાગળ લખ્યા વિના મારો છૂટકો નહો... ...વેદનાએ મારા મનને દાબી રાખ્યું ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાંથી છૂટવાનો બીજો કોઈ ઉપાય જ નહોતો. એમને (સરકારને) એ મોટું અપમાન લાગેલું. ઇંગ્લંડમાં પણ મેં જોયેલું કે ત્યાર બાદ લોકો એ વાતને ભૂલ્યા નથી, ભૂલી શકતા નથી, રાજાનું અપમાન હતું ને? અંગ્રેજો રાજભક્ત જાતિ છે. રાજાનો અનાદર તેથી જ એમને માટે આટલો આઘાતકારી નીવડયો હતો. હું એ પહેલેથી જ જાણતો હતો, ને તેથી જ મેં લખ્યું હતું, કંઈ જ તો કરી શકાતું નથી, કેવો નકામો ને સામાન્ય હોય છે આપણો આ બધો નિષ્ફળ વિરોધ. એથી જ વિચાર્યું હતું કે મારી પાસે જે કંઈક શક્તિ છે, એનો વધુમાં વધુ ઉપયોગ હું જે રીતે કરી શકું એમ છું તે રીતે જ કરીશ, ને મેં જોયું છે કે આ દેશમાં પણ લોકો એ વાતને ઘણાં સમય સુધી ભૂલી શકયા નહોતા–નથી.

×

બધો સામાન ચાર મોટરમાં મૂકવામાં આવ્યો. અમારી મોટર વચ્ચે ચાલતી હતી. મંગપુ પહાડને ફરતી ફરતી એ આગળ વધતી જતી. અમારી મોટી મોટર જરા ઢોળાવ પર આવતા મેં ડ્રાઈવરને કહ્યું, કંઈજ વાંધો નહિ આવે, ધીમી ગતિએ જતા અવાજ થાય." મેં કહ્યું, ભલે એમ હોય, પણ હવે અમારે બીજી નાની ગાડીમાં જવું છે," આ પહેલા થોડા જ દિવસે ત્યાં એક જબ્બર મોટર અકસ્માત બની ગયો હતો, ત્યારથી મારા મનમાં બીક પેસી ગઈ હતી. તદુપરાંત ગુરુદેવને સાથે લઈને જાઉં છું એમાં જવાબદારી પણ કાંઈ જેવી તેવી ગણાય? હું ડ્રાઈવર સાથે વાત કરતી હતી ત્યાં તો બીજી મોટરો પણ પાછળ આવી ને ઊભી રહી. સહુ આવીને પૂછવા લાગ્યા "શું છે? શું થયું?" વગેરે.

"અમારે નાની મોટર-ગાડીમાં જવું છે." મેં કહ્યું.

ગુરુદેવ અત્યાર સુધી ચૂપ હતા તે હવે બોલ્યા: "શા માટે! હું તો નથી ઊતરવાનો આ ગાડીમાંથી. એની વાત સાંભળો છો જ શા માટે? તદ્દન ખોટો ડર છે. ડરપોક નહિ તો! પહેલાં પોતે જ કહે છે કે ધીમે ચલાવજે, અને હવે ઢોળાવ લે છે એટલે ભયભીત બને છે!"

"ભલે એમ હશે' પણ બીજી મોટરમાં જવામાં કંઈ નુકશાન તો નથી ને?

નુકશાન! ઘણું જ નુકસાન. તમને ભલે ન થાય પણ આ ડ્રાઈવર માટે તો એ અત્યંત અન્યાય થશે. એનો તો કંઈ જ વાંક નથી. ઠાલાં ઠાલાં આપણે ઊતરી જઈએ તે એને અપમાન ન લાગે?" એમણે કહ્યું.

"એને કંઈજ નહિ લાગે મનમાં." હું બોલી.

"મનમાં તો એને નક્કી લાગશે જ, એને અત્યંત માઠું લાગશે. પણ એનો બિચારાનો કંઇ ઉપાય નહિ, એથી તમે કહો એ એણે મૂંગા મૂંગા સાંભળી લેવું જ રહ્યું."

※

લશ્કરનો અજગર

૧૯૪૬–૪૭ના વર્ષ માટે હિંદી સૈન્યે કરેલી ખાધાખોરાકીની વસ્તુઓની મૂળ માગણી અને દેશના અન્નસંકટને કારણે એ જ વર્ષ માટેની એમની ઘટાડેલી માગણીના આંકડા નીચે મુજબ છે.

	આટો	દાળ	ઘી	વેજીટેબલ અને તેલ	
મૂળ માગણી	૧,૩૮,૭૦૦	૨૩,૫૦૦	૧૧,૮૦૦	૧૮,૧૫૦	ટન
ઘટાડેલી માગણી	૮૪,૨૫૦	૧૫,૦૦૦	૮,૩૦૦	૧૧,૭૦૦	ટન

[[illegible] ધારાસભામાં ખોરાકપ્રધાન શ્રી રાજેન્દ્રપ્રસાદ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુ

[૭]

બનારસના દરેકેદરેક માણસના અંતરમાં આનંદનો અને આશ્ચર્યનો એક સરખો સ્રોત વહી રહ્યો છે. આજે મા ગંગામૈયાને કાંઠે અદ્ભુત બનાવ બની ગયો. હલાહલ કલિયુગમાં સતજુગના આ એક પળના દર્શને તો ભલભલા નાસ્તિકોના દિલના પણ તાર ઝણઝણાવી દીધા!

ભક્તરાજ કબીરના પુત્ર કમાલે, એક રક્તપિતિયાને, હજારોની મેદનીના દેખતાં, એક પળના છઠ્ઠાભાગમાં, રામને નામે, તારી દીધો!

એક ફુંક મારે ને જેમ મહાન વિષધરનું વિષ ઊતરી જાય, અંજન આંજે ને જેમ જનમ આંધળો દેખતો થઇ જાય, માથે હાથ મૂકે ને જેમ પંગુ ચાલતો થઇ જાય–તેમ ગંગામૈયામાં, શરીરના અસહ્ય તાપથી ડૂબવા આવેલો ગળત કોઢિયો, ભક્તરાજ કબીરના પુત્ર કમાલનો હાથ અડતાં, તો જાણે નખમાં પણ રોગ ન હોય તેવો રાતોરાણ બની ગયો!

નગરી વારાણસીની શેરીએ શેરીએ ને ગંગામૈયાને ઘાટે ઘાટે આજે આ અદ્ભુત પ્રસંગની કથા સાંભળીને માણસોને હર્ષરોમાંચ થાય ને!

ભગવાનનો કેવો પ્રતાપ!

માત્ર એક જ માણસના દિલમાં આ વાત સાંભળતાં, જાણે ઊંડું ઊંડું દુઃખ થઈ આવ્યું લાગે છે.

એની શાળના તાણાવાણા અટવાઈજાય છે. એના હાથને મહેનત પડે છે. એની આંખ ફાંફાં મારે છે. કોઈ દિવસ નહિ ને આજે એની 'ઝીણી ઝીણી ચદરિયાં' વણતી વણાટમાં ભૂલ પડી જાય છે!

ભક્તરાજ કબીરને રામનામનો આ પ્રતાપ ગમતો નથી કે શું? ભક્તરાજને, ભગવાનના મહિમાનું લોકકંઠી ગાન–એમાં કાંઇ ઊણપ દેખાય છે કે શું?

ભગવાનના આવા મહિમાપ્રસંગે એના ભક્તના દિલમાં આવો વિષાદ કયાંથી?

ભક્તના હૃદયમાં આ વેદના શાની? શા માટે?

ભક્તરાજ કમાલને કહી રહ્યા છે: 'જેણે રામનામને એક વખત પણ વટાવી ખાધું, કમાલ! એને માટે પછી કોઈ જ દવા કામ કરતી નથી! એ શું સર્વજ્ઞ નથી કે તમારા જ્ઞાનનો એને ટેકો મળે ત્યારે જ. એ વાત જાણે?

ભગવાનના નામને જે વાપરે છે, કોઇ પણ કામને માટે, એને જે મહિમા મળે છે, એ મહિમા એને પછી મારે છે! ભગવાનનું નામ વટાવવા માટે છે જ નહિ. એ તો કેવળ લેવા માટે જ છે!

[૮]

ભગવાનનો દરબારગઢ બંધ થઈ ગયો. દ્વાર ભિડાઈ ગયાં. પડદા પડી ગયા. દર્શન બંધ થઈ ગયાં. સેંકડો ને હજારો ભાવિક ભક્તજનો પાછા ફર્યા. પણ એમાં વિરહ કોઈને ન હતો. વ્યથા કોઈકને હતી. દુઃખ થોડાકને હતું. પણ રોષ સૌને હતો.

પૂજારીએ દર્શન વહેલાં બંધ કર્યાં એનો રોષ સૌના દિલમાં પ્રગટયો હતો.

પણ પૂજારીએ–દૂર ઊભેલા એક ચાંડાલને જોયો હતો.

એના દૃષ્ટિદોષથી પોતાના ભગવાનને બચાવી લેવા એ દોડયો. એણે ઝડપથી પડદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

નાખી દીધા. મંદિરના દ્વાર એકદમ દઇ દીધાં. અને પછી તો દરબારગઢના દરવાજા જ બંધ કરી દીધા.

જ્યારે એ બહાર નીકળ્યો ત્યારે લોકો ગુસ્સે થઈ ગયા હતા. પણ એ તો પોતાને લાગેલો દ્રષ્ટિદોષ ધોવા નદી તરફ જઈ રહ્યો હતો !

જુગજુગનો વિજોગ હોય તેમ એક ખૂણામાં રસ્તા ઉપર ચાંડાલ ઊભો હતો. એના નેત્રમાંથી આંસુની ધાર વહેતી હતી. એના કંઠમાં શિશુનું રુદન હતું. એની આંખમાં તીવ્ર પિપાસા હતી.

પૂજારીને દયા આવી. સ્નાન કરીને પવિત્ર થવા તો જવું જ છે—એમ ધારીને એક ક્ષણ ત્યાં થોભ્યોઃ 'ચાંડાલનો જન્મ એ કર્મનો પરિપાક છે અભાગી માણસ ! પૂરાં બે વરસ પ્રાયશ્ચિત્ત કરીને પછી આવજે. છેટેથી ભગવાનની ઝાંખી તો કરાવીશ !'

પૂજારી નદીએ નાહવા ચાલ્યો ગયો.

પણ બે વરસ, ત્રણ વરસ, ચાર વરસ પેલો ચાંડાલ ફરી દેખાયો જ નહિ !

એમ કરતાં એ એક દિવસ અચાનક બહાર રસ્તે દેખાયો. પૂજારીએ એને જોયો. ઊભા રહીને પૂછ્યુંઃ 'અલ્યા ! પછી કેમ તું આવ્યો જ નહિ ? પ્રાયશ્ચિત્ત નથી કર્યું તેં ? મેં કહ્યું તે પ્રમાણે નથી કર્યું ?'

'કેમ નથી કર્યું ? કર્યું તો છે, હોવે !'

'ત્યારે ?'

'ભગવાને મને દર્શન દીધાં !'

'કોને તને ? હોય નહિ !'

'હોય નહિ કેમ ? દર્શન દીધાં અને પોતે જ મને કહ્યું કે હવે ત્યાં મંદિરે જતો નહિ. કારણ કે હું પોતે જ ત્યાં કોઈ દિવસ જાતો નથી !

[૯]

આજે તો ગાંધાર પ્રદેશની એક નારી પોતાની પાડોશણને વાત કહેતાં જાણે થાકતી જ નથી !

મધ્યદેશથી એને ત્યાં એક અદ્ભુત સોદાગર આવ્યો છે. એની પાસે સુવર્ણ છે. ચંદન છે. લંકાનાં મોતી છે. વિષહર છીપ છે. અમૂલ્ય વસ્ત્રો છે. પણ એની પાસે એક એવા તો ઊંચા પ્રકારના ચોખા છે કે ન પૂછો વાત !

એવા તો ગાંધારમાં કોઇએ કોઇ દિવસ જોયા જ નહિ હોય !

આજ એના રસોડામાં એ ભાત રંધાય છે. એની સુગંધથી મહોલ્લો આખો થોડીવારમાં ઘમઘમી ઊઠવાનો છે ! એવી અદ્ભુત એ ચીજ છે !

ઘેલી ગાંધારનારી તો લાકડાં ઉપર લાકડાં મૂકે છે ને ભાત ચોડવે છે. પણ ભાત ચડતા જ નથી.

એટલામાં તો સાંજે એનો પતિ ઘેર આવ્યો. સોદાગર એને મળ્યો. એણે પરદેશી મહેમાનનો સત્કાર કર્યો. એની પાસેની ચીજો જોઇ. ઘરમાં ગયો. હોંશિલી પત્નીએ ભાતની વાત કરી.

ચોખાના દાણા જોયા ને એ પામી ગયો. એક ક્ષણ વિચાર કરતો થોભ્યો.

'કેમ શું વિચાર કરો છો ?'

'કાંઈ નહિ; જરા પેલો લોટો લાવને !'

લોટો આવ્યો. 'આ લોટો લઈને તું પેલા સોદાગર પાસે જા, પાણી મેળું છે એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખા ચડતા નથી. આપણા પાછળના તળાવડામાંથી પાણી લાવવાનું જરાક એને કહે!' પત્ની વાત પામી ગઇ. આ તો કોઇક રાજરમત છે! 'ભાઇ! જરાક ત્યાંથી પાણી લાવી આપશો? પાછળ વરંડાની ભીંત પાસે તળાવડું છે. આ અમારું પાણી જરાક ચોડવવામાં મોળું છે!' તેણે સોદાગરને કહ્યું.

સોદાગર લોટો લઈને પાછળ ગયો.

પાછળ તળાવડામાં પાણી હતું. પણ તળાવડા પાસે જ મરેલો કૂતરો પડયો હતો!

તેણે પોતાના નાકે લૂગડું ધર્યું. ને તળાવડામાંથી પાણી લેવા આગળ ગયો. પણ એના લોટામાં પાણીને બદલે જમીન સાથે અથડાવાનો અવાજ થયો!

પોતે મૂર્ખ તો બન્યો હતો, પણ કોઈ જોતું તો નથી એ જોવા એને ઝડપથી ડોક પાછી ફેરવી.

ઘરધણિયાણી ત્યાં ઊભી ઊભી હસતી હતી: 'મગધના મંત્રીરાજ! તમારા રાજાને કહેજો હજી ગાંધાર જાગતું છે! તમારા શાલભાત અમારા પાણીએ ચડે તેવા નથી! હાથીદાંત તો લંકાનો છે કે આસામનો મંત્રીરાજ?

મધ્યદેશમાંથી, ગાંધારની જાગૃતિ જોવા આવેલો મગધનો મંત્રી, બીજે દિવસે સવારે ઘેર જવા રવાના થઇ ગયો!

હજી આંહીં સૌ જાગતા હતા.

[૧૦]

અને ભયંકર જંગલેજંગલ પણ જાણે એ સાંભળી ને એક ક્ષણભર તો ઊર્મિભારે સ્મિતભર્યાં થઈ ગયાં.

જેણે જીવનભર કોઈ દી દયા નામ જાણ્યું ન હતું, લૂંટવું મારવું ને ખૂન કરવું, જેના નિત્યસંગાથી મિત્રો હતા, હાથ દઈને નાસી જવાનો, દેશના આ પારથી પાર સુધી ધમાચકરડી કર્યા કરવાનોજ પિંઢારી માર્ગ હતો–સ્થિરતા જેણે ... હતી, ઘર જેણે અનુભવ્યું ન હતું, ... ચિતુના મોંમાં આ શબ્દો સાંભળ્યા અને ... સાથીઓ તો ઠીક; એ તો આશ્ચર્યચકિત ... જાય, પણ જંગલના ઝાડેઝાડ, એની ... જાણે નવી ઓળખાણ પામતાં હોય ... આશ્ચર્યથી ડોલી ઊઠયાં!

ચિતુ પિંઢારો! એના નામે તો કેટ... ખૂના મરકી એમણે જોઈ હતી? એના ... આ શબ્દો! ત્યારે તો મા! જનની! ... ધરતી માતા! તું જ સર્વથી મહાન છે. સાથી ... એક પછી એક ચિતુને તજી રહ્યા હતા; ... લાગ્યું કે માલ્કમ તો પાછળ પડેલો ... હવે તો વહેલે મોડે, કોઈક દિવસ અચ... જ આપણા નાયકને ઝડપી લેશે. ત્યારે ... ભેગા થઈને કહ્યું: 'હવે સંતાવાનાં ઠે... રહ્યાં નથી. હવે ભાગવાની કોઇની તા... નથી. હવે અન્નપાણી મળતાં નથી. હવે આ... ફિરંગીને શરણે ચાલ્યા જઈએ. બીજું ... નહિ જિંદગી તો બચાશે!'

'જિંદગી બચાવવાની શરતે જ ... લેવું!'

'અને વચમાં કોઈ અડીખમ આ... રાખવો!'

'આપણી સામે ઘણી ઘણી વાતો હ... ભલે ગામગરાસ ન આપતો, રોટલો આ... તો ઘણું!'

'તમે સૌ કઈ રહ્યા?' ચિતુ બોલ્યો...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે મારું સાંભળો !'

'તમારા કરતાં બે પાંચ ઉનાળા મેં વધુ જોયા છે. હું ફિરંગીને ઓળખું છું. એ મને મરતાં સુધી છોડે તેમ નથી. એનું પણ કાંઇ નહિ. પરંતુ મારામાં બે પગલાં પણ જવાની ત્રેવડ હશે ત્યાં સુધી હું એ ડુક્કરખાઉને શરણે નહિ જાઉં !'

'ખાતરી આપે પછી શું વાંધો ? ફીરંગી ગમે તેવો હોય, એણે એનો બોલ ઉથાપ્યો નથી. અમીરખાનને જાગીર ન દીધી ?'

એનો સવાલ જુદો હતો. મારો સવાલ જુદો છે. મારું હાલત તો આજે મરાઠાઓના ડુંગરોમાં હું ભટકતો હોત. એ જ મારી નેમ હતી. છેલ્લું શરણું ત્યાં લેવાની. ભવાનીની છાયામાં મારો વાળ વાંકો થાત નહિ. પણ નર્મદા ઓળંગતાં ઓળંગતાં તો ફિરંગીનાં ઘોડાં આવી ચઢ્યા અને મારે પાછું ફરવું પડ્યું. આજ હવે કોણ બાકી રહ્યું છે ? એક પછી એક સૌ છોડીને ચાલી નીકળ્યા છે. વસીમહમ્મદે ઝેર લીધું. કરીમખાંએ જાગીર લીધી. નામદારખાંએ નોકરી લીધી. અમીરખાન સ્થિર થઈ ગયો. હવે કોણ છે ?'

'એટલે જ આપણે ફિરંગીને હવે તાબે થઇ જવું !'

'હવે ? રહી રહીને ?' ચિતુ બોલ્યો: 'મને હવે જરજાગીરનો મોહ નથી. કેદનો ભય નથી. મરણુની બીક નથી. મને તો દોસ્તો ! મારા દિલમાં રાત ને દી, સૂતાં ને બેસતાં, જાગતાં ને ચાલતાં. એક વાત આંહીં ખટકી રહી છે ! આંહીં મારા દિલમાં !'

એક ઘડીભર એ શાંત થઈ ગયો. પછી એણે ધીમેથી કહ્યું: 'મને આ ધરતીમાં ને આંહીં જ મરવાની તમન્ના છે. હું ગમે તેવો પણ આ ધરતીનો છું. ફિરંગી મને કાળે-પાણીએ મોકલે ને હિન્દુસ્તાનની બહાર હું મરું એના કરતાં તો આંહીં–આ ભૂમિમાં કમોતે મરૂં એ એક હજાર દરજ્જે સારું. મારે તો મારાં ભૂંડી હાડકાં, આ મારી માને ખોળે ધરવાં છે. હું ગમે તેવો હતો પણ મને દીકરો તો આ ધરતી જ કહેશે નાં ? હું કાંઈ એનો દીકરો મટું ? મારે તો આંહીં મરવું છે. ફિરંગીને શરણે જઈ ને હિંદુસ્તાનની બહાર મરવું નથી !'

અને લૂંટારાની મોંમાં પણ આ વાણી સાંભળીને મા ભારતમૈયા કયે મોંએ કહેવાની કે એ મારો દીકરો નથી!

જે જંગલ એને ભરખી જવાનાં હતાં એ પણ એની આ વાણી સાંભળીને ડોલી ઊઠયાં.

ત્યારે તો આ લૂંટારાના ચિત્તમાં પણ મા ભોમકા વસી રહી છે! ભૂંડી હાડકાં માને ખોળે જ મૂકવાનો એને પણ અભિલાષ છે.

વાહ્ ! મા ! વાહ્ ! તારો પ્રેમ તો વિશ્વ-વ્યાપી છે !

[૧૧]

સ્વામી હરિદાસની પાસે એનો એક શિષ્ય આવ્યો.

હરિદાસજી તો સાધુની એ અવસ્થામાં હતા કે જ્યારે દુનિયામાં પોતે ઓતપ્રોત બની ગયા હોય, દુનિયા એનામાં ઓતપ્રોત બની ગઇ હોય. બહારની કોઈ વસ્તુ જ્યાં રહે નહિ. અને એમનાથી જુદું કાંઈ હોય નહિ. પણ શિષ્યની પાસે તો એક અમુલખ ચીજ હતી. ચાર ચાર જોજનની તમામ સુગંધ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહીરૂપ કરીને સંઘરી લીધી હોય એવી એક અદ્ભુત અત્તરની શીશી એની પાસે હતી. એટલી નાનકડી ચીજમાં તો બે પાંચ હજારનું મૂલ્યાંકન ભર્યું હતું.

એણે તો ભારે ઉત્સાહથી મહારાજને ચરણે એ મોંઘો પરિમલ ભેટ કર્યો.

એક જરાક જ, એ પરિમલને પવનનો સ્પર્શ મળે અને સુગંધની તો સરિતા છલકાઇ જાય.

એવી અજબ મોહિની એમાં હતી.

એણે તો મહારાજને એ ચરણે ધરી. અત્તરની વાત કરી, અને એનાં મોંઘાં મૂલ્યાંકનની પ્રશસ્તિ કરી.

હરિદાસજીએ તો એ હાથમાં લીધી. જરાક દાટો ઢીલો થયો—અને જાણે કે હવામાં સુગંધની પરીઓ નૃત્ય કરવા લાગી.

અને બીજી જ ક્ષણે 'આ તો ખરેખર અદ્ભુત છે!' એમ બોલીને રેતીમાં અત્તરની શીશી ઢોળી દીધી.

ભક્તજન તો દિંગ્મૂઢ બની ગયો. 'અરે પ્રભુ! પ્રભુ!' પણ હરિદાસજી તો આકાશમાં મીટ માંડી રહ્યા હતા.

ખિન્ન થયેલો શિષ્ય ત્યાર પછી બાંકે બિહારીની મૂર્તિનાં દર્શન કરવા ગયો.

જ્યાં જુએ છે ત્યાં બિહારીની મૂર્તિ ઉપર એ જ અત્તર જાણે ઢળી પડયું છે. એવી જ ભભક ત્યાં ફેલાઇ ગઈ છે. જાણે કે હરિદાસજીએ આંહીં આવીને એમને ચરણે ધર્યું હોય!

[૧૨]

'રાજગૃહના નગરજનો! આજ તમારે ત્યાં એક બડભાગી ઉત્સવ આવી રહ્યો. સાંભળો છો કે? આજ તો તમારે આં ભગવાન તથાગત પોતે દાનગ્રહણ કરવા બેઠા છે. નગરજનો! સાંભળો છો કે? આજ તમારે આંગણે એક બડભાગી મહોત્સવ આવી છે! જાગ્રત બનો, નાગરિકો જાગ્રત બનો

પ્રભાતના સુનેરી રૂપેરી વાદળમાં પાડતો બૌદ્ધભિખ્ખુ, ભગવાન તથાગતને ઘોષણા કરતો ચાલી નીકળ્યો. અને રાજગૃ શેરીએ શેરીમાં મોટો ગુંજારવ થઇ રહ્યો.

એવો કોણ અભાગી હોય જે ભગ તથાગતને સત્કારવા તૈયાર ન હોય? ઘેર મોંઘા મૂલી ચીજો નીકળવા માંડી. સુવર્ણ પુષ્પો નીકળ્યાં. મોતીની માળાઓ ની અમૂલ્ય વસ્ત્રો ચળકી ઊઠયાં. કામરૂપ દે હાથીદાંત નીકળ્યો. હીરા માણેક ને બહાર આવ્યાં. પગપાળા, ઘોડા ઉપર, ઉપર, ચાલતા, પાલખીમાં, સુખાસનમાં, ઉપર, જેને જેમ ઠીક ફાવ્યું તેમ માન જાણે કે એક મહાકેડી નગર બહાર નીકળી

ઠેર ઠેર રંગબેરંગી આભુષણો દે માંડયા. ભગવાનના સાન્નિધ્યમાં પહોં જવા માટે સૌ અધીરા બનીને આગળ માગતા હતા.

એટલામાં રાજા બિંબીસાર પોતે આ હાથી ઉપર એની છડી સવારી હતી. સો એને માથે છત્ર હતું. ચમર ઢળતાં હતાં. વા વાગતાં હતાં. એના હાથી હોદ્દામાંથી મો ઓની માળા લટકતી હતી. ભગવાન તથા ચરણે ધરવા માટે એણે લીધેલ સમૃદ્ધિ કરને શરમાવે તેવી હતી!

'શ્રેષ્ઠદાન! શ્રેષ્ઠદાન!'ના લોકધ્વનિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશ ગાજી ઊઠયું. રાજા આગળ વધ્યા: શ્રેષ્ઠીઓ, મંત્રીઓ, સેનાપતિઓ, ઉત્તમ નાગરિકો અને સામાન્ય પ્રજાજનોની કતારની કતાર ચાલતી રહી!

ભગવાન તથાગત ત્યાં રાજગૃહની બહાર એક રાજમાર્ગ ઉપર બેસીને દાનેશમંદોની આવતી જનતાને નિહાળી રહ્યા હતા.

દીનને માટે, હીનને માટે, અપંગ અને નિરાધારને માટે, અનાથ અને બંધુહીનને માટે, ભગવાન તથાગત પોતે, ત્યાં બેઠા હતા. શાંત એમની મુખમુદ્રા હતી. મૌન રહીને એ દાન સ્વીકારી રહ્યા હતા.

રાજા બિંબિસારે બહુમૂલ્ય રત્નો આપ્યાં. ભગવાને એક હાથ લાંબો કરી એ સ્વીકાર્યાં. દીનને માટે, હીનને માટે અપંગ અને નિરાધારને માટે.

પછી યુવરાજ અજાતશત્રુ આવ્યો. મંત્રીઓ આવ્યા. નગરશ્રેષ્ઠીઓ આવ્યા. ભગવાને એક હાથ લાંબો કરીને એમાં સૌનાં દાન સ્વીકારતા ગયા. દીનને માટે, હીનને માટે, અપંગ અને અનાથને માટે

મેદની ઓછી થાય છે અને છેક છેવાડે એક વૃદ્ધા આવીને ઊભી છે; ભગવાનને દાન દેવા.

નથી એની પાસે વસ્ત્ર. નથી અલંકાર. નથી મૂલ્યવાન કોઈ ભેટ. એના શરીર ઉપર કપડાનું ઠેકાણું નથી. માત્ર એના હાથમાં ભેટ કહી શકાય તો ભેટ–એ ધરવા માટે એક અરધું ખાધેલું દાડમ રહ્યુ છે!

એણે રસ્તે ભિખ્ખુના શબ્દમાં સાંભળ્યું કે આજ તો ભગવાન પોતે દાન સ્વીકારે છે અને એ પોતાની પાસેની સઘળી દોલત–અરધું ખાધેલું દાડમ લઈને દોડતી આવી હતી!

અને એ લઈને એ આગળ આવી. 'મારા પ્રભુ! મારા ભગવાન! મારી રંકની પાસે આ છે!'

ભગવાન તથાગતે એક હાથ નહિ, ખોબો વાળીને બે હાથ દાન લેવા માટે આગળ ધર્યા: 'માજી! આમાં એ મૂકો!'

અને લાખો અને કરોડોનાં રત્નો એ અરધા દાડમની પાસે ઝાંખાં પડીને નિસ્તેજ જેવાં બની રહ્યાં!

મેદનીમાંથી એકકંઠી મહાઘોષ ઊઠયો: 'ભગવાન તથાગતનો વિજય હો! શ્રેષ્ઠદાનનો વિજય હો!

[૬૩]

વિક્રમપુરા વિશ્વવિદ્યાલયના આંગણે આજે એક મહામનોમંથન આવી રહેલું દેખાય છે!

કોઇ વિદ્યાવિવાદનો એ કૂટ પ્રશ્ન નથી કે શાસ્ત્રાર્થની ચર્ચા નથી.

કોઈ પરદેશી પંડિતની આગતાસ્વાગતાનો સવાલ નથી કે કોઈ રાજરાજેન્દ્રના આગમનની પ્રતીક્ષા નથી.

પણ તમામેતમામ ભિખ્ખુઓ આચાર્ય શ્રી દીપંકરની મુખમુદ્રા નિહાળે છે અને વિચારમાં પડી જાય છે.

સૌ જુએ છે કે આચાર્યના દિલમાં એક મહામનોમંથન જાગ્યું છે.

અને એ મનોમંથનનો તાગ ન જડતાં આખી વિક્રમપુરા વિશ્વવિદ્યાલયની ભિખ્ખુ જનતા શોચ કરે છે: 'આ મનોમંથન શાનું હશે? આચાર્ય દીપંકર જેવાને મગ્ન રાખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો આ કયો પ્રશ્ન હશે? કોઈ અમંગલ ભાવિની તો એ આગાહી નહિ હોય?'

આચાર્યને તેડવા માટે તિબેટથી એક મંડળી આવી હતી. દોઢ દોઢ વર્ષ થયાં એ આચાર્યને તિબેટ લઈ જવા માટે જ રોકાણી હતી. હવે સમય આવ્યો હતો જ્યારે તિબેટ જવું કે ન જવું એનો નિશ્ચયાત્મક પ્રત્યુત્તર આપવાનો હતો.

આચાર્ય દીપંકરે વારંવાર ઈષ્ટદેવને પ્રાર્થના કરી: 'ભગવાન્! આટલો એક પ્રકાશ આપો મારા જવાથી બૌદ્ધધર્મની સેવા થાશે કે નહિ જવાથી?'

અને ત્રીજે દિવસે પ્રત્યુત્તર મળ્યો: 'બાણું વર્ષનું જીવન જીવવું હોય તો આ વિક્રમશી વિશ્વવિદ્યાલય છે. બોંતેર વર્ષનું જીવન જી હોય તો તિબેટ છે. તમને ગમે તે પંથ લે આચાર્ય! પંથની સેવા બન્ને જગ્યાએ છે!'

તે દિવસે આચાર્યની મુદ્રા જોઇને ભિખ્ખુ આનંદી ઊઠયા. એમાં પ્રસન્નતા હતી. રહસ્યપ્રાપ્તિની ઊંડી તૃપ્તિ હતી.

અને તરત આચાર્યે પોતાના સાન્નિધ્ય પેલા બન્ને તિબેટવાસી સાધુઓને બોલાવ્ આચાર્ય દીપંકરે તિબેટ જવાનો નિશ્ચય કર લીધો હતો. લાંબુ જીવન નહિ– થોડું જી અને એટલી જ સેવા એ એમનો પંથનિર્ણ હતો!

*

શીઘ્રલેખનના ઉસ્તાદો

કલકત્તાના 'ઑલ ઇન્ડીઆ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટેનો ગ્રાફર્સ' (શીઘ્રલહિયાઓનું મંડળ) તરફથી ચાલેલી ટાઇપરાઇટિંગની હરિફાઇમાં મિનિટના સરેરાશ ૮૬·૬ શબ્દો ટાઈપ કરી શકનાર મંદ્રાસના શ્રી રામન ૧૯૩૬ના વર્ષનું પહેલું ઇનામ જીતી ગયા છે. બીજે નંબરે આવનારા મુંબઈના શ્રી શ્રીનિવાસ પાઇની ૩૩૫ મિનિટના ૭૭ શબ્દોની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડું દરિયો બન્યું છે!

ग्रामवासी

કોઈ દર્દીને ડૉકટરની 'ટ્રીટમેન્ટ' ચાલુ હોય છતાં દર્દ તો વધતું જ જાય, એવી દશા આજે ગામડાંની છે. પૂ. મહાત્માજી કોંગ્રેસમાં આવ્યા ત્યારથી કોંગ્રેસની નજર ગામડાં તરફ દોરાઈ છે, એમ કહીએ તો ચાલે. પરંતુ એટલા લાંબા ગાળાને ધ્યાનમાં ન લેતાં છેલ્લાં ૨૫ વર્ષથી તો ગામડાના ઉદ્ધારની ચર્ચા દરેક રચનાત્મક કાર્યના પ્રસંગે થાય છે. એ માટે જુદા જુદા કાર્યક્રમ પણ ઘડાયા છે. છતાં આજે ગામડાંની સ્થિતિના સાચા માહિતગારને ખબર છે જ કે ગામડું પહેલાં કરતાં વધારે કરુણ બન્યું છે.

જૂના કાળની સંઘશક્તિ ગામડામાંથી નષ્ટ થયાનાં ચિહ્નો ચોમેર નજરે પડે છે. ચૂનાના પ્લાસ્ટરવાળી ખડકીઓ આજે જીર્ણ થઈ ગઈ છે, ખખડી ગઈ છે અને કોઇ કોઇ જમીનદોસ્ત થઇ ગઇ છે, છતાં એ જૂની વારસામાં મળેલી મિલકતને સમારવા જેટલી સંઘશક્તિ ગામડે બતાવી નથી, ચકલાંને ચણવા બાંધેલી ચબૂતરીનો માળો વર્ષોથી વરસાદથી પલળી કહોવાઈ જઈ તૂટી પડ્યો છે તેને સ્થળે નવો માળો બંધાયો નથી. મંદિર અને મહાદેવની પણ એ સ્થિતિ છે.

આનો જવાબ ઉડાવવો હોય તો કોઈ આ રીતે ઉડાવી શકે—એનો અર્થ સંઘશક્તિ દૂર થઈ છે એમ જ શાથી મનાય?

જૂની વસ્તુઓમાંથી લોકોની શ્રદ્ધા ઊડી ગઈ હોય અને તેથી આ સ્થિતિ કેમ ન ઊભી થઈ હોય? બરાબર છે. એમ પણ બને, પરંતુ આખા ગામને પાણી ભરવાના કૂવાનું ભડું જીર્ણ થઈ ગયું છે, ઘણી ગરગડિયો ચોરાઈ ગઈ છે, જે છે તે લોઢાની સળી ઘસાઈ જવાથી એટલી ઝૂકી જાય છે કે પાણી ખેંચનારને બીક લાગે છે. ચોમાસમાં તળાવની પાળ ખોદાઈ ગઈ હોય છે, અને તે રસ્તે થઇને જતાં આવતાં ગાડાં સ્હેજ ચૂકે તો ઊંધાં પડે એવી સ્થિતિ બની હોય છે. છતાં આ વસ્તુઓનું સમારકામ ન થાય એનો અર્થ તો એવો કોઇ નહિ કરે ને કે એમાં પણ શ્રદ્ધા નથી? જૂની શ્રદ્ધા ન રહી હોય તો કોઈ નવી શ્રદ્ધા પણ ઊભી તો થયેલી હોય કે નહિ? એને સૂચવતી કોઈ લાયબ્રેરી, શાળાનું મકાન, રમવાનું ક્રિડાંગણ કે વિદ્યાર્થીઓને મદદ કરવાની સંસ્થા અસ્તિત્વમાં આવેલી દેખાતી નથી. એટલે અંગ્રેજી કેળવણી નહોતી ત્યારે, અને સમાજ સાવ અભણ હતો તે દિવસે જે સંઘશક્તિ, સમાજના સાર્વજનિક કામ પ્રત્યેની લાગણી હતી એ આજે નથી, તે કબૂલ કરવું રહ્યું.

સાર્વજનિક કામની જે કરુણ સ્થિતિ છે, તેવી જ સમાજના સમૂહજીવનની કરુણતા છે. જૂની રૂઢિઓ ગઈ નથી, અને ઉપરથી એમાં જે એક બીજા પ્રત્યે સ્નેહભાવના હતી તે નષ્ટ થઇ છે. સંપ જેવી કોઇ ચીજ દેખાતી નથી. ઘરઘરના ભાગલા પડી ગયા છે. મુરબ્બીઓની સલાહ કે આજ્ઞા માનવાની શિસ્ત નષ્ટ પામી છે, અને સાથે તેથી આવી પડતી જવાબદારી ઉપાડવાની પણ એટલી જ અશિકત નજરે પડે છે. પરિણામ એ આવ્યું કે ગામડું રઝળી ગયું છે. અને દરેક ગામ એક જ ફરિયાદ કરે છે કે—અમારું ગામ પહેલાં કરતાં સાવ બગડી ગયું છે. અમારા ગામના જેવું અંધેર બીજાં ગામમાં સાવ તો નહિ જ હોય!

આ જાતની ફરિયાદ એક ગામની નથી. ગામેગામથી આ જ જાતના એક જ દર્દની બૂમ સંભળાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે ગ્રામોદ્ધારની ૨૫ વર્ષની માવજત (ટ્રીટમેન્ટ) ચાલ્યા કરે છે છતાં ગામડું પહેલાં કરતાં વધારે બગડ્યું શાથી? જવાબ એવો કોઈ આપશે કે કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ ક્યારે કોઇએ પૂરેપૂરો અપનાવ્યો છે? ટ્રીટમેન્ટ ડૉકટરે ગમે તેટલો વખત ચાલુ રાખી હોય પરંતુ દર્દીએ દવા ક્યારે પીધી? દવા પીધા વગર નરી ટ્રીટમેન્ટથી તે કંઇ દર્દ મટતું હશે?

બેરાબર છે. પરંતુ તે અગાઉ ડૉકટરની ટ્રીટમેન્ટ પણ ન હતી, પછી દવા તો હોય જ શાની? છતાં ગામડું આજે છે તેટલું કુસંપનું ઘરવાળું ન હતું. તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી કોંગ્રેસના ગ્રામોદ્ધારના કાર્યક્રમને ભલે પૂરો દેશે ન અપનાવ્યો હોય છતાં આછા આછા, સ્હેજ સ્હેજ પ્રયત્નો ય નથી થયા એમ કેમ કહેવાય ? એટલે એથી આપણે લાભની આશા ન રાખીએ પણ બગાડ ન થાય તેટલું તો જરૂર ઇચ્છીએ. વળી ગામડું આજે પહેલાં જેટલું અજ્ઞાન નથી. એને પોતાને પણ પોતાની સ્થિતિનું ભાન છે—એ સજાગ છે. બાકી અમારું ગામ સાવ બગડી ગયું છે, એ ફરિયાદ જ એના મોંમાંથી ન ઊઠત. એટલે છેલ્લાં ૨૫ વર્ષમાં ગામડું ભલે સુધર્યું ન હોય તો પણ, એથી વિશેષ બગડવું તો નહોતું જ જોઈતું.

છતાં સત્ય એ છે કે, ગામડું સાચે જ પહેલાં કરતાં બધી રીતે જીર્ણ થયું છે.

એ સત્ય મારી નજર સમક્ષ રાખી હું જ્યારે વિચાર કરું છું. ત્યારે મારી નજર સન્મુખ બે ચિત્રો ખડાં થાય છે.

સાગર જોવાનો મને મળે છે ત્યારે મારું અંતર હસી ઊઠે છે. એને કિનારે બેસી ક્ષિતિજ સુધી પથરાયેલાં એનાં જળ નીરખતાં મારી આંખો ધરાતી નથી. એનાં મોજાં કિનારાના પથ્થર સામે માથું અફાળતા હોય છે, એ જોઇને મને મારું શૈશવ યાદ આવે છે. કોઇ વસ્તુ માટે કજિયો કરતો, અને તે મેળવવા બાને બરડે હાથથી બાચકા ભરતો અને રીસમાં માથું અફારતો, હું ખડો થાઉં છું. થાય છે કે દરિયો પણ એમ ધરતી મા સાથે કજિયો તો નહિ કરતો હોય !

આમ દરિયા પ્રત્યે મને જેટલું મમત્વ છે તેથી વિશેષ ગામડા પ્રત્યે છે. ગામડું એ તો મારો પ્રાણ છે. અને મારા એકલાનો શું કામ, ગામડાં પ્રત્યે જેને પ્રેમ નહિ હોય તેનો ય પ્રાણ તો ગામડું જ છે ! છતાં બંને, દરિયો અને ગામડું વર્ષોવર્ષ અધિક ખારાં થતાં જાય છે. દરિયામાં ખારાશ વધવાનું જે કારણ છે, તે જ કારણ ગામડાની ખારાશ વધવાનું છે. દર સાલ વરસાદ થતાં પાણી સાથે ક્ષાર દરિયામાં ખેંચાઈ આવે છે. એમ ક્ષાર દરિયામાં દર વર્ષે વધતો જાય છે, અને ચોખ્ખું પાણી વરાળ થઈ ઊ[...] જાય છે.

ગામડાની સ્થિતિ દરિયા જેવી પચ્ચાસ [...] પહેલા ન હતી. પરંતુ તે પછી કેળવણીની [...] પદ્ધતિ આવતાં ગામડું પણ દરિયા જેવું બની [...] પચ્ચાસ વર્ષ પહેલાં કોઈ ગામડામાંથી બહાર [...] નહિ દેખાય. અને મળશે તો પણ અલ્પ પ્રમા[...] પરંતુ છેલ્લા પચ્ચીસ વર્ષમાં એ પ્રમાણ પછાત[...] પછાત ગામડામાં પણ પ્રમાણમાં વધી ગયું છે. [...] જે લોકો અંગ્રેજી ભણેલા હતા તે જ બહાર [...] એવું નથી બન્યું. ગામનો ભંગી ઝાડુ કાઢવા શહે[...] ગયો, ગામનો ઢેડ મિલમાં એનો એ પોતાનો ધં[...] કરવા ગયો. એ પ્રમાણે વાળંદ ગયો, ધોબી ગ[...] ભોઈ ગયો અને બ્રાહ્મણ વાણિયા અને પાટીદા[...] ભણેલા છોકરાઓ પણ જુદા જુદા ધંધે–નોકરીએ [...] બહાર ગયા. આમ આ જનારા ભણેલા હશે કે અભ[...] પછાત જ્ઞાતિના હશે કે ઉજળિયાત જ્ઞાતિના, [...] એક વસ્તુ તો નક્કી જ છે કે, જેમનામાં કંઈ મી[...] હતું તે જ ગયા. અને મીઠા વગરના દેખાદેખીથી ગ[...] હશે તે ધક્કા ખાઇને પાછા પણ આવ્યા હશે.

આમ ગામડું, એના કિંમતી ધનમાં, માનવધન[...] ગરીબ બન્યું. દરિયામાંથી જેમ પાણી વરાળ [...] ઊડી જાય છે તેમ ગામડામાંથી છેલ્લા ૨૫ વર્ષ[...] કંઇક જવાહરવાળાં માનવ શહેરોમાં અને પરદેશ[...] ઊડી ગયાં. અને તેથી જ આજે, ગામડામાં વધ[...] ખારાશ વધી છે.

કોઇ પૂછશે–ત્યારે શું આજે ગામડામાં જે લો[...] છે તે ક્ષાર જેવા છે એમ ? સાવ તો એમ નહિ [...] વાય. દરિયો દર વર્ષે વિશેષ ખારો બનતો જાય છે [...] એનો અર્થ એમ તો નહિ જ કે એમાં જે પાણી [...] તેના ગુણમાં ખારાશ વધતી હોય છે. પાણીમાં [...] પહેલાં હતો એ જ ગુણ છે, પરંતુ ક્ષારનું પ્રમા[...] વધે છે એથી એનો ગુણ બદલાય છે. એમ ગામડા[...] ચોખ્ખા પાણીના ગુણ જેવા માણસો નથી [...] નહિ, પરંતુ એ પ્રમાણમાં નવીન ઉમેરો થતો [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભવ નથી, એમાં ઘટાડો થતો જાય છે, જયારે એટલા પ્રમાણમાં ક્ષારના ગુણધર્મવાળા માનસનો ઘટાડો થતો નથી. એટલે એકનું પ્રમાણ વધતું જાય છે, તેટલું બીજાનું પ્રમાણ ઘટતું જાય છે, અને તેથી બધી પ્રજા ક્ષાર જેવી છે એમ આક્ષેપ ન કરી શકાય છતાં સરવાળે ક્ષારનું પ્રમાણ વધ્યું છે, એનો ઇન્કાર થઈ શકે તેમ નથી. મારા મગજમાં ગામડા વિષે આ એક ચિત્ર ખડું થાય છે.

બીજું ચિત્ર, કોઈ તંદુરસ્ત માણસના શરીર ઉપર જખમ પડ્યો હોય અને તે જખમમાંથી સતત લોહી વહ્યા કરે, અને તેથી એની શક્તિ ક્ષીણ થતી જાય. સામી બાજુથી ડૉક્ટર એ ઝખમમાંથી વહેતા લોહીને અટકાવવાનું પ્રથમ પગલું લીધા વગર, એને અશક્તિ આવી ગઇ છે તે માટે શક્તિની જુદી જુદી દવા આપ્યા કરે છે, દર્દીને છતાં શક્તિ આવતી નથી, એનામાં અશક્તિ વધતી જાય છે! આ ચિત્રમાં થોડી અવાસ્તવિકતા છે. ડૉક્ટર સાવ આવી ભૂલ ન કરે. અને દર્દી પોતે પણ એની બૂમ પાડે કે નહિ ?

પરંતુ એ ચિત્ર મારા ગામડા સાથે સરખાવું છું ત્યારે એમાં એવી અવાસ્તવિકતા લાગતી નથી. ગામડાને જખ્મ થયો છે. એમાંથી તંદુરસ્ત લોહી સતત સાચે જ વહી જાય છે. એથી જ એનામાં આજે અશક્તિ વધેલી દેખાય છે. પરંતુ ગામડાને પોતાને પણ ભાગ્યે એ જખમનો ખ્યાલ આવ્યો હશે. અને આવે તો ય એ વહેતું લોહી રોકવાની એના ડૉક્ટર પાસે શક્તિ નથી. ડૉક્ટરે—રચનાત્મક કાર્યક્રમમાં—એ અંગે પ્રયત્ન કર્યો દેખાયો નથી.

આમ ગામડું દિવસે દિવસે બગડતું જાય છે એ સત્ય હકીકત પાછળ એક જ કારણ છે, અને તે એનું માનવધન શહેરોમાં નિકાસ થઈ રહ્યું છે. એ જયાં સુધી બંધ ન થાય ત્યાં સુધી ગામડાંનો ઉદ્ધાર શકય નથી. ગામડાનો રોગ મટવાનો નથી. એ રોગ દિવસે દિવસે વધવાનો છે.

મારા આ શબ્દો વાંચી કોઈ વાચક તરત એમ વાચનઓરડીમાં મને ન સંભળાય તો ભલે, કોઈ બીજો સાંભળનાર ન હોય તેમ પણ બને, છતાં બોલી ઊઠશે કે-ભટ્ટ ભણે છે કે ટીપણું ફાડે છે? નામ તો મોટું સુધરેલું—ગ્રામવાસી—રાખ્યું છે, પણ જાતનો તો સાવ બુધ્ધુ—ગામડિયો—જ છે ! કૉંગ્રેસનો કાર્યક્રમ કોઈ દિવસ વાંચ્યો ય લાગતો નથી! દરેક વખતે કૉંગ્રેસ રચનાત્મક કાર્યક્રમ પર ભાર મૂક્યા વગર રહેતી નથી Back to nature ના સૂત્રની જેમ Back to villages, એ સૂત્ર તો કૉંગ્રેસે અપનાવી લીધું છે. દરેક વખતે સાત લાખ ગામડાંનો ઉદ્ધાર શી રીતે થાય એ જ દરેક કાર્યકરના મોંમાં બોલ હોય છે. ગ્રામસેવકો પકવવા માટે તો મહાદેવ દેસાઈ સ્મારકમાંથી ગૂજરાત વિદ્યાપીઠે તાજેતરમાં જ વિદ્યાલય ખોલ્યું. ગામડે પાછા ગયા વગર દેશનો ઉદ્ધાર નથી તેમ તો કોણ નથી જાણતું ?

સાચી વાત ભાઈ. 'ગામડે જાવ' એમ બધા બોલે છે, એમાં કોઈ ના નહિ પાડી શકે. પરંતુ એ બોલ મનમાં વાગોળું છું ત્યારે મને બે ખેડુતોનો સંવાદ યાદ આવે છે.

રઘા પટેલ કહે: 'ભગવાન પટેલ, તમારી ખેતી સારી થાય છે અને મારી ખેતી કથળે છે કેમ ?'

ભગવાન પટેલ મૂછમાં હસીને રઘા પટેલ સામે તાકી રહ્યા.

રઘા પટેલ: 'હસવાની વાત નથી. વરસોવરસ હું જોઉં છું કે તમારી ખેતી સારી થતી જાય છે, મારી કથળતી જાય છે.'

ભગવાન પટેલ: 'એની કૂંચી બહુ સહેલી છે. પણ એનો અમલ કરવો સહેલો નથી.'

રઘા પટેલ : 'પણ કહો તો ખરા.'

ભગવાન પટેલ : 'તમે સાથીઓને ખેતરમાં મોકલતી વખતે કહો છો—જાવ. હું સૌ પહેલાં તૈયાર થઇ એમને કહું છું—ચાલો !'

બે પડોસીઓની સારી-નરસી ખેતીનાં ભેદનું મૂળ આ બે શબ્દોમાં રહ્યું—'જાવ' અને 'ચાલો' !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ આજે રવા પટેલની જેમ બધા કાર્યકરો પ્લેટફૉર્મ ઉપરથી 'ગામડે જાવ' કહેતા હોય છે. ભગવાન પટેલની પેઠે 'ચાલો ગામડે' કેટલાએ કહ્યું?

અને છતાં, 'જાવ' એ બોધ સમજીને કેટલાય આશાભર્યા જુવાનીઆઓ ગ્રામડામાં સેવા કરવા દોડી જાય છે. અને તે ઘડીએ એમને ઘણીય તમન્ના હોય છે કે ગામડાને મારી જીવનભરની સેવા આપીશ. પણ પાંચ વર્ષના જ જો કોઈ આંકડા કાઢે તો ૯૦ ટકા વર્ગ ગામડેથી નાસી છૂટયો હોય છે. ૧૦ ટકા ટકી રહ્યા હોય છે તે પણ ૧૦ અને ૧૫ વર્ષ બાદ નાસી છૂટયાંના દાખલાઓ બનેલા છે. અપવાદરૂપ રહે છે કોઈ શ્રી. રવિશંકર મહારાજ અને શ્રી. બબલભાઈ જેવા. અને તે તો સંન્યાસી ધર્મી બની ગયેલા છે એટલે એ રીતે બીજાની ધીરજની કસોટી શી રીતે કઢાય?

એટલે 'ગામડે જાવ' કહેવાથી કોઇ ગામડે આવવાનું નથી. આવશે તો એ ગામડે ટકનાર નથી, અને અપવાદરૂપ કોઈ ટકશે, એથી કંઇ દેશનાં લાખો ગામડાંનો દી' વળી જવાનો નથી. અને 'ગામડે જાવ' એમ પ્લેટ-ફૉર્મ ઉપર ઊભા રહી ગર્જના કરવી એને હું તો પારકાં છોકરાં જતી કરવા જેવી વાત સમજું છું. અને એવા અલ્પ જતી થાય તો ય ઉપર કહ્યું તેમ સમગ્રતાની દૃષ્ટિએ ધૂળ ઉપર લીપણ છે.

તમે કહેશો — સેવાભાવી યુવકો ગામડે ન જાય તો ગામડાંનો ઉદ્ધાર શી રીતે થાય? પડેલા દેશને ઊભો કરવો હોય તો એટલો ભોગ આપવા યુવકોએ તૈયાર થવું જ રહ્યું. નહિ તો, જો આ ની આ ધરેડમાં ગામડાં રહેશે તો આવેલી આઝાદી ઝૂંટવાઈ જશે.

કરુણતા તો છે જ. પરંતુ સામે પણ એટલી જ કરુણતા છે. હિન્દનાં સાત લાખ ગામડાંને ઊભાં કરવાં એ ખેતરમાં ઊગેલી મેથીની ભાજી ઉખાડવા જેવું સહેલું કામ નથી કે શહેરના થોડા સેવાભાવી યુવકો ગામડે જઇ એને બેઠું કરી દે! સેંકડોની ગણતરી એમાં ચાલે એવી નથી. લાખે લેખાં ગણાય તેવી સંખ્યાનું કામ છે. એટલી સંખ્યા શહેરો કયાંથી લાંવશે? ગામડેથી જે યુવકો શહેરમાં તણાઇ આવે છે તે તો ગામડે નહિ જ જાય. એમને જવું હોત તો પોતાનું ગામડું જ શું કામ છોડત?

તો ગામડે મોટી સંખ્યામાં યુવકો કયારે જાય?

આ પ્રશ્નનો દૃષ્ટિકોણ સાવ બદલી નાખવાની જરૂર છે. શહેરના યુવકોને મોકલવાની કંઇ જરૂર નથી. ગામડાના યુવકો શહેરમાં જતા કેમ અટકે, એ દૃષ્ટિએ પ્રશ્નને વિચારવાની જરૂર છે. અને એ રીતે જો પ્રશ્ન વિચારવો હશે તો સેવાની સુગરકોટેડ કવીનાઇન આપવાની આજ સુધી આપણને ટેવ પડી ગઈ છે, એ ગોળાથી કંઈ વળવાનું નથી. કવીનાઇનની ગોળીમાં તો કુદરત એના પડખે છે એટલે બાળકની જેમ મોટાં પણ એને કડવી જાણે છે છતાં લે છે. કારણ કે, સ્વાદની અસર જીભને થાય છે, અંદર પેટમાં સુગરનું પડ ઓગળી જતાં જો કડવાશ વ્યાપતી હોત તો એ કામ ન લાગત. એવાની સુગરકોટેડ ગોળીને એ સગવડ નથી. શરૂઆતમાં જુવાનીને લીધે સેવાની મીઠાશ એ માણી શકે છે, પરંતુ સમયના વહેવા સાથે ઉપરની સુગરની મીઠાશ ઓગળી જાય છે અને એના જીવનમાં કડવાશ વ્યાપે છે. ગામડામાંથી એને શહેરમાં દોડી જવાનું મન થાય છે.

અને એમાં કોઈનો દોષ નથી. જેને શહેર સંઘરતું હોય તેવા કોઇને ગામડું ખેંચી શકે તેવું એની પાસે શું છે? હવા અને પાણીનાં ગામડાં તરફે ખૂબ ખૂબ વખાણ થાય છે, પણ નર્યા એથી આજના જમાનામાં કોનું પેટ ભરાય છે? આજના વિજ્ઞાનના જમાને શરીરની ભૂખ કરતાં, મનની ભૂખ એટલી પ્રબળ જગાડી છે કે, આજે માણસને શહેરમાં શરીરને પૂરતા પોષણવાળો ખોરાક મળતો ન હોવા છતાં, એને ગામડું ખેંચી શકયું નથી. રેશનિંગની મુશ્કેલીનો આજે શહેરમાં પાર નથી; છતાં એ કારણે કેટલા શહેર છોડી ગામડે આવ્યા? અત્યારે ગામડે નિરાંત છે, એમ ત્યાં બેસી વાતો કરનાર ઘણા મળશે, પણ એમાંનો એકે ય ગામડે આવ્યો! આવે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાનાં ખાલી વખાણ ભલે આપણે કરતા હોઈએ, પરંતુ આપણે મન, શહેરના લોક જેટલી ગામડાના લોકની કિંમત નથી, એ આજે સાબિત થઇ ગયું છે. આજના કંટ્રોલના જમાનામાં, અંગ્રેજ નોકરશાહીએ જે ભેદભાવ શહેર અને ગામડાં વચ્ચે વહેંચણી વખતે કર્યો હતો, તે જ ભેદભાવ કોંગ્રેસના રાજ્યમાં ચાલુ રહ્યો છે. ખાંડ, કાપડનો ભેદભાવ તો સૌને ઉઘાડો ખૂંચે એવો છે. અને છેલ્લે અનાજના ભાવ ખેડૂતને નથી પોષાતા એ દીવા જેવી વાત છે છતાં એમાં વધારો નથી કર્યો. અને કાપડમાં એવા ભાવ કર્યા કે શહેરને સસ્તુ પડે અને ગામડાને મોંઘું પડે. ઝીણા કાપડમાં—જે શહેરના લોકોને મળે છે—ઘટાડો કર્યો (૧૨ાા ટકા જેટલો), અને જાડા કાપડમાં ૨૦ ટકાનો વધારો કર્યો. કારણ એ કે, ઝીણા કાપડમાં વધારે કમાણી હોવાથી મિલો એ કાપડ વધારે કાઢે છે તે હવે નહિ કાઢે અને જાડાના ભાવ વધાર્યા એટલે એ કાઢવા સ્વાભાવિક લલચાશે. અને તેથી જાડું કાપડ ગામડાને વધારે મળી રહેશે ! ગરીબ ગામડાના માણસો ઉપર ૨૦ ટકાનો વધારો કર્યો એ કરતાં મિલોને સરકાર ફરજિયાત ઝીણા-જાડા કાપડનો અમુક ક્વોટા કાઢવો જ જોઈએ, એમ કરીને રસ્તો ન કાઢી શકત ? પણ મુખમાં (વાણીમાં) ગામડું અને કાર્યમાં શહેર, એવી આ ચાલ છે.

આ નીતિ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી ગામડાં ભાંગીને શહેર વધ્યે જવાનાં છે. શહેર સંઘરતું હોય તેવો કોઈ ગ્રામજન ગામડામાં ન રહે તો એ દોષ એનો નથી, એનામાં ગામ પ્રત્યે લાગણી કે સેવાભાવ નથી, એવી ગાળ કે શંકા કોઇ કરશો નહિ. એને ત્યાં સુધી 'ગામડે જાવ' એવી ખાલી છેતરવાની વાતો કરી કોઈને ભોળવવાની નીતિ કોંગ્રેસ-એના રચનાત્મક કાર્યક્રમમાં ન રાખે, એ જ સત્યની નજીક છે.

કોઈનો ઉદ્ધાર બીજો કરી શકતો નથી. દરેકે પોતાનો ઉદ્ધાર પોતે જ કરવાનો હોય છે. એમ ગામડાં જો ઊભાં થશે, તો એની પોતાની શક્તિથી. એના પોતાના માનવધનથી. એ માનવધન શહેરમાં વહેતું ત્યારે જ અટકે કે એને શહેર જેવી ગામડે પણ વત્તાઓછા પ્રમાણમાં સગવડ હોય, તક હોય, અને શરીરની સાથે મનની ભૂખ સંતોષે તેવાં સાધનો હોય. બાકી શહેરમાં છેલ્લામાં છેલ્લી ઢબની સગવડો થતી જાય, અને ગામડા માટે એ સગવડોની નિંદા કરી 'જરૂર નથી' એમ સમજાવવામાં આવે, એ કેવળ ઉપહાસજનક છે.

કોઈ કહેશે—ગામડાંને શહેરની નાની આવૃત્તિ બનાવવી એ શું શક્ય છે ? સહેલી વાત છે ? આવું તો નાનું છોકરુંય કહી શકે, પણ એ માટે કોઇ સહેલો રસ્તો હોય તો એ બની શકે.

સહેલા રસ્તાની વાત આવી એટલે મને શ્રી અંબુભાઈ પુરાણી હમણાં ગુજરાતમાં આવ્યા હતા ત્યારે એમને એક પ્રભુ મેળવવાના જિજ્ઞાસુએ પૂછેલો સવાલ યાદ આવ્યો.

જિજ્ઞાસુ: 'પ્રભુ મેળવવાનો સહેલો રસ્તો કયો ?'

શ્રી અંબુભાઈ પ્રથમ તો સહેજ હસ્યા. પછી ધીમેથી બોલ્યા: 'ભાઈ! તમારે વસ્તુ કિંમતી જોઈએ છે—પ્રભુપ્રાપ્તિ. અને તેનું એટલું મૂલ્ય આપવું નથી, એ કેમ બને ? આ તો આપણા રોજના વ્યવહારની વાત છે. જેટલી વસ્તુ કિંમતી એ પ્રમાણમાં દામ પણ વધારે આપવાનાં હોય છે. જો પ્રભુપ્રાપ્તિ જેવી કિંમતી વસ્તુની ઇચ્છા હોય તો એનો રસ્તો સહેલો શી રીતે હોઈ શકે ?'

એ જ જવાબ ગ્રામોદ્ધાર માટે આપી શકાય. સાત લાખ ગામડાંને જો સજીવન કરવાં હોય તો એનો રસ્તો સહેલો ન હોય. એને માટે પૂરતી કિંમત આપવી જોઈએ. અને તે ત્યારે જ બને કે સરકાર આજની મૂડીવાદી પદ્ધતિને તિલાંજલિ આપી ગામડાને ચૂસવાનું બંધ કરે. અને ગામડા (નાનાભાઇ)ને જે સગવડ ન આપી શકે તે શહેર (મોટાભાઈ)ને પક્ષપાત કરી સરકાર વડીલ તરીકે ન આપે. આવું ન બને ત્યાં સુધી ગામડું દરિયાની માફક દિવસે દિવસે વિશેષ ખારું થયા કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તો અચાનક જ શ્રી. રવિશંકર મહારાજનો પરિચય થઈ ગયો. પ્રાથમિક સંસ્કારનાં પણ જ્યાં વાંધા છે, એવા આપણા લોકજીવનમાં સામાન્ય રીતે બહુ ગવાયલા રાજદ્વારી પુરુષોના સંસર્ગમાં આવ્યા પછી, આપણે આપણો પ્રથમનો અભિપ્રાય ભાગ્યે જ જાળવી શકીએ છીએ. ઘણાખરા પગ વિનાના રાખનાં રમકડાં નીકળી પડે છે, અને વર્તમાનપત્રોના 'હેડિંગે' સરજાવેલ ભ્રમ હોય છે. પણ શ્રી. રવિશંકર મહારાજમાં, સો ટચના સોનાની શુદ્ધિ લાગી એટલે થોડીવાર સન્નિધ્યમાં બેઠો. એમની સાદાઈનું મને મોહક આકર્ષણ લાગ્યું. એમાં મારા પોતાના સ્વભાવ કરતાં પણ વધુ તો મને મળેલા કુટુંબ-જીવનનો સંસ્કાર કારણરૂપ હતો. શ્રી મહારાજની જરૂરિયાત કરતાં પણ ઘણી વધારે ઓછી જરૂરિયાત ઉપર મેં મારા પિતાને જીવન ગાળતા જોયા હતા. એમણે પોતાનું વસ્ત્ર હમેશાં પોતાની રીતે સીવી લેવાનો નિયમ રાખ્યો હતો. એટલે સુધી આ નિયમનું કડક પાલન એમણે કરેલું કે ત્રણ દોઢ આનાથી વધુ એમણે આખી જિંદગીમાં દરજીને આપ્યું નહિ હોય! એટલે શ્રી મહારાજની સાદી રહેણીકરણી મને વધુ આકર્ષક લાગી. બોલ્યા ત્યારે ખબર પડી કે એમની પાસે પ્રવચનકારની અનુભવ નીતરતી સીધી વાણી છે. આજે એમણે ધન ઉપર પોતાની થોડી સમજણ કહી બતાવી. એની બહુ જ મિતાક્ષરી નોંધ મેં લઈ લીધેલી, તેનો આ અર્થ વિસ્તાર કર્યો છે. અસંગતિ દોષ એમાં હોય, એ મારો ગણાવો જોઈએ. વેધકતા લાગે તો એ મહારાજશ્રીની માનવી જોઈએ. ક્યાંઇ ન દેખાય તો એ કલમની અંધારી સૃષ્ટિની છાયા. અને કેવળ દોષ જ દેખાય–તો વાંચનારનો પણ અનધિકાર એવું કાંઈક હોઈ શકે.

"આપણી સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર વાત સમજાવી છે. એમાં મોક્ષ એટલે તો મુક્તિ–સંસારજીવનની કાંઇ ઉપાધિ નહિ એવી માન્યતા છે. એટલે બાકીનાં જે ત્રણ–ધર્મ, અર્થ અને કામ એનો આપણે સંસાર સંબંધે વિચાર કરવાનો રહ્યો. કામનો અર્થ ખરી રીતે પુરુષાર્થ એમ છે. કામના આપણા જૂના શાસ્ત્રોમાં પણ સ્વયંવર કરતી કન્યાને પુરુષાર્થને જાણે કે વરે છે. અર્થ છે, એ ધર્મ અને કામની વચ્ચે સત્તાતુલાની દાંડી જેવો છે. ધર્મસાધના માટે જરૂર અર્થની પડે છે. અર્થ વિના કોઈ ધર્મ ટકતો નથી. કામ–પુરુષાર્થને માટે પણ, જરૂર તો અર્થની જ રહે છે.

"આ પ્રમાણે સંસારમાં જે સૌથી મહાન પુરુષાર્થ છે તે અર્થ છે. અર્થ વિના ધર્મ પણ અશક્ય, અર્થ વિના કામ પણ અશક્ય.

"પરંતુ આપણી અત્યારની દુનિયાએ આ અર્થ વિષે એક મોટો અનર્થ આચર્યો છે. એણે અર્થનો અર્થ સિક્કા, પૈસા, ચલણી નાણું એવો કર્યો છે. ખરી રીતે અર્થ એટલે શક્તિ. મારે ગામતરે જવું હોય ને ખિસ્સામાં સિક્કા હોય તો સિક્કાના બળ વડે હું મારા પગનું કામ મોટરવાહન પાસે કરાવું. પણ જેની પાસે સિક્કા ન હોય અને પગમાં શક્તિ હોય તે પગની પાસે પગનું કામ કરાવે. એટલે કે સિક્કા વડે નહિ, પણ શક્તિ છે એણે અર્થનો વ્યવહાર ચલાવ્યો. અર્થ એટલે દ્રમ્મ, સિક્કા, પૈસા, ચલણી નાણું, નવી નોટો, એવો સમજણ–વ્યવહાર આપણે સ્થાપ્યો ત્યારથી આપણી અધોગતિ શરૂ થઇ છે. અર્થ એટલે શક્તિ. ધર્મને જાળવવા માટે જરૂર શક્તિની, પુરુષાર્થ માટે પણ જરૂર શક્તિની. આ શક્તિ એ અર્થ છે અને સિક્કા એ ઉપાધિ છે એમ જ્યારે આપણે જાણીશું ત્યારે આપણો ઉદ્ધાર થાશે. શક્તિનો સંચય એટલે અર્થનો સંચય. આ પ્રમાણે બળવાન મનુષ્યો પ્રજામાં હોય તો એ પ્રજાને ધનવાન કહી શકાય. બેંકમાં ખાતું ખોલેલાં લાખો ધનપતિઓ છતાં પ્રજા અર્થહીન હોઇ શકે. ચાલવાની શક્તિ હોય એટલું જ નહિ, બને ત્યાં સુધી ચાલી નાખવાની ઉત્સાહવૃત્તિ હોવી, એ પણ તમારી પાસેનું અર્થ છે. જે ચાલી શકતો નથી એ શક્તિ ઉછીની લે છે. આ પ્રમાણે જીવનક્ષેત્રના વ્યાપક વ્યવહારોને આપણે નવી જ દૃષ્ટિ આપવા માંડીએ તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે ધીમે નવી રચના થઈ જાય. તમે કહ્યું તે બરાબર છે કે ગ્રીસના લાઈકરગસે લોઢાનો સિક્કો ચલાવ્યો. અને એનું મૂલ્યાંકન એટલું ઓછું ઠરાવ્યું કે તમારે શાક ખરીદવું હોય તો પણ બે મણ સિક્કાનો ભાર વહેવો પડે. પરિણામે લોકો દ્રમ્મવિનિમયને બદલે વસ્તુવિનિમયનું મહત્ત્વ શીખ્યા. જે માણસે એક બે આનીભાર નમાલા કાગળમાં એક હજારનો લાલલીલો આંકડો મૂકીને, એનામાં હજાર રૂપિયાની કિમ્મત છે એમ ઠરાવી રાખ્યું એટલે ખરી રીતે માણસમાંથી માણસાઈ ઓછી કરી નાખવાનું વિષચક્ર ચલાવ્યું. નવી નોટોએ માણસને જેવા માણસાઈ વિનાના બનાવ્યા છે એવા બીજી કોઈ વસ્તુએ બનાવ્યા નહિ હોય! આનો ઉપાય શું? સિક્કાનો નાશ કરો. વસ્તુવિનિમયની પ્રથા ચલાવો. શક્તિનો સંચય કરો. ચોળાને બદલે જુવાર લ્યો. ને કપાસને બદલે વસ્ત્ર લ્યો. ઘીને બદલે દૂધ આપો. ને દૂધ સાટે છાશ લ્યો. જે માણસ ઓછામાં ઓછી જરૂરિયાત રાખે છે એ એટલો વધારે શક્તિશાળી. એટલે અર્થવાન છે."

મહારાજજી સાથે તે દિવસે બીજી ઘણી વાતચીત થઈ. અને એ ઊઠયા ત્યારે મને લાગ્યું કે છ સાત વર્ષ પછી, મારા પિતાની જે સીધી આકર્ષક શૈલી હતી-એ ફરીને સાંભળવા મળી.

×

સમાજવાદ-અને સમાજધર્મ-એમાંથી પેલી વાત આપણા જુવાનોને આકર્ષે છે. બીજી વાત વિષે આપણને કાંઇ ખ્યાલ જ નથી, સમાજના ઊંડામાં ઊંડા થર સુધી જે વાત રહી છે-એ વાતનો તાગ લેવાની આપણી અશક્તિએ આપણને એકદમ સસ્તામાં સિદ્ધ થાશે એમ ધારીને સમાજવાદ તરફ ધકેલ્યા છે. આર્થિક ચક્રોની ગતિ એવા રીતે ગોઠવાયલી છે કે આપણે એમાંથી કાંઈ પણ સિદ્ધ કરવું હોય તો આ બન્નેને અપનાવવા પડશે. સમાજવાદને, તેમજ સમાજધર્મને. સમાજધર્મ તમને એ શીખવે છે કે જ્યાં તમે છો, ત્યાં જે સમાજ છે, તેમાં તમે સામા

નવરચના

ન્યની પેઠે જીવતાં શીખો. તમારા સિક્કાના બળ વડે જુદું વિશિષ્ટત્વ સ્થાપવા પ્રયત્ન ન કરો. મોટર લાવો -તો કાં સૌ મોટરમાં બેસી શકે એવું કરો. અથવા તો સૌ ચાલે-એટલો શક્તિસંચય કરો. વિશિષ્ટ હક્કો હમેશાં ઈર્ષાને પોષે છે. એમાંથી વૈર જન્મે છે. વૈરને લીધે વૈરની વૃદ્ધિ થાય છે. અને છેવટે પ્રજા નાશ પામે છે. પોતાની પાસે છતાં મા, જેમ બાળક માટે મીઠાઈ રાખી મૂકે છે, તેમ પોતાની પાસે સાધન છતાં, એ સાધનોનો વધારેમાં વધારે સાર્વજનિક ઉપયોગ કેમ થઇ શકે એવી રચના જે સમાજ કરશે એ સમાજને જ હવે સમાજ ટકવા દેશે. આ વસ્તુ જેટલી શ્રીમંતોને તેટલી જ રાજાઓને, લોકનેતાઓને, ને ગવર્નરોને પણ લાગુ પડશે. સમાજધર્મનું એ જેટલું પાલન કરશે-ભાષણમાં નહિ, ભાષણમાં તો સૌ લીમડાના પાન ખાવાનું કહે છે-એટલે અંશે સમાજની એ સ્થાપના કરી શકશે.

આવી રહેલો વિપ્લવ તમામની કસોટી કરી નાખશે.

×

આજે એક વિદ્વાનનો ભેટો અચાનક ગાડીમાં થઇ ગયો. એમણે એક ભારે પ્રશ્ન કર્યોઃ લોકૈષણાને કોઇ પણ જીતી શકે એ બને ખરું? રામચંદ્રજીએ સીતાનો ત્યાગ કર્યો એમાં આ લોકૈષણા જ બળવાન નહિ હોય? અને એટલા માટે જ રામચંદ્રજીને નહિ પણ ભગવાન કૃષ્ણને પૂર્ણપુરુષોત્તમ માનતા નહિ હોઇએ? ભવભૂતિએ તો એ પ્રસંગને અનુરૂપ ઉપાલંભ પણ આપ્યો છે.

આ વસ્તુ, એ જમાનાના કરતાં પણ આ જમાનામાં માણસની ભયંકર કસોટી માગે તેવી છે. આ જમાનામાં જ્યારે વર્તમાનપત્રો 'હેડિંગ' કરવાની કુશળતામાં ઘણા જ પાવરધા બન્યાં છે, ત્યારે આપણા જેવી બહુમતવાદને પચાવી નહિ શકેલી પ્રજા, તો સોના અને કથીરનો ભેદ સમજવામાં એટલી મંદબુદ્ધિ હશે કે સ્વશાસનના સમયમાં અંગ્રેજોને પણ સારા [illegible] કાર્યો નહિ થાય એ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું આજે ઘણું વહેલું છે. છતાં જેટલું સત્ત્વ આપણી પ્રજામાં હશે એટલો જ આ શાસનવ્યવહાર ઉજ્જવલ થઈ રહેશે. બહુમતવાદ ને શાસન, લોકસભા, ધારા, કાયદા, નિયમ, એ તમામ ભૂમિકા પશ્ચિમની છે. એ માત્ર ખોટી નથી, છદ્મવેષી અને ભયંકર છે. આજે જે સહેલાઈથી ગુંડાઓ છૂટી શકે છે, અને જે સિફતથી વકીલો ગુંડાગીરીને સજ્જનતાનો વેષ પહેરાવી શકે છે, એ આખી વસ્તુ દર્શાવે છે કે આપણને અંગ્રેજોએ જે વારસો આપ્યો છે એ વારસા પ્રમાણે જ જો આપણો રાજવ્યવહાર ચાલશે તો એમાંથી કેવળ અવ્યવસ્થા જ જન્મશે. આપણે જરૂર ધારાઓની નહિ–માણસોની છે. ખપ માણસોનો પડયો છે. મુંબઈ પ્રાંત ને તમામ પ્રાંતો–જે માગે છે, જે માગી રહ્યા છે તે વસ્તુ જુદી જ છે. પ્રધાનો ને ગવર્નરો–જો પોતાના જ સત્ત્વમાં મક્કમ હોય તો એમણે પહેલામાં પહેલું કામ–જેને એ લોકો બહુ મહત્ત્વ આપે છે એ 'ઑફીશ્યલ વિઝિટ'ને તિલાંજલિ દેવાનું હોઈ શકે. એમણે ગમે ત્યારે ને ગમે ત્યાં–જઈને ઊભા રહેવાની મધ્યયુગી રાજવૃત્તિ કેળવવી પડશે. તુમારપ્રથાને તો કોઈ સળગાવી જ મૂકે–અને એના કરતાં તો પ્રવાસીનિર્ણયને જ મહત્ત્વ આપે તો એ શાસન વધારે ઉજ્જવલ હશે. પણ આપણને શ્રમ ન લેવાની જે તાલીમ મળી છે તે ભયંકર છે. શ્રમ ને જાતશોધન–જે પ્રધાન એ કરતો હશે તે પ્રધાન હશે; ને બાકી તો ઑફીસર જ: હશે અંગ્રેજ જેટલો જ તુમાખી. એટલો જ ગર્વિષ્ઠ.

×

'આપણી પ્રજામાં આજે સૌથી મોટામાં મોટી જરૂરિયાત શાની છે એ તમને ખબર છે?'

'શરીર કેળવવાની.'

'ના.'

'શિસ્તપાલનની?'

'ના.'

'ત્યારે?'

'શ્રદ્ધાની. ગમે તે કેળવણી લીધેલા માણસને પૂછો. એના ઉત્તમમાં ઉત્તમ વિચારોનું પૃથક્કરણ એની સુંદરમાં સુંદર ઉક્તિઓનો તમે ક્યાસ એક વસ્તુ તમને નહિ મળે: શ્રદ્ધા. એમને જે છે તે શી રીતે કહેવાનું છે એનો જ એમાં ખ્યાલ હોય છે—પણ એ પોતાને કહેવાનું પોતે જ એ કહેવા માગે છે, એવો કોઈ તેમાં હોતો નથી. કારણકે અત્યારની મોટામાં મોટી મહેચ્છા રાજશાસનની છે. એ માણસને બે શક્તિ આપે છે. પોતાનો પક્ષ વાની. સામા પક્ષને હંફાવવાની. બહુમતવાદનું એ છેવટે તો વકીલોનું જ શાસન રહેવાનું છે. બહુમતવાદને જીતી લેવામાં ખરેખર બળવાન પણ એ જ બળ, શાસનને ઉજ્જવલ બનાવી અને તો આ બહુમતવાદ એ પણ, જુનવાણી રાવાદનું આ જમાનાએ કરેલું ભાષાંતર નહિ એટલે જરૂર શ્રદ્ધાવાન વ્યક્તિઓની છે.'

'પણ શ્રદ્ધા એટલે શું?'

'કહું. પોતાના વેષમાં પોતાની તલ્લીનતા. ઉદાહરણ આપું. એક વખત કલિંગના રાજા આંધ્રદેશના રાજાએ ત્રણ સંન્યાસીઓ મોકલ્યા. કરી કે આમાંથી ઉત્તમ, મધ્યમ ને અધમ આપો.

રાજાએ સંન્યાસીઓનો સત્કાર કર્યો. માન આપ્યું. દિવસો વીત્યા એટલે તેમાંથી બોલાવ્યો. તાંબાના સિંહાસન ઉપર એને જ્ઞાનગોષ્ટિ કરી. પછી રજા આપી. એ જ બીજા બેને પણ બોલાવીને વાતચીત કરી, પણ રૂપાના ને સોનાના સિંહાસન ઉપર બેસાર્યા જ ફેર.

પછી થોડો વખત જવા દઈ એ જ ક્રમે ફરી બોલાવરાવ્યા. પૂછ્યું: 'મહારાજ! આ સિંહાસન ઉપર બેસીને બ્રહ્મસત્યની જ્ઞાનગોષ્ટિ રહ્યા હતા તે સિંહાસન શાનું હતું એ કહી શકો

'અરે! કેમ વળી–ત્રાંબાનું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

'ત્યારે તમારા ગુરુબંધુ બેઠા હતા તે—?'

'એકનું રૂપાનું. એકનું સોનાનું.'

'એમ ? ત્યારે તો તમને આ બધું ધ્યાનમાં છે!'

'ધ્યાન તો હોય જ ના?'

એ પ્રમાણે રાજાએ બીજા બન્નેને પણ બોલાવીને આ પ્રશ્ન પૂછ્યો. એકે જવાબ વાળ્યોઃ 'મારું સિંહાસન તો રૂપાનું હતું!'

'ને તમારા ગુરુબંધુનું?'

'એ ખબર નથી!'

બીજાએ કહ્યું : 'સિંહાસન શાનું હતું એ મને ખબર નથી. આપણે તો બ્રહ્મચર્યા કરી હતી એટલું જ સાંભરે છે!'

'તે તમારા ગુરુબંધુ? એ શાના સિંહાસન ઉપર બેઠેલા!'

'રાજન્! મને એ કાંઈ ખ્યાલ નથી!'

રાજાએ ઉત્તમ, મધ્યમ ને અધમ એ ત્રણને આ રીતે ઓળખ્યા. આનું નામ શ્રદ્ધા. પોતે સંન્યાસી છે તો સંન્યાસની શ્રદ્ધા. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ છે તો શસ્ત્રની શ્રદ્ધા. પ્રધાન છે તો સુશાસનની શ્રદ્ધા. વિજ્ઞાની છે તો અણુબોમ્બને હઠાવવાની શ્રદ્ધા. પ્રોફેસર છે તો સંસ્કૃતિની શ્રદ્ધા. આવી શ્રદ્ધા—એ શ્રદ્ધા વડે રાજ્યો ચાલે છે. કાયદાઓ કોઈ દિવસ રાજ ચલાવી શકે નહિ—ને ચલાવતા પણ નથી. રાજ્યો તો, માણસો ચલાવે છે—માણસો જેમનામાં શ્રદ્ધા હોય. પોતાની રંગભૂમિ ઉપર ફના થઈ જવાની શક્તિ હોય. બાકી તો ઠીક હવે—તુમાર ઉપર સહી તો ગમે તે કરી શકે! બોલો, તમારી કેળવણીએ આ શ્રદ્ધા તમને આપી છે? આ જવાબ ઉપર જ બધો આધાર છે! લોકોને પોતાનો ભાર ન લાગે, એમ જે વર્તે છે એ શાંતિ મેળવે છે ને શાંતિ સ્થાપે છે. આનો અર્થ જ એ છે કે સુશાસન ચલાવવા માટે જે જે પ્રણાલિકા સ્થાપવાનો પ્રયત્ન પરદેશીઓએ કર્યો છે તે તમામ પ્રણાલિકાઓ બદલાવ્યે જ છૂટકો છે. એણે કોઈ દિવસ વ્યક્તિગત રસ બતાવ્યો નથી. એણે લોકભાષામાં વાત કરી નથી. એણે જમીનની સુંદરતા જોઈ નથી. એણે અનુભવીઓનો લાભ મેળવ્યો નથી.

એ તમામ પ્રણાલિકાઓને નાબૂદ કરવામાં નહિ આવે ત્યાં સુધી તો—દલીલો અને દલીલોમાં રહેતાં ફાંકાઓ એમની જ બોલબોલા હશે. દરેક ગામડામાં પાંચ માણસોની સભા સ્થપાશે—ત્યારે એક વખત ફરીથી નવા યુગનું મંડાણ થશે.

શ્રદ્ધાભર્યું સુશાસન—મારે સુશાસન કરવું જ છે એવી તેજસ્વી હિમ્મત—આપણો તાત્કાલિક પ્રશ્ન એ છે. અને એનો ઉકેલ વ્યક્તિની શ્રદ્ધામાં રહ્યો છે. માટે હું કહું છું કે આપણી કેળવણી પાસે શ્રદ્ધા છે?

*

લગ્ન—નોંધ

ન્યુયોર્કના લગ્ન—નોંધ દફતર ઉપર ૧૯૪૬ના વર્ષ દરમિયાન સૌથી વધુ લગ્નો નોંધાયાં હતાં. ૧૯૪૫ દરમિયાન ૭૪,૯૬૯ અને ૧૯૪૬ દરમિયાન ૧.૬૦,૩૪૫ લગ્નો નોંધાયેલાં હતાં. જો કોઇ ચાલુ વિવાડા જિજ્ઞાસુ આપણે ત્યાં થતાં લગ્નોની નોંધ રાખે તો આપણાં શહેરોમાં થતાં લગ્નોનો આંકડો આ સંખ્યાને પણ વટાવી જતો દેખાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડી. ડી. ટી.

કુમારી લતિકા દલાલ (બી. એસસી. ઓનર્સ)

[આ લેખના કર્તા કુમારી લતિકા હ. દલાલ બી. એસસી. (ઓનર્સ) આશાસ્પદ સંશોધનકાર છે. વિજ્ઞાનના અભ્યાસમાં તેમની કારકિર્દી ઉજ્જવલ છે. તેમણે મુંબઇ યુનિવર્સિટીની વિજ્ઞાનની ઊંચી પરીક્ષાઓ ઘણે ઊંચે નંબરે પાસ કરેલી છે અને અત્યારે તેઓ રોયલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં "બનાવટી જંતુવિનાશક ઔષધો" પર સંશોધન કરી રહ્યા છે. તેમણે ડી. ડી. ટી. પર ડૉ આર. સી. શાહની દોરવણી નીચે સારું સંશોધન કર્યું છે અને પોતાના સંશોધનની વિગતો થીસીસ—મહાનિબંધના રૂપમાં યુનિવર્સિટીને રજૂ કરી છે. સંશોધનમાં રસ લેતી ગુજરાતી વિદ્યાર્થિનીઓ કુમારી લતિકાબહેનની માફક પોતાના અભ્યાસનાં પરિણામો લોકભોગ્ય ભાષામાં જનતાને માટે બહાર પાડે એ ખૂબ આનંદની વાત છે. કુ. લતિકાબહેને લખેલો આ લેખ તેમના અનુભવોના પરિપાકરૂપ છે અને ડી. ડી. ટી. સંબંધી ખૂબ આધારભૂત માહિતી પૂરી પાડે છે. —સંપાદક]

સને ૧૯૪૩ની સાલનો ડિસેમ્બર મહિનો ચાલતો હતો. મહાયુદ્ધનાં પલ્લાં સંયુક્ત રાષ્ટ્રો તરફ ઢળ્યાં હતાં. તે અરસામાં ઈટલીના નેપલ્સ શહેરમાં ટાયફસ (Typhus) તાવનો ભયંકર રોગ ફાટી નીકળ્યો. શહેરની વસ્તી ખૂબ ગરીબ, તેટલી જ ગંદી, અને લોકોના શરીર જુઓ તો જૂથી ભરપૂર. આ જૂ આ રોગના ફેલાવાનું નિમિત્ત છે. નેપલ્સ શહેર તે વખતે સંયુક્ત રાષ્ટ્રોના કબજામાં હતું. લશ્કરની આવજા ખૂબ અને લશ્કરમાં આ રોગ ફેલાય તો? અફસરોના મનમાં ચિંતા પેઠી. ઉપાય શું કરવો? વૈજ્ઞાનિકોને પૂછો. તેઓએ સૂચવ્યું કે ફેલાવો અટકાવવા જૂનો નાશ કરો. થોડા વખત પર જ સ્વીટ્ઝર્લૅન્ડમાં ડી. ડી. ટી. નામના જંતુ-વિનાશકનો ખૂબ સફળ અખતરો થયો હતો. વિચાર કરવાનો સમય નહોતો. આખા શહેરની વસ્તીનાં કપડાં વગેરે સામાનમાં આ ડી. ડી. ટી. નો છંટકાવ કરવામાં આવ્યો. આ શો ચમત્કાર! ફક્ત ત્રણ અઠવાડિયામાં તો આ જ્વર તદ્દન કાબૂમાં આવ્યો. આવો વિષમજ્વર ભર શિયાળામાં કાબૂમાં આવ્યો એ વિજ્ઞાનના ઇતિહાસમાં અદ્દભુત હતું. પછી તો જોઈએ જ શું? જેમ સને ૧૯૩૭માં તે વખતના અમેરિકાના પ્રેસિડન્ટ રૂઝવેલ્ટનો પુત્ર સલ્ફા દવાઓથી મરણપથારીએથી સાજો થયો અને તે દવા માટે થયું હતું તેમ જ આ ડી. ડી. ટી. ઘરગથ્થુ નામ બની ગયું. આવી પ્રસિદ્ધિ ઘણી જ ઓછી શોધોને મળી જશે.

ડી.ડી.ટી. તો ટૂંકાવેલું નામ છે. એનું વૈજ્ઞાનિક નામ છે ૨;૨–બીસ-(૪-કલોરોફીનાઈલ)–૧:૧:૧–ટ્રાય ફલોરો ઇથેન.ડી.ડી.ટી. યુદ્ધની એક ખૂબ મહત્ત્વની શોધ કહેવાય. ડી. ડી. ટી. ને 'જન્તુવિનાશકોમાં પેની-સીલીન'ની ઉપમા અપાય છે અને ખરે જ જેમ જેમ તેનો ઉપયોગ વધે છે તેમ તેમ તેની અસરકારકતા પેનીસીલીન જેવી જ આશ્ચર્યકારક માલૂમ પડતી જાય છે. છતાં, જેમ પેનીસીલીન સર્વ રોગોનું ઔષધ નથી તેમ ડી. ડી. ટી. પણ સઘળા જન્તુઓ સામેનો ઇલાજ નથી.

સને ૧૮૭૪માં સ્ટાર્સબર્ગ શહેરમાં ઓથમાર ઝીડલર નામના વિદ્યાર્થીએ આ ડી. ડી. ટી. પ્રથમ બનાવ્યો—ફક્ત પોતાના અભ્યાસ માટે, પોતાની ડિગ્રી માટે થીસીસ (નિબંધ) લખવાના આશયથી. આ સંશોધનની બેરીશ્ટે (Berichte) નામના જર્મન વૈજ્ઞાનિક માસિકમાં ફક્ત છ લીટીમાં નોંધ લખી અને પોતે એક અદ્દભુત જંતુવિનાશકની શોધ કરી છે તેવો તેને સ્વપ્નેય ખ્યાલ ન હતો. છેક પાંસઠ વર્ષ પછી સને ૧૯૩૯માં પોલ મુલર નામના સ્વીટ્ઝરલૅન્ડના વૈજ્ઞાનિકે તેના આ જંતુવિનાશક ગુણો પ્રથમ નોંધ્યા. જાપાન વિશ્વયુદ્ધમાં જોડાયા પછી લાંબે વખતે જ્યારે જંતુવિનાશકોની ખૂબ અછત જણાવા માંડી ત્યારે જ વૈજ્ઞાનિકોનું ધ્યાન ડી. ડી. ટી. તરફ આકર્ષાયું.

ડી. ડી. ટી. જંતુવિનાશક તરીકે વપરાવા લાગ્યું તે પહેલાં બીજાં ઘણાં પદાર્થો, જેવા કે પેરિસગ્રીન (Paris Green) થાયો સાયેનેટ્સ (Thiocyanates) પાયરેથ્રમ (Pyrethrum) ના ફૂલનું સત્ત્વ તે ડેરીસ નામના છોડના મૂળ (Derris Root)નું સત્ત્વ (રોટીનોન)(Rotenone) જંતુવિનાશક તરીકે વપરાતાં હતાં. તમાકુના છોડમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળતા નિકોટીનનો (Nicotine) પણ આવો ઉપયોગ થતો. આ બધામાં વિશેષ ઉપયોગ થતો પાયરેથ્રમના સત્ત્વનો, જે ખાસ કરીને જાપાન પૂરું પાડતું હતું. બીજો વિશેષ ઉપયોગ ડેરિસના મૂળિયાના સત્ત્વ રોટીનોનનો થતો હતો. આ છોડ ખાસ કરીને મલાયામાં ખૂબ પ્રમાણમાં થાય છે.

આ થઇ યુદ્ધ પૂર્વેની સ્થિતિ. યુદ્ધ શરૂ થતાં ઊભા પાક અને ધાન્ય તથા અનાજને જંતુઓના ઉપદ્રવથી સંરક્ષવાની જરૂર પડી. અને તેથી વિશેષ તો જરૂર પડી મેલેરિયા, ટાયફસ જેવા જંતુઓથી ફેલાતા રોગોથી લશ્કરને બચાવવાની.

જાપાન યુદ્ધમાં પડ્યું: અને પાયરેથ્રમ મળતું બંધ થયું. પછી ડેરિસ છોડના મૂળિયા પૂરું પાડતું મલાયા પણ જાપાનના હાથમાં ગયું. આવી વિકટ પરિસ્થિતિમાં જ્યારે પાયરેથ્રમ અને રોટીનોન જેવા નીવડેલ જન્તુવનાશકોની ખૂબ જરૂર પડી ત્યારે જ વૈજ્ઞાનિકોનું ધ્યાન ડી. ડી. ટી. ઉપર કેન્દ્રિત થયું.

એના જંતુવિનાશક ગુણો સ્વીટ્ઝર્લેન્ડમાં જે. આર. ગાઇગીની કંપનીની બાસ્લે લેબોરેટરીમાં પ્રથમ સને ૧૯૩૯માં નોંધાયા. થોડા જ વખત પછી ૧૯૪૦-૪૧માં તે જ દેશમાં બટાટાના પાકમાં જંતુઓનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. તેને કાબૂમાં લાવવા આ નવું જંતુવિનાશક અસાધારણ રીતે અસરકારક નીવડ્યું. પછી તેનો વિસ્તૃત ઉપયોગ થયો નેપલ્સમાં. ત્યાર બાદ તેની જગપ્રસિદ્ધિએ તેનો ઉપયોગ ખૂબ વધારી દીધો છે અને જેમ જેમ તેના ઉપયોગ વધ્યા છે તેમ તેમ તેની જંતુવિનાશક તરીકે ઉપયોગિતા વિશેષ સિદ્ધ થતી ગઇ છે.

ડી. ડી. ટી. અને જંતુઓ

ડી. ડી. ટી. ઘણાં જંતુઓ સામે અસરકારક પુરવાર થયું છે. માખી, મચ્છર, જૂ, કીડી, મંકોડા, ઊધઈ, માંકડ, ચાંચડ, રાતી કીડી, (વિમેલ), ભમરી, કરોળિયા, વંદા, કંસારી, અને અનાજમાં પડતી જીવાત જેવા કે ભુંડ, ઇયળ વગેરે ઘણાં બધાં જંતુઓ તેનાથી નાશ પામે છે. મચ્છરની સામે ઘણું જ જીવલેણ પુરવાર થયું છે. આ મચ્છરના વિનાશથી દુનિયામાંથી મેલેરિયા, ખસ, પીળો તાવ (Yellow fever), જેવા રોગો અદૃશ્ય થશે. જૂ (શરીર ઉપરની)ના નાશથી ટાયફસ નાબૂદ થશે. ચાંચડના નાશથી મરકી પ્લેગ ઉપર કાબૂ આવશે, અને ઘરમાં ઊડતી સામાન્ય માખી જે ઘણા બધા રોગોના ફેલાવા માટે કારણભૂત છે તેને પ્રાણઘાતક નીવડતું હોવાથી કોલેરા, ટાયફોઇડ, મરડો અને બીજા આંતરડાના રોગો થતાં અટકશે. ઉપરાંત ડી. ડી. ટી. છોડ, પાક, શાકભાજી ઉપર ઉપદ્રવ લાવતી ઘણી જીવાતો જેવા કે કાતરા, તીડ, ઝાડની જૂ, ઇયળ, અને અનાજ ને કઠોળને નુકસાન કરતા ઘણા જંતુઓ જેવા કે કિલ્લા, ભુંડ, ઇયળ વગેરે ઉપર અસરકારક છે તેથી પાક તથા ધાન્ય બંને સાચવવામાં ઘણું ઉપયોગી છે. આ રીતે ડી. ડી. ટી. એક ઉત્તમ રોગનિવારક પુરવાર થયું છે.

ડી. ડી. ટી.ની બનાવટ

પ્રથમ બે ભાગ (molecular proportions) ક્લોરોબેન્ઝીન અને એક ભાગ ક્લોરલ ભેગા કરવામાં આવે છે ને પછી ગંધકનો તેજાબ ધીમે ધીમે ઉમેરવામાં આવે છે. આ દરમ્યાન આ ત્રણે પ્રવાહીનું મિશ્રણ સારી રીતે થવું આવશ્યક છે. વળી આ મિશ્રણનું ઉષ્ણતામાન (temperature) લગભગ ૪૫-૫૦થી ઉપર જવા દેવામાં આવતું નથી. થોડા જ વખતમાં ડી. ડી. ટી.ના સફેદ કણો દેખાવા માંડે છે. પાંચથી છ કલાક પછી આ સઘળું ઠંડા પાણી અગર બરફમાં ઉમેરવામાં આવે છે. સઘળું ડી. ડી. ટી. નીચે એકઠું થાય છે. ઉપલું તેજાબવાળું પાણી નિતારી લેવાય છે અને નીચે રહેલા પદાર્થને ખૂબ પાણીથી ધોઇ તેજાબથી મુક્ત બનાવવામાં આવે છે. હવે એક બે વખત સહેજ સ્પિરિટ (alcohol)થી ધોઇ નાખ્યા પછી આ ડી. ડી. ટી. ઉપયોગમાં લઇ શકાય છે. આ થયો બજારમાં મળતો ડી. ડી. ટી. ઉપર જણાવેલી એક જ ક્રિયા (Reaction)માં ડી. ડી. ટી.ની સાથે સાથે ચૌદ બીજા પદાર્થો પેદા થાય છે. આમાંના કેટલાક જન્તુવિનાશક છે; પરન્તુ એક પણ ડી. ડી. ટી. જેટલું અસરકારક નથી. બજારમાં મળતા ડી. ડી. ટી. માં આ સઘળા પદાર્થો હોય છે. અને ડી. ડી. ટી. એટલે ૨: ૨-બીસ (૪. ક્લોરો ફીનાઇલ) ૧: ૧: ૧-ટ્રાય ક્લોરો ઇથેનનું પ્રમાણ તો લગભગ ૭૦ ટકા જેટલું હોય છે. પરન્તુ તેથી અસરકારકતામાં કાંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ ફેર પડતો નથી. આ ડી. ડી. ટી.નો રંગ સફેદથી ભૂખરાશ પડતા રાખોડિયા જેવો હોય છે અને તેમાં પાકા સફરજન જેવી વાસ આવે છે. વધારે સારું ડી. ડી. ટી. એક બે વખત રેક્ટીફાઇડ સ્પિરિટમાં દ્રાવણ કરી સ્ફટિકપાતન કરવાથી મેળવી શકાય. કેટલીક વખત આમ કર્યા પછી ચોખ્ખો ડી. ડી. ટી. ઝીણી સોયો જેવા સ્ફટિકમાં મળે છે.

સૂર્યના પ્રકાશથી ડી. ડી. ટી. ની અસરકારકતા ઓછી થાય છે એમ માનવામાં આવે છે. તેથી તે રંગીન બાટલીમાં ભરીને ઠંડી જગામાં રાખવું જોઈએ. વળી તેને સોડા અને લોખંડ અને એલ્યુમીનીયમના ક્ષારોના સંસર્ગમાં આવવા દેવું જોઇએ નહિ.

ડી. ડી. ટી. કેવા સ્વરૂપમાં મળે છે

એક જંતુવિનાશકની અસર તે કયી સ્થિતિમાં જંતુના સંસર્ગમાં આવે છે તેના ઉપર ખાસ આધાર રાખે છે. અર્થાત્ ઉપર પ્રમાણે બનાવેલા ડી. ડી. ટી.ની અસરકારકતા તેની મેળવણીની કળા ઉપર મુખ્યત્વે આધાર રાખે છે. ડી. ડી. ટી. કેટલાક જુદા જુદા સ્વરૂપમાં વપરાય છે.

(૧) ભૂકા-પાવડર તરીકે-ઉપર પ્રમાણે બનાવેલો ડી. ડી. ટી સહેજ ચીકાશ પડતો હોય છે એટલે એકદમ સીધું જ ભૂકા જોડે મેળવતાં મળતું નથી. આથી તેને તેનો જેટલા જ વજનમાં અબરખ, ચાક, હરસોડ, ચિનાઈ માટી અગર બીજા આવા પદાર્થ જોડે બીજા (Fixe blanch keiselguhr) ભેળવીને મશીનથી ખૂબ દળવામાં આવે છે જેથી તે ભૂકો થઈ જાય છે. આ પછી તેને ઉપર જણાવેલા (ચાક વગેરે) કોઈ પણ મેળવણ જોડે સહેલાઇથી મિશ્ર કરી શકાય છે. અને ડી. ડી. ટી. પાંચ કે દસ ટકા (અગર બીજું જોઈએ તે) પ્રમાણમાં રહે તેવી રીતે મિશ્રણ તૈયાર કરવામાં આવે છે.

(૨) પાણીમાં સૂક્ષ્મ તરતા કણોના સ્વરૂપમાં (suspension)-થોડીક ચિનાઈ માટી અને આલ્કીલ નેપ્થેલીન (alkyl naphthalene) જોડે મિશ્રણ કરી ડી. ડી. ટી.ને ઝીણા કણોના સ્વરૂપમાં પાણીમાં પ્રસરેલું રાખવામાં આવે છે, આમ તે પ્રસરેલું રહે તે માટે બીજા કેટલાક પદાર્થો (dispersing agents) નાંખવાની પણ જરૂર રહે છે: આમાં ડી. ડી. ઠીક ઠીક સમય સુધી પ્રસરેલું રહે છે. પરન્તુ રીત તો ખાસ કરીને આ પ્રમાણે જોઇતું મિશ્ર બનાવીને તરત જ અગર થોડા વખતમાં ઉપયોગ લેવું હોય તે માટે છે.

(૩) દ્રાવણ તરીકે ઘણુખરું ઘાસલેટ કે દ્રાવકો જે સસ્તા અને સહેલાઈથી મળી શકે હોય તેનો ઉપયોગ થાય છે અને પાંચ અગર ટકા ડી. ડી. ટી.નું પ્રમાણ હોય તેવી રીતે દ્રા તૈયાર કરવામાં આવે છે.

(૪) ઈમલ્ઝન (emulsion) તરીકે-પહે ડી. ડી. ટી.નું કોઇ યોગ્ય દ્રાવકમાં દ્રાવણ કરવા આવે છે અને પછી પાણી જોડે એકઠું કરવા આવે છે. આમાં દ્રાવકની પસંદગી ઉપર ખૂબ આ રાખે છે. દ્રાવક એવું જોઈએ કે જે પાણીમાં ઝીણા (globule)ના રૂપે પ્રસરેલું રહે. આ ડી. ડી. ટી. ઉપર જણાવેલા કણો કરતાં વધારે રીતે પ્રસરેલું રહે છે. વળી આમાં દ્રાવકનો ઉપ ઓછો થાય છે.

(૫) બૉંબ તરીકે-પહેલા જેમ પાયરેથ્રમના આવતા હતા તેમ, પાયરેથ્રમની સાથે ડી. ડી. ભેળવીને બૉંબ બનાવવામાં આવે છે. આમાં ત્રણ ડી. ડી. ટી. બે ટકા પાયરેથ્રમનું અર્ક અને ૮૫ ફ્રીયોન હોય છે. આ બૉંબનો નાની ઓરડી અ તંબૂમાં જંતુઓને મારવા ઉપયોગ થાય છે. ઓરડીમાં લગભગ મધ્યસ્થાન પસંદ કરી ત્યાં રહી તે ફોડવામાં આવે છે. ફ્રીયોનને લીધે તે છે ને ખૂબ સૂક્ષ્મ રજકણોના ડી. ડી. ટી. આ ઓરડીમાં ફેલાઈ જાય છે.

ડી. ડી. ટી. કેવી રીતે વાપરવો

પાંચ ટકા દ્રાવણમાં અગર suspension ઇમલ્ઝન તરીકે ડી. ડી. ટી.નો છંટકાવ ભીંત વ જ્યાં જ્યાં માખી, મચ્છર અગર બીજા જંતુ બેસ હોય ત્યાં કરવાથી આ જંતુ ટૂંક સમયમાં જાય છે. આ છંટકાવ લગભગ બે મહિના અસરકારક રહે છે. આજ પ્રમાણે કંસારી, વગેરે માટે જોઈએ છે. કપડાં, પુસ્તકોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેમાં આવા એક ટકા દ્રાવણનો છંટકાવ કરવાથી કપડાં, પુસ્તકો ઊધઈ વગેરે સઘળી જીવાતથી બચાવી શકાય. તે જ પ્રમાણમાં પથારી ખાટલા વગેરે જગા ઉપર વાપરવાથી ૬ મહિના સુધી માંકડના ત્રાસથી બચી શકાય. ભૂકા તરીકે પણ કબાટ વગેરેમાં તથા ખાટલામાં નાખી શકાય. માથામાં જૂ અગર ખોડો હોય તો તે ૫ ટકા પ્રમાણમાં ભૂકાના સ્વરૂપમાં વાપરી શકાય. આ ભૂકો રાતે સૂતી વખતે માથામાં ઘસીને ભરવો. સવારે નહાતી વખતે માથું ધોઇ નાખવાથી માથામાંથી જૂ તથા ખોડો મરી જાય છે. વળી એમ પણ જોવામાં આવ્યું છે કે ૧૦ ટકા પ્રમાણનો ડી. ડી. ટી.નો ભૂકો ફક્ત પડીકા જ વાળીને ઘઉં, ચોખા, બીજા અનાજ કે કઠોળમાં રાખવાથી આ ધાન્ય કિલ્લા, ભુંડા વગેરે જીવાતના ઉપદ્રવથી મુક્ત રાખી શકાય છે. વળી ઘર ધોળતી વખતે જો ચૂનામાં ૦.૬ ટકા ડી. ડી. ટી.નું પ્રમાણ રાખવામાં આવે તો પણ તે માખી મચ્છર વગેરે સામે અસરકારક નીવડે છે.

ડી. ડી. ટી. કેવી રીતે અસર કરે છે

ડી. ડી. ટી. બધા જંતુવિનાશકોમાં વિરલ છે. કારણકે એ બેવડી રીતે અસરકારક છે. સાધારણ રીતે જંતુવિનાશકના સંસર્ગમાં જંતુ આવવાથી મરણ પામે છે, અગર તો જંતુ તે ખાય છે અને તેથી તે મરણ પામે છે પણ એક જંતુવિનાશક આ બન્ને રીતે અસરકારક હોતું નથી. પરન્તુ ડી. ડી. ટી. બન્ને રીતે બહુ સારી અસર કરે છે.

જ્યારે ડી. ડી. ટી.નો ગ્યાસતેલમાં ઓગાળીને છંટકાવ કરવામાં આવે છે ત્યારે થોડા વખત પછી ગ્યાસતેલ ઊડી જાય છે અને ઘણા ઝીણા સ્ફટિકના રૂપમાં ડી. ડી. ટી. તે વસ્તુ ઉપર ચોંટી રહે છે. માખી, મચ્છર, માંકડ કે બીજા કોઈ જંતુ તે વસ્તુ ઉપર ચાલતા આ ડી. ડી. ટી.ના સંસર્ગમાં આવ્યા વગર રહી શકે નહિ. પગ દ્વારા ડી. ડી. ટી. આ જંતુના શરીરમાં દાખલ થાય છે, અને પોતાની અસર કરે છે; જ્યારે જંતુની ઉપર છંટકાવ કર્યાથી તે બીજા કોઇ અવયવ દ્વારા દાખલ થાય છે અને જીવલેણ નીવડે છે. ડી. ડી. ટી. જ્ઞાનતંતુ ઉપર અસર કરે છે. જેમ સ્ટ્રીકનીન (ઝેરકેચલાનું સત્ત્વ) મનુષ્ય ઉપર અસર કરે છે તેવી જ અસર ડી. ડી. ટી. જંતુ ઉપર કરે છે. છંટકાવ બાદ જંતુ પહેલાં દારૂડિયા માફક ઉન્મત્ત થયેલું લાગે છે, પછી લથડિયા ખાવા માંડે છે; ધીમે ધીમે પક્ષાઘાત જેવી સ્થિતિ દેખાય છે અને છેવટે પડીને થોડીવારે મૃત્યુશરણ થાય છે.

એનો એક બીજો ગુણ તે એ કે જ્યારે બીજા જંતુવિનાશકોની અસર–તેનો કોઈ વસ્તુની ઉપર છંટકાવ કર્યા પછી–લાંબો વખત ટકતી નથી, જ્યારે ડી. ડી. ટી.ની અસર મહિનાઓ સુધી રહે છે. દાખલા તરીકે ભીંત ઉપર છાંટયા બાદ એથી ત્રણ મહિના સુધી માખી બેસે તો મરી જાય છે. ખાટલા વગેરે પર છંટકાવ કર્યો હોય તો ત્રણથી છ માસ માંકડ ઉપર અસર કરે છે. જ્યારે કપડાં ઉપર નાખ્યું હોય તો ધોવાય તો પણ લગભગ મહિના સુધી જૂ માટે જીવલેણ નીવડે છે.

ડી. ડી. ટીમાં એક જ ખામી છે અને તે એ કે તેની અસર બહુ જ ધીમી થાય છે, એટલે કોઈ વખત કલાકો સુધી તેની કાંઈ અસર જણાતી નથી.

ડી. ડી. ટી. અને મનુષ્ય

સ્વાભાવિક રીતે જ સવાલ ઊઠે કે જ્યારે ડી. ડી. ટી. જંતુઓને માટે આટલું બધું પ્રાણઘાતક છે તો મનુષ્ય ઉપર તે અસર નહિ કરતું હોય? દ્રાવણના સ્વરૂપમાં ઉપયોગ કર્યો હોય અને જો શરીરના સંસર્ગમાં દ્રાવણ આવે તો તે થોડીક અસર કરે છે. દ્રાવણ ચામડી દ્વારા શરીરમાં શોષાય છે અને તે ભાગમાં સહેજ ધ્રુજારી જેવું લાગે છે. જો મોઢેથી વધારે પ્રમાણમાં લેવામાં આવે તો તે થોડીક ખરાબ અસર કરે છે, અને તેથી ખાવાની વસ્તુ માટે વાપરતા પહેલાં વિચાર કરવો જોઈએ. જોકે તેની અસર કાંઇ પણ દવા વગર ત્રણેક દિવસમાં સુધરી જાય છે. વળી જો સાધારણ રીતે વપરાતું ૫ ટકા પ્રમાણનું દ્રાવણ હોય તો તેના છંટકાવથી ગભરાવાને મનુષ્યને કાંઇ કારણ નથી અને ભૂકો તો બિલકુલ હાનિકારક નથી. સંયોગવશાત કોઇ ભાગ દ્રાવણના સંસર્ગમાં આવ્યો હોય તો તુરત જ ધોઈ નાખવું સારું છે.

ડી. ડી. ટી. અને બીજાં જંતુવિનાશકો

ડી. ડી. ટી.નું જંતુવિનાશક તરીકેનું મહત્ત્વ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બીજા જંતુવિનાશક સાથે સરખામણી કર્યા પછી જ આંકી શકાય. આમાં ખાસ કરીને પાયરેથ્રમ, રોટીનોન અને થાયોસાયેનેટસ મુખ્ય છે.

પાયરેથ્રમનું મુખ્ય લક્ષણ એ છે કે તે ઝડપથી જંતુ ઉપર અસર કરે છે, પરંતુ તેની ખામી એટલી કે તેની અસર છંટકાવ પછી લાંબા વખત સુધી રહેતી નથી અને મનુષ્યની ચામડી ઉપર પડવાથી સોજો લાવે છે.

રોટીનોન (ડેરિસ–મૂળનું સત્ત્વ) એ ગ્યાસતેલના દ્રાવણમાં અસર કરતું નથી અને તે પાયરેથ્રમ જેટલું ઝડપી પણ નથી. તે ભૂકા તરીકે સારું કામ આપે છે અને આ રીતે તે પાયરેથ્રમ કરતા વધારે લાંબા વખત સુધી અસર કરે છે, અને મનુષ્યની ચામડી ઉપર કાંઈ પણ ખરાબ અસર કરતું નથી.

થાયોસાયેનેટસ અને આઇસોબ્યુટાઇલ અનડીસાઇલેનામાઇડ (isobutyl undecylanamide)ની અસર રોટીનોન જેવી છે. તે પણ પાયરેથ્રમ જેટલા ઝડપી નથી. પરન્તુ તે મનુષ્ય માટે વધારે ઝેરી છે. વળી થાયોસાયેનેટની ગંધને લીધે પણ આ બન્ને વિશેષ ઉપયોગમાં લેવાતા નથી.

ડી.ડી.ટી.ની અસરકારકતા અત્યાર સુધી જાણીતા કોઈ પણ જંતુવિનાશકો કરતાં વધારે લાંબા વખત સુધી રહે છે વળી તેની વિનાશક શક્તિ બીજા કોઈ પણ જંતુવિનાશક કરતાં વિશેષ છે અર્થાત્ બીજા જંતુવિનાશકોની સરખામણીમાં ઘણા ઓછા પ્રમાણમાં વાપર્યું હોય તો પણ તે સારી અસર નિપજાવે છે. આ ઉપરાંત ડી. ડી. ટી. ઘણા જ જુદી જુદી જાતના જીવડા ઉપર અસર કરી શકે છે, જ્યારે ઉપર વર્ણવેલા જંતુવિનાશકો તો અમુક ચોક્કસ જાતના જીવડા માટે જ જીવલેણ છે. પાયરેથ્રમ ડી. ડી. ટી. કરતાં એક બાબતમાં ચડિયાતું છે અને તે તેની ઝડપી અસરમાં. ડી. ડી ટી. ની અસર પ્રમાણમાં ઘણી ધીમી થાય છે, આ જ તેની મોટી ખામી છે. પણ એટલું તો ચોક્કસ જ કે એક વખત જંતુ તેના સંસર્ગમાં આવ્યું તો મોડી વહેલી ડી. ડી. ટી. ની અસર નિઃસંદેહ થવાની જ. વળી ઉપરની ખામી ડી.ડી.ટી.ની સાથે થોડું પાયરેથ્રમ ભેળવીને દ્રાવણ બનાવવાથી દૂર કરી શકાય.

ડી. ડી. ટી. માછલી અને બીજા પાણીમાં રહેનારા પ્રાણીઓ માટે પણ જીવલેણ છે, તેથી પાણીવાળી જગા જેવીકે કૂવા, તળાવ વગેરેમાં અથવા તેની આજુબાજુ ડી. ડી. ટી. નો છંટકાવ નુકસાનકારક નીવડે. વળી મધમાખી અને બીજા ઘણા જંતુઓ જે પ્રાણી તથા વનસ્પતિ જીવન માટે ખાસ અગત્યના છે તેને માટે પણ તે હાનિકર્તા છે એટલે આ વસ્તુનો અવિચારી ઉપયોગ ઊલટો હાનિકારક થઈ પડે.

એ તો નિર્વિવાદ વાત છે કે અત્યાર સુધીના સઘળા જંતુવિનાશકોમાં ડી.ડી.ટી. કાંઈ અનેરું છે. આવા અસાધારણ ગુણો એક જ જંતુવિનાશકમાં મળી આવવા એ ખરે જ આશ્ચર્યકારક છે. આપણા દેશમાં તે ખૂબ ઉપયોગી થઇ પડે તેમ છે. હિંદુસ્તાનમાં જ્યાં જુઓ ત્યાં રોગોના વાવર ચાલુ જ હોય છે. મેલેરિયા તો જાણે રોજનો થઈ પડયો છે. મરડો, અતિસાર જાણે ઘર કરી બેઠા છે, જ્યારે કોલેરા તથા ટાઇફોડના પ્રમાણ કાંઇ ઓછા નથી. દર વર્ષે લાખથી દોઢલાખ માણસો મેલેરિયાના ભોગ બને છે. મરડા, અતિસારથી લગભગ બેથી અઢી લાખ માણસો મરણ પામે છે, જ્યારે કોલેરા લગભગ પોણોથી એક લાખ માણસોનો ભોગ લે છે. આ નવો જન્તુવિનાશક, આ બધા રોગોનો ફેલાવો અટકાવવા વાપરી શકાય. મચ્છરના ઉત્પત્તિ અને રહેઠાણ સ્થાનો એટલે કે કાદવવાળી જગાઓ ઉપર છંટકાવ કરવાથી મચ્છરનો ઉપદ્રવ અટકી શકે. તેવીજ રીતે કોલેરા, ટાઇફોડ અને મરડાનો ફેલાવો કરતી માખીઓ સામે પણ તેનો સફળ ઉપયોગ થઇ શકે. ઉપરાંત ઉપર જણાવ્યું છે તેમ ડી. ડી. ટી. ધાન્ય અને અનાજને જીવાતના ઉપદ્રવથી બચાવે છે એ આજના અનાજની અછતના દિવસોમાં ઘણું મહત્ત્વનું થઈ પડે. સાચે જ આ જન્તુવિનાશક ડી. ડી. ટી. કાંઇ વિરલ જ છે અને જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ઘણું જ ઉપયોગી નીવડે એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંકડાં

પુષ્કર ચંદરવાકર

ધરની સામેના ઢાળિયાની ગમાણમાં પડેલ ચાસટીઆની સુગંધ પામી, હડકવડક દોડતી દોડતી ભગરના પગ ઢાળિયામાં ઢોરની પગની ખરિયેથી ધ્રસાઈને પડેલ ખાડામાં ધબ્બાંગ દેતો પડયો. ખાડામાં પગ પડતાં, ખાડાનાં છાણ અને મૂત્રના છાંટા ઢાળિયામાં ચારે તરફ ઊડયા, ખાડામાં નિરાંતતાં મચ્છરો ગણગણાટ કરતા ઊડયા. આથી ભગર ભડકી અને એના મનમાં ચોરી હતી, કે રસોડામાં બેઠેલ કંકુમાને તેના આવ્યાની ખબર ન પડે તો સારું. પણ ત્યાં તેનો બીજો ય પગ માંદણામાં પડયો, અને તેનું પાણી છાલક દઈને ચારે વરફ ફેલાયું. એની છાલકથી ઢાળિયાની ભીંત ચીતરાઈ ગઈ અને એ અવાજે કંકુમા રસોડામાંથી બહાર આવ્યાં, ને બડબડયાં: 'વાલામુઈ, જાણે એના સારૂ જ નિરણ તૈયાર રાખ્યું ન હોય!'

ઓસરીમાં પડેલ ડંડિકાને લેતાં તેમણે ભગર પાછળ હડી કાઢી 'નખ્ખોદી આઠ વરસની ઢાંઢી થઇ પણ એકાદવાર ય વીંયાવું નથી, ને દાઢ તો ડળકતી...નાની વઉ!' બોલી ને એકઢાળિયામાં આવી પહોંચ્યા. ભગર ગમાણના કાંધમાં ઊભી રહીને ચાસટીઆના તરણાને લેવા જીભ લંબાવતી ચોતરફ આંખો ફેરવતી હતી. ત્યાં તો ભગરની નજર ચૂકાવીને ભગરના બરડામાં 'લે ખા નાની વવ, ખાવાનો જ આ રાંડને હડકવા ઊપડયો છે.' ઉપરાઉપર બેત્રણ ડંડિકાના કંકુમાએ ધા કરી લીધા.

ભગર જાણે સમજી ગઇ હોય તેમ આંખો નીચી ઢાળી જરાક ઉતાવળી ગતિએ ઢાળિયા બહાર નીકળી ગઇ. એની પાછળ પાછળ કંકુમા જતાં હતાં. 'પદમા પટલનું ખોરડું જોઇ મેં કલ્યાણને પરણાવ્યો ત્યારે પાણીએ ગાજતું નાળયર જ ડૂવો નીકળ્યું.' અને તેમણે ભગર પાછળ દોટ દીધી.' હં, તારી દાઢ હજુ ય ડળકતી લાગે છે. ઉભી રે', મારા ભઈની ઘરવાળી.' બોલી તેમણે બેત્રણ બીજા પ્રહાર ભગર પર કરી લીધા. હવે ભગરે દોટ લીધી. એટલે ડંડિકાનો પ્રહાર જોઈએ તેટલો સફળ ન કરી શકાય એવું બન્યું. પણ તો ય હજુ ડંડિકાનો છૂટો ઘા થઈ શકે એમ હતું. તેથી કંકુમાએ ભગર પર ડંડિકાનો છૂટો ઘા કર્યો, પણ એ તો તદ્દન ખાલી ગયો, પણ તો ય કાયમની નિરાંત માટે ખડકીની સાંકળ દઇને ઘરમાં આવી બેઠા. અને બડબડવા લાગ્યા, 'વભો જોઈ કલ્યાણને પદમા પટલના ઘરે પરણાવ્યો. વવ સારો કારયાવર લાવશે, મારો છોકરો સાસરે કોડ માણશે, લાડ લડશે, એવી મોટી આશાથી જ તો!'

'એને પરણ્યાને સવીસવી વરસ વીતી ગયા. પદમા પટલે આણું કર્યું, પરિયાણું કર્યું, માથે સૂરજ જેવો ધણી તપે છે ને જૂઠું તો કેમ બોલાય! પણ આ ઘામેણામાં આપેલ ડોબું અને માયરામાં આપેલ છોડી, શી ખબર કેવા મને એણે આપ્યા છે, તે હું તો સુખી ન થઈ તે ન જ થઈ.'

ત્યાં બહારથી ટહુકો આવ્યો, 'કંકુડોશી!'

'ઊભા રે'જો, ઊજી બો'ન.'

કંકુડોશીએ જઇને ખડકીની સાંકળ ઉઘાડી.

'ભાભી, કો' કે ન કો' પણ આજ તમારી ભગરનું અઉં જાણે ઊતર્યું હોય એમ મને લાગ્યું. અમારા ફળિયામાં લીંબડા હેઠે ઊભી છે, તે મારી ન્યાં નજર પડી.'

'થાશે નવે અવતાર. વેવઇએ બલા બારબારી કાઢી છે. આઠ આઠ વરસનું ચારોલું માથે પડ્યું, જાત જ સાલી સાવ કોબાડ છે.'

'તે ખૂંટ આવી જ નથી?'

'આ ય ડોબું મનમોજી બળ્યું છે. આ ખોબા જેવડા ગામમાં કયા ભરવાડની એવી વેળા છે કે ગામ-કજું ખૂંટ રાખે! તમને કયાં ખબર નથી કે આટલા પડઘામાં ગોધવટે જ હમીરા ભરવાડ વન્યા કોઇના ઘરે ખૂંટ નથી.'

'પણ ચારપાંચ મહિના મોર્યજ આપણા ગામનો રાહો ગોકળી લાવ્યો તો અમારી પાડીને, ચાર પૂરા [illegible] ત્યારે કલ્યાણે આને દોરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવીતી ને !'

'એ ય મરે શું ? ધણો એ તો બબ્ચારો ખૂંટની વાંહે ફરતો આ રાંડને લઇને ફર્યા કર્યું એની વાંહે આખો દી ભાંગી નાખ્યો, ધઉંનો કોહ છોહડીને પણ આ જ જયાં ખૂંટ કંઇક ધીરે ત્યાં ફૂંફાડે, પાછળ ટાંટિયા ઉલાળે, ઊરાધા ઉડાડે કે ખૂંટ છેટો ખસી જાય. જ્યાં ખૂંટને પાંહે ઢૂંકવાં ન દે, ત્યાં પછી ફળવાની તો શી જ વાત કરવી ?'

'ભલું કે'વાય. આવું ડોબું તો મેં નવી નવાઇનું પહેલવહેલું સાંભળ્યું. મારા તો માથે ધોળા આવી ગ્યા, પંદરથી વીશ ડોબા આ હાથ હેઠેથી નીકળી ગ્યા પણ ખૂંટ હારે આવી ધમાચકડી કોઇ ડોબે કરી હોય એવું સાંભળવામાં આવ્યું નથી. કંઈક ભરાડી હોય, તો પે'લ વેતર પૂરતું જ, પણ પછે તો ડોબાને ખૂંટ હારે એવું ભળી જાય છે કે ખૂંટની ગંધે ગંધે ખૂંટની વાંહે આથડે. આનું તો બવ કેવાય ?'

'ઢોર શું ઘણાં માણસ ય એવા હોય છે. શે'રમાં હવે ધણી છોડિયું ધર કયાં માંડે છે ! એમના જેવું આ ડોબું !'

'ભાભી ! કેમ એટલું બધું ?'

'ઉજમબોન ! એનું કો'ક ગરાક હોય તો કે'જો.'

'ભાભી ! ગરાક તો કોણુ હોય ? તમારી ભગર હવે જગબત્રીસીએ ચડી ગઈ છે. ગામમાં, સૌ અડખે-પડખેના ગામમાં જાણુ થઇ ગઈ કે ખાલી છે એકે ય વેતર વીયાણી નથી. ને ઇમાં તમો કો' છો ઇમ ખૂંટ ભાળી ભૂંરાટી થાય છે તો પછી ઇને લેવા કોણુ હિંમત કરે ! સાચું કવ, પૈસા તો બધાને મન નાણું છે, કાંકરા તો નઈને ! પરસેવો પાડયે જ આવે છે, તો કંઇ ઇમનામ આંખ્યું વીંચી લે કોઇ ! અને હવે ઈ પાકું તો નથી ને ! આઠ વરસની તો થવા આવી. મારી ટીલાણુનું આ ચોથું વેતર થાશે. વેતિયાળ હોય તો સૌ કોઇ લેવા મન કરે ! પાંકડાંનો ગાળો ડોકમાં કોણુ ધાલે ?'

'બોન ! વગર પૈસે, ઈમનામ લેવા ય કોઈ છે સાંબદું ? હું ઈ બલ્લાને જોવું છું ને મારું પાં[illegible] લોહી બળી જાય છે, કરશો વાત !'

'ભાભી ! આ તે કાંઈ પાડો છે તે હાલો હ[illegible] જઇએ. ને હળમાં જોતરવામાં ય કામ લાગે ?'

'સાચું કવ ત્યારે, હું ઈનાથી ધરાઈ રઈ છું. આ ગિયા શ્રાવણમાં ભીમનાથ માદેવમાં જઇને મૂ[illegible] આવી'તી, હું જાતે દોરતી દોરતી પરાણે પૂન્ય કરું [illegible] પણ ન્યાં ય ઇ ખીલે ઈણે ધમસાણ કર્યું ! [illegible] ત્રીજે દી મા'તનો (મહંત) સંધેવો આવ્યો ! અમારે પાપ નથી વો'રવું. તમારું ખડેલું ખા[illegible] નથી. અવાડામાં મોં બોળતું નથી. ખીલા હારે મા[illegible] પછાડે છે. મા'તને ધરમસંકટ આવ્યું, અને બચ્ચા[illegible] કલ્યાણુને, સાંતી વગડામાં રખડતું મેલી ભીમનાથ[illegible] દોરી લાવવી પડી. ઇમાં આ ખૂંટ આવ્યો, [illegible] ઈણે ઇનો સભાવ વતાવ્યો મને તો ઇ દીથી [illegible] માથાના કારી ધા જેવી અળખામણી લાગે છે. [illegible] જ નથી પડતી કે ઇનો ધડોલાડવો લાવવો કઇ રીતે !'

'ઓલ્યા ભવ આપણે ઇનું ખાધું હશે, તે આ ભવ ભેંશ થઈ ઇ ખાવા આવી હશે, ઇમ મા[illegible] મન મનાવવું રિયું. ઈના નશીએ આમ બે પાં[illegible] નઇં હોય, ઈમ પણ હોય !'

ઉજમ ડોશીની આ દલીલ કંકુમાના ગળે [illegible] ઊતરી. અને તેનો પ્રતિકાર કરવાના નિશ્ચયને તેમણે દાબી દીધો.

'વવનું તો હવે ઠેકાણે પડી ગ્યું ને ! તમ[illegible] અવળીને બવળી ઉપાધિઓ ઓણુ સાલ આવ્યાં [illegible] કરીં છે, રિસામણેથી કલ્યાણુ જઇ તેડી આવ્યો [illegible] કે' ? પદમો પટલ આમ માણુસ સારો. કશી [illegible] વડછડ વગર કે' છે કે આગળ કરી દીધી.'

'આગળ ને કરી દે તારે કરે શું ? ઈતે બીજું [illegible] સંઘરે ઇમ કોણ છે ? જેવું આ ડોબું પાંકડું, [illegible] જ ઇની છોડી, અમારું તો ઇણે ધર ફાડયું [illegible] આઠઆઠ વરસ પરણ્યા થ્યાં, પણ હજી કુંખ [illegible] ખાલી રઇ. ખોળો ભરાય નઇ, ગજબ જ કે'વાય ને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણુ ઇમાં બચ્ચારી રળિયાત શું કરે! ભગવાનની મરજીની વાત.'

'પદ્દમાં પટલ અમારો તો ઓલ્યા ભવનો દશમન નીવડ્યો છે. પાંહે પાંચ પૈસા છે, જીભ મીઠી છે, છોડીના અવગુણ પામી ગયો છે, તે છોડીને સમજાવી રાખી છે કે તારા વરને તું વશ રાખજે. ને અમારે આ ઢાંઢકું છે. આ વેળા એના પિયર ગઇ, તારે તેડવી જ નો'તી. અલ્યા આપડે કે'વડાવીં કે સાંજે મોકલી દેજો. સાંજની સવાર ઇના બાપથી થાય કીમ? ઇની ભાભીને સુવાવડ આવવાની હતી. ઇમાં અમારા ખોરડાને શું? ઇની ભાભી છોકરું જણે ઇમાં આ વવને શું? મારે તો તેડવી જ નો'તી! પણુ આ ઢાંઢકાને ઓલ્યા ફોહલામણે શીશામાં ઉતાર્યો હશે. કલ્યાણિયો ય પેટનો ખૂટલ થઇ ગયો છે! બોલવું કંઇ, હાલવું કંઇ! આંયાથી ગ્યો, ત્યારે મેં ·ઠેરાવી ઠેરાવીને કીધું'તું કે આ વેળા ગાળો ગળામાં નો ઘાલીશ, હા હા, આંયા કર્યે રાખી ને સાંજે ઇની રૂપાળીને લઇને ઘરે આવી ઊભો રિયો, તાંણી કાઢેલનો. જગબત્રીશીએ મારે કેટલુંક હો હો થાવું. આથી વધુ શિખામણ માનવીને આપવાની હોય!'

'પણુ કાલ વીરડે ચારપાંચ વઉઆરૂ વાતું કરતી'તી કે કલ્યાણુભાઇનાં વઉ આ વેળા મઇનો થઇ ગીયો તો ય નાહ્યાં નથી.'

'ચૈતરવૈશાખનાં વાદળા જેવો એનો ગાભ. પણુ જો સાચું પડે તો તો તમારાં મોંમાં ગોળ.'

'તારે સાચી વાત કવ? મારા વંશનો વેલો વહેતો રે' ઈ તો વહુના લઇને જ ને! આપડી એ દશમન તો નથી જ. છેવટે તો અસ્ત્રીની જણી ઇને દખ દેતાં કીમ જીવ હાલે? પણુ આવાં પાંકડાને રાખીને શું કરી. અને ઓલ્યો ભોળું ઢાંઢકું છે. ઈને ઇમ ભાને ય પડતું નથી કે આપડે વઉને લાવ્યા છી શું કામ? વઉ એવી ફોહલામણી છે કે કલ્યાણુ ઘરમાં હોય ત્યારે આડી પડી પડી કામ કરશે. ઘડીકમાં વાસીદું તો ઘડીકમાં પાણી રાતે મારા પગ સુદ્ધાં દાબવા બેસી જાશે, પણુ ઇના પેટમાં પાપ રમે છે.

ઈ જાણી ગઇ છે કે આવું અસ્ત્રીચરિત નઇં કરું તો ઘરવાળો ડંડિકો લઇ મને ફરી વળશે. કલ્યાણુ આજ બરવાળે હટાણે ગયો. વે'લા પરોડિયે, તો ઇ ટાણે ઊઠીને ઇણે શિરામણ કરી ખવરાવ્યું. હારે બપોરાનું ભાત પણ બંધાવ્યું. અને એની મોર દાંડિયાને ધોળીને ઈ વહીએ ગઇ. દૂઝણા ઢોરાંની પાટું ખઈ લેવાય. પણુ આનું કામે ય નો ખમી લેવાય.

હું તો વે'લામોડી બીજી કરાવવાની છે. ભલેને ઈ ઈના ધણીને ગાંઠ મારી બાંધી રાખે. મારે તો આ વેળા જ છેડો ફાડી આલવો'તો દાવ હતો, સોગઠી ધાએ ચડી હતી. પણુ ફોસલામણીએ કંસારમાં વધુ પડતું ઘી અને માથે દળેલ સાકર પીરસી હશે, તે શરમ ભરીને નીચી મૂંડીએ ખઇ તેડીને હાલ્યો આવ્યો. તાણી કાઢેલ નઇં તો બીજું શું?'

પણ સાટે આપડે કંઇ ઈ દશમન છે ખરી? તમે કો' છો ઇમ ભર્યું પેટ હોય તો તો મારે ઇ સોનાની છે.

'લ્યો તારે હું જવ! હું તો તમને આ જ સમાચાર દેવા આવી'તી.' બોલી ઊજમડોશી ઊભાં થયાં.

'તો તો બોન, તમારા મોંમાં ગોળ.' બોલી કંકુમાએ તેમને વિદાય આપી.

પોતે એકલા થાંભલીના ટેકે બરડો ટેકવીને બેઠા. સામે ટોડલા માથે ચકલી તેનાં નાનકડાં બચ્ચાંનાં મોંમાં તેની ચાંચ ઘાલીને ચણ ખવડાવી રહી હતી, તેના પર તેમની નજર પડી. તેમનાં મનમાં અત્યાર સુધીમાં અનેક ક્ષણો જે વિચારમાં વ્યતીત થઈ હતી, તેણે અત્યારે ફરી ઉછાળો લીધો, તે મનમાં જ બડબડ્યા, 'કલ્યાણુના ઘરે આ બાર મઈનામાં ઘોડિયું બંધાવવું...પણુ ઊજમબોન કહી ગયાં એમ હોય તો સાતઆઠ મઈનામાં જ ઘોડિયું...' અને તેમનાં વ્યગ્ર મનને આમ જરા શાંતિ મળી.

બપોરા નમી ગયા. અને સૌ દાડિયું લોક વાઢમાંથી નીંદણકામ પૂરું કરી ઘેર આવ્યું ત્યારે નીંદણની ગાંસડી લઇ ડયલી કોળણ તેની ગાંસડી નાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઢમાં આવી. એને જોઈને કંકુમાએ સાદ દીધો, ‘અલી ડયલી ! આમ તો મર !’

ડયલી ઓશરીમાં આવી બેઠી. ‘મા. પેલા પાણીનો કળશ્યો આપ્યો.’

‘તરશ્યે મરી જા છ, કેવડાવ્યું હોત તો સામે પાણી લઈ આવત.’ બોલી કંકુમાએ તેની સામે પાણીનો કળશ્યો મૂકયો, અને વાત કાઢી. ‘અલી ગામની જુવાન વઉઆરૂં તારી કાકીની શું વાત કરે છે ?’

‘શેની ?’

‘કે’ છે કે તમારા કલ્યાણકાકાની વઉને મઇના...’

‘ડોશી. તમે ભાળતા હશો, ઈ પાંકડાંને શું મઈના રે’તા’તા ! આ અબધડી મોર વાઢમાં જ ઇણે કીધું કે મને કોઈ અડતા નઇ. તમે ય ડોશી મઈના જ મઈના ભાળી રિયા છો ? આ તે ડોશી છે કાંઈ ?’ બોલી તે ચાલતી થઈ. કંકુમા મનમાં ધૂંવાફૂંવા થયાં. ત્યાં ખડકી ખખડયાનો અવાજ આવ્યો, પણ તેમનું ધ્યાન ખડકી પર ન હતું. તે તો વહુના વિચારમાં જ હતા.

ખાલી બંધ કરેલ ખડકીને માથાવતી હડસેલી ભગર ફરીવાર કોઢમાં આવી ઊભી. અકરાંતિયા ખાઉધરાની પેઠે મોટા મોટા ડૂચડા લઈ ચાસટીઓ ખાવા લાગી. એની નજર સકળવકળ ચારે તરફ ઘૂમતી હતી. એમાં અચાનક કંકુમાની અને તેની નજર એક થઇ. કંકુમાં ક્રોધમાં ને ક્રોધમાં ઊભા થયા. આ વખતે ભગર પણ પામી ગઇ હતી કે જરૂર મારું પણ આવી બનશે. કંકુમાએ પણ નિર્ણય કર્યો હતો, કે આ રાંડનો આજ તો ટાંટિયો જ ભાંગી નાખું ! તેમણે ફળિયામાં પડેલ પાવડો હાથમાં લઈને દોટ કાઢી. પણ ફળિયામાં કૂતરાએ પાડેલ ખાડાનું તેમને ભાન ન રહ્યું, ભગરની પાછળ જવામાં ચિત્ત પરોવાયેલું હોવાથી શરતચૂકથી તે ભૂલ્યા, અને પગ ખાડામાં પડ્યો, તે ખાડામાં જ બેસી ગયા. પગ લચકાઈ ગયો; ભગર દોડીને બહાર દોડી ગઈ.

‘સાગઠી રાંડનો ટાંટિયો મારા ઘરમાં ન જોઈએ !’ પાવડાના હાથાના ટેકે મહામહેનતે ઊભા થઈ, એ હાથને પાવડાના હાથા સાથે ટેકવી ડોશી ઓશરીની કોર પર આવ્યા. ‘કલાણિયાની વઉએ બલા મૂકી છે. ગામ આખાનો ઉતાર અને આળસ આ ઘરમાં ભરાયો છે. ઇના બાપને દટાય એવો ઇના સગલાએ ખાડો ખોદ્યો છે, પણ પૂરવાની જ બાધા.’ એ તેમણે તેમના પગને લાંબો ટૂંકો કરી જોયો. પગને એકેય સાંધો નથી મરડાયો એવું તેમને લાગ્યું. હવે તો સાંજ પડવા આવી હતી. કંકુમાનાં મનમાં આજ એક જ વાતનો નીંભાડો ધૂંધવાઇ રહ્યો હતો. ઘરનું બધું કામકાજ તેમના શિરે આવ્યું હતું, પણ કામકાજથી તે કાંઇ ગાંજ્યા જાય એમ ન હતું. પણ આવી રીતનું કામ માથે પડે તે તો માથે ભાંગ્યા બરાબર તેમને લાગ્યું. તે ઊભા થવાની તૈયારીમાં હતા ત્યાં ખડકીનું બારણું ખખડ્યું. અને બળદના ટોકરાનો રણકાર કાન પર પડ્યો.

તે મનમાં બડબડ્યા, ‘આ બરવાળેથી હટાણું કરી આવ્યો પણ ઓલી રાયજાદી હજુ વાડીમાં માલે છે.’

ત્યાં કલ્યાણ અને બળદો ફળિયામાં દેખાયાં. ડોશીનો કાળ ફૂંફાડી રહ્યો હતો. તેમણે કલ્યાણને કોઢ તરફ જતો જોયો. તે બોલ્યા વગર બેઠા હતા ત્યાં જ બેસી રહ્યા. કલ્યાણ બળદોને ગમાણ પર બાંધીને ઓરડે વળ્યો.

‘મા !’

‘તારે માનો શું ખપ !’

કલ્યાણ મનમાં સમજી ગયો કે કંઈક વિપરીત ઘરમાં બન્યું છે.

કલ્યાણે હટાણાની વાત કાઢી, હમણાં ઘઉંની તાજી લહેતરી (સીઝન) ગઇ હતી, અને થોડી રોકડ રકમ ગજવામાં હોવાથી, રળિયાત માટે ઘરચોળું બરવાળાની બજારમાંથી ખરીદ્યું હતું તે વાત અત્યારે સમય પારખી તેણે દબાવી રાખી.

‘તારે હટાણાનું ગાણું ગાવું છે. મારો જીવ અ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ તારાં પાંકડાનાં પાપે!' બોલી કંકુમાએ પગનો મચકોડ બતાવ્યો. પગની ઘૂંટી પર જરાતરા નહીં જેવો સોઝો ચડી આવ્યો હતો.

'એ તો કો'કનો જીવ લેશે. કે'વા શકનના ઈ ઘરમાં ગર્યાં છે કે ઘરમાં કોઈ માણસના જીવને જંપ વળતો નથી. ડાકણ છે ઈ ડાકણ.'

તુ શું જોઇ ઈની વાંહે આંધળો થીયો છું ઈની જ મને ખબર પડતી નથી. અલ્યા, ઘણી ય ભેંસુંની ખરીયું ધોળી હોય છે. ઢીંચણ સુધીના ગુંડા ય ધોળા હોય છે. કપાળમાં ધોળું ટીલું ય હોય છે. આવડી મોટી દુનિયામાં આવી ઘણી ય ભેંસું ભાળી, અને ઘણાના ઘરમાં ય ભાળી, પણ તારી જેમ કોઈ ગાંડું ભાળ્યું નહીં. કંઈ નઇં, ઈ તો ઘરનો કાળ છે.' અને તેમના રોપની માત્રા વધી.

'મારે ધોળા ઘરમે ય આ ઘરમાં ઈ ડોબું ન જોયે. તુ તારે નોખો રે. તારી બાયડી, તું અને ઇ ડોબું; ત્રણ જાવ નોખા. પણ જો મારી હારે રે'વું હોય, તો મારે ઇ ડોબું નો જો'યે.'

કલ્યાણ કશું ય ન બોલતા માના મોં સામે જોઈ રહ્યો.

'એમાં મારા મોં સામે શું જોવ છ! મોંમાંથી બોલી નાખ ને! હા. બોલી ઘરવાળી વગર મોં બા'ર વેણ ક્યાંથી કઢાય! ઇણે તને વશ કરી લીધો છે-ઈ હું ક્યાં નથી જાણતી?'

'પણ મા, ઇને ક્યાં મૂકી આવવી? તમે જ કો! મંદિરમાં મૂકી આવ્યા, ત્યાંથી ઘરે લાવવી પડી. એનું અંજળપાણી હશે ન્યાં લગણ આપડા ખોરડે...'

'મૂકવી હોય તો ક્યાં ઓછા ઠેકાણે છે? પણ રાત પડયે બોલી રૂપાળી તારા કાનનાં મૂળિયાં ઉમેળી નાખે. ઈ સારૂ તું આલાબાલા દઈ મને સમજાવ છ, ઇ શું હું નથી સમજતી?'

'તમે જ કો' ને કે ક્યાં મૂકી આવવી?'

'અલ્યા ગાંડાભાઈ, ઇને મૂકી આવ્યા પછી બોલી તને સખે પાણીનો ઘૂંટડો ય ગળા હેઠે ઉતારવા દેશે? બે ય સરખા છે બે ય. મારી વાત સાંભળ. બાડો ઈ રૂપાળીએ પૂર્યો હોત તો મારો પગ......પણ એ ય મારા લોઈની તરસી છે. હું પૂરું તો જ પૂરાય. આ ઢેડી સવારના વાઢે સીધાવ્યા છે, છેને સાવ નફકરા. કરશે ડોશી. મારા બાપ! તું ઈમાં શું મોઈ પડચો છું? ભારે લાગ આવ્યો'તો, તારે સાટે તું તારા ઘોડાને સાંસતો નો રાખી રિયા, ને આ તેડી આવ્યો. આ વઉ મારા ઘરમાં કંઇ ધાક્ય મારે ઇમ નથી.'

'પણ તારે મા કરશું શું!'

'કરે શું? ડોબાને કસઇવાડે વેચી આવ્ય, ને નવું બૈરૂં ગોતી આવ્ય. પછે ઈની મેળે આ ઈના બાપના ઘર ભેળું થાશે.'

'મા...'

'મા, મા શું કર છ. હું સાચું કવ છું. આ બૈરૂં તારું ભૂંભરી ભાંગી દે ઈમ નથી. તને કામગરી ભલ લાગે પણ તું જો છ. કોના કહ્યામાં છે? જરા ધરપ. રોટલા શીરાવી લે. કાલ સવારમાં વેલો ઊઠીને... સમજ્યો કે?' 'રાણપરના કસાઈ ખાટલે...થઈ રિયું. પૈસાના પૈસા ઊપજશે, ને ઘરઆંગણેથી બલ્લા ટળશે.''

કલ્યાણનાં મને તો ના પાડી દીધી.

'ઊઠ શીરાવી લે. ઈ તો આવશે, ભટકતી અથડાતી.'

કલ્યાણની ભૂખ ભાંગી ગઇ હતી, પણ તો ય તેને ખાવા ઊઠવું પડયું. તે ભાણા પર આવી બેઠો. માએ પાછી તે જ વાત ઉપાડી.

'અલ્યા, આ ડોબે આપડે દૂઝાણાવાળા ને આ વઉએ વંશાળા કે'વઇ ઈમ નથી.'

અને બધી તરફથી અવળાઅવળા પાસા નાખીને કલ્યાણને બીજે દિવસે ડોબું વેચવા જવા માટે તૈયાર કર્યો. કલ્યાણે એ જ નિર્ણય પણ એની માને કહ્યો, 'પણ જોજે હો, ફસકી નો જતો. તારો બાપે ય તારા જેવો હતો.'

ડોશીની આખી રાત વહુદીકરાના ખાટલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોકી કરવામાં ગઈ. તેમનાં મનમાં હતું કે જો કલ્યાણ અને રળિયાત એક અધઘડી ભેળાં થયાં તો આ છોકરો માંડમાંડ ઊભો થયો છે, તે પાછો ગળાયા બળદ જેમ બેસી જાશે. આખી રાતનો અજંપો વહોરી તેમણે બરાબર ચોકી રાખી, તેમને સંતોષ થયો કે, 'ના, છોકરો આ જ સમજ્યો લાગે છે. બોલી માંહે પણ નથી ઢૂંકયો.'

વહેલું પરોઢ થયું. રળિયાત તો ઓશરીના ખૂણામાં મૂંઝના ખાટલા પર શણનો કોથળો નાખીને નિરાંતે સૂતી હતી, કલ્યાણ ફળિયા વચ્ચે ખાટલો નાખી સૂતો હતો. તેની પાસે કંકુમા જઈને ઊભા રહ્યા, અને હાથ વતી જ તેને ઢંઢોળ્યો. કલ્યાણ બડાક દઈને બેઠો થયો, એની નજર સામે મા પડી. 'વેળા થઈ ગઈ છે, સાત ગઉ ધરતી કાપવાની છે. મોંસૂજણા મોર ન્યાં આંબવું ય (પહોંચવું) જોશે ને! શિરામણ સાબદુ છે, ધરમના કામમાં અહુર (મોડું) શું કરવું?'

કલ્યાણની આંખો લાલલાલચોળ હતી તે વાત કંકુમાની કળ્યામાં આવી ગઈ, અને આખી રાત કલ્યાણે ખાટલામાં તરફડિયા માર્યાં હતાં, તે અત્યારે તેમને યાદ પણ આવ્યું.

'રસોડામાં આવ છ ને!' બોલી ડોશી ગયા.

કલ્યાણ બેઠો થયો, એણે પગ ઉપાડયા, પણ જાણે તે, પાછા ન પડતા હોય તેમ તેને લાગ્યું. તે રસોડામાં આવી ઊભો. 'મા, શિરામણ હારે બાંધી દે. અતારમાં શું ભૂખ લાગી હોય?'

એણે રાતે ખાધું ન હતું, છતાં ય અત્યારમાં તેને ખાવાની રૂચિ ન હતી.

'જે ભાવે ઈ' પણ તો ય કલ્યાણે માથું ધૂણાવ્યું. 'પણ વળતાં માલણપરામાં દેવશી પટલની છોડીને જોતો...'

'ડોબુ કયાં છે?' કલ્યાણે જવાની તત્પરતા બતાવી.

'ગમાણે બાંધી છે. ચાસડીએ ખાતી હશે મેં નીર્યો છે, જાતા જાતામાં ભલે ઈ ય બચારી લીલો... ખાતી જાય.' બોલી ડોશીએ ભાતાની પોટલી કલ્યાણ સામે ધરી. કલ્યાણ મોંમાં દાતણ નાખી પોટલી લે... ચાલતો થયો.

ડોશીના મનમાં શી ખબર પણ એક પ્રકારનો... રંજ જન્મ્યો. અને તે મનમાં બોલી, 'આવો છો... મારી પૂંઠે જલમે, એવું મેં આ ભવમાં તો ન... માન્યું.' અને તે બહાર આવ્યા. કોઈક ઘરેથી ઘં... સૂર આવતા હતા. તારોડિયાનો તારો માથા પર... થોડોઘણો જ નમ્યો હોય એવું કંકુમાને લાગ્યું.

તે બહાર આવીને રળિયાતના ખાટલા પા... ઊભા, રળિયાતના, નિરાંતથી, શાંતિથી નાકના ન... કોરા બોલતાં હતાં. 'આ જ ઈને જરા ય ફ... નથી. ઈનોય છેલ્લો દી' છે ને!

બોલી ડોશી તેમના ખાટલામાં આવી પા... એમનું મન નવી આવનારી વહુમાં પરોવાયું. ... વળી કલ્યાણ યાદ આવ્યો, ભગર યાદ આવી. કલ્યા... ખાટલો યાદ આવ્યો. રાણપુરની બજાર યાદ આ... એમની નજર સામે કલ્યાણનું ચિત્ર આવ્યું. તે ... હતો. ને મનમાં નવી ઘરવાળીનો હરખ હશે...

પણ ના. કલ્યાણના પગ ભાંગી ગયા હોય એ... કલ્યાણને પોતાને લાગ્યું. એના પંડયની અંદરનો... કહ્યું તે ન માની રહ્યો હોય એવું તેને લાગ્યું. તે... ચાલગતિમાં આજ ઘણો ફેર પડી ગયો હોય તે... તેને ભાન થયું. સાત ગાઉ ધરતી કાપતાં તેના ... આવી ખૂટલાઈ કદી ય આદરી ન હતી. સૂરજ રા... પુરના સીમાડે સામો આવી ઊભો રહ્યો, ત્યારે એ... મને ઘોડો ઘડચો. 'આ ડોબાને લઈને કસઈખા... જાતા કો'ક ભાળી જાય તો તો પછી મારે ગામ... કયા મોંએ પાછા ફરવું?'

તો ય એણે પગ ઉપાડ્યા. એના ગૂડા ગળી ... હતા એનું ભાન એને તો થઈ ગયું હતું, પણ એમાં... ભગરના પંડય પર એની નજર પડતી ત્યારે ... અંદરનો માંયલો કળકળી ઊઠતો.

માંડમાંડ રગશિયા ગાડાના બેડું જેમ રાણ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદરે તો તે પહોંચ્યો. ગામના કસાઇખાટલા તરફ નજર નાખવા જતો હતો ત્યાં અચાનક તેની નજર ભગર પર પડી. અને બંનેની નજર એક થઈ. થોડીક ક્ષણ સુધી બંનેની નજર એક જ રહી. અને કલ્યાણને મનમાં ઊગી નીકળ્યું કે ભગર એની પાસે દયા યાચે છે. અબોલ જીવ બીજી કઈ રીતે માગણી કરે? આટલી વાર નજર ખોડી, નહીં તો, મારી સામે જુએ શું કામ?

અને એમાં ય તે જ ઘડીએ ભગરની આંખમાંથી પાણી નીતર્યું.

કલ્યાણે કસાઈખાટલા સામે નજર સુદ્ધાં પણ ન નાખી, તેણે ભગરને પાછી તેના ગામ તરફ વાળી લીધી. ત્યાં રાણપુરના પાદરમાં જ શિવાશેઠનો મુનીમ સુખચંદનો સાયકલ પર ભેટો થયો. એણે સાયકલ ઊભી રાખી, ‘કાં કલ્યાણભાઈ! અત્યારના પો'રમાં ઘર કોર ક્યાંથી, હારે આ ભગર!’

‘ભગરનો દોરો કરાવવા...’ જાણી જોઇને તે જૂઠું બોલ્યો. ‘કાલ રાતે આંયા પિ'રના થાનકે આવ્યો'તો. રાતે જ પાછા વળી નીકળવું'તું...પણ...’

‘તારે તમારી મોર્ય હું ઘરે પોંચીશ. માને તમારા સમાચાર આપી દઈશ.’ બોલી એ સાયકલ પર સ્વાર થઇ સાયકલને દાબી મેલી.

આખી રાતના ઉજાગરાના, વિચારના, પરિણામે અને આખી વાટના વિચારના પરિણામે તે મનમાં છેલ્લું વાક્ય બોલ્યો, “સૌ સૌના અંજળપાણી પરમાણે જીવે છે, ને ભોગવે છે, ઈમાં વળી નવી લાવવવાની વાત શી? આ ડોબું અને રળિયાત! અંજળપાણી પરમાણે રે'શે ને જીવશે.’

અને એણે પગને ઉતાવળે ઉપાડ્યા. પણ તેની પહેલાં કલાક સવાકલાક વહેલો સુખચંદ ગામમાં આવી ગયો હતો. તેણે હોંશે હોંશે, કંકુમાને કહ્યું. ‘કલ્યાણભાઇ અને ભગર મારી વાંહે હાલ્યા આવે છે. ફકર ન કરશો.’ બોલી તે પાછો વળ્યો.

માથા પર થયેલ તરવારના ઘાને ઝીલતાં મોં પર થતી વ્યથાની રેખાઓ જેવી રેખાઓ કંકુમાના મોં પર ઘટાટોપ થઇ અને બોલ્યા, ‘તાણીકાઢેલ, એ ય પાંકડો નીકળ્યો.’*

* લેખકના આગામી વાર્તાસંગ્રહમાંથી,

✻

મદ્રાસના સરકારી નોકરો

મદ્રાસ પ્રાંતની સરકાર બધા મળીને ૧,૫૨,૮૦૦ પગારદાર નોકરો પાસેથી કામ લે છે. એમાંથી—

૨૯૫ને રૂા. ૧૦૦૦ કરતાં વધુ પગાર મળે છે.
૧૨૦૦ને ” ૪૦૦ થી ૧૦૦૦ સુધી.
૫૪૦૦ને ” ૨૦૦ થી ૪૦૦ સુધી.
૬૭,૪૦૦ને ” ૪૦ થી ૨૦૦ સુધી. અને
૭૮,૬૦૦ને ” ૪૦ થી [illegible] છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શી

ઝર્કસીસ ચક્રવર્તિ સમ્રાટ હતો. પૂર્વમાં સતલજના કાંઠાથી તે પશ્ચિમમાં ઇજીયન સમુદ્ર સુધી એનું મહારાજ્ય ફેલાયેલું હતું. દક્ષિણમાં એબીસીનિયાથી માંડીને ઉત્તરે કાળાસમુદ્ર સુધી એની આણ મનાતી. ઈરાની લોકો પોતાના રાજ્યમાં ભુંજાઈ જાય તેવા ગરમથી માંડીને થીજી જાય તેવા ઠંડા પ્રદેશો હતા તે સૌને સંભળાવતા. ઝર્કસીસ શિયાળામાં બેબીલોનમાં રહેતો ને ઉનાળામાં સુસા તો ચોમાસામાં પર્સીપોલીસ. દસહજાર અંગરક્ષકો એની તહેનાતમાં રાતદિવસ રહેતા, ને એના જનાનખાનામાં એના મહારાજ્યના એકેએક પ્રદેશની રમણીઓ હતી. મદીલી આંખવાળી એબીસીનિય નર્તિકાઓ ચાલે ત્યારે જાણે રૂપ ઢળી પડતું હોય તેવી હિંદવાણીઓ, મિજાજી સીરીયન કન્યાઓ, જાદુગરીણી સમી સરકાશીયસુ ને વાર્તાલાપમાં કુશળ, બુદ્ધિપ્રભાવે ચમકાવતી ગ્રીક યુવતીઓ સૌનો એ સ્વામી હતો. ચક્રવર્તિની નજર જે ચીજ પર પડતી એ એની જ ગણાતી. પછી એ ઘોડો હોય કે યૌવનમુગ્ધ કુમારિકા. બાપે એની ભેટ બાદશાહને ધરીને કૃતાર્થ થવાનું હતું. બાદશાહના જનાનખાનામાં પ્રવેશ મળતાં પહેલાં છ મહિના સુધી એને અત્તરનું માલિશ થતું. ને દૂધ જ એને પીવા મળતું. જેથી એનો ચહેરો પૂર્ણિમાના ચંદ્ર જેવો ઊજળો થાય, ને એની હાજરીથી જ સુગંધની મહેક છૂટે.

ઝર્કસિસના પલંગ પર સોનાની દ્રાક્ષની વેલ ચડાવી હતી, ને દ્રાક્ષના ઝુમખાની જગ્યાએ હીરા–માણેકના ઝુમખા ગોઠવ્યા હતા; એના અંગરક્ષકો એની હાજરીમાં મોં ઢાંકીને ઊભા રહેતા. રખેને પોતાના દુર્ગંધિત શ્વાસથી શાહેનશાહ બેચેન બની જાય!

આ પલંગ પર મશરૂની તળાઈમાં પણ એક ભંડિયું શાહને ખૂંચી રહ્યું હતું ને તે ગ્રીસ. ઈજીપ્સ-ન્યુબીઆ, પંજાબ, સીસ્તાન, અરબસ્તાન. અફઘાનિસ્તાન, અંસિરીયા, આયોનીયા, લીડીયા, ને બીજા અસંખ્ય દેશોએ શાહના કદમ આગળ માથું ઝુકાવ્યું હતું–પણ ખારેક જેવડા આ ગ્રીસે એની પાસે ઘૂંટણ નમાવવાની ના તે ના જ પાડી હતી. એટલું જ નહિ પણ આશ્ચર્યની અવધિ તો એ થઇ હતી કે એના પિતા દરાયસને એમણે મેરેથોનના મેદાનમાં હાર આપી હતી. એના વિશાળ સામ્રાજયના પ્રમાણમાં આ નાની હાર કાંઇ મહત્ત્વની વાત નહોતી; એના પિતા કાંઈક અતિવિશ્વાસમાં ગાફેલ રહ્યા હતા–પણ છતાંએ હાર તે હાર તો હતી જ. ગ્રીસને એ હરાવીને ઇજીયન સમુદ્રમાં ફગાવી દે ત્યારે જ એ ઝર્કસીસ.

બરાબર આ ટાંકણે જ એથેન્સે દેશનિકાલ કરેલ રાજા ને સ્પાર્ટાએ હાંકી કાઢેલ ઉમરાવ એની સહાય માગવા આવ્યા.

ઝર્કસીસને એ જ જોઇતું હતું.

એથેન્સે એક બીજી ભૂલ પણ કરી હતી. સોલોને ગ્રીક લોકોને વ્યાપાર કરવાને પ્રેર્યા હતા ને સૂર્યમાળાના ગ્રહોની જેમ ગ્રીક થાણાં ઠેર ઠેર નખાયાં હતાં. કાળાસમુદ્રના છેડાથી માંડીને સીસીલી સુધી ગ્રીકો પોતાની કોઠીઓ નાખતા હતા. એશિયામાઈનરના કાંઠા પર આયોનીઆમાં ઘણી ગ્રીક વસાહતો હતી. આજસુધી એ ઈરાનના શાહની આણ નીચે વેપાર કર્યા કરતા. દરાયસને મેરેથોનમાં જ્યારે ગ્રીકોએ હાર આપી ત્યારે આ બધી વસાહતોમાં સળવળાટ થયો; ને એમણે ઈરાની સામ્રાજ્ય સામે બળવો કર્યો; ને ગ્રીસના જુદાં જુદાં રાજ્યોની મદદ લેવા દૂતો મોકલ્યા. એથેન્સ સિવાય સૌએ ના ભણી. ગ્રીસની ભૂમિ પર ઈરાની લશ્કરને હરાવવું તે એક વાત હતી, ને ઈરાની સામ્રાજ્યની ભૂમિ પર ઇરાનને હરાવવું તે જુદી વાત હતી એ સિદ્ધ કરનાર એલેકઝાંડરને હજુ વર્ષોની વાર હતી. પોતાની માતૃભૂમિના ટેકા વગર આ વસાહતી ગ્રીકો હાર્યા. એમની મુખ્ય નગરી મીલેટસને ઈરાનીઓએ બાળી ને ખોદી નાખી અને પુરુષોને ગુલામ બનાવી તીગ્રીસ નદીની આંખવા મોકલી આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બળવાખોરોને તો સજા થઈ હતી. પણ એને પ્રેરનાર એથેન્સ છટકી ગયું હતું. ઝર્કસીસે હવે એથેન્સને ઉથલાવવાનું નક્કી કર્યું. એમાં એકવીસે પ્રાંતોમાં ગ્રીસ પર ચડાઈ કરવાની તૈયારી કરવાનું ફરમાન કાઢ્યું—ને પોતાના દૂતોને ગ્રીસના બધા રાજ્યોમાં તાબેદારીનાં ચિહ્ન તરીકે માટી ને જળ લઈ આવવા મોકલ્યા. માત્ર સ્પાર્ટાના ને એથેન્સમાં કોઈને મોકલવા કે નહિ તે વિચારતો હતો. કારણ કે એના પિતા જીવતાં થોડા વખત પહેલાં એણે આવા દૂતો મોકલેલા. તેને સ્પાર્ટાએ કૂવામાં ફગાવી દીધેલા ને કહેલું ‘ત્યાં માટી ને જળ બંને છે લઇ લો.’

બરાબર આ જ વખતે બે સ્પાર્ટનો આવ્યાના ખબર પહેરેગીરે આપ્યા. એમના શરીર પોલાદના બન્યા હોય તેવા સુદૃઢ હતા. માથું નમાવ્યા વિના ટટાર એ ઊભા રહ્યા. એને લાવનાર એલચીએ કહ્યું.

“આ શાહોના શાહ સૂર્યપુત્ર ઝર્કસીસ છે, એને દંડવત પ્રણામ કરી કૃતાર્થ થાઓ.”

સ્પાર્ટન ગ્રીકોને માટે આ ભાષા ને દેખાવ નવીન હતો. એ તો સામે સિંહાસન પર સેંકડો અંગરક્ષકોથી વીંટળાયલ સોના–ને હીરાથી જ ઘડયો હોય તેવા ઝર્કસીસને ટગર ટગર જોઇ જ રહ્યા. પેલાએ ફરીથી દંડથી પ્રણામ કરવાનું કહ્યું. ત્યારે એક જણે સ્પષ્ટ જવાબ આપ્યો. “અમે દેવતાના જેવું માન કોઈ માણસને આપતા નથી. ડેલ્ફીના એપોલો આગળ જ ગ્રીકોના માથા નમે છે. માણુસની આવી પૂજા કરવાનું અમારે ત્યાં શીખવાતું જ નથી. ભોંય સાથે અમારું માથું ફોડશો તો પણ એ નહિ બને.”

અંગરક્ષકો આ ઉદ્ધત જવાબ આપનારાઓને તલવારથી પૂરા કરવા આવતા હતા ત્યાં ઝર્કસીસે આંગળી ઊંચી કરીને પૂછ્યું.

“તો અહીં શા માટે આવ્યા છો?”

“હે ઇરાનાધીશ, અમને સ્પાર્ટનોએ મોકલ્યા છે, પોતે એક ભૂલ કરી છે તેનો બદલો વાળી આપવા. તમે તાબેદારી સ્વીકારતું કહેણ લઇને મોકલેલા દૂતોને સ્પાર્ટનોએ આવેશની પળમાં કૂવામાં નાખી દીધા. પણ પછી સૌને આ કૃત્ય ન્યાયવિરોધી લાગ્યું ને સ્પાર્ટાના શ્રેષ્ઠ કુટુંબોમાંથી અમને બે જણને એના બદલામાં તમારી પાસે સજા ખમવા માટે મોકલ્યા છે. તમે અમને વાઘને મોંએ ફડાવી શકો છો–અથવા હાથીને પગે કરી શકો છો.”

ઝર્કસીસ ઘડીભર દિગ્મૂઢ થઈ બંને જુવાન સ્પાર્ટનોના તેજપૂર્ણ ચહેરા સામે તાકી રહ્યો; પછી બાદશાહને જ ગૌરવ આપે તેવી રીતે કહ્યું: ‘હું સ્પાર્ટનોનું અનુકરણ નથી કરતો. એમણે બધા જ લોકો જેને અવધ્ય ગણે છે તે દૂતોનો વધ કરી એ અપકીર્તિ મેળવી છે. હું પણ તમને હણું તો આડકતરી રીતે એ જ દોષને પાત્ર થાઉં. તમે જઈ શકો છો, પણ જતાં જતાં અહીં હું ગ્રીસના સર્વનાશની જે તૈયારીઓ કરી રહ્યો છું તે જોતા જજો ને જેવું જુવો તેવું જ જઇને કહેજો.’

સ્પાર્ટન દૂતો પાછા જતા હતા ત્યારે એક સરદારે કહ્યું; ‘આ મહાન વૈભવશાલી સમ્રાટની મૈત્રી તમે નથી ઇચ્છતા? તમારા પર સમ્રાટની કૃપા ઊતરી છે. એ તમને આખા ગ્રીસ જેવડા પ્રાંતની મારી જેમ સરદારી આપશે.–”

મારે શી ખામી છે? ત્યાં ગ્રીસમાં બોડા પર્વત સિવાય શું બળ્યું છે? સ્પાર્ટન દૂતે કહ્યું, “તમારી સલાહ અમારે માટે બંધબેસતી નથી. તમે તમારા અનુભવ પરથી કહો છો, પણ અમારો અનુભવ તમને કયાંથી હોય? તમને આ ગોલાગીરી સહજ છે; પણ મુક્તિ એ કેવી મીઠી ચીજ છે તે તમે કદી જાણ્યું નથી. જો તમે જાણ્યું હોત તો તમે જ અમને કાળજાતૂટ મહેનત કરીને પણ એની રખેવાળી કરવાની સલાહ આપી હોત.”

આ હતું ગ્રીસ ને આ હતું ઈરાન. એક પ્રજાસત્તા–ને બીજું સામ્રાજ્ય. બેની વચ્ચે અથડામણ નીર્માઇ ચૂકી હતી. વાસ્તવિક રીતે એ બે સંસ્કૃતિ જ હતી.

ઈરાની લોકો બધા દુ:ખી હતા કે દ્રાપસ ઉદાર કે દયાળુ નહોતો તેમ નથી–સ્પાર્ટન દૂતોને જ એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદારતાનો તો અનુભવ થઇ જ ચૂક્યો હતો; પણ મહત્વની વાત એ હતી કે ઈરાની સામ્રાજ્યમાં એક સમ્રાટ હતો–ને બાકીના બધા ગોલા. ગોલાને સમ્રાટ ગમે તે પળે રાણા કરી શકતો હતો. પણ એ ગોલાના જન્મથી અધિકારે નહિ પણ સમ્રાટની મીઠી દૃષ્ટિથી; અહીં રાજકારણ જ હતું નહિ–કારણ કે પ્રજા જ નહોતી. ને ગ્રીકોને મન તો પ્રજાતંત્ર એ શ્વાસોચ્છવાસ-સમું હતું. એટલે ગ્રીક–ઈરાન વિગ્રહ એ માત્ર વ્યાપારનો જ વિગ્રહ ન હતો, વિચારનો પણ હતો જ. ચાબૂક અને ચિંતન વચ્ચેનો એ વિગ્રહ હતો.

*

ડેલ્ફીના મંદિરમાં જાણે ઉલ્કાપાત મચી ગયો છે. મંદિરના પૂજારીઓ, રક્ષકો–ને શહેરના નગરજનો જાણે વજ્ર પડયું હોય તેમ મૂઢ બની ગયા છે. કોણ જાણે કેટલાંય ગણ્યાં ન ગણાય એટલાં વર્ષોથી આ મંદિર ઊભું છે–ને અગણિત યાત્રાળુઓ પોતાની શંકાનું સમાધાન કરવા, આશા પૂરવા સારુ માનતા કરવા આવ્યા છે ને દેવે કોઇને ધક્કો મારી પાછા કાઢયા નથી. પણ આજે એથેન્સની લોકસભાએ મોકલેલા દૂતો જેવા પગથિયાં ચડયાં કે તેવી જ દેવદર્શિની બોલી ઊઠીઃ 'કંગાલો શા સારુ આંહી બેઠા છો ? ભાગવા માંડો. સૂર્ય પુત્રનો રથ તમારી પછવાડે આવી રહ્યો છે–ને તમારું શહેર, બધાં શહેરો સળગીને રાખ થઇ ગયાં ભાળું છું.–અરે આ દેવતાના મંદિરો પણ તૂટશે–નીકળો અહીંથી–બહાર દુઃખ ને શોકનો દરિયો ઊભરાય છે ત્યાં.'

એથેન્સના દૂતો સાંભળ્યું ત્યારના જડપત્થરની જેમ ત્યાંના ત્યાં બેઠા હતા. એમની ભૂખતરસ મરી ગઈ હતી.

ઝર્કસીસ મહાન પ્રલયની જેમ ચડી આવતો હતો તેની સૌને જાણ હતી; પણ દેવો પણ એમને તજી જવા બેઠા છે તેની એમને ખબર ન હતી. દેવો એમને કાંઈક માર્ગ સૂઝાડે તે માટે વિનવવા તો એમને અહીં મોકલ્યા હતા.

આ ભયાનક સત્યાનાશની વાણી એ કઇ રીતે એથેન્સની લોકસભામાં સંભળાવશે ? ને આ સાં... પછી કોની છાતીમાં હામ રહેશે ? આવો સંદેશો ... જવાની એમની જ હામ ન હતી. એટલે જ ભૂખ્યા-તરસ્યા ત્યાં બેઠા હતા. ગામના લોકોએ આ... એમણે સમજાવ્યા પણ દૂતો તો કહે–"કાં તો ... અમારું બલિદાન લે–ને કાં તો આનો કાંઈક ... બતાવે. આ કાળમુખી ભવિષ્યવાણી લઈને ... જવાના નથી."

બેઠા–ત્યાંને ત્યાં બેઠા. એક દિવસ–બે દિવસ–... દિવસ–અન્નપાણી ઊંઘ તજી દેવપ્રતિમાને વિન... બેસી રહ્યા. ત્રીજે દિવસે દેવદર્શિનીએ કહ્યું.

"દેવીએ જ્યુપીટર (ઇંદ્ર)ને તમારા વતી વિ... કરી પણ કાલના લેખને ઇંદ્ર પણ ફેરવી શકતો ... તમારાં શહેરો જશે–દેવો જશે–તમારું રક્ષણ ... લાકડાની દિવાલો કરશે–ભાગો–એનું રક્ષણ ... દેવપ્રિય સાલેમીસ લાણી વખતે સૌની કાપણી કર...

"કાંઇક આશા હતી. લાકડાની દીવાલોનું ... લેવાનું કહેવા દૂતો એથેન્સ તરફ વળ્યા ને ... લોકો લાકડાની દીવાલો એટલે શું ? ને એનું ... કેમ ગોતવું તેની ચર્ચામાં પડયા; કંઇક ઉત્સાહી ... આ સંદેશો આખા ગ્રીસમાં પહોંચાડવા વછેરાની ... ગામેગામ ઉપડયા.

*

મોટા ભાગના ગ્રીકોએ ઝર્કસીસના દૂતો ... તાબેદારી સ્વીકાર સૂચક માટી ને જળ મોકલી આપ્યાં હતાં. માત્ર એથેન્સ, સ્પાર્ટા ને બીજા ... ગાંઠયાં શહેરોએ જ સામનાનો દૃઢસંકલ્પ કર્યો હ...

ને ગ્રીકોની હામ છૂટી જાય તેમાં કશું આ... પણ ન હતું. એ પહેલાંના ઇતિહાસમાં કદી બન્યું ... હોય તેવું પ્રચંડ સૈન્ય ઝર્કસીસે ઊભું કર્યું ... ગ્રીસ એના સામ્રાજ્યના સોમા ભાગ જેટલું ન ... ને એના સૈન્યની સંખ્યા જેટલી સમગ્ર ગ્રીસની ... વસ્તીની સંખ્યા પણ ન હતી. ઝર્કસીસે દરિયા... જમીન બંને રસ્તે ગ્રીસને ભીડાવવાનું નક્કી કર્યું ... આ માટે એણે ૧૨૦૦ વહાણોનો કાફલો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો હતો. ગ્રીસ, ને એશિયા વચ્ચેની હેલેસ્પોંટની સામુદ્રધૂનિ પર પૂલ બાંધવા માટે ૬૦૦ વહાણ અલગ રાખ્યાં હતાં ને કુલ ૫૦ લાખ માણસોની વિરાટ ફોજ લઈને એ હથેળી જેવડા ગ્રીસને ચગદી નાખવા એશિયામાંથી ઊતરી આવતો હતો. એશિયાના એકે-એક મુલકના સૈનિકો એમાં હતા. દંતુશળમાં તલવારો વાળા હાથીઓની અંબાડી પર અચૂક લક્ષ્યવેધ કર-નારા હિંદી સૈનિકો એમાં હતા—રથયુદ્ધમાં કુશળ એવા અચરીસીનો હતા—કશા જ હથિયાર વિના માત્ર લાંબા દોરડાના ગાળાથી સફાઈપૂર્વક દુશ્મનોના ગળામાં ફાંસો નાખી શકનાર કાસ્પીયન કાંઠાના જંગલીઓ એમાં હતા. ઘોડેસ્વારી માટે મશહુર આરબો ને સિંહ સાથે બથોબથ આવનારા ન્યુબીયનો પણ એ હરોળમાં હતા; સોના—રુપાના બખ્તરોમાં શોભતા ઇરાનીઓ તો શાહના સર્વોત્તમ સૈનિકો ગણાતા; હેલેસ્પોન્ટને પાર કરી ઝર્કસીસનું સૈન્ય ગ્રીસના ઉત્તર ભાગમાં પ્રવેશ્યું ત્યારે સામાન્ય નાગરિકોએ ઝર્કસીસ માનવી હોય તેજ માન્યું નહિ. કારણ કે હેલેસ્પોંટને પાર કરતાં જ એના સૈન્યને સાત દિવસ ને સાત રાત લાગ્યાં હતાં—એટલું અગણિત એ દળ હતું.

હેલેસ્પોંટ આગળ ઝર્કસીસે પોતાના સમગ્ર:સૈન્યની કવાયત રાખેલી. નૌકાસૈન્યના વહાણો પણ સજ્જ થઈને હારબંધ કાંઠાથી થોડે દૂર ઊભા હતા. ને ભૂમિફોજ તો દરેક જાતિવાર અલગ અલગ જથ્થામાં ગોઠવાઈ હતી. ઝર્કસીસ રથમાં બેસીને દરેક જથ્થાનું નિરી-ક્ષણ કરતો ને થોડા સવાલો પૂછી આગળ ચાલતો. એની પછવાડે સૂર્યમંદિરના પૂજારીયો ને લહીઆ અદબ ભેર ચાલતા હતા. ભૂમિફોજનું નિરીક્ષણ પૂરું થતાં, ઝર્કસીસ રથને બદલે પોતાના વહાણ પર ચડયો ને તૂતક પર ઉભેલા સૈનિકોના જયનાદો વચ્ચે આખા નૌકાસૈન્યનું નિરીક્ષણ કર્યું. બધુંજ બરાબર એની આજ્ઞા મુજબ હતું, લંગર ઉપાડવાના હુકમની રાહ જોતાં વહાણો દરિયાની છાતી પર નાચી રહ્યાં હતાં—એણે સ્પાર્ટાના દ્રોહીરાજા દિમિત્રને બોલાવ્યો ને પોતાની આ વિશાળ મુલકી ને દરિયાઈ સેના બતાવી, પૂછ્યું:

'તમને એમ લાગે છે કે આ જોયા પછી ગ્રીકો લડવાનો વિચાર પણ કરે? તમે ગ્રીક છો એટલે એમને ઓળખતા હો જ.'

'શાહ—હું આપને રુચે તેવું કહું કે સાચું કહું?'

'સાચું લાગે તે કહેવાની હું તમને છૂટ આપું છું.'

'શાહનશાહ, આપે સાચું કહેવાની છૂટ આપી છે ત્યારે સાચું કહું છું, જેથી પાછળથી કોઇ ન કહે કે ગ્રીકો જુઠાબોલા કે ખુશામતખોર છે. ગ્રીકો ગરીબાઈ-માં ઉછર્યાં છે. એમને કુદરત સાથે ઝઘડવું ને સહન કરવું તે રમત વાત છે. આપ ખાત્રી રાખજો કે જે બેડી પહેરાવવા આપ જાઓ છો તેનો સૌ સામનો કરશે. અને કદાચ બધા જ ગ્રીકો તમને મળી જશે તો પણ એકલા સ્પાર્ટનો આપનો સામનો કરશે. કેટલી સંખ્યામાં તે પૂછોમાં. એક સો હજાર—અરે એકસો હશે તો પણ લડશે.'

'શું વાત કરો છો? મને તો એ બડાઇ લાગે છે. એમની પાસે ૫૦૦૦ સૈનિકો હોય પણ આ સૈન્ય એના કરતાં હજારગણું છે!

દિમિત્રે નમ્રતાથી કહ્યું: 'એ લાગતું જ હતું કે આપને મારી વાત નહિ ગમે. જે લોકોએ મારા અધિકારો ઝૂંટવી લીધા છે તે જેમણે મને દેશવટો દીધો છે તેનાં હું વખાણ તો ન જ કરું પણ આપે સાચું કહેવાનું કહ્યું ત્યારે મારે સાચું જ કહેવું જોઇએ. એ વાત સાચી છે કે સ્પાર્ટનોમાં એકચક્રી સમ્રાટ નથી. પણ એમના પર એ સમ્રાટ કરતાં ક્યાંય વધારે શક્તિશાળી સ્પાર્ટન શિસ્ત છે. ને આનાથી આપની આ રૈયત બીએ છે તેનાથી પણ એ શિસ્તથી સ્પાર્ટનો વધારે બીએ છે— ને સ્પાર્ટાની શિસ્ત હરો-ળને ન તૂટવા દેવાનું શીખવે છે.'

ઝર્કસીસે સહજ હસીને દિમિત્રને વિદાય આપી. સ્પાર્ટાની આ શેખી તોડવા જ એ આવ્યો હતો. પણ સમય એને બતાવવાનો હતો કે દિમિત્રે જે કહ્યું તેમાં અતિશયોક્તિ તો નહોતી જ. હોય તો પણ થોડી અલ્પોક્તિ જ હતી. પણ એતો થર્મોપોલીમાં સિદ્ધ થવાનું હતું ને થર્મોપોલી હજી દૂર હતું.*

* લેખકની 'ગ્રીસની વાતો' નામના પ્રગટ થનાર પુસ્તકમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પાનુ ૮ નું ચાલુ]

આપણું બારણું, મામા! પેલું મેડા ઉપર જવાનું છે નાં? એની પાસેનું નીચલા માળનું. હું તો ત્યાં ઊભીને જોઉં છું તો કોક બહાર આઘેરું નજરે પડયું! આછેરો ઉજાસ હતો ને મારી તો ચાર આંખ થઈ ગઈ. પહેલાં તો થયું ગાંડું થયું હશે!'

'કોણ હતું?'

'બીજું કોણ? તમારી ગુલાબભાભી!'

'બાલમુકુંદ! તને ચોક્કસ ખબર છે?' બાલમુકુંદના મામાએ વચ્ચે પૂછ્યું.

'ત્યારે શું બનાવટ કરું છું મામા? એ તો રાંડની યે સંતલસ તો કરી મૂકેલી. પણ એ તો પછી સધની દીકરી હોંશિયારી બતાવવા માંડી.'

"હવે હું ત્યાં છાનો ઊભો છું સા'બ! એટલામાં મેડા ઉપરથી મેં કોકને ઉતરતો જોયો. મારો તો ભાઈ પિત્તો ઉકળ્યો હો. થયું કે સામાને, ધ્યાનબારો બહાર નીકળવા જાય છે ત્યાં જ, લગાવી દઉં. પણ ત્યાં તો એ મેડાવાળા બારણેથી બહાર ન નીકળતાં, વચ્ચેના બારણેથી, મારાવાળા ઘરમાં જ આવ્યો!

"મારા તો ધરણ મરી ગયાં. એમ થયું કે પેલો ગઠીયો મળ્યો હતો, એના જેવો જ આ કોઇક છે, મેં એને પકડવા ને બૂમ પાડવાનું કર્યું. પણ ત્યાં તો એણે પોતે જ કાંઈક પોટકી જેવું મારા સામે ધર્યું. 'અલ્યા! કરમણુંધિયાળ!' એણે તો મને જ-મોટેથી કહ્યું: 'તું તો લુંટાઈ ગયો છે તને હું શું લુંટવાનો હતો? તારું બૈરું જ લુંટાઈ ગ્યું છે ને! મન જ નથી થાતું તારું લેવાનું. લે આ તારું પાછું! આજ તારી પાછળ મફતનો સ્ટેશનથી પીછો લીધો! તારા જેવા નમાલાનું તે શું લેવું! લે!'

એટલું બોલીને એણે તો ઝડપથી પોટલી મારા ઉપર ફેંકી. મેં 'ચોર! ચોર!' કરીને બૂમ પાડી, પણ તે પહેલાં તો એ ઝડપથી બહાર દોડ્યો ગયો!

"પણ મારી બૂમ સાંભળીને દોડતા ગઠીયાની પાછળ જ, ગુલાબ જ્યાં ઊભી હતી ત્યાંથી, કોઇક બીજાને પણ મેં દોડતા જોયા, ને એટલામાં તો ગુલાબનો અવાજ પણ સંભળાયો: 'સુખા... પકડો સાળાને!' સુખાજી પડખેના ઝાંડ પાછ... નીકળીને દોડતા દેખાયા!

"હવે આ સુખાજી કોણ મામા? ગુલાબે ... કે 'એ તો ગામનો ચોકીદાર છે. ને મને શંકા ... કે ઘરમાં ચોર ભરાણો છે એટલે હું બહાર ની... હતી કે સાળાને સપડાવી દેવાય!' આ હોંશિયા... હવે ખરી વાત શું?

"મેં તપાસ કરી તો કોઇ સુખાજી ના... ચોકીદાર જ મળે નહિ ને! અને જેણે હાથમાં ... ઘરેણાંની પોટલી મારા મોં ઉપર ફેંકી દીધી—... જેવા નમાલાને ત્યાં શું ચોરી કરવી એમ ક... —એનું શું? પેલો ગઠિયો—એણે જે કહ્યું એનું...

'આ સા'બ! ત્યારથી ગુલાબને છોડી તે ... વરસ થઈ ગયાં બીજાં ત્રણ! હવે આ બે ... પાછળ પડ્યા છે—કે કાં એને લાવો ને કાં ... કરો. આપણે એને લાવવું નથી. ને બીજું ... નથી. આફ્રિકામાં મજો છે. પાછું ત્યાં જાવું છે!

"હવે સા'બ! આનો નીયા તમે ઉતારો. ... જે નામ મોંએ ચડી ગયું, એ બોલી ગયાં હોય— ને સુખાજી ચોકીદાર ન હોય, તો એમાં ... થઈ ગયું?'

'એમ નહિ સા'બ! આ અમારો બાલમુ... જરાક વહેમી છે. બાકી વૌ — મેં જોઇ છે નાં— કાંઈ કહેવાપણું નથી. ને પેલા ગઠીઆએ, પકડાઈ જવાનો છે એ જોઇને, આ જુક્તિ ન ... હોય? એને મળ્યા હતા એ ગઠીયા બે હતા, ને ... પણ બે હતા — એનું શું? એકે આને કાંઇક ... કહ્યું કે એ વિચારમાં પડી જાય! અને ત્યાં ... ભાગી જાય! મુદ્દામાલ સાથે પકડાવું નહિ—... પોટલું ફેંકી દીધું. પોટકામાં શું ઘરેણું ... બાલમુકુંદ?

"બધુંય નગદ ઘરેણું! આ હ્યોને, એ ... તો — અમે સૂતા હતા એ ઘરમાં જ મૂક્યું હતું ... મેડા ઉપર ક્યાંથી ગયું? રાંડનીએ સંતલસ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલી કે પેલો એનો હેળવેલો, મેડા ઉપર બેસે, ને ત્યાંથી ઘરેણાં લઈ ભાગી જાય ને પોતે પણ સાથે જ ઉપડી જાય ! પણ આ બીજો ગઠિયો કરમજોગે, ત્યાં જ વહેલાં પેસી ગયેલો. મને લાગે છે મારી પાછળ તરત જ. એટલે પેલા ભાઈ ત્યાં બેઠા'તા એ ભાગ્યા હશે. ને ગુલાબ એ વાત જાણવા માટે બા'ર ગઈ — ત્યાં આ પરપોટો ફૂટ્યો — મને તો આખી વાતની ગડ આમ બેઠી છે !'

'હવે જુઓ ! બાલમુકુંદ ! તમને ખોટું તો નહિ લાગે નાં ?'

'ના રે સા'બ ! આમાં ખોટું શું ને સાચું શું ? ઇ તો આપણા કરમસંજોગની વાત છે !'

'તમે પંચહાટડીમાં વીશી કરતા ત્યારે ગુલાબભાભી આવ્યાં'તાં એ ખરું ?'

'અરે ! સા'બ ! ત્યારે તો સાવ નાની—ગભરૂ. હવે તો ઊડતાં પંખી પાડે એવી થઈ ગઈ !'

'પણ મારે તો તને બીજી વાત કરવી છે ! જુઓ ત્યારે, જાણે સાંભળો, તમારા મામા સાંભળે તો વાંધો નથી નાં ?'

'એમાં વાંધો શેનો ? અમે તો મામા ભાણેજ કે'વાના; અમારા એકબીજાના દેહ જુદા એટલું જ. પ્રાણ તો ભેગા જ છે. એની તલે તલ વાત હું જાણું. મારી એ જાણે. અમારે ઉમ્મરમાં ફેર કેટલો ? ત્રણ વરસનો માંડ. અટલે તો ભાઈબંધ જેવા જ ગણોને !'

'ચાલો, ત્યારે એ કામ ભારે થયું. નરોત્તમભાઈ ! આ અમારી પંચહાટડીની વીશી હતી નાં ભારે રંગીલી હો ! અને એમાં આ તમારા ભાણેજ બાલમુકુંદભાઈ એ તો જાણે, ભાત ભાતનાં પંખી ઉતારે...એક વખત..'

'એ સા'બ ! એ વાત નહિ હો—બીજી બધી ભલે, પણ એ નહિ..' બાલમુકુંદ અરધો ઊભા જેવો થઇ ગયો. ને મારો હાથ પકડી લીધો. મેં તો આગળ ચલાવ્યું.

'આ ભાઈ, રાતના દસ વાગ્યા હશે ને એક ખોખડ ધજ ડોસો ને ભેગી એની ટચુકડી, રસીકડી, નાનકડી વહુ—તોછડી લાજ કાઢી રહી'તી, એમાંય અરધું આમંત્રણ હતું—એ આવી ચડ્યાં. વીશીમાં રાત રહ્યાં, એ વખતે ગુલાબભાભી પણ ત્યાં હો—બિચારાં હજી નાનાં ! ને હું પણ રાતે વીશીમાં જ જમીને, અગાશીમાં ગાદલું નાખીને પડેલો. પછી ભાઇ !..'

'પણ સા'બ ! સા'બ એ વાત નહિ હો— મેં મામાને એ નથી કહી. સા'બ ... હવે નહિ હો—' બાલમુકુંદ તો એનો હાથ મારા મોં સુધી લાગ્યો.

'સારું, ત્યારે બાલમુકુંદ ! મારે તો તને આ કહેવું હતું. કે, ખરી રીતે તો તું ધારે છે તેમ ગુલાબભાભી હોય—ધારો કે હોય—તો તારે હવે એને મેળવી લેવા માટે, આગલા જોબનજીવનની કઢંગી શૈલીથી, જીવન હવે કેવું જોખમાય એ વાત કહેવી ઘટે. અને સ્થિર શાંત જીવનનો મહિમા સ્થાપવા માટે, એના મનને વાંચવું ઘટે. એને બદલે તું તો આમ કરે છે ! એ પણ ઠીક, આપણે ક્યારે સમજીશું કે આંહીં જે કાંઈ ઉદ્‌ભવે છે એ આપણામાંથી જ ઉદ્‌ભવે છે...'

'ભાઇએ ભારે કહ્યું છે હો ! બાલમુકુંદ—આ તો સો વાતની એક વાત કરી નાખી છે. જે કાંઈ છે તે આપણે જ ઊભું કર્યું છે ! ભારે કહી છે ભાઈ એ, બાલમુકુંદ ! ...'

'અલ્યા સા'બ, ભાઈઓ ! સાંભળજો—ગાડી છૂટી છે' બહાર કોઇ મજૂરે આવી બૂમ પાડી. સૌ એકદમ ગાંઠડા પોટલાં સંકેલવા માંડ્યા. બાલમુકુંદ ને સૌ પથારો પાથર્યો હતો એને ભેગો કરવામાં પડી ગયા.

એટલામાં તો વ્હીસલ પણ થઈ ને અમે સૌ દોડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ. મ. રા.

આત્મરચના અથવા આશ્રમી કેળવણી

[લે. જુગતરામ દવે: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; મૂલ્ય, સાડા ચાર રૂપિયા.]

પ્રવેશકમાં કાકા કાલેલકરે જેમને 'આપણી ભોળી જનતાના દરબારમાં પહોંચી ગયેલા સંસ્કારી દુનિયાના એલચી' કહ્યા છે તે શ્રી. જુગતરામ દવેએ સાબરમતી જેલમાં આશ્રમજીવન પરત્વે જે 'ચિન્તવન રોજ બ્રાહ્મમુહૂર્તમાં કર્યું તેનું ફળ આ પ્રવચનો છે.' આશ્રમજીવનના નવા ઉમેદવારોને સંબોધાયેલા ગ્રંથમાંનાં ૭૬ પ્રવચનોમાં કર્તાએ સ્વચ્છતા, શરીરશ્રમ, સૂત્રયજ્ઞ, આહાર, સમયપત્રક, 'મહાકાર્ય' ભંગીકાર્ય, સ્વયંપાક, ખાદી, સ્વદેશી, પોશાક, પ્રાર્થના, ગ્રામવાસીઓનો સંપર્ક અને સેવા—એવા આશ્રમજીવનના આચાર ધર્મની સિદ્ધાન્તનિષ્ઠ અને વ્યવહારુ માગદર્શનથી ભરેલી ચર્ચા કરી છે. આશ્રમવાસીઓના ખાનગી જીવન અને કુટુંબ જીવન વિષે પણ કેટલાંક પ્રવચનોમાં ચર્ચા કરી છે. આશ્રમવાસીઓની પત્નીઓ, બાળકો, બાળકોની કેળવણી, સંતાનોનાં લગ્ન, જ્ઞાતિ સાથે તેમનો સંબંધ અને એવા બધા પ્રશ્નો એ નિમિત્તે કર્તાની વિચારણામાં આવી ગયા છે. છેવટે આત્મરચનાનો એકાદશ વ્રતનો અભ્યાસક્રમ, તેનાં ફળ, તેને માટે આશ્રમની અગત્ય અને એવા આશ્રમનું આદર્શ સ્વરૂપ કર્તાએ ચર્ચ્યાં છે. આમ, આશ્રમવાસીના આશ્રમજીવન અને ખાનગી ગૃહજીવન પરત્વે ચર્ચા કરી એ બંને ક્ષેત્રમાંના એના ધર્મ સ્પષ્ટ સમજાવી કર્તાએ દેશસેવક સત્યાગ્રહી સ્વરાજ સૈનિક તરીકેનો આશ્રમવાસીનો ધર્મ દર્શાવ્યો છે. પ્રત્યેક આશ્રમવાસી પહેલો ને છેલ્લો એક સત્યાગ્રહી, રાષ્ટ્રસેવક સ્વરાજ સૈનિક છે અથવા હોવો જાઇએ એમ ગૃહીત કરી લઇને જ આ છોંતેર પ્રવચનો લખાયાં છે. જાત પર જરાય રહેમ ન રાખતું આવું સંયમકઠોર આશ્રમજીવન આમ છતાં રસ અને કળાથી ભરપૂર છે એમ પણ કર્તા બતાવવા મથ્યા છે.

ગ્રંથની સામગ્રી તરત જ કહી આપે છે કે શ્રી. જુગતરામ દવેએ રજૂ કરેલો આશ્રમનો આદર્શ પ્રાચીન આર્યાવર્તના ગુરુકુળ કે ઋષ્યાશ્રમનો નહિ પણ ગાંધીજીએ પ્રચારેલો અને અમલમાં [illegible] આશ્રમનો આદર્શ છે. એક રીતે એમ જ કહેવાય કે ગાંધીજીની આશ્રમભાવનાએ અને તેના સાબરમતી અને વર્ધા ખાતે થયેલા અમલે શ્રી. દવેની વિચારણાને પ્રેરી છે. ગ્રંથ આ રીતે જોતાં ગાંધીજીએ ઘડેલાં સાબરમતી સત્યાગ્રહાશ્રમના નિયમો અને કાર્યપ્રણાલીનું તેમ જ ગાંધીજીના 'મંગળ પ્રભાત' એ વ્રતવિચારનું મહાભાષ્ય જ છે.

ગાંધીજીની આશ્રમભાવનાના ભાષ્યકાર થવા શ્રી. જુગતરામ દવે પૂરા અધિકારી પણ છે. સત્યાગ્રહાશ્રમમાં એ રહેલા છે તેમજ વર્ષોથી વેડછી સ્વરાજ–આશ્રમના સંચાલક કે પ્રાણ પણ છે. આશ્રમજીવન અને ગ્રામસેવા માટે સાચી નિષ્ઠા તો એમનામાં ઘણી છે. આ વિષય પર અનુભવ અને પ્રતીતિના બળ સાથે અને અધિકારથી બોલવાનું એમને જ ભળે એવું કામ એમને આથી ફાળ્યું છે. વેડછી આશ્રમને તેઓ 'આત્મરચનાની શાળા' કહે છે. એમ આત્મરચના (ખરી રીતે 'જીવનઘડતર' કે 'આત્મવિકાસ' વધુ સારો શબ્દ હતો) પોતાની મેળેય માણસ કરી શકે એ સંભવને ઉવેખ્યા વગર તેઓ માને કે આશ્રમ જ એને માટે જરૂરી છે. આશ્રમી કેળવણી આત્મરચના અને સ્વરાજરચનાના કાર્યની તાલીમ મેળવવાનું મોટું સાધન છે એવી એમની શ્રદ્ધાદૃઢ માન્યતા છે. આ ગ્રંથમાં તેમણે આશ્રમી કેળવણીના આદર્શમાં પોતાની અનન્ય નિષ્ઠા લલકારી છે અને લોકોની ટીકાથી તથા પોતાની નબળાઈથી ઢીલા પડતા આશ્રમવાસીઓને પોતાની હરોળ સમાલી ટટ્ટાર બની 'એક-કતાર' થવાનો આદેશ આપ્યો છે અને આશ્રમી આચારની પ્રતિષ્ઠા પુનરપિ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે.

આહાર, આશ્રમવાસી બાળકોની કેળવણી, પ્રાર્થના, સત્યાગ્રહીનાં સત્ય–અહિંસા, અને આત્મરચનાનાં એકાદશ વ્રત–એટલા વિષયોને એમણે વિસ્તાર આપ્યો છે. આશ્રમવાસીના આશ્રમજીવન અને કુટુંબજીવન તથા જ્ઞાતિજીવન વચ્ચે વિસંવાદ ન રહે, તેનામાં પોતાનાં બાહ્યાભ્યંતર સ્વરૂપો વચ્ચે વિરોધ ન રહે, તેનામાં દંભ કે મિથ્યાચાર ન પેસી જાય, તે નિયમજડ વેદિયો પણ ન બની જાય, તે માટે કર્તાએ સારી ચેતવણી આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા આશ્રમવાસીનું માનસ, તેની નબળાઇ, તેના માર્ગમાં આવનારી મુશ્કેલીઓ, અન્ય તરફથી થવી સંભવિત તેની હાંસી ને ટીકા—આ સર્વનું તેમણે કરેલું નિરૂપણ તેઓ ભયસંભવો તથા વાસ્તવિકતા પ્રત્યે કેટલા જાગ્રત છે એ બતાવે છે.

બાળકેળવણી અને ઉચ્ચ શિક્ષણ વિશેનાં તેમનાં મંતવ્યો સહુને ગળે નહિ ઊતરે. પણ એમની નજર સમક્ષ જીવનની પળેપળ રાષ્ટ્રને ચરણે ધરી દેનાર ગ્રામસેવક જ છે એ ભૂલવું ન ઘટે. એવો સેવક પોતાનાં સંતાનોને પોતાની રીતે જ ઉછેરી પોતાનાં આદર્યાં અધૂરાં પૂરાં કરવા તેમને તૈયાર કરે એવો પણ આગ્રહ એમનો છે. એટલે, એમણે કહ્યું તેથી બીજું એ કહી શકે એમ હતું જ નહિ. ગાંધીજીના જ વિચારોને જેમ સમગ્ર ગ્રંથમાં તેમ આ બાબતમાં પણ કર્તા ઉદ્‌ઘોષતા જણાય છે.

ગ્રંથ અતિવિસ્તારી થઇ ગયો છે તે તો શ્રુતિમાતાની પેઠે વસ્તુનું ખંતપૂર્વક આમતેમ ફેરવી તપાસીને પૂરું નિરૂપણ કરવાના કર્તાના આશયને લીધે. પણ એમની લેખનકળાનો તથા એમનામાં છૂપાયેલા સાહિત્યકાર જીવડાનો એથી જ ઠીક પરિચય પમાય છે. જો કે સંક્ષેપમાં ન જ લખી શકાત એમ નથી. ભાષા સરળ, પ્રવાહી, અને એક પ્રકારની સાત્ત્વિક છટાવાળી છે.

પ્રવેશકકાર કાકાસાહેબ કહે છે તેમ આશ્રમમીમાંસામાં આ ગ્રંથ પ્રમાણગ્રંથ ગણાશે અને 'રચનાત્મક કાર્યક્રમને વરેલા રાષ્ટ્રસેવકોને આમાંથી જાણવાનું ઘણું મળશે.'

હિંદની અંગ્રેજ વેપારશાહી

ઈ. સ. ૧૬૦૦–૧૮૦૦

[લેખક, મગનભાઈ પ્રભુદાસ દેસાઇ; પ્રકાશક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.]

મૂલ્ય ચાર રૂપિયા.

ગૂજરાત વિદ્યાપીઠ હસ્તકની સૂરજબેન સ્મારક ગ્રંથમાળાનું આ બીજું પુસ્તક શિક્ષણકાર્ય અંગે તેના કર્તાએ કરેલા અભ્યાસની નોંધોમાંથી જન્મ્યું છે. કર્તાના શબ્દોમાં 'તે બાળકોનું પાઠ્યપુસ્તક નથી. પરંતુ મોટા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને મદદરૂપ થશે.'

પુસ્તકમાં નવું સંશોધન નથી, પણ નવી દૃષ્ટિ એમાં પ્રવર્તી છે, અને એમાં જ એની વિશિષ્ટતા અને ઉપયોગિતા રહેલાં છે, એ નવી દૃષ્ટિ તે રાષ્ટ્રીય અથવા ભારતીય દૃષ્ટિ ઉપલબ્ધ જૂના–નવા પ્રમાણગ્રંથોનો અને શાળાઓનાં ઇતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં અંગ્રેજોએ પોતા–વિરોધી જે હકીકતો દબાવી કે છૂપાવી રાખી છે તેનો પૂરો ઉપયોગ કરીને હિંદી નજરે ઇ. સ. ૧૬૦૦થી ૧૮૦૦ સુધીના બે શતકના ઇતિહાસપ્રવાહને શ્રી મગનભાઇએ અત્રે રજૂ કર્યો છે.

પુસ્તકના બાર ખંડ પાડવામાં આવ્યા છે. પહેલા ખંડમાં પોર્ટુગીઝ, વલંદા, અંગ્રેજ ને ફ્રેંચ વેપારીઓનાં હિંદપ્રવેશ ને વેપારરીતિની, બીજામાં મોગલ સામ્રાજ્યના પડતી કાળની અને મરાઠાઓની કજિયાખોરીની, અને ત્રીજામાં ગોરા વેપારીઓની રાજકીય આકાંક્ષાઓના પ્રારંભ તથા વૃદ્ધિની અને દેશી સિપાહીની શોધની કથા છે. ચોથાથી આઠમા સુધીના પાંચ ખંડો અંગ્રેજો નસીબના જોરે, ફ્રેન્ચોની અણઆવડતથી, સિરાજનાં ભોળપ ને બાલાઇથી, મીરજાફર ને શેઠોના દેશદ્રોહથી અને કલાઇવના અધર્મ્ય પ્રપંચથી બંગાળા કેમ સર કરી બેઠા તેની કથા કહે છે. મરાઠા રાજમંડળમાં અંગ્રેજોનો પગપેસારો નવમા ખંડનો, કંપની સરકારનું રાજબંધારણ દસમાનો, અને પરદેશી રાજ્યવ્યવહારનું મંડાણ અને ગ્રામપંચાયત પર ઘા, વેપારનો નાશ અને રાજાઓનો હ્રાસ એ એની ત્રણ અસરો અગિયારમા ખંડનો વિષય બને છે. ટીપુના અંગ્રેજોએ કરેલા પરાજય, ખરડાની જીતના મરાઠાશાહીના અંતિમ વિજય, સ્વરાજના ખરા શત્રુ અંગ્રેજોને મહાલવા દઇ નબળા સ્વદેશીઓ (નિઝામ, બાદશાહ શાહઆલમ અને ટીપુ)ને જેર કરવામાં ધ્યાન આપવાની નાનાફડનવીસની ભૂલ અને નાનાફડનવીસના મૃત્યુની માહિતી આપતા બારમા ખંડના અન્ત સાથે પુસ્તક પૂરું થાય છે. ત્યાર પછીના રજવાડી હિંદના પરાજયનો ઇતિહાસ ૧૯મી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદીનો છે. એ હવે પછી આ જ પદ્ધતિએ પ્રગટ કરવાની કર્તાની મુરાદ છે. એ તેઓ વહેલી સિદ્ધ કરે એવી આશા રાખીએ.

કલકત્તાની કાળી કોટડી વિશેની વાતને જૂઠાબોલી હોલ્વેલની 'તોપ' તરીકે ઓળખાવી કર્તાએ એ બનાવ બન્યો જ નથી એમ આપણા ઇતિહાસકારોને આધારે સિદ્ધ કર્યું છે. પ્લાસીના યુદ્ધને એમણે વાજબી રીતે જ અંગ્રેજોનું સિરાજ સામેનું દેશદ્રોહી ફિતૂર કહી 'પ્લાસીનો બળવો' જ ઠરાવ્યું છે. ક્લાઇવ અને હેસ્ટિંગ્ઝ જેવાનાં ન્યાય નીતિ ને માણસાઈ વિનાનાં કરતૂકો, આપણી નબળાઇઓ ને ભૂલો, રાઘોબાની સ્વાર્થમય પ્રપંચલીલા અને નાનાફડનવીસની મુત્સદ્દીગીરી એ સર્વ પર પણ એમણે ઠીક પ્રકાશ પાડ્યો છે. અંગ્રેજોની ફત્તેહ વેળા આપણા લોકોમાં રાષ્ટ્રનિષ્ઠા કે દેશાભિમાન જેવું કશું હતું નહિ અને એથી આપણે હાર્યા એ બહુ બોલાતા અભિપ્રાયની ચર્ચા કરી કર્તાએ એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે એવું અંગ્રેજોના જેવું એક જાતિના અભિમાન પર રચાયેલું દેશાભિમાન આપણા જેવા અનેક જાતિઓ, ધર્મો અને ભાષાઓના વિશાળ ખંડ જેવડા દેશમાં બહુ શક્ય નહિ, પણ રાષ્ટ્રનિષ્ઠા જેવું એક અંગ જ ગણાય તે સંસ્કૃતિનિષ્ઠા તો આપણે ત્યાં હતી જ. એ સંસ્કૃતિશક્તિનો રાજકારણ પર પ્રભાવ પણ હતો જ. યુરોપના લોકો આજે એવો કાંઈક યુરોપવ્યાપી સાંસ્કૃતિક પ્રભાવ ખોળે છે. આપણી પાસે તેનું પાયારૂપ ચણતર હતું એમ કહી શકાય. ખૂટે માત્ર સ્વતંત્ર રાજકીય સમૂહ તરીકે પણ ફાવવાના ગુણ. તે સારુ આપણે નિષ્ઠાનો એક નવો પ્રકાર ખીલવવો જોઈએ.' નિષ્ઠાનો આ નવો પ્રકાર તે વેળા નહોતો, ૧૯ મા સૈકાના ઉત્તરાર્ધમાં પ્રગટી હિંદી પ્રજાને એક રાજકીય બળ એ બનાવે છે. કર્તાનું આ પૃથક્કરણ સાચું છે.

પુસ્તકને શ્રી. મગનભાઇનું આવું ઇતિહાસ–પૃથક્કરણ તથા રાષ્ટ્રીય દૃષ્ટિનો પ્રકાશ એક તરેહની વિશિષ્ટતા અર્પે છે. એની ઉપયોગિતા સ્વયંસ્પષ્ટ છે.

શ્રી. નેત્રમણિભાઇને: (લે. કાકા કાલેલકર; પ્રકા. નવજીવન પ્રકાશન મંદિર;) મૂલ્ય, ચૌદ આના

કાકા સાહેબે તેમના એક ભક્ત સ્વ. નેત્રમણિ શ્રોફ તથા તેનાં પુત્ર–પુત્રી પર લખેલા ૯૮ પત્રોનો સંગ્રહ આ પુસ્તકરૂપે પ્રગટ થાય છે. અંગતને જાહેરમાં મૂકતાં કાકાસાહેબ જેવી સુજ્ઞ વ્યક્તિને સ્વાભાવિક રીતે સંકોચ નહિ થયો હોય એમ નહિ, પણ સ્વ. નેત્રમણિભાઈનું આ રીતે સ્મારક કરવાનો લોભ બલવત્તર બન્યો હશે એવું અનુમાન સહેજે થાય છે. 'એમાં નેત્ર મણિભાઈના પ્રેમાળ, સંસ્કારી, ભક્ત હૃદયનો પડઘો છે.' એ કાકાસાહેબનું વાક્ય સાચું છે. એમના પ્રત્યેનો સ્વર્ગસ્થનો આ પત્રોમાં સૂચિત થતો ભક્તિભાવ અજબ છે.

જેમ નેત્રમણિભાઇનું સૂચિત તેમ કાકાસાહેબનું વ્યક્ત દર્શન આ પુસ્તકમાંના પત્રો કરાવે છે. નેત્રમણિભાઇનો કાકાસાહેબ માટેનો આદરભર્યો અનુરાગ તેમની ધાર્મિકતાને અંગે બંધાયો હતો, પણ કાકાસાહેબે તેમની પરના પત્રોમાં પોતાની ધાર્મિકતા, આધ્યાત્મિક અનુભવો, સાધના વગેરેની વાત ક્યારેક માત્ર સૂચવીને ઇશારાથી જ પતાવી છે, અને પોતે ધાર્મિક પુરુષ નહિ પણ રાષ્ટ્રસેવક જ છે એ એમના મન પર ઠસાવ્યા કીધું છે, એ એક ધ્યાન ખેંચે એવી હકીકત છે. ધર્મની કરતાં વહેવારની વાતો આ પત્રોમાં વિશેષ છેડાઇ છે. એમાં વૃત્તિ એ પ્રેમી પ્રશંસકના સ્નેહાદરનો પ્રત્યુત્તર આપવાની જ છે. છતાં પત્રલેખક છે કાકાસાહેબ, એટલે આ પત્રોમાંથી જાણવા જેવું ઘણું મળી રહે છે. કાકાસાહેબનો કર્મયોગ, એમનો 'રસયોગ,' એમના ખોરાકના પ્રયોગો, સંગીતની એમના પર થતી અસર, એકાંત સાધનાની ઇચ્છા છતાં ભારતમાં ફરતા રહેવાનું પ્રારબ્ધ, લેખો કરતાં પત્ર લેખન દ્વારા વ્યક્તિગત સેવા પર કેટલાંક વરસથી એમની વધતી જતી શ્રદ્ધા, સાધનાને જાહેર સેવાકાર્યના ત્યાગમાં એમની અસંમતિ, સેવા અને પૂજા વચ્ચે એમણે બતાવેલો ભેદ એ સૌ આ પત્રોમાંની કાકાસાહેબનો આંતર-બાહ્ય પરિચય આપતી જાણવાજોગ સામગ્રી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધીનતા

મુંબઈના બારામાંથી જે સ્ટીમર અંગ્રેજોને લઈને પોતાના દેશ તરફ સીધાવી રહી હતી, એમના એ પ્રયાણ ઉપર આપણે જરાક જ ચિંતનદૃષ્ટિ કરીએ, તો સ્વાધીનતાનો સાચો અર્થ તરત સમજાઈ જાય. એમના દેશને એમનો આજે ખપ પડયો છે. અને તરત એમણે એ હાકલનો 'જવાબ આપ્યો; અને આ દેશ છોડી ગયા. એ વખતે કોઈ વ્યક્તિગત ન્યાય અન્યાયની વાત કરવા રોકાયો નહિ, પોતાની સત્તા સગવડતા ઉપર પડતા કાપની ચર્ચાચર્ચીમાં ઊતર્યો નહિ, દેશની હાકલ પડી છે— એ એક જ કેન્દ્રીવર્તી વિચારે, દરેકેદરેક અંગ્રેજ બચ્ચો ઇંગ્લંડ તરફ અત્યારે જઇ રહ્યો છે. કોંગ્રેસની બીકથી પણ એ ભાગ્યો નથી, અને આપણી ખંજરબાજીથી પણ ડર્યો નથી. એનું પોતાનું વહાણ મધદરિયે છે ને એમાં ફાંકું પડ્યું છે. એ ફાંકામાં પોતાની જાતને હોમવા માટે એ જઈ રહ્યો છે.

આ પ્રયાણમાં એક બીજું રહસ્ય પણ છે. એનો મોટામાં મોટો માણસ પણ દેશની સ્થાપિત સરકારને માન આપવાનું પોતાનું કર્તવ્ય સમજે છે. એના વ્યક્તિગત વિચારો ભલે ગમે તે પ્રકારના હોય, પણ એ પોતે સમષ્ટિની સાથે જવામાં જ દેશકલ્યાણને જોનારો છે.

આપણા દેશમાં હમણાં જે વ્યાપક ખંજરબાજી ચાલી ગઇ, હજી ચાલે છે અને હવે પછી પણ જે ચાલવાની છે, એણે આપણને સ્પષ્ટ કર્યું છે કે આપણે ક્યાં ઊભા છીએ. આપણો ઘણો મોટો જનસમૂહ — સેંકડો ને હજારોને હિસાબે નહિ, પણ લાખોને હિસાબે, હજુ જાનવરી અવસ્થામાં છે. થોડાક જ ગુંડાઓનું, આ કામ હોય તો પણ જનસમુદાયની ઘણી મોટી સંખ્યાની સહાનુભૂતિ કે ભીરુતા વિના એમ એ ચાલી શકે નહિ. વળી જે વખતે દેશના એક ભાગમાં ખંજરબાજી ચાલે છે, ત્યારે એના બીજા જ ભાગમાં શાંતિનું નાટક પણ ચાલે છે. આવી વ્યવસ્થિત, હોંશિયારી ભરેલી, વિશ્વાસઘાતી અને ભયંકર રીતે વ્યાપક એવી ગુંડાગીરી પાસે વારંવાર મહાન આદર્શોની વાતો કરનારા, કાં રાજનીતિ સમજતા નથી, અને કાં પોતાના સ્વપ્નની દુનિયામાં એટલા મસ્ત છે કે એમને વ્યવહારુ સામાન્ય બુદ્ધિ વડે થતી કોઇ વ્યવસ્થિત યોજના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર પણ કરવાની ફુરસદ નથી. થોડી છદ્મશાંતિને અંતે ગુંડાશાહી ફરી પ્રગટે ત્યારે વધારે મોટા આદર્શ સિવાય બીજી કોઇ વસ્તુ આપણી પાસે નથી— એ આ ચિત્રની ભયંકર કરુણતા છે. પરંતુ એ વીતી ગયેલી પળને, એમાંથી કાંઈ પણ જ્ઞાન મેળવ્યા વિના કે જ્ઞાન મેળવીને એને ક્રિયામાં મૂકયા વિના, એમ ને એમ, ઘડીભરની છેતરામણી સુંદર સૃષ્ટિ નિહાળીને, આપણે જો ભૂલી જઈશું, તો એ પળ પાછી આવશે ત્યારે રાતે પાણીએ રોશું !

પરંતુ આપણે આજે એ ભૂતકાળને જવા દઈએ. ભવિષ્યને પણ જવા દઈએ. સેંકડો હજારો ને લાખો માણસોએ જે દિલભર ઉત્સાહથી સ્વાધીનતાની પળને બહુમાન આપ્યું હતું એનું સ્મરણ કરીએ, તો આપણને લાગશે કે કહો ન કહો, પણ સ્વાધીનતાની આ જાદુઈ પળે, જનતાને નવા પ્રાણનું દર્શન કરાવ્યું છે. નવા પ્રાણની મોહિની લગાડી છે. નવા પ્રાણનો પ્રાણ બતાવ્યો છે. પ્રજાનો આ જાગેલો પ્રાણ—સ્થિર રહેશે કે પેરેશુટિયા ધ્વજ ફરકાવવામાં જ અતિતૃપ્તિ માણી લેશે ? શી રીતે એ પ્રાણ સમર્થ બને ? શી રીતે એ વ્યાપક બને ? શી રીતે એ સ્થિર બને ?

સ્વાધીન ભારતના હવે આ પ્રશ્નો છે. જે પ્રાણ આવ્યો છે એ પ્રાણની પ્રતિષ્ઠા કરવાના.

અંગ્રેજો પરદેશી હતા. અને એ દેશાભિમાની પરદેશી હતા. એટલે એમણે મૂકેલો વારસો એટલો સડી ગયેલો છે કે, એમાં ધરમૂળથી ફેરફાર કરવામાં ન આવે, તો એનો એ વારસો પણ, અણફૂટયા બૉમ્બની પેઠે, આપણો વિનાશ કરવાની શક્તિ ધરાવે છે. એટલે પહેલું કામ એણે મૂકેલા વારસાને દફે કરવાનું છે. કાંટાથી કાંટો નીકળે તેમ, એમણે મૂકેલો વારસો, એમના જ સદ્ગુણોનો આશ્રય લેવાથી દફે થઈ શકે તેમ છે. અંગ્રેજો દેશપ્રેમી છે. વ્યવસ્થિત છે. વ્યવહારુ છે. સંકટ સમયની એમની સહનશીલતા તો આખી પૃથ્વીમાં અજોડ ગણાય છે. અંગ્રેજ બચ્ચો ભલે વીર ન હોય, પણ એ ધીર તો છે જ. અને એનો કાયદાપ્રેમ એનો પોતાનો જ છે. આપણે એ જ સદ્ગુણો કેળવીએ તો એના વારસાને દાટી શકીએ. અંગ્રેજોએ વારસામાં નવી નોટો આપી છે. માણસાઈનું દેવાળું આપ્યું છે. જૂના રાગદ્વેષનો ઢગલો આપ્યો છે. હિન્દુમુસ્લિમનો અટપટો પ્રશ્ન આપ્યો છે. તુમાર, ફાઇલો, કાગળો ને લંબાણચર્ચા આપ્યાં છે. તાજમહેલનાં ખાણાં ને પ્રધાનોની ખાણાબાજીનો બ્રેડબટરિયો રિવાજ આપ્યો છે. કમિટીઓ આપી છે. કેવળ હાજરજવાબી આપી છે. કાયદા, દલીલ, અને કાયરતા આપ્યાં છે. પરંતુ એણે ભાષા પણ આપી છે. 'જર્નાલિઝમ' આપ્યું છે. સિનેમા આપ્યું છે. શિક્ષણ–સંસ્કારનો પંથ આપ્યો છે. વિજ્ઞાનનો પ્રેમ આપ્યો છે. યંત્રવાદ આપ્યો છે. ઉદ્યોગ આપ્યો છે. અને નવા વિચારો આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે આપણે સ્વાધીન થયા છીએ ત્યારે, આપણે આપણાં મોહક સ્વપ્નાં ને ભ્રમણા ભરેલાં જાળાં ઊભાં કરીશું કે એણે જ આપેલા સાધનોના સદુપયોગથી, એણે જ મૂકેલા વારસાને હડસેલી કાઢીશું, એનો આધાર આપણા પોતાના ઉપર જ છે.

હવે સ્વાધીનભારતના ઉત્કર્ષની આડે– માત્ર બે જ વસ્તુ ઊભી છે. એક એના અશક્ય આદર્શો. અને બીજી એની નિરર્થક કલ્પનાઓ.

આદર્શો માટે શક્ય ભૂમિકાનો પાયો સ્વીકારવામાં આવે, અને કલ્પના-ઓને વ્યવહારુ સ્વરૂપો પૂરાં પાડવામાં આવે, તો આ દેશની સ્વાધીનતા એ ખરા અર્થમાં સ્વાધીનતા બને. નહિતર તો જેમ હરેક સુંદર સ્વપ્નનું જાગ્રત અવસ્થા એ મૃત્યુ છે, તેમ આ સ્વપ્નની પણ કોઈ ને કોઇ અવસ્થા રાખ સર-જાવે અને એ રાખમાંથી વળી પાછો નવો પ્રાણ પણ પ્રગટે.

કારણ કે અંગ્રેજોનો વારસો એવો છે કે એનો વારસો લેવો સહેલો છે. તુમારો તો હરકોઈ ચલાવી શકે–પણ એના સદ્‌ગુણ મેળવવા એ ઘણા અઘરા છે, અને તેમાં પણ આપણા એણે એવા બે ભાગ પાડયા છે, કે હજી પણ ધારે, તો એ, આખા નાટક ઉપર પડદો પાડી શકે. આપણો વિજય તો, એણે જે કાંઇ આ કર્યું હોય, એનો સુંદર ઉપયોગ કરી લેવામાં રહ્યો છે.

એ અઘરું કામ જો આપણે પાર પાડી શકીએ, વ્યવસ્થિતપણે સંકટને ટાળતાં શીખીએ, તો જ આ સ્વાધીનતા આપણને સોનેરી સ્વર્ગ બતાવી શકે. આપણો ઉદ્ધાર આપણી સ્વાધીનતામાં હતો. પણ આપણી ખરી સ્વાધીનતા તો હવે જ આપણી વ્યવસ્થાશક્તિમાંથી ઉદ્‌ભવનારી છે.

સઘળો આધાર આપણે કેટલી ઝડપથી વ્યવસ્થિત થઈ શકીએ છીએ તેના ઉપર છે.

વ્યવસ્થિત એટલે સઘળી રીતે વ્યવસ્થિત. કાયદો પસાર થાય ત્યારે આપણે માલિકીવાદનો ત્યાગ કરીએ; કે બીલ આવે ત્યારે આપણી જરૂરિયાતોને કાપવા બેસીએ, કે નિયમ થાય ત્યારે શરીર ઘડવા બેસીએ, કે દંડ ઝુકાય ત્યારે વર્ગ-વિગ્રહ અટકાવીએ એનો કાંઈ જ અર્થ નથી. આપણી વ્યવસ્થા એટલે આપણી આસપાસનાં નવાં બળોને પિછાનીને એ પ્રમાણે આપણું જીવન ઘડી કાઢવાની આપણી પ્રાણશક્તિ.

આ પ્રાણશક્તિ આપણી પ્રજામાં હશે તો આ સ્વાધીનતા હમેશને માટે આપણી છે. નહિતર પરાધીન પ્રજાને મળેલ આટલી સ્વપ્નછાયા–એનું કાવ્ય રચવા માટે એ કાંઈ ખોટો વિષય નથી.

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિતારો!

अज्ञात

સીમલામાં મશોબ્રાના માર્ગનું રૂપ કાંઈક અનોખું છે. મશોબ્રારસ્તા ઉપરના પહેલા પુલ પાસેની ટેકરીઓ ઉપર થોડાંક દેવદારૂના ઊંચા ઝાડ ઊભાં છે. અને આસપાસની હરિયાળી ભોંને લીધે ત્યાં કુંડ જેવું બની રહે છે. એ જગ્યાએ જવાની પગદંડી પણ રળિયામણી છે. આજથી થોડાં વર્ષો પહેલાં ત્યાં એક કલાકાર રહેતો હતો. એ માણસ ઘણો વિચિત્ર ગણાતો, અને જ્યારે જુઓ ત્યારે પોતાની નાનકડી ઝૂંપડીને બારણે બેઠો સિગાર પીતો હોય. એનું ઝૂંપડું પણ એના જેવું જ વિચિત્ર હતું. પણ એણે આસપાસ ચારે તરફ વિવિધરંગી ફૂલછોડો રોપીને એને આકર્ષક બનાવ્યું હતું. જ્યારે જુઓ ત્યારે પોતાની એક તૂટેલ ખુરશીમાં બેસીને સદાશિવ સિગાર ફૂંકતો હોય!

પોતાને કલાકાર કહેવરાવતો આ સદાશિવ મૂળ આંહીંનો ન હતો. પણ એક વખત એક કુટુંબ સાથે સીમલા આવેલો ને પછી આંહીં જ સ્થિર થઈ ગયેલો. એને રમતારામને પોતાના ગામમાં કાંઈ ખાસ આકર્ષણ ન હતું.

પોતે એકલો જ હતો. અને આ હિમાલયની સૌન્દર્યે એને ઘેલો ઘેલો કરી મૂક્યો, એટલે એને છોડીને પાછા ફરવાની હવે એને ઇચ્છા પણ રહી ન હતી. અને હવે તો એ વાતને પંદર વીસ વર્ષ પણ થઈ ગયાં હતાં.

આ વિચિત્ર કલાકારને કોઇ ને કોઈ હરિના લાલ મળતા રહેતા. એ પોતાની જાતને કલાકાર કહેવરાવતો, પણ ખરી રીતે તો એ ચિત્રકાર પણ ન હતો. એ તો સાદો સરસ છબીચિતારો (Portrait painter) હતો. ફોટો આપો તો એના ઉપરથી ને સામે બેસો તો જોઇ જોઈને એવી સરસ તમારી છબી તૈયાર કરે કે તમે તમારી એ જાતને જાણે જાણતા ન હો તેમ જોયા જ કરો! તમને પણ લાગે કે તમારી એ જાત તો તમારી જાતથી આજ સુધી અજાણી રહી હતી! એક વખત એક મોટા જમીનદાર એના કૂતરાની એવી પ્રતિછબી માટે એને ૩૫૦૦ રૂા. આપી ગયેલો! એ સાચું કે તે પછી ત્રણ વરસ સુધી એ[...] માસિક આવક દોઢસોથી કદી વધી ન હતી [...] વારંવાર કોઈ ને કોઈ અકસ્માત એના જીવન[...] બની રહેતો ને સદાશિવનું ગાડું ગબડયે જતું!

પણ એને જીવનમાં એક અસંતોષ હતો. [...] કોઈ દિવસ એનું કલાકારી ચિત્ર આપી શકશે કે નહિ[...] કે નહિ જ આપી શકે?

એ એનું કલાકારીચિત્ર એટલે એણે હિમાલય[...] પ્રથમ દર્શન કર્યું એ ભવ્ય ઉત્તુંગ શિખરમાળા[...] અંકમાં સૂતેલા રમ્ય પ્રભાતની પહેલવહેલી સુર[...] સુરખી! હિમકન્યકા જેવી મનોહારી, એવી[...] અદ્ભુત આકર્ષણધારી!

પણ એ એની હિમકન્યકા કોઈ દિવસ પૂરી [...] થઈ તે ન જ થઈ.

સદાશિવને જીવનમાં અસંતોષ રહી ગયો. [...] તો એણે આ જીવનમાં કોઈ જીવન ડોલાવનારી પ[...] પોતાની પાછળ છોડી નહિ! એ તો ઠીક—એણે [...] મેળવી પણ નહિ. એ પણ ઠીક, એણે એ અનુ[...] પણ નહિ. તે પણ ભલે—આવી સુભગ પળ [...] જો જરાક જાણી હોત તો પણ એના જીવનમાં [...] સામર્થ્ય વસી રહેત!

પણ હિમકન્યકા સરી ગઈ. સરી જ ગઈ, [...] સુધી સરી ગઈ!

જાણે કે એ કોઈ દિવસ એની પાસે આવી[...] ન હતી!

[૨]

આજે હિમાલયનો ગાંડો વરસાદ શરૂ [...] હતો. આકાશમાં કડાકા ભડાકા થતા હતા. ડુંગરો[...] ગાજતા હતા. પાણી જાણે કે ભૈરવી અવાજે [...] હતાં. ચારેતરફની સજીવસૃષ્ટિ તો ક્યારની ખૂણેખાં[...] બેસી ગઈ હતી.

એ વખતે એક મોટર સદાશિવની ઝૂંપડી [...] અટકી. તેમાંથી બે જણાં ઊતર્યાં. એક પુરુષ [...] બીજી સ્ત્રી હતી. દેખીતી રીતે એમની શ્રીમં[...] કુદરતના આ કોપને પણ ડારી શકે એવી પ્રબળ [...]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નખશીખ એ એવાં સુસજ્જિત હતાં કે પાણી એમની ઉપરથી દડતું હતું, પણ એ જાણે કે પાણીને ગેલ ગણતાં હતાં.

પેલા પુરુષે ઉપર જોયું: ' આ જ એ પાગલનું ઝૂંપડું લાગે છે !'

એની સાથેની લટકુડીમટકુડી રૂપાળી જુવાન નારી સાથે એ પગદંડી ઉપર ચડવા માંડ્યો !

પેલી સ્ત્રીનો શણગાર—એ તો છૂપાઇ ગયો હતો. પણ એનું રૂપ એ વધારે પ્રગટ થયું હતું. મોહક એનાં નેણ હતાં. ભરાવ લાલ હોઠ હતા. એના વાળ એના જ હતા. અને એની સૌન્દર્યલીલા અદ્‌ભુત કહી શકાય તેવી હતી !

તે પેલા પુરુષની પાછળ પાછળ ચાલી !

ઝૂંપડીનું બારણું ઠસાવીને સદાશિવ કાચની એક બારીમાંથી વહેતાં ઝરણાંને જોઈ રહ્યો હતો.

એટલામાં બારણા ઉપર એક ટકોરો થયો.

સદાશિવે ઊઠીને બારણું ઉઘાડયું.

બન્ને જણાં અંદર દાખલ થયાં અને સદાશિવ આભો જ બની ગયો. આવા શ્રીમંત મહેમાનો એને ક્યારે ય મળ્યા ન હતા. ૩૫૦૦નો કૂતરો ચિતરાવનાર પેલો જમીનદાર રાજા પણ આની પાસે પાણી ભરે ! એ ડોલી ઊઠ્યો એની પાસે પેલી લાકડાની પેટીમાં આજે તો હવે ત્રણ જ રૂપિયા બાકી હતા.

ઈશ્વર કેવો માયાળુ છે. એ ક્યારેક અકસ્માત કેવો પોતાના શિશુને બરાબર પળે સંભાળી લે છે ! સદાશિવે ઉતાવળમાં ગભરાટમાં બે તૂટલી ખુરશી એમની સામે ધરી !

[૩]

એમનો આવવાનો હેતુ જાણતાં ચિતારો ડોલી ઊઠ્યો ! તે વિચાર કરી રહ્યો: આને પાંચ હજાર કહેવા. પાંચ હજાર ! એનાં દસ વરસ નિરાંતે નીકળી જશે, ને દસ વરસ પછી તો એ નહિ હોય. અત્યારે એને ઓગણસાઠમું તો હતું.

પણ અચાનક એની સ્મૃતિ ઉપરથી જરાક રાખ ઊડી ગઈ. તે વિચારમાં પડી ગયો.

'કેસરીમલ્લ !'

પુરુષનું એ નામ હતું. પોતાની આ પ્રિયતમાના અત્યારના રૂપને એ સ્થિર કરાવી લેવા માગતો હતો. આવતીકાલનો કાલ પછી એને ક્યાંથી સ્પર્શવાનો હતો ?

'ક્યા બિચાર કરતે હો ! પાંચ હજાર દામ કમી નહિ સાહબ !'

'શેઠજી-એ સામે ખડા હય, 'ડોગ' કા 'ફોટા' જરા યે બાજુ નજર કીજિયે ! સાડીતીનહજાર યે કૂત્તે કા હય !'

'વો લોગ ભૈયા ! રાજામહારાજા લોગ—

'આપ ભી કમ તો નહિ હો-મૈં બિના સાત હજાર પીછી લે ન સકતા હૂં ! ઇસમેં દો છવી હય !'

સદાશિવને લાગ્યું કે પોતે એક ભારે સોદો પાર ઉતારી રહ્યો છે ! દસ વરસ-કમમાં કમ દસ-એની રોટી પાકી ગઈ છે.

'અચ્છા સા'બ ! હમ દોનુંકી-એકહી સાથમેં...'

'હાં જી, એકહી સાથમેં...'

'આપ પિછાનતે હો ઇસ સન્નારી પ્રભાવતી દેવી કો ?'

'જી, અભી, હરરોજ પિછાન મિલેગી'

'આપ ?'

'નહિ માલૂમ આપકુ ? મેરા નામ કેસરીમલ્લ.

'ધૂંધલીમલ્લ ?'

'હા જી ! કામ કલસેં શૂરૂ હુએ ગા ?'

'પરસુસેં !'

'અચ્છા. નમસ્તે !' તે તરત ઊઠ્યો.

'જી ! નમસ્તે !'

બંન્ને ઊઠીને ચાલતાં થયાં. બહાર હવા ખુશનુમા બની ગઈ હતી. સર્વત્ર આસમાની ઘેરી છાંયનો મોહક રંગ ફેલાઇ ગયો હતો. દૂર ડુંગરા ઉપર ત્રણ મેઘધનુષ દેખાતાં હતાં.

-ચિતારો એમને જતાં જોઇ રહ્યો. અને પછી કુદરતને તો જોઈ જ રહ્યો.

'હિમકન્યકા !' એણે ઝૂંપડીમાં ફરી પ્રવેશ કરતાં નિઃશ્વાસ નાખ્યો: : ' અરે રે ! હિમકન્યકા !'

[૪]

રાતની ઊંઘની તાજગીમાંથી ઊઠીને સવારે પોતાની કૉફી પીતાં સદાશિવ થંભી ગયો. પ્યાલો એનાં હાથમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી ગયો. એણે તરત ઊઠીને પોતાનું કબાટ ઉઘાડ્યું, એક જૂનો કાગળિયો ગોત્યો. કાંઈક વાંચ્યું. ભારે પગલે એ પાછો ફર્યો. મન જાણે એનું ભાંગી ગયું હોય તેમ—એના પગમાં જરાક લથડાટ હતો.

'ત્યારે તો આ માણુસ એ જ. ચોક્કસ જ એ. બધી વાત—અરે! એનો ફોટો છે ને!'

—અને તે વિચારમાં પડી ગયો: મનસંવાદી ફિલસૂફી જાણે એના અંતરમાં ઊગી નીકળી.

'સદાશિવ! તેં આટલાં વરસ રાહ જોઈ, પણુ હિમકન્યકાવાળી વિરલપળ તો ન મળી તે ન જ મળી. પણુ ત્યારે ભાઈ! તારા જીવનમાં આ પણુ એક વિરલ પળ નહિ? તું ક્યારે તલવાર લઈને મરવા જવાનો હતો—તારા ધરમ માટે? આ તારો ધરમ. બીજું શું?'

'ના પાડવાનો?'

'હાસ્તો ભાઈ!' પોતે જ પોતાને પ્રત્યુત્તર વાળ્યો.

'પણુ શું કરવા?' મનમાંથી પ્રશ્ન આવ્યો.

'કેમ અલ્યા, શું કરવા? આ માણુસ કેસરીમલ્લ—જેણે એક બાલાને, આ તારી ઝૂંપડીની આસપાસ જ ક્યાંક, હણી નાખી, શરીર ભોગવી ભોગવીને, ને એ તો પૈસા વેરીને છૂટી ગયો—પણુ તું હવે એનો, કોઈનો નહિ ને એનો, 'પોરટ્રેઈટ' કરવા બેસીશ? એનો ચિતારો તું? તું આનો ચિતારો? કોઈનો નહિ ને આનો?'

'અલ્યા! સદાશિવ! આ ગાંડે રવાડે તને કોણે ચડાવ્યો?' અંદર ને અંદર મનોગત વાત ચાલી. વળી પ્રત્યુત્તર મળ્યો:

'પણુ પેલી એક કોઈકની વાત છે, એ તને યાદ નથી? અદ્‌ભુત પીંછી એ ચિતારા પાસે. જે એની સામે બેસે એને એ અમર કરી મૂકે. એક વખત કોઈ દેશદ્રોહી આવી ચડે છે. ના નથી પાડતો એ—ઘસીને? આ હાથઆંગળાં નહિ કામે તો નહિ કામે—પણુ એ આંહીં તો નહિ જ વપરાય. અલ્યા! પેલા ઢાકાના મલમલી આંગળાવાળાનું એ કહેવું હતું તેનું શું? અને તારાં પણુ આંગળા જ છે નાં?'

'પણુ હું—હું તો છબીચિતારો. જે બેસે એની પ્રતિકૃતિ કરવી—એ મારો ધરમ. હું એને શી રીતે ના પાડું? શા માટે ના પાડું? મારો ધરમ ચૂકું? મારો વ્યવહારધર્મ ભૂલું?'

'ત્યારે તો તારો ધરમ વેશ્યા જેવો ભાઈ! એને જુવાન, વૃદ્ધ, અકાલવૃદ્ધ, અપંગ, કાંઈ જોવાનું નહિ. એને માણુસ જોવાનો અધિકાર નહિ—પૈસા લેવાનો અધિકાર!'

'પણુ એવું તો આ દુનિયામાં ક્યાં નથી થાતું!'

'તે હશે—સદાશિવ! પણુ તને આવી પળ ક્યાં મળવાની છે? તારે ગામડે તો વળી, આવી ના પાડવાની ઘટના, તને કીર્તિ પણુ અપાવત. આંહીં તો એ પણ નહિ મળે. આંહીં તને અજાણ્યાને કોણ ઓળખે છે? સદાશિવ! આવી વિરલપળ નહિ આવે હો ભાઈ! પેલી તો આવે ત્યારે, ભાઈ! આ તો ઝડપી લે!'

અરધી પીધેલી કોફીનો ઠંડો થયેલો પ્યાલો ત્યાં પડ્યો હતો—તે ઢળતો રહી ગયો. સદાશિવે એક કાગળ કાઢીને કાંઈક ઉતાવળે લખવા માંડ્યું. એમાં વપરાયલા No, શબ્દનો એનો મરોડ—કોઈક એ મરોડ પચાસ વર્ષ પછી જુએ, તો પણ એ 'નો'નો લખનારો શું કહેવા માગે છે, એ એના મનોમંથનનો વિષય બની રહે, એટલું બધું કાંઈક, એ એક શબ્દના મરોડમાં જ સદાશિવથી આવી ગયું હતું.

અને એ કાગળ લખી ટપાલમાં નાખી તે રાતે ચિતારો નિરાંતે સૂઈ ગયો. આજના જેવું જાણે એ કોઈ દિવસ સૂતો જ ન હતો.

*

પણુ બીજે દિવસે પ્રભાતે ચિતારાને કોફી કરવાનો વખત પણુ ન હતો. એ ઉતાવળે ઉતાવળે, પોતાના કેનવાસ ઉપર જાણે સિંહની ફાળથી, કાંઈનું કાંઈ નાખવાના વેગમાં હતો.

રાતમાં એક મહા આશ્ચર્ય બન્યું હતું.

પંદર પંદર વર્ષમાં કોઈ દિવસ એની નજરે ન આવેલી પેલી 'હિમકન્યકા' ને આજે એણે પહેલવહેલી, રંગીન કલ્પનાના ઇંદ્રધનુરંગી હોડલામાં બેઠેલી, જોઈ હતી!

એને હવે ઉતાવળ હતી. એ 'હિમકન્યકા' ક્યાંક હાથતાળી દઈને નાસી જાય નહિ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતાને પગલે પગલે નવા પલટાઓ લાવો

ગુલામીની જંજીરો તૂટી છે. એક વિરાટ કારાગાર સમા આ દેશમાં વસનારાં માનવીઓનાં બંધન છેદાયાં છે. મહાત્માજીના એકાકી ઉપવાસથી માંડીને નવી દિલ્હીના ભવ્ય ભોજન સમારંભો સુધીની વિધવિધ રીતે લાખ્ખો હિન્દીજનોએ સ્વાતંત્ર્યસિદ્ધિના મંગલ પર્વની ઉજવણી કરી છે. મધરાતના અંધકાર વચ્ચેથી પ્રગટેલા આ યુગપલટાના વીજળી જેવા ચમકારાએ કરોડો મૂઢ આંખોને આંજી દીધી છે. હજારો ચિતા-કબ્રની ધગધગતી ધૂળ–રાખે દાયકાઓ પછી કે વર્ષો અને મહિનાઓ પછી, ચિર શાતા અનુભવી હશે.

પંદરમી ઑગસ્ટે આ દેશે જે મેળવ્યું છે તેને સ્વતંત્ર થવાની સ્વતંત્રતા ('ફ્રીડમ ટુ બી ફ્રી') કહી શકાય. તે દિવસે આપણા પગમાંથી બેડીઓ છૂટી છે. આપણી હાલત માટે આ એક ઘણો ક્રાંતિકારી પલટો ગણાય. પરંતુ તેને પગલે પગલે એવા જ બીજા પલટાઓ જો ચાલ્યા ન આવે તો માત્ર આ એક પલટાનો અર્થ કાંઈ રહેશે નહિ. પગમાં લોઢાની બેડીઓ હતી ત્યારે લાંબા કાળ સુધી એક સ્થળે બેસી રહેનાર માણસ એ બેડીઓ છૂટયા પછી પણ ઊઠીને અંગની આળસ ન ખંખેરે, આગળ વધવા દોટ ન મૂકે, અથવા તો અગાઉ કાટ ખાધેલ લોઢાની હતી તેને સ્થાને સુવર્ણની રૂપાળી બેડીઓ પહેરી સુઇ જાય એ પણ બનવાજોગ છે. એ રીતે, માનવી પોતે મેળવેલી સ્વતંત્રતા ભોગવે નહિ ત્યાં સુધી સાચે જ સ્વતંત્ર કેમ ગણાય?

પંડિત જવાહરલાલે કોલ આપ્યો છે કે, આ દેશમાં કોઈ નાગું-ભૂખ્યું ન રહે એવો દિવસ લાવીને જ અમે જંપશું. આપણી સમક્ષનું સૌથી ભગીરથ અને વિકટ કાર્ય એ જ છે. રાષ્ટ્રીય સરકારના એક પ્રધાન શ્રી મથાઇએ પણ એક ભાષણમાં દેશની આર્થિક ઇમારતનું ચણતરકામ કેટલું અગત્યનું છે તેની ઉપર ભાર મૂકયો છે, આપણા દેશની પ્રજા એક જ પુરાતન સંસ્કૃતિની અને ભવ્ય તવારીખની વારસદાર હોવા ઉપરાંત વિદેશી હકૂમત સામે લડવાના સંયુક્ત કાર્યને કારણે જ તેનામાં આટલી બધી એકરાષ્ટ્રીયતાની ભાવના જાગ્રત થઈ છે. એ વિદેશી અમલનો અંત આવતાં આ રાષ્ટ્રભાવનાને હવે કંગાલિયત સામેના એટલા જ અગત્યના યુદ્ધમાં જોતરી દેવી જોઇએ. ગરીબીને દૂર કરવા જેટલી જ અગત્ય શ્રી મથાઇ આર્થિક અસમાનતાઓનો નાશ કરવાના કાર્યને આપે છે.

સ્થાપિત હિતોની ઝેરીલી પકડ દૂર કરવાની આકરી લડત

દેશના મોટા મોટા ઉદ્યોગો સાથે વર્ષો સુધી સંકળાયેલા શ્રી મથાઇ જેવા માનવી આર્થિક અસમાનતાઓ દૂર કરવાની, ગરીબ-તવંગર વચ્ચેના ભેદ બને તેટલા ઓછા કરવાની વાતો કરે છે તે બતાવે છે કે શ્રીમંતોનો સહવાસ એમના અર્થશાસ્ત્રીના પ્રાણને ગૂંગળાવી શકયો નથી. શ્રી મથાઇ વધુ સ્પષ્ટ વાણી તો એ પણ બોલ્યા છે કે—

'ઓગણીસમી સદીની શરૂઆતથી કોઇ પણ દેશની રાષ્ટ્રીય ચળવળનો ઇતિહાસ વાંચશો તો તમને જણાશે કે એ ચળવળ ચાલુ હોય ત્યારે ઇચ્છા—અનિચ્છાએ પણ તેને એ દેશનાં સ્થાપિત હિતોની લાગવગ, એની મદદ અને એનાં સાધનો ઉપર આધાર રાખવો પડે છે. મોટાં, સુવ્યવસ્થિત સ્થાપિત હિતો માટે તો એ ભારે લાભનો સોદો બને છે, કારણ કે રાષ્ટ્રવાદને પોતાનું આર્થિક પાસું હોય છે, અને તેથી રાષ્ટ્રીય ચળવળમાં સંડોવાયેલાં સ્થાપિત હિતો પરદેશીઓની હરીફાઇ સામે ઠીક ઠીક રક્ષણ મેળવી શકે છે.

'પણ આપણે યાદ રાખવાનો મુદ્દો તો એ છે કે દેશની રાષ્ટ્રીય ચળવળનો વિજયી અંત આવે ત્યારે પ્રજાને ભાન થાય છે કે ચળવળ દરમિયાન જેની મદદ ઉપર પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો આધાર રાખ્યો હતો તે સ્થાપિત હિતોની પકડમાં એ સપડાઇ ગઈ છે. આજે હિંદમાં આપણી હાલત પણ અમુક અંશે આવી બની છે. આપણી સમક્ષ બાકી રહેલું મુખ્ય કાર્ય આપણી પ્રજાને જકડતી સ્થાપિત હિતોની આ પકડને દૂર કરવાનું અથવા ઢીલી પાડવાનું છે. એને માટેની લડત લાંબી, આકરી અને જોખમભરી બનશે. પણ આપણે એ કાર્ય હિંમત-પૂર્વક અને આપણી તમામ શક્તિઓ વડે નહિ કરીએ તો આપણી સ્વતંત્રતા એળે જશે.'

વિદેશીઓ સામે લડનારાઓ મૂડીવાદ સામે અચલ રહેશે ?

શ્રી મથાઈએ હિંમતપૂર્વક જેની સામે આંગળી ચીંધી છે તે સ્થાપિત હિતોની પકડ આપણા પ્રજા-જીવન ઉપર કેટલી મજબૂત છે તે તો આપણી ચોપાસના રોજિંદા જીવનમાં ડગલે ને પગલે પળેપળે દેખાય છે. આપણા પ્રાંતીય રાજકારભારના સુકાની આગેવાનોથી માંડીને વડી સરકારના રાષ્ટ્રનેતાઓ સુધી પણ આ ઝેરીલી પકડ પહોંચેલી જોઇ શકાય છે. વિદેશીઓ સામેનું યુદ્ધ ચાલુ હતું ત્યારે એ યુદ્ધમાં એક ડગલું પણ પાછું ન હઠે તેવા યોદ્ધાઓના નામ સેંકડોને હિસાબે આપણે લઇ શકીએ તેમ હતા. પણ મૂડીવાદીઓ સાથે જરાય સમાધાન ન કરે તેવા ટોચના આગેવાનોના નામોની ટીપ કરવા બેસીએ તો આજે ગાંધીજીની પછી એ યાદી બહુ લાંબી બને કે કેમ તે શંકાસ્પદ છે.

દેશની સામે આ એક ભારે વિકટ કોયડો ઊભો થયો છે. આજ સુધી પ્રજાના અધિકારો માટે લડેલી કોંગ્રેસે રાજકારભાર હાથમાં ધર્યો છે ત્યારે એને એની ભૂલો બતાવે, એની ટીકા કરે, એની ખામીઓ સામે લોકમત તૈયાર કરે અને વખત આવ્યે, જરૂર પડ્યે, ચૂંટણીમાં એને શિકસ્ત આપીને લોકશાહી રસમ પ્રમાણે નવી સરકાર રચી શકે તેવો સુવ્યવસ્થિત વિરોધ પક્ષ દેશમાં એકેય દેખાતો નથી. ટીકાઓ કરે છે તેઓ ચૂંટણીમાં જીતી શકે તેવા કે જીતીને રાજતંત્રની અપાર જવાબદારીઓ સંભાળી લઇ શકે તેવા વ્યવહારકુશળ નથી, અને ચૂંટણીમાં પોતાનું પાણી બતાવી શકે તેવા જે છે તેમની મથરાવટી મેલી છે.

સમાજવાદીઓ વહીવટ સંભાળી કાર્યશક્તિની વાનગી આપી શકે

સમાજવાદી પક્ષને ૧૯૪૨ની લડત દરમિયાન કેટલીક કીર્તિ સાંપડી છે. તેને તે કોંગ્રેસની નરી ટીકાઓ કરવામાં જ ક્યાંક વેડફી નાખશે એવી દહેશત રહે છે. રચનાત્મક કાર્યના પૂંજ ખડકાયા છે તેમાંથી એ હજી માંડ તરણાં ઉપાડી શકે છે. એ પક્ષની આવી કાંઇક અંશે નિષ્ક્રીય દશાનો જાણે કે બચાવ કરતા હોય તેમ શ્રી જયપ્રકાશ નારાયણે અમદાવાદમાં કહ્યું કે, હવે પછીની ચૂંટણીમાં પ્રજા અમને ચૂંટી મોકલશે તો અમે સૌ સારાંવાનાં કરી દેશું. વળતા દિવસોમાં જ સરદાર વલ્લભભાઇએ તેનો જવાબ આપ્યો કે, આવતી ચૂંટણીઓ સુધી થોભવાની જરૂર નથી, આવો, આજે જ નવમાંથી એક પ્રાંતની લગામ હાથમાં ઝાલી લ્યો, અને તમને સમજાશે કે કેટલી વીશે સો થાય છે. સાફદિલ સમાજવાદીઓ માટે આ એક સુંદર તક હતી—કેટલી વીશે સો થાય છે તે સમજવાની ભલે નહિ, પણ પોતાના આદર્શોને પ્રજા સમક્ષ વ્યવહારમાં મૂકી બતાવવાની. 'અમને સત્તા સોંપવી એ સરદારના હાથની વાત નથી,' એવો જવાબ સાચો નથી, કારણ કે આજે તો હજી સરદાર ધારે તો સમાજવાદીઓને કોઈ પણ પ્રાંતનો વહીવટ સોંપી શકે તેવી સ્થિતિમાં છે. કાલે પછી એવી સ્થિતિ ન હોય, કે એવી મનોદશા પણ ન રહે, તે વાત જુદી છે.

પ્રજાનાં દિલ હવે પછીથી માત્ર વચનો ઉપર ઇતબાર નહિ રાખી શકે—કારણ કે ખુદ કોંગ્રેસને માટે પણ પોતે આપેલાં વચનો પાળવાનું કાર્ય કેટલું મુશ્કેલ બની ગયું છે તે લોકો અનુભવી રહ્યાં છે. સમાજવાદીઓ પણ વચનો આપવાને બદલે આવી તક ઝડપીને પોતાની કાર્યશક્તિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનગી પ્રજાને ચખાડે તો જ તેઓ લોકોને પ્રિય થઇ પડશે. અલબત્ત, વહીવટ સંભાળવામાં એક મુસીબત તો રહેલી છે જ—બહાર વનકેસરી સમા ગર્જના કરતા જવાહર-સરદાર પણ જો પ્રધાન બન્યા પછી મેંઢા જેવા બની ગયા તો સમાજ-વાદીઓને તો એથીય વધુ નરમ બનવું પડે.

હિંદુસ્તાનને હાંસીપાત્ર બનાવતો સીમા-પંચનો ચુકાદો

બે મુસ્લિમો, એક હિંદુ અને એક શીખ, એવા ચાર સભ્યો, તેના પ્રમુખપદે શ્રી રેડકિલફ નામના એક વિદેશવાસી અંગ્રેજ: એવા સીમા-પંચ પાસેથી પ્રાંતોની સરહદો વિશે કોઇ ન્યાયી ચુકાદાની આશા રાખવી એ કેટલું હાસ્યસ્પદ છે તે હવે, એ પંચનો ચુકાદો આવી ગયા પછી, પૂરેપુરું સમજાય છે. બે બિલાડીઓને બનાવી જનાર પુરાણી વાર્તા માંહેલા વાંદરાની આવી હૂબહૂ નકલ અર્વાચીન કાળમાં કરી જાણનાર શ્રી રેડકિલફનો જોટો જડવો જેમ મુશ્કેલ છે, તેમ એવા એક વિદેશી ઇન્સાનના સ્વચ્છંદી તરંગો ઉપર પોતાના દેશના લાખ્ખો માનવીઓ અને અબજોની દોલતના ફેંસલાનો આધાર રાખનારી મનોવૃત્તિ પણ એક હિંદુસ્તાનના આગેવાનો સિવાય ભાગ્યે જ બીજે ક્યાંય જોવા મળી શકે. 'બંગાળ સીમા-પંચની કાર્યવહીમાં હું હાજર ન રહી શક્યો કારણ કે હું પંજાબ સીમા-પંચનો પણ પ્રમુખ હતો, અને પંજાબ સીમા-પંચની કાર્યવહીમાં હું હાજર ન રહી શક્યો કારણ કે બંગાળ સીમા-પંચના પ્રમુખ તરીકે હું એના કાર્યમાં રોકાયેલો હતો,' એવો નફ્ફટ ખુલાસો કરનાર એ અંગ્રેજ પાસે આપણે આપણી ભૂમિના ટુકડા કરાવવા જેટલી પામરતા બતાવી તેના કરતા તો કોઈ આંધળી છોકરી પાસે પંજાબ અને બંગાળના નકશાઓ ઉપર લીટા કરાવીને તે મુજબ નવી સીમાઓ રચી હોત તો આપણી દશા જગતની આંખોમાં આટલી હાંસીપાત્ર કદાચ બની હોત.

ખેર, એ સીમા-પંચનો ચુકાદો અમાન્ય ઠરાવીને તેને ખાતર લડવા ઊભા થવા કરતાં અનેકગણા મહત્ત્વનાં કાર્યો હિંદ અને પાકિસ્તાન, બેઉની સરકારો અને પ્રજા સમક્ષ પડેલાં છે. દરેક પ્રજા જેમ પોતાના નેતાઓના વિજયનો ફાલ લણે છે તેમ તેમના પરાજયો, તેમની ભૂલો અને તેમની નબળાઇઓનાં પરિણામો પણ તેણે હસતે મુખે સ્વીકારી લેવાં રહે છે. આવી મહાભૂમિના ભાગલા આપણે વેઠી લીધા છે, અને કરોડો મુસ્લિમોને હિંદમાં તેમજ કરોડો બિન-મુસ્લિમોને પાકિસ્તાનમાં પરદેશીઓ જેવા બનીને રહેવા દેવાનુ આપણે સ્વીકાર્યું છે, તો પછી આપણા એકાદ-બે જિલ્લા આપણી સરહદને પેલે પાર રહી ગયાથી ગમગીન ન બની જઈએ; કારણ કે આપણી મૂળ સીમાઓમાંથી તો એકાદ-બે જિલ્લાઓ જ નહિ પણ બે લાખ ચોરસ માઇલ જેટલો પાકિસ્તાની પ્રદેશ સરકી ગયો છે, આપણાં સાત કરોડ બંધુઓ આપણી પાસેથી હ[illegible] ગયાં છે. ઉપરાંત આપણા હાથમાં જેનું સ્વરાજ આવ્યું છે તે (બ્રિટિશ) હિંદ કરતાંય વધુ મોટો, લગભગ સાત લાખ ચોરસ માઇલ જેટલો વિશાળ પ્રદેશ અને નવ કરોડ હિન્દીજનો તો 'સ્વતંત્ર અને સાર્વભૌમ દેશી રાજ્યો'માં રહી ગયા છે. ખુલ્ના જિલ્લો કે ચટગાંવની ટેકરીઓ પૂર્વ બંગાળમાં ગયાં તે તો એની તોલે કાંઈ જ નથી.

અખંડ હિંદની અંતરની દીપમાળ ભાગલાને ભૂંસી નાખશે

પંદરમી ઓગસ્ટના પર્વની ઉજવણીથી વંચિત રહ્યું એક તો પંજાબ—કે જ્યાં કોમકોમો વચ્ચેની આટલો મોટા પાયા પરની કાપાકાપી બંધ કરાવવાનું કાર્ય હિંદ-પાકિસ્તાનના સંયુક્ત લશ્કરી દળો માટે પણ મુશ્કેલ બની ગયું છે. પાંચ નદીઓના પ્રદેશના ભાગલા સામે જાણે કે એ ભૂમિનો કણેકણ બંડ પોકારી ઊઠયો છે. આ દિવસોમાં પંજાબીઓના હૃદયની વ્યથા કેવી હશે તે રમખાણગ્રસ્ત વિસ્તારોમાંથી નાસી આવેલા પંજાબીઓએ દિલ્હીનાં છાપામાં પત્રો લખીને પ્રજા સમક્ષ રજૂ કરેલી કરુણ હકીકતોમાંથી જાણી શકાય છે. 'હિંદુસ્તાન ટાઇમ્સ' ઉપરના એવા એક પત્રમાં તેના લખનારે એટલે સુધી કહ્યું છે કે ભડકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળી રહેલા અને લોહીલોહાણ બનેલા પંજાબની આપણા આગેવાનોને કાંઈ જ પડી નથી, અને જો યુક્તપ્રાંત કે ગુજરાતના ભાગલા પાડવાનું નક્કી થયું હોત તો તેઓ આટલા સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા ન હોત. જવાહર અને સરદારને મન તો શું યુક્તપ્રાંત, શું ગુજરાત કે શું પંજાબ, આખું હિંદુસ્તાન પોતાનું વતન છે અને એના કોઇ પણ ભાગમાં દાવાનળ સળગતો હોય તેના ડામ તેમના અંતર ઉપર દેવાતા જ હોય. પરંતુ ગુજરાત-યુક્તપ્રાંતની પ્રજા વિશે આવું કહી શકાય ખરું ? પંજાબની વેદનાનો અંશ પણ આપણે અનુભવીએ છીએ ખરા ? રાજકીય સરહદો ભલે બદલાઇ ગઈ, આપણા અંતરમાં અખંડ હિંદની અસલ સરહદો ઉપર દીપમાળ પ્રગટેલી રાખશું તો ભાગલાને જોતજોતામાં ભૂંસી નાખી શકશું.

આઝાદીનો અણનમ યોદ્ધો
પઠાણ ગૂંગળાવાઈ રહ્યો છે

પંજાબને માથે તો આળ હતું કે એ એશઆરામી બનીને સ્વાતંત્ર્ય-યુદ્ધમાં હમેશાં પછાત રહ્યું છે. પણ સરહદ પ્રાંતના પઠાણોએ એવો શો અપરાધ કર્યો હશે કે એમને પણ સ્વાતંત્ર્ય-સિદ્ધિની ઉજવણીથી વંચિત રહેવું પડ્યું. સરહદને આપણે ભૂલી તો નથી ગયાને ? સ્વતંત્રતા મેળવવાની અધીરાઈમાં આપણે સરહદનો બલિ તો ધરી દીધો નથી ને ? બાદશાહખાનની ઇચ્છા વિરુદ્ધ જઇને આપણા નેતાઓએ ત્રીજી જૂનની જાહેરાતની સરહદી લોકમત અંગેની કલમ સ્વીકારી લીધી ત્યારથી જાણે કે હિન્દી રાષ્ટ્રવાદના અને સરહદી પઠાણોના રાહ ન્યારા બની ગયા છે, ત્યારથી પઠાણોને દિલ્હીને બદલે કાબુલ વધુ નજીક લાગવા માંડ્યું છે. સરહદના બનાવો અંગે અનેક પ્રકારની આશંકાઓ જન્માવતી ચૂપકીદી લોકમતના ચુકાદા પછી આપણે સેવી રહ્યા છીએ. પંદરમી ઑગસ્ટની ઉજવણી અંગેના સમાચારો કોઇ અંધારખૂણે પડેલાં ગામડાંમાંથી પણ આવ્યા, પરંતુ ન આવ્યા એક સરહદમાંથી — સ્વાતંત્ર્યસંગ્રામમાં સદા મોખરે રહેલા, આખર લગી અણનમ રહેલા પઠાણોના વતનમાંથી. અને તે પછી સરહદની ધારાસભામાં બહુમતી ધરાવતા ડૉ. ખાનસાહેબના કોંગ્રેસી પ્રધાનમંડળને પાકિસ્તાની સરમુખત્યારની આજ્ઞા પ્રમાણે એક નામચીન અંગ્રેજ ગવર્નર બરતરફ કરે છે, એક પછી એક દિવસ વીતે છે અને છતાં સરકારમાંના કે સરકાર બહારના રાષ્ટ્રીય આગેવાનોના મોઢામાંથી એ વિશે એક સખૂન પણ નીકળતો નથી. ગાંધીજીની પ્રાર્થના-સભામાં પણ (આ લખતાં સુધી) જાણે કે એ વિષય અંગે કાળજીપૂર્વકની ચૂપકીદી સેવાતી હોય તેવું લાગે છે.

આ બધો ભેદ શો છે તે સમજાતું નથી. એક વિદેશી સરકાર, મુસ્લિમ લીગના પોતાના જ મઝહબી ભાઈઓ અને ગઇકાલ સુધી જેની સાથે ખભેખભા મિલાવીને લડેલા તે હિન્દી રાષ્ટ્રવાદીઓ — એ ત્રણ વચ્ચે થયેલી કોઈ ક્રૂર સમજણને પરિણામે ગૂંગળાઈ રહેલા પઠાણની પણ આપણે દયા તો ખાવાની જ નથી. કારણ કે પઠાણોમાં જેમ શાંત સત્યાગ્રહી ખુદાઈ ખિદમતગારો છે તેમ ઝનૂને પખ્તૂનવાળા નવજવાન બંધૂકધારીઓ પણ છે. દયા તો આપણી જ ખાવાની રહે છે, કે આવો એક વિરલ સાથી આપણી હરોળમાંથી આમ ખેરવાઈ રહ્યો છે.

આજનો ઝેરી ચકરાવો અને
પ્રજાકીય સરકારનું કર્તવ્ય

સ્વાતંત્ર્ય-સૂરજનાં કિરણો પણ જેમાં અટવાઇ જાય તેવાં કાળ-જાળાં આજે આપણી આસપાસ ગુંથાઇ ગયાં છે. 'શિક્ષણ અને સાહિત્ય'માં 'આજનો ઝેરી ચકરાવો' નામે લેખમાં શ્રી બબલભાઈ મહેતા કહે છે તેમ —

> 'આજકાલ આપણે સૌ એક એવા ઝેરી ચકરાવામાં ફસાયા છીએ કે એમાંથી શી રીતે બહાર નીકળવું એની જ કોઇને સૂઝ પડતી નથી. . . .
>
> 'સરકારી તંત્ર શિથિલ થઇ ગયું છે' એવું કહેનારા પણ આપણે અને લાંચ આપી લઇને એ તંત્રને શિથિલ બનાવનારા પણ આપણે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કાળા બજાર સામે પોકાર પાડનારા પણ આપણે અને આવા જમાનામાં કાળું બજાર ન કરીએ તો શી રીતે રહેવાય, એવું કહેનારા પણ આપણે !

'બધે લાગવગ પેસી ગઇ છે એવું કહેનારા પણ આપણે અને લાગવગ વાપરીને એનો લાભ ઉઠાવનારા પણ આપણે !'

જનતાની વચ્ચે વસનારા શ્રી બબલભાઇ જેવા લોકસેવક આપણી પ્રજાની અવદશાનું આમ દર્શન કરાવી તેને સન્માર્ગે ચડવા પ્રેરે તે યથાર્થ જ છે. પરંતુ તેને લીધે સરકાર પોતાની જવાબદારીમાંથી છૂટી જઇ શકે નહિ, તેની ઓથે પોતાની નિષ્ક્રીયતા એ છુપાવી શકે નહિ. સારું અને નરસું આચરનારાઓના ભેદ તો સમાજમાં સદાય રહેવાના જ. એ બેના એકમેક સામે છેદ ઉડાવીને પોતાની ફરજ પોતે બજાવી રહેલ છે તેવું માનવાની ભૂલ વિદેશી હકૂમત કરી શકે, પ્રજાકીય સરકારો હરગીઝ નહિ. ચોરી ન કરવાનો કાયદો કર્યા પછી એકસોની વસ્તીમાંથી પચાસ ચોરી નથી કરતા તો બીજા પચાસ ચોરી કરે છે, માટે અમે શું કરીએ ? એમ કોઈ સરકાર કહેતી નથી. એ સોમાંથી એક જ પ્રજાજન ચોરી ન કરનારો હોય તો પણ સરકારનું કર્તવ્ય તો બાકીના નવ્વાણુંને નસ્યત કરી, કેળવણી આપી ચોરીઓ અટકાવવાનું જ હોવું જોઇએ.

સદાય સામે ઘૂરકતો ભૂખમરો
હવે કાયમી નિકાલ માગે છે

'અનાજ પહેલું કે કાપડ ?' એ નામે એક લેખમાં શ્રી રવિશંકર મહારાજે ઘણાના મનમાં ઘોળાઈ રહેલા એક પ્રશ્નનો જવાબ આપ્યો છે, કે દર વર્ષે 'વધુ અનાજ ઉગાડો'ની ઝૂંબેશ ચાલે છે અને છતાં ભૂખમરો કેમ સદાય આપણી સામે ઘૂરકતો રહે છે ? મહારાજશ્રી કહે છે તેમ, અનાજ વધુ પેદા ન થવાનાં બે કારણો એ છે કે : (૧) ખેડૂતને અનાજના પૂરતા ભાવ નથી મળતા. કાપડના ભાવ નક્કી કરવામાં મિલમાલિકને કેટલા ભાવ પોષાશે, એને અમુક ટકા નફો રહેશે કે નહિ વિગેરેનો વિચાર થાય છે: પરંતુ અનાજનો ભાવ નક્કી કરવામાં એ અનાજ પકવનાર ખેડૂતનો કાંઇ જ અવાજ નથી હોતો. (૨) અનાજ ઉગાડવા માટે ખોળ કે ખાતર જોઇએ, પંપ પતરાં કે સિમેન્ટ જોઈએ, હળ માટે લાકડું ને લોખંડ જોઇએ એ ખેડૂતને મેળવી આપવાની કોઇ જ વ્યવસ્થા નથી હોતી, અને હોય છે તો એવી કે જેનો લાભ ખેડૂતને મળવો મુશ્કેલ બને.

આપણે ત્યાં કેટલાક વર્ષોથી અનાજની હાડમારી અસહ્ય બની રહી છે, પરદેશથી માગીભીખીને સડેલા જવ-મકાઇ (માગીભીખીને નહિ, સોનાની સામે જોખીને) આપણી પ્રજાને ખવરાવાઇ રહ્યાં છે. હવે તો એ પરિસ્થિતિના મિટાવ માટે આકરાં હિંમતપૂર્વકનાં પગલાં ભરાવાં જોઈએ. પરદેશથી અનાજ આયાત કરવામાં આપણે આપણી સંપત્તિની બેફામ લૂંટ ચાલવા દઈએ છીએ અને પોષણહીન ખોરાક ઉપર આપણી પ્રજાને જિવાડી રહ્યા છીએ.

વધુ અનાજ ઉગાડવાની
પ્રેરણાદાયી બ્રિટિશ યોજના

બ્રિટન જેવા દેશમાં કુલ ડોલર-ખર્ચનો અરધો હિસ્સો તો અનાજની આયાત પાછળ વેડફાઈ જાય છે એ જોઇને ત્યાંની સરકાર ચોંકી ઊઠી છે, જીવનધોરણ તૂટી પડે ને ભિખારી-દશામાં તેને જીવવું ન પડે તે માટે ઘર આંગણે જ અનાજનું ઉત્પાદન વધારવા તેણે કમર કસી છે. આવતાં ચાર વર્ષ દરમિયાન દસ કરોડ પાઉન્ડની કિંમતનું વધારાનું અનાજ બ્રિટનમાં જ પેદા કરવાની જેહાદ બ્રિટનના ખેતી-પ્રધાન શ્રી ટોમ વિલિયમ્સે શરૂ કરી છે. આ જેહાદ નિષ્ફળ જશે તો બ્રિટનની પ્રજાને પૂરતું પોષણ નહિ મળે તેમજ બેકારી વધી પડશે એવી ચેતવણી એમણે ખેડૂત-સંઘની સભામાં આપી છે. ઉત્પાદનના આ વધારાનો અરધો ભાગ તો વધુ કાર્યદક્ષતાથી જ સાંપડશે એવી એમને આશા છે. બાકીના અરધા ભાગ માટે દેશનાં સાધનોનો વધારો કરાશે. આવતે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષે પાંચ લાખ એકર વધુ જમીનમાં ઘઉંની ખેતી થશે. શ્રી વિલિયમ્સે ખેડૂતોને કોલ આપ્યો છે કે, અનાજના ભાવ વધારાશે, ખેતી માટે 'લોન' અપાશે, રોકડ નાણાંની મદદ અપાશે, મકાનો અને યંત્રો માટે ખેતીને સૌથી પ્રથમ હક્ક મળશે, અને બીજી અનેક નાની મોટી સગવડોનો લાભ તેઓ લઇ શકશે.

આપણા શાસનકર્તાઓ માટે આ બધું પ્રેરણાદાયી નથી? જાહેર મેળાવડાઓ, મિજબાનીઓ અને ઉદ્ઘાટન-ક્રિયાના સમારંભોમાં એક વર્ષ સુધી ન જવાની પ્રતિજ્ઞા પ્રધાનો લઈ જુએ તો એમની અંદર સૂઇ રહેલી શક્તિઓને માટે બીજાં કેટલાં પ્રજા-ઉપકારી કાર્યક્ષેત્રો પડ્યાં છે તે તેમને જરૂર દેખાશે.

વહીવટીતંત્રમાં પ્રવર્તી રહેલી વિચારશૂન્યતાનો વધુ નમૂનો

પ્રજાકીય પ્રધાનોના હાથમાં પ્રાંતોનો વહીવટ આવ્યાને વરસ ઉપર થઈ ગયું છતાં રાજકારભારમાં ઠેરઠેર જે વિચારશૂન્યતા પ્રસરી રહેલી દેખાય છે તેનું એક વધુ દૃષ્ટાંત ગાંધીજીને પોતાની ઉપર આવેલો એક પત્ર 'હરિજનબંધુ'માં પ્રગટ કરીને આપવું પડ્યું છે. ઘોડદોડની શરતોને પરિણામે રેલ્વે-તંત્રને જે અસહ્ય ઘસારો થાય છે, અનાજનો બગાડ થાય છે, પેટ્રોલનો વ્યય થાય છે અને લોકોમાં એક હરામચસ્કો વધુ ને વધુ ફેલાતો જાય છે તેનો નિર્દેશ કરીને એ પત્રલેખક ગાંધીજીને કહે છે કે—

'હકીકત તો એ છે કે આપણામાંના ઘણાની મુગ્ધ દશા તો એ ને એ જ રહી છે...ગઈકાલે આપણે સરકારી અમલદારોના વલણ, શક્તિ, આવડત, રીત વગેરે પર પ્રહાર કરતા હતા. આજે એ જ અમલદારોના હાથમાં લગામ રહી છે અને તેની પકડ વધારે દૃઢ બની છે. તંત્ર આખું તેને શરણે હોય તેવું લાગે છે. તેના અનુભવો અને કાર્યશક્તિ વગર આપણું ગાડું જરા પણ ચાલી શકે તેવું નથી લાગતું. પરિણામે તેમની બેપરવાઇ અને ઉન્માદ પર અસર થઇ છે. જે લોકોએ લાખો કરોડોના ગોટાળા કર્યા છે, જેને અવ્યવસ્થામાં લાભ છે, જેણે કાર્ય અને જવાબદારી ટાળવાની જ કુશળતા કેળવી છે, જેણે પ્રજાનો ખ્યાલ સામે રાખ્યો નથી અને આજે પ્રજાને 'લેતા જાઓ' કહેવાની તક (જેમને) મળી છે તેનામાં એકાએક ફેરફારની કઈ રીતે આશા રાખી શકાય?'

એ ઉપર ટીકા કરતાં ગાંધીજી કહે છે કે 'હવે તો સ્વરાજ થયું! હજુ આપણે એવા ને એવા! જો આપણે નહીં ચેતીએ તો વાન બદલ્યા તેથી સાન બદલવાની નથી એમ સિદ્ધ કરશું,' એ કેટલું સાચું છે!

વર્તમાનપત્રો વિશેનાં બે અચરજો

'હરિજનબંધુ'ના એ જ અંકમાં જેને 'હિ... પોતાનો અભિપ્રાય બોલી બતાવતાં ગાંધીજીનું મગજ બેસી ગયું છે' તે મીઠાઇ બનાવવામાં થઈ રહેલા દૂધના વ્યય અંગે પણ શ્રી સુશીલા નૈયરની એક નોંધ છે. અચરજ તો એ વાતનું થાય છે કે 'ઘોડ-દોડની લત' અને 'દૂધની મીઠાઇ' જેવાં દેખીતાં અને અનેકવાર વર્ણવાઈ ગયેલાં સામાજિક અનિષ્ટો સામેની જેહાદ પોતાનાં પાનાં ઉપર ચાલુ રાખીને આપણાં વર્તમાનપત્રો 'હરિજનબંધુ'ની કટારોમાં બીજી મૂલ્યવાન લેખન-પ્રસાદી માટે મોકળાશ કેમ નહિ કરી આપતાં હોય! લોકોની આજે જાગેલી વધુ ને વધુ સમાચારો માટેની ભૂખ આપણાં છાપાં પૂરી સંતોષી શકતાં નથી ત્યાં એમને હજી વધુ જાહેર ખબર લેવાની છૂટ આપવી જોઇએ એવી ભલામણ અખબારી-કાગળ સલાહકાર-સમિતિએ તેની તાજેતરની બેઠકમાં કરી છે તે પણ ઓછા આશ્ચર્યની ઘટના નથી.

ધર્મ અને દેશપ્રેમની ઓથે પ્રગતિશત્રુઓના મોરચા

પાકિસ્તાન મંજૂર રાખીને આપણે મુસ્લિમ લીગની રોજેરોજની ઝઘડાવૃત્તિમાંથી તો છૂટ્યા, પણ કોમવાદી મનોદશા તો બીજી દિશામાંથી પણ આપણી સન્મુખ આવીને ઊભી રહે છે. હિંદમાં ગોવધ અટકાવવા જેહાદમાં પોતે, પોતાની પત્નીઓ અને પોતાના જાન સુદ્ધાં દેહ પાડશે એવી જાહેરાત જાણીતા કરોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ : વહેતાં પાણી

ઉદ્યોગપતિ શ્રી. દાલમીયાંએ કરી તેમાંથી કોમવાદને એક નવો મોરચો મળ્યો. હિંદી રાજ્ય સંઘમાં ગોવધ સામે કાનૂની પ્રતિબંધ મૂકવાની માગણી કરતાં ૫૦,૦૦૦ પત્તાં, ૩૦,૦૦૦ કાગળો અને હજારો તાર એકલા રાજેન્દ્રબાબુ ઉપર જુલાઈની ૨૫મી સુધીમાં આવેલાં. યુક્ત પ્રાંતમાં પ્રજાકીય પ્રધાનમંડળ સામે 'સીધાં પગલાં'ની નકલી ચળવળ માંડનાર હિંદુ મહાસભાએ પણ પોતાની માગણીઓમાં પાછળથી આ નવી માગણીનો ઉમેરો કર્યો હતો. આપણી પ્રજાનો મોટો ભાગ શિક્ષિત કે જાગ્રત ન હોવાથી મૂડીવાદીઓ, જમીનદારો અને પ્રગતિના શત્રુઓ ધર્મના (અને દેશ-પ્રેમના પણ) ઓઠા હેઠળ આવી જેહાદો અને ચળવળો ઊભી કરીને સત્તા હાથ કરવા વારંવાર ધમપછાડા મારતા રહેવાનાં જ.

લડાઇ દરમિયાન ગોરાં લશ્કરોને ખવરાવવામાં વર્ષો સુધી હિંદુસ્તાનની હજારો ગાયોની કતલ થઇ રહી હતી ત્યારે કેમ કોઈ ગોરક્ષકો જાગ્યા નહોતા, તે સમજવું મુશ્કેલ નથી, કારણ કે આજે ગોરક્ષક બનેલાઓ એ દિવસોમાં એ લશ્કરોને અને સરકારને માટે જાતજાતનાં સરંજામ પૂરા પાડવાના ગંજાવર કોન્ટ્રાક્ટ લઇને બેસી ગયેલા હતા. હિંદુ ધર્મમાં ગોવધની મનાઈ હોય તેથી હિંદી રાજ્ય સંઘથી તેની સામે કાનૂની પ્રતિબંધ મૂકી શકાય નહિ, કારણ કે હિંદ એ એકલા હિંદુઓનો દેશ નથી. ગાંધીજીએ કહ્યું છે તેમ, હિંદુ ધર્મ હિંદુઓને ગોવધની મનાઈ કરે છે, આખી દુનિયાને નહિ. વળી કોઈ ધર્મના નિયમોને કાયદાનું સ્વરૂપ આપીને તેને ટકાવી રાખવો તે તો એક જર્જરિત બનીને સડી ગયેલ સંસ્થાને ટકાવી રાખવા બરોબર થયું. હિંદુ ધર્મ એ રીતે ક્યાં સુધી ટકી શકશે? હિંદુઓમાં સાચી ધર્મભાવના હશે અને એમનામાં તાકાત હશે તો મુસ્લિમો, ખ્રિસ્તીઓ, પારસીઓ, તમામ વિધર્મીઓ એમના ધર્મના સિદ્ધાંતોની અદબ પાળશે. મસીદ પાસે વાજાં ન વગાડવા માટે મુસ્લિમોને કોઈ કાયદો કરાવવા નહોતું જવું પડ્યું.

નવરચના

ગોમાંસ ખાનારાઓ પાસેથી શીખવા જેવો ગો-ઉછેર

વસ્તુતઃ ગોરક્ષાનું કાર્ય આવા કાયદાઓથી નહિ પણ ગોપાલન માટેના મોટા પાયા પરના કાર્યક્રમોથી જ થઈ શકે. યુરોપના દેશોમાં, અમેરિકામાં અને બીજે ગોવધનો પ્રતિબંધ નથી, લાખો લોકો નિયમિત રીતે ગાયનું માંસ ખાય છે, અને છતાં એ સર્વ દેશો ગાયની કેવી ઉમદા જાળવણી કરે છે તે તો સફેદ હાથણી જેવી એમની ગાયોને જોઈએ તો તરત સમજી શકાય તેવું છે. ત્યાં ગાયોની પદ્ધતિસરની માવજત થાય છે, એનું શરીર વધુ ને વધુ કદાવર બને, એ જીવે ત્યાં સુધી એનાં આંચળ વધુ ને વધુ દૂધ આપતાં રહે અને એને મારો ત્યારે એની કાયા વધુ ને વધુ પૌષ્ટિક માંસ આપતી રહે, એવી વિજ્ઞાનની શોધખોળો એ દેશોમાં થતી રહે છે. આપણને ગાય ઉપર જો ખરેખર પ્રેમ હોય—અરે આપણાં બાળકોને રોજ એક શેર દૂધ પાવા જેટલો પ્યાર પણ એમની ઉપર હોય તો ગો-ઉછેરની બાબતમાં પશ્ચિમના દેશો પાસેથી આપણે ઘણું શીખવાનું છે.

છુટાછવાયા સુધારાઓ વાસીદામાં તણાઈ જાય છે

સ્વતંત્રતા આવી ગયા પછી સ્વદેશપ્રેમ અને સ્વભાષાપ્રેમની જે અનેક નાની નાની સરવાણીઓ ફૂટી નીકળી છે તેમાંની એક છે બ્રિટિશ સરકારે આપેલાં ખિતાબોનો ત્યાગ કરવાની, અને બીજી છે અંગ્રેજોએ બગાડેલા હિંદી નામોની અસલ સ્વરૂપે પુનઃસ્થાપના કરવાની. હિંદની બંધારણસભાએ આઝાદ હિંદમાં કોઇને ઇલ્કાબો ન આપવાનો અને કોઈ પણ વિદેશી હકૂમતે હિંદી નાગરિકને આપેલા ઇલ્કાબો મંજૂર ન રાખવાનો નિર્ણય કર્યો તે પછી કેટલાક ખિતાબધારીઓમાં પોતાના ઇલ્કાબોનો ત્યાગ કરવા જેટલી જાગ્રતિ આવી શકી છે. અંગ્રેજોએ આપેલા ખિતાબોને હવે આપણા સ્મરણમાંથી જ ભૂંસી નાખવા માટે દરેકેદરેક ખિતાબધારીમાં એવી સદ્બુદ્ધિ જાગે ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોઈ શકાય નહિ. એનો સીધો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદો રસ્તો લોકવ્યવહારમાંથી ઇલ્કાબોને નાબૂદ કરવાનો છે. ખરી રીતે સામાન્ય પ્રજાજનને તો કોણ ખિતાબધારી છે અને કોણ નહિ તે જાણવાની ઝાઝી તમા નથી હોતી. માત્ર આપણાં વર્તમાનપત્રો હવે ઇલ્કાબો વાપરવાનું બંધ કરે એટલે ખિતાબો પૂરેપૂરા દફનાવાઇ જશે. આજથી મહિનાઓ પૂર્વે મુંબઈના અંગ્રેજી સાપ્તાહિક 'ફોરમે' એ ઇલ્કાબો સામે પોતાની કટારોમાં પ્રવેશબંધી ફરમાવીને અનુકરણીય પહેલ કરી હતી. પરંતુ બીજાં છાપાંઓ, કોણ જાણે કેમ પોતાનાં પાનાં વિદેશી હકૂમતે આપેલા ઇલ્કાબોથી શોભાવવાનો મોહ છોડી શકયા નહોતા. તાજેતરમાં દિલ્હીના 'હિંદુસ્તાન ટાઈમ્સે' ૧૫ મી ઓગસ્ટથી કોઈ પણ હિંદીના નામની આગળ-પાછળ વિદેશીઓએ આપેલા ખિતાબ ન લગાડવાની જાહેરાત કરી છે. હવે બીજાં છાપાંઓને પણ એને પગલે ચાલવામાં શી મૂંઝવણ હશે?

ઉપર કહી બીજી પ્રવૃત્તિની શરૂઆત યુકતપ્રાંતમાં થઇ ચૂકી છે. ગંગાને બદલે 'ગેન્જીઝ', યમુનાને બદલે 'જમના', મથુરાને બદલે 'મુત્રા', વિંધ્યાચલને બદલે 'વિંડાયલ' જેવા શબ્દો ચલણી બનાવીને અંગ્રેજોએ આપણી ભાષા ઉપર જે કાદવ ઉડાડયો હતો તે હવે સાફ કરીને અસલ શબ્દોનો ઉપયોગ કરવાનો હુકમ યુકતપ્રાંતની સરકારે કાઢયો છે. મદ્રાસના પ્રધાનમંડળે પણ એવાં જ પગલાં ભરવાનું નક્કી કર્યું છે. આવી બાબતોમાં તમામ પ્રાંતો એકસરખી નીતિ એકીસાથે અપનાવતા હોય તો થઇ રહેલા પરિવર્તનની પ્રજામાનસ ઉપર સચોટ છાપ પડે. એકલદોકલ અને છૂટાછવાયા સુધારાઓ તો રોજિંદા અનેક સમાચારોના વાસીદામાં તણાઇ જાય છે.

જનવિરાટની ઉન્નતિ માટે પ્રજાકીય ઝુંબેશોની જરૂર

અલબત્ત એ બનવાજોગ છે કે કેટલાય ઝીણા ઝીણા સામાજિક કે સાંસ્કૃતિક સુધારાઓ વહીવટીતંત્રની અનેક ગડમથલો આડે પ્રધાનોને સૂઝતા ન હોય. તો પછી આપણી સાહિત્ય-સંસ્થાઓએ એમને વારંવાર જુદી જુદી સૂચનાઓની ટીપ મોકલતા રહેવું જોઈએ. ગુજરાતમાં દાખલા તરીકે, કેટલાંય નામો અંગ્રેજોને હાથે વિકૃત થયેલાં છે. એ બધાની [illegible] કરીને સરકારને મોકલવાનું અને તેમાં સુધારા સૂચવવાનું કાર્ય એ ભાષાની સેવા જ છે. એ જ રીતે આપણાં શહેરો-ગામોમાં હજારો દુકાનોનાં પાટીઆં અંગ્રેજીમાં લખેલાં અથવા તો 'હેર કટિંગ સલૂન', 'ટેલરિંગ વર્ક્સ', 'શૂ-મેકર', 'વૉશિંગ કંપની,' 'કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ' વિગેરે અંગ્રેજી શબ્દપ્રયોગો ગુજરાતી લિપિમાં લખાયેલાં હોય છે. એ પાટીઆં પાસે એકાદ મિનિટ ઊભા રહીને જોવાથી એ કેટલાં અર્થહીન અને હાસ્યાસ્પદ છે તે સમજાય છે. ગુજરાત સાહિત્યસભા [illegible] ગુજરાત વિદ્યાસભા જેવી કોઈ સંસ્થા દસબાર ચિતારાઓનો એક કાફલો રોકાવીને શહેરના મુખ્ય રસ્તાઓ ઉપરની બધી દુકાનોનાં પાટીઆં પોતાને ખરચે [illegible] સરથી શુદ્ધ ભાષામાં ને શુદ્ધ જોડણીમાં લખાવી [illegible] ઝુંબેશ ઉઠાવશે તો એ ગુજરાતની નજીવી [illegible] નહિ ગણાય. 'આપણી' સરકાર આવી ગઇ [illegible] તેથી દરેક બાબતમાં એ જ પહેલ કરે તેવી [illegible] રાખીને બેસી રહેશું તો કદી આરો નહિ આવે [illegible] સાફસૂફીનું કાર્ય આપણી સમક્ષ પડેલું છે. [illegible] તો આપણી હોય કે પારકી, એના તંત્રની [illegible] મર્યાદાઓ હંમેશા રહેવાની. માટે જ ચાલુ [illegible] સ્વરાજ-સુરાજ્યવાળા રાષ્ટ્રમાં પણ આપમેળે સુધારાની ઝુંબેશ ઉઠાવનારી પ્રજાકીય સંસ્થાઓની [illegible] રહેતી જ આવી છે. તેના વિના જનવિરાટની [illegible] ઉન્નતિ શકય નથી.

સત્ત્વહીન દેશી ફિલ્મો ઉદ્યોગને નામશેષ બનાવશે

અમેરિકાએ બ્રિટનને જે લોન આપેલી [illegible] ચાલીસ ટકા ભાગ તો અંગ્રેજ પ્રજાએ અમેરિકન ફિલ્મો અને અમેરિકન સિગારેટો જેવી બે મોજશોખની ચીજો પાછળ વેડફી નાખ્યો હોવાથી બ્રિટનની મજૂર-સરકારે અમેરિકન ફિલ્મ-તમાકુની આયાત ઉપર ભારે આકરી જકાત નાખી છે. દર [illegible] અમેરિકન ફિલ્મો પાછળ જ બ્રિટનની પ્રજા [illegible]

અનુસંધાન પાન ૬૭ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલી આવતી આપકથાનો હપ્તો સાતમો

ધૂમકેતુ

❀ જેમાં હું એકીસાથે છ નવલકથાઓ શરૂ કરું છું. ને છમાંથી એકે પૂરી કરતો નથી. ❀ મરિયમબીબી ઉર્ફે ખતીજા પાસે હું વાર્તાઓ ઉપર વાર્તાઓ વાંચ્યે જ જાઉં છું! ❀ વીરપુર પછી બીલખાના શ્રીમન્નથુરામ શર્માના આનંદાશ્રમને પંથે.

મરિયમબીબીનું ઘણું કરીને એક બીજું નામ પણ હતું. ખતીજા. આ ખતીજામાં જેવી ઊંચા પ્રકારની સાહિત્ય રસિકતા હતી, તેવી જ શૂરવીરતા પ્રત્યે પ્રેમભક્તિ પણ હતી. વીર દુર્ગાદાસ વાંચતાં, જ્યાં એ અન્યાયનો સામનો કરતાં ઘાયલ થાય છે ને કૂવામાં સંતાય છે, દુશ્મનો તપાસ કરવા આવે છે, અને જે કૂવામાં દુર્ગાદાસ સંતાયો છે એના લગભગ કાંઠા સુધી આવે છે, એ હમણાં પકડાયો કે શું એવી ગંભીર પળ આવે છે, વાંચનાર સાંભળનાર સૌ હવે શું થશે એની આતુરહૃદયે રાહ જુએ છે, અને ખતીજા-બીબીની આંખમાંથી શ્રાવણ-ભાદરવો ચાલવા માંડે છે! એનો સહાનુભૂતિભર્યો આત્મા દુર્ગાદાસ ઉપર આવતું બાદશાહી આક્રમણ સહી શકતો નથી.

તે દિવસે તો મારામાં રહેલા કોઇ અજ્ઞાત માનસને ખતીજાબીબીનું આ વાર્તાપ્રિય માનસ ગમ્યું હશે એમ કહી શકાય, પણ આજે જ્યારે આખા પ્રસંગને નજર સમક્ષ ખડો કરીને પૃથક્કરણશીલતાથી નિહાળું છું ત્યારે લાગે છે કે હું કુંકાવાવથી આવ્યો ને જે વખંભર ઘર, શૂન્યતાના સાગર સમું લાગતું હતું, એ ઘરમાંથી મારે દૂર ને દૂર ભાગી જવું હતું! એ ઘરમાં તો હું એક પળ પણ ઊભો રહું અને જાણે તરત માની મધુર છબી સામે ખડી ગઈ જાય! આંખમાં આંસુ તો આવ્યાં રહે નહિ—ને વ્યાકુળતાનો કોઇ પાર નહિ. કેટલીક વખત તો ઘેલછામાં હું ખરેખર માનું કે કોઈ ને કોઈ ખંડમાં મા બેઠાં હશે! એક પછી એક ઓરડા જોવા પણ માંડું, પરંતુ મરેલ કોઇ, કોઈ દિવસ પાછું આવ્યું છે તે મા પાછાં આવે? એ તો માનવને મળેલા-અપૂર્વ વાર્તાની વસ્તુ બની ગયાં, કલ્પનાની. અને એ કલ્પનામાં તો હું એમને વર્ષો સુધી મળતો રહ્યો ને એ મને મળતાં રહ્યાં!

માનું એ સ્થાન, એ વખતે મને લાગે છે, ખતીજાબીબીએ લઇ લીધું ને મને ભાંગી જતો બચાવી લીધો. ક્યાં બાટવા પાસેના કોણ જાણે કયા ગામડાની ધર્મે અને જાતિએ તદ્દન જુદી એવી આ અભણ મેમણબાઇ અને ક્યાં હું ઉચ્ચ કુળનો બ્રાહ્મણ! વાર્તારસની સાંકળે તો અમારા જેવા અનેક છોકરાઓને ત્યાં ભેગા કર્યા, પણ મરિયમબીબીનો સુગંધ સુગંધ મહેકતો, જુવાન, હસમુખો, નિર્દોષ, તેજસ્વી કડક ચહેરો, એના લૂગડાંની મોહક ભભક, એની બારણા ઉપર ગાદી નાખીને રાણીની પેઠે બેસવાની છટા અને એને પોતાને છોકરું નહિ અને મારા ઉપર વરસતું એનું લગભગ માતૃત્વભર્યું વહાલ! હું તો નુરમહમ્મદ અહમદ કુમકી માસ્તરનો રૂપરડી પાંચનો વગર ખરીદેલો ચોવીસે કલાકનો રાજીખુશીનો ગુલામ જ બની રહ્યો!

નુરમહમ્મદ માસ્તરને અમારા ઘર સાથે એવો તો ઘાટો સંબંધ પછીથી થઇ ગયો કે એ તો સુખે દુઃખે અમારી સાથે ઊભા રહે. પોતે જાતના મેમણ હતા, અને વર્ષો સુધી બાટવા સિવાય બીજું કોઇ ગામ વેઠેલું જ નહિ, એટલે આંહીં આવવું પડેલું એ એને ગમ્યું ન હતું, પણ જ્યારે આવવું જ પડ્યું, ત્યારે તો પોતે ગામમાં એક એવી મીઠી માયા ફેલાવી દીધી કે ન પૂછો વાત.

નુરમહમ્મદ માસ્તર આવા માયાળુ હતા અને ખતીજા વાર્તારસની ભારે શોખીન હતી, એટલે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નિશાળનો માસ્તર નહિ પણ એમના નાનકડા ઘરવ્યવહારનો કારભારી જ થઈ રહ્યો. ગામમાંથી કાંઇ લાવવુંકારવું હોય તો ગોકુળભાઈ પોસ્ટમેન ને શામજીભાઈ વિલેજપોસ્ટમેન સાથે હું પણ ખરો ! કોઈ નાનકડો નિશાળના 'પોલિટિક્સ'નો પ્રશ્ન હોય તો એમાં પણ હું ખરો ! અને દરબારગઢમાં જતાઆવતા માસ્તરની પાછળ ચાલવામાં પણ આપણે.

એક વખત મને સાંભરે છે કે પોસ્ટખાતાને લગતો કાંઇક 'કેસ' હતો. આંહીં નિશાળમાં સ્કૂલ-કામ સાથે પોસ્ટકામ પણ ચાલતું. સવારના દસ–સાડાદસ થયા હશે, છોકરાં નિશાળમાંથી છૂટવાની તૈયારી કરતાં હતાં નિશાળના પગથિયા પાસે એક ઊંટ હડફ કરતું આવીને ઊભું રહ્યું. ઉપરથી પૂરા છ ફીટ ઊંચા, મિલિટરી દેખાવના લાલાકાકા ઊતરી પડ્યા. અને એક પોસ્ટમેન બાલુભાઇના ગોટા અંગે આવેલા એટલે પૂરા બે કલાક સુધી સૌની જડતી લઇ લીધી. એ વખતે નુરમહમ્મદ માસ્તરે મને રજૂ કર્યો. નિશાળમાંથી વખતે પોતાને ચાર છ દિવસ બહાર જવું પડે તો પોસ્ટની એમને ભારે ચિંતા રહેતી, અને પોસ્ટલખાતું જડતી લઇ ન નાખે માટે કોઈક પોસ્ટનો જાણકાર માણસ આંહીં છે એમ વાત રજૂ કરવી પડતી. મને એવા પોસ્ટખાતાના જાણકાર આદમી તરીકે લાલાકાકા પાસે રજૂ કરવામાં આવ્યો. લાલાકાકા તો મારી સામે જોઈ જ રહ્યા: 'આ છોકરો તમારી ગેરહાજરીમાં પોસ્ટખાતું જાળવશે ? આનું માનશે કોણ ?'

નુરમહમ્મદ માસ્તરે કહ્યું: 'અરે સાહેબ ! આ છોકરો તો ભારે હોશિયાર છે. નિશાળનો કારભાર એ જ ચલાવે છે ને !'

નુરમહમ્મદ માસ્તર થોડા દિવસની રજા ઉપર ગયા. પોસ્ટખાતાનો કારભાર મારી પાસે આવ્યો. હેડમાસ્તરની ખુરશી ઉપર બેસીને, પોસ્ટકાર્ડ, કવર, ને ટિકિટ વેચતાં મને જે અધિકારપ્રાપ્તિનો આનંદ મળ્યો હશે એની આજે તો કલ્પના જ કરવી રહી. નિશાળના માસ્તરને કોઇ સલામ ન કરે પણ પોસ્ટ-માસ્તરને તો સૌ સલામ કરે. દરબારી પટાવાળા ટપાલ લેવા આવે તો સલામ કરીને પાટલી ઉ... બેસે. વેપારી આવે તો 'સાહેબ ! એક ટિકિ... આપજો !' એમ કરીને ઊભો રહે, ખતીજાબીબી ... બારણાના ઉંબરા ઉપર બેઠી બેઠી હસ્યા જ કરે !

'અલ્યા ! બીજું કાંઇ નહિ તું ક્યાંક ગાંડો ... જાશ, ગાંડો !'

પરંતુ એવડા નાનકડા અધિકારનો પણ નશો કેવો હોય છે એનો અનુભવ તો તરત થઈ ગયો. નિશાળની સાથે જ માસ્તરનું રહેઠાણ ઘર હતું, એ રહેઠાણ ઘરનું એક બારણું નિશાળ તરફ જ હતું. એના ઉંબરા ઉપર બેઠી ખતીજાબીબી મારા હાલ-હવાલ જોતી હોય ને વખતે કો'ક દબડાવી ન જાય એવું પણ ધ્યાન રાખતી હોય. ટપાલની થેલી આવી ઉતાવળે તોડી, અંદરથી રાજકોટી સાહેબનું ક... નીકળી પડ્યું ! વાંચતાં જ લોહી ઊડી ગયું !

ગોકુળભાઇ પોસ્ટમેન, ધીરા શાંત, ડાહ્યા શ્રીમ... સામે ઊભા હતા તેમણે ધીમેથી કહ્યું: 'શું છે ભાઇ?'

'કયું' હશે કાંઇક ભગાના ભાઇ જેવું !' ખતીજાબીબી બોલી: 'ભાઇને એમ હતું કે આ ... રાજગાદી મળી ગઇ છે !'

હિસાબમાં ભૂલ નીકળી હતી ને ચેતવણી આ... પહોંચી હતી.

અધિકારનો નશો તો એમ આગળ વધતો અટકી પડ્યો પણ અધિકારની એક ખૂબી છે. એમાં... તમને કાંઇ ને કાંઈ અંગત લાભ ઉઠાવવાનું ... જાય—તો એનો આનંદ વળી કાંઈ ઓર હોય. આપણી પહેલી કહેવત નથી કે ચોરીનો ગોળ વધારે મીઠો લાગે !

પણ મારતરખાતા જેવું આ પોસ્ટખાતું. એ ... થોડું રેવન્યુખાતું છે કે ગોળનાં માટલાં ને માટ... મળે ? આમાં તો શું ? કો'ક અભણનો મ... આફ્રિકાથી આવ્યો હોય તો પાણપાવલું આપે. એવો કોઇ મનીઓરડરે ય મારા આ છ દિવસ... રાજમાં ક્યાંયથી ભૂલો પડ્યો નહિ ! એટલે ... પાવલું ય મળ્યું નહિ ! પણ નસીબજોગે ગામમાં ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

ભૂખડીબારશ જેવી નાટકમંડળી આવી ચડેલી, એના અભિનયકારો દિવસે પણ સફેદો લગાવીને ગામમાં ફરે એવા હતા. ને ઊતરેલા આથેની ગોંડલની સડકની ધરમશાળામાં તે ત્યાં ખીચડી પકાવી લેતા!

આ નાટકિયાઓ પોરટ ઑફિસે અવારનવાર આવ્યા કરતા. એમાં એક બ્રાહ્મણ કરસનજી હતો એ એનો મેનેજર હતો. મેનેજર પણ, ભૂખડીબારશ જેવી નાટક કંપનીના મેનેજરનો તો શું પગાર હોય? મને પાંચ મળતા તો કરસનજીને છ મળતા! આ કરસનજીના ખાનગી કાગળ આવે. છ રૂપિયાના પગારમાં એને કોણ જાણે કયાંથી લગનીનો કૌવચછોડ લાગી ગયેલો કે એ તો સવાર ને સાંજ કાગળ લેવા આવ્યો જ હોય! ત્રણ દિવસની તપશ્ચર્યાને અંતે, જ્યારે પ્રિયતમાનો સંદેશો ન મળ્યો, ત્યારે કરસનજીએ પોતે કોઇ અત્યંત ગુપ્ત વાત કહેતો હોય તેમ કહ્યું કે 'સાહેબ! મારો કાગળ આવે તો તમે લઈ રાખજો! નાટક-કંપનીમાં મોકલતા નહિ!'

મેં હા પાડી. ને સાથે જ કહ્યું: 'કરસનજીભાઈ! એક વખત તો નાટક બતાવો!'

તરતદાન ને મહાપુણ્યનો આ પ્રયોગ ભોગ જોગે સફળ નીવડ્યો: કરસનજી કહે: 'આવો ને સાહેબ! કાલે જ ભગતની જગ્યામાં નાટક કરવાનું છે. દરબાર સાહેબ પણ પધારવાના છે. દરબારી માણસ સિવાય બીજાને આવવા દેવાના નથી, પણ દરવાજે હું હોઇશ. તમે આવજો!'

આ નાટકકંપનીવાળા બે વર્ગ રાખતા. એક પહેલો વર્ગ ને બીજો, બીજો વર્ગ. ત્રીજો વર્ગ એમાં હતો નહિ. ત્રીજો વર્ગ પછી સ્ત્રીઓનો વર્ગ. પહેલા વર્ગની ટિકિટ એક આનો હતી. ને બીજા વર્ગના બે પૈસા. કોઈ વળી બહુ તિસ્મારખાં હોય ને 'વન્સમોર'માં બે આની ફેંકશે એવું લાગે તો આગલી હરોળમાં બે ત્રણ તૂટલફૂટલ ખુરશીઓ તાત્કાલિક મુકાતી. આ કરસનજીનું નાટક જોવાનો આવી રીતે મફતિયો, સત્તાના જોરે મોકો મળ્યો, એનાથી મને જે આનંદ થયો, એવો આનંદ ભાગ્યે જ મારા અનુભવવામાં આવ્યો હશે! મને લાગે છે માણસને સત્તાપ્રાપ્તિ જેવો આનંદ બીજી કોઈ વસ્તુમાં નહિ મળતો હોય. એવા અધિકારને અંગે જે લાભ મળે, તે મારા જેવાને બે પૈસાનો હોય કે મોટા સોદો ને મોટો અધિકાર હોય તો નવીનકોર મોટરનો હોય કે લાખોની લાંચોનો હોય એ વસ્તુનું કાંઇ બહુ મહત્ત્વ નથી. માણસની Stage–એનું વિકાસસ્થાન બતાવવા માટેની એ પારાશીશી છે એ મહત્ત્વનું છે. સત્તાને ખરી ગંભીરતાથી સમજનાર માણસનું જો સાચું ચિત્ર રજૂ કરવામાં આવે, તો જેમ આઇન્સ્ટાઇનના સિદ્ધાંત વિષે કહેવાય છે કે, એને ખરી રીતે સમજનાર પાંચ છ જણા જ છે, તેમ આ સત્તાનું પણ થાય. ત્રણ ચાર માણસો આખી દુનિયામાંથી ભાગ્યે જ નીકળે જેમણે વિક્રમ, અશોક, કે રામની પેઠે અધિકારનો અર્થ ગ્રહણ કર્યો હોય! ને એમ તો દુનિયાના પાંચ સાત હજાર વરસના ઇતિહાસમાં પણ આવી વ્યક્તિઓ એક બે હજાર વરસના અંતરે માંડ એક બે આવે! સત્તાનો નશો એવો ભયંકર છે!

પણ આ કરસનજીના નાટકે અમને એક ચેટક લગાડયું. માસ્તર નુરમહમ્મદ હમણાં હતા નહિ. રાતે છોકરાઓ ભણવા આવતા, એમના ધાસલેટિયા પૈસા પૈસાના દીવા લાઇટનો ભપકો આપવા હાજર હતા. નિશાળે છોકરા સાત આઠ સૂવા આવતા એમના ખાટલાથી પડદાનો પ્રશ્ન ઊકલી જતો હતો. પૃથ્વીરાજનું નાટક ભજવી નાખવાનો વિચાર મંજૂર થયો. શાહબુદ્દીનનો પાઠ લેવા એક મતવાનો છોકરો આગળ આવ્યો પડદા, તૂટતાં કપડાં, સીનસીનેરી કરવાનું ભભકાબંધ કાપડ, એ બધું પૂરું પાડવાનું મરિયમ બીબીએ કબૂલ કર્યું અને ત્રણ જ દિવસની મહેતલ આડે હતી એટલે રાતદિવસ જોયા વિના અમારી કંપનીએ કામ શરૂ કર્યું!

છેવટે નાટક પડયું. શનિવારની રાતે. રવિવારે તો હેડમાસ્તર આવવાના હતા. નાટક જોવા માટે પ્રેક્ષકોની ધમાલનો પાર ન હતો. ઘણાખરા નિશાળિયા. અને પૂરભપકામાં, નિશાળનો ઘંટ વગાડતાની સાથે, પડદો ઊપડયો ને નાંદી શરૂ થઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નાટકના પહેલા અંકનો પહેલો પ્રવેશ હજી તો ચાલતો હતો, ત્યાં નિશાળની ખડકીની સાંકળ ખખડી. ગોકળભાઇ ટપાલીનો જ અવાજ સંભળાયો 'ગૌરીભાઇ !'

અલ્યા માર્યા ! આ તો નુરમહમ્મદ માસ્તર પોતે ! વહેલા આવી પહોંચ્યા ! એકદમ ધમાલ થઇ પડી. પડદાના ખાટલાની તરત પથારીઓ બની ગઇ.' કડિયું, પાઘડી ને સૂંથણો પહેરીને માસ્તર થઈ બેઠેલા મરિયમ બીબી દોડયાં અંદર, તે પહોંચ્યાં સીધાં રસોડામાં. ને સીનસીનેરીના ભપકાનું ગાંઠલુંપોટલું વાળીને સાથે ઉપાડતાં ગયાં. લાઇટ બધી ગોઠવાઇ ગઈ ! જુદી જુદી. ને ડાહ્યાડમરા છોકરાનાં 'ગ્રુપ' ઝપાટાબંધ સ્થપાઇ ગયાં. સાંકળ ઉઘાડવા માટે હું ઊપડયો ને પાછળ જરાક લાથ હલાવતો ગયો. એ નિશાની સમજી જવામાં પાવરધા છોકરાઓએ તરત મોંટેથી ઉપાડી લીધું :

'અગીઆરી અગીઆરી એકવિશાં સો
બારબારાં ચમાલસો !'

નુરમહમ્મદ માસ્તર આવ્યા ત્યારે તો છક્ક થઇ ગયા. વ્યવસ્થિત રાત્રિ કલાસ જ જાણે કામ કરી રહ્યો હતો. ગોકળભાઇને મેં જરાક આંખથી જ વિનતી કરી આબરૂ જાળવી લેવાનું કહ્યું ! ને એટલામાં તો ખતીજા પાણીની ખાલી ગાગર લઇને બહાર આવી : 'લે તો, એ, પાણી ભરી આવ જા, મીનલવાવમાંથી !'

હું પાણી લેવા દોડયો ગયો.

પાછળ સૌ છોકરા બહુ ધ્યાનપૂર્વક ચોપડીનાં પતાં ફેરવવા માંડયા ! પણ હું તો જેવો મીનલવાવમાં ગયો એવો જ દોડતો પાછો આવ્યો ! પાણીની લગોલગ પગથિયાં ઉપર તો એક પાતળો સુંદર જુવાન રજપૂત રાજા-જયસિંહ સિદ્ધરાજ પોતે-આંટા મારી રહ્યો હતો !

હું તો ગાગર હાથમાં ને દોડતો જ પાછો આવ્યો. 'અરે ! જા રે મૂરખ !' કહીને નુરમહમ્મદ માસ્તર પોતે ફાનસ લઇને મારી સાથે પાણી ભરવા આવ્યા. ત્યાં કાંઈ હતું નહિ.

નુરમહમ્મદ માસ્તરે અમારા ઘર સાથે એવી તો પ્રેમભરી રીત રાખેલી કે એ આખરે ઘેર આવીને નિરાંતે બેસતા. એક વખત મારા પિતાની સખ્ત માંદગી વખતે તો એમણે એક ખાસ ઉકાળો પોતે ઘેર આવીને તૈયાર કરાવેલો ને એ આપેલો. એનાથી તરત તાવ ઊતરી ગયો હતો.

એ માસ્તરના આગ્રહને પરિણામે અમે જે ગામ બહાર રહેતા – તે પછી ગામમાં રહેવા આવ્યા. ગામને છેવાડે અમારાં ઘર જ્યાં હતાં ત્યાં હવે ખંડેરની છાયા દેખાવા માંડી હતી. સુમરાં હતા તે સિંધમાં ગયા. એક મીરાણી રહેતી એ ભાગી ગઈ, કવિરાજ ગૌરીશંકર ગોમટામાં રહેવા માંડયા, પીંજારા અલિડાનું મકાન જે ઉનાળામાં તો તાંતથી રાત આખી ગાજતું હોય એટલી એને ત્યાં કણબીની ઘરાકી રહેતી. તે પણ સૌ ઘર છોડી ગયાં. લંગડો રજપૂત કોણજાણે ક્યાં ચાલ્યો ગયો. અને સુમલડોશી પણ મરી પરવારી દેવકૃષ્ણકાકા જેતપુર ને રાજકોટ અધવારું કરી બેઠા અને દામોદરકાકા પોરબંદર પહોંચ્યા !

એવડા મોટા વખંભર પામાં કોઇ જ મળે નહિ જાણે કે ધરતીએ ત્યાંની માયા સંકેલવા માંડી હતી એટલે એ સમે ધીમે ધીમે ગામ તરફ અમારું પ્રયાણ થયું.

એટલામાં તો ભગતમહારાજની જગ્યા સામે એક મીઠાની વખાર હતી. એની હરરાજી થઈ. મારા પિતા એ હરરાજી વખતે હાજર હશે, ને યોગાનુયોગ નુરમહમ્મદ માસ્તર પણ સાથે હતા. એમણે એ વખાર લઇ લેવા ને ત્યાં મકાન કરી નાખવાનું પિતાને કહ્યું. ને એમણે હરરાજીમાં એ લીધી. પોતાની હમેશની ચોકસાઇ ભરેલી પદ્ધતિ પ્રમાણે એ વિષે એમણે નોંધ રાખી છે. અમુક એટલે એ રૂપિયામાં વખાર લીધેલી. અને તેના રૂપીયા વીરપુર દરબારને ચોપડે અમુક પાને જમા થયા છે ! આટલી બધી ચોકસાઇ સાધારણમાં સાધારણ ગણાતી બાબતમાં પણ એ હમેશાં બતાવતા. અને તેથી એમને મન કોઇ પણ વિષયમાં હાર પામવી એ જીવનનું હલકટમાં હલકું રૂપ જણાતું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખતીજાએ મારી પાસે, નિશાળની લાયબ્રેરીનું એક પણ પુસ્તક બાકી રહેવા દીધું નહિ. પ્રાણી અને પક્ષીના વર્ણન સીખે લગભગ તમામેતમામ પુસ્તક એણે મારી પાસે વંચાવ્યા. એમાં જેટલો ફાયદો એને થયો એના કરતાં વધારે ફાયદો મને થયો. ગુજરાતી સાહિત્યમાં કોઈ પુસ્તક એવું રહ્યું નહિ કે જે મેં વાંચ્યું ન હોય. રાવણમંદોદરી સંવાદ–અને શામળની ઘણીખરી વાતો ત્યારે વંચાઈ ગઈ!

આ પ્રમાણે એક બાજુ ખતીજાબીબી પાસે વાચન ચાલતું, તો બીજી બાજુ મારા કેટલાક દોસ્તો રાજકોટ ભણવા ગયેલા. એટલે મને રાજકોટનું આકર્ષણ વધતું હતું. વિચાર થાતો કે રાજકોટ જઈને અંગ્રેજી ભણવાં બેસી જાઉં. પણ ત્યાં રહેવાનું કંઈ સાધન મળે નહિ. બીજું વીરપુરમાંથી અંગ્રેજી ભણવાવાળા કોઈએ હજુ સુધી કાંઇ સિદ્ધિ પ્રાપ્ત કરી ન હતી. ત્રીજું, બન્ને મોટા ભાઇઓ રાજકોટ ટ્રેનિંગ કૉલેજમાંથી પસાર થઇ ગયા હતા ને માસ્તર બની ગયા હતા, એટલે એ રસ્તો સહેલો લાગતો હતો.

પરિણામે હું વીરપુરમાં જ રહ્યો ને ત્યાં સોળ વરસ પૂરા થવાની રાહ જોવા લાગ્યો. એ પૂરાં થાય તો પછી ટ્રેનિંગ કૉલેજમાં જવાય!

અમે છેવાડાનાં ઘર છોડી દીધાં ને ગામમાં રહેવા આવ્યા એટલે કામ વધ્યું. છેવાડે તો મજા હતી કે જ્યારે ઠીક પડે ત્યારે લોટો ને ધોતિયું લઈને ઊપડો એટલે નાહવાનું પતી જાય. નિત્યકર્મ થઇ જાય. ને ઉપાધિ પણ ઓછી. આંહીં ભગતની જગ્યા સામે જે ઘર કર્યું એમાં તો નહાવાધોવાની ભારે ઉપાધિ. એટલે છેવાડેના ઘરનું આકર્ષણ ને વાસ ચલુ જ રહ્યાં!

પણ હવે અમે બાપદીકરો બે જ જણા. પાડોશ ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યો હતો. હવે તો એક દી ઘરમાં લોટ ખૂટે તો બીજે દી દાળ હોય નહિ. એક દી રોટલો શાક રાંધી નાખીએ, હિંમત કરીને, પણ પછી ત્રણ દિવસ સુધી એમ થાય કે જાણે હવે રાંધીએ જ નહિ. મને રોટલો બાજરીનો કરતાં આવડે નહિ ને ઘઉંના લોટમાં કોઈ દી પાણીનો

નવરચના

મેળ રહે નહિ. મન તો એવું થાય કે જો કોઈ તૈયાર રોટલોદાળ આપે તો એને ત્યાં જ રહી જાઇએ! પણ એમ કાંઇ હવે જીવનનો થાક ચડ્યે કામ આવે તેમ ન હતું. ઘર મોટું, ભર્યું ભર્યું મૂકીને મા ચાલી નીકળ્યાં. ત્યાર પછી મારા પિતાએ ઘણીખરી ઉપાધિ તો કાઢી નાખી હતી છતાં સરસામાન–ખાટલા ગાદલાં ગોદડાં પટારા પેટી–બધાંને સાચવવાનાં હતાં. અમને એ વખતે મોટામાં મોટું દુઃખ રોટલા ઘડવાનું અને એમાં પણ હમેશનો મોટામાં મોટો પ્રશ્ન લોટનો. દાણા હોય પણ લોટ કોણ દળી દે? આડોશ-પાડોશમાંથી તો દળી આપે એવાં સૌ વિદાય લઈ રહ્યાં હતાં. એટલે અમે બાપદીકરાએ એનો રસ્તો ગોતી કાઢ્યો–લોટ માગવાનો. મેં લીધું બોઘરણું હાથમાં ને કર્યું લોટ માગવાનું શરૂ.

સવારમાં હું દર રવિવારે નીકળી પડું. રજા હોય ત્યારે પણ બોઘરણું લઇને આંટો મારી આવું. એમાં લોટ તૈયાર મળે—એટલે પછી રોટલા કરવાની ઉપાધિ જ બાકી રહે.

પણ ગામમાં અમારી પ્રતિષ્ઠા શાહુકારની. એટલે આ લોટ માગવાની વાતમાં ગામે અમારી સાથે જોઇએ તેવો સહકાર કર્યો નહિ. લોટ મળે ખરો, પણ દેનારને એમ લાગે કે ગરીબ બ્રાહ્મણને દીધો હોય તો સારું. છતાં આ લોટ માગવાની સફરે તો વળી નવો જ અનુભવ દીધો.

પહેલવહેલો મોરબિયા પામાં જાઉં–ત્યાં તોતીમા એટલી ભલી ભોળી ને ધર્મનિષ્ઠ બાઇ ખોબો એવો ભરીને આપે કે એના એક ખોબામાંથી જ તમારા તો બે રોટલા થઈ જાય! પછી દરબાર જીવુભાની ડેલી ઉઘાડી હોય તો ત્યાંનો ખોબો પણ ખરો. અને પછી નીકળું આખું ગામ ફરવા. ક્યાંક તો નાનકડી છોકરીઓ, મારી પાસે ભણતી, ઓશરીમાં બેઠી હોય, એટલે દોડીને લોટ લઇ આવે. આ લોટ માગતાં માગતાં ઘરઘરનો જે અનુભવ મળ્યો, રહેણી કરણી, રીતભાત વેષસજાવટ, બૈરાનાં છણકા, રોષ, તોષ, કલેશ, માર્મિક વિનોદ, શૃંગારગોષ્ટિ, નિંદાગોષ્ટિ ગુપ્તગોષ્ટિ–ક્યાંક રબારીમાં દેરવટું વાળ્યું. હોય એટલે ઘણી ખાટલામાં નાનકડો છોકરો સૂતો હોય ને બૈરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢું, દૂધના બોઘરણાની રમઝટ બોલાવતું હોય, કયાંક મારપીટ ચાલતી હોય, કયાંક રોટલા ઘડાતા હોય, કયાંક રસોડામાંથી ડોકિયું કરીને તમને જુએ પણ લોટ આપ્યા વિના નણંદ ભોજાઇ બેઠાં વાતો જ કર્યા કરે. તમને એમ થાય કે ખબર છે એટલે હમણાં આવશે. તમે તમારી હાજરીની જાણ કરવા ઓશરીમાં બેઠેલ છ મહિનાના છોકરાં સાથે વાત પણ ચલાવો, 'કાં બાળુ ! કુકુ છે નાં ? કેવું ઊભું છે જો તો !' પણ ન આપવાવાળા તો ન આપે તે ન જ આપે. અને તમે થાકીને રસ્તો માપો એટલે પાછા ટાઢાવિવેકથી કહેશે: 'મા'રાજ ! જરાક ખડકી દેતા જાજો હો !' ઊના કરતાં પણ આ ટાઢોમાર તો તમને બીજા પાંચ ઘર સુધી નિરાશાવાદી કરી મૂકે, પણ ત્યાં વળી કોઇ ઉત્સાહભરી, ઘરની નવીવહુ, સાસુની ગેરહાજરીનો લાભ લઇને, પુણ્ય હાંસલ કરી લેવાની ઉતાવળમાં, મોટો ખોબો ભરીને લોટ આપવા, તમે 'નારાયણ પ્રસન્ન' બોલો ન બોલો ત્યાં જ ઉતાવળે બહાર નીકળતી દેખાય ! અને તમારા પગમાં નવું જોર આવે !

આ ખોબામાં સૌથી મોટો ખોબો ભગતની જગ્યાના લક્ષ્મણ કોઠારીનો. માયાભર્યો અને વિવેકી. ત્યાં જગ્યામાં બળદથી ચાલતો મોટો ઘંટ હતો, ને લોટ આખો દિવસ દળાતો જ હોય. લખમણ કોઠારી આ માંથી લોઢાની સૂંડલી લઇને આવે ને ખોબો બે ખોબા લોટ નાખીને બોઘરણું છલકાવી દે !

આવી રીતે અમારો પિતાપુત્રનો જીવનવ્યવહાર ચાલી રહ્યો હતો. એમાં અમને એક મોટામાં મોટી મોજ પડી રહેતી તે એ કે, પાંચ પંદર દિવસે દામા-કંદોઇના પેંડા આવ્યા જ હોય !

આ દામોકંદોઇ જાણે કે અમારો જૂનો ઘરાક. કોણ જાણે શું કરતો પણ મહિને બે મહિને કાંઇક ઘરેણું લઇને બે રૂપિયા વ્યાજે લેવા આવ્યો જ હોય ! નામું માંડતાં ઘણી વખત શબ્દ ઉપર તકરાર પણ થાય-રાજકદૈવક ઘરેણું ઘરેણાવટ છે-એ વાકય તો મારા પિતા દરેક નામામાં અવશ્ય લખાવે જ ! અને એનો અર્થ સમજાતાં, ઘણી વખત માલ વધારે હોય ને પૈસા ઓછા વ્યાજે લેવાના હોય, ત્યારે લેનારને મૂંજવણ થતી.

આ દામો કંદોઈ અમારો લગભગ નિત્યનો ગ્રાહક. એને કાંઈક મૂકવું જ હોય-ને કાંઈક લેવું જ હોય. ભાગ્યરેખા એવી કે ઘેર છોકરીઓનો જ જ... એમાં એ પોતે, બૈરું ને છોકરાં-સઘળાં સરખાં તોતડિયાં ને સરખાં ગડબડિયાં ! દામો કંદોઇ આવે, રૂપિયા લઇ જાય, ઘરેણું મૂકી જાય, ને વ્યાજ મહિને ચડયે ચડયું દેવાનું હોય, એટલે વ્યાજ માટે હું પંદર દિવસે જઇને ઊભો જ રહું. 'દામાકાકા ! મારા બાપાએ કહ્યું છે એક શેર પેંડા આપો !'

જો ઠેકાણે હોય તો તો દામોકાકો જોખી દે નહિ તર કહેશે કાલે આવજો.

કાલે જાઓ ત્યાં એ તમને છેટેથી જોઇને દુકાનને તાળું મારતો હોય. 'હવે કાલે આવજો, આજ મારે જાવું છે જરાક !'

પણ તમે એને શેના છોડો ? ત્રીજે દી જાઓ એટલે પછી શેર મૂકીને જોખે ત્યાં તો તમે ન બોલો કે 'દામાકાકા ! બશેરનું કહ્યું છે હો !'

દામાકાકાને ના પાડવાની કે પીછેહઠ કરવાની તો ન હોય. કારણ કે એણે આખી સૂંડલી પેંડાની આગળ કાઢી હોય.

આ દામાકંદોઈના પેંડા રંગ રાખી દેતા. ... રાંધવાનું આળસ થાય જ. ત્યારે ભલા આ પેંડા ભલી આખી રાત. સવારની વાત સવારે !

નુરમહમ્મદ માસ્તરની જ્યાં બદલી થઈ ... વીરપુરમાંથી વિદાય લેવાની મારી ઘડી પણ આવી પહોંચી. એ વખતે અંબાશંકરભાઇ બંધાળામાં માસ્તર અને એનો સંબંધ થયેલો બીલખા આનંદાશ્રમ સંચાલક જેવા ગણાતા ભટ્ટજી ગૌરીશંકરને ... બીલખાની પાસે જ બંધાળા. એટલે મારે હવે બીલખા જાવું એમ નક્કી થયું.

વીરપુરમાંથી રજા લીધી. બીલખામાં ચાર અંગ્રેજી સુધીની મિડલસ્કૂલ હતી. એટલે ત્યાં દાખલ થવું ... ઠર્યું. ને હું ઊપડચો બીલખા તરફ અંગ્રેજી ભણવા.

એ વખતે બીલખાજૂનાગઢ વચ્ચે રેલવે ... જૂનાગઢથી બીલખા સુધી એકા ને ગાડાં ચાલે. એમાં બેસીને હું બીલખા આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીલખામાં એ વખતે તાલુકાસ્કૂલમાં હેડમાસ્તર તરીકે જાદવજીભાઇ કરીને એક વાણિયા હતા. એમણે કહ્યું કે નાહકના અંગ્રેજીમાં વરસો શું કરવા બગાડો છો? પરબારા ત્રીજી અંગ્રેજીમાં દાખલ થવાય એટલું ઘેર જ કરી લો ને! તમે આઠ ગુજરાતી તો કરી છે!

મિડલસ્કૂલના હેડમાસ્તર દેવશંકરે એ વાતને સંમતિ આપી. એટલામાં બીલખામાં એક સાત રૂપિયાના આસિસ્ટંટની જગ્યા ખાલી પડી. આ પ્રલોભન ઘણું જબરું હતું. પાંચ રૂપિયાને બદલે સાત મળતા હતા!

એટલે સ્કૂલમાં દાખલ થવાની અરજી કરી. અને સાત રૂપિયામાં દાખલ પણ થઈ ગયો.

પરંતુ એ વય જ એવું કે જે રંગની ભૂમિકા જોવા મળે એનો રંગ તરત લાગે. વીરપુરમાં દયાનંદ સરસ્વતીનો આર્યસમાજી રંગ દીઠો હતો. નિત્યાનંદ, આત્માનંદ, શંકરાનંદ, મણિશંકર શાસ્ત્રી, આર્યમૂનિ જેવાની વાણી સાંભળવા મળી હતી. આંહીં તદ્દન નવી જ ભૂમિકા મળી.

બીલખામાં શ્રીમન્નથુરામશર્માનો આનંદાશ્રમ છે. એ સ્થળ અત્યંત સુંદર, સ્વચ્છ ને આકર્ષક છે. ગૌરીશંકર ભટ્ટજીનું ત્યાં ઘણું માન હતું. અંબાશંકરભાઈના એ સાસરા એટલે એ રીતે મને પણ ત્યાં સ્થાન હતું. એમનું કુટુંબ આશ્રમની પાસે, ગોવિંદજીભાઈનો ઓરડો કહેવાતો તેમાં રહેતું. આ ગોવિંદજી લાખાણી પોરબંદરના વકીલ હતા. ને આશ્રમના પરમભક્ત હતા. એમણે ને ઘણા ભક્તજનોએ ત્યાં ઓરડા બંધાવેલા, ચાતુર્માસમાં રહેવા માટે, એટલે એ ઓરડા પછી આશ્રમમાં રહેનારાઓને વાપરવા મળતા.

આ આશ્રમમાં એક વસ્તુ ઘણી સુંદર હતી. ત્યાં પુસ્તકાલય હતું, તેમાં અસંખ્ય પુસ્તકો હતાં. નવલકથાઓ, વાર્તાઓ, ચોપાનિયાંઓ વગેરે તો મને વીરપુરમાં વાંચવા મળી ગયાં હતાં. પણ આંહીં વળી તદ્દન નવી જ જાતનું આકર્ષણ મારે માટે તૈયાર હતું. કબીર, નાનક, દાદુ, તુલસીકૃત રામાયણ, મીરાં, ચંદ્રકાન્ત, ભક્તચરિત્રો, સંતો સાધુઓ, જોગીઓ—એક આખી નવી જ સૃષ્ટિ આંહીં હતી.

હું તો મારા નિયમ પ્રમાણે પાછો આ પુસ્તકોના છંદમાં પડી ગયો.

આંહીં એક બીજી વસ્તુ પણ બની. મને રહેવા માટે એક ઓરડો મળી ગયેલો. એનું નામ ચોથા નંબરનો ઓરડો. જે કોઈ આગંતુક થોડા વખત માટે આવે એને ત્યાં સ્થાન અપાતું. એટલે એક રીતે એમાં પરચૂરણિયો વર્ગ આવતોજતો રહેતો. મારો ધામો આંહીં પડ્યો. અને આ વાતાવરણ મળ્યું. પુસ્તકાલય મળ્યું. ને આખો દિવસ ટીલાંટપકાં, જપમાળા, સંધ્ય પૂજા, ધાબળી, ચાંખડી એવી એવી નવી ભૂમિકા મળી—એ ભૂમિકામાંથી હો કે પછી ગમે તેમ હો—મેં પહેલવહેલાં લખવાનું આંહી શરૂ કર્યું.

અને એક બે નહિ પણ એકીસાથે છ નવલકથાઓ શરૂ કરી. એમનાં નામ પણ આશ્ચર્યજનક હતાં. એક હતી 'અવધૂત, એમ. એ. એલ. એલ. બી.' બીજી હતી, 'કંથાકુમારી' ત્રીજી હતી, 'વિહારી' ચોથી હતી, ઘણું કરીને, 'રમા' પાંચમી 'યશપાલ' નામે હતી.

આમાંની એક પણ મારાથી પૂરી થઇ નહિ.

પછી મેં એક મોટું તત્ત્વજ્ઞાનનું પુસ્તક—'ચંદ્રકાન્ત'ની ધાટી ઉપર રચવા માંડ્યું.

ચોથા નંબરના ઓરડામાં જ્યારે આવનાર જનાર કોઈ ન હોય ત્યારે તો એ ઓરડાનો રાજા સેવક સ્વામી જે કાંઈ ગણો તે હું હતો. ફાનસ તો એક ત્યાં રાત આખી રહેતું. કાગળનો કાંઇ ગામમાં હજી તોટો ન હતો. શાહી 'બ્લ્યુબ્લેક'નું પડીકું એક પૈસાનું તો છ મહિના ચાલે તેમ હતું. કામ કાંઈ બીજું હતું નહિ. એટલે હું તો રાત પડે ને મારા કામમાં ચોટું. કોઈને ખબર ન પડે એમ મેં તો લગભગ ત્રણથી ચાર હજાર કાગળ—ફુલસ્કેપના યા કાગળ—લખી નાખ્યા!

આ વ્યાયામે મને લખાણ કરવાની—ઘણું લખી શકવાની ટેવ આપી. બીજો તો કાંઇ ફાયદો થયો હોય તેમ લાગતું નથી. 'કંથાકુમારી' તો આજ પણ મારી પાસે પડી છે, એમાંનો કોઈ પ્રસંગ કે શી વાત છે એ તો યાદ નથી, પણ એમાં આવતી એક કવિતા હજી યાદ છે.

'જાગો કંથાધારી કંથા કંથને જગાવે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતાંકથી શરૂ થયેલી 'ઊર્મિ–નવરચના'ની ચાલુ વાર્તા

ઝેર તો પીધાં છે જાણી જાણી

દર્શક

ખંડ પહેલો : સત તમારાં વ્રત અમારાં

પ્રકરણ ૨ જું

જેમાં સત્યકામને ભાન થાય છે કે લક્ષ્મી નો હોય તેય દુઃખ છે ને વધારે હોય તેય દુઃખ છે.

બે વર્ષ પછાની વાત છે, અરજણ તો એને ગોપાળબાપા સાથે થયેલ વાત ભૂલી ગયો હતો. પણ એકવાર પોરબંદર તરફના કોઇ શેઠ કુટુંબ જોડે તુળશીશ્યામ ભોમિયા તરીકે ગયેલો. વળતાં કોતર આગળથી ગાડાં નીકળ્યાં ત્યાં ધર્મશાળા ને મોટા પૂલ જેવો બંધ બંધાતો જોઇને કહેઃ

'આંહીં આ સીમમાં શું બંધાય છે?'

'આ કોતર તમારી હીમના કો'ક શેઠે હમણાં સરકાર પાસેથી વેચાતુ લીધું છે. એને આંહીં મોટો બગીચો કરવો છે.'

'બંધ ઉપરથી તો લાગે છે કે જમીન ઝાઝી રોકી હશે.' શેઠના એક નાનાભાઇ જે યુરોપિયન પોશાકમાં સજ્જ થઈ પાલામાં બેઠા બેઠા સિગારેટ પીતા હતા તેણે કહ્યું:

અરજણે કહ્યું, 'એ તો ભગવાનને ખબર. પણ સૌ કહે છે કે શેઠ જીવવાળા છે.'

'એ તો પહેલાં જ જોઇએ. લક્ષ્મી વિના તો વિષ્ણુનેય કાં ચાલે છે?' મોટા શેઠે તપખીરનો સડાકો મારતાં કહ્યું: 'હવે તો સ્વામીના સાધુનેય લક્ષ્મી ખપવા માંડી છે.'

અરજણ એની ચામડાની નાની પલતીમાંથી જરદો કાઢી ચૂંગી ભરતાં કહે "પૈસા તો શેઠ સૌની પાસે હોય છે. લ્યોને તમ પાસે ય હશે નહિતર આ વીશ માણસનો રસાલો લઈને કાંઇ જાત્રાએ નીકળાય છે? પણ બાપુ જીવની વાત નોખી છે." એને કહેવાનું મન તો થયું કે ચાર દિવસથી તમે મુંબઇનું હલવાપૂરીનું ભાતું ખાઓ છો હારે આ ચાર જણ અમે છીએ. પણ એમ સૂઝ્યું કે લાવો એનેય જીવ છે તે થોડું નોખું કાઢીને આપીએ. આ તો સવા... સાંજ નાખ્યાં છે ઢેબરાં. આ ધોળી બીડિયું ... ઓલવાઈ નો જાય ત્યાં બીજી સળગાવો છો... અરધી ચૂસીને ફેંકી દો છો–પણ ચલમુંવાળાને ... પાકીટ આપવાનું મન થાતું નથી.' પણ હોઠે આ... વેણુને પાછા વાળી મંદિર તરફ જોઈને કહે.

'દર્શન કરવાં છે? બહુ જાગતા શંકર છે. ... ધર્મશાળા સારી છે. પથારી–પાગરણ વાસણ-... બધી સગવડ છે. ગરીબગુરબાં માટે શેઠે સદા... ચાલુ કર્યું છે.

'મોટા શેઠે તપખીરની ડાબલી એકકોર ... હતી–ને પાનનો ડાબલો હાથમાં લીધો હતો–... લગાડતાં લગાડતાં કહે 'શેઠ ક્યાંના છે?'

'આપણને ગામના નામની તો કાંઇ ખબર નથી... તમારા બરડા કોર્યના કો'ક ગામના છે. આમ તો... ધનબાદ–ઝરિયામાં મોટી કોલસાની ખાણો હતી પણ... કોણ જાણે શું ય થતું તે સરપ કાંચળી ફગાવે તે... બધું ય ઉતારીને આંહીં આવીને બેસી ગયા છે. ... ઝાડ ઉછેરે છે–ગાયું ઉપર તો અનહદ પ્રીત.

'ઝરિયામાં કાંઈક દેવાળું બેવાળું કાઢ્યું હશે...' નાનાશેઠે સિગારના ધુમાડા કાઢતા કહ્યું.

'અરે, નહિતર આ ખૂણામાં આવીને સંતા... જરૂર શી? મોટા શેઠે પાનનું બીડું મોંમાં મૂક્યું–... બળદની પીઠ પર પીચકારી લગાવી.

અરજણને માઠું લાગ્યું, એને થયું કે કોઇક ... અંબામાંની છબીને કંકુને બદલે મેશનો ચાંદલો કરે ... પણ શેઠિયાં હારે વાદ થાય? એણે બંધ વાળવા ...

'લોક વખાણ બહુ કરે છે. આંગણેથી ... ભૂખ્યું–દુખ્યું પાછું જતું નથી. આ મંદિરનો ... આવ્યો. દર્શન કરવાં હોય તો ઊતરો.'

'આ બૈરાં મંડળને જવું હોય તો ગાડું થોભ... અમારે તો બધે ય દેવતા જ છે.' નાનાશેઠે સિગારે...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિજ્જત લેતાં કહ્યું. કહેતા હતા ત્યાં સ્ત્રીમંડળમાંથી જ કોઈક બોલ્યું.

'તમારે તો મોંમાં જ છે ને. જાત્રાએ નીકળ્યા છું ત્યારે થાનક તો જોતા જવું જોઈને: તમે તો બંધાવો ત્યારે ખરું—પણ બંધાવનારાનું જોઈને તો આંખ ઠારી, કેમ ભાભીજી' પણ ભાભીજી કાંઈક વિશેષ કહે તે પહેલાં મોટાશેઠે ગાડું થોભાવતાં કહ્યું ને પોતેય હેઠે ઊતરી મંદિર તરફ ઊપડયા.

'નાની વહુ સાચું કહે છે. થાનક બંધાવતાં ય કાંઈ ઓછું ખરચ થાય છે. હાલ નાના હાલ્ય.'

અરજણ આ યાત્રાળુઓને મંદિરમાં લઈ ગયો ત્યારે અંદર કોઈ કોમળ સ્વરે ગાતું હતું.

જય શંકર પાર્વતિ પતે
જય શંભો શશિખંડમંડનમ
મદનાન્તક ભકતવત્સલ
પ્રિય કૈલાસ દયાસુધામ્બુધે.

આંતરગર્ભગૃહમાં જાણે વીણા વાગી રહી હતી. જોયું તો એક ચૌદેક વર્ષની કન્યા શંકરને જલાભિષેક કરતી સ્તોત્ર ગાતી હતી. હાથમાં બંગડીની જગ્યાએ ફૂલના કંકણ પહેર્યાં હતાં–કાનની બુટ્ટીમાં સુંદર પીળાં ફૂલ નાખ્યાં હતાં, કપાળમાં કેસરની પીયળ તાણી હાથમાં ઘસી ઘસીને ઊજળો કરેલ તાંબાનો લોટો પકડી અભિષેક કરતાં ગાઈ રહી છે.

અહીં એકાંતમાં આવેલ આ મંદિરમાં ઓચિંતાનાં આટલાં બધાં માણસો આવી ચડશે એવી કલ્પના રોહિણીને નહોતી. એટલે આજે અગિયારશને દિવસે કોઈને માટે રાંધવાનું ન હતું એમ સમજી નિરાંતે, શંકરની પૂજા કરવા આવી હતી. સત્યકામ ને બાપા બંને દૂરના ખેતરે ગયા હતા, લખીરામજીને હજુ પૂજા કરવા આવવાને વાર હતી; એટલે આજ મુક્તમને સ્તવન લલકારતી હતી. સૂર્યોદય, નદીનો પટ કોતરમાં કોળેલી આંબાની કલમો, ને બાપા ને સત્યકામની ગેરહાજરીમાં કરેલો આ ઠઠારો એ બધાંથી આજે એ મોજમાં આવી ગઈ હતી. સ્તોત્ર પૂરું થતાં જ, કાલ શીખેલ ભજન—

કોણ છે માઝમ રાત વાલા
કોણ છે માઝમ રાત
અસુરી વેળાનો આંગણે ઉભો
પલ ચિયારે બાર રે
—કમાડે કરતાલ બજાવે
કોણ છે માઝમ રાત રે

ઉપાડવાની શરૂઆત કરતી હતી, ત્યાં આટલા બધા સમુદાયને આવેલો જોઈને સહેજ હેબતાઈ ગઈ. ખસી ગયેલ પછેડો ઓઢી ફૂલની છાબડી લઈને ઝટ-ઝટ બહાર નીકળી. અરજણે એને શેઠની દીકરી તરીકે ઓળખી એટલે કહે,

'બહેન, શેઠ ઘરે છે? આ પોરબંદર તરફના શેઠિયા છે. આંહીથી નીકળ્યા ત્યાં સૌને થયું કે લાવોને દર્શન કરતા જઈ ને વાડી જોતા જઈ.'

ચૌદવર્ષે નથી હોતી પૂરી સરલતા, કે નથી હોતી પૂરી લજ્જા એ સંધિકાળે સરલતાની ઓઠે લજ્જા અંતરમાં પેસતી હોય છે. એટલે નથી આવડતું સાફ કહેતા કે નથી આવડતું સ્પષ્ટ સૂચન કરતાં. રોહિણી આ મનોરમ, ને નિગૂઢ સંધિકાળે ઊભી હતી. એ કહે:

'બાપા તો બોડિયારવાળા કોતરે ગયા છે. પણ બપોરટાણે આવી જશે.'

'નાના શેઠ જે અત્યાર સુધી કન્યાની સામે એકીટશે જોવામાં સિગારેટ ચૂસવાનું ભૂલી ગયા હતા. તેમણે સિગારેટ ફગાવી દીધી, ને પોતાની પડખે ઊભેલ પોતાના દીકરા સામે જોયું પછી કહે—

'અમે તો જાશું બહેન, મોડું થાય છે.'

'તમે પોરબંદર તરફના છો ને? અમે ય એ તરફના છીએ.' કહી એ ખમચાઈ ઊભી.

બાઈઓ બધી મંદિરને પ્રદક્ષિણા ફરતાં પરસાળેથી નીચેનું કોતર જોતી વાતો કરતી:

'કેવી રૂડી વાડી જમાવી છે—આંહીં જંગલમાં મંગળ કર્યું છે' મોટાશેઠ પણ પરસાળ પર ઊભા ઊભા નીચેનું પડખું કોતર જોતા હતા. આશરે સોએક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીઘાંના બે કોતરમાંથી લીંબુડીને ચીકુડીનાં ઊઘડેલાં ફૂલોની સુગંધી આવતી. બરાબર વચાળે એક નાના ટેકરા પર રાવણા ને આંબાના ઝુંડ વચ્ચે બાંધેલું લાલ ઈંટોનું મકાન દેખાતું હતું. એક બાજુથી પાણી ખેંચતા મશીનનો ભફ-ભફ-ભખ-ભખ અવાજ આવતો હતો:—

'આવાં તો ૨૦ કોતર છે હો.' અરજણ પાછળ ઊભો હતો, તેણે કહ્યું.

મોટા શેઠ એકાએક કહે, 'નાના, ભલે બપોરા આંહીં જ ગાળીએ. બાઇઓને કહે, તમે ભલે શંકરની સેવાપૂજા કરો—ભાઇ ઓળખાણ તો મોટી ખાણ છે.'

રોહિણીએ સૌને દૂધ પીવાનું નિમંત્રણ આપ્યું. કોતરના પગથિયાં ઊતરતાં હતાં ત્યાં નીચેથી અવાજ આવ્યો. 'રોહિણી રોહિણી' પંદરેક વર્ષનો છોકરો ચાર ચાર પગથિયાં એકસાથે ઠેકતો ઉપર આવતો હતો. રોહિણી સાથે આ મહેમાનોને જોઇ જરીક ખચકાયો. પછી પાછો ઉત્સાહમાં આવી એનો હાથ પકડી કહે:

આપણી ત્રિવેણી વિયાણી.

છોકરી હસીને હળવેથી હાથ છોડાવતાં કહે 'આ મહેમાનોના નસીબમાં બળી ખાવાની લખી હશે.'

'વાછડો આપ્યો. હું સાચો પડયોને? રંગ આબાદ ત્રિવેણી જેવો ગોરો ગળકડો.'

'સત્યકામ, તું બાપાને બોલાવા કોકને મોકલ. કહેજે કે મહેમાન આવ્યા છે.'

'હું જ જાઉં. પણ વાવડીનું નામ ગોતી રાખજે હં.' કહેતોક ચચ્ચાર પગથિયાં ઊતરતો ચાલ્યો ગયો.

'વાછરડા જેવો જ છે.' નાના શેઠે કહ્યું.

ઝાડના ઝુંડ વચ્ચે લાલ ઈંટનું બેઠાઘાટનું મકાન હતું. મોટી ફળીમાં એક આશોપાલવના થડે તાજી વિયાયેલ ગાય વાછરડાને ચાટતી હતી. એના ઘડા જેવા આઉ પર નજર પડે તેવું હતું. રોહિણીએ સૌને ખાટલા ઢાળી દીધા, પાણી પાયું ને પછી ગાયની સારવારમાં પડી.

મહેમાનો વાડીમાં ફરવા નીકળ્યા. બંને ભાઈએ એક તરફ ને છોકરાં તથા બૈરાંઓ બીજી તરફ.

'માણસ સાવ ભગત નથી લાગતો.'

'કેમ'

'પાંચ વર્ષે આમાંથી વીશ હજાર રૂપિયા રળશે. કલકત્તાને મુંબઇમાં આ કેરી ને ચીકુના મોં માગ્યા ભાવ લેશે. ને જમીન મળી હશે પાણીને મૂલે. મંજૂરી ય આ તરફ છે સસ્તી. તને શું લાગે છે?'

નાનાએ કહ્યું 'મને થાય છે કે માણસ ભગવાનની આટલી બધી ભક્તિ શા સારુ કરતો હશે?

લક્ષ્મીને રીઝવવા વિષ્ણુને ભજવા જ જોઇએને. દુનિયા આખી દલાલ થઈ ગઈ છે સાળી—એ બધું સમજવા જેવું હોય છે.

'મને એ વાત બરાબર નથી લાગતી. યુરોપમાં ભગવાન સામે કોઇને સગપણ નથી. છતાં ય એ બધા લક્ષ્મીવાન થયે જાય છે એ શું સૌ નહિ જોતા હોય? પછી થોડીકવાર મૂંગા રહીને કહે, સાળું સાદાઈમાં ય એક જાતની સુંદરતા હોય છે. પેલી છોકરીને કાનમાં ફૂલ શોભતાં'તાં તેના દસ ભાગનાં ય આપણી વાણિયણોને હેમનાં એરીંગ કાંય શોભતાં નથી.

'છોડી છે રૂપાળી' મારી આંખ્યમાં આપણા હેમંત માટે વસી ગઈ છે.

'એ તો હું, તમે રોકાવાનું નક્કી કર્યું ત્યારે જ સમજી ગયો હતો. પણ I think it impossible (હું એ અશક્ય ધારું છું.)

'ઈમ્પોશિબલમાં હું સમજું નહિ. હું તો સાદો હિસાબ માંડું—કે દીકરી સુખમાં પડે એ કોને ન ગમે? આપણે ત્યાં શું ખામી છે?'

કોતરના છેડા પર બંને પહોંચ્યા હતા, મોટા ધરા પર ચાલતું એંજિન જોવા જતા હતા ત્યાં કાંઈક બૂમાબૂમ સંભળાઈ.

'દોડો, દોડો.'

બંને ઉતાવળે પગે પાછા ફર્યા. ઘરતરફ વાડીના મજૂરો દોડાદોડ જતા હતા. કોઇકે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એરૂ આભડ્યો છે' ને મોટા શેઠના પેટમાં ફાળ પડી. દોડતાં દોડતાં એમણે પૂછ્યું.

'હું' મોટા શેઠનો સાદ ફાટી ગયો. બાકીના પચાસ સો ડગલાં કેમ કપાણાં તેની ખબર ન રહી. ફળીમાં પહોંચીને જુએ તો બૈરાંએ યે કકળાણ માંડ્યું છે. આશોપાલવ પડખેના રાવણા નીચે ખાટલા પર હેમંતને સૂવાડ્યો છે. મોંની વિભૂતિ ઊડી ગઈ છે. ને ફીણના ફોસા ચાલ્યા જાય છે. એક બે દાડિયા એને પવન નાંખે છે ને રોહિણી એના પગના કાંડે દોરી બાંધી રહી છે. મોટા શેઠ તો આ જોતાં જ ઘોઘરા સાદે રોઈ પડ્યા.

'મારા બાપલીઆ, અમારા બે ઘરના દીવા, મને આંહીં વિસામો લેવાનું કયાં સૂજ્યું?'

રોહિણી ઘડીક આ ૬૦ વર્ષના વૃદ્ધને રડતો જોઇ થંભી ગઇ ને તરત કહે :

'મોહન તારી છરી લાવ'

'શું કરશો એને? આંહીં કાંઈ દવા નથી–અલ્યા અરજણ અડખેપડખે.' નાના શેઠ જાણે કોઇક બીજો જ માણસ બોલતો હોય તેમ બોલ્યા.

'કાંઈ જરૂર નથી—' રોહિણી બોલી—'મોહન તું છરી લાવ.'

છરી લાવતાં જ એણે અંગૂઠા પર કાપ મૂકવા માંડ્યો. એક બે બૈરાં ઊભાં થઇ ગયાં.

'અમારા દીકરાને વાઢતા નહિ.' પણ એ કોઇ અટકાવે તે પહેલાં તો રોહિણીએ કાપ મૂકી દીધો હતો ને મોંમાં અંગૂઠો મૂકી લોહી ચૂસી ચૂસીને બહાર થૂંકતી હતી.

વિનાયક 'હાં–હાં બહેન–' કરતાં કરતાં હાથ ઝાલી પાછી ખેંચવાનો પ્રયત્ન કરતો હતો.

રોહિણીએ કાળું કીટોડા જેવું લોહી થૂંકી કાઢ્યું, લાંબો શ્વાસ લીધો–ને કહ્યું. 'અરિહંત, અરિહંત કહો.'

મોટા શેઠ, એના નાનાભાઇ, બૈરાં બધા ફાટી આંખે જોઈ જ રહ્યા. નાનાભાઇ બેરિસ્ટર છે. વિલાયત જઈ આવ્યા છે. દેશદેશાવરમાં ભટક્યા છે. ભાતભાતની અજાયબીઓ અનેક સ્થળે જોઈ છે. કાળજું કંપી ઊઠે તેવાં દૃશ્યો ય જોયાં છે—ને મોટાશેઠે પણ દુનિયાના ખેલ ખેલવા ને જોવામાં બાકી રાખી નથી. પણ અત્યારે સામે જે દૃશ્ય જોયું તેનાથી એમની મતિ મૂઢ બની ગઇ. જાણે એમને પોતાને જ સર્પદંશ થયો હોય તેમ હાથ પગ ટાઢા પડી જવા માંડ્યા. ઘડી પછી શું બની જાય તે વિચારે મગજ કંપવા માંડ્યું. એક જણને ઝેર ચડ્યું હોય તો બીજો ચૂસીને ઉતારી શકે છે એમ સાંભળ્યું હતું. પણ એમ ચૂસનાર કોઇ હોય તેમ માન્યું નહોતું. ને તેમ કોઈ ચૌદ વર્ષની છોકરી હોય તે તો સાત ભવે ય કલ્પાય તેવું ન હતું. શું થશે એનું? ક્યાંક એના પેટમાં થોડુંક ઝેર જશે તો? નહિ આનું કાંઇ ઊતરે ને પેલીએ ઢળી પડશે તો? એના બાપને શું જવાબ આપશું?

'બહેન જોગમાયા તું તારું ધ્યાન રાખજે હો.' મોટા શેઠથી બોલી જવાયું.

રોહિણીએ ઇશારા વતી ધીરજ આપી. ફરી લોહી થૂંકી કહે :

'બાપા કહેતા હતા કે કોકને ઝેર ચડ્યું હોય તો ઉતારવાનો સૌથી હાથવગો ઉપાય કોકે ચોખ્ખા મોઢે એ ચૂસી ચૂસીને કાઢવા માંડવું એ જ છે. બે ત્રણ જણને કરડેલો ત્યારે ઝેર આમ જ ઉતાર્યું હતું. આજ મારે અગિયારશ છે.' કહી તેણે ફરી ચૂસવા માંડ્યું.

'તારા મોંમાં અમી બ્હેન' મોટા શેઠે કહ્યું. 'છોકરો બેઠો થાય તો શંકરના થાળાને રૂપે મઢાવું. અમારા બે ઘરમાં એ દીવો છે.'

'ચાર લાખનો વારસદાર છે.' બાઇઓમાંથી એકે આંસુ પાડતાં કહ્યું. થોડીવારે છોકરાએ પગ હલાવ્યા. મોટા શેઠની આંખમાં હરખનાં આંસુ આવ્યાં.

'જે શંકર જે ભોળાનાથ' એમણે મંદિર તરફ હાથ જોડ્યા, ત્યાં ફળીમાં સત્યકામ ગોપાળ ભાભાને લઈને દાખલ થયો. ગોપાળ બાપાએ ખાટલાના ઓશીકે બેસી છોકરાના માથે હાથ ફેરવ્યો ને કહ્યું. 'વારાંગી તારી રક્ષા કરે ભાઈ' રોહિણી તરફ જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે, 'બધા સરપ ઝેરી હોતા નથી. બીકનું'ય ઝેર ચડે છે.'

થોડીવારે હેમંતે આંખો ઉઘાડી. એને મા, દાદી સૌ વીંટી વળ્યાં. ગોપાળબાપા એક બાજુ ઊઠીને કહે: 'કહો ક્યાંના પરોણા? આજ તો આ કોતરમાં મેળો થયો.'

'અમે પોરબંદરના.'

'વાહ! પોરબંદર, સુદામાપુરી, મહાત્માગાંધીની જનમભોમ વાહ! એની કોરનો વાયરો અડે તો ય પાપ ટળે. બેટા આ સૌ મહેમાન માટે ચાપાણી કર્યાં?'

'આમાં ક્યાંથી કરે? આવ્યા કે તુરત જ આમ બની ગયું.'

'હોય એ તો ચાલ્યા કરે. પરમેશ્વરની મહેર છે કે આ ત્રણ વર્ષમાં તો હજુ કોઇને ઇજા પહોંચી નથી.'

'પણ તમે દવા કેમ નથી રાખતા, કે માનતા નથી?' નાના શેઠે કહ્યું.

'દવા તો હોય છે, પણ રોહિણીને આ જ સૂઝયું. હું હોત તો ઊલટીની દવા આપત. હાજર સો હથિયાર.'

'પણ બહેન કાંઈ હિંમતવાળી શું કહીએ એને. દૂધ પીતી હોય તેમ ચડપ લઇને અંગૂઠો મોંમાં લીધો.'

રાત્રે વાળુપાણી કરીને મોટા શેઠે સૌની ઓળખાણ કરાવી. વિનાયકરાવ ને પોતે બન્ને નાના-મોટા ભાઈઓ હતા. હજુ સૈયારૂજ ચાલતું હતું પોંતાને પોરબંદરમાં આફ્રિકાના એજન્ટની મોટી દુકાન હતી, વિનાયકરાવ બેરિસ્ટર હતા. ને અમદાવાદમાં વકીલાત કરતા હતા. નાની વહુએ વિનાયકરાવ વિલાયતથી હેમખેમ પાછા આવે એ સારુ તુલસીશ્યામની જાત્રાની માનતા માની હતી પણ આજ દી સુધી નીકળાયું નહોતું. આજ ઘણા વખતે મોકો મળતાં નીકળેલાં વગેરે...પછી ગોપાળરાવને પૂછતાં કહ્યું.

'હું તો વાણોતર છું. આ સત્યકામના બાપા આ બધું મને ભળાવી ગયા છે. એના બાપ હતા ઝરિયાના મોટા વેપારી. ઘેર કોલસાની મોટી ખાણો હતી. હજીએ કાંઇક છે. જોકે, હું ઓછી કરી રહ્યો છું. અહીંઆં બધુ લાવતું જાઉં છું. પણ અમે નાનપણથી લંગોટિયા ભાઇબંધ, ને ભજનોના પૂરા શોખીન. કો'ક રાતજ ઘેર રહીએ. બાકી રાત્યુંની રાત્યું ભજન મંડળીઓમાં જ જાય. વેપાર પણ હારે કરતા. શરૂઆતમાં ઝરિયાના કામમાં મારોએ થોડોક ભાગ હતો. પણ પછી કાઢી નાખ્યું. ને ગાયું ને અપંગની ચાકરીમાં પડયો. છેલ્લે છેલ્લે તો સત્યકામના બાપનેય એ બધું નહોતું ગમતું. કહેવત છે ને કોલસાની દલાલી–પણ માયામાંથી મોટા મુનિવરે ય છૂટી શકતા નથી. હું તો અહીં ખૂણે પડયો છું. ને ભોં હારે બાથોડિયાં લઉં છું'

'આમાં કેટલીક પેદાશ ધારો છો?'

'પેદાશ તો શું થાય? દોઢ ટકો વ્યાજ ઊપજે!'

'ઝરિયામાં તો વધારે ઊપજતું હશેને?'

'ત્યાં તો પચીસ ટકા ઊપજતા'તા. ને સારું કહીએ તો બમણા થાતા'તા'

મોટા શેઠની આંખો ફાટી ગઈ. 'શું કહો છો! તો આ ધંધો શા સારુ માંડયો?' એ તો હજુ એમ સમજતા હતા કે ગોપાળ શેઠ કયાંક ભરાઇ પડ્યા હશે, તે અહીં ભાગી આવ્યા.

'મનની મોજ છે ને!' ગોપાળ બાપાએ હસીને કહ્યું, 'પણ આથી તો અમારા ધંધામાંય વધારે ઊપજે. અહીં પોરબંદરમાં સિમેન્ટનું કારખાનું ચલાવીએ છીએ. પાંચ ટકા તો અમે વ્યાજ આપીએ.'

'મને કારખાનાં નથી ગમતાં.' મોટા શેઠ મૂંગા થઇ ગયા. 'ર' ના 'ળ' એ એમની વાચા હરી લીધી.

બેરિસ્ટરે પૂછ્યું: 'સર્પને તમે નથી મારતા!'

'ઘરમાં આવેને સાણસાથી ન પકડાય તો પછી મારીએ.'

'ખેતરમાં શું કામ ન મારો?'

'એને બિચારાને ક્યાંક તો રહેવા દેવા જોઇએને!'

'એનો શું ખપ છે કે રહેવા દેવા?'

'ખપ તો ઝેરનો ય પડે છે. સરપનું ય એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ખેતરના ઘણા ય જીવજંતુને એ ખાઇ જાય એટલું અમારું કામ કરે છે.'

'પણ કો'કને કરડે ત્યારે ?'

'એને મોંએ સવામણનું તાળું છે. ભાઇ માંડયું હોય તેને જ કરડે.

'બિલકુલ હમ્બગ.' બેરિસ્ટરે ધીમેથી કહ્યું.

ગોપાળશેઠે કંઈ જવાબ ન આપ્યો. એ તો ભજનની એક ટૂંક જ બોલ્યાઃ

'ગજ કાતરણી લઇને બેઠો,
દરજી દિનદયાળ.
વધે ઘટે તેને કરે બરોબર,
સૌની લ્યે સંભાળ.
ધણી તો ધીરાનો રે,
હરિ મારો હિંડે હકે.'

પણ બેરિસ્ટરને માટે આ તો એથીયે મોટું હમ્બગ હતું. ધણી તો કયાંય પડયો પડયો ઊંઘતો હતો. ને અહીં સાંઢીએ તો ખેતર ભેળી માર્યું હતું. એને આ પુરાણા માનવીના ચહેરા સામે જોતાં જ એ વિચાર શમી ગયો. કેવી શીતળતા એ ચહેરા પર હતી. ચંદ્રમા સામે મીટ માંડીને બંને આંખોમાં બાળકની સરળતા ને શ્રદ્ધા નહોતાં ? જે સરળતા ને શ્રદ્ધાથી પેલી ચૌદ વર્ષની કન્યા ઝેર ચૂસવા માંડી હતી. તેનો જન્મદાતા આ પુરુષ હતો, એમણે સહેજ વિનયથી વાત બદલવા સમજવા માગતા હોય તેમ પૂછયું:

'તમને એમ નથી લાગતું કે આ છોકરાના વાલી તરીકે તમે એની મિલકતનો અયોગ્ય રીતે વહીવટ કરી રહ્યા છો ?'

'હું ! કઇ રીતે ભાઇ ?'

'કઇ રીતે કેમ ? ત્યાં એને વર્ષે દહાડે લાખની કમાણી થતી હોય ને તમે અહીં પાંચ હજાર જ એને ઊપજે તેવું કરો તો કોર્ટ તમને ગુન્હેગાર ન ગણે ?'

'કઇ કોરટ ?'

'ગમે તે.'

'ઇશ્વરના ઘરની કોરટ ?'

'ત્યાં હું ને તમે કયાં ગયા છીએ ?' બેરિસ્ટરે હસીને કહ્યું.

'સારું' છે કે નથી ગયા. નહિતર ત્યાંય બધું ગંધવી મારત એવા થઇ ગયા છીએ આપણે સૌ. સહેજ ગોપાળ બાપાએ (ગોપાળ બાપ લાલ થઈ ગયા) પછી પુણ્યપ્રકોપને સહેજ શમાવતા કહ્યું. 'ત્યાં એને લાખ નહિ પણ દોઢ લાખ વર્ષે મળતા'તા. ને અહીં બધું રોકીશ તોયે પચીશ હજાર નહિ આવે એ વાત સાચી. ઇશ્વરના ચોપડામાં એ એક જ વાત લખાતી હોત તો તો જરૂર હું એની અદાલતમાં હારી જાત. પણ ત્યાં તો બીજું ય ઘણું લખાય છે. ત્યાં કાળાં ઘોર કેદખાનાં જેવી ખાણોમાં કામ કરતા અને કોલસાની ટોપલી માથા પર લઈને દોટમદોટ જતા. મજૂરોનો પરસેવો ને નિસાસા લારીમાં કચરાઇ જતાં બાળકની ચીસો અને આગ લાગતાં સળગીને બફાઈ જતાં ખાણીઆઓના સાંભળ્યા ન જાય તેવા આર્તનાદ, આ બધું ય ત્યાંની કમાણીની સામે ઉધાર પાસામાં આવતું હતું. એ બધાની રૂપિયા આના પાઇમાં કિંમત મૂકી જુઓ, ને પછી કમાણીમાંથી એને બાદ કરો. ને બીજી તરફ અહીંના જમાપાસામાં આ બધા કોળીનાળીને સવળે ધંધે વળગાડયાનું પુન્ય, આટલા પશુ પંખીડાને ધરવવાનું પુન્ય ઉમેરો. ને પછી કોનું છાબડું નમે છે તે જુઓ.'

'પણ એની કમાણી તો ઓછી થઈ ને ?'

'કઈ પુન્યની કે લક્ષ્મીની ?'

'લક્ષ્મીની જ ને આપણને વાણિયાને તો એ જ ગમે ને !

'ભલે તો વાણીઆ લક્ષ્મીને જ રાખે. હું વૈશ્યેય નથી ને બ્રાહ્મણેય નથી.'

બેરિસ્ટરની આંખો આ સાંભળીને જાણે પ્રકાશથી ચમકી ઊઠી. એણે હસીને પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે !'

'હું તો લક્ષ્મી ને વિષ્ણુની પેલી કોર અલખ છે તેનો ચેલો છું.'

'પાની બાઢે નાવમેં ઘરમેં બાઢે દામ
દોનું હાથ ઉલેચીએ યેહી સજ્જનકા કામ.'

એવા પરિતાપથી એ બોલ્યા કે મોટા શેઠ જેવા લક્ષ્મીજડ ને પણ એ સમજાઈ ગયું. એમણે થોડી વારે વાત ફેરવી.

'આ શંકરના થાળાને રૂપે મઢાવવા માટે મારી જીભ કચરાણી છે. તમે એનો અડસટ્ટો આપશો !'

'એ બધું તમે મોટા માણસો જાણો ભાઈ ! મને તો એમાં કાંઈ સમજ ન પડે.' કહી એ સૂવા ઊઠયા.

મોટા શેઠે સૂતી વખતે નાનાને કહ્યું: 'કાંઈક બડું વેતરાણું.' બેરિસ્ટર અંગ્રેજીમાં ગણગણ્યા. પછી કહે, 'મહામાનવ' મોટા શેઠને તો એકે ય સમજાય તેવું નહોતું.

સવારે નીકળતી વખતે બેરિસ્ટરે હજાર રૂપિયા ગોપાળબાપાને આપતા કહ્યું, 'અમારા વતી આ ધર્મશાળામાં ગમે ત્યાં ખરચજો.'

'ના ભાઈ' અહીં ભગવાને ઘણું દીધું છે. જ્યાં ખોટ છે, ત્યાં જ વાપરજો.'

મોટા શેઠ કહે: 'અમારે તો હેમંત ઊગરી ગયો એટલે મોટો ઓચ્છવ છે. એના સંભારણામાં આટલું રાખો.'

'તમે સમજતા નથી. આ કંઈ સાધુબાવાની જગ્યા થોડી જ છે ! ને મને ભગવાને આપ્યું છે. જ્યાં ખોટ હોય ત્યાં દીકરાને માથેથી ઉતારીને આપી દેજો.

'ભગવાન એની રક્ષા કરશે.' કહી એ પાછા ફરી ગયા. સત્યકામ એમને રસ્તામાં કહે કે: 'આ લક્ષ્મીવાળાના અંધાપાનો ય પાર નથી. માળું ! લક્ષ્મી ના હોય તે યે દખ છે, ને હોય તે યે દખ છે.'

'એ તો વળી મોટું દખ.' પછવાડેથી કે... બોલ્યું. ગોપાલ બાપા જુએ તો શેઠના સાથ... અરજણ.

ગોપાલ બાપાએ એને ઓળખ્યો. 'તું કે... રોકાણો છે ?'

'તે દી' તમે કહ્યું હતું ને ! આંહીં રાખશો.'

'સૈયારી રાખવી છે ?'

'સાથી રાખો.'

'સાથી એટલે સૈયારી. ભાગદાર, પાપ ને પુણ્ય બેયમાં હં !'

અરજણે સંમતિ બતાવવા માથું ડોલાવ્યું.

આમ બેરિસ્ટર ગયાં ને અરજણ રોકાઈ પડ્યો.

થોડા દિવસ પછી ગોપાળ બાપાને કાગળ મળ્યો.

અંદર લખ્યું હતું :

મુરબ્બી શ્રી,

તમે અમને સૌને કદાચ ભૂલી ગયા હશો. પણ અમે તો તમને ભૂલી શકયા નથી. હેમંત તમારી વાડીને, તમને તથા બહેન રોહિણીને વારેવારે યાદ કરે છે. જૂના લોકો એમ માને છે કે જાત્રા એળે જતી નથી. હું તો નવા જમાનાનો માણસ છું. ઘણા દેશનું પાણી પીધું છે, એટલે આવી વાત માનતો નથી. પણ તુલશીશ્યામની આ વખતની જાત્રા પૂરતી તો એ વાત સાચી ઠરી એમ લાગે છે. મારે કબૂલ કરવું જોઇએ કે તમારા પરિચયે મને નવી દિશામાં વિચાર કરતો કર્યો છે. જોકે મારો બંધાર એવો ઘડાણો છે કે મારા નિશ્ચયો જેટલા ઝપાટાબંધ થાય છે તેથી યે ઝપાટાબંધ તૂટે છે. ગાંધીજીનો આશ્રમ તો અમે રહીએ છીએ તેની પાસે જ છે. ત્યાં આવવા જવાનું ઘણીવાર થાય છે. પણ તમારે ત્યાં આવ્યો નહોતો, ત્યાં સુધી એમની વાત સમજવાની જાણે ચાવી નહોતી મળી, પણ ત્યાંથી આવ્યા પછી એય થોડુંથોડું સમજાય છે. પણ અમારા જેવા માણસોને તો સમજાય તો ય શું ને ન સમજાય તોય શું ? હસ્તિસ્નાનવત્ક્રિયા જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો ઘડો એટએટલે ઠેકાણેથી તૂટીફૂટી ગયો હોય છે કે એક સાંધો ત્યાં તેર તૂટે જેવી આંતરદશા હોય છે.

પણ કાગળ સાચે સાચ તો લખું છું બીજા એક કામ માટે.

બહેન રોહિણીને જોઈ ત્યારથી એના ગુણ મારા મનમાં વસ્યા છે. વહેલે કે મોડે એને વરાવવાનો વિચાર કરો ત્યારે મને યાદ કરશો? મારા હેમંતને ઓળખવા જેવો છે એ જ મારે મનની જાણે પ્રકૃતિની ઓળખવાનું સૂચન છે. છતાંયે લોભવશ તમને ય સૂચન કરી શકું છું. લોભ શું છે તેય તેય તમને કહી નાખું. મને પૈસાનો લોભ ખાસ નથી. મોટાભાઈને હશે, પણ મને એ નથી—કારણ કે ઘણું કમાયો છું ને ઘણું કમાઈ શકું તેવી આ ગાંડી ગુજરાતમાં શક્યતા છે. પણ તમારો 'પાણી બાઢે નાવમે'વાળો દુહો સાંભળ્યા પછી આ લક્ષ્મીને ખોબે ને ખોબે કોઈક ગૌરવભેર રીતે વાવરે તેવાને ઘરમાં લાવવાનો લોભ વધ્યો છે. બહેન રોહિણી અમારા ઘરમાં આવીને ફક્ત એ એક કામ કરે તોયે અમે સાર્થક થશું.

હું નવા વિચારનો માણસ છું તે તો મારી રીત-ભાત ઉપરથી જ તમે સમજ્યા હશો. એટલે ચિ. રોહિણી જો આવશે તો મારા ઘરમાં હેમંત અને અચ્યુત ઉપરાંત ત્રીજા દીકરા તરીકે જ સ્થપાશે તે તમે ખાતરી રાખજો.

કોઈ પરિચય વિના આવું માગું નાખ્યું છે તે ધૃષ્ટતા કહેવાય તેની મને ખબર છે. પણ લાલચ એટલી મોટી છે કે હિંમત બીડી છે.

લિ. વિનાયકરાવના પ્રણામ

ગોપાળબાપાએ ફરી ફરીને વાંચ્યું. એમને લાગ્યું કે બેરિસ્ટર કોઈક ભારે મનોમંથનમાંથી પસાર થઈ રહ્યા હતા એ વાત નિશંસય હતી. પણ એમાં રોહિણી એમને શું મદદગાર થવાની હતી? પણ ગમે તે હોય, બેરિસ્ટર માણસ—વિલયાત જઈ આવેલો—ઘેર લક્ષ્મીનો વરસાદ વરસે—એથી આ નમનતાઈ કાંઈ જેવીતેવી ન કહેવાય. એમણે દોતકલમ લઈને ટૂંકમાં લખી નાખ્યું.

ભાઈશ્રી પાંચ વિનાયકરાવભાઈ,

તમારી લાગણીએ અમારું મન તમારા ભણી ખેંચ્યું છે. પણ ઋણાનુબંધે સઘળું બને છે. રોહિણીનું મન જોતાં જ્યાં એનું નિર્માણ થયું લાગે છે ત્યાં જો નહિ થાય તો તમારું ઘર હું જરૂર સ્મરણમાં રાખીશ. તમારો સાચો ભાવ હશે તો રોહિણી તો શું—પણ એથી યે સરસ પ્રભુ આપશે. મારો તો એક વિચાર પાકો છે કે રોહિણી લક્ષ્મીવિનાના માણસને વરે પણ માણસ વિનાની લક્ષ્મીને નહિ વરે...બાકી તો હરિઇચ્છા બળવાન છે.

એમણે કાગળ લખીને સત્યકામને આપ્યો. ને સાથે બેરિસ્ટરનો કાગળ આપી કહ્યું, 'આમાં ઉપર અંગ્રેજીમાં સરનામું છાપ્યું છે તે પ્રમાણે કરીને ટપાલમાં નાખી આવજે. સહેજ જોઈ જજે કે લખવામાં ક્યાંય કાનોમાતર કપાઈ તો નથી ગયો ને?

સત્યકામે કાગળ લીધો. વાંચીને સાવચેતીથી જાણે પોતાનું અંતર બીડતો હોય તેમ કાગળ બીડી દીધો.

❋

પગાર–વધારો

તાજેતરમાં જાહેર થયેલા રેલ્વેમજૂરોના પગાર–વધારા અંગે મધ્યસ્થ સરકારને વધારાના ૪૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. એ ખર્ચને પહોંચી વળવા માટે રેલ્વેનાં નૂર–ભાડાં હજી વધારવાની વિચારણા ચાલી રહી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાઓના ઇન્સ્પેક્ટર રાવસાહેબ ભોગીલાલનો નિવૃત્તિજીવનનો આજનો પહેલો દિવસ જાણે કે સોને મઢ્યો હોય તેમ પહેલાં તો એમનાં અંતરમાં જીવનમુક્તિ જેવો એમને આનંદ આનંદ લાગવા માંડ્યો. સામેના 'કમ્પાઉન્ડ'માં અત્યારમાં જ મોર નૃત્ય કરવા માટે થનગની રહ્યો હતો. અને યુકેલીપ્ટસના ઊંચા ઝાડની એક ઊંચી ડાળી ઉપર બેસીને કોયલ હેતુ વિનાની મધુરી વાણી ફેલાવી રહી હતી. લટકણિયા ફૂલછોડ ઉપર બુલબુલે પોતાનું મધુરું ગીત-ગુંજન રેલાવવું શરૂ કર્યું હતું. તો જૂઈના અસંખ્ય ફૂલોએ એમના ટૂંકા જીવનનો સઘળો પરિમલ એકીસાથે જાણે સૃષ્ટિને અર્પી દેવાનો હોય તેમ હવામાં જાદુઈભરેલી છાની સુગંધ ફેલાવી મૂકી હતી. રાવસાહેબ ભોગીલાલ આ સઘળું જોતાં ખુશખુશાલ થઈ ગયા.

લાંબા નોકરીજીવનમાં આમથી તેમ ને તેમથી આમ એમને અથડાવી અથડાવીને ખાતાએ એમનો કસ કાઢી નાખ્યો હતો. અને ફૂલ જેવા સેંકડો અને હજારો શિશુઓના કુમળા આત્માના આ ઘડવૈયાને પેન્શન આપ્યું ત્યારે દોઢસો રૂપરડી! વિદાય વેળાએ એક વકીલે એમની પાંત્રીસ વર્ષની સેવા વિષે ભાષણ કર્યું હતું અને સાડાસત્તર તોલાનો ચાંદીનો કપ ભેટ આપ્યો હતો એટલું વિશેષ. એ ગમે તેમ થયું પણ પોતે આજે તો મુક્ત હતા. હવે એમની પાસે કોઈ માસ્તર, 'સાહેબ! બાર રૂપિયા પગાર મળે છે ને બાર છોકરાં છે!' એમ કહેવા માટે આવવાનો ન હતો. હવે અડિયલ ટટ્ટુ સાથે હાજર થઈને ભીખો એમને અત્યારમાં ઉતાવળ કરવાનું કહેવા માટે કોઈ દિવસ ત્યાં ઊભો નહિ હોય! પોતે વિશાળ કમ્પાઉન્ડમાં જરા ટેલશે, થોડાક શંકરસ્તોત્રો બોલશે, બીલીપત્ર ઉતરાવશે, ત્યાં 'ચા-ટેબલ' ઉપરથી ભાઈ એમને બોલાવશે ને રોજિંદા પત્રો આવશે, એ વાંચતાં વાંચતાં બન્ને ભાઈઓ જૂનાં સંસ્મરણો તાજાં કરશે—અને એમ ને એમ જીવનની એક નવી મધુરી પગવાટ ચાલી જાશે.

રાવસાહેબ ભોગીલાલના મનસ્વપ્નની જાણે જાણ થઈ ગઈ હોય તેમ રસ્તેથી પસાર થતો સાઈકલવાળો 'ટાઈમ્સ!' કરીને બૂમ પાડતો ઉતાવળમાં ફેંકતો ચાલ્યો ગયો. ભોગીલાલે 'ટાઇમ્સ' ઉ... લીધું ને હાથમાં ને હાથમાં એને રાખીને જરાક ... લટાર મારી, એટલામાં તો રંગે કાળી, પણ ના... દેખાવડી, જુવાન ગોઆનીઝ ઘરઆયા લીલી, ... આવતી દેખાઈ 'સાહેબ! ચા કે લીયે 'મેમસા'બ' બૂલાતે હૈ!'

આ 'મેમસા'બ' નો પ્રયોગ ભોગીલાલના ... જરાક ધક્કો આપતો હજી વિરામ પામે ન પામે, ત્યાં 'બોબ્ડહેર' વાળાં બે રૂપાળાં છોકરાં, 'અંકલ ... અંકલ! મને' કરતાં એમની તરફ દોડતાં આવતાં એમની નજરે પડ્યાં!

એ બન્ને 'ટાઇમ્સ' માગી રહ્યાં હતાં! ... 'મેમસા'બ' પછી તરત આવેલો આ 'અંકલ' ... પ્રયોગ, રાવસાહેબના કાનને અપરિચિતતાને ... સહેજ કર્કશ જણાયો, પણ એમના બંનેના હાથમાં 'ટાઈમ્સ' રહેવા દઈને એ ચ-ટેબલ તરફ વળ્યા.

[૨]

'ચા-ટેબલ' ઉપર પ્રાણવલ્લભ અને એની ... હાથમાં એક એક રકાબીમાં કેળાં લઈને તાજાં ... પથારીમાંથી આવ્યાં હોય તેમ હજી શયની ... જ ઊભાં હતાં. ને ઊભાં ઊભાં જ કેળાં ખાઈ ... હતાં. હજી એમની આંખમાં ગુલાબી નિદ્રાની ... રમી રહી હતી. રાતનાં પથારીકપડાં પહેરેલાં એ... શરીર ઉપર ઊડી રહેલા વાળને એક હાથથી ... પાછા હડસેલતાં, બંને એકસાથે જ અંગ્રેજીમાં ... ઊઠ્યાં : 'આ લેશો તમે?' આ એટલે કેળાં.

ભોગીલાલે જમીન ઉપર જ દૃષ્ટિ રાખીને ... હસતાં હસતાં જવાબ વાળ્યો: 'અત્યારમાં! ... કેળાં તો ભારે પડે!'

'ઓલરાઇટ. ધેન ટેક ટી,' [ભલે, ... લો] ડાર્લિંગ! શરૂ! વન કપ—'

શર્વરીનો અપભ્રંશ પામેલ 'ડાર્લિંગ શર...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર ન કરતાં, ભોગીલાલ તો ખુરશી ખેંચીને સામે બેઠા. પોતે જુવાન હતા, અને તાજા જ ગ્રેજ્યુએટ થઈને નોકરીને પહેલે દિવસે નેતરની સોટી ને લાંબો કોટ પહેરીને નિશાળે જવા નીકળ્યા એ દિવસ એમને અચાનક યાદ આવી ગયો. આ એનો નાનો ભાઈ પ્રાણવલ્લભ ત્યારે તો ભણતો હતો. પણ ભણવામાં હોશિયાર હતો. પોતે સંકલ્પ કર્યો હતો કે પેટે પાટા બાંધીને કે ગમે એટલાં ટ્યુશન કરીને કે બાપદાદાનાં ખોરડાં ને ખેતર વેચીને પણ એને તો ખૂબ ભણાવવો ! એમનો એ સંકલ્પ પાર પડ્યો. એટલું જ નહિ, પણ, હવે તો જતી રહેલી અંગ્રેજ સરકારે જે કેટલાક ભાગ્યશાળી આત્માઓનું આઈ. સી. એસ.–સર્જન કર્યું હતું, એમાં જોઈતું પ્રાણવલ્લભને સ્થાન મળી ગયું ! ભાગ્યનો કેવો મહાયોગ; આજ જ્યારે રા. બ. ભોગીલાલ ઇન્સ્પેક્ટરપદેથી નિર્વાણ પામતા હતા, ત્યારે યોગાનુયોગ એ જ શહેરમાં નાનો ભાઈ પ્રાણવલ્લભ આઈ. સી. એસ. ડેપ્યુટી કલેકટર તરીકે, મોટા આલિશાન બંગલામાં ને હજારોની ગાદીમાં બેઠો હતો. એની વહુ શર્વરી ને છોકરાં પણ અહીં જ હતાં. ભોગીલાલ સાંજે સીધા નાનાભાઇને બંગલે ગયા. શનિવાર હોવાથી સાંજે તો જમવાના ન હતા. એટલે નિરાંતે જીવનની પહેલી મોટી ઊંઘ ખેંચી કાઢી ! આજે રવિવારની સવારનો સોનેરી સૂર્યોદય નિહાળીને એમના મનમાં અજબ શાંતિ થઈ હતી. પોતાના શાંતિમય નિવૃત્ત જીવનપંથનો રસ્તો એ આંહીં દેખી રહ્યા હતા. પોતે વર્ષોથી વિધુર હતા. છોકરી એક મોટી હતી તે સાસરે હતી. બાકી કોઇ હતું નહિ. પ્રાણવલ્લભ અત્યારે 'ટી-ટેબલ' ઉપર એમને પહેલવહેલો જ મળતો હતો. પણ એ તો કામના બોજાને અંગે હોય–એમ રાવસાહેબ સમજતા હતા. ચા સામગ્રીનો સત્કાર એ જોઈ રહ્યા.

...

અનેક વસ્તુઓ ત્યાં હતી. ચાની સાથે બ્રેડ, માખણ, જેલી, ઈંડાં, કેળાં દૂધ વગેરે તમામ પદાર્થોની એક તાસક એમની સામે ધરતી પેલી જુવાન આયા ત્યાં ઊભી હતી !

ઈંડાંને જોતાં જ હાથ ભોગીલાલથી ખંખેરાઈ ગયા. 'અરે ! અરે ! એ આંહીં નહિ, આંહીં નહિ ! લઈ લે ! લઈ લે !' અને એમણે જરાક અવાજ થાય તેમ ખુરશી પણ ખસેડી.

આઘે લાલ પટ્ટો પહેરીને ઊભેલો ચપરાશી મોં આડે રૂમાલ રાખીને હસતો હતો. લીલીના મોં ઉપર એક હાસ્યરેખા આવી જતાં, એણે પણ લુચ્ચાઇથી પોતાની દક્ષિણી ઢબે પહેરેલી સાડીને, જરાક આડીઅવળી ખેંચીને એ હાસ્ય છૂપાવી લીધુ. પણ સાહેબ પ્રાણવલ્લભથી એ કાંઈ અજાણ્યું ન રહ્યું. જે વાતાવરણમાં એનો વર્ગ અક્કડ ને ખાં ગણાતો–એટીકેટ–શિષ્ટાચાર—એનો આ ભંગ, એને જરાક ખૂંચ્યો. એણે ધીમેથી પણ મક્કમપણે અને અંગ્રેજીમાં જ કહ્યું: 'Have manners-please' રીતભાત રાખો એ સંબોધન ખરી રીતે તો ભોગીલાલને હતું, પણ એમણે કાંઈક રોષભરેલી તીરછી દષ્ટિએ તરત, ચપરાશીને ઊધડો લીધોઃ 'બોય ! એ ઈધર સે ઉઠા લો !

[૩]

પ્રાણવલ્લભની સાથે સાંજે ફરીને પાછા આવ્યા ત્યારે રા. બ. ભોગીલાલ ધીમે શાંત પગલે પોતાના કમરામાં ચાલ્યા ગયા. પ્રાણવલ્લભનાં છોકરાં કોઇ પ્રદર્શનનું પ્રાણી જોતાં હોય તેમ એમનો લાંબો કોટ અને જુનવાણી પેલી લાકડી જોઈ રહ્યાં હતાં ! ભોગીલાલે એમને પ્રેમથી બોલાવ્યાં, પણ એટલામાં તો 'ચલો, 'બાબાલોક' 'મેમસા'બ' બુલાતે ' કહીને આયા લીલી એમને લેવા માટે ત્યાં આવી પહોંચી હતી !

શર્વરીને વાત કરીશું, આ છોકરાને ભણાવવાની, એ વિચાર ભોગીલાલને આવી ગયો.

સાંજે વાળુ કરવા બેઠા ત્યારે પાટલાને ટેવાયલા ભોગીલાલે ખુરશી ઉપર નીચે પગ રાખવાનું ને ખાવાનું કૃત્રિમ અવસ્થામાંથી બચવા પોતાના પગ ખુરશીમાં પહોળી પલોંઠીની પેઠે ગોઠવ્યા. પીરસવા આવી રહેલા બાયની ચકોર દષ્ટિએ એ હાસ્ય પ્રસંગને તત્કાલ પકડી લીધો ને આજે જરાક આયા લીલીએ સવારે એના ગાલ ઉપર મીઠી ચુંટણી ખણી હતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની મધુર યાદ હજી એની નસેનસમાં વેગ ભરી રહી હતી, એટલે એનાથી ઉતાવળે ચલાઈ ગયું ને જરાક મોટેથી હસાઈ ગયું અને એની સાથે જ ખનન કરતા જમીન ઉપર પડેલા થાળમાંથી દૂધીનાં મૂઠિયાં, ઢોકળાં ને સમોસા એવો વર્ણસંકરી પંચરત્ન માલ વેરાઈ પડ્યો!

પ્રાણવલ્લભની બોલ્યા વિનાની એ તરફ વળેલી એક વેધક દૃષ્ટિએ બાયને તો ભોં ભેગો કરી નાખ્યો, પણ એ દૃષ્ટિને પાછા ફરતાં જ શરૂની નજર અથડાઈ! એ નજર એટલી વારમાં તો રા. બ. ની હવે ઉતાવળે છૂટતી પલાંઠી ઉપર જરાક જઈને પ્રાણવલ્લભને ઉપાલંભ દેતી, છેક રસોડામાં તાલ લઈને નાચી રહેલી લીલી સુધી પહોંચી ગઈ હતી. 'લીલી ત્યાં શું કરે છે તું? આ જોતી નથી?' એમણે લીલીને હાંક મારી.

'પણ 'મેમસા'બ! મૈં ક્યા કરું?' કરતી લીલી આવી: 'વો અંધા કી માફક દૌડ રહે થે, ઔર નઝર ભી ઇસકી કીધર થી–ઉધર! મૈં ક્યા કરું?'

લીલીએ આંખના એક ઉલાળામાં ભોગીલાલના જંગલી પસીંઠાનો ઉલ્લેખ કરી નાખ્યો હતો!

વાણી વિનાની વાણીમાં વાણી બોલવાની આ કળાનો ભોગીલાલ તો કાંઈ ભેદ પણ મેળવી ન શક્યા. એ તરત મૂંગા મૂંગા ખુરશીમાં સીધી બેઠક રાખી ને નીચે મોંએ ટુવાલ રાખીને જમવા માંડ્યા!

જમ્યા પછી પ્રાણવલ્લભ ચીરૂટ ફૂંકતા બેઠા ને થોડી વારમાં શર્વરી ત્યાં આવી પહોંચી.

બોલ્યા વિના જ બન્ને સમજી ગયાં હતાં કે એમને ભોગીલાલ વિષે વાત કરવાની હતી. નામ ઉચ્ચાર્યા વિના જ પ્રાણવલ્લભે કહ્યું: 'શરૂ! ડાર્લિંગ! એનો કમરો બરાબર હમેશાં 'ડીસઈન્ફેક્ટ' જંતુહીન કરાવતી રહેજે હો. કેટલીક વાત...'

'એ કેટલા દિવસ રહેવાના છે?'

'મને કાંઈ કહ્યું નથી!'

'હું પછી જોઉં?'

'યેસ...' બહારથી કોઈકનો પગરવ સંભ- ળાતાં પ્રાણવલ્લભ જવાબમાં બોલ્યો. એટલામાં ધી- પગલે ચાલ્યા આવતા ભોગીલાલ જ ત્યાં દેખાયા.

'આ આવ્યા લો, તમે જ પૂછી લેજો.'

ભોગીલાલ પ્રાણવલ્લભની સામે આવીને બેઠો. પોતે મોટાભાઈ હતો. પ્રાણવલ્લભ નાનો હતો. પણ આ જમાનાએ જે કેટલાક સંબંધો બદલી કાઢ્યા છે તેમાં આ પણ હવે અનિવાર્ય રીતે આવી જ જાય, એ વિવેક એમણે કેળવી લીધો હોય એમ જણાતું. પહેલાં તો એ શાંત સ્થિર બેઠો. પછી બોલ્યો: 'પ્રાણવલ્લભ! મને થાય છે કે, મારો દી જાય, ને તને ને શર્વરીને ફાવે તો, છોકરાં બન્નેને થોડું સવારે હું ભણાવું! સાંજે થોડાંક સંસ્કૃત સુભાષિ- શીખવાડું!'

'સવારે તો છોકરાં ભણે છે! બ્રધર! એ સુભાષિતનો જમાનો ગયો.'

'હા...ના...બરાબર!' ભોગીલાલના મનમાં ગડભાંગ થઈ. એક પ્રશ્ન ઉદ્‌ભવીને જ શમી ગયો: 'કોઈ મહાન વિચારકનાં વાક્યો મરતાં હશે ખરાં!' તે ઊંડા વિચારમાં પડી ગયા.

એમને તો ઓછામાં ઓછા ઘર્ષણમાં થો- દિવસો કાઢી નાખવા હતા. એટલે એ વધુ કાંઈ બોલ્યા નહિ: પછી ધીમેથી એમણે કહ્યું: 'તો તો બરાબર શર્વરીને પણ એ જ રુચે છે?'

'યેસ...જમાનો જ બદલાયો છે, બ્રધર!'

પ્રાણવલ્લભના મોમાંથી આ બીજી વખત આવેલા 'બ્રધર' શબ્દે ભોગીલાલને ઊભા જ કરી દીધા: '... તો મેં કહ્યું, હું આંહીં રહું, ને તમને કાંઈ ઉપયોગી થઈ પડું તો...'

'યેસ થેંક્યું બટ બાઇ ધ બાઈ, તમે કેટલું રહેવાના છો?' પ્રાણવલ્લભે ચીરૂટ હાથમાં પકડી રાખીને જ પૂછ્યું.

'હું? હું તો હવે પ્રાણવલ્લભ! પેન્શન ઉપર છું નાં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શર્વરીની ઉપાલંભ ભરેલી આશ્ચર્યદષ્ટિને એમની પીઠ જોઈ શકે તેમ ન હતું !

[૪]

બીજે દિવસે વહેલી સવારમાં ભોગીલાલ બેઠા. અનેક સુભાષિતોથી પોતાના કમરાને શાંત ગુંજારવ આપતા હતા. અને અત્યાર સુધી ન જડેલો એવો કાંઈક અર્થ એમાંથી મળી આવતાં આનંદની નવી લહરી અનુભવી રહ્યા હતા, એટલામાં એમણે કમરાના બારણા ઉપર પડેલો ધીમો ટકોરો સાંભળ્યો :

'કોણ ?' તે અંદરથી જ બોલ્યા.

'મેમસાહેબ' બોલતે, સાહેબ ! સાહેબલોક કી ઊંઘમેં ઇસસેં ખલલ પડેગી . . .'

'હાં . . . હાં . .' ભોગીલાલે તરત ગુંજારવ બંધ કરી દીધો. પણ એમણે આજે પહેલવહેલાં જ વાણી-સ્વાતંત્ર્યનો ખરો અર્થ જાણે કે જાણ્યો. એ મનમાં ને મનમાં, જરાક ધીમે અવાજે બોલતા તો રહ્યા, પણ એમને પહેલી વખત લાગ્યું કે, આ સઘળી પ્રભાતી સામગ્રીનાં જીવનસમાધાનકારી તત્ત્વો મૌનમાં કે દબાયલા સ્વરમાં જાણે ખીલતાં જ નથી ! કેમ જાણે એ બોલવા માટે કે વધુ સાર્થક શબ્દ વાપરીએ તો ગાવા માટે હોય ! કેટલીક ધર્મપ્રાર્થનાઓ ઊંચા બુલંદ અવાજે અપાય છે એનું રહસ્ય પણ આજે જ જાણે એમને મળ્યું.

પણ એમની એ મૂંગી વિચારધારાને બહારના કાંઈક ઉશ્કેરાયલા કમ્પાઉન્ડના 'બુલડોગ'ના અવાજે વિભિન્ન કરી નાખી, એમણે પોતાની જીવનસમાધાન-કારી સુભાષિતાવલિ ધીમે અવાજે ચાલુ રાખી. પણ બહાર ચપરાશીઓ વચ્ચે થતી વાતચીતના થોડાક પકડી શકાય એવા શબ્દોએ એમને માહિતી આપી તેમ શાંતિ પણ આપી. કાલે રાતે પ્રાણવલ્લભ મોડેથી નાટક જોઈને પાછો ફરેલો એટલે હજી સૂતો હતો. ને ઉશ્કેરાયલા ભસતા 'બુલડોગ'ને બહાર લઈ જવાની વેતરણ ચાલતી હતી. ભોગીલાલને મનમાં એક સમાધાન થયું કે, એટલા માટે બહુ મોટેથી કોઈ અવાજ ન કરે એમ ધ્યાન અપાતું હતું.

પરંતુ બીજે દિવસે જ્યારે એ પ્રમાણે ટકોરા આવ્યો ત્યારે ભોગીલાલને આશ્ચર્ય થયું: 'પ્રાણ-વલ્લભ હમેશાં ઉજાગરા કરશે તો તો એની તબિયત છેવટે લથડશે. હમેશાં ઉજાગરા કરે છે કે શું ?' ટકોરા પછી કોઈ દેખાયું નહિ, છતાં તેનો અર્થ સમજીને એમણે શાંત રીતે બહુ ધીમે અવાજે મંગલપ્રભાતને જગાડવાનું ચાલુ રાખ્યું !

ત્રીજે દિવસે પડેલા ટકોરાને, એમણે નોકરનું ક્ષુદ્ર-માનસ સમજી, તરત ધીમેથી બારણું ખોલી પકડવાનો પ્રયત્ન કર્યો. ત્યાં પેલી આયા ઊભી હતી. 'જી સા'બ ! મેમસા'બ ઊંઘતે હે !' તેણે ધીમેથી કહ્યું.

'મેમસા'બ ?'

'હાં જી, મેમસા'બ. સબ સા'બલોક બહુત 'લેઇટ' કમરેમેં જાનેવાલે હે. આપ લોગ તો હમેરી નોકર લોગકી સાથ વહેલે જાગતે !'

ભોગીલાલ તરત શાંત થઇ ગયો. આંહી હમેશાં મોડી રાત સુધી જાગવાની પ્રથા જ ચાલતી લાગે છે. બુલડોગને આજે પણ બહાર દોરી જતા પટાવાળાને એણે બારીમાંથી દીઠો. તે ખાટલામાં બેસીને ધીમેથી પોતાનો ગુંજારવ કરી રહ્યા !

પણ આજે ભોગીલાલે ખાણટેબલ ઉપર ધીમેથી વાત મૂકી: 'પ્રાણવલ્લભ ! મોડી રાતનો હમેશનો ઉજાગરો તો ભાઈ ! શરીરને કથળાવી દે ! શર્વરીનું શરીર પણ ઠીક રહેતું લાગતું નથી. રાતનો ઘણો ઉજાગરો એમાં વધારો કરે !'

'એ તો શરીર જાળવનાર ઉપર આધાર છે. યુરોપિયન ઘણાંખરાં કામ રાતના મોડેથી કરે છે ! એમને કેમ કાંઇ થતું નથી ?'

દષ્ટિભેદની, પોતાની અને પ્રાણવલ્લભની વચ્ચે રહેલ મહાન ખીણનું અસ્તિત્વ જેવું અત્યારે રાવ-સાહેબને જણાયું, તેવું આટલા દિવસોમાં ક્યારેય જણાયું ન હતું. પણ એમણે જોયું કે સમજાવવા જતાં આ ભેદ વધારે ઘેરો થાય; પક્ષ રજૂ કરતાં વધુ તીવ્ર થાય. એમણે શાંત મૌન રાખવાનું યોગ્ય ધાર્યું. થોડી વાર પછી એ પોતાના કમરા તરફ ફરી ગયા: એમના પગલાંમાં [illegible] ભાર આવી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વર્ણ' અને વર્ગ કરતાં પણ વધુ ભયંકર એવું એક એક **વ્યક્તિના વર્ગનું અસ્તિત્વ** આવી રહ્યું છે કે શું? એ વિચારે એ ધ્રૂજી ઊઠયા.

તે સાંજે, પોતાનો સરસામાન તૈયાર કરી ભોગીલાલ કમ્પાઉન્ડના ઝાંપા પાસે જ પહોંચી, કોઈ ગાડી નીકળવાની રાહ જોતા ઊભા રહ્યા. થોડે દૂરથી આવતી ગાડીને એમણે હાથ લાંબો કરી રોકી પણ ખરી, એટલામાં 'હોર્ન' વાગ્યું. ફરવા જવાનો વખત હોવાથી શર્વરી અને પ્રાણવલ્લભ આવતાં જણાયાં.

પોતે 'ટીટેબલ' ઉપર જ રજા તો લઇ લીધી હતી, છતાં જાણે આ જ છેલ્લો મેળાપનો અવસર હોય તેમ ભોગીલાલથી ગભરાટમાં કે વ્યથામાં બે હાથ જોડીને પ્રાણવલ્લભને જોતાં જ એને પ્રણામ થઈ ગયા. જવાબમાં પ્રાણવલ્લભનું માથું જરાક—સહેજ, એક તરફ ઢળતું જણાયું. શર્વરીના મોં ઉપર આવી ગયેલું કાંઈક મશ્કરી ભરેલું છાનું હાસ્ય ભોગીલાલે જોયું ન જોયું અને જીવનસમાધાન શોધતા હોય તેમ જરાક નિમીલિત નયને મા ધરતીના હરિયાળા મોં ઉપર નજર કરતા ઠર્યા ન ઠર્યા, ત્યાં જ ગાડીવાનના ઘોઘરા અવાજે એમને જાગ્રત કર્યા:

'ચાલો, કાકા! કયાં જાવું છે?'

✻

યુવાનને

[સુભાષ]

અનુવાદકઃ—**રમણીક મેઘાણી**

આપણે આ ધરતી પર આવ્યા છીએ એક ઉદ્દેશ પૂરો કરવા.

યુવાનના પૂરા આનંદ અને ભરપૂર તાઝગી સાથે આપણે આ મરતલોકમાં ઊતર્યા છીએ એક સત્યની સ્થાપનાને ખાતર......

આશા, ઉત્સાહ, ત્યાગ અને ચેતન સાથે આપણે અહીં-આ અવની પર આવ્યા છીએ સર્જનને કારણે. કારણ સર્જનમાં જ જીવનનો શાશ્વત આનંદ છે.

તન, મન, પ્રાણ, બુદ્ધિ નિચોવીને આપણે સર્જન કરીશું. આત્મદાનમાં જે મહાઆનંદ છૂપાયો છે એ આનંદના આસ્વાદે આ ધરતી પણ ધન્ય બનશે....

જે નવીન છે, જે સરસ છે, જે અનાસ્વાદિત છે એનાં જ આપણે ઉપાસક છીએ. આપણે જ છીએ જડમાં ચેતનને ફૂંકનારા. જૂનામાં નવાં ને અને બંધનમાં મુક્તિને આણનારાં.

આપણે છીએ તો અનન્તી આ ધરતીનાં યાત્રાળુ જ, પરન્તુ અજાણ્યા પંથના જ આપણે આશક છીએ. ભૂલો કરવાને આપણે પરમ અધિકારી છીએ. એથી જ ઘણાંની નજરે આપણે ઘર-બારવિહોણાં લક્ષ્મીવિહોણાં છીએ. પણ એનો જ તો આપણને ગર્વ છે.

યુવાની સદાયે, સર્વદેશોમાં ઘર-બારવિહોણી - લક્ષ્મીવિહોણી જ રહી છે. અતૃપ્ત આકાંક્ષાનાં ઉન્માદમાં આપણે દોડયા જઇએ છીએ. ભૂલો કરીએ છીએ, ભ્રાન્તિમાં પડીએ છીએ. ઠોકરો ખાઇએ છીએ. છતાં આપણાં તાંડવ નર્તનનો અંત નથી... આપણે અવિરામ ગતિ છીએ.

દેશેદેશની મુક્તિનો ઇતિહાસ આપણે જ સર્જીએ છીએ. વિરોધ ઊઠાવતાં, યુદ્ધનો સંદેશ આપતાં, પ્રલયની સૂચના દેતાં આપણે આગળ ધપીએ છીએ. જ્યાં જ્યાં બંધન, અન્યાય, ગુંડાગીરી, વહેમ, કુસંસ્કાર- સંકીર્ણતા દેખાય છે ત્યાં ત્યાં પોલાદી મુક્કો ઉગામતા આપણે હાજર જ હોઇએ છીએ.

સમુદ્રમંથન વેળા નીકળેલ ગરવી સમસ્તનું પાન કરી જનાર નીલકંઠને આદર્શ બનાવી જે કહી શકે કે—"મારામાં આનંદનું ઝરણ ફૂટ્યું છે તેથી સંસારના સકળ દુઃખ દૈન્યને હું મારા ઉપર વહોરી લઈ શકું એમ છું, બધીયે યાતના ને વેદના હું મારે શિરે લઉં છું, કારણ એનાં થકી જ હું પરમ સત્યને પામી શકયો છું"- એ વ્યક્તિ જ સાધનામાં સિદ્ધિ પામી છે....

આપણે એ જ સાધનામાં સિદ્ધ થવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ-કવિ

મ્યુઝિયમમાં મૂકવા જેવા નમૂના

'મ્યુઝિયમ' થવાનું છે એ સાંભળીને મને લાગ્યું કે કહો ન કહો પણ આંહીં હજી બુદ્ધિનું છેક દેવાળું નથી નીકળ્યું. આ 'ટર્કીશલોટ' આવા દેવાની મહેરબાનીની રાહે મંજૂરી થઇ ગઇ, પછી તો મ્યુઝિયમ'ની અનિવાર્ય જરૂરિયાત ઊભી થઇ જ હતી. એ લોટના સેવનથી જે હાડપિંજરો ઊભાં થશે, એ તમામને ક્યાંક મૂકવાં તો પડશે જ નાં? એમને ક્યાં મૂકવાં એનો એક 'માસ્ટરપ્લાન' કર્યા વિના છૂટકો જ ન હતો. ત્યાં સારું થયું કે 'મ્યુઝિયમ' આવ્યું! હવે એ હાડપિંજરો ત્યાં નિરાંતે ઊભાં રહેશે ને એ કલાના નમૂનાની રસિક ચર્ચા કરતાં કોઇને થાક પણ નહિ લાગે! કારણ કે એ એક અનોખી જ કળા હશે!

સાળું બુદ્ધિ તો બુદ્ધિવાનોની કહી છે એ કાંઈ ખોટું નથી હો! મને એક મોટામાં મોટી બીક એ છે કે પંદરમી તારીખે દેશ સ્વાધીન થયા પછી આવો બુદ્ધિશાળીઓનો અખાડો ચાલુ રહે તો બીજું કાંઇ નહિ બુદ્ધિશાળીઓને મૂકવા માટે આપણે એક બીજું મ્યુઝિયમ પણ તૈયાર કરવું પડે!

અને એ તો મને લાગ્યું જ છે કે આપણા આ દેશે કીડી મંકોડી કીટ પતંગ તમામેતમામનો વિચાર કર્યો છે. ખોડાં ઢોર ને લૂલાંલંગડાનો પણ વિચાર કર્યો છે. દર ત્રણ–ત્રણ વરસે આવતા અધિક માસમાં તો વાંદરાં સીખેનો પણ વિચાર કરવાવાળા માણસો પડ્યા છે. ગાંડાઓનો વિચાર કરીને ગાંડાઓની હોસ્પિટલ કાઢી છે. પણ અતિ બુદ્ધિશાળીઓનો આપણે વિચાર કર્યો લાગતો નથી. કદાચ એ પાક આ જમાનાનો હશે! અતિ બુદ્ધિશાળીઓ માટે એક વસ્તુની ચોક્કસ જરૂર છે. એક અખાડાની. વચ્ચે લીલાવતી મુનશીએ બુદ્ધિશાળીઓનો અખાડો એવું કાંઈક લખ્યું ત્યારે મને લાગ્યું હતું કે બુદ્ધિશાળીઓની મદદે છેવટે કોઇક હરિનો લાલ જાગ્યો ખરો. અથવા વ્યાકરણ શુદ્ધ કરવું હોય તો હરિની લાડણી જાગી ખરી! પણ એમની વસ્તુ તો તમામ સાહિત્યકારોના 'પ્લાન' પૈસાને અભાવે રખડી પડે છે, તેમ, રખડી પડી! સાહિત્યકારોને ખરી રીતે 'પ્લાન' ઘડતા આવડતા નથી. એ બિચારા પાણીમાં હોડી હાંકવા જાય છે, પણ આમાં તો કળા જોઇએ, રેતીમાં વહાણ હાંકવાની! રશિયાના કોક દોઢ શિલિંગના પુસ્તકમાં 'પ્લાન'નું વાંચ્યું એટલે અહીં પણ સૌ 'પ્લાન' ઉપર નહોતા ઝૂકી પડ્યા? અને ત્યાં તો મંગળ-મુહૂર્તમાં ટર્કીશ લોટનો પ્લાન આવ્યો એટલે સૌની આંખ ઊઘડી ગઇ કે ના, પ્લાન છે તો ખરા! આ 'પ્લાન' તો ધીમે ધીમે પ્રગટ થયા જ કરશે. પણ મને એક વાત તો સો ટચના સોના જેવી લાગી ગઈ. આપણા ગરીબોને શિક્ષિત કરવાનો કહે છે એક વિચાર 'તાજ'માં થયો હતો, ખાણું લેતાં લેતાં ને એ વખતે પ્રૌઢશિક્ષણનો આ 'પ્લાન' સફળ થવાની વાતો થાતી હતી. આ વશરામવસતાને ને મકનભારતીને ને હવુ ભંગિયાને ખરું ભણાવવાવાળા હવે નીકળશે 'તાજ' માંથી! એ પણ સોનામાં સુગંધ મળે એવી વાત થઇ!

પણ આ તો આપણે આડે ચીલે ચડી ગયા, આજ આપણે તો મ્યુઝિયમના નમૂનાઓ માત્ર પૂરા પાડવા છે. અલબત, મ્યુનિસિપાલિટી મેમ્બરોમાંથી પણ ઘણાએ નમૂના પૂરા પાડશે. છતાં મને લાગ્યું કે આવું મોટું કામ આપણા દેશમાં કળા માટે થાય છે, તો થોડાક નમૂના હું પણ પૂરા પાડું જ!

આપણી આ સરકાર જે ચાલી ગઈ એણે તો જાણે આઇ. સી. એસ. ના થોડાક નમૂના આપણને અવારનવાર બતાવ્યા હતા, પણ હવે તો એમની પણ ખોટ થાશે એટલે નવા નમૂના ઊભા કર્યા વિના છૂટકો નથી.

એક નમૂનો તો આપણે ત્યાં 'લાલજી' ભાઇનો છે. સુંદરમે એમના વાર્તા–સંગ્રહમાં ભીમજીભાઇનો આપ્યો છે તેવો. એ લાલજીભાઇ જાણે કોઈ વિષયમાં નિષ્ણાત નહિ એવું નહિ. સંગીત તો એમનું. વ્યાકરણ એમનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા એમની. અરે ! યાર હું એક દિવસ છક્ક થઈ ગયો, લાલજીભાઈએ તો ધનુર્વેદ વિષે ભાષણ આપ્યું ! સારું થયું કે એ તો છેવટે બોલી ગયા કે ધનુર્વાનો કોઈ અકસીર ઉપાય હોય તો તે ભાંગના સેવનનો છે. એટલે તો એમનું આખું ભાષણ ત્યારે ચોખ્ખું થયું !

પણ નરસિંહ મહેતાએ પેલું ગાયું છે નાં કે 'નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે–' એના ખરા પાલનકર્તા લાલજીભાઈ. બીજા બધા તો કડી મોંએ ગોખે એટલું જ. ધનુર્વેદ કે ધનુર્વા લાલજીભાઇ એ તમામેતમામ વિષયને એક ગણે ને એક ગણીને બોલે !

પ્રોફે. અમનચમનને તમે મળો તો એ નમૂનો પણ કાઢી નાખવા જેવો નથી. એમણે પ્રોફેસર પદ લેતા પહેલા રેશમી કાપડની દુકાન ચલાવી, પણ સામું પેરેશુટિયું આવી પડયું એટલે એમણે પી. એચ ડી. જ કરી નાખ્યું !

પણ એ ડિગ્રી મળ્યા પછી પ્રોફે. અમનચમન ચોપડીને બહુ તસ્દી આપતા નથી. એમનો એક સિદ્ધાંત છે કે ભણવાવાળાને કોઇ ભણાવી શકવાતું નથી. એટલે ખરી રીતે, જે નથી ભણાવતા એ સાચા પ્રોફેસરો છે. ને જે ભણાવે છે એ બિચારા હજી વિદ્યાર્થીઓ જ છે ! પ્રોફે. અમનચમન એક ફિલસૂફી શીખ્યા છે કે આ તમામેતમામ વાદળની છાયા છે. હમણાં આ છાયા છે, બીજી વખતે બીજી ! આ છાયા છે ત્યાં એનો લાભ લઇ લો ! બાકી ભણવાવાળા તમામ માસ્તર થાય છે ને ન ભણવાવાળા મર્જી કરે છે ! પણ આ અમનચમનનો નમૂનો કયાંથી આવ્યો એ પણ જાણવા જેવું છે.

અમારે ત્યાં એક હતા વકીલ. રૂપિયા હંમેશના ટેબલ ઉપર બે હજાર મુકાવે. પછી એમણે કાઢી એક શાળા. શાળામાં ભેગા કર્યા માસ્તરો. પછી ત્યાં આપ્યું એક ભાષણ. આ ચર્ચામાં એમણે એમ કહ્યું કે તમારો મોટો ધરમ સેવાનો છે. તમે દેશના થાંભલા છો. તમારા ઉપર દેશનો આધાર છે... એમણે ધાર્યું કે

આમ આ ભાષણથી ભેખધારીઓ નીકળી પડશે ને સંસ્થા ચાલશે, પણ એમાંથી પછી નીકળ્યા અમનચમન.

અમનચમનનો આમ જન્મ થયો છે.

એટલે અમનચમનનો નમૂનો પણ રાખવા જેવો ખરો !

હવે લ્યોને એક ત્રીજો નમૂનો આપું એ પેદાશ પણ તાજી જ છે. એને તમે મળો તો ઓળખી શકો નહિ કે આ તે બૈરું છે કે અ-બૈરું. પઠાણી લેંઘો પહેરે. પહેરણ પહેરે. ને ઉપર વાદળી રંગનું ઉપરણું નાખે ! વાળનાં પાછળ કાન સુધી જ પહોંચે એવાં ઓડિયાં રાખે ! અને 'હાય રે !' કહીને લટકું એવું કરે કે તમને પડે શંકા કે મળું આ તે બૈરું ગણવું કે અ-બૈરું ગણવું ! હાથમાં એની પાસે ભરેલી થેલીમાં ચોપડી અચૂક હોય–બનતાં સુધી હિંદની જુદી જુદી વેશ્યાવૃત્તિના અભ્યાસની. અને એની પોતાની 'આઇડિયોલોજી' તદ્દન 'ક્લીઅર' હોય ! ચોપડી રાખવાનો ને એમનો સંબંધ ધૂમ્ર અને અગ્નિ જેવો. પણ વાંચવાનો ને એમનો સંબંધ બાદરાયણ સંબંધ જેવો ! છતાં તે બાબતમાં ગોઠી હોય જ !

આ પણ લેવા જેવો નમૂનો ગણાય. લેવો ન લેવો એ તમારી ઇચ્છા. હિંદીયુનિયનમાં રાખવો કે પાકિસ્તાનમાં એ તમારી ઇચ્છા. મેં તો રજૂ કર્યો. અને આ નવીન નમૂનો પણ ભૂલતા નહિ. સીકસ્થમાં ત્રણ વખત નાપાસ થયા પછી ઉદયભાનુ શાસ્ત્રાચાર્ય નૃત્ય શીખ્યા. અને દોઢ મહિનામાં એમણે એમાં નિષ્ણાત પદ મેળવ્યું. પછી એ થયા નૃત્યકલાચાર્ય. એ 'સ્ટેઇજ' ઉપર બનતા સુધી ઈંદ્ર થાય ને કાં શંકર હોય ! શંકર થઇને કૂદકો મારે ત્યારે ધૂળ ઊડે ને ઇંદ્ર થઇને મારે, ત્યારે વીજળીવાળાને ડર લાગે !

'જો જો' કરીને આ હસતે મોંએ કોણ સામે ઊભા છે ખબર છે ? ત્રણ અઠવાડિયામાં એમણે મોન્ટેસોરીનું શિક્ષણ મેળવ્યું હતું, અને બીજા એમને એમને [illegible] શાળા સ્થાપી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટલાં બધાં સર્જક શિશુઓ આવે છે કે ભવિષ્યમાં હવે કોઈ વિવેચક શિશુ આંહીં રહેવાનું નથી! એમને ત્યાં તમામેતમામમાં 'સર્જક શક્તિ' છે. એમને ત્યાં શક્તિવાળાં શિશુઓ આવતાં હતાં ત્યાં સુધી તો એ પહોંચી શકતા. પણ હવે કામે નથી પહોંચી વળતા, કારણકે 'પ્રતિભાશાળી' શિશુઓનો પાક આ છેલ્લાં વર્ષોમાં, ખાસ કરીને સરકારી લોટ આવ્યા પછી, વધી પડયો છે! પોતાનું 'બારક' 'કરા'માં પાઉ'ર' નથી એ જાણીને કોઈ બૈરીએ એમને 'જયહિંદશિશુ'નો ચાંદ આપ્યો છે તે એમણે ટેબલના ખાનામાં રાખ્યો છે!

એમના ભાષણ પછી હવે સૌ બૈરાંને ખાતરી થઇ ગઈ છે કે એમની કૂખે 'સર્જક પ્રતિભાઓ'નો સોંઘો પાક આવવા માંડયો છે! બ્રહ્મદેવ પણ એ ચિંતામાં છે કે આટલી બધી પ્રતિભા જો એકી-સાથે પ્રગટશે તો એક નવી સૃષ્ટિનો ખપ પડશે.

પૃથ્વી અને આકાશની વચ્ચે એકાદ નવું સ્થાન હવે નીકળી પડે તો નવાઈ નહિ!

બૈરાંને શું વાલું છે ખબર? ગપ્પાં! ત્યારે એ કલાના નિષ્ણાત આ અમારા અભયપ્રસાદને તમે ઓળખો છો? એમણે એ વિદ્યાને પોતાની કરી છે. જ્યારે જુઓ ત્યારે એ બેઠા સ્ટેલિનની ને કાં ચર્ચીલની–છેલ્લામાં છેલ્લી ખાનગી ખબરો કહેતા હોય! માઉન્ટબેટનને આપેલી સિગારેટને વલ્લભભાઇએ શી રીતે ફેંકી દીધી એ તમને એ કહી શકશે. ને તે પણ પોતે ત્યાં હાજર હોય તેમ! જવાહર નહેરુ ભાષણમાં ભાંગરો વાટવાના હતા પણ વલ્લભભાઇએ ચરોતરની તમાકુ સુંઘાડી એટલે એમને છીંક આવતાં એ આખું વાકય જ રહી ગયું એની એક આ ભાઇને જ ખબર હોય. અને દોઢથી બે કરોડ છોકરે મારનાર કોણ છે એ પણ એ જાણતા હોય!

એમને હિંદીમહાસાગરના અનામી ટાપુના એલચીની જગ્યાની 'ઑફર' આવેલી,– પણ આપણે 'મેવા' નથી જોઇતા આપણે તો 'દેશસેવા' કરવી છે એ ભાવનાથી એમણે એ જતી કરેલી! અને અત્યારે

નવરચના

એક સપ્તવર્ષીય મોટી યોજનામાં પડયા છે. એમની ઇચ્છા એવી છે કે એક પોળમાં એક મહાન પ્રયોગ દાખલ કરવો.

એ પોળમાં રહેનારા તમામ એકસરખાં કપડાં પહેરે, એકસરખી ટોપી નાખે, વળી નામને લીધે આપણામાં જાતિભાવ જાગ્રત રહે છે એટલે સૌ પોતાના વાંસા ઉપર ને છાતી ઉપર નંબર નાખે, ને પોળમાં કોઈ મહાશંકર ને કોઇ ફુલચંદ ને કોઇ પ્રેમલીલા રહે જ નહિ ને! નંબર ૧, ૧૩, ૧૩૩, ૭૫૫૬, ૮૭૦૧, એમ બધા નંબર હોય! કોઈ વાણિયો નહિ, બ્રાહ્મણ નહિ, બ્રહ્મક્ષત્રી નહિ–બધાય નંબર! ૧૭, ૨૭, ૩૫, ૩૫૦, ૩૫૦૦ એમને બોલાવવા હોય તો પણ નં. ૩૫, નં. ૧૦૧ ને બોલાવે ને એકસોએક; પચાસને બોલાવે બાકી જે ગોપાળની આરતી!

એ પોળમાં એક બીજો અખતરો થાવાનો છે. તમામનું અનાજ કરાશે ભેગું ને પછી બનાવાશે એક મોટું રસોડું. સવારે ૭.૩૦ ત્યાં આ મળશે. બપોરે ૧૨.૩૦ મકાઇના રોટલા, લીંમડાના પાનનું શાક, ને દીનકર દેસાઈ સાહેબે મોકલેલા ખાખરાના પડિયામાં કેળાની છાલનાં ભજિયાં પીરસાશે. સાંજે ૬.૩૦ ત્યાં થૂલું ને છાશ અપાશે. દાલમિયાંએ ગૌવધ બંધ કરાવવા જે ઝુંબેશ ઉપાડી છે તેના ફળ રૂપે આ છાશ, સોનેરી ઘડામાં લઇને પહેલવહેલા તો એ એ શેઠિયા જ પીરસવા નીકળે એવી ગોઠવણ કરવી છે! આ ઘડો સિંધી મોટી માંડ જેવો થાય માટે એટલું સોનું દાલમિયાં સાહેબ કરાંચી ખાતે મોકલી આપશે ને તેમાંથી એ કળાકારીગરી તૈયાર થશે!

ભગવાન એમની આ દેશદાઝને અમર કરે! માથે છાપરું રહેવાનું સૌને જોઈએ માટે ગોઠવણ એવી થવાની છે કે ઘરઘર વચ્ચે અગાશીની દીવાલો કાઢી નખાશે ને પથરાશે મોટાં પાથરણાં. આ પ્રયોગ કઈ પોળ પહેલવહેલો કરવાની છે એની આગાહી કરવાનું મારું ગજું નહિ તો! એ કામ સમાજશાસ્ત્રીઓમાં પણ સૌથી સારો નમૂનો મૂકવા જેવો તો હું પોતે જ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણુસ પોતાની જાતને જાણે એ સ્થિતિ ઘણી વિરલ કહેવાય છે, પણ મને 'ગુરુ મળ્યા બ્રહ્મજ્ઞાની' એટલે આ સ્થિતિ આવી ગઈ છે. અને તમે મને ઓળખો એના કરતાં હું મને વધારે ઓળખું છું. એમ તો જાણે આ જમાનો બહુમતીનો રહ્યો અને બહુમતી મેળવવા માણસે પોતાની જાત પ્રગટ કરવાની રહી, એટલે સૌ કોઈ પોતપોતાને જાણતા તો હોય જ છે. પણ પેલી અરજીમાં આવે તેમ, અથવા નવીનચંદ્ર બનેલા સરસ્વતીચંદ્રે બુદ્ધિધનને કહ્યું હતું તેમ, મારું પહેલું 'ક્વૉલિફિકેશન' એટલે મારો પહેલો સદ્‌ગુણ એ કે હું વાંચ્યા વિના વિદ્વાન ગણાઉં છું. અને વિદ્વાન થયા વિના વિદ્વાન બની શકું છું. હું તમામ પુસ્તકોનાં 'પ્રાઈસલીસ્ટ' વાંચતો જ રહું છું એટલે એવું પુસ્તક ભાગ્યે જ પ્રગટ થાય છે કે જેનું નામ મેં વાંચ્યું ન હોય!

મારી બીજી ખૂબી એ છે કે હું બોલતો નથી, અને બોલું છું તો મારો મત આપતો નથી. એટલે મારામાં શું છે એ મારો આતમરામ જાણે છે ને બીજામાં શું છે એ હું જાણું છું! મારી ત્રીજી ખૂબી એ છે કે હું લખતો નથી ને લેખક છું, હસતો નથી ને હાસ્યપ્રેરક છું, વાંચતો નથી ને વાચક છું, અને સેવા જાતની કરું છું ને સેવક સૌનો છું! 'ફૉરેઈન સેક્રેટરી' તરીકે આપણું હિંદીયુનિયન મને લાયક ગણે કે ન ગણે એ સવાલ જુદો છે, પણ એકે ભાષા હું ભલે ન જાણતો હોઉં, છતાં દરેક ભાષાની ડિક્સનરી મારી પાસે છે!

મારા આ સદ્‌ગુણ પ્રત્યે હું સૌનું ધ્યાન દોરું છું. મેં કોઇ વિષયમાં ચંચુપાત કર્યો નથી, પણ મારા જેવું ગ્રામોફોની થાળીવાજું મળવું મુશ્કેલ છે. તમે દુનિયાના ગમે તે ખૂણામાં એક વાક્ય બોલો હું તરત એ વાક્યને થાળીવાજા ઉપર લગાડી આપું છું!

એક નવો નમૂનો પ્રહર્ષણપ્રસાદનો પણ છે. પ્રહર્ષણ કહો કે પ્રહસન કહો બધું સરખું છે. પણ એમનામાં એ ખૂબી છે કે ઘણાખરા હાસ્યરસિક લેખકો દેખાવે હાસ્યપ્રેરક હોતા નથી, પણ આ પ્રહસનપ્રસાદ તો બોલ્યા વિના જ હાસ્યપ્રેરે તેવા…

એ ઘણુંખરું બોલતા નથી. હસે જ છે. તમે… કે લોકોમાં અજબ ઉત્સાહ પ્રગટ્યો છે. તો એ… સ્થૂળ શરીરને—આ શરીરને અમે ગજશરીર… છીએ–શ્વાસોચ્છ્વાસનો શબ્દ ઘસારો નહિ આવે… તરત હસવાના–તે બહુ મોટેથી ગહ્વાહાસ્ય… ધીમું મંદ મર્કટી હાસ્ય! મેં તે પહેલાં ક્યાંક… હંસન નંદનંદન વિષે લખ્યું હતું, પણ એ… આ પ્રહર્ષણપ્રસાદનો તો ખ્યાલ જ નહિ! આ… રડે પડેલું રત્ન તો અચાનક જ મળ્યું. અને… એટલે તો બાપલિયા! આવું મોંઘું રત્ન કાંઈ… છોડું? ને હું છોડું તો પણ એ મને શેના છો… પ્રહસનપ્રસાદનો આ એક અજબ ગુણ છે. તમારી સાથે વાતો નહિ કરે, હસ હસ જ… જવાબમાં પણ હસશે ને સવાલમાં પણ હસશે… કહો કે આજ વરસાદ સારો આવ્યો તો એ શબ્દ… નહિ કરે. હાસ્ય એ જ એમનો મોટો શબ્દ!… આપણે ત્યાં દિવેલિયા ગંભીર મોંની છત થઈ… છે એનું કારણ પણ આ પ્રહસનપ્રસાદ. બધું… એમને સોંપાઇ ગયું પછી લોકોમાં વહેંચવા… ઓછું રહ્યું એટલે બિચારા બ્રહ્મા પણ શું કરે!

પ્રહસનપ્રસાદની પાસે બેસવાની મોજ માણ… પછી બીજી મોજ ભાગ્યે જ માણી શકે તે… પાછા જો જો હો, તમે એમના આ અતિને… ગણતા નહિ. લોકમહેરામણ ઉલ્લાસે ચડ્યો… 'પેરેશુટિયા સીલ્ક'ના રાષ્ટ્રીય દેશી વાવટા… પહેલા તૈયાર કર્યા બીજાને તો પછી સમજ… એમ તો એ હવાની ગંધના મોટા જાણકાર… તમારું પોલીસખાતું જાણે તે પહેલાં ત્રણ દિવસ… વાતાવરણ જાણતા હોય, તે કઈ ખડકીમાં… ગજશરીર બરાબર ખડકાઈ રહેશે એ પણ… શોધી કાઢ્યું હોય. એ ભલે તે ધીમી ગતિ… જતા હોય પણ એમના મોં ઉપર ફરકતું હાસ્ય… જાણતું હોય. આ સુખી જીવાત્મા પરમાત્માને… ત્યાર પછી એની પણ કલ્પના થાકી ગઈ છે…

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

એવું બીજું બીબું એ ઘડી શકયો નથી. નહિતર કાઇને નહિ ને એની બબલીની બાને, આવું માનવ-સાળખડું શરીર આપીને એ કવિજનોનો ઉપાલંભ શું કરવા સહે? અરે! ભાઈ પ્રજાપતિ! તું એમના જેવો બીજો એક સુખાત્મા સરજી શકયો નહિ તે આવું ખડમાંકડી બૈરું, કોઈને માટે નહિ ને એમને માટે નિર્માણ કર્યું! એ બન્નેને સાથે ઊભા રાખીને, આપણે રવિશંકર રાવળ વારંવાર કહે છે નાં, 'કમ્પોઝીશન' એવું ચિત્રણ સરજાવવું હોય તો ભલે, આપણી કાંઇ ના નથી, બાકી એની બબલીની બાને એની સાથે ઊભા રહેવાની ભાઈસા'બ! હું તો ભલામણ કરતો નથી! આ પ્રહસનપ્રસાદે તમારા શેકસપીઅરને પણ છક્કડ ખવ-રાવી છે. એ કવિ વારંવાર કહેતો નાં કે હું જાડા નરથી ડરતો નથી, પણ એણે આ અમદાવાદી પ્રહસનપ્રસાદ નહિ દીઠેલા તો! નહિતર તો એ બિચારો પણ નાટક લખતાં જ થંભી જાત. પૂછોને પણ પેલા લારીવાળા ગલાજીને? શું થયું તે?

ગલાજીને બચારાને મન થયું કે લાવને સૌ ફરકાવે છે તે હું પણ એક ધજા ફરકાવું. પોતાની લારી ઉપર એમણે મૂકયો રાષ્ટ્રીય ધ્વજ ને બૈરાંની સાથે હાલ્યા મલપતી ચાલે! એમને એમ કે પ્રહસનપરસાદની રાતદી થોડી ઊડએસ કરી છે? આટલા કપડામાં શું લેશે? ને માગશે તો આપી દેશું ચાર આના!

એમનો ધ્વજ તો લારી ઉપર લેરખી લ્યે ને એમનું મન પણ કયાંય હરખ માય નહિ!

ગલાજીને તો બૈરું'ય જોબનવંતુ મળેલું એટલે લારી તો રમતી આવે ને ધ્વજ લહેરાતો આવે! રાષ્ટ્રીય ધ્વજ! ગલાજી પાછા શનમોજે ચડી ગયેલા, સૌએ કહ્યું નાં કે હવે દખ જાશે, એટલે એમને દખમાં દખ ખાવાનું એ પણ હવે જાશે, એમ સમજીને એમના પગ, જે અન્નના અભાવે પોળા પડેલા, તે'વ આજનો દિવસ રંગમાં આવી ગયેલા! કોક અદક-વાંસળીવાળાએ એમને શાંકરમાયા બતાવેલી કે હવે તો દેશના પરધાન પણ કાં તો તમારી સાથે મકાઇનો રોટલો ખાશે ને નકર પરધાનપદું, સાપ કાંચડી છોડે એમ છોડી દેશે, એટલે ગલાજી તો ગાતા જાય રેંકડીને હિલોળે ચડાવતા જાય ને ત્રિરંગી ધ્વજ તો શું લહેરાતો આવે! ગલાજીની છાતીમાં અભિમાન તો કયાંય માય નહિ હો!

ને એમ ને એમ આવ્યા પ્રહસનપરસાદની દુકાને!

'કેમ કાકા! આ તમે આપ્યો પણ જોયો?' ગલાજીએ લારીને ચડાવેલો પેરેશુટિયો ધ્વજ બતાવ્યો. પ્રહસનપ્રસાદ જેનું નામ!

એ તે કાંઇ બોલતા હશે? એ તો હસ્યા!

ને એની સામે હથેળી ધરી! ને પોતાની બીજી હથેળીમાં નોટો બે ને એક આઠ આનડી બતાવી!

ગલાજીના પેટમાં તો ધ્રાસ્કો પડયો!

અઢીરૂપિયા!

ત્યાં તો પ્રહસનપ્રસાદની આગળ ધરેલી હથેળીના આંગળાં ઉતાવળની નિશાની કરતાં હાલ્યા! જટ પૈસા કાઢ, ભલે તેં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો બાપલા!

પણ આ પ્રહસનને ઘડયા પછી બ્રહ્માને થાક ચડયો તો હું કોણ?

*

—: કોણે કેટલું ખાધું :—

૧૯૪૬ના આખા વર્ષ દરમિયાન પરદેશોમાંથી આપણે કુલ ૨૨ લાખ ૪૫ હજાર ટન અનાજની આયાત કરી હતી.

પ્રાંતે-પ્રાંતમાં વહેંચી દેવાયેલા આ અનાજમાંથી મદ્રાસ ઇલાકાને ફાળે સૌથી મોટો જથ્થો ૪,૯૭,૦૦૦ ટનનો– ગયેલો. તે પછી આવતા મુંબઇને ૪.૦૯,૦૦૦ ટન, બંગાળને ૨,૨૬૦૦૦ ટન, મૈસુરને ૧,૫૯,૦૦૦ ટન, સંયુક્ત પ્રાંતને ૧,૪૬,૦૦૦ ટન અને બિહારને ૧,૨૨,૦૦૦ ટન અનાજ મળેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊછરતી પેઢી : આરોગ્યનો પાયો

ભૂપતરાય મો. દવે

આ પણે ત્યાં બાળકોને ઉછેરવાનું કાર્ય મોટે ભાગે સ્ત્રીઓને કરવાનું હોય છે, સ્ત્રી ભણેલી હોય, કેળવાયેલી હોય, તેમ જ સંસ્કારી હોય તો તે પોતાના બાળકોમાં સુસંસ્કાર રેડે છે. અને આદર્શ બાળક બનાવે છે.

આરોગ્ય જાળવવા માટે સૌથી પહેલું લક્ષ ખોરાક તરફ રાખવાની જરૂર છે. ખાસ કરીને બાળકોનો ખોરાક હળવો અને પોષણતત્ત્વોથી ભરપૂર હોવો જોઈએ. બાળકોના શરીરઘડતરમાં પૂરતા પ્રમાણમાં ચૂનો અને લોહ મળે તે માટે તાજું દૂધ અને ફળોનો ઉપયોગ દરરોજ વિવેકપૂર્વક કરીએ એ ખૂબજ મહત્ત્વભર્યું છે. આ ઉપરાંત ટમેટા, ગાજર, લીલાંપાનવાળી તાજી ભાજીઓ અને બીજા શાકો અવારનવાર આહારમાં લેવાં જેથી બાળકોનું શરીર નીરોગી અને જીવનશક્તિથી ભરપૂર બને.

ખાસ કરીને તીખાં, તળેલાં અને ઠંડા પદાર્થો, અથાણાં વગેરે નુકસાનકારક પદાર્થો બાળકોને ન આપવા. આ પદાર્થો તન્દુરસ્તીના મહાન દુશ્મન છે. તેમ જ રોગોને ઉત્પન્ન કરનારા છે.

ઊછરતી પેઢીના બાળકોના-શરીર આરોગ્યની દૃષ્ટિએ તપાસતાં તદ્દન નબળાં ગણાય. હજી તો ઊગીને ઊભાં થતાં હોય ત્યાં જ તેઓ કેડમાંથી આગળ ઝૂકી ગયેલ, નિસ્તેજ, ફિક્કાં, નબળાં અને માયકાંગલાં જોવામાં આવે છે. આ કરુણ સ્થિતિ આજની ઊછરતી પેઢીનાં બાળકોની છે.

ઊછરતી પેઢીના બાળકોનું શરીરસ્વાસ્થ્ય નબળું છે તેના કેટલાક કારણો છે. ખાસ કરીને નિશાળોમાં ચાલતો વધુ-પડતો અભ્યાસક્રમ અને તેને લીધે પડતો સખત માનસિક પરિશ્રમ. આ બે કારણોને લીધે યુવાન-યુવતીઓનું આરોગ્ય દિન પ્રતિ-દિન ઘસાતું જાય છે. અભ્યાસનો અતિશય બોજો હળવો કરવામાં આવે તો ઊછરતી પેઢીના યુવાન-યુવતીઓનું આરોગ્ય અને આયુષ્ય, કદાચ લાંબુ ટકે.

આ ઉપરાંત માબાપોના અતિપ્રેમથી બાળકોનું તન્દુરસ્તી જોખમાય છે. આજે કેટલાયે કુટુંબમાં બાળકોને રમત-ગમતમાં ભાગ ન લેવા માટે ઘરની ચાર દીવાલોમાં ગોંધી રાખવામાં આવે છે. આની પછવાડે બીજું કોઈ કારણ નથી હોતું.

પોતાનું બાળક બીમાર ન પડે, હાથપગ ન ભાંગી બેસે, એનામાં ખરાબ સંસ્કાર ન પડે, તોફાની ન બને એ જ મુખ્ય ઉદ્દેશ તેઓનો હોય છે. મા-બાપોના અતિપ્રેમથી બાળકોનું આ રીતે ઉછેર ઘડતર નબળું ઘડાય છે.

આવી સંકુચિત મનોવૃત્તિથી માબાપોએ દૂર રહેવું જોઈએ. કારણ કે આ રીતે બાળકોનો ઉછેર થવાથી બાળક મોટું થતાં શરમાળ, ઓછાબોલું અને એકાંતીજીવી બને છે. તેને કોઈ મિત્ર પણ નથી હોતો. તે પોતાના મનની મૂંઝવણ કોઈને કહી નથી શકતું. તેનું જીવન નીરસ અને કંટાળા ભર્યું બની રહે છે. આજ સ્થિતિ કન્યાઓની પણ થાય છે.

બાળકો ઉપર વધારે પડતો અંકુશ રાખવાથી તેની કેટલીયે નૈસર્ગિક શક્તિઓ રૂંધાય છે. ખાસ કરીને શરીરનો વિકાસ નથી થતો. લાંબે સમયે તેની બુદ્ધિ કુંઠિત બને છે, અભ્યાસમાં પાછળ રહે છે અને શરીર ઘસાતું જાય છે.

બાળકોને તો જેમ બને તેમ સ્વતંત્ર રીતે ખેલવા દો, કૂદવા દો, અને વિવિધ રમતોમાં ભાગ લેવા દો. આથીજ તેઓનું જીવન મર્દાનગીભર્યું બનશે.

ઊછરતી પેઢીના બાળકોમાં અનેક વ્યસનો જોવામાં આવે છે. વ્યસનોથી તેઓનું આરોગ્ય બગડે છે. શરીર જીર્ણ બને છે. ખાસ કરીને કબજીયાત તેઓનો મહારોગ છે. આ રોગથી તેઓ ભયંકર રીતે રિબાતા હોય છે. પરિણામે નાનામોટા રોગો કે મંદાગ્નિ, ગેસ, પાયોરીઆ. દમ, ક્ષય, પાતળાપણું વગેરે રોગ તેઓના સાથીદાર બને છે.

મોટે ભાગે પાયોરીઆથી તેઓના દાંત નબળા પડી ગયેલ જોવામાં આવે છે. દાંતમાંથી લોહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરૂ વહેતું હોય તે ઝેરી તત્ત્વ હોજરીમાં જવાથી લોહી અશુદ્ધ થાય છે. આમ થોડા મહિના આ સ્થિતિમાં ગાળે છે છેવટે દાંતના નિષ્ણાત ડૉકટરની સલાહથી ખરાબ દાંતો પડાવી નાખવાની તેઓને ફરજ પડે છે. જેને લીધે યુવાન હોવા છતાં વૃદ્ધની માફક બનાવટી દાંતનું ચોકઠું મુખમાં ગોઠવવું પડે છે. આવી સ્થિતિ વ્યસનોથી થાય છે. આ પણ ઊછરતી પેઢીની એક આશ્ચર્યભરી નવીનતા છે.

ઊગતી પ્રજા આ રીતે પોતાનું શરીરસ્વાસ્થ્ય વેડફી નાખે છે એથી ભવિષ્યની પ્રજા પર જે માઠી અસર પહોંચશે એની કલ્પનાથી ધ્રૂજી જવાય છે.

ઊછરતી પેઢીનાં યુવાન-યુવતીઓ મોજશોખમાં ખૂબ જ રંગાયેલા જોવામાં આવે છે. આ મોજશોખ કપડાં અને પફપાવડરમાં નજરે પડે છે. તેઓ કપડાં અને પફપાવડરની ટાપટીપમાં કલાકો સુધી રોકાયેલાં રહે છે. આની સાથે થોડી શરીર સ્વાસ્થ્યની માવજત કરે તો તેઓના શરીર ભાવી પ્રજાને પ્રેરણારૂપ ચોક્કસ બનશે.

આપણે ત્યાં કન્યાઓનું શરીરસ્વાસ્થ્ય ઘણું જ નબળું જોવામાં આવે છે. કેટલાક રૂઢિચુસ્ત કુટુંબોમાં કન્યાઓ ઘરથી બહાર ફરવા ન જાય તેની ખાસ ચોકી ગોઠવેલી હોય છે. આ દુઃખદ સ્થિતિમાં કન્યાઓનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાય છે. પરિણામે જીવનભર અજ્ઞાનતા, અને રોગથી ઘેરાયેલી સ્થિતિમાં તેઓ દિવસો પસાર કરે છે.

આવી વિષમ સ્થિતિ જેમ બને તેમ વહેલી સુધરે એ જ કલ્યાણદાયી છે.

આજની ઊછરતી પેઢીના યુવાન-યુવતીઓના શરીર ખડતલ અને સુડોળ બનાવવા માટે રમત-ગમતના વિવિધ કાર્યક્રમો ગોઠવાવા જોઈએ. શરીર-સૌન્દર્યની અને મર્દાનગીભર્યા વ્યાયામપ્રયોગોની હરીફાઇ અવાર-નવાર શહેરો તેમ જ ગામડાંઓમાં પ્રજાજનો તરફથી યોજાવામાં આવે તો હિંદનું વેડફાતું યૌવનધન જરૂર સમૃદ્ધ બનાવી શકાય.

ઊછરતી પેઢીની કન્યાઓના શરીર જોતાં ભવિ-

નવરચના

ષ્યની પ્રજા કેવી બનશે એની કલ્પના કરીએ છીએ ત્યારે નિરાશા સિવાય બીજું સૂઝતું નથી. આપણે કન્યાઓને બુદ્ધિના વિકાસ માટે અને જીવનવહેવાર-માં ઉપયોગી થાય તેવી કેળવણી આપીએ છીએ તેની સાથે શારીરિક કેળવણી આપવાની ખાસ આવશ્યકતા છે. આમ દરેક કન્યાને ફરજિયાત શારીરિક કેળવણી આપીને તેઓના નબળાં શરીરને સશક્ત, ખડતલ, સુડોળ, ચેતનવંતા બનાવવાની સૌથી પ્રથમ ફરજ આપણી છે.

ઊછરતી પેઢીના બાળકોનું શરીરસ્વાસ્થ્ય કેટલું કંગાલ છે તેની સાક્ષીરૂપે લાખો અને કરોડો રૂપિયાની દવાઓ પરદેશથી હિંદમાં દર વરસે આયાત થાય છે છતાં હિંદમાં સ્ત્રીઓનું, અને બાળકોનું મરણ-પ્રમાણ ઘટવાને બદલે પ્રતિદિન વધતું જાય છે. આ સ્થિતિ અસહ્ય છે.

આપણી નિશાળોમાં, કૉલેજોમાં અને કન્યા-શાળાઓમાં ઊછરતી પેઢીના બાળકોની તન્દુરસ્તીનો ડૉકટરી અભિપ્રાય જોઈશું તો તેમાં બહુ જ જૂજ સંખ્યામાં સંપૂર્ણ તન્દુરસ્ત વિદ્યાર્થીઓ અને વિદ્યા-ર્થિનીઓની હશે. આવું પરિણામ હિંદની પ્રજા માટે ગૌરવભર્યું ન કહેવાય.

આમ હોવા છતાં આપણે કદી બાળકોના આરોગ્ય તરફ લક્ષ આપતા નથી. એ આપણા માટે શોભા-સ્પદ નથી.

આપણે એક બાબત તો યાદ રાખવી જોઇએ. કે શરીરમાંથી ઘસાઈ ગયેલી શક્તિને ફરી વાર જાગૃત કરવી હોય તો કુદરતનો સાથ લીધા વગર સિદ્ધિ પ્રાપ્ત નહિ થાય. દવાઓના ઝેરી ઘૂંટડાઓ પીવાને બદલે ચોખ્ખી તાજી હવા, પોષણ તત્ત્વોથી ભરેલો ખોરાક, સાદો-હળવો વ્યાયામ, અને આરામ આ જ તન્દુરસ્તી મેળવવા માટેના રાજમાર્ગો છે.

આ સિવાયના બીજા ઉપચારો શરીરને તદ્દન નીરોગી બનાવવા માટે સંપૂર્ણ સફળ નથી નીવડતા. આ પ્રકારનો અનુભવ સૌ કોઇને થોડો ઘણો થયો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું મકાન ચણાતું હોય ત્યારે મકાનમાલિક તેનો પાયો ખૂબ જ ઊંડો અને મજબૂત બનાવે છે. કારણ કે મકાનનો મુખ્ય આધાર પાયા પર હોય છે. જો પાયો કાચો અને ઉપરછલ્લો નાખવામાં આવે છે તો મકાન લાંબો વખત ટકતું નથી. થોડોઘણો આંચકો લાગતાં આખું યે મકાન પડીને વેરાન બને છે.

આવી જ સ્થિતિ ઊછરતી પેઢીના બાળકોની તબિયત વિષેની છે. જો નાનપણથી જ બાળકોની તન્દુરસ્તી પ્રત્યે માબાપો બેદરકારી સેવશે તો ભવિષ્યમાં તેઓ નબળાં-રોગી બની રહેશે.

યુવક હશે તો તેની ભવિષ્યની પ્રજા માંદલી, કદરૂપી અને દેશને ભારરૂપ બનશે.

જો યુવતી હશે તો તેની જવાબદારી ઘણી જ મોટી છે. માતા થયા પછી સંસારની જવાબદારી સહન કરવાની શારીરિક તાકાત તેનામાં નહિ હોય તો નવી પ્રજા માયકાંગલી અને રોગીષ્ટ થશે. પરિણામે તેઓ પણ દુઃખભરી જિંદગી જીવી થોડા વરસમાં જીવનયાત્રા સમાપ્ત કરશે.

હિંદમાં દર વરસે સુવારોગથી મોટી સંખ્યામાં સ્ત્રીઓના મરણ નીપજે છે. કારણ કે કન્યાઓના શરીર બચપણથી જ નબળાં હોય છે. તેની પછવાડે માબાપની બેદરકારી જોવામાં આવે છે. આ આ... સૌ કોઈએ વિચારવા જેવી છે.

કન્યાઓના શરીર પછવાડે પહેલેથી જ કા... રાખવામાં આવે તો મોટી ઉંમરે જે માતાની જવ... બદારી તેઓ પર આવે છે તે જવાબદારી સહેલાઈ... પાર પાડી શકશે અને સુખમય જીવન જીવી શકે...

છેલ્લે છેલ્લે માબાપોને એટલું જ કહેવાનું છે... તમારા બાળકોને ભલે પુત્ર હોય કે પુત્રી હોય... બંનેને સમદૃષ્ટિથી નિહાળજો. તેઓને આદર્શ ના... રિક બનાવજો. તેઓના મનનો અને શરીરનો સં... વિકાસ થાય તે માટે જેટલું બની શકે તે... નિઃસ્વાર્થપણે કરી છૂટજો. યાદ રાખો તમારા બા... ભવિષ્યની મહાન પ્રજા બનવાની છે.

ઊછરતી પેઢીના બાળકોની તન્દુરસ્તી માટે ... રીતે માવજત કરજો. કારણ કે આરોગ્યનો પા... જેટલો મજબૂત, ઊંડો અને સુદૃઢ હશે તેટલી હિં... પ્રજા બળવાન, સાહસિક, નીડર અને મર્દાનગી... બનશે.×

× ઑલ-ઇંડિયા-રેડિયો મુંબઈથી તા. ૮-૮-૪... રોજ થયેલ વાર્તાલાપ. ઑલ-ઇંડિયા-રેડિયોના સૌજન્ય...

*

શ્રી રવિશંકર મહારાજના જીવનના નવનીત સમી આ કથાઓને ગુજરાતે ઉત્સાહભેર આવકારી છે. એની ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે

કિંમત રૂા. ત્રણ : પોસ્ટેજ : છ આના

ભારતી સાહિત્ય સંઘ લિ૦ પો. બો. ૭૩ અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણા પ્રતાપના વંશજો

'સુધીરભાઈ'

ગાડી મોડી હતી એટલે ડ્રાઇવરે ઝડપ વધારી મૂકી હતી. બહારથી પવન જોરથી વાતો હતો. અંદર પંખો ફરતો હતો. અને છતાં ગરમીથી હેરાન હેરાન થતા હોય તેમ સેકન્ડ ક્લાસના ચાર ઉતારુઓ વાતચીતમાં વારેઘડીએ 'ગરમી ઘણી છે' એમ મોં કટાણું કરી બબડતા હતા.

એ સૂરમાં ફક્ત મેં મારો સૂર નહોતો પુરાવ્યો, એ વાત તરફ એકનું ધ્યાન ખેંચાતાં એમણે મારા સામે જોઈ કહ્યું: 'તમે ખાદી પહેરી છે એટલે માનું છું કે તમને ગરમી નહિ લાગતી હોય.'

હું જવાબ આપ્યા વગર ફક્ત હસ્યો.

પેલા ભાઈએ એમનાં સાથીદાર તરફ નજર કરતાં કહ્યું: 'નગીનભાઇ! એ વાત તો ખરી જ કે ખાદીધારીઓ ખડતલ તો હોય છે જ!'

નગીનભાઈ તડ ને ફડ બોલનારા માણુસ લાગ્યા. એમણે તરત કહ્યું: 'જીવણભાઈ? જવા દો ને એ બધી વાતો. પાછા આ ભાઈને કંઈ ખોટું લાગશે.' અને એમણે મારા તરફ નજર કરી.

મેં તરત જવાબ આપ્યો: 'સાચું હોય તો એમાં ખોટું લગાડવાનું કંઇ કારણુ નથી. ખુશીથી કહો.'

નગીનભાઇ વ્યવહારુ લાગ્યા. ઘા કરતા પહેલાં વળી ખાતરી કરી.

'પાછા ખોટું ન લગાડતા. હું તો સર્વસંમત વાત કરું છું.' અને એમણે કહ્યું: 'ખાદીવાળાએ જ આ દેશનું સત્યાનાશ વાળ્યું છે?'

મારાથી હસી જવાયું.

'હસી ન કાઢતા. જાતઅનુભવ કહું છું. કાળાં બજારમાં પહેલો નંબર એમનો, લાંચરુશવતમાં પણ પહેલા, લાગવગ અને વાલમેલ પણ એમના બાપની જ. ઢેબે, જવાહાર કે સરદાર ગમે તેટલી બૂમો પાડે પણ એમના માણસોએ જ દેશને ખરાબ કર્યો છે.'

ત્રીજા ભાઇએ ટેકો આપ્યો: 'હું તો દરેકને કહું છું કે ધોળિયાઓનો વિશ્વાસ ન કરવો.'

નગીનભાઇ ભાર દેતાં બોલી ઊઠ્યા: 'વિશ્વાસ શું—એમનાથી બીતા રહેવું પડશે. અત્યાર સુધી લોકો કાળી ડગલીથી બીતા હતા, હવે ધોળી ડગલીથી બીવાનો એ જમાનો આવ્યો છે!'

મારી રીતે મેં એનો જવાબ આપી ચર્ચા સમેટી લીધી. મુસાફરી લાંબી હતી એટલે પાછા એ લોકો પાનાં રમવામાં ગુંથાયા. હું વિચારમાં પડ્યો.

ખાદી વિષે, અને ખાદીધારીઓ અંગે, આ ટીકા આજે સામાન્ય થઈ ગઈ છે. મને પણ આ કંઇ પહેલો અનુભવ ન હતો, છતાં આજે મને વિચાર કરવાનો અવકાશ હોવાથી એ અંગે જ વિચારો આવવા લાગ્યા.

કોઇ પણ ક્ષેત્રમાં સડો પેઠા વગર નથી રહેતો એમ માની હું આ પહેલાં આવી ટીકાને ધ્યાનમાં નહોતો લેતો. પરંતુ આજે એટલાથી મારા મનને સંતોષ ન થયો. સડેલો ભાગ વધારે હતો અને તંદુરસ્ત થોડો હતો, એમ મને દેખાવા લાગ્યું. ૨૫ વર્ષના છેલ્લા ગાંધીવાદી સમાજ ઉપર ગાડીની ઝડપે નજર નાખી જોઈ.

એ સાથે સનાતન ધર્મ સંન્મુખ આવ્યો. હજારો વર્ષથી ચાલતા એ ધર્મમાં જે સડો પેઠેલો છે એ અત્યાર સુધી મને અસહ્ય લાગતો હતો તે નજીવો લાગ્યો. ૨૫ વર્ષમાં ગાંધીવાદી સમાજમાં જો આટલો સડો પેસી ગયો તો સનાતન ધર્મમાં એ હિસાબે તો સડો જ નથી!

પણ થયું, ખાદી પહેરે છે એ બધા ઓછા ગાંધીવાદી છે? શારો દેખી શ્રાવક થનાર દરેક યુગમાં મળી રહેવાના. એટલે એવાં તકસાધુઓ ખાદીને કે ગાંધીવાદને વગોવે એમાં સાચો પક્ષ શું કરે? એને શી રીતે રોકે?

અને મારી સામે ખાદીને ન લજવનારો વર્ગ, આવીને ઊભો રહ્યો. એ નાનો હતો છતાં શુદ્ધ હતો એની કોઈથી ના પડાય તેમ ન હતું, એમ હું આજ સુધી માનતો હતો. પરંતુ આજે, કોણ જાણે શાથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડી પૂરજોસમાં જતી હતી તેથી કે કોઇ કારણે, મગજ હચમચી ગયું હતું. ગઇકાલ સુધી જે વર્ગને હું શુદ્ધ માનતો હતો તે પણ મને અશુદ્ધ દેખાવા લાગ્યો. અને એમાં મેં મારી જાતને પણ જોઇ!

કાળાં બજાર ન કર્યાં હોય, કે ખોટી ધાલમેલ ન કરી હોય, એટલું જ કંઇ ખાદી માગતી હતી? ગાંધીજીના ખાદી પાછળ શું ભાવ છે? સ્વદેશીને, ગ્રામોદ્યોગને, જાતમહેનતને અપનાવો એ ખાદી પાછળનો સંદેશો છે. એ સંદેશો મેં ઝીલ્યો છે? વિચારબાણે સીધો મારા ઉપર જ હુમલો કર્યો.

મારી પ્રથમ નજર મારાં ખાદીનાં કપડાં ઉપર ગઇ! મેં ત્યાં જે દૃશ્ય જોયું તે સમાણો હું લજવાઇ ગયો. એ દૃશ્ય રોજનું હતું, છતાં મારી આંખે આજે જ જોયું! મારાં કપડાંમાં ભભકો નાંખતી ગળી કયાંની બનાવટ છે? અસલ ઇંગ્લંડની ગળીને બદલે નકલી (દેશી) ન આવે તે માટે હું કેટલી કાળજી રાખતો હતો? લડાઇના વખતમાં એ શોધી જડતી ન હતી છતાં, લયલા પાછળ મજનૂ ભમે તેમ હું એ મેળવવા ભમ્યો હતો. ગળી વગરની ખાદી મેં લડાઇમાં પણ પહેરી ન હતી. એ ગળી માટે તો મહાત્માજી લડાઇ લડચા હતા! સતીની અંગરક્ષક જ વેશ્યા!

પહેરણના ઉપલા ખિસ્સામાં ગોલ્ડટેપની ચકચક થતી, લાઇફ ટાઇમ, સેફર્સ પેન ઉપર મારી બીજી ક્ષણે નજર ગઈ. પરદેશી વસ્તુ અને એની શાહી પણ પરદેશી! પારકર શાહી કાળા બજારમાંથી ખરીદીને જ એમાં ભરાતી હતી!

ત્રીજી નજર, હું જેના ઉપર આડો પડચો હતો તે બિસ્ત્રા ઉપર ગઈ. સેકન્ડ કલાસની પોચી ગાદીવાળી, આખું પાટિયું રોકતી જગા પૂરતી સગવડવાળી ન હોય તેમ એના ઉપર મેં મારો બિસ્ત્રો પાથર્યો હતો. બેડિંગ ઇંગ્લીશ હતું.. હું ખાદી શરીર ઉપર જ અંગિકાર કરતો, એટલે એકલિયામાં વપરાયેલું ખોળિયું અને ચાદર મિલની બનાવટનાં હતાં.

પથારીમાં કીડીઓ હોય અને ચટકા ભરે તેમ મારા અંતરમાં ચટકા ભરાતા હતા. અને હું આમતેમ ફરતો હતો. એથી નજર જુદી જુદી જગાએ પડતી હતી. ઉપરના બર્થ ઉપર પડેલી મારી ચામડાની બેગ દેખાઇ. તેના ઉપર ખાખીનું કવર હતું. એની અંદર પડેલું સાડત્રીસ રૂપિયાનું ચામડાનું પોર્ટમેન્ટો નજર સમક્ષ આવ્યું.

હું...હું......શું ખાદીને લાયક છું? બિચારા બાપુએ ખાદી પાછળ શું કલ્પ્યું છે, ને અમે શું લેઇ નાઠા છીએ!

હું તો જાતે કાંતતો પણ ન હતો, છતાં જે કાંતતા હતા તેમાંના જેમને હું ઓળખતો હતો એ પણ ખાદીને તો લજવતા હતા એમ મને આજે દેખાવા માંડ્યું.

બાપુજી ખાદી આમવર્ગને માટે માનતા હતા. ત્યારે આજે પહેલાં જે લોકો રેશમી પહેરતા હતા તે વર્ગમાં એને સ્થાને ખાદી વપરાતી હતી. અને રેશમીમાં જેટલો વૈભવ માનતા હતા એવા જ વૈભવ સાથે. અને તેથી બાપુજીની ભાવના એ જ ખાદીધારીઓના ઘરમાં હડધૂત થતી હતી.

એન્જિનમાંથી ઊડેલી કોલસી આવતીને મારી આંખમાં પડી. હું આંખ ચોળવા લાગ્યો. ત્યાં તો ગાડીએ વળાંક લીધો એટલે મારી પથારી ઉપર કોલસી કોલસી થઇ ગઇ. મેં રૂમાલ વતી પથારી સાફ કરી.

પણ મગજમાં પડેલી તણખી અંદર પ્રજળ્યા કરતી હતી. મને મારો ભૂતકાળ યાદ આવ્યો. છેલ્લાં ચાર વર્ષમાં હું સારું કમાયો હતો. સેકન્ડ કલાસમાં ફરતો થઇ ગયો હતો. મકાન બદલીને શહેરની બહાર સોસાયટીમાં ભાડે લીધું હતું. ઘરમાં રેડિયો હતો, ગ્રામોફોન હતું, ટાઇમ્સ દૈનિક આવતું હતું, ઘરકામ કરનાર રામો વધ્યો હતો. સાઇકલમાંથી મોટરસાઇકલે આવ્યો હતો. છતાં મોટર વગર પૂરતી સગવડ ન ગણાય તેમ અસંતોષ અનુભવતો હતો. અને હું ખાદીધારી હતો!

મારી સામે ખાદીની ફોજ ખડી થઇ. એમાંથી આમજનતાનો પ્રતિનિધિ શોધ્યો જડતો ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પ્રદર્શન ખુલ્લું મૂકતાં એક મિલમાલિકનાં પત્ની ખાદી ઉપર ભાષણ કરતાં હતાં એ ચિત્ર મારી દૃષ્ટિ સમક્ષ ખડું થયું. એ પ્રસંગે તો મને એ ભાષણ ઘણું સુંદર લાગ્યું હતું, પરંતુ આજે મને એ હાસ્યાસ્પદ લાગ્યું. એમને અને ખાદીને, ગ્રામોદ્યોગને શો સંબંધ? મિલોની આવકમાંથી વૈભવશાળી જીવન ભોગવવાનું અને શોખ ખાતર એથી તદ્દન વિરોધના વિષયો ઉપર જ્ઞાન આપવાનું! અને છતાં લોકોને એ અજુગતું નથી લાગતું!

મારી ખાદી મને જ ક્યાં અજુગતી લાગતી હતી?

મારી નજર નગીનભાઈ તરફ ગઈ. પરંતુ એ ચારે જણ તો પાનાં રમવામાં મશગૂલ થઈ ગયા હતા. ખાદીધારીઓ બધા કંઈ ખરાબ નથી એમ હું ઘડી પહેલાં બચાવ કરી શક્યો હતો. પરંતુ મને થતું કે આ દૃષ્ટિ જો એમની પાસે હોત તો હું શું જવાબ આપત?

ખાદી પહેરીને હું કોઈને છેતરતો ન હતો, એ જેમ એક સત્ય હતું, તેમ ખાદીની ભાવના અપનાવ્યાં સિવાય ખાદીનું નર્યું કાપડ પહેરી હું જાણે-અજાણે દંભ સેવી રહ્યો હતો, એ પણ એવું જ સત્ય હતું.

કોઈ દર્દીને પીડાને લીધે ચેન ન પડે તેમ, મને પણ પોચી પથારીમાં પડ્યો હતો છતાં ચેન પડતું ન હતું. હું દંભ સેવું છું એમ જેમ મને આજે સમજ પડી તેમ બીજાંને પણ નહિ જ પડી હોય, તેમ મને લાગ્યું.

કદાચ હું ખોટી વિચારસરણી ઉપર ચડી ગયો તો નથી, એ માટે મેં મગજનું બારણું ખોલી, ખુલ્લી હવા અંદર આવવા દેવા, માથું બારી બહાર કાઢ્યું. એન્જિનમાંથી છૂટેલી વરાળને લીધે મારા મોં ઉપર પ્રસ્વેદના જેવાં ટીપાં બાઝ્યાં. મગજ ઘડી ઠંડુ થયું. ડોકું બહાર નાખીને હું થોડીવાર પડી રહ્યો!

એમ ઠંડા પડેલા મગજમાં વળી એક નવું જ મોજું ભરાઈ ગયું. ઓચિંતા રાણા પ્રતાપના વંશજો મારી સન્મુખ આવીને ખડા થયા. મારાથી હસી જવાયું. સારું હતું કે પેલા બધા રમતમાં મશગૂલ હતા, બાકી 'શું હસ્યા?' એમ પ્રશ્ન કોઈએ કર્યો હોત તો હું શું જવાબ આપત?

રાણા પ્રતાપના ટેકની અને દુઃખની વાતથી કોણ અજાણ્યું છે? પરંતુ એ ટેક અને દુઃખ એના વંશજો ન ટકાવી શક્યા. એમણે બાદશાહી આગળ નમતું જોખ્યું. ગાદી મળી, વૈભવ મળ્યો, અને જે રાણો વનવન ભટકતો હતો અને ખાવાના પણ ટકે સાંસા પડતા હતા, એના વંશજો પાછા અસલ રાજવૈભવની જેમ સોનાની થાળીમાં જમતા થઈ ગયા. પણ એ વૈભવ ભોગવતાં એ વંશજોને પ્રતાપનાં ટેક અને દુઃખ આડે આવતાં હતાં. છેવટ પ્રતાપને પણ માઠું ન લાગે માટે એમણે વચલો રસ્તો કાઢ્યો. વૈભવ તો બધો ભોગવવો. રાજપાટ પણ ગુલામી સહી ભોગવવું, અને રાણા પ્રતાપના આપણે વંશજ તો છીએ એટલે સોનાની થાળી નીચે પતરાળું મૂકવું!

એ વંશજો જેવો જ હું દેખાયો.

મહાત્માજીના ગ્રામોદ્યોગ કે સ્વદેશીને સ્વીકારવાં નહિ. જીવન બધું વૈભવભર્યું ભોગવવું, છતાં પ્રતાપના વંશજોની જેમ એ વૈભવ નીચે ફક્ત પતરાળા જેવી ખાદી શરીર ઉપર મૂકી રાખવી!

ખાદી પહેરીને લુચ્ચાઈ કરતો વર્ગ મોટો છે. એમાંથી થોડા જે બચે છે તેનો મોટો આમ રાણા પ્રતાપના વંશજ તરીકે સમાઈ જાય છે. અને પછી કેટલા બાકી રહેતા હશે તેની તો કોઈ પણ ગણતરી કરે ત્યારે માલૂમ પડે.

તે મુસાફરીમાંથી ઘેર જઈને તરત મેં ખાદીનાં કપડાં બાળી તો ન દીધાં, પણ મિલનું ધોતિયું પહેરવા માંડ્યું. થયું કે એ કપડાં જેમ જેમ ફાટશે તેમ નવાં મિલનાં જ શીવડાવવાં.

વિદ્યાર્થી અવસ્થામાંથી જ મને ખાદીમાં જોનાર દરેક મારું મિલનું ધોતિયું જોતાં ધરતીકંપ થયો હોય તેમ કંપી ઊઠતા : 'તમે! તમે! સુધીરભાઈ આં શું કર્યું!'

હું હસીને કહેતો : 'મારે રાણા પ્રતાપના વંશજ નથી થવું!'

✻

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૪]

બનારસના પંડિતો મૂંઝવણમાં પડી ગયા છે. ભલભલા નૈયાયિકો માથું ડોલાવીને બોલી રહ્યા છે: 'અજબ વાત છે ને! સાવ સાદી અને એકદમ જ અભેદ્ય!'

શાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞો, પંડિતો મુગ્ધ બની ગયા છે. પ રા જ ય એમને ખપતો નથી. વિજય મળે તેમ નથી. પીછેહઠનો માર્ગ નથી. આગળ જવાનો પણ રસ્તો નથી. કોઈને હાથે નહિ—અને એક આવા સામાન્ય અપંડિત જેવા માણસને હાથે, આવા મહાન ગંભીર પ્રશ્નનો આવો અણધાર્યો ઉકેલ મળે? ગજબ વાત છે ને!

બનારસ નગરીમાં દિવસોથી એક શાસ્ત્રચર્ચા ચાલી રહી હતી. દ્વૈતવાદ અને અદ્વૈતવાદના સમર્થનમાં ને સામનામાં ધુરંધર પંડિતો રોકાયા હતા. કોઈ પક્ષ જીતે એમ લાગતું ન હતું. વજ્જરની અભેદ્ય શાસ્ત્ર દીવાલોએ સૌને વિજય માર્ગ બતાવ્યો હતો —પણ વિજયશંખ ફૂંકનારો હજી કોઈ એમાંથી નીકળ્યો ન હતો.

દ્વૈતવાદ ને અદ્વૈતવાદ, પુરુષ અને પ્રકૃતિ, ઈશ્વર અને માયા, આત્મા અને પરમાંત્મા, જીવ અને શિવ, અરે! સઘળાં જ ત્યાં દિવસોથી આવ્યાં હતાં અને વિદ્વાનો પાસે ઊભાં ઊભાં ધ્રૂજતાં હતાં! વિજય કોઈનો ન હતો!

એટલામાં આ શાસ્ત્રીય ચર્ચા ભક્ત કવિ કબીરજીને કાને આવી.

કોઈ શિષ્યે હાથ જોડયા: 'ગુરુદેવ! આજ દિવસોથી નગરીમાં, વિદ્વાનો, દ્વૈત અદ્વૈત તત્ત્વની શાસ્ત્રચર્ચા ચલાવી રહ્યા છે. એક વખત એ પણ જોવા જેવું છે!'

'એમ? શું ચર્ચા ચાલે છે?'

'ભગવાન અનેક પદાર્થોથી પર છે. એ બધા વિદ્વાનો એ કબૂલે છે.'

'શેના શેનાથી ભગવાન પર છે?'

'ભગવાન જાણે રૂપથી પર. એનું કોઈ રૂપ નહિ! ઉપમાથી પર! અનુપમ!'

'બરાબર!'

'રસથી પણ પર. ગંધથી પર. સ્પર્શથી પર. ગુણથી પર—ગુણાતીત. ક્રિયાથી પર!'

'બરાબર! તબ તો ભૈયા! હમેરા એક છોટા સા પ્રશ્ન યે બડે વિદ્વાનો કી સભા મેં જરા મૂકના. "જો પરમાત્મા રૂપસે નિકલ ગયા, રસસે અતીત હો ગયા, ગુણ, ગંધ, સ્પર્શ, ક્રિયા કોઈ બંધન કે ફંદેમેં ન આયા, વો ભગવાન અંતમેં આકર, ક્યું સંખ્યા મેં લપટ ગયા?" જો સબસેં પર હૈ—વો સંખ્યા સે ભી પર. ક્યું ઐસા નહિ હો સકતા?'

એ વાત વિદ્વાનોની સભા પાસે આવી, અને આશ્ચર્ય! આશ્ચર્ય! કોઈને એનો ઉત્તર મળતો નથી કોઇને આ ઉકેલનો સામનો સૂજતો નથી.

કોઈ વિજય કબૂલતા નથી. કોઈ પરાજય માનતા નથી. મૂંગા મૂંગા એક પછી એક પોતપોતાની પોથીનું લાકડિયું ઢાંકણ શોધે છે!

નૈયાયિકો માથું ડોલાવીને એક જ વાક્ય બોલે છે: 'આ તો અજબ વાત છે ને! સાવ સાદી પણ એકદમ અભેદ્ય!'

[૨૫]

ઉરપળે નાનાસાહેબ આવ્યાની બૂમ પડી હતી અને બીજી જ પળે એ ખોટી ઠરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

હતી. ઇ. સ. ૧૮૫૭નો સર્વભક્ષી સમય હતો. એ વખતે કોણ કોને નહિ ખાય એ કહેવું મુશ્કેલ હતું.

કાનપુર લખનૌ પાસેનું માનગંજનું નાનકડું કસબું એ સમયે પોતાનો વાવટો ફરકાવતું સ્વતંત્ર થઈ બેઠું.

પણ વાવટા માત્ર, એનો વેપાર કરનાર વેપારી સિવાય, બીજા તમામને માટે, ભયંકર છે. એ ફરકાવવામાં નાનકડા છોકરાને પણ મજા પડે છે : પરંતુ એને રક્ષવામાં તો ભલભલાનાં પાણી ઊતરી જાય છે.

માનગંજને પાદર પણ વાવટો ફરકતાની સાથે રણથંભ રોપાયો. લશ્કર દોડ્યું આવ્યું. જુદ્ધ ચાલ્યું. બે કલાકના તોપમારાએ ગઢમાં ગાબડું પાડી દીધું. ગોળીને સામે વરસાદે લશ્કર અંદર પેઠું અને થોડીવારમાં તો પાંચસો માણસનાં શબ થઇ ગયાં! એક વાવટા માટે!

બીજે દિવસે તો ગઢ પાડી નાખવાનો હુકમ થયો. કોઈ ઘર મજબૂત હોય, જ્યાં બળવાખોરો રક્ષણ લઈ શકે, તો એને પણ જમીનદોસ્ત કરવાનું હતું!

એક ઘર પાસેથી એક બુઢ્ઢો નીકળી આવ્યો. તેના ધોળા નિમાળા ને જર્જરિત વૃદ્ધાવસ્થા દુશ્મનને પણ રોવરાવે તેવાં હતાં. તે પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો. ઘર પાડનારા મજૂરો પાસે થઇને ધીમે પગલે ગોરા સાહેબ પાસે ગયો. ઘર બચાવી લેવાની એની નેમ હશે, એમ ધારીને ગોરાએ કહ્યું :

'તમે બોલો કે તમને કોઇકે ચડાવ્યા હતા, અને આમાં તમારો ભાગ ન હતો — તો ઘર બચી જાય!'

'ઘર બચી જાય?' વૃદ્ધે જવાબ વાળ્યો : 'પણ હું એટલા માટે આવ્યો જ નથી. હું તો સાહેબ! ગઇકાલે જુવાનજોધ પાંચ છોકરાઓનો બાપ હતો. એમાંથી ત્રણ તો દરવાજા પાસે ઢળી પડયા છે! હું ઘર બચાવવા નહિ, જાણવા માટે આવ્યો હતો, કે મારા બીજા બે છોકરા પણ એમ રણમાં પડયા છે ને તમારે ત્યાં કેદમાં નથી! મારે તો એટલું જાણવું'તું! ઘર તો આ માતા ધરતી ઉપર થાતાં આવે છે ને પડતાં આવે છે. મોટા મહેલ રહેતા નથી — તો આ બિચારું શું?'

સાંભળીને ગોરો છક્ક થઈ ગયો : 'બધે જ જો બધા આવા હશે — તો તો થઈ રહ્યું!'

[૧૬]

ભગવાન તથાગત મૃત્યુશય્યા ઉપર છે!

એક જિજ્ઞાસુ આવ્યો. સુભદ્ર એનું નામ. એનું મન અનેક પ્રશ્નોથી છલકી રહ્યું છે!

આનંદે એને રોકયો. 'ભાઈ! હવે આજ સમય નથી!'

'પણ મારે એક જ પ્રશ્ન પૂછવો છે!'

'પણ સુભદ્ર! હવે સમય નથી!'

ભગવાન તથાગતે એ સાંભળ્યું. ધીમે શાંત અવાજે એમણે કહ્યું : 'આનંદ! એ સુભદ્રને આવવા દે. છેલ્લીપળ સુધી જ્ઞાનનો તો અવકાશ છે જ!'

[૧૭]

સ્વર્ગમાં જ્યાં વૃક્ષો ઉપર નિત્ય પુષ્પોની સુગંધી મહેકી રહી છે, જ્યાં રોજ રોજ ચાંદનીમાંથી અમૃત ઝરે છે, જ્યાં આનંદાશ્રુ સિવાય બીજાં કોઇ આંસુ નથી, જ્યાં વિરહ નથી, વેદના નથી, વ્યથા નથી, જ્યાં વ્યાધિ નથી, ત્યાં સ્વર્ગમાં પણ આજે રાગદ્વેષનું એક મોજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ચડયું ! જ્યાં કાંઇ અછત નથી, ત્યાં પણ આજે કાંઈક ઓછું પડયું !

ભગવાને ગાયું કે ઋષિઓમાં હું ભૃગુ છું ! અને ખળભળાટ મચી ગયો : 'હેં ! કોઈ નહિ ને ભૃગુ ?'

નહિ દુર્વાસા, નહિ ભારદ્વાજ; નહિ વસિષ્ઠ, નહિ ગૌતમ, નહિ વિશ્વામિત્ર, અરે ! નહિ નારદ—અને ભૃગુ ? ભૃગુની આ મહત્તા શા માટે ? એણે તપની કઇ સિદ્ધિ અમારા કરતાં વધુ મેળવી છે ? એણે જ્ઞાનની કઈ દિશા અમારી અણદીઠ એવી દીઠી છે ? એણે યોગની કઇ ભૂમિકા અમારી અજાણી એવી જાણી છે ? કોઈ નહિ ને ભૃગુ ? શા માટે ?

નિત્ય ખીલી રહેલી વસંતઋતુના પુષ્પોની પરિમલભીની હવામાં પણ એ એક જ ગુંજારવ થઇ રહ્યો છે : ભૃગુનું આ બહુમાન શા માટે ?

ભગવાન વસિષ્ઠના ચાંદની જેવા શીતળ તપ કરતાં શું એમનું તપ વધે ? ચૌદે બ્રહ્માંડને ધ્રુજાવી મૂકનાર દુર્વાસા કરતાં શું એમની તેજસ્વિતા વધે ? સેંકડો પરાજયોને પાછળ મૂકનાર વિશ્વામિત્ર કરતાં આ ભૃગુ વધારે ? અને ! હરપળે જે ભગવાનના ગુણજ્ઞાનમાં જ રમનાર છે, એ નારદ પણ આની તોલે નહિ ?

શંકાની, આશંકાઓની, પ્રશ્નોની, પ્રત્યુત્તરોની આપ-લે ચાલી.

હવાની લેરખી ઉપર થઈને આ છાનો અસંતોષ ભગવાન કૃષ્ણને સ્પર્શી ગયો.

એક દિવસ ઋષિસભાને આમંત્રણ અપાયું. સૌ ભેગા થયા.

'ઋષિવરો ! તમે સૌ સહજસમાધિના ક્યાં સ્વામી નથી કે આ પ્રશ્નના પ્રત્યુત્તરની બીજે અપેક્ષા રાખો છો ? પ્રશ્નનો પ્રત્યુત્તર ત્યાં બેઠો છે, જ્યાં તમારો પ્રશ્ન બેઠો છે.'

એક ક્ષણમાં તો આખી મંડળી જાણે નિશ્ચેષ્ટ આરસમૂર્તિઓ હોય તેવી બની ગઈ !

ઋષિવરો સમાધિમાં બેઠા હતા.

બે ચાર પળ એમ ને એમ વીતી. જાગતા રહેલા ભગવાન કૃષ્ણ, ઉતાવળમાં બોલી ઊઠયા : 'અરે આ શું ? આ તો બ્રહ્મદેવ પોતે આંહી આવી રહ્યા છે !'

તરત ઋષિમંડળીમાંના દરેકે દરેકની સમાધિ જાણે છૂટી ગઇ ! 'ક્યાં છે ? ક્યાં છે ? કઈ તરફ દેખાયા ? બ્રહ્મદેવ પોતે જ હતા ? કેમ પાછા દેખાયા નહિ ?'

વિવિધ પ્રશ્નાવલિથી હવા છવાઈ ગઈ.

મંદમંદ હસીને ભગવાને કહ્યું : 'ભૃગુ પાસે જતા જણાયા. આપણે સૌ ત્યાં જઈએ !'

મા રેવાના આરસી કિનારા ઉપર જ્યાં ભૃગુ ઋષિનો આશ્રમ હતો ત્યાં સૌ આવ્યા. ઋષિને ધ્યાનમાં જોઈને સૌ થોડીવાર શાંત ઊભા રહ્યા.

પણ ભૃગુની સમાધિ છૂટી નહિ : 'ભૃગુ મહારાજ ! બ્રહ્મદેવ આવે છે તમને મળવા !'

ભૃગુનું ધ્યાનભંગ થયું નહિ.

ભગવાને થોડીવાર પછી ફરીને કહ્યું : આ વખત અવાજ વધારે મોટો કર્યો : એના કાન પાસે જઈને શબ્દ કર્યો : 'બ્રહ્મદેવ પોતે આવી રહ્યા છે તમને મળવા ! ભૃગુદેવ !'

પણ ભૃગુએ કાંઈ ધ્યાનમાં લીધું લાગ્યું નહિ.

'ભૃગુદેવ ! ભગવાન બ્રહ્મદેવ આ આવ્યા. અર્ઘ્યપાદોદક તમારે અર્પણ નથી કરવાં કે શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૃગુની ધ્યાનસ્થ યોગમુદ્રામાં કાંઇ જ ફેર-ફાર થયો નહિ !

ફરી વિષ્ણુ ભગવાને કહ્યું : 'ભૃગુદેવ ! આ આવ્યા હો ! એમની પાદુકાનો અવાજ સંભળાય છે. લ્યો, બ્રહ્મદેવ પોતે જ છે !'

નયન ઉઘાડયા વિના જ પ્રત્યુત્તર આવ્યો: 'આ કોણુ અજ્ઞાની જેવી વાત આજ મારા કાન પાસે કરી રહ્યું છે ? બ્રહ્મદેવ શું આંહીં મારી પાસે નથી કે એમને જોવામળવાનું મારે હોય ? એ મારી સાથે કઇ પળે નથી ? ક્યારે એ દૂર થયા કે એમને આવવાપણું હોય ? જેને હું અંદર જોઉં છું, ને જોઇ રહ્યો છું, એને બહાર જોવા માટેની આવી અજ્ઞાનવાર્તા આ પ્રદેશમાં આજે મને કોણુ કરી રહ્યું છે ?'

શબ્દ બંધ થતાની સાથે જ ભૃગુઋષિના નિમીલિત નયનો ઉપર સહજ સમાધિનો આનંદ છવાઈ ગયો.

શરમથી નીચે ઢળેલા મોં વાળી ઋષિ મંડળીમાં એકદમ શાંતિ વ્યાપી ગઇ. કોઈ કાંઇ બોલતું નથી. કોઈ કાંઈ બોલી શકતું નથી.

[૨૮]

કોઈને ખબર છે મા ધરતી કેમ નિરંતર યુવાન દેખાય છે ? કોઈ જાણો છો ?

મા પૃથ્વી જ્યારે જ્યારે અદ્‌ભુત દૃશ્ય જુએ છે, ત્યારે ત્યારે એને ફરીને નવયૌવન પ્રગટે છે.

એટલે તો આ પુરાણી ધરતી કયારે ય યૌવન છોડતી નથી.

આવાં દૃશ્યો–બે ચાર સૈકે–કોઇ ને કોઇ ઠેકાણે, પ્રગટે જ છે. અને ફરી ફરીને એ અમરવેલીના પાને, જૂનીપુરાણી ખો[illegible] મા ધરતી, જાણે કે નવજોબન મેળવે છે ! મા ધરતીની ચિરંતન યુવાવસ્થાનું આ રહસ્ય છે ! આ અમરવેલીનું પાન !

આજ એ દૃશ્ય સ્થાનેશ્વર પાસે પ્રગટ થયું.

પ્રભાકરવર્ધન મૃત્યુશય્યા ઉપર પડયો હતો. કુમાર હર્ષવર્ધન આવી પહોંચવાની રાહ જોવાતી હતી. કુમાર આવ્યો, પિતાને મળ્યો, એણે એને રાજની સોંપણુ કરી અને પછી તરત એણે પ્રયાણુ કર્યું. એ વખતે મોટો કુમાર રાજ્યવર્ધન ત્યાંથી દૂર હતો. રાજ તો પ્રભાકરવર્ધને, હર્ષવર્ધનને સોંપી દીધું હતું.

કર્મચારીઓએ કહ્યું: 'મહારાજ ! હવે રાજદંડ સંભાળો. છત્ર ધારણુ કરો. પ્રજાપાલનની ઘોષણા કરાવો. શોકનો ત્યાગ કરો ! રાજા તમે છો !'

'પણુ મોટાભાઈ—મોટાભાઇ કયાં છે ?

'મોટાભાઈ આવતા હશે કે આવશે–સમય છે, ત્યાં તીરંદાજોથી દરેક દુર્ગને આપણે સુરક્ષિત કરાવી લઈએ !'

હર્ષવર્ધને એક શોકભરી દૃષ્ટિ ચારે તરફ ફેંકી. એ દૃષ્ટિના વિષાદે કૈકને પીગળાવી દીધા. તેણે ધીમા શોકઘેરા અવાજે કહ્યું : 'હું જે જાણું છું એ સંસ્કૃતિ આ નથી ! આ તો અનાર્યતા છે !'

રાજ્યવર્ધન થોડા દિવસ પછી આવ્યો ત્યારે નગરી આખી હજી શોકમાં હતી. ક્યાંય ઉત્સવ થતો એણે જોયો નહિ. કોઇના મોં ઉપર ઉલ્લાસ દીઠો નહિ. સિંહાસન ઉપર બેઠેલ કોઈને નિહાળ્યો નહિ. તેણે હર્ષવર્ધનને એક તરફ બોલાવ્યો 'ભાઈ ! આ તું શું આદરી બેઠો છે ? અશાંત દુશ્મનોની વચ્ચે આપણે બેઠા છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલા દિવસ શોક હોય? રાજદંડ ધારણ કરીને, આપણા પિતાની ઈચ્છા પ્રમાણે, હવે તારે રાજ્યવ્યવહાર ચલાવવો ઘટે છે!'

'પિતાની ઇચ્છા પ્રમાણે? કોણે કહ્યું મોટાભાઈ? તમને કોઇએ ખોટા સમાચાર આપ્યા છે!' પોતે પિતાની મૃત્યુઈચ્છાને ગુપ્ત રાખવાની યોજના કરી હતી. પણ કોઈ ભેદ-પારખુએ રાજ્યવર્ધનને હકીકત જણાવી દીધી લાગે છે, એમ જાણીને હર્ષવર્ધને એનો વધારે જોરથી પ્રતિકાર કર્યો: 'પિતાની ઈચ્છા એવી હતી જ નહિ. રાજદંડ તો તમારી રાહ જુએ છે, મોટાભાઈ!'

રાજ્યવર્ધનની એક આંખમાં હર્ષનાં અને એક આંખમાં શોકનાં આંસુ આવ્યાં.

'ભાઇ! તારા કરતાં પિતાની ઇચ્છાને હું ઘણી વધારે વખત જાણી શકયો છું. હું તને પણ જાણું છું. તારા પ્રેમને હું ન જાણું? પણ સ્થાનેશ્વરનો રાજયદંડ અત્યારે તો તારા હાથમાં જ હોવો . . . .'

રાજ્યવર્ધનનો શબ્દ મોંમાં અધૂરો જ રહી ગયો. ઉતાવળે પ્રવેશ પામતા સંદેશ-વાહકનો તૂટતો, ઠરડાતો, ગભરાયલો, વિકળ અવાજ આવ્યો: 'મહારાજ! હું કનોજથી .. આવું છું! મહારાજ ગ્રહવર્માનું ખૂન થયું છે!'

'હેં!'

બનેવીના ખૂનના સમાચારે બંનેના ચહેરા એકસાથે વિહ્વળ બની ગયા.

'પણ એ કર્યું કોણે? કોને યમદંડનો સ્વાદ લેવાનું મન થયું છે? કોણે આ..'

'અવંતીનો દુષ્ટ રાજા—'

'અવંતીનાથ?'

'હર્ષવર્ધન! હવે સમય નથી. મારી સઘળી વૃત્તિઓનો આગ્રહ સંન્યસ્ત ઉ... મને લઈ જતો હતો. મારે સંસાર તજવો હતો. તું સ્થાનેશ્વરનો રાજા અને હું વને... રાજા. પણ હવે તો ભાઈ! હું તારો સેના... નાયક — હું અવંતી સામે લડવા જાઉં છું અને તું રાજયદંડ ધારણ કરી આંહીં વ્યવ... સ્થાપજે. બળતું ઘર કૃષ્ણાર્પણ કરીને હું સંન્યસ્ત લઉં એ તો ભીરૂનો સંન્યાસ હોય!

'તમે સૈન્ય દોરો મોટાભાઈ! હું તમારી પાછળ આવી રહ્યો છું! આપણે રાજદંડનો પ્રશ્ન હમણાં અભરાઇએ મૂકી દીધો છે! બાકી એ શોભે મોટાભાઇના હાથમાં જ! આપણા કુળની આ રીત છે!'

રાજ્ય માટે જેણે પિતાપુત્રને, ભાઇભાઇને, માતાપુત્રીને, પાતપત્નીને, લડતાં જોઈ જોઈને વૃદ્ધાવસ્થાનો થાક અનુભવ્યો હતો, એ ધરતીને તો આ દ્રશ્યે નવજુવાનીનો રોમાંચકારી અનુભવ કરાવ્યો.

એનાથી પણ બોલાઈ ગયું: 'શું દ... છે! પણ જોવા મળે છે એક, એક યુગમાં—તો બીજું, બીજા યુગમાં!

[૧૯]

અરે! પાગલ રસખાન! તું પણ ... શું આદરી બેઠો છે!

કયાંય નહિ ને વૃંદાવનમાં તને આ ... ઘેલછા લાગી છે?

તારે માટે થઇને શું ભગવાન નવું ... ધારણ કરે?

તેં જેવું પેલા ચિત્રમાં જોયું છે તેં... વેણુનાદ ગોપીવલ્લભનું કામધેનુ ચરાવતં...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ તારે જોવું છે. પણ રે! પાગલ! આંહીં વૃંદાવનમાં, તારે કોઇ મંદિરમાં હોય તેવું નહિ, તારા મનમાં હોય તેવું, તારા નયનમાં વસ્યું છે એવું રૂપ જોવું છે, તો એમ શું મંદિર મંદિરના ભગવાન આજ તારે માટે થઇને અવનવો સ્વાંગ સજે?

અને એમ તો રે ઘેલા! ભગવાન કેટલાં રૂપ ધારે?

તેં તારા જાતિકુલનો વિચાર કર્યો નથી, અભ્યાસશાસ્ત્ર પંડિતાઇનો ખ્યાલ કર્યો નથી, આચાર સ્વચ્છતા નાવણધોવણનો ભેદ નીરખ્યો નથી, અને બસ એક તારી પ્રેમની નાનકડી ગાંઠડી ઉપર મસ્ત બનીને, આટલો મદાર રાખ્યો છે, પણ જમનાનાં જળ તો એવી કૈક ગાંઠડીને ઉપાડી ગયાં છે! એ શું તારી ગાંઠડી રહેવા દેશે? રે પાગલ! તું ભૂખ્યો તરસ્યો, રાત દિવસ જોયા વિના, ધૂન લગાવીને બેસી ગયો છે એ રૂપ જોવા — **પણ એ રૂપ** તને આંહીં જોવા નહિ મળે ભાઈ!

એ રૂપ તો પરમવૈષ્ણવનું ધન છે. તેં આ પાગલીપ્રેમ વિરહ અનુભવ્યો—અને એ રૂપ તને જોવા મળશે—તો તો પછી શાસ્ત્ર પંડિતો શું કરશે? પછી કોણ કથાવાર્તા માંડશે? પછી કોણ આચારવિચાર રાખશે? પછી કોણ નાવણધોવણ કરશે? રે પાગલ!

પરંતુ રસખાનની ઘેલછાએ તો ત્રીજે દિવસે જ ગૌલોકને ખળભળાવી મૂક્યો.

હજારો લાખો ને કરોડો રૂપોમાંથી, રસખાનના નયનમાં વસેલું, બાંકેબિહારીનું રૂપ ધારીને ભગવાને વેણુવાદન ઉપાડ્યું, અને એના નાદે આખું વૃંદાવન ડોલી ઊઠ્યું! રે પાગલ રસખાન! આ તે તારો વિજય કે ભગવાનનો પરાજય?

ભગવાનને એકને આટલાં અનેક રૂપ રાખવાં પડે છે એ શું આટલા માટે? ત્યારે તો તું પણ ભગવાન! જેટલાં મનુષ્ય ને જેટલી કલ્પના અને જેટલી એની પ્રેમ ગંઠડી એટલાં રૂપ રાખી રહ્યો છે કે શું? આટલા માટે તેં કહ્યું હતું કે હું—મને એકલાને ન રુચ્યું માટે અનેક રૂપ થાઉં છું? ત્યારે તો તું એક કે બે કે અનેક કે સંખ્યાતીત?'

*

લોકકંઠે ઝીલેલા આ ત્રેપન રવીન્દ્રગીતોનો સંગ્રહ કોઈ વાંચ્યા વિના ન રહે.

કિંમત રૂા. અઢી : પોસ્ટેજ : પાંચ આના

ભારતી સાહિત્ય સંઘ લિ૦ પો. બો. ૭૩ અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગર

ઈશ્વર પેટલીકર

સાંજે જમીને અમે ત્રણેય જણ દરિયા કિનારે ફરવા નીકળ્યાં. થોડું ફર્યાં. પછી ભીની રેતી ઉપર બેઠાં. સામે વિશાળ દરિયો અનંત આકાશ સુધી પથરાયો હતો. મારે માટે મુંબઈ આવું ત્યારે દરિયો આકર્ષણવાળું સ્થળ હતો. સારો એવો વખત ગયો છતાં હું એના ભણી તાકી રહ્યો હતો.

પિનાકીનને તો એ રોજનો થઈ પડેલો. શિવાજી પાર્ક રહે એટલે રોજ ફરવા જવાનું જ દરિયા ઉપર. એટલે હું હોઉં ત્યારે દરિયા કરતાં મારી વાતો એને વધુ ગમે, હું પણ એવો વાતોડિયો એટલે વાત કરતાં થાકું નહિ. એનો સ્વભાવ પણ એવો એટલે જ અમે બંને થોડા સમયમાં ખાસ મિત્રો થયેલા, એમ માનું છું. કાન્તાને મારો અનુભવ નવો હતો. એણે મારાથી છાનું પિનાકીનને કહ્યું પણ ખરું કે, અરવિંદભાઈ વાતો કરતાં થાકતા જ નથી!

એટલે આવા વાતોડિયા માણસનું મૌન એ ય એક કુતૂહલ ગણાય. કાન્તાએ પિનાકીનને ધીમેથી એનો ઈશારો કરી આપ્યો. પિનાકીને મારા ખભે હાથ મૂકી; મને સમાધિમાંથી જગાડતો હોય તેમ હલાવ્યો. કહ્યું: 'કેમ કંઈ સમુદ્રમાં એવું શું જોઈ રહ્યો છે?'

સમુદ્રમાં હું શું જોઈ રહ્યો હતો એની મને જ ખબર ન હતી. મેં કહ્યું: 'દરિયો જોવાનો કોક દિવસ મળે એટલે કુતૂહલ ખાતર પણ માણસ તાકી રહે.' અને એ વિષય ન લંબાવતાં મેં ઉમેર્યું: 'ચાલ હવે પેલી વાત માંડ.'

પિનાકીને હસીને કાન્તા સામે જોયું.

મેં કહ્યું: 'તારે બદલે કાન્તા બહેન કહેતાં હોય તો મને વાંધો નથી.'

કાન્તાએ કંઈ જવાબ ન આપ્યો.

પિનાકીને કહ્યું: 'સામો જવાબ ન આપવો એ એનો ગુણ મને નથી ગમતો.'

'તો પછી ગુણ નહિ અવગુણ કહે.' મેં હસીને કહ્યું. અને સામે ઉમેર્યું: 'પિનાકીન! સ્ત્રી હમેશાં બોલકી હોતી જ નથી. એના પગ નવી ધરતી ઉપર પૂરા ન અડે ત્યાં સુધી એ લપસી ન પડાય તે માટે જોઈ જોઈને પગ માંડતી હોય છે, પણ ભોમિયણ થતાં એવી દોડાદોડ કરે છે કે પુરુષ કંટાળી જાય છે!'

કાન્તા મારી આ વાતથી પ્રથમ જ હસી. ગઈ કાલનો હું કાન્તાને જોયા કરતો હતો. વગર જોયે એની બહાદુરીથી હું એના ઉપર વારી ગયો હતો. અઢાર વર્ષની હોવા છતાં એણે કેટલી બહાદુરી બતાવી હતી? મને થતું કે એ કાન્તા જરૂર સિંહણ જેવી હશે. પરંતુ મેં કાન્તાને જોઈ ત્યારે વળી મને વિચારમાં નાખી દીધો. ગામડાની તંદુરસ્તી, ગામડાની નિર્દોષતા, ગામડાની મૂંઝવણ અને સંકોચ પણ ગામડાનો. મને થયું આ તો સસલું છે. અને છતાં હિંમત શહેરની છોકરીની! મને એ સમજાતું જ ન હતું કે સસલામાં સિંહણની હિંમત શી રીતે આવી! પણ પાછો હું દરિયાનો આશરો લેતો. દરિયાને જોઈ પામી શકાતો નથી, તેમ માણસને પણ માપી શકાતો નથી. એ છે તો ૬–૬॥ ફૂટ. પણ અગાધતા સમુદ્રની છે.

'કાન્તા ગઈકાલથી મારી વાતો સાંભળતી હતી, પણ સામે મોંએ એ અત્યાર સુધી આવી બેઠી ન હતી. મારી વાતોથી એ કંટાળી ગઈ હશે એમ એણે જે પિનાકીનને ફરિયાદરૂપે નહિ પણ કુતૂહલરૂપે કહ્યું હતું, તેમ કોઈ વાત ગમ્યાનું કહ્યું હતું. એટલે એ હસી એને મેં મારો વિજય માન્યો અને એ વિજયમાં મેં હસીને પિનાકીન સામે જોયું.

પિનાકીને કહ્યું: 'કાન્તાની એ વાત કહેતાં શરમ મનાઈ છે.'

'કેમ?'

'કહે છે કે એમાં કહેતા ફરવાનું શું છે!'

'મૃગને પોતાનામાં કસ્તુરી છે એની ખબર હોતી નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાન્તા બોલી: 'એમ કહીને કોઇને ચડાવી ન મારો.'

મેં નિખાલસતાથી કહ્યુ: 'કાન્તાબ્હેન ! સાચે જ તમને આમાં ચડાવી મારવાની વાત જ નથી. પિનાકીનનો પત્ર આવ્યો ત્યારથી, અજ્ઞાત એવાં તમારા ઉપર હું વારી ગયો છું. તમે સાચું નહિ માનો પણ ખાલી ફરવા ખાતર જ આ વખતે મુંબઇ આવ્યો તેમાં તમને નજરે જોવાની પણ ઝંખના ખરી.'

શ્રામસંકોચ કાન્તાના મોં ઉપર છવાઇ ગયો. એ નીચું જોઇ ગઈ. છતાં મેં તો મારી વાત ચાલુ રાખી: 'પિનાકીનને મેં પત્રમાં પણ લખ્યું હતું, તમેય વાંચ્યું હશે, કે ભાઈ ટૂંકમાં તારી વાત સાંભળીને સંતોષ નથી થયો, વિગતથી આખી વાત લખી જણાવ. એણે લખ્યું કે એ બધી વાતો પત્રમાં લખવા કરતાં રૂબરૂ મળીશું ત્યારે માંડીને કરીશ.'

કાન્તા કંઈ ઇન્કાર ન કરી શકી. પિનાકીન એના મોં ઉપરના ભાવથી મંજૂરી મળી એમ પામી ગયો હતો એટલે એણે વાતની શરૂઆત કરી.

'નાતમાં હું બહુ ગવાઈ ગયો હતો એ તો તું જાણે છે. નાત એવી પાછી જડ છે એટલે છોકરીને જોવા દે, પણ આપણે ના પાડીએ એ સહી ન લે. બે ચાર છોકરીઓને જોઈને મેં ના પાડેલી, એટલે નાતે મનથી એવો નિશ્ચય કરેલો કે કોઈએ એને પૂછવા ન જવું. ન જવા દેવો. મેં પણ એવો નિશ્ચય કર્યો હતો કે મને યોગ્ય લાગે તો જ હા પાડવી, બાકી ન મનનું ન કરવું. કોઈ લાયક મળે તો હું તો પરજ્ઞાતિની કન્યા લાવવા તૈયાર હતો. લાયક છોકરી વગર બીજી લાલચ પણ મને ન હતી...'

એ બધી વાતોથી હું અજાણ ન હતો એટલે વચ્ચે બોલી ઊઠ્યો : 'એ બધી પ્રસ્તાવના મૂકીને મૂળ વાત શરૂ કરને.'

'કાન્તાના પિતાની માગણી આવી. એ લોકોનું કુટુંબ રૂઢિ પ્રમાણે મને કન્યા ન આપે. પરંતુ હું ભણેલોગણેલો અને મુંબઈમાં સારું કમાતો લાયક યુવક છું માની એમણે હિંમત કરી. કન્યા જોવા જવામાં મને કડવા અનુભવ થયેલા હતા એટલે મેં એમને લખ્યું કે તમે પ્રથમ મારા અંગે જેટલી તપાસ કરવી હોય તેટલી કરી લો. મેં પોતે પણ મારી હકીકત સ્પષ્ટ જણાવી. અને ઉમેર્યું કે કાન્તાને જોયા પછી હું હા પાડીશ એવું કહી શકતો નથી. એટલે નાનો કદાચ જવાબ આવે ને તેમને ખોટું લાગે તેમ હોય તો મને માફ કરશો.'

'વડોદરામાં હું અને કાન્તા મળ્યાં. ગામડે અંગ્રેજી ત્રણ ભણેલી, આગળ છ ધોરણ સુધી વડોદરા કાકાને ત્યાં રહીને ભણેલી. એટલું ભણતર બહુ થઇ ગયું માની માએ એને આગલી સાલ ઉઠાડી લેઇ ગામડે આણી હતી. સંકોચ તો એનામાં આજે છે તેથી તે દિવસે વિશેષ હોય તે સ્વાભાવિક છે. મેં થોડા સવાલો પૂછ્યા એના એણે જવાબો આપ્યા. ટૂંકમાં મને એ ગમી.'

મેં કાન્તાના મોં ઉપર ભાવ જોવા એના તરફ દૃષ્ટિ કરી: રાતનો અમલ શરૂ થઈ ગયો હતો એટલે દિવસની જેમ ભાવ જોવા શક્ય નહોતા. છતાં મને ખ્યાલ આવ્યો કે એના મોં ઉપર લજ્જા હતી.

'મેં એના પિતાને હા પાડી. લગ્ન વૈશાખમાં ગોઠવાશે તેમ તે ઘડીએ સામાન્ય વાત થઈ. હું મુંબઇમાં ઘરની શોધમાં પડ્યો. લગ્નજીવનનાં મધુરાં સ્વપ્નો રચવા લાગ્યો. કાન્તાને મુંબઇની છોકરીઓ પેઠે હું કેમ ઘડીશ તેમ પણ વિચારવા લાગ્યો હતો. કોણ જાણે કેમ, પણ એને જોતાં મારું હૈયું બોલી ઊઠ્યું હતું કે તું જે છોકરી શોધે છે તે આ જ છે. એમાં થોડા ઘાટ ઘડાવાના બાકી છે, પણ એ ઘડાતાં વાર નહિ લાગે. તું જેમ ઘડવા માગીશ તેમ ઘડાય તેવી આ જ છોકરી છે !'

પિનાકીન અટક્યો. મેં કાન્તા સામે જોયું. મને પણ થયું કે એ જરૂર વ્યક્તિત્વવાળી તો છે જ.

'અરવિંદ ! મેં ત્રણહજારની પાઘડી આપી શિવાજી પાર્કવાળો આ ફ્લેટ રાખી લીધો હતો. એ મેળવતાં શું થયું છે તે મારું મન જાણે છે. ઑફિસથી છૂટી હું ક્યાં ક્યાં દોડતો, કોને કોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતા, કેટલાં કેટલાં ઘર જોઈ નાખતા, નામે મુંબઈમાં ઘર રાખવું એવું જ ધાર્યું હોત તો તરત બની ગયું હોત. પરંતુ મારે તો દરિયો જોઈતો હતો, ચાલીનું કે માળાનું જીવન નહિ પણ સ્વતંત્ર ફ્લૅટનું જીવન જોઇતું હતું. સંસ્કારી ગુજરાતી અને દક્ષિણી વસ્તી જોઇતી હતી. અને તે ખાતર અઢીહજારે એ બીજા સાથે નક્કી થયેલું છતાં મેં ત્રણહજાર આપીને ‘મની મેન્શન ’નો એ ફ્લૅટ તરત રાખી લીધો. અઠવાડિયામાં બધું ફરનીચર વસાવ્યું. રેડિયો લાવ્યો, ઇલેક્ટ્રિક પંખો લાવ્યો, ટેબલલેમ્પ સરસ અમેરિકન લાવ્યો……’

હું હસ્યો. કાન્તા હસી કે નહિ તે જોવા મેં એના સામે જોયું, ત્યાં એ બોલીઃ ‘ એ બધું વર્ણન નહિ કરો તો પણ એમણે જાતે એ જોયું છે. ’

હું બોલ્યોઃ ‘નહિ, કાન્તાબહેન! વસ્તુઓ જોવામાં કંઇ મજા નથી, એ વસાવવા પાછળના ભાવ જોવા એમાં જ ખરી મજા છે. બાકી એવી લુખ્ખી વાત ટૂંકમાં હું ક્યાં નથી જાણતો ?’

પિનાકીને મારી દલીલ સ્વીકારી હોય તેમ એણે વાત મૂળ પ્રવાહ પ્રમાણે વહેવા દીધીઃ ‘ અરવિંદ! એક દિવસ મને જ કાન્તાની ઈર્ષા આવી! મુંબઈમાં બે વરસ ઓળખીતાના ભેગાં જેમતેમ ખેંચી નાખ્યાં, એક વરસ મિત્રની સીંગલ રૂમમાં નભાવી લીધું. છેલ્લાં બે વર્ષ પરેલના ગંદા મજૂર લત્તામાં પાઘડી ન ખર્ચવી પડે માટે જીવન ખેંચી નાખ્યું. અને પિનાકીન બસ પૈસાનો પૂજારી હોય તેમ એને ભેગા કર્યા કર્યા! અને આજે એની ભોક્તા કાન્તા હજુ આવી નથી તે પહેલાં શું આ બધી તૈયારી ચાલી રહી છે! ત્યારે પિનાકીન વૈભવ ભોગવશે તે પણ કાન્તાને લીધે જ ને!’

મેં સંમતિ આપતાં કહ્યું:‘ સાચે જ, ઈર્ષા આવે એવું જ થયું છે! પરેલની તારી એ ઓરડી કાન્તાબહેને જોઈ હોત તો એમને પણ ખ્યાલ આવત.’ અને મેં કાન્તાબહેન તરફ જોઇ કહ્યું: ‘ કાલ રવિવાર છે. બપોરે જમીને આરામ કરવાને બદલે એ રૂમ કાન્તાબહેનને બતાવી આવ.’

કાન્તા બોલીઃ ‘ તમારે એ દરખાસ્ત મૂકવાની કંઈ જરૂર નથી. મને તમારા કહ્યા વગર જ બતાવી દીધી છે. પુરુષનામાં એટલો સંયય નથી હોતો, એમ તમને સાંભળીને મને લાગ્યું છે.’

‘ સાંભળ! સાંભળ!’ મેં ઉતાવળે પિનાકીનને કહ્યું: ‘ કાન્તાબહેન શાંત છે તેમ જોજે માની બેસતો. જોયું આ આખી પુરુષજાત ઉપર કટાક્ષ કર્યો તે!’

‘ પણ મારો આટલો ટોચે ચણેલો મહેલ જમીનદોસ્ત થઈ ગયો.’ એ ગઇગુજરીને સંભારતાં પિનાકીન સાચે જ ગળગળો થઈ ગયો: ‘ કાન્તાના પિતાનો વેવિશાળ ફોક કરતો પત્ર આવ્યો. મને તે વખતે મત્સ્યવેધના સ્થંભે ચડેલો કર્ણ યાદ આવ્યો. એને અપમાનના શબ્દો ગૂંજી ઊઠ્યા—તું દાસીપુત્ર છે એટલે મત્સ્યવેધ કરીશ તો પણ દ્રૌપદી તને નહિ વરે! દ્રૌપદીનો કર્ણ જીવનપર્યંત કેમ કટ્ટો દુશ્મન બની રહ્યો તે માનસ મને તે ક્ષણે આપોઆપ સમજાઈ ગયું. પત્રમાં લખ્યું હતું કે તમે હલકા ગામના છો એટલે કાન્તાના મોસાળપક્ષનો મોટો વાંધો છે. બીજો કોઇ ઉપાય નથી. એટલે વેવિશાળ ફોક સમજજો!’

ઘડીભર અમે ત્રણેય પૂતળાં હોઈએ તેમ જડ રહ્યાં. ‘ અરવિંદ! વિવાહ ફોક થયાનો મને અફસોસ ન હતો. કાન્તાનો વિચાર બદલાયો હોત અને તેણે ના પાડી હોત તો હું સમજત કે એને પૂરતો અધિકાર છે. મેં મારું ગામ–કુળ છુપાવીને વાત કરી હોત તો તો જુદી વાત હતી. મેં બધી વાત ખુલ્લી કહી હતી. બધાંએ વાંધો માન્યો ન હતો. મોસાળપક્ષ પણ સંમત હતો. પરંતુ કોઇએ મોસાળપક્ષને એ અંગે મહેણું માર્યું એના ફળરૂપે મને ડામ દેવા હલકા ગામને કારણે મારું વેવિશાળ તૂટ્યું–મારું ઘર ભાંગ્યું! મારાથી ન રહેવાયું. મેં ધમકાવીને પત્ર લખ્યો અને મારું હૈયું ઠાલવ્યું.’

અને પિનાકીનનો અવાજ ઊંચો થયો: ‘ એ મારું ભાંગી ગયેલું ઘર પાછું ચણાવવું શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાન્તાને એ પત્ર વાંચવામાં આવ્યો. એ પોતે પણ મારી જેમ ઘાયલ થઈ હતી. એણે પણ એની રીતે સ્વપ્ન રચ્યાં હતાં. એમાં એનો પોતાનો જ સ્વાર્થ બગડી રહ્યો છે એમ એને લાગ્યું હતું. છાની રડતી, પત્ર લખીને પિતાને પણ આપ્યો હતો, પરંતુ એમાં એનું કંઇ વળ્યું ન હતું. એમાં મારો પણ એવો દુઃખપૂર્ણ પત્ર વાંચતાં એનામાં હિંમત આવી. એણે એક સ્નેહી માર-ફત-જે મારો સંબંધ થાય તેમ ઇચ્છતા હતા-એનું પોતાનું દુઃખ વ્યક્ત કર્યું. મેં એના જવાબમાં એ સ્નેહીને લખ્યું કે, દોષ બધો કાન્તાના પક્ષનો છે. એમાં હું શું કરું ? જો કાન્તાની તૈયારી હોય તો હું તો એનો થવા તૈયાર જ છું જ.'

'પિનાકીનનું મોં ખીલી ઊઠયું તે મેં અંધારામાં પણ વર્ત્યું. ભાષામાં પણ હર્ષ સ્પષ્ટ સંભળાતો હતો: 'બસ ! એ પત્રે કામણ કર્યું. કાન્તાનો પત્ર આવ્યો કે માબાપથી છાનીમાની એ આવવા તૈયાર છે. મારું હૈયું નાચી ઊઠયું. મને ઊંડે ઊંડે, કોણ જાણે શાથી પણ થયા કરતું હતું કે, મારું લગ્ન કંઇ ધરડેવાળું થવાનું નથી. એટલે આ સ્થિતિ આવતાં મારામાં પ્રથમ કરતાંય વિશેષ જુસ્સો અને ઉમંગ ઊભરાવા લાગ્યો. છતાં મેં એ ઉપર કાબૂ રાખ્યો. કાન્તાને લખ્યું કે મારા પત્રથી જ જો તું આવવા તૈયાર થઇ હોય તો પૂરતો વિચાર કરજે. એક બાજું, એક વખત જોયેલો અજાણ્યો યુવક છે અને બીજી બાજું ઘર છે, જે પછી કાયમ માટે બંધ થવાનું છે. મારા કોડ શા છે એ શું કહું ? છતાં કોઈ પ્રસંગ આવે ને તને પસ્તાવા જેવું લાગે તો એમ ન થવું જોઇએ કે એના પત્રોએ પોતે છેતરાઇ. માટે મક્કમ વિચાર હોય તો જ પગલું ભરજે.'

પિનાકીન અટક્યો. કાન્તા સાવ શાન્ત હતી. થોડી દૂર હતી એટલે એના ભાવ પારખવા શક્ય નહોતા એટલે એના તરફ જોયા વગર હું એકચિત્તે વાત સાંભળ્યા કરતો હતો.

'અરવિંદ ! પત્ર લખતાં તો લખ્યો, પણ પોસ્ટ કરતાં મન ઢચુંપચું થતું હતું. કાન્તાનો એથી વિચાર બદલાઇ જશે તો ? કાન્તાને હું ઝંખતો હતો પછી એવાં ગાંડાં કાઢવાની શી જરૂર ? પણ છેવટ પત્ર તે દિવસે જ પોસ્ટ કર્યો. કાન્તાએ લખ્યું કે પોતે શી રીતે નાસી છૂટે તે વિચારીને પત્ર લખશે. એ માટે બધી વ્યવસ્થા તમારે કરવી પડશે.'

પિનાકીને દરિયા તરફ હાથ કરતાં કહ્યું: 'આ સમુદ્રમાં જેમ મોજાં ઊછળે છે તેમ મારા મગજમાં મોજાં ઊછળવા લાગ્યાં. શું કરવું ? સીધી મુંબઇ લાવવી એમ એક વખત વિચાર્યું. પણ થયું કે ના, એ મૂર્ખાઇ ગણાશે. રસ્તામાં જ, પાછળથી તાર થાય ને લગ્ન પહેલાં પકડાઈ જઇએ તો વચ્ચે ઉપાધી આવે. ગોઠવવું એવું કે તરત લગ્ન થઇ જાય. પછી મુંબઈ આવવું. એને ગામથી વડોદરા આવતાં મોટરરસ્તે કલાક જ લાગે તેમ હતો એટલે રાતે ને રાતે વડો-દરા લગ્ન પતાવી દેવું. એ રાત્રે મેલમાં મુંબઇ જઈ શકાય નહિ એટલે દિવસ વડોદરામાં રહેવું પડે. બીજે રાત્રે વળી વાત જાય...પકડાઇ ગયા તો...પોતાની તો ઠીક, પણ કાન્તાને એ લોકો શું કરે......એ મોજાંનું વર્ણન આજે થાય તેમ નથી.

'ચાલો આગળ જવા દો.' મેં ટહુકો પૂરતાં કહ્યું.

'કાન્તાએ પણ એનો વિરોધ નોંધાવ્યો હતો. એટલે ઘરનાં બધાં શંકાશીલ રહેતાં હતાં. મારા પ્રથમ પત્ર પહેલાં એણે ધમકી પણ આપેલી કે જો તમે નહિ માનો તો હું મારો સૂઝતો રસ્તો લેઇશ. એ વખતે એ રસ્તો શો હતો એની કાન્તાને પણ ખબર ન હતી. ઘરનાં બધાંએ એનો અર્થ કૂવો હવાડો કર્યો હતો. પરંતુ અમારી બંનેની વચ્ચે પત્રવ્યવહાર થયા પછી એણે વર્તન બદલી નાખ્યું. નાખુશી ભૂંસી નાખી. બીજે વિવાહની વાત થતી તેનો વિરોધ પણ એણે મૂકી દીધો. ઘરનાં છેતરાવાં. કુટુંબમાં એક દીકરીનું લગ્ન આવતું હતું ત્યારે ભાગવાનો લાગ મળશે માની એણે એ તારીખ જણાવી. રાત્રે નવ વાગે ગામથી અમુક દૂરની જગાએ મોટર લાવીને ઊભી રાખવી, એમ સૂચના પત્રમાં લખી જણાવી. એ પછી શું કરવું એ અમારે જોવાનું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું આગલે દિવસે વડોદરા આવ્યો. મારા બે મિત્રોએ બધી વ્યવસ્થા કરવાની માથે લીધી હતી. કાન્તાને ખાનગીમાં મદદ કરનાર પેલા સ્નેહી હતા જ. મારે મોટર સાથે ન આવવું એમ બધાંનો મત હતો. વાત પણ બરાબર હતી. પરંતુ જે મિત્રો મારે માટે જતા હતા એમને માથે પણ જોખમ ઓછું ન હતું. જો, પકડાઇ ગયા તો ઝનૂની લોક ત્યાં જ ફૂટી નાખે. મિત્રોની એ કંઈ જાણ બહાર ન હતું. છતાં પિનાકીનના લગ્ન આગળ એ જોખમ એમને દેખાતું ન હતું. મોટર ગઈ. કાન્તા આવી. વિધિની તો એટલી કોને પડી હતી, એટલે કાયદેસર લગ્ન ગણાય તે માટે વિધિ પતાવી. છેલ્લો મેલ, ઘણા વખત ત્રણ કલાક મોડો હોય છે તેમ હોય તો, માટે એમ માની દોડી જોયું. ભાગ્ય તે ઘડી જોરમાં હતું એટલે ત્રણને બદલે સાડાત્રણ કલાક મેલ મોડો નીકળ્યો. એ જ રાતે ભાગ મુંબઇ ભણી !'

પિનાકીનને થાક ચડ્યો હોય તેમ એ ત્યાં જ અટકી ગયો. મેં કાન્તા ભણી જોયું. એની હિંમત મને સમજાતી ન હતી. ઘર તરફથી તે પછી મોટો વિરોધ થયો હતો. 'તને અમે મરી ગયેલી માનીએ છીએ માટે તારે હવે અમને કાગળ ન લખવો.' એમ કાન્તાએ એક પત્ર લખ્યો તેનો જવાબ આવ્યો હતો. એ લગ્નના અઠવાડિયા પછી પિનાકીને મારા પત્રમાં લખ્યું હતું કે, કાન્તા મેં ધારી હતી તેના કરતાં વધારે હિંમતબાજ છે. ઘર છોડ્યાનો એને સહેજે પસ્તાવો નથી. સ્વર્ગથી હું બે આંગળ જ નીચે હોઉં તેમ આજે લાગે છે !

હું એ વિચારમાં દરિયા સામે તાકચો. મને વળી માણસના મનની અને દરિયાની અગાધતા સરખાં લાગ્યાં. દરિયા ઉપરથી ઠંડો અને ઉનાળામાં અમૃત જેવો લાગે તેવો પવન આવતો હતો. દરિયો એના ભૈરવ રાગે ગાઇ રહ્યો હતો. કાન્તા હાથ વતી રેતી ફેંદતી હતી. હું વિચારોના સાગરમાં ડૂબકીઓ ખાતો હતો. પિનાકીન એના સ્વર્ગમાં ડોલી રહ્યો હતો.

કેટલો વખત એમ મૌનમાં વહી ગયો તેની કોઇને ખબર ન હતી. છેવટે પિનાકીને જ એનો ભંગ કર્યો: 'અરવિંદ ! આ લગ્ન જો સીધેસીધું થયું હોત તો મને થોડું નુકસાન થયું તે ન થાત.'

નવી વાત સાંભળતાં મેં ઉત્સુકતાપૂર્વક પૂછ્યું: 'નુકસાન વળી શું ગયું ?'

'મારી નોકરીની જગા તો તું જાણે છે. જો નિયમ મુજબ થયું હોત તો કંકોત્રીઓ લખત. બધાંને મારી જરૂર રહી એટલે સહેજે પાંચસો સાતસો રૂપિયા ચાંલ્લો—ભેટસોગાદ મળત. અને કાન્તાના પિતા—મારી તો કોઈ શરત નહોતી છતાં—પૂરતા તોલા જણશો કરવાના હતા.'

મારી આંખમાં ઓચિંતી રેતી પડી હોય તેમ મેં આંખો લૂછી, અને દરિયા ભણી નજર માંડી. આ કોણ બોલતું હતું ? ઘડી પહેલાં બોલનાર—'લાયક છોકરી વગર બીજી લાલચ પણ ન હતી.'—એના મોંમાં આ શબ્દો ? હું કાન્તા હોઉં તો મારું હૈયું જ બેસી જાય. કાતીલ જખમ થાય. તોનસેન્સ લગ્ન એ શું પુરુષને મન છેવટે, ઊંડે ઊંડે નફાતોટાનો ધંધો છે શું !

મેં એવી કોઇ લાગણી કાન્તામાં જાગી છે કે નહિ તે જોવા એના તરફ નજર કરી. પણ એ દરિયાની જેમ ગંભીર જ હતી.

બસ ! મારી ચોમેર દરિયો જ પથરાઇ રહ્યો છે. વિશાળ આકાશ સુધી પથરાયેલો સમુદ્ર નહોતો પામી શકતો તેમ પિનાકીન—કાન્તાના મનનો સાગર નહોતો પામી શકતો. અને હું, મારો તો પાર નહોતો પામી શકચો ! બસ ! ચોમેર સાગર ! સાગર ને સાગર !

મને એથી થયા કરતું હતું કે મારા જેવું કાન્તાનું ઊર્મિતંત્ર હોત તો જરૂર પિનાકીનના શબ્દોથી હચમચી ગયું હોત. 'ભૂંડા ! જેને માટે કાયમનું ઘર છોડી આવી છતાં આંખમાંથી એક આંસુ પણ પાડ્યું નથી, ત્યારે તું ચાર પૈસાનો નફો તારવે છે ! મેં તને સાચું મોતી માન્યો હતો, તું ફટાકિયું મોતી નીકળ્યો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારો એવો મૌનમાં સમય પસાર થઈ ગયો. પિનાકીન છેવટ બોલ્યો: 'કેમ કંઇ મૂંગો થઈ ગયો? વાતમાં મઝા ન પડી?'

હું શું બોલું?

કાન્તાએ કહ્યું: 'ચાલો હવે ઊઠીશું?'

દરિયાથી જાણે હું અકળાઇ ગયો હોઉં તેમ સૌ પહેલાં ઊઠ્યો.

હું મુંબઈ હજુ પાંચ દિવસ રહેવાનો હતો. પરંતુ સવારથી મારો મુકામ બીજે બદલાતો હતો. જતાં પહેલાં હું ફોન કરીશ એમ જણાવી બંનેની વિદાય લીધી.

ગુરુવારે સાંજે હું જતો હતો ત્યારે મને મળવા ગુજરાત મેલ ઉપર પિનાકીન અને કાન્તા બંને આવ્યાં હતાં. બીજા પણ મિત્રો હતા. કપડાંનો રંગ કાચો નીકળતાં એ ઊડીને ઝાંખું પડી જાય તેવું ઝાંખું મોં મને આજે કાન્તાનું લાગ્યું. મેં સ્વાભાવિક પૂછ્યું: 'કેમ કંઇ કાન્તાબહેન! શરીર ઠીક નથી? તો નહોતું આવવું.' અને પિનાકીનને ઠપકો આપતાં ઉમેર્યું: 'તું ય સાવ જક્કી લાગે છે ને! આવા શરીરે......'

કાન્તાએ અમારી બધાંની નજર ચુકાવવા મોં ફેરવી લીધું. પણ હું તરત પામી ગયો કે એમની આંખમાં પાણી ભરાઈ આવ્યું હતું.

પિનાકીન બોલ્યો: 'અરવિંદ! તે સાંજે આપણે દરિયેથી ફરીને આવ્યા ત્યારથી કાન્તા બદલાઇ ગઈ છે!'

મારું હૈયું ફફડી ઊઠ્યું. સિંહણ જેવા સ્વભાવવાળી આ સ્ત્રીને જો હૈયામાં ઘા થયો હશે તો ભારે થઈ પડશે. સમજી હશે તો ઘા થયા વગર રહે નહિ!

મને ઊંડો વિચારમાં પડી ગયેલો જોઇ મારા બીજા મિત્રો પણ વાતચીત કરતા અટકી ગયા. પિનાકીનને હું બધા વચ્ચે તો શું કહું? એટલે મેં તે ઘડીએ એટલું કહ્યું કે, 'કાન્તાબહેનનો રોગ હું પારખી ગયો છું. દવા ઘેર જઇને મોકલીશ.' અને ગાડી ઊપડી એટલે સૌને વંદન કરતાં મેં કાન્તાબહેન સામે જોઇને કહ્યું: 'હું તમને ઓળખી ગયો છું, કાન્તાબહેન હો! પિનાકીન ભલોભોળો છે. એની કોઈ વાતને ગંભીર ન માની લેતાં!'

પણ મારા પાછલા શબ્દો કાન્તાબહેને સાંભળ્યા હશે કે કેમ એની મને શંકા છે.

*

લેખક: ઝવેરચંદ મેઘાણી

હાસ્ય અને કટાક્ષને વણતું આ પુસ્તક એકવાર વાંચી જજો. જીવનની થોડીક પળો હળવી થશે.

કિંમત રૂ. ૨-૮-૦ રજિ. પોસ્ટ ખર્ચ ૦-૫-૦

ભારતી સાહિત્ય સંઘ લિ૦ મુંબઇ-અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશદેશની લોકકથાઓ

રામચંદ્ર શુક્લ

શ્રી નિરંજન વર્મા અને શ્રી જયમલ્લ પરમારે સન ૧૯૪૪માં દેશદેશની લોકકથાઓના ૭ ભાગ પ્રસિદ્ધ કરેલા તેની સન ૧૯૪૬માં બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી છે. ગૌડ બંગાળ, પંજાબ, બુંદેલખંડ, કાઠિયાવાડ અને રાજસ્થાન પ્રદેશોની લોક-વાર્તાઓને ૭ ભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે, તેમાં બે ભાગ ગૌડ બંગાળની વાર્તાઓ રોકે છે. નિવેદનમાં સંગ્રાહકો જણાવે છે કે 'સાહસ, શૌર્ય, ઉદારતા, કારુણ્ય, પ્રેમ, પરાક્રમ કે બુદ્ધિચાતુરી–એવાં કાંઈક ને કાંઈક તત્ત્વોને ઉદ્‌બોધતી વાર્તાઓ જ સંઘરવામાં આવી છે.'

માનવસ્વભાવ અને મનુષ્યની લાગણીઓ સર્વત્ર એક જ પ્રકારની હોય છે: માત્ર સંજોગો અને વાતા-વરણના ભેદના પરિણામે એમાં ભિન્નતા દેખાય છે. હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોની આ કથાઓ વાંચતાં એમાં બુદ્ધિગમ્ય તત્ત્વો આ જમાનામાં ઓછા જણાય, છતાં દરેક યુગમાં લોકમાનસ તે તે વખતની કલ્પ-નાઓ, આકાંક્ષાઓ, આદર્શો અને સ્થિતિને ભિન્ન ભિન્ન પ્રકારે વ્યકત કરવા પ્રયત્ન કરે છે, અને એમાંથી સમય જતાં લોકસમૂહમાંથી લોકકથાઓ પેદા થાય છે. એનું કથાનક સમય હોય છે. વસ્તુ ગૂંથણી હોતી નથી છતાં વાર્તાપ્રવાહ રસપ્રદ હોય છે. અને ન મનાય તેવાં પ્રસંગોનું આલેખન હોવા છતાં, એ રસ આપે છે. વાંચી શકતાં નાનાં બાળકોથી માંડી અનુભવી વૃદ્ધો સુદ્ધાં એનાથી આકર્ષાય છે; કારણ કે રસ વૈવિધ્યને કારણે એ તમામને આનંદ આપે છે.

વાર્તાઓ વાંચતાં જણાશે કે અપર માનાં સંતાનોની વિષમ સ્થિતિનો ખ્યાલ લોકલાગણીને ઉત્તેજિત કરતો હતો. ધ્રુવજીની પૌરાણિક કથામાં આવતી અપર મા ત્યારથી પ્રજાની લોકકથાઓમાં સ્થાન ભોગવે છે; અને આજ સુધી લોકસમૂહનો એ વિષેનો અનુભવ એવો ને એવો જ છે. 'બુંદેલખંડની વાતો'માં રાણી કહે છે. 'મહારાજ ! પ્રતિજ્ઞા કરો કે મારા મોત બાદ તમે ફરીથી નહિ પરણો. જો બીજી રાણી આવી તો મારા બાળકોનો એ જાન લેવાની.' પણ રાજા બીજી રાણી પરણે છે, અને સંત અને વસંત બન્ને કુંવરોને દેશવટો દે છે. જગદેવ પરમારની જાણીતી વાર્તામાં અપરમાને કારણે જગદેવ પાટણ જાય છે, અને પોતાની હિંમત અને નિમકહલાલીથી પરાક્રમી નીવડે છે. 'પંજાબની વાતો'માં 'અલકુ ને શલકુ'માં પણ વાર્તાની શરૂઆત એવા પ્રસંગથી જ થાય છે. ગૌડ બંગાળાની વાતોના બીજા ભાગમાં 'વિચાર કરુ રાજા'માં બીજી રાણી આગલી રાણીના કુંવરો વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા કરે છે. પણ એ તમામ વાર્તાઓમાં અપરમાની અસૂયાને પરિણામે કષ્ટ ભોગવતાં સંતાનોનાં સાહસ ને બુદ્ધિચાતુર્યનો ચિતાર અપરમાની અસૂયાને ગૌણ બનાવી દે છે.

હિંદમાં ઘણા વખતથી માનવ માત્રના કલ્પના-ક્ષેત્રમાં પરી અને રાક્ષસ સમાજને લગતી અનેક કથાઓ પ્રચલિત છે. વાર્તાઓની ઘટનાઓ રાક્ષસો અને પરીના પ્રસંગોથી રોમાંચક અને અદ્‌ભુત વાતા-વરણમાં બનતી હોય એમ લાગે છે, અને બાલમા-નસને એ અતિશય રોચક બને છે. 'ગૌડ બંગાળની વાતો ભા-૨'માંની 'હજારીમલ–એકલમલ' વાર્તા રૂપસુંદર રાક્ષસી બ્રાહ્મણને આકર્ષી એની જાળમાં ફસાવે છે તેનો ચિતાર આપે છે. કાચું માંસ ખાવાના રાક્ષસના સ્વભાવમાંથી એનું ખરું સ્વરૂપ જેવું કે છરા જેવા દાંત, મોટી જીભ અને ગુફા જેવડું મોં. બ્રાહ્મણને ખબર પડે છે અને તે પકડાઈ જાય છે. પછી તો એ બ્રાહ્મણ અને બ્રાહ્મણી બન્નેને ઓહિયાં કરી જાય છે. પણ આ રાક્ષસીના બે દીકરાઓ નિશાળેથી બારોબાર નાસી જાય છે. અને રસ્તામાં હજારીમલ એની માને મારી નાખે છે. બીજે ગામ બન્નેજણ જાય છે. ત્યાં બ્રાહ્મણને ઘેર રાત રોકાય. આ ગામમાં રાક્ષસી માટે ઘર દીઠ એક માણસ ખાવા મોકલવો પડતો. આજે તેનો વારો હતો એથી ઘરમાં રોવાની હતી, એકલમલ અને હજારીમલ બન્ને રાક્ષસ માટે એ રાતે મંદિરમાં જાય છે, અને 'ખાઉં ખાઉં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી રાક્ષસી રાતે આવે છે અને હજારીમલ એને મારી નાખે છે. તે ગામનો રાજા એની કન્યા હજારીમલને પરણાવે છે મહાભારતમાં બકાસુર લોકોને ત્રાસ આપતો અને ઘર દીઠ રાતે એક માણસ ખાતો તેને ભીમ મારે છે. આ પ્રચલિત કથાની અસર ત્યાર પછીની અનેક લોકકથાઓમાં જણાઈ આવે છે. એકલમલને રાક્ષસી દાસીએ ત્યાંથી કઢાવ્યો ત્યારે તે રાક્ષસોના બીજા મુલકમાં આવી પડે છે. ત્યાં રાક્ષસો દિવસે ચરવા જાય અને રાતે ઘેર પાછા આવે. ત્યાં એને સુવર્ણકેસ મળી જાય છે. આખીય વાર્તા રાક્ષસી ઘટનાઓનો ચિતાર આપે છે, 'બુંદેલખંડની વાતો'માં 'સંત અને વસંત'ની વાર્તામાં વસંતને રાક્ષસી મળે છે. અને તેને આખો ને આખો ગળી જાય છે, પણ અંદરથી કટાર મારી રાક્ષસીને મારીને બહાર આવે છે. 'કાઠિયાવાડની વાતો'માંની 'સાત માને ધાવેલો' કથામાં પણ રાક્ષસી રાણી આવે છે, અને એ નગરનાં લોકોને ખાય છે.

આ લોકકથાઓમાં એકલા પુરુષોનાં સાહસ અને બુદ્ધિચાતુર્યની કથાઓ છે, એમ નથી. પરી જેવી સ્ત્રીઓનાં સૌન્દર્યથી આકર્ષાતા પુરુષોનાં બુદ્ધિ અને બલ સાથે સુકોમળ સ્ત્રીઓનાં અપૂર્વ સાહસની કથાઓ પણ એમાં છે. જગદેવ પરમાર સાથે વીરમતી શોભે છે. મોતી પદ્મણીના રૂપથી રાજા આકર્ષાય છે, પણ એને મેળવવામાં એના ઉખાણા અને સમસ્યાઓનો ઉકેલ એની રાણી કહે છે. સમસ્યા આલેખનારી મોતી પદ્મણી અને એનો ઉકેલ કરનારી રાણી આગળ રાજા સામાન્ય મોર પાળેલો માણસ જણાય છે. 'રતનીચોરી'માં રાજકુમારી પોતાની બુદ્ધિશક્તિથી ચારભાઈઓમાંથી ચોરીને કુશળતાથી પકડી આપે છે, અને ચોર કોણ તે મોઘમ રહેવા દે છે 'રાણી શુકનવંતી'માં પણ રાણીની બુદ્ધિથી હજામનો ફેજ થય છે 'પંજાબની વાતો'માં 'ઓરતની મરદાનગી'માં પુરુષવેષમાં રહી બેગમ હુસેનશાહના નામથી અનેક પરાક્રમો કરે છે, અને રાજપાટ મેળવે છે. ગૌડ બંગાળની વાતો ભાગ. ૧માં આપકર્મી દીકરી પોતાના સોદાગર પિતાની સંપત્તિ છોડી ચાલી નીકળે છે. અને પોતાના શ્રમથી ધીમેધીમે સંપત્તિવાળી બની રાજકુમારને પરણે છે.

મુખ્યત્વે રાજકુમારોના સાહસ અને શૌર્યની કથાઓ એમાં છે. માનસિંહ ને અભેસિંહ, જગદેવ, રાજા શાલીવાહન અને બળીઓ: એ તેમ જ બીજા રાજકુમારો કાં તો રાક્ષસો મારે છે અથવા કપરા સંજોગોમાંથી પાર નીકળી દુશ્મનોને હંફાવી અજબ હિંમત દર્શાવી અંતે વિજેતા બને છે. એ સાથે સામાન્ય જનસમૂહના બીજા થરની પણ કથાઓ એમાં આલેખાયલી છે. 'નવરંગ અને સબરંગ' બન્ને ચોર છે, ભારે હોશિયાર છે અને કોઇના હાથમાં આવતા નથી. રાજાના મહેલમાં પણ ચોરી કરે. સબરંગ રાજાના દરેક હુકમો જુદા જુદા વેશ લઈ જાણ્તો હોવા છતાં બુદ્ધિબળથી ચોરી કરી ભંગ કરે છે 'મામો અને ભાણેજ' બન્ને ચોર છે અને એકબીજાથી ચડે એવા છે. એ વાતમાં એકબીજાને બુદ્ધિથી ચોરી કરવાના અને હંફાવવાના અનેક પ્રસંગો છે. 'બાપ તેવા બેટા' માં બે ચોર છે, અને એમના ચોરપરાક્રમની કથા છે. 'અલકુ અને શરપુ' માંનો શરપુ ચોર નથી, પણ ઘણો જ હોંશિયાર અને કુશળ છે. એના બુદ્ધિચાતુર્યના અનેક પ્રસંગો એ વાર્તામાં છે.

વાર્તાઓમાં ઉંદરમાંથી ઘણી કસુંબલ બનતી રાણીની કથાઓ: સુંદર કોતરેલી પૂતળી પર મોહ પામેલા અને એને શોધતા શાહજાદાની કથા છે: બોલતાં-વાછડો અને વાછડો કથામાં આવી પાત્રોનો મેળાપ કરાવે છે: 'જગમાલ માલાવત'માં લશ્કરી મદદે આવીને લડતાં ભૂતપ્રેતો છે: 'સોનેરી પંખી' ને શોધતા રાજકુમારનાં પરાક્રમો છે: બોલતાં પોપટ અને મેના છે: દરવાજે સવારમાં દેખાતા અજાણ્યા માણસો છે રાજા બનવાની ઘટનાઓ છે; આગલા અવતારની અદ્ભુત કથાઓ છે, અને બોલતી પૂતળીઓ પણ છે.

સંયોજકોએ ભાષા સરળ રાખી છે, અને પ્રાથમિક શાળાઓમાં ભણતા નાના છોકરાઓ અને છોકરીઓ પણ એ હોંશે વાંચી આનંદ મેળવે છે. એવી સરળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાના જોરે સંયોજકો અદ્‌ભુત વાતાવરણ પણ ઊભું કરે છે. પરંતુ રાક્ષસીના દરેક પ્રસંગોમાં પ્રસંગની એકવિધતા સાથે ભાષા અને કથનપ્રકાર પણ એક જ જાતનો રહે છે. ચોરનું બુદ્ધિચાતુર્ય માત્ર 'બુંદેલખંડ' અને ગૌડબંગાળ—' વાતો સિવાય બીજે નથી, રાજસ્થાનની બધી વાતો અદ્‌ભુત અને સાહસિક પ્રસંગોથી ભરી છે, તેમ જ સમસ્યા અને ઉકેલમાં પારંગત મોતી પદમણી અને રાજરાણીનું આલેખન કરે છે: શરૂપનું બુદ્ધિચાતુર્ય અને ઓરતની મરદાનગી 'પંજાબની કથાઓ' આપે છે: 'ચાર મૂરખા'ની વાત પણ એમાં જ છે. ગૌડ બંગાળની વાતોના બીજા ભાગમાં રાક્ષસીને મારવાના પરાક્રમની, નાગને મારવાની, બોલતાં વાછડા–વાછડીની ઘટનાઓ અને દેવાંશી ઘોડો અને પોપટની વાર્તાઓ દ્વારા બુદ્ધિ બતાવતો નાનો રાજકુમાર છે. કાઠિયાવાડની વાતો પણ મુખ્ય... ત્વે અદ્‌ભુત પ્રસંગો આલેખે છે.

આ વાર્તાઓનું બાલમાનસ પર એટલું ... આકર્ષણ રહે છે કે બીજી ગુજરાતી જાણતો ... નિશાળમાં આ કથાઓ વાંચવા સાથે દફતરમાં ... જાય છે, અને વર્ગમાંનો બીજો વિદ્યાર્થી એના... આકર્ષાઈ એ દફતરમાંથી નિરાંતે ઘેર આસ્વાદ ... એમાંની એક બે ચોપડીઓ ઉપાડી જાય છે; ... આ અવલોકન લખતા પહેલાં એ ચોપડીઓનું પારાયણ ... બાળકો પાસે કર્યું છે. અદ્‌ભુત કથારસ નાના કે મોટા ... સૌને એટલો જ આકર્ષક હોય છે.×

× દેશ-દેશની લોકકથાઓ ભા. ૧-૨ લેખક ... વર્મા. જયમલ્લ પરમાર: ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ ... અમદાવાદ કિંમત રૂા. ૬-૦-૦. પોસ્ટેજ ૦-૬-૦

❋



ઉલ્લાસ વાચનમાળા.

ઉલ્લાસ વાચનમાળા.



ઝવેરચંદ મેઘાણી સંપાદિત ઉલ્લાસ વાંચનમાળાના આ ત્રણે પુસ્તકો ખૂબ સસ્તી કિંમતે પ્રગટ કર્યા છે. બાળકો-જુવાનો અને વૃદ્ધો સૌ કોઈને રસ ને આનંદ આપતું સાહિત્ય વસાવજો.

ત્રણે પુસ્તકની કિંમત માત્ર રૂા. ૨-૪-૦ રજિ. પોસ્ટેજ ૦-૫-૦

ભારતી સાહિત્ય સંઘ લિ૦ મુંબઈ—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વિજ્ઞાનદર્શન

શ્રી. બંસી ગાંધી, बी. एससी.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम एससी, पीएच डी.

બાયક્રોમેટનો ઉદ્યોગ

૧૯૧૪-૧૮ના મહાયુદ્ધ દરમિયાન આપણા દેશના અનેક જુદા જુદા ઉદ્યોગો અસ્તિત્વમાં આવ્યા હતા; પરંતુ યુદ્ધવિરામ થયા બાદ પરદેશોમાંથી સસ્તો માલ ખૂબ આયાત થવા લાગ્યો. આ હરીફાઈમાં હિંદના ઊગતા ઉદ્યોગો ટકી ન શક્યા અને તેમાંના ઘણાંખરાં નાશ પામ્યા.

તાજેતરમાં બંધ પડેલ વિશ્વયુદ્ધ દરમિયાન પણ કેટલાય નવા ઉદ્યોગો દેશમાં ચાલુ થયા છે. આગળના અનુભવ પરથી આ વખત સરકાર ઉદ્યોગોને રક્ષણ આપે એવી માગણી થઈ રહી છે. આવા નવા ઉદ્યોગોમાં એક ઉદ્યોગ બાયક્રોમેટ બનાવવાનો છે. આ ઉદ્યોગને સરકારે મદદ કરી છે એ વાત બરાબર છે, પણ બીજી બાજુ પરદેશોમાંથી બાયક્રોમેટની આયાત વધારતી જાય છે. ૧૯૪૨-૧૯૪૪ના બે વર્ષના ગાળામાં ૨૫૦૦ ટન કરતાં વધારે બાયક્રોમેટ દેશમાં આયાત કરવામાં આવ્યો છે, એ નવાઈની વાત છે. યુદ્ધપૂર્વે બધો બાયક્રોમેટ પરદેશથી આવતો. નવાઈની બીના છે કે આની બનાવટ માટે જરૂરી બધી સામગ્રી દેશમાં સુલભ્ય છે, છતાં તેની બનાવટ અહીંયા ન થતી. બાયક્રોમેટની બનાવટમાં આવશ્યક કાચો પદાર્થ ક્રોમાઇટ હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએથી પુષ્કળ નીકળે છે (જુઓ ઊર્મિ અને નવરચના, ૧૯૪૬ના જુલાઈનો અંક, પાનું ૨૯૦). હિંદનું આ કાચું ધન પરદેશ ખાતે ચડતું: દર વર્ષે છવ્વીસથી અઠ્ઠાવીસ હજાર ટન ક્રોમાઇટ પરદેશ મોકલવામાં આવતું. અને તેમાંથી બાયક્રોમેટ બનાવીને અહીંયા વેચાવા આવતો. ૧૯૩૩-૧૯૩૬ સુધી દર વર્ષે પરદેશોમાંથી ૫૮૭૦ હંડ્રેવેટ પોટાશિયમ બાયક્રોમેટ અને ૧૮૫૦૦ હંડ્રેવેટ સોડિયમ બાયક્રોમેટ હિંદમાં આયાત થયો હતો: આશરે સાડાપાંચ લાખ રૂપિયાની કિંમત થાય.

આપણા દેશમાં બાયક્રોમેટ બનાવવાનું શરૂ થયું: અનુભવે માલૂમ પડ્યું કે બનાવટની ક્રિયામાં ક્યાંક ખામી રહેલી છે: ધારેલ પ્રમાણમાં માલની પેદાશ ન ઊતરતી. આનું કારણ શોધી કાઢવા સંશોધન હાથ ધરવામાં આવ્યું. માલૂમ પડ્યું કે ભઠ્ઠીની રચનામાં ખામી રહેલી છે. મુંબઈ સરકારના ઉદ્યોગ ખાતા તરફથી આ દિશામાં થયેલું કાર્ય નોંધપાત્ર છે. બાયક્રોમેટની બનાવટમાં ભઠ્ઠીની સુધારણા અને તેથી માલની પેદાશમાં થયેલ સુધારો — બાયક્રોમેટના ઉદ્યોગની આજની સંતોષકારક પરિસ્થિતિ આને આભારી છે.

બાયક્રોમેટની બનાવટમાં નીચેના કાચા પદાર્થોની જરૂર પડે છે:

(૧) ક્રોમાઇટ : આ કાચો પદાર્થ હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએથી નીકળે છે. બલુચિસ્તાન તેમ જ માઇસોરમાંથી નીકળતો ક્રોમાઇટ ઊંચા પ્રકારનો છે. તેમાં ક્રોમિયમ ઓક્સાઇડ ૫૬.૫ ટકા સુધી હોય છે.

(૨) ચૂનો : ચૂના-પથ્થર આપણા દેશમાં ઘણી જગ્યાએથી મળી આવે છે. ચૂનો એટલા માટે વાપરવો પડે છે કે ભઠ્ઠીમાં ક્રોમાઇટ અને સોડા ગરમીને લીધે ઓગળીને ગઠ્ઠો થઈ જાય તેને ચૂનો અટકાવે છે, અને એને છિદ્રમય રાખી પ્રક્રિયા ચાલુ રાખવામાં મદદરૂપ થાય છે.

(૩) સોડા : હવે દેશમાં સોડા બનાવવાના કારખાના ચાલુ થયા છે અને સોડા પુષ્કળ મળી શકે છે. ઉપરાંત પરદેશથી પણ પુષ્કળ સોડા આયાત થાય છે.

(૪) ગંધકનો તેજાબ : દેશમાં આ તેજાબ બને છે અને સહેલાઈથી મળી શકે છે.

(૫) પોટાશિયમ ક્લોરાઈડ : આ રસાયણ પણ દેશમાં મળે છે.

પર્યાવર્તન ભઠ્ઠી (reverberatory famace) માં ક્રોઇમાઈટ, સોડા અને ચૂનાનું મિશ્રણ ૧૦૫૦° — ૧૧૦૦° ડિગ્રીની ગરમીએ ગરમ કરવામાં આવે છે. ભઠ્ઠીમાં પ્રક્રિયા ચાલતી હોય ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવા અંદર દાખલ કરવામાં આવે છે. આ ક્રિયામાં ચૂનો કોઈ ભાગ લેતો નથી પણ સોડા અને ક્રોમાઈટના ઓગળતા જથ્થાને છિદ્રમય રાખે છે જેથી અંદર હવા જઈ શકે અને પ્રક્રિયા બરાબર ચાલે.

આ રીતે સોડિયમ ક્રોમાઈટ તૈયાર થાય છે, આ પદાર્થને જુદો પાડવા ભઠ્ઠીમાંથી કાઢેલા ગરમ જથ્થાને પાણી સાથે ભેળવવામાં આવે છે. સોડિયમ ક્રોમાઇટ પાણીમાં ઓગળે છે અને બાકીની અશુદ્ધિઓ અદ્રાવ્ય હોઇ તેમાંથી જુદી પડે છે. આ દ્રાવણ પીળારંગનું હોય છે. આ સોડિયમ ક્રોમાઇટના દ્રાવણમાં ગંધકનો તેજાબ નાખવામાં આવે છે, જેથી ક્રોમાઇટનું બાયક્રોમેટમાં પરિવર્તન થાય છે. આ તેજાબવાળા દ્રાવણને અમુક વિશિષ્ટ ઘનતા (૬૭ ડિગ્રી બોમે સુધી) આવે ત્યાંસુધી ઉકાળવામાં આવે છે. આથી બીજા પદાર્થો ઘનરૂપે જુદા પડી જાય છે. પછીના દ્રાવણને જરૂરિયાત મુજબ ઉકાળવાથી બાયક્રોમેટના પીળા સ્ફટિકો આવવા લાગે છે: તેને સેન્ટ્રીફ્યુગલ વડે જુદા પાડવામાં આવે છે.

સોડિયમ બાયક્રોમેટ ઘણું સસ્તું હોય છે અને તેને પોટાશિયમ કલોરાઇડ સાથે મેળવીને પોટાશિયમ બાયક્રોમેટ બનાવાય છે. પોટાશિયમ બાયક્રોમેટના ચકચકિત રાતા સ્ફટિકો થાય છે.

આધુનિક રીતમાં, ૩૪૦ પૌંડ ક્રોમાઈટનો બારીક ભૂક્કો, ૨૭૦ પૌંડ સોડા અને ૩૬૦ પૌંડ ચૂનાના મિશ્રણને ભઠ્ઠીમાં એકમ ચાર્જ (ઓરણા) તરીકે લેવાય છે.

દર વર્ષે આપણા દેશમાં ૩ હજાર ટન બાયક્રોમેટની પેદાશ થાય છે. અત્યારે એક હંડ્રેવેટનો ભાવ ૬૮-૭૫ રૂપિયા સુધી ચાલે છે. હવે સરકારે આ ઉદ્યોગને રક્ષણ આપ્યું છે. આશા છે કે ભાવ ૩૫-૩૮ રૂપિયા થશે. મુંબઇ, કાનપુર, માઇસોરમાં ડાયક્રોમેટ બનાવવાના કારખાના ચાલે છે.

બાયક્રોમેટ હુન્નરઉદ્યોગમાં ખૂબ વપરાય છે. ચામડાં કેળવવામાં, લેમનક્રોમ, ક્રોમયેલો ઇત્યાદિ રંગોની બનાવટમાં ક્રોમિયમના અન્ય ક્ષારો બનાવવામાં બાયક્રોમેટ ઉપયોગમાં આવે છે. બાયક્રોમેટ ફોટોગ્રાફીમાં પણ છાપવાની કાર્બન અને ગમડાયક્રોમેટ રીતોમાં ઉપયોગી થાય છે. ડાયક્રોમેટ એટલે પણ બાયક્રોમેટ સલ્ફ્યુરિક એસિડની સાથે આવે છે. ડાયક્રોમેટ જારણકર્તા તરીકે (oxidising agent) વપરાય છે. લોહના ક્ષારોનું જારણ કરવા ડાયક્રોમેટ પૃથ્થકકરણમાં વપરાય છે. કાપડને રંગવામાં બાયક્રોમેટ વપરાય છે. રંગ પાકો કરનાર દ્રવ્ય (mordaut) તરીકે પણ તેનો ઉપયોગ થાય છે.

આપણા દેશમાં આ ઉદ્યોગને ખીલવવાનો અવકાશ છે.

जीवो जीवस्य जीवनम्

(Biological Control)

ઇ. સ. ૧૮૮૫ની વાત છે. કેલિફોર્નિયામાં લીંબુની જાતનાં ફળોનું ખૂબ વાવેતર થાય. જાતનાં ફળોના અનેક રોપાયો પરદેશમાંથી મંગાવ્યા. ત્યાંના ખેડૂત વાવે અને પાક પણ ખૂબ ઊતરે. એક વખત કોઈ એકાદ રોપા સાથે ઇયળ જેવા એક જીવ આવી પડયા. ખેડૂતને તેમની હાજરીની ખબર પણ ન હતી. પણ એ જીવે આખા વાવેતરનું વાવેતર સાફ કરી નાખ્યા જોતજોતામાં એ જીવની સંખ્યા એટલી વધી ગઈ કે ખેડૂતોને એ ફળોનું વાવેતર જ કાઢી નાખવું પડ્યું.!

આનો ઉપાય શો કરવો? એક જર્મન વૈજ્ઞાનિકે પ્રશ્ન ઊંચકી લીધો. એવા ફળો ક્યાં ક્યાં થાય અને એ બધે ઠેકાણે આવા જીવો હોય છે કે કેમ અને હોય છે તો કેમ નુકસાન નથી કરતા? તપાસ કરતાં માલૂમ પડ્યું કે જે જગ્યાએ આવા જીવ છે ત્યાં તેને મારી ખાનારું એક જાતનું પક્ષી હોય છે. તેથી તેવાં જીવની સંખ્યા વધી જતી નથી અને પાક બગડતો નથી.

રોગની દવા મળી ગઈ. એવા પક્ષી કેલિફોર્નિયામાં વસાવવામાં આવ્યાં. પક્ષીને ઉજાણી મળી ગઈ. જોતજોતામાં પક્ષીની સંખ્યા ખૂબ વધી ગઇ અને જીવની સંખ્યા ઘટતી ચાલી. વાવેતર સજીવન થયું.

બધા જ જીવ સાફ થઇ જાય અને પક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછાં થાય એમ બને. શું ? કેવું. નથી જાણતા. જીવ બહુ હોય ત્યાં ભૂખી પક્ષીને આસાનીથી ખોરાક મળે એટલે તેઓ વધવા માંડે. પછીથી વધી પડેલા પક્ષીને ભાગે જીવ ઓછા આવે એટલે એમને ભૂખે મરવું પડે, એટલે પક્ષી પણ વધી શકે નહિ. ખોરાકના જથ્થાના પ્રમાણમાં જ ખાનારા જીવી શકે એટલે એ પક્ષી અને તેનો ખોરાક એવા નાના જીવ વચ્ચે એક ચોક્કસ પ્રકારનું પ્રમાણ જળવાઈ રહે. કુદરતમાં આવી યોજના ખૂબ જોવા મળે છે. તેને અંગ્રેજીમાં biological control કહે છે.

રોમનોએ રોમ વસાવ્યું. તેમને વહાણ બાંધવા હતા. ખેતી માટે જમીન જોઈતી હતી. શું કરવું ? ત્યાં મોટા મોટાં જંગલ હતાં. જમીન બારે માસ લીલીછમ રહેતી. વરસાદ સારો આવતો અને જંગલોની પાર વિસ્તરેલા મેદાનો ફળદ્રુપ હતાં. તેમણે જંગલો કાપવા માંડ્યાં, અને લાકડાનાં વહાણ બાંધ્યાં. થોડા સમયમાં જંગલો સાફ થયાં. વહાણ બંધાયાં અને ખેતી કરવા જમીન મળી. પણ ?

સદાય લીલી રહેતી જમીન તાપથી સૂકાઈ ગઈ. વરસાદ ઓછો થયો અને વરસોવરસ જમીન ધોવાતી ગઈ. અગાઉ ફળદ્રુપ પ્રદેશ હતો તેની ફળદ્રુપતા ઘટી. અને જંગલો કાપી સાફ કરેલી જમીન ખેતી માટે નકામી નીવડી. કુદરતને સમજ્યા વગર રોમનોએ વાપરેલી બુદ્ધિ તેમને જ ભારે પડી.

સૈકાઓ ગયા. વિજ્ઞાન વિકસતું ગયું. જંગલોની અગત્ય સમજાઈ. નવાં જંગલો વસાવવા પ્રયત્ન થયા. જંગલોમાં કયા ઝાડ રોપવા ? જે જે ઝાડ કાંઈક ઉત્પન્ન આપતાં રહે તેવાં જ ઝાડ રોપવાનું માનવબુદ્ધિને સૂઝ્યું. પણ કુદરતે કદી એક જ પ્રકારનાં વૃક્ષ હોય એવાં જંગલ સરજ્યાં નહોતાં. કુદરતે તેમાં કયું ડહાપણ વાપર્યું છે તે સમજવાની માણસને વાર હતી. જંગલો બનાવવા પાછળ ઠીક ઠીક પૈસા ખરચાયા. પણ ધાર્યું પરિણામ આવ્યું નહિ. ઝાડ ન તો સારાં ઊછર્યાં કે ન તેનું ઉત્પન્ન આવ્યું. ફરી એક વાર દુનિયામાં જ્યાં જ્યાં કુદરતી જંગલો છે ત્યાં ત્યાં જઈ તે તપાસવાની–તેમાંથી સાર લેવાની માણસને ફરજ પડી. મનુષ્યબુદ્ધિ હારી. કુદરત જીતી. વૈજ્ઞાનિક કુદરતને ખોળે ગયો, તેણે શું જોયું ?

કુદરતી જંગલમાં અનેક પ્રકારનાં વૃક્ષો છે. કોઈક ઊંચાં તો કોઈક નીચાં. કોઈક ઝાડનાં ખરી પડેલાં પાન બીજી જાતનાં ઝાડને ખાતરની ગરજ સારતા હોય. કોઈક ઝાડ છાયામાં જ ઊગી શકતા હોય અને તેમને છાયા આપવાનું કામ મોટાં ઝાડ કરતાં હોય. કોઈક ઝાડનાં ફળફૂલ કે પાન ખાનારાં જીવજંતુ કે પક્ષીઓ બીજા અનેક જાતનાં વૃક્ષોને પથરાવવાનું કે તેનાં બી વિખેરવાનું કામ કરતાં હોય. ત્યાં અનેક જાતની જીવસૃષ્ટિ વસે. તે બધી એકબીજાને સહારે ઊછરે. દરેક કોઈ નહિ ને કોઈક વૃક્ષને ઉપયોગમાં આવે. વૃક્ષ તેને ઉપયોગમાં આવે. કોઈ પણ એક જ પ્રકારનાં ઝાડનું જંગલ જ ન મળે. એકબીજાના સહારે નાના પ્રકારનાં અનેક છોડ અને ઝાડ, પશુ, પંખી અને વનસ્પતિ ઊછરે. Biological Control નું અદ્ભુત દૃશ્ય.

ફક્ત જડ આર્થિક દૃષ્ટિ નજર સામે રાખી ચોક્કસ જાતનાં ઝાડનાં જંગલ બનાવવાનું અશક્ય છે. જંગલો નવાં વસાવવાં જ હોય તો મિશ્ર જંગલો વસાવવાં જોઈએ. ત્યાં અનેક જાતની વનસ્પતિ જોઈએ જ અને તે પણ એકબીજાને આધાર આપે તેવી.

રોમનોએ જંગલો સાફ કરી નાખ્યાં ત્યારે ત્યાં કઈ કઈ જાતનાં ઝાડ છોડ કે વેલા હતા અગર તો તેમાં કઈ કઈ જાતની જીવસૃષ્ટિ રહેતી હતી તેની નોંધ કોણે રાખી હોય ? અને એવી નોંધના આધારે વગર ત્યાંની આબોહવાને અનુકૂળ આવે એવી વનસ્પતિ, છોડ કે ઝાડ શોધી શોધીને કયા પ્રમાણમાં વાવવા કે જેથી જંગલ ઓછા સમયમાં અને ઓછા ખર્ચે તૈયાર થાય, જમીન સૂકાતી અટકે, જમીનનું ધોવાણ અટકે અને વરસાદ વધે !

વૈજ્ઞાનિકે શક્ય તેટલી માહિતી ભેગી કરીને કામ આરંભ્યું. પ્રયત્નને પરિણામે મિશ્ર જંગલો ઊભાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

થવા લાગ્યાં અને તે કારગત પણ નીવડયાં પણ તે અસલ જંગલ જેવાં તો નહિ જ. biological controlનો અભ્યાસ અને વૈજ્ઞાનિક દૃષ્ટિને પરિણામે શકય તેટલું બધું કરવાથી નવાં જંગલો વસાવવાનું કામ થાળે પડતું ગયું.

આપણા દેશનાં જંગલો કપાતાં જાય છે. દેશની એ કુદરતી સંપત્તિનો નાશ થતો કયારે અટકશે?

ગુજરાતના ઘણા ભાગોમાં આવી Biological contolની જીવવૈજ્ઞાનિક નિયમની એક પ્રથા પ્રચલિત છે. ચોમાસામાં તળાવો પાણીથી ભરપૂર બને છે. કેટલાકમાં બારે માસ પાણી રહે છે અને કેટલાકમાં ફકત ચોમાસા પૂરતું જ પાણી રહે છે. આ પાણીમાં લીલ તેમ જ બીજી વનસ્પતિ ઊગે છે. ડિસેમ્બરની આખરમાં આ તળાવો સૂકાવા માંડે છે અને તે સાથે તેમાં રહેલી વનસ્પતિ પણ સૂકાવા માંડે છે. [illegible] સમય દરમિયાન તેમાં ધીમે ધીમે સડો પેસે છે [illegible] તેથી તેમાંથી આસપાસ ખરાબ વાસ ફેલાય છે. [illegible] લઇને તળાવનું પાણી બગડે છે અને તેથી ગામ[illegible] લોકોને પીવાના તેમ જ બીજા ઉપયોગ માટે તેમ[illegible] ઢોરોને પીવા માટે પાણી તદ્દન નકામું થઇ જાય છે. આવી સ્થિતિમાં ગામલોકો કેરડાંના ડાખળા [illegible] કરી, તેને સૂકવી નાખી તળાવમાં નાખે છે. [illegible] કેરડાના ડાંખળા સડવા માંડે છે તેવાં તળાવ[illegible] અંદર રહેલી લીલ તેમ જ બીજી વનસ્પતિ [illegible] સડવા માંડે છે અને અંતે બધી વનસ્પતિ પાણી[illegible] સપાટી ઉપરથી તળિયે જઇ બેસે છે. આથી પા[illegible] ફરી સ્વચ્છ બને છે અને ગામલોકોને પીવાના તેમ[illegible] બીજા ઉપયોગ માટે તે વાપરવાલાયક બને છે.

*

ઝવેરચંદ મેઘાણીની ત્રણ નવલકથાઓ



વિષયે અને શૈલીએ સાવ અનોખી એવી આ ત્રણે નવલકથાઓ ગુજરાતની વિખ્યાત કથાઓ છે.

એનું વાંચન હૈયામાં મંગલ ભાવના ઊભી કરશે. એક વાર તો વાંચી જોજો.

કિંમત ૩-૦-૦ : કિંમત ૪-૦-૦ : કિંમત ૨-૮-૦ ત્રણે સાથે મંગાવનારને પોસ્ટેજ માફ.

ભારતી સાહિત્ય સંઘ લિ૦ મુંબઇ : અમદાવાદ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુસંધાન પૃષ્ઠ ૧૬થી ચાલુ)

બે કરોડ પાઉન્ડનો ધુમાડો કરે છે, એટલે રાષ્ટ્રીય કરકસરની પ્રચંડ હિલચાલમાં આ ખર્ચ પણ આંખને ઘણો ખટકે તેવો છે. બ્રિટનના આકરાં જકાત-વધારા સામે વળતાં પગલાં તરીકે અમેરિકન ફિલ્મોની સમૂળગી નિકાસ બંધ કરી દેવાની ધમકી હોલીવૂડે આપી છે. આ ધમકી પાછળ માત્ર ડંફાસ નથી. બ્રિટનમાં લોકો રવિવારે દેવળમાં નહિ જતા હોય તેટલા પ્રમાણમાં શનિવારે સિનેમા જોવા જાય છે. તેમાંય વળી સિનેમા જોવાની લતે અમેરિકન ફિલ્મો સાથે એટલી બધી મહોબ્બત કરી છે કે બ્રિટનમાં દેખાડાતી દર પાંચ ફિલ્મોમાંથી એક જ બ્રિટિશ બનાવટની હોય છે. ખુદ અંગ્રેજ સ્ત્રી-પુરુષ-બાળકો બ્રિટિશ ફિલ્મ કરતાં અમેરિકનને વધુ પસંદ કરે છે! એટલે અમેરિકાથી ફિલ્મો આવતી સદંતર બંધ થઈ જાય તો બ્રિટિશ પ્રજામાં જરૂર એક મોટો ખળભળાટ પેદા થાય.

અમેરિકન ફિલ્મોએ માત્ર બ્રિટનની જ નહિ પણ જગતભરની સિનેમા-બજારો ઉપર આવી મજબૂત પકડ જમાવી છે. આજે તો અમેરિકા અંગ્રેજી ભાષામાં વિદેશી જીવનની ફિલ્મો બતાવીને આપણા દેશના કરોડો રૂપિયા ઢસડી જાય છે. હિન્દી જીવનની ફિલ્મો અંગ્રેજી ભાષામાં તો એ ઉતારી ચૂક્યું છે. હવે છેલ્લું પગલું હિંદી ભાષામાં હિંદી જીવનની ફિલ્મો ઉતારવાનું એને માટે બાકી રહ્યું છે. આપણો ફિલ્મ-ઉદ્યોગ અત્યારનાં જેવાં જ રદ્દી ચિત્રો ઉતારવાનું ચાલુ રાખશે તો આ ત્રીજું પગલું ભરાતાં સુધીમાં એ લગભગ નામશેષ બની જાય તેવી શક્યતા છે. એવું બનશે તો આપણી કેટલીય ફિલ્મ-સંસ્થાઓના અવસાનથી પ્રજાને બહુ રંજ નહિ થાય, અફસોસ માત્ર એટલો થશે કે રાજકીય સ્વતંત્રતા મેળવ્યા છતાં આવી મહત્ત્વની કલાના ક્ષેત્રમાં તો આપણે પરાધીન રહ્યા.

અધિકારરક્ષાની ચીવટ ને ફરજ-બજાવણીની ઉત્કટ ભાવના

પે-કમિશનની, મજૂરો માટે અલ્પસંતોષી ભલામણો અનુસાર પોતાના ૧,૫૨,૮૦૦ નોકરિયાતોને પગાર-ભથ્થાં આપવા જતાં મદ્રાસ સરકારને પોતાની આમદાનીનો અરધો હિસ્સો પગાર-ચૂકવણીમાં જ ખરચી નાખવો પડે તેમ હોઈને એ ભલામણોનો અમલ કરવાની અશક્તિ એ પ્રાંતના એક પ્રધાને જાહેર કરી છે.

બીજા પ્રાંતોની નાણાંકીય હાલત પણ, આથી ખરાબ નહિ તો, આવી જ હશે એમ માની શકાય. આમાં દયા કોની ખાવી! ટૂંકા પગારદાર સરકારી નોકરની કે કરભારણથી લદાયેલા સામાન્ય પ્રજાજનની? તે એક વિકટ પ્રશ્ન છે. હજુ તો સંપૂર્ણ સ્વરાજપ્રાપ્તિની સાથેસાથે દરેક સરકારી ખાતામાં વધુ ને વધુ કાર્યબોજ ઉઠાવવા નવા માણસોની ભરતી કરવી પડશે. ત્યારે વળી એમનો બોજો હજી વધશે. એ બોજો વેઠવા પ્રજા તો જ તૈયાર થાય કે જો સરકારી નોકરિયાતો પોતાને પ્રજા સમસ્તના સેવક સમજે અને નીચેના સમાચારમાં પડી છે તેવી ઉચ્ચ ભાવનાથી એ સેવા બજાવે:

> 'ન્યુયોર્કમાં વધી પડેલા ગુનાઓને પહોંચી વળવા માટે એ શહેરના ૧૭,૦૦૦ પોલીસોએ દર છ દિવસે વગર પગારે વધારાના ચાર કલાકની ફરજ બજાવવાનો નિર્ણય કર્યો છે. આ વધારાના સમયની ફરજ-બજાવણી દરમિયાન તેઓ સાદાં કપડાં પહેરે છે અને બિનસરકારી વાહનોમાં બેસી શહેરની ગલીઓમાં ગુના પકડવા ઘૂમતા રહે છે.'

આપણા જીવનના સર્વ ક્ષેત્રોમાં મજૂરવર્ગમાં પોતાના અધિકારરક્ષાની ભાવના વધી છે તે જેમ સુખની વાત છે, તેમ પોતાના કાર્યમાંથી એમની ચીવટ, એમનો ઉમંગ અને જવાબદારીની ભાવના ઘટ્યાં છે તે અમંગળ બીના છે. પગારના વધારા માટે પરદેશોના આંકડા ભલે રજૂ થાય; ફરજ-બજાવણી અંગેની ત્યાંની હકીકત પણ કદીક આપણે સંભારી લેવી જોઈએ.

તા. ૨૭-૮-'૪૭ મ૦

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ. મ. ર.

કેળવણીની પગદંડી

[લે. નાનાભાઈ ભટ; મુખ્ય વિક્રેતા, ભારતી સાહિત્ય સંઘ–મુંબઈ–અમદાવાદ; મૂલ્ય સાડાત્રણ રૂપિયા.]

પહેલાંના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના નિયામક અને હાલના આંબલાની ગ્રામદક્ષિણામૂર્તિ શાળાના 'મુખ્ય મહેતાજી', નવી કેળવણીના સારા પ્રયોગકાર અને અગ્રગણ્ય કેળવણીકાર શ્રી. નાનાભાઈ ભટના પૂરી બે વીશી ઉપરના શિક્ષણક્ષેત્રીય પ્રયોગો અને અનુભવ આ પુસ્તકના નાનામોટા મળી કુલ ૬૪ લેખોની પાછળ ઊભા છે. એ સાથે ઊભી છે એમની દૃષ્ટિ પણ; જે દૃષ્ટિ કેળવણીનો માત્ર બૌદ્ધિક ભણતર એવો એકાંગી અર્થ ન કરતાં જીવનવ્યાપક સર્વાંગીણ કેળવણી એવો કરે છે, જેમાં શારીરિક, ચારિત્ર્યવિષયક, ઔદ્યોગિક, ધાર્મિક અને બધા પ્રકારની કેળવણીનો સમાસ થઈ જાય છે.

૨૩ વર્ષના ગાળામાં લખાયેલા આ સંગ્રહમાંના કેળવણીવિષયક લેખોને બે ખંડમાં વહેંચ્યાં છેઃ (૧) સિદ્ધાન્તચર્ચા, અને (૧) વ્યવહારચર્ચા. પણ બીજા પ્રકારના લેખો આગલા ખંડમાં નથી આવ્યા, અથવા આગલા ખંડના લેખોમાં વ્યવહાર તરફ નજર નથી એમ નથી. ખરી રીતે આદર્શ, અને વ્યવહારની ભૂમિકા પર એને કેમ ઉતારાય, એની જ વિચારણા બધા લેખોમાં થયેલી છે.

કર્તા ગુજરાતી સાહિત્યના શિક્ષણનો સાચો માર્ગ કયો તે બતાવે છે, ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો કેવાં પસંદ કરાય એની ચર્ચા અધિકારીની ઢબે કરે છે, પ્રવાસો વિદ્યાર્થીઓની કેળવણીમાં શો ભાગ ભજવે એ કહે છે, ચારિત્ર્યની કેળવણી કેમ અપાય તે ય સૂચવે છે, અને ઔદ્યોગિક તથા ધાર્મિક કેળવણીની પણ સિદ્ધાન્ત અને અમલ બંનેની દૃષ્ટિએ સારી ચર્ચા કરે છે. પણ એમના મોટા ભાગના લેખો શિક્ષણસંસ્થાઓ અને છાત્રાલયોના આદર્શ સંચાલનની અને તેની પાછળ રહેલી જોઈતી દૃષ્ટિની વાત છેડે છે. દક્ષિણામૂર્તિ સંસ્થાના સંચાલનને અંગે એમને આવી વિચારણા કરવી પ્રાપ્ત થઈ હશે એનું જ પરિણામ [illegible] લેખોને ગણાય. એવા લેખોમાં શિક્ષણસંસ્થા [illegible] છાત્રાલયે એમની પાસે ઘણું લખાવ્યું છે. છાત્રાલ[illegible] વિવિધ પ્રશ્નો વિચારતાં ગૃહપતિ અને તેની [illegible] પર શ્રી. નાનાભાઈએ જુદા જુદા લેખોમાં [illegible] એકંદર ઠીક પ્રમાણમાં લખ્યું છે. ગૃહપતિનો આ[illegible] અને તેની જવાબદારીઓનો ખ્યાલ તેમણે કેવો [illegible] બાંધ્યો છે એ એ બતાવે છે. છાત્રાલયના રસો[illegible] કોઠાર જેવી બાબતો પર પણ એમની ઝીણી [illegible] સાફ નજર ફરી વળી છે એ પણ ઘણા લેખો બતા[illegible] આપે છે. વિદ્યાર્થીઓ પરત્વે શિસ્ત, ચારિત્ર્ય, સ્વા[illegible] આરોગ્ય, પ્રવાસ, ભણતર–ગણતર અને જાહેર[illegible] જેવાં મહત્ત્વના વિષયોની ચર્ચા પણ [illegible] લેખોમાં થઈ છે.

કેળવણીના મિશનને વરેલા અને તે દ્વારા આગ[illegible] ઊગતી અને આવતી કાલની નાગરિક પેઢીને ઘ[illegible] માગનારાઓને તેમ જ શિક્ષણસંસ્થાઓ અને છા[illegible] લયોના વર્તમાન અને ભાવિ સંચાલકોને આ અ[illegible] કેળવણીવિચારકના લેખો સુપથ્ય અને અનુભવ[illegible] માર્ગદર્શન જરૂર આપશે. એ લેખોને આ પુસ્તકમાં ગ્રંથસ્થ કર્યા તે સારું કર્યું છે એમ સૌ કહેશે.

અંધારના સીમાડા

[લે. ટૉલ્સ્ટૉય; રૂપાંતરકાર મૂળશંકર મો. [illegible] પ્રકાશક, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા; મૂલ્ય દોઢ રૂપિયો.]

બેચાર નાની બાબતોમાં પરદેશી હોવા[illegible] ચાડી ખાતું, બીજી બધી રીતે આપણા ગામડાં[illegible] ખેડૂતજીવનને અનુરૂપ બનાવી દેવાયેલું ટૉલ્સ્ટૉય[illegible] Power of Darkness એ નાટ્યકૃતિનું [illegible] સફળ ગુજરાતી વેશાંતર છે, ગ્રામવાતાવરણ [illegible] તળપદી ભાષાની શ્રી મૂળશંકર ભટ્ટની પકડ [illegible] સફળતામાં સારો એવો હિસ્સો આપ્યો છે.

નાટક ટૉલ્સ્ટૉયની નીતિભાવનાનું સર્જન છે [illegible] એ કારણે ઉદ્દેશપ્રધાન કૃતિ છે. અંધાર જેવા પા[illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

સીમાડા પૂરા થવા આવે ત્યારે પુણ્યવૃત્તિના પ્રકાશની ટશરો ફૂટે એ ટૉલ્સ્ટૉયે તેમાં સરસ રીતે બતાવ્યું છે. પ્રેમજી બેફૂનો સાથી પ્રેમજીની બીજી વારની પત્ની પ્રેમજી અને તેની પહેલી પત્નીની દીકરી સાથેના શિથિલાચાર ને પાપમાં આગળ વધતો જાય છે અને પ્રેમજીનું અકુદરતી મોત એ પાપમાં વધારો કરે છે. પણ આખરે તેનો મોહમૂર્છિત અંતરાત્મા જાગે છે અને તેને પાપમાંથી પાછાં પગલા કરવાને આદેશ આપે છે. એનું પહેલું સક્રિય પગલું તે એણે જાહેરમાં કરેલો પોતાનાં પાપનો ગિરફતારી વહોરી લેતો એકરાર. એ જ અંધારાની સીમ પૂરી થતાં દેખાવા માંડેલો પ્રકાશ. નાથુ પાપમાર્ગે આગળ અને આગળ વધ્યો તે જાણે એની મા મણિનો સંસ્કારવારસો, અને પુણ્યોદયની પળ એના જીવનમાં જાગી તે જાણે એનાં પ્રભુપરાયણ ભગત બાપના કંઈક સંસ્કાર એનામાં ઊતર્યા હશે તેનું પરિણામ, એ ટૉલ્સ્ટૉયે કુશળતાથી અંદર સૂચવ્યું છે.

એવી ટૉલ્સ્ટૉયકૃતિનું આ વેશાંતર આપણે ત્યાં ભજવવાપાત્ર નાટકોની ઓછી સંખ્યામાં એકનો ઉમેરો કરે છે, અને તેથી આપણા સત્કારનું અધિકારી છે.

ભારતમેં અંગ્રેજી અમલ

[લેખક, 'ચકોર', પ્રકાશક, મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની–મુંબઈ; મૂલ્ય, સાડા ત્રણ રૂપિયા.]

પીળા કાગળ પર સુઘડ રીતે છપાયેલી આકર્ષક ગેટ-અપ ને વેષ્ટનવાળી ભેટ આપી શકાય તેવી સગવડવાળી આ ચિત્રપોથીની સંદેશપ્રકાશિત પ્રથમ આવૃત્તિ ખલાસ થતાં આ બીજી આવૃત્તિ થોડા જ માસમાં પ્રગટ થઈ છે તે એને મળેલા સત્કારનું એક ચિહ્ન છે. એનું નામ સૂચવે છે તેમ ભારતમાંના અંગ્રેજી અમલની સંપૂર્ણ દસ્તાવેજી ચિત્રપોથી એ નથી, પણ જહોન બુલે ભારતમાં ખેલેલી મેલી લીલાનું તહોમતનામું છે. ધેરા–ન્યાયાધીશ બની બેઠેલા બ્રિટન આગળ તેની સામેનું તહોમતનામું 'અશ્રુભ્દ પણ કારમી મજબ ભાખનારી ગિરા' ચિત્રગિરામાં ગુજરાતના યશસ્વી કટાક્ષચિત્રકાર 'ચકોરે' આ પોથીનાં કુલ ૫૩ ચિત્રો દ્વારા ધર્યું છે. એ રીતે આ જુવાન ચિત્રકારે પોતાની દેશદાઝ અને મનોવ્યથાને સચોટ રીતે રેખામાં ઢાલવી છે. જહોન બુલ સામેનું તહોમતનામું રજૂ કરી 'હિંદ છોડો' અને તેથી ય આગળ જઈ 'એશિયા ખાલી કરો'ની હાકલમાં 'ચકોર' પોતાની ચિત્રમાળાની સમાપ્તિ લાવે છે. 'રક્ષણ' 'સોબત' 'ફાયર' 'લૂંટ' 'કાતર' 'રખેવાળું' 'બહાનાં', તથા 'ગોરાનો બોજ' એ ચિત્રો કલાકારની સૂઝ' પીંછીકૌશલ, અને ભારતનાં ઇતિહાસ તથા વર્તમાન પરિસ્થિતિનું તેમનું દર્શન બતાવી આપે છે. દરેક ચિત્ર નીચે ચિત્રકારે પોતે ચિત્રનું વક્તવ્ય ગુજરાતીમાં લખ્યું છે. એમની ભાષામાં આવેશ ને ઉગ્રતા વધુ પ્રમાણમાં આવ્યાં છે. પોતાની દેશદાઝ ને મનોવ્યથાને એમણે ઢાલવી છે એમ આગળ કહ્યું ને જેમ રેખાઓ દ્વારા તેમ આ ભાષા દ્વારા પણ દરેક ચિત્રની સામેના કોરા પાના પર 'ચકોર'ના આ ગુજરાતી ચિત્ર-વક્તવ્યોનાં અંગ્રેજી ને હિંદી ભાષાંતરો છાપ્યાં છે. એમાં હિંદી ભાષાંતર સારું ને તેજસ્વી છે, પણ અંગ્રેજી એક તો છે જ નબળું ને તેમાં પાછું અત્યંત અશુદ્ધ છપાયું છે. હિંદ બહાર આ ચિત્રપોથીને મોકલવાની ઉમેદ હોય તો અંગ્રેજી ભાષાંતર સુધારવું અને શુદ્ધ રીતે છાપવું ખૂબ જરૂરી બનશે.

પ્રભુનું ધન

[અનુ. ચંદ્રશંકર પ્રા. શુક્લ; વોરા એન્ડ કંપની લિ૦ મુંબઈ, ૨; વિક્રેતો, એન. એમ. ઠક્કર એન્ડ કંપની; મૂલ્ય ત્રણ રૂપિયા]

અંગ્રેજ સાક્ષરો વિવેચકો વડે અનાદરાયેલી પણ તેના સમયમાં કોઈ લેખકને ન મળી હોય એવી પ્રચંડ લોકપ્રિયતા રળનાર વિક્ટોરિયન યુગની અંગ્રેજ નવલકથાલેખિકા મેરી કોરેલીની 'ધ ટ્રેઝર ઑફ હેવન' નામક અતિ લોકપ્રિય કથાનો આ અનુવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અનુવાદકે તેના પર પસંદગી ઉતારી તેમાં ટોલ્સ્ટૉયે તેમને શીખવેલી સાહિત્યભાવનાએ કામ કર્યું જણાય છે.

કૃતિ ધ્યેયલક્ષી છે, અને એક ઉમદા રહસ્ય એ બોધે છે. તે એ કે દુનિયામાં સ્થૂળ સંપત્તિ માનવીને ખરાં સુખશાતાની દાતા નથી, એ માનવીનું ખરું ધન નથી. મનુષ્યને જીવનનાં મીઠપ અને માંગલ્યનો અનુભવ કરાવે એ ધન તો છે પ્રેમ, માનવીના અંતરમાંથી માનવબંધુ માટે ઊછળતો, પરમાત્માની અમોલી બક્ષિસ જેવો, સ્વાર્થ કે બદલાની અપેક્ષા વિનાનો, નિર્મળ પ્રેમ. એની આગળ દુનિયાનો વૈભવ તુચ્છ છે. કથા આ વાત દૃષ્ટાન્તથી સિદ્ધ કરી આપવા જ જાણે લખાઈ છે, એટલે એ સીધી લીટીએ દોડે છે. પણ એમ છતાં એમાં કૃત્રિમતા નથી આવી.

કથા આવી છે: કરોડપતિ વૃદ્ધ ડેવિડ, પોતાની શ્રીમંતાઇમાં આળોટતાં થાકેલો, પોતાના પૈસા તરફ જ નજર રાખતા લાલચુ અને ખુશામતિયા પ્રેમથી કંટાળેલો, અંતરમાં એકલો અટૂલો ને બેચેન, કાળા માથાના કોઈ માનવીના નિર્મળ નિઃસ્વાર્થ સાચા પ્રેમની શોધમાં પોતાની વૈભવી દુનિયા છોડી પોતાનો સગડ ભૂંસી નાખી એક અકિંચન આદમીના વેશમાં લંડનથી દૂર દૂર નીકળી પડે છે. એની એ શોધ લેખિકાએ સફળ થવી નિરમી છે. એટલે સામાન્યોની અને ગરીબોની દુનિયામાં સામાન્યજન જેવો બની વિચરતો એ શ્રીમંતાઇના કૃત્રિમ આનંદોને બદલે કુદરતી મુક્ત જીવનનો શુદ્ધ સ્વાભાવિક આનંદ મેળવે છે એમ નિરૂપી લેખિકાએ એને પરમાત્માના દિવ્ય પ્રેમામૃતની પૃથ્વીવાસી આવૃત્તિ જેવો નિઃસ્વાર્થ અને સાચો પ્રેમ એના પર ઢોળતાં માનવીઓ એને સારુ ઉધરાણું કરનાર ટૉમ ને તેના ગામડિયા સાગરિતો, કમણીમાં તેને બેસાડનાર બાઇ મૅગ રોસ, અને વાવાઝોડામાં અધમૂવા થયેલા એને બચાવનાર અને વહાલસોઇ પુત્રીની માફક મમતાભરી એની સેવાચાકરી કરનાર મેરી ડીન જેવાં—એક પછી એક ભેટાડ્યાં છે. એ માનવતાથી મઘમઘતી અહૈતુકી પ્રીતિનો આસ્વાદ ચાખી ડેવિડ અંતરમાં શાં... અને જીવનનું નવું ખરું સુખ અનુભવે છે. પોતાની ઉપકારકર્ત્રી મેરીને પોતાના અઢળક ધનનો વારસો સોંપી જવા તેણે કરેલા વીલને વિશે પોતાના સેક્રે... સિટરને પોતાના અજ્ઞાતવાસમાંથી તેણે લખેલા પત્રમાં તેણે પોતાની કૃતાર્થતા આ રીતે વ્યક્ત કરી છે.

'… હું જે વસ્તુ—પ્રેમ-શોધતો હતો, ને ... મને કદી પણ મળવા વિષે તમને શંકા હતી, ... મને મળી. ધરતીનું ધન તો મારી પાસે ઢગલાબંધ છે, ને તેનો ઉપભોગ મેં ક્વચિત જ કર્યો છે. ... શુદ્ધ, નિઃસ્વાર્થ, કોમળ પ્રેમરૂપી જે પ્રભુનું ધન —જે ગરીબાઈ માંદગી ને એવાં બીજાં તમામ દુઃખો પણ સહન કરી શકે છે—તે તો મને અત્યાર સુધી કદી મળ્યું નહોતું. હવે મારા આત્માની અશાંતિ ને ઝંખના શમી છે. હું સુખી છું …વળી, ... માણસના અતિ ઉત્કટ, વિશુદ્ધ ને નિઃસ્વાર્થ પ્રેમ દ્વારા હું ઇશ્વરી પ્રેમની હસ્તી વિષે વિશ્વાસ રાખતાં શીખ્યો છું.'

પ્રભુનું આ પરમધન પામતા ડેવિડનું જીવન... ફરી જાય છે. તે બોલી ઊઠે છે કે 'દુનિયા ખરે... સુંદર છે', અને એ ભાન એના જીવનમાં ... પ્રસન્નતા ભરે છે તેનો સુખાનુભવ કરતો એ એ ... દશામાં જ મૃત્યુની ચિરશાંતિમાં પોઢી જાય છે.

ડેવિડના અવસાન સાથે કથાનું પ્રયોજન ... થાય છે, પણ કથા પૂરી થતી નથી. ડેવિડને ... માંગલ્યનું દર્શન કરાવનાર મેરીના એ પુણ્યકાર્યનો સહસ્ત્રગણો બદલો વાળી વાચકોની કવિન્યાયની ... સંતોષવા તેમ જ શુદ્ધ પ્રેમનું વધુ એક દૃષ્ટાન્તથી ... કરવા લેખિકાએ મેરીને એંગસ જેવા ભાવના... મહત્ત્વાકાંક્ષી નરનો ઊંડો નિર્મળ પ્રેમ સંપડાવ્યો ... આમ કરીને આ ધ્યેયલક્ષી સાદી કથામાં ... પ્રણયકથાનો પરિમલ પણ તેણે મહેકાવ્યો છે. ... તો મેરીને ડેવિડ પોતાના અઢળક ધનનો વારસો સોંપતો જાય છે, પણ એ ખબર પડતાં મેરી ... બતાવેલા ઉદ્વેગ ને વિષાદથી તેમ જ એંગસે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેચેતીથી લેખિકાએ જીવનનાં મૂલ્યોમાંથી ધનનો તો કાંકરો જ કાઢી નાખ્યો છે, એ પણ કથાનો અંતભાગ બરાબર બતાવી આપે છે. ખરું કહીએ તો આખી કથામાં લેખિકાએ શ્રીમંતાઈ, તેના દુર્વિલાસો અને તેનું ઠાલાપણું બતાવીને ગરીબો પ્રત્યે હમદર્દી વ્યક્ત કર્યા કીધી છે. નિઃસ્વાર્થ પ્રેમ અને માનવતાની મહેક પણ ગરીબોમાં જ તેણે બતાવ્યાં છે. આમ કરીને સ્થૂળ ધનવૈભવ કરતાં પ્રભુના પરમ ધન પ્રેમનો મહિમા તેણે શતગણો સ્થાપ્યો છે.

કથામાં મેરી કોરેલીની અન્ય કથાઓમાં આવે છે તેવા અદ્‌ભુત બનાવો અને તેથી નિષ્પન્ન થતો રસ નથી. લેખિકાએ સાદા માણસો, તેમની સાદી સીધી સ્વાભાવિક વૃત્તિઓ અને વર્તન, સાદા વાતાવરણ અને સામાન્ય પ્રસંગોથી જ પોતાનું કામ કાઢી લીધું છે, તેમ છતાં કૃતિ સાદ્યન્ત રસવાહી તો રહી જ છે એ લેખિકાની સિદ્ધિ ગણાય.

વાચકોને સાચાં ને શાશ્વત મૂલ્યો શીખવે અને તેમને સુપથ પ્રદર્શક નીવડે એવી કથાઓ જ લોકોમાં વહેતી મૂકવી ઘટે. અનુવાદકનું આ કાર્ય તેથી અનુમોદનને પાત્ર ઠરે છે. અનુવાદ વિષે કંઈ કહેવા જેવું નથી. શ્રી ચન્દ્રશંકર શુક્લ તો આપણા સિદ્ધહસ્ત અનુવાદક છે. તેમણે એકે મહત્ત્વનો પ્રસંગ ટાળ્યા વિના મૂળ કથાને ટૂંકાવીને પ્રવાહી ગુજરાતીમાં ઉતારી છે. જેવી તેવી બંગાળી અને ઇતર પ્રાંતીય કથાઓના ધંધાર્થી અનુવાદોની ભીડમાંથી પોતાનો માર્ગ કાઢી આ અનુવાદ સંસ્કારપ્રિય ગુજરાતી વાચકોનું ધ્યાન અવશ્ય આકર્ષશે.

ગીતાદર્શન

[અનુ૦ ચંદ્રશંકર પ્રા. શુકલ; પ્રકા૦ વોરા એન્ડ કંપની લિ., મુંબઈ ૨; વિક્રેતા, એન. એમ. ઠક્કર એન્ડ કં. મુંબઈ ૨; મૂલ્ય, સાડાત્રણ રૂપિયા.]

શ્રી. સર્વપલ્લી રાધાકૃષ્ણનના 'ઇન્ડિયન ફિલોસોફિ' ગ્રંથના પ્રથમ ભાગમાંના ગીતાવિષયક નવમા પ્રકરણનો આ અનુવાદ ગુજરાતની વાચનરસિક સંસ્કારપ્રેમી જનતાને ભારતીય ધર્મ, સંસ્કૃતિ ને તત્ત્વજ્ઞાનનો પંડિતપ્રવર રાધાકૃષ્ણનની અધિકારી અને છટાભરી વાણીમાં પરિચય કરાવવાના શ્રી ચંદ્રશંકર શુક્લના નિષ્ઠાળુ સેવાકાર્યનું એક વધુ ફળ છે. ગીતાનો મર્મ જાણવા ઇચ્છનારાઓને એનું વાચન ઘણું ફલપ્રદ થઈ પડવા વિશે શંકા નથી. ભારતીય તત્ત્વજ્ઞાનમાં 'સૌથી અધિક પ્રભાવશાળી ગ્રંથ' ગીતાને કહી શ્રી. રાધાકૃષ્ણને એનું વૈશિષ્ટ્ય અને મહત્ત્વ પ્રથમ સમજાવી, અન્ય મતોની રજૂઆત સાથે ગીતાનો રચનાકાળ ઇ. સ. પૂર્વે પાંચમા સૈકામાં મૂકવાનું પોતાનું વલણ બતાવી, ગીતા એ સત્ તત્ત્વ વિશેનો દાર્શનિક સિદ્ધાન્ત નિરૂપતી બ્રહ્મવિદ્યા જ નહિ પણ યોગશાસ્ત્ર એટલે બ્રહ્મ વિષેના તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાની સાધના શીખવનારું શાસ્ત્ર પણ છે એ બાબતને આગળ કરી, પછી પરબ્રહ્મનું સ્વરૂપ, જગત ને જીવાત્માનાં સ્વરૂપ, પરબ્રહ્મનો પ્રકૃતિ સાથેનો સંબંધ, નીતિનિયમ ને સદાચાર, જ્ઞાન ભક્તિ ને કર્મના ત્રિમાર્ગ, માનવીનું આત્મસ્વાતંત્ર્ય અને મોક્ષ એ સર્વ વિષયોના સંબંધમાં ગીતાકારે જે કહ્યું છે તેનો સર્વગ્રાહી સારસંક્ષેપ રજૂ કર્યો છે. ગીતાની મુખ્ય ભાવના તો ઉપનિષદોની, પણ તેણે એમના કરતાં ભક્તિ પર વધુ ભાર દીધો, વેદના યજ્ઞસિદ્ધાન્તને ગીતાએ નવું જ રૂપ આપી સાચા આત્મજ્ઞાન સાથે તેનો મેળ સાધ્યો, મનુષ્યની ભિન્નરુચિતા અને તેના પરિણામરૂપ સાધનોની અનેકતાનો સ્વીકાર કરી તેણે જ્ઞાન ભક્તિ અને કર્મ એ ઈશ્વરપ્રાપ્તિના ત્રણ રાજમાર્ગો એકમેકથી વિરોધી નથી પણ સંવાદી ને સહચારી છે એ સમજાવી તેનો સમન્વય પ્રબોધ્યો છે: આ ને આવા મુદ્દાઓ શ્રી. રાધાકૃષ્ણને સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. મૂળ કૃતિનો અને એના પુરોગામી અભ્યાસીઓના કાર્યનો સંપૂર્ણ અભ્યાસ અને તે સાથે તેના પરનું પોતાનું મૌલિક ચિન્તનમનન શ્રી. રાધાકૃષ્ણને આ ગીતા–પ્રકરણમાં સર્વત્ર દેખાડી આપેલ છે. પથરાટ ને પિષ્ટપેષણ વિના થોડી જગ્યામાં પોતાનો અભ્યાસ ઠાલવી દેતાં એમને કેવું સરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આવડે છે તે પણ આ પુસ્તક બતાવી આપે છે.

પુસ્તકમાં શ્રી રાધાકૃષ્ણનના ગીતા-પ્રકરણનો અનુવાદ તો ૯૪ પાનાં જ રોકે છે. પછી આવે છે એની પછી ઉચિત રીતે સ્થાન પામી શકે એવી એની પુરવણી લેખાય એવા શ્રી. રાધાકૃષ્ણનના એક કસંચી-વ્યાખ્યાનનો 'ગીતાનો સંદેશ' નામનો અનુવાદ, મૂળ લેખકનાં ટિપ્પણોમાં ઉલ્લેખાયેલા શ્લોકોનો સમૂલ અનુવાદ, અનુવાદકનાં ૮૫ પાનાં રોકતા ટિપ્પણો, અને કૃષ્ણની રાસલીલા અને ગીતાના માયાવાદ પરનાં અનુવાદકનાં પરિશિષ્ટો—એ બધી સામગ્રી પુસ્તકની શોભા બને એવી છે. અનુવાદક શ્રી. ચંદ્રશંકર શુક્લ કેવા તત્ત્વવિદ્ અને તત્ત્વપ્રેમી છે, અને એમનાં શાસ્ત્રજ્ઞાન સ્વાધ્યાયતપ અને ધર્મ-તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં ઊંડી પ્રીતિ કેવાં પૂર્ણ પ્રશંસા ને ધન્યવાદનાં અધિકારી છે તે એમણે પોતા તરફથી આપેલાં ટિપ્પણો તથા પરિશિષ્ટો સ્વયં કહી આપે છે. રાસલીલાના રૂપકને તેમાં છુપાડાયેલા આધ્યાત્મિક રહસ્યને છતું કરી તેમણે સુંદર રીતે સાફ કરીને સમજાવ્યું છે. તેમાં તેમ જ માયાવાદનો સાચો ખુલાસો જે એમણે આપ્યો છે તેમાં એમના પુસ્તકિયા અભ્યાસ ઉપરાંત પોતાની તત્ત્વસમજ ને સાચી દૃષ્ટિ પણ તેમણે બતાવી આપ્યાં છે.

ગીતાના અને તેને કેન્દ્રમાં રાખી ભારતના સમગ્ર તત્ત્વજ્ઞાનને સમજવા માટે આ પુસ્તક જિજ્ઞાસુઓને ઘણું ઉપયોગી થઈ પડશે. આવાં પુસ્તકોના અનુવાદો થાય છે ને તે લોકોમાં જાય પણ છે તે આપણી પ્રજાના ભાવિ માટે એક ઊજળું ચિહ્ન ગણાવું જોઈએ.

મહારાજ થયા પહેલાં

(લે. બબલભાઈ મહેતા; કમલ પ્રકાશન મંદિર, ઇંદ્રધનુ બૂકહાઉસ, ભદ્ર, અમદાવાદ; મૂલ્ય બે રૂપિયા)

'માણસાઈના દીવા' પુસ્તકથી સ્વ. મેઘાણીએ જેમના ઉજ્જવળ જીવનકાર્ય અને મૂંગી સિદ્ધિનું જાહેર સંકીર્તન કર્યું એ શ્રી. રવિશંકર મહારાજના ઘડતરની આ કથા છે. ૧૯૪૨ના કારાવાસમાં આ પુસ્તકના લેખક શ્રી. બબલભાઈ મહેતા મહારાજના સાથી હતા. તે વખતે એમની પાસે બેસીને ખપ પૂરતી માહિતી એમની પાસેથી એકઠી કરીને જાણે તેઓ પોતે એ કહેતા હોય એ રીતે શ્રી બબલભાઈએ તેમનું આ ચરિત્ર તૈયાર કરેલું, તે સંજોગવશાત્ આજે આટલે વર્ષે કમલ પ્રકાશન મંદિરની કિશોર ગ્રંથમાળાના મુહૂર્તવંતા પ્રથમ પુસ્તક તરીકે પ્રગટ થાય છે. આજથી ૬૨ વર્ષ પર ખેડા જિલ્લાના એક નાના ગામડામાં સાધારણ સ્થિતિના મહેતાજીને ઘેર જન્મેલા રવિશંકર વ્યાસ આજના 'મહારાજ' અને 'દાદા' કેવી રીતે બન્યા તેનો પ્રેરક ઇતિહાસ આ લઘુ પુસ્તક રજૂ કરે છે. નાનપણથી શરીરે મજબૂત અને વૃત્તિમાં સાહસિક, નિર્ભય અને સેવાભાવી એવા મહારાજના ઘડતરમાં તેમની વિદ્યાર્થીદશામાં તેમના પિતા શિવરામ વ્યાસનો અને નાગરદાસ માસ્તરનો અને નિશાળ છોડ્યા પછી તેમને આર્યસમાજનો રંગ લગાડનાર છોટાલાલ કવિનો ફાળો નોંધી લેખકે ત્યાર પછીના તેમના વિકાસમાં સ્વામી નિત્યાનંદજી, મોહનલાલ પંડ્યા અને ગાંધીજીની પ્રેરક અસર વિગતે વર્ણવી છે. ગામડામાં ખેતી અને યજમાનવૃત્તિ કરનાર આ અલ્પશિક્ષિત બ્રાહ્મણ પ્રથમ આર્યસમાજ પ્રત્યે ઢળી શંકરાચાર્યની જોહુકમી સામે બંડ કરે, યજમાનવૃત્તિ મૂકી દઈ અયાચકવૃત્તિ સ્વીકારે, મોહનલાલ પંડ્યા પ્રત્યે અને તેની દ્વારા ગાંધીજી પ્રત્યે આકર્ષાય અને એક પછી એક જાહેર સેવાકાર્ય ઉપાડતો જઈ જાહેર જીવનમાં ખેંચાઈ 'સ્વરાજવાળો' બની પોષાક ખાનપાન ને આચારવિચારમાં ક્રાન્તિકારક ફેરફારો કરે, અને લોકસેવક અને સાચા અર્થમાં રાષ્ટ્રીય કાર્યકર બને—એ કથા રસિક છે તેટલી જ પ્રોત્સાહક પણ છે. લખાવટ સ્વચ્છ અને સરળ છે અને પુસ્તક વાર્તારસ પણ આપે છે, તેથી કિશોરોના હાથમાં આ પુસ્તક અવશ્ય મૂકવા જેવું છે. '...આજની તરુણ પેઢીને એ પવિત્ર પુરુષના જીવનમાંથી પ્રેરણા બળ અને ઉત્સાહ મેળવવામાં મદદરૂપ થશે.' એ લેખકની શ્રદ્ધા સાચી છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીતા-વનવાસ

શકુન્તલા

[અનુ० રમણુલાલ સોની; કમલ પ્રકાશન મંદિર, સો. એજન્ટ ઇંદ્રિવતુ બૂક હાઉસ ભદ્ર, અમદાવાદ: મૂલ્ય સવા રૂપિયો દરેકનો.]

કમલ પ્રકાશન મંદિરે શરૂ કરેલી ગૃહિણી ગ્રંથમાળાનાં સંખ્યાંક ૧ ને ૩નાં આ બેઉ લઘુ પુસ્તકો બંગાળના સુપ્રસિદ્ધ પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના 'સીતા-વનવાસ' અને 'શકુંતલા' એ બે કૃતિઓના અનુવાદ છે. પહેલા પુસ્તકમાં ભવભૂતિના 'ઉત્તરરામચરિત' અને વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડને આધારે કારુણ્યમૂર્તિ સીતાના વનવાસની કથા છે, અને બીજામાં કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ' નાટકનું વાર્તારૂપ સંકલન છે. સંસ્કૃતથી અણજાણ બહોળા જનસમૂહને માટે પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સરળ સુવાચ્ય વાર્તાઓ રૂપે સીતા ને શકુન્તલાની કથાઓ બંગાળીમાં લખેલી. તેને ગુજરાતી અનુવાદરૂપે ગુજરાતી બહેનો આગળ રજૂ કરવામાં એમને સ્ત્રીવિષયક અને સ્વચ્છ શિષ્ટ સાહિત્ય પીરસવાની કમલ પ્રકાશન મંદિરના વ્યવસ્થાપકોની ઇચ્છા પ્રવર્તી જણાય છે.

ભારતની વીરાંગનાઓ

[લે. રામનારાયણ ના. પાઠક; કમલ પ્રકાશન મંદિર, અમદાવાદ; છૂટક મૂલ્ય સવા રૂપિયો.]

આ લઘુ પુસ્તક ઉપર ઉલ્લેખાયેલી ગૃહિણી ગ્રંથમાળાનું બીજું પુસ્તક છે. એમાં રાણકદેવી, પદ્મિની ચાંદ સુલતાના, ઝાંશીની રાણી લક્ષ્મીબાઈ અને અહલ્યાબાઇ હોલ્કર એ ભારતની પાંચ સુપુત્રીઓની બહેનોને પ્રેરણાદાયક ચરિત્રકથાઓ સંગ્રહવામાં આવી છે. અબળા મનાતી સુકુમાર નારી પ્રસંગ આવ્યે ધર્મની અને રાષ્ટ્રની રક્ષા કેવા વીરત્વથી અને કેવી દક્ષતાથી કરી શકે છે એ આ પાંચે કથાઓ પોતપોતાની રીતે બતાવી જાય છે. સ્વતંત્ર ભારતના હવે શરૂ થતા નવા પુરુષાર્થમાં સ્ત્રીઓએ ય પોતાનો પૂરો ફાળો આપવાનો છે. એવે સમયે ભારતનાં આ નારીરત્નોની ચરિત્રકથાઓનું વાચન તેમને માટે સ્ફૂર્તિકર નીવડશે.

*

ઊન

આવતાં ત્રણેક વર્ષો સુધી હિંદની ઊનની જરૂરિયાત વાર્ષિક ત્રણ કરોડ રતલ જેટલી રહેશે એમ મનાય છે. હિંદમાંની ઊનની મિલો અત્યારની માફક બે પાળી કામ કરવું ચાલુ રાખે તો આ માંગને પહોંચી વળવા જેટલું ઉત્પાદન એ કરી શકશે. હિંદમાં કુલ ૧૯ ઊનની મિલો છે. તેમાંની ૭ મુંબઇ-વડોદરામાં, ૪ યુક્તપ્રાંતમાં, ૪ અમૃતસરમાં ૨ મૈસૂરમાં, ૧ ધારીવાલમાં ને ૧ કાશ્મીરમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુદેવનાં સંસ્મરણો

અનુ : રમણીક મેઘાણી

આ વાપીવાનું પતાવીને થાકેલા નોકરો અને બીજા બધા આરામ કરતા હતા. ત્યારે હું એમના લેખનગૃહ પાસે આવીને ઊભી રહી. તેઓ આરામખુરશી પર બેઠા હતા, ચાદર પગ ઉપર જેમ ઓઢાડી ગઇ હતી તેમ જ પડી હતી. ખોળામાં બેઉ હાથ આંગળામાં આંગળા ભેરવીને તેઓ બેઠા હતા. કાચ વાટે આવતો પ્રકાશ એમના રેશમ જેવા શ્વેત વાળ ઉપર ચમકતો હતો. સહજ મિંચેલી આંખે એ નીચે ધરતી ભણી જોઈ રહ્યા હતા. ચાદર વડે ઢંકાયેલા પગ જરા જરા હાલતા હતા. બાકી બધું નીરવ–સ્તબ્ધ હતું. એક ઊંડી નીરવતા એમને ચારે તરફથી ઘેરીને જાણે બહુ દૂર દૂર ખેંચી જઈ હતી. જે માણસે હમણાં થોડીજ વાર પહેલા અમારી સાથે આટલી વાતો અને આટલું હાસ્ય–કૌતુક કર્યાં હતા, અજાણ્યા-અપરિચિત અને નગણ્ય એવા એક ટેકસી ડ્રાઈવરના અપમાને જે ગંભીર થઈ ઊઠ્યો હતો તે માણસ જ જાણે એ નહોતા. દૂર દૂર આકાશના ખૂણામાં આવેલ મેઘાવૃત્ત તુષાર પર્વત જેવી સ્થિર એની મૂર્તિએ મારા સમસ્ત શરીર–મનમાં એક અભૂતપૂર્વ આશ્ચર્યનો અનુભવ કરાવ્યો. મારું હૃદય ભરાઇ આવ્યું, આંખમાં આંસુ આવ્યા, શા માટે તે તો નથી જાણતી?... ......કેટલી વાર ત્યાં ઊભી રહી હઇશ તે યાદ નથી. ઓચિન્તા જાગી ઊઠ્યા હોય તેમ મારા તરફ જોઇ ગુરુદેવે પૂછ્યું:

"કેમ ક્યારે આવ્યા છો તમે? આવો, આવો, સામે, બેસો પેલી ખુરશી ખેંચીને. આટલા ગંભીર થઈને શું વિચારો છો?"

"હું વિચારતી હતી કે કઈ રીતે એ શક્ય બન્યું. કઈ રીતે એ સંભવિત થયું કે અમે નિરાશ થયા હઇશું. અમને દુઃખ થયું હશે એ વિચારે આપને આખી રાત ઊંઘ ન આવી? ક્યાંકનો એક ટેકસી ડ્રાઇવર, એ દુઃખિત થશે એ વિચારે ભય હોવા છતાં તમે તેની ટેકસીમાંથી ઊતરો નહિ! તમે શું અમારા એટલા બધા અંગત છો! એમ તો નથી લાગતું. તમે જ્યારે મૂંગા મૂંગા બેઠા હતા ત્યારે હું આ જ વિચારતી હતી કે તમારા મનમાં અમારું કંઈ... સંભવિત છે યા નહિ? તમે અમારા કોઇ હો એવું... નથી લાગતું."

થોડીવાર મૂંગા રહી પછી તેઓ ધીરે ધીરે બોલ્યા: 'જો પૂછે જ છે તો સાચું જ કહીશ. હું ત... કોઇ જ નથી. તમે જેને ચાહવું (ભાલોવાસા) ... છો, એ રીતે મેં આજ સુધી કોઇને ચાહેલ ન... મોટા કુટુંબમાં રહ્યો છું, પ્રિયજનોનો ત્યાં પાર નહે... અને આજ તો આત્મીય સ્વજન સિવાય તમે ... પરાયા છો તેઓ જ મારા વધુ નિકટના બની ગયા... પણ એ વાત સાચી છે કે બંધુ–બાંધવ, કુટુમ્બ-પરિ... બાળકો કોઇનીયે મેં ક્યારેયે બહુ વળગણાં નથી ગ... અંતરમાં, અંદરમાં એક સ્થળે હું નિર્મમ છું. ... એથી જ આજે જે જગ્યાએ આવ્યો છું, ત્યાં આ... વાનું શક્ય બન્યું છે. એવો ન હોત, જો વળગણ... રાખી હોત તો મારું બધુ નાશ પામત. બહુ વહેલ... ભાંગીને ધૂળ ભેગો થયો હોત.

કોઇ પણ બંધન મને સાંકળ બનીને બાંધી ... નથી. કદી ચિરદિનથી હું મનોમન ઉદાસી રહ્યો ... નાનપણથી જ નહિ પણ શિશુવયથી જ. ત્યારે બ... ટાણે જ્યારે સૂરજ ધોમ ધખ્યો હોય અને ... બપોર હોય, માર્ગ પરથી ફેરીવાળાઓ ઊંચા ... પાડતા ચાલ્યા જતા હોય અને વચ્ચે વચ્ચે ... જતી સમળાઓનો સાદ સાંભળતો ત્યારે તે ... મારા મનને અદૃશ્યપણે દૂર લઈ જતાં. નિર્જન બ... એ સમળાઓના સાદ જાણે દૂર–સુદૂરના સાદ ... હું એકલો એકલો ત્રીજા માળના ઓરડેઓર... ફરતો રહેતો ત્યારથી જે જાણે એ શરૂ થયેલું. ... સંસારના શત-સહસ્ર પ્રકારના કામમાં રહ્યો છું ... મારું મન હોડી જેમ કિનારા પરના બંધનોમાં ... વહી જાય છે તેમ-વહેતું–તણાતું રહ્યું છે, કિના... બંધન મારે માટે નહોતા. જો એમ થાત, જો ... રના નાનામોટા અસંખ્ય બંધનોમાં મેં મને ... દીધો હોત તો મારું બધું નકામું જાત. મારો ... દેવતા એમ નહિ થવા દે, એમ કરે તો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યર્થ બની જાયને! એથી જ એક દિવસ લખ્યું હતું કે 'आमि चंचल हे आमि सुदूरेर पियासी' એ કંઈ કવિત્વ પૂરતી એક ઘડીની વાત નહોતી, લોકો માનતા હશે કે એ કવિનો એક Mood માત્ર જ છે, પણ એ બરાબર નથી. એ તો મારા જીવનનું એક ઊંડામાં ઊંડું સત્ય છે કે હું સુદૂરનો પિયાસી છું. (आमि सुदूरेर पियासी)

એ દિવસે 'गल्पगुच्छ' લઇને અમે હજુ બેઠા જ હતા, બત્તી કરી, એ કહેતા હતા કે આજે કઇ વાર્તા વાંચશું તે તમે જ નક્કી કરો. ત્યાં મહાદેવે આવી ખબર આપ્યા કે અમારા નોકરને પગે વીંછી કરડયો છે, દવા જોઇએ છે. એ ખૂબ જ ચિન્તિત થઇ ગયા ને બોલ્યા, "જલદી જા ને મારું મિલ્ટન લઇ આવ" મિલ્ટન નામની એક એન્ટીસેપ્ટીક તેઓ સદાયે પાસે રાખતા. જુદી જુદી દવાઓ લગાવી અમે તો પાછા આવ્યા. આવીને જોયું તો બાયોકેમિક દવાઓની ચોપડી લઇને જોતા હતા, પાસે દવાની પેટી પડી હતી. અમે પાછા આવ્યા કે તુરત એમણે કહ્યું, "લો, દર દસ મિનિટે આ આપતા રહેજો" ને એમણે મને દવા આપી. હું દવા પિવરાવી આવી. ગુર્ખાના છોકરાને વીંછી ખાસ વધુ કરડયો હોય એવું ન લાગ્યું, છતાં વેદના ત્યારે પણ એને થોડી થોડી હતી. અમે ફરીથી ગુરુદેવના પગ પાસે गल्पगुच्छ લઇને બેઠા, પણ સાફ દેખાઈ આવતું હતું કે એ વાર્તામાં ચિત્ત પરોવી શકતા નહોતા. 'प्रायश्चित्त' વાર્તા શરૂ કરતા હતા, એક પાનું વાંચીને તેઓ બોલ્યા- 'ના, આજે આ નહિ ફાવે. જાવ, જરા જોઇ આવો તો એની વેદના કંઈ ઓછી થઇ કે નહિ? નહિ તો એક બીજી દવા આપવી પડશે.' આલુબાબુ બારણા પાસે જ બેઠા હતા, તે બોલ્યા- 'અરે હમણાં ઓછી થઇ જશે.' ગુરુદેવે જરા અસંતુષ્ટ થઇને કહ્યું- 'આહ, આ જ તો તમારો દોષ છે. એનું ધ્યાન રાખવું જોઇએ ને! ખબર કાઢ્યા વિના નિશ્ચિન્ત થવાય?'

×

એક બીજો પ્રસંગ યાદ આવે છે,- બપોરની ટપાલ આવી. હું એમના ઓરડામાં જ બેઠી હતી,- કાગળમાં મારા કોઇ આત્મીયની માંદગીના ખબર હતા, એથી મન બરાબર નહોતું- એમણે પૂછયું- 'શું ખબર છે?'

મેં બધી વાત કહી.

એ બોલ્યાઃ 'નક્કી આ બાબત શરૂઆતમાં અવગણના થઈ હશે. આપણા દેશમાં સ્ત્રીઓ વિષે એવું જ બને છે, એ સહુની સેવા કરતી રહે છે, છતાં એ માંદી પડે છે ત્યારે એની માંદગીને કોઇ લક્ષમાં જ નથી લેતું. એ મને કેવું ખરાબ લાગે છે એ કહી નથી શકતો-એનો વિચાર કરતાં ધીરજ રાખવી મૂશ્કેલ થઈ...'

ત્યાર પછી એમણે 'મેટેરિયા મેડિકા' કાઢી. 'ટવેલટિસ્યુ મેડિસીન' કાઢયું.-એ આખોયે દિવસ દૂર દેશમાં વસતી સહજ પરિચિત એક વ્યક્તિનું દુઃખ એમને ઘણુંયે અતિ આવશ્યક કામકાજ કરતાંયે વધુ મહત્ત્વનું થઇ પડયું. મારી પાસે કાગળ લખાવી એને માટેના ઇલાજો ન સૂચવ્યા ત્યાં સુધી એમનું મન શાન્ત નહોતું થયું.

×

"ભલા, તમે મને કલ્પનાપ્રદેશનો કવિ કેમ કહો છો, શું દેશની ધરતીના ગીતો મેં ગાયા નથી? એ તરફ મારું ધ્યાન નથી? બંગાળના ગામડાને હું નથી ઓળખતો? ગરીબ સાધારણ બંગાળી જીવનનો શું મને પરિચય નથી? એનાં ચિત્રો મેં નથી દોર્યાં? માત્ર કવિતાઓ જ કરી છે શું Aristocratic મિજાજે, અને ખરેખરા દર્દપૂર્વક બંગાળી જીવનને આલેખ્યું છે......એ?" ગુરુદેવ બોલ્યા.

"કોણે વળી એમ કહ્યું?" મેં પૂછયું.

"કેમ, તમે એ બધું સાંભળ્યું નથી?"

"ના, તમારા નિન્દાકારો સાથે મારે બહુ ભાઇબંધી નથી ને."

"નથી? ત્યારે તો બચ્યો, મને તો શંકા હતી તમે નિન્દા કરતા જ ફરતા હશો. એમ નથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારું છે, પણ નિન્દાખોરો જેઓને એ સાંભળીને વેદના થાય એની પાસે જ વધારી વધારીને વાતો કરે છે,– એમાં જ એમને વધુ આનંદ આવે છે."

"આ વાત સાચી છે, કારણ અનેકવાર સહન કરવું પડ્યું છે." મેં કહ્યું.

"ત્યારે ના કેમ પાડી હતી ? ઘણીયે વાતો મારે કાને પડી છે–પડે છે. એક જણે કહેલું કે એણે સાંભળ્યું હતું કે સુન્દરી સ્ત્રીઓ સિવાય કોઇને હું મારી પાસે આવવા નથી દેતો, આહા, સાંભળીને રોમાંચ થયો હતો. એવી વ્યવસ્થા કરી શકાઇ હોત તો ખોટું ન થાત. તો શાન્તિનિકેતન સ્ત્રીજાતિ વિહોણું હોત. અને નક્કી જે આવી વાતો કરે છે એણે તમને જોયા નથી ! એમ બનત તો તમારી જ કેવી ગતિ થાત ?"

"કેવું અપમાન ! માત્ર ઉંમર અને ચહેરાને અંગે આવું અપમાન કરો એ તો સહેવાતું નથી."

"ના, ના, ઉંમરને અંગે હું કંઇ નથી કહેતો. હું તો સ્પષ્ટપણે જાણું છું કે તમારી ઉંમર પિસ્તાલીશથી જરાય વધુ નથી... અને સાંભળ્યું છે કે મારે જે કાચનો ઓરડો છે તેની છત પણ કાચની જ છે. રાત્રે આકાશના બધા તારાઓ જોવાની મારે ખાસ ટેવ છે. અને સવારે સુન્દરી સ્ત્રીઓના સંગીતે જ મારી નીંદર ઊડે છે. અને નહાતી વખતની તો વાત જ ગજબ છે. સોનાના વાસણમાં ગુલાબજળ, અને એમાં જે અત્તર વપરાય છે તેની કિંમત સો રૂપિયે તોલો હોય છે, ને એ ખાસ અત્તર તો મારે જોઇએ જ જોઇએ છીએ..."

"હું તો આથી યે વધુ જાણું છું. દાડમનો રસ નિત્ય પીવાથી જ તમો આટલા ઊજળે વાને છો, ભોજન પછી થોડોક સ્પેનીશ વાઇન તો તમારે રોજ જોઇએ જ છે......" મેં કહ્યું.

"સાચે જ શું, બસ સ્પેનીશ જ જોઇએ ? બીજો કોઇ હોય તો ન ચાલે ? આ બધું સાંભળ્યા પછીયે તમારા આતિથ્યમાં કંઇ ઉન્નતિ થઇ દેખાતી નથી. ચારેબાજુ તદ્દન સુક્કો–લુખ્ખો ખટખટાટ કર્યાં છે. સ્પેનીશ વાઇન કે સ્પાર્કલીંગ બાર્ગાન્ડિ ? અહીં તો છે માત્ર પેલો (ચાલકુમડા) નો રસ,– પણ જ્યારે બંગાળના ગામડા મેં જોયા નથી એ સાચું નથી. બંગાળના ગામડા મેં ખૂબ ઊંડાણપૂર્વક જોયા છે, જોયો છે એનો આનંદ ને જોઇ છે એની વેદના. હોડીમાં બેઠા બેઠા એ જોવાનું જ તો મારું કામ હતું. બેઠો બેઠો જોતો હતો. *ગલ્પગુચ્છની મૃણ્મયી વાંચી છે તમને ?"

એ દિવસે એમણે વાંચી "સમાપ્તિ." એ વાર્તા એમને વિશેષ યાદ હતી. કહેતા હતા–" વજરામાંથી રોજ જોતો હતો; સ્ત્રીઓ ઘાટ ઉપર આવતી, કેડે છોકરાને તેડીને, તો કો'ક વળી ભારોએક વાસણ લઇને, તો કોક વળી કાખમાં ગાગર લઇને. દશ કે અગિયાર વર્ષની ટૂંકા ટૂંકા વાળ વાળી એ છોકરી કાખમાં એક છોકરાને લઇ નિત્ય આવતી, દુબળી પાતળી ને શ્યામવર્ણી. હોડી ઉપર સહુ અમને જોઇ રહેતા, પણ એ બધાનું જોવું જુદી રીતનું હતું; અર્થશૂન્ય નજરે એ સહુ મારા તરફ તાકી રહેતા. વચ્ચે વચ્ચે તેડેલા બાળકને–મને આંગળી ચીંધી બતાવતા એ બોલતી–" જો, પણે જો," મને એ બહુ ગમતું. એ લોકોમાં એક એવી સ્વાભાવિક તાજગી ને ચંચળતા હતી કે જે એ ઉંમરની સામાન્ય બંગાળી સ્ત્રીઓ–છોકરીઓમાં નહોતી દેખાતી. તે પછી એક દિવસ જોઇ એને વધૂવેશે સાસરવાસ જતી. એ જ ઘાટ ઉપર હોડી બાંધી હતી. એ વેળાનું કેવું હતું એનું રુદન ? બીજી છોકરીઓનું બોલવું કાને પડતું હતું– 'કેવી તોફાની છોકરી છે, શું થશે એનું સાસરવાસે ?' ખૂબ દુઃખ થયેલું એને સાસરવાસે જતી જોઇને. ચંચળા હરિણીને બંદિની કરશે. એ પ્રસંગ પરથી જ આ વાર્તા લખેલી. એ વજરા (House boat)માંથી બંગાળના ગામડાંના એવા સજીવ ચિત્રો જોયા છે જેવા ઘણાંએ નહિ જોયા હોય.

*

તે દિવસે તમે કામ વિષે પૂછતા હતા તેને કહું છું કે તમે આ મહાભારત લઈને વાંચતા ...

* આનો અનુવાદ આપણે ત્યાં "રવિકિરણો" માં પ્રગટ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક સમુદ્ર છે. એમાં એટલું બધું ભર્યું છે કે એનો અંત જ નથી. એક બાજુથી જેમ દૂર-સુદૂર પ્રસારી ઊંડી વિચારધારા એમાં છે, તો બીજી બાજુથી એમાં બાલીશતાનોયે પાર નથી.– ગીતા અને દાદીમાની જોળી જોડા જોડ રહ્યા છે. અત્યારે જેમ સત્ય ન હોવાથી યા અસંભવિત વાતો ન હોવાથી માનવીનું મન ખુશ નથી થતું, તેથી કરીને વાર્તાને પણ સત્યના વાઘા પહેરાવવા પડે છે,–એ દિવસોમાં માનવીનું મન આજના માનવી જેવું અસંતોષી નહોતું. વાર્તા, એટલે વાર્તા જ. એમાં સંભવ-અવસંભવ એકાકાર થઈ જાય છે. એમ ન હોત તો ઋષિમુનિઓની સાથે સાપ પણ દિવ્ય-શાસ્ત્રાલોચના કઈ રીતે કરી શકત? લાવો તો પેલી મારી ડાયરી, મેં જે નોંધ કરી છે તે તમને આપું. હવે વધુ મારાથી નહિ થાય, એમાં તો લાંબા દિવસો લાગે એવું છે. હું તમને જેમ કહેતો જાઉં તેમ લખવું શરૂ કરો.

આમાં એક ખ્યાલ રાખવો જરૂરી છે કે મહાભારતની આખી વાર્તા એક રૂપક છે. એને એક વાત કહેવી છે અને એ કૃષ્ણને અવલંબીને છે. કૃષ્ણ જ આના નાયક છે. પાંચ પાંડવોએ સ્વીકારી હતી-ગ્રહણ કરી હતી કૃષ્ણાને, અથાત્ કૃષ્ણની cult-કૃષ્ણની નીતિને, એમ ન હોય તો પાંચ ભાઈઓને એક કન્યા વરે એ શું કદીયે સંભવિત તે ખરું? કૃષ્ણાને જેઓ વર્યા, કૃષ્ણ એને જ આધીન બન્યો. યુદ્ધ દેશ કે ધરતીના હિસ્સા માટે નહોતું પણ કૃષ્ણને અંગે સિદ્ધાંત પરત્વે હતું. એમ ન હોત તો કુરુક્ષેત્રના મેદાનમાં આ એકસો વાર લાંબી ગીતા ગાવી શું કદી શક્ય હતી? કંઈ જ અર્થ નહોતો એનો. તમે મારી ડાયરીમાંથી આ બધું નોંધી લો.

નવરચના

મહાભારતની સહુથી ઊંડી મર્મ વાણી,–જે ઉપદેશ છે તે ઋષિમુનિઓના ઉપદેશોમાં, કે યુધિષ્ઠિરની આદર્શવાદિતામાં નથી. એ છે મહાપ્રસ્થાનમાં. આવું જબ્બર યુદ્ધ, આટલી મારામારી ને કાપાકાપી-નુકસાની એ બધું લોભને માટે નહોતું, સ્વાર્થની ધૃષ્ટતામાં એની સમાપ્તિ નથી, ત્યાગને માટે જ એ આકાંક્ષા છે. વર્જવા માટે જ એનું ગ્રહવાનું છે. એનું નિદર્શન જ આ મહાકાવ્યનો મુખ્ય સૂર છે.

આ સ્થળે ચાલુ મહાયુદ્ધ વિષે તેઓના બંગાબ્દ ૧૩૪૭ની ૭મી પોષના ઉત્સવ વેળાના ભાષણમાંથી ટાંકીશ. વર્તમાન કાળના લોહી તરસ્યા હિંસક યુદ્ધની પટ્ભૂમિકા ઉપર મહાભારતના યુદ્ધને એમણે કઈ રીતે જોયું હતું તે આપણે તેમાંથી જાણી શકીશું—

પાશ્ચાત્ય અલંકારને હિસાબે મહાભારતનું મહાકાવ્ય યુદ્ધજનિત છે. મહાભારતના આખ્યાયન ભાગમાં પણ વધારે ભાગે યુદ્ધ-વર્ણન જ વધુ છે,– પરંતુ યુદ્ધ જ એનું પરિણામ નથી. નષ્ટ ઐશ્વર્યનો રક્ત-સમુદ્રમાંથી ઉદ્ધાર કરીને પાંડવોના હિંસક ઉલ્લાસને આમાં કળશ રૂપે વર્ણવવામાં નથી આવ્યો. આમાં દેખાય છે કે જીતેલી સમ્પદનો કુરુક્ષેત્રની ચિતાભસ્મ પાસે પરિત્યાગ કરીને વિજયી-પાંડવોએ વિપુલ વૈરાગ્યને પંથે-શાન્તિલોક તરફ પ્રયાણ આદર્યું હતું. આ કાવ્યનો ચરમ નિર્દેશ જ આ છે. આ નિર્દેશ સર્વ યુગોન્ત સર્વ જીવો-માનવો પ્રત્યેનો છે,–કે ભોગ એકાન્ત સ્વાર્થગત છે, ત્યાગથી જ એનું શોધન થઇ શકે.– કરવું જોઈએ.*

---

* 'મંગપૂ તે રવીન્દ્રનાથ' માંથી લેખક મૈત્રેયીદેવી.

*

સાહસઘેલા

આકાશમાં સાત માઈલની ઊંચાઈએથી હવાઈ છત્રી (પેરેશૂટ) વાટે કૂદીને પૃથ્વી ઉપર ઊતરવાનું સાહસ આઠ રશિયન સૈનિકોએ ખેડ્યું છે. ૩૬,૦૦૦ ફૂટ ઊંચે સ્ટ્રેટોસ્ફીઅરમાં ઊડતા વિમાનમાંથી કૂદી પડનારા આ છત્રી-સૈનિકો વીસ મિનિટમાં ધરતી ઉપર સહીસલામત ઊતર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજન્ટ : કંચનલાલ વાડીલાલની કું.

મંગળદાસ રોડ, મુંબઇ ૨.

ટેસ્ટદાર પાનમાં ખાવા માટે
ખુશબોદાર

રાધાકૃષ્ણ છાપ કાથો
રાધાકૃષ્ણ છાપ મુખવાસ

ટેસ્ટફુલ અને સુગંધીદાર પાન માટે
વાપરી ખાત્રી કરો.

બનાવનાર:

શેઠ સી. સી. કડીવાલા

સોલએજન્ટ:

જયંત વી. શાહ એન્ડ કું.

તલોદ સ્ટેશન જિ. અમદાવાદ.

<u>ગામેગામ એજન્ટો નીમવાના છે.</u>

૨૮
વર્ષથી

જનતાની એકધારી
સેવા કરી રહી છે

આરગસ
ઇન્શ્યોરન્સ
કંપની લિ.

ઉચ્ચ કક્ષાની આ

હિંદી વીમાસંસ્થા

આપનો સહકાર વાંછે છે.

કાર્યક્ષેત્રમાં
રસ ધરાવ-
નારને અમારું
હાર્દિક આમં-
ત્રણ છે.

સૂર્યકાન્ત બી. શાહ બી. એ.
સી. એમ. જશ
મેનેજિંગ ડિરેક્ટર્સ

વડી ઓફિસ
૨૬૯/૧ ગાંધીરોડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપચ્યૂન
જિંદગી, આગ
અને
અકસ્માત
ના વીમાનું
કામ કરે
છે

કુલ અસકયામત
રૂા. ૫૫,૦૦,૦૦૦થી વધુ

કામકાજ કરવા લાગવગવાળા
અને શક્તિશાળી એજન્ટો
જોઇએ છે.

નેપચૂન એસ્યુરન્સ
કંપની લિમિટેડ

: હેડ ઑફિસ :
નેપચૂન બીલ્ડીંગ, મુંબઈ.
અમદાવાદ બ્રાંચ :
પાંચકૂવા, અમદાવાદ.

પૂંઠા ઉપર 'સપ્ટેમ્બર' માસ ભૂલથી છપાયો છે
તેને બદલે 'નવેમ્બર' માસ વાંચવો.

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૭ : 'નવરચના' વર્ષ ૧૨ : અંક આઠમો
નવેમ્બર : ૧૯૪૭

ક્રમ

૧	શક્તિ અને પછી પ્રકાશ	ધૂમકેતુ	૫
૨	અજંપો	ચંદ્રવદન મહેતા	૭
૩	મૃત્યુનો વેપાર	**પુનર્વસુ**	૮
૪	વહેતાં પાણી	(માસિક નોંધ)	૯
૫	જીવનપંથ	ધૂમકેતુ	૧૭
૬	ઝેર તો પીધાં છે જાણી જાણી (ચાલુ વાર્તા)	દર્શક	૨૫
૭	પ્રકાશની દુનિયામાં	શશિન્ ઓઝા	૩૨
૮	આસો	વિનોદિની નીલકંઠ	૪૦
૯	આંસુઓથી ભીંજાયેલાં ગ્રામ-ગીત	અનુ. નિષાદચંદ્ર	૪૧
૧૦	ચિત્રકાર રવીન્દ્ર	અનુ. રમણીક મેઘાણી	૪૪
૧૧	ગુરુદેવ—અમારે આંગણે	અનુ. રમણીક મેઘાણી	૪૫
૧૨	ઝરણું	શંભુપ્રસાદ ભટ્ટ	૫૧
૧૩	પ્રવાસનાં થેડા સ્મરણો	અંબાલાલ પુરાણી	૫૨
૧૪	વ્યથિતને	સ્નેહરશ્મિ	૫૫
૧૫	ફાની જીવનનું એક કડવું સ્મરણ	વ્રજલાલ ત્રિવેદી	૫૬
૧૬	વિચારપુષ્પ	ભાસ્કર વ્હોરા	૬૧
૧૭	રંગ સજાવટનું નવું વિજ્ઞાન	પદ્મકાન્ત ર. શાહ	૬૨
૧૮	મનવા	ભાસ્કર વ્હોરા	૬૩
૧૯	મેઘબિંદુ	ધૂમકેતુ	૬૪
૨૦	શ્રી. ચુનીલાલ વં. શાહની ષષ્ઠિપૂર્તિ	ઈશ્વર પેટલીકર	૭૧
૨૧	વિજ્ઞાનદર્શન	બંસીગાંધી, જયંતિલાલ દે. ઓઝા, નરસિંહ મૂ. શાહ	૭૪
૨૨	ગ્રંથસમીક્ષા	अ. म. रा.	૭૮

—: વાર્ષિક લવાજમ :—

દેશમાં : રૂા. ૭-૦-૦ :: પરદેશમાં : રૂા. ૧૦-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી રોડ : મુંબઈ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધીરસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગિનીનો પ્રથમ દીપોત્સવી અંક

તંત્રી : પુષ્પાવતી મહેતા

નવા સ્વરૂપે પ્રગટ થતા 'ભગિની'ના ત્રણ અંકો તમે જોયા હશે. જે હેતુને લક્ષમાં રાખીને અમે આ પ્રકાશન શરૂ કર્યું છે તે કેટલે અંશે સફળ થયું છે તે તો વાંચકો અમને લખી જણાવે ત્યારે ખબર પડે.

પણ આ ત્રણ મહિનાનો અનુભવ અમને સુખભર્યો છે. અજાણ્યા હાથોએ અમને સહકાર આપ્યો છે. જાણીતા સ્નેહીઓએ અમને ઉત્સાહ ને સાથ દીધો છે 'ભગિની' આ સૌના સંયુક્ત પરિશ્રમથી આગળ વધી રહ્યું છે.

દિવાળી આવે છે. અમને ય થાય છે કે અમે કાંઈક વિશેષ અમારા વાંચકને આપીએ. જેને ઝંખતા હતા તે સ્વરાજ આવ્યું. આપણી ઝંખનાનું આ સ્વરાજ છે કે કેમ એ તો રચાતો ઈતિહાસ બોલે છે. એ ઉપર કાંઇક પણ અભિપ્રાય અત્યારે દેવો એ ઉતાવળમાં ખપશે. પણ આપણા દેશના આપણે સ્વામી બન્યા. આપણે જે રચના કરવી છે તે મુકતપણે કરી શકીએ તેવા સંજોગો આપણને સાંપડયા છે, અંધાધૂંધી ને ગાંડપણમાં એનો વિનાશ ન કરી બેસીએ તે જોવાનુ આપણું કામ છે. આપણે બહેનો એ ભગીરથ કાર્ય વિશેષ ચીવટ ને ખંતથી કરી શકીશું.

આવી રચનાત્મક દષ્ટિને ખ્યાલમાં રાખીને આવતો દીપોત્સવી અંક અમે તૈયાર કરી રહ્યા છીએ.

ગ્રાહકોને વાર્ષિક છ રૂપિયાના લવાજમમાં ઘેર બેઠા મળશે. આ અંક દળદાર ને અનેક રીતે વૈવિધ્યભર્યો બનશે.

ગ્રાહક થવા માટે આજે જ તમારું નામ મોકલો.

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બિલ્ડિંગ, ૪૦૫, કાલબાદેવી : મુંબઇ–૨ ફરનાન્ડીઝ પુલ, ગાંધી રસ્તો : અમદાવાદ

એજન્ટ : કંચનલાલ વાડીલાલની કુાં.

મંગળદાસ રોડ, મુંબઇ ૨.



પીયૂષ હોઝીયરી વર્કસ

રાજા મહેતાની સ્ટ્રીટ–અમદાવાદ

૮૦ નાગદેવી ક્રોસ લેન, મુંબઈ નં. ૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ અને પછી પ્રકાશ

નવરાત્રિ પછી આવી રહેલા દીપોત્સવી તહેવારમાં એક રહસ્ય રહેલું છે. જે સમયે છાપાં, શાહી, કાગળ ને શબ્દો આટલાં સસ્તાં અને તેથી નિર્માલ્ય ન હતાં—તે જમાનામાં સંદેશો આપવાની અને સંદેશાને પરંપરા દ્વારા પ્રજામાં સ્થાપિત કરવાની એક અનોખી રીતિ હતી. એક રજપૂત શૈલીના ચિત્રમાં એક હરણ આપેલું છે. ને એક કબૂતર મૂકેલું છે. અને એટલો જ સંદેશો કોઇ નારી વિદેશ મોકલી રહી છે એવો ભાવાર્થ એમાં છુપાયેલો છે. પ્રેમીને મોકલેલા એ સંદેશામાં હરણના જેટલી ત્વરિત ગતિથી આવી પહોંચવાનો પ્રેમધ્વનિ મુકાયેલો છે.

એવી રીતે આ આપણા તહેવારોની પણ અનુક્રમી રચનામાં જેમ એક તરફથી ઋતુ ઋતુના આનંદનો તાણો મૂકેલો છે, તેમ બીજી તરફથી પ્રજાજીવનને આપવાના સંદેશાનો એમાં વાણો પણ રહેલો છે. એવા તાણાવાણાનું આ વસ્ત્ર આખું વણાતું આવે છે. પ્રજાને એમાંથી સ્વસ્થતા અને શાંતિનો સંદેશો મળી રહે છે. 'સ્વ સ્થતા' શબ્દ જ ધ્વનિપૂર્ણ છે. 'સ્વ'માં 'સ્થિર' થવાને માટે માણસ પાસે નિત્યજાગૃતિ જોઇએ. નિત્યજાગૃતિ વિના સ્વસ્થતા નહિ. સ્વસ્થતા વિના આનંદ, મંગલ, ઉત્સવ, પ્રકાશ, એ નહિ. અને શક્તિની ઉપાસના વિના નિત્યજાગૃતિ નહિ. આવો આ ત્રિપુટી કાર્યક્રમ નવરાત્રિ અને દીપોત્સવીના મહાન તહેવારોમાં સંદેશારૂપે રહ્યો છે.

નવરાત્રિનો મહોત્સવ—એ સૌંદર્યનો મહોત્સવ છે. સુંદરતાને પવિત્રતા સાથે સાંકળી લેવાનો એમાં ધ્વનિ રહ્યો છે. જે કાંઇ સુંદર છે એને વ્યક્તિ કે પ્રજા જ્યારે પવિત્ર ગણે છે, ત્યારે એ ભાવના એની હૃદયગુહામાં એક સ્થિર શાંત, નાનો શો દીપ, પ્રગટાવે છે. અને એવા દીપ દ્વારા જ, પ્રજામાં સાંસ્કારિક શક્તિનો સંચાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ સાંસ્કારિક શક્તિને, હંમેશાં એક બીજી એવી જ જંગલી શક્તિનો સામનો કરવાનો હોય છે. તદ્દન શાંત, એકાંત બિનઉપદ્રવી સંયમિત જીવન ગાળનાર, રામચંદ્રની સીતાને ઉપાડી જનાર કોઇ ને કોઈ રાવણ આ સંસારમાં હંમેશાં હાજર હોય છે. રામ અને રાવણનું યુદ્ધ, પાંડવકૌરવનું યુદ્ધ, સંસ્કારી શક્તિ અને જંગલી બળ વચ્ચેનું યુદ્ધ, એ વિશ્વનો અનાદિઅનંત કાર્યક્રમ છે. એ કાર્યક્રમનો જે વ્યવહાર, એ પ્રજાએ કે વ્યક્તિએ ઉપાડયે જ છૂટકો છે. એટલે જ્યારે આપણે નવરાત્રિનો મહોત્સવ કરીએ છીએ, ત્યારે ખરી રીતે સૌન્દર્યને પવિત્ર ગણવાની પ્રતિજ્ઞા લઇએ છીએ. નારી તમામનાં રૂપને રક્ષવાનો એ પ્રજાકીય જાહેર કોલ છે, અને ધરણી, ધરુણી એટલે સ્ત્રી, અને પોતાનો ધર્મ—એ ત્રણ ઉપર થતા દરેક આક્રમણને હાથમાં સમશેર લઇને રક્ષવાનો અને એ રક્ષણ કરતાં, જીવન હોમવું પડે તો જીવન હોમવાનો એ પ્રજાકીય નિર્ધાર છે. જેમ સેવા કે શુદ્રવૃત્તિ એ પ્રજામાંની દરેકેદરેક વ્યક્તિનો ધર્મ છે, કોઈ એક જ વર્ગનો એ વિશિષ્ટ અધિકાર નથી, અને એટલા માટે મજૂરીને ગૌરવ આપવાની જેમ આપણામાં આજે વૃત્તિ જાગી રહી છે, તેમ પોતાનું અને પોતાની આસપાસના તમામનું રક્ષણ કરવાની ક્ષત્રિયવૃત્તિ એ પણ દરેકેદરેક વ્યક્તિનો ધર્મ છે. અને એને પણ એ જ ગૌરવથી અપનાવવાની વૃત્તિ આપણામાં આવી જવી જોઇએ. જીવવું હોય તો—આ એક જ શરતે જીવી શકાશે, એ સમય આવી ગયો છે.

એટલા માટે આપણા સારુ તો, આ નવરાત્રિ મહોત્સવનું ઘણા મોટા પાયા ઉપર પુનરુત્થાન થાય એ જરૂરી બન્યું છે.

નવરાત્રિ મહોત્સવને અંતે—વિજયાદશમી આવે છે. અને ત્યાર પછી તરત દીપોત્સવીની હવા ફેલાય છે.

જ્યારે વ્યક્તિના કે પ્રજાના જીવનમાં, એક શાંત સ્થિર, નાના સરખા દીપકે, શક્તિનો સંચાર કર્યો હોય, અને એણે પોતાના જીવનમાં વિજયપ્રસ્થાન કર્યું હોય—જંગલીબળને પરાજય આપીને સંસ્કારીશક્તિનો ધ્વજ ફરકાવ્યો હોય, ત્યારે જે એક મહાન આનંદ, જીવનમાંથી પ્રગટ થવા માટે થનગની રહે, એ આનંદ હજારો દીપકના પ્રકાશ વડે જ પ્રગટાવી શકાય; એટલા માટે દીપોત્સવીનો મહોત્સવ આપણે ઊજવીએ છીએ; એ મહોત્સવને શાંત સમયમાં પણ, જો આપણે પાડેલા ચીલા જેવો થવા ન દઈએ, અને એમાં રહેલી જ્વલંત ભાવનાને સતેજ રાખીએ તો આપણા જીવનમાં પ્રકાશ આવવાનો.

એ પરંપરાનું આ મહત્ત્વ છે. નહિતર તો ભેગો થયેલો યુગયુગનો આવો કચરો આપણા જીવનને રૂંધી નાખે અને વળી કુંઠિત પણ બનાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિસંચાર પછી આવનારા આ જીવનપ્રકાશ મહોત્સવને આપણે ફરીથી એનું ગૌરવ અપાવવાનો નિશ્ચય કરીએ. અંગ્રેજી કેળવણીના પ્રતાપે એ કારકુની સલામીનો દિવસ થઈ ગયો. આપણે એને ખાધાખોરાકી દિવસ બનાવી નાખ્યો. હવે જો સ્વતંત્રતા, ખરા અર્થમાં આવી હોય તો, આપણે જેમ આપણાં તમામ જીવન અન્વયી અંગોનો વિચાર કરીએ છીએ તેમ તહેવારોનો પણ વિચાર કરીએ. અને વધારે કાંઈ નહિ તો, વરસમાં માત્ર એક દિવસ અને તે આ દીપોત્સવીનો દિવસ જ એવો રાખીએ કે જે દિવસે કોઈ પણ ભેદભાવ વિના તમામેતમામ, તમામેતમામનું હાર્દિક રીતે માંગલ્ય ઇચ્છે. અને એ ઇચ્છા છેવટે ક્રિયામાં પરિણમે.

ધૂમકેતુ

*

અજંપો

રે જી, જીવ ના જંપે મારો

જીવડો ના જંપે મારો

સાગર સારી, ગંગા ઝીલી, ઘટઘટ કીધી ફેરી,
આખરના એક વિરામ માટે નહિ દીઠી ક્યાં દેરી,

એ જી, જીવ જંપે ના મારો.

નવલખ તારા આભ મિનારા ગેબ ગગનની ઘેરી,
સરવરતીરે નદીસમીરે વાટ લીધી ગિરિ કેરી,

એ જી, જીવ જંપે ના મારો.

હીરલા ઘોળ્યા, વિષ વાગોળ્યાં, તેજકિરણનાં જાળાં,
નવઘર ખૂંદ્યાં, વળી ઉકેલ્યાં પાતાળનાં પરવાળાં,

એ જી, જંપે ના મારો,
જીવડો ના જંપે મારો.

ચંદ્રવદન મહેતા

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુનો વેપાર

પુનર્વસુ

વૈધવ્યના આંસુની જેમ ગંગાના નીર ધીમેધીમે; અહીંથી વળાંક લઈને વહેતાં હતાં. કિનારાથી થોડે દૂર સુગંધ-સરોવર સમું એક ઉદ્યાન હતું તેથી લોભાઈને ભાતભાતના સુંદર અસુંદર પંખી ત્યાં ઊતરતાં અને સુગંધથી અકળાતાં ત્યારે ઊડી જતાં. કલરવનો જાણે મેળો મળ્યો હતો. ઉદ્યાનની વચોવચ ગગનના ગુમાન સમી હેમની એક હવેલી હતી. ઊંચા આસમાનને આમંત્રણ આપતાં હોય તેવાં તેના નીલમ મઢ્યા કાંગરાં હતાં. તેમાંના એક કાંગરા પર નિર્ધનની નારીના નિંદાયેલા યૌવનની ભ્રાંતિ થાય તેવી અલંકારવિહોણી એક કાયા બેઠી હતી. જ્ઞાનના આવાસની અંધારી મહોલાત શી એની કાંતિ હતી, અને અંગ ઉપર એક વસ્ત્ર એણે ઓઢ્યું હતું. એને પાટા બાંધ્યા હતાં ને છતાં શાંતિ અને સ્થિરતાને એણે જાળવી રાખ્યા હતાં. થોડા પહેરેગીરો એની ફરતા ઊભા હતાં, અને તેની પાસે એક માણસ ઝળહળતી જ્યોત સમું આસન નાખીને બેઠો હતો.

એક વખત એક સંન્યાસી ત્યાંથી નીકળ્યો અને આ દૃશ્ય જોઈ તેને કૌતુક થયું.

સંન્યાસી હવેલીમાં ગયો અને એણે જોયું કે દુનિયાના રત્નો હવેલીના માલિકે જ્યાં જ્યાં જડી શકાય ત્યાં જડયા હતાં. કલ્પના જેટલો વૈભવ સર્જી શકે તે બધો જ ત્યાં હતો. પછી તે ઉપર ગયો. ત્યાં પણ તેણે જોયું કે ઝળહળતા આસન પર બેઠેલ વ્યક્તિનો દેહ સોનાનો બનવો જ બાકી રહ્યો હતો. તેણે તેને વિનયપૂર્વક પૂછ્યું, ' આપનો પરિચય કરી શકું છું ? '

આસન પર બેઠેલ વ્યક્તિએ કહ્યું, ' અલબત્ત, હું આ હવેલીનો માલિક અને દુનિયાનો સૌથી ધનવંત છું.'

' ને આ સ્ત્રી કોણ છે ? ' સંન્યાસીએ પૂછ્યું.

' એ મૃત્યુ છે. '

' મૃત્યુ ? '

' હા, મૃત્યુ. '

' એની આંખે પાટા શા માટે બાંધ્યા છે ? '

' એની દૃષ્ટિ જ્યાં પડે છે ત્યાંથી જીવન ઊડી જાય છે તેથી. '

' તો એ અહીં ઉપર કેમ બેસે છે અને તમે બધા અહીં શું કરો છો ? '

' મૃત્યુને અમે ખરીદી લીધેલ છે અને તે અમારી મારફત જ મળી શકે છે. મૃત્યુનો અમારો વેપાર છે, સમજ્યા સંન્યાસીજી ? '

' મૃત્યુનો વેપાર ? '

' હા, જેને મૃત્યુ જોઈએ તેને મૃત્યુ અને જીવન જોઈએ તેને જીવન અમે આપીએ છીએ.'

' હું કંઈ જ સમજી શકતો નથી. લોકો શું મૃત્યુ માગવા પણ આવે છે ? '

' ટોળેટોળા, ત્યાં જુઓ. ' મહાધનવંતે બતાવેલ દિશા તરફ સંન્યાસીએ જોયું તો લોકોનો એક મોટો સમુદાય એક મેદાનમાં પડયો હતો. તદ્દન નવસ્ત્રા ગણાય તેવી તેમની વેશભૂષા હતી. ભૂખ, રોગ, શોક અને ત્રાસથી તેઓ વ્યાકુળ હતાં. નાના બાળકો જમીન પર ઊંધા પડયા પડયા ધૂળ ખાતા હતાં. કેટલાક વ્યાકુળ બનીને ચીસો પાડતા હોય તેમ લાગતું હતું, જ્યારે કેટલાક અનંત આસમાનની સામે સ્થિર દૃષ્ટિથી તાકી રહ્યા હતા. કેટલીક અર્ધમૃત સ્ત્રીઓના દેહમાંથી ગીધ, કાગડાઓ, વગેરેએ નસોના ઝૂમખાને બહાર કાઢી નાખ્યા હતા, અને ફરીફરી તેઓ ત્યાં આવીને તેને ઠોલતા હતા. સંન્યાસીને પોતાનો શ્વાસ બેસી જતો લાગ્યો. વધુ તે ન જોઈ શક્યો.

' જોયું ? તેમને મૃત્યુની જરૂર છે પણ તે ચૂકવવાનાં નાણા તેમની પાસે નથી.'

' પણ આ બધાને અનંતકાળ સુધી પૈસા ન મળે તો અનંતકાળ સુધીના આ તરફડાટથી તમને શો લાભ ? '

' અમને લાભ ? ' ધનવંત હસ્યો, ' તેઓ મૃત્યુ વિના જીવી શકતા પણ નથી.' ઇચ્છાએ કે અનિચ્છાએ તેઓ જ્યાં લગી જીવે ત્યાં લગી દરવર્ષે જીવવાની નિયત કિંમત તેમને ચૂકવવી પડે છે.'

' અને ન ચૂકવે તો ? '

સંન્યાસીને પોતાની પીઠ તરફ બતાવીને તે બોલ્યો. ' આ કારખાનાં જોયાં ? ત્યાં અને સામે લીલાં ખેતરો દેખાય છે ત્યાં આમના જુવાન પુત્ર-પુત્રીઓ કામ કરે છે. જો જીવનની કિંમત વખતસર ન મળે તો તેમને મૃત્યુ, અને આ લોકોને જીવનની સજા મળે છે.'

' ઓ પ્રભુ ! ' સંન્યાસીએ એક નિઃશ્વાસ નાખ્યો. ધનવંત હસ્યો.

ઉદ્યાનમાંથી બહાર નીકળીને અંતરિક્ષને સંબોધીને સંન્યાસીથી બોલી જવાયું. ' આ પણ શું તારું જ સર્જન છે પ્રભુ ? '

ને આ રોગની ઔષધિ શોધવા એ ચાલ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદાઇના દિવાસ્વપ્નમાંથી જાગી રહેલા મુસલમાનો

પાકિસ્તાનનો પરપોટો ફૂટી ગયો છે. પાકિસ્તાનની સ્થાપનાને બે જ મહિના થયા ત્યાં તો એની ઝૂંબેશ ઉઠાવવામાં મોખરે રહેલા હિંદના મુસલમાનોનો ભ્રમ ભાંગવા માંડયો છે. હિંદુઓ અને મુસલમાનો પગથી માથા સુધી જુદા છે, હિંદુઓ મુસલમાનોના દુશ્મનો છે, બે બન્ને કદી સાથે રહી શકે નહિ વગેરે ઝેરીલા પ્રચારની મદદથી છેલ્લાં દસ વર્ષમાં લાખ્ખો મુસલમાનોની આસપાસ એક માયાવી વાતાવરણ ઊભું કરી, પાકિસ્તાની સ્વર્ગનો મોહ પેદા કરી, અજ્ઞાન અને ગરીબ મુસલમાનોને આંધળાં બનાવી મુસ્લિમ લીગના આગેવાનોની એક સત્તાલોલૂપ ટોળકીએ પાકિસ્તાનો ગઢ જીતી લીધો. પણ અંદર દાખલ થઇને એ સત્તાશોખીનોએ પોતાની જેહાદ પાછળ ખુવાર બનેલા એ લાખો મુસલમાનો સામે ગઢના દરવાજા બંધ કરી દીધા છે. ગઢની અંદર લૂંટના ભાગ પાડવા માટે વિખવાદ જાગ્યો છે. બીડાયેલા દરવાજા સામે આશાભરી મીટ માંડીને ઊભેલી મુસ્લિમ જનતાના ચહેરા ઉપર ઝડપભેર હતાશાની સંધ્યા પથરાતી આવે છે. જુદાઇના દિવાસ્વપ્નમાંથી જાગીને એ આંખો ચોળે છે, અને જુએ છે કે દેશભરમાં, પ્રાંતે પ્રાંતે ને નગરે નગરે, મહોલ્લે મહોલ્લે ને ગામડાંની શેરીએ શેરીએ સર્વત્ર એકતા એકતા જ છે, હિંદુ અને મુસલમાનો એકબીજાના જીવનમાં વણાઈ ગયેલા છે અને એમને જુદા પાડવા જતાં બન્નેના અંગ ઉપર ઉઝરડા પડ્યા છે, બન્નેના દેહમાંથી વહેલા લોહીનો એક જ રેલો ચાલ્યો જાય છે.

અખંડ હિંદુસ્તાનનાં જેમનાં સ્વપ્નાં ખંડિત બન્યાં છે તેમના કરતાંય વધુ દયાપાત્ર હાલત પાકિસ્તાનનું જેમનું ખ્વાબ આજે ઝાંઝવાંનાં જળની માફક ઊડી ગયું છે તેમની છે. અખંડ હિંદના હિમાયતીઓ આજની ઘડીએ પરાજય પામ્યા છે ખરા, પણ સત્ય અને ન્યાય ખાતર પોતે યથાશક્તિ લડી જાણ્યાની મગરૂબી તેમના દિલમાં ભરી છે, પોતાના સ્વપ્ન કાજે ફરીને ઝઝુમવાનું મનોબળ એમના અંતરમાં જીવતું પડ્યું છે, પોતાના આખરી વિજય વિશેની એમની શ્રદ્ધા અડગ રહી છે. ત્યારે પાકિસ્તાનના અંધ અનુયાયીઓ પોતાની પોકળ સિદ્ધિથી નાસીપાસ બન્યા છે, એક જૂઠ, પ્રપંચ, છલના અને ગેરઇન્સાફ કાજે પોતાની તાકાત વેડફી નાખ્યાનો અફસોસ એમના દિલને કોરી રહ્યો છે. અને પોતે વાવેલા બાવળની શૂળો આજે એમના જ દેહને, એમના જ કલેજાંને ભોંકી રહી છે.

બે રાષ્ટ્રનો વિઘાતક વિચાર હવે દફનાવી દેવો પડશે

મુસલમાનોની આવી લાચાર હાલત જોઇને જેમને સૌથી વધુ દુઃખ થતું હશે તે રાષ્ટ્રવાદી મુસ્લિમો આજ સુધી પોતાને તરછોડનાર, અપમાનનાર, ભાંડનાર, મારનાર, સતાવનાર લીગ–અનુયાયીઓના સમૂહને ફરી એકવાર સન્માર્ગે ચડાવવા મથી રહ્યા છે. હિંદુસ્તાનના આથમણા પાડોશી રાષ્ટ્ર ઈરાનમાં આપણા એલચી નિમાયેલા સૈયદ અલી ઝહીરે કહ્યું છે કે—

'જેમને 'ભાકુતી' અને 'અમીચંદો' કહેવામાં આવતા હતા તેવા અમારા જેવા થોડાક માણસોએ આજની ખાનાખરાબીની પહેલેથી જ આગાહી કરી રાખેલી, અમે મુસ્લિમોને વારંવાર એનાથી ચેતવાનું કહેલું એ વાતથી આજે કાંઇ આશ્વાસન લઇ શકાય તેમ નથી. હિંદુસ્તાનની આજની દુર્દશા જોઇને અમારાં દિલ વેદના અને દુઃખથી ભરાઈ ગયાં છે. ખુદ કોંગ્રેસે પાકિસ્તાન મંજૂર રાખ્યું ત્યારે પણ અમારું મન તો માનતું જ નહોતું. હિંદુસ્તાનના કોમી ભાગલા પાડવાથી આ દેશ કમજોર બન્યો છે અને મુસ્લિમો માટે તો એ ભાગલા આત્મઘાતક બનવાનો સંભવ છે. પણ હવે તો આપણે પરિસ્થિતિ આજે જેવી છે તેવીનો જ વિચાર કરવાનો છે.

'પ્રથમ પહેલાં તો બે રાષ્ટ્રના વિઘાતક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારને આપણે જમીનમાં ઊંડે ઊંડે દફનાવી દેવાનો છે. આ જમાનામાં કોઇ પણ રાજ્ય પોતાની પ્રજાની બીજા રાજ્ય પ્રત્યેની વફાદારી સાંખી શકે નહિ. જે રાજ્યમાં પોતે જીવવાના છે અને મરવાના છે તેની પ્રત્યે નિર્ભેળ વફાદારી દાખવવાનું અને એ રાષ્ટ્રના સિદ્ધાંતનો ત્યાગ કરવાનું મુસલમાનો જેટલું જલદી શીખે તેટલું તેમને માટે અને રાજ્યને માટે સારું છે. સ્વતંત્ર દેશના નાગરિક–દરજ્જાનો આ મુળભૂત સિદ્ધાંત જો કોઇ સમજી શકે નહિ તો બહેતર છે કે એ હિંદ છોડીને પોતાને જ્યાં ફાવે ત્યાં ચાલ્યા જાય.'

પાકિસ્તાનની સ્થાપના પછી હિંદ અને પાકિસ્તાનમાંથી વસ્તીની જે મોટી ફેરબદલી થઇ રહી છે તેથી પ્રજાને જે અસહ્ય યાતનાઓ વેઠવી પડી છે તે વર્ષોના વર્ષો સુધી ભૂલી શકાશે નહિ, અને બન્ને રાજ્યોની પ્રજાઓ વચ્ચેના સંબંધોને એ પેઢીઓ સુધી કડવા કરી મૂકશે. એનો સીધો સરળ ઇલાજ શ્રી અલી ઝહીર સૂચવે છે કે, હિંદના મુસલમાનોએ જેમ પાકિસ્તાનની ચળવળમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો તેમ બન્ને સંસ્થાનોના એકીકરણની જેહાદ પણ એમણે જ હવે ઉપાડવી જોઇએ.

આવી જ ડહાપણભરી વાતો આવા સુજ્ઞ મુસ્લિમો પોતાના ધર્મભાઇઓને વર્ષોથી કહેતા આવ્યા હતા. પણ મુસલમાનોના એક મોટા વર્ગને એ ડહાપણ જે ન સમજાવી શક્યું તે આજે અનુભવ સમજાવી રહ્યો છે. જેમના કુહાડાના હાથા એ બન્યા હતા તે અંગ્રેજો આજે જતા રહ્યા છે, અને જેમની બેફામ ગુલબાંગો ઉપર એમણે જીવનની મોટી મુરાદો બાંધી હતી તે પાકિસ્તાનવાદીઓ પણ પોબાર થઇ ગયા છે. મુસલમાનોના એટલા ખુશકિસ્મત છે કે ગાંધીજી અને જવાહરલાલ નેહરુ જેવા રાષ્ટ્રનેતાઓએ હિંદી પ્રજા ઉપરથી પોતાનો કાબુ હજી ગુમાવ્યો નથી. એટલે હિંદમાં એ હશે ત્યાં સુધી મુસલમાનોને સદાય ન્યાય મળતો રહેશે—પણ આજે તો હવે એમને એકલો ન્યાય જ મળશે. પાછલા વર્ષોના બનાવો ન બન્યા હોત તો નાના ભાઈ લેખે એમને બહુમતી પાસેથી જે ઉદારદિલી અને લાડકોડ મળત એ એમણે લીગને પ્રતાપે ગુમાવ્યાં છે.

દોસ્તીના લેબાસવાળા દુશ્મનને સાથે મળીને હાંકી કાઢીએ

કઠોર વાસ્તવિકતા મુસલમાનોની નીંદ ઉડાડી રહી છે તે જોઇને લીગના નેતાઓ ચોંકી છે. તેઓ જાણે છે કે મુસલમાનોની જે તાકાત મઝહબી ઝનૂનને મારગે વાળી શકયા તે જ જો માર્ગે ચડશે તો એમના જેવા મધ્યયુગી માનસ માનવીઓને ચગદી નાખશે. એટલે ચૌધરી ખલિકુઝમાન અને (નોઆખાલીનો હત્યાકાંડ જેમના અમલ દરમિયાન ભજવાયો તે સંયુક્ત બંગાળના વડાપ્રધાન) શ્રી. સુહરાવર્દી જેવા કેટલાક ચબરાક પુરુષો હિંદ પ્રત્યેની વફાદારીની વાતો કરવા લાગ્યા છે. હિંદી સરકારની ખફા નજર અને જાગેલી મુસ્લિમ જનતાના રોષમાંથી બચવાનો આ એક રસ્તો એમણે ખોળ્યો છે. રાષ્ટ્રના આગેવાનો તો અનેકવાર દાઝેલા છે તેથી, ઉપરથી શાંત દેખાતા આ ઉપરના ચરૂઓથી એ હવે તો ચેતીને ચાલશે તેવી આશા રાખી શકાય. પરંતુ મુસલમાનોએ પોતાના આ દુશ્મનોથી હવે જલદી સંપૂર્ણપણે જાગ્રત થઇ જવું જોઇએ. બનાવો બન્યા છે, અને બનાવોએ મુસલમાનોને બતાવી આપ્યું છે કે સાચું કોણ હતું ને ખોટું કોણ હતું, દોસ્ત કોણ હતું અને દુશ્મન કોણ હતું. એ જૂઠ ફરી સત્યનો સ્વાંગ સજીને એમની આગળ આવે, એ દુશ્મન દોસ્તીનો નવો લેબાસ ધારણ કરી એમને પડખામાં લેવા આવે ત્યારે એને સાચે રસ્તે ઉઘાડો પાડવાનું અને એને હાંકી કાઢવાનું મુસલમાનોએ સહુ હિંદીઓની સાથે રહીને કરવાનું છે.

મુસ્લિમ લીગના આગેવાનોને હાંકી કાઢીને, મુસ્લિમ લીગને વિખેરી નાખીને, હજી પણ ઝેર ફેલાવી રહેલાં મુસ્લિમ લીગી છાપાંઓને હાથમાં પડતાં મૂકીને મુસલમાનોએ પોતાના દિલની સચ્ચાઈ બતાવી આપવાની છે. નવા આગેવાનો, નવી સંસ્થાઓ અને નવાં અખબારો એમણે શોધી લેવાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની પાસેથી નવી પ્રેરણા પીવાની છે, એમની દ્વારા પોતાની મુરાદોને બર લાવવાની છે. લીગનું હવે અવસાન થઇ જવું જોઇએ. કોમવાદ દફનાવાઈ જવો જોઇએ. એ જ સાચો રસ્તો છે, કારણકે એ જ રસ્તે મુસલમાન અમર બનશે, ઇસ્લામ અમર બનશે.

પાકિસ્તાની મોરલીના સૂર મુજબ હજીય નાચતા લીગવાદીઓ

મુસલમાનોના માનસપરિવર્તનની આજની ઘડીએ એમની સાથે ખામોશીથી કામ લેવાની સાથે સાથે જે કોઈ આગેવાનો કે છાપાંઓ હજી એને કોમવાદને અને વેરઝેરને મારગે દોરવા માટે ધમપછાડા કરી રહેલા જણાય તેમને નિર્દયપણે આ દેશમાંથી હાંકી કાઢવાની જરૂર છે. ચૌધરી ખલિકુઝમાન અને શ્રી. સુહરાવર્દી તો બિચારા એટલા બધા સુકુમાર ચામડીવાળા છે કે વફાદારી દર્શાવવાની થોડી માગણીઓથી પણ એ આકુળા બની ગયા છે! હજી મુસ્લિમ લીગની સંગ્રામ-સમિતિના સભ્યપદનો ભાર તો એમણે પોતાના શિરેથી ઉતાર્યો નથી. મંત્રણાઓ ચલાવવા અને સલાહો કે આદેશો લેવા તો હજીયે એ વારંવાર કરાંચી દોડયા જાય છે. વફાદારીની કડવી જાહેરાત પણ તેઓ કરે છે તે તો શ્રી ઝીણાના આદેશને કારણે જ—બાકી એમનાં દિલમાં એવી કોઇ ભાવના આપમેળે ઊગી નથી. મુંબઇનાં સત્તર લીગવાદી છાપાંના તંત્રીઓએ હિંદ પ્રત્યે વફાદારીની જાહેરાત કરી તેની સાથે સાથે ધમંડભેર જણાવેલું કે, પાકિસ્તાનની જેહાદને ટેકો આપવા માટે અમે મગરૂબ છીએ. હિંદ પ્રત્યે તેઓ કેવાંક વફાદાર છે તે તો એમાંના કોઇપણ એક છાપાને ઉઘાડીને જોવાથી જણાશે: પાકિસ્તાનમાં બિનમુસ્લિમો પર થયેલા અત્યાચારોને એ નજીવા ગણાવે છે, હિંદમાં પડેલા એના પ્રત્યાઘાતને મોટા ભયાનક સ્વરૂપે ચીતરે છે, પાકસ્તાની મોરલીના સૂર પ્રમાણે કાશ્મીરની વિરુદ્ધમાં અને હૈદ્રાબાદ કે જૂનાગઢની તરફેણમાં એ કિકિયાટા કરે છે.

હિંદમાં હિંદુઓનું રાજ્ય થવું જોઈએ એવી 'ભયંકર માગણી' કરનાર દિલ્હીના એક છાપા વિશે ગાંધીજીએ પોતાના પ્રાર્થના-પ્રવચનમાં ઇશારો કરેલો અને પૂછેલું કે, આવાં છાપાં ચાલવા દઇ શકાય? વાણી-સ્વાતંત્ર્યનો અર્થ આવો થાય છે? એ જ પ્રમાણે હરકોઇ રીતે આ દેશમાં હવે કોમવાદને ફરી ઊભો કરવા મથનારા તમામ છાપાં સામે કડક પગલાં લેવાનો સમય આવી ગયો છે. તંત્રી પરિષદને હાથે વારતહેવારે ઘડાતા નવા નવા 'નૈતિક ધારાઓ'નો ભાગ્યે જ અમલ થતો હોય છે. અને કોઇ રડયુંખડયું છાપું એનો અમલ કરવા જાય તો જાહેરખબરો અને વાચકો ગુમાવતું હોય છે.

સમાચાર-કટારોને ચડતો નિરર્થક કોમી રંગ

પ્રયત્નપૂર્વક પેસાડેલા કોમવાદ ઉપરાંત આપણાં છાપાંની સમાચાર-કટારોમાં એક બીજા પ્રકારનો કોમી રંગ અજાણે પેસી ગયેલો જણાય છે. ગાડી નીચે કોઈ જાનવર કચરાઈ જાય તો એ હકીકતને વિગતવાર રજૂ કરવામાં જેમ એક ગાય, બકરી, ભેંસ કે કૂતરું-ગધેડું કચરાઈ ગયાનું લખાય છે તેમ આવા અકસ્માતોમાં કોઇ માણસ સંડોવાય ત્યારે એક હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી કે ઢેઢ-ભંગી ચગદાઇ ગયાનાં મથાળાં બંધાતાં હોય છે. નજીવા કારણોસર કે અંગત અદાવતને કારણે થયેલી મારામારીઓમાં પણ કયે પક્ષે 'ભૈયા' કે 'શીખ' હતા ને કયે પક્ષે 'પઠાણ' હતા તે વિનાકારણ સ્પષ્ટ કરવામાં આવતું હોય છે. આ પ્રથા નિર્દોષ હશે, પણ અત્યારના નાજુક વાતાવરણમાં એ કેટલીક વાર અનર્થ પેદા કરે છે—કે જે પેદા કરવાની કોઇની ઇચ્છા હોતી નથી.

અમદાવાદમાં મ્યુનિસિપાલિટી હસ્તક ચાલતી બસમાં એક કંડકટરે એક ટિકિટ-ઇન્સ્પેકટરનું ખૂન કર્યું. (ખૂની અને મરનાર કઇ કોમના હતા તેની સાથે આપણે નિસ્બત નથી.) ખૂનનું કારણ એવું બહાર આવ્યું છે કે કંડકટર ટિકિટો આપવામાં અને પૈસા લેવામાં કેટલીક ગેરરીતિઓ અજમાવતો હતો તે ચબરાક ઇન્સ્પેકટરના ધ્યાનમાં આવતાં તેણે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવેલી, અને આવી ફરિયાદોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંખ્યા વધવાથી કંડકટરને નોકરમાંથી રજા મળેલી તેથી એનું લોહી તપી ગયેલું. સદ્‌ભાગ્યે, ભાગતા ગુનેગારને રસ્તા પરના માણસોએ હિંમતપૂર્વક પકડી પોલીસને હવાલે કરી દીધો; તેથી કાયદો હવે કાયદાનું કામ કરશે, અને અપરાધીને યોગ્ય નશ્યત મળશે.

સમાજમાં બનતા ગુનાઓ માટે પ્રજાની પણ જવાબદારી છે

પણ આ કિસ્સામાં શું એકલો એ કંડકટર જ અપરાધી છે? જેની વચ્ચે એ રાતદિવસ વસે છે અને કામ બજાવે છે તે શહેરી સમાજ એના આવા વર્તન માટે કેટલેક અંશે જવાબદાર નથી? કંડકટરની ગેરરીતિઓને કારણે શહેરની મ્યુનિસિપાલિટીને નાણાંકીય નુકસાન થતું હતું—મ્યુનિસિપાલિટીને એટલે કે તેના સભ્યોને ચૂંટનારા શહેરીજનોને, મતદારોને, કર ભરનારાઓને. પણ એકલે હાથે તાળી નહોતી પડતી. કંડકટરની ગેરરીતિઓનો સાક્ષી બસના મુસાફરોનો મોટો સમૂહ જેમ પોતાની નિષ્ક્રીયતાથી એ કંડકટરને મદદરૂપ બનતો હતો, તેમ કેટલાય મુસાફરો એ ગેરરીતિઓના ભાગીદાર બનીને તેને ઉત્તેજન આપતા હશે. ટિકિટના પૂરા પૈસા ન દેનારા, અરધા કંડકટરને દઈને અરધા પોતાના ખીસામાં પાછા મૂકનારા અને વગર ટિકિટે મુસાફરી કરનારા મુસાફરોનો સારો એવો વર્ગ માત્ર અમદાવાદમાં જ નહિ પણ મુંબઈ વગેરે શહેરોમાંય અસ્તિત્વ ધરાવે છે. આવી લુચ્ચાઈ કરીને મ્યુનિસિપાલિટીને—એટલે કે સમાજને અને આખર જતાં પોતાની જાતને જ છેતરનારા આ મુસાફરો પણ પાછા ગરીબ મજૂરો કે અભણ ગામડિયાઓ નહિ પણ સુશિક્ષિત સુધરેલા સમાજમાં વસનારા ઊજળા નગરવાસીઓ હોય છે.

વાત બહુ જ નાની છે. એમાં સવાલ બહુ બહુ તો એકાદ આનાનો હોય છે. પણ એમાંથી આપણા સ્વભાવનું દર્શન થાય છે. કંડકટર બિચારો ઝપટમાં આવ્યો, કારણ કે જેમ મુસાફરો પાસેથી પોતે લાંચ લેતો, તેમ બીજાઓને લાંચ આપવાની આવડત–હુશિયારી એનામાં કદાચ નહિ હોય. લડાઈને કારણે આપણા સમાજમાં આ કંડકટર કરતાં તો ઘણા ઘણા ગંભીર ગુનાઓ સિફતથી કરનારા સેંકડો માણસો ફૂટી નીકળ્યા છે. એમને નશ્યત કરનારું કોઈ નથી. સમાજમાં જે કાંઈ ગુનાઓ થાય તેને દાબી દેવાની જેમ સરકારની ફરજ છે, તેમ જ ગુનાઓને પોષતું વાતાવરણ ઊભું ન થવા દેવાની જવાબદારી શું પ્રજાની નથી?

સ્વાતંત્ર્ય-દિનની ખુશાલીમાં ૧૫મી ઓગસ્ટે મદ્રાસ પ્રાંતના ૭૫૦૦ કેદીઓને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા હતા. પણ કેદખાનાંની વસ્તીમાં આ ઘટાડો લાંબો વખત ટક્યો નહિ! એ જ મહિનામાં ૪૫૦૦ નવા કેદીઓ એ જેલોમાં ફરી દાખલ થઈ ગયા! આવા બનાવો આપણને ફરી ફરીને યાદ કરાવે છે કે સમાજમાં નિશાળો જેમ ઓછી, ઇસ્પિતાલો જેમ ઓછી, રહેવાને સારાં ઘર જેમ ઓછાં ને સત્ત્વશીલ ખોરાક જેમ ઓછો તેમ કેદખાનાંની સંખ્યા વધુ ને વધુ રહેવાની, એ કેદખાનાંની વસ્તી પણ વધતી જ જવાની.

આવું નિયંત્રણવિહીન વર્તન દેશને વસ્ત્રહીન બનાવશે

ઔદ્યોગિક અદાલતમાંથી પોતાની કોઈ ફરિયાદ અંગે સાંપડેલા અણગમતા ચુકાદાના વિરોધમાં મુંબઈમાં કાપડની કેટલીક મિલોના કામદારોએ હડતાલ પાડેલી તેને પરિણામે એક જ અઠવાડિયામાં આખા મુંબઈ શહેર અને પરાંની પ્રજાને એક વરસ ચાલે તેટલા કાપડનું ઉત્પાદન ઘટી ગયું. આ હકીકત જેટલી ચોંકાવનારી છે, તેમ મજૂરો તથા માલિકોને સમાજ પ્રત્યેની તેમની ગંભીર જવાબદારી અંગે જાગ્રત કરનારી હોવી જોઈએ. આ રીતે કાપડના ઉત્પાદનમાં વારતહેવારે ભંગાણ પડાવનારાઓ જોતજોતામાં તો આખા દેશને નગ્ન સ્વરૂપે જીવવાની ફરજ પાડી દેશે. આવા મહત્ત્વના ઉદ્યોગના મજૂરો અને માલિકો કોઈપણ જાતના નિયંત્રણ વગર મનફાવે તેમ વર્તે દેવાનું સરકારને કે પ્રજાને પાલવે નહિ.

લડાઈ પૂરી થયાને બે વર્ષ વીતી ગયા છતાં કાપડની બૂમ એવી ને એવી જ કેમ રહી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ સામાન્ય પ્રજાજનને શોધ્યું જડતું નથી. લડાઈનાં આકરાં વર્ષો દરમિયાન લશ્કર માટે લાખો વાર કાપડ પૂરું પાડવા છતાં આ દેશની મિલો સરેરાશ પ્રજાજન માટે જેટલું લૂગડું ફાજલ પાડી શકતી હતી તેટલું પણ આજે એ આપી નથી શકતી તે બીના મતિને મૂંઝવી નાખે તેવી છે. લડાઇ પહેલાં, જ્યારે એક ચીનને બાદ કરતાં હિંદુસ્તાન જગતભરમાં સૌથી ઓછું કાપડ પહેરનારો દેશ હતો ત્યારે, સરેરાશ હિંદી પ્રજાજન વર્ષે ૧૬½ વાર કાપડ પામતો હતો. (તે વખતે સરેરાશ અમેરિકનને વર્ષે ૫૫ વાર, અંગ્રેજને ૪૫ વાર, પશ્ચિમ યુરોપવાસીને ૩૦ થી ૩૫ વાર, પૂર્વ યુરોપવાસીને ૨૦ થી ૨૫ વાર અને જાપાનીને ૨૦ વાર કાપડ મળતું હતું.) આજે આઠ વર્ષ પછી, જગત આખાએ જ્યારે પ્રગતિ કરી હશે ત્યારે, આપણો પ્રજાજન આ વરસનું પૂરું ૧૧ વાર કાપડ પણ નથી પામ્યો. ૧૯૩૮–'૩૯ દરમિયાન હિંદુસ્તાનની મિલો અને હાથશાળોએ ૬૨૦ કરોડ વાર કાપડ પેદા કરેલું, અને ૧૯૪૬–'૪૭ માં (વસ્તીમાં લગભગ ચાર કરોડનો વધારો થયો છે ત્યારે) એ આંકડો ઘટીને ૪૬૦ કરોડ ઉપર આવી ગયો છે.

ઉત્પાદનમાં વધારો કરતી નાની નાની મજૂર સગવડો

આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા માટે સંખ્યાબંધ પરિષદો ભરાઈ ચૂકી છે અને પાર વિનાની ચર્ચાઓને અંતે એમનું વિસર્જન પણ થઈ ગયેલ છે. મજૂરો વધારે પગાર માગે છે, મિલ–માલિકો એમના ભંડારોમાં લખલૂટ નફો ઠલવાયો હોવા છતાં ભાવ–વધારાનો આગ્રહ રાખે છે. આવી સૂડી વચ્ચે સોપારી જેવી હાલતમાંથી નીકળવાનો એક માર્ગ એ સૂચવાયો છે કે મજૂરોને અને માલિકોને પગાર કે ભાવમાં વધારો કરીને રોકડ નાણાં આપવાને બદલે એમને બીજી સગવડો આપીને સંતોષવા.

એક જ નાનીશી સગવડ મળવાથી મજૂરોનાં મન કેટલાં સંતુષ્ટ રહે છે (અને તેથી ઉત્પાદનમાં કેટલો ફેર પડે છે) તે સારાં ‘કેન્ટીન’ (નાસ્તાગૃહ) વાળી અને કેન્ટીન વિનાની મિલોને સરખાવી જોવાથી કદાચ જણાઈ આવશે. આપણાં શહેરોનો વિકાસ સદંતર ઢંગધડા વગરનો થયો હોવાથી કારખાનાં અને તેમાં કામ કરનારાં મજૂરો માઇલોને અંતરે વેરવિખેર પડેલાં હોય છે. તેથી હજારો મજૂરોને એક ટંકનું ભોજન તો બપોરની અર્ધોએક કલાકની છુટ્ટી દરમિયાન મિલ–કારખાના નજીકની કોઇ ગંધારી હોટલમાં લૂછલૂછ ખાઇ લઇને દોડાદોડ ફરજ ઉપર હાજર થઈ જવું પડતું હોય છે. એને બદલે પ્રત્યેક મિલ-કારખાનામાં જ તેના કામદારોને સાદો સત્ત્વશીલ આહાર વાજબી દામે મળતો હોય તો તેમની તંદુરસ્તી જળવાઈ રહે અને એ પૈસાની બચત એના ખીસામાં રહે. શાણા ઉદ્યોગપતિઓ તરત સમજશે કે કામદારોની તંદુરસ્તી અને ખીસામાંની બચત એ ઉદ્યોગની મોટી થાપણ છે, અને મિલ–કારખાનામાં આવાં નાસ્તાગૃહો ચલાવવાથી સરવાળે આખા ઉદ્યોગને જ લાભ છે. ફેકટરી એકટમાં જ યોગ્ય સુધારા કરાવીને પ્રાંતીક સરકાર આવી જરૂરિયાતો માટે પ્રબંધ કરાવી શકે.

મદ્રાસની સરકારે આ બાબતમાં અમુક નિયમો કરવાનો નિર્ણય કર્યો છે, જેને પરિણામે સામાન્ય રીતે ૨૫૦થી વધુ કામદારો જ્યાં કામ કરતાં હોય તેવા દરેક કારખાનાના માલિકે પોતાના કામદારોને માટે ચોક્કસ પ્રકારનું નાસ્તાગૃહ યોજવું પડશે. આવાં નાસ્તાગૃહોનો વહીવટ ઇત્યાદિ સંભાળવા અને જુદી જુદી વાનીઓની કિંમત નક્કી કરવા મજૂરો અને માલિકોની સરખી સંખ્યાના પ્રતિનિધિઓની બનેલી એક સમિતિ નીમવાની પણ આ નિયમોમાં જોગવાઈ છે.

જેમ નિશાળના વિદ્યાર્થીઓને મફત દૂધ અને (ગરીબ બાળકોને) બપોરનો નાસ્તો આપવાની બાબતમાં તેમ કામદારો માટેનાં નાસ્તાગૃહો યોજવાની બાબતમાં પણ મદ્રાસે પહેલ કરીને બીજા પ્રાંતો માટે દાખલો બેસાડયો છે.

હરિજનોને વટલાવવાનું હીન પાકિસ્તાની કાવત્રું

ભાગલા પાડીને રાજ કરવાના બ્રિટિશ સરકારના સિદ્ધાંતના આટલાં વર્ષો સુધી પ્યાદાં બન્યા પછી પાકિસ્તાનવાદીઓ હવે એનો નાપાક પ્રયોગ બિન–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમો ઉપર કરવા મથી રહ્યા છે. કોંગ્રેસે વચગાળાની સરકારમાં પોતાના ભાગની બેઠકોમાંથી એક રાષ્ટ્રવાદી મુસ્લિમને આપી તેને વાદે વાદે મુસ્લિમ લીગે શ્રી. જોગેન્દ્રનાથ મંડળ નામના દલિતોના એક પૂતળા–આગેવાન શોધીને પોતાના હિસ્સાનું એક પ્રધાનપદું એમના શિરે ઠોકી બેસાડેલું. એ જ નીતિ ચાલુ રાખીને પાકિસ્તાની પ્રધાનમંડળમાં પણ શ્રી. મંડળને એક આસન અપાયું હતું. હવે એક ડગલું આગળ વધીને કહેવાતા સવર્ણ હિંદુઓ અને હરિજનો વચ્ચે મોટી ફાચર મારવાનો દુષ્ટ પ્રયત્ન પાકિસ્તાનવાદીઓએ આદર્યો છે. કરાંચીના દલિત વર્ગના માનવીઓનાં બાવડાં ઉપર ચાંદ–તારાવાળા લીલા બિલ્લા પહેરાવવાનો પ્રબંધ પાકિસ્તાની સરકારે કર્યો છે. એની ઉપર 'દલિત વર્ગ'નું નામ લખેલું હશે, જેથી બિનમુસ્લિમ લઘુમતી ઉપરના પાકિસ્તાની મુસ્લિમોના રોષમાંથી એમને જુદા તારવી લઇ શકાય. આ સંબંધમાં સિંધની સરકારે બહાર પાડેલી જાહેરાતનો ધ્વનિ પણ એવો જ છે કે બીજા બિન–મુસ્લિમોનું ચાહ્ય તે થાવ, પણ દલિત વર્ગનાં માનવીઓ તો મુસ્લિમોના મિત્ર છે, માટે તેમને કશી ઈજા ન થવી જોઇએ.

ગાંધીજીએ કહ્યું છે તેમ આ પગલું ધીમે ધીમે પાકિસ્તાની હરિજનોને ઇસ્લામમાં વટલાવવા ભણી દોરી જશે. સૌ હિંદુઓ આવી પ્રપંચલીલાથી ખિન્ન બને તે સ્વાભાવિક છે. પરંતુ હરિજનો હિંદુ ધર્મમાં રહે તે માટે કહેવાતા સવર્ણ હિંદુઓએ કદીય કશી લાગણી ક્યાં બતાવી છે? હિંદુ ધર્મમાં રહેવાથી હરિજનો આભડછેટની પશુ સાથેના વર્તાવસમી અપમાનકારક પ્રથાના ભોગ બને છે, એમના અલગ 'ઢેઢવાડા' કે 'હરિજનવાસ' બંધાય છે, એમને સાર્વજનિક હોટલોમાં કે હિંદુઓના મંદિરોમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નથી, જીવનભર એ પીડિત કચડાયેલી દશામાં રહે છે. ઈસ્લામ અંગીકાર કરવાથી એ મુસ્લિમોની બિરાદરીભરી જમાતમાં સમાનતા પ્રાપ્ત કરે છે અને એના એ જ સવર્ણ હિંદુઓ પણ તે પછી એમની સાથે માનમોભામાં રહીને વાત કરતાં થઇ જાય છે. મુસલમાન બનીને કોઈ લાભ મેળવી લેવાની લાલચે નહિ, તો પણ હિંદુ ધર્મમાં પોતાને મળેલા ગુલામ સરખા સ્થાનમાંથી નીકળવા એ ધર્મપલટો કરે તો હરિજનોને આપણાથી કેમ દોષ દઇ શકાય?

સફાઈકાર્યની આપત્તિ હવે ઈજારાનું સ્વરૂપ ધરે છે

હરિજનોના પ્રશ્ન પ્રત્યે ઉદાસીન રહેવાથી હિંદુ સમાજ પોતાને જ મોટું નુકસાન કરી રહ્યો છે. હરિજનો આજે જે કાર્ય કરે છે તે તેમની કોમના ઇજારા જેવું બની ગયું છે. અને એક વખત એમના માટે જ આપત્તિ સમાન ગણાતું હતું તે કાર્ય આજે એમના હાથમાં ભરેલી બંધૂકનું સ્વરૂપ ધારણ કરતું જાય છે. આર્થિક સંજોગો હરિજનોને જાગ્રત કરી રહ્યા છે અને શહેરોની સુધરાઇ સાથેનાં એમનાં ઘર્ષણો વધી રહ્યાં છે આનો ઉકેલ માત્ર વધુ પગાર કે વધુ સગવડો આપવાથી આવી જવાનો નથી. 'સુધરાઇઓ અને સફાઇ કામદારો' નામની 'હરિજનબંધુ'માંની એક નોંધમાં શ્રી પરીક્ષિતલાલ મજમુદારે કરેલાં આ સૂચનો એના ઉકેલ માટે ઘણાં મહત્ત્વનાં છે:

'સમાજમાં ગંદું ગણાતું છતાં જાહેર સ્વાસ્થ્યને અતિ ઉપયોગી એવું સફાઇનું કામ માત્ર એક જ વર્ગ ઉપર ફરજિયાત નાખીને સમાજે આ મુશ્કેલી વહોરી લીધી છે. આ કામ પોતાના વિના બીજું કોઈ કરનાર નથી એ જાતનું એ વર્ગને રહેતું છૂપું ભાન પરિસ્થિતિમાં વધારે ગૂંચવણ ઊભી કરે છે. આ સંજોગોમાં નોકરોના હક્કો અને તેમને મળતી સગવડો માત્રથી આ ગૂંચવાડાનો નિકાલ આવવા સંભવ નથી. સાચું જોતાં સફાઇના કામને દુર્ગંધ ઓછી કરી, વધારે શાસ્ત્રીય બનાવી આકર્ષક બનાવવું જોઈએ...સફાઇ કામનું મહત્ત્વ વધારવા માટે સફાઈ કામદારોનો દરજ્જો વધારીને તેમજ તેમને સફાઈની અનુકૂળતાઓ આપીને આ કામ એવી સ્થિતિએ લઇ જવું જોઈએ કે એ વ્યવસાય એક જ વર્ગનો ઇજારો છે એ ભાવના નાબૂદ થાય, બીજાઓને તેમાં આવવાનું આકર્ષણ થાય અને એમાં નોકરી કરતા સૌને વ્યવસ્થિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવાની ફરજ પડે......

'જન્મથી જેમના ઉપર સમાજે માત્ર સફાઇનું કામ લાદ્યું છે તેમને સફાઇ સિવાયનાં બીજાં કામમાં જોડીને તેમના જીવનનિર્વાહના બીજા માર્ગો ખુલ્લા કરી આપવા જોઇએ. આ નૈતિક જોખમદારી સમાજની છે.'

ટપાલની સુંદર ટિકિટો
ભાવના-વિચારોનું વાહન બને

ગયે વર્ષે વચગાળાની સરકારની સ્થાપના થઈ અને બંધારણસભાની પહેલી બેઠક મળી તેની યાદગીરીમાં આપણા દેશમાં ખાસ ટપાલની ટિકિટો બહાર પાડવાનું સૂચન કરતો જે એક કાગળ હિંદી સરકારના ટપાલ-ખાતા ઉપર લખાયેલો તે અહીં આ કટારોમાં આપવામાં આવ્યો હતો. તેના જવાબમાં ટપાલ-ખાતાના મંત્રીએ જણાવેલું કે એ બે પ્રસંગો એટલા ઓચિંતાના આવી પડેલા કે તેમને અનુરૂપ ટિકિટો ચીતરાવી, છાપી, તૈયાર કરાવી, બહાર પાડવાનું કામ એટલી ટૂંકી મુદતમાં થઈ શકે તેમ નહોતું. સાથે સાથે એટલું આશ્વાસન અપાયેલું કે ભવિષ્યમાં રાષ્ટ્રીય સરકારની સ્થાપના થાય તે પ્રસંગે ખાસ ટિકિટો બહાર પાડવાની 'વિચારણા ચાલી રહી છે.' તે પછી કેટલાય મહિનાઓનો સમય મળવા છતાં ટપાલ-ખાતું ૧૫મી ઑગસ્ટ માટેની ખાસ ટિકિટો તૈયાર કરી શક્યું નહોતું. તેને પણ બે મહિના વીતી ગયા છતાં ય હજી એવી ટિકિટો બહાર પડી નથી.

'હિંદુસ્તાન ટાઇમ્સ'માં જાણીતા ટિકિટ-સંગ્રાહક શ્રી. જાલ કૂપર 'હિંદને માટે નવી ટિકિટો જોઇએ' નામે રસિક લેખમાં લખે છે કે:—

'દરેક દેશની ટપાલની ટિકિટો દુનિયાભરમાં તેના શ્રેષ્ઠ એલચી તરીકેનું કામ બજાવે છે. અને સ્વતંત્ર થયા પછી હિંદે જો પોતાની જ નવી ટિકિટો બહાર પાડી હોત તો કાગળની એ ઝીણી ઝીણી કટકીઓએ આપણી આઝાદીનો સંદેશો જગતભરમાં પહોંચાડ્યો હોત.

'૧૮૫૪ની સાલથી હિંદની ટિકિટો ઉપર બ્રિટિશ રાજા કે રાણીનું મહોરું મુકાતું આવ્યું છે. હિંદ હજી બ્રિટિશ સામ્રાજ્યસમૂહમાં છે તે સાચું, પણ તેથી તેને પોતાની નિરાળી ટપાલ-ટિકિટો બહાર પાડતાં કોઈ રોકતું નથી. હકીકતમાં તો બીજાં બ્રિટિશ સંસ્થાનો પોતાનું કુદરતી સૌંદર્ય, ને પોતાની સંસ્કૃતિની કે પોતાના ઉદ્યોગોની કોઈ બાજુનું દર્શન કરાવતી પોતાની અલગ ટિકિટો મગરૂબીભેર બહાર પાડતાં આવ્યાં છે. મહત્ત્વના બનાવોની યાદગીરીમાં તેઓ વખતોવખત ખાસ ટિકિટો પણ બહાર પાડે છે...

'હિંદુસ્તાનનો ભૂતકાળ ભવ્ય છે. આપણી તવારીખમાંના જુદા જુદા બનાવો, આપણાં ઐતિહાસિક સ્થળો-શિલ્પો, આપણું કુદરતી સૌંદર્ય, આપણા ઉદ્યોગો અને આપણો ભાવિ કાર્યક્રમ પણ રજૂ કરે તેવી ચિત્રાત્મક ટિકિટો આપણે બહાર પાડવી જરૂરી છે . . .

'નાસિકના સરકારી છાપખાનામાં આપણી પાસે સારામાં સારા કારીગરો છે. એમને સુયોગ્ય ચિત્રો તૈયાર કરી આપવામાં આવે તો એ સુંદર ટિકિટો બનાવી શકે તેમ છે. લડાઇ દરમિયાન આ છાપખાનું થોડા જ સમયમાં બરમા માટે અને દૂરના સુદાન માટે જો ટિકિટો તૈયાર કરી શક્યું હતું તો આપણી પોતાની જ ટિકિટો એ ટૂંકી મુદતમાં કેમ તૈયાર ન કરી શકે ?'

ટપાલની ટિકિટો ભેગી કરનારાં રસિયા શોખીનો સરકારને ઘણી આવક કરાવી આપતાં હોય છે. અમેરિકામાં આવા શોખીનોની સંખ્યા કરોડેક જેટલી છે અને છેલ્લા એક જ વર્ષ દરમિયાન એમણે ૩૩,૩૧,૦૦૦ ડૉલરની ટિકીટો ખરીદેલી. ખાસ પ્રસંગોએ બહાર પડતી ટિકિટો વાટે પૈસા કમાવા ઉપરાંત સરકાર દેશમાં એક પ્રકારનું વાતાવરણ પણ ઊભું કરી શકે છે. શ્રી કૂપર જણાવે છે તેમ ન્યુ ઝીલેન્ડ, સ્વિટ્ઝરલેન્ડ વગેરે કેટલાક દેશોમાં દર વર્ષે તંદુરસ્તી-સપ્તાહની ઊજવણીમાં ખાસ ટિકિટો બહાર પડે છે, તે તેના છાપેલ દર કરતાં થોડી વધુ કિંમતે વેચાય છે. અને એ રીતે થતી વધારાની આવકમાંથી બાળકોની સંસ્થાઓને મદદ કરવામાં આવે છે. (આટલું લખાયા પછી સમાચાર મળે છે કે નવેમ્બરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખર સુધીમાં હિંદી સ્વાતંત્ર્યના સ્મારકની ટિકિટો બહાર પડવાની છે. પોતાની આળસ ઉડાડીને આપણા ટપાલ–ખાતાએ શ્રી કૂપરે સૂચવેલી દિશામાં ઘણું કરવાની જરૂર છે.)

ભાષાભેદના વાદવિવાદમાં કોમવાદે અંધેર ફેલાવ્યું છે

યુક્તપ્રાંતની સરકારે હિંદીને રાજભાષા બનાવીને એક હિંમતભર્યું પગલું ભર્યું છે. બે ભાષાના મિશ્રણુ સમી હિંદુસ્તાનીને રાષ્ટ્રભાષા બનાવી તેને બે લિપિમાં લખવાની ગાંધીજીની હિમાયત છતાં યુક્તપ્રાંતની સરકારે આવું નિર્ણયાત્મક પગલું ભર્યું તેથી કેટલાકને આશ્ચર્ય થયું હશે. ખરી વાત એ છે કે અંગ્રેજી રાજઅમલના અંત સાથે અંગ્રેજી ભાષાને પણ વિદાય આપવાની આપણી ઉત્કટ ઇચ્છાને હિંદી–હિંદુસ્તાનીની અનંત અફળ ચર્ચાઓ ગુંગળાવી મારતી હતી. એમાંથી તાત્કાલિક કોઇ પણ એક જેવો સૂઝે તેવો રસ્તો લઇને તેને વળગી રહેવાથી, બીજું કાંઇ નહિ તો, અંગ્રેજીને તો આપણે વિદાય આપી શકીએ છીએ. બે વિરુદ્ધ જ પ્રકારની લિપિઓનો બોજો આપણી પ્રજા ઉપર લાદવાની વાત દેશના ઘણા મોટા ભાગને ગળે હજી ઊતરતી નથી. ઘણાનું એમ પણ માનવું છે કે ભાષાભેદના વાદવિવાદમાં કોમભેદને નાહક વધુ પડતું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ચોટી, દાઢી અને હેટના તફાવતો એક સર્વમાન્ય રાષ્ટ્રભાષાના સ્વીકાર આડે ન આવવા જોઇએ.

એટલું તો સ્પષ્ટ છે કે શિક્ષિત મુસ્લિમોનો જે ભાગ ઊર્દુ લિપિ જાણે છે તેમને સંતોષવા ખાતર જ આપણી રાષ્ટ્રભાષાને બે લિપિમાં લખવાનો આગ્રહ થઇ રહ્યો છે. એ જ રીતે જે લાખ્ખો માણસો બંગાળી, અંગ્રેજી કે અન્ય લિપિઓ વાપરે છે તેઓ એક નવો દુરાગ્રહ લઇ બેસે તો તેમને સંતોષવા જતાં આપણે રાષ્ટ્રભાષાના પ્રશ્ન અંગે અંધેર ફેલાવી દઇશું. દેવનાગરી, ઊર્દુ કે અંગ્રેજી (રોમન), હિંદુઓ, મુસલમાનો કે ખ્રિસ્તીઓ નામની ત્રણ જુદી જુદી કોમની લિપિઓ છે એ વાત મનમાંથી ભૂંસી નાખીને પછી, રાષ્ટ્રહિતની દ્રષ્ટિએ, માત્ર ભાષા–લિપિના ગુણદોષની જ દ્રષ્ટિએ આ પ્રશ્નની વિચારણા કેમ નહિ થતી હોય તે એક કોયડો છે. જેમને દેવનાગરી માટે કોઇ વિશેષ પ્યાર નથી, ઊર્દુ માટે મહોબ્બત નથી, અંગ્રેજીનો મોહ નથી, અને આ ત્રણમાંથી જે કોઇ પણ લિપિ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ શ્રેષ્ઠ સાબિત થાય તેને સમગ્ર દેશના હિતમાં સ્વીકારવા જે તૈયાર હશે તેવા કરોડો અભણ માનવીઓની તો આ લિપિ–ચર્ચામાં કોઇ ગણતરી થતી નથી.

માનવજીવન સાથેનો સંગીતનો અતલ ઊંડો સંબંધ

કલકત્તામાં મળેલી અખિલ હિંદ સંગીત પરિષદને પ્રમુખસ્થાનેથી શ્રી રાજાજીએ કહેલી આ વાત ઉપરછલી નહિ પણ માનવીનાં અંતરનાં સૂક્ષ્મ તત્ત્વોનું દર્શન કરાવનારી છે:

‘માનવ–સ્વભાવને ઇશ્વરની નજીકની કક્ષાએ પહોંચાડવા માટે સંગીત કરતાં વિશેષ તાકાતવાન બીજી કોઇ વસ્તુ નથી. ઘરેઘરમાં જો સંગીત દાખલ કરવામાં આવે તો દેશમાંથી કેટલાંય ખૂરાં તત્ત્વો દૂર થઇ શકે. કારણ કે સંગીત એ નર્યું આનંદપ્રમોદનું સાધન નથી, પરંતુ માનવીની અંદરના હળાહળને દૂર કરનારી દૈવી ઔષધિ છે. જનસમૂહમાં શાંતિનો પ્રચાર કરવામાં સંગીત, મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે.’

બૂંગિયા ઢોલના સાદે સાબદા થતા ગામડાંના શુરાઓ, ચાર જ મસક–વાજાંના સૂરોથી સાથે કદમ મિલાવતા સેંકડો સ્કૉટિશ સૈનિકો, શાયરના યુદ્ધ–લલકાર સુણી જાતને હોમી દેનારા વીરો અને મદારીની મોરલી ઉપર ડોલનારા વિષધરો–એ બધાં સંગીતના જીવન ઉપરના પ્રભાવનાં જ દષ્ટાંતો છે. અમેરિકામાં તો ઘવાયેલા કે અપંગ બનેલા યુદ્ધ–સૈનિકોને અપાતી તબીબી સારવારમાં ચોક્કસ પ્રકારના સંગીતની માવજત પણ શામિલ કરાયેલ છે. પ્રથમ ઊંદરો અને પછી ગામનાં બાળકોને પાગલ બનાવીને તાણી જનારા પેલા બંસીવાળાની કથા ખરે જ નરી કલ્પનાજન્ય નહિ હોય.

૨૪–૧૦–’૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાલી આવતી આપકથાનો હપ્તો નવમો

ધૂમકેતુ

વાણી ઉપર સંયમ એટલે શું—એનું વ્યવહારુ સ્વરૂપ જેવુ શ્રીમન્નથુરામશર્માના સાન્નિધ્યમાં મેં જોયું, એવું ત્યાર પછી બીજે ક્યાંય જોયું નથી. નહિતર, ઠીક ઠીક મોટા કહેવાય એવા ઘણા પુરુષોનો મને પરિચયલાભ તો મળ્યો છે. શ્રીમન્નથુરામશર્મા એવા પ્રખર વિદ્વાન ન હતા કે જેની વિદ્વત્તા છક્ક કરી નાખે; તેમ જ વિદ્વત્તા વિષે કાંઇ પણ યોગ્ય અભિપ્રાય બાંધવાની મારી એ અવસ્થા પણ ન કહેવાય. જોકે આર્યમુનિ, શાસ્ત્રી મણિશંકર, હાથીભાઇ, આત્માનંદજી, શંકરાનંદજી, ભાસ્કરાનંદ, ગણેશાનંદ એવા ઘણા ઘણા વિદ્વાનોને મેં સાંભળ્યા હતા, અને ભલે એમનાં ગહન સત્યોને આમૂલાગ્ર મેં ગ્રહણ ન કર્યાં હોય, છતાં હું એ અનુભવોને લીધે, થોડો ઘણો પણ અધિકારી કોટિનો પ્રેક્ષક તો ગણાઉં, એટલે એમની વિદ્વત્તામાં જે આકર્ષણ હતું તે શાનું હતું એ ઠીક ઠીક સમજવાની માનસિક સ્થિતિમાં તો હું હતો જ. એમની વાણીમાં રહેલો સંયમ—એ પ્રવચનકારનો અને અનુભવી વ્યવહારદક્ષ પુરુષનો સંયમ હતો. એ પ્રચારક નહિ—પ્રવચનકાર હતા. આપણા ઘણા સારા વિદ્વાનો આકર્ષક રીતે ભાષણો ને લેખો લખે છે છતાં, એ ઉપરે તો કોઈકનો પ્રચાર કરતા હોય છે ને એ રીતે એ Second hand જેવા લાગે છે. શ્રીમન્નથુરામશર્મા પાસે અનુભવસત્યોનો ઘણો મોટો સંગ્રહ હતો. ઉપનિષદ્ ઢબે એમની કથામાં લોકસમજણવાળી વાર્તાઓનો રસસંભાર હમેશાં આવતો. એથી એમની કથાઓ લોકપ્રિય પણ થતી ને લોકોત્તર પણ રહેતી.

આનંદાશ્રમના આ ધાર્મિક વાતાવરણનો મેં ઠીક લાભ ઉઠાવ્યો એમ કહી શકાય.

પરંતુ એટલું છતાં એ ભૂલવું ન જોઇએ કે ધર્મની એ આંતરશુદ્ધિ મારામાં કેટલી આવી કે ન આવી એનું માપ કાઢવું મુશ્કેલ છે. જોકે તેનો અભ્યાસ, વ્યવસાય ને જીવનપરિચય એકંદરે મને જીવનદર્શનમાં ઘણાં ઉપયોગી નીવડ્યાં છે.

શ્રીમન્નથુરામશર્માનું જે શિષ્યમંડળ હતું તે ગુણાનુરાગી ભક્તજનોનું હતું. શ્રદ્ધા એ એમાં મહત્તાનો વિષય હતો. બુદ્ધિનું સ્થાન ત્યાં નહિ જેવું જ હોય. ભક્તિ પ્રધાન હતી. આચાર સંપૂર્ણપણે સનાતની હતો. વિચારમાં શાંકરવેદાંતનું પ્રાબલ્ય હતું. પણ જે ભક્તજનો ત્યાં આવતા એ સઘળા કોઈ એક કોટિના ન હતા. કેટલાક એવા પણ આવતા કે જેમને મન મહારાજશ્રી—ભગવાનનો અવતાર જ હતા. સંત સાધુ એટલે એક ચમત્કારી પુરુષ તરીકે પણ એમને જોવાવાળા આવતા. એમનામાં રહેલી ઉત્તમ પ્રકારની મનોદશાને એ રીતે જાણવાવાળા ઘણા ઓછા હતા.

એક વખતની વાત છે કે ચોથા નંબરના ઓરડામાં એક ગૃહસ્થ આવ્યા. ઘણું કરીને એ આફ્રિકાથી આવી રહ્યા હતા. તે થોડા દિવસ ત્યાં રહ્યા, અને અમે ગુરુબંધુ તરીકે હળતામળતા થયા ત્યારે એમણે મને પૂછ્યું કે : 'મહારાજશ્રી ૭ માસની સમાધિમાં ક્યારે બેસે છે?—અમે ત્યાં આફ્રિકામાં એમ સાંભળ્યું છે કે ૭ માસની સમાધિમાં મહારાજશ્રી બેસે છે!'

એને મારે શું પ્રત્યુત્તર વાળવો? મેં મહારાજશ્રીને કોઇ દિવસ ૭ મહિના તો શું—૭ કલાકની પણ સમાધિમાં બેઠેલા જોયા ન હતા. પણ એનો અર્થ એમ ન હતો કે એવી શક્તિ એમની પાસે કોઈ દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતી. એટલે મારી તો કફોડી સ્થિતિ થઈ—આને શું પ્રત્યુત્તર આપવો ?

મેં કહ્યું : 'બેસે છે—કે નહિ એ ખબર નથી, પણ બેસતા હોય તો અત્યારે એને માટે હવે સમય નથી. આંહીં તમે એમની એક પળ—નિરર્થક જતી જુઓ છો ? આ જ મહાન સમાધિ નથી ?'

એમનું સમાધાન થયું કે નહિ એ તો કહી ન શકાય. પણ મારે માટે તો એ સમાધાન હતું જ.

ચમત્કાર જાણવાની સામાન્યજનની પૃચ્છાનો આ નમૂનો છે. તો હું, અને જેને કાંઈક વધુ ચોક્કસપણે રહેવાની ટેવ હોય એવો માણસ પણ તરત અનુમાન કરવા પ્રેરાય એવા વિરલ પ્રસંગો પણ ઘણી વખત બનતા. મેં અનુભવ્યા હતા. એમાંનો એક નોંધવા જેવો છે.

હું તો ત્યાં નવરોધૂપ હતો. એટલે લગભગ આઠેપહોર આશ્રમમાં જ રહેતો. ને જ્યારે પણ—મહારાજશ્રીનાં દર્શન થાય ત્યારે હાથ જોડીને ઊભો જ હોઉં ! મહારાજશ્રીને પણ શ્રીમાન ભટ્ટજી ગૌરીશંકરના એક સંબંધી તરીકે મારા ઉપર પુત્ર જેવી પ્રીતિ હતી. એમ તો મને કાંઈક લાડઘેલી છૂટ હતી એમ પણ લાગે.

એક વખતની વાત છે, મહારાજશ્રી નહાવાની ઓરડીમાં હતા. એમનો કાર્યક્રમ જ એવો કે આખો દિવસ એ અવિરતપણે ચાલતો જ હોય ! નહાતી વખતે—એક તરફ જરાક વિનોદ થતો હોય, તો બીજી તરફ વ્યવસ્થાપકની હિસાબી ગૂંચનો જવાબ અપાતો હોય, ત્રીજી તરફ નિત્યક્રમની કોઇ પૃચ્છા ચાલી રહી હોય તો, મુંબઇ, ભાવનગર, સુરતથી આવેલા કોઇ ભકતજન તરફ એકાદ સુરદાસની કે તુલશીની ટૂંક પણ પ્રસન્નતાપૂર્વક અપાતી હોય ! સમયને તો જાણે પળે પળે રસમય કરી મૂકવાની એમની પાસે જીવન-કલા જ હતી ! બપોરના લગભગ સાડાઅગિયારને સુમારે બીલખા દરબાર આલાવાળા ત્યાં આવ્યા. હું ત્યાં બેઠો હતો. બીજો પણ બે ચાર ભકતજનોનો સમૂહ હતો. દરબાર નીકળેલા જૂનાગઢ જવા, તે વખતે હજી રેલ્વે નહિ, એટલે ઘોડાગાડી સડકે નીકળી, ને આશ્રમ પાસેથી નીકળતાં, આંહીં દર્શને આવ્યા.

દરબાર આલાવાળાને ઘણું કરીને આ... બંધાણ હતું. ધોળા નિમાળામાં શોભી રહેલા એમ... પાતળા, કાંઈક વાંકા બનેલા દેહમાં, હજી પણ એ... પ્રકારનો એવો કાંટો રહેતો કે એમની શેહ પ... કુંકાવાવમાં તો એ જ્યારે જઇને રહેતા ત્યારે ... નહિ કોઈનો કે બજારમાં ઉઘાડે માથે નીકળે.

'કોણ ઈ ગોલીનો ?' ત્યાંથી જ વાત ... મધ્યયુગી માનસના આ પુરુષમાં એક મહાન ગુણ ... હતો. જેને પોતાનો માન્યો ને બાંય પકડી એની ... પછી એ ન છોડતા. પણ દરબારને હિસાબકિતા... ને ઊપજ–ખરચનું ભાગ્યે જ ધ્યાન રહેતું ! એ... વિનોદવાર્ત્તા કહેવાતી કે, કામદાર રાતીવાદળી લીંટી... નામાનું ચોપડું લઈને ગયો. દરબાર આ રાતીવા... લીંટીઓ તરફ જોઈ રહ્યા. પછી એણે કહ્યું : 'કામદા... આ તમે કેદખાના જેવા સળિયા શેના નાખ્યા છે ... ને એમાં આ સાખીના ટાંગા જેવા અક્ષર શું છે !

'બાપુ ! એ તો રૂપિયા આના પાઈનાં ... છે !'

'એમ ? અરે ! રંગ છે કામદાર ! ત્યારે ... આમાં પૈસો બા'રો નીકળે જ ક્યાંથી ?'

પણ એ કામદાર કોણ એ કોઇ કહેતું ન... અને આવી વાતો દેશી દરબારો વિષે ચાલ્યા ... કરે છે એમાં સાચાખોટાનું માપ કાઢવું એ ... પાછો પુરાતત્ત્વનો—અને એમાં પણ કાઠિયાવા... પુરાતત્ત્વનો વિષય બની જાય છે !

આ દરબાર આલાવાળા ઉપર એ વખતે ... થયેલું. પ્રાંતનો તાકીદનો કાગળ હતો. મેનેજમેં... મૂકવાનો નિર્દેશ હતો. પોતાના ધોળામાં ધૂળ મૂ... જો પોતાના જીવતાં મેનેજમેન્ટ આવે તો—એ ... માર્યા દરબાર પ્રાંતને મળવા નીકળેલા.

એટલે અત્યારે એ આવ્યા ત્યારે કોઈ અને... જ રીતભાતમાં હતા. એ હાથ જોડયા હતા ! ... રૂંધાતો હતો. આ સાધુના ચમત્કારે ઊગરી ... એવી ભાવના હતી. મહારાજશ્રીને રાજદ્વારી ભૂમિ... તો જાણ હતી જ. દરબારશ્રીએ પ્રણામ કર્યા ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનંતી કરી : 'આબરૂ હવે તો તમારા હાથમાં છે ભગવાન !'

મહારાજશ્રીએ સૂચક જવાબ વાળ્યો : 'શ્રદ્ધા હશે તો વાંધો નહિ આવે !'

આ જવાબ તો પેલા વિખ્યાત જોશીની વાત જેવો 'Son no daughter' જેવો જ હતો.* પણ એ એમ જ હતો એમ કહેવાય તેમ ન હતું. એ એક બુદ્ધિ બહારનો વિષય ગણાય. પરંતુ ગમે તેમ, દરબાર આલાવાળાની અવસ્થાને માન આપીને, પ્રાંતે મેનેજમેન્ટ ન કર્યું એ ચોક્કસ. દરબારની આબરૂ રહી ગઈ. અને ત્યાર પછી દરબાર જ્યારે પાછા ફર્યા ત્યારે તો નિયમિત કથામાં આવનાર પણ બની ગયા હતા !

શ્રદ્ધાનો જન્મ શી રીતે થાય છે એ સમજવામાં આપણને આજના વિજ્ઞાનયુગના માણસોને કદાચ ઓછો રસ હોય; પણ મહારાજ શ્રીમન્નથુરામ શર્મામાં વચનસિદ્ધિ હતી એમ માનનારા એમના ઘણા ભક્તોને મેં જોયા હતા. આજ એનો ખુલાસો કરવાનો પ્રયત્ન કરવો એ ધૃષ્ટતા ગણાય. પણ બે પ્રસંગ—મેં અનુભવેલા—એ આંહીં કેવળ કુતૂહલની ખાતર આપું છું. એની સત્ય—કે અસત્ય કાંઈ પ્રકારની પ્રતીતિ વિના.

એક વખત એક સાધુ આવેલા. એમનું નામ એ વખતે જનાર્દન હતું. હાલમાં તો એ હૈયાત પણ નહિ હોય. પણ એ શ્રી. ભટ્ટજી ગૌરીશંકર પાસે આવેલા, અને જ્ઞાતિબંધુ એટલે એમણે માન આપીને સત્કાર કરેલો.

જનાર્દનજી મહારાજ વિષે લોકવાયકા હતી કે એમણે સ્વરોદયની સિદ્ધિ મેળવી હતી. એ સિદ્ધિનો એવો મહિમા ગણાય છે કે એનો જાણકાર જે વચન નાખે, તે સામો માણસ પાળે જ પાળે. મેં તો આ સાધુસંત પાસેથી સાંભળેલું ને યોગપુસ્તકોમાંથી વાંચેલું. એથી વિશેષ ચંચુપાત એમાં નહિ.

આ જનાર્દન મહારાજ એ વખતે દર વર્ષે ભંડારો કરતા.

આસપાસથી પાંચ પચીસ હજાર માણસ આવતાં, ત્રણ દિવસ ધામધૂમ થતી, ભજન ભોજન કીર્તન થતાં ને સૌ વેરાઈ જતા.

આટલે સુધી તો આ વસ્તુમાં અત્યારની દૃષ્ટિને કાંઈ આકર્ષક કે નવીન લાગે તેમ ન હતું. પણ કહેવાતું એમ કે એનો ભંડારો અખૂટ હતો !

એ કોઈએ જોયું ન હતું. પ્રત્યક્ષ મેં અનુભવ્યું ન હતું, એટલે એ શંકાથી પર ન હતું.

આ જનાર્દન મહારાજને એવો કોઈક ભંડારો કરવાનો હતો. એટલા માટે એ બીલખામાં પૈસા લેવા આવ્યા હતા. બીલખાના દરબાર બધા કાઠી. વળ્યા તે વળ્યા ને ગળ્યા તો ગળ્યા. એટલે જો કોઈક આ દરબારોમાં પ્રતિષ્ઠા ધરાવનારો માણસ હોય તો ઠીક પડે—એમની પાસે જતાં, એમ ધારીને ભટ્ટજીને મળ્યા. ભટ્ટજીનું દરબારમાં ઘણું માન રહેતું. અને એમની પ્રતિષ્ઠા પણ સારી હતી.

જનાર્દન મહારાજ સાથે ભટ્ટજી બીલખા દરબારોને મળવા નીકળ્યા ત્યારે હું ત્યાં ઊભો હતો. ભટ્ટજીને આશા ન હતી કે પાંચસો સાતસો રૂપિયા પણ ભંડારા માટે થાય. જનાર્દન મહારાજના વચનમાં એક અજબ રણકો હતો. આજ એ રણકો અને મહારાજનો પાતળો લાંબો તેજસ્વી દેહ યાદ આવે છે. કેવળ આ રણકા ઉપર જ—આ વસ્તુનું મંડાણ રહ્યું છે, એટલે એની કિંમત વ્યક્તિગત મત જેટલી મનાય. જનાર્દન મહારાજ જ્યારે પાછા આવ્યા ત્યારે

*એક જોશી ઘણા ખ્યાતનામા હતો. એને એક રાજા પાસે જવાનું થયું. રાજાએ તો એને સાણસામાં લીધો 'રાણીને શું આવશે એ કહો ! પુત્ર કે પુત્રી ?' હવે બેમાંથી ગમે તે કહે એમાં ભય તો હતો જ. એટલે જોશીએ કહ્યું : 'મહારાજ ! એમ શું કરવા ? આ કાગળ ઉપર હું લખી દઉં છું. તમે રાખી મૂકો. પરિણામ આવે ત્યારે જો જો. પછી લખીને રાજાને આપ્યું : 'Son no daughter જો પુત્ર આવે તો કહેવા થાય કે Son, no daughter, જો પુત્રી આવે તો કહેવાય કે 'Son no, daughter'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભટ્ટજીને પણ આશ્ચર્ય થયું. 'અણે તે સ્વરોદયની સિદ્ધિ મેળવી છે કે શું? જેતી જેતી પાસે જઇને જેટલી જેટલી રકમ એણે કહી, એટલી એટલી જેમ જાણે આપવાની જ હોય, એમ સૌ આપતા ગયા!' પાંચસોનો સંભવ ન હતો ત્યાં મહારાજ જનાર્દન પાંચ હજાર લઇ આવ્યા હતા! અને તે પણ એક કલાકમાં જ!

પરંતુ આ તો એક આડકથા, એવું કહેવા માટે કે, આનંદાશ્રમનું આખું વાતાવરણ મને જે રસ્તો લેવાનું મન હતું—યોગમાર્ગ—એને પ્રેરણા આપનારું હતું!

જનાર્દન મહારાજને જમવાનો આગ્રહ કર્યો. પણ એમણે તો બે છોડિયાં લઇને ત્યાં માળીના ક્યારામાં જ, બે ત્રણ રૂપિયા ભારનો શીરો હલાવી નાખ્યો. હું થાળી લેવા દોડયો, ત્યાં તો કેળનું નાનકડું પાન કાપીને, થાળી બનાવી એ તો જમવા પણ બેસી ગયા!

આવી ધાર્મિક વાતાવરણને ઉત્તેજના આપનાર વસ્તુઓ ત્યાં બન્યા જ કરતી.

એક વખત કોયલીના મહંત આવેલા. એ માણસને પણ સિદ્ધિ વરેલી હતી એમ કહેવાતું. આ તો બધી લોકોક્તિઓ કહેવાય. એવું પરીક્ષણ એ તો ઘણી ઉપાસનાનો—તેમજ પ્રસક્ષ દર્શનનો, જ્ઞાનનો અને વળી શ્રદ્ધાનો એવો વિષય છે. એમાં માથુ મારતાં જલમંથન જ, અનધિકારી માટે તો નીવડવાનો સંભવ. પણ આ મહંતને મેં એક એવી મનોદશામાં તલ્લીન જોયા હતા કે આજ દિવસ સુધી એ ચિત્ર તો મારી સાથે ને સાથે રહ્યું છે. મારા આંતરચક્ષુ સમક્ષ—ઘણી વખત શબ્દો મૂર્તસ્વરૂપ પણ બને છે. વળી પરિચયમાં આવેલી ને ન આવેલી—એવી અસંખ્ય વ્યક્તિઓ, સ્ત્રીઓ, પુરુષો, સજ્જનો, દુર્જનો, ડાકુઓ, વેપારીઓ, શઠો, સંતો, શિક્ષકો, વકીલો—એક આખી ચલચિત્રમાળા જાણે સંકેલાઇને અંદર બેઠી છે, એમાં આ મહંતનું ચિત્ર અત્યારે પણ તાદશ છે. એની રજૂઆત એક ચિત્ર તરીકે જ હું કરું છું, ને એ રીતે જ એ લેવું ઘટે છે.

એક વખત એ આનંદાશ્રમમાં આવવાના છે એ ખબર મળ્યા. સવારે દસેક વાગે ખબર પડી કે આવ્યા છે. બે ચાર કલાક જ રોકાવાના હતા. એ વખતે મહારાજશ્રીની સવારી બહાર ગામ હતી.

મેં તો ઘણી રાહ જોઇ, પણ મહંતનાં આશ્રમમાં દર્શન થયાં નહિ.

એટલામાં વાલદાસજી નીકળ્યા. વાલદાસજીને મારા પ્રત્યે પક્ષપાત ઘણો. હું તો પાછો એમનો શિષ્ય! મને કહે, આવવું છે? મેં કીધું ક્યાં? તો કહે, ચાલો તો ખરા. મસ્ત માણસ કેવા હોય એ જોવું હોય તો!

આશ્રમને ઓતરાદે દરવાજેથી બહાર નીકળી તો પાસેના એક બે ખેતર મૂકીને જતાં, એક ખેતરમાં, એક આમલીની છાયા નીચે, એક જબરજસ્ત પ્રચંડ શરીરવાળો, મલ્લ જેવો આદમી, પોતાના ગરવા ભગવા વેષમાં, ઊભો ઊભો, જેમ મસ્ત હાથી ઝુલે એમ ઝુલ્યા કરતો નજરે પડ્યો! એની વચ્ચે કોઇ કોઇ ભજનપંક્તિ, હાથનિશાનીઓ જાણે કે એ એ એને મન એની સંસારસૃષ્ટિ હોય, ને આસપાસનો તમામ સંસાર એ હવા હોય, એવી અર્ધભાન અર્ધ અભાન અવસ્થામાં, બસ ત્યાં ઊભા ઊભા, એણે તો પોતાની મસ્ત દશાનો એક વિચિત્ર જ અનુભવ કરાવી આપ્યો! ચૈતન્ય વિષે કહેવાય છે કે ગયામાં એણે કૃષ્ણચરણ જોયા અને કોણ જાણે શું થયું તે દેહનું ભાન જ ભૂલી ગયા! માણસ દેહનું ભાન ભૂલે એ દયાપાત્ર ઘેલછાનો પરિચય તો આપણને ઘણી વખત મળે, પણ દેહનું ભાન ભૂલ્યા છતાં, જેના ઉપર દયા કરતાં આપણી પોતાની રંક અવસ્થાનો આપણને ખ્યાલ આવે, એવાં દશ્યો ક્યારેક જ જોવા મળે છે. આ દશ્ય એવું હતું! ત્યાર પછી હું ઘણી વખત કેટલાક સાધુસંતોને મળ્યો છું, અને પ્રત્યક્ષ નહિ તો લગભગ પ્રત્યક્ષ ગણી શકાય એવો એમનો પ્રત્યક્ષ પરિચય પણ મેળવ્યો છે, છતાં મેં, આ જે મસ્તદશા તે દિવસે જોઇ—એવી દશાનો અનુભવ ક્યારેય મને નથી. અમે અને વાલદાસજી સૌ આ જોઈ રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક કલાક પછી ફળાહાર લઇને ત્યાં ગયા, ત્યારે મહંતજી સ્વસ્થ આસન ઉપર બેઠા હતા. અને મહારાજશ્રીના ખબર અંતર પૂછી સામાન્ય વાતોએ વળગ્યા હતા !

આવા આવા વાતાવરણની મારા ઉપર એક જબરજસ્ત આક્રમણકારી અસર થઇ રહી હતી. મારી પાસે મૂડીમાં તો બીજું કાંઇ હતું નહિ—પણ જે મૂડીમાં હતું તે સાહિત્યધન આ રસ્તે વળવા માંડ્યું હતું. બરાબર તે સમયે લખેલાં, પણ અપ્રગટ રહેલાં અને અપ્રગટ રાખવા યોગ્ય, એવાં જે કેટલાંક લખાણો હજી સચવાયલાં છે, એમાંનાં એક પુસ્તક—'કુદરત વિહાર'માંથી લીધેલો થોડો ભાગ એ વખતની માનસિક સ્થિતિનો કાંઈક ખ્યાલ આપી રહે છે.

'કુદરત વિહાર' એ કુદરતની માનવજીવન ઉપર અસર એને લગતું કાંઇક પુસ્તક છે. તેના લેખક તરીકે મેં તે વખતે ધારણ કરેલું 'વિહારી' નામ મૂક્યું છે. સવારૂપિયો ને પોસ્ટેજ જુદું, એ રીતે એ પુસ્તક પ્રગટ કરવાની યોજના કાંઇ પાર પડી લાગતી નથી. પણ એવી રીતે પુસ્તક પ્રકાશનની ધૂન પણ આ આશ્રમમાંથી જ મળી જણાય છે. જ્યારે જુઓ ત્યારે મહારાજશ્રી પોતાનાં પુસ્તકનાં 'પ્રૂફ્સ' જોતા જ હોય! એમણે અનેક ધાર્મિક પુસ્તકો આપ્યાં છે. અને એ રીતે જનતા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. હું એ વખતે આશ્રમમાં એ વાતાવરણમાં હતો એટલે કુદરતી રીતે એ વસ્તુની મારા ઉપર પણ અસર થઈ છે. 'કુદરત વિહાર'ની પ્રસ્તાવનામાં એ પુસ્તક વિષે કાંઈક ખ્યાલ આપવાનો પ્રયત્ન છે. તેમાં લખ્યું છે :

"વિશ્વમાન્ય ગ્રન્થો એ શું છે? કુદરતના સૌંદર્યમાંથી—કુદરતવિહાર કરતાં થયેલી ઉચ્ચતમ ભાવનાઓનો દિવ્ય સન્ત પુરુષોએ લખેલો લેખ. કુદરત વિહાર કરતાં ઉચ્ચ માનવહૃદયને થયેલા પવિત્ર અનુભવોનો ચિતાર.-એ ચિતારની અન્ય વિદેશી પર પણ અલૌકિક અસર છે, કુદરતનાં આવાં અનુપમ ગૂઢ તત્ત્વોને વિશ્વમાન્ય ગ્રન્થોમાં અવલોકી વિદેશીઓએ આનંદમય ઉદ્‌ગાર કાઢ્યા છે:

આખી દુનિયામાં ઉપનિષદોના જેવી કલ્યાણકારક અને શ્રેયસ્કર કોઇ પણ બીજી વિદ્યા નથી. તે મારા જીવનની દોરી છે ને તે જ મારા મૃત્યુનો દિલાસો છે. (શોપનહોર)

ઉત્તમ સંસ્કાર, ઉત્તમ વાચન, ઉત્તમ સંગ, ઉત્તમ વિહાર—કુદરતવિહાર છે. તેમાં કુદરતવિહાર એ અન્ય સાધનોની ખોટ પણ કાંઇક અંશે પૂરી પાડે છે. તેથી ઉત્તમ છે......" આવી રીતે આ 'કુદરતવિહાર'માં કુદરત પ્રત્યેના પક્ષપાતની ઘણી દલીલો કરેલી છે. અને છેવટે, શ્રીમન્નથુરામશર્મા પોતાના પ્રવચનમાં ભક્તિને જે ઉપમા આપતા, એ ઉપમા વાપરીને પુસ્તક પ્રગટ કર્યું છે: 'કુદરત વિહાર એ કસ્તુરીની દલાલી છે! કોલસાની દલાલીમાં હાથ કાળા થાય. કસ્તુરીની દલાલીમાં છેવટે થોડી પણ સુગંધી મળે.

વસન્તવન એ સ્થળ—અને વસન્તપંચમીએ બહાર પાડવા ધારેલું આ પુસ્તક પછી તો કાંઇ પ્રગટ થયું નથી. પણ એવી રીતે ત્યારપછી બીજાં ઘણાં પુસ્તકો લખાઇ લખાઇને સારો સંગ્રહ થયો. અને છેવટનો માર્ગ હાથમાં આવતા પહેલાંની કાંઇક ભૂમિકા બંધાણી. બાકી તો આ 'કુદરતવિહાર' જે નોટમાં છે—એ જ નોટમાં પાઠમાળાના વાક્યનાં અત્યંત કઢંગા ભાષાન્તરો પણ છે. ' In the my new story—will help me the Mahimunam strotas" કોઇ લખવા ધારેલી વાર્તા માટે મહિમ્નસ્તોત્રના ઉપયોગની આ નોંધ છે. આ ભૂમિકાનો વખત–આપણે ત્યાં લોકોક્તિ પ્રમાણે બાર વર્ષનું તપ ગણે છે, એવો અકસ્માત બરાબર બાર વર્ષનો બની ગયો છે. ઇ. સ. ૧૯૦૮-૯ થી ઇ. સ. ૧૯૨૧ સુધી મેં જે જે લખ્યું તે તે અપ્રગટ ને અપક્વ સંઘરાતું ગયું! માત્ર એટલું જ કે એ ઉત્સાહ દિનપ્રતિદિન વધતો ગયો !

ભજનની અને ભક્તિની આ ધૂનમાં એ વખતે જે કેટલીક કવિતાઓ કરેલી છે તેમાં પણ—વૈરાગ્યની વાતો આવે છે. આ કવિતા હિંદીમાં પણ કરી છે એ એની વિશેષતા છે. કારણ કે ઘણાંખરાં ભજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ભક્તવાક્યો હિંદીમાં જ બોલાતાં સાંભળવાના મળ્યાં હોય, એટલે એ માર્ગ પકડ્યો લાગે છે.

એક કવિતામાં મથાળે 'રાહ...' લખીને પછી રહેવા દીધો છે. કારણ કે કોઇ રાહ મદદે આવ્યો જણાતો નથી! પણ ચરણાવલિની એ પછી નોંધ છે.

'હમ તો રે ભગુવો ભેખ ધરેંગે
ભેખ ધરેંગે અલખ જગવેં ગે...હમતો.
ભેખ ધરી હમ ચલ જાવેંગે, હમ પિછુ કોઇ ન આવેંગે
હમ પિછુ કદી કોઇ આવે તો, પત્તા નહિ પાવેંગે...હમ
શયનહમેં ભૂમિતલ કરના, અભ્ર હમેરા ઓઢનના,
ભગવેં પહેરી દેશ ફરેંગે, શિતલ જલમેં નાવેંગે...હમ
આસન મારી બૈઠે અગનમેં, ઇન્દ્રીયકુ દહન કરેંગે
મૃગચર્મ પર સ્થિત હમારી, જયશંભો! વદન વદેંગે...હમ

શ્રીમન્નથુરામ શર્માના કોઇ પ્રવચનમાંથી નોંધી લીધેલ નીચેની ઉક્તિ, જે ઘણું કરીને છોટમકાવ્યમાંથી લાગે છે તે, આ હિંદીકાવ્યની પ્રેરણાનું કારણ જણાય છે.

'હલાહલ સિન્ધુ કે પારા, અગ્નિ કા દ્વીપ હે સારા,
ભૂખા ખગ ધારસે પાતે, કટે ઉસ રાહકુ જાતે,
મુનિ તહાં ડાલ મૃગછાલા
જપે નિજ નામકી માલા.

શિતલજલ તો આશ્રમની પાસે 'વાંકડા' વેંકળાનું હતું જ. જપ તપ પણ ચાલુ હતાં. હમેશાં કેટલી માળા ફેરવી એની નોંધ પણ રાખી છે, પણ એમ કાંઇ ભેખ લેવા એ સહેલી વાત છે? ભેખ બેખ તો કાંઇ લીધો નહિ, પણ એ વખતે કાવ્યોનો—વૈરાગ્યના કાવ્યનો ઠીક ઠીક જથ્થો પ્રગટ્યો લાગે છે! સારું થયું કે ખીસામાં તે વખતે નોંધેલી સિલક પ્રમાણે, સવા છ રૂપિયા જ હતા, અને વળી બીલખામાં કોઇ પ્રેસ ન હતું, નહિતર આ ભજનાવલિ જો વહેલી જ પ્રગટ થઇ હોત તો તો રામકાણી જ રહી જાત! જો કે

'કરના ફકીરી કયા દિલગીરી સદા મગનમેં રહેનાજી!
અને 'ફીકર સબકુ ખાત હે, ફીકર સબકા પીર
ફીકર કી ફાકી કરે, ઉસકા નામ ફકીર.

એવી એવી તો ઘણી વૈરાગ્ય પ્રશંસાત્મક સૂત્રાવલિ નોંધેલી પડી છે. અને સેંકડો શ્લોકો યાદ રહી શકે માટે કોઇ 'યોગ ચિંતામણિ'માંથી નીચેનો પ્રયોગ પણ નોંધી રાખ્યો છે કે જેથી, ગીતા વગેરે મોઢે યાદ થઈ જાય! પ્રયોગ આ પ્રમાણે છે. મેં એ કર્યો નથી. કોઇને કરવાની હું ભલામણ કરતો નથી. કોઇ વૈદ્યરાજને પ્રકાશ પાડવા જેવું લાગે તો ભલે.

ગળો, અઘેડો, વાવડીંગ, શંખાવળી, [illegible], વજ, સુંઠ, શતાવરી તેનું ચૂર્ણ કરી ઘીમાં મેળવી સેવન કરવું. તો ૧૦૦૦ શ્લોક મોઢે રાખી શકવાની શક્તિ આવે.

પરંતુ આ પ્રમાણે જયારે જીવનવ્યવહાર આમથી તેમ હિંડોળે ચડયો હતો, ત્યારે એક અત્યંત અગત્યની ઘટના બની લાગે છે. અત્યાર સુધી લખાણોમાં જે એક પ્રકારની અનુકરણવૃત્તિનો પડઘો હતો, એમાં આ પહેલવહેલો, પેન્સિલના અક્ષરથી નોંધાયલો એકરાર નજરે પડે છે. એની નીચે તા: ૧૪: ૧૨: ૧૦ છે. ને સહી તો હજી 'મણિરાય'ના નામની જ છે.

'લેખ લખવામાં જે આનંદ છે, જે કવિતામાં આનંદ છે, તે તે કરનાર—અનુભવનાર જાણે છે. તેમાં એક પ્રકારના દુઃખનું વિસ્મરણ હોઇ અત્યાનંદ પૂર્ણરીતે વસી રહ્યો છે!'

કવિ નર્મદશૈલીનું જ જણાય એવું આ વાક્ય પહેલવહેલું લખાણ કરવાનું કેમ મન થયું હશે તે દર્શાવવા માટેનો અમૂલ્ય ઉલ્લેખ ગણી શકાય? ઘણીખરી એ વખતની કવિતાઓ, જે વૈરાગ્યની નથી, તે કાં અનુભવમાંથી અથવા તો આઘાતમાંથી જન્મી છે. એ કવિતામાં કાંઇ શકરવાર નથી, પણ બીલખાથી હું બંધાળા જતો, ત્યારે એ ત્રણ ચાર માઇલના રસ્તામાં જે ખાખરાનાં જંગલ આવતાં, નદી આવતી, રમણીય જેવી થોડી કુદરત આવતી, ત્યાં કોઇ ખાખરાના ઝાડ નીચે હું બપોરે રોંઢા ગાળવા બેસી જતો. અને આ સુંદરતાને લીધે હોય તેમ, એ વખતે મને મારી મા સાંભરી આવતાં, તે ઉપર બેઠો બેઠો કવિતાઓ કર્યા કરતો! ખાખરાની છાંય નીચે લખેલી અસંખ્ય પંક્તિઓ આજ લગી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપલી હતી—પણ એમાં કાંઈ કવિતા હોય?—એટલે પછી એ વિસારે પડી ગઈ.

આ પ્રમાણે એક તરફ અભ્યાસ, એક તરફ થોડાઘણો પણ વૈરાગ્ય, એક તરફ માતાનો શોક—એક તરફ આ નવો અનુભવ—એ સઘળાંની વચ્ચે હું સુકાની વિનાના વહાણની પેઠે ફરતો હતો; જે વખતે મનમાં જે આકર્ષણ થઈ પડે તે કરતો હતો; એ વખતે જીવનને થોડું નિયંત્રણ જરૂરી હતું. પણ એ આપે કોણ? મન પોતે શોધે તો તો થઈ રહ્યું ને! પણ કાંઇક નિયંત્રણ અનિવાર્ય રીતે શોધવું પડે ને મન એકધ્યેયમાં વળે એની ત્રણ ચાર ઘટનાઓ એ વખતે બની ગઇ. એમને કાલક્રમે નોંધવી તો અશક્ય છે—અને એમ નોંધવાની જરૂર પણ નથી, પરંતુ એ વસ્તુઓ એ કાળે એમ ન હોત તો જીવન પ્રવાહનું રૂપ કેવું હોત એ કહેવું મુશ્કેલ તો છે!

'જૂઠા સબ જગત તમાસા હે...
બાજીગરને બાગ બનાયા, ફૂલ ઔર ફલ ખાસા હે,
એક ઘડી પછી ધુરી ઉડાવે, એસા સકલ વિલાસા હે.
જૂઠા સબ જગત તમાસા હે.

એવાં છોટમ કવિનાં પદ ગાતો, સવાર સાંજની પંદર પંદર માળા કરતો, ધીમે ધીમે પદ્માસન સિદ્ધ કરવા પ્રયત્ન કરતો, અભ્યાસ કરતાં પણ વધારે ધ્યાન આશ્રમજીવનમાં આપતો, હું તો ફરી રહ્યો હતો: જગતનું રૂપ કાંઈ અકારું લાગતું ન હતું, લાગ્યું ન હતું, લાગવાનું પણ ન હતું, પણ એ શી રીતે અકારું લાગવા માંડે, અને શી રીતે ઝપાટાબંધ યોગાસન સિદ્ધ થાય એ માટે મેં ઉદ્યોગ આદર્યો હતો એ ચોક્કસ.

ઘનશ્યામ વસંત વિહારી, મનમોહન મંગળકારી,
દિવ્યસ્વરૂપ અનંત શક્તિધર, અમિત સખિન કો યારી,
નિરાલંક, નિર્લેપ, નિરંતર, ભોગી ને બ્રહ્મચારી,
અજબ ગતિ નાથ તિહારી
ઘનશ્યામ વસત વિહારી—

આવી આવી છોટમની, પ્રીતમની, ધીરાની, કબીરની—એ વાણી દ્વારા એક મોહક વૈરાગ્યમય વાતાવરણ રચીને એમાં મારી જાતને પૂરવાનો એક મહાપ્રયત્ન મેં શરૂ કર્યો હતો. 'કુદરતવિહાર' 'અવધૂત, એમ.એ. એલ.એલ.બી.' 'કંથાકુમારી' એ સઘળી કૃતિઓ એ વાતાવરણને જ પોષક હતી. પણ અધૂરા જ્ઞાન સિવાય એમાં બીજી કોઈ પરિપક્વ ભૂમિકા ન હતી. છતાં એ પ્રયત્ન ચાલુ રહ્યો હોત—તો સાધુ થવાની દરેક શક્યતા એમાં રહી હતી. પછી સારા કે ખોટા—એ પ્રશ્ન મહત્ત્વનો એ વખતે લાગ્યો ન હતો. એ વખતે આશ્રમમાં અમદાવાદના એક ગૃહસ્થ આવ્યા. તે ગુજરાતમાં ક્યાંક સ્ટેશનમાસ્તર હતા. એનું નામ મણિલાલ મગનલાલ ત્રિવેદી. એ ચાતુર્માસ કરવા માટે ત્યાં આવેલા. એ વખતે મહારાજશ્રી ઘણું કરીને બહારગામ હતા. એટલે એમણે ભટ્ટજીને ત્યાં જમવાનું રાખ્યું.

આ મણિલાલ મેસ્મેરીઝમના જબ્બર ઉપાસક હતા. એ વખતે તો એ હજી શરૂઆતનો પ્રયત્ન કરતા હતા, પણ એમના એ પ્રયત્નમાં દિલની ખરેખરી સચ્ચાઇ હતી. થોડા વખત પછી તો એમણે પોતાની જગ્યાનું રાજીનામું આપી દીધું. અને આશ્રમમાં પોતાની ઉપાસના સિદ્ધ કરવાના પ્રયત્નમાં એકચિત્ત થઇ ગયા. એમને હરતાં ફરતાં મારી સાથે વાતચીતનો સંબંધ થયો. મેસ્મેરીઝમના આ પ્રયોગોમાં એમને કોઇ એવા છોકરાની જરૂર હતી, જેનું હૃદય, આવી પ્રવૃત્તિઓમાં શ્રદ્ધાન્વિત હોય. મારી સાથે એ વખતે ચોથા નંબરના ઓરડામાં ભાદરણના ચતુરભાઈ આશાભાઇ પટેલ રહેતા હતા. એ તો આશ્રમમાં શરૂઆતમાં સેવા અર્થે આવીને વસી જ ગયા હતા. પણ જીવનનો મેળ, આ વસ્તુ સાથે હજી લાગેલો નહિ. પાછળથી તો એ આશ્રમના ઘણા મોટા, સક્રિય અને સહાયક ભક્ત બની ગયા—પણ તે વખતે એમના જીવનના પ્રથમના દિવસો હતા. મણિલાલે આ ચતુરભાઇ ઉપર પ્રયોગો કરી જોયા પણ એમાં કાંઇ બહુ પ્રગતિ થઇ શકી નહિ.

એ પ્રયોગો જોવા માટે આશ્રમનું મંડળ રાત્રે ભેગું થતું. જૂનાગઢના એક નાગર ગૃહસ્થ હતા. રઘુનાથજીભાઇ એનું નામ. પહેલાં તો એ મુન્સફ હતા. પાછલી અવસ્થામાં આશ્રમમાં આવીને વસી ગયા હતા. તે આવતા. આશ્રમના શિષ્ય સમૂહમાંના એક નાગાર્જુન ભાઈ હતા—તે આવતા. મૂળ તો એમનું શરીર મેરનું. બાંધો સુદૃઢ. શરીર રૂપાળું—ભરજુવાની. અને પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારી. મહારાજશ્રીની ગેરહાજરીમાં એ સુકાન સંભાળતા. એ પણ ત્યાં આવતા. વાલદાસજી હોય. ભટ્ટજી મહારાજ ક્યારેક આવતા. આમ ચાર પાંચ માણસોની આશ્રમી મંડળી, એક નાના પાયા ઉપરના આ આત્મિક પ્રયોગમાંથી, કાંઈ મોટું સત્યાન્વેષણ કાઢવા માટે નહિ—પરંતુ આ પણ શકય છે, એટલું જ જાણવા માટે, આ વસ્તુની ઉપાસના, કરી રહી હતી.

મણિલાલે આ પ્રવૃત્તિમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલી. પણ યોગ્ય 'મીડીયમ' ને અભાવે એ અટકી બેઠેલા. એટલે 'વિધેય' તરીકે છેવટે મારી વરણી થઈ ! એમાં મણિલાલજીને સફળતા મળી—અને એમને મારા પ્રત્યે એક પ્રકારનો પક્ષપાત થયો. આ મણિલાલજીને હું પછી પાછળનાં વર્ષોમાં—લગભગ ઈ. સ. ૧૯૧૮ ૧૯૧૯માં મળેલો ત્યારે તો એમણે આ વિષયમાં ઘણી જ પ્રગતિ કરેલી, અને મેં પોતે જ એનો જાત-અનુભવ પણ લીધેલો.

આ મણિલાલજીનો ઉલ્લેખ આંહીં એટલા માટે કર્યો છે કે મારી જીવનવિધાયક એક ઘટના—જે આંહીં બની—એમાં એમની આટલી પક્ષપાત ભરેલી વલણે ઘણો મોટો ભાગ ભજવ્યો હશે એમ હું માનું છું. એ ઘટના શી રીતે બની—એ તો હવે આવશે, પણ એની આ ભૂમિકા યાદ રાખવા માટે જ આંહીં નોંધ કરી છે.

મણિલાલજીએ એક માસિક કાઢવાનું શરૂ કરેલું તે પણ લગભગ આ અરસામાં. એમણે સ્ટેશનમાસ્તરનું પદ મૂકી દીધું ત્યારે જ એ વાત એમણે નક્કી કરેલી. એમના ચિત્તમાં, છોટાલાલ માસ્તરનું, શ્રેયસ્સાધક અધિકારી વર્ગનું સમર્થ 'મહાકાલ' રમી રહ્યું હતું. 'મહાકાલ' 'પ્રાતઃકાલ' 'ભકત' 'યમદંડ' વગેરે માસિકો આધ્યાત્મિક શક્તિના આવિર્ભાવ વિષે, એની બેસન્ટે, ભારતવર્ષનું જે ધ્યાન ખેંચેલું, એનાં નાનાં મોટાં ફળ રૂપે હતાં. પણ એમાં માસ્તર છોટાલાલની કલમની મોહિની અજબ હતી. હું એનો નિત્યનો વાંચનારો હતો. એટલે મણિલાલજીએ જ્યારે 'બ્રહ્મનાદ' નામે માસિક કાઢવું શરૂ કર્યું ત્યારે મને તો ઘણો આનંદ થયો. મને થયું કે આપણે એમાં સ્થાન મળ્યું.

આ 'બ્રહ્મનાદ' માસિકનું સ્વરૂપ અને 'મિશન' લગભગ શ્રેયસ્સાધક અધિકારી વર્ગ જેવાં જ હતાં. એ માસિકમાં એક વખત આપણા વિખ્યાત શિક્ષક શાસ્ત્રી નૃસિંહપ્રસાદ-નાનાભાઈએ—એક વિચિત્ર સ્વપ્ન કથા આપેલી એ મને હજી સાંભરે છે. સ્મૃતિ ભૂલતી ન હોય—તો એ લેખ જ્યારે નાનાભાઇ, મહારાજશ્રી પાસે વાંચી રહ્યા હતા, એના મૂળ સ્વરૂપમાં, ત્યારે સાનંદાશ્ચર્ય સાંભળનારા શ્રોતૃગણમાં હું પણ એક હતો. 'બ્રહ્મનાદ'નો એ સાચવેલો અંક અત્યારે હાથ-વગો નથી, નહિતર એ લેખની થોડી વાનગી—એક માનસ ઉપર પડતી છાપ લેખે—જોવા જેવી છે. એમાં ઘણું કરીને એમ આવતું હતું કે નાનાભાઇ, આશ્રમની ફરસબંધી ઉપર સૂતા હતા, ત્યાં એમને એવું સ્વપ્નુ આવ્યું કે જાણે એ પોતે ગોપી બની ગયા! ભકતજનોની પરિભાષા પ્રમાણે તો શ્રીમન્નથુરામશર્મા એ કૃષ્ણાવતાર જ ગણાતા હતા. એટલે આ ગોપીને ભગવાન શ્રીમન્નથુરામ શર્મા, કયાંક સ્વર્ગ દેખાડવા લઇ જાય છે, ત્યાં એ રાસ જુએ છે—એટલામાં ઘણું કરીને રામજી ઠામણા ઊટકનારાવાળાના હાથમાંથી કોઇ ઠામ પડે છે ને નાનાભાઇનું સ્વપ્નભંગ થઇ જાય છે!

આ મણિલાલજી ત્યાં હતા, ત્યારે જ 'બ્રહ્મનાદ'ના ઠીક ગ્રાહકો નોંધાયા હતા, અને ઘણું કરીને એ માસિક થોડાં વર્ષોનું આયુષ્ય ભોગવી પછી લુપ્ત થઇ ગયું હતું. મણિલાલજીની પેઠે, પણ વધારે પ્રેમથી, અને ઘણી જ નિકટતાથી, મારી ઘણીખરી પ્રવૃત્તિઓ ઉપર એક માણસની આંખ ફરતી રહેતી હતી. એ હતા આશ્રમના મુખ્ય શિષ્ય ગણાય એવા નાગાર્જુન ભાઇ.

એ મૂળ રહેવાસી પોરબંદર-બખ્મૂલાના. એમના ભાઇ માલદેવ રાણા ત્યાં પોરબંદર હાઈસ્કૂલમાં તે પહેલાં ચિત્રશિક્ષક હતા. એમણે શ્રીમન્નથુરામ શર્માની એક ઘણી જ સુંદર કહેવાય એવી મોટી છબી તૈયાર કરી હતી. નાગાર્જુન ભાઈ, એ વખતે, મારી પ્રવૃત્તિમાં એટલો બધો રસ લેતા-ખાસ કરીને એમને ખબર પડી કે આ કાંઇક લખે છે ત્યાર પછી-કે હું ન હોઉં ત્યારે ઘણી વખત, એ મારું લખાણ વાંચી જતા. એવી એક આખી નોટ મારી પાસે છે, એમ

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઊર્મિ–નવરચના'ની ચાલુ વાર્તા : હપ્તો ચોથો

ઝેર તો પીધાં છે જાણી જાણી

ખંડ પહેલો : સત તમારાં વ્રત અમારાં — દર્શક

પ્રકરણ ૪ થું

આ ભફાકીઆ ભજનમંડળી નથી.

આભાએ પૂછ્યું તો ખરું કે 'તને આ હૃદયરોગ થયો શાને લીધે?'

પણ રોહિણી એને કહે કઈ રીતે? હૃદયની વાત જીભ કેટલીક વર્ણવી શકે? વાત બહુ લાંબી છે. પણ એટલી સુખદ નથી—બહુ વરસોની વાત છે. રોંઢાટાણું હતું. રોહિણી વાછરડાંને પાણી પાઈને પાછી આવતી હતી. એક હાથમાં ભાગી છૂટવા મથતા એક મસ્ત વાછરડાને પકડી રાખ્યો હતો ને કહેતી હતી "ભાગી જઈશ કયાં તોફાની?" ને બીજે હાથે બાકીના ટોળાને હાંકતી આવતી હતી. સામેથી સત્યકામને આવતો જોઈ જરાક બેધ્યાન થતાં તોફાની વાછડો એના હાથમાંથી છટકયો ને સીધી કેડસમા ઊભેલ રજકામાં દોટ મૂકી. રોહિણી પછવાડે દોડવા ગઈ, પણ ત્યાં બાકીનું ટોળું પછવાડે કોઈ નથી એમ સમજતા આમતેમ વિખરાઈ જવા માંડયું. એટલે થોભી સત્યકામને જ બૂમ મારી.

'અરે પેલો વરુણ નાસી ગયો. દોડ તો, બધાં રજકો ખૂંદી નાખશે.'

પણ સત્યકામ જાણે સાંભળતો ન હોય તેમ તે તરફ વળ્યો જ નહિ.

'અરે કાન કયાં મૂકયા છે?' રોહિણીએ એના તરફ ચાલતાં કહ્યું.

પણ સત્યકામ તો ગંભીર મોંએ એની સામે જોયા વિના સહેજ તરીને સડસડાટ ચાલ્યો ગયો. રોહિણી ઘડીભર દિગ્મૂઢ બની ગઈ. આમ કેમ? નાસભાગ કરતાં વાછરડાંને ભૂલી એ એની પછવાડે ગઈ, કહે:

'કયાં જાય છે?'

'તું જુએ તો છે,' છેટેથી એક કવર બતાવીને કહે. 'ટપાલ નાખવા' ને જાણે ભાગી જવા માગતો હોય તેમ બમણી ઉતાવળે પગ ઉપાડયા.

રોહિણી તો જોઈ જ રહી. પાણુતીઆએ નાસી ગયેલ વાછરડો પકડીને એના હાથમાં સોંપ્યો તે લઈને મૂંગી મૂંગી ઘર તરફ ચાલી. એ હસી હોય ને સત્યકામ હસ્યો ન હોય તેવું આજ સુધી કદી બન્યું નથી. આ ફૂલપાનથી ઘેરાયલી વાડીમાં સાથે રમતાં ને સાથે ચણતાં બે સારસ બચ્ચાંની જેમ બંને જીવ્યાં છે. હજુ હમણાં જ બંને જણા વાછરડાં ધમારતા હતા. ને બાપાએ બોલાવ્યો એટલે આવું છું કહીને ગયો હતો. એટલામાં શું બની ગયું? બાપા એને વઢ્યા હશે? મારા પર રીસે ભરાણો હશે? પણ તો યે એ બોલાવે ને સત્યકામ ઊભો ન રહે તેવું બને નહિ. ને આજ તો રીસનું કંઈ કારણ પણ નહોતું.

'હત, તારી સેતાન' જુએ તો વાછરડો એના હાથમાંથી છટકીને નાઠો હતો. એણે નાસતા વાછડા તરફ દૂરની ભેખડ પર ચઢી અદૃશ્ય થતા સત્યકામ તરફ વારાફરતી નજર ફેંકી ને પછી ખિન્ન મને વાછરડાને પકડવા વળી. પણ એના પગમાં પહેલાંના જેટલું જોર ન હતું.

કોઈક નિર્મળ નેણુ કિશોરના અબોલાએ એનું કૌવત હરી લીધું હતું.

સીતાપુર દોઢ માઈલ દૂર હતું. ત્યાંથી આવતાં સહેજે કલાક થાય. રોહિણીએ વાછડાને શોધીને બાંધ્યો; શાક સુધાર્યું, ચૂલે ખીચડી મૂકી, ને ઓશરીમાં પોતાનો હાથ લંબાવીને આમંત્રણ દેતા આશોપાલવના થડે ભરત લઈને બેઠી. થયું કે આ જ ઝાડની નીચે સીતાજી બેઠાં હશે, આ જ ઝાડના કોઈક દૂરના કાકા, મામા કે દાદાની છાયા નીચે ને? કોઈક પેઢીએ તો આ આશોપાલવ પેલા સીતાજીના અશોક સાથે મળી જતો હશે ને? એનો જ આ વારસને! એ લોકો વારસામાં વાર્તાઓ કહી જતા હોય? ઝાડને જો વાત કહેનારી ઇંદ્રિય હોય તો તો જરૂર એ સીતાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવાં હતાં તે વાત કહે. દરિયાથી વીંટાયલા એ સોને મઢ્યા ટાપુમાં સીતાજીની અપાર મનોવ્યથા ને ચિંતાનો સર્વોત્તમ સાથી આ આશોપાલવ સિવાય બીજું આજે કોણ હતું ? એકાદ રાત્રે એની પોતાની ડાળ વડે એને ઊંઘમાંથો જગાડી એ બધી વાત કહેશે ? નહિતર ઓશરીમાં આવવાનો શો અર્થ હતો ? પેલા સાવિત્રી-વાળા વડને એણે ઘણું પાણી પાયું હતું પણ એ કેમ ઓશરીમાં ડાળ નહોતો ફેલાવતો ?

આવા આવા વિચારમાં એણે શાક પણ વઘાર્યું ને રાંધી રહી. છતાં સત્યકામ કેમ ન આવ્યો ? રોજ તો એ સીતાપુરથી આવીને ટપાલ-શાક બધું એને જ આપતો. સત્યકામની તપાસ કરવા એ બહાર નીકળતી હતી ત્યાં એક મજૂરે આવીને ટપાલ આપી.

'સત્યકામભાઈ ક્યાં ?'

'ધરા પર નહાવા ગયા છે—તે આ મોકલ્યું છે.' એ ધરા તરફ ઉપડી.

મૂળે ધરો ઊંડો તો હતો જ. પણ ગોપાલ બાપાએ કોતર લીધા પછી વધારે ઊંડો ને પહોળો કરાવ્યો હતો ત્રીશેક વાર લાંબા ને દશેક વાર પહોળા આ ધરા પર મશીન મૂક્યું હતું. એક બાજુના છેડા પર થોડાં કમળ પણ ઊગાડ્યાં હતાં.

રોહિણી ધરા પર પહોંચી ત્યારે સંધ્યા થઇ ગઇ હતી. મશીન બંધ કરીને અરજણ ઘેર જતો હતો. સામેની ભેખડ પર દેખાતા શિવાલયની ધજા તરફ ઊભા રહી સત્યકામ ખોબામાં જળ લઇને આંખો મીંચી સંધ્યા કરતો હતો. ભેખડની જેમ જ એનાં મોં પર અંધાર ઊતરતો આવતો હતો.

રોહિણી આમ તો ચાર પાંચ વર્ષથી સત્યકામ સાથે રહે છે. ઝરિયાથી ગોપાળબાપા એને લઈ આવ્યા ત્યારથી બંને સાથે જ રમ્યાં, કૂદ્યાં ને નાચ્યા છે. એકબીજાના વાળ ખેંચ્યા છે. ગાલ તાણ્યા છે, ને ધીંગામસ્તી કરી છે. સત્યકામ કોઇ બીજાનો છોકરો છે, અરે કોઇ અન્ય નામધારી વ્યક્તિ છે તેવું જ એને લાગ્યું નથી. જાણે પોતાનું જ વધારાનું કેમ ન હોય તેવા એકાત્મભાવે એની સાથે હળી ગઇ છે. શા કારણે આમ બન્યું હશે તેનીય ખબર નથી. એ પંચાતમાં જ બંનેમાંથી કોઇ પડ્યું નથી. મોડી રાત સુધી બુલંદ સૂરે ગવાતાં મસ્તીછલોછલ અભેદભાવ-વાળાં ભજનોની હવાનું એ બીજ હશે કે એમના સ્વભાવની કોઇ અણધારી અણપ્રીછી હાકલ હશે !

ગમે તે હોય, પણ આજ ભૂખરી સંધ્યામાં અર્ઘ્ય આપતા સત્યકામને જોઇને સામે કાંઠે ઊભાં ઊભાં રોહિણીને પહેલી જ વાર થયું કે 'ના સત્યકામ કોઈક બીજો છે, ને હુંય એનાથી અલગ છું.' ઘડી-ભર પાણીમાંથી ફેંકાયેલ માછલીના જેવો તરફડાટ થયો. પણ પાણીમાં પડીને એની અંજલિમાંના શ્વેત કમલને ઝૂંટવી લેવાનું રોજની જેમ આજે મન ન થયું. માત્ર એની જેમ એકધ્યાને કાંઠે ઊભાં ઊભાં એને જોયા કર્યો. સામેની કરાડ જેવો જ એ સુગ-ઠિત છે, તેવો જ દુર્દમ્ય ને દઢ છે. એને તોડવાનું સરળ નથી. પણ જો ભેદે તેને વળતર પણ મળી રહે તેમ છે. જેમ જેમ એ એકાગ્રમને સત્યકામને એની પછવાડે ઊભેલી નાની પણ અંધારામાં મોટી લાગતી કરાડ તરફ જોતી ગઇ તેમ તેમ એને ખબર પડી ગઇ કે એ બેની વચ્ચે મોટામાં મોટું સામ્ય તે એ હતું કે બંનેના પેટાળમાં અખૂટ વારિ ભર્યાં છે. પીતાં ધરાઈએ નહિ—ને પીધે ખૂટે નહિ તેવાં ને પેલી કરાડના પેટાળમાં તો હીરા મોતી હોય કે નહિ, પણ સત્યકામની ભીતરમાં તેજસ્વી રત્નો હતાં તે એક રત્ન પર લખ્યું હતું. 'રોહિણી.'

'રોહણી.'

એણે ચમકીને જોયું. સત્યકામ એને પેલું શ્વેત કમલ પ્રવાહમાં મૂકતો હતો.

'કેમ ટપાલ કોઇકની જોડે મોકલી ?' રેતીમાં બેસતાં એણે કહ્યું, 'કેમ કાંઇ મારે જ આવવું જોઈએ તેવું છે ?'

રોહિણીએ ડોકું-નમાવ્યું.

'તારો કાંઇ નોકરબોકર છું ?'

'એકવાર નહિ સત્તર વાર' રોહિણીએ હસીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું તો આ વાડીનો શેઠ છું. બાપાને પૂછી જોજે.'

'તો હું શેઠનીય શેઠાણી છું.'

'કોની શેઠાણી છો તેની ખબર નથી–ચાલ ઘેર. અંધારું થાય છે.'

'તું શા માટે આજે રિસાયો છે તે કહે, પછી ચાલું.'

'ચાલ ઘેર રસ્તામાં કહું.' ચાલતાં ચાલતાં કહ્યું, તને ખબર છે અહીં પેલા મહેમાનો આવેલા–અમદાવાદના બેરિસ્ટર!

હં–

'એણે બાપાની પાસે તારું માગું કર્યું છે.'

'તે?'

'તે શું તને કાંઇ નથી લાગતું!'

'જરાય નહિ, રાજાના તાજની ઘણાય-ભિખારીઓ માગણી કરતા હોય છે.'

'પણ એ કાંઇ ભિખારી નથી, બેરિસ્ટર છે.'

'બેરિસ્ટર એટલે મોટો ભિખારી.'

'પણ બાપા તારો વિચાર તો પૂછશે.'

'પૂછશે. તેમાં તેં હસવાનું બંધ શા માટે કર્યું? મેં કાંઇ કાગળ લખ્યો હતો? કે મેં તને કાગળ નાખવા મોકલ્યો હતો? કે જાણે ખરાખરનો કાગળ નાખવા જતો હોય તેવું મોં કરી નાંખ્યું!'

'તું નાની છે—તને કશી ખબર નથી.'

'હું નાની નથી, બા કહેતી હતી કે છોકરીઓને બે વરસ વહેલી અક્કલ આવે. તમને સત્તર થયાં તોય હજુ સાન નથી આવી. મને આ વાડીમાંથી કોઇ લઇ જઇ શકે તેમ નથી. વડોદરાનો ગાયકવાડ પણ નહિ. તું મને હાંકી કાઢે તો વળી જુદી વાત છે.'

'હું તને? કેવી જૂઠી વાત કરે છે?'–વધુ કહે ત્યાં તો ઘર આવી ગયું.

થોડા દિવસ પછી એ બેઠી બેઠી ભરત ગૂંથતી હતી. ગોપાલ બાપા બળદના મોહડા ગૂંથતા હતા. એ કહે—

'તારી બા એમ લખે છે કે હવે તારા માટે કોઇક ઘર નજરમાં રાખ્યા કરીએ તો ઠીક.

'મારી બા નકામી ફિકર કરે છે.'

'એ તો માનો જીવ છે ને—ઉપરાંત આજથી ઘર ગોતીએ ત્યારે બે ચાર વર્ષે મળે. તું સમાય એવું તો હોવું જોઇએ ને?'

મને તો આંહી જ મારું ઘર હોય એવું લાગે છે. આ કાંઇ ઘર નથી?'

ગોપાલ બાપા સહેજ હસ્યા. ને પાછા મોડ ગૂંથવા માંડયા. દીકરીને વધારે પૂછવાની એને જરૂર ન લાગી. માત્ર બીજે દિવસે અમદાવાદ કાગળ લખી નાખ્યો કે—'હેમંત માટે બીજે તપાસમાં રહ્યા કરે.—' ને તે નાખવા સત્યકામને આપ્યો.

સત્યકામ ટપાલ નાખવા ઉતાવળે પગે જતો હતો ત્યાં પાણી ભરીને આવતી રોહિણીએ કહ્યું:

'કેમ આંહીં રહીને? કોણ કાઢવાનું હતું મને? સત્યકામની આંખો હાસ્યે ઊભરાઇ ગઇ. બીજે દિવસે ગોપાલ બાપાએ રીતસરનું બન્નેનું વેવિશાળ જાહેર કરી દીધું.

× × × ×

સુખ અને દુઃખ બન્નેથી નહિ લેપાવાની શક્તિ રોહિણીએ પાછલા જીવનમાં મેળવી હતી. તો પણ એ દિવસોની વાત નીકળતાં સ્હેજે એનાથી કહેવાઈ જવાતું; તે હિ નો દિવસા ગતાઃ। મર્યાદા પુરુષોત્તમે પણ જો નિ:શ્વાસ સાથે આમ કહ્યું હોય તો રોહિણી તો આખરે માટીની જ હતી ને!

વાવાઝોડાથી તો ઘરમાંય આશરો લઈ શકાય છે પણ શીતળ સુરભિત મલયાનીલ તો દીવાલોની તરડ—નળિયાંની પોલ—એવા કંઇ કંઇ અણધાર્યા સ્થળેથીયે અંદર પેસી જઇને મનને મત્ત કરી નાખે છે

ને એ નાનકડી મંડળીનું એ કાળનું જીવન હતું અપાર મીઠું. ગોપાલ બાપાના ભાવભર્યા પરોઢિયાના અવાજે એ ઊઠતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનુમાં કોણ જાશે.

સંગીતકારો જે તાલ-લયથી જે જમાવટ કરે છે તેનો તો ગોપાલ બાપામાં અભાવ હતો. કંઠ પણ ગાંધર્વ કે કિન્નર સમો ન હતો. પણ પેલા ગોકુળના અણબૂઝ ગોપોની બધી અણઘડપણાને અણવાડત ને અણઘડપણાને જે એક ગુણે ઢાંકી દીધા હતા તે નિર્વ્યાજ—અહેતુકી ભક્તિના જોરે એમના પરોઢિયાં-પ્રાતઃસ્નાન કરતાંયે પાવનકારી કરી દીધાં હતાં.

'ગદગદ કંઠે ખૂડતાં, બાંહ્યડી કોણ રહાશે.' એમ ગાતા ત્યારે જાણે ભક્તિની નદીમાં નાહતા હોય તેમ રોહિણી ને સત્યકામને લાગતું. ગોપાળ બાપાનો પ્રિય શ્લોક પણ હતો.

तेनाधीन श्रुतिगणाः नोपसीत महत्तमां ।
अव्रता तप्त तपसाः सत्संगा मान मुपागता ॥
केवलेन हि भावेन गोप्यो गावो खगामृगा ।
येन्ये मूढ धियो नागाः सिद्धा मात्री पुरङ्सा ॥

દિવસમાં કેટલીયે વાર ખામણાં ખોદતાં જામફળીને છાંટણી કરતાં—બળદોને ધમારતા એ આ બોલ્યા કરતા ને કહેતા કે ઇશ્વર તો દયાઘન છે. આમ ન હોત તો તો બુદ્ધિશાળીઓ જ એના દરબારમાં પેસી શકત ને? અમ જેવા અભણને લૂલાં પાંગળાં ત્યાં પહોંચત કયે ભવે—પણ મારે વાલે ભક્તિ ચીંધીને સૌને માટે મારગ મોકળો કરી દીધો છે.

રોહિણી ને સત્યકામ આવું સાંભળતાં-પહેલાં અનુકરણ ખાતર—પછી આપ્તવચનમાં શ્રદ્ધાભાવે, ને દહાડા જતાં સમજણપૂર્વક એ શ્લોકો ને ગીતા રટતાં રટતાં સવારે ઘંટીએ બેસતાં, ગાયો દોહતાં, ફૂલ વીણતાં, ફળ ઉતારતાં થાક જાણે લાગતો નહોતો. આ ગીતાની સુરાવલીએ જાણે એ હરી લીધો હતો. આવડી મોટી વાડીમાં કામનો કાંઈ પાર ન હતો—કયાંક ઝાડ પડી ગયું હોય, કયાંક ઝાડને ટેકો આપવાનો હોય, કયાંક આંબાને ધણ લાગ્યો હોય, વાડ તૂટી ગઈ હોય, શાકભાજી ઉતારવાનું-વાવવાનું-નીંદવાનું ગણ્યા ન ગણાય તેટલાં કામો ચાલ્યાં કરતાં. કામ તો ખૂટે તેમ જ ન હતું. પણ ગોપાળબાપા સૂરજ માથે આવે ને સૂરજ ડૂબે એટલે બધું જ બંધ કરાવી દેતા.—એ કહેતા કે કામ તો ચાલ્યા જ કરશે; પણ કામ જેને ઘડ્યું છે તે કિરતારને ય સંભારવો જોઈએ ને. ખાઈને બપોર વચાળે તુલસી રામાયણનો વારો આવતો. મંદિરના લખીરામજી મહારાજ એ વાંચતા. લખીરામજી પણ જાણવા જેવા વ્યક્તિ હતા. નાનપણથી બાવાની જમાતમાં ભાગી ગયેલા. પછી વળી કાશીના એક અન્નછત્રમાં લઘુકૌમુદી ભણવા ગયેલા. પણ વિદ્યા ચડી નહિ. એટલે વૃંદાવનના એક જાત્રાળુ સંઘમાં ભળી ગયેલા. એ સંઘ માર્ગીઓનો હતો. એટલે વળી છટકી એક કૃષ્ણકિર્તન મંડળીમાં તબલચી થયેલા ને એ કળાના એવા વિશારદ થયેલા કે આજુબાજુનાં રજવાડાં કોઈ સંગીતનો જલસો થતો ત્યારે કોઈ કોઈ વાર સંગીતના જલસામાં બોલાવતા. પણ એક વાર એક સંગીતકારે-નૈનાં લગો મેરે જાન -ગાતાં ગાતાં પડખે બેઠેલ એક ગણિકાને અડપલું કર્યું. એ જોઇને તબલું પછાડી ઊભા થઇ ગયેલા. મોંમાંથી તમાકુ થૂકીને કહે, 'કયા યે ચીજ સુન્વરોં જૈસે કે લિએ ભગવાનને બનાઇ હૈ! ભગવાનકે ગુણ સમજને બજાય ઇસકો છૂના હી હરામ હૈ!' કહી ચાલ્યા આવેલા તે કદી ગયેલા નહિ. લખીરામજીને ચાર છોકરાં હતાં. સીતાપર નાનું ગામ. એમાં પાછા એમના બીજા બે ભાઇઓ ભાગદાર. એટલે રોટલા મળતાં રે'તાં મુશ્કેલી ઘણી આવતી. પણ લખીરામજીએ જલસામાં જવું બંધ કર્યું, તે તો કર્યું જ. પેટ પૂરતા પોતે પોતાનાં સ્ત્રી-છોકરાં સૌને લાણી કરતાં શીખવ્યું.

ગોપાલ બાપાએ અહીં વાડી શરૂ કરી ત્યારે એ એકવાર બીજા મજૂરો જોડે લાણી કરવા આવેલા. પણ એ દાતરડું હાથમાં લઇને વાઢવા જતા હતા ત્યાં ગોપાલબાપા એમનો હાથ ઝાલીને કહે—તમને બીજું કામ બતાવું. પછી મંદિરમાં લઇ જઇને કહે—આ સેવાપૂજા કરજો. લખીરામજીને તો ઘોડતાં ઢાળ મળી ગયો. બપોરે એ રામાયણ વાંચતા. ને સાંજે ભજનમંડળીમાં બેઠક જમાવતા. ને દિવસે રોહિણીને તબલાં પણ શીખવતા. એની સપ્રમાણ આંગળીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાપી મારવાની કુનેહ જોઇને કહેતા—

'બેટી તુમ તાલ દેનેકે લિએ હી જન્મી હૈ!'

શેઠાણી પૂછતી 'ને સત્યકામ?'

'કુછ કામકા નહિ, બિલકુલ નિકમ્મ લડકા.' લખીરામજીને સત્યકામ બહુ ગમતો નહિ. કારણ કે એ લખીરામજીની ગાંજાની ચલમ–ગાંજો ઘણીવાર ચોરીને સંતાડી દેતો. લખીરામજી ધૂંવાપૂંવા થઇને એને પૂછતા તો કહેતો:

'તમે ગાંજાના કેફમાં કયાંય મૂકી આવ્યા હશો.'

ગોપાળ બાપાની પાસે એક વાર રાવ ખાવા ગયા તો કહે, 'આ રામભજનનો કેફ ઓછો, છે એ કરો છો?'

મને એ લપ પેલો બાવાની જમાતે વળગાડી છે તે મને છોડતી નથી.

'બોલોમાં બોલોમાં, લખીરામજી–રામના ભક્તની પાસે તો મહારાક્ષસ પણ ન ટકી શકે.'

'રાક્ષસ હોત તબી તો ઠીક. લેકીન યે તો બડા...' કહી માથું ખંજવાળતા ચાલ્યા જતા–ને પાછા સત્યકામ પાસે જઇને કરગરતા.

'યે સાલે જમાતવાલેને યે બલા દી હૈન.' કહી એ પોતાના રખડપટ્ટીના ભાતભાતના રંગદર્શી અનુભવો વઘાર મરચાં સાથે કહેતા–ને વચમાં વચમાં કહેતા:

'અબી લા દે. ગાંજાકા બહુત કામ પડતા હૈ!' પણ લખીરમજીનો કંઠ પહાડી હતો. બીજાપુરના ગોળ ગુમ્મજમાંથી જેમ નાદ ઘોરે તેમ એમના દુહા–ચોપાઇ સાંભળનારના મનમાં બહુ વખત સુધી ઘોર્યાં કરતાં.

રાત્રે સાથીઓને વાળુપાણી કરાવી ઢોરને નીરણ-પૂળો કર્યા પછી ભજનમંડળી જામતી. પ્રસંગવશાત્ એમાં આજુબાજુના બીજા ભજનિકો પણ ભળતા. પણ નિયમિત આવનાર એ ચાર જણ જ હતા. એમાં એક સીતાપુરના સ્ટેશન માસ્તર પરમાણુંદદાસ હતા. રેલ્વે ખાતામાં કોઈ કોઈ વાર પાસા પાડેલ હીરા જેવા સ્વચ્છ ચારિત્ર્યવાળા માણસો મળી આવે છે. રોજ રોજ અનેક માણસોને ઘડીક થંભી જઈને પછી તરત જ ચાલ્યા જતા જોઇને જગત એક મુસાફરખાનું છે એ વાત વહેલી તકે વસી જતી હશે? કે રાતદિવસની ધમાલ ને દોડધામથી કંટાળી કોઇ ચિરશાંતિનું બિંદુ શોધતા હશે? ગમે તે હો, પરમાણુંદદાસ શ્રીજી મહારાજના પરમ ભાવિક ભક્ત તરીકે આજુબાજુ ઘણા વખતથી જાણીતા હતા. લાંચિયું રેલ્વેખાતું તેમને લેપી શકયું નહોતું. ટ્રાફિક ઉપરીઓ પણ એમના તરફ હંમેશાં આદરભાવે જોતા. સવારથી સાંજ સુધી ખડેપગે રેલ્વેની નોકરી બજાવી સાંજ પડતાં વાળુ કરી હાથમાં લાકડી ને આંગળીએ પોતાના નાના વિનાયકને લઇને એ ગોપાળ બાપાના કોતર તરફ ચાલી નીકળતા. જે દિવસે એ કોઈ કારણવશાત્ ન આવ્યા હોય તે દહાડે ભજનોનો રંગ જામતો નહિ. ને ગોપાળબાપાને બીજે દિવસે સ્ટેશને આંટો થતો. ગોપાળબાપાની ને એમની પહેલવહેલી ઓળખાણ આ રીતે થયેલી: બપોરની ગાડીના પેસેન્જરો લગભગ ચાલ્યા ગયા હતા. પરમાણુંદદાસ જમવા જવાની તૈયારી કરતા હતા. ત્યાં ખભે ખડીઓ ને ભેટ બાંધેલ એક માણસે એમને કહ્યું:

'માસ્તરસાહેબ–મારો ડબલ ચાર્જ લેવાનો છે.' પરમાણુંદદાસ સહેજ આશ્ચર્યથી જોઈ રહ્યા. દુનિયા દિન પર દિન જે રીતે બગડતી જતી હતી તે રીતે આ વાત જરા નવાઈ પમાડે તેવી હતી.

'હું વગર ટિકિટે બેસી ગયો છું. ગાર્ડસાહેબને કહેવાની વેળા નહોતી રહી.'

'ડોસા અમારે ત્યાં તો એવા સેંકડો હાલ્યા જાય છે તમારે પૈસા આપવાની શી જરૂર છે?'

'રેલખાતાને વખતે ખપ નહિ હોય, પણ મારે ય હિસાબ આપવાનો છે ને, દીનાનાથને?' બાપાએ ખડિયો જરા ઉતારી કહ્યું.

'સાચી વાત છે એની આંખ આંજી જાય એવો હજી કોઇ જન્મ્યો નથી.' કહી એમણે પૈસા લીધેલા ને ખાસ આગ્રહ કરી જમાડીને જ વિદાય કરેલા. પરમાણુંદદાસ ગોપાળબાપાને મોટાભાઈ કહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાડુભટ્ટ બ્રહ્માનંદને વૈરાગ્યવીર નિષ્કુલાનંદના ભજનોના પીરસનાર એ એકલા જ હતા. સ્વામી સંપ્રદાયની શીલપ્રિયતા એમના હાડોહાડમાં વસી હતી. એટલે કોઇ બદફેલ માણસની સંગે બેસવાનું આવતાં પણ એ અકળાઈ જતા. એકવાર અગિયારસનો નાનો એવો ઓચ્છવ હતો. ને આજુબાજુના ઘણા ભજનિકો માનભોગની લાલચે એકઠા થયા હતા. આમાં એક જુવાન કાઠી સુરગવાળો પણ આવેલ હતો. ગળામાં એ માળાના બેરખા પે'રતો. ને ચારે બાજુ ભગત કહેવડાવતો. જોકે સૌ કોઇ જાણતા—કે એનો દિવસનો ધંધો ભજન ગાવાનો હતો. રાત્રે તો ઘર ફાડવાનું જ ચાલતું. દીકરીઓનાં સાટાં કરવાં હોય, ચોરાઉ માલ સગેવગે કરવો હોય તો એનો આશરો લેવાતો. આજ એ પણ આવી ચડ્યો હતો. એણે સાખી ગાવાની શરૂ કરી એટલે પરમાણંદદાસે ઊઠીને ચાલવા માંડ્યું.

'પરમાણંદભાઇ કાં ઊઠ્યા.' લખીરામજીએ કહ્યું.

'હવે હું જઇશ. સહેજ વે'લું જાવું છે.'

'તમારો વારો તો કાઢીને જાવ.'

'હું તો છું જ ને આજ આ સુરગભાઈને જ સાંભળો.'

કાઠી ભગત કાચો ન હતો. એ સમજતો જ હતો.

'ભાઇ અમારા મોંની વાણી પરમાણંદભાઇને નહિ ગમતી હોય.'

'વાણી તો કરણી હોય તો સારી લાગે.'

બાકી તો ગ્રામોફોનની રેકર્ડ ક્યાં નથી સંભળાતી. ગોપાળ બાપા કહે, 'હા ભાઈ હા, ભજન તો ઘાયલ આત્માની વાણી છે. મહીંથી વીંધાણા વિના એને અડીએ તો બગલાનો અવતાર આવે.'

'સહુ મોટા સાધુ થઇ ગયા છો તે પારખું થાશે. ભજન કાંઇ કોઈના આવગાં છે?' સુરગ કાઠીએ ઊભા થતાં કહ્યું.

પરમાણંદદાસ આગળ આવીને કહે, 'સુરાભાઇ એ તો જે ગા વાળે તે અરજણ. ભજન જે ભાવી કરે ઇ સૌનાં, પણ ગળામાં તમ જેમ માળા નાખે ને ગભરૂડી છોકરીઉંના કબાલા કરી આવીને અંહી બેઠકમાં ભજન ગાય—એ

'શીલ બરછી સત હથિયાર
એજી...વીરા મારા
માયલાસે જુધ્ધુ કરો હોજી...'

'ને સૌ સાંભળી રહે એવી ભફાકીઆ મંડળી અહીં નથી. રામધણીનું નામ લેવું હોય તો લ્યો, પણ સાચા દલથી લ્યો.'

કાઠીએ લાલચોળ થઈ કહ્યું. 'જોવાશે જોવાશે, એ બધું.' કહી એ ચાલ્યો ગયો. ફરી ડોકાયો નહિ. રોજની બેઠકમાં ચોથો જણ હતો, સીતાપરનો એક વણિક. અહીં મંડળીમાં સૌ એને નરસિંહ મહેતા કહેતા. જોકે એનું નામ હતું દામોદર શેઠ.

સીતાપરમાં નાનકડી હાટડી હતી. ને પાંચસાત વીઘાં જમીન હતી. પણ હાટડી જ્યારે ઘરાક આવે ત્યારે બંધ રહેતી ને ઘરાક ન આવે ત્યારે ઉઘડતી. કારણ કે દામો શેઠ વધારે સમય તો ગામ ગામના ભજનમંડળીઓમાં જતો. અહીં વાડીમાં રોજ કલાક દોઢ કલાક ભજન થાય તેથી તેમને ધરવ ન થતો. એટલે આજુબાજુના ગામમાં ક્યાં ભજન છે તે ખબર કઢાવી રાખતા ને સીધા રાતે જ ત્યાં ઉપડતા. આજુ બાજુ પાંચસાત ગાઉમાં ભજનમંડળી હોય ત્યારે સૌ સમજતા જ કે દામાશેઠ વહેલામોડા ત્યાં પહોંચવાના જ. મેલું પંચિયુ, મેલો કોટ, મેલ ખાઇને ફાટી ગયેલી પાઘડી ને હસુ હસુ થઈ રહેલું મોં, હાથમાં કરતાલ લઈને મીરાંના ભજનોની ઝૂક બોલાવતા ત્યારે વાયુ ઘડીભર થીર થઇ જાય. થાક જાણે એને લાગતો જ નહિ. ગળું બેસતું નહિ. બસ ગાયા જ કરે, ગાયા જ કરે, વચમાં કરતાલ લઈને ઊભા થઈ જાય. વહેલી પરોઢે દાતણ લઈને ઘરભણી હાલતા થાય. ઘેર આવીને ભેંસો છોડીને પહર જાય અને વચાળે દુકાન ઉઘાડે ત્યારે કોણ લેવા આવે? બે ચાર પૈસાના ચણામમરા વેચાય. કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર હોય તો માલ લે દે. ઘર કેમ ચાલે છે તેની ખબર નહિ. હરિકૃપાથી ધણિયાણી માણેકબાઇ કરતાં ઠીક મળેલાં, એટલે કંકાસ ન કરે. પાપડ સેવ વડી કરીને ઘરની ખોટ પૂર્યે જાય. દામા શેઠને ભજનોનું જ ઘેલું એમ નહિ. કોઇ સત્શીલ જૈન મહારાજ આવ્યા હોય, સાધુ સંન્યાસી આવ્યા હોય જોગીજતી હોય, તોય—ત્યાં પહોંચ્યા જ હોય. ગામને પાદરેથી નીકળે તો સામાન ઉંચકાવીને ગાઉ સાથે જાય. આમાંથી જ એમને એ વાતનો શોખ લાગેલો. એક યોગ ને બીજો ફલજ્યોતિષ. કોકને ત્યાં બાળક અવતર્યાના ખબર પડે એટલે દુકાને બેઠા કુંડલી માંડે ને આંકડા લખે ભૂંસે. ભજનોમાં વારે વારે આવતા સહસ્રદલ કમલ પાર સુન શિખરે ઉનમતા સમોધિએ પહોંચવા યોગ સાધવામાં મદદ કરે તેવા ગુરુની શોધ કર્યા કરેલી. છેવટે થાકીને જાતે જ પ્રાણાયમની શરૂઆત પણ કરેલી. પણ કંઇક ગડબડ થતાં સ્હેજે મગજ ખસી ગયું—એટલે માંડી વાળ્યું ને ફક્ત ગુરુની શોધ કર્યા કરતા હતા. એમના ભજનો હતા મુખ્યત્વે રામાનંદકી ફોજમેં સન્મુખ લડે કબીરનાં.

ને છેલ્લો હતો અરજણ પોતે. ધર્મરાજની વાંસે વાંસે જેમ કૂતરો સ્વર્ગમાં પેસી ગયેલો તેમ અરજણનો ભજનના લોકમાં પ્રવેશ થયેલો. આ બધા ન-હોતા જાણતા તેવા—શવો–ગંગાબાઇના જેવા અજ્ઞાત ભજનિકોના ભજનો ગોખી લાવીને એણે આમાં સ્થાન મેળવ્યું હતું.

આ ઝાડપાન ગાયો, કોતરો ને અર્ધ ગાંડાઘેલા ભજનિકો એ સૌની છાયામાં રોહિણી ને સત્યકામ ઊછરતાં હતાં. જાણે એમની ચારે બાજુ સત્ય ને સૌન્દર્યના તાણાવાણાવાળી બિછાત બિછાવી હતી. કોઇ કોઈવાર તો એમને પોતાને ય થતું કે પોતે ય એ અલૌકિક બિછાતના તાણાવાણા છે. રાતદિનનો એ અણદીઠ વણકર જાણે એમને ભાત ભાતના રંગ પાઇને કોઇક અપૂર્વ ભાતીગળ વસ્ત્રની અંદર બંનેને સાથે ને સાથે ગૂંથી રહ્યો છે. તેઓ એકલાં ન હતાં. તેમ તેમણે પોતાનો માર્ગ કોઇકની જોડે ઝઘડીને કાઢવાનો ન હતો. તેમના પંથમાં તો કેટલાંય યાત્રીઓ સાથે હતાં. પેલા મંજીરાં ને કીરતાલો પણ સંગમાં હતાં. ને વિશ્વનો નિયંતા જ એમનો સાર્થવાહ હતો. આ વણઝારમાં વિહરયેલી ‘ દાસી ’ જીવણ પ્રતિભા-વંત પુરુષોમાંય તરી આવતી અજાંડ નારી તોરલ—મર્મીઓનો સ્વામી દાદુ, વીરસાધક કબીર, એકલપંથી ગોરખ—એમ કેટલાય મરજીવા હતા. જાત-પાતના કિલ્લા તો એને તૂટી જ ગયા હતા. પણ નરનારીના ભેદ જાણે એને ટળી ગયા હતા. આવા જલદ દારૂના કેફે એમને પણ કેફ ચડાવ્યો હતો. અવારનવાર મંડળીમાં સત્યકામ ને રોહિણી પણ સૂર પુરાવા બેસી જતાં. એમને ખ્યાલ પણ ન રહેતો કે પ્રેક્ષકો પોતે જ નટ બની રાસમંડળીમાં ઘૂમી રહ્યાં છે.

(ચાલુ)

*

જીવન અને મરણ

જીવનનાં બળોનું મરણનાં બળો ઉપર પૂરેપૂરું પ્રભુત્વ જામે અને એમાંથી જે **સમન્વય** સર્જાય એનું નામ **આરોગ્ય.**

જીવનનાં બળો અને મરણનાં બળો વચ્ચે જે **વિગ્રહ** જામે એનું નામ **ઉગ્રરોગ.**

જીવન અને મરણનાં બળોએ પરસ્પર કરેલું **સમાધાન** એનું નામ **હઠીલોરોગ** અને જીવનનાં બળોનું **દાસત્વ** સ્વીકારે એનું નામ **વિનાશક રોગ.**

—ર, એન્જિનીયર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશની દુનિયામાં

શશિન્ ઓઝા

લોકો તો કહેતા કે એ જન્મથી જ અંધ છે. માતાના ઉદરમાં એની પાસે અંધારાનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. જેને લોકો પ્રકાશની દુનિયા કહે છે, એ પ્રકાશની દુનિયામાં આવ્યા પછી પણ એની આસપાસ તો ગહન અંધારું જ વીંટળાયલું રહ્યું. જાણે અંધારી આલમનો એક જ અદનો પ્રવાસી હતો!

બાલ્યકાળથી તે મરણપર્યન્ત આ પ્રકાશવિહોણું એકલવાયું જીવન ગાળવાનું દુર્ભાગ્ય તેને વારસામાં મળ્યું હોય એવું પણ ન હતું. તેની માતા ઉચ્ચ કુળની અને સુશીલ હતી. તે સ્વરૂપવાન, ભૂરા નેત્રોવાળી, ગૌર બદનવાળી અને તંદુરસ્ત હતી. તેનો પિતા પણ એવો જ નીરોગી ને કુલીન હતો. કોણ જાણે વિધાતાની કઈ નિગૂઢ યોજનાએ આમાં કામણ કર્યું હશે!

રામ જાણે! પણ અમરનાથ બંને આંખોએ અંધ હતો એ દીવા જેવી ચોખ્ખી વાત હતી.

ઉષાસંધ્યાની મનોહર રંગલીલા તેને મન કલ્પના જ હતી. મધુર રંગસુશોભિત પુષ્પોની એ માત્ર સુગંધ જ માણી શકતો. તેને પ્યાર કરતા મીઠી મીઠી વાણીથી તેના અંતરને ભીંજવતા તેના પ્યારા સ્વજનોના માત્ર તે અવાજ જ સાંભળી શકતો.

આવા તેને મન અદષ્ટ જગતમાં એ ટેકે ટેકે ચાલતો. વચ્ચે કંઇ કંઇ આવતું ને મોટા મોટા અવાજે થતા. ને કોઇ સ્થળે તો પગ લથડી જવાથી એ પડતો અને શરીરે ઉઝરડા થતા. તેની સુતીવ્ર સ્મરણશક્તિને બધું વિશ્વ ઘોંઘાટ, કર્કશતા અને કકળાટથી ભરેલુ લાગતું. છાયા અને પ્રકાશ, સૂર્ય અને ચન્દ્ર, દિવસ અને રજની, રૂપ અને રંગ, અંતર અને પ્રમાણ, સૌન્દર્ય અને વિરૂપતા—આ બધા એને મન અર્થવિહીન શબ્દચોકઠા જ હતા. ખાલી હવાઇ કલ્પના જ હતી.

ધન અને વૈભવથી જ માણસ પૈસાદાર ગણાય, તો અમરનાથ સંપત્તિવાન પુરુષ હતો. પણ પોતાની સ્થૂળ સંપત્તિ કરતા તેની માતા અને તેની અહેં[…] જ એ મોટા વૈભવ સમાન લેખતો. એ બંને તે[…] ઉપર અપાર મમતા રાખતા. તેનાં પિતાને પોતે પુત્ર[…] એક જ પુત્ર હતો. તેથી પિતાએ તેના ઉપર ઘણી ઊંચી મહત્ત્વાકાંક્ષાઓ બાંધી હતી. જાણે આખી જિંદગી[…] પોતે જ એક જ સાંત્વનરૂપ હતો. પણ એ એક પુ[…] પણ જ્યારે આંખોએ અંધ અવતર્યો છે, એની તે[…] ખબર પડી ત્યારે નિરાશામાં જ ભગ્નહૃદય થઇ[…] એ મરણ પામ્યો.

અમરનાથ ધીમે ધીમે સુંદર યુવાન બન્યો. [...] શરીરે સુદૃઢ હતો. સ્વભાવે મધુર અને મિતભાષી હતો. સંગીતનો તે નિષ્ણાત બન્યો. જિંદગીની અ[…] નિરાશામય ક્ષણોમાં પણ સંગીત તેનું સાથી બન[…] ને તેના આત્માને આનંદની ઊર્મિથી અભિષેક કર[…] પિઆનો, વાયોલિન વગેરે ઉપર તેનું અદ્ભુત પ્રભુ[…] હતું. મધુર બંસરીના જેવા મીઠા નિનાદે તે ગા[…] શકતો. તેના કંઠમાંથી જાણે અમૃતની ધારા રેલાતી[…] સાહિત્યનો પણ તે એવો જ શોખીન હતો. વિના તે[…] સાહિત્ય દ્વારા એ નવરસરુચિર વિશ્વમાં વિહાર કરી શકતો.

અંધત્વને લઇને આવતાં અમુક અમુક નિરંત[…] બાદ કરીએ તો તે પૂરેપૂરી રીતે સુખી માણસ હ[…]

દિવસનો મોટો ભાગ તે સાગરકિનારે આવે[…] પોતાના રમણીય પ્રાસાદમાં વ્યતીત કરતો. [...] બારીએ બેસી સાગરના ભરતી અને ઓટનું સિ[…] સંગીતપાન કર્યા કરતો. ને સમુદ્રની ખારી હ[…] માણતો. શહેરના ઘોંઘાટ અને ગીરદી તેને ગૂંગ[…] નાખતાં. અહીં સાગરની શીતળ તરંગ-વીચિ-ઊ[…] આવતી અનિલલહરી તેના મનને ચેતનથી ભરી[…] તેથી મુક્ત પંખીના જેટલો કલકલનિનાદ તેનો આ[…] અહીં કરી ઊઠતો.

કેટલીવાર તે પાસેના ડુંગરાઓમાં જઇ [...] પ્રકૃતિની નીરવતામાં તેને પ્રથમ શાંતિ મળતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અપ્રમેય નીરવતાનો નિધિ તેને ગૂંગળાવી દેતો. પ્રકૃતિની એકલતા, નીરવતા અને નિગૂઢતાની જ તેને ભીતિ લાગવા માંડતી. ને તેથી પોતાની પરિચારિકાઓને પોતાને પુન; સાગરતટે લઇ જવાનું એ ફરમાન કરતો. જલધિના પ્રચંડ ઘૂઘવાટ, ખડકો સાથેની તેની અવિરામ યુદ્ધઘોષણા, સાગર જલલહરીઓની મોઢા ઉપર ઊડતી આછી ઝરમર ને તેની શીતળ હવા-આટલાથી પુનઃ તેને શાંતિ પ્રાપ્ત થતી. ને ફરીવાર તેનું અંતઃકરણ પ્રસન્નતાથી નાચી ઊઠતું.

આમ ચોવીશે કલાક તેની આ જ જાતની એકધારી ને અવિવિધ પ્રવૃત્તિ ચાલુ રહેતી. ને જીવનનાં તીર વહ્યાં કરતાં. પૃથ્વી, આકાશ અને સમુદ્રની આશ્ચર્યકારક ઘટનાઓને નજરોનજર નીરખવાની આશા તો હવે તેને કદાપિ હતી જ નહિ. અલબત્ત એ માટે એણે પ્રયત્નો પૂરેપૂરા કર્યા હતા. પૈસા પાણીની જેમ વાપર્યા હતા. આંખના મોટા મોટા ડોક્ટરો, સ્પેશિયાલિસ્ટો, વિદેશ જઇ આવેલા સુનામાંકિત પદવીધારીઓ તેની આંખ તપાસી ગયા હતા. ને દિલગીરી સહિત 'કશું થઈ શકે એમ નથી. માણસના હાથની વાત નથી.' એવા એવા નિરાશાજનક ઉદ્‌ગારો સાથે પાછા ગયા હતા.

અમરનાથને પોતાને પણ હવે આશા ન હતી. પણ પોતાના પ્રિય સ્વજનોના પ્રેમની ખાતર એ બધા પાસે આંખ તપાસાવા દેતો. અને જેટલું દુઃખ વેઠાય તેટલું વેઠતો. તે સમજતો કે ખોટી આશા રાખવી એ પણ નિરાશાને આમંત્રણ આપવા જેવું છે, એ વિચાર છોડી દેવામાં જ શાંતિ અને સુખ છે!

આમ ચોવીશ વર્ષ પૂરા થયા. અને તેને પચીસમું વર્ષ બેઠું.

એક વખતે એ બેઠો હતો ત્યાં તેના મિત્ર પ્રફુલ્લચંદ્રે અત્યંત ઉત્સાહપૂર્વક તેને ખબર આપ્યા કે ઈટાલીથી આંખના એક ખાસ ડોક્ટર આપણા દેશમાં આવ્યા છે. અનેકોને તેણે નેત્રદાન આપ્યું છે. કેટલાય માણસોની દૃષ્ટિ તેમણે સંજીવિત કરી તેમને દેખતા કર્યા છે. નજીવામાં નજીવી નેત્રક્ષતિમાંથી ગંભીરમાં ગંભીર કેસ તેણે સફળતાપૂર્વક પાર પાડ્યા છે. લોકોમાં પણ એમને વિષે પાર વિનાની વાતો થાય છે. એટલે તમે કહો તો આપણે પણ પારખું કરી જોઇએ. મારા મનમાં અમરને દેખતો જોવાની ખૂબ ઇચ્છા છે.

અમરનાથ શાંતચિત્તે આ બધી વાત સાંભળી રહ્યો.

ત્યાં અંદરથી તેના મા, બેન વગેરે આ વાત સાંભળી આવી પહોંચ્યા.

પ્રફુલ્લે વાત આગળ ચલાવી, 'એ ડોક્ટર મારા મિત્ર છે. હું અને તે સાથે અભ્યાસ કરતા. મેં આદિથી અંત સુધી બધી વાત કરી છે.'

બધાના મોં આનંદથી મલકયા.

'પણ' પ્રફુલ્લે બધાને વધારે આતુર બનાવતા કહ્યું, 'એ એક શરત મૂકે છે કે હું કેસ હાથમાં લઉં. મારા ઉપચાર શરૂ કરું. પણ જો એ જન્મથી જ અંધ હશે તો કદાચ સફળતાને ઓછો અવકાશ રહે...!'

'પણ અમર તો બિચારો જન્માંધ છે.' માએ દુઃખપૂર્વક કહ્યું.

'ના' પ્રફુલ્લે કહ્યું 'મારો મિત્ર વળી એમ કહે છે કે 'સાવ જન્મથી જ અંધ હોય એવું બહુ વિરલ બને છે. તેણે જોકે અમરને જોયો નથી, પણ એ ધારે છે કે અમરનાથ જન્મ્યા પછી એક બે કલાક તો દેખતો જ હશે, પાછળથી અંધત્વ આવ્યું હોવું જોઈએ.'

બે ઘડી બધા શાંત બની ગયા. કોઈ અકલ્પ્ય આનંદ અને મુગ્ધતાની ઊર્મિ બધાના અંતરમાં સ્ફૂર ઊઠી.

'તો એને તાર કરી આજે ને આજે જ બોલાવો. અમરની આંખ સાજી થશે તો આપણે એને એ જે ફી માગશે તે આપશું.' માએ ઉત્સાહથી કહ્યું.

અને ઈટાલિયન ડોક્ટરને તુરત તાર કરી બોલાવવામાં આવ્યો.

માતાએ અને બહેને અમરનાથને આ સમાચાર આપ્યા.

અમરનાથે હસતા હસતા કહ્યું, 'એમ બા, હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ એક બાકી છે! મારા મનમાં એમ કે હવે આ બાબતનો છેડો આવી ગયો હશે!'

પણ જ્યારે પંદર દિવસ પછી ડૉકટર આવી પહોંચ્યા, ત્યારે અમરનાથે પૂર્ણશ્રદ્ધા અને વિનયશીલતાથી પોતાની જાતને ડૉકટરને સોંપી દીધી.

'હું ધારું છું.' ડૉકટરે પ્રાથમિક તપાસ પછી કહ્યું, 'કે પૂરેપૂરો સંભવ છે...' અને પછી કહેતા કહેતા, ડૉકટર પોતાની ટેકનીકલ ભાષામાં લપસી પડ્યા હોય એમ પ્રલાપે ચડી ગયા. તેની વાતચીતમાં 'Sclerotic coat', 'choroid canal of schlemn' 'Tarsal cartilage' ને એવા એવા બીજા અમરનાથને તેમ જ સામાન્ય માણસને ન સમજાય એવા અસંખ્ય શબ્દો આવવા લાગ્યા. અમરનાથ શાંતિથી આ બધું સાંભળી રહ્યો. તેને આમાં કશી ગમ પડી નહિ. તેને માત્ર એક જાણવા મળ્યું કે પૂરી સફળતા વિષે તો ડૉકટરને પોતાને પણ આત્મશ્રદ્ધા નથી લાગતી.

ત્યાં અચાનક ડૉકટરે પૂછ્યું, 'માફ કરશો. એક વાત પૂછું?'

'જરૂર' અમરનાથે નમ્રતાથી કહ્યું.

'તમારે વિષેની સત્ય જ હકીકત મને કહેશો.

'ચોક્કસ' અમરનાથે દૃઢતાથી કહ્યું.

'ત્યારે આ કેસ વિષેની સાચી વિગત આપને જણાવું તો ધીરતાથી સહન કરી શકશો ને?'

'જરૂર' અમરનાથે ફરીથી અણનમ નિશ્ચયભરી મુદ્રાથી કહ્યું.

'ત્યારે હું તમને કહું છું કે હું જરૂર તમારા તિમિરભરપૂર નેત્રોને ફરીથી જ્યોતિથી ઝગમગતા બનાવીશને તમને દેખતા કરીશ. પણ કાયમ માટે જોઈ શકો એમ કરું...પણ...પણ...'

ડૉકટર જરા બોલતા અચકાયા.

'એમ?' અમરનાથે ઉલ્લાસથી કહ્યું.

'પણ... હું તમારાથી કશી વાત છુપાવીશ નહિ...પણ સંભવ છે કે મારા ઉપચારને લીધે તમારી આંખ સાજી થાય, પણ એ કાયમ માટે કદાચ નહિ. Only Temporary–અલ્પકાળ માટે ટૂંકી મુદ્દત માટે જ...' અને ફરી ડૉકટર પોતાની ડૉકટરી પરિભાષમાં કંઈક બોલ્યા. પછી કહ્યું, 'જરૂર તમને આંખો પાછી મળશે. તમે દેખતા થશો. તમે નવી દુનિયા–નૂતન વિશ્વ–જોશો. પણ કદાચ થોડીવાર માટે—Purely Temporary–બોલો, તમે આ વસ્તુસ્થિતિ સહી શકશો?'

ડૉકટર જવાબ મેળવવાની આશાએ અમરનાથની મુખમુદ્રા સામે જોઈ રહ્યા.

'એ જરા મુસ્કેલ છે.' અમરનાથે કંપિત સ્વરે કહ્યું. 'અલ્પકાળ માટે જ? પણ એ ય હું ખમી શકીશ.'

'તમે બરાબર સમજ્યાને?' ઈટાલિયન ડૉકટરે ફરીથી કહ્યું, 'અલ્પકાળ માટે જ તમે જોઈ શકશો એનો અર્થ તો તમે સારી પેઠે સમજી શકો છો ને! અત્યારે તમને નેત્રોની ખોટ પૂરેપૂરી નહિ વરતાય. આંખનો ઉપયોગ કરવાની, વૈવિધ્યભર્યા વિશ્વના સૌન્દર્યનું દર્શન કરવાની દેખતા તક જ તમને સાંપડી નથી. પણ તમને એકાએક કરવામાં આવે; તમારી આંખ સાજી થાય, ને તમે અલ્પકાળ માટે આ દુનિયા જુવો, થોડીક જ મિનિટમાં આ નવરંગી વિશ્વ પર તમારી આંખ ફરી વળે, અને ફરી પાછા તમે અંધ બની જાવ...ફરી અસાધ્ય અંધાપાના ઓળા છવાય ને ચિરંતન અંધકારની ગર્તામાં ગબડી પડો...'

ડૉકટર એકાએક મૂંગા થઈ ગયા.

'હું ગમે તે જોખમ ખેડવા અને સહન કરવા તૈયાર છું.' અમરનાથે વીરતાથી કહ્યું, 'માત્ર એમાં જો સફળતાને અવકાશ હોય તો.'

'સફળતા માટે બધો અવકાશ છે. જો હું કહું એમ શબ્દેશબ્દ તમે કરો તો.' ડૉકટરે કહ્યું.

'એ માટે તમે મારા ઉપર શ્રદ્ધા રાખો.'

અને આમ વાત નક્કી થઈ. ઈટાલિયન ડૉકટરે ઘરમાં જ પોતાનું નિવાસસ્થાન રાખ્યું, અને પોતાના ઉપચાર શરૂ કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપચારની ક્રિયા જેટલી વેદનાજનક હતી તેટલી જ મંદ અને કંટાળા ભરેલી હતી. છ અઠવાડિયા સુધી અમરનાથને અંધારી એકાંત ઓરડીમાં પોતાની પીઠ ઉપર જ સૂઈ રહેવાની આજ્ઞા થઈ હતી. તેની આંખે પ્લાસ્ટર લગાડી પાટા બાંધવામાં આવ્યા. તેના ખોરાકમાં પણ કડક નિયમન અને ફેરફાર કરવામાં આવ્યા. ગભરાવતી એકલતા, 'શું થશે?' ની ઉત્કટ જિજ્ઞાસા હલનચલનવિહોણી નિષ્ક્રિય દૃષ્ટિ. નિદ્રાવિહોણી રાત્રિઓ—આ બધું તેણે પ્રશસ્ય હિંમત અને શાંતિથી સહન કર્યું: ન તો તેણે કશી ફરિયાદ કરી, ન તો કદી તેણે નાની સરખીયે બૂમ પાડી, ન તો તેણે કદી ડૉક્ટરના હાથ ઝાલી ઉત્સુકતાથી પૂછ્યું કે આ ક્રૂર ક્રિયાનો ક્યારે અંત આવશે. એક આદર્શ દર્દીની છટાથી તેણે બધું મૂંગે મોંએ સહન કર્યું.

છઠ્ઠા અઠવાડિયાનો છેલ્લો દિવસ ઊગ્યો.

ચા દેવા નોકર ડૉક્ટરના રૂમમાં ગયો. પણ રૂમમાં જતા જ એ આભો બની ગયો. ડૉક્ટર રૂમમાં ન હતા. આખા ઘરમાં સનસનાટી વ્યાપી ગઈ. સૌએ પૂછ્યું: ડૉક્ટર ક્યાં ગયા? ડૉક્ટરનું એક પણ અવશેષ રૂમમાં પડ્યું ન હતું. બેગ, જોડા, કોટ કંઈ ન મળે! ડૉક્ટર ચાલ્યા ગયા હતા.

અમરનાથના મા અને બેનના મોઢા ઉપરથી લોહી ઊડી ગયું. બંનેએ અવાક બની એકબીજાની સામે જોયા કર્યું. દુઃખ અને આશ્ચર્યના ભારથી કોઈ કશું બોલી શક્યું નહિ. પોતાના સ્વપ્નો ને મનોરથોનો આવો જ અંજામ આવવાનો હશે?

ત્યાં તો ડૉક્ટર સાહેબના રૂમમાંથી આ ચિઠ્ઠી મળી આવી છે કહેતો નોકર ઉપર આવ્યો. ને બાને ચિઠ્ઠી આપી.

પણ બિચારી વૃદ્ધ સ્ત્રીની આંખ આગળ વિશ્વ ફરતું હતું. છેવટે તેણે માંડમાંડ પોતાની લાગણી ઉપર કાબૂ મેળવ્યો. ને ચિઠ્ઠી લીધી, ચિઠ્ઠી વાંચતાં એની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં. તેથી તેણે તે ચિઠ્ઠી પોતાની દીકરીને આપી ને કહ્યું.

"વાંચ બેન.'

દીકરીએ તે પત્ર મોટેથી વાંચ્યો.

તેમાં ડૉક્ટરે પ્રથમ તો શરમને લઈને માફી માગી હતી. તેમાં લખ્યું હતું કે દક્ષિણ અમેરિકાના એક લક્ષાધિપતિએ પોતાને પચીસ હજાર ડોલર આપવાનું કહી પોતાના પુત્રની આંખના ઉપચાર માટે બોલાવ્યો છે. તેની આંખ એકદમ જવાની તૈયારીમાં છે. એટલે પોતાને જવું જ જોઈએ. ને આવી સારી રકમને હું કઈ રીતે પાછી ઠેલી શકું? ઉપરાંત અમરનાથ માટે હવે ઝાઝું કશું કરવાનું રહેતું નથી. છેલ્લા પ્લાસ્ટરનો ભુક્કો થઈ જાય એટલે પાટા સલામતીપૂર્વક છોડી લેવાના છે. ને જો અમરનાથને દૃષ્ટિ પ્રાપ્ત થવાની ભાગ્યમાં લખી હશે, તો જરૂર મળી ચૂકી હશે—એ પછી થોડીક સામાન્ય સૂચનાઓ હતી. ને છેવટ ખાસ ચેતવણી રૂપે લખ્યું હતું કે એ જોઈ શકશે તો ટૂંકી મુદ્દત માટે જ, થોડા કલાક માટે જ.

આ સાંભળી મા–દીકરી બંનેનાં હૃદયમાં ફરી હિંમત અને ઉત્સાહ પ્રગટ્યા. ને આશાના અંકુરો ઊગ્યા, કે હજી અમરનાથ જોઈ શકશે ખરો. તેથી બંને સાથે અમરનાથના ખંડમાં ગયા. ને ખૂબ નમ્રતા અને મૃદુતાથી દર્દીને જરાય આઘાત ન લાગે એવી શૈલીમાં ડૉક્ટરના જતા રહેવાના સમાચાર આપ્યા.

અમરનાથે શાંતિથી પથારીમાં પડ્યા પડ્યા સાંભળ્યા કર્યું. પછી તેણે કહ્યું, 'ત્યારે એ તો પૂરા દંભી નીકળ્યા. પણ જ્યાં સુધી પૂરી વાતની ખબર ન પડે ત્યાં સુધી સાવ એનો કાંકરો ન કાઢી શકાય. થોડાં દિવસ રાહ જોઈએ.'

છેલ્લા દિવસો પૂરેપૂરી કસોટીના દિવસો હતા. ધીમે ધીમે પ્લાસ્ટર ઊખડી ગયું. એ પછી પાંચ દિવસો જવા દેવામાં આવ્યા. અમરનાથને લાગ્યું કે હવે પાટા પૂર્ણપણે કાઢી નાખવાનો સમય પાકી ગયો છે.

છેવટે અંધાની દુનિયામાં અવનવો ચમત્કાર કરતી પળ આવી પહોંચી. જે પળ તેને પ્રકાશ અને સૌન્દર્યની દુનિયાની બક્ષિસ આપવાની હતી.

જ્યારે એ અવસર આવ્યો ત્યારે તેને અંતરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખૂબ સંકોચ થયો. તેનો હાથ ધ્રૂજ્યો. આંખ ઉપરના પાટા ઉપરથી હાથ જઇ પાછો આવ્યો. ભય શાનો હતો ? સંકોચ કેમ ? હૃદય કેમ બમણા વેગથી ધબકારા મારે છે.? પહેલવહેલા માનવીલોકને જોવાની સોનેરી તક, અથવા તો દુર્વિધિની વક્રતાને લઇ કદાપિ નહિ જોવાની ખરાબ પળ–એ બેમાંથી એકેકે બાબતનો આઘાત એ કઇ રીતે સહન કરી શકશે ?

સ્રીઓ તેનો આ ગૂઢ સંકોચ જોઇ રહી.

'નહિ, કદાપિ નહિ.' તે બોલી ઊઠ્યો. 'બા મારી હિંમત નથી ચાલતી. આ કરતા આવો પ્રયોગ ન કર્યો હોત તો સારું હતું. હું એ સ્થિતિમાં જ વધુ સુખી હોત. ને હજી યે પરિણામ શૂન્ય આવે તો મારે અંધારું જ રહેવાનું. હું કદી સુખી નહિ થઉં. હે રામ !' કહી તેણે નિઃશ્વાસ મૂક્યો.

માતાએ પોતાનો પ્રેમાળ હાથ તેના મસ્તક ઉપર મૂક્યો. અમરનાથે તેને ઝાલી બચ્ચી ભરી.

'બા', અમરનાથે શાંત, ઉદાસીન સ્વરે બોલવા માંડ્યું. 'તમે બધાએ મારી પાસે રંગબેરંગી પંખીઓના કલકલ નિનાદોની વાતો કરી છે, રંગ ભભકભર્યા પુષ્પો તરુવૃન્દો અને હરિત ઉપવનોની વાત કરી છે, રંગો અને રેખાનાં વર્ણનો કર્યા છે, સુવર્ણરંગી ભાસ્કર અને રૌપ્યમોહક ચંદ્રની આહ્‌લાદકતા વર્ણવી છે. નાનાં નાનાં બાળકો, ઝીણાંઝીણાં તારકો, શ્વેતરૂપાળી ચાંદની, ચંદ્ર, સૂર્ય, આકાશ... પણ બા...' કહેતા કહેતા એ ધ્રૂજ્યો. 'કદાચ હું એ સહન નહિ કરી શકું. પણ જો એ સહન કરવાનું જ હોય તો હું એ એકલો સહન કરીશ. તે તેય એક માણસને છાજે એમ...' ફરી દૃઢ અવાજે એણે ચાલુ રાખ્યું, 'હું એકલો જ એ સહન કરીશ.'

'એકલા !' બધા એકીઅવાજે આશ્ચર્યથી બોલી ઊઠ્યા.

'કેમ નહિ ? એકાંતમાં જ માણસ સારી રીત પ્રાર્થના કરી શકે છે. એકલો હોય ત્યારે જ માણસ ઈશ્વરની વધારે નજદીક હોય છે. હું એકલો જ રહીશ.'

આ વખતે બધા રડ્યા. અમરનાથને છાતીએ વળગી પડ્યા. પણ અમરનાથ તેના નિશ્ચયમાં દૃઢ રહ્યો. વિનંતી, આજીજી, આંસુ કશું તેને ચળાવી શક્યું નહિ.

'હું તમારા પ્રિય મુખારવિન્દો જોવા જેટલું બળ અને તત્પરતા ન કેળવી શકું, ત્યાંસુધી હું એકલો જ રહીશ. અને જ્યાંસુધી હું ન કહું ત્યાંસુધી તમારે કોઈએ પણ ત્યાં ન આવવું. તમારે ત્યાંસુધી રાહ જોવી.'

'પણ...' મા ડૂસકું ખાતી બોલી.

'બા,' કઠોર સ્વરે અમરનાથે કહ્યું, 'તું તારી જ નજર આગળ મને શરમાવવા માગે છે! હું રાકું પાકું, ચીસ નાખી જાઉં, એ બધું તમારી આગળ કરાવી મને નીચું જોવરાવવું છે ? હું એકલો રહીને જ બધી ક્રિયા કરીશ.'

અને અમરનાથને એકલો મૂકી સૌ પાછા ફર્યા. અમરનાથે અંદરથી દ્વાર બંધ કર્યું.

'યાદ રાખો, હું ન બોલાવું ત્યાંસુધી ઉતાવળા થઇ કોઈ ન આવતા.' આ એના છેલ્લા શબ્દો હતા.

અને ઓરડામાં જઇ ધીમેધીમે અમરનાથે પાટા છોડવા માંડ્યા. તેની આંગળીઓ ધ્રૂજતી હતી. છોડતી વખતે તેની આંખોમાં તીક્ષ્ણ શૂળ ભોંકાતું હોય એવી વેદના થતી હતી. તેથી નાના બાળકની જેમ તેનાથી ચિત્કાર થઇ જતો હતો.

છેવટે તેણે પાટો સાવ છોડી નાખી દૂર કર્યો. તેના મુખમાંથી આનંદની ચિચિયારી નીકળી ગઈ. તે જોઇ શકતો હતો!

તેના આંખના ડોળા, આસપાસ—આજુબાજુ એમ બધે આડાઅવળા ફરી શકતા હતા તે જોઈ શકતો હતો. તેને દેખાતું હતું. ન માન્યામાં આવે છતાં ખરેખરી હકીકત તે જોવા લાગ્યો.

પ્રથમ તેને ઝાંખું ધુમ્મસ જેવું બધે જણાવા લાગ્યું. ધીમેધીમે બધું સ્પષ્ટ થતું જતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બીક લાગવા માંડી. દ્વાર શોધી બહાર જવાની તેને ઇચ્છા થઇ, રાડ પાડી બા ને બેનને એકદમ જોવાનો તેને ઉમળકો આવ્યો. પણ આસપાસની અનેક આશ્ચર્યભરી વસ્તુમાં દ્વાર ક્યું–એ જ તેની કલ્પનામાં ન આવ્યું. તેના હૃદયના ધબકારા વધી ગયા.

એ શાંત આસમાની દિવસ હતો. આકાશ ને દરિયો બંને સમાનરંગી બની એકત્વ ધારણ કરી રહ્યા હતા. સમુદ્ર ઉપર એક જહાજ પસાર થતું હતું. અમરનાથ આશ્ચર્યથી એ જોઇ રહ્યો. શું હશે? જિંદગીમાં પહેલવહેલું તેણે આ દશ્ય જોયું.

બીજી તરફ આકાશમાં કાળા ધાબા જેવું કંઇક ઊડતું તેણે જોયું, એ કદાચ પક્ષી હોય એમ તેણે કલ્પના કરી. પણ પેલું સમુદ્રના જળ ઉપર આસાનીથી સરકતું જાય છે એ શું? વહાણ વિષે માત્ર તેને પુસ્તકિયું જ્ઞાન હતું.

ધીમેધીમે એની ભીતિ ઓછી થતી ગઈ. હવે તેને પોતાના સ્વજનોને તુરત બોલાવવાની પણ વૃત્તિ ન થઇ. પ્રકૃતિના વૈભવનું દર્શન કરવામાં એ મગ્ન બની ગયો.

ન્યૂસપેપરનુ ઊડતું પાનિયું દૂર તેની નજરે પડયું. 'એ શું? માણસ હશે? એને નવાઈ થઈ. મોજાઓનો અવાજ એને કાને પડ્યો. સમુદ્રની તો તેને આપમેળે ખબર પડી ગઈ. આ સમુદ્ર? આવો અગાધ! સમુદ્રની ગહનતા અને વિરાટતાથી તે ચકિત બની ગયો.'

આમ એક કલાક પસાર થઇ ગયો.

આ તરફ તેના મા, બહેન વગેરેની આતુરતા ખૂબ વધી પડી હતી. તેઓ બધાએ દ્વાર પાસે આવી ઉત્સાહથી બારણું ખખડાવ્યું.

અમરનાથે અવાજ સાંભળ્યો.

'હજી નહિ.' તેણે કહ્યું. 'હું જોઇ શકું છું. હું બરોબર છું.'

મા ચાલી ગઈ. એનાં પગલાં શમી જતાં અમરનાથે સાંભળ્યા.

એ ફરી ઊભો થયો. ને સોફા ઉપર પડ્યો. તેને વિચાર ઉપર વિચાર આવવા લાગ્યા. હવે તેને નવી જ જાતનો ભય ઉપસ્થિત થયો. તે તેના મનની સમતોલતા ડગી જવાનો. જો એ ડગી તો પછી થઇ રહ્યું: શારીરિક અંધતા કરતા પણ આ માનસિક અંધતા વધુ ભયંકર ને અસહ્ય છે.

ફરી દ્વારે ખખડાટ થયો. ફરી એણે એ જ શબ્દો કહ્યા, 'હમણા નહિ.'

કયાંય સુધી તેણે માતાને–પોતાના નામના પોકારો કરી કરી પોતાને સાદ પાડતી–સાંભળી. અવાજ દીન અને કરુણ બનતો જતો હતો. પણ, તેને થયું કે હજી પોતાની માતાને જોવાનો સમય પાકયો નથી. પોતાની માતાને પહેલવહેલી જોવાનો આનંદ ને આઘાત સહન કરી શકે એટલી તત્પરતા હજી પોતાનામાં નથી આવી એમ તેને લાગ્યું.

ફરી તેણે આકાશ અને સમુદ્ર ઉપર દષ્ટિ ફેંકી.

બે કલાક વ્યતીત થયા.

ફરી બે વાર માતાએ દ્વાર ખખડાવ્યું. ને તેણે એ જ જવાબ વાળ્યો.

છેલ્લીવાર પણ એણે જકપૂર્વક એ જ જવાબ વાળ્યો, ને સ્મિત કર્યું.

પણ એ સ્મિતનો આનંદ ઝાઝો ન ટકયો.

આ શું?

તેણે આંખો ચોળી. હજી આંખો બળતી હતી ને દુખતી હતી. શું ધીમેધીમે અંધત્વ પાછું ફરતું હતું? ધીમે ધીમે દષ્ટિના દીપક ઓલવવા લાગ્યા? તેણે આંખ ઉઘાડમીંચ કરી. સમુદ્ર અને આકાશના રંગો જાણે ઘેરા ઘેરા બનતા જતા હતા! વસ્તુના આકારો અસ્પષ્ટ અને ધૂંધળા બનતા જતા હતા, એમાં શંકા ન હતી.

પહેલાં સામેની રેતી અને વૃક્ષોના આકારો ને રંગો એ બરોબર જોઇ શકતો હતો, અત્યારે એના રંગ ને આકારમાંથી કાંઈ પરખાતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવાર પહેલાં સમુદ્રતરંગોનો આરોહ–અવરોહ તે નિરખતો હતો. હવે—

તે ભ્રમિતચિત્તની જેમ અસહાયપણે નીચે બેસી ગયો. ભીંત ઉપરના ચિત્રો, ફર્નિચર, જાજમ–બધું ધીમે ધીમે ઝાંખું ઝાંખું થતું જતું હતું.

અને તરત તેને ઈટાલિયન ડૉક્ટરની ચેતવણીના શબ્દો યાદ આવ્યા, કે તે જોઈ શકશે પણ ટૂંક વખત માટે. 'Perhaps for a few hours, Perhaps for only a few mimutes.'

દૃષ્ટિપ્રાપ્તિના આનંદમાં આ વાત એ ભૂલી ગયો હતો. હવે એ ભયંકર સત્ય તેની સામે ડાચુ ફાડીને ઊભું હતું. પુનઃ તેને હવે અંધારા ખંડમાં જવાનું હતું. કોઈ અભેદ્ય ખીણમાં તેને હવે ધકેલાઈ જવાનું! દુનિયાની માત્ર ઘડીભરની ચમક, ને પુનઃ તેનો અંત, દુનિયાની નવીનતાનું સંક્ષિપ્ત દર્શન અને ફરી આમરણાંત નિર્દય અંધારું!

આમ વિચારતાં વિચારતાં ય તેનાં નેત્રોની દૃષ્ટિ એકદમ ઓછી થતી જતી હતી.

તેણે રાડ નાખી. ઊભો થયો. તે દ્વાર તરફ ફાંફાં મારતો આગળ વધ્યો ને દ્વાર ઉઘાડી એકદમ બહાર આવ્યો. તેની વેદના ભરેલી ચીસે ખંડેખંડની શાંતિનો ભંગ કર્યો, ને મૂર્છા ખાઈ તે ભોંય પર ઢળી ગયો.

× × ×

જ્યારે તે પુનઃ ભાનમાં આવ્યો, ત્યારે તેને પોતાનો નવો જન્મ થયો હોય એમ લાગ્યું. અત્યારે તે ફરીથી જોઈ શકતો હતો. શાંત, સોનેરી તેજ હવાને ચેતનથી ભરી રહ્યું હતું. તેની માતા પાસે જ બેઠી હતી.

'તું મને જોઈ શકે છે, પ્રિય?' માતાએ પૂછ્યું.

'હા, હું મૃત્યુ પામ્યો છું, ને તને જોઈ શકું છું.'

'ના ભાઈ એ તારો ભ્રમ છે. તું જીવે છે.' કહી માએ તેને બચી ભરી.

'બા, મને યાદ છે. મેં જોયું, જાણ્યું ને ફરી અંધત્વ આવ્યું.'

'ના,' માએ કહ્યું. 'તું હવે કાયમ જોઈ શકીશ' પાછળ ઊભેલા પ્રફુલ્લે કહ્યું.

'હા,' માએ અનુમોદન આપ્યું. 'તું હવે કાયમ જોઈ શકીશ. તેં જે અનુભવ્યું તે અંધત્વ ન હતું એ હું તને કેમ સમજાવું? તેનું કારણ રાત પડી હતી એ હતું. રાત પડે ત્યારે એ રીતે જ ધીમે ધીમે પ્રકાશ ઓછો થઈ જાય. દિવસ આથમી જાય ને રાત પડે એનું નામ જ અંધારું!

પણ આ પૂરેપૂરી રીતે સમજતાં તેને કેટલાયે દિવસો લાગ્યા.×

× સૂચિત.



મેઘાણીનો છેલ્લો વાર્તાસંગ્રહ

આ પંદર નવી વાર્તાઓમાં લેખક માટીનાં માનવીઓ વચ્ચે અથડાયા છે અને જીવતાં–જાગતાં માનવ હૃદયોના સારા–નબળા ધબકારા, મનોવ્યાપાર, આચાર વિચાર, વિકાર ઇત્યાદિની પોતે નિહાળેલી બહુરંગી લીલાનું એમણે સુરેખ આલેખન કર્યું છે.

કિંમત રૂા. ૩–૦–૦ રજિ. ટ. ખ. ૦–૬–૦

ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઇ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુસંધાન પૃષ્ઠ ૨૪થી ચાલુ)

એમણે પોતે કેટલીક નોંધ કરેલી છે. મેં મારી ખાનગી ચોપડીમાં—મારા મનનું ચિત્ર આપવા પ્રયત્ન કર્યો હોય ત્યાં એમણે, એ મનની પ્રવૃત્તિ ઉપર પ્રકાશ પાડનારું કાંઇક નિવેદન લખી નાખ્યું હોય! બીજે દિવસે હું એનો પ્રત્યુત્તર લખું. એમ અમારો પરોક્ષ માનસવ્યાપાર-થોડો વખત ચાલ્યો હતો! એ પણ યોગની ઉપાસનાની સોપાન પરંપરાના ઉત્સુક પથિક હતા. અને ખૂબ સંયમથી આગળ વધવા પ્રયત્ન કરી રહ્યા હતા. પણ શરીર ક્ષત્રિયનું હતું—એટલે ઘણી વખત મનને તેજસ્વિતાનો રંગ લાગી જતો. છતાં એ પોતાની રીતે આગળ વધવા માટેના એક સાચા ઉપાસક હતા.

એમને આ મારા ઉપર થોડોઘણો અનુરાગ હતો-એ પણ ઉપકારક નીવડ્યો.

આ પ્રમાણે જાણે વિધિ થોડા અંકોડા મેળવી રહી હતી. એમાં એક તૂટતો અંકોડો અત્યંત વિચિત્ર રીતે એણે મેળવ્યો એમ કહી શકાય.

એક ગૃહસ્થ એ વખતે ત્યાં આવ્યા. એ મૂળ તો આફ્રિકામાં વ્યાપાર અર્થે વસેલા. દેશમાં આવ્યા ત્યારે આંહીં શાંતિ માટે આવેલા. આવા તમામ પરચૂરણ પરચૂરણ મહેમાનો ચોથા નંબરના ઓરડામાં આવતા. ત્યાં ચતુરભાઈ પણ ખરા. હું પણ ત્યાં. આ ગૃહસ્થ પણ ત્યાં. બીજું કોઈ આવે તો એ પણ ત્યાં. એટલે અમારો એ સાર્વજનિક ઓરડો એક રીતે આખો દિવસ ગાજતો હોય. હું તો મારે રાતે લખવું હોય ત્યારે ઘણુંખરું ડેલીએ-ફાનસ પાસે જતો. દેવદાન ભાઇ બેઠા હોંકારા મારે-ને હું બેઠો લખું કે લેસન કરું.

આ ગૃહસ્થ જે આવ્યા એમને યોગનો ઘણો શોખ હતો. પણ આ તમામ ક્રિયાઓ એવી છે કે એમાં મોટા મોટા નરપુંગવોની પણ ધીરજ ખૂટી જાય. મનનો શરીર ઉપર કાબૂ- એટલે શું—એનો ખ્યાલ તો ઘણુંખરું માનવને મોટી ઉમ્મર સુધી આવતો જ નથી. ઘણાને તો એ વાતની કાંઇ ગતાગમ જ હોતી નથી. એમને માટે તો શરીર ને મન એવા કોઈ જુદા પદાર્થો છે એવી સમજણનું જ દેવાળું હોય છે! થોડીઘણી મન વિષેની વાતો સમજનારા બહારનો જે થોડો વિવેક તેઓ રાખી શકે છે, સમાજ સાથેના વર્તનમાં, એમાં જ મનના વિકાસની સમાપ્તિ જૂએ છે. પોતાનું મન—એ નામનો એક અદ્દભુત પદાર્થ, પોતાની પાસે છે, ને એમાં કાંઇક અચિંત્ય એવી શક્તિ વસી રહી છે. એ વસ્તુનો જે માણસને થોડોઘણો પણ ખ્યાલ આવી શકે છે—એને એ વિષેનું કોઇ માર્ગદર્શન મળી શકે તેમ હોતું નથી. એટલે બને છે એવું કે આ અદ્દભુત પદાર્થને સૌ રખડાવ્યા કરે છે—અને તેથી એ સૌને રખડાવ્યા કરે છે!

આ ગૃહસ્થ જે આવ્યા-એમણે મારી પાસે યોગસાધનની ને સાધનાની વાત શરૂ કરી. અમે બરાબર ધ્યાનપૂર્વક બેસવા પણ માંડ્યા. પણ પેલું ગીતાજીમાં કહ્યું નથી—કે વિષયો છોડવાથી વિષયો છૂટે તો પણ એમનો રસ ન છૂટે—એ વાતની પ્રતીતિ હવે આવવા માંડી!

અમે યોગાસનની અદ્દભુત વાતો કરતા કરતા ધીમે ધીમે અમને પોતાને પણ ખબર ન પડે તેમ, ખેચરી મુદ્રામાં જઈ પડ્યા! જેમ કૃષ્ણ અને ગોપીના ભાવમાં, શૃંગારની શક્યતા અનધિકારીને માટે પ્રલોભન રૂપ થઇ પડે છે, તેમ યોગની આ મુદ્રાઓમાં ખેચરી મુદ્રાની વાત—શૃંગારને પોષી શકે છે. કારણ કે એ મુદ્રા સિદ્ધ કરનાર જોગી, જાણે કે, સ્ત્રીની શક્તિને પણ પોતે ખેંચી લેતો હોય એવી વાત છે. અમારે તો આ બધી વાતો હતી—પણ એ વાતોથી ચલિત થયેલા મનને પછી—યોગાસન ઉપર બેસારવામાં ઘણી વિકળતા અનુભવવી પડે તેમ હતું! આ ભાઈની યોગની આ વાતોએ સૂતેલો શૃંગારરસ જાગ્રત કર્યો. તે બરાબર એ જ વખતે એક બીજી ઘટના એવી બની કે એણે તો માણસજાતની મોટામાં મોટી લાગણી, પ્રેમ—એની એક મોહકસૃષ્ટિ જ આખી ખડી કરી દીધી!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસો

વિનોદિની નીલકંઠ

આસો માસ બેસે છે, ત્યારે કાં તો નાનપણમાં દિવાળીની બહુ ઉત્સુકતાથી વાટ જોતાં, તેથી કે કેમ ? પણ જાણે એમ જ લાગે છે કે જેની રાહ જોતાં હતાં તે મહિનો છેવટે આવી પહોંચ્યો છે ! આસોમાં આપણું વર્ષ પૂરું થાય છે, એટલે જાણે એ ઘરડા વર્ષની સાથે આપણે પણ મુક્તિનો–છૂટકારાનો–દમ ખેંચીએ છીએ. આપણું અમદાવાદ તો વેપારી શહેર રહ્યું, એટલે આસોમાં બધા હિસાબ, કિતાબ, લ્હેણદેણ ચૂકતે થાય છે. પણ અનેક પાસાવાળા કોઈ રત્નની માફક આપણા લોક–જીવનને પણ કેટલી બાજુઓ છે ! વેપારી અમદાવાદ : અને તે જ અમદાવાદમાં કેટકેટલાં સંગીત, નૃત્ય અને ચિત્રનાં કળાકેન્દ્રો, રંગ અને રૂપકમંડળો ! આસો માસને ગરબાને તાલે, નૃત્યને નૂપુર ઝંકારે અને નાટકોની ઝમકે આખું શહેર કેવું ગાજી ઊઠે છે !

આસો મહિનો શરૂ જ કેવા સુંદર દિવસથી થાય છે. નવરાત્રિનું પહેલું નોરતું બેસે ને આસો માસ બેસી જાય છે. ગામડે ને શહેરમાં, ઠેર ઠેર ગરબા ગવાય છે. સ્ત્રીઓનો આ ખાસ માનીતો મહિનો. પોતાનાં ઘર લીંપીગુંપી, વાળીઝાડી, છાજલીઓ ઉપર ગોઠવેલાં નાનાં મોટાં તમામ વાસણો માંજી ને ચકચકાટ કરી, સ્ત્રીઓ પોતાના હૈયાનો હર્ષ પ્રદર્શિત કરે છે.

ચોમાસામાં વાવેલું અનાજ, બેસતા આસોમાં લણી લઈ, ખેડૂતો 'હાશ' કરે છે; બાર માસનો હિસાબ પતાવી વેપારી નચિન્ત બને છે; નિશાળોમાં રજા પડતાં બાળકગણ અને તેથી પણ વધુ તો એમને ભણાવતો શિક્ષકવૃન્દ ધૂંસરીમાંથી છૂટેલા ઘાણીનાં બળદ જેવો આનંદ અનુભવે છે: કારખાનાંઓમાં દિવાળીના તહેવારોની રજા, દિવાળીની મળનારી સુખડી વગેરેની આશામાં કામદારવર્ગ ખુશાલ બને છે. આપણા નિર્ધન, નિરુત્સાહી અને દુઃખિયારા દેશમાં આ મહિનો ખરેખર આશીર્વાદસમો છે. વસંતઋતુમાં જેમ નાનામાં નાના છોડથી માંડી તે સૌથી પુરાતન વૃક્ષ સુધીની તમામ વનસ્પતિ નવપલ્લવિત થાય છે, તેમ જ શરદુત્સવ અને દીપોત્સવમાં આ બાલવૃદ્ધ માનવોલ્લાસિત થાય છે.

આ માસે આકાશ પણ કેવું સાચા 'આસમાની' રંગનું જણાય છે ! ચોમાસાનાં જળભર્યાં વાદળાં વિદાય થયાં છે, અને તેની જગાએ સફેદ રૂના કે ... ફીણના ઢગલા જેવાં વાદળાંથી આભ વિરાજે છે. ... ચોમાસાના ચાર માસ વાદળાંના પડદા પાછળથી ક્વચિત જ ડોકાયમાન થતો ચન્દ્રમા પણ શરદ ઉત્સવ ઊજવવા જાણે વધારે ચાંદની રેડે છે. આ ચાંદરણાંનો મહિમા ગાતાં કવિજનો તો થાકતા જ નથી.

અન્ત અને આદિ, આદિ અને અન્ત એક બીજામાં એવાં ઓતપ્રોત હોય છે કે જ્યારે આપણે અન્ત આવ્યો સમજીએ છીએ, ત્યારે તો આદિનો આરંભ થઈ ગયો હોય છે ! આસો માસે પણ તેમ જ બને છે. દિવાળીને દિવસે અમાસની રાતે વર્ષનો અન્ત આવે છે, પણ અમાસની રાત પૂરી થતાં પહેલાં તો જાણે પડવાનું વહાણું વાય છે. આ રીતે જૂનું વર્ષ આથમતાંમાં તો નવાનો ઉદય થઈ જાય છે.

બેસતે વર્ષે સબરસ વેચતા શિશુઓ પણ એ રીતે નિદ્રાધીનલોકોને જગાડી નવા વર્ષના શુભ ... કરાવે છે:

અમાસની રાતે–પડવાને વહાણે સબ રસ સબરસ !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંસુઓથી ભીંજાયેલાં ગ્રામ-ગીત

લે૦ અક્ષયચન્દ્ર શર્મા
અનુ૦ નિષાદચંદ્ર

ડુંગર ઉપર, મારુજી, ઘર કરુંજી,
કાંઇ બાદલરા કરરયૂઁ (ઓ જી ઓ) કિવાડ,
બિજલીરે પલકે દેખું, ભંરથવાંને આઁવતાજી."

હે પ્રિતમ ! એકાદ ડુંગર પર હું ઘર બનાવીશ. એના વાદળના કમાડ હશે. અને હે પ્રિતમ ! વીજળીને અજવાળે હું તને ફરીથી આવતો દેખીશ.

આવા ગ્રામ્ય-ગીતોની મધુરતા અને સુંદરતા કોને ન લોભાવે? ઉલ્લાસ અને આંસુઓનાં બસ ઝરણાંઓ જ ઊભરાય છે. રસ-પ્રવાહમુક્ત વેગથી વહે છે. આ ગ્રામ્ય-ગીતો જ્યારે કોઇ વિરહિણી બાળાનાં આંસુઓમાં પલળીને, ખેતરના ખળામાં, તારાજડિત રાત્રિમાં, શ્રાવણ ભાદરવાની અંધારી રજનિમાં અથવા વસન્તના ઉન્માદક સૌંદર્યમાં ગુંજી ઊઠે છે. ત્યારે થાય છે કે આ સૂકી ધરતી આ આંસુઓને લીધે જ આટલી સરસ છે.

આ આંસુઓ સાહિત્યમાં મોતી પેઠે જગમગી ઊઠે છે. હૃદયની તીવ્ર વેદના, ઊંડી અનુભૂતિ અને સહેજ અભિવ્યક્તિને અંગે આ ગીતો અમર થઇ જાય છે. આજે પણ આ ગીતોની મધુરતા જ ગ્રામવાસીઓનાં શ્રમથી જર્જરિત બનેલા જીવનમાં રંગ પૂરે છે.

જુઓ, આ નવવધૂ હૃદયમાં કેટલી મધુર અભિલાષાઓ લઇને સાસરે આવી છે ! પોતાના પ્રિયતમને એ મીઠાશભર્યા સ્વરે કહી રહી છે:

ઇક થંભિયો, ઢોલા મહલ ચિણાય;
ચ્યારું દિસામેં રાખો ગોખડા, જી મારા રાજ !
ગોખે ગોખે દીવલો સંજોય, રાજીન્દા ઢોલા:
દિયે રે ચાનણિયે ઢાલૂં ઢોલિયો, જી મારા રાજ.
બાદલ વરણી સેજ બિછાય, રાજીન્દા ઢોલા.

હે પ્રિતમ ! એક થાંભલાવાળો કોઈ ઊંચો મહેલ ચણાવો, એની ચારે દિશામાં ઝરૂખા મંડાવો, હું ગોખે ગોખે દીપ જલાવીશ અને એ દીપના પ્રકાશમાં ઢોલિયે ઢાળીને ઉપર આસમાની સેજ બિછાવીશ.

પરંતુ એની એ અભિલાષા પૂરી નથી થતી. એના પ્રિયતમને દૂર દૂર નોકરી માટે નિમંત્રણ મળે છે. વિયોગની આ કરુણ વેળાએ એ તરુણી મૂંગી ઊભી રહીને ફક્ત પોતાના આંસુઓની ઝડી બાંધી દે છે. અને કહે છે

આંસુ તો છલકાયા કાયર મોર જ્યું, જી મારા રાજ !

કાયર મોરની પેઠે મારાં આંસુ છલકાય છે, હે પ્રિતમ, તમે રોકાઇ જાઓ !

પરદેશ જતા પતિની સાથે મર્યાદામાં રહીને એ આસપાસનાં વૃક્ષોનાં રૂપક આપીને કહે છે.

બાય ચાલ્યા છો, ભંવરજી પીંપલીજી
હાંજી, ઢોલા, હો ગઇ ઘેર-ઘુમેર
બૈઁઠણકી ઋત ચાલ્યા ચાકરીજી.

હે પ્રિતમ ! આ પ્રેમરૂપી પીપર તમે જ વાવી હતી. આજે એ ફાલીફૂલી છે. એની ઘાટી શાખાઓ આજે ચારે બાજુ ફેલાણી છે. આ ઋતુ તો આવી શીતળ છાયામાં બેસીને વિશ્રામ કરવા માટે છે. આવા મધુર સમયે તમે ક્યાં ચાલ્યા પ્રિતમ ?

એ તરુણી 'પીપર'દ્વારા પોતાના યૌવન તરફ સંકેત કરે છે. પરંતુ એનો પતિ લાચાર છે. તેને છોડીને દૂર પરદેશમાં એને જવાનું જ છે. હવે એ યુવતી કરુણ સ્વરે કહે છે—કહેતી વેળા જાણે એની સમક્ષ બુઢાપાની કાળી છાયા ન દેખાતી હોય !—

" જોબન સદા ના, ભંવરજી, થિર રહેજી
હાંજી, ઢોલા, ઢલતી ફિરતી છાંય,
પુલરા વાયોડા મોતી નીપજે જી."

પ્રિયતમ ! આ જોબન હંમેશાં ટકવાનું નથી ! વાદળની ચંચળ છાયાની પેઠે આ જુવાની પણ ચાલી જવાની છે. સમયસર વરસવાથીજ છિપલીમાં મોતી પાકે છે !

પરંતુ આ બધી વિનવણી વ્યર્થ ગઇ. પાસે ઊભેલી સખી પણ એના પ્રિયતમની સિફારીશ કરવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

" સોનારૈં સરીખી ધણ પીલરી જી
રૂપા રૈ સરીખી થારી ધણુ ઉજલી જી
પરભાતે સિધાજ્યો, આજ રૈયોની રાત."

તમારી સ્ત્રી સોના જેવી સુંદર અને ચાંદી જેવી ઊજળી છે. રાત્રે ક્યાં જાઓ છો ? રાત તો રોકાઓ. સવારે જજો.

પરંતુ પ્રિતમે જ્યારે માન્યું જ નહિ ત્યારે તે બોલી,

"બરજ ચઢો ન આભાકી બીજલી,
બરજ ચઢો ના બાગાં માંયલી કોયલી જી રાજ,
બરજ ચઢો ના પડોસિનકો દીવલો જી."

હે પ્રિતમ ! જો તમારે જાવું જ હોય તો પછી જાઓ, પણ જરા વાદળમાં ચમકતી વીજળીને અને બાગમાં ટહુકતી કોયલને મનાઈ કરતા જાઓ ! સૂતી રાતમાં જ્યારે પડોશણના શૃંગાર-મંદિરના દીપકને ઝગમગતો જોઈશ તો નહિ સૂઇ શકું. તેને તો મનાઈ કરતા જાઓ ! પ્રિયતમ જવાબ આપે છે કે " એ તો એનો સ્વભાવ છે. હું એને શી રીતે મનાઈ કરું ? ' ત્યારે એ ગુસ્સે થઈ ને કહે છે કે

" બિસકો પિયાલો થારી ધણુને દે ચઢો."

મને તો વિષનો પ્યાલો જ દેતા જાઓ, પછી સુખેથી તમે સિધાવો.

પરંતુ એનો પ્રિતમ ન રોકાયો તે ન જ રોકાયો. તે પ્રેમ-ભર્યા પાલવને છોડાવીને સામે તૈયાર ઊભેલ ઘોડા તરફ આગળ વધ્યો.

"ચંચલ સામૈ ચાલિયો, અંચલ છોર છુડાય.
જબ પગ મેલ્યો ઢોલૈ પાગડે
ડબડબ ભરીયા છે નૈણ,
આંસુ તો પૂંછ્યા ઢોલો પેચ સું જી,
લીની છૈ હિવડૈ લગાય."

જ્યારે પ્રિતમે ઘોડાની પેગડીમાં પગ મૂકયો ત્યારે તેની આંખો આંસુથી છલકાઈ ગઈ. ડબડબ કરતાં ટીપાં પડવા માંડ્યા. પ્રિતમે પોતાની પાઘડીના છેડાથી તેના આંસુ લૂછ્યાં અને એને હૈડાં સરખી ચાંપીને ધીરજ આપી.

એનો પ્રિતમ તો ઘોડા પર બેસીને ચાલી નીકળ્યો. એ બિચારી ઊભી ઊભી કહેવા લાગી.

' નાગજી, ઘડી દોય ઘુડલા થામ, રે
બૈરી, ઘૂંઘટકી છાયા કરૂં, ઓ નાગજી,
તાબડિયો પાપી પડે.'

હે પ્રિતમ ! ઘડી-બે-ઘડી તો ઘોડાને રોકો ! જોતાં નથી કેવો આકરો તડકો છે ? આવો તો ઘુમટાની છાયાથી તમને તડકામાં શાંતિ આપું.

પરંતુ એનો પ્રિતમ રોકાતો નથી.

એ તો એકલી ઉદાસી બેસી રહે છે. એને તો બધે એકલું એકલું જ લાગે છે.

'મ્હારો આંગણિયું સૂનો યૂં પડ્યો જી
કોઇ પાણી બિના એ તાલાવ'

મારું આંગણું આજ સૂનું પડ્યું છે—જાણે પાણી વિનાનું તળાવ ! પોતાના પ્રિતમના વિયોગમાં એ માછલીની જેમ તરફડે છે. એટલામાં કાળી કાળી વાદળીઓ આકાશમાં પથરાઇ જાય છે. પ્રિયતમની મધુર સ્મૃતિ એને અધીર અને વિહ્વળ બનાવે છે. તે પોતાના પ્રિતમને સંબોધીને કહી ઊઠે છે—

'સાવન તો લાગ્યો પિયા, ભાદવો જી
કોઇ બરસણ લાગ્યો, બરસણ લાગ્યો જી મેહ,
અબ ઘર આજ્યા ગોરીરા બાલમાજી રાજ.'

—હે પ્રિતમ ! શ્રાવણ-ભાદરવો તો આવી પણ ગયા. વર્ષા પણ શરૂ થઈ ગઇ. હવે તો ઓ પ્રાણ-પ્યારા, ઘરે આવો !

દેવલોકમાં ગોપીઓ પણ 'બરુ યે બદરવા ઉપરસન આવે' કહીને કૃષ્ણને બોલાવી રહી હતી. પોતે પણ પ્રિતમને કોઇ પણ રીતે બોલાવવા ઇચ્છે છે. ઘરના કામકાજના બહાને પણ એકવાર આવે તો ઠીક એમ એને થાય છે—

' છપ્પર પુરાના પિયા પડ ગયા રે
કોઈ ટપકણ લાગ્યો, ટપકણ લાગ્યો છ બુંદ'
હે પ્રિતમ ! ઘરનું છાપરું યે જુનું થઇ ગયું છે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની અંદરથી પાણીનાં ટીપાં ટપ ટપ કરતાં નીચે પડે છે.

આમ કહીને એ પોતાની ઢળતી જુવાનીનું સૂચન કરે છે. તે પોતાના પ્રિતમને ચોખ્ખું કહી દેવા માગે છે જોબન વારે વારે નથી આવતું.

'ઉજડ ખેડા ફિર બસૈ મારુજી, નિરધનિયા ધન હોય
ગયોડા જોબન ફિર નહિ બાવકે, અબ ઘર આવોની
અંધેરે ઘરકા ચ્યાનણાજી.'

હે પ્રિતમ! ઉજ્જડ થયેલું ગામ ફરી વાર શ્રીમંત થઇ શકે છે પરંતુ હે પ્રિતમ! ચાલ્યું ગયેલું યૌવન ફરી પાછું નથી આવતું. એ માટે હે મારા અન્ધારા ઘરના પ્રકાશ, તમે પાછા ફરો.

એનો પ્રિતમ તો દૂર દૂર છે. પોતે તો ફક્ત આ ઘર જોયું છે અને જોઇ છે વાંકીચૂંકી નાગણ જેવી જતી કેડીને. સામે વિરહનો અફાટ સાગર પડ્યો છે. નિરાશ થઇને તે પોતાની લાચારી ગાઇને સંતોષ માને છે—

'કુવો તો હુવૈ તો ઢોલા, ડાક લુંજી,
કોઇ સમદર ડાકયો, સમદર ડાકયો ના જાય.'

હે પ્રિતમ! તું તો બહુ જ દૂર છે. કૂવાને તો હજી યે ટપીજવાય પણ સાગરને તો હું શી રીતે ઓળંગી શકું?

'ટાબર હુવૈ તો પિયા રાખ લુંજી
ઢોલા, જોબન રાખ્યો ના જાય.'

નાનું બચ્ચું તોફાને ચડે તો તો એને શાંત કરી શકું. હે પ્રિતમ, પરંતુ આ જોબનને તો હું કેમ શાંત કરી શકું?

એ વિરહિણી રાતની રાત તારા ગણવામાં જ પસાર કરે છે. મિલનની સેંકડો સ્મૃતિઓ એની ધીરજની પાળ તોડી નાખે છે.

'બિચ્છાં વિલમ્બી પિયાં, વેલડીજી.'

જોતા નથી, હે પ્રિતમ! વેલો પણ વૃક્ષ પર વિંટળાઇ વળી છે!

'તારા તો છાઈ, પિયા રાતડીજી
ઢોલા, ફુલડાં છાઇ, ફુલડા છાઈ જી સેજ
અબ ઘર આ જા, ગોરીરા, બાલમા હો જી.'

તારાથી છવાયેલ સુંદર રાત છે, હે પ્રિતમ! શય્યામાં મેં ફૂલ પાથરી રાખ્યા છે, હું તારી પ્રતીક્ષા કરું છું, હવે તો પાછા ફરો, પ્રિતમ. આવો—'જોબન છાઈ ઘણ ભલી, તારા છાઈ રાત'—જેવો સુયોગ ફરી ક્યારે સાંપડશે?

ગડગડાટ કરતાં વાદળને જોઇને એને થાય છે કે 'શું મારા પ્રિતમ રહેતા હશે ત્યાં વર્ષા નહિ હોય? પપીહો ત્યાં 'પિયુ' 'પિયુ' નહિ રટતો હોય? જો ત્યાં વર્ષા હોય, પપીહો 'પિયુ' 'પિયુ' બોલતો હોય તો મારા પ્રિતમ કેમ પાછા ન આવે?' તે પપીહાને વિનંતિ કરે છે—

'સાવણ આયો, સાયબાજી, વેલાં સુર રહી વાડ,
ચાતક સુર રહ્યો મેઘ ને, પિવન સુર રહી નાર
પપૈયા તું બોલ રે, જિત મ્હારે આલીજે ભંવરરો
મુકમામ.'

હે પપૈહા! શ્રાવણ તો આવી યે ગયો. આ લતાઓ વૃક્ષને માટે ઝૂરે છે, ચાતક વાદળને માટે તલસે છે, વિયોગી સ્ત્રી પોતાના પ્રિતમ માટે તડપે છે. મારો પ્રિતમ જ્યાં હોય ત્યાં જઇને તું 'પિયુ, પિયુ' બોલ પપૈહા!

એની સખીઓ એને પૂછે છે:

'મૈ તને પૂછું, એ સખી,
થારા કિસવિધ ખુલાજી કેસ,
નૈણ રૈ, ટપકા પડૈ,
થારા કિસાવધ બિરંગા જી ભેસ?'

પ્રિય સખી! તારા વાળ આજે કેમ વણઓળાયેલ છે? તારી આંખોમાં આંસુ કેમ ટપકે છે? તારો વેશ આવો કઢંગો કેમ છે?

પરંતુ તે આનો શો ઉત્તર આપે?

"સારણુ પરલી ડોકરો જી ધસધસ પતલી હોય;
પરદેસીકી ગોરડી જી સુરસુર પિંજર હોય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તે પોતાના પ્રિતમને પક્ષીઓ દ્વારા સંદેશો મોકલે છે. વિયોગ એટલો તીવ્ર બને છે કે એને બીજું સૂઝતું જ નથી છેવટે તે પોતાના પ્રિતમને પત્ર લખે છે.

'ઢોલેને કાગદ લિખું, બૈઠ મહલકે જી માંય,
આંગલિયાંરી મૂંદડીજી, ઢોલા, ઢલ આવે મ્હારી બાંય'

હું મારા મહેલમાં પત્ર લખવા બેઠી છું. વિરહને અંગે હું એવી સુકાઇ ગઇ છું કે આંગળીમાંની વીંટી, હાથમાં કંકણ તરીકે વપરાય છે! પત્રમાં પોતાના પ્રિતમને અનેક ઠપકા સંભળાવવા છે પણ પ્રેમનો પ્રવાહ એને બીજી દિશામાં જ લઇ જાય છે. તે ઠપકાઓ તે પત્રમાં ન લખી શકી. તે બધા ઠપકા તેણે પત્રની કોર પર એવી રીતે લખ્યા કે એ બરાબર વાંચી ન શકાય!

'એવડ છેવડ ઓલમા જી, બિચ બિચ, સલામ.'

આવા તો સેંકડો ગ્રામ-ગીતો વિયોગિનીઓના આંસુઓથી ભીંજાયેલ છે. એ વિરહિણીઓ વર્ષાની ઝડીઓમાં પણ ગરમ લૂથી પીડાતી હોય છે.

'કર લુઆં કિત જાવસ્યો, પાવસ ફાડ પડિયાંહ
હિંહૈ નવોઢા નારકો, બાલમ બિછડિયાંહ.'

હે લૂ! 'જ્યારે વર્ષાઋતુ આવશે, ધડામાર વરસાદ પડશે ત્યારે તું ક્યાં જઇશ?' લૂએ ઉત્તર આપ્યો કે 'ત્યારે હું પતિઓથી વિખૂટી પડેલી નવોઢા સ્ત્રીઓના હૃદયમાં વાસ કરીશ.'

(હિંદી પરથી)

★

ચિત્રકાર રવીન્દ્ર

ચિત્રકલા તેઓ કદી ક્યાં શીખ્યા નહોતા. તેમ જ નિયમ પૂરઃસર એનો અભ્યાસ પણ નહોતો કર્યો. વૃદ્ધાવસ્થામાં તદ્દન સ્વાભાવિક રીતે જ એ એમનામાં આવી વસી હતી. એમના ચિત્રોની ભાવ વ્યંજના-ટેકનિક બધું જ એમનું પોતીકું હતું. કોઇપણ શાળાની અસર એમના પર ન હોવાથી જ એ આટલા મૌલિક અને બલિષ્ટ ભાવવાહી થયા હતા.

તેમના ચિત્રો મનોભાવને વ્યક્ત કરનાર ચિત્રો છે એમ તેઓ કહેતા. અને એ ચિત્રો એ ભાવ વ્યક્ત પણ કરતા એમ ઘણાનું માનવું છે.

એમણે સદાયે વિચારોને અને ભાવનાઓને દેહ આપવા મહેનત કરી છે. અક્ષર દેહ આપવામાં તો એમની કુશળતા જગપ્રસિદ્ધ છે. ચિત્રદેહ આપવા માટે એ કોઇ રૂપકારની પીંછી લઇને નહોતા આવ્યા. અંતરના ઊંડાણેથી જે અને જેવી કલ્પના આવતી, મનની આંખો સામે જે ચિત્ર-દશ્ય ખડું થતું, તેને બરાબર તેવા જ અવિકાર ભાવ,-રૂપ એમના ચિત્રોમાં રંગ અને રેખામાં આપવા એ મથતા. એમની ચિત્રકળા વિષે એમણે એક સ્થળે બે લીટીઓમાં જ ઘણું ઘણું કહી આપ્યું છે—

জেমুন তেমুন এরা বাঁকা বাঁকা—
কিছু ভাষা দিয়ে, কিছু তুলি দিয়ে আঁকা।
(જેમ તેમ અને વાંકું-ચૂંકું—
કંઇક ભાષાએ, કંઇક પીંછીએ દોર્યું)

પરંતુ ચિત્રો દોરવાનું એમણે શરૂ કર્યું હતું તો એક અકસ્માતથી. પોતાના કાવ્યોની મૂળ પ્રતમાં સુધારાવધારા કરતા જતાં, એની છેકાછેકીના આડાઅવળા લીટાઓમાં એમણે એક દિવસ એક ચિત્ર જોયું; ને એમને મનમાં થયું કે જો જરાક કાળજીપૂર્વક આવા લીટાઓ જ કરું તો એ સાચું ચિત્ર બને: ને ત્યારથી જ રવીન્દ્રનાથ ચિત્રકાર બન્યા.

અનુ. રમણીક મેઘાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુદેવ—અમારે આંગણે

મૂળ લેખિકા : શ્રી. મૈત્રેયી દેવી

અનુવાદક : રમણીક મેઘાણી

[૧]

[मंगपु ते रवीन्द्रनाथ (मैत्रेयीदेवी)मांथी]

૧૯૩૮ની ૨૧ મી એ પૂજનીય ગુરુદેવ પહેલીવાર કાલિમ્પોન્ગથી મંગપુ આવ્યા હતા. ૯મી જૂન સુધી અમારે ત્યાં રહી તેઓ કાલિમ્પોન્ગ પાછા ફરેલા. બીજીવાર ૧૯૩૯ના મે મહિનાની ૧૪ મીએ પુરીથી મંગપુ આવી ગ્રીષ્મની છુટ્ટી ગાળી ૧૭ મી જૂને કલકત્તા પાછા ફરેલા, એ જ વર્ષમાં શરદમાં ૧૨ મી સપ્ટેમ્બરે મંગપુ આવ્યા હતા અને એ મહિનાથી થોડું વધુ રોકાઇ નવેમ્બરના પહેલા અઠવાડિયામાં કલકત્તા પાછા ફર્યા હતા. અને છેલ્લે ચોથી વાર ૧૯૪૦ના એપ્રિલની ૨૧ મીએ અહીં આવેલા, ૨૫ વૈશાખનો એમના જન્મદિનનો ઉત્સવ અહીં જ ઉજવાયો, તે પછી તેઓ કાલિમ્પોન્ગ ગયા હતા. એ જ વરસે શરદઋતુમાં પણ અહીં આવવાની વાત હતી, અને તે માટે તેઓ પોતાનો કેટલોક સર-સામાન પણ અહીં મૂકી ગયા હતા,--પરંતુ અમારા દુર્ભાગ્યે તે પછી તેઓ આવી ન શકયા. ૧૯૪૦ના સપ્ટેમ્બરમાં અસ્વસ્થ શરીર મંગપુ જેવા દાક્તરોવિહોણા ગામડા-ગામમાં આવવું યોગ્ય નહિ ગણાય ધારી તેઓ પહેલા કાલિમ્પોન્ગ આવ્યા, જરા સ્વસ્થ થયા પછી મંગપુ આવવાની વાત હતી, પરંતુ તેમ ન બન્યું. ઓચિંતાની એમની માંદગી વધી, ને ૨૮મી સપ્ટેમ્બરે બેભાના-વસ્થામાં એમને કલકત્તા લઇ જવામાં આવ્યા.

મારી આ કૃતિનુ લખાણ વેરણ-છેરણ કાગળોમાં જેમ તેમ લખેલું હતું, તેમાં રોજેરોજની તારીખો પણ ટાંકવામાં નહોતી આવી. તે કારણે અહીં આ કૃતિમાં તેની તારીખો બરાબર નથી મૂકી શકાઇ. ઇતિહાસ સાચવવાનો કે સાહિત્યસર્જનનો કોઇ ઉદ્દેશ મારો હતો પણ નહિ. તક મળતાં જ હું એમના શ્રીમુખની વાતો લખી લેતી, અને બીજાં કામો કરતાં કરતાં મનોમન એ ગણગણ્યા કરતી. એને મનમાં જાળવી રાખતી, પણ એ બધું માત્ર મારા નિજાનન્દ માટે જ હતું. અને બીજી એક વાત પણ અહીં નોંધવી જરૂરી છે કે ગુરુદેવે મારું આ લખાણ જોઇ જવા વારંવાર મારી પાસે તેની માગણી કરેલી, રમૂજ-મશ્કરી પણ કરેલી, પણ મેં કયારેય એમને આ લખાણ બતાવ્યું નહોતું. જે વાતો એમણે તદ્દન કૌટુંબિકભાવે કહેલી, જે વાતો છપાવવાની હોત તો કદાચ તેઓ જુદી રીતે કહેત, તે પણ અહીં મુકાઇ હશે. કૌટુંબિક વાતો જાહેરમાં આવે છે, ત્યારે અપરાધ કરવા જેવું કંઇ થાય તો તે અસંભવિત નથી. છતાં એમની વાતો પર આખાયે દેશનો અધિકાર છે એ સ્મરણ સાથે આ ડાયરી પ્રગટ કરી છે.

મંગપુ
એપ્રિલ ૧૯૪૩

મૈત્રેયીદેવી

: ૧ :

આજે જે વાત લખવા બેઠી છું, તે માત્ર સ્મૃતિ કથા જ નથી, એ મારા જીવનનું જીવનદાયી ઝરણું છે. એમનાં આખરી પ્રયાણ પૂર્વે ચાર વર્ષ ઉપર થોડા દિવસો માટે તેઓ અમારે ત્યાં આવ્યા હતા. એ અપાર સૌભાગ્યવંતા આનંદોજ્જવલ દિવસો આજે જીવનવાટની વચ્ચે જીવંત ઊભા છે, એને આધારે મૃત્યુ-વેદનાનાં ઊંડા આઘાતને પણ આવરી શકું છું. અનેક પ્રકારનાં કામમાં, નાની-મોટી મેળ વિનાની કેટલીયે વાતો ને વિચારોમાં દિવસ વીતે છે; પરંતુ નિવૃત્તિ મળતાં જ મન એનાં છૂપા ખૂણે જઇ પહોંચે છે, જ્યાં સુધી અમૂલી સમ્પદ સચવાઇને પડી છે. એથી જ કહેતી હતી કે આ માત્ર સ્મૃતિ-કથા નથી. આ તો જીવનની એ આનંદધારા છે, કે જેનાં સરસ સજીવ હૃદયાવેગને મૃત્યુ પણ બાધક નીવડી શક્યું નથી. કવિ—મહામાનવ; જ્યાં હોય ત્યાં તેનાં અંતરતમ ચિત્તનું પ્રાગટ્ય કવિતા, ગીત, ચિત્રો વગેરે અનેકવિધ રૂપે થવાનું જ. એમનાં ગીતોમાં ને કવિતામાં પરમ માનવનો એ અલૌકિક અનિર્વચનીય સ્પર્શ ઘણા પામ્યા છે, પરંતુ એમની સામાન્ય છૂટીછવાઇ પળોનું,—રોજેરોજ વીતતી એ પળોમાંયે જે અનન્ત માધુર્ય ને સુકુમાર સૌન્દર્ય હતું, તે તથા તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકેએક વાત, ને તેમનું પ્રત્યેક વર્તન કેવું ઉપભોગ્ય, કેવું મનોરમ હતું તે લખીને યા બીજી કોઇ પણ રીતે જાળવી રાખી શકાયું નથી. જેમ કોઈ પ્રાણીને પીંખી પીંખીને જોવા છતાંયે એના પ્રાણનો પાર પામી શકાતો નથી, તેજ રીતે માનવીની વાતને લખી રાખીને તેમાંથી જ એને શોધવા જતાં આપણે એનું સાચું પૂર્ણ સ્વરૂપ ખોઇ બેસીશું; કારણ એની આજુ-બાજુનું વાતાવરણ એમાં નથી હોતું. ગુરુદેવ પાસે જે મધુર હાસ્ય હતું, અર્ધા ગવાયેલા ગીતના જે વહેતા સૂર હતા, ચારેબાજુ કુદરતનો જે સુન્દર સ્પર્શ હતો, અને એ સૌથી વધુ તો એમનાં અજબ એવા કંઠનું જે સભર અમૃત હતું, તે બધાથી વેગળું વાતાવરણ વિહોણી બે–ચાર વાતોને જાળવી રાખવાની મથામણમાં એક અત્યંત કરુણ વ્યર્થતા રહી છે, પણ શું કરું? જે ખોવાઈ જવા કાજે જ સર્જાયેલું છે એને પણ મન સંચવી રાખવા માગે છે—"सम्मुख उर्मिरे डाके पश्चातेर ढेउ–दिबो ना दिबो ना जेते" (આગળ ધસતાં મોજાંઓને પાછળના મોજાંઓ કહે છે કે તમને નહિ જવા દઇએ, નહિ જવા દઇએ) એથી જ વખત મળતાં એમની આખા યે દિવસની વાતચીત, રમૂજ, મશ્કરી વગેરે લખી રાખવાનું ગમતું. તેઓ એ જાણતાં. અને સપ્રેમ હસીને કહેતા "जीवने कोतो स्मृतिमंदिर बानावे? ता होय ना, जानो ना जीवनटा मरणेरई यज्ञ." જીવનમાં કેટલાં સ્મૃતિમંદિર બનાવીશ? એ નહિ બને, જાણતી નથી જીવન એ મરણનો જ યજ્ઞ છે. એ વાત એટલી સાચી છે કે એનો અસ્વીકાર નહિ કરી શકાય. બધું જ એ ભડભડતા યજ્ઞ કુંડમાં સળગીને ખાખ થઈ જશે. એમ ન હોત તો ક્યાં ગયા એ મધુર કંઠનાં ગીતો, એ સહાસ્ય સરસ પ્રાણનો પ્રકાશ, એ લૌકિક દેહને આવરીને રહેલી એ અલૌકિક જ્યોતિર્મય આભા! પરંતુ તેમ છતાં 'आयुक्षीण दीपमुखे शिखा निव्व'-निब', आँधारेर ग्रास हंते के टानिच्छे तारे, कहितेच्छे शतवार–जेते दिब ना रे' (બુઝાતા દીવડાની ટમટમતી જ્યોતને એકદમ અંધકારમાં વિલિન થઇ જતી રોકીને એ કોણ વારંવાર કહી રહ્યું છે કે તને હું નહીં જવા દઉં, નહીં જવા દઉં.)

આ પ્રકારની કૃતિમાં બીજી પણ એક મુશ્કેલી છે. અને તે એ નિત્યનાં ગૃહજીવન લખાણમાં ... લાવે છે તે. એમાં એક એવું પાસું આવી જ ... છે જે તદ્દન વ્યક્તિગત હોય છે, અને તેથી ... એ સહુની વચ્ચે મૂકવા જેવું કે સહુને માટે ... જેવું નથી હોતું. પરંતુ ગુરુદેવનાં રોજરોજનાં નિત્ય જીવનની વાતો, રમૂજ, કાંઇ ખાસ વાત કે ... ચર્ચા નહિ, તદ્દન સામાન્ય વાતો જે તેઓ તેમના નોકર વનમાળી સાથે યા કોઈ બાળક સાથે ... કરતા, તેમાં પણ એક એવું કદીયે ન સાંભળેલું અજબ સૌંદર્ય રહેતું, કે જે સૌંદર્ય અંગત વાતોમાં પણ સાર્વજનિક રસ જન્માવતું. એથી જ 'અંગત વાત' એ શબ્દો દ્વારા સમજાતી મર્યાદા જેવી ... મર્યાદિતતા એમની કોઇ જ વાતોમાં ન હતી એમ લાગે છે. જે ભાષામાં તેઓ તદ્દન મૂઢ, અભણ ... ગમાર લોકો સાથે વાતો કરતાં તે પણ સાહિત્યની ભાષા જ હતી. રસથી સભર હતી એની છટા-એની ... અમારી બીજી બધી વાતોને બાજુએ મૂકી એમની વાતચીતોમાંથી થોડા થોડા ટુકડા જ એ ... ઉજ્જવલ દિવસોના થોડાંક ચિત્રો જ અહીં ... કર્યા છે. અત્યંત પંગુ અને અધૂરી છે આ ... એમાં ઘણું ઘણું રહી ગયું હોઇને સમગ્રતાનો ... પણ આમાં નિષ્પન્ન થઇ શકયો નથી. કોઇ ... કૃતિમાં માનવીનું જે ચિત્રણ હોય છે તે એક ... પ્રકારનું હોય છે, પરન્તુ માનવી સાથેના ... વ્યવહારમાં જે ચિત્ર ખડું થાય છે તે તો એ ... પળો સાથે જડાયેલું હોય છે, એ પળોથી ... જુદું કરી, એને શબ્દદેહ આપવા જતાં એ ... સૂર નાશ તો પામવાનો જ આમ છતાં યથા ... શક્ય એટલું તો લખી જ રાખું.

જે કેટલીકવાર તેઓ અમારે ત્યાં આવ્યા ... તે કેટલાક મહિના અમારા જીવનમાં સહુથી ઉજ્જવળ ... સહુથી આનન્દમય સમય હતો. એમાંનું ... ગુમાવવું પોષાય તેવું નથી. જે આનંદ-પ્રવાહ ... સર્જન કરતાં તેમાં ડૂબકી મારીને જાણ્યું ... જીવનમાં કેટલો આનંદ મેળવવો શકય છે. તે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભર પ્રાણનું ઝરણુ લઇને, આવી હાસ્યસહ પ્રશાન્તિ સાથે તેઓ અમારી વચ્ચે આવીને ઊભા ન હોત તો અમે કદીયે જાણી જ ન શકત કે આટલા આનંદિત થવાનું, આવો રાજીપો પોતાનો કરવાનું સામર્થ્ય અમારામાં પણ છે. એમને કેન્દ્ર કરીને ચારેબાજુ આનંદનાં ઝરણાં વહેતાં. અહીં એ કહેવું પડશે કે તેઓ જેમને પોતાની સાથે લાવ્યા હતા, તેઓ પણ એ આનંદમાં અમારા સાથી હતા. એ કેટલાક દિવસના ઉત્સવમાં તેઓનો ભાગ પણ ભુલાય તેમ નથી. આ કૃતિમાં એ બધીયે આનંદ–સ્મૃતિઓનો સમાવેશ નથી થયો, પરંતુ એ મહામૂલા દિવસોનું કંઇ જ જીવનમાં ભુલાવાનું નથી, એટલે સુધી કે તેમાં આ વનમાળી ને આ કાનુ પણ અંતરનાં ઊંડાણે પ્રવેશી ચૂક્યાં છે.

પર્વ પહેલું

કાલિમ્પોન્ગથી તાર મળ્યો : ‘Have just arrived. will be leased to see you.’

હું હમણાં થોડા દિવસથી કવિને અમારે ત્યાં તેડી લાવવા ઇચ્છતી હતી, પણ અમારે ત્યાંની જેવી તેવી સગવડમાં એમને આમંત્રણ આપતાં હું ખચકાતી હતી. આ વિષે એમને કહેતાં એ બોલી ઊઠ્યા, ‘ના ના, તમારા પહાડી બંગલા તો બહુ સુંદર હોય છે તે હું જાણું છું પરંતુ મારી કાયા જ હવે જરા કથળી છે, એટલે હરવા–ફરવાનું મારે માટે જરા મુશ્કેલ બન્યું છે.’

આ વખતે એમના જન્મદિન ૨૫ પચ્ચીસમી વૈશાખે તેઓ અહીં કાલિમ્પોન્ગ જ હતા. એ દિવસે ટેલિફોન દ્વારા Broadcast (વાચન–પ્રવચન) કરવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, એમણે ‘જન્મદિન’ નામક એક લાંબી કવિતા તેમાં વાંચી સંભળાવી હતી. પ્રભાતના પહોરમાં જ અમે ત્રણે ત્યાં હાજર થઇ ગયા. મારી નાની બહેન ચિત્રિતાને જોઇ એ બોલી ઊઠ્યા, ‘અરે! આ અહીં ક્યાંથી? દાક્તર, તમે નસીબદાર છો હો, એક હક્કની, ને એક ઉપર લટકાની! અમારું તો ભાઇ આવું સદ્‌ભાગ્ય નહોતું!’

બપોર વેળાએ એકાએક ગુણ્ ગુણ્ ધ્વનિ સાંભળી બેઠકગૃહમાં જઇને જોયું તો ચિત્રિતા એમના પગ પાસે બેઠી છે, ને ગુરુદેવનાં હાથમાં ‘સંચયિતા’ આપીને કવિતા સાંભળવાની મજાની ભૂમિકા બાંધી રહી છે, મને જોતાં જ કવિ બોલી ઊઠ્યા : ‘આ શું? તને ક્યાંથી ખબર પડી? અમે અહીં છાનાં છાનાં કાવ્યાલોચના કરતા હતા–જેને ‘કવિતા–પાઠ’ કહે છે તે ‘जदि भरिया लईबे कुंभ एशो ओगो एशो मोर हृदयनीरे’ પ્રેમના વિવિધ સ્તર, વિવિધ ઊંડાણની આ કથા છે. જો માત્ર ઉપરથી થોડુંક લઇ લેવું હોય તો પણ છે, જો ભરી લેવું હોય તો તે પણ છે. અને જો માત્ર જરાક સ્પર્શ જ કરવો હોય યા ઘડો વહાવી પાણીમાં બેસી રહેવા ઇચ્છતા હો તો તે પણ ચાલશે, જો ડૂબકી મારી હૃદય–ધારામાં નહાવા ઇચ્છતા હો તો તો એ પણ કંઈ ખોટું નથી અને જો મૃત્યુ જ ઇચ્છતા હો તો આવો અહીં ઝંપલાવો, તો પછી ઘડો વહાવીને પાણીમાં બેસી રહ્યે નહિ ચાલે. પાણીમાં ઝંપલાવવું જ પડશે. પ્રેમ–ચાહનાના વિવિધ રૂપોની આ વાત છે.’

તે દિવસે ‘જન્મદિન’ કવિતા પણ અમને સંભળાવી. એમાં ‘ऐंकेच्छे पेलव शेफालिका’–વાળી જે લીંટી છે તેની સાથે એને બદલે મૂકી શકાય એવી એક લીંટી હતી, ‘ऐंकेच्छिलो तन्वी शेफालिका’ એમણે પૂછ્યુ. કઈ રાખું કહો તો?’

‘મને પૂછો છો?’–મેં ખૂબ જ વિસ્મય પામી પૂછ્યું.

‘શા માટે નહિ? કેમ કંઇ વાંધો છે?’–એમણે સામો સવાલ કર્યો.

‘પણ એનો ઉત્તર આપવો એ મારે માટે અતિશય અજુગતું નહિ કહેવાય!’ મેં કહ્યું.

એ જ વખતે ટપાલ આવી. મોટો એવો એક કોથળો, બધી જ ટપાલ જન્મદિનના ખાસ અંકો, જન્મદિન–પ્રણામના પત્રો, કવિતાઓ વગેરેની હતી.

‘તેં એક કવિતા યે ન લખી? હમણાં થોડા દિવસથી જોઉં છું કે તારી મારે માટેની ભક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઝબના વેગથી ઘટતી જાય છે. જો પણે રહ્યા કાગળ-કલમ, જરા સપાટાથી ' हे रवीन्द्र कवीन्द्र ' કરીને કંઇક લખી નાખ જોઉં. મારું નામ ભારે મઝાનું છે, કવિઓને બહુ સરળતા થઇ ગઇ છે. માત્રામેળ ને પ્રાસાનુપ્રાસ માટે બરાડા પાડતા આંટા ન મારવા પડે. रवीन्द्र પછી कवीन्द्र મૂકી દો એટલે કામ ચાલ્યું—' મારા તરફ જોઇ એમણે કહ્યું.

તે દિવસે પારાવાર ફૂલો આવ્યા હતા, કાલિમ્પોન્ગવાસીઓ ગુરુદેવને ફૂલ-હાર પહેરાવી ગયા હતા. ચિત્રિતા અને નંદનીએ એ ફૂલોથી એમની પાટ શણગારી દીધી હતી.

' દાદામોશાય, ચાલો જુઓ તો તમારા ઓરડામાં અમે શું કર્યું છે તે!' એ બન્નેએ આવી ગુરુદેવને કહ્યું.

ત્યાં જઈ બધું જોઇને એ બોલી ઊઠ્યા-' આ શો ગઝબ કર્યો! આ બધું જોતાં મન ઉદાસ થઇ જાય છે. સંગિનીવિહોણી ફૂલશય્યા ?'

સાંજે ઘેર પાછા ફરતી વેળા ચિત્રિતાના ચશ્માનું ઘરું ક્યાં યે ન મળ્યું. ઘરમાં હતા તે સહુ આખું મકાન-ખૂણેખૂણો શોધી વળ્યા. વનમાળી તે દરમિયાન એકવાર બોલેલો પણ ખરો કે ' બાબામોશાયના ગજવામાં જોયું ?'

ને ત્યારે ગુરુદેવ બોલી ઊઠ્યા હતા કે-' લો, સાંભળો વાત! જો કંઇ ઊઠાવવું જ હોય તો સારી ચીજ ન લઉં, ચશ્માનું ઘરું શા માટે લઉં? મારી પસંદગી ઓછી તારા જેવી છે!'

પણ વળતે જ દિવસે એક ચિઠ્ઠિ સાથે ચશ્મા મંગપુ આવી પહોંચ્યા. વનમાળીની શંકા ખરી હતી, ચશ્મા એમના ગજવામાં જ હતા. પરંતુ એમણે એ જાણીજોઇને નહોતા લીધા, એ ચશ્મા પોતાના જ છે એમ માનીને ઝબ્બાના મોટા ગજવાની ગૂફામાં એ મૂકી રાખેલા. ત્યાંથી એ ચશ્માનો પુનરુદ્ધાર કરવાનું વનમાળીનું એ કામ-અજબ કામ હતું, ત્યારથી કોઇનું કંઇ પણ ખોવાતા પ્રથમ યાદ આવતું —' બાબામોશાયના ગજવામાં જોયું ?'

અમે રહેતા એ મકાનથી જરા ઊંચે વન-રાજિ વચ્ચે એક ખાલી મકાન હતું ત્યાં બધી ગોઠવણ કરીશું એમ નક્કી કર્યું. કાગળ મળ્યો કે આવતા બુધવારે તેઓ મંગપુ પહોંચે છે. સરસામાન વગેરે લઇ અમે બધાં ખૂબ ઉત્સાહસહ એ મકાનમાં ગયા, ને ત્યાં બધું વ્યવસ્થિત કરવા લાગ્યા, તેવામાં ખબર મળ્યા કે નિયમ મુજબ કાર્યક્રમમાં ફેરફાર થયો છે, એ કેવી ભયંકર નિરાશા હતી! અમારા મેદનીપુરના રસોયાએ સાંભળેલું કે બુધવારે રવિ-બાબુ આવવાનાં છે, પણ સાંભળેલી વાતનો જરા ગોટો કરીને એ સમજેલો કે બુધુબાબુ રવિવારે આવશે. એણે પૂછ્યું ' વારુ મોટી બહેન, બુધુબાબુ માણસ કેવા છે!' એ વાત ઉપર અમે એમની સાથે ખૂબ ખૂબ હસ્યા હતા.

એ પછી બે ચાર દિવસે જ આવવાનો દિવસ નક્કી કરી એમણે ખબર મોકલ્યા. કાગળ મળતાં જ અમે કાલિમ્પોન્ગ જઇને હાજર થઇ ગયા. રથીદાએ કહ્યું ' આ વેળા પોકેપોકો બંદોબસ્ત કરીને જજો. કારણ તમે જ્યારે ફળની ટોકરી મોકલાવી ત્યારે બાપુજીએ કહ્યું હતું કે-' હવે મોકું કર્યું પાલવશે નહિ. મૈત્રેયી શેષે ભરાઇ છે એથી જ મારે માટેની બધી ચીજો અહીં મોકલવી શરૂ કરી દીધી છે.'

પગ ઉપર એક શ્વેત ચાદર વીંટાળીને તકિયે અઢેલીને થઇને તેઓ કંઇક લખ્યે જતા હતા, હું જઇને ઊભી રહી કે તુરત એ બોલી ઊઠ્યા-' આ આવ્યા! મને ના પાડવા આવ્યા છો કે પછી સુભદ્રાની જેમ મારું હરણ કરી જવાનાં છો? પણ તમે ઉઠાવી જાઓ એ પહેલા હું આપ મેળે જ તમારે ત્યાં આવી પહોંચીશ જોઇ લેજો-'

જે દિવસે સુરેલવાળાં મકાનમાં એમનું આવવાનું નક્કી હતું, તે દિવસે સવારથી જ અવિરામ વર્ષા ચાલુ હતી. અહીં પહાડી પ્રદેશમાં વર્ષા એકવાર શરૂ થયા પછી ધોધમાર ચાલુ જ રહે છે. ચારે બાજુ બધા પહાડોને આવરી લેતાં વર્ષાનાં વાદળાં દોડાદોડી કરી રહ્યા છે. હું દ્વિધાસંકટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી છું કે આવા દિવસે તેઓ અહીં આવશે કે નહિ.

લગભગ ત્રણ વાગ્યા ત્યાં મોટરનો અવાજ સંભળાયો. મનમાં આ શંકા એટલી બધી હતી કે મોટરમાંથી તેઓ હાથ હલાવતા હતા છતાં હું તે પણ જોઇ શકતી ન હતી. મનમાં થતું કે ના કોઈ નથી મોટર નજીક આવીને ઊભી રહી ન રહી ત્યાં તો એ બોલી ઊઠયા ' આજ તો ગજબ થઇ જાત, તારા ડ્રાઇવરે એક મોટા સાહેબની ગાડી સાથે આ ગાડી ભટકાડી દીધી. એ સાહેબ એને એ જ વખતે પકડીને લઈ જતો હતો, પછી શું! બહુ સમજાવી કરીને માંડ માંડ એને છોડાવ્યો માંડ બચ્યા. શરૂઆતમાં આમ થયું, તમારે ત્યાં અહીં હવે नैव नैव च' (રહેવામાં માલ નથી.)

હું સાચેસાચ જરા ડરી ગઇ હતી. સૌના મોં પડી ગયેલા. મેં ધાર્યું, એમ જ હશે–ત્યાં તો એ બોલી ઊઠયા–' જવાદો તમારી પરીક્ષા થઈ ગઇ જે કહીશ એ વાત ખરી માની લેશો એ સમજાઈ ગયું. પણ સદાયે જો સાચું જ બોલું તો વાત કહેવાની મઝા રહે ખરી?

વરંડામાં આવી એક ખુરશી પર જરા થાક ખાઇને પછી તેઓ બોલ્યા,–' રસ્તે મને કંઇ તકલીફ નથી પડી હો. કેવો મઝાનો વન–પથ છે. તમારૂં આ વન પણ અજબ છે હો. લાંબા લાંબા આ બધાં વૃક્ષો આકાશ સામે જોતાં ઊભાં છે, ને નીચે એની ગાઢ છાયામાં ઘેરું ઘેરું અંધારું આને જ તો કહેવાય અરણ્ય.'

એમને ખુરશીમાં બેસારી દાદર વાટે ઉપર લઇ જવાની વાત થઈ, પણ તેઓ તો એ વાતને કાન ન આપતાં સીધા જ ઉપર જઈ પહોંચ્યા ઉપર જતાં જતાંએ બોલ્યો, ' મારે માટે સગવડની આટલી બધી ચિન્તા તમે શા માટે કરતા હતા? આ તો રાજમહેલ જેવું છે. ઉપર એમને માટેના ખાસ ઓરડામાં બારી પાસેની ખુરસી પર બેસી પગ એમણે બારીના ઓટા પર ટેકવ્યા. સાંજ ત્યારે થવા આવી હતી, કેટલાક પંખીઓએ અમારાં છતનાં કબૂતરિયામાં માળો કર્યો હતો, તેઓ કલરવ કરતા આવજા કરતા હતા.–દૂરના પહાડ ઉપર એક–બે દીવા પ્રગટી ચૂકયા હતા. અંદર ઓરડામાં આછું અંધારું હતું. બહાર મેઘછાયા આકાશ તરફ જોતાં જોતાં એ બોલ્યા,–' તું જીતી, આ સ્થળ મને ગમશે તે તું જાણતી જ હતી. એથી જ તો મને આટલો આગ્રહ કરી શકી. કાલિમ્પોન્ગમાં બીજા બધા કહેતા હતા કે–' પહેલા અમે જગ્યા જોઇ આવીએ ' મેં એમને કહ્યું કે–'ના એવી કંઇ જરૂર નથી, હું ત્યાં જઇશ ત્યારે આપમેળે બધું જોઈ લઈશ.'

ગુરુદેવની ઉપલી વાત સાંભળી મારૂં આખુંયે અંતર આનન્દે નાચી ઊઠયું. માંડ માંડ મને સંભાળતા હું બોલી–' આપ અમારે ત્યાં આવ્યા છો!' અને મારે માથે હાથ મૂકી એ બોલ્યા–' કેમ ન આવું? આ તમારે ત્યાં આવ્યો જ છું ને!'

વળતે દિવસે સવારે હું રસોઇની તૈયારીમાં પરોવાયેલી હતી, ત્યાં આવીને મારી બહેન ચિત્રિતા બોલી–' આ જો એમણે પત્રો લખી ત્રણ આના ટપાલ ખર્ચનાં આપ્યા છે. હું કેમે કરી ન–હોતી લેતી, તો એમણે કહ્યું કે ' જઇને દેજે તારી બહેનને ' હવે શું કરૂં આનું?'

' બાંધો દે મારા પાલવને છેડે–' મેં કહ્યું

એણે બિચારીએ નિરૂપાય થઈને અનિચ્છાપૂર્વક એમ કર્યું. થોડીવાર પછી ઉપર પહોંચીને જોઉં છું તો તેઓ એક ચિત્તે ' बांग्ला भाषा परिचय નામનું પુસ્તક લખી રહ્યા હતા–' આજ તો પ્રભાતના પહોરમાં જ ત્રણ આના કમાણી ' કહેતા મેં પાલવ છેડે બાંધેલ પૈસા દેખાડયા.

' વાહ, બાંધ્યાં ને ગાંઠે? ઠીક તમારી બહેન તો બિચારી ભલું માણસ છે, કહેવા લાગી ના, ના, એ શું? તમારે તે ટિકિટના પૈસા આપવાનાં હોય? હું ટિકિટ ચોડી દઇશ–મેં કહ્યું ' આપી દેજે તારી બહેનને, જે આ બધી ચીજોની કિંમત સમજે છે. તારે કયાં દુનિયાદારીની ચિન્તા છે. તે તું આ ત્રણ આનાનું મૂલ્ય સમજે? એકવાર એને સાચે ઠેકાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચાડ, ને પછી જો જે કે આને અપનાવી લેતા એ જરાયે વાર નહિ લગાડે. ઠીક, પણ હવે શું? વહુ દિકરાએ આઠ આનાનાં પૈસા આપ્યા હતા, તેમાંથી ત્રણ આના તો ગયા, બાકી પાંચ આનાની પૂંજી રહી છે! સાવચેત રહેવું પડશે કહી પોતાનું 'પેન'નું-'ઝરણાં કલમ'નું બાકસ હાથમાં લઇ તેઓ તેમાં પાંચ આના શોધવા લાગ્યા.

'પણ તમારી એક ઝરણાં-કલમ તમારે મને આપવી પડશે.' મેં કહ્યું, અને તુરત એમણે ગંભીર થઈ પાછળ વળી વનમાળી તરફ જોતાં કહ્યું:—'અરે આ અહીં ક્યાં આવી ચડ્યા? વધુ નહિ, હવે ગાંસડાપોટલા બાંધવા માંડ, નહીં તો એકેય ચીજ અહીંથી પાછી નહિ લઇ જઇ શકાય' વનમાળી હસતો હસતો ચાલ્યો ગયો. કલમના એ બાકસમાં ભારોએક કલમની સાથે બે-ચાર આના જેટલા પૈસા—જે એમની પૂંજી હતી—હમેશાં પડ્યા રહેતા, અને એ પૈસા ઉપર મારી નજર પડી છે—મને એનો ગજબનો લોભ છે આવી એમની શંકા તેઓ સદાયે જાહેર કર્યા કરતા.

થોડા દિવસ પહેલાં એક ગમ્મત પડે તેવો બનાવ બની ગયો હતો. તેઓ બોલપુરથી કલકત્તા જતા હતા. બર્દવાન સ્ટેશને એક લેમોનેડ પીઈ મહા મુસીબતમાં પડી ગયા. ગાડી ઉપડું ઉપડું થતી હતી, એમની સ્થિતિ સમજી લેમોનેડવાળો પૈસા લીધા વિના એમ ને એમ જ ચાલ્યો ગયો. એ બનાવ પછીથી તેઓ પોતાની પાસે કંઇક પૈસા રાખે છે. જો કે તેઓ કહે છે કે વધુ સગવડ તો પૈસા પાસે ન હોય એમાં જ સચવાય છે. જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે ખિસ્સાં ફંફોળવા લાગીએ એટલે સાથે જે કોઇ હોય—ખાસ કરીને તમારા જેવી કોઇ સહૃદયા હોય તો તો કંઈ ચિન્તા જ નહિ.—એ બોલી ઊઠે કે—'ચિન્તા ન કરો. હું આપી દઉં છું' હકીકતમાં આપણે તો બિન્દુમાત્ર પણ ચિન્તા ન કરતા હોઇએ, છતાં શક્ય એટલી નિરુપાયતાનો ને કરુણતાનો દેખાવ કરીને કહીએ કે 'ના, ના, તમે શા માટે હેરાન થાવ છો? એ શું?' આ રીતે બહુ મજાથી ચાલ્યું જાય છે!

એ જ દિવસે એક પેલિકન પેન (ઝરણાં કલમ) મને આપી, એની સાથે નીચે મુજબની એક ચબરખી હતી—

સુરેલ, દાર્જિલીંગ

હું વિખ્યાત ઠાકુર કુટુમ્બમાં જન્મેલો કવિ સાર્વભૌમ રવીન્દ્રનાથ—

શ્રીમતી મૈત્રેયીદેવીને આજે જેઠ વદ દશમના દિવસે બપોર પહેલાં, અંગ્રેજી સાડા નવ વાગે પેલિકન કૃત એક ઝરણાં-કલમ (उत्सलेखनी) મારી પૂરેપૂરી રાજીખુશીથી હૈયું સાબિત રાખી ભેટ આપું છું. તે એ કલમને પુત્ર, પ્રપૌત્રાદિ વંશ-વંશજ વારસો પર્યંત વાપરવાને હક્કદાર છે. આના બદલામાં તે જો એની કોઇ અમૂલ્ય કલમ મને ભેટ આપશે તો તે હું વિના સંકોચે તત્ક્ષણ સ્વીકારીશ એનો પણ સહુ સમક્ષ સ્વીકાર કરું છું. કદાચ એ અફળ નહિ જાય. સૂર્ય-ચંદ્રની સાખે. ૯ મી જેઠ ૧૩૪૫ (બંગાબ્દ).

રવીન્દ્રનાથ ઠાકુર

'કેવો સુંદર વિનિમય! તમે જો એક કલમ આના બદલામાં આપશો તો તે લેવામાં મને જરાયે વાંધો નથી એ વાત પણ સ્પષ્ટપણે લખી રાખવી સારી પણ મારા સાક્ષીઓને જોવા—જાણવા યે મુશ્કેલ બન્યા છે, તમારા મેઘની પછી તે સૂર્યદેવ તો અદશ્ય જ થઇ ગયા છે'—તેઓ બોલ્યા.

'વાહ! તમારો ન્યાય પણ મજાનો હો! તમારે ચંદ્ર-સૂરજ અને મારે મેઘ! વરસો-થયે તમે એમ જ કહેશો, કેમ જાણે એ મારો જ દોષ ન હોય!'—મેં કહ્યું.

તો પછી દોષ દઉં કોને? નજીકમાં જ કોઇ વિરોધી ન હોય તો તો દિવસ આખો કજિયા વિના જ કાઢવો પડે ને!' એમણે ઉત્તર વાળ્યો.

સુરેલવાળા મકાનમાં પ્રભાતના પાંચ વાગે ચા વગેરે પતાવી નવ-સાડાનવ સુધી એમનું કાગળો લખવાનું ને बांग्ला भाषा परिचय પુસ્તક લખવાનું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલતું. એમના બેઠક-ગૃહની પછીતેની બારીમાંથી એક મોટું તાડ-વૃક્ષ દેખાતું, વિશાળ વૃક્ષ, એની સીધી ડાળીઓ—જાણે બે બાજુ હાથ લાંબા કરીને કોઇ ઊભું જ હોય તેમ લાગતું. એની નીચે એક બીજું વૃક્ષ હતું 'કેમેલિયા' એના ફૂલોને લઇને એ ધોળું દેખાતુ. ગુરુદેવ એને કહેતા મીણનાં ફૂલ. ઘણીયે વાર જોતી, કે લખતા લખતા વચ્ચે વચ્ચે અટકી જઇ તેઓ એ વિશાળ છાયા પાથરતા વૃક્ષો તરફ જોતાં બેઠાં છે.

દસ વાગતાં વાગતા ભોજન પતાવી ખુરશી પર આરામ કરતાં કરતાં તેઓ એક સંસ્કૃત અંગ્રેજી ડિક્શનેરી વાંચતા. બે કલાક પછી ઊભા થઇ ફરી લેખનમાં પરોવાતાં. અને કયારેક કયારેક તો છેક સાંજ સુધી એમનું એ કામ ચાલતું. કેટલીકવાર તો મેં કહેલું કે આરામખુરશી પર બેઠા બેઠા જ પાટિયું રાખીને લખવાનું રાખો. તો થાક ઓછો જણાશે.' પણ એ તેઓ સાંભળતા જ નહિ, એ કહેતા કે—'ખુરશી પર બેસી ટેબલ પર ઝૂકીને નથી લખતો તો મારી વિચારધારાનો પ્રવાહ બરાબર નથી વહેતો. આરામખુરશી પર ઝૂલતા ઝૂલતા કદી લખી ન શકાય. આ પણ એક તપશ્ચર્યા છે, એટલો આરામ કર્યે કંઈ ચાલે!'

ત્રણ સાડાત્રણે ટપાલ આવતી, એ વખતે છાપાં ને કાગળો વાંચવામાં બહુ મઝા થતી. એક દિવસ એક કાગળ આવ્યો, એક સજ્જન સન્નારીએ તે લખ્યો હતો—તેમાં હતું કે 'આપ શ્રીમતી મૈત્રેયીને ત્યાં ગયા છો, એનાં આ સૌભાગ્યથી ખૂબ આનન્દિત થઈ છું'—વાંચતા વાંચતા જરા હસી અમારી તરફ જોઇ એ બોલ્યા—'અર્થાત કે 'એની મને ઇર્ષા આવે છે.' એ વખતે એમને મળવા બીજા કેટલાક જણ આવવાની વાત હતી, તેઓ અમારે ત્યાં નહીં પણ બીજે ઊતરશે એમ તે લોકોએ જણાવેલું. એ જ કાગળ સૌ પહેલો મોટેથી વાંચવો શરૂ કર્યો, ને પછી તો એ રહી ન શકયા. મને ખરાબ લાગ્યુ, જરા દુઃખ થયું, હું બોલી—'બરાબર છે, અમારે—ગરીબને ત્યાં એ લોકો શા માટે આવે?' ને તરત કવિ બોલી ઊઠયા—'બેશક, બેશક, તેઓ ઓછા મારા જેવા અપાત્રો છે, કે તમારા જરા જેવા સંકેત માત્રથી અહીં આવી પડે અને તે પછીના તમારા શત શત સંકેતો છતાંયે અહીંથી જવાનું નામ જ ન લે.

*

ઝરણું

(મંદાક્રાંતા)

"નાનાં મારાં ચરણ થકી શે' પંથ લાંબો કપાશે?
અદ્રિથી તે જલધિ સુધીના શે' પ્રવાસે પળાશે?"
એવું ધારે ગભરુ ઝરણું, સ્વાન્તમાં ધ્યેય રાખે.
ને ચાલે જ્યાં ડગડગ ભરી, પંથ પૂરો કપાયે.

—શંભુપ્રસાદ ભટ્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસનાં થોડા સ્મરણો

અંબાલાલ પુરાણી

મદ્રાસમાં ગુજરાતીઓની સારી જેવી વસતી છે એ તો સુવિદિત છે. શરૂઆતમાં ખેડાવાળ બ્રાહ્મણો વધારે સંખ્યામાં હતા અને એમણે સાહસ ખેડીને છેલ્લા ૩૦૦ વર્ષથી મદ્રાસ તરફ વસવાટ કર્યો છે, શરૂઆતમાં કરકસર અને વ્યાપારી કુનેહ સિવાય બીજી કોઇ ખાસ વિશિષ્ટતા કે ગુજરાતને ગૌરવ અપાવે એવું કાંઇ એમણે અહીં દાખવ્યું જણાતું નથી. પરંતુ હમણાં છેલ્લા છેલ્લા અહિંના ગુજરાતીઓનાં જીવનને અને ગુજરાતી સંસ્થાઓને સંગઠિત કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે એ બહુ સારી નિશાની છે. એક કન્યાશાળા અને એક હાઇસ્કૂલ પણ ગુજરાતીઓ તરફથી ચલાવવામાં આવે છે. તથા વૈષ્ણવ અને જૈન ધર્મની ધાર્મિક તેમ જ કેળવનીની સસ્થાંઓ છે એમ સાંભળ્યું છે. તો પણ મારે કહેવું જોઇએ કે જેટલા પ્રમાણમાં ગુજરાતીઓનાં જીવનને સંગઠિત કરવાના પ્રયત્નો થવા જોઇએ અને થઈ શકે તેમ છે તેટલા થતા નથી એવી છાપ મારા મન પર પડી છે. ગુજરાતની બહાર રહેનાર ગુજરાતીઓ કાંઈક વધારે એકતા અને સંગઠન દાખવે છે અને પરસ્પર સહાનુભૂતિ અને સહાય પણ વર્તનમાં મૂકે છે. વળી પહેલાં માનસિક સંકુચિતતા અને કેવળ પૈસા એકઠા કરવાની વૃત્તિ હતી તેને બદલે હવે ગૃહજીવનને કાંઇક સંસ્કારી અને સમૃદ્ધ બનાવવાના તથા ધનનો વ્યય કરીને પણ જીવનની સગવડો પ્રાપ્ત કરવાના અને કાંઇક અંશે જાહેર જીવનને જાગ્રત રાખવાના પ્રયત્નોમાં ભાગ લેવાની વૃત્તિ ગુજરાતી સમાજમાં જાગેલી જોઇને મને આનંદ થયો, મારા જેવાને સૌથી આનંદ અને આશ્ચર્યની ઘટના તો એ હતી કે જે માણસો થોડાં વર્ષો પહેલાં મોટી કંપનીમાં કેવળ નોકરી કરતા હતા તેઓ ઘણી સારી આર્થિક સ્થિતિને પ્રાપ્ત થયા છે. એક ભાઈ જીવણલાલ એન્ડ કું.માં એલ્યુમિનિયમના વેપારીની પેઢીમાં કામ કરતા હતા. તે ઘણી સારી આર્થિક અવસ્થાને પામ્યા છે. ચરોતર સોસાયટીમાં સ્વયંસેવક તરીકે કામ કરનાર એક મિત્રે સિનેમાની લાઇનમાં સારી કમાણી કરી છે. મદ્રાસની મ્યુનિસિપાલિટીમાં અને વ્યાપારના ક્ષેત્રમાં ગુજરાતીઓ સારો ભાગ લઇ રહ્યા છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં ભણેલાઓ અથવા ખરું જોતાં સ્વર્ગવાસી મોતીભાઇ નરસિંહભાઇ અમીનની જોડે સંસર્ગમાં આવેલ વ્યક્તિઓનો સંઘ સામાન્ય રીતે મદ્રાસ જેવા બહારના પ્રાંતમાં હોય છે ત્યારે જાહેર જીવનમાં સારો ભાગ લે છે એમ કહેવું જોઇએ.

મદ્રાસનું એક સુખદ સ્મરણ તે કપડવંજવાળા સ્વર્ગવાસી હરિલાલ માણેકલાલ દેશાઇના સંસર્ગમાં આવેલા—અને તેમની દ્વારા મારી જોડે પણ વિદ્યાર્થી અવસ્થામાં સંસર્ગમાં આવેલા ભાઇ મોહનલાલ પરીખ સાથેનો મેળાપ હતો. ઉત્સાહી અને આશાસ્પદ યુવાન તરીકેની છાપ ભાઇ મોહનલાલ પરીખે વિદ્યાર્થી અવસ્થામાં તેઓ ભરૂચમાં હતા ત્યારે મારા મનપર પાડી હતી. પરંતુ અનેક કારણોને લીધે સમગ્ર જીવનને તેઓ સેવાના કાર્યોમાં સમર્પી શક્યા નહિ અને ભરૂચ પછીના જીવનના અમારા રસ્તાઓ એટલા જુદા થઇ ગયા ગણાય કે પૂર્વના સુખદ સ્મરણ અને સહાનુભૂતિ સિવાય બીજું કોઇ જોડનારું તત્ત્વ ઉપર ઉપરથી જોનારને ભાગ્યે જ દેખાય. અને છતાં મનોમન સાક્ષી ન્યાયે કદાચ મોહનલાલના અને મારા મારા મનમાં કાંઇક ઊંડા સંબંધની છાપ પડી હતી કે છેક પરિણામશૂન્ય તો નહિ જ રહે એમ લાગ્યા કરતું હતું. એટલે જ્યારે મદ્રાસમાં અનાયાસે ભાઇ મોહનલાલ પરીખને મળવાનું થયું ત્યારે ઘણી જૂની સ્મૃતિના સ્તરમાં દટાયેલી વસ્તુઓ આપોઆપ તાજી થાય એ સ્વાભાવિક હતું. એમાંની એક મને જે યાદ રહેલી તે ભરૂચની પાસેના શુક્લતીર્થના મેળાને લગતી હતી. એ મેળામાં અમે લોકજાગ્રતિ માટે નગરકિર્તન જેવો કાર્યક્રમ રાખ્યો હતો અને તેમાં મારી જોડે સૂર પૂરનાર ભાઇ મોહનલાલ પરીખ પણ હતા. હજારો માણસની મેદિની વચ્ચે દેશભક્તિ અને સેવાની તથા સ્વાર્થત્યાગની ભાવનાઓને રજૂ કરતી કવિતા મોટેથી અવાજ કાઢીને રાગડા તાણતા અમે બે મારી સ્મૃતિમાં દેખાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ભાઈ મોહનલાલ પરીખે એમાં બીજાં બે ત્રણ અંશો ઉમેર્યા તેથી તો શુકલતીર્થમાં ગયેલા સ્વયંસેવક મંડળનું આખું કાર્ય મારા મનમાં ફરીને ચમકી ઊઠયું. અખાડાના એક વિદ્યાર્થીને અમે સાધુ બતાવીને હઠયોગના વિવિધ આસનોના પ્રયોગો કરીને બની શકે તેટલા પૈસા એકત્ર કરવાનું કામ સોંપેલું જેને પરિણામે હું ધારું છું કે તે વિદ્યાર્થીને બીજે જ દિવસે પેટનું કંઈક અસુખ પણ થયેલું!

પરંતુ સૌથી સુખદ તો શુકલતીર્થની રેતીના વિશાળ પટમાં તારાજડિત આકાશની પશ્ચાદ્ભૂમિમાં મેં કરેલી હરિદાસીનું સ્મરણ હતું. એમાંનું એક ગીત તો ભાઈ મોહનલાલે યાદ દેવડાવ્યું ત્યારે જ મને પણ યાદ આવ્યું અને તે દયારામનું

'શું જાણે વ્યાકરણી વસ્તુને શું જાણે વ્યાકરણી,
કંઠ સમાનું ઘૃત ભર્યું પણ સ્વાદ શું જાણે બરણી,
વસ્તુને શુ જાણે વ્યાકરણી'

એ હરિદાસીની બીજી વિગતો યાદ નથી પરંતુ એક જ ઉંડો સંસ્કાર આ સંસ્મરણ તાજું થતાં એનો જે સંસ્કાર મારા મનપર રહ્યો હતો અને મદ્રાસમાં પુનઃ જાગ્રત થયો તે આ પ્રમાણે છે. શુકલતીર્થની નર્મદાનો રેતાળ નદી કિનારો, એનું ભૂરું તારાજડિત આકાશ અને એ આકાશની પશ્ચાતભૂમિ પર ઊભેલી ભારત માતાની મૂર્તિ અને એનાં ભાવિ સ્વાતંત્ર્ય અને ગૌરવ માટે પ્રયત્ન કરતો એમેચ્યોર હરદાસ અને તેને સાંભળી રહેલી જનમેદની.

મદ્રાસમાં રહેવાનું થયું તે દરમિયાન એક કંપનીના મેનેજરે (ભાઈ જેશિંગભાઈએ) કપડવંજના ભાઈ મોહનલાલ પરીખ અને બીજા કેટલાક ગુજરાતી મિત્રોને મળવા માટે મને આમંત્રણ આપ્યું. સાંજે અમે એકત્ર થયા ત્યારે મદ્રાસનાં ગુજરાતી સામાજિક જીવનનો એક વિકટ પ્રશ્ન મારી દૃષ્ટિએ પડ્યો. તે પ્રશ્ન હાજર રહેલ કુટુંબોનાં બાળકોનો હતો. નીચે સરિયામ રસ્તો હતો: તે ઉપર એટલી વાહનોની આવજા હતી કે બાળકો ત્યાં રમી શકે જ નહિ અને અમે જે ઘરમાં હતા તે એટલું તો નાનું હતું કે એમાં રહેનારા કુટુંબના છોકરા માટે પણ રમવા માટે પૂરતી જગા ન હતી. તો પછી બીજાં આવેલાં છોકરાંઓ માટે તો કેવી રીતે પૂરતી હોઈ શકે, રમવા માટે છૂટી જગ્યા, અનેકને પણ અમુક અમુક કુટુંબોના સમૂહો લાભ લઇ શકે તેટલી નજીકમાં પૂરી પાડવાની ખાસ જરૂર મદ્રાસ, મુંબાઇ જેવા મોટાં શહેરોમાં ઊભી થયેલી છે. મ્યુનિસિપાલિટી કે સરકારનું આ કામ ખરું જોતાં હોવું જોઇએ. પરંતુ એ સંસ્થાઓ જો આ કામ ન કરી શકે તો સમાજની પોતાની એ ફરજ રહે છે મોટેરાઓ વાત કરતા હોય ત્યાં આપીને રમવા માટે બાળકોને ધમકાવવા એ સહેલું છે પરંતુ બાળકો રમે નહિ તો કરે શું! એ પણ વિચારવું જોઇએ અને રમવા માટેની સગવડો કરી આપવી જોઇએ. બાલ્યાવસ્થામાં જે સંસ્કારો પડે છે તેની અસર જીવનભર ઘણી ઊંડી રહે છે એટલે તે અવસ્થામાં બાળકોને જેટલા સારા સંસ્કાર પ્રયત્નપૂર્વક પાડી શકાય તેટલા, પાડવાની મહેનત માબાપોએ અને સમાજે ઉઠાવવી જોઇએ.

અમે જ્યાં રહેતા હતા તે ઘર આપણા મધ્યમ વર્ગના એક સુખી કુટુંબમાં ગણાય એવું હતું. સ્વચ્છ, ચારે બાજુ જગ્યાવાળું ઘર, સ્થિર કમાણી આપતો ધંધો અને સુશિક્ષિત ગણી શકાય એવાં પતિ-પત્ની અને બાળકોનું બનેલું તે કુટુંબ હતું. જે થોડા દિવસ અમે ત્યાં રહ્યા તે ઉપરથી સફળ ગણાતા—ખરુ જોતાં બહારથી સફળ દેખાતાં—જીવનની પાછળ કેટલી પુનરુકિત ભરેલી નીરસતા રહેલી છે એનો સચોટ ખ્યાલ મને પોતાને તો આવ્યો. જીવન સ્થિર હતું—જીવન સ્થિર હોય, જીવન નિશ્ચિંત હોય એટલું જ શું માનવને માટે બસ છે?—કોઇ નવીનતા કોઈ સાહસ, કોઈ અપ્રાપ્ય પ્રાપ્તવ્ય માટેની સતત જાગ્રત તમન્ના, કોઇ અસિદ્ધ આદર્શ પ્રત્યે ગતિ કરવાના પ્રયત્નોનો સંતોષ એ બધું આવાં જીવનમાં શી રીતે આવી શકતું હશે! અને એ વિનાનુ જીવન જીવન પણ કેમ કહી શકાય? કદાચ આ મારું પોતાનુ કેવળ અંગત પ્રતિકાર્ય હોવુ જોઇએ, કારણ કે એટલા બધા લોકોને હું એ જીવનથી સંતુષ્ટ જોઉં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું કે ઘડીભર મારા આ સંતુષ્ટ જીવન વિષેનો અસંતોષ અપવાદ જેવી મનોદશાને આભારી તો નહિ હોય એમ મને પ્રશ્ન થાય છે. પરંતુ એનો કોઇ ઉપાય હોય એમ જણાતું નથી. મને તો કોઇ આવું નિશ્ચિંત સુવ્યવસ્થિત અને એકધારુ જીવન જીવવા માટે ગમે તેટલી લાલચ આપે તો પણ હું માનું છું કે હું એમાં સુખી તો ભાગ્યે જ થઇ શકું. કદાચ એમ જ હશે કે કેટલીક પ્રકૃતિઓ એવા જીવન માટે ઘડાયલી જ નહિ હોય! અને એમ પણ જરૂર બને કે જેના હૃદયમાં આવી કોઇ અપ્રાપ્ય કે અસિદ્ધ આદર્શની તમન્ના ન હોય તેને એ નીરસતા સાલતી પણ નહિ હોય.

મદ્રાસ મ્યુઝિયમના કયુરેટર મિ. અય્યપન એમના એક મિત્ર મિ. મેનનની મારી સાથે મુલાકાત કરાવવાને બહુ આતુર હતા. અને આ મિ. મેનનને મળ્યા પછી મને લાગ્યું કે એ એક મુલાકાત કરવા લાયક વિશિષ્ટ વ્યકિત પણ હતી. હિંદનું સ્વાતંત્ર્ય સર કરવામાં જે અનેક અજ્ઞાત વ્યક્તિઓનો ફાળો પેઢીઓથી ચાલ્યો આવે છે અને જેની એકત્રિત અને વધતી જતી અસરને પરિણામે સ્વતંત્રતા હાંસલ થઈ છે તેમાંની એક વ્યક્તિ મિ. મેનન ગણી શકાય. બાહ્ય કાર્યની દૃષ્ટિએ જોવા જઇએ તો તો કદાચ એમનું કાર્ય બહુ જ ઓછું છે એમ કહી શકાય. પરંતુ સંકલ્પના પાલનની દૃષ્ટિએ એમનું કાર્ય મોટું નહિ તો પણ ઊંચા પ્રકારનું તો જરૂર ગણી શકાય. મિ. મેનન મલબારનાં મોપલા ડીસ્ટ્રીકટના એક પ્રધાન કાર્યકર હતા અને અહિંસાત્મક સત્યાગ્રહના આદર્શનો પ્રચાર એ લોકોમાં કરતા હતા. ગંભીર ગેરસમજૂતીનો ભોગ તેઓ એ રીતે થયા કે જ્યારે જ્યારે તેઓ મોપલાઓને બોધ આપતા કે તેમણે અહિંસક રહેવું જોઇએ ત્યારે ત્યારે મોપલાઓ એમ જ સમજતા કે 'આ તો ફક્ત આપણને બહારથી કહેવા પૂરતું છે. ખરેખર તો આપણે હિંસા જ કરવાની છે અને એવું જ મિ. મેનન આપણને કહે છે.' પોતાના હેતુનો આટલો વિપર્યાય, જાહેર કરેલ હેતુથી આટલી ખોટી અને વિરોધી ગેરસમજૂતી—ભાગ્યેજ સંભવી શકે.

પરિણામે જ્યારે કટોકટીનો સમય આવ્યો ... મોપલાઓએ તોફાન કર્યું, રમખાણ મચાવ્યું, ... કર્યા, હિંદુઓને અને સરકારી ઓફિસરોને ... માર્યા. સરકારે આ બધાને માટે મિ. મેનનને ... બદાર ગણીને એમની ધરપકડ કરી! કેસ ... તેમાં એમની પ્રત્યક્ષ સાક્ષી એમના પોતાના ... રૂપે પડી હતી તે છતાં એમને સજા થઇ! ... લાંબા વર્ષો દરમિયાન સરકારી ઓફિસરો, ... સગાઓ અને કેટલાક મહાસભાવાદીઓએ પણ ... કેવળ ઔપચારિક રીતે એવી બાંહેધરી ... કહ્યું કે પોતે એવી ચળવળમાં ભાગ નહિ લે. ... મિ. મેનને એ બધાનો ઇન્કાર કરીને સ્વતંત્ર ... સિવાય બીજી કોઇ પણ અવસ્થા સ્વીકારીને ... આવવાની ચોખ્ખી ના પાડી. જેલમાં જે ... મળ્યો તેનો એમણે પૂરો સદુપયોગ કરવાનો ... કર્યો અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ જેલ... આરંભીને ઘણી સારી રીતે આગળ વધાર્યો ... તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો પણ ઘણાં વાંચ્યાં. ૧૪ ... અન્તે જ્યારે ફરીને મહાસભા સત્તા ઉપર ... ત્યારે મિ. મેનનનો બિનશરતી છૂટકારો થયો. ... એ એમના થોડા જીવતા રહેલા કુટુંબીઓને ... શકયા, અને ઉપેન્દ્રનાથ બેનરજી પોતાની ... ણીની યાત્રા કરીને પાછા ફર્યા તે વખતને માટે ... લખે છે તેમ મિ. મેનને પણ 'પોતાનું ... ઢીંગલીનું ઘર ફરીથી માંડયું' મિ. મેનનના ... સરકાર પ્રત્યે રોશ નથી, તેમ પોતાને થયેલા ... અન્યાય વિષેનું વધારે પડતું દુઃખ પણ નથી. ... પોતાના પર ગુજરેલી વિપત્તિ પ્રકૃતિના ... ધમસાણમાં અનિવાર્ય એવી એક પરિસ્થિતિ ... સ્વીકારી લીધો હોય એમ લાગ્યું—એટલું ... પરંતુ પોતાને જ્ઞાનપ્રાપ્તિને માટે આટલો ... રાશનો અને નવરાશમાં અભ્યાસ કરવાનો ... મળ્યો તેથી જાણે એક પ્રકારની છૂટકારાની ... એ અનુભવતા લાગ્યા? બહાર હોત તો ... કામમાં રચ્યાપચ્યા રહેવું લગભગ ફરજિયાત ... જ્યારે આ લાંબા કારાવાસમાં પૂરતી નવરાશ ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસને માટે સમય મળ્યાં તેનો એક પ્રકારનો સંતોષ તેમના બોલવામાં દેખાતો હતો. સાધના વિષે એમની ધગશ હજી જોઈએ તેવી તીવ્ર મને લાગી નહિ પણ આટલું એ ખાતરીપૂર્વક કહેવા જેટલો લાંબો અમારે પરિચય થયો હતો એમ હું કહી શકું નહિ.

બીજું એક સંસ્મરણ ભાઈ મોહનલાલ પરીખને આભારી છે. અમદાવાદમાં તે વખતે લગભગ વસવાટ વગરના જંગલ જેવા લાગતા—અને હવે તો શહેરના ભાગ બનેલા—ગુજરાત કૉલેજની પ.સેના ડૉ. ચંદુલાલના બંગલામાં હું રહેતો હતો તે સમયની, એટલે કે ૧૯૧૬-૧૭ ની, એ હકીકત છે. મોહનલાલ અને પૂજાલાલ તે વખતે મારી સાથે રાત્રે સૂતા હતા અને ઉપર અગાસીમાં કાંઈ અવાજ થયો. લાગ્યું કે કદાચ કોઈ ઉપર હોય. સ્વાભાવિક રીતે જ મોહનલાલ એવા હિંમતને કસનારા પ્રસંગોથી ટેવાયલા ન હતા એટલે એમના મન પર કાંઈક ભયની છાયા મેં જોઈ હોવી જોઈએ. પછી તો એને દૂર કરવા માટે જ જાણે હોય તેમ મેં મોહનલાલ અને પૂજાલાલને પાછળની નિસરણી પર થઈને ઉપર જઈને તપાસ કરવાને કહ્યું. ગયા વગર ચાલે તેમ ન હતું. અને જતાં છાતી પૂરેપૂરી ચાલતી ન હતી ! ! આખરે પૂજાલાલ અને મોહનલાલ બન્ને ઉપર ગયા અને ભયનું કાંઈ જ કારણ ન હતું એની ખાતરી કરીને પાછા આવ્યા. મોહનલાલને તો આ ઘટના ભયની લાગણી દૂર કરવા લેવાયલા ઉપાય તરીકે યાદ રહી ગઈ હતી. હું માનું છું કે ત્યાર પછી એમનામાં ભયની લાગણી ઘણી ઓછી તો થઈ ગઈ હશે.

*

વ્યથિતને

વેદના અફળ, મિત્ર, છે ન કો,
ને ત્વદીય ભરી મૌન-દુઃખથી
વેદનામય અશાન્ત જિન્દગી
છે ન વ્યર્થ ક્ષણજીવી સ્વપ્ન શી.
સાગરે સભર વારિ-રાશિને
જો ધરાનું ઉર હોય સીંચવું,
તો તપીજ રવિ આતપે, રહ્યો
તેહને જલધિ-અંક છોડવો.
અગ્નિમાં નહિ તપ્યા વિના પડે.
માટીથી જુદું સુવર્ણ કોઇ દી;
ને ચહે વિવિધ ઘાટ તે કદી
તો રિસાવું કયમ એરણે બને?
તાહરે ય જગપંકમાં રહી
છે લલાટ મહીં જીવવું લખ્યું,
પંકને ય પછી તો ન શે સખા,
અર્પવી હૃદય-પદ્મથી સુધા?

[આગામી 'પનઘટ'માંથી]

સ્નેહરશ્મિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાની જીવનનું એક કડવું સ્મરણ

વ્રજલાલ ત્રિવેદી

જેમાં મથુરી નંદાનો ત્યાગ કરે છે

'બારણું ઉઘાડ જોઉં ! શા માટે અંદરથી ઈસ્ટાપડી દઈ દીધી ?'

'એ...ના ! ના ! બારણું હવે નહિ ઊઘડે ? હવે હું બારણું નહિ ઉઘાડું !'

એ મા...આ...રે... ? મારે તારી પાસે આવવું છે...એ. હું ધાંસલેટ છાંટીને બળી મરું છું રે...એ. હવે મારે જીવવું નથી રે...'

અંધારા ઓરડાના એક ખૂણામાંથી ઉપર પ્રમાણેના અવાજ બહાર ફળીઆમાં સંભળાવા લાગ્યા.

પૃથ્વી ઉપર આભમાંથી કાળી ચાદર ધીમે ધીમે પથરાતી જતી હતી. ફળીઆ પાછળના ઘરની વચમાં મસ્ત પીપળો પોતાનું કલેવર હવામાં ફફડાવતો હતો. દુકાન વધાવીને ઘેર આવેલ પાડોશી વાણીઆને ત્યાં સૂતા પહેલાં ચા તૈયાર કરવા સ્ટવનો છેલ્લો ભભડાટ શરૂ થઈ ચૂક્યો હતો. આખી શેરી નિરવ શાંતિ લેવા તૈયારી કરતી હતી. શરીર ઉપર વાળ વગરનો એક દમયેલ કૂતરો 'ભગત' રાતની ચોકી કરવા માટે હાંફતા હાંફતા પોતાની ફરજ ઉપર હાજર થઈને ડાઉં ડાઉં કરતો બીજી શેરીના કૂતરાઓને આલબેલ આપતો હતો. ફાની દુનિયાના બદકીસમ માનવીઓના કુટુંબ કલેશની વેદનાનું દર્શન કરવા સપ્તર્ષિનું મંડળ, ધીમે ધીમે આભમાં ડોકિયા કરતું ઉપર ચઢતું હતું, એવે સમયે ઉપરપ્રમાણે એક જીવન નાટકનો સત્ય પ્રવેશ ભજવાવાની શરૂઆત થઈ ચૂકી હતી. અને ગામના ચોકમાં ટાવરે તરત જ અગિયારના ટકોરાની સંજ્ઞા કરી.

બંધબારણાની, લોઢાના સળીઆવાળી જાળી પાસે ઊભા રહીને નંદાએ એની પત્ની મથુરીને વિવેકથી બે ત્રણ વખત કહ્યું કે :

આવું કરવું એ આપણે માટે શોભે નહિં, બહાર કોઈ સાંભળે તો ખરાબ કહેવાય ઉઘાડી નાખ જોઉં બારણું ?

પૂનઃ અંદરથી જવાબ આવ્યો...

વોય, વોય, મારી મા ! મારે બારણું હવે ન... ઉઘાડવું રે...એ. મારે તો હવે આવી જ રીતે... શોભા કરવી છે મારે...એ, બધા સાંભળશે તો... થઈ જવાનું છે...રે...એ.

સ્ટેશનના યાર્ડની બહાર જેમ ગાડીનો વેગ વધ... લાગે તેવી રીતે મથુરીએ એને જે કાર્ય કરવું ... એનો વેગ વધારવા માંડ્યો.

આ ચરિત્રની અસર ધીરે ધીરે નંદાના હૃ... ઉપર થવા લાગી. એની છાતી ઉપર મૂંઝવ... અસર થવા લાગી. એનું કારણ એટલું જ કે, ... કેટલાક મહિનથી નંદો ગંભીર માંદગીમાંથી ... અવતારે બચ્યો હતો. એક ઓશરીએ બાજુના ઘર... નંદાના મામા અને મામી, છોકરાં, વગેરે સૂતા હ... તેમને જગાડ્યા. અને આ હકીકતે જણાવી નંદા... મામાએ પણ શાંતિથી સમજાવી બારણું ઉઘા... કહ્યું.

મથુરીઃ–(તરત જ અંદરથી પ્રત્યુત્તર સંભળા...

એ...ના...ના...હવે હું આ બળી મુઈ. ... બધા સુઈ જાઓ. મારે માથે દુઃખના ડુંગર ... રે...એ બાડી...રે...તું ક્યાં છો. રે...દેખાતી ... નથી...રે...એ.

નંદે તથા એના મામાએ વિચાર કર્યો, ... આનું કરવું શું, કોઈ વાતે સમજે નહિ. પાડોશ... બે ત્રણ બૈરાંઓને બોલાવ્યા. અંદર આવી એને... પણ સમજાવવાની શરૂઆત કરી. શેરીમાં પણ ... આગળ, રેડિયો મથક આગળ કોઈ નેતાનું ... સાંભળવા માણસો ભેગા થઈને એકચિત્તે સાંભળે ... શાંત અને સ્વસ્થ એકચિત્તે આ હકીકત કાન ... સાંભળવા લાગ્યા.

બેટા મથુરી...ઉઘાડ બાપા ઉઘાડ ! ગામનું ... હાંભળે અને ઢેઢફજેતો જોવે ઈ એમાં આપણ... રૂની શી શોભા ? દીકર્યા ઉઘાડ જોઉ મથુરી ! ... થઈ જા જોઈએ. લે ખોલને હવે ? તારી જે... જમાં ભણેલું સિરિયર થયેલું છોકરું આવું ... કરતું હશે વળી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગળ કરતાં વેગ વધ્યો અને ભુમરાણુ સાથે અવાજ આવ્યો.

"હવે તમે બધા અહિંથી વયા જાવ રે,...હાય...હાય...હાય, મારૂં બધું બળીઓલાણું, હવે હું જ બાકી રહી. તમે બધા જાઓ પછી મારે શાંતિથી બળી મરવું છે. અરેરેરે...ઘાંસલેટ તો આ ડબામાં જોસાણું પણ...દીવાહળી ક્યાં હળગી ગઈ! તાકડે કાંયે જડતી નથી, મા...રે, હવે હું કેવી રીતે બળી મરીશ માડી રે...એ?"

"લે બાઈ રાખ્ય રાખ્ય હવે હદ થઇ. આમ સફાળે સુ જોઇને સડવા માંડી. બારણું ઉઘાડી નાખને બાઇ...તારી કરતા અભણ બાઇડી હારી. આવા સરીતર તો ભણેલાને જ આવડે બાઇ, રોગાં હવે તો સુધરેલા સોડીયુંને ભણાવા જ ઉમટ્યા છે. જાણે મોટી હાફેસર નો કરવી હોય?"

કંટાળીને આવેલાં બૈરાંઓ, ખડકી પાસે ઊભા રહીને એકબીજાના કાનમાં ગણગણાટ કરે છે. બે હાથ લાંબા કરીને! આવું તે કયાંઇ ભાળ્યું છે રોયું? આ તો નરી નફટાઇ નહિ તો બીજુ શું? ભણી ભણીને તો પોપટડીની જેમ ધણીની હામે બોલકીયું જ કરવી છે ને?

બે એક મિનીટની શાંતિ પથરાઇ, મથુરીએ ઘણી જ બારણું ન ઉઘાડવાની હઠ પકડી લીધી હતી. નંદાનું સાસરૂં ગામમાં જ હતું. અને એ રહેતો'તો, એનાથી ૨૦ થી ૨૫ કદમ દૂર જ મથુરીના પિતા રહેતા હતા. એમને બોલાવવા માટે માણસ મોકલ્યું. દરમ્યાન બારની હિલચાલ સાંભળવા મથુરીએ અંદરનું કબાટ અંધારમાં જ ઉઘાડયું, નંદાને વધુ ડર લાગ્યો. કે હવે ચોક્કસ અંદરથી દીવાસળીનું બાકસ લેવા તૈયારી કરે છે. એટલે ફરી નંદે કહ્યું, કે હવે તું બારણું ઉઘાડી નાખ, તારા બાપાને બોલાવવા માણસ મોકલ્યું છે.

નંદાના આવા વાકયોનો જવાબ નંદાને મળ્યો નહિં. એટલે એને વધુ ચિંતા થઈ બહાર બધા વધુ ગભરામણમાં પડયા. અને એમ થયું કે કદાચ ગલાફંપ ખાધો લાગે છે...

પણ આ નાટક ભજવાઇ ગયા પછી નંદાએ જ્યારે અંદર તપાસ કરી ત્યારે કબાટમાંથી બે સોનાની બંગડી અને એક ચેઇન ધીરે રહીને આ બે ત્રણ મિનિટના ગાળામાં કબાટમાંથી સેરવીને મથુરીએ પોતાના હાથ તથા ગળામાં પહેરી લીધા.

જીવન નાકટના પ્રવેશનો બીજો પડદો બહુ જોસથી ખુલે છે. મથુરીના બાપા ઓઘડશંકર તથા બીજા ચાર પાંચ પડોશીઓ પણ ઘરમાં પ્રવેશ કરે છે. ઓઘડશંકરના ઓશરીરમાં પ્રવેશ થતાં મથુરી વધુ આવેશમાં આવે છે.

ઓઘડશંકર કહે, દીકરી! મથુરી ઉઘાડ તને આ શું થયું! આ બધુ શું? તું મારી બધેકા કુટુંબની દીકરી, તારે વળી દુઃખ શું? તારી પાછળ તો હું પીસ્તાળીસ વરસનો રીંછ જેવો બેઠો છું. તને કાંઇ કોઇ કહેતો ફાડી જ ખાઉંને! મારી દીકરી જલદી ઉઘાડ, જલદી ઉઘાડ.

(ભયંકર કકળાટ કરી) અંદરથી. મથુરી કહે:

"એ...તા. બાપુજી...તમે શું કામ આવ્યા, તમારે ન્હોતું આવવું હું તો એ આ બળી મરૂં છું, આ મારા હાથમાં ઘાંસલેટનો ભરેલો શીશો છે, માથા ઉપર રેડું એટલી જ વાર છે."

ઓઘડશંકર : એ. ના. ના. ના. મથુરી બેટા, એવો બળી મરવાનો જુલમ તું કરીશ નહિં, ઈ તો આપઘાત કહેવાય. સાત જનમારા બળવું પડશે, તું મારી દીકરી ભણેલી છો જરા સમજ તો ખરી! તને કોણ બળી મરવાનું કહે છે? એની જીભ જ કરડી ખાઉંને?

મથુરી : (અંદરથી) એ...બાપા... મને એમણે ઘાંસલેટનો સીસો અને બાકસ ચીંધ્યા. મને નરક ઢસરડવાનું કીધું...! મારી મરી ગએલી માને ગાળ્યું દીધી. મારે માથે દુઃખના ડુંગરા ખડકાણા બાપુજી...ઇ. હવે તમે એકદમ વયા જાવ હું હવે એકદમ બળી મરૂં છું. આ ઘાંસલેટનો સીસો રેડયો, હવે દીવાહળી ચાંપુ એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વાર છે. પણ દીવાસળી જડતી જ નથી. બાપા...રે

પછી તરત જ ઓધડશંકરે બારી પાસેથી નંદાને ધક્કો માર્યો નંદા થાંભલી સાથે ભટકતો રહી ગયો. અને અસ્વસ્થ શરીરે ફળીઆમાં પથારી ઉપર મન કાબુ રાખી શાંત બેસી રહ્યો. નંદા તરફ તાકીને રાક્ષસની જેવી ભયંકર મુખમુદ્રા કરીને ઓધડશંકર ગર્જના કરી ઊઠયા જાણ્યે અષાઢ ગહેંકયો.

આવડા ચશ્માએ કીધું તને ? ઓય મારો હાળો ચશ્મો. મારી દીકરીનો ધાંસલેટનો સીસો બતાવ્યો લે... અને એની મરી ગએલી માને ગાળ્યું દીધી કાં ? ચાકુએ ચાકુએ હુલાવી નાખું હાળા ચશ્મા ! બ્હાર નીકળી જો બ્હાર પછી ખબર પાડું અને વળી ફર્માંનો દીકર્યો રોજ હવારમાં મારી દીકરીને હનડી નાખે, દાતણ કરવા બેહે, તે ચશ્માને કોથળો પાથરી દેવો પડે, દાતણને પલાળી દેવું પડે, પાણીનો ગલાસ જોવે, અંદર કોગળા કરવા મીઠું જોવે, હ્યો કો જાણ્યે ઘરે તિજોરી ફાટી જાતી હોય એમ લોઈ પી ગ્યો લોઈ મારી કુટડી મથુરીનું.

ઉઘાડ જોઇ બાપા ! ઉઘાડ જોઇ ! હું તને કરગરૂં છું. આ મારી ઉંમર જો. હું વિધુર. હજી તારે એકનો એક ભાઈ પરણાવવો છે. અને આ ઓલી તારી નાની બહેન, મરણ પથારી ઉપરથી માંડમાંડ બેઠી થઈ છે એની પણ તને દયા નથી આવતી ?

(અંદરથી) મથુરી...એ ના...ના...બાપુજી... હવે હું નહિં ઉઘાડું હું તો આ બળી મરી. એ... બા...રે...હું આ આવી.

(ધાંસલેટનો સીસો અંધારામાં ઠલવાય છે. અને એની વાસ ચારે તરફ ફેલાય છે.)

ભયંકર મુખમુદ્રા સહિત એનો બાપ ઓધડશંકર હાથમાં ગોળ પત્થર લઈ જાળિયા પાસે જાય છે.

જાળિયા બહાર બીજા આપઘાતનું નાટક શરૂ થયું.

ઓધડશંકર : ત્યારે જો આ મારા હાથમાં પથરો છે. જેવી તું દીવાસળી ચાંપ એ પહેલાં જ હું અહિં સામે જ માથું ફોડું છું. એ...રહેવા દેજે હો... એ...તું સળગીશમાં હો...હું માથું ફોડું છું, આ જો...મારા હાથમાં પથરો ભટકાડું એટલી જ વાર છે.

મથુરી : (અંદરથી) એ–ના–ના–બાપુજી–ઈ.

ઓધડશંકર : (બ્હારથી) એ–હા–હા...મારી મથુરી તારી અને મારી હાઠડી બજારમાં હારે જ નિકળશે બેટા મથુરી. લે જોઇ લે તારે દીવાસળી સળગાવવી જો જોઇએ, એટલે લોહીની ધારાવટી જ મૂકું આ ઘડીએ.

એટલામાં મથુરીના દૂરના કાકા અને બીજા બે ત્રણ પાડોશીઓ જાળી નજીક આવીને—

મથુરીના કાકા : આઘા ખસો ઓધડભાઇ...કેમ બેટા શું છે તારે, ઉઘાડવું છે કે નહિં હવે ? કે આ ધાંધલ જ મચાવવી છે ? પહેલાં ઉઘાડી નાખ ઝટ પછી તારે જે કહેવું હોય ઈ કેજે. નહિં તો હમણાં બારણું ખેડવી નાખવું પડશે સમજી ?

મથુરી : (અંદરથી) એ...મારે હવે બળી મરવું છે યાકા...મારે હવે કશું કહેવું નથી કાકા. હવે તો બળી મર્યે જ છુટકો છે. કાકા.

મથુરીના કાકા : તો પણ હવે બળી મરવું હોય તો પછી વાર કેટલી ? આખા ગામને ભેગું કરીને બળી મરવું છે તારે ? બળતા હશે ઈ ગામ ગજવીને બળતા હશે ખરૂંને ? લે ઉઘાડ હવે પોપાગાળા કરતી નકામી. ઓટા ઢોંગ કરે એલા કોણ છે ? કોશ લઇ આવો કોઇ બારણું ખેડવી નાખવું પડશે, આણે તો ફજેતી આદરી છે.

બે જણા કોશ લેવા દોડે છે.—શેરીના માથે આ નેપથ્યમાં ભજવાતા પ્રવેશને સાંભળવામાં તીવ્ર પ્રગટે છે—

વાતાવરણ વધુ ગમગીન બને છે. હવામાં ... પીંપળો શાંત થઇ જાય છે. વાણીઆના ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભભડાટ એકાએક બંધ થઇ જાય છે. ઓલ્યો દમલેલ ભગત પણ મોઢાની લાળ ઉડાડતો શેરીના માણસોના ટાળા પારો કાન અને પૂંછડી ઉલાળતો બારણા પાસે ખડો થઈ જાય છે. અંધારપછેડીની પાછળ નભમાં ઊંચે, ચઢતા સપ્તર્ષિમંડળે પણ વધુ ઉપર ચઢીને ડાકિયાં કરવાનું માંડીવાળી, એટલેથી જ અદશ્ય થવાનું નક્કી કર્યું. બીચારા સાતે જણા આંગીરસ જામદાગ્નેય, કશ્યપ, ભારદ્વાજ, વગેરે આ પોતાના ઊંચા કુળના વારસદારોના ગ્રહકુટુંબના ભવાડા જોઇને શરમાણા તે ઠેઠ પાતાળમાં ઉતરી ગયા; કે ભાગો ભાઇ, આ તો હવે આપણા કુળમાં સતીઓને બદલે શંખણીઓના ચરિત્રો આપણા પવિત્ર કુળોને બુડાડવા પેદા થવા લાગી, એટલે એ પણ બધા ભાગી ગયા.

કોશ લઇને બીજી તરફથી તાબડતોબ બે માણસો હાજર થઈ ગયા. તે અગાઉ બીજી તરફથી નંદાના મામાએ પણ પોતાના જીવને હોડમાં મૂક્યો, એક વીસ વર્ષના જુવાનને સાથે લઇ ઓરડાના મેડા ઉપર વિલાયતી નળીઆનો ખપેડો તોડીને અંદર ઉતારવા પ્રયત્ન કર્યો.

નંદાનામામા : એલાભાઇ! જુવાન. જો જે હો! અંધારૂ ઘોર છે. જરાક ભૂલ્યો તો તો સોએ સો પુરા. કયાંથી ચઢશું ખોરડા ઉપર? માળું... કયાંઈ લાગ નથી ઉપર ચઢવાનો.

જુવાન : હા માળું કયાંઇથી ટીકી લાગે એવું નથી. એક વાતે બની શકે. કાકા! તમે આ રાંધ-ણીઆ વાળા ખોરડા ઉપર ઘોડો થાઓ તો હું ટીંગાઇને ઉપર કૂદી પડું. ઇ શીવાય બીજો ઉપાય નથી.

નંદાનામામા : એલાભાઇ! ઈ તો સાહસ કહેવાય. ક્યાંક તું તો કાળીટીલી દઇને ઘડીકમાં, નાસક-ણામાં વળી કયાંઇ કૂદકણું ઊભૂં કરીશ.

જુવાન : હવે કાંઈ નથી થાતું તમ તમારે ઘોડો પલાણોને, આ ઘડીએ ખોરડા ઉપર કુદયો જુઓને.

મહામહેનતે બંન્ને જણા અંધારામાં ખોરડા ઉપર ચઢે છે. હવે કયાંથી ખપેડો તોડવો એ વિચારમાં ક્ષણવાર આજુબાજુ જાતા નળીયા આઘાપાછા કરવા લાગે છે.

જુવાન : એ આંપથી ફરો ઉંચા નળીયા આવડો આજ ઓરડાના અંદરનો ભાગ લાગે છે. જુવાને નળીઆના ખપેડાના ચોકઠામાં પોતાના મજબુત શરીરને અંધારા ઓરડામાં તોળ્યું.

જુવાન : મેડાના નીચેના ભાગથી ખપેડો ઘણો ઊંચો હતો, લાકડાનું પીઢીયું કયે ઠેકાણે છે કાકા! પીઢીયાના આધાર વગર પડાય એવું નથી. અહીંથી તો ટાંટીઆના ટુકડાજ થાય.

ખપેડાના ચોકઠા સાથે તોળાએલા જુવાને અંદર ઝુલતા પડકારો કર્યો.

નંદાનમામા : એલાભાઇ બાળા તું ઉપર આવી જા અહિંયા શુરાતનનું કામ નથી અહિંયા કળે કામ કરવું પડશે. જુવાનને ઉપર ખેંચી લીધો.

તુરતજ નંદાના મામા અંદર તોળાણા. ધીરે રહીને દિવાલ ઉપરની લાકડાની ખીલી પર પગ ટેકવ્યો. એક નાની પીઢડી ઉપર બન્ને પગ મૂકી હળવે રહીને નીચે લટકી પડયા. શરીર જરા ધ્રૂજી ઉઠયું. પરશેવો રેબઝેબ છુટવા લાગ્યો. હવે તો પડયા વગર છુટકો ન હતો. પાછળથી જુવાન પણ અંદર ઉતર્યો બન્ને જણા મેડા ઉપર તો ઉતર્યા. એટલામાં દોઢ કલાકથી બળવાની તૈયારી કરતી મથુરીએ ઊભા થઈને દાદરાનું કમાડ પણ અંદરથી દઈ દીધું. ભારે મુશ્કેલીમાં મૂકી દીધા, ઘાંસલેટનો સીસો શરીર ઉપર રેડવાને બદલે જમીન ઉપર ઢોળી નાખ્યો. ઓલ્યો જુવાન અને નંદાના મામા પણ ગભરાણા. ઘાસલેટનો ડબો દાદરા નીચે ખૂણામાં ભરેલો પડયો હતો. ન કરે નારાયણ અને દીવાસળી ડબામાં ચાંપે એકાદ લુગડાનો ગાભો નાખી દે તો દાદરો આખો સળગે, જમીન પર રેડયું છે ત્યાં પણ ચાંપે તો આખી ખાટ ભડભડ સળગવા માંડે, એટલે દાદરામાં ઊભેલા પેલા જુવાન તથા નંદાના મામાને પણ ભાગવું ભોં ભારે થઇ પડે. બન્ને જણાએ વિચાર કર્યો કે એક સાથે પગનું પાટું મારીને દાદરાના આડશના પાટીઆ ઉખેડી નાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે અહિં બંન્ને પાટુ મારવાની તૈયારી કરે છે ત્યાં બ્હારથી બે ત્રણ માણસો લોઢાની કોશો ભરાવીને ઓરડાના બારણા ખેડવી નાખવાની તૈયારી કરવા લાગ્યા.

મથુરીના કાકા– લે હવે બારણું ઉઘાડવું છે કે અમે બારણું ખેડવી નાખીએ ?

મથુરી–(ઓરડાની અંદરથી) બારણું ખેડવશો નહિં... મારે બળવું જ છે. પણ અંધારામાં મને દિવાસળી નથી જડતી. હવે મારે શું કરવું...રે (બહાર બધા એકી સાથે) એલા મારો ઝાટકો ? શાબાશ લ્યો કરો બળ ! કરાડ કરતીકને અંદરની ઇસ્ટાપડી લાકડાની સાથે ઘસાઇને બારણું ફટાક દઇને ઊઘડી ગયું એની સાથે જ દાદરામાં ઉભેલા જુવાને અને મ્હારા મામાએ પગના જોરથી પાટુ મારીને દાદરાનું પણ તોડી નાખ્યું અને હુડુડુડુ કરતાકને બધા અંદર દાખલ થઈ ગયા.

અંદરનું દશ્ય જુદું જ હતું. નંદાની પત્ની મથુરીએ ઘણી જ સીફતથી આખો યે ઘાંસલેટનો બાટલો પોતાના શરીરને એક પણ છાંટો અડાડયા સિવાય જમીન ઉપર, પોતે જે ખુણામાં બેઠી હતી તેનાથી ચાર હાથ દૂર ખાટ નીચે, જમીન ઉપર ઢોળી નાંખ્યો હતો. જે ઠેકાણે પોતે બાકસ દીવાસળીનું રાખતી હતી. ત્યાં જ દોઢ બાકસ ભરેલું બારી પાસે પડેલું હતું, ઉપરાંત અડધો ડઝન બાકસ ભરેલાં, અંદર રહીને એણે જે કબાટ ઉઘાડયું તેમાં તેની સામે જ પડયાં હતાં. ફાનસ સાફ કરવાના ગાભા ત્રણ ચાર જુદા જુદા અસ્તવ્યસ્ત ગોઠવી રાખ્યાં હતાં અને પોતે સહીસલામત રેડીઓના મથક ઉપર લાઉડસ્પીકર સામે જેવી રીતે કોઇ ગાવાવાળું કે ભાષણ કરવાવાળું શાંતિ અને સ્વસ્થતાથી બેઠું હોય તેવી રીતે ઓરડાના એક બાજુના ખુણામાં લપાઈને સ્થાન મેળવી લીધું હતું. ઘર નંદાના મામાનું બળવાનું હતું. ઘાંસલેટ મોંઘા ભાવનું નંદાનું ઉંધું વાળ્યું.

મથુરીની જીભ અને ગળામાં આજે ભણતરની ખુમારીનો જે તરવરાટ પેદા થયો હતો, એણે શેરીના અને ગામના ઉંઘતા માણસોને જગાડીને, આજની ભણેલી ચાલાક સ્ત્રીઓ ગૃહકલેશના બાના ... બળી મરવાનો ખોટો ઢોંગ કરવાની કેટલી તૈયારીઓ કરે છે તેનું આબેહૂબ નાટક ભજવી બતાવ્યું ... નંદાની જેવા દુનિઆના બોતડા પતિઓને ... કરી બતાવ્યો કે સ્ત્રીઓ ભણતરને ટોડલે પહોંચ્યા પછી કેટલો ભાવપૂર્વક અભિનય કરે છે. તેનો ... તાદશ્ય દાખલો જોઇને અમારા અભિનયની તમારે મુક્ત કંઠે પ્રસંશા કરવાની છે.

(પ્રવેશ છેલ્લો)

ટેબ્લો

કડકડાટ અને ભડભડાટ સાથે બંન્ને બાજુના દરવાજા ઊઘડી જાય છે. બધા ઓરડામાં પ્રવેશ ... છે ઉપર પ્રમાણે વર્ણન કરેલું દશ્ય ઓરડાની અંદર દષ્ટિગોચર થાય છે.

ઓઘડશંકર : (એક જબર ઘુરકાટ સાથે અંદર ... જાય છે) આઘા ખસી જાઓ ! આઘા ... જાઓ ! મારી કુટડી મથુરી દીકરીને ... ગભરાવી મૂકી, (દીકરીને બે હાથે પકડી લ્યે છે) મારી રતન, ! દીકર્યા, ! બેટા ! મથુરી ! તું ... કામ બળ્ય બાપા ! હાલ્ય ઉભી થા ઝટ. આંઇ ... એક મિનિટે આપણે રેવું નથી મારો હાળો ... નફફટ, મારી રતનને રોળી નાખવા તૈયાર થયો.

મથુરી : (મોટેથી રડતાં) એ...બા...પા... મારે તમારે ઘેર નથી આવવું. પછી મને અહિં ... આવવા નો દયે; હું તો અહિંયાં જ રહીશ ... બાપા...રે

ઓઘડશંકર : અરે વાત છે કાંઈ ? તને તો આ... દે તો આપણે આવવું જ છે ક્યાં ... પીસ્તાળીસ વરસનો હજી બેઠો છું ને હું ... ઇ રાંડના ચશ્માને બીજી મળશે પણ મને ... તું બીજી મળવાની છે. દીકર્યા ! હાલ્ય ઉઠ ... મારે તારી બહુ જરૂર છે. હું વિધુર છું, ... નથી ખબર દીકરી ! મને રોટલા ઘડી દેવાવાળું ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોશેને ! રોટલાનો ક્યાં દકાળ પડયો છે આપણે ઘેર તે આ નરકમાં રાખું તને !

(છોકરીના કાકા તરફ લાંબા હાથ કરીને અભિનયથી)–લ્યો તમે આંઇ કુવે નંખાવી મ્હારી ટીટડીને, તમારે કાંઈ એમાં ! હાલ્ય બાપ ઉભી થઇજા એક દિકર્યો છે એમ તું મારે બીજો (ઝિલકતની વ્હેંચણીમાં નહિ માત્ર વિધુર બાપને રાંધી ખવરાવવામાં.)

ત્હારી માએ ગામતરૂં કર્યું અને દિકરો હજી કુંવારો એટલે જ મારે તને આટલી મમતાથી ઘેર લઇ જાવી જોવેસને બાપા ! દીકરાને હજી પરણાવવો છે બેટા, ત્યાં સુધી તો ત્હારૂં ડગલે ને પગલે કામ છે. મ્હારી રતન ! મથુરી, હવે તો મરી જાઉ ત્યાં ત્યાં સુધી તને મોકલવાનો જ નથી. એ ઇ...ને લીલાલેર.

સાડલો સંકોરતી મથુરી એના પિતા ઓઘડશંકર સાથે ઝડપથી અદશ્ય થાય છે....બીજે દિવસે એક ભરવાડય ઓઘડશંકરને ઘેર દૂધ દેવા જાય છે. એ મથુરીને પુછે છે.

ભરવાડય : એલી બાઇ આ તને હું સૂઝયું. વાણીયા, બ્રાહ્મણનું સોરું થઇને આવું બળી મરવાનું તને શોભે ?

મથુરી : એ ના...ના કાકી તમે હમજો નહિં ને ? મારે બળવું 'તું ક્યાં, ઇ તો મારે દેખાવવાતા બધાને, બળે નઈ ઇંવડો ઇ ?

આવું કરીઇ તો જ આપણું ધાર્યું ઘરમાં થાય ને ? નકરતો આવા બોતડા ધણી આપણે માથે પેધી જાય પેધી ! શું હમજ્યા ? તમે અબુધ ભરવાડ. આમાં તમને હમજણુ નોં પડે. અમે શેરમાં ભણેલા તે આવી કળું જાણીઇ.

*

– વિચારપુષ્પ –

આ માનવીના ઉરથી ખીલીને
વિચારનું કોમળ પુષ્પ ન્હાનું,
નવા નવા રંગ ધરી મઝાનું
આશા ધરે – પ્રાણ પરાગ અર્પી,
દશે દિશામાં મુજ કીર્તિ સ્થાપું
ઉરે ઉરે પ્રેમ – સુવાસ પ્રેરું.
ના ભાન કે પુષ્પ અનેક એવાં
ઉગે ઉગે ત્યાં કરમાઇ જાતાં,
ને જો કદાપિ ક્ષણ એ ઉગે તો
વંટોળિયો માનવના અહંનો,
ક્ષણે ક્ષણે ભીષણતા વધારી
ઘૂમંત એ ચક્કર માંહી તેને
જમીન સાથે પટકાવી દેશે.
ફસાવી, ટોળી; રગદોળી દેશે !

ભાસ્કર વ્હોરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ સજાવટનું નવું વિજ્ઞાન

પદ્મકાન્ત ર. શાહ

બોંતેર ડિગ્રી ફેરેનહાઈટથી વધુ ઉષ્મામાન ન હોવા છતાં 'એર કંડિશન' કરેલી એક કારખાનાની ઓરડીમાં કામ કરતી સ્ત્રીઓએ ઠંડી લાગવાની ફરિયાદ કરી હતી. તેની દિવાલોનો આસમાની હરિત રંગ બદલીને પીળો કરવામાં આવતાં એ ફરિયાદ મટી ગઈ, બીજા કારખાનામાં કાળા રંગની પતરાંની પેટીઓ ઊંચકતા મજૂરોએ પીઠ દુઃખી જવાની ફરિયાદ નોંધાવી હતી. એ જ પેટીઓને ઝાંખા લીલા રંગે રંગવામાં આવતાં પેલા જ મજૂરોએ કહ્યું, 'આ હલકા વજનની પેટીઓથી અમને ભારે રાહત રહે છે!'

રંગના આવા ભૂલાવામાં નાંખતા ચમત્કારિક ગુણો વિજ્ઞાનને અજાણ્યા નથી, સામાન્ય માણસને નીલરંગી ઓરડીની ગરમી તેટલી જ ઉષ્ણુતાવાળી રક્તરંગી ઓરડીની કરતાં ઘણી ઓછી જણાશે. તે જ પ્રમાણે, ઘેરા રંગની વસ્તુઓ આછા રંગની વસ્તુઓ કરતાં સરખા વજનવાળી છતાં પ્રમાણમાં ભારે લાગશે. ગયા દસ વર્ષમાં રંગ આયોજનનું એક નવું શાસ્ત્ર (Science) ઊભું થયું છે, જે રંગના આવા ચમત્કારિક ગુણોને લક્ષમાં લઈ જીવનના અનેક ક્ષેત્રોમાં બહોળા પાયા ઉપર રંગોની અનુરૂપ સજાવટ કરવાનું વૈજ્ઞાનિક જ્ઞાન આપે છે.

શ્વેતરંગ એ સાત રંગોનો બનેલો છે એ વાત જાણીતી છે, શ્વેતરંગનું ત્રિપાર્શ્વ કાચ વડે વિભજન કરતાં તેનું મેઘધનુષના રંગોમાં રૂપાન્તર થઈ જાય છે: આ રંગોમાં નીચેના સાત રંગો છે. જાંબલી, ભૂરો, આસમાની, લીલો, પીળો, નારંગી અને રાતો. હવે આ રંગોમાં જાંબલી, ભૂરો, આસમાની અને લીલો એ ઠંડા અને આહ્લાદક રંગો છે અને પીળો, નારંગી અને રાતો એ ગરમ અને તંગ રંગો છે. હૉવર્ડ કેચામ (Howard ketcham) નામના એક જાણીતા રંગ નિષ્ણાતે પેટ્રોલ પંપ સ્ટેશનોના રંગોનું યોગ્ય આયોજન કરીને સ્ટેશનોનું પેટ્રોલ વેચાણ પ્રથમના કરતાં દોઢું કરી આપ્યું હતું. રક્ત રંગ માણસને કાર્યરત બનવાની પ્રેરણા આપે છે જ્યારે લીલો રંગ (જે રંગ નિસર્ગનો પણ છે) શાંતિ અને સુખ ઉત્પન્ન કરે છે. લંડનની અંદર 'બ્લૅક ફ્રાયર્સ બ્રિજ' લોકોને આત્મહત્યા કરવા ઉશ્કેરતો એમ મનાતું. એનું કાળું લોખંડી સ્ટ્રક્ચર જ્યારે તેજસ્વી લીલા રંગમાં બદલો નાંખવામાં આવ્યું ત્યારે આત્મહત્યાનું પ્રમાણ એક તૃતીયાંશ ઓછું થઈ ગયું હતું.

ઘણા પ્રાણીઓ ઉપર રંગની અસર બિલકુલ હોતી નથી. પણ જંતુઓ ઉપર આની ઘણી અસર થાય છે. આસમાની રંગ માખીઓનું અપાકર્ષણ કરે છે. શિકાગોમાં એક કંદોઈએ પોતાની દુકાનની કાચની એક બારી સૂર્યનો તડકો ઓછો કરવા ભૂરી રંગી હતી. તે વખતે એમ જણાયું કે જ્યારે બીજી બારીઓ ઉપર માખોનું જૂથ જામેલું હતુ ત્યારે એ બારી આગળ એકકે માખી ફરકતી ન હતી! પરંતુ મચ્છરો ભૂરા રંગથી આકર્ષાય છે. યુદ્ધમાં નૌકાદળને ભેજવાળી જગ્યામાં કામ કરતા નાવિકોનો ભૂરો યુનિફોર્મ બદલી નાંખવો પડ્યો કારણ કે એના વડે તેમને વધુ મચ્છરો કરડતા હતા! મચ્છરો અને બીજા રાતે ઊડતા જંતુઓ તેમજ જીવડાં ઘેરા નારંગી રંગના પ્રકાશ વડે દૂર હઠી જાય છે. રાત્રિનું નિયોન લાઈટ મચ્છરોને આવતાં અટકાવવામાં મદદરૂપ થઈ પડે છે.

રંગની આ પ્રતિભાનો ઉપયોગ કરી વહાણના માલિકોનું ઘણું દ્રવ્ય બચી શકશે. બાર્નેકલ નામના જંતુઓ ઘેરા રંગોથી ઘણા આકર્ષાતા અને જહાજના તળિયામાં આવા ઘેરા રંગો લગાડવાને પરિણામે વહાણો પર બાર્નેકલ જંતુઓની સારા પ્રમાણમાં જમાવટ થતી અને તેથી તળિયાં જલદી ખવાઈ જતાં. તળિયાં પર શ્વેત અથવા આછો લીલો રંગ કરતાં બાર્નેકલનો હુમલો બંધ થઈ ગયો અને અમેરિકન વહાણવટાને પ્રતિ વર્ષ ૧૦૦,૦૦૦,૦૦૦ ડૉલરનો બચાવ થઈ શક્યો.

યુદ્ધ દરમિયાન ઉદ્યોગોનો વિકાસ થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-આયોજનની કળાને સારો એવો વેગ મળ્યો છે અને હવે દરેક કારખાનામાં રંગોની સુયોગ્ય સજાવટ કરી કાર્યકરોને એકલી રાહત જ નહિ પણ પ્રકાશનું પ્રમાણ વધારી ઉત્પાદનની વૃદ્ધિ આણી શકાઇ છે. એક લોખંડના કારખાનામાં યંત્રોના સ્થૂળ ભાગોનો રંગ રાખોડો અને ગતિમાન ભાગોનો રંગ ઝાંખો કેસરી કરવામાં આવ્યો છે. ત્યાં છતનો રંગ સફેદ રાખેલો છે અને દિવાલો તથા સ્તંભોનો રંગ આઠ ફૂટની ઊંચાઇ સુધી ભૂખરો લીલો રાખવામાં આવ્યો છે, જ્યારે ભોંય તળિયું રાખોડી રંગનું છે. આગ હોલવવાના સાધનો લાલ રંગનાં છે અને પ્રાથમિક સારવારનાં સાધનોની પેટી લીલા રંગે રંગેલી છે. છેડાના ભાગો અને કિનારો પીળા રંગના રંગી તેમના પર કાળી પટ્ટી મારવામાં આવી છે અને સ્વિચો તથા ચાવીઓની પેટીઓ ભૂરી રંગવામાં આવી છે.

આવી રીતે રંગની સજાવટ જોનારના મનની અંદર પ્રસન્નતા ઉત્પન્ન કરે છે. પ્રકાશનો પણ વ્યય થતો તે બચાવે છે. કેમ્બ્રિજ ઇન્સ્ટ્રુમેન્ટ કંપની, ન્યુયોર્ક, જણાવે છે કે આ ‘કલર કંડિશનિંગ’ને પરિણામે તેના ઉત્પાદનમાં ૧૫ ટકા કામ કરવાની ચોક્કસતામાં ૪૦ ટકાનો વધારો તો થયો હતો. તે ઉપરાંત કાર્યકરોની ગેરહાજરીમાં ૬૦ ટકા જેટલો ઘટાડો પણ થયો હતો! બીજી એક ફૅક્ટરીએ એવું નિવેદન કર્યું હતું કે બે મહિનાની અંદર જમીન પર પડીને કચરા ભેગી વળાઇને ખોવાઇ જતી વસ્તુઓ બંધ થઈ જતાં રંગામણીનો થએલો ખર્ચ વસુલ થઇ ગયો હતો! અકસ્માતોના આંકડામાં પણ સુયોગ્ય રંગામણીને લીધે સારો ઘટાડો નોંધાયો છે તેમજ આંખોનું સંરક્ષણ થઇ શક્યું છે.

રંગોની શોધ સર આઇઝેક ન્યુટને વર્ષો પહેલાં કરી હતી પણ તેમના ચમત્કારિક ગુણો તો હમણાં જ લક્ષમાં આવ્યા હોઇ એવું સર્જાયેલું શાસ્ત્ર તદ્દન આધુનિક છે.*

* Popular Science, June 1947 ના એક લેખ ઉપરથી.

મનવા

ઓ મનવા રે મનવા!
ભૂલ નહિ ભૂતકાળ ભયાનક
પા પા પગલી પાડી અચાનક
વ્યોમ સદનમાં – સાગર મધ્યે
કૂદી રહ્યો – ઉડી રહ્યો. ૧

ઓ મનવા રે મનવા!
મંત્ર યુગે મહાનલ પ્રગટાવી
યંત્ર યુગે અણુશક્તિ સજાવી
વિશ્વ શક્તિનું સત્ય સનાતન
રૂંધી રહ્યો – યોજી રહ્યો. ૨

ઓ મનવા રે મનવા!
પરમ બ્રહ્મના નિગૂઢ તત્ત્વને
ગ્રહ ઉપગ્રહની ભવ્ય સફરને
કાળ કિનારે ઘૂમી ઘૂમીને
શોધી રહ્યો – યોજી રહ્યો. ૩

ઓ મનવા રે મનવા!
યુગયુગ કેરા રંગ પુરેલું
જગત સિદ્ધિનું ચિત્ર મધુરૂં
કોણ કહેતું રહ્યું અધુરૂં?
પૂછી રહ્યો – મોહી રહ્યો. ૪

ભાસ્કર વ્હોરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૫]

અવધિ રે! અવધિ!

ધૂમકેતુ

રે ચિતોડી રાણા વીર લખમશી! તને સંભારીએ છીએ અને અમને લાગે છે કે કાં તો તું આ ભૂમિનો નથી, કાં અમે આ ભૂમિના નથી!

બલિદાનનો મહિમા ગાતી કેટલી કેટલી ચારણ બિરદાવલિઓએ, રજપૂતીના વીરરસને વીરભદ્રી છંદમાં ખડો કર્યો છે, પરંતુ એ વીરભદ્રી છંદ પોતે પણ, તારી આ વીરતા વિષે સાંભળીને એક ઘડીભર તો ઠરી જ ગયો! એના દેહમાં સમાય એના કરતાં વધારે વીરરસ–વીરરસ શું? નર્યો લોહરસ–એમાં હતો!

તેં જે વીરયજ્ઞ રચ્યો'તો, રાણા! તારે ચિતોડને આંગણે, એણે તો ડુંગરમાળા અરવલ્લીનાં વજ્જર જેવાં ખડકની આંખમાંથી પણ આંસુ વહેતાં કર્યાં–હર્ષનાં, અને વળી શોકનાં! અને તું તો નરકેસરી, તારા શોણિત ભીના રંગમાંથી, ન ડગ્યો, ન હઠ્યો, ન ઝાંખો પડ્યો, ન મોળો પડ્યો, ન થાક્યો, ન ભય પામ્યો–તે તો તારો કેસરિયો વાઘો ધાર્યો તે ધાર્યો!

એટલે જ અમને આશ્ચર્ય થાય છે કે રે રાણા લખમશી! તારી એ શમશેરનું લોહ તું કઈ ભૂમિમાંથી ઉપાડી લાવ્યો હતો એ તો કહે! આજ અમારે આંગણે આપ! એની ખોટ પડી છે! લોહની! પાણી પીધેલ લોહની!

તારી એ વીરરસની ઉદ્રેક મૂર્તિ જોઈને, ભગવાન રુદ્રને મન થઈ આવ્યું, તારા માથા ઉપર હાથ મૂકીને કહેવાનું કે, 'ચિતોડી રાણા! વિષપાનનું કંઠાભરણ આજ દિવસ સુધી અદ્વિતીય ગણાતું–આજ તું એનો ભાગ પડાવનારો આટલાં વર્ષે, આ ડુંગરમાળામાં જન્મ્યો!'

રે! રાણા લખમશી! તારી આ વીરકથા સાંભરીએ છીએ–અને અમારા તો આજ, આટલાં વરસે રૂંવેરૂંવાં ખડાં થઈ જાય છે! અમને કોકનો એ ભાગ્યનો એક સહસાંશ તો મળે!

તારે આંગણે જુદ્ધ આવ્યું હતું. તેં એ નોતર્યું ન હતું. પણ જ્યારે હાલતું હાલતું તારે આંગણે આવ્યું, ત્યારે તું રજપૂતનો દીકરો, કાંઈ ડુંગરમાળામાં થોડો ભાગી જવાનો હતો! તેં તો ખીલજી અલાઉદ્દીનની સામે ચિતોડના દુર્ગને આધારે, તારી નિતસંગાથી સમશેરનો આધાર લીધો.

પદ્મિનીને લેવા આવ્યો'તો, આ દિલ્હીનો બાદશાહ, ત્યારે એક વખત તો, પેલા સાતસો મીયાનામાં બેઠેલા ને ઉપાડનારા થઈને આગળ પચાસસો રજપૂતોએ, એ એક નારીને માટે જાનન્યોછાવારી કરીને, રજપૂતીનો જયજયકાર વર્તાવ્યો હતો!

આ જ એ જ બાદશાહ, તારે આંગણે પાછો ફરીને આવ્યો છે! રજપૂતીનું પાણી માપવાની એને નેમ છે!

હિંદભરની રજપૂતીની મીટ તારા ઉપર મંડાઈ છે. તું પડે તો રજપૂતી પડે. તું ડગે તો રજપૂતી રંડાય. તું શરણે થાય તો રજપૂતની નારીના મોં ઉપર એક હજાર મણ કાજળના કાળા શેરડા પડે!

તારે તો ગઢ અજિત રાખવો'તો. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજિત રહેવું–એ કેટલું આકરું છે એનું દર્શન એક મધરાતે તને થયું. મા ભવાનીનું રણચંડી રૂપ તારી સામે આવીને સ્વપ્નમાં ખડું થઈ ગયું. હાથમાં એને ખડ્ગ છે. કંઠે કરેણુની માલા છે. શોણિતભીના એના હાથ છે. ભયંકર વિષધરોની જટાજૂટમાં વીંટાયલાં માનાં અગ્નિનેત્ર છે. તું તો રાણા જોઇ જ રહ્યો! પછી તેં હાથ જોડીને કહ્યું : 'કોણ છો દેવી! તમે? શું છે તમારે? રજપૂતી મારીની, જે વખતે આજ તાવણી થઈ રહી છે, તે વખતે આવું રૂપ મારા પોતાના મહેલમાં શું કરવા લાવ્યાં છો?'

'મને ન ઓળખી રાણા! હું તો ભવાની! રણક્ષેત્રની દેવી!'

'મા! ત્યારે તો તમે જ મને રસ્તો બતાવો, મારી આ રજપૂતી શી રીતે અણિશુદ્ધ પાર ઊતરે?'

'રાણા! પહેલાં તો તું મન સાથે નક્કી કર. તારે શું જોઇએ છીએ? અણિશુદ્ધ રજપૂતી કે વિજય?'

'માં! રજપૂતી!'

'અલ્યા એ રાણા! ફરીને બોલ, ફરીને બોલ, ફરીને વિચારીને બોલ! રજપૂતી તો ખંડેરોમાં વસે છે. વિજયધ્વનિ મહાલયમાં મહાલે છે. તારે શું જોઇએ છીએ, હવે કહે! રજપૂતી કે વિજય?'

'માં! મને તો રજપૂતીની ખેવના છે!'

'હું જાણું છું—મને ખબર જ હતી, કે આ ભૂમિનો કોઇ બાળક, રજપૂતી વિના બીજી કોઈ વસ્તુને મહામોલી નહિ ગણે, અરવલ્લીની ડુંગરમાળાનાં પાણી પી પીને, રજપૂત માત્ર ગાંડાતુર બન્યા છે પણ રાણા! મારે તો આજે એ હવે રજપૂતોનો ખપ પડયો છે જે, આ જુદી જ જાતના માણસો સામે, પોતાનો દાવ ખેલી શકે; પણ તમારે સૌને તો એ રજપૂતીનો મોહ છે–જે ખંડેરોમાં વસે છે! તો ભલે, તું ઉજ્જવલ રજપૂતીનો વારસો લે, પણ જો, ચિતોડની ગાદીના બાર રાણાઓ જ્યારે મરશે, ત્યારે એક રાણા–ને એક વંશવેલો પાંગરશે. અને લડાઈ રજપૂતીની ત્યારે જીવતી રહેશે! તારી રજપૂતી નિષ્કલંક રહેશે. પણ આ તારી સામે પડયા છે એને રોળીટોળી નાખનારો તો તારી બારમી પેઢીએ થાશે.* તમારે સૌને રજપૂતી—રજપૂતીનો મોહ છે. પણ આ કાંઇ રજપૂતીનાં ઘરાક નથી! આની સામે લડનારાની તો જુદી જ માટી જોઇએ! હું હવે એ માટી માગું છું!'

દેવી તો અદૃશ્ય થઈ પણ રાણા લખમશીને પછી ઊંઘ ન આવી. એને તો ચિતોડના બાર રાણાઓનાં માએ બલિદાન માગ્યાં હતાં, એ કયાંથી લાવી આપવાં, એની મનમાં ગડમાંગ થઈ રહી.

અને એને સાંભર્યું. 'આહા!' એ પોતાની શય્યામાં જ બેઠો થઇ ગયો. 'વાહ! મા! વાહ! તેં રજપૂતીને અમર રાખવાનો કેવો ભીષણ પંથ આજ મને બતાવ્યો છે! મારે દીકરા બાર છે—એમાંથી અગિયાર ચિતોડના રાણા બનશે, અને બારમો હું! આવતી કાલથી જ એક એક રાણાનો રાજ્યાભિષેક થાશે, એક એક રાણો જુદ્ધે ચડશે! છેલ્લો હું! વાહ!

* લખમશી રાણાની બારમી પેઢીએ શિવાજી મહારાજ થાય, એમ દંતકથામાં કહેવાય છે. લખમશીનો અજયસિંહ, અજયસિંહનો સજ્જનસિંહ દક્ષિણમાં ગયો. તેની ૧૧મી પેઢીએ શિવાજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં! વાહ!'

રાણાનો એ નિશ્ચય થયો ન થયો અને માનો આકાશી શબ્દઘોષ ફરીને એને કાને પડયો:

'રે મેવાડી રાણા! મેં આ ભોગ માગ્યા છે પણ મને નરમાંસની કોઈ તૃષા જાગી છે એમ તું માનતો ના. પણ જમાનો એક, આ જમીન ઉપર એવો આવી રહ્યો છે, જ્યારે માણસો, આતતાયીઓને હણી નાખવાનો શુદ્ધ ગીતાધર્મ પાળવાને બદલે, એમની સામેથી, મૂરખની જેમ, પંગુની જેમ, અરે કોઈ ઘેલછા પામેલા વિહ્‌વળની જેમ ભાગશે--સ્ત્રીઓનાં શિયળ માટે પણ નહિ લડે, ધરતી માટે પણ નહિ લડે, ધર્મ માટે પણ નહિ લડે, વારંવાર વિશ્વાસ મૂકશે ને શાંતિ માગ્યા કરશે, છેતરાશે તો પણ શાંતિ માગશે, ભીષણતાથી એવા ડરશે કે જેની પાસે કોઇ જ વિશ્વાસબિંદુ રહ્યું નથી, ત્યાં વિશ્વાસ મૂકવા જાશે—એ વખતે આ દેશમાં, ભીષણતાની કોઇ પરંપરા જાગતી રહે, અને માણસોના દિલમાં, રહેલો માણસ ન જાગે તો કાંઇ નહિ, પણ પશુ જાગીને પણ સામેના પશુ સામે લડીને મરી છૂટે—માટે મેં આ ભોગ માગ્યા છે રાણા! એવી કોઈક ભીષણવાત, જ્યારે ભીષણતા જ રેલાઈ રહી હોય ત્યારે, કોઈ ચારણી છંદનો કવિ ગાઈ ગાઇને પણ કોઈકને જગાડે, તો આંહીં કોઇક જાગે--હે રાણા! આ તારી ભૂમિની ઉજ્જ્વલ રજપૂતી ચાલતી રહે, માટે મેં આ ભોગ માગ્યા છે! મને તું નરમાંસની ભૂખી માનતો ના! પણ એ જમાનો આવે જ્યારે નરમાંસ સોંઘાં બને, ને પશુઓ મોંઘાં થાય, ત્યારે આ તારા રજપૂતો—બીજું કોઈ નહિ તો છેવટે રજપૂતો—પણ, એટલું સમજે કે ભીષણતા સામે તો એ જીતશે જે ભીષણ બનશે, માટે મેં આ ભોગ માગ્યા છે રાણા! ભીષણ રજપૂતી જ નરપીશાચી ભયંકરતાને રોકશે—એ પરંપરાને જીવતી રાખવા, આ ભોગ મેં આપ્યા છે એમ માનજે રાણા!'

મા ભવાનીના શબ્દના પડછંદા જાણે અરવલ્લીની ડુંગરમાળામાંથી ઊઠતા હોય તેમ, ઘેરો, ગંભીર, કોઈ ચારણી છંદનો નાદ ઊપડયો:

'ધર જાતાં ધ્રમ પલટતાં, ને ત્રિયા પડતાં તાવ,
એ તિનુહી દિન મરણરા, કહા રંક કહા રાવ!'

ધરતી, ધરમ ને ઘરણી પર, પડે લૂંટ કે ઘાવ,
સમા ખરા ત્રણ મરણના, હોય રંક કે રાવ!

[૨૬]

રૂપ રૂપ ને અરૂપ!

કલિંગાધિપતિએ એક વિશ્વખ્યાત મંદિર આદર્યું છે.

દૂર–દૂર સમુદ્રપારથી આવેલા વિદેશીઓ એને નિહાળે અને નિહાળ્યા જ કરે, જમાનાના જમાના જાય પણ એના જેવું કોઈનાથી ન થાય, વિજેતા એને જોતાં થંભી જાય, શિલ્પીઓ આશ્ચર્યમૂઢ બની જાય, એક વખત ત્યાં આવેલો-ફરી ફરીને એક હજાર વખત ત્યાં આવ્યા જ કરે, કલિંગરાજે, એવું અદ્‌ભુત મંદિર ઊભું કરવા ધાર્યું છે!

સોનું, રત્ન, માણેક, મોતી એણે સોંઘાં કર્યાં છે, અને પથ્થર–પથ્થરને મોંઘા કર્યા છે.

મંદિર ઊભું થયું. અને સૌને લાગ્યું કે વિશ્વમોહિની માયાને ત્યાં, જાણે પથ્થરમાં, કોઇ પોઢાડી ગયું છે! એવી અદ્‌ભુત મોહિની સ્થળે સ્થળે પાથરેલી છે! સૌંદર્ય દેવીને આવેલું સ્વપ્નું, શિલ્પીએ જાણે કે ચોરીને ત્યાં નખશિખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારી લીધું છે! જોનારો તે શું જુએ ને શું ન જુએ? એની આંખ થાકે, પણ કલ્પના ન થાકે!

ત્યાં ઊભેલી નૃત્યબાલાઓની મોહક જુવાની જોવા તો કાલ પોતે પોતાનું કામ ભૂલી જાય, એવી ત્યાં નાજુક કારીગરી, કરવાવાળાએ કરી છે! પ્રેમસમાધિમાં પડેલાં આંહીંનાં યુગલ જોઈને તો છેટે ઉભેલા ખોખડધજ વૃક્ષોને પણ નવાં અંકુર ફૂટયાં છે! એવી ધનુષબાલાઓએ માંડેલાં ધનુષ, જુવાનોને પ્રેમનાં શરથી વીંધે છે, તો વૃદ્ધોને ફરીને રણુના કોડ જગાડે છે! ત્યાં ઊભેલી દર્પણકન્યાઓ રૂપ જોતાં પોતે થાકતી નથી, તો એમને જોતાં, જોનારા થાકતા નથી! આંહીં તો ખૂણેખૂણામાં, કંદોરે કંદોરામાં, કુંભીએ કુંભીમાં, સ્તમ્ભમાં, ગજયૂથમાં, નરયૂથમાં, દેવવાહનમાં, રાસલીલામાં, ચાંદની-ખેલતી નારીઓમાં—ઠેકાણે ઠેકાણે એટલું તો રૂપ ઢોળાણું છે કે હવે નવી રૂપલીલા સરજવા માટે, બ્રહ્મદેવે પોતાના હૃદયમાં નહિ, આ મંદિરમાં, દૃષ્ટિ માંડવાની રહેશે!

ધન્ય છે રે! શિલ્પી! તને ધન્ય છે. મંદિરને છંટકાવ કરતો સમુદ્ર આ રૂપ જોશે ને માનશે કે મારી પુત્રી લક્ષ્મી ઊભી છે, લક્ષ્મી જોશે/ને માનશે કે એ તો બ્રીજભાન કુમારી રાધાનું પ્રેમસપનું છે! ભક્તો માનશે કે આ દેવલોકની રચના છે, દેવલોક તો સમજશે કે આવી તો ભક્તિની જ પ્રેમકલ્પના હોય! તેં—'હે શિલ્પી! તારી જીવનની સઘળી મૂડી આંહીં ખરચી નાખી, અને તું ધન્ય બન્યો!

એટલે જ જ્યારે કલિંગરાજે કહ્યું કે 'હે શિલ્પી! જેવું મંદિર બનાવ્યું છે, એવી હવે ભગવાન જગત્નાથની મૂર્તિ બનાવો, ત્યારે તારી આંખમાંથી અશ્રુની ધારા ચાલી નીકળી. તેં કહ્યું: 'હે મહારાજ! આ તમે મને પહેલાં કહ્યું હોત! મારી રંકની તો સઘળી મૂડી હવે ખરચાઈ ગઈ! હું દરિદ્રી—હવે શું આપી શકવાનો હતો? જગન્નાથની મૂર્તિ સરજનારો તો હવે કોઇ, બીજો શિલ્પી, મહારાજની પાસે આવી ચડશે! મારું રંકનું એ ભાગ્ય નહિ હોય, ભગવાનની ચરણરજ મસ્તકે મૂકવાનું!'

સભા તારાં પ્રેમાશ્રુ નિહાળી રહી! પણ જ્યાં પ્રેમને કોઈ સમજતું નથી, ત્યાં પ્રેમાશ્રુની તો શી વાત કરવી? કોઈને એમાં ગરીબી લાગી કલ્પનાની, કોઈને ભક્તિની, કોઇને વ્યવહારની, કોઇને શિલ્પકૌશલ્યની.

—અને તું તો નતમસ્તકે રાજસભાને પ્રણમીને ચાલી નીકળ્યો!

કલિંગરાજે ઘોષણા કરાવી. એણે ફરીને રૂપું, સોનું, હીરા, મોતી, માણેક સસ્તાં કર્યાં દેશવિદેશથી અનેક શિલ્પીઓ આવવા માંડયા! સૌ મંદિર જુએ છે—અને દિઙ્મૂઢ બની જાય છે! આ વિધાનકૌશલ્ય? આ રમણીય ભવ્યતા? પૃથ્વીના કોઈ શિલ્પીની એ કારીગરી ન હોય!

એનો ઘડવૈયો કાં ગાંધર્વલોકનો કાં સ્વર્ગ લોકનો! પૃથ્વી લોકનો તો કોઈ ન હોય!

આ મંદિરને યોગ્ય મૂર્તિવિધાન કરવું—એ તો એ જ કરી શકશે, જેણે આવું મનોરમ સ્વપ્ન ઊભું કર્યું છે! બીજા કોઈનું એ કામ નહિ!

મંદિરને શોભે એવું જગન્નાથનું સ્વરૂપ-વિધાન કરનારને, ભારોભાર સોનું, રૂપું, હીરા, માણેક, મોતી મળવાનાં હતાં, પણ બગાડનારને —મૃત્યુ! કોઇ આહ્વાન ઉપાડવાની હિમ્મત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું નથી. આ રૂપલીલા સામે રૂપ સરજવું —અને તે પણ જગતના નાથનું—કોઈ કહેતાં કોઈ શિલ્પી પગ માંડતો નથી!

—માથું ધુણાવી ધુણાવીને એક પછી એક અનેક ધુરંધર શિલ્પીઓ ચાલ્યા જાય છે!

અંતે એક શિલ્પી આવ્યો. એણે કલિંગ-રાજનું આહ્વાન ઉપાડી લીધું. પણ એણે એક શરત મૂકી. 'હું આમાં ભગવાન જગન્નાથનું એ સ્વરૂપ મૂકીશ, જે આ મંદિરના ઘડવૈયા શિલ્પીના હૃદયમાં રમી રહેલું, હું દેખું છું! મારુ રૂપ પણ નહિ મૂકું, તમે ધાર્યું છે એવું રૂપ પણ નહિ મૂકું! મારે તો જેણે આ મહાન મંદિર સરજ્યું છે એને અંજલિ આપવાની છે! આંહીંના પથ્થરેપથ્થરમાં મને એ રૂપ દેખાય છે! જે એના હૃદયમાં વસી રહ્યું છે! બોલો છે કબૂલ?'

'કબૂલ—કબૂલ—અમારે પણ મંદિરને અનુરૂપ રૂપ મૂકવાની જ નેમ છે!' સૌએ કબૂલ કર્યું. સૌના દિલમાં આશા પ્રગટી.

મંદિરનું આ રમણીય રૂપ નિહાળીને જે શિલ્પી ડોલી ગયો છે, એ શિલ્પી ભગવાન જગન્નાથનું જે રૂપ સરજશે એ કાંઈ જેવું તેવું નહિ હોય!

'પણ જુઓ,' શિલ્પીએ કહ્યું: 'હું જે રૂપ ભગવાનનું જોઈ રહ્યો છું—એ રૂપ ઘડતાં, એક મહિનો થાશે!'

'કબૂલ—એ પણ કબૂલ—!'

'મહિનામાં એક પળ—પણ ઓછી હશે, ને તમે જો કોઈ ઉતાવળ કરશો તો ઉપાસના મારી અફળ જાશે, તમારી મૂર્તિ જાશે!'

'ભલે એમ તો એમ.'

'પણ તમારે મને, એ દરમ્યાન બોલાવવો નહિ. કોઈ પ્રશ્ન પૂછવો નહિ. હું કામ કરું ત્યાં આવવું નહિ. કાંઈ અવાજ દેવો નહિ. હું ગમે તે કરું એમાં હરકત કરવી નહિ!'

શિલ્પીની શરતોએ જરાક સૌને વિચાર કરતા કરી મૂકયા, પણ થોડીવાર પછી એ શરતો પણ સ્વીકારી લીધી.

મંદિરમાં શિલ્પી કામ કરવા બેસી ગયો. ત્યાં કોઇને ફરકવાની મના છે. અવાજ કરવાની પણ મના છે. થોડા દિવસ તો શાંત કામ ચાલતું રહ્યું.

પછી એકાએક મોટામોટા અવાજ થવા માંડયા. મંદિરમાં જાણે ભાંગતોડ થઇ રહી હોય એવી, આશંકાનો સૌના મનમાં, સંચાર થયો: 'આ અવાજ શા માટે?

'મૂર્તિવિધાનમાં આટલી બધી ગરબડ શી?' પણ શિલ્પીની શરત સાંભરી આવી. સૌ મુદ્દત પૂરી થવાની રાહ જોવા લાગ્યા.

પણ અઠવાડિયું આડે રહ્યું—અને સૌને ખાતરી થવા માંડી કે, શિલ્પી ભાંગતોડ કરતો હોય તો જ આટલા અવાજ આવે!

શંકા પેઠી—પછી તો મનમાં એકહજાર ગણી ચિંતા આવી. સૌને થયું હાય રે! આ તો અનુપમ મંદિરનું નખોદ વળી જાશે.

પણ—વચન શિલ્પીનું વચન? એનું શું! હજી તો મુદત થઈ નથી. વચ્ચે એને કેમ બોલાવાય?

ચાર છ દિવસ બાકી રહ્યા—અને રાજા, પ્રધાન, મંત્રીમંડળ સૌ ચિંતાતુર બની ગયા. ભાંગતોડ અવાજ અસહ્ય થતો જતો હતો. ભાંગતોડ ચોખ્ખી સંભળાતી હતી. મોટા મોટા ગાબડાં જાણે પડતા હતા! શંકાથી ક્રોધથી, ચિંતાથી પરિણામના ભયથી, સૌ વ્યાકુળ બની ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શિલ્પીને અપાયલું વચન ?...નિરાધારીથી એક દિવસ તો સૌ મૂંગા રહ્યા.

બીજા દિવસના અવાજે તો વિહ્‌વળતાને વધારી મૂકી. રાત ને દિવસ અવાજ આવવા લાગ્યો.

સૌનાં મન વ્યગ્ર થઇ ગયાં. મૂર્તિ ન મળે તો કાંઇ નહિ—પણ મંદિર તો બચશે. નહિતર આ તો બધું નાશ કરી નાખશે !

મુદ્દતની વાત પડતી મૂકીને સૌ અંદર દોડયા.

અંદર શું હતું ? કાંઈ જ નહિ ! પેલો શિલ્પી બેઠો એક આકૃતિ કોતરી રહ્યો હતો. હજી એ અપૂર્ણ ને અ–રૂપ હતી !

'અરે ! એ મોટા શિલ્પીના દીકરા ! આ તારી જગત્‌ના નાથની મૂર્તિ છે ? આ ?' કલિંગરાજે ક્રોધમાં કહ્યું. પણ મંદિર સહીસલામત હતું–એટલો એને સંતોષ હતો.

શિલ્પીએ શાંત નમ્રતાથી કહ્યું: 'આપણી શરત સાંભરે છે મહારાજ ? એમાં એક પળની પણ ઉતાવળ કરવાની ન હતી. ને હજી તો આખા કેટલા દિવસો બાકી રહ્યા છે ?'

'તો હવે મૂર્તિ પૂરી કરી આપો ! આને કાંઈ સુકાય ! કયાં આ મંદિર—ને કયાં આ ?'

'મહારાજ ! ત્યારે આ મંદિરના મહાન શિલ્પીના અંતરમાં તો હવે આવું કોઈ અરૂપ જ રમી રહ્યું હતું એમ હું સમજું છું ! એને ખબર હતી કે રૂપને મર્યાદા છે. પણ અરૂપ ને ? મર્યાદા જ નહિ ! જ્યારે રૂપ તમામ ખલાસ થાય, ત્યારે પછી અરૂપ આવે ! શિલ્પી એવું કોઈ અરૂપ આંહીં મૂકવાનો હતો ! રૂપનો મહિમા તો જાણે એણે પ્રગટાવ્યો–આ મંદિરમાં, હવે તો એને અરૂપનો મહિમા ગાવાનો હતો. આંહીં આવે, જે કોઈ ભક્તજન, એ આ અરૂપમાં એટલું રૂપ દેખે, જેટલું, એની પાસે પ્રેમનું પોટલું હોય ! રૂપભગવાન તો એવા માટે હતા, જેમને રૂપાળું મંદિર ને રૂપાળું પૂતળું જોઈતું હોય ! પણ આ શિલ્પી–ખરેખરો મહાન હતો. એણે મંદિર તો સૌને માટે બનાવ્યું, પણ જગતના નાથનું રૂપ તો, જેનું જેટલું ગજું, તેટલું જ તેને મળે—એમ એ બનાવત ! પણ એ શી રીતે બને ? એક અરૂપ મૂકીને. સૌને એ દ્વારા એ કહેવાનો હતો કે જેટલું તમારું પોતાનું પ્રેમપોટલું હોય, તેટલું આ જગતના નાથનું રૂપ છે ! આ મંદિરમાં, મહારાજ ! શિલ્પીએ એટલું રૂપ મૂકી દીધું હતું, કે હવે એમાં રૂપનું એક વધુ ચાંગળું પણ ચાલે તેમ ન હતું. એ હતું સર્વાંગ સંપૂર્ણ.

હવે એમાં એક જ રૂપ વધુ સમાવી શકાય તેમ હતું. દરેક ભક્તજનના દિલમાં જે જુદું જુદું રહ્યું છે તે ! અને તેથી અ–રૂપ ! મહારાજ ! ભગવાન રૂપમાં વસે છે–એટલો જ એ અરૂપમાં વસે છે. આ મૂર્તિવિધાનનું એ તત્ત્વ હવે સૌનું બનો–અને મહાન શિલ્પીની એ મહાન કલાને આપણે પિછાનો !'

સૌને નમીને એક પળમાં જ શિલ્પી અદૃશ્ય થઇ ગયો !

(૨૭)

જનકસભા

સાંભળ્યું કોઈ એ ? આજ જનકપુરીમાં એક આશ્ચર્ય થયું !

મહારાજ *જનકની મિથિલાનગરીમાં બ્રહ્મ-સભા ભરાણી હતી. મોટા મોટા ઋષિમુનિઓ

* દેવરાતનો પુત્ર, દેવરાતિ જનક તે આંહીં સમજવાનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં હતા. જેમના એક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં લોં ભારે પડી જાય, એવા વિદ્વાનો બેઠા હતા.

'જે શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ હોય એ સોનેરી શૃંગમંડિત આ એક સહસ્ર ગાયો લઈ જાય' —વિદેહસભામાં દૈવરાતિની આ ઘોષણાએ એક ક્ષણભર તો કેકયમાંથી ને ગાંધારમાંથી, કુરૂ-પાંચાલમાંથી ને કોશલમાંથી, દૂર મધ્ય દેશ-માંથી ને કાશ્મીરમાંથી આવેલા સૌને સ્તબ્ધ કરી દીધા. આ વિદ્વદ્‌પરિષદ્ જ્યાં આશ્વલાયન ઋષિ હતા, ભુજ્યુ, ઉપસ્ત, કહોડ હતા, મુનિ ઉદ્દાલક હતા, ત્યાં કોની માએ સવાશેર સૂંઠ ખાધી હોય કે પોતાની બ્રહ્મનિષ્ઠ સ્થિતિને શ્રેષ્ઠતમ પ્રગટ કરવાની હિમ્મત કરે? અને હિમ્મત કરે તો આ પરિષદ્‌ના એક પ્રશ્નનો ઉત્તર આપતાં તો એને નેવનાં પાણી મોભે ચડે!

સૌ અંદર સમસમી રહ્યા છે. એટલામાં ઋષિ યાજ્ઞવલ્કય ઊભા થયા. પોતાના શિષ્યોને કહ્યું: 'ગાયો આપણે હાંકી લ્યો!'

સૌ સાંભળી રહ્યા. આ એ જ યાજ્ઞવલ્કય હતા. જેને એના અભિમાન માટે, વૈશંપાયને શાપ આપ્યો હતો! ઋષિમુનિઓને યાજ્ઞ-વલ્કયની ધૃષ્ટતા ખૂંચી રહી.

પણ યાજ્ઞવલ્કયે સૌ સાંભળે તેમ ફરીને મોટેથી પોતાના શિષ્ય પ્રોકતકારીને કહ્યું: 'અરે! પ્રોકતકારી! તું કોની રાહ જુએ છે? આ ગાયો યાજ્ઞવલ્કય બ્રહ્મનિષ્ઠ લઇ જાય છે, એમ બોલીને તું દોરી જા!'

સભામાં મોટી હોહા થઇ પડી. બ્રહ્મનિષ્ઠ આ સર્વશ્રેષ્ઠ છે એમ?

ટપોટપ યાજ્ઞવલ્કય ઉપર બ્રહ્મવિદ્યા વિષે પ્રશ્નોની વર્ષા વરસવા માંડી!

પણ એક એક પ્રત્યુત્તર આવે છે ને વિદ્વા-નોનાં મોં સિવાઈ જાય છે. શાકલ્ય ઋષિએ દલીલો ખૂટી ત્યારે નિંદા કરી! પણ એનો તરત વિનાશ થયો!

એ વખતે મહાબ્રહ્મનિષ્ઠ ગાર્ગી ઊભી થઈ. મહા પંડિતોએ જેની સમક્ષ પરાજય સ્વીકાર્યો હતો તેને હંફાવવાનું બીડું એણે ઝડપ્યું. એણે પોતાની તેજસ્વી વાણીમાં કહ્યું: 'હું પ્રશ્ન પૂછું છું?'

'પૂછો!' યાજ્ઞવલ્કયે કહ્યું.

'આ સૃષ્ટિ ઉત્પન્ન કરી કોણે?'

'ઈશ્વરે!'

'ચંદ્ર, તારા, સૂર્ય સઘળી સચરાચર સૃષ્ટિ એ શું છે?'

'એ પણ ઈશ્વર!'

'એણે સૃષ્ટિ ઉત્પન્ન કરી?'

'હા!'

'એ ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો?'

'આ પ્રશ્ન નથી!'

'કેમ રે! યાજ્ઞવલ્કય! મેં પૂછ્યું તેનો પ્રત્યુત્તર કયાં છે? ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો?'

'એ કોઇ જાણતું નથી!'

'પણ હું જાણું છું!'

'કોણે? ઈશ્વરને કોણ ઉત્પન્ન કરે?'

'સૃષ્ટિ એ ઈશ્વર છે, માટે જે સૃષ્ટિ ઉત્પન્ન કરે તે ઈશ્વરને ઉત્પન્ન કરે! ઈશ્વરને ઉત્પન્ન કરનાર પણ ઈશ્વર!'

✻

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. ચુનીલાલ વ. શાહની ષષ્ઠિપૂર્તિ

ઈશ્વર પેટલીકર

એક દિવસ છાપામાં વાંચ્યું: 'જાણીતા નવલકથાકાર શ્રી. ચુનીલાલ વ. શાહને આ મે માસમાં સાઠ વર્ષ પૂરાં થઈ એકસઠમું વર્ષ બેઠું હોઈ, તેમની ષષ્ઠિપૂર્તિ ઊજવવાની અમદાવાદ–મુંબઈ શહેરની સાહિત્ય-રસિક જનતા વિચારણા કરે છે. ત્યારબાદ નાનાં મોટાં બધાં છાપાંમાં એ અંગે ઉત્સાહ બતાવતા સમાચારો આવવા લાગ્યા.

પણ આ વાત મારા માન્યામાં ન આવતી હોય તેમ હૃદય વારે વારે પ્રશ્ન કરતું: 'શું આ સાચું છે? મુરબ્બી ચુનીભાઈને સાઠ વર્ષ થયાં?'

એમનો બેઠીદડીનો ભરાવદાર દેહ, જુવાનિયા જેવો ખમીસ–હાફકોટનો સુઘડ પહેરવેશ, સારી જાતની ચા પીવાનો શોખ અને સિગારેટનું ધૂમ્રપાન, એ બધું ચિત્ર મારી દૃષ્ટિ સન્મુખ ખડું થયું. સવાલ થયો—ખોટી વાત. ચુનીભાઈને સાઠ થયાં કહેનારની બુદ્ધિ ઠેકાણે ન હોવી જોઈએ!

વળી એમની નવલકથાઓ પણ મને એ સાઠ વર્ષના થયા હોય તેમ માનવા દેતી નથી. છેલ્લી છેલ્લી એમની નવલો જોનારને લાગશે કે, 'જિગર અને અમી'નો પ્રેમ આલેખનાર વૃદ્ધ ન હોય. 'તપોવન' અને 'વિષચક્ર'નું આધુનિક વાતાવરણ હૂબહૂ સર્જનાર અને અદ્યતન પાત્રો—તારિકા, સુવદન, સુસ્મિતા, ગિરીશ વગેરેને જન્માવનારને વૃદ્ધ કહેનારની અક્કલ સાચે જ મારી ગઈ હોવી જોઈએ.

વળી છેલ્લી એમની નવલકથા 'એકલવીર' વાંચનારને એક ખાતરી તો જરૂર થશે, નવલકથા તરીકે એ સર્વશ્રેષ્ઠ છે એમ ભલે કોઈ ન સ્વીકારે, પણ ચુનીભાઈને સાઠ વર્ષ નથી થયાં તે વાત એ વાંચીને સર્વને કબૂલ કરવી પડશે. ઐતિહાસિક નવલકથાને આત્મકથાના રૂપમાં લખવાનો એમનો એ નવીન પ્રયોગ છે. વળી સાચે જ એ વૃદ્ધ થયા હોત તો 'એકલવીર'નો જે 'પ્રવેશક' એમણે લખ્યો છે, તે એ ન લખી શકત. વાચકોને ભ્રમમાં નાખવાનું એ ચાતુર્ય એક યુવક નવલકારનું હોય તેમ વાંચતાં ખાતરી થાય છે. કેવી હોવશીથી બનાવટ કરી છે! અને એ બનાવટ પૂરેપૂરી કરી પણ જાણી છે!

જાણે કોઈ ગ્રંથ, પાટણનાં ખંડિયેરોમાંથી સાચે જ હાથ લાગી ગયો હોય, એમાં પોતાના ઘરનું કંઈ ન ઉમેરતાં જાણે એનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હોય તે જ પ્રમાણે નવલકથા ઠેઠ સુધી જવા દીધી છે. અને અંત પણ જે બનાવટ કરી છે, તે સંપૂર્ણ દીપી ઊઠે તેવો આણ્યો છે. વાર્તા અધૂરી હોય તેમ અટકાવી છે, અને કહ્યું છે—જે ગ્રંથ મને પાટણના ખંડિયેરમાંથી મળ્યો હતો તેનાં તે પછીનાં પાનાં નહિ હોવાથી વાર્તા અહીં જ અટકે છે!

વાહ ચુનીભાઈ! તમે જુવાનને શરમાવે તેવા નવીન પ્રયોગ કરતા કરતા સારી નવલો નિયમિત આપ્યે જાવ છો એ જાણી હું રાચતો હતો અને માનતો હતો કે તમે દિવસે દિવસે જુવાન થતા જાઓ છો! ત્યાં કોણ જાણે કોને દુર્બુદ્ધિ સૂઝી કે તમારી જન્મ તારીખ ઉપરથી એણે સાઠ વર્ષ પૂરાં થયાની વાત વહેતી મૂકી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દુર્બુદ્ધિ બતાવનાર જે ગુનેગાર હોય તેણે સાચે જ ચુનીભાઇની અને ગુજરાતની કુસેવા કરી છે ! ચુનીભાઇને પોતાને પણ લેખનની એકરતતામાં ઉંમરનું સ્મરણ નહિ રહેતું હોય, તે આ ષષ્ઠિપૂર્તિ પ્રસંગ ઊજવવાથી કાયમ રહેશે. અને ન કરે નારાયણ અને એમને પોતે વૃદ્ધ થઇ ગયા છે એ ખ્યાલ અંતરમાં ઘર કરી ગયો તો એમને દિવસે દિવસે જે જુવાની ફૂટે છે તેનાં વળતાં પાણી થઇ જવાનાં. આશા રાખીએ કે એ ભ્રમમાં એ પોતે નહિ ફસાય. છતાં જો લેખનમાં પ્રગતિ અટકેલી લાગે તો એનો ગુનો ષષ્ઠિપૂર્તિની પ્રથમ દુર્બુદ્ધિ બતાવનાર ઉપર છે.

તો શું ચુનીભાઈમાં ઉંમરના પ્રમાણમાં કોઈ ગુણાવગુણ હજુ સુધી આવ્યા નથી ?

ના કેમ આવે ? તો તો કુદરત હારી ગણાય.

ચુનીભાઈને 'પ્રજાબંધુ'ના એક અંગ તરીકે જોતાં મને નારિયેરી યાદ આવે છે. મનુષ્યે એને ઉછેરતી વખતે થોડું જળ સીંચ્યું હોય છે તે ઉપકારનો બદલો વાળવા નારિયેરી મોટી થતાં અમૃતસમુ જળ મનુષ્યને પાવા માટે પોતાને માથે નારિયેરોનો ભારે બોજો જીવતાં લગી લેઇને ફરે છે. એક ક્ષણે ચુનીભાઇ 'પ્રજાબંધુ'માં દાખલ થયા ને પછી આજ ચાલીસ વર્ષ સુધી એ જ પત્રમાં ટકી રહેનાર એમના જેવો ગુજરાતમાં કોઈ દાખલો છે ? 'પ્રજાબંધુ'ની ગુજરાતના પ્રથમ કક્ષાના સાપ્તાહિક તરીકે એકધારી જે પ્રતિષ્ઠા છે, નીતનવીનતા સાથે અંકને સમૃદ્ધ બનાવવાની પ્રયોગશીલતા છે, તે ચુનીભાઇને આભારી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આજે જ્યારે નવાં નવાં છાપાં પ્રસિદ્ધ થતાં જાય છે ત્યારે એવા સફળ અને પીઢ પત્રકારને વધારે પગારની લાલચ નહિ આવતી હોય શું ? છતાં એ લાલચને વશ થયા વગર, નારિયેરીની જેમ એ 'પ્રજાબંધુ'નો નાની ઉંમરનો ઉપકાર અત્યાર સુધી ભૂલ્યા નથી, એમ એમની કાર્યથી એકનિષ્ઠા સાક્ષી પૂરે છે. આ ગુણ એમની ઉંમરનો છે.

કાર્ય પ્રત્યેની ચિવટ એ એમનો ઉંમરનો બીજો ગુણ છે. 'પ્રજાબંધુ'નું એક એક પાન મશીન ઉપર જતા પહેલાં ચુનીભાઇની આંખ આગળથી પસાર થાય છે. પુસ્તકોમાં પણ ભાગ્યે જોવા મળતી જોડણીની શુદ્ધતા 'પ્રજાબંધુ'માં જે જળવાય છે, તે પણ એમની ઉંમરનો ગુણ છે.

ચુનીભાઇનો તંત્રી તરીકેની તટસ્થતાનો મોટો ગુણ એ પણ એમની ઉંમરનો પ્રભાવ છે. એમના ટેબલ ઉપર પડેલા લેખની કિંમત, એ લખાણનું કેટલું સત્ત્વ છે તે ઉપર છે. એ લેખક ઘણો જાણીતો છે કે મોટો ડિગ્રીધારી છે, એથી એ ખિસકુ દોરવાતા નથી. સાવ નવું નામ હોય તેથી એ લખાણની ઉપેક્ષા પણ થતી નથી. વળી લેખકોને તંત્રીઓ અંગે જવાબ ન આપવાની કે લખાણ ટિકિટ બીડી છતાં પરત ન કરવાની જે ફરિયાદ હોય છે તે 'પ્રજાબંધુ'માં નથી બનતું એમ જે કોઈ અનુભવી કહે છે, તે ગુણ પણ ચુનીભાઇનો છે. આમ નારિયેરીની જેમ, જે 'પ્રજાબંધુ'એ ગઇકાલે ચુનીભાઈને ઘડ્યા હતા, તે 'પ્રજાબંધુ'ને ચુનીભાઈ આજે ઘડી રહ્યા છે !

આવા જાણીતા નવલકાર અને પત્રકારને જેમણે એમના ગિરધરનગરના નિવાસસ્થાને જોયા હશે તેમને ઘરની સાદાઇ, બંડી સાથે ટૂંકું પહેરેલું ધોતિયું, ટેબલ-ખુરસીને સ્થાને શેતરંજી ઉપર બેસી એકાદ ઢાળિયા ઉપર કાગળ રાખી લખતા નિરખવાનું સદ્ભાગ્ય મળ્યું હશે, એ બધી સાદાઈ પણ તેમની વયનો ગુણ છે.

પરંતુ સૌ કરતાં એમથી વયનો મોટો ગુણ કાર્યરતપણું. નિષ્ફળતા મળે છતાં જે કામ કરવાનું હોય તેને નિરાશ થયા વગર બમણા વેગે વળગી રહેવું એનો સાહિત્ય-જગતમાં મોટો દાખલો ચુનીભાઈ છે.

નિષ્ફળતા એ સફળતાનો પાયો છે, એ એમણે સાચું પાડી બતાવ્યું છે. એમનાં શરૂનાં સર્જન સાવ સાધારણ છે. એથી એમને કંઇ પ્રોત્સાહન પણ મળ્યું નથી. છતાં એ લેખનને વળગી રહ્યા અને આજે સાઠમે વર્ષે પણ કોઇ ન...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતમાં નિયમિત નવલ આપતો નથી ત્યારે એ સફળ નવલો આપ્યે જાય છે.

આ સિવાય એ ગુણ તો એમનામાં એવો છે કે તે સફળતા મળ્યા પછી ટકાવવા મુશ્કેલ ગણાય છે. એક જાહેર સભાઓમાં મોખરે સ્થાન લેવાની ઇચ્છાનો અભાવ અને બીજો, પોતાની કૃતિની ત્રુટીઓ નાના માણસ પાસેથી પણ હસતે મોઢે સાંભળવાની-સ્વીકારવાની ખેલ દિલી.

આમ એમનામાં જેમ વયના ઘણા ગુણ છે, તેમ અવગુણપૂર્વગ્રહ પણ છે. પરંતુ એ અવગુણ ચંદ્રમાંના ડાઘ જેવા છે એટલે ઘણાંને એ લાગતો નથી–ઊલટું અમુક વર્ગ એને મોટો ગુણ પણ માને છે. નવલકથાઓ બોધપ્રધાન હોવી જોઈએ એમ એમની નવલો વાંચતાં લાગ્યા કરે છે. કથામાં બોધ હોય તેનો મુદ્દલ વાંધો નથી. ટોલ્સ્ટોયની કૃતિઓ એવી જ છે. પરંતુ ચુનીભાઇની કથાઓનો બોધ મોટે ભાગે 'જૂનું એટલું સારું અને નવું એટલું ખોટું' એવા પૂર્વગ્રહવાળો હોય છે. એટલે પૂર્વગ્રહને લીધે એમનાં પાત્રો અને સંવાદ ક્યારેક ક્યારેક કૃત્રિમ બની જાય છે.

પણ ભૂલ્યો ! ભગવાને એ પૂર્વગ્રહ જાણીને જ મૂક્યો હશે. એમની કૃતિઓ નજરાય નહિ તે માટે ! ચંદ્રમાંના ડાઘનું પણ એવું જ હશે કે શું ?

આવા ચુનીભાઈને એમના બંને ક્ષેત્ર તરફથી માન મળ્યું છે. એમની સુંદર નવલકથાઓ બદલ સાહિત્ય સભાએ ૧૯૩૭ માં રણજીતરામ સુવર્ણચંદ્રક આપ્યો હતો. સફળ પત્રકાર તરીકેનું બહુમાન મુંબઇ ખાતે ભરાયેલ સાહિત્ય પરિષદે તેમને પત્રકાર વિભાગના પ્રમુખ ચૂંટીને કર્યું હતું.

આવા ગુણીજનની પૂજા આપણે એમની ષષ્ટિપૂર્તિ દ્વારા કરવા ઊભા થયા છીએ તે વયને લીધે નહિ, ગુણને લીધે જ. વય એ તો એક નિમિત્ત જ છે.

મુરબ્બી ચુનીભાઈ દીર્ઘાયુષ ભોગવી ગુજરાતની સાહિત્યસેવા વધુ સારી કરે એ જ પ્રભુને પ્રાર્થના !

✻

સંસ્કાર સાહિત્ય મંદિરની ત્રણ નવી નવલકથા

૧ આશાનું બીજ ભાગ ૧લો } રૂ. ૯-૦-૦
,, ભાગ ૨જો } ટ. ખ. ૦-૧૦-૦
૨ માતાનું હૃદય કિંમત રૂ. ૩-૦-૦ ટ. ખ. ૦-૫-૦
૩ અથડાતા વાયરા નવેંબરની ૧૫મીએ પ્રગટ થશે.

અમારાં બીજાં પ્રકાશનો

લા મિઝરેબલ (દુનિયાભરની શ્રેષ્ઠ નવલકથા) બન્ને ભાગના	રૂ. ૮-૦-૦	ટ. ખ. ૦-૮-૦
મહાદેવભાઈ (જીવનપરિચય)	૩-૦-૦	ટ. ખ. ૦-૪-૦
પથ્થરનાં પારેવાં (નાટક સંગ્રહ)	૨-૧૨-૦	ટ. ખ. ૦-૪-૦
ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે ભા. ૧-૨-૩-૪	૧૧-૪-૦	ટ. ખ. ૧-૦-૦

: પ્રાપ્તિસ્થાન :

સંસ્કાર સાહિત્ય મંદિર જોરાવરનગર (B. S. RLY.)

આઝાદ ભંડાર–ડી/૧૧ માધવજી બિલ્ડિંગ સેન્ડહર્સ્ટ રોડ મુંબઇ-૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુર દાંત વિ. મજબૂત દાંત

શ્રી. બંસી ગાંધી, बी. एससी.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम. एससी, पीएच डी.

અમેરિકન મેડીકલ એસોસિએશન તરફથી પ્રગટ થતા 'હાઇજીઆ' માસિકના ઑગષ્ટ ૧૯૪૭ના અંકમાં 'મધુર દાંત વિ. મજબૂત દાંત' (Sweet tooth versus Sonnd Teeth) શીર્ષક એક વિચારપ્રેરક લેખ છે અને તેમાં દાંત વિષે અગત્યની માહિતી આપેલી છે.

માનવીના શરીરમાં કઠણમાં કઠણ પેશી (tissue) દાંતનું એનેમલ છે; અને છતાં તાજુબીની વાત છે કે આનો સડાથી નાશ થાય છે. દાંતના સડાનું કારણ શોધતા વૈજ્ઞાનિકોનો એવો મત છે કે દાંત ઉપરનું કઠણ પડ તેની સપાટી પર અસર કરતા તેજાબોથી ખવાઇ જાય છે.

આવા તેજાબો બેકટીરીઆ ઉદ્‌ભિજ્જાણુઓની હાજરી અને કાર્યશક્તિને લીધે ઉત્પન્ન થાય છે. આ ઉપરથી દાંત વચ્ચે તેમ જ પેઢાની જગ્યાઓ ઉપર ખાડા કેમ પડે છે તે સમજાય છે. આવી જગ્યાઓમાં બેકટીરીઆ ભરાય છે અને દાંતની સપાટીને ચોંટીને આસાનીથી રહે છે. દાંતના જે ભાગો સારી રીતે બહાર દેખાતા હોય છે અને જે ચાવતી વખતે ખોરાકના તેના ઉપર ફરવાથી સાફ થતા રહે છે તેના ઉપર સડો થતો નથી. આ વિષયનો અભ્યાસ સૂચવે છે કે જે લોકો ખોરાક સારી રીતે ચાવે છે તેમના દાંતમાં, બીજા લોકોના કરતાં ઓછો સડો થાય છે.

હવે જો બેકટીરીઆ જ આ સડાનું સીધું કારણ હોય તો તેઓ રોગ કેવી રીતે ઉત્પન્ન કરે છે? એક વાત તો ચોક્કસ છે કે તે કાંઈ કઠણ દાંતમાં કાણા પાડતા નથી. બેકટીરીઆ પોતાની જીવનપ્રવૃત્તિમાં કેટલાક પદાર્થો પોતાના શરીરમાંથી કાઢે છે જે આજુબાજુના પદાર્થોમાં રાસાયણિક ફેરફારો ઉત્પન્ન કરે છે. રાસાયણિક ફેરફારો ઉત્પન્ન કરતા આવા પદાર્થો 'એન્ઝાઇમ્સ' (enzymes)ના નામથી ઓળખાય છે. દૂધનું ખાટું થવું, ફળફળાદિમાં આથો આવવો (fermentation) અને માંસમાં સડો ઉત્પન્ન થવો (putrefaction) વગેરે ફેરફારો માટે આ એન્ઝાઇમો કારણભૂત હોય છે.

એટલે બેકટીરીઆ, દાંતની રક્ષિત સપાટી પર રહીને એન્ઝાઈમ ઉત્પન્ન કરવાની પોતાની શક્તિને લીધે પાસેના પદાર્થમાં 'કંઈક' ઉત્પન્ન કરે છે જે દાંતના એનેમલનો નાશ કરે છે. આ કંઈક એક તેજાબ હોય છે અને તેનામાં કઠણ દાંતને ઓગાળવાની પ્રબળ શક્તિ હોય છે. ત્યારે દાંતની સપાટી પર એવો કયો પદાર્થ હોઇ શકે જેમાંથી આવી પ્રબળ શક્તિ ધરાવતો તેજાબ ઉત્પન્ન થતો હોય? એ પદાર્થ આપણા ખોરાકમાં રહેલો હોવો જોઈએ એ તો ચોક્કસ. આપણે જે ખોરાક મોંમાં મૂકીએ છીએ તે પૈકી એક જ જાતના પદાર્થોનું તેજાબમાં રૂપાંતર થઈ શકે અને તે કાર્બોહાઇડ્રેટ પદાર્થો એટલે કે ખાંડ અને મેંદાવાળા પદાર્થો (સ્ટાર્ચીઝ) આ પદાર્થો કાર્બોહાઇડ્રેટ તરીકે ઓળખાય છે. આ પદાર્થો જેટલા વધારે સાફ (refined) તેટલું તેનું તેજાબમાં જલદીથી રૂપાંતર થાય છે.

પુષ્કળ સાબિતી ઉપરથી પુરવાર થયેલ છે કે ખોરાકમાં લેવાતા કાર્બોહાઇડ્રેટ પદાર્થો દાંતના સડાની સાથે સંકળાયેલા છે. જૂના વખતમાં ઇજિપ્તના લોકોએ એવું નોંધેલું કે જે લોકો પુષ્કળ પ્રમાણમાં સ્વાદિષ્ટ ખજૂર અને અંજીર લેતા તેમનામાં દાંતના સડાનું પ્રમાણ વધારે હતું. અગાઉ એસ્કીમો જાતિમાં દાંતના સડાનું અસ્તિત્વ લગભગ ગેરહાજર હતું; પરંતુ જ્યારથી તેણે સુધરેલા માણસનો ખોરાક લેવો શરૂ કર્યો ત્યારથી તેનામાં દાંતના સડાનું પ્રમાણ દાખલ થયું. એસ્કીમોને કાર્બોહાઇડ્રેટ પદાર્થો ભાવવા માંડ્યા અને આ રીતે સ્વાદિષ્ટ દાંતના સંબંધનથી તેના કુદરતી દાંત સડવા માંડ્યા. આજ દરીઆકાંઠા ઉપર જ્યાં એસ્કીમોએ સુધરેલી દુનિયામાં પગપેસારો કર્યો છે ત્યાં તેમના દાંત ખૂબ જ ભયજનક સ્થિતિમાં હોવાની નોંધ થયેલ છે. એસ્કીમોનો ખોરાક પહેલા મુખ્યત્વે ચરબીવાળા અને પ્રોટીન પદાર્થોનો હતો અને તેમના ખોરાકમાં કાર્બો-હાઇડ્રેટ પદાર્થોનું પ્રમાણ તો ફક્ત દસ ટકા જ હતું. આ ખોરાકમાં હવે એટલો બધો સુધારો થયો છે કે ખોરાકનો લગભગ અર્ધોઅર્ધ ભાગ કાર્બોહાઇડ્રેટ પદાર્થોનો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જ સ્થિતિ બીજી જાતિઓમાં માલૂમ પડેલ છે. જ્યાં સુધી લોકો પોતે જે પ્રદેશમાં રહેતા હોય ત્યાં ઊગતા કુદરતી ખોરાક લેવાનુ રાખે ત્યાંસુધી તેઓ દાંતના સડાથી મુકત રહે છે, પરંતુ જેવા તે સાફ કરેલ અને સ્વાદિષ્ટ ખોરાક લેવાનું શરૂ કરે છે કે તરત જ દાંતની પીડા શરૂ થાય છે.

પહેલા એવી માન્યતા હતી કે દાંતનો સડો અમુક વસ્તુ—દા. ત. વીટામીન 'ડી' અથવા 'સી' અગર કેલસીઅમ—ની ગેરહાજરીને આભારી હોય. પરંતુ સારા પ્રમાણમાં માહિતી મળે છે કે દાંતનો સડો ખોરાકની અમુક વસ્તુઓની ગેરહાજરીને લીધે નહિ પરંતુ ખોરાકના વધારે પ્રમાણને લીધે હોય છે અને ખોરાકનો આ વધારો તે—સાફ કરેલા કાર્બોહાઇડ્રેટ પદાર્થો લડાઇના વખતમાં કેદખાના, કોન્સેન્ટ્રેશન કેમ્પો કે આવી બીજી જગ્યાએ રાખવામાં આવેલા અને ખરાબ પોષણના ભોગ થઇ પડેલા માનવીઓમાં દાંતના સડાનો વધારો જણાતો નથી. હિંદમાં એક દુકાળ પીડિત ઇલાકામાં જ્યાં અમેરિકાના આહાર ધોરણની સરખામણીમાં ખોરાક ઘણો ઓછો અને સત્ત્વહીન હતો અને આથી કરીને જ્યાં લોકોમાં તીવ્ર ખરાબ પોષણની નિશાનીઓ માલૂમ પડતી હતી ત્યાંથી મળતા અહેવાલ પ્રમાણે દર બે બાળકે સડેલા દાંતની હાજરી જણાતી હતી. ૩૦૦ બાળકો તપાસવામાં આવ્યા હતા. ન્યુયોર્કમાં રોચેસ્ટરમાં તેજ ઉંમરના બાળકોમાં ઓછું પોષણ પામેલા હિંદુ બાળકો કરતા ૩૫ ગણા વધારે સડેલા દાંત જોવામાં આવ્યા હતા.

યુનાઇટેડ સ્ટેટસમાં ખાંડની વપરાશમાં ખૂબ જ વધારો થયેલ છે. આ સદીની શરૂઆતમાં દરેક માણસ દીઠ દર વર્ષે ૧૦ પાઉંડ ખાંડના વપરાશ હતો. હવે એવી ગણતરી થયેલ છે કે લગભગ ૧૨૫ પાઉંડ દર માણસ દીઠ દર વર્ષે વપરાય છે.

હવે આનો ઉપાય શો ? સારા પ્રમાણમાં સાબિતી મળે છે કે ખાંડ અને મેંદાવાળા પદાર્થોનું પ્રમાણ ખોરાકમાં ઓછું કરવાથી દાંતના સડાનું પ્રમાણ ઓછું કરી શકાય. ખાસ કરીને ખાંડ નુકસાનકારક છે. આવા કેસમાં માણસને મધુપ્રમેહના દર્દીને જેમ કાર્બોહાઇડ્રેટ રહિત ખોરાક ઉપર રાખવામાં આવે છે તેમ દાંતનો સડો થતો હોય તેવા વ્યકિતને બેથી ત્રણ અઠવાડિયા માટે ખોરાકમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થ આપવામાં ન આવે. થોડા વખત પછી આ પ્રતિબંધમાં થોડી છૂટ મૂકવામાં આવે અને બીજા બે કે ત્રણ અઠવાડિયા માટે કાર્બોહાઇડ્રેટ પદાર્થો થોડા પ્રમાણમાં આપવામાં આવે. પરંતુ ખરી મુશ્કેલી એ છે કે માણસોને ખાંડ અને બિન કાર્બોહાઇડ્રેટ પદાર્થો લેવાની ટેવમાંથી મુક્ત કરવાનુ કામ બહુ કઠણ છે કારણકે તેનો સ્વાદ એવો ઇષ્ટ હોય છે કે તેનો લાભ છોડી દેવાનું કાર્ય ઘણું કઠણ છે.

આ મુશ્કેલીને અંગે વૈજ્ઞાનિકોએ દાંતનો સડો અટકાવવા બીજી રીતો શોધવા પ્રયત્ન કરેલ છે. તેમાંની કેટલીક મુખ્ય રીતોનો અંહીં ઉલ્લેખ કરીએ: એક તો મોમાં જે બેકટીરીઆ એના નુકસાનકારક તેજાબો ઉત્પન્ન કરે છે તેનો નાશ કરવો; બીજું દાંતની એની પેશી ઉત્પન્ન થાય જે તેજાબમાં ઓછી ઓગળી શકે; ત્રીજું મોંમા 'એન્ઝાઇમ ઝેર'નો ઉપયોગ કરવો જે બેકટીરીઆમાંથી ઉત્પન્ન થતા, કાર્બોહાઇડ્રેટ પદાર્થોના તેજાબમાં રૂપાંતર કરતા, એન્ઝાઇમને નિષ્ક્રિય બનાવે, ચોથું જે તેજાબ દાંત ઉપર અસર કરે છે તેનુ ક્ષારમાં પરિવર્તન (neutrali-Zation) કરવું; અને દાંતની સપાટી પરથી કાર્બોહાઈડ્રેટને, તેનું નુકસાનકારક તેજાબમાં રૂપાંતર થાય તે પહેલા, ત્યાંથી દૂર કરવો. દાંતનો સડો અટકાવવાની આ બધી શકય રીતો વૈજ્ઞાનિક તપાસમાં છે.

દાંતનો સડો અટકાવવા સૂચવાએલી કેટલીક રીતોનો અંહીં નિર્દેશ કરવો યોગ્ય લાગે છે. હજુ તો તે બધી પ્રયોગાત્મક સ્થિતિમાં જ છે. તાજેતરમાં એવું માલૂમ પડેલ છે કે એમોનીઆના આલ્કલાઇન ક્ષારો દાંતનો સડો ઉત્પન કરનારા બેકટીરીઆનો નાશ કરે છે. કેટલાક લોકો જેઓ દાંતના સડાથી બિલકુલ મુક્ત હોય છે તેમના મોંમાં કુદરતી રીતે એમોનીઆ ઉત્પન્ન થાય છે અને આને લાધે તેમના મોંમાં આ બેકટીરીઆ જંતુઓ હોતા નથી એવું માલૂમ મડે છે. એમોનીઆ મુક્ત કરતાં દંતમંજનનો ઉપયોગ આ માટે થઈ શકે કે કેમ એ વિષે પ્રયોગાત્મક અભ્યાસ થઈ રહેલ છે.

કેટલાંક વર્ષોથી એવું જાણવામાં આવેલ છે કે જે જગ્યાએ પીવાના પાણીમાં દર દસ લાખે એકના પ્રમાણમાં 'ફ્લોરીન' હોય તેવી જગ્યાએ જન્મેલા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊછરેલા માણસોમાં દાંતના સડાનું પ્રમાણ બીજી જગ્યાઓ કરતાં ઓછું માલૂમ પડેલ છે. ફ્લોરીનની આ અસરનું કારણ એ છે કે તેનામાં દાંતને તેજાબમાં ઓગળતા અટકાવવાની શક્તિ છે. આથી જુદા જુદા ફ્લોરીનયુક્ત પદાર્થો દાંત ઉપર લગાડવામાં આવે છે. પરંતુ ફ્લોરીન ઝેરી તત્ત્વ છે અને તેથી તેનો બહુ સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. ફ્લોરીન પેદા કરતી ગોળીઓ અને ટીકડીઓના ઉપયોગની શક્યતા વિષે અભ્યાસ થઈ રહેલો છે.

બેક્ટીરીઆ જે એન્ઝાઈમો મોંમાં કાઢે છે અને જે કાર્બોહાઇડ્રેટ પદાર્થોનું તેજાબમાં રૂપાંતર કરી, દાંતનો સડો ઉત્પન્ન કરે છે તે એન્ઝાઇમોનો નાશ કરવા 'એન્ઝાઇમ ઝેર'ના ઉપયોગનો વિચાર થઈ રહેલ છે. આવો એક પદાર્થ વીટામીન 'કે' છે, જે 'એન્ઝાઇ ઝેર' તરીકે કામ આપે છે. આ તેમ જ બીજા આવા પદાર્થોનો ઉપયોગ હજુ પ્રયોગાત્મક સ્થિતિમાં છે.

અંતમાં, કાર્બામાઈડવાળા દંતમંજનનો ઉપયોગ સૂચવાએલ છે. આ કાર્બામાઇડ મોંમાં રહેલા યુરીએઝ નામના ખમારથી એમોનીઅમ કાર્બોનેટમાં રૂપાંતર પામે છે. આ એમોનીઅમ કાર્બોનેટ આલ્કલાઇન હોઇ તેજાબનું ક્ષારમાં પરિવર્તન કરે છે. ૨૦૦ લોકોમાં આવા દંતમંજનના બે વર્ષના વપરાશથી દાંતના સડાની બાબતમાં ૬૦ ટકા ઘટાડો થયાનું પુરવાર થયેલ છે.

૧૦૦ ઓકટેઈન પેટ્રોલ

'૧૦૦ ઓકટેઇન પેટ્રોલ' વિમાનોમાં વપરાતું પેટ્રોલ. પણ આ પ્રવાહીને પેટ્રોલ તરીકે ઓળખાવવું એ મોટરને 'ઘોડા વિનાની ગાડી' કહેવી એના જેટલું અજુગતું લાગે છે. અત્યારે જે '૧૦૦ ઓકટેઇન' પ્રવાહી તૈયાર કરવામાં આવે છે તે એક વિશિષ્ટ ચીજ છે. તેની બનાવટની પ્રગતિ રાસાયનિક ઉદ્યોગની ફત્તેહની કલગીરૂપ છે.

એ સુવિદિત છે કે જમીનમાંથી નીકળતું પેટ્રોલિયમ કુદરતનો કિંમતી ખજાનો છે. તેમાંથી પેટ્રોલ, કેરોસીન, વેસેલીન ઇત્યાદિ ચીજો કાઢવામાં આવે છે. પેટ્રોલ ઓછી ઉષ્ણતાએ નીકળતો અંશ છે. પેટ્રોલિયમને ઓછી ગરમીએ આસવવાથી પેટ્રોલ નીકળે છે. આ પેટ્રોલ રાસાયનિક રીતે એક પદાર્થ નથી: અનેક જુદાજુદા પ્રવાહી પદાર્થોનું મિશ્રણ છે. આ પદાર્થો કારબન અને હાઈડ્રોજનના સંયોજનથી બનેલા છે, એટલે હાઈડ્રો-કારબન તરીકે ઓળખાય છે. આ હાઇડ્રો-કારબનો બળતણ તરીકે ખૂબ કિંમતી છે. મોટરગાડીમાં તો પેટ્રોલનો ઉપયોગ થવા લાગ્યો તે અગાઉ મોટે ભાગે તે એક નકામો પદાર્થ ગણાતો. તેને સાચવવાનું કામ પણ જોખમકારક લેખાતું કારણકે તે સહેલાઇથી સળગી ઊઠે એવો પદાર્થ છે. પેટ્રોલિયમમાંથી તેને જો બરાબર કાઢી ન લેવામાં આવે તો ભયંકર પરિણામો આવે છે. પેટ્રોલ કાઢ્યા પછી કેરોસીન કાઢવામાં આવે છે. જો પેટ્રોલને કેરોસીનમાંથી બરાબર કાઢી ન લેવામાં આવે તો કેરોસીન પણ સળગી ઊઠે.

પેટ્રોલમાં હલકાં વજનના અને ઓછી ઉષ્ણતાએ ઊકળતા હાઈડ્રોકારબનો આવેલા છે.

ત્રીસ વર્ષ પૂર્વે પેટ્રોલ સંબંધી આ સ્થિતિ હતી. જેમ જેમ મોટરવ્યવહાર વધતો ગયો તેમ તેમ પેટ્રોલની માગણી વધતી ચાલી. એટલે તેનું ઉત્પાદન વધારવા પ્રયત્નો શરૂ થયા. ભારે વજનના હાઇડ્રોકારબનોને દબાણમાં ગરમ કરીને તેમાથી હલકા હાઈડ્રોકારબનો બનાવવાની વ્યાવહારિક રીત અસ્તિત્વમાં આવી. આથી પેટ્રોલનું ઉત્પાદન બેવડું થઇ ગયું.

'૧૦૦ ઓકટેઇન વીમાની પેટ્રોલ' લડાઇની જરૂરિયાતને અંગે અસ્તિત્વમાં આવેલી તદ્દન નિરાળી વસ્તુ છે. તેનો લગભગ પોણો ભાગ નવી રાસાયનિક રીતો વડે ખાસ બનાવેલા પદાર્થોનો છે. વિમાનના ખાસ એન્જીનો ચલાવવા માટે યોજાયેલી આ વસ્તુ છે. મૂળ તો આ '૧૦૦ ઓકટેઈન' પેટ્રોલ પ્રથમ વિશ્વયુદ્ધમાં શરૂ થયેલી સંશોધન પ્રવૃત્તિમાંથી ઉદ્ભવેલુ બન્યું છે.

આંતરદાહક એન્જીન (Internal comustion engine) માં દબાણ વધારવામાં આવે તો અમુક કદ અને વજનના એન્જીનની કાર્યશક્તિ વધે છે અને વધારે શકિત મળે છે, એમ સંશોધન દ્વારા એન્જીનીયરોએ શોધી કાઢ્યું હતું. પણ આ શોધને વ્યવહારમાં મૂકતાં ગંભીર અડચણો ઊભી થઇ. એમ માલૂમ પડયું કે દબાણનું પ્રમાણ વધારતાં બળતણ તરીકે વપરાતું પેટ્રોલ એન્જીનમાં ધક્કા (knock)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

આપવા લાગ્યું. પ્રથમ તો આનું કારણ એવું રજૂ કરવામાં આવ્યું કે પ્લગમાંથી તણખો પેટ્રોલને સળગાવે તે પહેલાં જ તે સળગી જાય છે. પણ એ ખોટું ઠર્યું.

થોમસ મીડગ્લેએ પુરવાર કરી બતાવ્યું કે વધારે દબાણને લીધે હવા-પેટ્રોલનું મિશ્રણ એકદમ જલદીથી ભડાકા સાથે બળી જાય છે. વળી તેણે શોધી કાઢયું કે કુદરતી પેટ્રોલ કરતાં બનાવટી પેટ્રોલ વાપરવાથી ધક્કા (knock) ઓછા થાય છે. અત્યાર સુધી એવી માન્યતા ચાલતી હતી કે, કુદરતી પેટ્રોલ બનાવટી કરતાં ચડિયાતું છે.

ઉપરના સંશોધનોએ એન્જીન બનાવનારાઓને અને મોટર કંપનીઓને નવા એન્જીન અને સ્પાર્કપ્લગ બનાવવા પ્રેર્યા. બીજી બાજુ, પેટ્રોલ કંપનીઓએ વધારે દબાણમાં કાર્યક્ષમ પેટ્રોલ બનાવવાનું સંશોધન કાર્ય ઉપાડયું. એક પ્રકારની ઉત્તેજક હરીફાઈ ચાલુ થઇ.

લેડ ટેટ્રાઇથાઇલ જેવા ધક્કા વિરોધી (anti-knock) પદાર્થો પેટ્રોલમાં વપરાવા લાગ્યા, અને પેટ્રોલમાં પણ સુધારા થવા લાગ્યા. કયું પેટ્રોલ સારું એ ત્યારે ચર્ચા ચાલી. આ બાબતમાં પેટ્રોલના સારા-નરસાપણાનું માપ કાઢવા જુદાજુદા—કુદરતી તેમજ બનાવટી—પેટ્રોલોના ધક્કા વિરોધી ગુણો બરાબર માપી શકાય એવું કાંઇક શોધવાની જરૂર ઊભી થઇ. ડૉ. ગ્રેહામ એડગરે આવું એક માપ શોધી કાઢયું.

જે પેટ્રોલમાં નોરમલ હેપ્ટેઇન નામના હાઇડ્રોકારબન વિશેષ પ્રમાણમાં હોય તે પેટ્રોલ એન્જીન પર કરતાં ખૂબ ધક્કો આપે છે. શુદ્ધ નોરમલ હેપ્ટેઇન સૌથી વધારે ધક્કો આપે છે.

એથી ઊલટું આઇસો ઓક્ટેઈન નામનો હાઇડ્રોકારબન ઓછામા ઓછો ધક્કો પેદા કરે છે. આ ઉપરથી જુદા જુદા પ્રમાણમાં હેપ્ટેઇન અને ઓક્ટેઇન મેળવીને પેટ્રોલ તૈયાર કરવામાં આવ્યાં. સંશોધન પરથી નક્કી થયું કે ૬૦ ટકા ઓક્ટેઇન અને ૪૦ ટકા હેપ્ટેઇન મેળવીને બનાવેલું પેટ્રોલ જેટલો ધક્કો અમુક એન્જીનમાં પેદા કરે તેવા પેટ્રોલને 'ઓક્ટેઇન ૬૦ નંબર' કહેવો. પરિણામે વિશેષ સારા પેટ્રોલની ખીલવણી જલદી થવા લાગી. છેલ્લાં ૧૫ વર્ષમાં 'ઓક્ટેઇન નંબર ૭૨' સુધી પહોંચ્યો. આડકતરી રીતે આવા ઓક્ટેઇન હાઇડ્રો કારબનનું સંયોજન કરવા સંશોધનકારો મંડી પડયા. એ ખૂબીની વાત છે કે ખનીજ પેટ્રોલમાં આ ઓક્ટેઇન અત્યાર સુધી માલૂમ પડયો નથી. પણ રાસાયનિક રીતે તે બનાવી શકાય છે. અને તેનું ખર્ચ ગેલન દીઠ રૂપિયા પચાસ આવે છે. આ તો ભારે પડે! માત્ર પ્રયોગો પૂરતું તે કામમાં લઇ શકાય.

પણ રાસાયનિકોએ કાર્ય પડતું ન મૂકયું. નવી રીતો યોજીને સસ્તું ઓક્ટેઇન બનાવવા પ્રયત્નો ચાલુ રહ્યા, અને ગેલન દીઠ પાંચ રૂપિયા સુધી કિંમત ઘટાડી શકાઇ.

વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અમેરિકાના વિમાન ખાતાને લાગ્યું કે ઓક્ટેઈનવાળું પેટ્રોલ લશ્કરી કામ માટે ખૂબ ઉપયોગી છે અને શરૂઆતની પાંચ રૂપિયાની કિંમત કાંઇ બહુ ન ગણી શકાય. તેમણે એક મોટી ટાંકી ઓક્ટેઇન તૈયાર કરાવ્યું. તેની વપરાશમાં તેની ઉપયોગિતા પુરવાર થઇ.

અમેરિકાના લશ્કરમાં વપરાતી બધી મોટરગાડીઓ આ ઓક્ટેઇન પેટ્રોલ પર કામ કરવા લાગી. પણ ઉત્પાદન ઓછુ પડયું.

૧૯૪૦માં ઉનાળામાં '૧૦૦ ઓક્ટેઈન' પેટ્રોલ મોટા જથ્થામાં ઉત્પન્ન કરવા પેટ્રોલ કંપનીઓને અવકાશ મળ્યો બનાવટની રીતોમાં સુધારણા થતી ગઈ અને આજે અમેરિકામાં ૩૫ હજાર પીપ રોજના ૧૦૦ ઓક્ટેઇન પેટ્રોલના તૈયાર થાય છે.

ઈંગ્લંડના વિમાની યુદ્ધમાં જર્મનીને હરાવવામાં આ ઓક્ટેઇન પેટ્રોલે મુખ્ય ભાગ ભજવ્યો હતો. જર્મન વિમાનીઓને આ સગવડ નહોતી, એટલે તેઓ હલકું પેટ્રોલ વાપરતા અને વધારે ઝડપથી અને વિશેષ ઊંચાઇએ તે ઊડી ન શકતા.

સંશોધન કદી વાંઝિયું રહેતું નથી. દેશના ઉદ્યોગોની ખીલવણીમાં તેને ચોક્કસ સ્થાન મળ્યું છે. માત્ર ટૂંકી દૃષ્ટિવાળા જ તેને વગોવે છે. અને ઉતારી પાડે છે. આપણા દેશની પ્રગતિ માટે આ સ્થિતિ કયારે આવશે?

❋

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથસમીક્ષા

પંખીનો મેળો

[લે. ઇશ્વર પેટલીકર; પ્ર૦ ભારતી સાહિત્ય સંઘ લિ૦ ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરોડ, અમદાવાદ; અઢી રૂપિયા.]

ત્રણચાર વરસથી ગ્રામજીવનની ઠીકઠીક સત્ત્વશાળી નવલકથાઓ આપતા થયેલા શ્રી. ઈશ્વર પેટલીકરની આ ચોથી નવલકથા છે. એનું વસ્તુ તથા ૧૮૮ પાનાંનો જ વિસ્તાર જોતાં એને લાંબી વાર્તા કહી શકાય એમ પણ છે.

એનું વસ્તુ સાદું છે. પિતા ને સસરાની મમતે ચડેલી જિદને કારણે જેને તેડી શકાઇ નહોતી તે પોતાની પરણેતર લખીને તેને પિયરથી આણું કરીને તેડી લાવતો જુવાન આશાભર્યો માધો બારૈયો ગામમાં પેસતાં પોતાના લેણદાર છગન ઠક્કરની કડવી જીભના એક અવળા વેણથી ઉશ્કેરાઇ તેનું ખૂન કરી બેસે છે અને પછી પ્રથમ જેલવાસી અને ત્યારબાદ જેલતોડુ તથા ચોર બની બહારવટિયો બનવાનો નિર્ણય કરતાં, પોતાના અંતરના બધા કોડને દાબી દઈ લખીનું જીવતર ન બગડે તેમ જ પોતે સંસારના વળગણરૂપ બધી માયા, મમતા ને આસક્તિનો છેદ ઉડાવી દઇને જ ખરો બહારવટિયો બની શકે તે માટે, તે લખીને ફારગતી લખી આપે છે. પોતાનાં અધન્ય પગલાંથી જ માધાની આ સ્થિતિ થઇ એ ભાન અંતરમાં ઘૂંટયા કરતી લખી પણ પોતાના હેત માત્રને દાબી દઇ 'પોતાના સંબંધથી છૂટો થતાં માધો ભવિષ્યમાં સુખી થશે જ.' એવી ઉમેદથી એ નિર્ણય સ્વીકારી લે છે. આમ પહેલા પ્રકરણમાના કહળી ડોસીના 'છૈયાં મારાં, આ તો પંખીનો મેળો છે. આમતેમથા ઘડીકમાં પંખી ટોળે વળે અને ઘડીકમાં ઊડી જાય.' એ ઉદ્દગાર અપશુકનિયા નીવડી સાચા પડે છે: માધો ને લખી એ બે પંખીનો મેળો થાય ન થાય, એ એમનો માળો બાંધે ન બાંધે ત્યાં તો એમનો માળો પીંખાઇ જાય છે અને બેઉ પંખીને કાયમ માટે વિખૂટાં પડી જવું પડે છે. કયાં પહેલાં બે પ્રકરણમાંનો લખી અને માધાના અંતરમાં ઊછળતો ઉલ્લાસ અને કયાં છેલ્લું પ્રકરણ દર્શાવે છે તે એમનો આખરી અંજામ! લેખકે આમ આ [illegible] કરુણકથા બનાવી છે. તેમ છતાં માધા તથા [illegible]ના પરસ્પરના પ્રેમથી જ પ્રેરાયેલા પરસ્પર [illegible] ત્યાગનું તત્ત્વ તેમાં ઉમેરી અંતના કરુણને [illegible] મંગલ બનાવ્યો છે.

માધા અને લખીના દાંપત્યનાં સુખસ્વપ્નાં [illegible] નાખનાર વિધિનું સાધન કે હથિયાર બન્યા છે પો[illegible] દુષ્ટતાથી બે પ્રેમી પંખીડાંનો આ જીવનમાં તો વિ[illegible] કરાવનાર ને એ રીતે લોકમાન્યતા પ્રમાણે [illegible] પાપનું ભથું બાંધીજનાર છગન ઠક્કર. આવી [illegible]ટના માટે તેમ જ મૂળે તો નરમ પ્રકૃતિના [illegible] ભજનમંડળીઓમાં જતાં ભગત જેવા જુવાન મા[illegible] ખૂની અને બહારવટિયો બનાવવા માટે જવાબ[illegible] તો છે આમ માનવીની લોહી ઉકળાવી નાખ[illegible] દુષ્ટતા, એ લેખકે ઠીક સૂચવ્યું છે.

માધાની આગલી ભગત તરીકેની કારકિર્દી, [illegible] તેજસ્વી મા હેતીની જેલમુલાકાત, એની જે[illegible] હોળીને દિવસે સેવો જમવા એનું ઘેર આવવું, [illegible] બહારવટે ચડવું—આ બધા પ્રસંગો લેખકે [illegible] દેવાની જીવનકથામાંથી ઉપાડયા હોવાની [illegible] છાની રહી શકે તેમ નથી. માધાની માનું ના[illegible] બાબરની માનું જ સાચું નામ છે, અને [illegible] સ્વભાવલક્ષણો પણ તેનાં જ છે.

શાહુકાર, પાટીદારો ને બારૈયાના એકમેક [illegible] વલણ અને વર્તાવનું, ગામડાંના પ્રશ્નો, ગામડાની [illegible] ને ગામડાંના માનવીઓનું તથા ચોરી ને ડાકુ[illegible] જીવનવ્યવસાય બનાવી બેઠેલા 'ગુનેગારો'ની [illegible] સૃષ્ટિનું લેખકે આ કથામાં સાચું આલેખન કર્યું [illegible] છગન ઠક્કર, હેતા, માધો, હેતાળ લખી, [illegible] બહારવટિયો, ભરાડી નાથો કાકો, ચોરીઓ [illegible] ઠકરાત માણતો પાડસંગ અને એવાં કથામાંનાં [illegible] પાત્રો પણ સાચી દુનિયાનાં એવાં માનવી[illegible] પ્રતિનિધિરૂપ હોવાની ખાતરી વાચકોમાં [illegible] તેવાં સજીવ છે. કથા શરૂઆતથી અંત લગી [illegible] કોના ચિત્તની પકડ જમાવી રાખે એવી છે, [illegible] શ્રી. પેટલીકરની કલમને માટે યશોદાયી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમાન્ય તિલક

[લે. આપટે ગુરુજી; અનુ. નટવરલાલ દવે; પ્રકા. સંસ્કાર સાહિત્ય મંદિર, જોરાવરનગર; મૂલ્ય ત્રણ રૂપિયા]

શ્રી આપટે ગુરુજીએ લખેલા ટિળકચરિત્રનો આ ગુજરાતી અનુવાદ છે. મૂળ લેખકે લોકમાન્ય ટિળક મહારાજ પ્રત્યેના ભક્તિભાવ સાથે જુવાનો માટે એ લખ્યું છે, 'અમારી નવજુવાનીમાં અમને ટિળક મહારાજ કેવા દેખાયા તે ચિત્ર અંકિત કરવાનો પ્રયત્ન આ ચરિત્રગ્રંથમાં કરેલો છે,' એમ તેમણે પહેલેથી કહી નાખ્યું છે. લોકમાન્યના વ્યક્તિગત જીવન વિશે એતે એક બે પ્રકરણમાં માહિતી આપવા યત્ન કર્યો છે, છતાં મુખ્યત્વે તો લેખકે લોકમાન્યે પોતાની શક્તિઓનો રાષ્ટ્રને માટે કેવો છેક સુધી ઉપયોગ કર્યો છે એ બતાવવા મથતો તેમના જીવનનો સળંગ ઇતિહાસ જ આમાં રજૂ કર્યો છે. જુવાનો માટે એ લખાયેલ છે એટલે લેખક વચમાં દરેક મહત્ત્વના બનાવ પર યથાસંજોગ ભાષ્યબોધ પણ કરતા ગયા છે અને જુવાનોએ ધ્યાનમાં લેવા યોગ્ય બાબતોને કાળા ટાઇપમાં તેમણે છપાવી છે. બહુ આંજી નાખે એવી ચિત્રશૈલી કે કલામયતા કે છટાવાળું નહિ, પણ સાદું સીધું બોધક થવા મથતું ચરિત્ર આ છે. લોકમાન્યનું એકે ચરિત્રપુસ્તક આપણે ત્યાં નથી એ સ્થિતિમાં એનું પ્રકાશન આવકારદાયક ગણાય.

આ ગુજરાતી અનુવાદની આગળ મૂળ મરાઠી પુસ્તકની શ્રી. ભાગવત ને શ્રી. માવલંકરનાં પુરોવચનોનો અનુવાદ તો મુકાયો છે જ, પણ તે ઉપરાંત ગુજરાતી અનુવાદ માટે શ્રી. ગંગાધરરાવ દેશપાંડેએ ખાસ લખી આપેલી પ્રસ્તાવના પણ છાપવામાં આવી છે. લોકમાન્ય વધુ જીવ્યા હોત તો તેમણે ગાંધીજીના માર્ગને જ અનુમોદ્યો હોત એમ શ્રી. દેશપાંડેએ આધારભૂત પ્રમાણો સાથે સાબિત કરવાનો એમાં જે પ્રયત્ન કર્યો છે તે નોંધપાત્ર છે.

અનુવાદકે પોતાના બે બોલમાં તેમ જ શ્રી. માવલંકરે ને શ્રી. ગંગાધરરાવ દેશપાંડેએ બધી વેળા 'ટિળક મહારાજ' એમ લખ્યું છે તો આખા પુસ્તકમાં 'તિલક' શા માટે? એમાંય પાછું સવાસો પાનાં સુધી તો 'તિલક' છપાયેલ છે! જોડણીદોષો ને 'અભિનય' ને બદલે 'અનુભવ (પૃ. ૧૧૧) અને 'મનુના માછલા' ને બદલે 'મનુના પાછલા' (પૃ. ૧૨૫) જેવી છાપભૂલો પુસ્તકમાં ઠીક પ્રમાણમાં દેખાય છે.

અન્ય પુસ્તકો

શેષ વિવેચનો

(લે. સ્વ. નવલરામ ત્રિવેદી; પ્રકા૦ આદર્શ પુસ્તક ભંડાર અમદાવાદ: મૂલ્ય રૂપિયા બે.)

સ્વ૦ નવલરામ ત્રિવેદીની ૧૮૩૫ની ગ્રંથસમીક્ષા તથા બીજા ત્રણ લેખો મળી કુલ ૧૪૧ પાનાંની સામગ્રી આ પુસ્તકમાં ગ્રંથસ્થ થઇ છે. સ્વ૦ નવલરામ ત્રિવેદીની પાંત્રીસના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા સાહિત્યદૃષ્ટિ કરતાં પ્રગતિશીલ વિચારોની દૃષ્ટિએ વિશેષ લખાયેલી છે. એ એની વિશિષ્ટતા છે તો એની મર્યાદા પણ છે. બીજા લેખોમાં 'સં. ૧૯૭૭નું ગુજરાતી સાહિત્ય' એક ઊડતી નોંધ જેવું છે અને 'કવિ દલપતરામ' કાશીશંકર દવેકૃત દલપતરામચરિત્રનું ગુણદોષદર્શી અવલોકન છે. આખા પુસ્તકની શોભારૂપ લેખ તો ગણાશે, 'પ્રેમાનંદસુત વલ્લભ.' એ અભ્યાસપૂર્ણ અને મૂલ્યવાન લેખમાં સંખ્યાબંધ બાહ્ય અને આંતર પ્રમાણોના તેમ જ અન્ય આનુષંગિક વિગતોના ટેકાથી સ્વ. નવલરામે સિદ્ધ કર્યું છે કે 'પ્રેમાનંદસુત વલ્લભ મિથ્યા છે, આપણા સાહિત્યની એક બનાવટ છે.' એ મૂળ ગુજરાત સાહિત્યસભાશ્રયી વ્યાખ્યાનરૂપે અપાયેલ હોઈ, સંપાદકોએ ગુજરાત સાહિત્ય સભાની કાર્યવહીમાંથી તે ઉપાડી લેતાં, પ્રમુખસ્થાનેથી આ સમીક્ષકે અને આભારદર્શકો ડૉ. હરિપ્રસાદ દેસાઇ અને શ્રી. કેશવરામ શાસ્ત્રીએ સ્વ૦ નવલરામના વક્તવ્યના ટેકામાં પ્રસંગોચિત જે બે બોલ કહેલા તેની તેમાં છપાયેલી નોંધો પણ જેમની તેમ આ પુસ્તકમાં તેની સાથે જોડી દીધી છે અને એ ઠીક નથી કર્યું. આ સમીક્ષકના પ્રમુખીય ઉપસંહારની નોંધ તો તેના લેનારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલક્ષણ ફૂદકા-શૈલીમાં ને પાછી પોતાની ભાષામાં લીધેલી છે અને છે તે સ્વરૂપમાં ગુ. સા. સભાની કાર્યવહીમાં પણ છપાવી જોઇતી ન હતી.

ઉત્સાહી સંપાદકોએ સ્વ૦ નવલરામ ત્રિવેદીનાં અ-ગ્રંથસ્થ લખાણોના બે સંગ્રહ બનાવવાનો લોભ જતો કરીને સહેજ કડક પસંદગી કરીને એક જ સંગ્રહ આ અને હવે પછી પ્રગટનાર 'અવશેષ વિવેચનો'ની સામગ્રીમાંથી કર્યો હોત તો સંગ્રહનું ગૌરવ વધત અને સ્વ૦ નવલરામના વિવેચકયશને સ્થિર બનાવે એવી સામગ્રી રજૂ કર્યાનો તેઓ વધુ સંતોષ લઇ શકત.

રસદર્શન

[લે. ડૉ. હરિપ્રસાદ વ. દેસાઇ; પ્રકા૦ યુગધર્મ કાર્યાલય, મુંબઈ; પોણાત્રણ રૂપિયા]

જાણીતા સંસ્કારપ્રેમી જાહેર સેવક દાક્તર હરિપ્રસાદ દેસાઇએ આજના યુવકોને જાણે સૌંદર્ય અને સંસ્કારની પૂજાની દીક્ષા આપવા પોતે પોતાના સંસ્કારઘડતરની કહાણી તેમને સંભારી સંભારીને કહેતા હોય તેવી શૈલીમાં લખેલી 'કુમાર'માં આ જ મથાળા નીચે પ્રગટ થયેલી લેખમાળાને આ પુસ્તક તેને વાજબી રીતે ઘટે જ છે એવું સ્થાયિત્વ અર્પે છે. જેણે પોતાનાં પ્રાણમનને પ્રફુલ્લ—એમના શબ્દોમાં 'ફળદ્રુપ' કર્યાં છે અને અંતરમાં રસ અને સંસ્કાર પૂર્યા છે એવી પ્રકૃતિસૌંદર્ય, સાહિત્ય, સંગીત, શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગ્રહસ્થાનો, પ્રાણીબાગો, સત્પુરુષો અને કલાકારોનાં દર્શન-સમાગમ, પર્યટનો અને વાચન જેવી સંસ્કારસામગ્રીના પોતે જુવાનીના સમયથી આજસુધીમાં કરેલા સાત્ત્વિક ઉપભોગની મધુર સ્મરણી દાક્તર હરિપ્રસાદે એમાં આલેખી છે. પુસ્તકમાંથી હિંદનાં પ્રાકૃતિક સૌંદર્ય અને કલાસમૃદ્ધિનો પરિચય તો મળશે જ, પણ દાક્તર હરિપ્રસાદનો ખુદનો પરિચય પણ એમાંથી થશે. તેઓ, જેમને તેમણે આ પુસ્તક અર્પણ કર્યું છે તે સૌંદર્યનારાયણના પોતાની રીતના નમ્ર પણ નિષ્ઠાળુ ભક્ત છે. સાહિત્ય, સંગીત, કળા, પ્રકૃતિસૌંદર્ય, સંગ્રહસ્થાનો અને એવા અનેક વિષયોમાં રસ લઇ શક... સંસ્કારી જીવનું વ્યક્તિત્વ એમની ધાર્મિકતા... પ્રીતિ, વિનોદવૃત્તિ, આશાવાદ ને સૌંદર્યનિ... ઇત્યાદિ ગુણ-લક્ષણો સાથે પુસ્તકમાં છતું થ... 'આ પૃથ્વી પાસેથી, જળ પાસેથી, આકાશ પ... તેજ પાસેથી, અને વાયુ પાસેથી મેં જીવનભર... અને સૌંદર્ય જ મેળવ્યાં છે.' એમ કહી શકતા... આમાં કયારેક જૂનાં સંસ્મરણો ઉખેળે છે, ... જોયેલાં ને આંખ ભરીને પીધેલાં દશ્યો વર્ણવે ... જેમાં કયારેક (જેમકે પૃ. ૧૩, પરિચ્છેદ બી... કાલેલકરી શૈલીરમ્યતા ય આવી જાય છે, ... પોતાના સંસ્કારઘડતરની અંગત વાતો કરવા ... જાય છે, અને કયારેક પોતાનાં સંવેદનો તથા ... સારા વિચારો રજૂ કરે છે. વિચારોમાં એમના ... વિશેના વિચારો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. તેનો ... નમૂનો નીચેનો:—

'...અત્યંત બેચેની અને તીવ્ર વેદનાના ... એને (=જગતને) ઘેરી વળ્યા છે. આ દુઃખમાંથી ... કોણ છોડાવશે?

છોડાવશે આપણી લલિતકલાઓ—... સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રો ને ... દૃષ્ટિના ક્રિયાકાંડ પૂજાવિધિઓ:—સુવ્યવસ્થિત ... અને શિસ્તપ્રેમ અને સહકાર.

...અસત્ય, મલિનતા, પ્રમાદ, લોભ, કામ, ... વગેરે કચરા આપણા પવિત્ર આત્માને દબાવી ... છે. ચિત્રો, મૂર્તિઓ, સંગીત ને નૃત્યના સત્સં... એ કચરા, ધોવાશે, અને અસત્ય દૂર થશે...

...જગતમાં વ્યાપી રહેલું માધુર્ય એ ... કલાઓ દ્વારા રસજીવન જીવતાં જીવતાં જ ... જાય છે, ને 'સ્વર્ગ અહીં જ છે, અહીં જ ... અહીં જ છે' એમ ખાતરી થાય છે. (પૃ. ૧૩...

દાક્તરના લખાણમાં ઉત્કટતા નથી પણ ... તેમની નિખાલસતા પૂરેપૂરી ઊતરી છે.

આ જગત ને જીવન જે કોઇ સાત્ત્વિક ... આપી જીવ્યું મીઠું લગાડી શકે એમ છે તેની ... સનાનો થોડોક ચેપ આ પુસ્તક તેના વાંચનારને ... અવશ્ય લગાડશે.

❋

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

સ્થાપના : ૧૯૩૬ :: લિમિટેડ : ૧૯૪૫

પુસ્તકોનું નવું સૂચિપત્ર : ઑક્ટોબર : ૧૯૪૭

સાહિત્ય પ્રચાર સંઘ લિ.
મુંબઈ અમદાવાદ

શિષ્ટ પુસ્તકોનું વાંચન ઘરેઘરમાં હોવું જોઇએ, જ્ઞાન એ દીવો છે. જીવનની અંધારી ક્ષણોમાં તમને એ પ્રકાશ આપશે. જે પ્રજામાં દષ્ટિ નથી, જ્ઞાન નથી એ પ્રજા હાથે કરીને પોતે પોતાનો જ વિનાશ નોતરે છે. તમારી ભાવી પ્રજા માટે શાનો વારસો મૂકી જવા ધારો છો? ધનનો, પ્રમાદનો, કે જ્ઞાન ને શક્તિનો?

જે ઘરમાં એકાદું શિષ્ટ-સંસ્કારી નાનું એવું પણ પુસ્તકાલય ન હોય એ ઘર સૂના કબ્રસ્તાન જેવું છે. પસંદગી તમારે જ કરવાની છે જીવન કે મૃત્યુની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલકથા

૧ કાળચક્ર	૨–૦–૦	૩૨ કાયાકલ્પ ભા. ૧–૨
૨ સમરાંગણ	૩–૮–૦	૩૩ કાયા કલ્પ ભા. ૩
૩ તુલસી ક્યારો	૪–૦–૦	૩૪ ક્રાન્તિ
૪ પ્રભુ પધાર્યા	૨–૮–૦	૩૫ પરિવર્તન
૫ બીડેલાં દ્વાર	૩–૦–૦	૩૬ શમા
૬ દીપનિર્વાણ	૩–૪–૦	૩૭ કર્મફળ
૭ બંદીઘર	૩–૦–૦	૩૮ લોઢાના ચણા
૮ બંધન અને મુક્તિ	૨–૮–૦	૩૯ શશી જતાં
૯ પ્રેમ અને પૂજા ભા. ૧–૨	૫–૦–૦	૪૦ પશ્ચિમને સમરાંગણે
૧૦ અણુખૂટ ધારા	૩–૦–૦	૪૧ અહંકાર
૧૧ ખંડિત કલેવરો	૩–૮–૦	૪૨ પતન અને પ્રાયશ્ચિત્ત
૧૨ કદમ કદમ બઢાયેજા ભા. ૧	૩–૮–૦	૪૩ કાંટાની વાડ
૧૩ સુરભિ	૩–૮–૦	૪૪ ધરતી
૧૪ પાછલે બારણે	૨–૮–૦	૪૫ લા' મિઝરાબલ ખંડ ૧
૧૫ ઉપમા	૩–૮–૦	૪૬ લા' મિઝરાબલ ખંડ ૨
૧૬ સુવર્ણમૃગ	૩–૮–૦	૪૭ જંગલનો રાજા ટારઝન
૧૭ જગતનો તાત	૨–૮–૦	૪૮ ઘરને મારગે
૧૮ આવતી કાલ	૩–૦–૦	૪૯ જ્વાલા
૧૯ સાથી	૫–૦–૦	૫૦ પુનરાગમન ખંડ ૧
૨૦ સોહાગ	૨–૮–૦	૫૧ પુનરાગમન ખંડ ૨
૨૧ માનવતાનાં મૂલ	૪–૦–૦	૫૨ પૃથ્વીનો પહેલો પુત્ર
૨૨ પચાસ વર્ષ પછી	૩–૦–૦	૫૩ જીવનનું ઝેર
૨૩ ખાંડાની ધાર	૪–૦–૦	૫૪ દીનધ્રુવ
૨૪ રૂપમતી	૪–૦–૦	૫૫ મંગળમૂર્તિ
૨૫ અવન્તીનાથ	૪–૮–૦	૫૬ જાગતા રે'જો ખંડ ૧
૨૬ જનમટીપ	૩–૦–૦	૫૭ જાગતા રે'જો ખંડ ૨
૨૭ લખ્યાં લેખ	૩-૧૨-૦	૫૮ એ પત્ની કોની ?
૨૮ ધરતીનો અવતાર	૨–૮–૦	૫૯ પથેર પાંચાલી
૨૯ પંખીનો મેળો	૨–૮–૦	૬૦ ઘરભણી
૩૦ પાદરના તીરથ	૨–૮–૦	૬૧ ચિરંતન નારી
૩૧ મન્વંતર	૪–૮–૦	૬૨ ગોદ

નવલિકા

૧ માણસાઈના દીવા	૩–૦–૦	૫ રંગ છે બારોટ !
૨ વિલોપન	૩–૦–૦	૬ દરિયાપારના બહારવટિયા
૩ મેઘાણીની નવલિકાઓ ખંડ ૧	૩–૦–૦	૭ વેરાનમાં
૪ મેઘાણીની નવલિકાઓ ખંડ ૨	૩–૮–૦	૮ દ્વિરેફની વાતો ભા. ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ દ્વિરેફની વાતો ભા. ૨	૨-૮-૦
૧૦ દ્વિરેફની વાતો ભા. ૩	૨-૮-૦
૧૧ લખચોરાશી	૩-૦-૦
૧૨ માનતા	૨-૮-૦
૧૩ પાંખ વિનાના	૩-૦-૦
૧૪ પશમી	૨-૮-૦
૧૫ પ્રથમ પત્ની	૨-૮-૦
૧૬ જીવન સરિતા	૧-૮-૦
૧૭ દીઠું મેં ગામડું જ્યાં	૨-૮-૦
૧૮ જીવનનાં વહેણો	૩-૦-૦
૧૯ તેજ છાયા	૨-૮-૦
૨૦ આખાં હૈયાં	૩-૦-૦
૨૧ દુર્ભિક્ષ	૩-૪-૦
૨૨ ગ્રામચિત્રો	૨-૮-૦
૨૩ વિશ્વસાહિત્યની વાર્તાઓ	૩-૦-૦
૨૪ હિન્દીની શ્રેષ્ઠ વાર્તાઓ	૩-૦-૦
૨૫ ત્રણ પગલાં	૩-૦-૦
૨૬ શોધને અંતે	૨-૪-૦
૨૭ બીલીપત્ર	૩-૦-૦
૨૮ ગોવાલણી અને બીજી વાતો	૨-૮-૦
૨૯ નવું જીવતર	૧-૦-૦
૩૦ વારસ	૨-૪-૦
૩૧ મા વિનાના	૨-૮-૦
૩૨ સાગરના સાવજ	૨-૮-૦
૩૩ વામા	૨-૮-૦
૩૪ મહારાજની સાથે	૧-૮-૦
૩૫ દ્રષ્ટાંત કથાઓ	૧-૦-૦
૩૬ ઇતિહાસ કથાઓ-રોમ	૧-૮-૦
૩૭ ,, ,, -ગ્રીસ	૧-૦-૦
૩૮ પરીકથાઓ ભા. ૧	૩-૦-૦
૩૯ પરીકથાઓ ભા. ૨	૩-૮-૦
૪૦ દેશદેશની લોકકથાઓ ભા. ૧	૩-૦-૦
૪૧ દેશદેશની લોકકથાઓ ભા. ૨	૩-૦-૦
૪૨ રૂપ કથાઓ ખંડ ૧	૩-૦-૦

નાટકો

૧ સાપના ભારા	૨-૦-૦
૨ અંધારાના સીમાડા	૧-૮-૦
૩ શિખરિણી	૧-૮-૦
૪ વહેમના વમળમાં	૧-૪-૦
૫ તારકમંદિર	૦-૧૦-૦
૬ પિયોગોરી	૧-૦-૦
૭ ૧૮૫૭ ને જલિયાંવાલા	૩-૦-૦
૮ હંસી	૦-૧૨-૦
૯ વિધિના વિધાન	૦-૧૨-૦
૧૦ જવનિકા	૧-૪-૦

જીવનચરિત્રો અને પ્રસંગચિત્રો

૧ મહાદેવભાઇ	૩-૦-૦
૨ રવીન્દ્રનાથ ઠાકુર	૨-૮-૦
૩ રામ અને કૃષ્ણ	૧-૪-૦
૪ બુદ્ધ અને મહાવીર	૧-૦-૦
૫ ગાંધીજીના સાન્નિધ્યમાં	૧-૮-૦
૬ બાપુની છાયામાં	૨-૦-૦
૭ જીવનશિલ્પીઓ	૨-૮-૦
૮ સુભાષના સેનાનીઓ	૩-૦-૦
૯ શાહનવાઝની સંગાથે	૨-૦-૦
૧૦ મુસ્તફા કમાલ	૧-૮-૦
૧૧ વૈજ્ઞાનિક જગત	૧-૮-૦
૧૨ પુરુષાર્થની પ્રતિમાઓ	૨-૪-૦
૧૩ ગાંધી બાપુ ભા. ૧	૪-૮-૦
૧૪ ગાધી બાપુ ભા. ૨	૪-૮-૦
૧૫ હરતાં ફરતાં હાડપિંજરો વચ્ચે	૩-૮-૦
૧૬ મહાન વૈજ્ઞાનિકો ખંડ ૧	૧-૦-૦
૧૭ હિરોશિમા	૧-૧૨-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસવર્ણન અને સાહસકથાઓ

૧ મહાન મુસાફરો	૨-૦-૦	૬ મેં પાંખો ફફડાવી	
૨ ધરતીને મથાળે	૩-૦-૦	૭ સરહદ પાર સુભાષ	૨-૦-૦
૩ એકાન્ત સામ્રાજ્યમાં	૩-૪-૦	૮ હિમાલયનું પર્યટન	૨-૦-૦
૪ સાહસિક સોદાગરો	૨-૧૨-૦	૯ કલાકારની સંસ્કાર યાત્રા	૩-૦-૦
૫ દક્ષિણ ભારતનાં તીર્થધામો	૨-૦-૦	૧૦ ગગનરાજ	

ઈતિહાસ—રાજકરણ

૧ આપણું બાંધવરાષ્ટ્ર ચીન	૩-૦-૦	૧૧ દક્ષિણ આફ્રિકાની રંગભૂમિ	૩-૮-૦
૨ જય ઇન્ડોનેશિયા	૧-૮-૦	૧૨ ઇતિહાસ કથાઓ રોમ	૧-૮-૦
૩ ભારતમાં અંગ્રેજી રાજ્ય ભા. ૧	૯-૪-૦	૧૩ ,, ,, ગ્રીસ ભા. ૧	૧-૪-૦
૪ ભારતમાં અંગ્રેજી રાજ્ય ભા. ૨	૯-૪-૦	૧૪ ,, ,, ગ્રીસ ભા. ૨	૧-૪-૦
૫ સત્તાવન	૨-૮-૦	૧૫ ગુલામીની શૃંખલા	૨-૮-૦
૬ સત્તાવનની કત્લેઆમ	૨-૮-૦	૧૬ મહારાજ્યોની યુદ્ધશક્તિ	૨-૦-૦
૭ આપણી સાગર સૈનિક	૩-૦-૦	૧૭ લાલકિલ્લાનો મુકદ્દમો	૧-૮-૦
૮ બે વિચારધારા	૨-૧૨-૦	૧૮ હિંદ વિશ્વયુદ્ધના વમળમાં	૧-૦-૦
૯ જો લડત આવે તો	૧-૦-૦	૧૯ ૧૯૪૩નાં પગરણ	૦-૧૦-૦
૧૦ વૈજ્ઞાનિક સમાજવાદ	૨-૦-૦	૨૦ આઝાદીની યજ્ઞજ્વાળા	૦-૮-૦

નિસર્ગોપચાર અને આરોગ્ય

૧ હું નિસર્ગોપચાર તરફ કેમ વળ્યો?	૨-૮-૦	૧૪ હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર	૧-૮-૦
૨ ઉગ્રરોગોમાં નિસર્ગોપચાર	૨-૦-૦	૧૫ દવાનો છેલ્લો ઘૂંટડો	૨-૦-૦
૩ નિસર્ગોપચારનું જીવનદર્શન	૨-૮-૦	૧૬ ક્ષય અને દમમાં નૈસર્ગિક સારવાર	૩-૦-૦
૪ નિસર્ગોપચાર વિચાર અને વ્યવહાર	૧-૮-૦	૧૭ દૂધ સર્વ સંપૂર્ણ ખોરાક	૧-૮-૦
૫ નિસર્ગોપચાર અને જલોપચાર ભા. ૧	૦-૬-૦	૧૮ મારો જલોપચાર	૩-૦-૦
૬ ,, ,, ભા. ૨	૦-૭-૬	૧૯ દૂધ મૃત્યુલોકનું અમૃત	૨-૮-૦
૭ આદર્શ ખોરાક કોને કહેવો?	૦-૬-૦	૨૦ શરીર રચનાનું રહસ્ય	૧-૪-૦
૮ પહેલું સુખ	૦-૬-૦	૨૧ સો વર્ષ જીવવાની કળા	૨-૮-૦
૯ ખોરાકની પસંદગી	૦-૬-૦	૨૨ એકાદશીનો ઉપવાસ	૦-૫-૦
૧૦ કસરત મહેનત અને રમત	૦-૬-૦	૨૩ ઉપવાસ કેમ અને ક્યારે	૨-૦-૦
૧૧ કલેજાનાં રોગો	૦-૧૨-૦	૨૪ વૈજ્ઞાનિક નિસર્ગોપચાર	છપાય છે
૧૨ લાબું ચાલો અને લાંબું જીવો	૦-૯-૦	૨૫ આસન અને આરોગ્ય	,,
૧૩ વેક્સિનેશન કે સેનિટેશન	૦-૯-૦		

ભારતી સાહિત્ય સંઘ લિ૦ : : મુંબઈ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપચ્યૂન
જિંદગી, આગ
અને
અકસ્માત
ના વીમાનું
કામ કરે
છે

કુલ અસ્કયામત
રૂા. ૫૫,૦૦,૦૦૦થી વધુ

કામકાજ કરવા લાગવગવાળા
અને શક્તિશાળી એજન્ટો
જોઇએ છે.

નેપચ્યૂન એસ્યુરન્સ
કંપની લિમિટેડ

: હેડ ઑફિસ :
નેપચ્યૂન બીલ્ડીંગ, મુંબઈ.

અમદાવાદ બ્રાંચ :
પાંચકૂવા, અમદાવાદ.

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૭ : 'નવરચના' વર્ષ ૧૨ : અંક સાતમો
ઑકટોબર : ૧૯૪૭

ક્રમ

૧	કવિને	ધૂમકેતુ	૭
૨	ચમેલી	અ. ઝ.	૯
૩	વહેતાં પાણી	(માસિક નોંધ)	૧૪
૪	જીવનપંથ	ધૂમકેતુ	૨૧
૫	ઝેર તો પીધાં છે જાણી જાણી (ચાલુ વાર્તા)	દર્શક	૨૫
૬	મેઘબિંદુ	ધૂમકેતુ	૩૨
૭	સ્મરણ-સૌરભ ઝરી	"નૌતમ"	૪૩
૮	મનોમન	રમણીક મેઘાણી	૪૪
૯	વાર્તા વિનાની વાર્તા	ધૂમકેતુ	૫૦
૧૦	ગ્રામસેવકની કોર્ટ	ઈશ્વર પેટલીકર	૬૨
૧૧	પારા અને આયોડીનના વિષપ્રયોગનો એક લાક્ષણીક કેસ	ડૉ. હેન્રી લિન્ડાલ્હાર એમ ડી.	૬૮
૧૨	વિજ્ઞાનદર્શન	બંસીગાંધી, જયંતિલાલ દે. ઓઝા, નરસિંહ મૂ. શાહ	૭૦
૧૩	ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૭૫

: વાર્ષિક લવાજમ :
દેશમાં : રૂા. ૭-૦-૦ :: પરદેશમાં : રૂા. ૧૦-૦-૦

ભગિની

તંત્રી : પુષ્પાવતી મહેતા

નવદૃષ્ટિવતું અને સમાજના પ્રશ્નોને દિલસોઝભરી રીતે વિચાર-ચર્ચા કરતું આ નવું સામયિક પ્રગટ થઇ ગયું છે.

આજે જે સ્ત્રીઓ અંગે સામયિકો નીકળે છે તે સૌમાં વિશિષ્ટ ભાત ને સ્થાન 'ભગિની'એ ઊભું કર્યું છે.

દસ આનાની ટપાલની ટિકિટો મોકલી એક નમૂનાનો અંક મંગાવશો. વાર્ષિક લવાજમ દેશમાં ૬-૦-૦ પરદેશમાં ૭-૮-૦

દર મહિનાની પંદરમી તારીખે નિયમિત પ્રગટ થાય છે.

ગ્રાહક માટે લખો:—

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મીમરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી રોડ : મુંબઈ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધીરસ્તો : અમદાવાદ
રાવપુરા, વડોદરા: પ્રગતિ સાહિત્ય મંદિર, ખપાટિયા ચકલો, સુરત
એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા, કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપચો થયો હોય તો કંઇ સાબુથી દૂર નહિ થાય



અમારો 'કાન્તિ' કામણગારો કે આંજીનાખે એવા લીસા કેશકલાપનો સર્જક છે એવું અમે કહેતા નથી.

એમ તો પછી એ સાબુમાં અપચો દૂર કરવાનો કિમિયો છે એમ કાં ન કહેવું ?

- કાન્તિ ન્હાવામાં છે અવ્વલ નંબરનો સાબુ ને
- સફાઇતો એનીજ.
- કોમળમાં કોમળ ચામડીને પણ બળતરા કે ઇજા કરતો નથી.
- નાજુક ચિત્તહારી સુગંધવાળો એ સાબુ અજમાવી જોશો ?

સ્વસ્તિકની બીજી ઉંચી બનાવટોમાં શીકાકાઈ, સુગંધીતેલ, દાઢીના સાબુ, ધોવાના સાબુ, ગોવાલણ છાપ વનસ્પતિ વગેરે વગેરે છે.



કાન્તિ ન્હાવાનો સાબુ

સ્વસ્તિક ઓઇલ મીલ્સ લીમીટેડ, મુંબઈ.

SHILPI SOM. 17 Gujarati

ડીસ્ટ્રીબ્યુટર્સ : વેસ્ટર્ન ઈન્ડિયા પ્રોસ્પેકિટંગ સિન્ડીકેટ લિ. પો. બો. નં. ૨૮ અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિને !

કવિ ! તારી કવિતા તો એક એવો શબ્દ ગૂંથ્યો પુલ છે કે જેની ઉપર થઇને આ દુનિયાનાં માણસો સ્વર્ગની શોભા નિહાળવા જાય છે, અને સ્વર્ગનાં માણસો આ દુનિયા જોવા આવે છે !

તારી પાસે એક એવી અમર જીવનજળની જાહ્નવી છે કે સેંકડો ને હજારો તૃષાતુર આત્માઓ એનાં પાણી પીવા આવે છે. ખોબે ખોબે પાણી પીએ છે, થોડીવાર આરામ લ્યે છે, ને પછી જીવનપંથને માર્ગે એ ભાથા ઉપર તો આગળ વધ્યે જાય છે !

કવિજન ! તારી પાસે જે સૌન્દર્યનું વૃક્ષ છે, તેનાં ફળ ચાખવા માટે અમરલોકના નિવાસીઓને પણ ફરી પૃથ્વીમાં જન્મ લેવાનું મન થાય તેવું છે. તને આકાશી કુસુમ, ગીતનું બુલબુલ, શ્વેતરંગી વાદળ, સ્વર્ગીય ગંધર્વ, શબ્દશિલ્પી, દિવ્યગાયક—ને એવાં કૈં કૈં વિશેષણો આજ દિવસ સુધી લગાડવામાં આવ્યાં છે. પણ એમાંનું કોઈ તારા માટે ઋગ્વેદવાપર્યા કવિશબ્દની તોલે આવે તેવું નથી. તું તો કવિ છો; અને ‘ કવિ ’જ રહેજે !

માનવતા ભૂખી કવિતા માટે તો હરેક જમાનામાં લોકોનાં ટોળે ટોળાં રાહ જોઈને ઊભાં રહે છે. સૌની આંખમાં એક જ કરુણતા ભરી વેદના ઉભરાય છે. સૌના હૃદયમાં એક જ ઊંડી અભિલાષા છે. સૌના અંતરમાં એક જ આરજૂ છે.

અમારું આ વ્યથાભરેલું મૌન, એને વાણી આપનાર, કવિ, અરે કવિ ક્યાં છે ? યુગયુગ ઘેરી અમારા દિલની અંધારખીણને પ્રકાશ આપનાર એક નાનો દીપ ક્યાં છે ?’ તું, ભાઈ ! કવિજન ! તું જૂગજૂગ જૂની માનવતાની અને માનવ આત્માની અંધકાર ભરી કંદરાઓને તું અજવાળજે !

આ કંદરાઓમાં તું એકલો જ પ્રવેશ મેળવી શકશે. ત્યાં બીજું કોઈ આવી શકે તેમ નથી, આવે તેમ પણ નથી. એ કંદરાઓને પહોંચવાને તારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગે જનતાએ ભૂખની દુ:ખની અને બેદરકારીની કંટક ભરેલી કેડીઓ તૈયાર કરી રાખેલી છે.

પણ કાંઈ ફીકર નહિ. એ પંથે આજ દિવસ સુધી જે કવિજન વિચર્યા છે, એમણે ઓઢેલા ગરીબીના અંચળાની સુગંધભરેલી સોનેરી રજ ત્યાં ઠેકાણે ઠેકાણે કેડીને પ્રકાશતી પથરાયલી છે.

એ જ માર્ગે ભાઈ ! એ જ બાદશાહી ગરીબીના પંથે, તારો અને તારા જેવા સૌનો ભાગ્યપંથ પથરાયલો પડ્યો છે !

કહેનારાઓએ કહ્યું છે કે કુદરતની કવિતા એટલે ફૂલ. અને હું કહું છું કે ફૂલની કવિતા એટલે કવ ! પણ કાંટા ભર્યા તારા કીર્તિ મુગટમાં ગુલાબની પાંદડીનાં આંસુ છૂપાયાં છે ! તું ફૂલો માટે રડે છે અને તારે માટે મિત્ર ! બીજું કોઈ નહિ ફૂલો રડે છે !

તારે ચોરે બેસીને એનું માત્ર એક ચાંગળું ચાખનારાઓને જીવનભરની ગરીબી, વ્યથા અને આંસુ મળ્યાં છે. પણ તેં તો મિત્ર ! એ સઘળાંની અંજલિ કરીને, એવી એવી તો દિલ ડોલાવનારી, સત્યની, અહિંસાની, પ્રેમની, પ્રાણની, શ્રદ્ધાની–અને સૌની ટોચ જેવી સૌન્દર્યવાણી કહી છે કે અમને એમ લાગે છે, તારા માનસચીરમાં છલોછલ અમૃતભર્યાં છે, જ્યાં આવેલું દરેક કાતિલ વિષ અમૃત બનીને પાછું સંજીવની રૂપ ધારે છે !

તમામે તમામ ગરીબીને તજી દે પણ મિત્ર ! તું ગરીબીને તજતો નહિ. ગરીબીને તું તજીશ તો તો પછી, કવિ ! ગરીબી કોઈ દિવસ ગરીબને નહિ તજે !

સૌ કોઈ ગરીબીને તજે પણ કવિ ! તું ગરીબીનું એક એવું ગૌરવગાન ગા કે જેથી કોઈ આ દુનિયામાં પોતે ગરીબ ન રહે. માટે પોતાના પાડોશીને ગરીબ રાખવા મથે છે, એ ગરીબનો પણ ગરીબ છે ! અને એ જ ખરો ગરીબ છે. બાકીના તમામ શ્રીમંત છે. અને શ્રીમંત સઘળા એક સરખા છે !

તારો દેશ કવિ ! શ્રીમંતોનો બને ને એમાં કોઈ ગરીબ ન રહે માટે તું હવે આજે ગરીબીનું ગાન ગા !

એક એવું ગાન ગા મિત્ર ! એક એવું ગાન ગા, કે જે માનવહૃદયમાંથી એકી અવાજે એક એવો અવાજ ઊભો કરે કે જેને શાંત કરવા માટે શ્રીમંતોની તમામ શ્રીમંતાઈ ઓછી પડે. અને છેવટે એ પણ ગરીબીના ગૌરવ ગાનમાં રાચી રહે !

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચમેલી

અ. ક્ષ.

કોણ જાણે આજે શું થયું હતું તે પળેપળે પંખીની માફક ઊડતી ચમેલી તદ્દન શાંત થઈ ગઇ હતી! ખંજન પક્ષીને શાંત જોઇને જેવી નવાઇ લાગે એવી એ નવાઈ હતી. ચમેલી આંહીં પાંચ છ મહિના થયાં આવી હશે પણ આડોશપાડોશમાં એનું નામ સૌની જીભે ચડી ગયું હતું. કોઈની ચમેલી ભાભી, કોઇની ચમેલી કાકી, કોઈની ચમેલી માશી, કોઇની ચમેલી મામી, અને અસંખ્યની તો ચમેલી બેન, પણ જ્યાં જુઓ ત્યાં હવામાં નામ તો ચમેલીનુ જ ગૂંજતું હોય! અને જ્યારે જુઓ ત્યારે હસતી! કેમ જાણે એનો જન્મ જ હસવા માટે હોય!

અને એમ કેમ ન હોય? માત્ર છ મહિનામાં તો એણે શહેરનો રંગ આબાદ પકડી લીધોં હતો. નહિતર હતી ગામડાની, ભણેલી પણ બહુ નહિ, છતાં કોઇ પ્રોફે. બલવંતને એમ મેણું ન મારી શકે હવે કે, અલ્યા! તારી વહુ તો બોઘા જેવી છે. એવી 'અપ ટુ-ડેઇટ' એ બની ગઇ હતી. ને બોલવા ચાલવામાં પણ શું-એનામાં છટા છે એ તો સૌ કોઈ કબૂલ કરતા, ભલે દલીલ ન હોય.

કોઇ કામ એવું નહિ જેમાં ચમેલીને રસ ન પડે. જ્યારે જૂઓ ત્યારે એ ફરતી જ હોય. આ બે જણાનું રાંધ્યું, પ્રોફેસર ગયા પ્રોફેસરું કરવા કે ચમેલી છૂટી! એને ચા ચવાણા ચેવડાથી માંડીને શીખંડ સુધી તમામ વાતમાં રસ. બંગડી પીનથી માંડીને સીફોન સુધી તમામે તમામ જાતમાં એની ગતાગમ. અને યુરોપી મોરચાથી માંડીને અણુબોમ્બ સુધીની વાણી એના ધ્યાનમાં. એણે તો જાણે છ મહિનામાં કાયાપલટ કરી નાખી.

આજે એવી ચમેલીને, ગંભીર બનીને લીમડાની ડાળ ઉપર બેઠેલા પક્ષી સામે નજર માંડતી નિરખવી એ તો કોઈ કરુણ કાવ્યની છેલ્લી બે પંક્તિ, જાણે સજીવન થઇ હોય એવું લાગે! ચમેલી–અને ગંભીરતા, એને આ છેલ્લા છ મહિનામાં કોઇએ સાથે જોયાં ન હતાં! એટલે આજે તમામે તમામ ઠેકાણે એક વાત નીકળી પડી: 'અરે! આ શું થયું છે ચમેલીને? આમ કાં જડ જેવી બેઠી? પ્રોફેસર સાથે બગડ્યું છે કે છે શું?'

પણ પ્રોફેસર બલવંત શાંતમૂર્તિ હતા. વેદનાના સાગરને એ પી શકતા. કોઈ રીતે ચમેલી સાથે એને તડામાર થાય એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવી વાત હતી.

પણ હા, પેલો એક જુવાન દેખાય છે, બળવંતનો ભાઈ નાનો એ આંહીં થોડા દિવસ થયાં આવ્યો છે. સૌને લાગ્યું કે ચમેલીનું ગાંભીર્ય એને લીધે છે.

'હા બાઈ! હસમુખાં તો સૌ રહે, સાંજે રાંધવું ન પડે ત્યાં સુધી, પણ હવે તો ચમેલી બેનને રાંધવું પડતું હશે, આ બળવંતભાઇના ભાઈ આવ્યા છે ને, દિલીપભાઈ, એટલે પંખીને પાંજરામાં પડેલું પૂરો ને લાગે એમ લાગે તો ખરૂં જ ના? આજ કાલનાં બૈરાં, રાંધવાનું ન હોય ને, 'ફેમીલી રૂમમાં' જવાનું હોય તો સોળે કળાથી ખીલે. 'ચૂલારૂમ'માં જવાનું આવે કે જાણે દિવસનું પોયણું! આપણને બૈરાંને કોણ વશ કરે? કહેવતમાં શું છે? કાં ચૂલો ને કાં ખોળો! એમાં ખોળાને તો વાર છે–તે આ ચૂલાએ વશ કર્યાં! બીજું કાંઇ નથી લ્યો, બે વખત ચૂલો ફૂંકતાં એમને પેટમાં દુખે છે. બલવંતભાઇ તો હતા સાદા તે સાંજ સવારનું જમી લેતા, ને આ છે જરાક વરણાગીયા. ચમેલી બેનને પેટમાં એ દુઃખે છે લ્યો!'

પણ કર્ણોપકર્ણ ફેલાતા આ સમાચારે ચમેલી બેનનું ગાંભીર્ય કાંઈ ઓછું ન કર્યું.

જ્યારે જુઓ ત્યારે એ તો લીમડાની ડાળ ઉપર બેઠેલા એકાદ પંખીને જોતાં જ હોય!

[૨]

દિલીપ જ્યારે ટપામાંથી એની ચામડાની બેગ લઇને પહેલવહેલો ઊતર્યો ત્યારે એને જોઈને ચમેલી તો ઓછી ઓછી થઈ ગઇ હતી. એને તો નાના દિયરની વસ્તી મળી. ભાઇભાઈની વચ્ચે ગાડાં ને ગાડાં ચાલ્યાં જાય એટલું અંતર હતું. પ્રોફેસર છતાં બળવંતનું પાટલુન કોથળા ટાઈપનું. દિલીપનું તો પાટલુન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ તમારી આંખો પકડી રાખે. બળવંત હાથમાંથી ચોપડી મૂકે નહિ. દિલીપ ચોપડી હાથમાં જ લ્યે નહિ ને! બળવંતને કોઈ કામમાં જાણે પોતાનો અભિપ્રાય નહિ. દિલીપને પોતાના અભિપ્રાય સિવાય, બીજા કોઇનો અભિપ્રાય નહિ. બળવંતને બધી ઉપાધિ લાગે. દિલીપને બધી મજા લાગે. વાતોનો તો એની પાસે ઢગલો. નવી નવી રમતનો એને શોખ. નવી નવી વાનગી પણ એ જાણે. ચમેલીને તો મજા પડી ગઇ. દિલીપ પણ આખો દિવસ ખુશમિજાજથી વાતો કરતો જ હોય. પાછા એણે તો અલકમલક જોયા હતા. આપણા દેશના–ભયંકર આચારવિચારથી એ તો ધ્રૂજી ઊઠતો!

ચમેલી પાસે કેવી કેવી વાતો એ કરે? પહેલાં તો ચમેલી નિર્દોષ ભાવે એ સાંભળીને હસ્યા જ કરતી! પણ ધીમે ધીમે એને દિલીપના અવાજમાં ફેર દેખાયો અને એ ધ્રૂજી ઊઠી!

એક દિવસ બપોરે એ ઘરમાં કાંઇ કામે ગઈ તે દિલીપ પાછળ આવ્યો: ‘ભાભી! આ મને ખબર નહિ હો, તમે પણ મારાથી આ છૂપાવી રાખ્યું? આમ તો તમે આગળ વધેલ છો! કોઇ કહી શકે નહિ કે તમને અમુક વાતની ગતાગમ નથી!

‘શાની વાત કરો છો દિલીપભાઇ? મેં તો તમારાથી કાંઇ છૂપાવ્યું નથી!’

‘કેમ? કાલે કબાટ ઉઘાડીને તમે કપડાં જોતાં’તાં ત્યારે પેલી ‘બોકસ’માં શું હતું?’

‘મારા એરિંગની વાત કરો છો?’

‘જૂઓ! મને બનાવો છો કે?’ દિલીપનો અવાજ ધીમો પડ્યો, ‘કે પછી પરીક્ષા લ્યો છો?’

પણ અવાજની ધીમાશ ને મીઠાશ જોઇને ચમેલી ધ્રૂજી ઊઠી. છતાં તેણે પોતાના અવાજમાં ફેર કર્યા વિના જ હિમ્મતથી કહ્યું. ‘શાની વાત છે બોલી નાખોને!’

‘મને ખબર નહિ, મેં તો કીધું’ મોટાભાઈ છે ટીલાંટપકાં, એ તે આવી છેલ્લી ઢબની વાતમાં શું સમજે? પણ તમે એને’ય રસિક બનાવી દીધા લાગે છે!’

‘દિલીપભાઇ! એમ ગોળ ગોળ વાત કરો તો મને એમાં કાંઈ ગતાગમ પડે નહિ. હું કાંઇ થોડું તમારી પેઠે ભણી છું!’

‘ભણ્યાં નથી, પણ ગણ્યાં કેટલું છો! લ્યો કાઢો કબાટમાંથી!’

‘પણ શું? તમે શેની વાત કરો છો?’

‘હજી બનાવો છો? કે હવે તો તાવો છો? શું તમે કોઈ દી વાપરતાં નથી ભાભી?’

‘પણ શું?’

‘આ પેલું ‘બોકસ’માં છે એ! એ...એ એટલા માટે જ છે. માણસ... પણ આ રહ્યું લ્યો... આંહીં પડ્યું છે ને શું?’

દિલીપે શકરાબાજની ઝડપથી આ યુગમાં ઘેર ઘેર વસાવવા માંડેલા સાધન ઉપાડ્યાં! કબાટમાં લુગડાં ગોઠવતાં એ અચાનક બહાર પડી ગયેલ; ભાભી ચમેલી તો સ્તબ્ધ બની ગઇ. તેણે દિલીપની નજરમાં ભયંકર રોગ દીઠો:

દિલીપ ભાઇ! મારે કામ છે!’

‘તમે પાછાં ઢોંગમાં પડ્યાં કે? તમને સમજાતું નથી કે આ વપરાતાં થયા પછી કોઈ જાતની જવાબદારીનો ભય રહેતો નથી. વળી કોઇ પ્રતે આપણે બેવફા નીવડતા નથી...! એ બીજો ફાયદો...’ શું સમજો છો?

‘દિલીપભાઇ! તમે...?’

ચમેલી તો ધ્રૂજતી બહાર જ દોડી ગઈ.

દિલીપ એની પાછળ ધીમે પગલે બહાર આવ્યો. મને ખબર નહિ તમે આટલાં orthodox જૂના વાણી છો. પણ એ તો ધીમે ધીમે આપણે એને ટેવાવું પડશે–શહેરોમાં જ્યાં ભેગું જીવન છે, ત્યાં તો કલેશ અટકાવવા માટે આ એક અમોઘ શસ્ત્ર છે. તમે આવા વિચાર ધરાવો છો આ બાબતમાં હજી –વુહ–’દિલીપ ધીમે ધીમે ફરવા ચાલ્યો ગયો.

[૩]

ચમેલી તો એની વાતમાં કાંઇ સમજી નહિ. તે પહેલાં પ્રોફે. બલવંતની વાતમાં પણ કાંઇ સમજી ન હતી. એને કાંઈક એવું યાદ હતું કે પ્રોફે. બલવંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એની તબીયતની વાત કરતો હતો. પણ બલવંત તો બલવંત હતો. અને આ તો ચમેલીને જુદીજ માટીનો માનવી લાગ્યો એ તો હવે એકલાં ઘરમાં રહેતાં ધ્રૂજવા લાગી. એને આવી ગંભીર જોઇને બલવંતને ધ્રાસ્કો પડ્યો. એણે એને પૂછ્યું; 'ચમેલી! તને કાંઇ લાગે છે?'

'શાનું?'

'વખતે બીક લાગતી હોય તો!'

'ના, ના, એવું કાંઇ નથી!'

'હોય તો નહિ જ. તારી તબીયતની સંભાળ લેવા માટે તો મેં પેલાં વસાવ્યાં છે. અને એનો ઉપયોગ હોય ત્યાં સુધી તો વાંધો નથી. પણ ત્યારે તું ગંભીર કેમ બની ગઇ છો? મને તો બીક લાગી કે આવી નાજુક તબીયતે તને મંદવાડ આવે તો તો આવી જ બને નાં! હમણાં હમણાં તો એવા 'કેઇસ' બહુ થાય છે!

ચમેલી બલવંતને કાંઈ કહી શકતી નહિ. બલવંતના અત્યંત કોમળ સ્વભાવની ચમેલીને જાણ હતી. આવો ભાર સહન કરવાની એનામાં શક્તિ ન હતી. પણ પોતે વાત ન કરે તો આ દિલીપ–એનો શું ભરોંસો હવે? અને એ એનો શું અર્થ કરે?

એને તો હવે ચિંતા થઈ પડી! એની બપોરની ઊંઘ ઊડી ગઇ. સવાર સાંજનો વિનોદ ઊડી ગયો. એને પહેલા તો એમ હતું કે બે પાંચ દિવસ આને જાળવી લેવો–ને એના ઝપાટામાં ન આવવું, પણ ચમેલીએ બળવંતને કાંઇ કહ્યું નથી, એ જ્યારે દિલીપે જાણ્યું, ત્યારે એણે એનો અવળો અર્થ લીધો! વળી આ વાત જણાઇ જાય નહિ માટે ચમેલીએ બહારનો વિવેક બરાબર જાળવી રાખવાનું કર્યું, એટલે તો દિલીપને પોતાની માન્યતા ખરી લાગી.

પરિણામે એ તો પોતાનો જવાનો દિવસ ઠેલતો જ રહ્યો!

એટલામાં એક દિવસ સવારમાં એક ટપો આવીને ઊભો રહ્યો. ટપામાંથી બે જણાં ઊતર્યાં અને ચમેલી તો આભી જ બની ગઇ. એક તો એની વિધવા માશી હતી–પણ બીજી આ રંજન એ કેમ આવી હશે? અનુમાન કરતાં તો ચમેલીનાં ઘરણુ મરી ગયાં.

રંજનને લઇને માશી આવ્યાં હશે, એને આંહીં ઠેકાણેસર પાડવા તો નહિ હોય?

અને ત્યાંતો થોડીવાર પછી આડીઅવળી વાતો થઈ ને રંજન જરાક બહાર ગઇ, ત્યાં જ માશીએ ફોડ પાડીઃ 'દિએ નહીં એટલી રાતે વધે છે માડી! એટલે કીધું, જઈ તો આવું. તારો દેર–અમે આવ્યાં ત્યારે બહાર ઊભો'તો એ જ કે? છે તો દેખાવડો! શું ભણ્યો છે?'

ચમેલીના પેટમાં ધ્રાસ્કો પડ્યોઃ 'અરે! માશી એ તો આજનાં ભણતર. એમાં દોઢિયાં થાવાં મુશ્કેલ. અને ઘરવખરીમાં તો કાંડે બાંધે એ!'

'એ તો એમ જ હોય! તારું જ સંભાર ને! બલવંત તો લોન લઇને ભણ્યો'તો પણ વર હોય તો ભુંડી! ઘર તો પછી થઇ જાય!'

'પણ વર હોય તો!'

'એટલે તો તને પૂછ્યું. બાઇ! રંજનને તો તું તલેતલ જાણે છે. તારા દેરને પણ જાણે. તું જ કહે કે અમારે શું કરવું? આવતો શિયાળો હવે ખમે એમ નથી! પછી તો તમારે આંહી શે'રમાં સાંઢડા ચાલે. ગામડાગામમાં તો આખું ગામ ખાઈ જાય!'

'ત્યારે માશી! હું કહું છું કે આ તમારે ચોક્કસ જ કરવા જેવું...'

ચમેલીના મોમાંથી નીકળનારો 'નથી' શબ્દ અધર રહી ગયો. પાછળથી અવાજ આવ્યો.

'કેમ? ક્યારે આવ્યાં છો?' કહેતોકને બલવંત આવ્યો. તેની પાછળ જ દિલીપ પણ હતો, સામે બારણેથી રંજન પણ આવી રહી હતી.

'આવો, આવો, આ હમણાંજ આવ્યા. કીધું દિલીપભાઇ આવ્યા છે, મળી આવીએ. રંજન! આંહી આવને–આ બલવંતભાઇને તો તું ઓળખતી પણ નહિ હો! તો ક્યાંથી ઓળખે! ક્યારે જોયા હોય?'

માશીની નજરે દિલીપ આવ્યો છે, ચમેલી તો વિચારમાં પડી ગઈ. પછી માશી સામે જોઇ રહી. માશી તો જે હેતુ માટે આવ્યા હતા એને લગતીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક વાતને સમજે એવી સ્થિતિમાં હતા. એટલે ચમેલીની નજરમાં એણે પોતાના હેતુને અનુકૂળ એવું જ કાંઈક વાંચ્યુ ને એ આગળ વધ્યાં.

'આ અમારી રંજનને હવે ઠેકાણે પાડી દ્યો–તમે–એટલા માટે તો એને ભેગી લાવી છું !'

'તે સારું કર્યું'–અમારે પણ દિલીપભાઇનું કરવાનું જ છે ને! અમે પણ મુંઝવણમાં પડયા છીએ !'

'લ્યો! તો તો સોનામાં સુગંધ મળી. અમને તમારા જેવું ઠેકાણું કયાંથી મળશે ?'

'પણ એમ કંઈ હોય હવે આ જમાનામાં ?' ચમેલીને વાતને કયો દોર આપવો તે સમજ ન પડી. 'રંજનબેન અને દિલીપભાઇનું મન માને–હવે તો એમને જોવાનું' તેનાથી એમ જ બોલાય તેમ હતું.

'બરાબર છે. એ તો પહેલું. જુઓ, એણે બરાબર તોડ કાઢયો ના ?' બલવંતે કહ્યું.

'કોનું પડખું સેવ્યું છે ? કેમ ન કાઢે ? એણે જ મને કહ્યું કે માશી ! મારા દેર પણ હમણાં આવ્યા છે !'

'એણે કહ્યું એમ ? ત્યારે તો ...'

પ્રોફે. બલવંત વાકય ગળી ગયા.

ચમેલી કાંઇ સમજી નહિ. બીજા તો કાંઈ સમજે તેમ ન હતા. દિલીપ સાંભળી રહ્યો. ચમેલી હેબતાઈ પણ ગઈ. એને કેમ વાત કરવી એ સમજમાં ન આવ્યું એણે ન ધારેલા એવા મારગે વાત ચાલી ગઈ હતી.

[૪]

'પણ એને વાંધો શું છે? કન્યા પસંદ નથી ? ઘર નાનું લાગે છે ? વિચાર નથી કે છે શું ?'

'તે તો માશી ! કાંઇક બોલે તો ખબર પડે નાં ?'

'તેં પૂછ્યું નહિ હોય ?'

'રંજને પૂછ્યું હશે નાં ?'

'રંજનનાં તે એવી ગતાગમ હોય દીકરી ! તો તો ઊડતાં પંખી ન પાડે ? એ તો બિચારી સીધી સાદી નિર્દોષ—' ચમેલી ચમકી ઊઠી:

'પણુ માશી ! તો તો મેં તમને કહ્યું નહિ, જાવાં દ્યો ને આ વાત જ ! હું તમને તે દિવસે કહેતી માગતી'તી એ ! આ કરવા જેવું નથી !'

'પણ કયાંય બીજે ગોતવું તો પડશે નાં ?'

'પણ આ વાતમાં કાંઇ માલ નથી માશી !'

'કેમ ?'

ચમેલી શું જવાબ આપે ? માશીને લાગ્યું કે ચમેલી નાહકની ચોળે છે.

'પણ ત્યારે તો કાંઈક બોલ્યા હોત. આ આવ્યા બલવંતભાઈ !'

પ્રોફે. બલવંત આવ્યા. તે શાંતમૂર્તિ હતા. છતાં એમના ચહેરા ઉપર પણ આજે જરાક ગુસ્સો દેખાતો હતો. ચમેલી એ જોઇ રહી.

'કાં ભાઇ ?'

'તમે જરાક નીચે જઈને આડીઅવળી વાત કરોને—દિલીપને મેં બોલાવ્યો છે. હમણાં આંહીં આવશે, હું પૂછી લઉં. પછી તમને કહું.

ચમેલી એની સામે જોઈ રહી. એણે બલવંતને આટલો આકરો સ્પષ્ટ આજે પહેલવહેલો જોયો. તેને કાંઈ સમજ પડી નહિ. એ પોતે આ વાત ન બને તો સારૂં એ ઇચ્છી રહી હતી. પણ બલવંતને આમાં રસ લેતો જોઈ એ શાંત થઈ ગઈ.

પ્રોફેસરે તેની સામે જોયું. તેણે ધીમેથી કહ્યું.

'દિલીપને તેં કાંઈ પૂછ્યું છે ?'

'શાનુ ?'

'રંજન બાબત !'

'ના.'

'તો તારો શું મત છે ?'

'મારે ? મારે શું કહેવાનું હતું ? પણ આપણે જ્યારે ઘરનો વિચાર કરીએ, વરનો વિચાર કરીએ, બધાનો વિચાર કરીએ—પણ જે વડે જીવન ચાલવાનું છે એ અંતરંગજીવનનો કયારે વિચાર કરીશું !'

બળવંતે વધારે એકાગ્રતાથી તેની સામે જોયું. 'મારે એ જ જાણવાનું હતું ! તારે પોતાને કાંઈ ખાસ કહેવાનુ છે !' 'ખાસ તો શું હોય !' તે બોલતો બોલી. પણ તરત એના મનમાં એક વિચાર આવ્યો. બલવંતને કહો ન કહો. પણ પેલી ઘટનાની થોડી ખબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેવું લાગે છે. તેનો ચહેરો ઊતરી ગયો. પણ એટલામાં તો દિલીપ આવ્યો. તેના વરણાગી વેડા આજે તો વધારે ખીલ્યા હતા. એક તરફથી એ રંજનને જાણે આકર્ષવા માગતો હતો. બીજી તરફથી જાતને બચાવી લેવા માગતો હતો.

'દિલીપ! આપણે શું જવાબ દેવો છે—આ રંજન વિષે!' બલવંતે તરત એને પૂછ્યું.

'જવાબ દેવાનો છે?'

'ત્યારે નહિ? તું એને પસંદ કરે છે કે નહિ? બીજું, તને ફાવશે કે નહિ? છોકરી તો સારી છે!'

'પણ, બ્રધર' આ 'બોધરેશન' એનું શું?'

'હાં...હાં...ત્યારે તને નહિ ફાવે કાં?'

'ભલે એ થોડા દી રહે—જોઈએ' દિલીપ બોલ્યો: 'આપણે પરિચય થાય પછી...'

'પણ પછી યે તું—તેં વિચાર કર્યો છે?'

'શાનો?'

'અરે! ગાંડાભાઈ! શાનો શું? પરણવાનો!'

'પણ, બ્રધર!' એ તો પાછું 'બોધરેશન'

'ત્યારે એમ બોલને, મારા ભાઈ! તારે જવાબદારી લેવી નથી. પણ તો તો પછી સસ્તી મોજ લેવી છે, એમ આનો અર્થ સમજવો? આ લોકો દિલીપ! એવી વસ્તુને ટેવાયલા નથી!'

'પણ મને આ 'બોધરેશન' ગમતું નથી બ્રધર!'

'તે તારી ઈચ્છાનો વિષય છે. પણ જેમ તને 'બોધરેશન' ગમતું નથી, તેમ મને તારું કોઈ પણ ધ્યેય વિનાનું સ્વતંત્ર જીવન ગમતું નથી. હું એને એક પ્રકારની કાયરતા ગણું છું! સ્વતંત્રતાને ધ્યેય સાથે સંબંધ છે. નહિતર એ કાયરતા છે.'

'કાયરતા?'

'ત્યારે નહિ? તમે જવાબદારી લેવા માગતા નથી. પણ જે કાંઈ સસ્તામાં મળી જાય—જવાબદારી વિના તે લેવા માગો છો, કાયરતા. પણ એ જ માગે છે. તને ન ગમે તો ભલે પણ આ ઠીક નથી. વિશ્વક્રમમાં ક્યાંય એકલવાયાપણાને સ્થાન હોય જ નહિ. તમારી જાતને તમે બરાબર તપાસો એટલે તમારું અરધિયું તમને તરત મળી જાય. આ તો તમે જાત છૂપાવો છો તે એટલે તમને સઘળે અપૂર્ણતા લાગે છે! ચમેલી! તું કાંઈક કહેતી હતી ને?'

'મારે તો રંજનને કહેવાનું હતું!'

'શું?'

'તમારા આંતરિક જીવન વિષેનો મારો પરિચય!' ચમેલીએ લેશ પણ વ્યગ્રતા વિના કહ્યું તે સાંભળીને બલવંત ચમકી ઊઠયો.

પણ દિલીપ એ સાંભળતાં જ એકદમ સફાળો ઊભો જ થઈ ગયો: બલવંતે એને જતાં રોક્યો: 'જો દિલીપ! એની પૂર્તિ હું કરી દઉં. વિજ્ઞાન વ્યક્તિને માટે જરૂરી પ્રસંગનો આશીર્વાદ છે બીનજવાબદારી ભરેલી રીતે જે લોકો વિજ્ઞાનને વાપરે છે-એ લોકો રાક્ષસોને નોતરે છે. મારે ત્યાં હજી વિજ્ઞાન રાક્ષસનો સ્વાંગ ધારી શક્યું નથી. આપણે ત્યાં એક વહેમ છે ખબર છે? ભૂતને કામ જોઈએ! વિજ્ઞાન પણ ભૂતયંત્ર છે!

તારે હવે શાંત સ્વસ્થ રોજિંદુ જીવન ગાળવા માટે પણ તાલીમ લેવી પડે એવું છે!'

દિલીપ બોલ્યા વિના ધીમે શાંત પગલે નીચે ગયો. તેને કાંઈ આ વાત ગળે ઊતરી નહિ. એણે જીવનવ્યવહારને જોવા માટે જુદી રીતે દષ્ટિને કેળવી હતી.

ચમેલી પ્રોફેસર સામે જોઈ રહી: 'ત્યારે તો તમને આ ખબર હતી—મારે કહેવું.'

'તને ગભરાયલી દીઠી અને હું કળી ગયો હતો!'

એટલામાં નીચેથી દિલીપનો અવાજ આવ્યો:

'મોટાભાઈ! પેલા લોકોને મેં કહી દીધું...'

'કે?'

'મને નહિ ફાવે!'

'ચાલો, રંજન બચી ગઈ!' ચમેલી બોલી.

થોડીવારમાં જ ઘર પાછું પહેલાનાં જેવું બની ગયું. દિલીપ ક્યાંક બહાર જઈ રહ્યો હતો.

'ધ્યેય વિનાની સ્વતંત્રતા—એ જ મૃત્યુ નહિ હોય!' પ્રોફેસરે એને જતો જોયો—અને એ બોલી ઊઠ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વર્ષની ગાંધી-જયંતી રાષ્ટ્રપિતાની ઉમ્મરમાં એક વર્ષનો ઉમેરો કરે છે તેના કરતાં આ રાષ્ટ્રને એની પુખ્ત વયે પહોંચેલું જુએ છે તેમાં તેનું વિશેષ મહત્ત્વ રહેલું છે. સોળમે વર્ષે દીકરો પુત્ર મટીને મિત્ર બને છે તેમ રાષ્ટ્રીય હિંદ પણ યુવાવસ્થાને આરંભે પોતાના એ પાલક પિતા સાથેના સંબંધોમાં પલટો અનુભવી રહ્યું છે. ગાંધીજી એના એ જ છે, એમના વિચારો એના એ જ છે, રાષ્ટ્રનો એમની પ્રત્યેનો પ્રેમ-ભક્તિભાવ પણ એટલો ને એટલો જ છે; પણ હિંદના વિચાર હવે બદલાઈ રહ્યા છે; ગાંધીજીએ ચિંધાડેલા માર્ગથી ઊલટી દિશામાં તેના ડગલાં વારંવાર પડતાં દેખાય છે. આમાં એવું પણ ન માનવું જોઈએ કે આજ સુધી રાષ્ટ્ર ગાંધીજીને અનુસર્યું તેમાં દંભ હતો કે દગોફટકો હતો, યુવાનીમાં પિતા સામે બંડ ઉઠાવનાર ચાહ્ય તે માણસની પણ બાલ્યાવસ્થા-કિશોરાવસ્થાના આજ્ઞાંકિતપણા માટે આવો આક્ષેપ ન થઈ શકે. સંપૂર્ણ સહૃદયતા હોવા છતાં વિચારભેદ-પંથભેદ સંભવી શકે છે.

પુત્રવત્સલ રાષ્ટ્રપિતાના અંતરનો વલોપાત

દરેક પુત્રવત્સલ પિતાની માફક ગાંધીજી પણ પોતાના શિશુના જીવનમાં આવી રહેલા આવા પલટાથી હૃદયના અતલ ઊંડાણમાં ભારે વ્યથા અનુભવી રહ્યા છે. મહાત્માને છાજે તેવો આકરો સંયમ આ સંક્રાંતિકાળ દરમિયાન એમણે પોતાની વાણી ઉપર રાખ્યો હોવા છતાં એમની વ્યથાની ઝાંખી આપતાં છૂટક છૂટક વાકયો એમનાં પ્રાર્થના-પ્રવચનોમાં અને લખાણોમાં મળી આવે છે. થોડા અઠવાડિયા પૂર્વે નવા રાષ્ટ્રધ્વજ વિશેના 'હરિજનબંધુ'ના અગ્રલેખમાં એમનાથી લખાઈ ગયેલા આવા એક હૃદયવિદારક પરિહાસવાળા ફકરામાં એમના અંતરનો આ વલોપાત ઉભરાઈ ગયેલો દેખાય છે:

'કોઈ કહે છે કે અસલ ઝંડાનો લોપ થયો. નવો યુગ બેઠો છે તેમાં નવી રીત શરૂ થઈ છે. તેને શોભાવે તેવો ફક્કડ ઝંડો થયો છે. હજી લગી એવા કોઈ સુપુત્રને મેં જોયો નથી જેને પોતાની મા કુરૂપ લાગી હોય! સોનાને ઓપ ચડે એ સંભવે, પણ માને ઓપ કેમ ચડાવી શકે?...... હવે તો શંકા ઉઠાવાઈ કે રેંટિયો તો ડોસીમાનો હતો; ગાંધીનું રમકડું હતું. સ્વરાજ ડોસીમાનું ન હોય, એ તો જોદ્ધાનું હોય. એટલે હવે અમારે સાવજના મહોરાવાળુ અશોકનું ચક્ર જોઈએ...... અમને નામર્દી ન ખપે. મર્દોની અહિંસા કોણે દીઠી છે? જોઈશું ત્યારે વાત. ખાદી પહેરીને અમે થાકયા. હવે તો કાચનાં કપડાં પહેરીશું..... ખાદી વડે શહેરોને નહીં બગાડીએ. ભલે ગામડિયા ખુશીથી ખાદી પહેરે. ખાદી પહેરે તો ગુનો નહીં ગણીએ. રેંટિયો ડોસીમાની ઝૂંપડીમાં ચાલવા દઈશું, એ આ નવા યુગમાં મહેરબાની ગણાવી જોઈએ.'

ગળેથી ઘંટીનું પડ છૂટે છે— કે શિરછત્ર જાય છે?

ગાંધીજીએ અહીં ઝંડા વિશે જે લખ્યું છે વત્તેઓછે અંશે એમનાં કેટલાય આદર્શો, સંસ્થા અને વિચારોને લાગુ પડે છે. એમની ૭૯ મી વર્ષગાંઠે ખોટા શોભાઠઠારા, ચીલાબદ્ધ વિભૂતિપૂજા કે અતિશયોક્તિભર્યાં લાગણી-ઊભરાનાં પ્રદર્શનો કરવાને બદલે આપણો ગાંધીત્યાગ કેટલે અંશે ઈષ્ટ અને અનર્થકારી છે, કેટલે અંશે ગાંધીવાદની મર્યાદાઓમાંથી જન્મેલો કે આપણી નબળાઈઓમાંથી પેદા થયેલો છે તેમજ પ્રગતિશીલ કે પ્રગતિવિરોધી બળોએ સરજેલો છે તેનો શાંત ચિત્તે વિચાર કરીએ. ગાંધીત્યાગથી આપણે ગળેથી ઘંટીનું પડ છૂટે છે કે શિરછત્ર ઝુંટવાઈ જાય છે વિશે બે પ્રામાણિક અને બલવાન વિચારશ્રેણી પ્રવર્તે છે. એક બાજુ ગાંધીજી ઘંટીનું પડ હોય પણ એ અમારે જોઈએ છે, એવું કહેનારા છે, બીજે પક્ષે એવુ કહેનારા પણ પણ પડ્યા છે કે શિરછત્ર હોય તો પણ ગાંધી હવે અમારે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી બે ભિન્ન ભિન્ન મનોદશા માત્ર સામાન્ય પ્રજાજનોનાં જ નહિ પણ ટોચના આગેવાનોનાં આચરણમાં પણ દેખાય છે. ૭૯ મી ગાંધી–જયંતીને ટાંકણે આ દ્વિધામાંથી બહાર નીકળવાનો માર્ગ આપણને સૂઝે તો આપણા કાર્યપ્રદેશમાં સર્વત્ર ખૂટતી એકસૂત્રતા આપણને ફરી લાધશે.

સાગરપારના મુલકોમાં પણ ગાંધીજીનાં તપતેજ ઝળહળ્યાં

આજે કેટલાય મહિનાઓથી નોઆખલી, બિહાર, કલકત્તા અને છેલ્લે દિલ્હીમાં કોમી ઝનૂન, પાશવી હિંસા અને વૈરપિપાસુ પ્રતિહિંસાનાં બળો સામે પ્રેમ અને ઇન્સાનિયતનો જે મરણિયો સંગ્રામ ગાંધીજી એકલે હાથે લડતા આવ્યા છે અને એક પછી એક ચઢિયાતા ચમત્કારો સમા વિજયો પ્રાપ્ત કરતા આવ્યા છે તેનાં તપ–તેજ સાગરપારના મુલકો સુધી પહોંચ્યાં છે. આ વર્ષના શાંતિના નોબેલ—પારિતોષિક માટે નોર્વેની પ્રજા સમક્ષ ગાંધીજીનુ નામ સૂચનરૂપે રજૂ થયું છે. ચીનનાં વર્તમાનપત્રોએ પણ આ સૂચન વધાવી લીધુ છે. પ્રશંસા અને પારિતોષિકોની સીમા તો ગાંધીજીનું જીવનકાર્ય કયારનુંય વટાવી ગયું છે. છતાં, આવું પારિતોષિક ગાંધીજીને અર્પીને પોતાનું જ ગૌરવ વધારવાનો તથા પૂર્વના દેશોથી પોતે ઘણુંખરુ વિમુખ રહેલ છે તેવું મેણું મિટાવવાનો મોકો નોર્વેની પાર્લામેન્ટ સમક્ષ આવી ઊભો છે.

પરદેશો ગાંધીજીનું આમ સન્માન કરે તે એક વાત છે, પરંતુ ખુદ આપણે તેમનાં જ દેશવાસીઓ આવી ગાંધીપૂજામાંથી ઊંચા ન આવીએ તે તો હવે ઘેલછાભર્યું ગણાવું જોઈએ. ઇતિહાસ આપણે વિશે બીજું ગમે તે કહેશે, પણ ગાંધીજીની પૂજા આપણે પૂરતા પ્રમાણમાં નથી કરી એવું તો એ નહિ જ કહી શકે. એ પૂજાનો કાળ વીતી ગયો છે. હવે જેટલી પૂજા થાય છે તે તો એમના આદર્શોને અનુસરવાની આપણી અશક્તિ ઉપરનું ઢાંકણ માત્ર છે. દશ લાખ રૂપિયાને ખરચે મુંબઈમાં ગાંધીજીનું પૂતળું ઊભું કરવાની યોજનાનું મૂલ્યાંકન આ દૃષ્ટિએ થવું જોઇએ.

જીવતા ગાંધીને સ્થાને પાષાણની પ્રતિમા જ ખપે છે?

ગાંધી નામની જીવતી જાગતી વ્યક્તિને નિર્જનતામાં, એકલવાસમાં ધકેલી દેવી અને તેને સ્થાને નિર્જીવ, વાચાહીન, પાષાણની પ્રતિમા રોપવી એ એક ઘોર આત્મછલના છે. એનો અર્થ એટલો જ થાય છે કે જે ગાંધી આપણી પાસેથી કાર્ય માગે છે, વિચારશક્તિ માગે છે, સુધારા માગે છે, પ્રેમ અને બલિદાન માગે છે, સત્ય અને ટેક માગે છે, જે આપણી આકરી તાવણી કરે છે, જેની આર્ષદૃષ્ટિ આપણા ઊજળા જામાની આરપાર જઈને આપણાં તોલમાપ કાઢી લે છે તે ગાંધી આપણને નથી ખપતો: આપણને તો ખપે છે મૂંગી મૂંગી આપણા કાળાં-ધોળાં માફ કરતી, આપણે ધરેલા મનફાવ્યા અન્નકૂટ આરોગી જતી અને વારતહેવારે જેનું ચરણામૃત લઈને આપણી જાતને પુનિત માની–મનાવી શકીએ તેવી મૂર્તિ. જો એમ જ હશે તો એક દિવસ એપોલો બંદર આગળ ગાંધીની મૂર્તિ ઊભી હશે અને એની નજર સામે જ હિંદુ–મુસલમાનો ખંજરબાજી કરતા હશે, એ પ્રતિમાવાળો ચકંદો વાળનાર ભંગી રસ્તાની પગથી પર બેસીને જ સામેની હોટલમાં ચા પી શકતો હશે, પાલવા બંદરે વિદેશી માલથી ભરેલી સ્ટીમરો ઠલવાયે જતી હશે, અને 'હરિજનબંધુ'નો ઉપયોગ શનિ–રવિનાં સહેલાણીઓ ત્યાં બેસીને પસ્તી તરીકે જ કરતાં હશે. ગાંધીજીને આમ જીવતા દાટી દેનારા 'રાષ્ટ્રવાદીઓ' કરતાં તો કલકત્તામાં એક રાતે એમના ઉતારા પર હુમલો કરનારા કોમવાદીઓ વધુ સાફ-દિલ ગણાય.

બંધારણસભામાં મુકાયેલી વિદેશી કલાકારની ગાંધી–તસવીર

વર્તમાનપત્રો ઉપર મોકલેલાં ચર્ચાપત્રોમાં શ્રી તેંડુલકરે આવી જે ખિન્નતા વ્યક્ત કરી છે તેમાં ઘણાં દુભાયેલાં હૈયાંની લાગણીઓનો પડઘો પડ્યો હશે:—

'સત્તરેક વર્ષો પૂર્વે લંડનમાં બિરલેને હાથે ચિતરાયેલી ગાંધીજીની તસવીર ભારે દબદબાપૂર્વક બંધારણસભાના ખંડમા ખુલ્લી મૂકવામાં આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ખાસ આ ચિત્રને જ શા માટે પસંદ કરવામાં આવ્યું છે તેનાં કારણો જાણવાનું મન સહેજે થાય છે.

'એ ચિત્રની છબી જોતાં એ કોઈ મહાન કલાકૃતિ હોય તેમ જણાતું નથી. ગાંધીજી જેવી વિભૂતિનું આ ચિત્ર સદંતર પ્રેરણારહિત છે. ઉપરાંત બે દાયકા પૂર્વે એ ચિતરાયેલું છે. ૧૯૪૭માં ગાંધીજી જેવા છે તેવા દેખાડતું ચિત્ર શું આપણને મળી શકે તેમ નથી?

'આપણું ગુલામી માનસ હજી ગયું નથી. ઘણુંખરું તો આ ચિત્ર એક અંગ્રેજે દોરેલું છે તે કારણે જ તેની પસંદગી થઈ હશે. કે પછી મરહૂમ પ્રભાશંકર પટ્ટણીના પુત્રે એ ભેટ આપેલ છે તે કારણે? એવું કહેવાય છે કે બંધારણસભાના સભ્યો આ સિવાય બીજું કોઇ ચિત્ર સ્વીકારવા તૈયાર નહોતા.

'બિરલેનું દોરેલું ચિત્ર સ્વીકારી લેવામાં બંધારણસભાએ અણછાજતી ઉતાવળ બતાવી છે, એટલું જ નહિ પણ નંદલાલે દોરેલાં ગાંધીજીનાં ચિત્રોની કદર કરવાનો મોકો ગુમાવ્યો છે. નંદલાલે દોરેલું ગાંધીજીનું દાંડીકૂચ વેળાનું ચિત્ર ત્યાં વધુ શોભત. ભવિષ્યમાં તો આપણી રાષ્ટ્રીય સરકારે હિંદી કલાની કદર કરવાની અને તેને ઉત્તેજન આપવાની પોતાની ઈચ્છાની નક્કર સાબિતી આપવી રહેશે.'

કોમવાદની જડ ઉખેડનારાં બે આવકારદાયી પગલાં

કોમવાદના કફનમાં મુંબઈ સરકારે તાજેતરમાં બે ખીલા ઠોકયા છે તેને માટે તેમને અભિનંદન ઘટે છે. પ્રાંતની મ્યુનિસિપાલિટીઓ અને સ્થાનિક સ્વરાજની બીજી સંસ્થાઓની હવે પછીની ચૂંટણીઓ સંયુક્ત મતાધિકારને ધોરણે જ કરવાનો એમનો નિર્ણય ઘણો આવકારદાયી છે, અને આથી વહેલો એ ન લઇ શકાયો તે વાત પૂરતો જ ખેદ રહે છે. આ નિર્ણયને પરિણામે પ્રાંતની મ્યુનિસિપાલિટીઓ વગેરેની ચૂંટણીઓ અમુક વખત સુધી મુલતવી રાખવી પડે એ તો દેખીતું છે. પરંતુ મતપત્રકો નવેસરથી [illegible] કરવામાં સદંતર અનિવાર્ય તેટલા, ઓછામાં ઓછા [illegible] સમય સુધીની જ આ મુદત નખાવી જોઇએ. પ્રત્યે[illegible] અળખામણા બનેલા સભ્યોવાળી મ્યુનિસિપાલિટીઓ આ નિર્ણયની ઓથે રહીને પોતાની આવરદા વધાર[illegible]વાની કોશિશ ન કરે તે અંગે સાવચેતી લેવાવી જોઇએ.

પ્રાંતની મુસ્લિમ કન્યાઓની કેળવણી માટે ખાસ સગવડોની લીગ પક્ષની માગણીના જવાબ[illegible] મુંબઇની ધારાસભામાં વડા પ્રધાન શ્રી ખેરે જે બે શબ્દો કહ્યા તે સવેળાના છે, અને પ્રાંતના કોમી આગેવાનો ડાહ્યા હોય તો તેમને માટે આથી વિશેષ ટકોરની જરૂર ન હોવી જોઇએ:

'થોડા દિવસ ઉપર જેમ અમે અસ્પૃ[illegible]શ્યતાને દફનાવી દીધી હતી તેમ કોમવાદને [illegible] ઊંડે ઊંડે દાટી દેવાના પ્રયત્નો [illegible] સરકાર ચાલુ જ રાખશે. આ ધારાસભામાં મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભા જેવા પક્ષો આ છેલ્લી વારના જ હશે. ભવિષ્યમાં તો સંયુક્ત મતાધિકાર મુજબ ચુંટાઇ આવેલા હિંદી પક્ષો જ અહીં મોજુદ હશે......કોઇ પણ એક કોમ માટે એક પણ નિશાળ ઉઘાડવાનો અમારો ઇરાદો નથી. બધી જ નિશાળો તમામ કોમો માટે ખુલ્લી હોવી જોઈએ. અમુક કોમને માટે અમુક ભાતનું શિક્ષણ જરૂરી હોવાથી તેને માટે જુદી નિશાળો કે કોલેજો ખોલવાની માગણી ખરે જ [illegible] બેહૂદી છે. શિક્ષણ સર્વને માટે એકસરખું [illegible] હોવું જોઇએ. મુસલમાનોએ તેઓ આ દેશના [illegible] વતની છે તે વાતની કાયમને માટે ગાંઠ વાળવી જોઇએ અને પોતાનું વર્તન એ જાતનું રાખવું જોઇએ.'

'એક પણ પાંચમી કતારિયો સાંખી લઇ શકાય નહિ'

યુક્તપ્રાંતના રમખાણગ્રસ્ત પશ્ચિમી જિલ્લાઓ[illegible] પ્રવાસ દરમિયાન વડા પ્રધાન પંડિત પંતે [illegible] ભાષણોનો એક મુખ્ય સૂર શ્રી ખેરની વિચારસરણી[illegible] આગળ લઈ જાય છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રજાના તમામ વર્ગોને સમાન અધિકાર મળે તે માટેની પહેલી જરૂરિયાત રાજ્ય પ્રત્યે સંપૂર્ણ અને અફર વફાદારી દાખવવાની છે. મુસ્લિમોએ ખાસ તો એ સમજવું જોઇએ કે દેશના ભાગલા પડયા પછી હિંદી સંઘને એક આદર્શ રાજ્ય બનાવવામાં એમણે અમને મદદ કરવી જોઇએ અને પાકિસ્તાન સાથે ઘર્ષણ થાય ત્યારે પણ વફાદારીપૂર્વક અમારી પડખે જ ઊભા રહેવું જોઇએ. મુસ્લિમોએ પોતે આ રાજ્યના નાગરિકો છે તેમ માનવું જોઇએ અને એકતા તથા ભાઈચારાને ખાતર પોતાનાં અંગત હિતોનો ભોગ આપવા તૈયાર થવું જોઇએ. હિંદમાં અમે એક પણ પાંચમી કતારિયાને સાંખી લઈ શકીએ નહિ એ તો દેખીતું જ છે. માટે, જેઓ આ રાજ્યને વફાદાર રહેવા ન માગતા હોય તેઓ પાકિસ્તાન ભણી રવાના થઈ જાય એ જ બહેતર છે.'

હિંદમાંના ઘણાખરા લીગવાદીઓ, એમના આગેવાન ચૌધરી ખલિકુઝમાને બંધારણસભામાં તાળીઓના ગડગડાટ વચ્ચે વફાદારીની જાહેરાત કર્યા છતાં, આ દેશ પ્રત્યે વફાદાર નથી, એવી સરદાર વલ્લભભાઇની માન્યતાને ગાંધીજીએ પ્રસિદ્ધિ આપી છે. શ્રી ખેર, પંડિત પંત અને સરદારશ્રીના આ સ્પષ્ટ વક્તૃત્વમાંથી કોમવાદના વિષધરને સાણસામાં લેવા માટેની જરૂરી મક્કમતાનું દર્શન સામાન્ય પ્રજાજનને થતું હશે અને ભૂતકાળની મનામણાં–નીતિનો આખરે અંત આવી રહ્યો જાણીને એ રાહતની લાગણી અનુભવતો હશે.

વફાદારીની વાત કરતી વખતે માત્ર મુસ્લિમો જ આ દેશને બેવફા બને તેવા છે એવો ગલત ખ્યાલ કોઇના મગજમાં રહી ન જાય. બ્રિટિશ શહેનશાહ પ્રત્યે વફાદારીના સોગંદ લેવામાં કશી નાનપ ન અનુભવનાર મુંબઇ પ્રાંતના એકમાત્ર હિંદુ મહાસભાવાદી ધારાસભ્ય શ્રી કરંદીકરે પ્રજાકીય બંધારણસભાને વફાદારી દાખવવાનો ઇન્કાર કર્યો છે અને તેમ કરવા જતાં ધારાસભામાંના પોતાના સ્થાનનો પણ ભોગ આપ્યો છે. એ બતાવે છે કે બધા મુસ્લિમો જેમ બેવફા નથી, તેમ બધા જ બિન–મુસ્લિમો વફાદાર પણ નથી.

પાકિસ્તાનવાદીઓ માગે છે—

કોઇ પણ હિસાબે ઘર્ષણ

હિંદ અને પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણ પ્રત્યે જે ઈશારો ઉપર પંડિત પંતે કર્યો છે તેમાં વાસ્તવિકતાને તેના સાચા સ્વરૂપે ઓળખાવવામાં આવી છે. જન્મભૂમિના ટૂકડા કર્યા પછી અને વસ્તીની ફેરબદલીનું ભીષણ સ્વપ્ન થોડેઘણે અંશે સિદ્ધ કરી લીધા પછી પણ પાકિસ્તાનવાદીઓને જંપ વળતો દેખાતો નથી. કોઇ પણ હિસાબે ઘર્ષણ ઊભું કરવા એ જાણે તલપાપડ બન્યા છે.

મુસ્લિમ બહુમતીવાળા પ્રદેશોમાં બિનમુસ્લિમોને માથે જે વીતકો વીત્યાં છે તેને વિશે એક સખૂન પણ ન ઉચ્ચારવાની શ્રી ઝીણાની ધૃષ્ટતાએ તો ગાંધીજી જેવા શાંતિદૂતના મોઢામાં પણ આંગળાં નાખીને બે વેણ બોલાવ્યા છે. એથી ય આગળ વધીને, પાકિસ્તાનવાદીઓ કયાં સુધી જઈ શકે તેમ છે, અને બે રાજ્યો વચ્ચે ઘર્ષણ ટાળવાની એમની બેપરવાઈ કેટલી હદ સુધીની છે તે તો જૂનાગઢ જેવા ૮૦ ટકા બિનમુસ્લિમ વસ્તીવાળા રાજ્યને પાકિસ્તાન સાથે જોડાણ આપીને એમણે બતાવી આપ્યું છે. જૂનાગઢની પ્રજા ત્યાંના પૂતળા નવાબ કે પાકિસ્તાની દીવાનના ખીસામાં રાખવાની કોઇ ચીજ હોય એટલી આસાની અને બેતમાથી આ અનિષ્ટ જોડાણ કરવામાં આવ્યું છે.

જૂનાગઢના રાજ્યકર્તાનું આ પગલું માત્ર જૂનાગઢની કચડાયેલી પ્રજાને જ નહિ પણ સમગ્ર કાઠિયાવાડને પડકાર સમાન છે.

અનેક નાનાં નાનાં રાજ્યોના સીમાડાએ કાઠિયાવાડની ધરતીને પીંખી નાખેલ છે. છતાં ચરોતનનો એક અખંડ વારસો તમામ સૌરાષ્ટ્રવાસીઓના રુધિરમાં ઊતરેલો છે. જૂનાગઢના નવાબે પોતાની પ્રજાને સૂતી વેચેલ છે. ચારણ કવિઓએ બિરદાવેલી વીરભૂમિ સોરઠનાં પશુઓ પણ આવી ઘોર ગુલામી સહી ન શકે. સૌરાષ્ટ્રનું ખમીર સાવ મરી પરવાર્યું ન હોય તો માઝા મૂકી ગયેલા નવાબી મદને એ જોતજોતામાં ભાંગી નાખી શકે તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાંમર્દીનાં નીર ખૂટયાં ન હોય તો સોરઠિયાઓ આપબળે ઝૂઝે

કાઠિયાવાડના અવલ દરજ્જાના પ્રજાશત્રુનો પડકાર ઝીલવાનું કામ મૂછને વળ દઇ જાણનાર દરેક સોરઠિયા જુવાનનું છે. કોઇ કાઠિયાવાડી મરદ એવી આશાએ બેસી ન રહે કે હિંદી સંઘના ગુરખા, શીખ કે જાટનું લશ્કર આવીને એમને જૂનાગઢ જિતાવી આપશે. ના, જૂનાગઢના ભાડૂતી મકરાણીઓનો જવાબ તો કાઠિયાવાડની ધરતીમાંથી જ જાગવો જોઇએ. સોરઠી મરદાનગી તો સામે ચાલીને બહારના સાથીઓને પણ કહી દે, કે શત્રુને અમે એકલે હાથે મહાત કરશું.

કાઠિયાવાડ અને જૂનાગઢી નવાબશાહી વચ્ચેનું યુદ્ધ અનિવાર્ય છે, જરૂરી પણ છે. પરંતુ માત્ર જૂનાગઢને કારણે હિંદ–પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ ઊભું કરાવ્યાનું મેણું કાઠિયાવાડીઓને શોભા ન અપાવે. પાકિસ્તાન અને હિંદ, બન્ને ઊભાં ઊભાં ભલે જુએ, પણ લડત તો જૂનાગઢ અને સૌરાષ્ટ્ર વચ્ચેની જ હોવી જોઈએ. સોરઠવાસીઓ કોઇની વાટે ન રહે. જામસાહેબ જેવા, ઘણે અંશે જૂનાગઢના નવાબ જેવા જ એકહથ્થુ શાસનકર્તાનો એહસાન પોતાને શિરે એ બહુ ન ચડાવે. મુંબઇમાં ઉત્સાહભેર રચાયેલી 'કામચલાઉ સરકાર'ને આધારે પણ કાઠિયાવાડીઓ બેસી ન રહે. દિલ્હીના ધાન કે મુંબઇનો પ્રાણવાયુ સૌરાષ્ટ્રને જિવાડી નહિ શકે. જામસાહેબની મદદ વડે જિતાયેલા જૂનાગઢમાં જનતાનું રાજ નહિ હોય. સોરઠી જવાંમર્દીનાં નીર ખૂટયાં ન હોય તો સૌરાષ્ટ્રવાસીઓને બીજા કોઇની મદદની જરૂર ન રહે. ત્રાવણકોર મૈસૂરથી પ્રજા કોઇની વાટે રહી નહોતી અને એને વિજય સાંપડી રહ્યો છે. હૈદ્રાબાદની અને કાશ્મીરની જનતા એકલે હાથે લડી રહી છે—અને એમને પણ વિજય જ વરશે. જૂનાગઢનો મદ ભાંગવામાં જેટલો વિલંબ થશે તેટલી ગૂંચવણો વધતી જશે. પહેલો ઘા હંમેશા સવાલાખનો હોય છે.

સ્વરાજના શાસનકર્તાઓ વિદેશી અસરોથી મુક્ત બને

'વિશ્વવાત્સલ્ય'માં એક લેખમાં શ્રી રવિશંકર મહારાજે આપણને સાંપડેલા સ્વરાજનું સ્વરૂપ આ રીતે આલેખ્યું છે:

> '૧૫મી ઑગસ્ટે સ્વરાજ આવ્યું; પણ સ્વરાજ આવ્યું એટલે શું આવ્યું? અંગ્રેજો ગયા, રાજવ્યવસ્થામાં તેમની ખાલી પડેલી જગ્યાઓએ આપણા માણસો બેઠા, એટલું જ ને! પણ એથી કાંઇ સ્વરાજ નહિ આવી શકે...... સ્વરાજને માટે જે કલમ હતી તેનું પાલન આપણે ન કર્યું. સ્વરાજ્ય તો આવ્યું, પણ રચનાત્મક કામ થયું નહિ. આજે જો અંગ્રેજો જાય છે તો તે આપણા બળથી નહિ પણ અ‌ળચંડાઈથી જાય છે. એક સભામાં ફક્ત એક જ માણસ ભંગાણ પડાવી શકે. "અંગ્રેજો ચાલ્યા જાવ" કહી આપણે એવી હોહા મચાવી દીધી કે અંગ્રેજોને રહેવું ભારે પડી ગયું. પણ સભા વિખેર્યા પછી ફરી ગોઠવવી એ કામ અઘરું છે.

આ અધરું કામ પાર પાડવા આપણા જે આગેવાનો તત્પર બન્યા છે તેઓ વિદેશી આચાર-વિચારની કેટલીક અસરોમાંથી મુક્ત ન હોવાને કારણે જ આ સ્વરાજ અને આપણા સ્વપ્નામાંના હિંદ-સ્વરાજ વચ્ચે તફાવત છે તે કોઈ કોઇ વાર સાંભરી આવે છે. પાકિસ્તાનમાંના હિંદી હાઇ-કમિશ્નર શ્રી શ્રીપ્રકાશે કાશીમાં એમના માનમાં યોજાયેલા એક ભોજન-સમારંભમાં જાહેર કરેલું કે પંજાબનાં તોફાનોમાં દશ લાખ માણસો માર્યા ગયા છે. પશ્ચિમના શિષ્ટાચાર પ્રમાણે આવી મહત્ત્વની જાહેરાતો કદાચ આવી મિજબાની–સમારંભોમાં થતી હશે, પરંતુ પોતાના દેશબંધુઓની કતલનો આંકડો દશ લાખ ઉપર પહોંચવાની ભીના ભોજન-સમારંભ વખતે ઉચ્ચારવાની વાત હિંદી સંસ્કારભાવના સાથે મેળ નથી ખાતી. મોટા મોટા સમારંભો યોજવા, ખાણી-પીણાંની મહેફિલો ગોઠવવી અને તેની વચ્ચે વચ્ચે જે સમય મળે તે દરમિયાન રાજકારભાર સંભાળી જવાની પશ્ચિમના દેશોની રસમમાંથી આપણા આગેવાનોએ નીકળી જવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવરચના

આપણી મ્યુનિસિપાલિટીઓ મહેફિલ-સંસ્થાઓ બની રહી છે

પશ્ચિમી શિષ્ટાચારનું અનુકરણ કરતા ટોચના આગેવાનોની નકલ કરનારા લઘુ-નેતાઓ તો આજે ઘણાં શહેરોની મ્યુનિસિપાલિટીઓમાં ઘર કરી ગયેલા દેખાય છે. મદ્રાસના નાયબ-નગરપતિ શ્રી લક્ષ્મીનાથન 'હિન્દુ' ઉપરના એક ચર્ચાપત્રમાં લખે છે કે—

'મદ્રાસની કોર્પોરેશન એક નાગરિક સંસ્થા મટી જઈને કોઈ સંગીત-સંમેલન બની ગઇ છે તે હકીકત પ્રત્યે હુ પ્રજાનું અને કોર્પોરેશનના મારા સાથી-સભ્યોનું ધ્યાન ખેંચવા માગું છું. છેલ્લાં થોડાં વર્ષોના મારા અનુભવ પરથી હું કહી શકું છું કે અગાઉના વખતમાં આવા સમારંભો પાછળ કોર્પોરેશન વરસના રૂા. ૨૦૦૦ થી વધુ ખર્ચ કરતી નહોતી. પણ હવે, મને લાગે છે કે, મિજલસો અને માનપત્ર આપવાના સમારંભો પાછળ આ એક જ વર્ષને અંતે મદ્રાસ કોર્પોરેશન રૂા. ૧૫,૦૦૦ ખરચી ચૂકી હશે. પ્રજાનાં નાણાંનો આ નર્યો વ્યય છે એમ હુ હૃદયપૂર્વક માનું છું. માનવંતા નગરપતિને અને બીજા સભ્યોને આવા સમારંભો પાછળ એક પાઇ પણ ન ખરચવાની હું વિનંતી કરૂં છું. પંડિત જવાહરલાલ નેહરુ, સરોજિની નાયડુ અને રાજાગોપાલાચારી જેવા કોંગ્રેસના જે આગેવાનોને અગાઉ આવાં માનપત્રો અપાઇ ચૂક્યાં છે તેઓ ફરીથી અહીં આવે ત્યારે તેમને માટે ફરી એવો ઉડાઉ ખર્ચ કરવો તે ખુદ તેમને પણ નહિ રુચે.'

કલકત્તાની કોર્પોરેશને હમણાં જ ગાંધીજીને ત્રીજી વારનું માનપત્ર આપ્યું તે તો કદાચ ગાંધીજીએ કલકત્તાને વધુ એક રુધિરસ્નાનમાંથી ચમત્કારિક રીતે ઉગારી લીધું હોવાને કારણે ક્ષમ્ય ગણાત, પણ વળી પાછું બીજે જ અઠવાડિયે શ્રી જયપ્રકાશ નારાયણને માનપત્ર આપ્યા વિના એને ચેન પડયું નહિ. મુંબઇની કોર્પોરેશને પંડિત નેહરુ, બાબુ રાજેન્દ્રપ્રસાદ વગેરે રાષ્ટ્રીય પ્રધાનોને માનપત્ર આપવાનો નિર્ણય કરેલો, પરંતુ સદ્‌ભાગ્યે, મહાસમિતિની બેઠક હવે મુંબઇને બદલે દિલ્હીમાં મળવાની છે તેથી, હાલતુરત પૂરતો મુંબઇની પ્રજાના પૈસાનો એટલો ધુમાડો થતો બચી ગયો છે. સ્થાનિક સ્વરાજખાતાના પ્રાંતીય પ્રધાનને ફરી વિનંતી કરીએ છીએ કે પ્રજાનાં નાણાંની આવી બરબાદી મ્યુનિસિપાલિટીઓને હાથે ન થાય તે માટે કાયદેસરની જોગવાઇ કરો.

શહેરોની સૂરત પલટવા ઊગતા જુવાનો કમર કસે

માનપત્રો આપવાનો, સમારંભો ગોઠવવાનો, રાજદ્વારી ઠરાવો કરવાનો અને વહીવટી પ્રશ્નોની અનંત ચર્ચાઓ કરવાનો આ મહારોગ કોર્પોરેશનોનાં મહાલયોમાંથી નીકળીને મોટાં-નાનાં શહેરો સુધી પોતાનો ચેપ લગાડતો લગાડતો પહોંચી ગયો છે. પ્રજાની તંદુરસ્તી ઉપર પૂરતું ધ્યાન આપવાનું કર્તવ્ય તો થોડા અપવાદ સિવાય સ્થાનિક સ્વરાજની તમામ સંસ્થાઓએ વિસારી દીધેલું જ ભાસે છે.

શહેરોમાં શિક્ષિત અને સમૃદ્ધ પ્રજા વસે છે ત્યાં પણ આવી હાલત છે તો પછી કંગાલિયત અને અજ્ઞાનમાં ડૂબેલાં ગામડાંનું તો પૂછવું જ શું? બહુ ઉત્સાહી મ્યુનિસિપાલિટી હોય તો તે તંદુરસ્તી વિશેનાં થોડાં લાલ-પીળાં ચોપાનિયાં પ્રજામાં વહેંચે છે, અથવા તો તેના પ્રમુખ કે સભ્યો એ વિષય પર એકાદ ભાષણ આપી આવે છે. એવા પ્રમુખ-સભ્યોનું આયુષ્ય હજાર વર્ષનું થાય તો પણ સમાજની તંદુરસ્તીમાં એમને હાથે ભાગ્યે જ કશો સુધારો થઇ શકે.

મુખ્ય જરૂર તો આવા હોદ્દેદારોએ જાતે આગળ ચાલીને દાખલો બેસાડવાની છે. દરેક બાબતમા ગાંધીજીનો દાખલો ન લેવો હોય તો હમણાં જ અવસાન પામેલા ન્યુયોર્ક નગરીના લાડીલા મેયર લા ગાર્ડીઓને સંભારીએ. લાગલાગટ બાર વર્ષ સુધી ન્યુયોર્કના નગરપતિપદે બિરાજનારે એ શહેરમાંથી ડાકુ-જુગારીઓના અડ્ડા શોધી શોધીને સાફ કરી નાખ્યા હતા અને નગરજનોને સ્વચ્છ, સુરક્ષિત જીવનની ભેટ ધરી હતી. પણ પ્રજાનો અપાર પ્રેમ સંપાદન કરીને તેમના અંતરમાં કાયમની યાદ મૂકી જનારું કયું તત્ત્વ લા ગાર્ડીઆમાં હતું? ન્યુયોર્ક શહેરમાં જ્યારે જ્યારે મોટી આગો લાગતી ત્યારે આગના બંબાઓ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નગરપતિ પણ બંબાવાળાનો લોખંડી ટોપ પહેરીને ત્યાં પહોંચી જતો અને કામે લાગી જતો. ન્યુયૉર્કના બગીચાઓમાં પ્રજાને મધુરું સંગીત પીરસાતું તેનું સંચાલન પણ એ જાતે સાદા ખમીસ–પાટલૂનભેર કરતો. મુંબઇ સરકારે મુલતવી રાખેલી ચૂંટણીઓ વહેલી વહેલી જ્યારે થાય ત્યારે આપણાં નગરોને પણ લા ગાર્ડીઆઓ મળી રહે!

સારાં ચિત્રો માટેની જરૂર :
જાગ્રત સેન્સર, જાગ્રત પ્રેક્ષકો

ઇંગ્લંડના રાજાની દક્ષિણ આફ્રિકાની મુલાકાત-વેળાના 'ન્યૂઝ રીલ' (સમાચાર–ફિલ્મ)માંથી હિંદના ગૌરવ માટે અપમાનજનક એવાં અમુક દશ્યો ઉપર સપાટાબંધ કાતર ચલાવનાર મુંબઇના ફિલ્મ સેન્સર ખાતાએ પોતાની ઊંઘ ઊડી રહ્યાની એક એંધાણી આપી છે. સેન્સર–બોર્ડની સાથે સાથે પ્રેક્ષકવર્ગે પણ પોતાની ફિલ્મ–રુચિનું ધોરણ ઊંચું લાવવાનું રહે છે. સેન્સરનું કામ ફિલ્મોમાં અનિષ્ટ તત્ત્વોને પેસતાં અટકાવવાનું છે. સારાં, કલામય ચિત્રો સરજાવવાનું કાર્ય તો જાગ્રત અને સક્રમ પ્રજામત જ કરાવી શકે. ઊંચી કક્ષાનાં હિંદી ચિત્રો જોયાંને કેટલો બધો સમય વીતી ગયો હશે! આપણું ફિલ્મ–સંગીત તો કેટલી રેઢિયાળ કક્ષાએ ઊતરી પડ્યું છે! સારાં ચિત્રોની ભૂખ સંતોષવા માટે કરોડો રૂપિયા આપણે લંડન અને હૉલીવૂડ મોકલી રહ્યા છીએ. રાષ્ટ્રઘડતર માટે અતિ આવશ્યક એવી ચીજોને ભોગે આપણી વિદેશી અસ્કયામતો આપણે પરદેશોમાંથી છાપેલી અને કોરી કચકડા–પટ્ટીઓ લાવવા પાછળ બરબાદ કરી છીએ. ઇંગ્લંડે અમેરિકન ફિલ્મોની આયાત બંધ કરવાની હિંમત કરી : આપણે નથી કરી; અને તેથી સોગંદ ખાવા થોડાંક પણ સારાં ચિત્રો આપણે જોવા પામીએ છીએ.

શિક્ષણ–સમાચાર

નવી નવી ઘડાઈ રહેલી કેળવણીની ભગીરથ યોજનાઓ માટે જેમ નાણાંની તેમ શિક્ષકોની પણ ભારે તંગી છે. શિક્ષકોની તંગીને પહોંચી વળવા માટે મેટ્રિક પાસ કરનાર કે ગ્રેજ્યુએટ બનનાર દરેક વિદ્યાર્થી પાસેથી ગામડામાં ફરજિયાત એક વર્ષનું શિક્ષણકાર્ય કરાવવું જોઇએ તેવી સૂચના આપણા પ્રાંતમાં થઇ છે. યુક્તપ્રાંતમાં બીજા ઇલાજોની સાથે સાથે ઇન્ટરની પરીક્ષામાં શિક્ષણશાસ્ત્રનો વિષય જ દાખલ કરવાનું સરકારે નક્કી કર્યું છે. આ પગલું અનુકરણીય છે. અમસ્થા ઇન્ટર પાસ કરનારા કે ગ્રેજ્યુએટ થયેલા કેટલાક જુવાનો શિક્ષકના ધંધાનું શરણું શોધતા હોય છે, તો પછી કૉલેજોમાં એમને એ વિષયનું રીતસરનું જ્ઞાન આપીને અધકચરા માસ્તરોને બદલે પાવરધા શિક્ષકો શા માટે ન બનાવવા?

—માધ્યમિક શિક્ષણની પુનઃરચના અંગે વિચારણા ચલાવવા મદ્રાસના શિક્ષણ–પ્રધાન શ્રી અવિનાશી લિંગમના પ્રમુખપદે મળેલી મદ્રાસના કેળવણીકારોની એક પરિષદે એવો ઠરાવ કર્યો છે કે શારીરિક શિક્ષણના નવા અભ્યાસક્રમમાં કિશોરો અને કન્યાઓ માટેનાં લોકનૃત્યોને મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ, અને દેશના જુદા જુદા ભાગમાં પ્રચલિત હોય તેવાં જૂનાં લોકનૃત્યોને આધુનિક યુગની જરૂરિયાત પ્રમાણે નવેસરથી અપનાવી, સંગીત સાથે બેસાડી, બધી જ નિશાળોમાં દાખલ કરવાં જોઇએ.

નાગપુરની મોરિસ કૉલેજ, જબલપુરની રોબર્ટસન કૉલેજ અને અમરાવતીની કિંગ એડવર્ડ કૉલેજનાં નામો તાબડતોબ બદલીને અનુક્રમે નાગપુર મહાવિદ્યાલય, જબલપુર મહાવિદ્યાલય અને વિદર્ભ મહાવિદ્યાલય રાખવાનો હુકમ મધ્યપ્રાંતની સરકારે કાઢ્યો છે. મુંબઇની એલફિન્સ્ટન, સિડનહામ વિગેરે કૉલેજોનાં નામ ક્યારે બદલાય છે.

ન્યુયૉર્કની નિશાળોમાં વિદ્યાર્થીઓની ટુકડીઓ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની કચેરીની મુલાકાતે જઇને વિશ્વસંસ્થાનું સંચાલન કઇ રીતે થાય છે, એનો કાર્યપ્રદેશ કેટલો છે, એની ખૂબીઓ–ખામીઓ શી શી છે વગેરેનો અભ્યાસ કરે છે અને પ્રત્યક્ષ અનુભવથી સમજે છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થાનું વડું મથક તો આપણા દેશમાં નથી, પણ આપણી મ્યુનિસિપાલિટીઓના કાર્યોનો આવો પ્રત્યક્ષ અનુભવ પણ આપણા વિદ્યાર્થીઓને વારંવાર મળતો રહે તો એક દાયકામાં આપણાં ગામ–શહેરોની સૂરત પલટાઇ જશે એવું નિશ્ચિત માની શકાય.

તા. ૨૬–૯–૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલી આવતી આપકથાનો હપ્તો આઠમો

ધૂમકેતુ

શ્રીમન્નથુરામ શર્માનો આશ્રમ : મને 'શંકરાચાર્ય' થવાની મહત્ત્વાકાંક્ષા જાગે છે; સાધુ થવાની ઇચ્છા થાય છે; ક્યાંક મઠ બાંધવાની તમન્ના જાગે છે; પણ છેવટે તો પાઠમાળા ગોખવા માંડું છું !

શ્રીમન્નથુરામ શર્માને એમના ભક્તજનો તો શ્રીમન્નાથ ભગવાન એ નામે જ સંબોધતા. 'જે નાથ !' કે 'જે ગુરુદેવ !' સામસામે શિષ્યો મળે ત્યારે એ એમનો નમસ્કાર રહેતો. શ્રીમન્નથુરામ શર્મા એ વખતે સોરઠ વિખ્યાત તો હતાં જ પણ એમનું શિષ્યમંડળ મુંબઇમાં, કરાંચીમાં અને ગુજરાતભરમાં હતું. ભાવનગરમાં, અમદાવાદમાં, જામનગરમાં, સુરતમાં એમ ઘણે ઠકાણે ફેલાયલું હતું. આફ્રિકા સુધી એમનું નામ જાણીતું હતું. આપણા નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ એક વખત એમના અનન્ય શિષ્ય હતા. ભાવનગરના હરગોવિંદ માસ્તર, કુતિયાણાના માણેકલાલ માસ્તર, જૂનાગઢના મહારાણીપ્રસાદ, પોરબંદરના ગોવિંદજી વકીલ, જામનગરના રવજીભાઈ સુરતના નાનાભાઇ, આપણા ચિત્રકાર રવિશંકર રાવળના પિતા મહાશંકરભાઇ, જયેષ્ઠારામ ભાઇ, કેશવલાલભાઇ, લીંબુડાનાં કસ્તુર બેન, મુંબઇનાં કસ્તુરબેન, છેલશંકર વ્યાસના પિતા દયાશંકર વકીલ, અને એમ તો એ નામાવલિ એટલી મોટી થઈ જાય કે વખતે વિસ્મૃતિને લીધે લેવા જેવું કોઇ નામ રહી પણ જાય :

પણ મને તો આશ્રમજીવનનો જે લાભ મળ્યો એ એક રીતે જીવનવિધાયક નીવડ્યો.

આંહીં જ મેં મારા વિદ્યાજીવનનો પાયો મેળવ્યો. આંહીંથી જ મેં સંસારજીવનનો પાયો નાખ્યો. આંહીં જ મને મોટાં મકાન, મોટાં માણસો અને મોટાઇનો કાંઇક ખ્યાલ આવ્યો. આંહીંથી જ મારા દિલમાં કીર્તિની મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠી. આંહીં મને એવું એવું જાણવાનું મળ્યું કે જીવનમાં એ પાછળથી ઘણું જ ઉપયોગી થઇ પડ્યું. આંહીં મને વાણીની છટાનો, શૈલાનો, કાંઇક અસરકારક રીતે કહેવાનો શોખ થઇ આવ્યો. આંહીં રહેતાં મોટા માણસોનો કે સભાક્ષોભનો, પછી કોઈ દિવસ મારે માટે પ્રશ્ન જ રહ્યો નહિ. આંહીં હું રહ્યો તો ત્રણેક વર્ષ–પણ એ ત્રણે વર્ષની પળેપળ જાણે અનેક અનુભવોથી સભર ભરેલી બની ગઇ !

હું તાલુકા સ્કૂલમાં માસ્તર હતો અને ખાનગી અભ્યાસ કરી ચોથી અંગ્રેજી પાસ થઇ–સર્ટિફિકેટ મેળવવાની મારી મહત્ત્વાકાંક્ષા હતી. મિડલસ્કૂલના હેડ માસ્તર દેવશંકરભાઇ આશ્રમના ભક્ત હતા. અને અંબાશંકરભાઈ સાથે એમને પરિચય પણ હતો. પોતે કાંઇ ભણાવવામાં બહુ હોશિયાર ન હતા–પણ એમને ઠોઠ છોકરા પ્રત્યે ઊલટી વધારે પ્રીતિ રહેતી, એ એમનું મોટામાં મોટું સદ્‌ગુણી તત્ત્વ હતું ! અને હું બીજું કાંઈ હોઉં કે નહિ એ સવાલ બાજુએ મૂકીએ, પણ ઠોઠ તો હું ચોક્કસ હતો ! ખરી રીતે તો ચોથી અંગ્રેજીથી માંડીને સાતમી અંગ્રેજી સુધી હું કાંઈ જ ભણ્યો ન હતો ! મારું ભણવાનું શરૂ જ મેટ્રિક પછી થયું. ત્યાં સુધી તો મેં ગાડું જ ગબડાવ્યે રાખ્યું. સારું થાય કોઇ ને કોઇ મારા જેવા ઠોઠ છોકરાનું કે પાસ થવાનો કોઈ ને કોઈ નુસ્ખો અમે ભેગા મળીને શોધી કાઢતા. બનતાં સુધી તો પેપર ફોડી લેતા–અને એમાં ન ફાવીએ તો પછી, ચોરી ! ભલે ને પહેલું ધોરણ ને બીજું ધોરણ ને સાતમું ધોરણ માસ્તરો ભેગાં કરે. પણ છોકરા સૌની સહાનુભૂતિ તો અમારી ચોરી માટે હોય હોય ને હોય જ ! અને એકની એક કે પ્રચલિત થઈ ગયેલી જુક્તિ અજમાવવા જેવા અમે ઠોઠ ન હતા. અમે ઠોઠ ભણવામાં હતા–કાંઇ જુક્તિઓ શોધવામાં ન હતા. અમારી એક સરસમાં સરસ જુક્તિ તો એ હતી કે નખ ઉપર, બહુ જ ઝીણા અક્ષરે, પેન્સિલથી ઉપયોગી હોય એવું લખી લેવું ! એ કોઇ દેખે તો ભૂંસતાં વાર ન થાય, ને ન દેખે તો જોવામાં કાંઇ જોખમ નહિ ! પહેરણની છાળના નીચેના ભાગમાં પણ લખી લેવાય. પણ એમાં પકડાવાનો થોડો ભય ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડામાં કાગળ રાખવો ને એ તો બધી જાણીતી રીત —એટલે એવી તો અમે બહુ ઓછી વાપરતા!

પરીક્ષામાં કેવી કેવી જુક્તિથી પાસ થવાય એવો સાહિત્ય ઇતિહાસ ભેગો કરવાનું કોઈને મન થાય તો એ વિષય પણ ઘણો રસિક બને તેવો છે. અલબત કાં બહુ ચોખલિયા ને કાં બહુ જડ જેવા માસ્તરો, વખતે આમાં ભય જુએ, પણ બનતાં સુધી તો એ બધા કાં તો ચોરી કરીને પાસ થયેલા હોય છે ને નહિ તો પાસ થયા પછી ચોર બન્યા હોય છે! બાકી ચોર તો બધા! આ વોટ માગવા નીકળવું પડે એ એક જાતની ચોરી જ નથી? પોતાની યોગ્યતા તો માણસ ઘરને ખૂણે બેઠો પોતે કયાં જાણતો હોતો નથી? એટલે જ્યાં યુનિવર્સિટી જ ઘણીખરી ચોરી ઉપર નભતી હોય, ત્યાં છોકરાની ચોરી પકડવા નીકળવું એ એક મોટી મશ્કરી જેવું ફારસ લાગે છે! આમાં તો છીંડે ચડ્યો એ ચોર એના જેવું થાય! ખરી વસ્તુ તો એ છે કે પરીક્ષાની આ આખી પ્રથા જ, એમાં જો ધરમૂળથી ફેરફાર થઇ નહિ શકે, તો અત્યાર સુધી તો એણે તમામ તેજસ્વિતાને હણવાનો ધંધો કર્યો હતો, પણ હવે તો એ નિસ્તેજને તેજસ્વિતામાં ખપાવવાનો વધારે હાનિકારક ધંધો શરૂ કરવાની. અત્યારના પી. એચ. ડી. આ યંત્ર દ્વારા નીકળ્યે રાખે છે એમને જુઓ ને! તરત ખાતરી થઇ જાય. એટલે આ યુનિવર્સિટીએ હવે કાં તો પોતાનો વેષ બદલાવવો જોઇએ કાં ઉમ્મર બદલાવવી જાઇએ કાં એણે આ ડિગ્રીઓ વહેંચવાનો ધંધો બદલાવવો જોઇએ. બાકી આમ ને આમ તો એ પોતે નહિ મરે તો પ્રજાને ચોક્કસ મારી નાખશે. કાં ગોખાવી ગોખાવીને, કાં કચરાપટ્ટી જેવું ભણાવીને, અને નહિતર પ્રાંતીયતાનો અગ્નિ પ્રગટાવીને! બાકી આ ગલઢી ડોશી હવે બદલાય તો સારું! જોકે બીજી આવશે એ એના કરતાં વધારે ગલઢી નહિ હોય એની કાંઇ જ ખાતરી નથી.

પણ મારે માટે તો એ વખતે પરીક્ષા જ મોટામાં મોટું સત્ય હતું! અને ઈશ્વરનું એ બીજું નામ હતું!

એટલે મેં તો પરીક્ષાની તૈયારી આદરી. પણ હું પરીક્ષામાં શી રીતે પાસ થવાનો હતો? નિશાળમાં માસ્તર હતો ત્યાં સુધી તો એ શક્ય ન હતું. માસ્તરપદું કરતાં કરતાં ગોખવાનું શરૂ કર્યું—પણ એમ કાંઈ વિષય તૈયાર થાય?

અને પાછો એમાં કોણ જાણે વચનો એ વખતે કયો યોગ હતો—પણ એકીસાથે એક હજાર વસ્તુ ફૂટી નીકળી હતી!

મેં તો મહારાજશ્રીનું આ આશ્રમ જોયું, એની સ્વચ્છતા, વ્યવસ્થા, આચારવિચાર, જ્ઞાનવાર્તા, સુખ સગવડતાં જોયાં, ત્યારથી જ મનમાં એક મહત્ત્વાકાંક્ષા જાગી હતી—અલબત ખોટી—કે થાવું તો કયાંક મઠધારી થાવું. એ દષ્ટિએ મેં કબીર, દાદુ, મણિરત્નમાળા, સુંદરવિલાસ, ચંદ્રકાન્ત, મહિમ્ન સ્તોત્ર, મહારાજશ્રીનું પાતંજલ યોગદર્શન—અખાની અવળવાણી—કેશવકૃતિ એવું એવું વાંચવાનું શરૂ કર્યું. આમાં કાંઈ બધું સમજાય એવું તો થોડું હતું! પણ છેક ન સમજાય એવું પણ કાંઇ ન હતું. કારણ કે મહારાજશ્રીનાં પુસ્તકો સાદામાં સાદી ભાષામાં વેદાંતના વિષયને પણ નિરૂપણ કરી શકવાની શક્તિ ધરાવતાં હતાં. અને મેં વચના પ્રમાણમાં વાંચ્યું તો ઘણું હતું—એટલે મને તો એવા ગંભીર વિષયમાં પણ મજા પડવા માંડી. મેં આશ્રમમાં રહીને મણિલાલ નભુભાઇનું પ્રાણવિનિમય વાંચવાનું શરૂ કર્યું. જપ તપ માળાની સંખ્યા વધારી દીધી. ધ્યાન વધારે ધરવા માંડ્યો. નદી પાસે વહેતી'તી, કાળવો, એને કિનારે વધારે વખત બેસવા માંડ્યો. ભીડભંજનમાં એક બાવો રહેતો'તો એની કફની જેવી કફની પણ ગુપચુપ બનાવરાવી અને જાણે કે જોગી થવાની તૈયારી માંડી! ચાખડી તો હું પહેરતો હતો. ખ્યાલ એવો હતો કે જોગી થાવામાં આટલું જોઇએ!

આશ્રમમાં એ વખતે વાલદાસજી મહારાજશ્રીના શિષ્ય રહેતા. એ તુલસીકૃત રામાયણના દુહા બહુ સુંદર રીતે બોલતા. એમની પાસે મેં 'સુંદર વિલાસ'નો ને 'મણિરત્નમાલા'નો અભ્યાસ શરૂ કર્યો. 'સુંદર વિલાસ'ની એ ચોપડી તો હજી મારી પાસે અર્થ નોંધેલા એવી પડી છે. એ વખતે તો એનું આકર્ષણ પણ જબરૂં થયેલું. 'દાદુ દયાલ કો નિત હી ચેલો' એ સુંદરદાસની પોતાની ઓળખ પંક્તિ આજ પણ યાદ છે. 'સુંદરવિલાસ' મેં લગભગ આખો વાલદાસજી પાસે વાંચ્યો. એમને પણ એ સમજાવવામાં આનંદ આવતો. અને મને પણ સુંદરદાસની વાણી ગમતી હતી.

એટલે એ વખતે મેં જે એકીસાથે એક હજાર ને એક પ્રવૃત્તિ ઉપાડી તેમાં તમામ પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકિતનો થોડો થોડો વિકાસ થયો. તાલુકાસ્કૂલમાં એક માસ્તર હતા. લક્ષ્મીચંદ બહેચર ઝવેરી એ એમનું નામ. એ હમેશાં આશ્રમમાં આવે. મૂળવતની જૂનાગઢના. સીનીયર થયેલા-પણ એકદમ સત્સંગી ને સાદા પુરુષ હતા. એમણે એ વખતે મહારાજશ્રી પાસે 'પંચદશી' ઉપાડેલી. હું તો આખો દી આશ્રમમાં જ પડ્યોપાથર્યો હોઉં એટલે લક્ષ્મીચંદ માસ્તરની દોસ્તી થઇ, અમસ્તા અમે એક સ્કૂલમાં તો હતા જ. એમને મેં કહ્યું ને એમણે સ્વીકાર્યું એટલે બપોરે જે રજા મળે એમાં મેં વાલ્મીકિ સંસ્કૃત રામાયણ એની પાસે વાંચવાનું શરૂ કર્યું!

એ વખતે મને લાગે છે-હું સવારના પાંચથી રાતના અગિયાર સુધી કામમાં જ રહેતો. પૈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ!

રાતે દસવાગે બધા સૂઇ જાય-ત્યારે હું લેખ લખવા બેસું!

જો ચોથા નંબરના ઓરડામાં કોઈ મહેમાન હોય તો દરવાજે દરવાન દેવદાન ભાઇના ફાનસ પાસે આપણું કામ ચાલે!

એ વખતે મેં લખેલા ઘણાં લખાણોના નમૂનાઓ હજી સચવાઇ રહ્યા છે. એ વખતે અમારા એક સંબંધી-મયારામ પ્રાણજીવન જોશી-કેરાળાથી 'ઉદ્‌ગાર' નામે માસિક કાઢતા. તે વખતે મેં એક લેખમાળા શરૂ કરેલી. એનું નામ 'શુદ્ધ મનોબળ' ઘણું કરીને, છાપામાં છપાઈ ને પ્રગટ થયેલું એવું આ મારું પહેલામાં પહેલું લખાણ છે. મેં પ્રયત્ન તો ઘણો કરેલો, 'ગુજરાત શાળાપત્ર'માં લેખ મોકલેલો. પણ એ વખતે કમળાશંકરભાઇ તંત્રી હતા. કાંઇ એવા લખાણને કોઇ સંઘરે ખરું? એણે કુદરતી રીતે જ એ પ્રગટ ન થયો, 'ગુજરાતી'માં મોકલેલો-પણ ત્યાં સ્વ. ઇચ્છારામ પોતે એક તંત્રીલેખ લખવા માટે આકાશ પાતાળ એક થાય એવો એકાગ્ર અભ્યાસ માંડીને બેસતા. ત્યાં આ થર્ડસ્ટાન્ડર્ડીયાનો લેખ કોણ સંઘરે? એ તો હવે આજે એવો જમાનો આવી ગયો છે કે, 'સુંઠ'ને ગાંગડે ગાંધી કહેવાય! પ્રો. બ. ક. ઠા. એ એક વખત આ સૌને ઠીક સંભળાવી હતી કે રમણભાઈ પાસે તો વિવેચનની સુંઠ હતી ને ગાંધી થઈ બેઠા હતા પણ તમારી પાસે તો સુંઠનો ગાંગડોય નથી ને ગાંધી કહેવરાવવું છે! અત્યારે વિશાળતા વધી છે તો ઊંડાણ ઘટ્યું છે. એ તો કુદરતી ક્રમે એમ જ થાય.

એટલે એ જમાનામાં મારો લેખ પ્રગટ થાય એવી આશા જ ન હતી! એટલું જ નહિ કોઈ સ્વીકાર કે પહોંચનો કાગળ પણ લખે નહિ ને! એમાં આ ઠીક થયું, અમારી વયનું આ માસિક નીકળ્યું. એના અંક તો ચાર જ પ્રગટ થયા અને પછી ઉત્તેજનના અભાવે ધ્યાયનમાઃ થઈ ગયું, પણ એ ચાર અંકમાં, આપણા રામે તો ચાર લેખ પ્રગટ કરાવી દીધા!

એનો થોડોક નમૂનો, લેશ પણ સુધાર્યો વિના, આંહીં આપું છું.

" જય માલા છાપા તિલક, સરે ન એકો કામ
મન કાચે નાચે વૃથા, સાચે રાચે રામ
[તુલસીદાસજી]

અશુદ્ધ ને અદઢ મનથી કરેલી ભકિત વૃથા છે. શુદ્ધ ને દઢ મનથી કરેલી ભક્તિ જ પરમાત્મા પ્રસન્ન કરાવવા સામર્થ્ય ધરાવે છે. જીવનની દરેક પળ શુદ્ધ વિચારમાં વ્યતીત કરો. દરેક પ્રસંગમાં—દરેક ઘડીયે—દરેક કામમાં-શુદ્ધ મનથી જ વખતનો વ્યય કરવો. દરેક વિચાર હૃદયમાં પહેલો ઉદય થાય છે. પછી ઘોળાય છે. ને તે પછી વજ્રલેપ થઇ મનુષ્યના મનમાં પોતાની નિરંકુશ સત્તા ચલાવે છે. જો હૃદયમાં શુદ્ધતાથી વિચાર ઉદય થાય, શુદ્ધ મનમાં ઘોળાય ને પછી તે શુદ્ધ વિચાર વજ્રલેપ [શુદ્ધ મનોબળ] થઈ જઈ તેની સુદ્ધતાની નિરંકુશ સત્તા તમારા જીવનમાં વા તમારા મનમાં ચાલે ને તન મનને શુદ્ધ નિરંકુશ સત્તાને તાબે રહે તો જ તનમનના દરેક કામ શુદ્ધતાથી ભરપૂર થાય—તો જ તે શુદ્ધ મનોબળની શુદ્ધતાની પ્રભા તમારા મુખ પર પ્રગટી નીકળશે, અન્ય જન તમારા લલાટ પર તે શુદ્ધ પ્રભાની ચમકારી જોશે, ને તે ચમકારા તરફ ભાવયુક્ત નમન કરતા રહેશે.

પ્રાણવિનિમય વા મેસ્મેરીઝમ [શુદ્ધ મનોબળ] ના પ્રયોગમાં વિશ્રેયને (જેના પર પ્રયોગ કરવામાં આવે તે) વિધાયક તેની યોગ્યતા પ્રમાણે તંદ્રા—નિદ્રા—સુસુપ્તી—ને છેવટે વિશ્વદર્શન નામની સ્થિતિમાં પહોંચાડે છે."

ગોવરધનરામ, મણિલાલ નભુભાઇ, ગુજરાતની નવલો, કલાપી, કેશવકૃતિ અખો, નર્મદ એ સઘળાંની અસર આ ગદ્ય ઉપર સ્પષ્ટ જોઈ શકાય તેવી છે. ઘણું કરીને છાપામાં પ્રગટ થયેલુ આ પહેલું જ લખાણ છે. તે પહેલાં લખ્યું હશે, પણ કયાંય કોઇ પ્રગટ થયું જણાતું નથી.

આ પ્રમાણે ઇ. સ. ૧૯૦૯-૧૯૧૦થી શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલી લખાણપ્રવૃત્તિને કાંઇક પણ પ્રતિષ્ઠા છેક ઇ. સ. ૧૯૨૫-૧૯૨૬માં મળી એ ઘટના મારા જીવનને અત્યંત ઉપકારક થઈ પડી એમ હું માનું છું. એ વખતે કે પછી કૉલેજ જીવન દરમ્યાન પણ, જો મારાં લખાણો પ્રગટ થવા માંડયા હોત, ને એકાદ બે સ્થળે ફોટો મુકાઇ ગયા હોત તો હું માનું છું કે જે કાંઈ વિકાસ થયો તે કોઈ દિવસ થાત જ નહિ. પણ લખાણ પ્રગટ થવાની બહુ તક મળી નહિ. ને મારી લખાણ પ્રવૃત્તિ ચાલુ જ રહી એમાં મોટો ફાયદો થયો. વ્યાયામ મળતો જ રહ્યો. અભ્યાસ વધતાં એ લખાણ મેં પોતે જ રદ કરી નાખ્યાં, ને એ પ્રમાણે અપરિપક્વ અવસ્થામાં હમેશને માટે પડી જવાના ભયમાંથી હું ઊગરી ગયો.

આ પ્રમાણે બીલખાનો મારો નિવાસ એક રીતે મને બહુ જ ઉપકારક નીવડયો.

બીલખાનું આ આનંદાશ્રમનું સ્થાન, જૂનાગઢ બીલખાની સડક ઉપર આવેલું છે. દૂર ગિરનારનો પહાડ દેખાય છે. થોડેક દૂર કાળવાનો વોંકળો છે, આશ્રમમાંથી બહાર નીકળો કે તરત તમે કુદરતને ખોળે પહોંચી જાઓ, એવી એની સ્થાન રમણીયતા છે.

આ આશ્રમના સ્થાપન ને સંચાલનમાં ગૌરીશંકર ભટ્ટ, દયાશંકર વકીલ, શંકરપ્રસાદ વકીલ કાઠી દરબારો વગેરેનો ઘણો મોટો સાથ હતો. મહારાજ શ્રીમન્નથુરામ શર્મા એ આશ્રમને, યુરોપીઅન પણ મોંમાં આંગળાં નાખી જાય એવી સ્વચ્છતાથી જાળવતા. તમે આશ્રમના દરવાજામાં પ્રવેશ કરો અને એની વિશાળ ફરસબંધીવાળો ચોક નજરે પડે. એક પ્રકારની મન ઉપર સ્વચ્છતાની છાપ પડે. એક ચબરખી પણ આખા આશ્રમમાં ઊડતી તમને નજરે ન પડે. મહારાજશ્રીના જીવનનો અત્યંત નિકટવર્તી માણસ એ અર્થમાં હતો કે હું એમની પાસે દિવસમાં પાંચ સાત વખત તો જતો જતો ને જતો. મેં, એમના ભકતો અનુભવે છે, એવો કોઇ ચમત્કાર એમનામાં દીઠો ન હતો તેમ જ ત્યાં આવનારા ઘણા વિદ્વાનો જેમ ગદ્‌ગદ્‌કંઠ થઈ જતા, એવો હૃદયભાવ પણ મને કોઇ દિવસ સ્ફૂર્યો ન હતો. પણ એ તો કદાચ એને માટે જોઇતી મારી તૈયારી ન હોય, એમ પણ હોય. પણ એ બધી આધ્યાત્મિક વાત બાજુએ મૂકીએ તો મહારાજશ્રીમાં બે વસ્તુઓ અસાધારણ હતી. એક એમની સ્વચ્છતા બીજી એમની વ્યવસ્થા. જે વસ્તુ જ્યાં રહેતી હોય તે વસ્તુ ત્યાં જ હોવી જોઇએ એ વિષે એમની કાળજી બહુ જ ઝીણવટ ભરી રહેતી મૂળ તો એ માસ્તર હતા, પછી એમાંથી ધીમે ધીમે આ પંથે ચડયા હતા, એટલે એમનામાં પુરુષાર્થનું અને પ્રયત્નનું અજબ મિલન હતું. એમને એક પળ પણ ખરેખરા-અર્થમાં એક પળ પણ આળસમાં બેઠેલા મેં કોઇ દિવસ જોયા ન હતા.

એમની વાણીમાં પ્રવચનકારની મધુરતા હતી. પણ એમની ખરી ખૂબી તો એ હતી કે—એમની વાણીમાં, સાચેસાચા અર્થમાં વિવેક વસી રહ્યો હતો. વિવેક એટલે સાધારણ વિનય એ અર્થ નહિ, પણ વિવેક એટલે પોતામાં કોઈ પણ શબ્દમાં, કાર્યમાં, કે ભાવમાં કે નિશાનીમાં પણ, લેશ પણ આવેશ ન આવવો જોઇએ એ અર્થ. એ અર્થમાં શ્રીમન્નથુરામ શર્મા વિવેકસંપન્ન હતા.

સાંજે એમનાં પ્રવચનો થતાં. એ પ્રવચનોમાં હું હાજર રહેતો. એમની વિદ્વત્તા લોકભોગ્ય હતી. એમણે ગીતા, પાતંજલયોગદર્શન. ઉપનિષદ્, પંચદશી. વગેરે ઘણા પુસ્તકોનાં સરળ ગુજરાતી ભાષાંતર ગુજરાતીને-જનતાને આપેલ છે. સહજાનંદસ્વામીની પેઠે એમનાં પ્રવચન, લુવાર સુતાર કુંભાર વગેરે સાધારણ ભણેલ વર્ગને તેમજ વેપારી, માસ્તરો: કારકુનો, એવા સાધારણ સ્થિતિના માણસોને ઘણું સગવડ પડતાં અને વિશદ જણાતાં. એ વખતે આનંદાશ્રમની જાહોજલાલી હતી. અને આષાઢ સુદી પૂર્ણિમા અને કાર્તિક સુદી પૂર્ણિમાએ જો મહારાજશ્રી બીલખામાં હોય તો આસપાસથી ને ગુજરાત મુંબાઈ જેટલે દૂરથી પણ ઓછામાં ઓછું બે હજાર માણસ ભેગું થાતું. વિદ્વદ્‌પરિષદ્ જેવો કાર્યક્રમ ચ: રહેતો ને જપ, તપ, સાધના, સંધ્યા, યોગ, ભક્તિ એવા એવા અનેક વિષયો ઉપર ભક્તજનોને પ્રવચનથી ત્રણ દિવસ સુધી આનંદાશ્રમ ગાજી રહેતો.*

---

* શ્રી 'ધૂમકેતુ'ની નાદુરસ્ત તબિયતને લીધે આ વખતે જીવનપંથનો હપ્તો ઓછો મળી શકયો છે, આવતે વખતે આ સંસ્મરણોનો વિશેષ ભાગ આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેર તો પીધાં છે જાણી જાણી

દર્શક

ખંડ પહેલો : સત તમારાં વ્રત અમારાં

પ્રકરણ ૩ જું

બે બહેનો

લોકો માને છે કે બીજું જગતયુદ્ધ ૧૯૩૯ની ૩જી સપ્ટેમ્બરને દિવસે શરૂ થયું. પણ સાચી વાત એ છે કે બીજું મહાયુદ્ધ ૧૯૩૬ના માર્ચની સાતમીએ હિટલરે રૂહાઇનલેંડમાં લશ્કર દાખલ કરીને શરૂ કર્યું હતું. પહેલો સવાલાખનો ઘા એણે કર્યો હતો, છેલ્લો ઘા કેટલા લાખનો તે કહેવા એ જીવ્યો હોત તો સારું હતું. વાવે તેવું લણે છે એટલું જ નથી વાવે છે તે જ લણે છે.

એ જ ૧૯૩૬ના માર્ચની ૭મીની સવારે શીંગોડાનાં કોતરોમાં જે નાના નાના બગીચા ફાલી ઊઠ્યા છે તેમાંના એક બગીચાના એક મધુમાલતીના વેલી-મંડપમાં બે યુવતીઓ બેઠી બેઠી કાંતે છે. અવાર-નવાર કોઇકની રાહ જોતી હોય તેમ દૂરના ફાટક તરફ જોયા કરે છે. અજાણ્યો માણસ પણ કહી શકે કે આ બંને બહેનો છે. માત્ર મોટી છે જુઇનો ઢગલો, જ્યારે નાની છે ગુલાબનો. એકમાં છે શાંતિ બીજીમાં સૌરભ. બંનેનો પહેરવેશ પણ એક જ ઘાટનો છે. માત્ર નાનીના હાથમાં સોનાની પાતળી બંગડીઓ છે, જ્યારે મોટી બહેન છે નિરલંકાર પણ એથીયે એની શોભા ઘટી નથી. પ્રાતઃકાળે ધોવાઇને નિરભ્ર થઇ ગયેલા નિઃસીમ આકાશમાં જે શાંતિપૂર્ણ, સંયમ, પ્રસન્ન છતાં ગૂઢ શોભા હોય છે તેવી જ શોભાઝલક મોટી બહેનના મોં પર અંકાયલી છે. કોઇક કવિએ આવા જ કોઇક ભગિની યુગ્મને જોઇને મધુમાલતીનું નામ શોધી કાઢ્યું હશે.

'મોટી બહેન હું તો હવે કાલે જવાની,' નાનીએ કહ્યું.

'રેખા, અચ્યુતભાઇ આજે તો આવવા જ જોઈએ, તેં ગાડી મોકલી છે?'

'ગાડી તો રોજ મોકલું જ છું ને. રોહિણીબહેન, તારા દેર તો બહુ મોંઘા.'

'તેં જોયા નથી એટલે કેમ ખબર પડે કે કેટલા મોંઘા છે? પણ તને એ ખબર પાડવા જ અહીં બોલાવી છે. તને તારી બુદ્ધિની થોડીક ખુમારી છે ને!'

'હું જાણું છું તમારા મનની વાત હં. તમે મને શું કામ બોલાવી છે તે તમે ભલેને ન કહો.'

રોહિણી હસીને કહે, 'કહે જોઇએ શું કામ બોલાવી છે?'

'તમારા મનમાં એમ છે કે તમારા દિયરને જોઇને હું કદાચ થોડીક પલળું ખરી.'

રોહિણી વધુ હસીને મીઠપભર્યાં કંઠે કહે, 'પૂરે-પૂરી પલળે એમ મારા મનમાં તો છે. એના જેવા બુદ્ધિધન, નિર્ભય ને તેજસ્વી મેં બીજા જોયા નથી.' થોડીવારે સહેજ વિષાદથી સુધારીને કહે, 'જોયા છે પણ ઓછાં.'

'પણ તેથી શું? લગ્નમાં તમને બધાને શું સ્વાદ લાગે છે કે મારી પાછળ લાગ્યા છો?'

નાની બહેન સામે તાકી રહેલ રોહિણીનો મર-કાટ હજુ શમ્યો ન હતો. મરક મરક હસીને કહે, 'એ તો મુંગે સાકર ખાધા જેવી વાત છે.'

'એવી ખોટી ઉપમાઓ આપો મા. ગુરુદેવ તો એમ કહે છે કે બધાં ય બંધનો સહેલાં છે પણ લગ્ન જેવું બંધન નથી.'

'તારા ગુરુદેવ પણ એક બંધન છે.' એ જ મરકાટ સાથે રોહિણીએ કહ્યું.

રેખાએ રેંટિયો મૂકી દીધો ને ગંભીર થઇને કહ્યું, 'ફરી આવું કહેશો તો અહીંથી હું ચાલી જઇશ. બધી નિંદા સહન કરીશ, પણ ગુરુનિંદા સહન ન થાય.'

'એટલે જ કહું છું કે ગુરુ પણ એક બંધન છે. બંધન જ પીડા કરે ને?' રેખા ઊઠવા જતી હતી ત્યાં મોટી બહેનના ચહેરા સામે જોતાં સમજી ગઈ કે એને ચીડવવા ને મજાક કરવા જ આ બોલાઈ રહ્યું છે. એટલે તરત જ હસીને બેસી પડતાં કહે:

'હં સમજી ગઈ, મને ખીજવવા જ બોલો છો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો પછી ખીજાય છે શા માટે?'

'તમે નહિ ખીજાતાં હો ખરું?' પછી તરત જ કહે, 'તમને કેમ કદી ખીજાતાં જોયા નથી?'

'મારે ગુરુ નથી એટલે.'

'હવે નહિ ખીજાઉં હો. તમે તમારે બોલો.' પછી છેક બહેનના મોં પાસે મોં આણીને કહે, 'પણ એકવાર કહો જોઈએ તમને કેમ કોઈ દિવસ ગુસ્સે થતાં, ક્રોધે તપી જતાં જોયા નથી? નાનપણથી યાદ કરું છું ત્યારના આવાં જ છો એમ કેમ મોટીબહેન?'

'તને બધું યાદ થોડું જ છે? હું ખીજાતી. હજુ ય કોકના પર ખીજાતી હઈશ.' મોટીબહેને જાણે છેલ્લું વાક્ય બોલતાં થાકી ગઈ હોય તેમ પૂણી મૂકી દીધી, ને દૂર પડેલું ઓશીકું પાસે ખેંચતાં કહ્યું 'કાલ રાતનું થોડું પાંસળામાં દુઃખે છે.'

રેખા તરત જ ઊભી થઈ ને ઘર તરફ ચાલવા માંડી. રોહિણીએ કહ્યું, 'કયાં ચાલી?' થોડી વારે ચોળવાની દવા લાવી એટલે કહે, 'રહેવા દેને આટલી બધી સારવાર, અહીં તો રહેવાની નથી.'

'એ તો છે જ, આંહી કોને અમરપટો લખી આપ્યો છે–પડખું ફર–પછું કામ નહિ થાય ને રાત્રે ભણાવાશે નહિ.'

'એ તો હું ભૂલી જ ગઈ, રજા રાખશું, છોકરાઓને કહેવરાવી દઈએ.'

'કેમ તારા દિયર આવે છે એટલે?'

'હા જ તો આટલે વર્ષે આવે છે. એની સાથે એક યુરોપિયન બાઈ પણ છે, એ બધાની આગતા-સ્વાગતામાં જ રાત પડી જશે– એમ હશે તો રાત્રે એમની પાસે જ અનુભવો કહેવરાવશું. તેં અચ્યુત-ભાઈને જોયા છે?'

'એકવાર હું તારે ત્યાં અમદાવાદ આવેલી ત્યારે જોયેલા. મારી સામે જ જમવા બેઠા હતા. આંખો ભારે મિજાજી છે. ટમાટું ખાતાં ખાતાં પહેરણ બગડી ગયેલું ને આપણે સૌ હસી પડેલાં.'

'તેં ય ભલું યાદ રાખ્યું છે. તારી સામે જોવામાં ધ્યાન હશે.'

'શું તું ય તે મોટીબહેન. વારે વારે એ વાત ઉખેળે છે. હું એને કે કોઈને પરણવાની નથી. ને તેં આશા બાંધી હશે તે તૂટી પડશે એટલે પછી હૃદયરોગ છે તે કરતાં ય વધી પડશે. તને એ શાને લીધે છે?'

'આશા બાંધી છે એ વાત તો સાચી છે. તું જાણે છે આજ હું કેટલા ભારે ભિંસાઈ મરું છું! રોગ–બોગ તો ઈશ્વર જાણે.' કહેતાં કહેતાં ગળું ખંખારવા થંભી તે કહે, 'હું ત્રણ ઘરનો ભાર વહી રહી છું. મારા ઘરનો, આપણા ઘરનો ને આ ઘરનો.'

'આ એટલે?'

'એટલે સત્યકામભાઈની મિલકતનો. બાપાએ એ પણ મને જ ભળાવેલ છે ને?'

'તે એનું શું છે?'

'શું છે કેમ? આ બધી વાડી, આ કોતરો, આ ખેડૂતો ને એનાં છોકરાં એ બધી ભળામણી કોને છે?'

'એ તો ભારે છે જ.'

'ઉપરાંત ભાણવડનો આપણો અપંગાશ્રમ, ને કાકાજીના બધા શેર ને ડિબેંચર્સ ને એવું કાંઈ કાંઈ. ભલી થઈને કાંઈક તો ઉપાડ!'

'તે પરણીશ એટલે ઉપાડીશ એમ?'

'એક ઘરનું તો ઉપાડીશ ને, તારા ઘરનું તું સંભાળ એમ નહિ કહું? અચ્યુતભાઈ પણ નાસ નાસ કરે ને તું ય ડોકું ધુણાવ્યા કરે એ કાંઈ ચાલે?'

'હું તો એટલું જાણું કે બધી મિથ્યા ઉપાધિ છે. સંસારમાં કયાંય સુખ નથી. એક જ શાશ્વત સુખ છે કેવળજ્ઞાનનું.'

'તારું જ્ઞાન સાચે જ કેવળ જ્ઞાન જ છે. રેખા, એ વાત તને કે' દી સમજાશે.' રોહિણીએ સહેજ ખેદથી કહ્યું ને પછી ઊભી થઈ કહ્યું, 'હું છોકરાઓ પાસે જરાક આંટો મારી આવું. મેઇલ કયારે આવે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાઈટ ટાઈમ હોય તો ૧૧ વાગ્યે–પણ અહીં એ બને જ ક્યાંથી ?'

'તું એ લોકોને માટે નહાવાનો બાથરૂમ તૈયાર કરાવ. હું પહેલાં વાપરતી એ ટબ ભરાવજે.' કહી રોહિણી એક બાજુએ વળી.

ચારે બાજુએ સોએક એકરમાં ઊંચુંનીચું કોતર પથરાયું હતું. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે એનો એક ગુંઠો પણ એના માલિકે નકામો જવા દીધો ન હતો. પગથિયાંની જેમ અટારીઓ પાડીને ભાતભાતનાં ઝાડોનાં હાર–તોરણો જાણે કર્યાં હતાં. છેક ઉપરના ભાગમાં હતી ઓરડીઓ. એની નીચે વાળી હતી જામફળીઓ ને તળિયું આખું આંબા–ચીકું–મોસંબી ને ફણસથી પૂર્યું હતું. આંબાને છાંયડે પણ અમલસાડી લીંડી--પીપર ને કંતાની સેરીયન વાવ્યાં હતાં. જ્યાં જ્યાં ઢાળ આવતો ત્યાં ત્યાં બંધો બાંધી ધોવાણ અટકાવ્યું હતું. વચમાં વચમાં ઘટાદાર ઝાડોની નીચે પથ્થરના બાંકડા મૂક્યા હતા. અહીંતહીં માણસો ક્યારા ગોડતા–પાણી વાળતા કે છાંટણી કરતા દેખાતા. રોજ તો રોહિણી જ્યારે નીકળે ત્યારે આમાંના કોઇકની સાથે વાત કરતી પણ આજે એનું ધ્યાન આ બધામાં નહોતું. દિયરના આગમનની તૈયારીમાં એ પડી હતી. કોતરના એક છેડા પર બીજું મકાન હતું. તેના આંગણામાં બે ચાર હીંચકા ને રમવાની ઘોડીઓ હતી. રોહિણીએ ઓસરી પર ચડતાં જ કહ્યું.

'નિર્મળ'

એક દશેક વર્ષના લંગડા છોકરાએ બહાર આવી કહ્યું, 'નિર્મળભાઇ મશીન ખોટવાઇ જતાં ધરા પર ગયા છે. બીજા પણ ત્યાં ગયા છે, મશીન ઉખેળે છે એ જોવા.'

'માંદો હતો ને શીદને ગયો ? તારા માટે આ મોસંબી છે. છોલતાં ફાવશે ?' છોકરાએ હસીને ડોકું ધુણાવ્યું.

'લાવ છોલી આપું.' કહી એ છોલવા બેઠી. આમે એને થાક લાગ્યો હતો.

રોહિણીનું આ જ સાચું ઘર હતું. પેલા ઘરમાં તો ગણ્યા કલાકો જ રહેતી. રેખાએ વર્ગ પાડવાની ધમકી આપી હતી તે કંઇ ખોટી નહોતી આપી. ગામગામના ભાતભાતના છોકરાઓને ભેગાં કરી એ એવી જવાબદારી લઈ બેઠી હતી કે માંદગી પણ એને આરામ લેવાદે તેમ ન હતું. હજુ પંદર દહાડા પહેલાં જ આ બાળકને એ લઈ આવી હતી. ગાડીમાં એ નાના રાવણહથ્થા પર કાંદુના રાસડા ગાઇને પેસેન્જરોને રીઝવી પોતાના રોટલા રળતો હતો. રોહિણી એને સમજાવીને તેડી લાવી હતી. બીજો એક અનાથાશ્રમમાંથી ભાગીને આવ્યો હતો. નિર્મળ જેવા કેટલાક એના ઓળખીતા સંભાવિત ખેડૂતોના છોકરાઓ પણ હતા. આ બધાને સંભાળવામાં એના હૃદયરોગને ક્યાં નવરાશ મળે તેમ હતી ?

એણે મોસંબી છોલી હાથમાં મૂકતાં પૂછ્યું.

'અહીં ગમે છે કે ? કોઇ ખીજવતું નથી ને ?' હસીને કહે, 'હવે દોઢ ટાંગ કોઇ કહે છે ? કહે તો ય ગભરાવું નહિ હો. મારે ય આ ડાબો હાથ ખોટો પડતો જાય છે. હું ય દોઢ હાથ જ છું.'

છોકરો હસી પડયો. એ નીચે ઊતરી એટલે કહે, 'આજ રાત્રે કાલવાળી વાર્તા કહેવાના ને ?'

'આજે તો એક મોટા મહેમાન આવવાના છે–વિલાયતથી-ચીનથી–એ એની મુસાફરીની વાત કહેશે. ને એટલે વર્ગો પણ બંધ રહેશે એમ સૌને કહી દેજે.હં !'

કહી એ નીચે ઊતરી ઘડીક ધરા તરફ ચાલી, પણ કોણ જાણે કેમ એને એ તરફ જવાનું ગમ્યું નહિ. કોતરની એક ભેખડ પર ઝૂકી રહેલ ફણસ નીચેના એક પથરા પર બેસી પડી. હમણાં હમણાં એને ચેન પડતું નહોતું. વર્ષો પહેલાં એકવાર થયેલો હૃદયરોગ ફરીવાર અવારનવાર ઊપડી આવ્યો. કામનો કોઇ પાર નહોતો, પણ મન એકેયમાં ચોંટતું નહિ. આ ચાર કાળા દૂબળા છોકરાઓ જો એની પાસે ન હોત તો સંભવ છે કે એનો દિવસ કાપવો પણ એને મુશ્કેલ થઈ પડત. રેખાને બોલાવી એનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય કારણ ભલે આ ન હોય તો પણ આડ કારણ તો આ બેચેની હતું જ. વચમાં વચમાં મન ઊંડે ઊતરી જતું. જાણે જીવ પાતાળમાં ઊતરવા માંડતો. હાથમાં પકડેલી સોય ને દોરો સરી પડતાં. હવે આમ ને આમ વધારે ખેંચાય એમ નહોતું. ને ભાર પણ કાંઈ ઓછો નહોતો. આ સોએક ખેડૂતોની સહકારી મંડળી સસરાની બેએક લાખની મિલકતનો વહીવટ ને તે ઉપરાંત પિતાએ સોંપેલ એક અપંગાશ્રમની દેખભાલ મરદોનેય થકવી દે તેવું કામ હતું. પણ એના ભક્તપિતાએ એટલું બળ આપ્યું હતું. ને એવી પ્રણાલી ઊભી કરી હતી કે આજ સુધી એ નાવને ખેંચી શકી હતી. પણ આજકાલ કરતાં એને બાર વર્ષ થવા આવ્યાં હતાં. વાડી કોતરો મિલકત બાર વર્ષમાં બમણાં થયાં હતાં, પણ એની શક્તિ તો બમણી થવાને બદલે બારમા ભાગની થઈ હતી. આ વિમાસણની વેળાએ એણે સાંભળ્યું કે દસ વરસ પહેલાં ચાલ્યો ગયેલ દિયર અચ્યુત પાછો આવે છે. ત્યારે એને થોડી નિરાંત થઇ.

અચ્યુત એના દુશ્મન કે મિત્ર સૌને મન અસાધારણ હતો. દસ વર્ષ પહેલાં બાપ સાથે ઝઘડીને મહાત્મા ગાંધીના આશ્રમમાં ગયેલો. ત્યાં પણ સખણો ન રહ્યો. મહાત્મા ગાંધી હારે કાંઇક બોલીને નીકળી ગયો. બંદર ઉપર તે કોલસા ભરનાર તરીકે પહોંચ્યો વિલાયતમાં. પછી ચારેક વર્ષ સુધી એનું નામ ન સંભળાયું. ઓચિંતાના એક દિવસે સૌએ તાર દ્વારા જાણ્યું કે એ તો વિલાયતમાં મોટો દાક્તર થઈ પડયો હતો. વળી બે ચાર વર્ષ ગયાં, ને એનું નામ ચીનને સહાય કરવા ગયેલ તબીબી મંડળમાં વંચાયું. આખરે દસ વર્ષે એ આમ પોણી દુનિયાનું પાણી પીને પાછો આવતો હતો. કોઈક કહેતું હતું કે સાથે એની વિલાયતી વહુને પણ લાવવાનો હતો. ગમે તે હો ! મિત્ર--શત્રુ સૌ એને અસાધારણ તો કહેતા જ હતા.

માત્ર એની ભાભીને મન આમાં કશું અસાધારણ નહોતું. ઊલટું જો એણે આવું કશું ન કર્યું હોત ને મુંબઇના એકાદ પરામાં બંગલો બંધાવી પાંચ પૈસા કૂટી માર્યા હોત તો જ એને નવાઇ લાગત. કારણ કે એને ખબર હતી કે જે વીજળી બાળે તે જ ઘર અજવાળે છે.

પણ ઘર અજવાળનાર વીજળીનેય કાબૂમાં લેનાર કોઈક યંત્ર જોઇએ. તે સિવાય તો એમ જાન ખતરામાં નાખી દે તેવો મામલો બની જાય.

અચ્યુતને પાછો આવવા એણે જ હંમેશ સમજાવ્યો હતો ને આખરે એ આવતો પણ હતો. પણ એને સમાલનાર કોઇ યંત્ર હતું ખરું ? રેખા હતી ખરી ! પણ એ ય હતી મોટી માયા ! પાંચ વર્ષથી ચંદ્રવિજયસુરીના સદુપદેશનું શ્રવણ કર્યા પછી એને ખાતરી થઇ ગઈ હતી કે જીવનમાં કંઇ જ કરવા જેવું નથી. કેવળ આત્મા સિવાય કોઇ કોઈનું નથી. એટલે શુદ્ધ આત્મજ્ઞાન એ જ આલંબન છે ને એ ખાતર સાધ્વી થવાનો સંકલ્પ કરી બેઠી હતી. જો રોહિણીનો વિરોધ ન હોત તો કદાચ ક્યારનીયે એ મહાસતી ચેલ્લણા કે એવું કાંઈક થઇને ભવસાગર તરી પણ ગઇ હોત. ઓછામાં ઓછું એના ગુરુ સુરી ચંદ્રવિજયજીનું તો એમ કહેવું હતું જ. બીજી બાજુ અચ્યુતના કાગળ પરથી એ એટલું તો સમજી હતી કે એ અહીં આવે છે. ઠીક ઠીક વખત રહેવા આવે છે, એ વાત સાચી હતી, પણ એ કાંઈ હવે ગઇકાલે એની સાથે ચોપાટ ખેલતો એના માટે પોતાના મોટાભાઇ કે બાપા સુદ્ધાં જોડે ઝઘડતો નાનો દિયર જ નહોતો રહ્યો. લોકોએ ટોળભરી વાણીમા એની જે સિદ્ધિઓ વર્ણવી હતી તેના કરતાં ય એની ખરેખરી સિદ્ધિઓ તો ક્યાં મોટી હતી. એની નોંધો ને એણે મોકલેલ પરદેશી છાપાંની કાપલીઓ વાંચીને એના મનમાં ઊંડે ઊંડે વસી ગયું હતું કે આ ભારતવર્ષમાં જ નહિ પણ સમગ્ર જગતમાં કોઇક જબરદસ્ત ઉલ્કાપાત—મહાપ્રલય થવાના પ્રવાહો ચાલી રહ્યા છે. જેમાં નાના નાના દેશો તણખલાંની જેમ ક્યાંના ક્યાં ય ઊડી પડવાના છે. આ મહાન દાવાનળને બને તો રોકવા નહિતર છેવટે નાથવાને માટે જે ગણ્યાગાંઠયા સુભાગી માણસો અવિશ્રાંતપણે દોડધામ કરી રહ્યા હતા તેમાંનો એક એનો દિયર અચ્યુત પણ હતો. એ વિષે એને ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈએ એક શબ્દે ન કહ્યો હોય તોપણ એને રજમાત્ર શંકા નહોતી.

એ ક્યાંય સુધી એમાં શું કરવું તેનો વિચાર કરતી પડી હતી.

'મોટીબહેન આજે તબિયત બરોબર નથી?' એને કોઈક પૂછતું હતું.

'નારે ના અરજણ કાકા, અમસ્થી જ પડી હતી.' એણે સામે ઊભેલ વૃદ્ધ ખેડૂતને કહ્યું.

'તમે કહો કે ન કહો. શરીર લેવાતું જાય છે.'

'એનો શું હરખ-શોક' કહી એ ઊભી થઈ. ઊભી થતાં જ એની નજર સ્હેજે આખી વાડી પર પડી. કેવી હરીભરી વાડી હતી! પેલા છેડાના આંબામાં કાગડાઓએ વસાહત બાંધી હતી. ધરા પરના રાવણા પર પણ બગલાંઓનું સંસ્થાન હતું. આ બાજુની ફણસવાડીમાં મોરલાનો મેળો જામતો. ને એ બધાં ઝાડોની નીચે ખેડૂતના છોકરા-છોકરીઓ સાતતાળી સંતાકુકડી રમતાં હતાં. વીશ વર્ષ પહેલાંનો બપોર એને યાદ આવ્યો. એ અરજણ ડોસા એને ધરા પર મળેલા. ગોરડ ને હરમા સિવાય એક ઝાડ આખા કોતરમાં નહોતું. ને ધરાનો ઉપયોગ કોળીઓ માછલાં મારવામાં કરતા. આજે એકે ય કોળીનું ઘર માંસાહારી નહોતું રહ્યું. કેળાં, પપૈયાં, કેરી મળે તો માંસ ખાય કોણ? કોના પ્રતાપ હતા આ? એના પિતાના. જે પિતાની આંગળીએ વળગીને એ અહીં દસ વર્ષની ઉંમરે આવેલી. ને જેણે વગર જમનાએ ગોકુળ સરજ્યું હતું. તેની યાદ આવતાં એને ઝળઝળિયાં આવી ગયાં.

'કાં બહેન એકદમ?' અરજણ ડોસાએ પૂછ્યું.

'કાકા એ તો બાપા સાંભર્યા' એણે આંસુ લૂછતાં કહ્યું.

'બાપા તને આજ સાંભર્યા હશે. તને તો ભગવાને સંભારવાની નવરાશે ક્યાં રહેવા દીધી છે!' પણ હું તો હવે ઘરડો થયો. આંબા તો મારો લખો સાચવે છે. એટલે હું તો ઝાડે ઝાડે ફર્યા કરું છું. ને એકેએક ઝાડ એનો જાપ જપે છે, દિનરાત મને તો એ ને સત્યકામભાઈ સાંભર્યા જ કરે છે. આ તું બેઠી'તી એ ફણસ મેં ને સત્યકામભાઈએ બપોર દી સુધીમાં ખાડો ખોદીને વાવેલું હો! તે દી હતી અગિયારશ. તને યાદ છે તું આંહીં દૂધ લાવેલી. ને તારે ને સત્યકામભાઈમાં કોને હાથે ફણસ રોપવું એનો ઝઘડો થયેલો. તું કહે એ વાવે ને એ કહે તું વાવ, ખરું ને? એ કહે હું વાવું તો ફળ ન આવે એવો હું કમનસીબ છું. ને તું કહે કે હું વાવું તો ઝાડને ફળ ન આવે. છેવટે બેએ એકમત થઈને વાવવા કહેલું ખરું?'

'પણ તમે ય કેવા કે અમારે બેએ એકહારે વાવવું—એક હારે ધૂળ વાળવી ને એક હારે પાણી પાવું તેવો તોડ કાઢેલો.'

'શું કરું ત્યારે? ના માનો ત્યારે કાંઇ ગોતી કાઢવું જોઇએ ને? પણ હેં બહેન પછી સત્યકામભાઇનો કાંઈ પત્તો લાગ્યો? કાંઇ ખરખબર મળ્યા? થાય છે કે એકવાર જતાં પહેલાં આંખો ઠારી લઉં એને જોઇને. શું, એણે આ વાડીમાં કામ કર્યું છે કાંઈ કામ? લખેશરીનો દીકરો પણ ગાયુંને પાવા નીરવામાં, ડોલું સીંચવામાં, પાળા તોડવામાં પાછું વાળીને નથી જોયું. બાપાનું વેણ પડયું ને સત્યકામભાઇના હાથ હાલ્યા જ છે. અરે! આ ઝાડેઝાડનો ઇતિહાસ છે. એક કોળ ફૂટે ને હું ને બાપા ને સત્યકામભાઇ ઠાકરનું નામ લઇને ઠેકડા મારીએ. આ ચારેકોરનાં કોળાં કહેતાં કે એ કોતરમાં બધા રૂપિયા નાખીને જવાનો છે. ત્યાં શું થવાનું હતું. એના બાપનું કપાળ? એટલે અમને ય કોકવાર વિમાસણ તો થાતી પણ બાપાની હિમ્મત તો હેમાળા જેવી. એને કોણ ડગાવે? ને પડખે હતા સત્યકામભાઈ. બસ. એ એક દસકો ખેરો કટોકટીનો હતો. હવે તો ઝાડ ઉઝરી ગયાં છે. ધોરી રસ્તો પડી ગયો છે. નાનું છોકરું ય વગરઠેશ્યે હાલ્યું જાય, હવે શું? પણ હેં બહેન, પછી સત્યકામભાઇના કાંઇ વાવડ મળ્યા? થાય છે કે એકવાર એને મરતાં પહેલાં ભાળી લઉં તો કેવું સારું? ભગવાન મેં સાચા દલથી જો ધરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની ને બાપાની ચાકરી કરી હોય તો આ એક અબળખા પૂરી કરજે. આ ધરતીના સાચા ધણીને જુહાર્યો વિના જાઉં તો તો હું અવગતે જ જાઉંને!'

અરજણ ડોસા આમે હવે અવસ્થાવાન થવાથી ઓછું ભાળતા હતા, ને આજ તો વળી ખાસ આંખોને અંદર ઉતારી દીધી હતી, એટલે એને ખબર નહોતી કે એમનો હાથ ઝાલીને દોરી જતી રોહિણીની આંખોમાંથી એમના વેણે વેણે મોતી જેવાં અશ્રુબિંદુ ટપટપ પડયે જતાં હતાં. એમની ઓરડી આવતાં એ કહે 'હેં બહેન, આ અચ્યુતભાઈ આટલો બધો મલક ભમ્યા છે તે એમને કયાં ય સત્યકામભાઈનો ભેટો નહિ થયો હોય?'

કમળ પોતાને ડોલાવીને જળબિંદુઓ ખંખેરી નાંખે તેમ આંસુ ખંખેરી રોહિણી કહે 'અરજણકાકા તમારી ભોળાભાવની આસ્થા છે ને તમે સમજ્યા ત્યારથી પાપ કર્યું નથી એટલે ભગવાન તમારી આશા કેમ નહિ પૂરી કરે?'

'પણ બહેન તને કાંઈ વાવડ?'

પરાણે હસીને રોહિણીએ કહ્યું, 'એટલી જ ખબર છે કે એક દિવસે અહીં આવીશ એમ છેલ્લે લખ્યું હતું.' કહેતી જાણે ઊભું પણ ન રહેવાતું હોય તેમ ઉતાવળે ઉતાવળે ઘરમાં જઈ છાતી સાથે ઓશીકું દબાવીને પડી. રેખા દોડતી આવીને કહે 'ઊલટું વધ્યુંને? કોઈનું માને નહિ. કાકાજીને ઉપરથી બોલાવું?'

રેખાને કબાટમાં શીશીઓ વીંખતી, હાંફળી હાંફળી થતી જોઈ ધીરેથી કહે, 'ધાંધી થા મા, તારી મોટી બહેન એમ મરી નહિ જાય. એની કુંડલીમાં તો લાંબું જીવવાનું લખ્યું છે. પેલા આવવાના છે એની તૈયારી કર.' ફરી ઓશીકા પર છાતી દબાવી કહે 'મારાથી પગથિયે પણ લેવા જવાશે કે કેમ?'

રેખા એક પ્યાલામાં દવા તૈયાર કરતાં કહે 'તને આ હૃદયરોગ થયો શાને લીધે?

'મારાં કરમે' કહી એણે દવા લીધી ને પડખું ફરી ગઈ.

અરજણકાકાએ અનાયાસે સત્યકામને સં... કેવાં કેવાં પડો ઉખેળ્યાં હતાં આજે? રેખાને એ... કહે કે આ હૃદયરોગ એને કયાંથી ... એની પાસે આખું ચિત્ર ખડું થયું. સત્યકામ ... સ્મૃતિમાં ભજનની કડીઓ મૂકીને ગયાને ય ... વીતી ગયાં હતાં. વચ્ચે એ સાવ લુપ્ત થઈ ... સમાચાર આવ્યાને ય ઘણા મહિના થયા હતા. ... ઘૂંટ જેવું વૈધવ્ય લઈને એ અચ્યુત જોડે ... હતી. ડબ્બામાં સૌ એના સુકુમાર ચહેરા તરફ ... કહેતાં હતાં.

'ભાઈ કળજુગમાં તો ભગવાને કાળજાવિનો થઈ ગયો છે. નહિતર કાંઈ આવો કાળો કોપ કરે!

'અહાહા! છાતી ચીરાઈ જાય છે.' કોઈક ...

એ તો મૂંગે મોંએ, અવનત મસ્તકે આ ... સહાનુભૂતિનાં વાક્યોથી વિંધાતી બેસી રહી ... અબળા લોચણનું પદ એના ગળામાં આવી ... પાછું જતું હતું.

> જીરે લાખા ખૂંદી રે ખમે માતા પૃથમીને
> વાઢી તો ખમે વનરાઈ
> કઠણ વચન મારાં સાધુડાં ખમે
> નીર તો સાયરમા સમાય

ત્યાં એણે સાંભળ્યું, 'કોની વાત ચાલે છે લલિત?'

એના કાન ચમકયા. કોનો આ કંઠસ્વર! ... જોયું. માણસો ખીચોખીચ હતાં. પાટિયા ઉપર ... વચ્ચે ય બેઠાં હતાં. દેખાયું નહિ માત્ર સંભળાયું.

'કોઈ સદ્યવિધવા છે પંડિતજી,' અનાયાસે સહા... નુભૂતિ પ્રગટ થઈ જાય તેવું જ છે. જાણે સરસ્વતી... મૂર્તિ.'

'લલિત, તારો ઉપમાદોષ છે. સરસ્વતી ... બ્રહ્મચારિણી છે. એને વૈધવ્ય કેવું?'

રોહિણી ચમકી. ફરી એ જ કંઠસ્વર! ... એનાથી ન રહેવાયું. થૂંકવા નિમિત્તે ઊઠીને ... બેસી ગઈ. એ જ હતો. અંગેઅંગથી મીઠપ ... સત્યકામ. માત્ર એક જ ફેર હતો. આંખો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોં પર શીળીના ડાઘા. શું શીળીમાં ખોઈ હતી આંખો ? કે આ કોઇ બીજું હતું ? એની આંખો છેલ્લા દસ દિવસના અપાર દુ:ખથી હારી જઈને એને છેતરતી તો નહોતી ! હેમંતના છેલ્લા કલાકો જતા હતા ત્યારથી એ કોઇકને વહારે ધાવા પ્રાર્થતી હતી. શું ખરેખર, એ ધા સાંભળીને આવેલ હશે ? ભગવાને મોકલેલ હશે ? પણ હોય કેવી રીતે ? ને હોય તોય શું ખપના ! કોણ એને ઓળખે છે ? એ ય કેમ ઓળખે ? કોણ કહે ? ને કોણ સાંભળે ? એના હૈયામાં ચુંથાવા માંડયું, જાણે હમણાં બેભાન થઇ જશે. પણ મને સાવધાન થઇ કહ્યું, 'પણ એ જ છે એની ખાતરી શું ? એને યાદ આવ્યું કે સત્યકામને ડાબે ખભે લાલ લાખું હતું. પંડિતજી ઉઘાડે ડીલે એક ધોતિયું પહેરીને જ બેઠા હતા. એ ફરી ઊભી થઈ ને જોયું. એના ભાગ્યના લેખ જેવું લાખું લખલખતું હતું. એના પગ બેસતા હતા—

પેટમાં આંકડી આવતી હોય તેમ બે પગ વચ્ચે માથું નાખી એ બેસી ગઇ. પોતે વિધવા ને એ અંધ ? રુદન દબાવવા જતાં એના પડખામાં શૂળ આવતું હતું. પણ પંડિતજી કોઈની સાથે વાત કરતા હતા. 'પરમ દિવસે હું ઊપડીશ; જર્મનીમાં કેટલું રહેવાનું થશે તેની અત્યારે ખબર નથી. પણ બુદ્ધધર્મ વિષે ત્યાં જેટલું જાણવા જેવું હશે તે પૂરું કરીને જ આવવાની ઇચ્છા છે. તું પ્રમાદી ન થતો. અભ્યાસ અને વૈરાગ્ય વધારજે. ને સાથે સાથે થોડીક અંગમહેનત કરજે. તારું શરીર સાવ દૂબળું છે !'

બોલવાની એ જ હલક, એ જ લઢણ, આંસુ ઊડી ગયા. એણે ઊચું જોયું. પંડિતજી ઊભા થઈને પાટિયા પરથી સામાન ઉતારતા હતા. 'હવે નડિયાદ આવશે ને ? લલિત તૈયારી કર.'

'બસ અહીં જ ઊતરવાના ?' રોહિણીના અંતરે ચીસ નાખી. 'સત્યકામ આમ તો જો, તારી જોડે જ હું બેઠી છું. હું રોહિણી, દુર્ભગા, પણ કોને કહે ? ને કોણ સમજે. ગાડી અટકી. લલિતથી દોરવાતા પંડિતજી નીકળ્યા. લોકો માર્ગ આપતા હતા. રોહિણીનો પગ ભૂલમાં એમનાથી કચરાઈ ગયો.

'કોનો પગ આવ્યો ?'

'એ તો પેલાં વિધવા બહેનનો પગ હતો.' લલિતે એમને પ્લેટફોર્મ પર ઉતારતાં કહ્યું.

'નામ પૂછતો લલિત, એમની ક્ષમા માગવી જોઇએ.'

સીટી વાગી. ગાડી ઉપડી. એનું હૃદય વિંખાતું હોય તેવી આંકડીઓ આવતી હતી. સહેવાતું નહોતું. એ ઢળી પડી. અચ્યુત જાણે એને કહેતો હતો. 'રોહિણી ભાભી !'

રોહિણીને એ સ્મરણે ય આજ ફરી એ જ હૃદય-શૂળ ઊપડતું હતું. એણે બૂમ મારી, 'રેખા,' પણ બોલાઇ ગયું 'સત્યકામ.'

ચમકીને આજુબાજુ વિહ્વળતાથી જોયું કે કોઇ હતું તો નહિ ને ?

એની આંખમાંથી ઝરઝર ઝરઝર ટીપાં પડવા માંડયાં.

'ભગવાન નાનપણથી આજસુધીમાં ઘણાંય અંધ ને અપંગની સેવા કરી છે. વધુ એકની સેવાની તક નહિ આપો ?'

બહાર ગાડીના પૈડાંનો અવાજ આવ્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુ

તક્ષશિલાનો એ પૂતળાં બનાવનારો અદ્દ્ભુત હતો. એક વખત એને પોતાને પોતાનું પૂતળું કરવાનું મન થઈ આવ્યું. એનું બનાવેલું પૂતળું નિર્જીવ છે એમ તો કોઈ, એના ઉપર હાથ મૂકે તો પણ માની શકે નહિ. એવી અદ્દ્ભુત એની કારીગરી હતી.

એણે સાંભળ્યું કે જમરાજાના દૂત જ્યારે માણસને લેવા આવે છે, ત્યારે જમરાજાએ જે ચહેરો મોરો કહ્યો હોય એને જ એ ઉપાડી જાય છે. બીજાને નહિ.

તક્ષશિલાના આ કલાકોવિદ્દને જમરાજાના દૂતની પરીક્ષા કરવાનું મન થઈ આવ્યું. એણે પોતાનું પૂતળું બનાવ્યું. જોનારા એ જોઈ ને ઘડીભર ભ્રમમાં પડી ગયા. મિત્રો–એને પોતાને બોલાવતાં પહેલાં પૂતળાંને સંબોધન કરવા માંડયા! એટલું બધું એ હૂબહૂ હતું.

પછી તો એણે પોતાનાં એક પછી એક સાત પૂતળાં તૈયાર કર્યાં. સાતે એવાં કે એક જૂઓ ને બીજું ભૂલો!

એનો મૃત્યુદિવસ આવ્યો ત્યારે સાતે પૂતળાંને એક સરખી શય્યામાં એણે સુવાર્યાં.

પોતે પણ પોતાની શય્યા ત્યાં જ કરી.

જે ઘડી અને પળે, નક્ષત્રશાસ્ત્રીએ એનું મૃત્યુ ભાખ્યું હતું, બરાબર એ ઘડી અને એ પળ આવી ગયાં!

પોતાના મૃત્યુની એ હરપળે પ્રતીક્ષા કરી રહ્યો હતો. પણ કોણ જાણે કેમ એનો કોઇએ ભાવ જ પૂછયો નહિ!

વાત જમલોકમાં ચર્ચાવા માંડી. તક્ષશિલાના એક અદ્દ્ભુત કલાકોવિદે પોતાની કલાથી, જમલોકના દૂતને પણ, ભ્રમણામાં નાખ્યો છે. કોને લઇ જવાનો છે એ ... ખબર જ પડતી નથી. એક સરખા ... માણસમાંથી કોને હાજર કરવો એ જ ... સૂજતું નથી! એવા એક સરખા, નેણે ... ચહેરે મોરે, અરે તલે તલમાં, આઠ માણસ સૂતાં છે!

'જમને હંફાવનાર આ કલાકારની ... તરફ પ્રશંસા થઈ રહી! તમામ દેવતાઓને પણ ઊંડો છાનો આનંદ થયો! એમને ... –ભલે યુગ યુગને અંતે, પણ એક સમયે ... જમનું તેડું માનવાનું હતું નાં? એટલે ... ર્ણીત સમયમાં પળ વિપળનો પણ ફેર ... ન કરનાર, જમ લોકની થતી આ અવહેલનાએ એમને સૌને કાખલી કૂટતા ... દીધા! 'લેતો જાય ડોસો! એક વિપળ ... વધારે એણે કોઈ ને ઠરવા દીધા ન હ... એને પણ હંફાવનાર આજ નીકળ્યો ... એક સાવિત્રી નીકળી હતી. આજ એક ... બીજો મળી આવ્યો.'

યમરાજનું મોં સિવાઈ ગયું છે. વિચાર ... કરી રહ્યા છે. પોતે સ્વયં તેડવા જાય તો ... ચૌદલોકમાં ખળભળાટ મચી જાય નાં? ... તો, કોઈ અવતારી પુરુષને સંદેશો આપવાનો ... હોય, ત્યારે જવાનો નિયમ હતો!

નિયમનો એક દોરાવા ફેર પણ જમ... લોકની પ્રતિષ્ઠાને ધૂળ મેળવી દે. એ લોકની તો પ્રતિષ્ઠા જ અવિચળ નિયમ ઉપર!

અંતે એમણે બ્રહ્મની ઉપાસના આદરી ... એ બ્રહ્મ–જે સર્વને ધી આપે છે, જે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વાણીમાં શક્તિ મૂકે છે, જે તમામ મુશ્કેલીમાં માર્ગ દર્શાવે છે.

બ્રહ્મદેવે એમના અંતરમાં આવીને માર્ગ દર્શાવ્યો. યમરાજે દૂતને સૂચના આપી વળાવ્યો. તક્ષશિલાના એ કલાકારને જલદી હાજર કરવા નિર્દેશ કર્યો.

દૂત એનાં પાશ ને શસ્ત્ર અસ્ત્ર લઈને ચાલી નીકળ્યો.

જે ખંડમાં એક જ સ્વરૂપનાં આઠ માણસો મૃત્યુની રાહ જોઈને પડ્યાં હતાં, ત્યાં એ આવ્યો. ફરી ફરીને એમને જોવા લાગ્યો. એક રૂંવાડામાં તો ફેર હો! જિંદગીભરનો કલાકારનો શ્રમ એ જોઈ જ રહ્યો. ભલભલાને મોંમાં આગળાં નખાવે એવી અદ્‌ભુત એ કલા હતી. ભ્રમણામાં ને ભ્રમણામાં એ ત્યાં ઊભો રહ્યો. થોડીવાર એ પ્રમાણે એ ત્યાં ઊભો પછી ધીમેથી, પણ કલાકારના કાન ઉપર અથડાય એવો એક નાનો સરખો શબ્દ એણે કર્યો: 'હાં! છેવટે મળી આવી! મળી ગઈ... આ એક ભૂલ રહી ગઈ છે!'

'ભૂલ? મારી? હોય નહિ!' કલાકારે તરત સો ટચના સોના જેવો આત્મશ્રદ્ધાથી ભરપૂર જવાબ વાળ્યો.

પણ એને ધ્યાન રહ્યું નહિ! આ પ્રત્યુત્તરે એને સૌનાથી જુદો કરી બતાવ્યો હતો.

અને તરત જ દૂતનું કામ સહેલું થઈ પડ્યું!

તક્ષશિલાના આ કલાકોવિદે પળ બે પળ જમલોકને પણ મૂંઝવ્યાની આ કથા જ્યારે પ્રચલિત થઈ, ત્યારે તત્ત્વજ્ઞો જરાએ જરા અહમને શી રીતે ગાળી નખાય એની આંટીઘૂંટી શોધવામાં પડી ગયા!

—કારણ કે એમને ખબર હતી કે, જમદેવની પાસે એને માટે મૃત્યુ નથી, જેને કાયા વાણી મનમાં ક્યાંય અહમ્ નથી.

[૨૧]

એક જુવાન ઋષિકુમાર, મહા ઘોર અરણ્યમાં, એકલો ચાલ્યો જાય છે. એને લુંટાવાની બીક નથી. મૃત્યુનો ભય નથી. જીવનની જાણે કે એને પરવા નથી. એના અંતરનો કોઈક અડગ વજ્રનિશ્ચય જ એને આગળ ને આગળ દોરી રહ્યો છે! ગૌતમી નદીના તટ ઉપર આવીને એણે આસન લગાવ્યું.

નદીમાં નાહવા માટે અસંખ્ય સુંદરીઓ આવે છે. જેમને જોઈને મહા ઋષિઓનાં ચિત્ત ચલિત થઈ જાય, એવી વિલાસક્રીડા હરરોજ અને હરક્ષણે આ નદીનાં જળ નિહાળી રહ્યાં છે. કેટલી એ ભરયૌવન ભરી નારીઓનાં, સૂર્યને પણ જોવા ન મળે, એવાં અંગઉપાંગ ઉપર નજર માંડતા, જલક્રીડા શોખીનોનાં ટોળેટોળાં ત્યાં રખડે છે—પણ જેણે એક જ ધ્યેયને પોતાનું બનાવ્યું છે, એ જુવાન ઋષિકુમારે, આ લીલાને, પોતાના તપની પરીક્ષા માટેની આવશ્યક સામગ્રી તરીકે, પોતે જ સ્વીકારી લીધી છે. એટલે એણે તો ત્યાં જ ધામા નાખ્યા. અને ભગવાન શંકરનું એકધ્યાની તપ આદર્યું. એણે પોતાના મનને જાણે મૂઠીમાં પકડી લીધું. એવી ઉગ્ર ઉપાસના એણે શરૂ કરી. જ્યારે ભગવાન શંકરે દર્શન આપ્યું, ત્યારે ઋષિકુમારે કહ્યું: 'આ નહિ, ભગવાન્ આ નહિ, મારે તો એ રૂદ્રરૂપ જોવું છે, જે સર્વનો વિનાશ કરે છે, જે ભવ્ય છે, પણ જે ભયંકર છે, મારે તો એ રૂપ જોવું છે. મારે વરદાન પણ એની પાસે જ માગવું છે! મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મંગલ રૂપનું કામ નથી !'

'પણ અલ્યા ! એ તરુણ ! તારી આ ઊગતી જુવાની અને મારા એ ભયંકર રૂપના દર્શનની તને તાલાવેલી લાગી છે એ શું ? એ રૂપ તો કોક સમેને માટે છે ! એ તો સર્વનાશની આગાહી રૂપ છે.'

'હા પ્રભુ ! પણ જનમજનમાંતરમાં ન ભુલાય એવી વૈરની તૃપ્તિ મારે કરવાની છે. એટલે તો મારે એ રૂપની ઉપાસના છે !'

જુવાન ઋષિકુમારના વજ્જર દિલને નિહાળીને જેમનું અંતર મંદ મંદ હસી રહ્યું છે. એ ભગવાન શંકરે, સહેજ હસીને જુવાનના માથા ઉપર પ્રેમભર્યો હાથ મૂક્યોઃ 'તારું નામ શું ઋષિકુમાર ?'

'પિપ્પલાદ !'

'ત્યારે તો તું ઋષિ દધીચિનો પુત્ર ?'

'હા પ્રભુ !'

'કોઈ ને નહિ ને તને આ સૂઝ્યું ?

તારા પિતાએ તો બીજાને માટે જીવન આપ્યું હતું, કોઈ નહિ ને તું ઊઠીને, રુદ્રરૂપની અભિલાષા સેવી રહ્યો છે ?'

'મારા પિતા દધીચિને છળકપટથી મારવામાં આવ્યા. મારી માતા પ્રાતિથેયીએ મારા જન્મ સુધી રાહ જોઈ, અગ્નિપ્રવેશ કર્યો. મને માતાએ વનદેવતાની સંભાળમાં સોંપ્યો. પીપરનાં પાન ખાઇને હું મોટો થયો. મારું નામ પાડનાર કોઈ જ મળે નહિ ! મારું નામ પણ જનતાએ જ અકસ્માત ઉપાડી લીધું પિપ્પલાદ ! આજ હવે મારે વેર લેવું છે. મેં રુદ્રરૂપની ઉપાસના એટલા માટે આદરી છે. મારે એ રૂપ જોવું છે ! વરદાન પણ એની પાસેથી જ લેવું છે !'

'તું એ જવા દે, પિપ્પલાદ ! હું તને સ્વર્ગમાં દેવસભામાં સ્થાન અપાવું !'

'દેવસભા ? અરે ! એ તો દસ્યુઓ છે દસ્યુઓ, હું એમને તો હણી નાખવા માગું છું !'

'તો તું કૈલાસમાં આવ. હું તને મારો કુબેર ભંડારી બનાવું !'

તરુણે હસીને કહ્યું : 'વૈભવ મારે જોવો નથી. અને જોતો પણ નથી. મારે તો ભયંકરતા જોવી છે !'

ભગવાને પિપ્પલાદની વૈરલાલસાની ઉગ્રતા જોઈ. એને કોઈ હવે વારી શકે તેમ નથી, એ પણ જોયુંઃ એનો પાઠ એ પોતે જ શીખશે, એમ વિચારીને અત્યંત શાંતિથી એમણે કહ્યું: 'ત્યારે જો બેટા ! એ રૂપ તો યુગનો નાશ થવાનો હોય ત્યારે પ્રગટ થાય છે. ત્યારે ઘેર ઘેર માનવને માનવ ભરખી જાવાની ભૂખ જાગે છે. અગ્નિદાહ, જલક્રીડા જેવા લાગે છે ! ત્યારે માતા, સ્ત્રી, ભગિની, નારીનું કોઈ રૂપ પવિત્ર રહેતું નથી. ત્યારે રાક્ષસ ને પિશાચ માણસ કરતાં વધારે માયાળુ જણાય છે. પિપ્પલાદ ! તારે એ રૂપ જોવું છે ?'

તરુણ ઋષિકુમારે વજ્જર નિશ્ચયથી કહ્યું: 'હા, ભગવાન ! મારે એ રૂપ જોવું છે. મને જામદગ્નેય જગતોદ્ધારક લાગે છે !'

'ત્યારે જો તરુણ ! એક દિવસ ભયંકર અગ્નિની શિખા જેવું મારું ત્રીજું નેત્ર તારા અંતરમાં તને દેખા દેશે-ત્યારે જે સામર્થ્ય તું માગે છે, વૈરતૃપ્તિના આનંદનું, એ સામર્થ્ય તને મળશે. પણ બેટા ! એમાં આનંદ નહિ આવે હો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારે આનંદની ખેવના પણ નથી. મારે તો કેવળ વેરનું વેર લેવું છે! જેમણે દધીચિ જેવા પિતાને હણ્યા, મારી માને અગ્નિપ્રવેશ કરાવરાવ્યો—એમને મારે હણવા છે. પછી એનું પરિણામ ગમે તે હો!'

ભગવાન શંકરે, એની ઉગ્રતાનો મંદમંદ હસીને જાણે કે ઉત્તેજક સ્વીકાર કર્યો, અને પછી પોતે અદૃશ્ય થઈ ગયા.

પછી એક દિવસ પિપ્પલાદને, અંતરમાં, ભગવાન રૂદ્રના ત્રીજા નયનનો સાક્ષાત્કાર થયો. જાણે કે એવી અગ્નિશિખા ત્યાં પ્રજ્જવળી રહી છે કે જેને કોઈ સમાવી શકે નહિ, જેને કોઈ જોઈ શકે નહિ, અને કોઈ જાણી શકે નહિ.

રૂદ્રના એ ત્રીજાનેત્રમાંથી સર્વભક્ષી મહાકૃત્યા પેદા થઇ સર્વનાશંકરી એ શક્તિએ તો ઉત્પન્ન થતાં જ માગણી કરી: 'કોનો નાશ કરવો છે બોલો? વિનાશ એ મારો ધર્મ છે. એના વિના હું તો એક ક્ષણભર પણ રહી શકું નહિ. કોનો નાશ કરવો છે બોલો!'

પિપ્પલાદે કહ્યું: 'તમામ દેવોનો નાશ કરો!'

અને તરત જ શક્તિએ તો પહેલવહેલાં જ પિપ્પલાદને પકડયો.

'અરે! મારો નહિ—દેવોનો નાશ કરો!'

'પણ એ માટે માણસનો પણ નાશ કરવો રહ્યો. દેવત્વનો અંશ પણ ન હોય એવો કોઇ માણુસ જ નથી!'

ઋષિકુમાર તો સાંભળીને મૂંગો જ થઇ ગયો. કૃત્યાને જવાબ આપી શકતો નથી. કામ પણ સોંપી શકતો નથી. સર્વભક્ષી અગ્નિની કરાલ જિહ્વા જેવી એ, એની પાસે માગણી કરી રહી છે: 'કોનો નાશ કરવો છે? બોલો!'

પછી પિપ્પલાદે ભગવાન શંકરના મંગલ સ્વરૂપની પ્રાર્થના માંડી.

થોડીવારે એના અંતરમાં પ્રકાશ થયો: પિપ્પલાદ! ઋષિકુમાર! મેં તો તને—પ્રથમથી જ ચેતાવ્યો હતો. ભયંકર વિદ્વેષથી પ્રેરાઈને, જે વેરનો અગ્નિ સચેત રાખવા માગે છે, એણે પોતાનું જે કાંઈ થોડું ઘણું દેવત્વ હોય, તે પહેલાં અગ્નિમાં હોમ્યે જ છૂટકો છે. કૃત્યા, એટલે પહેલાં તારો નાશ કરશે—અને પછી તારી આજ્ઞા પ્રમાણે સૌનો નાશ કરશે!'

'ત્યારે તો દેવાધિદેવ! મારે એવો આપઘાત કરવો નથી!'

'દ્વેષ તમામ—આપઘાતને પંથે જ દોરે છે, ઋષિકુમાર! દ્વેષનો અર્થ જ આપઘાત!'

'ભગવાન્! ત્યારે તો હવે આ કૃત્યાને શમાવો! મારે એવું વેર લેવું નથી—કે જેમાં છેવટે હું જ ન હોઉં!'

છેવટે ભગવાન શંકરે પાંચ નદીઓ દ્વારા એ કૃત્યાને સમુદ્રના વડવાગ્નિમાં શમાવી.

[૨૨]

એક મુસ્લિમ સંત ઈમામ ઘીઝાલીની કથા છે. પોતાના વિદ્યાર્થી જીવનમાં એ વિદ્યામય બની ગયા હતા. રાત્રે મોડી રાત સુધી દીવો કરીને બેઠા વિદ્યાભ્યાસ કરતા જ હોય! એક સમયની વાત છે. અતિશય શ્રમથી થાકીને તે પોતાના દીવા પાસે જ આંખો મીંચી ગયા. ગાઢ નિદ્રા આવી ગઇ.

થોડીવાર થઇ ને એમને એક સ્વપ્ન આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નમાં જાણે ખ્વાજા ખીઝર-ઈલ્મ માત્રના ફિરસ્તો-એને બોલાવી રહ્યા હતા: 'ઘીઝાલી! જાગી જાઓ, જાગી જાઓ, દુનિયાના તમામ ઈલ્મો, તમામ વિદ્યાઓ, તમામ જ્ઞાનભંડારો, હું તમારા માટે તમને ભેટ દેવા આવ્યો છું! હવે જાગીને મોડી રાતનાં જાગરણ તમારે કરવાં નહિ પડે. હવે કાંઈ વાંચવું નહિ પડે. હમણાં હું સઘળું તમને ભેટ આપી દઉં છું!'

પણ જવાબ સાંભળીને તો ફિરસ્તો દંગ થઈ ગયો: 'મારે કોઈ ભેટ સોગાદનો ખપ નથી. મારે તો મહેનત કરીને ઇલ્મ હાથ કરવો છે!'

'ત્યારે?'

'આ દીવામાં વધુ ને વધુ તેલ મળ્યા કરે એવું કરો-બીજું બધું હું કરી લઇશ!'

[૨૩]

નેપાળની ભૂમિ ઉપર કાષ્ટમંડપ [ખટમંડુ] માં આજ માણસ માતાં નથી. ઠેર ઠેરથી પહાડી ગુરખાઓ, નેપાલીઓ અને નેવરાઓ ઊતરી આવ્યા છે. બ્રાહ્મણો હાજર થયા છે. ફૂલોના ઢગલા પડયા છે. ખાત મુહૂર્તની જલયંત્રી ઘડી ઉપર રાજજોષીઓ રાહ જોઇને ઊભા છે.

એક મહાનમંદિર બાંધવાનો નિર્ણય થયો હતો. અને એ મહોત્સવમાં ભાગ લેવા માટે જનતાનાં આટલાં ટોળાં આજે ઊભરાયાં હતાં.

સૈનિકો, સેનાપતિઓ, પ્રધાનો, રાજરાણાઓ, તમામ આવી ગયા હતા. માત્ર નેપાલમહારાજ ભૂપતિમલ્લના આવવાની વાર હતી.

સૌના મનમાં એક જ વિવેકી વિચાર ઘૂમી રહ્યો હતો: 'મહારાજ આવે, એમનો હાથ જરાક ઈંટને અડી જાય, એટલે બસ. મુહૂર્ત સચવાઈ જાય. સૌ રાજકર્મચારીઓ એ ચિંતામાં જ પડયા હતા. મુહૂર્ત ચાલ્યું ન જાય-એની જ સૌને પડી હતી.

એટલામાં તો રાજપુરોહિતે અવાજ કર્યો: સમય થઇ ગયો હતો.

પણ મહારાજ ભૂપતિમલ્લ-એનો હજી કયાંય પત્તો ન હતો.

રાજરાણાઓ, સેનાપતિઓ, ઊંચાનીચા થાવા માંડ્યા. નજર ખોડી ખોડીને જોવા માંડયા. પણ હજી કયાંય રાજસવારી દેખાતી ન હતી. રાજપુરોહિતે ફરીને કહ્યું: 'સમય થઈ ગયો છે. હવે વખત નહિ રહે!'

બરાબર એ જ વખતે એક સાદો ગુરખા જેવો જણાતો માણસ, માથે ઈંટોનો સૂંડલો લીધો છે, અને રાજપુરોહિત ગોરની સામે આવીને ઊભો રહ્યો!

પુરોહિતે ઊંચે જોયું અને એ તો દિંગ થઈ ગયો. કર્મચારીઓમાં સનસનાટી ફેલાઈ ગઈ. તમામ રાજપુરુષો ઉતાવળા આકળા થઈ ગયા: મહારાજ ભૂપતિમલ્લ પોતે જ માથે ઈંટનો સૂંડલો લઈ ને ત્યાં ઊભા હતા!

'રાજપુરોહિત મહારાજ! લ્યો, હું પળ સાચવવા આવી ગયો છું...'

'અરે પણ મહારાજ! મહારાજ....!'

'મંદિર ભગવાન ચંદ્રમૌલીશ્વરનું બાંધવાનું છે, પુરોહિતજી! કોઈ મકાન બાંધવું નથી. મારા ને તમારા સૌના છોકરાં, જો એમને રક્ષશે તો એ એમને રક્ષશે. નહિતર-આપણે મંદિરો બાંધ્યા કરીશું, ને તોડવાવાળા તોડયા કરશે. આની પાછળ-મરવાવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેળા થાય માટે આ મંદિર બાંધવું છે! લ્યો, હવે વખત જાય છે!'

અને પછી તો તમામેતમામ માણુસો, ત્યાં ભેળાં તમામ, મંદિરના કામમાં લાગી ગયાં!

[૨૪]

વારાણુસી નગરીમાં આજે મહોત્સવ છે. કાશીરાજની વિદ્યાસભામાં દેશપરદેશના અનેક વિદ્વાનો આવવાના છે.

એક મહાન પ્રશ્નનો આજે નિકાલ થવાનો છે.

અત્યાર સુધી માણુસજાત જેની શોધ કરી કરીને થાકી છે, તે 'શાંતિ' કયાંથી આવે છે, કયાં રહે છે, શી રીતે મળે છે, કોને એની પ્રાપ્તિ થાય છે-એ તમામેતમામ આંટીઘૂંટીભર્યાં પ્રશ્નોની આજે છણાવટ કરી નાખવાની રાજઘોષણાએ સૌ નાગરિકોને આકર્ષ્યાં છે.

શાંતિની શોધમાં પડેલાં, અનેક માણુસો, એ પરમસત્યને જલદીથી જાણી લેવા માટે, ઉપરતળે થઈ ગયાં છે. સૌને તાલાવેલી લાગી છે. શાંતિનો કોઇ ટૂંકો રાજમાર્ગ આજની વિદ્વદ્પરિષદમાંથી મળી રહેવાની એમને આશા જન્મી છે. સૌને શાંતિ જોઈએ છીએ.

રાજમહાલયના ચોગાનમાં માણુસો તો માતાં નથી. અંતે કાશીરાજ આવ્યા. રાજપુરોહિત આવ્યા, પંડિતો આવ્યા.

વિદ્યાસભા ભરાણી. એક બાજુ દેશ-વિદેશના વિદ્વાનો બેઠા છે. વિચક્ષણુ ને વિદ્વાન રાજમંત્રીઓ ત્યાં છે. શ્રેષ્ઠીઓ આવ્યા છે. નગરજનો છે. સામાન્યજનો પણુ વિદ્યાસભાના વાદવિવાદ સાંભળવા ભેગા થયા છે. નગરનો નારીસમુદાય આવી પહોંચ્યો છે. વિદ્યાસભાનો આનંદોત્સવ આખી નગરી જાણે કે માણી રહી છે. નગરની વારાંગનાઓ પણુ, વિદ્યા-ચતુરાઈમાં, કોઈનાથી ગાંજી જાય તેમ નથી. એ પણુ ત્યાં આવી છે. રંગમંચ ઉપર શાંતિના માર્ગની, વિદ્વાનોએ પણુ મહાશાસ્ત્રોમાંથી શોધ ચલાવવા માંડી છે.

એક એક વિદ્વાન બોલે છે—અને આખી સભાનાં મસ્તક ધૂણી જાય છે. એની જ વાત સાચી લાગે છે!

આજે વાણીની શી છટા ત્યાં ઊભરાય છે! વાક્પ્રવાહની કેવી કેવી અસ્ખલિત ધારા વહી રહી છે! તર્કશાસ્ત્રની તેરતેર વરસે પણુ ન ઊકલે, એવી શી શી રમત એમાં દેખા દે છે! વેદ વેદાંગ ઉપનિષદ ન્યાયની રમણીય સૂક્તા-વલિઓના અજબ ઘોષથી વિદ્યાસભા આખી ગાજી રહી છે!

શાંતિનો માર્ગ—સૌ શાંતિનો માર્ગ—શોધી રહ્યા છે! પિશાચ સિવાય બીજા કોને શાંતિ ન જોતી હોય?

પણુ વિદ્વાનોની વાક્છટામાં જો એ રહેતી હોય તો. તો એનો એ ઘડીએ જ જન્મ થાય. એટલી ભારતી આજે ત્યાં વિલસી રહી હતી!

શાસ્ત્રાર્થમાં હોય, તો કોઇ શાસ્ત્રનું દૃષ્ટાંત બાકી રહ્યું ન હતું. વાણીદેવતા પોતે જ, આજે ત્યાં, પોતાના શરીરના આ રૂપને જોવા માટે, જાણે ખડે પગે ઊભી રહી ગઈ હતી!

બહુ બહુ વાદવિવાદને અંતે રાજપુરોહિતે ઘોષણા કરી અને વિદ્વાનોનાં રાજમંત્રીઓનાં, દેશવિદેશના પંડિતોનાં, શ્રેષ્ઠીઓનાં, વદન ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદની એક ઝલક આવી ગઇ. કોઇ મહાસત્યની પ્રાપ્તિનો અજબ સંતોષ ત્યાં પ્રગટી ઊઠયો. અનેકનાં માથાં ડોલી ગયાં. કેટલાય માણસોના મોંમાંથી હર્ષનો અવાજ આવ્યો. કાશીરાજ પોતે, નતમસ્તકે, કોઈ દૈવીપ્રસાદ મેળવતા હોય તેમ, એ વાણી ઝીલવા તત્પર થઈ રહ્યા. સત્યનું સાક્ષાત્ દર્શન થયું હોય તેમ અસંખ્ય નારીઓના નેણમાંથી આનંદનાં આંસુ વહેવા માંડયાં!

છેવટે, કોઈને નહિ ને આ વિદ્યાસભાને સત્ય મળ્યું હતું.

છેવટે કાશીરાજની વિદ્યાસભામાં, કયાંય નહિ ને આ વિદ્યાસભામાં, સત્ય આવ્યું હતું!

સભાની એવી દિગંતવ્યાપી કીર્તિનો ગૌરવ અનુભવતાં વારાંગનાઓને પણ રોમાંચ થયો.

'નગરજનો હો!' રાજપુરોહિતે ઘોષણા માંડી: 'મહારાજ કાશીરાજની વિદ્યાસભાને જે સત્ય આંહીં પ્રાપ્ત થયું છે તે આ છે.'

'શ્રુયતામ્ શ્રુયતામ્.'

'શાંતિનો માર્ગ' રાજપુરોહિતનો ગંભીર અવાજ સંભળાયો: 'અનેક શાસ્ત્રમંથનને અંતે, વિદ્વાનોએ એ શોધી કાઢયો છે. હું તમને એ સંભળાવું છું. શ્રુયતામ્ શાંતિ, વેદાભ્યાસથી મળે છે! વેદાભ્યાસીને એ પ્રાપ્ત થાય છે! વેદાભ્યાસમાં વસનારી એ વસ્તુ છે.'

'જય હો વેદાભ્યાસનો!' એક મહાઘોષ ઊઠયો. અને એના ધ્વનિના પડઘા રાજમહાલયના ગગનચુંબી ગુંબજોમાંથી ઊપડયા.

પણ એ પડઘા શમે ન શમે તે પહેલાં, તપસ્વી જેવા જણાતા એક જુવાનિયાની કાંસાના સ્વચ્છ રણકા જેવી, અક્ષરે અક્ષરમાં અણિશુદ્ધ વાણી સંભળાણી.

'કોણ આ કહે છે? આ ખોટું છે!'

'કોણ એ બોલ્યું? કોણ છે એ? એ?'

'કેવો છે એ? કયાંનો છે? શું છે એ' સભામાંથી આવી રહેલી પ્રશ્નોની પરં જુવાનને જરાક થંભાવી દીધો. પણ શમતાં જ એનો સ્વચ્છ રણકો પાછો ફરીને ળાયો: 'સજ્જનો! વેદાભ્યાસથી શાંતિ ન વેદાભ્યાસથી જ્ઞાન મળે. કર્મકાંડથી પણ ન મળે. એનાથી કામચલાઉ રાહત શાંતિ તો એક જ વસ્તુમાંથી આવે જીવનના સંયમમાંથી.'

'બેસારી દો એને! કોણ છે એ?' અવાજ શરૂ થયા. પણ રાજપુરોહિતે લાંબો કરતાં જ, એક કાંકરી પડે તો સંભળાય એવી, અવાજવિહીનતા ત ફેલાઈ ગઈ. સભા આખી ચિત્રવત્ બની હતી.

રાજપુરોહિતે કરડી આંખે, જુવાનની જોયું એણે એને નખશીખ નીરખ્યો: લેવાનો હોય તેમ. એને જુવાન જણાયો. એકદમ શેહ ખાઇ જાય એમ નહિ.

'કોણ છે તું?' રાજપુરોહિતે 'વેદનિંદાનો દંડ દેશનિકાલ છે, ખબર છે'

'મેં વેદની નિંદા કરી નથી.' પ્રત્યુત્તર વાળ્યો: 'વેદવિદ્યા શું એટલું જ મેં તો કહ્યુ છે. વેદવિદ્યા! પણ વિદ્યા, જ્ઞાન આપવું એ વિદ્યાનો પણ જ્ઞાન, શાંતિ ન આપી શકે!'

'ત્યારે કોણ તું આપે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યનું એક પ્રચંડ મોજું ઊઠયું. પરંતુ લેશ પણ ગભરાયા વિના એણે જવાબ વાળ્યો.

'શાંતિ તો, કેવળ જીવનના સંયમમાંથી જ મળે! કોઇ કોઈને આપી શકે નહિ!'

'તેં કેમ જાણ્યું?'

'આ મારું પોતાનું સત્ય છે! મેં એ મેળવ્યું છે!'

'તારું? તું કોણ? તારો એ વિષે શો અધિકાર? અધિકાર તારો શું છે, એ દર્શાવ!'

જુવાનના જરાક ઝંખવાતા ચહેરાને રાજપુરોહિતે નિહાળ્યો અને એણે સિંહગર્જનાથી કહ્યું: 'તારો અધિકાર શું છે? કેમ બોલતો નથી? તારું ગોત્ર કયું? માતા કોણ? પિતા કોણ? તારો અધિકાર શું છે?'

'અધિકાર? અધિકાર—' જુવાનની જીભ જરાક થોથરાણી. એને ખબર ન હતી કે એની મા કોણ હતી! એને જાણ ન હતી કે એનો પિતા કોણ હતો. એની પાસે તો મૂડીમાં મૂડી, અનુભવનું આ આટલું પોટલું હતું. એને એ વાણી આપી રહ્યો હતો. બીજા કોઇ અધિકારની એને ખબર ન હતી. એ અવાક્ જેવો થોડીવાર ત્યાં ઊભો રહ્યો. રાજપુરોહિતે તરત કહ્યું: 'અધિકાર વિના છોકરા! આંહીં ઊભા રહેવાતું નથી. તારા જેવાનો ન્યાય તો દેશનિકાલ જ હોઇ શકે. છતાં તું જા— તારો કાંઇ જ અધિકાર નથી, આ વિષયમાં. તને દેશનિકાલ નથી મળતો એટલું તારું સદ્‌ભાગ્ય—જા—!'

પુરોહિતની આ વાણીનો તરત પડઘો પડ્યો: 'અલ્યા! આ તો અનધિકારી છે— કોણ છે કાઢો એને! અનધિકારી? અનધિકારી આંહીં કયાંથી? કાઢો એને!'

ભગ્નહૃદયે પણ ઉન્નત મસ્તકે, ધીમા શાંત પગલે, જુવાન તપસ્વી ત્યાંથી ચાલી નીકળ્યો: એના મોટેથી બોલાયલા શબ્દો 'વિજય મારો છે, ભલે કીર્તિ અન્યની હો!' લોકોના ઉપહાસી અવાજમાં ડૂબી ગયા.

'વિજય મારો છે, ભલે કીર્તિ અન્યની હો!' એમ બોલતો બોલતો એ નગરીમાંથી બહાર નીકળ્યો.

કોઇ એને અટકાવી શકયું નહિ, કોઇ એને રોકી શકયું નહિ, કોઇ એને પૂછી પણ શકયું નહિ. પણ એના એકલાના સ્વચ્છ રણકાએ હજારોના દિલમાં એક કૌતુકભરી તાલાવેલી જાગતી કરી છે. સૌને થયું છે કે એ જુવાન છે કોણ? એણે કહ્યું એ પણ સાચું નહિ હોય?

રસ્તે ચાલતો ભિખારી પણ બીજા ભિખારીને ધીમેથી પૂછે છે: 'રાજપુરોહિતને કોઇએ મુક્કો માર્યો એ સાચી વાત?'

નાકે આંગળી મૂકી, હજી વધુ ધીમે બોલવાની સૂચના કરતો, બીજો ભિખારી, હસતો હસતો, ડોકું ધુણાવીને હા પાડતો, ગુપચુપ ચાલી નીકળે છે.

સઘળે એની છાની પણ વિશાળ વિજયઘોષણા થઈ રહી છે.

પોતાના ભાલા ઉપર માથું ઢાળીને સૈનિકો પૂછયા કરે છે: 'વાત શું છે? કોઈ દુશ્મન રાજાનો વિગ્રહસંદેશ આવ્યો છે કે છે શું? રાજસભા કેમ ઝાંખી લાગે છે!'

અરે! નગરની વારાંગનાઓ પણ અંદર અંદર એકબીજીને પૂછે છે: 'આ કોણે આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપુરોહિત જેવા રાજપુરોહિતની વાણીને બોલતાં અટકાવી દીધી હતી ? કોણ છે એ ? કોઈ દુશ્મન દેશનો છે ? '

અને કોણ જાણે કયાંથી, કોઇ અજ્ઞાત ખૂણેથી, અવાજ આવે છેઃ ' અરે! આ તો પેલો–એને તમે નથી ઓળખતા ? એ તો.... .... ' અને વારાંગનાઓનો સમૂહ હસી હસીને અંદરોઅંદર તાલી લેવા માંડે છે! ' અરે આ તો....એ ! '

તે દિવસે મધ્યરાત્રે શાંતનિશામાં, નક્ષત્ર, તારા અને ચંદ્રના રમણીય રજતપટ નીચે, રાજપુરોહિતની વાટિકાનાં ઉદ્યાનપુષ્પો પણ એકબીજા સાથે એ જ ગોષ્ઠિ માંડી બેઠાં છેઃ ' અરે! એ તો એ–પેલો ×ઉદ્દાલક ! '

' પણ એ છે કોણ ? ' પારિજાતે કહ્યું.

' બોલતાં નહિ–બોલતાં નહિ–એ આ રસ્તે જ આવતો લાગે છે ! ' જૂઈએ કહ્યું.

' શાંતં પાપમ્ શાંતં પાપમ્ ' મોગરાની ફૂલવાણી સંભળાણીઃ ' એવા અગોત્રીની વાત કરીને રાજપુરોહિતની પુષ્પવાટિકાને અભડાવો મા. એની મા કોણ છે એ કોને ખબર છે ? અને પિતા ? '

' શાંતં પાપમ્ શાંતં પાપમ્ ' ધતૂરાની તીવ્ર સુગંધીનો રણકો આવ્યોઃ ' કેટલીક વસ્તુઓ ન બોલવામાં અધર્મ છે. ને બોલવામાં ધર્મ નથી એમ કોઈ કહેતું નથી. એવી આ વસ્તુ છે. દુનિયામાં હજી માબાપ વિના છોકરાંઓ આવતાં થયાં નથી. એટલે એને મા પણ છે અને બાપ પણ છે! અને એ આ નગરીમાં જ છે! પણ બોલો મા–શાંતં પાપમ્ '

' નગરીમાં જ છે ? કોણ એ ? કોણ ? શું એમનું નામ ? '

અચાનક એક પંખી વાડીમાં ઊડ્યું ને ફૂલ તમામ એકદમ શાંત થઈ ગયાં.

પણ અરે ! આ શું ? રાજપુરોહિતવાટિકાને દ્વારે અત્યારે આ કોણ ઊભું છે ? એ નારી અત્યારે કોની રાહ જોતી ઊભી હશે !

કોણ હશે એ ?

વાટિકા તરફ અત્યારે આવી રહેલાં જુવાન ઉદ્દાલકનાં પગલાં ત્યાં કેમ થોડીવાર થોભી ગયાં ? કોણ હશે એ નારી ? અવગુંઠન વતી એને એ બોલાવી કેમ રહી છે ? અને એ શું કહી રહી છે ?

સાંભળો તો !

' મેં તને ત્યાં, ભરસભામાં અવાક્ જોયો, અને ઉદ્દાલક ! મારું હૃદય હાથ ન રહ્યું. ઘેર જઈને મેં મારું હૃદય ખાલી ખાલી કરી નાખ્યું. પણ રે! એમાં તો જીવનભરનો શોકસાગર આજ ઊભરાણો છે ! ખાલી કરું છું ને બીજી શોકવાણી એટલી જ આવે છે! અરે! તારે અવાક્ થઈ જાવું પડયું ? રે! દુર્ભાગ્ય ! '

' પણ કલ્યાણી ! તમે–તમે કોણ છો ! આંહીં કેમ ઊભાં છો ? '

' હું જ–એ તારી અભાગી જનેતા છું, ઉદ્દાલક ! જેનું નામ તારે છુપાવવું પડે છે ! '

' પણ અરે ! શું મારે મા છે ? મેં તો તમને કોઈ દી દીઠાં નથી ! મને તો માના ખોળાનું ભાન જ નથી ! '

' કારણ કે મેં જ અભાગીએ તને જનેતાના સુખથી વંચિત રાખ્યો છે બેટા ! '

' મા ! એવું તમે....'

× આ ઉદ્દાલક, ઉપનિષદના ઉદ્દાલકથી જુદો, જાતકકથાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ આચર્યું? કારણ કે આચરવું પડયું. હું તો રહી આ નગરી વારાણસીની, એક સામાન્ય વારવનિતા. અને તારો જનક તો નગરીનો શ્રેષ્ઠતમ જન!'

'શ્રેષ્ઠતમ? કોણ છે એ?'

'જેના ચરણમાં રાજરાજેન્દ્રોના મુગટ પડે છે, ઉદ્દાલક! એટલે તો મેં તને છુપાવ્યો. મારી જાતને છુપાવી. એ શ્રેષ્ઠતમ નરને પણ આજ દી સુધી છુપાવ્યા. પણ આજ તો રે! તારી ભરસભામાં થયેલી અવહેલના, મારાથી દેખી શકાઈ નહિ! તું–બેટા! શું તારો ધનુષટંકારવી શબ્દોચ્ચાર હતો? હું તો એ સાંભળી જ રહી, અને ત્યાં ખૂણામાં બેઠી બેઠી માથું ઢાળીને આંસુ સારતી એનો આત્મશ્રદ્ધાભરપૂર રણકો સાંભળી જ રહી! શું એમાં તેજસ્વિતા હતી! પણ અધિકાર અનધિકારે તને મૂંગો કર્યો ને હું છળી ઊઠી!'

'પણ મા! ત્યારે તો તમે એ શ્રેષ્ઠતમ નરને જ પ્રગટ કરી દો!'

'બેટા! ના રે! એ અમારું નારીજગતનું સત્ય નથી. અને એ અમારું સત્ય કોઈ દી બનવાનું પણ નથી. શ્રેષ્ઠતમ જન ભલે અંધકારમાં વિલીન હો. એનું અંધારું એને ગળી જાશે. મારે તો આટલું બસ છે. મારા પુત્રનો અધિકારી જય ટંકારવ હો!'

'પણ તમે અત્યારે કયાં જઈ રહ્યાં છો મા?'

'હું તો બેટા! મારા આવાસના, સાતે સાત માળની, દરેકેદરેક બારીમાંથી આજે તારા માર્ગની; પ્રતીક્ષા કરી રહી હતી. જ્યારે તું નગર બહાર જઈને, ઉદ્દાલના એ જ વૃક્ષ નીચે ચિંતિત શોકાતુર જેવો બેઠો; જે વૃક્ષ નીચે મેં પહેલવહેલાં, તારા પ્રાણપ્રતિષ્ઠાનનો નિર્દેશ, એ શ્રેષ્ઠતમ માનવને એક અંધારી એકાંત રાત્રે કર્યો હતો, અને વિશેષ કાંઈ નહિ તો, આવનાર શિશુને, અધિકારરજ્જુનો એક જરાક આધાર મળે માટે, કોઈ પિતા પિતામહનું નામોચ્ચારણ આપવાની વિજ્ઞપ્તિ કરી હતી. તું એ જ ઉદ્દાલવૃક્ષની છાયામાં બેઠો હતો, જે વૃક્ષ ઉપરથી તારું નામ ઉદ્દાલક રાખવાનું એ શ્રેષ્ઠતમ પુરુષે મને સૂચવ્યું હતું. એના કોઈ પિતા પિતામહ ને સાત ગોત્રના જન સાથે પણ તારો સંપર્ક સધાય એમાં એમને કલ્યાણ દેખાયું એટલે! પરંતુ ત્યારે જ મેં તારો ભય નીરખ્યો. અને આ એક મામૂલી ચીજ એની પાસેથી મેળવી લીધી. આજ, જ્યારે તને સંધ્યા સમયે આ રસ્તે આવતો જોયો, ત્યારે એ વસ્તુનો વારસો તને સોંપવા માટે હું આંહીં દોડતી આવી છું. આ રહી–એ નામમુદ્રા લે!'

ઉદ્દાલકે એ નામમુદ્રા હાથમાં લીધી અને એ ચમકી ઊઠયો. એમાં જડેલા તેજસ્વી હીરકમણિના પ્રકાશે નામ સ્પષ્ટ વંચાતું હતું!

'અરે! મા! આ છે....મારા જનક?'

'હા બેટા!....તારો અધિકાર મેં તને સોંપ્યો છે! અને હવે તારા સત્યનો વિજય હો!'

અવગુંઠનવતી એ નારી એ ક્ષણમાં જ ત્યાંથી અદશ્ય થઈ ગઈ.

આજની રાજસભાનો રંગમંચ રાજપુરોહિતને આકરો પડી ગયો હતો.

એની પ્રતિષ્ઠાને ઘા કરનાર આ જુવાનિયો કોણ છે એનો તાગ મેળવી લેવા એણે કયારનું ગુપ્તચરોને કહી દીધું હતું. અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનેરી દીપિકાઓની સુગંધલહરીવાળા તેજસ્વી પ્રકાશમાં, એક સુખાસન ઉપર બેસીને એ સમાચારવાહકની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

એના કાને ધીમા પગલાંનો અવાજ આવ્યો :

'કોણ ?'

'એ તો હું–હું !'

'અરે ! આ તો એ રાજસભાવાળો જુવાન પોતે જ–કદાચ હવે પ્રાયશ્ચિત્ત કરવા આવ્યો હશે.' પુરોહિતને મનમાં વિચાર આવ્યો. તેણે હાથ લંબાવીને સહેજ ઈશારતથી, ઉદ્દાલકની પાછળ એને રોકવા માટે ઉતાવળે દોડ્યા આવતા પ્રતિહારીને થંભવી દીધો. દેખીતી રીતે પ્રતિહારીની નજર ચૂકવીને એ આંહીં આવી પહોંચ્યો હતો.

'કેમ કોણ છે તું ?' પુરોહિતે ગર્વથી પૂછ્યું: 'મારે તારો વાદ આંહીં સાંભળવો નથી !'

ઉદ્દાલકે શાંતિથી પ્રત્યુત્તર વાળ્યો: 'હું હવે વાદ કરવા નથી આવ્યો. હું તો મારો અધિકાર કહેવા આવ્યો છું. તમે મને પ્રશ્ન કર્યો નાં, ભરસભામાં, મારો આ વિષય વિષે પરંપરાગત અધિકાર શું ? હું એ અધિકારની તમને પ્રતીતિ આપવા આવ્યો છું !'

'પ્રતીતિ આપવા ? આંહીં ? આંહીં, શા માટે ?

'કોણે તને આંહીં મોકલ્યો છે ?'

'એણે, જે મને ઓળખે છે–ને જેને તમે ઓળખો છો !'

'કોણ છે એ ?'

ઉદ્દાલકે પોતાના હાથની મુદ્રા રાજપુરોહિત સામે ધરી: 'આ મુદ્રા લઈને મને તમારી પાસે, એણે મોકલ્યો છે જેને તમે ઓળખો છો. વાત તમારી સત્ય હો, કે મારી સત્ય હો, પણ જ્યારે તમે પૂછ્યું કે મારો અધિકાર શો–? અને હું મૂંગો થઇ ગયો. તમે એને જ તમારો વિજય માન્યો. પણ ના, વિજય તો સત્યનો થવો જોઈએ. મારા અધિકારની આ પ્રતીતિ !' રાજપુરોહિતની જ નામમુદ્રા ઉદ્દાલક એની સામે ધરી રહ્યો. કોને આ ક્યારે આપી હતી એ રાજપુરોહિતને ધ્યાન ન હતું. તેણે ધીમેથી પૂછ્યું: 'પણ તારું નામ શું ?'

'ઉદ્દાલક !'

રાજપુરોહિતને આખો પ્રસંગ સ્મૃતિ સમક્ષ આવી ગયો. તેણે માથું નીચે ઢાળી દીધું. એના અધિકારની ના પડાય તેમ ન હતું.

મારે કહેવાનું સત્ય આ પ્રમાણે અધિકારીનું સત્ય છે.

તમે મારા અધિકારનો પ્રશ્ન કરો–તો બોલો, હવે હું મારો અધિકાર રજૂ કરું ! મારો એટલો જ અધિકાર આ વિષયમાં છે–જેટલો તમારો પોતાનો છે. મારો ભલે પરાજય હો પણ સત્યનો તો વિજય ટંકારવ હો !'

'આ સિવાય વધુ કાંઇ તારે કહેવાનું છે ?'

'હા, મારે તમારો વૈભવવારસો જોઈતો નથી. મારે તમારી કીર્તિ જોતી નથી. મારે તમારી પ્રતિષ્ઠાનો ખપ નથી. મારે તો જે સત્ય મને મળ્યું છે–એ પ્રગટ કરવાનું છે અને એ પ્રગટ કરવાનો મારો અધિકાર છે ! હું તો એ જાણવા આવ્યો હતો–કે આ હું પ્રગટ કરું કે ન કરું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપુરોહિત થોડીવાર ઊંડા વિચારમાં પડી ગયો. પછી એણે ધીમેથી માથું ઊંચું કર્યું: નજર ઉદ્દાલક સામે ઠેરવી: શાંત ધીમા સ્વસ્થ અવાજે કહ્યું: ' તને જે સત્ય મળ્યું છે ઉદ્દાલક ! એ અનુભવનું સત્ય છે. શાંતિ તો જીવનમાં ત્યારે જ આવતી હશે–જ્યારે જીવનમાં સંયમ આવતો હશે ! '

ઉદ્દાલકને એની જનેતાની વાણી યાદ આવી: શ્રેષ્ઠતમ જન ભલે એના અંધકારમાં જ ગળી જાય એને લાગ્યું કે એનું સત્ય ઉચ્ચારવાનો એનો અધિકાર આથી સ્વીકારાયો હતો. અને એ વિજય–સત્યનો એવો વિજય–એને અત્યારે તો બસ હતો.

' ત્યારે તો વ્યક્તિજીવનના સત્યનો જ પરમ વિજય હો–પરંપરા, અધિકાર, શાસ્ત્ર, સઘળું જ ગૌણ હો ! સત્યનો જ જય હો ! ભિખ્ખુઓ ! સત્યનો જ જય હો ! '

—અને શાંત રાત્રિમાં પોતાની એ મંગલ વિજય ઘોષણા કરતો ઉદ્દાલક ત્યાંથી ચાલી નીકળ્યો.

*

સ્મરણ–સૌરભ ઝરી !

(પરમ્પરિત ઝુલણા)

રોજ એ આવતી
ખંડ મારે ઉષા – હાસ્ય રેલાવતી,
મંજરી શી મીઠી મ્હેક ફેલાવતી.
કાલું ઘેલું વદી હૈયું બહેલાવતી,
રોજ એ આવતી !

આવતી એ, પડ્યાં પુસ્તકો વીંખતી,
ગોઠવીને મૂક્યા કાગળો પીંખતી.
કોકિલાશી ઘડી ' ટીહુ ' કિલ્લોલતી
ક્યાંય ઊડી જતી !
ટહુકતાં એ જતો થાક મારો સરી,
–થાય વિક્ષેપ છો કાર્યમાં એ ઘડી–
મગજ હળવું થયે કલમ હાથે ધરી
માંડું લખવા ફરી !
માંડું લખવા હું ત્યાં કલ્પના ઊભરે
બાલિકાથી પીંખાયેલ મુજ કાગળે
પંક્તિઓ મધુરતમ કાવ્યકેરી સરે
શેં, ન જાણું ખરે !
જન્મી અહીં ત્યાર પ્હેલાં હશે કો પરી ?
જીવન વેલે થઈ મ્હેકતી મંજરી
પણ અરે ખીલી ના ખીલી ત્યાં તો ખરી !
—સ્મરણ–સૌરભ ઝરી !*

—"નૌતમ"

*વિક્ટરહ્યુગોના એક ફ્રેન્ચ કાવ્ય પરથી સૂચિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વિજેનની વાત

શ્રી. શરદિન્દુ બંદ્યોપાધ્યાય
અનુ૦ રમણીક મેઘાણી

આજે ઓફિસેથી પાછા વળતાં અતિશય મોડું થઈ ગયું. આમ મોડું થાય એ એને ગમતું નથી. એનું મોં ભારે થઇ જાય છે, આંખમાં ગંભીરતા છવાઇ જાય છે, છતાં મોંએ એ કંઇજ નહિ બોલે; મનમાં ને મનમાં ધુંધવાયા કરશે. ગજબ છે આ સ્ત્રીજાતનો સ્વભાવ. અમારા લગ્નને પાંચ વર્ષનાં વહાણાં વાઇ ગયાં. છતાં આજ સુધીમાં કદીયે એ મારી સાથે ઝઘડી નથી. રોષે ભરાશે તો મોં ભીડી રાખશે; માત્ર-હાવભાવ દ્વારા જાણવા દેશે કે એને અણગમો થયો છે. कोपो यत्र भ्रूकुटि रचना, विग्रहो यत्र मौनम्.

પણ આજે એને એમ નહિ કરવા દઉં, મોડું થવાનું કારણ ગજવામાંથી અન્યમનસ્કપણે ટેબલ ઉપર મૂકી દઇશ કે તુરત એનો અણગમો ગળીને પાણી થઈ જશે.

આજે પગાર મળ્યો. રસ્તામાં વિચાર આવ્યો કે પૂરેપૂરો પગાર ઘેર લઈ જઇશ તો કંઇ બચવાનું છે જ નહિ, તો પછી અત્યારે ખીસામાં રૂપિયા છે ત્યારે શા માટે કંઈક સરસ ચીજ એને માટે લઇ ન લઉં, અને નજર ઊંચી કરી તો સામે જ ઝવેરી હીરાલાલ મોતીલાલની દુકાન દેખાણી, પગ આપમેળે એ બાજુ વળ્યા. બહુ ખર્ચ કરવો ન પડયો. પંદર જ રૂપિયામાં એક સાડી-પીન મળી ગઇ. ચીજ સારી હતી.

ઘેર આવીને જોયું તો એ એક આરામખુરશીમાં પડી પડી કો'ક નવલકથા વાંચે છે, મને જોતાં જ ઘડિયાળમાં ટીકી ટીકીને જોયું, ને પછી ચોપડી નીચે મૂકી બોલી—'કેમ, આવી ગયા?'

આ રીતની વાત મને નથી ગમતી. 'આવી ગયા?' એટલે શું? હું આવું એ કંઇ અસાધારણ વાત છે? કે પછી આજે હું પાછો ફરવાનો જ નહોતો? મુદ્દે આમ ટોંણા મારીને જ બોલવાની એને ટેવ છે. બરાબર સાડાપાંચને ટકોરે જ ઘેર આવી જઈશ એવું ઓછું લખી દીધું છે?

ધડી કરેલ ધોતિયું—બાંડિયું મારી નજીક મૂકી 'કપડાં બદલો' કહી એ અંદર ચાલી ગઈ. અર્થાત મારા ઉપર એ ગઝબની રોષે ભરાઈ છે તે શું કરશું? એથી હું ઓછો ઘડિયાળના કાંટાની જેમ ચાલી શકવાનો છું? ચાવી દીધેલું કોઇ રમકડું તો નથી ને?

હાથ-મોં ધોઇ, કપડાં બદલીને બેઠો છું. એ આવીને ચા નાસ્તો મૂકી ગઈ. જોયું તો આજ ફરીને મોહનભોગ બનાવાયો છે. એથી......પણ જવા દો ભૂખ ખૂબ લાગી છે.........

પણ એથી જ તો ખાવાનું ઠંડુ થઇને સાવ ચવડ થઈ ગયું છે. કદાચ બપોરે ફુરસદની વેળાએ તૈયાર કરી રાખ્યું હશે. અને એમ જ હોય ને! હું તો દાડિયો—મજૂર, થાકીપાકીને ઘેર આવી ટાઢુંવાસી ઉદરમાં ઓરી લઇશ, ખાવાનું કંઈક મળે એટલે બસ, એથી વધુની આશા રાખવી જ ખોટું...પણ જવા દો, ચા તો ગરમ છે, શા માટે? શું જરૂર હતી? એ પણ બપોરે બનાવી રાખી હોત તો ચાલત.

'આજે તમારો પગારનો દિવસ હતો ને?'

હં, એ વાત ઠીક યાદ અવી, ને ગજવામાંથી પાકીટ કાઢી મેં હાથમાં આપ્યું:—'આ—લે.'

રૂપિયા, ગણી ભમ્મર ઊંચી કરી એણે પૂછ્યું-'પંદર રૂપિયા ઓછા છે?'

હિસાબ જોઇએ છે! મારી કમાણીમાંથી યે હું કંઈ ખર્ચુ તો એના યે પાઈ-પૈસાનો મારે હિસાબ દેવો પડશે. ધૂળવાળો એ વાત ઉપર. આ દુનિયા એક ઝંઝટ જ છે.

મેં કહ્યું—'વાપર્યા છે.'

એ પ્રશ્નાત્મક રીતે મારી સામે જોઇ રહી. કેમ જાણે આટલો ખુલાસો સંતોષકારક નથી. કયાં વાપર્યા! કેમ વાપર્યા એ પણ કહેવું પડશે! એ શું એમ માને છે કે હું કયાંક દારૂ પીઇને રૂપિયા ઉડાડી આવ્યો છું? કે પછી એથી યે વધુ શંકાજનક કંઈક બીજું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓહ! આ સ્ત્રીઓનાં મન જેવું શંકિત મન દુનિયામાં ક્યાંય નહિ હોય, ના, હું નહિ કહું, કંઈ જ નહિ કહું. જોઉં છું. શા માટે એ સાફ—સીધી રીતે નથી પૂછતી? પણ એ કદી યે એમ નહિ કરે, મનમાં ને મનમાં બળવું એ જ એનો સ્વભાવ છે.

પૂછ્યું હોત તો શું એ અપમાનિત થવાની હતી? કે હું ખોટું બોલવાનો હતો? પૂછ્યું હોત તો મારે કહેવું જ પડત; અને હું કહેત જ ને કે 'તારે માટે એક ચીજ લાવ્યો છું.' ચાલો, સારું જ થયું, કાલે આ મોળા નક્શીની સાડી-પીન પાછી જ આપી આવીશ. કહીશ કે મને પસંદ નથી પડી. ખોટું શું છે? રૂપિયા બચી જશે.'

રૂપિયા લઈને એ ધબધબ દાદરે થઈ ઉપર ચાલી ગઈ. ધમ્મ્ કરતાં કબાટનું બારણું બંધ થયું એ સંભળાયું, અર્થાત—'હું કેવી ખિજાઈ છું એ જુઓ'.

નીચે પાછી આવીને જરા દૂરની એક ખુરશી પર બેઠી. મોંમાં કંઈ વાત જ નહિ, મને જોતાં જ જાણે બધી યે વાત ખુટી ગઈ. પાંચ મિનિટ અમે બેઉ મૂંગેમૂંગા બેઠા રહ્યા. કદાચ એને હશે કે હું જ શરૂઆત કરીશ, પણ હું શા માટે પહેલો બોલું? શરૂઆત સદાયે મારે જ કરવી, એટલે શું?

ઘણીવારે એ બોલી, 'છાપું વાંચશો?'

હા, 'છાપું વાંચશો' સીધી રીતે કહેવું'તું ને કે મને તમારો સંસર્ગ નથી ગમતો, તમને ગમે એ કરો, હું જાઉં છું.' દિવસ આખાની રજળપાટ પછી સાંજે ઘેર આવું છું ત્યારે કેવો અજબ સત્કાર! અપૂર્વ ચમત્કાર! લાગે છે કે પેલી નવલકથા હજુ પૂરી નહિ થઈ હોય, એથી જ ઊંચીનીચી થાય છે, પણ તો મેં ક્યાં એને પકડી રાખી છે? કે 'ઓ એ તું મને મૂકીને ક્યાંય જા મા' એમ હું કહી શક્યો યે નથી. જઈ શકતી હતી. બાનું શોધવાની શું જરૂર હતી!

સ્ત્રીજાત જેવું છળ બીજે...ખેર એથી જ તો કેટલાક સાધુ, સંન્યાસી થઈ જાય છે ને? મને યે ગમતું નથી, કંટાળો આવ્યો છે.

જાઉં, જરા ફરી આવું. ઘર તો નથી, ધરમશાળા છે, અને આ માટે જ લોકો ગાંડા બને છે!

ઊભા થઈ ઝભ્ભો પહેરતા પહેરતા કહ્યું, 'જરા ફરી આવું.'

કંઈ જ જવાબ નહિ, પૂછ-પરછ નહિ. બહુ સારું, એ જ ભલે રહ્યું. જૂતા પે'રી લાકડી લઈને જેવો બહાર નીકળું છું તેવો જ—'આજે બપોરથી મા'રાજને તાવ...'

મા'રાજને તાવ આવ્યો છે તે હું શું કરું? હું ઓછો ધન્વંતરી છું? એમ તો છે નહિ. મૂળે વાતનું તાત્પર્ય ઊંડું, ઘણું ઊંડું છે, ક્યારેક ક્યારેક ફરીને ઘેર પાછા વળતા નવ વાગી જતાં, ચોરે બેઠા પછી ઝટ ન ઊઠાય, એથી ચેતવી દેવો સારું. આજે એ જાતે જ રાંધવાની છે એટલે મારે મોડું ન કરવું. હું જાણે સ્ત્રીયારાજમાં-નારી શાસનતંત્ર નીચે સદાકાળ સખત શાસન નીચે છું. મિત્રો વગેરેમાં હળવાભળવાની યે રજા નહિ.

'વારુ' કહી હું ચાલી નીકળ્યો.

× × ×

બરાબર નવ વાગે ઘેર પાછો ફર્યો. જોઉં છું તો રસોઈ વગેરે પતાવીને બાઈસાહેબ બેઠાં છે, તુરત જમવા બેસી ગયો. કોણ જાણે વળી મોડું થઈ જાય ને એ રોષે ભરાઈ બેસે તો?

ના, વહુ મારી રાંધે છે ફક્કડ. આની આ રસોઈ મા'રાજ કરે છે, છતાં એ જાણે વેઠ હોય એમ લાગે છે.

હું તો કોઈની સાથે ઝઘડવા નથી માગતો, છતાં એ જરા જરામાં આવું મોં શીદ કરતી હશે? કેમ જાણે હું બહુ બોલ્યો ન હોઉં? વારુ, મારો દોષ હતો. મેં જ જાણી જોઈને ઢોંગ કર્યો હતો.

બાઈને ઊઠવું. એનાં હાથમાંથી પાન લેતા હું બોલ્યો—'ઓહ, આજે શું ગરમી છે? રાત્રે ઊંઘ આવે તો સારું.'

અને એ મોં ભીંસીને બોલી—'બરાબર છે, હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે નીચે છો ઉપર સાદડી પાથરીને સૂઇશ.'

કંઇ વાત, ને કેવો જવાબ!

ના, આ સ્ત્રીઓના મનમાં જલેબી જેવાં ગૂંચળાં હોય છે. સીધી વાત કરવાનું એ લોકો જાણતાં જ નથી. એ મારી પડખે સૂએ છે એથી જ મને ગરમી લાગે છે, અને એથી એ નીચે છો ઉપર સાદડી પાથરી સૂશે! આટલા દિવસ જાણે...પણ કંઇ પરવા નહિ, જે થતું હોય તે ભલે થતું, એને એકલા સૂવું છે તો મારે શું વાંધો છે? હું જ નીચેનાં ઘરમાં પાટ પર પડયો રહીશ. એ ભલે ઉપલો આખો ખંડ વાપરે. કોઇને કંઇ જ તકલીફ નહિ; બધી રીતે સારું.

મેં કહ્યું—'હું જ નીચે પાટ પર સૂઈશ. તારે તકલીફ લેવાની જરૂર નથી.'

ને નીચે પાટ પર મારી જાતે જ ચાદર પાથરી સૂઇ ગયો. કોઈની મદદની મારે અપેક્ષા નથી. એથી બારણાં પાસે ઊભા ઊભા જોયું, ને પછી નિસાસો નાંખવાનો ડોળ કરીને એ ઉપર ચાલી ગઈ.

આ દુનિયા જ જુદી છે. આ દસથી પાંચ ઑફિસે જાઉં છું, કોને માટે? આ ઘર-બાર, મિત્ર-દોસ્તો, પત્ની-બાળકો બધું મિથ્યા છે! માયા છે! વેદાન્ત ખરું જ કહે કે માયા...

ઊંઘ આવે છે. રાતના અગિયાર થયા. ઊંઘી જ જાઉં એ જ સારું. બીજી વાતો યાદ કરીને યે શું કરવું છે? બધા-બધાં જ

આહ!-કોણ-?

મિનાની વાત

સાચે જ બાપુ આટલું મોડું એ શીદ કરતા હશે? ઑફિસેથી પાંચે છૂટે છે, તો પછી આટલી વાર શું કરે છે? દી' આખો બહાર રહ્યા પછીયે ઝટપટ ઘેર આવવાનું મન નથી થતું કે શું?

હું જ ઠાલી વિચારીને બળી મરી છું: આખરે સ્ત્રી ખરીને! પુરુષો ને તો નહિ વિચાર કે નહિ ચિન્તા. હું આખો દી' એકલી પડી રહું છું એનો રજ માત્ર વિચાર નહિ. અને હોય પણ શા માટે? દાઇ--દાસી કે કામવાળીનો કોઈ કયારે ય વિચાર કરે છે ખરું?

ભલા આટલો વખત શું કરતા હશે? રસ્તે ... ફરતા હશે? મનાતું નથી. તો? કોણ જાણે! ... નથી, ને બીજું કંઇ વિચારવું યે ગમતુ નથી.

આજે વહેલા વહેલા નાસ્તો તૈયાર કરી ... પાણી ચૂલે ચડાવી રાખ્યું છે. ટાઢું ખાઇ શે ... ને મોડું પાલવશે નહિ. જરાક વાર લાગી કે ... રોષે ભરાશે. જાણી જોઇને આજે મોડા ... જાણું છું ને એને માથામાં રાઇ કયાં ઓછી ... આજે મેં બરાબર પાંચ વાગ્યે ગરમાગરમ વા... તૈયાર રાખ્યા છે એટલે એ છ વાગ્યા પહેલાં દેખાશે જ નહિ.

કંઇ કહેતાં યે બીક લાગે છે, મોં ... ચડાવશે કે બસ; કેમ જાણે મેં બહુ મોટો ... ન કરી નાંખ્યો હોય! કંઇ કહેવાનો યે ઉપાય ... એવું તો છે આ પુરુષોનું પૌરુષ કે તુરત ... મોં આવડું ચડી જશે. એવું કાળું મોં કરવા ... તો બકી નાખવું સારું. શું કામ કહેતા ... તો મઝાનું છે. આમ મોં ચડાવીને સજા કરે ... તો બાઈ નથી સહેવાતું.

છ વાગ્યા. હજુ યે એ દેખાયા નહિ. ... ઠરીને ઠીકરું થઈ ગયાં. આમ શીદ કરે છે ... હું નથી જાણતી. સ્ત્રીને હેરાન કરવી, ... આપવું એ જ આ લોકોનો સ્વભાવ છે. ... કંઈક ગરમ ગરમ બનાવી નાખું. એ ... નાસ્તો એ શાના ખાય?

ના, આજ તો કહી જ દઇશ કે આ... શીદ કર્યું? હું શું કંઇ વિસાતમાં જ ... આખા પછી યે ઘેર આવવામાં વળી ... શા માટે? ઘેર હું તે કંઇ વાઘ-દીપડો ... દિવસને અંતે યે મોં જોવાનું મન નથી ... તો......ના, પુરુષોનું એ નસીબ નથી, ... અમારું-બળ્યું સ્ત્રીઓનાં ભાગ્યમાં જ ...

લગ્નને આજ પાંચ વરસ વીતી ... દિવસને માટે પણ માવતર જવાનું મન ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ? હું બાપને ઘેર જાઉં એટલે બસ ખુશ-ખુશાલ. ભલે એમ જ કરીશ. જો હું એમને ગમતી જ નથી તો પછી અહીં રહું તો યે શું ને ન રહું તો યે શું?

આ આવ્યા. મોં મલક મલક કેવું મલકે છે? મલકે જ ને. કેટલા ફરી ફરીને લહેર કરતા આવે છે, પછી મોં ન કેમ મલકે? મને જોતાં જ પાછું ચડી જવાનું.

ના, મારા મનોભાવ એને નહિ કળાવા દઉં, કળાવા દેવાથી ફાયદો યે શો? મારા રોષ કે અભિ-માનની કોને પડી છે? એ કરતાં એક ચોપડી લઇને જ બેસું, જાણે કંઇ જ થયું નથી.

એ આવ્યા. ઘરમાં આવ્યા. મોં પર મોડું થયાનો પસ્તાવો કે શરમનું નામ નથી. કેમ જાણે મોડું કરીને મોટો વાઘ ન માર્યો હોય? ઘડિયાળમાં જોયું તો સવા છ. ચોપડી બંધ કરી બહુ નરમાશથી પૂછ્યું: 'કેમ, આવી ગયા?'

મોં એવું તો કાળું પડી ગયું. કેમ જાણે સ્વીચ દાબીને વીજળીની બત્તી બંધ ન કરી હોય.

શું કહ્યું હતું મેં? 'આવી ગયા' કહેવામાં જ આટલો દોષ થઇ ગયો? એ સિવાય કહું પણ શું? જો કહેત કે આટલા મોડા કેમ આવ્યા તો જ બરાબર કહેવાત કેમ? અને મને જોતાં જ મોં કેવું કટાણું કરી ગયા? હું ઘેર ન હોત તો એમને મઝા પડત.

પણ એટલું કહીને ઓછું મારાથી મૂગા બેસી રહેવાય છે? ઝટપટ બદલવાનાં કપડાં આપી ખાવાનું લેવા ગઇ. ખાવાનું તો જે થવાનું હતું તે જ થયું. ચૂલો ઠરી જતાં ચાનું પાણી પણ ઠંડુ થઇ ગયેલું. જેવા મારા નસીબ, એવું જ થાય ને?

જેવું હતું એવું લાવીને એ તો ધરી દીધું એમની સામે. આંખમાં જળજળિયાં આવવા લાગ્યાં પણ શું કરું? હવે તો નવેસરથી શરૂ કરવાનો યે સમય નથી. એમણે એક કોળિયો મોંમાં મૂકી રકાબી બાજુએ મૂકી દીધી. હું શું કરું! ઓ રે મારે શું કરવું? તમે શીદ આટલા મોડા આવ્યા? દોષ એકલો મારો જ છે શું?

ભલે, મારો જ દોષ. ભૂલ થઇ. પણ એ કંઇ બોલતા કેમ નથી? આમ મોંએ દશશેરો દઇને સજા કરવાની શું જરૂર હતી?

જવા દો. છતાં ચા સાવ તો નહોતી જ ઠરી ગઇ. ખેર, હવે કંઇ બીજી વાત કાઢું, જો મન કંઇક બીજે વળે તો.

પૂછ્યું, આજ તમારો પગાર-દિવસ હતો કેમ?

મોંએથી કંઇ જ ન બોલ્યા. ઊભા થઇને ખીસામાંથી પાકીટ કાઢીને હાથમાં મૂકી દીધું. કેમ જાણે હું રૂપિયા માટે જ મરતી ન હોઉં? હું માત્ર રૂપિયાને જ ઓળખતી ન હોઉં? આવું અપમાન? બારી વાટે પાકીટ બહાર ફગાવી દેવાનું મન થયું. ઓ...રે મારું મોત કેમ નથી આવતું?

રૂપિયા ગણી જોયા. પંદર ઓછા હતા. આ એક કલાકમાં પંદર રૂપિયાનું શું કર્યું હશે? હાથમાં રૂપિયા આવ્યા એટલે આવી બન્યું. આમ જ નવ-છ કર-વાના. ના બાપુ, આ મારાથી નહિ સહેવાય. કાં થોડીક ચોપડીઓ ખરીદી હશે, કાં કોઇ મિત્રને ઉછીના આપ્યા હશે. મિત્રને ઉછીના આપવા એટલે...

કહ્યું—'.પંદર રૂપિયા ઘટે છે!'

જવાબ મળ્યો—'વાપર્યા છે.'

કેમ જાણે હું એટલું યે સમજતી ન હોઉં! વાપર્યા ન હોય તો ઓછા એ ખીસામાંથી પાંખ કરીને ઊડી જવાના હતા? સીધો જવાબ—ક્યાં વાપર્યા એ ન કહેવાયું. ને ખરું જ. શા માટે કહે? એનાં પોતાના રૂપિયા ને એણે જ વાપર્યા? એનો હિસાબ મને આપે તો તો એમનું અપમાન થયું ગણાય ને? હું તો એમની કંઇ જ નથી,—પછી રૂપિયા ક્યાં વપરાયા એ જાણવાનો હક્ક પણ મને ક્યાંથી હોય!

જાઉં. રૂપિયા ઉપર કબાટમાં મૂકી આવું, નહિ તો પાછું કંઇક ધારશે, શું ધારશે એ તો એ જ જાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં જાળાં ઊભાં કરવા એ તો જાણે એનો સ્વભાવ જ—

પાછી આવીને બેઠી. છતાં કંઇ જ બોલતા નથી. ભલા મૂંગેમૂંગા બે જણાં સામસામાં ક્યાં સુધી બેસી રહી શકે? મારા ઉપર રોષે ભરાયા છે એટલું તો કહી શકતા હતા ને. ના બાપુ! આમ ખોટેખોટું મોં ચડાવીને બેસો એ મને જરા યે ગમતું નથી.

છાપું ટેબલ પર જ પડ્યું હતું. એ વાંચવા એ તરફડતા હોય એમ લાગ્યું. તે એ વાંચવાની કોણ ના પાડતું હતું? હાથપગ જોડીને બેઠા રહેવાની શું જરૂર હતી?

પૂછ્યું—'છાપું વાંચવું છે?'

ને એમનું મોં વધુ શામળું થઈ ગયું. થોડીવાર મૂંગા રહીને પછી ઊભા થઇને કપડાં પહેરવા લાગ્યા. ને મોં વધારે કાળું કરતાં બોલ્યા—'જરા ફરી આવું.'

વળી કયા અપરાધમાં આવી?

વારુ ફરવા જાવ છો—જાવ મારી સાથે એક પળ પણ નથી ગમતું, એ તો હું યે જાણું છું, પણ આ બાજુ રસોયો બપોરથી જ તાવમાં પટકાયો છે. ક્યારે એ આવીને દવા આપશે એની જ રાહ જોઇ રહ્યો છે. એમને હાથે દવા લીધા વિના ઘરનાંનો કોઇનો તાવ જતો નથી. હવે શું કરું? એ તો જાય છે કલબમાં, સાડા નવ પછી આવશે. ત્યાં સુધી બિચારા મા'રાજ ને ટીપું દવાયે નહિ મળે?

બીતા બીતા કહ્યું—'મા'રાજને આજ બપોરથી તાવ......'

સારું, કહી એ બહાર ચાલ્યા ગયા.

સારું એટલે શું? મા'રાજને તાવ આવ્યો છે એમાં 'સારું' કહેવાનો શો અર્થ? બધી જ વાત જાણે નક્કામી! પાંચ વરસથી આ ઘર માંડ્યું છે, ઉંમર પણ ખાસ કંઇ ઓછી નથી થઈ, તોયે એનાં મનનો તાગ ન પામી. ના, મારાથી હવે વધુ નહિ સહેવાય. આ બધું નથી ગમતું. મનમાં થાય છે કે ક્યાંક ભાગી જાઉં.

પણ જાઉં એ ક્યાં? સદાને માટે ઘરમાં પુરાઈ રહેવા જ સર્જાઇ છું, ને અંતકાળ સુધી ઘરમાં પુરાઈ જ રહીશ. બહારની દુનિયા આખી પુરુષોની છે માત્ર ઘર જ અમારું સ્ત્રીઓનું. ને હું તો ઘરની બહાર જવા માગતી યે નથી, પણ એ થોડીવાર માટે પણ ઘરમાં રહે છે? થોડીકવાર પણ ઘરમાં મારી સાથે રહેતા હોય તો મારે બીજું કંઇ ન જોઇએ.

ભલે, જ્યાં ઇચ્છા હોય ત્યાં રહો. હું એકલી એકલી ગૂંગળાઉં એમાં તમારે શું? તમે તો પુરુષ છો ને—પાષાણમાંથી સર્જેલાં.

ના, હવે વધુ નહિ વિચારું. જાઉં, કપડાં બદલી રસોઇમાં લાગું. ભલા આખો દી એકલી રહું છું જરા સરખી યે દયા નથી આવતી?

એ જ નવ વાગ્યા. આ આવ્યા. એક મિનિટ પણ વહેલા આવવાનું નામ નહિ. ત્યાં તો દિલોજાન દોસ્તો છે ને!

આવ્યા ભેળાં જ પાટલે. વાતચીત કે બોલવું કંઈ જ નહિ. છતાં જોઉં છું તો બહારથી આવતાં જ મોં મલકે છે. મલકે જ ને? બહાર કેવી મઝા! કેટલા મિત્રો! શા માટે ન મલકે? મારી સાથે હસીને વાતો કરતાં તો માથા પર જાણે આસમાન તૂટી પડે છે. ભલે, હું યે કંઈ નહિ બોલું. સાંભળવું જ જો ન ગમતું હોય તો બોલવું જ શા માટે?

પાન લેતા લેતા પહેલીવાર બોલ્યા.—'ઓહ! શું ગરમી છે આજે! રાત્રે ઊંઘ આવે તો સારું.'

એટલા શબ્દોનો અર્થ હું ન સમજું એમ ને! ગરમી ખાસ બહુ નથી, પણ હું પડખે સૂઉં છું એટલે ઊંઘ નહિ આવતી હોય! ભલે એ જ બહાને હું જુદી જ સૂઇશ. એમાં શું છે? એક પથારીમાં સૂતા જો દુઃખ પડતું હોય તો હું નીચે જ સૂઇશ.'

કહ્યું—'ભલે, તો હું જુદી શેતરંજી પર સૂઈશ.'

'ના, એમ પણ નહિ, મારી સાથે એક ઓરડીમાં સૂતાં પણ એમને ત્રાસ થશે. એ બોલ્યા—'હું નીચેના રૂમમાં પાટ પર સૂઈ રહીશ. તારે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકલીફ લેવાની જરૂર નથી.

× × ×

પોતાની મેળે પથારી કરીને સૂતા. સારું ! સારું !

કોણ જાણે કેમ પણ મારી આંખમાં આંસુ જોયા વિના એમને જાણે નિરાંત નથી વળતી. જીવને જાણે ચેન નથી પડતું. હું એકલી એકલી આંટા મારતી ફરું છું. બીજું શું કરું ? આંખમાં તો ઊંઘનું ઓસાણ જ નથી.

સૂઉં ? એ નીચે પાટ પર પડયા રહ્યા અને હું— ?

અગિયાર વાગ્યા. હવે એ સૂઈ ગયા હોય એમ લાગ્યું. દિવસ આખો કામ કરી કરીને—

ના. હું નહિ રહી શકું, આમ નહિ રહી શકું. શા માટે હું દૂર દૂર પડી રહું ? આ પાંચ વરસમાં એક દિવસ પણ જુદી સૂતી છું ? જાઉં, જોઉં—

ઊંઘી ગયા છે. પાટનું બિછાનું—ગોદડું કે ઓશીકું યે નહિ. માત્ર શેતરંજી અને ચાદર. સખત લાકડું શરીરે કઠતું હશે. તો યે ઊંઘી ગયા છે. ભલા આમ શા માટે ? મારા પર રોષ કરી પોતાને જ સજા કરવા—શા માટે ?

પડખે સૂતી કે તુરત 'આ કોણ ?' કહેતા ચોંકી ઊઠયા, ને પછી તન્દ્રામાં જ મને ભેટી પડતા બોલ્યા—'મિના.'

આ તો રોષનો દેખાવ હતો. ઊંઘમાં પડતાં જ ભૂલી ગયા.

'ચાલો ઉપરના ઘરમાં જઇને સૂઈ જઇએ'— મેં કહ્યું.

હવે ઊંઘ બરાબર ઊડી. એ બોલ્યાં—'ના, આજ તો અહીં જ સૂઇશું. આવ, અત્યારે ઉપર નથી જવું.'

એ જ સારું

'પણ એક વાત, ઓશીકું તો નથી ? એના—'

'કંઈ વાંધો નહિ. તું છો એટલે હવે મને કંઇ તકલીફ નહિ પડે.'

*

મેઘાણીની નવલીકાઓ ભાગ ૧—૨

આ કુલ ચાલીસ વાર્તાઓ કોઇ એક વાદનું સમર્થન કરવા માટે, કોઇ નીતિ અથવા આચારનો પ્રચાર કરવા માટે, કોઇ ઢોંગ-દંભનું ઢાંકણ ખોલવા માટે કે જીવનની કોઇ સમસ્યાનો ઉકેલ સૂચવવાની કલ્પના બુદ્ધિથી લખાઇ નથી. એકપણ ઉદ્દેશ કે વલણ વિના કેવળ દુનિયાને નીરખવામાં જે એક હેતુવિહિન ને દ્વેષરહિત રહસ્ય જડે છે તે રહસ્યને સૌંદર્યની ભોંય પર ઉકેલવા માટે એનું આલેખન થયું છે.

કિંમત બંને ભાગના થઇને રૂા. ૬-૮-૦ રજી. ટ. ખ. ૦-૧૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઇ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*વાર્તા વિનાની વાર્તા

[પાત્રોની અનૌપચારિક પરિષદનો એક અનુભવ]

ધૂમકેતુ

શરૂઆતથી જ હું કહી દેવા માગું છું કે આ વાર્તાસંગ્રહમાં આ એક વાર્તા નથી. એ નવલિકા નથી. પ્રસંગચિત્ર કે રેખાંકન પણ નથી. લાંબી વાર્તા નથી. ટૂચકો નથી. કોઇ બનાવનું વર્ણન નથી. ક્યાંય સાંભળેલી કથની નથી. એ શું છે એની મને પોતાને ખબર નથી. અને એ શું છે એ જાણવાની તમારે તો જરૂર પણ નથી.

એક વખતની આ વાત છે, હું એ સમયે થોકડાબંધ વાર્તાઓ લખતો. અને છેક ટપાલ ઑફિસ સુધી હું જાતે ટપાલમાં નાખવા જતો. જવાબ માટે ટિકિટો પણ સાથે બીડતો. ત્રીજે કે ચોથે દિવસે વાર્તાઓનો ઢગલેઢગલો, તંત્રીઓ, મને પાછો મોકલી દેતા. કોઇને વાર્તા જોતી જ નહોતી ને!

આજ સવારે હું વહેલો ફરવા નીકળ્યો, ત્યારે ગઈકાલે એવી એક પાછી ફરેલી વાર્તાનો ઘા હજી મને રૂઝાણો ન હતો. મને કાંઈનું કાંઈ કરી નાખવાનું મન થાતું. પણ હું કાંઇનું 'કાંઇ' કરી નાખતો. એવી મનોવ્યાપારી અવસ્થામાં હું ઝપાટાબંધ મારે રસ્તે જતો હતો, ત્યાં અચાનક શિવુભા ગોર જેવું કોઇક દેખાણું.

અને શિવુભાનો અવાજ પણ સંભળાયો: 'અરે! ભાઇ! તમે મને તમે કહી રાખ્યું'તું ને કે હું તને ક્યાંક ને ક્યાંક લઇ લેશ, પણ હજી સુધી કોઇને નહિ ને મને જ લટકાવી રાખ્યો છે!'

આંખો ચોળીને આ દીવાસ્વપ્નની માયા છે કે શું એમ નક્કી કરવા થોભું છું, ત્યાં તો કોઇક બીજો માણસ દેખાણો: 'કેમ મા'રાજ! ઓળખો છો? આપણે તો દીમાં દસ વખત મળતા! હું નરસી બકાલ! તમે મને ય ક્યાં લીધો છે?'

'અને હું? હું તો તમારા હિસાબમાં જ હવે નથી રહી કાં? મારા જોબન પાછળ તમે ફર્યા કરતા'તા એ ભૂલી ગયા? હું રાણી!'

'આહા! રાણી તું હમણાં ક્યાં છો?'

જવાબને બદલે એક નવો જ ચહેરો દેખાયો: 'તમે મને દીઠો નથી, પણ મારી એક કારીગરીનો કટકો મદ્રાસી મહેલમાં જોયો છે એ યાદ છે નાં? હું પાટણનો. પટોળાની છેલ્લી છેલ્લી અદ્ભુત નકશી કરવાવાળો. તે પછી હવે નકશીની એ વિશિષ્ટતા અલોપ થઈ ગઈ છે! હું પોતે પણ હવે ભૂલી ગયો છું. શું કરું! એમાંથી શેર ખીચડી મળતી હોત, તો હું મારા બાપદાદાના સમયની સાત સાત પેઢીથી આવતી વસ્તુને કાં જાતી કરું? પણ શેર ખીચડીના પણ પાટણના પ્રખ્યાત પટોળામાં વાંધા પડ્યા! હું બેંકમાં હવે તો પટાવાળો છું. મારું પણ કાંઇક લખોને, ભાઈ સાહેબ!'

'અને હું? મારું તમે ક્યારે આપવાના છો! ઈ. સ. ૧૯૨૪ની સાલથી હું તમારી પાછળ ભમું છું એ તમને ખબર છે? તે પછી તો તમે દિલ્હી પણ જોઇ લીધું! હવે મને ક્યારે આલેખવાના છો! હું તો ભારતની ભાગ્યવિધાતા, પૃથ્વીરાજની પ્રેયસી, હું સંયુક્તા, તમે મને પણ લટકાવો છો? સોલંકી યુગમાં ફરતા ફરતા તમે ભોળા ભીમદેવ સુધી આવે ત્યાં સુધી મારે લટક્યા કરવું એમ?'

'અને મારું શું? તમે મારી નોંધ કરી છે એ તમને ખબર છે? અકબરી જમાનાનો દસવંત ચિતારો—એ હું! હું છું તો ભીસ્તીનો છોકરો, પણ તમે મને આજ દિવસ સુધી પૂરી રાખ્યો છે તેનું શું! કાં મને આલેખો—નહિ તો છુટ્ટો તો કરો!'

'આ બધા તો ઠીક, તમારા જૂના દોસ્તો છે, પણ હમણાં હમણાં તમે મને સિંધની રેતરણના માટી ખાડામાંથી ખાંખાંખોળાં કરીને ગોતી કાઢ્યો છે—પહેલો મને જ પ્રગટ કરોને! હું સોમનાથના પૂજારીનો છોકરો! મેં લીધેલું વેર તો ગર્જનકના દરબારમાં હું એની પાછળ પડ્યું હતું! ખબર છે? આ તમારો જમાનો પણ મને જ 'પહેલો' માગે છે! મને-સોમનાથના પૂજારીના છોકરાને!'

* શ્રી 'ધૂમકેતુ'ના ત્રણ નવા વાર્તાસંગ્રહો 'પરિશેષ' 'આકાશદીપ' અને 'વનછાયા' બહાર પડે છે, તેમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને હું—હું તમારી પણ, પ્રિયમાં પ્રિય નારી-મૂર્તિ—આમ્રપાલી! મારું શું? મને લટકાવી રાખી ને ચૌલાને પ્રગટાવી એ ન્યાય ક્યાંનો?'

'અઢારસો સત્તાવનના કુંવરસિંહને ભૂલી જઇને તમે આવા નારીમોહમાં પડશો એ મને ખબર હોત તો હું તમારી પાસે આવત જ નહિ ને!'

'અરે! પણ, હું તમને સૌને 'મેઘબિંદુ'માં...'

મારી બોલી તો અધૂરી જ પડી રહી.

'મેઘબિંદુ' તો ઠીક, રુદ્રમહાલયના ભવ્યસ્વપ્નનો સર્જક હું. સર્વશ્રેષ્ઠ ગુજરાતી—જયસિંહદેવ... સિદ્ધરાજ—હું પણ રાહ જોતો ઊભો રહું એમ? મારા વિના ગુજરાતનું ભવ્યસ્વપ્ન—'

'અરે! મહારાજ! મહારાજ!......' મેં હાથ જોડ્યા. પણ ત્યાં તો બીજા અવાજ ઊઠ્યા.

'જુઓ, આ તમારી ઇતિહાસકથાઓમાં અમને ભૂલતા નહિ, અમને ગુજરાતણોને! મંજુલાને, મુક્તાને, મોહિનીને, મંજુકેશીને, સુકેશીને, સુહાસિનીને અને બીજી અનેકને. અમને ભૂલશો તો અમે તમને ભૂલી જશું. નારી વિના નવલકથાનો જન્મ જ ક્યાં છે? એક તો સરજાવો અમારા વિનાની!'

'અરે! દેવીઓ પાહિમામ્! પાહિમામ્! તમારા વિનાનો સંસાર સરજવાની ખુદ બ્રહ્મદેવ જેવાની હિમ્મત હાલી નથી. અરે! તો હું તે કોણ? મંજુલાઓ, મુક્તાઓ, મોહિનીઓ, હું તમને કોઇને ભૂલું તેમ નથી. તમે છો તો ગુજરાત છે. અને નવલકથાઓ પણ છે. પણ હું શું કરું? મને...જરાક શ્વાસ લેવાનો વખત.

...કાન પાસે રણકો સંભળાતાં હું બોલતો જ બંધ થઈ ગયો :

'એ મંજુલા—ફંજુલામાં મને ભૂલતા નહિ હો! હું રૂખડી. હું નીચલા થરની. તમને પહેલી કીર્તિ અમારા જેવા પાસેથી મળી છે એ ખબર છે નાં? રૂખડી ભૂખડી ને ચોયડીમાંથી. અને તમે ભૂલો તોપણ અમે હવે તમને રેઢા મેલીએ તેમ નથી. તમારે તો તરત દોટ દેવી છે વૈશાલીમાં! પણ પેલાં આ ગેમલપર ને સરવરિયું ને ખડિયું ને એવું એવું સંભારો!'

પણ હવે તો મને જવાબ દેવાનો જ સમય રહ્યો નહિ. એક પછી એક, ઇતિહાસમાંથી, કલ્પનામાંથી, પરિચયમાંથી, પ્રસંગોમાંથી, નોંધપોથીઓમાંથી, વર્તમાનપત્રની કાપલીઓમાંથી, મુસાફરીમિત્રોમાંથી, એક પછી એક વ્યક્તિ ઊભી જ થવા માંડી:

'અને હું...' 'અને હું...' 'મને—પહેલાં મને' 'પહેલો તો હું જ' એવા એવા સ્વરોથી આખું આકાશ છવાઈ ગયું.

'સજ્જનો અને સન્નારીઓ...'

'અરે! આ કાંઈ પરિષદ નથી. આંહીં તો અમે છીએ, તમારા વર્ષોના મિત્રો—આંહીં કોઈ સજ્જન પણ નથી, ને સન્નારી પણ નથી. આંહીં તો છે આ ખાંટ રાઘવો, અલીડો પિંજારો, રાણુકી કોળણ, બકાલ નરછી...'

'પણ હું એક તમારી પરિષદ જ ભરવા માગું છું. મારે તમને બે બોલ કહેવા છે. ને તમારા બે બોલ સાંભળવા છે. મારે તમને કેટલાંકને સરજવાં? તમે હવે થોડાંક બીજે સીધાવો.'

'ના, હું હવે બીજે જાઉં? આટલાં વર્ષે? હું બીજે જવાની નથી. બીજા ઘણાએ મને બનાવી છે. કેટલાકે મને ઓળખી નથી. અને કેટલાંકને મેં ઓળખ્યા નથી...' સંયુક્તાએ કહ્યું.

'અને હું પણ નહિ—મને ઘડનારાએ મને જાણે એક રિસાળ નમાલો છોકરો ઘડ્યો છે! કેમ જાણે હું દોઢ ગામનો ગરાશિયો હોઉં ને કામદાર ભણાવે એટલું જ ભણતો હોઉં! મારું અવંતીનાથનું તો બિરુદ હવે લજવાય છે!' મહારાજ જયસિંહદેવ સિદ્ધરાજે કહ્યું.

'અને હું? હું હવે બીજે જાઉં? મારે તો તમે મને 'આત્માના આંસુ'માં જે સજીવનતા આપી હતી એ પ્રાણહવા જોઇએ છીએ!' આમ્રપાલી બોલી.

'અને અમારે પણ...' રૂખડીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને અમારે પણ...' શિવુભાગોર બોલ્યો, 'પણ હું તમને બધાને......'

'તમે જ લખ્યું છે ને' રૂદ્રશરણે કહ્યું. 'બાલ્ઝાકની સૃષ્ટિમાં બે હજાર પાત્રો હતાં . . . !'

પણ એ બાલ્ઝાક હતો; હું તો બ્રાહ્મણ; એવી વાતો આંહીં ગુજરાતમાં તમારે ન કરવી. આંહીં તો આ તમને બોલાવ્યાં છે, એ પણ એક અંગ્રેજી લખાણને આધારે, એનું શું ? તે પહેલાં મુનશીએ તમને બોલાવ્યાં હતાં, એ પણ ત્યાંથી જ, જ્યાંથી આ હું ઉપાડી આવ્યો. એક લેખકે નવલકથાના પાંચ છ પાત્રો કોઈ લેખકની શોધમાં પડયાં છે એવું એવું લખ્યું છે, એનો પણ આધાર મળી ગયો. આમાં બાલ્ઝાકના બે હજાર પાત્રો તો કયાંથી ઊભાં થાય બોલો જઈ? હવે તમે સૌ એમ કરો–પહેલાં આ ઉતાવળિયાં કયારનાં શહ જુએ છે નાનકડાં, એમને આવી જવા દ્યો. પછી પાછો તમારો વારો. આ શિવુભા ગોર, બિચારા ઉતાવળા થાય છે. એમને બીક છે કે એ રહ્યા એક નાનકડા ગામડાના પંતુજી, તે કયાંક ઠેબે ચડી જાશે. પહેલાં એની વાત આપણે સૌ સાંભળો. બોલો તો શિવુભા, તમારી વાત ઉપાડો.

[૧] શિવુભા

ચીભડિયા ગામની શીમ પૂરી થાય ને થોરડી ગામના ખેતર દેખાય ત્યાં સુધી મારી મા મને વળાવી જાતી. નાનકડું ધોતિયું, ભરેલી ટોપી, ને હાથમાં એકડો ઘૂંટી ઘૂંટીને ભુક્કા કાઢી નાખેલી મારી પાટી લઈને હું દોઢ માઈલ હમેશાં ભણવા જાઉં. હમેશાં સવારે જાઉં ને સાંજે આવું. બપોરે રોટલો મારા કાકાને ત્યાં ખાઇ લઉં. મન તો એવું ઘર આંગણે ચોટયું હોય ! કાકી તો છાશે ય આપે નહિ ને ! પણ કહું કોને ? મારી ઉમ્મર પણ કેટલી ? પાંચ વરસની. ત્યારનું મને મન હતું કે મારે ગામમાં જ એક નિશાળ વહેલે મોડે કાઢવી કાઢવી ને કાઢવી. મોટો થાઉં એટલી વાર !

પણ ગામ અમારું દરબારી સૈયારૂં. આઠ દસ તો દરબાર. વસ્તી તો ઓગણીસસો માણસની ને દરબાર દસ. બસો માણસોને એક દરબાર! એમાં કોઈ દી નિશાળ થાવા જ દે નહિ ને કોઇ!

નિશાળ માટેની પેરવી કરવા કોઇક આવી ચો, તો માળા એ વખતે દસે દરબાર ભેગા થઇ જાય, નહિતર લડતા હોય ! પછી તો દસ દિ સુધી–ઘીનું જ તો! જમાનો પણ રૂપિયાનું અઢી શેર ઘી–ઝાંય વાળું–એવો.

સાહેબ ઘણાખરા બ્રાહ્મણ–લાડુભક્ત! દસ દિ ઝાપટી જાય. દોઢ શેર બશેર વજન વધારતા જાય ને ડબરો ભરી જાય એ નફામાં. શેરો મારે કે ગામમાં ત્રણ છોકરાં પણ થાય તેમ નથી! એ તો દોઢ માઈલ નિશાળ આઘે છે, ને ગામ લોકનાં સગાં વહાલાં ત્યાં છે, 'એટલે છોકરાંને પરબારાં ખાવા માટે મોકલી દે છે! બાકી ભણવામાં ઘણાખરા મીંડું છે!'

એમ ને એમ હાલ્યું ઈ તો. આ સરકારે રાજ કર્યું એ પણ કાગળ વડે, ને ખોયું એ પણ કાગળ વડે! તુમારનું ને કાગળનું તો સરકારમાં બહુ જોર, તુમારિયા પાર વિનાના થયા. પણ ચીભડિયા ગામમાં નિશાળ ન આવી તે ન આવી!

હું ભણી આવ્યો. મોટો થઇને આવ્યો. પણ કોઇ દરબાર ડગે–એ તો ન ભુતો ન ભવિષ્યતિ. મેં કહ્યું: 'બાપુ ! એક નિશાળ આપણા ગામમાં હોય તો સારું !'

'અરે જાવ રે ! માસ્તર! એવી નાખી દેવા જેવી વાત અમને શું તમે શીખવાડતા' તા ? અમારે ઈ લફરું નો જોઇ ભા ! એના કરતાં ભલે નિહાળનો સા'બ ચાર દિ લાડવા ખાઇ જાતો. બ્રામણનો છોકરો તો છે !'

કોઇએ મારું માન્યું નહિ. મારી નોકરી બીજે. હું રજા ઉપર આવું ત્યારે મહેનત કરું પણ કોઈ એકના બે થાય નહિ.

હું તો મારા ગામડાની બીજી શી સેવા કરવાનો હતો ? આટલી સેવા કરવા મથામણ કરી, પણ કોઇ હોંકારો જ ભણે નહિ ને ! થાકી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી તો ચોરે છોકરાંને ભેગાં કરીને ભણાવ્યું. છોકરાં માંડયાં આવવા. કોક કોક દી પઈ પઈ વાળી પેલી રંગીન ગોળી પણ આપું !

દરબારો કહે: 'ભલે ને ખુવાર થાતો બ્રામણ. આંહીં ચીભડિયામાં નિશાળ નો થાય. દારૂ ગાળવાની ભઠ્ઠી કરવી હોય તો અમે કરી દઈં. બાકી આ વાતમાં તો આ બિચારો શિવુભા ગાંઠનું ગોપીચંદન ખોવાનો છે !'

મને પણ લગની લાગી. એક આટલી તો મારા ગામની સેવા કરતો જાઉં ! બીજું કાંઇ ન બને તો કાંઈ નહિ !

અંતે બહુ મહેનતે માંડ માંડ એક સાહેબને કાંઇક સદ્બુદ્ધિ સૂઝી, તે એણે સાત રૂપિયાની જગ્યા કાઢી. ચોરે નિશાળ બેસે. એમ નક્કી કર્યું !

પણ સાત રૂપિયામાં કોઇ પરગામનો માસ્તર જ આવ્યો નહિ. આવે તો કોઇ ખોરડું રહેવા આપે નહિ. દરબારો તો કાખલી કૂટવા માંડયા કે લ્યો!' કાઢો નિશાળ! આ ગામ તે ભણતું હશે!

છેવટે મેં મારી દસ રૂપિયાની નોકરીમાંથી આંહીં સાત રૂપિયામાં આવવાનું કબૂલ કર્યું !

એમાં ભોગ તો ત્રણ રૂપિયાનો હતો. પણ ગવર્નર કોઇ ૭૨૦૦ ના ૪૮૦૦ લેવા બહાર પડે તો વર્તમાનપત્રો જે હેડીંગ કરે તે મને શિવુભા પંતુજીને કયાં જોવા મળવાનું હતું ? હું તો મારાથી થઇ શકે એટલી વધારેમાં વધારે જાત ઘસણી કરી છૂટયો. ત્રીજા ભાગનો પગાર મેં ગુમાવ્યો ને ઘરવાળાના મેણાં ટોણાં મળ્યાં તે જુદાં !

પણ દરબાર સૌ પામી ગયા કે આ મારે બેટે શિવુભાએ આ લફરું ખોસ્યું !

હું તો એમની કસુંબા કોટડીમાં મળવા પણ ગયો, મારે એમ કે સૌ ખીજાશે–પણ ના, કોણજાણે કેમ, કોઇએ કાંઇ કહ્યું જ નહિને ! સૌએ આવકાર દીધો ! મેં મનમાં કીધું, ચાલો, સારું થયું. આ સૌએ માથે પડયુ" નભાવી લેવાની વૃત્તિ દાખવી એટલે નિરાંતે રહેવાશે તો ખરૂં.

ચોરે બેસીને હું તો માંડ્યો ભણાવવા. થોડા વખતમા તો અમારું ચીભડિયું ગામ પ્રખ્યાતિ પામ્યું. અમે આંકની પાટ લઈએ, લેખાં પૂછીએ, મેં તો વળી મોટા છોકરાવમાં, સામસામા કોયડા નખાવવાનું શરૂ કર્યું. અને ગામનાં માણસ તો એ જોવા ભેગાં થાય ! એમ કરતાં કરતાં તો છોકરાં, દેખાદેખીથી, કોળી ખાંટ, આયર, વાઘરી, સૌનાં આવવા માડયાં. ને સંખ્યા પણ વધી.

એટલામાં યોગાનુયોગ એક સાહેબ પણ ઠીક ચીભડિયાની નિશાળ જોવા આવ્યો, ને નિશાળને કાયમની કરી દીધી !

મારા મનને એમ હતું કે, હવે આ દરબાર કાં તો મને ભેગા થઇને કાઢશે, પણ ના, સૌ મૂંગા જ રહ્યા.

એટલામાં ચીભડિયાની નિશાળનું વજન વધ્યું. બહારગામના છોકરાં ત્યાં આવવા માંડયાં. મને તો આનંદ થયો. મારે હાથે એક કામ થયાનો સંતોષ મને મળ્યો.

પણ હું જો ગામ છોડું તો નિશાળ તરત બંધ થાય તેમ હતું. એટલે મેં બીજે બાર ને પંદર જાતા કરીને, આંહીં જ સાત રૂપિયામાં મુકામ રાખ્યો. ગામ આખું મારાં વખાણ કરે. પણ કોઈ પૈ પરખાવે એ વાતમાં કાંઈ માલ ન મળે !

એવામાં દસની જગ્યાના પંદર થવાની મહાન યોજના આવી !

લાખે લેખાં ગણનારી સરકાર, નિશાળમાં દસના અગિયાર થાય, એને એ વખતે ભવ્ય મોટી યોજના ગણતી ! અને હજી પણ શું બગડી ગયું છે ? સૌ સમજે છે કે ભાષણમાં આ પંતુજીઓને ચડાવવા ને બાકી તો ભંગીની સાથે જ રાખવા ! ગવર્નર જનરલથી દોઢસાંતીના ગરાસિયા સુધી આ જ પ્રમાણે બધા તે વખતે વરતતા અને હમણાં પણ વરતે છે !

આ યોજનાને તોડી પાડવી એમ દરબારોએ નિશ્ચય કર્યો. એ યોજનાને પાર ઉતારવી એમ મેં નિશ્ચય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરબારોએ એક જૂક્તિ ગોઠવી. એક કોઇ ખટપટી વાણિયો મળી ગયો. એણે બતાવ્યું કે પાસેને ગામડે સાહેબ પરીક્ષા લેવા આવે, ત્યારે આપણે ગુપચુપ આંહીં બોલાવી લાવવા. ને તે દિ ચોરામાં કોઇ છોકરું ફરકે નહિ એમ કરી મૂકવું. એટલે નિશાળ બંધ! કહેવું કે નામ ખોટાં, હાજરી ખોટી ને માસ્તર આંહીના છે તે ખસવું નથી આંહીથી, એટલે આ ધંધો આદર્યો છે. સૌને એ વાત ગમી ગઇ. હું તો સાંજે વાઘરોળા ગામે ભવાઇ હતી તે જોવા જાતો'તો, ત્યાં રસ્તામાં જ વાઘરોળાના બે પટલીયા મળી ગયા.

'જે જે ગરૂદેવ!' કરતા' કને ઊભા રહ્યા: 'આ તમારી કોર આવતા'તા, ત્યાં ઠીક થયું તમે જ મળી ગયા. અમારો મનજી, ને દિવાળી ને નથુ ને ભગલો હમણાં બે ચાર દિ નહિ આવે!'

'કેમ? એક હારે ચારે જણા? કાંઇ છે?'

'તમને ક્યાં ખબર નથી ગરૂદેવ! તે અમને પૂછો છો માબાપ?'

'તો ય પણ?'

'આ સાંભળ્યું છે કે છોકરાંવને બોજા ઉપાડી જાય છે!'

'કોણે કહ્યું?'.

'આ આણી કોર તો બે દિ થયાં ઊડયું છે!'

'ના ના, સાવ ખોટી વાત. કોણે આ ગપ હાંક્યું છે?'

'આ ભગવાનજી કામદાર ને સૌએ આણીકોર બધે કે'વરાવી દીધું છે. હમણાં તમારે ત્યાં કોઇંધાક બે પાંચ દિ!'

મને મનમાં વિચાર આવી ગયો. મારું બેટું! સાહેબ હમણાં આટલામાં છે, ને આ વાત, એની વચ્ચે કાંઇ મેળ તો નહિ હોય? અને વાતેય એવી વેતી મૂકી છે કે, કોઇ કોઈને પૂછે નહિ, પણ અંદર અંદર ધ્રૂજ્યા કરે!

મેં તો તરત જ એનું ઊંડાણું માપી લીધું. પટલીયા બન્નેને હારે ઉપાડ્યા: 'અરે! તમે કાંઇ સમજો નહિ ને ભલા માણુસ, આ તો કામદારની જ રમત છે. હાલો, મારી ભેગા, ગામડે ગામડે કહેવરાવી દઉં કે કાલે સા'બ આવવાના છે, ને પતાસાં વેંચવાનાં છે!'

'પણ પતાસાં?'

'પતાસાં ભેગાં થઇ જાશે-તમે હાલોને, મારી ભેગા!'

બીજે દિ દરબારની ડેલી ઉપર મેં નજર કરી આઠ દસ દરબાર બેઠા'તા. હું ત્યાંથી નીકળ્યો.

'કાં? આવોને માહતર! આજ તો બહુ વેંહ ઘોડાં જોડયાં છે!'

'શું કરે ભૈ! એમને આ પારકી પનોતી સાચવવાની છે!' કામદાર ભગવાનજીએ મીઠી વાણીમાં કહ્યું. પણ એની આંખમાં બેઠેલી ક્રૂર મશ્કરી દેખાતી હતી. એટલે મને ધરપત થઇ કે ના, મેં જે કર્યું છે તે છે તો બરાબર!

નવવાગ્યા ને સગરામ સીમમાં દેખાણો. એક છોકરા જાસુસે ઘોડીને ખબર આપ્યા. છોકરા બહાર ગામના હજી તો બહુ આવ્યા નો'તા, ને ગામના પણ થોડાક તો આડાઅવળા થઇ ગયા'તા. તરત મેં તો આખા ગામમાં મારું સેન છૂટું મૂકી દીધું: 'હાલો! સા'બ આવ્યા છે. ને નિશાળમાં પતાસાં વહેંચે છે! ઘોડો! હાલો!'

સેને સેનાનું કામ બરાબર કર્યું.

સાહેબ આવ્યા, ત્યાં તો નિશાળ હકડેઠઠ હાલી! દરબાર એક બે, ચોરે આંટા મારી ગયા, તે મનમાં ને મનમાં ધા ખાઇ ગયા: 'મારો બેટો! એક આ માથાનો મળ્યો!' દરબાર જીવુભાએ તો બે વેણ મને કહ્યાં પણ ખરાં પણ ગમે તેમ મેં નિશાળ તો ટકાવી દીધી. પંદરની જગ્યા થઇ. એક પાંચમો આસિસ્ટંટ પણ મળ્યો. પણ અમારા ગામડાનાં વેર અમારી અનોખી રીતે લેવાય છે. મારા ઉપર જે વીતી એ હું તમને શી રીતે કહું?'

શિવુભાનો સાદ ગળગળો થઇ ગયો. તે અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો ઊભો જ રહી ગયો. એની સામે હું તો જોઈ જ રહ્યો પણ મુંગી વેદનાનો અવતાર હોય તેમ શિવુભા બોલતો બંધ થઇ ગયો હતો. તેણે લાંબો હાથ કરી એક તરફ નિશાની કરી, તો ત્યાં એક નવું દશ્ય દેખાયું. શિવુભા તો અદશ્ય થઇ ગયો હતો. કસુંબા દરબાર દેખાયો. આ નવા દશ્યમાં પહેલાં તો અંદરોઅંદર દરબારો ગોષ્ટિ કરી રહ્યા હતા: ‘ જીવુભા ! ભા ! એમ તીખાં વેણ માહતરને નો કઇં. આ ભગવાન કામદારે કહ્યું ઇ બરાબર છે. ઘા તો આ કહુંબાનો મારો કે મારો બેટો સાત જનમારા, આપણને સંભારે !’

‘ ભા ! સાચી કહી છે ભાવુભાએ. ઘા મારતાં આવડવા જોઇએ. તીખું વેણ આપણા મોમાં નો શોભે !’

‘ હા ! બાપુ ! હા. વેણ કાઢો તો વાત ડોળાયને તો કાગળિયું થાય. પણ કસુંબાનું કાંઇ કાગળિયું થાય છે ? જુઓને, કાંતો આ બાજુ આવતો લાગે છે. એને મારા બેટાને આપણામાં ભળીને પછી પગ પહોળા કરવા છે. પણ આ વખતે હવે એવો ટાળી ઘો કે બેઠો જ નો થાય !’ કામદાર બોલ્યા.

‘ કોણુ પે’લ કરશે ?’

‘ જીવુભા જ કરે, તીખાં વેણુ ઇ બોલ્યા’તા ભા ! હવે માહતરને એક જરાક કહુંબો કરાવે તો મનમેળ થાય ! પછી તો વાટકી વાટકીનું કામ કરશે. આ તો નાગરાજનું વરદાન છે ભા ! એક વખત આંખે ચડયું હોય તો’ય મણીધરનો નશો !’

એટલામાં શિવુભા ત્યાં દેખાણો.

શિવુભાને આ કસુંબા દરબારમાં સૌ તાણ ઉપર તાણુ કરી રહ્યા હતા. ‘ થોડોક ભા ! આપણે મનમેળ થઈ ગયો છે, એમ બતાવવા ! બસ, આટલો જ ભા !’

બે પળ તદ્દન શાંતિ રહી. પાછું દશ્ય બદલાયું. શિવુભા ઘર આંગણે બેઠો હતો. શરીર એનું નખાઈ ગયું હતું. વહુને કહી રહ્યો તો ‘ કયાંકથી થોડુંક પેદા કર. એક મગની ફાડ જેટલું ! કોઇ રીતે રે’વાતું નથી ! અરે ભગવાન ! મને કયાં કમત સૂઝી ! ગામને ભણાવવાની !’

શિવુભાનાં એ ત્રણ છોકરાં, નિર્માલ્ય જેવાં, ઓશરીની કોરે બેસીને મા સામે જોઇ રહ્યાં હતાં.

માની આંખમાંથી ડબક ડબક આંસુ પડતાં હતાં. ‘ પણ તમને આ મારા પીટયાઓએ, આ બંધાણ લાગુ પાડી દીધું ને તમારા ઉપર એમ વેર લીધું ! હવે ઘરમાં આ એક તાંસળી રહી છે વેચવાની !’

એ જ દશ્યમાં શું પ્રયત્ન કરતો દેખાય છે, શિવુભા, પોતાના બંધનથી પોતે મુક્ત થવાનો, પણ બંધાણ અફીણનું, જેમ જેમ છોડવા પ્રયત્ન કરે છે તેમ તેમ વધારે ને વધારે શરીર નખાતું જાય છે !

એ જ વખતે કિલ્લોલ કરતા દરબારો દરબારી નિશાળના ખંડેર ઊપર નજર માંડીને બેઠેલા દેખાય છે.

એક પણ છોકરો હવે ત્યાં દેખાતો નથી. ગામનાં છોકરાં સવારમાં રોટલા બાંધી બાંધીને પડખેને ગામડે ભણવા જાય છે. ગામ આખું વાત કરે છે. ‘ શિવુભાએ પણ મફતનું મોટા હારે વેર બાંધ્યું !’

શિવુભાની મૂગી વેદના, ઝાંખા પડતા સૂર્યાસ્તમાં ભળી જાય છે. એક ઘડીભર ત્યાં શોક ઘેરી શાંતિ છવાઈ રહે છે.

પછી તરત દશ્ય બદલાય છે.

[૨] મનની મોજ

એક પળ અને એક ડગુમગુ ચાલતું ટટ્ટુ દેખાય છે. એની બન્ને બાજુએ કુંવળી, ગાજર, મૂળા, વંત્યાક, બટાકાની ગાંસડીઓ લટકે છે. મેલી ટૂંકી, ધોતડી, જાડું બગસરાશાઇ લઠાનું પે’રણ, ઉપર વીટેલો ફાળિયાનો કટકો, ને હાથમાં આવળની સોટી લઇને, એની પાછળ ધીમે ધીમે આવતો એક માણુસ નજરે પડે છે.

‘ મને ઓળખ્યો ?’ હું નરસીં બકાલ !

પણ હું મારી વાત કહું એના કરતાં એ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય એ મને વધારે ગમે. મારે પણ એક જીવન હતું. તમારા જેવું જ. તમારા જેવા જ હું પણ જીવતો જાગતો, બોલતો ચાલતો માણસ હતો. મેં પણ સુખ-દુઃખ, વેદના, યાતના, આશા, નિરાશા ભોગવ્યાં હતાં. પોતે પોતાની વાત બીજાને મોંએ સાંભળવી એ પણ એક અનેરો આનંદ છે. ભાઇ, મારી વાત હવે કહેશો—હું તો સાંભળીશ.

નરસીં બકાલ પણ અદશ્ય થઇ ગયો. પણ એની આખી વાત આ રહી.

નરસિંહ કે નૃસિંહ—ખરી રીતે તો આસપાસના ગામડામાં ખૂબ જાણીતો થયેલો શબ્દ નરશીં—અને ઘણી વખત તો 'નરશીં'માંથી અપભ્રંશ થઇને બની જતો 'નરછીં' બકાલ, આજે એકલો પોતાના અડીયલ ટટ્ટુ સાથે, અત્યારે રસ્તો કાપી રહ્યો હતો. ટટ્ટુ સાથે, ટટ્ટુ ઉપર નહિ. કારણ કે ઉપર બેસવાનો હક્ક ગાજરમૂળાને માટે અનામત જેવો હતો. એને કે એના ટટ્ટુને આ રસ્તો કાંઇ નવો ન હતો. રવિવારે સૂરજ ઊગ્યા વિના રહે તો, નરસિંહ આસપાસના ગામડાંની 'વિઝીટ' માર્યા વિના રહે.

નરસિંહ આ સઘળા ગામડાઓમાં બકાલું વેચવા જતો. દર રવિવારે પોતાના ટટ્ટુ ઉપર બકાલાની પોટલી લટકાવી, બકાલું થોડું હોય તો કોઈ વખત માથે બેસીને, નહિતર ટટ્ટુને દોરતો, આ રસ્તે તે નીકળતો ને ગામડાઓમાં ફરી બકાલું વેચી, જાર, બાજરો, ચોળા, કપાસ. મગ, અડદ, કળથી, એમ જુદી જુદી સામગ્રી લઇને બીજે દિવસે ઘેર પહોંચી જતો. રાત ગમે તે ગામડામાં ગાળી લેતો.

આજે એ એ જ રીતે ચાલ્યો રહ્યો હતો. જે રસ્તા ઉપર, એણે જુવાનીમાં, દાણાના વેપારી, પછી રૂના વેપારી, છેવટે જીનના માલિક થવાનાં સ્વપ્ન સેવ્યાં હતાં તેજ રસ્તા ઉપર, દિવસોના અનુભવ પછી ડાહ્યા થયેલા બન્ને—નરસીં અને એનું ટટ્ટુ પોતાની હંમેશની ચાલે આજે પણ ચાલી રહ્યાં હતાં. એમને ઉતાવળ કરવાની જરુર જણાતી ન હતી. તેમ જ છેક ધીમે ચાલીને અંધારામાં ઠેબાં ખાવાની પણ ઇચ્છા ન હતી. એટલે બન્ને એમના નિયમં પ્રમાણે જ ચાલી રહ્યાં હતાં. નરસિંહે, ઘોડાની લગામ પણ ડોક ઉપર નાખી દીધી હતી. હાંકયા વિના ચાલે એટલી જ ચાલ ઉપર સંતોષ માનીને પોતે કાંઈક વિચારમાં મગ્ન હતો.

એટલામાં નગરપરાની સીમનાં ઝાડ દેખાયાં. નગરપરાથી ત્રણ માઇલ રાજપરા. અને રાજપરાથી ત્રણ માઈલ ભાડેર. ભાડેરમાં રાત ગાળી બીજે દિવસે રોટલા-ટાણે સવારમાં પોતાને ગામ—સનાળીયા—પહોંચવાનો. આજે એને અચાનક વિચાર આવી ગયો. નહિતર, કોઈ મનદુઃખને કારણે એણે છેલ્લાં સાત વરસથી ભાડેરની શીમનાં ઝાડ પણ જોયાં ન હતાં! ભાડેરને પોતાના બકાલાથી એણે બહિષ્કૃત જ કર્યું હતું ને! પણ આજે જરાક એ વિચાર આવી ગયો ને કોણ જાણે કેમ એના પગલામાં પણ ઉતાવળ આવી.

નરસિંહના દેખાવમાં તો કોઇને ઉચ્છૃંખલતા કે ઉતાવળીયાપણું લાગે તેમ ન હતું. પણ ભાડેરમાં રાત ગાળવી છે, એ વિચારે તેને પ્રેર્યો હોય કે ગમે તેમ, તેણે પોતાના ટટ્ટુને લગામ ઝાલી જરા ઉતાવળે દોર્યું. તેના આ વર્તનથી આશ્ચર્ય પામ્યું હોય તેમ ટટ્ટુ પહેલાં તો ઊભું રહ્યું. પોતાને નરસિંહે કોઈ દિવસ ઉતાવળા ચાલવાનું કહ્યું હોય એવું એની સ્મૃતિમાં હતું નહિ. ખરી રીતે એ અને એનો માલિક ધીમા ચાલવા માટે જ નિર્માણ થયાં હતાં. આજે જ નર-સિંહની રગમાં ઉતાવળ આવી બેઠી હોય તેમ એને લાગ્યું.

અને પોતે જયારે ઊભું રહ્યું અને નરસિંહે આવતાંવેં સોટી લગાવી, ત્યારે તો એ પામી જ ગયું કે, કંઇક કહો પણ ડોસાનું ફટકયું લાગે છે!

ડોસો તો નરસીંને કહેવો હોય તો ભલે, બાકી ખરી રીતે એને હવે જરાક અવસ્થા જણાતી હતી.

આ બકાલી નરસિંહને જોનારા એને ઓળખી પણ શકે નહિ! એ વખતે એ હરેડ જુગારી હતો. મોટો થયો ત્યારે એણે જુગાર છોડયો—પણ જીવનમાં એકધારા નિયમિત ધોરણ ઉપર ચાલતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને હમેશાં આકરું લાગવા માંડયું! બાર વરસનો હતો ત્યારે જ એ ઝમકુડી સાથે પરણ્યો હતો. એને પરણવું પડયું હતું, કારણ કે ત્યાર પછી થોડે વર્ષે માબાપ મરણ પામ્યાં—અને નરસિંહનું હવે ચાલત તો એ ઝમકુને કે કોઈ ને પરણત જ નહિ ને! એણે રખડુજીવનનો સ્વાદ ચાખ્યો હતો. અને એને ખબર હતી કે પરણવાથી, જીવનને ઘણો ઘસારો વેઠવો પડે છે. આવી એની ફિલસૂફી એ કોઇ માનસશાસ્ત્રના સિદ્ધાંતમાંથી તારવેલી ન હતી—પણ માબાપ વિનાના રખડુ છોકરાઓમાં પરિસ્થિતિને લીધે આવતી હોશિયારી અને ઉચ્છૃંખલતા એ બન્નેના મેળમાંથી એ જન્મેલી હતી. પણ ઝમકુડી એને કાંઇ, એની ફિલસુફી માટે છોડી દે તેવી ન હતી. એ તો એને વળગી. એટલે ઝમકુડીને પરણ્યા પછી પણ થોડાંક વર્ષ સુધી નરસિંહ ઘણુંખરૂં જુગારીઓના મેળામાં રખડતો. પણ એમાં જ્યારે તડાકો પડે ત્યારે જોઈ લ્યો એનો રંગ! એની ચાલમાં જુદું જ જોમ રહેતું. ત્યારે એ હાલતાં ને ચાલતાં લેમન પીતો. એ રૂપિયાનું પાન બનાવવાનું કહેતો. કાં અત્તરવાળાની દૂકાને પહોંચતો, અને નહિતર કોળણ કંકુડીને ત્યાં સાત આઠ મિત્રોની મિજબાની—આખી રાતની મિજબાની તો અવશ્ય જમાવતો.

એ કોળણ કંકુડી ભાડેરમાં હતી. નરસિંહને એ ખબર હતી. હમણાં વર્ષો થયાં વહી રહેલા ભારનો થાક ઉતારવા માટે જતો હોય તેમ નરસિંહ ભાડેર તરફ આજે અચાનક જ વળ્યો. કદાચ એ ભાડેર જવાનો છે એની ખબર એને પોતાને પણ ન હતી.

વર્ષો થયાં વહી રહેલો ભાર તો એટલા માટે કે નરસિંહને ખબર હતી કે આ બકાલું–અરધોશેર ડુંગળી ને એક શેર બટેટાં, પૈસાનાં મરચાં ને અરધા પૈસાનાં ગાજર–એમાં એનો શકરવાર પાકે તેમ ન હતો. એને તો ઘણું મન હતું કે છકા પંચાની રમ્મત જમાવીને એક વખત તો આસપાસનાં બાર બાર ગામને નોતરીને એકસો આઠ પારાયણનો જે જે કાર બોલાવી દઉં. પણ પછી કાંઇક વયને લીધે, કાંઇક ઝમકુડીના નિસકંકાસને લીધે, અને વધુ તો, પોતે જેને પોતાની માનીને, રાત દિ જોયા વિના જેની સેવા કરવા ખડેપગે તૈયાર રહેતો, જેનું ઘર પોતાના જેવા અનેક જુગારીઓનું વિશ્રામસ્થાન હતું, અને છતાં જેનો સાચ્ચો પ્રેમ–સાચ્ચો પ્રેમ હોઇ શકે તો–પોતે માનતો હતો કે, પોતાને જ મળ્યો હતો–એ કોળણ કંકુએ એ વખતે બતાવેલી ઉપેક્ષા વૃત્તિને લીધે, નરસિંહે, જુગાર છોડી દીધો. અને બકાલાના પૈસા આપનારા કંટાળા ભરેલા કામ ઉપર મન સ્થિર કર્યું. અને એક ધંધાની ઘરેડમાં ચિત્ત પરોવી પોતાની સઘળી આશા–અને આકાંક્ષા દબાવી દઇ ધંધાનો ભાર ઉપાડયો–એ ધંધાનો ભાર હવે એને આકરો લાગે છે–એમ તો હરકોઇ જોનાર, એની ધીમી, સ્થિર, એકધારી ચાલ, ટટ્ટુની પણ એવી જ ચાલ અને નરસિંહની નીચે નમેલી ડોક, એ ઉપરથી કહી શકે. હમણાં હવે ઝમકુડીનું મરણ પણ થયું હતું. એટલે તો નરસિંહને ઘર કે ધંધામાં કશામાં રસ રહ્યો ન હતો. પાછળ કોઈ નહિ. પણ હવે એના જુનવાણી જુવાન માર્ગ તરફ પાછા ફરવાનું બળ એની પાસે રહ્યું ન હતું. એટલે આ લાંબા પંથ ઉપર ધીમે ધીમે ચાલ્યાં જતાં–માનવ અને પ્રાણી–બન્ને જીવનની છેલ્લી પળો ખેંચી કાઢવા જાણે પ્રયત્ન કરતાં હોય એમ લાગે. આજે એ નિત્ય જીવનના નિયમિત પંથમાં, કોળણ કંકુના સંસ્મરણોએ જરાક ચેતન પૂર્યું અને નરસિંહે પોતાની ચાલ ઉતાવળી કરી. એની નજરમાં કોળણ કંકુની મૂર્તિ ખડી થઇ ગઈ.

કેટલીક સ્ત્રીઓ સુંદર નથી હોતી. પણ ચાતુરી ભરેલી મીઠાશ એમનામાં હોય છે. એમનું આકર્ષણ એમના શરીરમાં એટલું નથી હોતું, જેટલું એમના સ્વભાવમાં હોય છે. આથી એ આંકર્ષણ વય વધતાં વધે છે. ઘટતું નથી. જુદા જુદા સ્વભાવના અનેક જુગારીઓ પોતાને ત્યાં જાળવનારી હોવાથી કંકુડી પણ એવી બની ગઈ હતી.

કાંઈક કુદરતી રીતે, કાંઈક ધંધાને લીધે, અને કાંઈક પરિસ્થિતિને અનુરૂપ બની જવાનાં સ્ત્રી સ્વભાવને લીધે, એવી ત્રિવિધ તાલીમને લીધે, મેળવેલી કંકુડીની આકર્ષણ શક્તિમાં ગજબનો વધારો એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહને લીધે પણ થતો. નાનું, કાંઇક મિજાજી, કાંઇક બેશરમ લાગે એવું, કાંઇક રસ ભરેલું, લાડભરેલી બેદરકાર સુંદરતાના પ્રતીક જેવું એનું મોં, આખા દેહને શણગારી રહ્યું હતું. નરસિંહ જે સમયે સેંકડો ગૂમાવતો ને હજારો મેળવતો એ સમયે આ મોં ઉપર છુટી રખડતી એકાદ બે લટ માટે, એ પાંચ પચીસની મિજબાની કરી નાખતો. અનેક જુગારીઓનો પોતાને ત્યાં અડ્ડો જમાવવા દેતી ખરી પણ કોળણ એવી ચાલાક હતી કે કોઇના પ્રેમમાં પડી ન હતી. હા, એટલું ખરૂં કે તમે અખાડાના ગમે તે 'મેમ્બર'ને પૂછો તો એ એમ જ કહેવાનો કે કંકુડીને મારા ઉપર પ્રેમ છેઃ અને તેથી બીજાને મુકાબલે એ મને વધારે જાળવે છે. કંકુડીનો આવો લીંબુના પાણી જેવો સ્વભાવ હોવાથી અને વળી દરેકના સ્વભાવની ચાવી ઉપરાંત પુરુષના સામાન્ય સ્વભાવની જાણકાર હોવાથી, જુગારીઓનો અખાડો ઘણા લાંબા વખત સુધી એને ત્યાં ચાલ્યો. જુગારીઓમાં મારામારી ન થઈ પડે માટે કોળણ કંકુડી પોતાના જોબનનો જામ હાથમાં ધરી રાખતી—પરંતુ એમાંથી એક ટીપું પણ કોઇને આપતી નહિ. દરેકને એમ હતું કે આ આખો જ જામ એનો છે; એકાદ ટીપું એને માટે નથી; એટલું છતાં આ કોળણના દિલમાં પણ નરસિંહ પ્રત્યે ઇશ્ક ભરેલો એક ખૂણો અનામત હતો એમ કહેવું જોઇએ. કોઇ ન હોય ને નરસિંહ એકલો આવ્યો હોય—એવો પ્રસંગ વિરલ હતો—ત્યારે સાચા ગુલાબી અતલસના કાપડા નીચે છૂપાયલા યૌવનને એ એવી બેદરકાર ભરેલી રીતે ઢંગધડા વિના પડી હોય તેમ પડીને મોહક કરી મૂકતી કે, નરસિંહની આંખમાં દર્દ ગઝલ આવી જતી. પણ કોળણ એ માનસને તરત પલટાવી દેવા નરસિંહને પૂછતીઃ 'કાં નરસિંહ! ઝમકુડી શું કરે છે? હવે તો સીધું ચાલે છે નાં? ઇ તો તું જ એવો છો—નફફટ ને બેફીકર! બાકી ઝમકુડી તો ઝમકુડી છે!' એમ બોલીને પોતાના બે હાથથી એ નરસિંહને જરાક ધીમો પ્રેમ ભર્યો ધક્કો દેતી—જાણે આમંત્રણ આપતી હોય! પ્રેમની ભાષાની દૃષ્ટિએ તો કંકુડી પોતાનું સઘળું છાનું દર્દ આ હાથમાં મૂકી દેતી. એ જમાનાનો નરસિંહ તે આજનો બકાલ નરસિંહ ન હતો. પણ ખાસ્સી તંગ ઉરબ્બ ચોરણી ઉપર, મોટું લાંબુ મલમલનું ઝીણું પહેરણ ને રેશમી કમરબંધ પહેરનારો, ઓડિયાં રાખી કાંસકાને ચોવીસે કલાક ઓડિયામાં જ રાખનારો, ખીસ્સામાં લટકતા ઇટાલિયન રેશમી રૂમાલ ને પચાસ સો રૂપિયાથી ઓછું પાસે ન રાખનારો, સુંદર, રખડુ, લાડમાં ચડેલો, ટેકીલો અને અચ્છો જુવાન હતો. ને એવે કોઇ વખતે કંકુડીની નજર સાથે એની નજર મળતાં, જાણે કુદરતી રીતે એકબીજાં એકબીજાંને માટે હોય તેમ હજારો છાની વાતો એ કરી લેતાં.

પણ બન્નેને પોતપોતાની મર્યાદાનું ભાન હતું. કંકુડીને ખબર હતી કે નરસીં આમ છુટક માણસ તરીકે ઠીક છે. બાકી એને સ્થિર કરો તો કાં એ ભાંગી પડે કાં તમને વહેલે મોડે તગડી કાઢે. અને વધુ તો એ કે કંકુડી નરસીંના મેળની ખબર પડતાં જ માથાંવઢ કજિયાની પરંપરા ઊભી થાય। એટલે એક બીજા એક બીજા માટે છતાં એક બીજાં માટે ન હતાં. એમનો પ્રેમ એમણે છાની રીતે પોતપોતાના એકાંત ખૂણામાં રાખીને ભોગવવાનો હતો. બાકી બીજી રીતે તો આ જુગારીઓના અખાડામાં જીવતં-મરણ ખેલની વાતો બની જતાં વાર લાગે તેમ ન હતી. કંકુડી ડરપોક ન હતી, પણ ડાહી હતી. એણે એ સૌને જાળવતાં જાળવતાં પ્રેમમૂર્તિ નરસીં માટે એક અનોખી રીતનો પ્રેમ મનમાં ને મનમાં રાખી રહી હતી.

એક વખત આ ટોળામાં એક નવો 'મેમ્બર' આવ્યો. તેના ઉસ્તાદી સ્વભાવે ને ફોજદારી કાયદાના જ્ઞાને સૌને વશ કરી લીધા. વળી એ જેલનો અનુભવ પણ લઇ આવ્યો હતો. ખોટા સિક્કા પાડવાના શકદારોમાં પણ એક વખત આ સઉગ્રો આવ્યો હતો. આ ટોળામાં આ કાંઇ જેવી તેવી આવ્યો ન ગણાય. એણે પોતાની બૈરીને ઘરેણાં માટે મારી હતી અને એમાંથી અકસ્માત એ મરી ગઇ હતી છતાં એ મરણને એ કુદરતી અકસ્માતમાં ગણાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકયો હતો. એ જાતનો પરજીયો સોની હતો. ઈસ્કી હતો, દારુ પીતો, ભાગવતની કથા કરાવતો. અને સાધુ બ્રાહ્મણને જમાડતો. વખત મળે તો માણસને લૂંટતો ને પરબ પણ બેસારતો. એનો ઇશ્ક ધર્મ માટે હતો. અને ધર્મ ઈશ્ક માટે હતો. આ પરજીયો સોની–મોહન આ ટોળામાં ભળ્યો પછી પોતાની ચાલાકીથી એણે ટોળામાં ઈર્ષાનો અગ્નિ પેદા કર્યો. એક તો એ જબરો ચાલાક હતો ને જીત ઉપર જીત મેળવી શકતો; બીજું હાથનો બહુ છૂટો હતો, ત્રીજું એ ધર્માદો બહુ કરતો. એટલે કોઈ મહાદેવના મેળામાં સૌ ભેગા જાય એમાં મોહન જ અગ્રણી હોઈ સાધુસંત ફકીરનાં ટોળાં એને વીંટાઈ વળતાં. સૌથી ભયંકર બીના તો એ બની હતી કે એ કંકુડીને પણ એની મોહિની લાગી હોય—એમ જણાતું હતું: સૌના કરતાં નરસિંહના દિલ ઉપર એ દાઘે વધારે અસર કરી.

એક વખત નરસિંહ આવ્યો ત્યારે કંકુડી એકલી હતી. નરસિંહના મન ઉપર મોહનનો ભાર હતો. આજે એ વાતનો ખુલાસો લેવાનો એનો નિશ્ચય હતો. એણે જોયું કે દરવખતની જેમ કંકુડી પોતાનું શરીર વધારે આકર્ષક લાગે એવો સ્વાંગ સજીને બેઠી છે.

નરસિંહે આવતાં વેંતજ પ્રશ્ન મૂકયો: ' કંકુડી હવે તું કાંઈ ઠઠારો વધારતી જાય છે ! કોઈને હથેળીમાં રમાડવો છે કે શું ? હમણાં કાંઈ મોહનો બહુ નજરે ચડયો છે !'

તે દિવસે કંકુડીએ મિજાજ ખોયો : ' અલ્યા ! હું તે કંઈ તારી ગોલી બોલી છું કે શું ? મારે વળી મોહનો શું ને તું શું ?'

'કેમ મોહનો શું ને હું શું ? મોહને તને કંઠી કરાવી દીધી છે એની અમને ખબર પડી છે હો !'

'આ રહી—આ ડોકમાં—એમાં શી મોટી ખાનગી વાત હતી. ઈ તો હરમતનાં કામ છે ! છાતી હાલતી હોય તો–પૈસો કાંઈ રાંડીરાંડના હાથમાંથી છૂટતો નથી !'

'ત્યારે તો કેશવો કહેતો'તો એ સાચું !'.

'શું ?'

'કે કંકુડી તો મોહનમાં બહુજ લટુ થઈ ગઈ છે!'

'લટુ થાય છે મારે ભૂખરાત–આંહી તો કંઈક મોહન આવ્યા ને ગયા ! પણ લટુ થાઉં તોય શું ? હું કાંઈ થોડી કોઈની વેચાણ છું ? મને મરજીમાં આવે ત્યાં મારું મન પાથરી દઉં ! હજી સુધી તો એક તારા સાટુ એને રાંખ્યું છે–પણ તું–તું અલ્યા બહુ જ વહેમીલો છે ! બહુ વહેમ નહિ સારો નરસીં !'

'ત્યારે તો તું આ સાચું બોલે છે નાં ?'

'તો શું ખોટું છે ?'

'સારું હું બતાવીશ !'

'હા, હા, બતાવજે ને !'

તે વખતે તો કંકુડી સાથે નરસીંને એટલી જ વાત થઈ. પણ મોહનાની માયા વિષે એનું મન ખાટું થઈ ગયું હતું.

એમાં બીજે દિવસે લગભગ અરધી રાતે નરસીંએ પોતાના ઘોડા ઉપરથી ધબાક દઈને કંકુડીના ફળી પાસે ઉતારો કર્યો. એના હાથમાં બે હજાર રૂપિયાની ' નેકલેસ ' ચમકી રહી હતી. એક તડાકો પડયો–ને એણે સાંજેને સાંજે ઘોડા ઉપર ખંખેરી મૂકયાં. સોનીને ન્યાંથી બે હજારની ' નેકલેસ ' લીધી. આજ એને કંકુડીને આ આપીને એને મોહનાની માયા ભુલાવી દેવી'તી.

એ આવ્યો ત્યારે ઉલ્લાસમાં હતો. એના અંગે અંગમાં કંકુડીની પ્રીતિ જાણે અગ્નિ મૂકી રહી હતી. એની આંખમાં કંકુડી સિવાય બીજું કોઈ ચિત્ર ન હતું. મનમાં કંકુડી કંકુડી થઈ રહ્યું હતું. તે દોડતો આવ્યો.

પણ ઘરમાં હજી દીવો બળી રહ્યો હતો. તેણે બહારથી સાદ કર્યો.

'કંકુડી !'

'કોણ–એલા ! નરસીં ! તું છો ? આવને મોહન બેઠો છે ! કેશવો આવવાનો છે !'

નરસીંનું હાલત તો આ નારીનું અત્યારે માથું ધડથી જુદું કરી નાખત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એણે ગમ ખાધી. ઘોડાને અંદર દોરીને ખીલે બાંધ્યો. પછી એણે ઓશરીની કોર ઉપરથી જ ઘા કર્યો: 'લે આ!'

કંકુડીએ 'નેકલેસ' હાથમાં ઝીલી લીધો. નરસીં તરત પાછો ફર્યો: 'એલા! કયાં ઉપડયો એ? ચા પીવા નથી રોકાવું?'

'ના...' નરસીંએ જવાબ વાળ્યો: 'તારી વાત જોઈ લીધી...'

'અરે! પણ એ બકાલ!......'

'બકાલ તો હમણાં કહ્યું તે...' નરસીં ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલી નીકળ્યો.

કંકુડી બહાર દોડી. પણ નરસીંએ તો ઘોડાના પેગડામાં પગ મૂકી દીધો હતો. કંકુડીએ એને આંતર્યો.

'શું છે તારે?'

'કાંઇ નથી—તું તારે તારું મન ઠરે ત્યાં બેસને! પણ તેં મને બકાલ કહ્યોને—મારે પણ હવે બકાલનો ધંધો જ કરવો છે. પણ તું આ બકાલના બોલ સંભારજે. કોઇ તારી પડખે ઊભો રહેવાનો નથી! બધા ય ગઠીયા છે!'

'પણ તું—તું હાલ્યો કયાં?'

'બસ...હવે...'

'કેમ?'

'તારી મનની મોજ હોય ત્યાં તું...મારો આંહીં....'

'ઓ...હો! અરે! બકાલ! નરસીં! તંઈ તો તું ભીંત ભૂલ્યો 'લ્યા! તમે ભાયડા 'લ્યા! કયારે સમજશો કે અમારી બૈરાની મનની વાત જ જુદી જ છે! મનની મોજ ઈ તો કોઇ જુદી જ ચીજ છે! તારા સમ, નરસીં! મેં તો કોઇને ઈ દેખાડી હોય તો મનની મોજ એક તેં માણી છે!'

હવે શું કરવા ખોટા મલાવડા કરછ?'

'ઈ તો તને ખરે ખબરૂં પડશે. મનની મોજ માણનારા પછી કોઈ બીજી ચીજમાં મન તો નાખે હો! તમને ભાયડાને તો મન જેવી કોઈ વાત જ નથી ને! તું કોઇ દિ કોઇની પાછળ ગાંડો થયો છે? અમારી તો આખી વાત અનોખી છે! પણ તું કાંઇ એમ કીધે માને? તું તો આવો અદેખો કેવો છે! આંહીં તો થાનક ઠર્યું. હજાર આવે ને હજાર જાય, પણ મન તો નરસીં! જ્યાં ઠરતું હોય ત્યાં જ ઠરે હો! મનનાં તો મૂલ જ મન! આ તારાં નેકલે- સડાં નહિ!'

'ઠીક ઠીક હવે...'

'પછી કંકુડીને સંભારીશ હો, કે કોળણુ દઈ દેનારી હતી!'

'જોઇ ઇ તો...ઠીક લે...!'

'તો આ તારી પાછી લેતો જા—નેકલેસ-બા? આંહીં કયાં ભૂખ છે?'

'ઈ હવે મારું સંભારણું...'

નરસીંએ જોરથી ઘોડાને 'એડી' લગાવી દીધી. ઘોડો ઊલળ્યો. એટલે કંકુડીને ખસી જવું પડ્યું અને તરત જ નરસીં તો અંધારામાં અદશ્ય થઇ ગયો. આજનો દી ને કાલની ઘડી.

આજ હવે એ બકાલ નરસીં પોતાની જીવન- સંધ્યાની છેલ્લી પળે, જાણે એક વખત કંકુડીને મળી લેવા માગતો હોય તેમ ભાડેર તરફ જઈ રહ્યો હતો.

ત્યાં એ પહોંચ્યો ત્યારે સાંજ પડવા આવી હતી. હજી અંધારું વળ્યું ન હતું. એણે ચોરા પાસે પોતાનું ટટ્ટુ બાંધ્યું. બકાલું ઉતારીને ઓટલા ઉપર મૂક્યું. પાસે કોંકનું ગાડું છૂટયું 'તું એના બળદ પાસેથી થોડુંક ખડ લઇને ટટ્ટુને નાખ્યું. બીડી સળગાવીને ત્યાં પગથિયે બેઠો.

કોઇક બહાર ગામનો આવેલ છે એ જોઈને ચોરાનો ગલઢેરો બહાર આવ્યો. થોડીકવાર સામે જોઈ રહ્યો. એનો ચહેરો ઓળખાયો: 'ઓ હો! ભાઇ! તમે આંઈ કયાંથી? બહુ દીએ દેખાણા!'

'હા ભાઇ, હમણાં તો ઠીક નો'તું. કીધું લાવ આવું! શું છે ગામમાં નવાજૂની?'

'આંઇ—આ ભૂખં ગામમાં તોં શું નવાજૂની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. આજ તમે લાવ્યા છો ત્યારે ગામ બરેટાં દૃખશે-એવું દાળદરી છે. નવાજૂનીમાં ગામ બહાર-આ મંદિર થયું ઈ!'

'કોણે બંધાવ્યું?'

'બીજું કોણ હતું ગામમાં-? આ કંકુડી-કોળણ મરી ગઇ પણ નામ રાખતી ગઇ, જોવા જેવું છે!'

નરસીંને જાણે એક ધા પડી ગયો. પોતાનો જીવનસાર કોઈએ ખેંચી લીધો હોય એવું લાગ્યું. પણ એ થોડીવાર બોલ્યો નહિ.

'બાવાજી! મંદિર ક્યાં આવ્યું?'

'આ દેખાય ભાઈ! આંહીંથી જ--જાવું હોય તો જઇ આવો ને. હજી હું આંહીં આરતી ટાણા સુધી છું. જોખમ તો નથી નાં કાંઇ!'

'ના ના—'

નરસીંના પગ ભાંગી ગયા હતા. તે મંદિરની દશ ભણી ચાલી નીકળ્યો. ત્યાં એણે કોળણે બાંધેલા એક નાના સરખા દેવાલયની આશા રાખી હતી!

મંદિરના ચોગાનમાં એ પહોંચ્યો તો ત્યાં કોઇ હતું નહિ. ઘંટ વગાડી, પોઢિયા પાસે ઊભો. અંદર દર્શન કર્યાં. અચાનક નીચે દૃષ્ટિ પડી ને થંભી ગયો: 'અરે! ન માનતો હોય તેમ એ ઘડી ઊભો જ રહી ગયો.

એના પગ નીચે જ આરસની તકતીમાં વાંચી શકાય એવડા મોટા અક્ષરોમાં કોતરેલો લેખ હતો: 'ભગવાન નરસિંહેશ્વરનું આ મંદિર, કોળણ કંકુડી નરછીંબકાલના દોસ્તદાવે, એણે ભેટ આપેલ 'નેકલેસ' ના પૈસામાં પોતાના પૈસા ઉમેરીને બન્નેના લોક-કલ્યાણાર્થે બંધાવ્યું છે. ને આંહીં સૌ દર્શને આવનારની ચરણરજ એમને નીત નીત મળતી રહે, માટે બન્નેના નામ કોતરાવ્યાં છે: નરસીં બકાલ...કોળણ કંકુડી!'

નરસીં કોણ જાણે કેટલીવાર સુધી ઊભો ઊભો આ લેખની સામે ટગર ટગર જોયા કરત પણ એટલામાં ચોગાનમાં દર્શન માટે આવેલ કોઇએ ઘંટાનાદ કર્યો. અને એ જાગૃત થઈ ગયો.

★

ચાર વિદેશી બહારવટિયાઓની કથા

સુધરેલી દુનિયાની સલામત ગોદમાં, ઉછરેલા અને ખડિયામાં ખાપણ રાખીને મર્દાઇથી જીવવાની તક વિહોણા રહી ગએલા સમાજના બંદીવાનોને અજબ વશીકરણ કરી જતી ચાર વિદેશી બહારવટિયાઓની જવાંમર્દીની પ્રેરક કથાઓ. એકલ હથ્થા યુરોપી બહારવટિયાઓનાં આ ચરિત્રો ખૂબ ભરોસાદાર છે. કારણ કે લોકકથાઓના પોપડા એના પર ચડ્યા નથી.

કિંમત રૂ. ૩-૦-૦ ટપા. ર. ખ. ૦-૬-૦

ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામસેવકની કોર્ટ

ઈશ્વર પેટલીકર

રા. ભાઈશ્રી,

ગઇકાલે (તા. ૨૨-૯-૪૭) બોરસદ જઇ આવ્યો. રાસના શ્રી આશાભાઇ લલ્લુભાઇ પટેલ પીઢ ગ્રામસેવક છે. સરદારશ્રી વલ્લભભાઈના અદના સૈનિક છે. પૂ. રવિશંકર મહારાજમાંથી પ્રેરણા લઇ પોતાનો સેવા-દીવડો જલતો રાખે છે. રાસ અને એની આજુબાજુના ગામડાં એ એમનું ક્ષેત્ર છે.

એમનાં વિવિધ કાર્યક્ષેત્ર અંગે હું અહીં કંઇ લખતો નથી. પરંતુ જેમના દિલમાં સેવાની ભાવના સેવા ખાતર જ જન્મી છે, એવા સેવકના અંતરમાં રચનાત્મક કાર્યોનાં વિવિધ પાસાં આપોઆપ સ્ફૂરે છે, તે એમનાં કાર્યો જોનારને આપોઆપ દેખાય છે.

૧૯૪૨ની લોકક્રાન્તિમાં જેલમાં ગયા પછી એ '૪૪ના જુલાઇમાં છૂટયા. તરત એમણે લાંચરુશ્વત અંગે જુંબેસ ઉપાડી. લોકોની કેફિયતો ભેગી કરી. જે અમલદારોએ લાંચ પાછી આપવા કબૂલ્યું તેમની સાથે રકમો પરત લઇ સમાધાન કર્યું. બીજા ઉપર કેસ માંડ્યા. તેવા ચોપન કેસ, સાક્ષી પુરાવા સાથે સરકારને સોંપ્યા. એમાંથી પાંચ કેસ ચલાવવાની મંજૂરી મળી! તેમને બધાને જેલની શિક્ષા થઇ છે, અપીલો થઇ છે. હજુ સુધી બીજાની મંજૂરી મળી નથી!

કસ્તુરબા સ્મારક ફંડ આવ્યું. એ સ્મારકમાંથી રાસમાં મહીકાંઠાના ગામડાની પ્રજાને ઉપયોગી થાય તેવું દવાખાનું ઊભું કરવું એમ વિચાર્યું. રૂપિયા એક લાખ ચાલીસ હજારનું ફંડ ઉઘરાવ્યું ત્યારે એ પેટે એમને ૧૭૫ રૂપિયા ખર્ચ આવ્યું છે।

'૩૭માં કોંગ્રેસપ્રધાનમંડળ આવ્યું ત્યારે રાસમાંથી દારૂનું પીઠું બંધ કરાવ્યું હતું. તેથી જોડેના ગામનું, વાસણાનું પીઠું ભારે વકર્યું. જે ઇજારો ૫૦ રૂપિયે અપાતો હતો તે વધતાં વધતાં '૪૪ માં એ જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે ૧૩ હજારે પહોંચ્યો હતો. તેને બંધ કરવાનું તો સરકારના હાથમાં હતું, પરંતુ જે દારૂ રાસમાં ધૂમ આવતો હતો તે એમણે લગભગ બંધ કરાવ્યા જેટલો પ્રયત્ન કર્યો.

ગુજરાતમાં હરિજનો માટે કૂવો ખુલ્લો મૂકાયાનો પ્રસંગ ગામસમસ્ત તરફથી બન્યાનો સાંભળ્યો નથી. '૪૪થી એ પ્રયત્ન કરતા હતા, પરંતુ ભંગી લોક તૈયાર ન થવાને કારણે એ સફળ થયો ન હતો. છેલ્લે ત્રણ માસ ઉપર ભંગીઓએ ગામને કૂવે પાણી ભર્યું! લોકો એ કૂવે પાણી ભરે છે.

દૂધના સંચાનો પ્રશ્ન એમણે રાસમાં ઉપાડ્યો. એને માટે મોટી ટક્કર ઝીલવી પડી. વેપારીને દૂધ બંધ કરવું પડ્યું છે, છતાં ગ્રામપ્રજાની નિર્બળતાને ઓળખતા વેપારી એમ સહેજમાં મચક આપતા નથી. દૂધ બંધ થયાં છ માસ થયા છતાં વેપારી કંપનીએ પોતાના મેનેજરને ત્યાં રાખી મૂક્યો છે. ગામની એકતા તૂટશે અને પોતે વેપાર ચાલુ કરી શકશે, એ ગણતરીએ માસિક ૧૦૦-૧૫૦ નું ખર્ચ કંપની નભાવે છે.

એવો જ ગામનો પાક ચોરાય નહિ તે માટે સાચવવાનો પ્રશ્ન પણ એમણે હાથ ધર્યો.

આમ એમના કાર્યોના વિધવિધ પ્રકાર હોય છે પરંતુ ચાર અઠવાડિયાથી એમણે એક નવો પ્રયોગ આરંભ્યો છે તેની વિગત જણાવવા જ હું આ પત્ર લખી રહ્યો છું.

ગામડાની પ્રજા કોર્ટકચેરીએ જઈને જે ખુવાર થાય છે તે ઉપર ધ્યાન આપવાની જરૂર છે એમ તેમને વસતાં એક પ્રયોગ માંડ્યો છે. દર સોમવારે એ બોરસદ જાય છે. સરકારી કોર્ટોની જેમ એમણે ગ્રામસેવકની કોર્ટ ખોલી છે. બેઉ પક્ષોને એ હાજર જાવે છે અને જે કેસ સમાધાન થઇ પાછો ખેંચાય તેવો હોય તે પાછો ખેંચી લેવડાવે છે. અને જે ગુનો કબૂલી શિક્ષા થાય તેમ હોય તેનો એ રીતે પતાવે છે.

એ કામ રૂબરૂ જોવા હું ગઇકાલે બોરસદ ગયો હતો. બાર અને વીસે હું ગયો ત્યારે એમની કોર્ટ ચાલુ થઇ ગઇ હતી. કેસ ચાલતો હતો. કાનુ ગામના ફરિયાદી પરમાર ધૂળાભાઇ મોતીભાઈના ખેતરમાંથી અને દસ બાજરીનાં ડૂંડાં ગુનેગાર રૂપા રણછોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવા રાત્રે ચોરી લાવ્યા હતા. આશરે ચાર રૂપિયાની કિંમતની ચોરી હતી એમ ફરિયાદીનું કહેવું હતું.

ગુનેગારોએ ગુનો કબૂલ કરી દીધો. એ બેઉ પક્ષના જે વડીલો હાજર હતા તેમને એમણે કહ્યું કે ગુનો કબૂલ કરશો એટલે તમને છોડી મૂકશે એમ ન માનતા. હું કંઇ ગુનેગારોને શિક્ષા વગર છોડાવવા નથી બેઠો. મારું કામ તો તમે આ કોર્ટોમાં આવી ખુવાર થાવ છો તે બંધ કરવાનું છે. ચાર રૂપિયાની ચોરી રાતે કરવા કરતાં એ બે જણ દિવસે મજૂરીએ ગયા હોત તો પણ એટલા પૈસા મળી રહેત. એમની પાસે પહેરવાનાં પૂરાં લૂંગડાં તો છે નહિ. અને અહીં વકીલોને રૂપિયા આપવા પડશે. ચોરીનો કેસ એટલે વકીલ વધારે માગશે. બેઉ પક્ષે થઇને ૧૦૦ રૂપિયા તો જાય જ. કેટલાય દિવસ કોર્ટોમાં ધક્કા ખાવા તે જુદા. એટલે આ ધંધો ખોટો છે એમ માનતા હો, ફરી નહિ કરીએ એમ કહેતા હો તો જ આમ ગુનો કબૂલ કરવાનો અર્થ છે.

ગુનો કબૂલ કરવાથી જે સજા થશે તે પોતે ભોગવવા તૈયાર છે. અને હવે પોતે એમ નહિ કરે, એમ ગુનેગારે કબૂલ કર્યું. એ કેસ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં રજુ થયો એટલે ગુનેગારોએ ગુનો કબૂલ કર્યો. પહેલો ગુનો હતો. એટલે તાકીદ આપીને કોર્ટે એ લોકોને છોડી મૂકયા.

બીજા કેસના ફરીયાદી મણિલાલ ભગવાનદાસ હતા. તેમના ખેતરમાંથી સોળ વર્ષના મંગળ મરઘાએ સુરણની ત્રણ ગાંઠ ચોરી હતી. છોકરાએ ગુનો કબૂલ કર્યો. એને એ બોલ કહેતાં શ્રી આશાભાઈએ કહ્યું: 'અલ્યા, તારા દાંતેથી માનું ધાવણ સુકાયું નથી ત્યાં આ ધંધો કરવા મંડ્યો! મોટો થતાં બારવટીઓ થવા ધાર્યું છે કે શું?' છોકરો શું બોલે? કોર્ટે એને પણ તાકીદ આપી છોડી મૂકયો.

ત્રીજો કેસ દહેવાણના અને હાલ ખંભાત રહેતા વાણિયા ચિમનલાલ ગજુભાઈનો હતો. વિગત એવી હતી કે એમના ખેતરમાં ગુનેગાર ધૂળા નારા ઉંમર પચ્ચાસ વર્ષની, ખેતરનો કબજો પોતાને છે એમ કરી પેસી ગયો હતો. અને એ ખેતરનો જૂનો સાઠ વર્ષનો ખેડૂત હતો તેણે જે વાવેતર વાવ્યું હતું તેને એણે ઊભેરી નાખ્યું હતું. કોર્ટમાં કેસ મંડાયો હતો. દસ મુદતથી કામ અથડાતું હતું. દર તારીખે ખંભાતથી આવવાજવાના અને બીજા ખર્ચના મળી દસ રૂપિયા ખર્ચ થતું હતું. વકીલને ફી આપી હતી તે તો જુદી.

ગુનેગારે ગુનો કબૂલ કર્યો. ખેતરનો કબજો એનો ન હતો. પરંતુ એ વાણિયાનો ભાઇ, જે દહેવાણમાં રહેતો હતો એના કહેવાથી પોતે એ પ્રમાણે કરેલું, એમ એનું કહેવું હતું. એ ભાઇએ આશાભાઇને પણ રસ્તામાં મળતાં કહેલું કે એનો કબજો સાચો છે! ત્યારે એમણે જવાબ આપ્યો કે, 'તારે ભાઇ સાથે લડવું હોય તો લડને. વચ્ચે આ ગરીબ ખેડૂત કશું નથી સમજતો એને ખોટી લાલચ આપી શું કામ આગળ ધર્યો છે!' શું જવાબ આપે?

પોતાનો કોઇ કબજો નથી અને પોતે ખોટી રીતે પેસી ગયેલો, હવે પોતે એમાં કંઇ હરકત નહિ કરે એમ એની પાસે લખાવી લેઇ એ કેસનું રાજીનામું કરાવ્યું.

આમ ત્રણ કેસનો નિકાલ આવી ગયો. બીજા જે કેસનો નિકાલ નથી આવ્યો, પરંતુ સાંભળી લીધા તે નીચે પ્રમાણે હતાં.

પાળજના ૬૩ વર્ષના એક પટેલ અને વાળંદ વચ્ચે પાંચ વસા જમીનની તકરાર છે. વાળંદ કહે છે કે તે મારી છે. પટેલ કહે છે મારી છે! જે ધણી પાસેથી પટેલ કહે છે મેં સં. '૭૦ની સાલમાં રાખી છે, તે ધણી તરફથી પોતાને (વંશ જ ને) પસાયતામાં મળેલી એમ વાળંદ કહે છે. એ જમીન પોતે ગીરો મૂકેલી અને તે છૂટી થઈ ત્યારે તેનું જે લેખીત થયેલું તે વાળંદ રજુ કરે છે. મહેસુલ ભર્યાની પાવતીઓ પણ પોતાની પાસે છે અને પહાણીપત્રકમાં સરકારી ચોપડે પણ પોતાના નામે ચાલે છે. એમ વાળંદનું કહેવું છે. પટેલ કહે છે કે પહાણીપત્રકમાં તલાટીએ ગમે તે ગોટાળા વાળ્યા હોય તે હું શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણું ? કોર્ટમાં તલાટી પાસે કુરાન (તલાટી મુસલમાન છે) ઉપડાવી સોગન લેવડાવીશ. પંદર વર્ષથી એ ગામમાં રહે છે અને વાળંદ એની ગુલામી કરે એટલે મુખી–તલાટી ગોટાળા વાળે એમાં મારે શું ?

મેં કહ્યુંઃ ‘ કાકા ! તમે એવા સોગન ખાવા તૈયાર છો ? ’

‘ હા. ’ તરત કાકા બોલ્યાઃ ‘ હું મહીસાગર પીવા તૈયાર છું. ’

મેં પૂછ્યુંઃ ‘ વાળંદ મહીસાગર પીવે તો ? ’

કાકા : ‘ તો એને આપી દેવા ય હું તૈયાર છું. ? ’

ત્યાં વાળંદ બોલી ઊઠ્યોઃ ‘ મારી જમીન અને હું શું કામ મહીસાગર પીઉં ? ’

વાળંદ ઊઠીને બહાર જતો હતો એટલે મેં પટેલને કહ્યુંઃ ‘ કાકા ! પાંચ વસાની શી કિંમત છે ? પસાયતું આપ્યું હતું એમ માનજો. ’

કાકા એમના પાટીદારિયા સ્વભાવ પ્રમાણે વાળંદને ગાળ દેઇને બોલ્યાઃ ‘ એ કાઠિયાવાડથી આવીને વસેલાને શાનું કશું આપું ?? ગામનો હોય તો આપ્યું ય પરમાણ. ’

વાળંદ પણ તીખો હતો. એણે ગાળ સાંભળી એટલે કહ્યુંઃ ‘ તમે બાયડીને મારી નાખી તેવું અમે નથી કર્યું ને ? ’ એટલું કહીને એ ચાલ્યો ગયો.

કાકા સહેજ પણ ડઘાયા વગર, મારી જોડે બેઠા હતા તે મારા સામે જોઇને વાળંદને ઉદ્દેશી બોલ્યાઃ ‘ એમાં તું શું નવું કહી બતાવે છે ? કોર્ટમાં મેં મારી જાતે કહ્યું હતું કે કચાલની હતી એટલે મેં જ મારી નાખી હતી. ’

પછી તો ભાઈ. મારો વાર્તા રસિયો સ્વભાવ શાનો જંપે ? મેં કાકાને તેથી સંકોચાયા વગર પૂછ્યુંઃ ‘ ક્યારની વાત છે એ ? ’

કાકા એ વીર કથા કહેતા હોય તેમ છાતી કાઢીને બોલ્યાઃ

‘ જુઓને, આજે મને ૬૩ મું વર્ષ જાય છે. એટલે, આશરે ૪૦–૪૫ ની, ઉંમર તે દહાડે હશે. અને મારી નાખીને છુપાવાની વાત મેં કરી જ ન હતી. વળી કોઇના ઉપર આળ ઢોળવું શું કરવા જોઇએ ? મેં જાતે ગુનો કબૂલ કર્યો. કહ્યું કે કચાલની હતી એટલે મેં મારી નાખી. ’

મેં પૂછ્યુંઃ ‘ પછી સજા થઈ હશે ને ? ’

‘ હા, પાંચ વરસ. પણ ચાર વરસ ને ગરુ મહિને છૂટી ગયેલો. ’

કાકાની આ ઉંમરે ય ખુમારી જોઈ મેં કહ્યુંઃ ‘ તો મરવા દો ને હવે આ કેસ. પાંચ વસાની જમીનની કિંમત શું ? એના માટે તમારે કેટલું અથડાવું પડશે—ખર્ચ થશે, ’

કાકાએ વળી પાટીદારિયા સ્વભાવ પ્રમાણે તુચ્છતા-સૂચક અશિષ્ટ શબ્દ વાપરતાં કહ્યુંઃ ‘ એવી પાંચ વસા જમીનને હું...બરાબર ગણું છું. પણ જૂઠને અને મારે આડવેર છે. એ પાંચ વસા જમીન મેં સાત રૂપિયામાં લીધેલી. તે દિવસે તો લોકો મહેસુલ નહોતું ભરતું એટલે મહાદોરી (માલકી હક્ક મૂકી દેવો) મૂકી દેતા હતા. જમીનની આજે ય કંઇ ભારે કિંમત નથી. મારા ખેતરની લગોલગ ન હોત તો હું એટલી લેઉં પણ શું કામ ? અંદર ત્રણ આંબા હવે ફળે એવા થયા છે એટલે વાળંદભાઈની દાનત બગડી છે. પણ એક હજાર રૂપિયા એની પાછળ થઇ જાય પણ હું છોડું શાનો ? ’

આશાભાઈએ મને કહ્યું : ‘ જે કેસમાં પ્રથમથી લોકોએ વકીલ રોકી દીધો હોય છે તેમાં સમાધાન થવું મુશ્કેલ હોય છે. વકીલો બંને પક્ષોને જુદું સમજાવે છે એટલે એ પાણીમાં હોય છે. કાકાએ વકીલ ન કર્યો હોત તો એ સમજત. વળી આવા બંને પક્ષે જુદી વાત છે. એટલે એને વાર લાગશે. ’

ત્યાં બીજો કેસ આવતાં આશાભાઇએ મને કહ્યું: ‘ વકીલો આવા કેસનું સમાધાન કરી નાખવા બહુ આતુર હોય છે. ’

મેં પૂછ્યું : ‘ આની વિગત શી છે ? ’

આશાભાઇ : ‘ એ વેવાઇઓની ફરિયાદ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરી પક્ષે ખોરાકી માગતો દાવો કર્યો છે. બંનેની ફી વકીલોને પતી ગઇ છે. એટલે હવે એંહું પતરાળુ ઉપાડવા આશાભાઈ તૈયાર છે માની સમાધાન હું કરી નાખું તો સારું એમ વકીલો ફી પતી જતાં ઇચ્છે છે. કારણ કે, હવે તેમને કશી મતલબ રહી નથી, સમાધાન થાય તો કામ ચલાવવાની માથાકૂટ મટી જાય એટલો વધારાનો લાભ. છતાં આટલેથી પતતું હોય તો આ લોકો અથડાતા મટે એ લાભ માની નિકાલ આપણે લાવવા પ્રયત્ન કરવો જોઇએ.'

વરપક્ષને સવાલ : 'એ ફરી પરણ્યો છે?'

જવાબ : 'ફરી ન પરણે તો શું કરે? એ છોડી ન મોકલે એટલે બીજું શું થાય?'

કન્યાપક્ષને સવાલ : 'કેમ છોડી મોકલતા ન હતા?'

જવાબ : 'શું સાહેબ, એ તેડતા જ ન હતા. મારીને કાઢી મૂકી હતી......'

એમને વચ્ચે જ રોકી વરપક્ષ બોલી ઊઠ્યો : 'કોણે કાઢી મૂકી છે? તમે ઊલટા છોડીને આવીને તેડી ગયા. દારૂ પીને અમારે ઘેર તોફાન કર્યું. છોડીની બંગડીઓ ભાગી નાખી અને અમારા ગામમાં જ લોકોને કહ્યું કે છોડી રાંડી!'

કન્યાપક્ષ : 'નરાતાર જૂઠું છે. દારૂ પીને તોફાન કર્યું એમ લોકોને કહેતા ફરી અમને વગોવે છે.'

મેં કહ્યું : 'ભલેને કહેતા ફરે. તમે નહિ પીતા હો તો એથી એમનું શું વળવાનું છે?'

છોડીના બાપ કહેઃ 'સાહેબ! ખોટું બોલે એટલે રીસ ના ચઢે? પંદર વર્ષની ઉંમર પછી મેં દારૂ પીધો હોય તો કહો એવા સોગન ખાઉં.'

આ નાતમાં આવા બનાવો નવા નથી. છોડીને બીજે તરત પરણાવવામાં આવે છે, ખોરાકીનો પ્રશ્ન ઊભો થતો હોતો નથી. એટલે મેં કન્યાપક્ષને કહ્યુંઃ 'પણ તમે આ બધી ભાંજગડમાં શું કામ પડ્યા છો? છોડીને બીજે વળાવો ને?'

ત્યાં વરપક્ષ ગાજી ઊઠ્યો : 'સાહેબ, આ દાવો તે સારુ જ કર્યો છે. ખોરાકીનું તો બહાનું છે, એમ એમ કરીને કશું લીધા વગર અમે ફારગતી આપી દઇએ એટલે નવસો રૂપિયા લેઇ બીજે દેવાનું નક્કી કર્યું છે.'

કન્યાપક્ષ : 'તમે લેતા હશો એટલે બીજાંને એવા દેખતા હશો. અમારે તો બીજે દેવી નથી. બાપને એકની એક છોડી છે. જાણે છોકરો હતો એમ માની ઘેર રાખશે.' અને મારા સામે જોઈ કહ્યુંઃ 'ખોટું બોલે છે. સાહેબ! સમ દેઇને પૂછી જુઓ કે તારે ઘેર પરણાવી ત્યારે શું લીધેલું? પાઇ લીધી હોય તો હરામ છે.'

વરપક્ષ : 'તે દા'ડાની વાત જુદી હતી.'

મેં એ પ્રશ્ન જતો કરી કન્યાપક્ષને કહ્યું : તમને ખોરાકી શું મળવી જોઈએ?

'એક ઘર ને બે વીઘા જમીન.....'

'એ તો મિલકત પ્રમાણે મળે ને?'

'બે ઘર છે. મિલમાં ૯૦ રૂપિયા પગાર લાવે છે.'

વરપક્ષ : 'કોના બાપનાં બે ઘર? ત્રણ ભાઇ છે. એક ઘર પણ એના ભાગમાં ના આવે. મિલમાં (પેટલાદ) તો છૂટક બદલીઓ ભરે છે. એ કંઇ રોજની કે કાયમની નોકરી છે કે એ આવક ગણાય.'

મેં કન્યાપક્ષને ધીમેથી કહ્યું : 'તમારે ફારગતી લેવી હોય તો મફત મળે તેવી છે.'

સાંભળનારે કાન સરવા કર્યા : 'નવો કાયદો થયો છે તે પ્રમાણે એણે બીજી બૈરી કરી એટલે જૂનીને છૂટાછેડા જોઈતા હોય તો સરકાર અપાવશે. કશું આપવું નહિ પડે?

મને સાંભળતા વડીલના મોં ઉપરના ભાવથી મને લાગ્યું કે, કન્યાપક્ષને એ જ લાલચ છે. ખોરાકી તો બહાનું છે, કોર્ટમાં પણ તે માટે જ આવ્યા હતા. નાતની રીતે ફારગતી લેવા જાય તો વરપક્ષ લગ્ન વખતે થયેલું ખર્ચ માગે. એ પૈસા જે છોડીને લેઇ જાય એને આપવાના હોય છે.

પછી વરપક્ષને એ પ્રમાણે મેં ખાનગીમાં કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, નવો કાયદો થયો છે તે પ્રમાણે એને તમારે વગર પૈસે ફારગતી આપવી પડશે, માટે લડ્યા વગર માની જાવ ને...'

વરપક્ષ એ કાયદો જાણતો હતો. એણે કહ્યું : 'સાહેબ, તેથી જ, અમને રૂપિયા ના આપવા પડે માટે આ દાવો કર્યો છે એ અમે બધું જાણીએ છીએ. પણ નાતે ય જોશે ને...બાકી એમ ખરચ ન આપે એ કેમ ચાલે?'

ત્રીજો કેસ ખાનપુરના બે પાટીદાર પિત્રાઈઓનો હતો. બંને કાકાના દીકરા હતા. ઉંમરમાં સાઠ અને પચ્ચાસના હશે. તકરાર, સામસામાં ઘર એટલે ભેંસ બાંધવાની જગા વધતી ઓછી ગઈ તેની હતી. મૂળ તકરાર સ્ત્રીઓની. ગૃહકલેશ કહેવાય. તેમાંથી એ મટે માટે પોતાની સરહદમાં ચણી લેવું એટલે બોલવાનું ન થાય, એમ બંને પક્ષે નક્કી કર્યું. તેમાંથી તકરાર એ થઈ કે હક કરતાં એક પક્ષે વધારે જમીન દબાવી. તેથી જે રસ્તો ખુલ્લો રહેવો જોઈએ તે બહુ સાંકડો રહ્યો. એમાંથી બે પક્ષની સ્ત્રીઓ સામસામી બાઝી. ગળાની કંઠી અને પહેરેલાં કપડાં ફાડી નાખ્યાં. કંકાસ મટાડવા ગયા તેમાંથી કંકાસ વધ્યો અને કેસ કોર્ટે આવ્યો. મારામારીની ફરિયાદ થઈ અને દબાણની પણ.

આશાભાઈની પાડોશનું ગામ. બંને પક્ષ એમને ઓળખે. મારામારીની જેમણે ફરિયાદ કરી હતી એમણે સવાલ કર્યો : 'ફરી એ મારામારી નહિ કરે એની તમે ખાતરી આપો છો?'

આશાભાઈ : 'સરકાર ખાત્રી આપે છે?'

એ પક્ષના બીજા ભાઈ બોલ્યા : 'આશાભાઈ! આ તકરારનું સમાધાન થાય એવું નથી. એમનો કંકાસ મટાડવા ચારગામનું પંચે ય ભેગું થઈ ચૂક્યું. ચારપાંચ વખત સમાધાન કર્યું હશે. પણ એનું રૂપ સારું નથી આવ્યું. હવે લડી લીધા વગર છૂટકો નથી.'

એ ભાઈ આ ઉપરાંત બીજા સવાલોના જવાબમાં પણ એટલું ચડ્યુંચડ્યું બોલ્યા કે મારાથી છેવટ બોલ્યા વગર ન રહેવાયું. મેં કહ્યું : 'આશાભાઈ! વચ્ચે જ્યાં સુધી ચડાવનારા આવા માણસો હોય ત્યાં સુધી સમાધાન આ લોકો થવા ન દે.'

એક ભાઈ જે અત્યાર સુધી દૂર ઊભા હતા, તે મારું એ વાક્ય સાંભળી મારી પાસે આવ્યા. મારી નજર એમના ભણી ગઈ. શહેરમાં રહેતા હોય તેવાં ઝીણાં, ઇસ્તરી કરેલાં કપડાં એમણે પહેર્યાં હતાં. મને એમણે કહ્યું : 'અમે લડીએ એવા તમે ધારો છો એ ખોટું છે. એ બોલનાર મારા મોટાભાઈ છે. હું સૈજપુરનો છું, અને અમદાવાદ રહું છું. ફરિયાદ કરનાર મારા સસરા થાય છે. કોર્ટમાં ન જવું જોઈએ એ મતનો હું છું. પરંતુ સામા પક્ષના જે ભાઈ છે, તેમની ભોજાઈ ભારે વઢકણી છે. મારામારી કરનાર પણ એ. ગાળો ભાંડનાર પણ જબરી......'

મેં કહ્યું : 'બૈરાં કંઈ કોઈનું કહ્યું માને છે! એ ભલે ગાળો ભાંડે. સામો પક્ષ ન બોલે એટલે છેવટ એ થાકે.'

એ ભાઈ: 'એ ખરું. પણ સામાં પણ બૈરાં એટલી સમજવાળાં હોય તો શું જોઈએ છે? ગાળો ભાંડે તે એમનાથી ન વેઠાય. વળી આપણે કંઈ એનાથી દબાઈ ગયાં છીએ કે ન બોલીએ, એમ પણ મનમાં હોય. આ તકરાર એટલી લાંબી ચાલતી આવે છે કે ચાનક ન લાગે ત્યાં સુધી એ પક્ષની ઊંઘ ઊડે એવી નથી.'

મેં કહ્યું : 'પણ તેથી એ ફરી તકરાર નહિ કરે એમ તમે માનો છો?'

'એ ખરું, પણ મારાં સાસુને અને સસરાને એમ છે કે એક વખત એની જામીન લેવડાવીએ એટલે એ ફરી નહિ બોલે.'

આમ ત્રણ કેસનો નિકાલ આવ્યો. ત્રણ કેસ સાંભળ્યા. એનું સમાધાન થશે કે કેમ, એ આજે શું કહેવાય?

ભાઈ, આ આટલી લાંબી વિગત લખી તે એટલા કારણે કે, ગામડાની પ્રજામાં કેવાકેવા પ્રશ્નોની તકરાર હોય છે. વળી મારા પત્રનો મૂળ મુદ્દો એ છે કે જો માણસમાં સેવાની સાચી ભાવના જાગી હોય તો જુદા જુદા પ્રસંગે, તેને અનુરૂપ, રચનાત્મક કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને આપોઆપ જડી રહે છે.

આ બધા કામમાં આશાભાઈ સફળ જ થાય છે કે એમનો રસ્તો એ આદર્શ રસ્તો છે, એવો કોઈ મારો દાવો આ કહેવા પાછળ નથી. પરંતુ હોમરૂલ લીગની ચળવળથી સેવાક્ષેત્રમાં પડેલા એ, ત્રીસ વર્ષ એ ક્ષેત્રમાં વીતાવી દીધાં પણ થાક્યા નથી, નિષ્ફળતાઓનો ઇતિહાસ પડ્યો હોવા છતાં, નવું કામ ઉપાડતાં એ બીકથી એ પાછા પડતા નથી, એવો એમને વિચાર પણ આવતો નથી. શ્રદ્ધાપૂર્વક કરવા જેવું લાગતું કામ પ્રેમપૂર્વક કરવું એને જ એ કર્તવ્ય માને છે. ફળની આશા તરફ નજર નથી રાખતા એટલે એ નિરાશ નથી થતા. બાકી આવું મહાભારત કામ કંઈ પોતાના આવા નાના પ્રયોગથી પૂરું થાય, અને કોર્ટોમાં તકરાર નહિ આવે એવું એ પણ માનતા નથી.

પરંતુ આવું કાર્ય કરવાથી લોકોમાં એ અંગે વાતાવરણ ફેલાય, કોર્ટોમાં લોકો બને તેટલા ઓછા આવે, અને આવીને દરેક ખુવાર થાય છે એટલું સમજાય તો પણ પૂરતું છે. અને એવું વાતાવરણ ઊભું કરવા ગામડે ભાષણ કરવા કરતાં તે રચનાત્મક કાર્ય રૂપે કોર્ટના આંગણે એવી પતાવટ કરવા બેસવું એ વધુ અસરકારક છે એમ એમનું માનવું છે.

એમની આ આધેડ ઉંમરે શ્રદ્ધાપૂર્વક સેવા કરવાની ધગશ જોઈ, માનથી એમના પ્રત્યે મારું મસ્તક નમે છે. તમને એવું થશે તો પત્ર લખ્યો સાર્થક માનીશ.

❊

મેઘાણીની સૌ પહેલી ઐતિહાસિક નવલકથા

મેઘાણીની નવલકથા માત્ર ભૂતકાળનાં પ્રસંગચિત્રોને સાંકળી લેતી કથા બનવાને બદલે, એ યુગનાં માનવીઓને, એમની મહત્ત્વાકાંક્ષાઓને અને નબળાઈઓને, એમના પુરુષાર્થને અને પરાજયોને, સંસ્કાર, ભક્તિ, રસિકતા અને શૌર્યને, ખાનદાની અને રખાવટને આપણા હૃદયપટ પર અંકિત કરી જાય છે.

કિંમત રૂ. ૩-૮-૦ રજી. ટ. ખ. ૦-૬-૦

ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારા અને આયોડીનના વિષપ્રયોગનો એક લાક્ષણિક કેસ

રજૂ કરનારઃ—ડૉ. હેન્રી લિન્ડલ્હાર એમ. ડી.

નીચે રજૂ કરવામાં આવેલા કેસ જેવો એક જ કેસ દવાવાદમાં ક્રાન્તિ લાવવા માટે પૂરતો થઇ પડવો જોઇએ. નેત્રનિદાનશાસ્ત્રની ઉપયોગિતાનું, અને હઠીલા દવાવિષપ્રયોગોના કેસોમાં નિસર્ગોપચારક અને દરદી એ બન્નેએ કેળવવા જોઇતાં ધીરજ અને ખંતની આવશ્યકતાનું આ કેસ સરસ રીતે સ્પષ્ટીકરણ કરે છે.

શ્રી. એફ., જે—કેલીફોર્નીઆનો, અને ૫૨ વર્ષની ઉમ્મરનો છે, એ આજથી આશરે પાંચેક વર્ષ ઉપર પહેલવહેલો અમારી પાસે આવ્યો હતો. એને વારસામાં કુદરતી રીતે જ કદાવર ને નીરોગી શારીરિક બાંધો મળેલો હોવા છતાં, એ ઇ. સ. ૧૯૧૦થી પ્રસંગોપાત મજ્જાતંતુઓની અશક્તિના પ્રબળ હુમલાઓથી પીડાતો હતો અને ત્યાર પછી એમાંથી એ બહુ જ ધીમે ધીમે સાજો થતો હતો. જ્યારે એ અમારી પાસે આવ્યો, ત્યારે એ ફરી એક વાર આવા જ એક મજ્જાતંતુઓની અશક્તિના હુમલાથી પીડાતો હતો. એના ભેદી રોગોએ અનેક વૈદકીય નિષ્ણાતો અને વિશેષજ્ઞોના કૌશલ્યને નિરર્થક બનાવ્યું હતું. એની ઉપર પુષ્કળ પ્રમાણમાં અખતરાખોરી કર્યાં પછી તેઓ તેમનાં માથાં ધુણાવતા અને કહેતા કેઃ ‘તમને શું થયું છે એ કાંઇ અમે શોધી શકતા નથી. તમારા બધા જીવનાવશ્યક અવયવો સારી સ્થિતિમાં હોય એમ જણાય છે. તમારો કેસ તો મજ્જાતંતુઓના દૌર્બલ્યની પીડાનો કેસ છે.’ જે દરદીને એવું કહેવાનો સભ્ય રસ્તો છે કે, એ રોગીષ્ટ કલ્પનાથી–શ્રી. એડીના કહેવા મુજબ નાશવંત મનની ભૂલોથી–પીડાઇ રહ્યો છે. ‘નેત્રનિદાનશાસ્ત્ર’ માં. પાન ૧૬૪ ઉપર વૈદકીય કોલેજના આપણા પ્રાધ્યાપકોમાંના એકે મજ્જાતંતુઓની અશક્તિની આપણને આપેલી વ્યાખ્યાં મેં ટાંકી છે. જે નીચે મુજબ છે: ‘એક દરદી મજ્જાતંતુઓનાં સંખ્યાબંધ લક્ષણોથી પીડાય છે; માથાનો દુખાવો, કમ્મરનો દુખાવો, મજ્જાસ્નાયુ-દૌર્બલ્ય, મગજ ઉપર ભારની લાગણી, માનસિક ક્ષોભ, કાનમાં ગણગણાટ, નિદ્રાનાશ વગેરે. આ મજ્જાતંતુઓના લક્ષણો માટે જવાબદાર એવા કોઇ સ્થાનિક કે શરીરબંધારણીય રોગો તમે શોધી શકતા નથી. ખરી રીતે દરદી શાનાથી પીડાઇ રહ્યો છે, તે જ તમે જાણતા નથી, તો તે મજ્જાતંતુઓની અશક્તિ છે.’ આવા કેસોમાં ઝેરી શક્તિની દવાઓ ક્ષુધાપ્રદિપ્તકો, મજ્જાતંતુ શાંતિદાયકો અને નિદ્રક દવાઓ ક્ષણિક રાહત આપે છે, પણ એના પછી તુરત જ વધુ ઉગ્ર ઉથલાઓ દેખા દે છે.

જ્યારે મેં એની નેત્રપરીક્ષા કરી, ત્યારે મને એની આંખો આયોડીનના મોટા ડાઘાઓથી ભરપૂર માલૂમ પડી, અને પારાનું ચિહ્ન તો સ્પષ્ટ રીતે જોઇ શકાતું હતું. મેં એને એ જ વખતે કહ્યું કે, નેત્રનિદાનશાસ્ત્રી તરીકેના મારા સઘળા અનુભવ દરમ્યાન, કેવળ એક જ માણસની આંખોમાં મેં કદી આટલું બધું આયોડીન જોયું નથી.

‘નેત્રનિદાનશાસ્ત્ર’નાં પારા અને આયોડીન વિષે ચર્ચા કરતાં પ્રકરણોનો અભ્યાસ, એ બહુ જ સ્પષ્ટ રીતે બતાવશે કે શરીરમાં આ ઝેરોનું અસ્તિત્વ, ભૂતકાળના એના બધા વ્યાધિઓ માટે, અને નૈસર્ગિક સારવાર હેઠળ પ્રગટનારા બીજા ઘણા વધારે વ્યાધિઓ માટે, પૂરતું જવાબદાર કારણ હતું. મેં એને તુરત જ ચેતવણી આપી કે આ ભયંકર ઝેરોને શરીરમાંથી કાઢી નાખતાં, અને એ રીતે એની ભારે યાતનામાંથી છૂટકારો મેળવતાં વર્ષોનો સમય લાગવાનો સંભવ છે.

સૌથી પહેલો પ્રશ્ન આંખમાંના ચિહ્નોનો તાળો મેળવવાનો હતો. શરૂઆતમાં તો એણે એ પ્રકારની દવાઓ કદી પણ લીધાનો જોરદાર ઇન્કાર કર્યો. ઘણી ઝીણવટભરી પ્રશ્નોત્તરી પછી પણ, આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં અને કનીનિકામાંની કુદરતની નોંધો સત્ય જ કહી રહી હતી એ પ્રકારની એને પ્રતીતિ કરાવવામાં નિષ્ફળ નીવડી હતી. એક દિવસ, એનો લૂલો ડાબો હાથ, જેમાંથી ચાર આંગળાં ખુટતાં હતાં, તેના તરફ નજર નાખતાં આ રહસ્યનો ઉકેલ મને અચાનક મળી ગયો. અઠ્ઠાવીસ વર્ષ પહેલાં એ આંગળીઓ એક અકસ્માતથી કચરાઇ ગઇ હતી. એના ખરાબ રીતે ટુકડા થયા હતા, અને રૂઝ આવવાની ક્રિયા ધીમી તથા કંટાળાભરેલી હતી. કેટલા ય મહિનાં સુધી એ આંગળીઓનાં ઠૂંઠાને બાયક્લોરાઇડ ઓફ મરક્યુરી અને આયોડીનની બનાવટોમાં પલાળી રાખવામાં આવ્યાં હતાં.

કેવળ એની આંખની કનીનિકામાંના ચિહ્નો, અને ‘નેત્ર–નિદાનશાસ્ત્ર’ એ પુસ્તકમાં આપેલા એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલાસા એને બતાવીને જ, લગભગ સતત યાતનાથી ભરેલાં પાંચ વર્ષો દરમ્યાન નૈસર્ગિક જીવન અને ચિકિત્સાને વળગી રહેવાનું, એ દરદીને સમજાવવામાં, અમે સફળ થયા હતા. એ કેવળ મજ્જાતંતુઓના ઉગ્ર, 'ચસકા' અને 'શૂળ' જેવાં દર્દથી પીડાતો નહોતો, પણ સાથે સાથે એ અત્યંત નબળાઈ, બેચેની, અને મનોભાર જે અનેકવાર ગાંડપણ અને આપઘાતની ઘેલછાની લગોલગ પહોંચી જતો હતો, તેનાથી પણ પીડાતો હતો. એક દિવસ એની દુઃખદાયક દશાનું વર્ણન કરતાં એણે કહ્યું કેઃ ' હું પોતાની કોટડીમાંથી ફાંસીના માચડા તરફ જતા એક કમનસીબ ગુનેગારની લાગણીઓ અનુભવી રહ્યો છું ' જો આંખની કનીનિકામાંના ચિહ્નોએ, એની યાતનાના કારણની અને નિસર્ગોપચારની સારવારના ધીરજભર્યા અનુશીલનમાં જ રહેલા એની મુક્તિના એક માત્ર માર્ગની, વાસ્તવિકતાની એને યાદ ના આપી હોત તો એણે અનેકવાર નિરાશા અને ઘૃણાથી સારવાર પડતી મૂકી હોત.

જુલાઈ ૧૯૨૨માં એ ફરી એકવાર સારવાર લેવા માટે પાછો આવ્યો, અને અમારે ત્યાં પાંચેક મહિના રહ્યો. ફરી પાછો એ એક પછી એક એ રીતે કેટલીક ક્રાન્તિઓમાંથી પસાર થયો. એક વખત એના પગ ઉપર ફોલ્લો ઊઠયો, અને એમાંથી આયોડીનની ઉગ્ર વાસ ધરાવતું ચીકણું પ્રવાહી વહેવા લાગ્યું. કેટલીક વાર તો મજ્જાતંતુઓનો શક્તિપાત, નિદ્રાનાશ અને મનોભાર જેવાં લક્ષણો સુધરવાને બદલે બગડતાં હોય એમ લાગતું હતું. એ નિરાશ થઈને સારવાર પડતી ના મૂકે, એટલા માટે એને સમજાવવામાં, મારી સમજાવટની સઘળી શક્તિઓને મારે વારંવાર કામે લગાડવી પડતી. એ એમ કહેતો કેઃ ' ક્રાન્તિઓ, ઉત્સર્ગ, ઉત્સર્ગ અને ક્રાન્તિઓ, એનું એ જ આ પાંચ વર્ષ સુધી મેં સાંભળ્યા કર્યું છે. હું હવે એનાથી થાકીને બેજાર બની ગયો છું. અને મારે હવે આ બધી બલામાંથી ભાગી છૂટવું છે. ' ફરીવાર એકવાર હું એની આંખો તપાસતો અને દવાચિહ્નો તથા હઠીલાં ક્ષતોની થતી જતી ક્રમશઃ સાફસૂફી એને અરીસા વડે બતાવતો. એનાથી એનામાં નવી આશા અને વધુ ધીરજ પ્રગટતાં.

છેક છેલ્લે, એ દરદીએ ઑક્ટોબર અને નવેમ્બરમાં થોડી મુદ્દત માટે સાચો સુધારો અનુભવ્યો. આ વખતે એને એના સુખદ ભવિષ્યના અરુણોદયની ક્ષણિક ઝાંખી થઈ. અમારી સંસ્થા એણે છોડયા પછી થોડાક મહિનાઓ બાદ, અમારા એક ગૃહચિકિત્સક ઉપર એના જે પત્રો આવવા માંડયા તેમાં એના કેસમાં થયેલો અદ્‌ભુત સુધારો કેવી રીતે ચાલુ રહ્યો હતો અને ત્યાર પછી વધુ ને વધુ નિશ્ચિત થતો ચાલ્યો હતો એનું વર્ણન આવતું હતું. એક અઠવાડિયા પહેલાં એ જાતે અહીં આવ્યો હતો, અને એ આદર્શ આરોગ્યનું તાદૃશ્ય ચિત્ર રજૂ કરતો હતો. એના આનંદી ચહેરા ઉપર મધુર હાસ્ય છવાયું હતું. એણે અમને ખાતરી આપી કે જૂના દવાશયતાનો છેવટને માટે અને કાયમને માટે જીતાઇ ચૂક્યા હતા. એનો દેખાવ અને વર્તણૂક એ હકીકત પૂરવાર કરતાં હતાં કે, એ શારીરિક, મજ્જાકીય અને માનસિક રીતે સુંદર સ્થિતિમાં હતો.

આ એક જ કેસ જે બધા પાઠો શીખવે છે તેનો વિચાર કરો : દવાવિષપ્રયોગનાં ભીષણ પરિણામો, કેટલાંય વર્ષો સુધી ચાલુ રહેતી ઉત્સર્ગની કંટાળાભરેલી ક્રિયાઓ, અને છેક છેલ્લે થયેલો નૈસર્ગિક પદ્ધતિઓનો અદ્‌ભુત દિગ્વિજય. આ માણસનો અનુભવો દવાવાદી દાક્તરોની મોટાં શહેરો, નાના કસ્બાઓ, અને ગામડાંઓના પીવાના પાણીને આયોડીનથી પદ્ધતિસર ઝેરી બનાવવાની અધમ યોજનાઓ ઉપર કેવો સરસ પ્રકાશ ફેંકે છે! તેઓને એવો એક મૂર્ખાઇભર્યો ખ્યાલ વળગ્યો હોય છે કે, આવા ખોટા પાયા પર કરવામાં આવતા વિષપ્રયોગોથી તેઓ થાઇરોઇડ ગ્રંથિના રોગોને અટકાવી અને મટાડી શકશે. આપણા શીકાગોના પીવાના પાણી ઉપર ક્લોરીનથી થતો દવાપ્રયોગ ખરેખર ખરાબ જ છે, પણ આખાયે શહેરની વસ્તી ઉપર આયોડીન દ્વારા થતો વ્યાપક વિષપ્રયોગ ઘણા વધારે ગંભીર સ્વરૂપનો છે. આને વિષે આ માસિકના આવતા અંકમાં કહેવામાં આવશે.

જાન્યુઆરી ૧૯૨૪. ધી લિન્ડલહાર મેગેઝીન
પુ. ૩ જું, અં. ૧ લો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. બંસી ગાંધી, બી. [illegible]
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, એમ. [illegible]
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम. एससी., पीएच. डी.

લોટ કયો સારો ?

'સફેદ વિ. ભુરો લોટ' ('White versus Brown Flour') એ નામનું પુસ્તક અમેરિકામાં એફ. એલ. ડનલપ ડી. એસસી. નામના વૈજ્ઞાનિકે બહાર પાડ્યું છે; અને તેમાં ઘઉંના લોટમાં આવેલા ખનીજતત્ત્વો, વીટામીન્સ, તેમજ તે બધાની પાચનશક્તિ (digestibility,) સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડો છે. આ પ્રશ્ન આપણા રોજીંદા જીવનને સ્પર્શતો હોઈ તેમજ ચાલુ અનાજની તંગીમાં માર્ગસૂચક હોઈ એ સંબંધી વિવરણ આંહીં આપવું અસ્થાને નહીં ગણાય. આ પુસ્તકમાં દર્શાવેલા વિચારો સાથે આપણે સંમત થઈએ કે ન થઈએ પરંતુ તે સંબંધી કોઈ પણ નિર્ણયો પર આવતાં પહેલાં નીચેની હકીકત વિચારવા જેવી છે. સફેદ લોટ એટલે ઘઉંના દાણાનો વચલો સફેદ 'આંતર ભાગ' (endosperm) લગભગ ૭૩ ટકા અને ભુરો લોટ એટલે ઘઉંના દાણાનો સંપૂર્ણ ભાગ—૧૦૦ ટકા.

ભુરા લોટમાં રહેલાં પ્રોટીન તત્ત્વોની જીવવૈજ્ઞાનિક કિંમત સફેદ લોટ કરતાં શરીરની વૃદ્ધિ અને વિકાસ માટે ઘણી ઊંચી છે; પરંતુ આ લાભની સામે પ્રોટીન તત્ત્વોવાળા લાટની ઓછી પાચનશક્તિ એ એક ગેરલાભ છે. ઘઉંના દાણાના સૌથી બહારના પડની નીચે આવેલા 'એલ્યુરોન' પડમાં ચરબીવાળા પદાર્થો હોય છે. આનું પ્રમાણુ જો કે બહુ જ ઓછું હોય છે પરંતુ તેમાં કેટલાક અપુરીત ચરબી તેજાબો હોય છે જે આહારની દૃષ્ટિએ અગત્યના હોય છે. ચરબીની હાજરીને લીધે લોટમાં ખટાશ આવે છે.

ખનીજ તત્ત્વો ખાસ કરીને બહારના પડમાં વધારે એકઠા થએલા હોય છે. પરંતુ આ ભાગમાં સારા પ્રમાણમાં ફાઈટીક એસિડ હોય છે જે કેલસિઅમની સાથે સંયોજાય છે અને શરીરને માટે તેને બીનઉપયોગી બનાવે છે. સફેદ લોટમાંથી શરીરને સારા પ્રમાણમાં કેલસિઅમ મળે છે જ્યારે ભુરા લોટમાં રહેલ ફાઇટીક એસિડ તેમાં રહેલ કેલસિઅમને શરીરને માટે બીનઉપયોગી બનાવે છે તેટલું જ નહિં પરંતુ તેની સાથે લેવાએલા બીજા ખોરાકમાં રહેલ કેલસિઅમને પણ શરીરને માટે બીનઉપયોગી બનાવે છે એવો મત પ્રદર્શિત કરવામાં આવ્યો છે કે ફાઇટીક એસિડ સારા પ્રમાણમાં ભુરા લોટ વાટે શરીરમાં દાખલ થાય તો તે હોજરીમાં ઉથલપાથલ કરે છે પરંતુ પાછળથી કેલસિઅમનું પ્રમાણ પાછું સરખું થઈ જાય છે અને તેથી ફાઇટીક એસિડની હાજરીથી થતી નુકશાનકારક અસર ઓછી થાય છે. 'બ્રેડ' (કે રોટલી) બનાવતી વખતે ફાઇટીક એસિડનું સારું પ્રમાણ નાશ પામે છે પરંતુ છૂટા થતા ફોસ્ફરસવાળા પદાર્થો પણ કેલસિઅમનું શોષણ (absorption) કરવામાં દખલગીરી કરે છે. કેલસિઅમરહીત ખોરાકની નુકશાનકારક અસર જો તેમાં મેગ્નેશીઅમવાળા પદાર્થોનું વધારે પડતું પ્રમાણ હોય તો વધે છે. ભુરા લોટનું કેલસિઅમ અને મેગ્નેશીઅમનું પ્રમાણ શરીરને ઘણું પ્રતિકૂલ થાય છે. લોટમાં લોહ કેટલું મળે છે એ સંબંધી પૂરી માહિતી મળી શકી નથી અને તેથી ભુરા લોટમાંથી લોહ શરીરને કેટલું મળે એ સંબંધી ચોક્કસ અભિપ્રાય રજુ ન કરી શકાય.

હવે વીટામીન સંબંધી વિચાર કરીએ. ઘઉંના દાણામાં અંદરના ભાગમાં ગર્ભની સાથે રહેલા ભાગ ('સ્કુટેલમ') માં થીઆમીન સારા પ્રમાણમાં એકઠું થએલું હોય છે. ગર્ભમાં રીબોફ્લેવીન અને આંતર ભાગ (એન્ડોસ્પર્મ)માં અને ફોતરા તેમજ થોડે અંશે ગર્ભમાં નીકોટીનીક એસિડ હોય છે, એટલે ભુરા લોટમાં સફેદ લોટ કરતા ચારગણું થીઆમીન, [illegible] ગણું રીબોફલેવીન અને પાંચગણું નીકોટીનીક એસિડ હોય છે. પ્રમાણભૂત સાબિતી સૂચવે છે કે ભુરા લોટમાંથી બનાવેલી બ્રેડ (કે રોટલી)ને શેકવાથી સારા પ્રમાણમાં થીઆમીનનો નાશ થાય છે અને આ [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તત્ત્વનું વધેલું પ્રમાણ નાબુદ થાય છે. સફેદ લોટ કરતાં ભુરા લોટમાં અઢીગણું પ્રમાણ વીટામીન 'ઇ'નું હોય છે; જો કે લોટને સંગ્રહી રાખવાથી આ પ્રમાણ ઘટે છે. વીટામીન 'ઇ' મોટે ભાગે ગર્ભવાળા નીચેના ભાગમાં હોય છે.

હવે પાચન (digestibility) તેમજ શોષણ (absorbability) સંબંધી વિચારીએ. ઘઉંના દાણાના બહારના પડમાં રેસાનું વધારેમાં વધારે પ્રમાણ હોય છે. આને લીધે આવો લોટ ઓછો પચે છે. ખોરાકમાં મોટો ભાગ બ્રેડ (કે રોટલી)નો હોય તો થુલાનું મોટું પ્રમાણ કેટલાકની હોજરીને ઉથલાવી નાખે એમ પણ બને. એવું સુચન છે કે ગર્ભના ભાગ કરતાં થુલાના ભાગમાં ઓછી અસંવાદિતા છે. આખા લોટનો પાછલો ભાગ જલદીથી આથી શકાય છે એટલે જ આખા ઘઉંનો લોટ બીજા ખોરાકના પાચનમાં દખલ કરે. આંતરડાંમાંથી મળ જલદીથી નીકળે એટલે એનું પૂરતું શોષણ ન થાય. એટલે તેની પૌષ્ટિકતામાં ઘટાડો પરિણમે. ઘણા દાખલામાં આ પ્રતિક્રિયા બહુ જ નજીવી હોય છે. સંશોધનકારોમાં આ સંબંધી એકમત નથી.

ઘઉંના દાણાનો કોઇ પણ ભાગ કાઢી નાખવાથી જેની આપણને ખબર ન હોય એવા પોષણમાં ઉપયોગી અંશો ગુમાવવાનું સંભવિત છે. પરંતુ આમાં જનતાના સ્વાદનો સવાલ છે. લડાઇ પહેલાં અમેરિકાના ૩૦ થી ૪૦ ટકા કુટુમ્બો ભુરા લોટની બ્રેડ કદી લેતા નહિ. ૧૪ ટકા જ માત્ર ભુરો લોટ વપરાતો. એ વાત સાચી છે કે અમેરિકામાં સફેદ લોટ સસ્તો છે પણ કિંમતને અંગેજ આ પસંદગી થતી એમ ખાત્રીપૂર્વક ન કહી શકાય. એક વાત સ્વષ્ટ છે કે આ સંબંધી સંશોધનના પરિણામો વિધવિધ છે અને કેટલીક વાર અસંગત પણ છે. એટલે આ વિષય પર ખાત્રીથી કોઇ પણ માણસ પોતાનો નિર્ણય ન આપી શકે. એકલી બ્રેડની પોષણને લગતી કિંમત આંકવી એ બરાબર નથી કારણ કે આખા આહારના સંબંધમાં એ કિંમત અંકાવી જોઇએ.

અંતમાં, અમેરીકામાં પ્રચલિત 'નેશનલ વ્હીટમીલ ફલોર' સંબંધી પરિસ્થિતિ તપાસીએ. આમાં આખા લોટમાં જેટલા લાભ લઈ શકાય તેટલા લાભ લેવા અને સાથે સાથે ગેરલાભ દૂર રાખવા એમ વિચાર કરવામાં આવ્યો છે. ઘઉંના દાણાનો ૮૦ થી ૮૫ ટકા લોટ પસંદ કરવાથી લોટની પૌષ્ટિકતામાં સારો સુધારો દેખાય છે. ૮૦ ટકા લોટ બહારના ફોતરાની નુકસાનકારક અસરથી મુક્ત હોય છે. થીઆમીન માટે ૮૫ ટકા લોટ કઢાય ત્યાં સુધી થીઆમીનની ઘટ ઓછી આવે છે. પરંતુ ૮૦ ટકા નીચે જતાં આખા ઘઉંના લોટમાં માલમ પડતાં પ્રમાણ કરતાં થીઆમીન છેક ૨૯ ટકા સુધી ઘટી જાય છે. રીબોફલેવીનના પ્રમાણમાં થીઆમીનના હિસાબે ઓછી ઘટ આવે છે. નીકોટીનીક એસિડ એકદમ ઓછો થઇ જાય છે. કેલસિઅમનું પ્રમાણ કેલસિઅમ કાર્બોનેટ નાખીને વધારી શકાય. પરંતુ આમાં મુશ્કેલીઓ આવે છે. આમ કરવાથી મનુષ્યશરીરની ગ્રંથિઓમાં લોહનું પ્રમાણ ઓછું થાય છે એવા ચિહ્નો છે; અને ક્ષારતત્વ વધારવાથી બ્રેડ (કે રોટલી) શેકવામાં થીઆમીનની ઘટ આવે છે. એટલે કણક 'તાંતણો ચાલે એવા' (ropines) થઇ જાય. પણ આ સંબંધમાં કોઇપણ ચોક્કસ અભિપ્રાય જાહેર કરતાં પહેલાં વધારે સંશોધનની જરૂર છે.

(નોંધ : આપણને અત્યારે રેશનીંગમાં મળતો સફેદ લોટ 'નેશનલ વ્હીટમીલ ફલોર'ના નમુના અનુસાર ૮૦ ટકાવાળો છે. એટલે ઉપરની સમજુતી આજના આપણા જીવનમાં ખૂબ મહત્તાપૂર્ણ છે.)

નવરચના

બાંધકામમાં નવી સામગ્રી

વસવાટનો પ્રશ્ન સૌનું ધ્યાન ખેંચી રહ્યો છે. લડાઇને અંગે શહેરોમાં ખૂબ જ ખડકાઈ ગયેલી વસ્તીને રહેવાની અનેક મુશ્કેલીઓ આવી પડે છે. યુદ્ધવિસ્તારમાં લડાઈ દરમિયાન હવાઈ બોંબમારાના પરિણામે અનેક મકાનોનો કચ્ચરઘાણ વળી ગયો છે. વિશેષમાં બાંધકામમાં વપરાતી વસ્તુઓની અતિશય તંગી છે, તેમ જ ભાવ પણ ઊંચા છે. નવાં ઘરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધવાનો પ્રશ્ન ફક્ત હિન્દુસ્તાનનો જ નથી. લડાઈ દરમિયાન સ્થળે સ્થળે ધીકતી ધરાની નીતિ અખત્યાર કરવામાં આવી. એટલે ઘર બાંધવાનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય બન્યો છે. અનેક ફળદ્રુપ ભેજાંઓ નવીનવી કરામતો અજમાવવાની વાતો કરી રહ્યા છે. અમદાવાદમાં પોલી સીમેન્ટની ઈંટોની બનાવટ કરવા માટે કારખાનું ઊભું થાય છે એવા ખબર થોડા વખત પર પ્રગટ થયા હતા.

ફ્લોરીડાના બેકર નામના એક ઇજનેરે કરેલો અખતરો ખાસ ધ્યાન ખેંચે તેવો છે. દરિયા કિનારે તાડનાં ઝાડો ઘણાં થાય છે. તેનાં થડના સાતસાત ઇંચ લાંબા કકડા કરી તેનો ઉપયોગ ઇંટ તરીકે કરી તેણે ઘર બાંધવા માંડ્યા છે. સાત ગજ લાંબા થડના ગોળ કકડા દીવાલની આખી લંબાઇમાં ગોઠવી ઉપર સીમેંટ કાંક્રેટનું પડ કરી લેવામાં આવે છે. તૈયાર થયેલી દિવાલની બે બાજુએ પણ કાંક્રેટનું પ્લાસ્ટર કરી લેવાથી તાડના કકડા દિવાલમાં પૂરાઇ જાય છે. સામાન્ય કદના ચાર ખંડવાળું મકાન બાંધવા જરૂરી તાડના થડિયાંની કિંમત એક સો રૂપિયા થાય. આવા પ્રકારની દીવાલોને ઊધઈ લાગતી નથી. તેમજ આગ સામે તે સારી ટક્કર ઝીલે છે. મુશ્કેલી ફક્ત થડિયાં કાપવાની છે. તાડનાં થડિયાંના રેશા ખૂબ મજબૂત હોય છે. તેથી તેને કાપવામાં બહુ મહેનત પડે છે. મોટા પાયા પર કામ લેવાથી મુશ્કેલીઓ ઓછી થાય.

આપણા તરફ દરિયા કિનારે થતાં ખજૂરાં ઇત્યાદિ તાડની જાતનાં ઝાડ આ બાંધકામમાં કામ આવી શકે કે નહીં તે અખતરા કરી નક્કી કરવું રહ્યું.

અણુશકિતનાં ભયસ્થાનો

અણુશક્તિનો જમાનો આવી રહ્યો છે અને તેને પ્રતાપે દુનિયાની શિકલ કેવી બદલાઇ જવાનો સંભવ છે તે સંબંધી કંઈક ખ્યાલ અમે અગાઉ આ વિભાગમાં આપી ગયા છીએ. પરંતુ અણુશક્તિનાં ભયસ્થાનો તરફ પણ લાલબત્તી ધરવાની જરૂર લાગે છે.

સહુ કોઈ જાણે છે કે જાપાનમાં અણુબોંબ ફેંકાયા બાદ મહિનાઓ સુધી ન સમજાય એવી ... ખતરનાક અસરો અમુક અમુક વિસ્તારોમાં ... આ બધી અસરોનું મૂળ તે કેટલાક પ્રકારનાં વિ... કિરણો હતાં. આવાં વિકેરિત કિરણોને અંગ્રે... radiations કહે છે. સૂર્યમાંથી આવતાં પ્રકાશ ... ગરમીનાં મોજાં એ પણ વિકેરિત કિરણો જ ... વિકેરિત કિરણો ઘણાં પ્રકારનાં છે. તે બધાં ... જોઈ શકાતા નથી. પરંતુ જુદા જુદા પદા... ભેદવાની એ અદ્દભુત શક્તિ ધરાવે છે. તેનાથી ... જવાનો એક જ ઉપાય છે. એવા કિરણોનાં ઉ... સ્થાનથી ખૂબ જ દૂર રહેવું. એ બનવું ખૂબ જ મુશ્કે... છે. વળી અણુશક્તિ જ્યારે ઘર વપરાશની ચીજ ... રહેશે (આજે વીજળી છે તેમ) ત્યારે તેનાં ... ભયસ્થાનો રહેવાનાં જ. બધાં જ વિકેરિત કિ... નુકસાન કરતાં નથી. નુકસાન કરનારાં થોડાંક વિકે... કિરણોમાં માલૂમ પડતા વીજકણો નીચે મુજબનાં છે-

આલ્ફા કણો
બીટા કણો
ડ્યુટ્રોન
પ્રોટોન
ઇલેકટ્રોન
ન્યુ ટ્રોન
ગામા કિરણો.

આલ્ફાકણો કાગળના એક પડની આરપાર ... શકે. ડ્યુટ્રોન છ કાગળની થોકડીની આરપાર ... શકે. ઇલેકટ્રોન ૫૦૦ કાગળની થપ્પીની આર... પહોંચી જાય. ગામા કિરણોથી બચવા બે ઇંચ ... સીસાની પટ્ટી જોઇએ. ન્યુ ટ્રોનની વાત જ ન્ય... બે ઇંચ જાડી સીસાની પટ્ટી પાછળ છ ફૂટ ... ટાંકી હોય તો તેને પણ તે વટાવી જાય.

આવાં ખતરનાક કિરણો સાથે કામ ... માણસો પોતાનું રક્ષણ કેમ કરતાં હશે ? અને ... પણ જરા સરખી ચૂક થઈ તો ?

સૂર્યના વીજચુંબકિય વિકેરણોની મદદથી ... દેખી શકે છે. સૂર્યની એ શક્તિ ઉપર તો ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું—પ્રાણી અને વનસ્પાત સૃષ્ટિ જીવે છે. રૂડિયોમાં કામ આપતાં વિકિરણો આપણા શરીરની આરપાર નીકળી જાય છે છતાં તે બધાં નુકસાન કરતાં નથી. રેડરનાં કિરણો પણ નુકસાનકારક નથી.

વિકિરણ ઉત્પન્ન કરવા વૈજ્ઞાનિકોએ ઉપજાવેલાં સાધનો પદાર્થના અણુઓને ભેદી તેમાંથી નવાં વિકિરણો પ્રગટાવે છે. આવાં અણુભેદનને પરિણામે ઉત્પન્ન થતાં વિકિરણો મુખ્યત્વે ખૂબ જ નુકસાનકારક નીવડે છે. સાઈક્લો ટ્રોન, યુરેનિયમ પાઇલ અને એટમબોંબ ફાટવાને પરિણામે પ્રગટતાં વિકિરણોનું નુકસાન પારાવાર હોય છે.

યુરેનિયમના અણુભેદન (fission)માંથી ઉદ્ભવતા આડપદાર્થો : સ્ટ્રોન્શિયમ, ઝીરકોનિયમ, ટેલ્યુરિયમ, મોલીબ્ડેનમ અને રૂથેનિયમ છે. જે જગા ઉપર અણુભેદનને પરિણામે આ આડપદાર્થો પથરાય છે તે જગા ૩૨ દિવસથી પાંચ વરસ સુધી વિકિરણધર્મી બની જાય છે. પાણીમાં પણ તેવી જ અસર થાય છે. આવા પાણીમાંથી પકડાયેલી માછલી અગર બીજા જળચર જીવો પણ વિકિરણધર્મી બની જતા હોવાથી તે ખોરાક માટે નકામા પડે છે.

એટલે જ જાણકારો કહે છે કે પરમાણુબોંબથી બચવા માટે એક જ ઉપાય છે, અને તે રાજદ્વારી રીતે પરિસ્થિતિ સમાલી લેવી. વિજ્ઞાને હજી બચાવનાં સાધન શોધ્યાં નથી.

પ્રયોગકારો તે પ્રયોગ કરતાં બચવા માટે ત્રણ પ્રકારની સાવચેતી રાખે છે—

૧. એવા સાધનોથી દૂર રહ્યાં રહ્યાં પ્રયોગ કરી શકાય તેવી ગોઠવણ.

૨. વિકિરણ ફેંકાતા હોય તે દિશાથી પર રહેવું. આમાં પણ એક જોખમ તો છે જ. આજુબાજુના પદાર્થો ઉપરથી પરાવર્તન પામી (reflection) એ કિરણો પ્રયોગકાર ઉપર ફેંકાવા સંભવ રહે છે.

૩. વિકિરણો જેની આરપાર ન જઈ શકે એવા પદાર્થની ઓથે રહીને કામ કરવું. ત્રીજો ઉપાય જ બંધબેસતો ગણાય અને કારગત નીવડે.

નવરચના

‘ઈથર’—પ્રકાશનું માધ્યમ

ઇ. સ. ૧૬૭૬ ની વાત છે. ડેનીશ વૈજ્ઞાનિક રોમર ગુરુના ઉપગ્રહોના ગ્રહણનો અભ્યાસ કરી રહ્યો હતો. ગણતરીથી નક્કી કરેલા સમય કરતાં ગ્રહણ મોડાં કેમ થાય છે એ પ્રશ્ન તેને મૂંઝવી રહ્યો હતો. એકાએક તેને સૂઝ્યું કે પ્રકાશને ગતિ હોય તો, પ્રકાશને આવતાં એટલો સમય ન લાગે! તેણે ૭ ૭ માસને આંતરે આવતા ગ્રહણોના સમયનું નિરીક્ષણ કર્યું: ૭ માસમાં પૃથ્વી ને સૂર્યની ફરતી ફરવાની કક્ષાને સામસામેની સ્થિતિમાં આવે. આ કક્ષાના વ્યાસનું અંતર અને ગ્રહણ કેટલું મોડું થાય છે તે સમય એ બેનો મેળ જોડી તેણે પ્રકાશની ગતિ નક્કી કરી. ત્યારબાદ બીજા વૈજ્ઞાનિકોએ પ્રકાશની ગતિ નક્કી કરવા પ્રયોગો કર્યા અને પ્રકાશની ગતિ એક સેકંડમાં ૧૮૬૦૦૦ માઈલ છે એમ નક્કી કર્યું.

પ્રકાશને ગ્રહથી આપણી પૃથ્વી ઉપર આવવા માટે કંઇક માધ્યમ તો હોવું જ જોઇએને. હવાના માધ્યમ વગર અવાજ આવી શકતો નથી. તેમ પ્રકાશને કાંઇક માધ્યમની જરૂર ખરી. વૈજ્ઞાનિકોએ એવું એક માધ્યમ કલ્પી લીધું. તેનું નામ પાડ્યું ઇથર. આ ઇથર કેવો હોવો જોઇએ? વજન વગરનો, પૂરેપૂરો સ્થિતિસ્થાપક, સર્વવ્યાપક, ન દેખાય એવો. પ્રકાશ માધ્યમ વગર ન આવી શકે માટે માધ્યમ જોઇએ અને તે માધ્યમ તે ઇથર.

પ્રકાશ માધ્યમ વગર કેમ ન આવી શકે? જો એવું કલ્પવામાં આવે તો વૈજ્ઞાનિકો આજ સુધી બે ભૌતિક કાર્યને સાંધનારી સાંકળ હોવી જોઈએ એમ માનતા આવેલા તે ખોટું પડે. વૈજ્ઞાનિકો એ સ્વીકારવા તૈયાર નહોતા. એટલે પ્રકાશના માધ્યમ સંબંધી જેમ જેમ ગૂંચ વધતી ગઈ તેમ તેમ ‘ઇથર’માં નવા નવા ગુણધર્મો તે ઉમેરતા ગયા.

મેક્સવેલ નામનો એક વૈજ્ઞાનિક હતો. તેણે એક દિવસે ‘વીજ—ચુંબકવાદ’ (electrol–magnete theory) નું પ્રતિપાદન કર્યું. તેણે જાહેર કર્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળીના તરંગો ફક્ત અવકાશમાં જ (ઇથર વગર) જઇ શકે છે અને તેની ઝડપ પ્રકાશની ગતિ જેટલી જ છે. મેક્સવેલે આ બધી હકીકત પૂરવાર કરવા જરૂરી ગણિત અને સમીકરણો મૂક્યાં (equations).

હવે પ્રશ્ન એ ઊભો થયો કે 'ઈથર'વાદથી મેક્ષવેલના ઊભા કરેલા કોયડા અને પ્રશ્નોનો ઉકેલ આવી શકે? અગર તો જે હકીકત સિદ્ધ કરવા 'ઈથર'વાદની જરૂર પડી છે તે હકીકત મેકસવેલના સમીકરણોમાંથી સિદ્ધ થઇ જાય. સાચે જ મેકસવેલે હિંમતથી જાહેર કર્યું કે પ્રકાશનાં કિરણો વીજ-ચુંબકિય જ (electro-magnete) છે અને તેને વીજ-ચુંબકિયવાદના તમામ નિયમો લાગુ પડે છે.

પણ આ બધું તો ગણિત અને વાદમાં ઠર્યું. પ્રત્યક્ષ સાબિતી ક્યાં?

મેકસવેલનું ગણિત અને સમીકરણો બહાર પડયા બાદ વીસ વરસનો ગાળો વહી ગયો. ૧૮૮૬ની સાલ હતી. હર્ઝન નામનો જર્મન વૈજ્ઞાનિક પોતાની પ્રયોગ-શાળામાં પ્રયોગ કરી રહ્યો હતો. એક વીજળીના સર્કીટમાં ઉત્પન્ન કરેલા તણખા ત્યાંથી દૂર પડેલા બીજા વીજળીના સર્કીટમાં ઉત્પન્ન થયા. આજના વાયરલેસનું આ મૂળ હતું. દૂર રહ્યા રહ્યા આ તણખા ઉત્પન્ન થઈ શકે છે. તેની ઝડપ પણ પ્રકાશની ગતિ જેટલી જ છે અને તે પણ મેક્ષવેલના ગણિતને અનુ-સરીને જ! પ્રત્યક્ષ સાબિતી મળી ચૂકી.

'ઈથર'માં અનેક ગુણધર્મોનું આરોપણ કરવામાં આવ્યું. ઈથરવાદના જે જે સિદ્ધાંતો હતા તે બધા મેકસવેલનાં ગણિતથી સમજાવી શકાતા હતા. ઈથરની જરૂર ન રહી.

છતાં ઈથરવાદીઓ એમ પાછા પડે એવા નહોતા. તેમણે જાહેર કર્યું કે 'ઈથર' છે જ અને વીજ-ચુંબકિય બધા ગુણો ઇથરથી જ અનુભવાય છે.

પ્રકાશ તેમ જ અન્ય વીજચુંબકિય આંદોલનો ચોક્કસ ઝડપે ગતિ કરી શકે છે એ વસ્તુ સ્વીકારવામાં આવે તો પછી તે ગતિ કયા માધ્યમમાં થાય? થવી જોઇએ? એ માધ્યમ તે ઇથર.

ગતિવાળા પદાર્થ સાથે તે પણ ગતિ અનુભવે છે? માઇકેલ્સન નામના વૈજ્ઞાનિકે ઇ. સ. ૧૮૮૧માં એક અગત્યનો પ્રયોગ કર્યો. તેણે ધાર્યું કે ઇથરસ્થિર હોય અને પૃથ્વી એમાં ફરતી હોય તો પછી પૃથ્વી જે દિશામાં ફરે છે તે તરફની દિશામાં પ્રકાશની ગતિ વધારે થવી જોઇએ. તેથી તેણે પૃથ્વીની ગતિ તરફની દિશા (પશ્ચિમથી પૂર્વ તરફની) અને તેને કાટખૂણે-ની દિશા એમ બે દિશામાં પ્રકાશની ગતિ માપી જોઇ. પરંતુ તે બંને દિશામાં પ્રકાશની ગતિ એક સરખી જ થઈ. તેણે એવું અનુમાન તારવ્યું કે ઇથર પણ ફરતી પૃથ્વીની સાથે સાથે જ ફરતો હશે. પરંતુ કેટલાક પ્રયોગો તેમ જ ખગોળને લગતા બનાવો અને ગણતરીને આધારે તે અનુમાન ખોટું હોવાનું જણાયું.

ઈથિર સ્થિર જ ઠર્યો. છતાં માઇકેલ્સનનો પ્રયોગ પણ સાચો ઠરે તેવું કાંઈક વિચારવું રહ્યું. પણ બહુરત્ના વસુંધરા!

'ગતિ' એટલે શું? અંતર અને સમયનો ભાગાકાર એટલું જ ને? જ્યારે પ્રકાશની ગતિ જેવી મોટી ગતિનો વિચાર કરતા હોઇએ ત્યારે એમ કેમ ન બને કે અંતર અને સમય એ બન્નેમાં એકસરખો જ ફેરફાર ન આવે? જો એવું બને તો ભાગાકાર એકસરખો જ રહે અને ગતિમાં ફેર પડે નહિ. ફીટ્ઝજીરાલ્ડ અને લોરેન્ઝ નામના વૈજ્ઞાનિકોએ આ અનુમાન વહેતું મૂક્યું. આ થઇ ઓગણીસમી સદીના અંત સુધીમાં 'ઇથર'ની પ્રગતિ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ. મ. રા.

કેટલીક નવલકથાઓ

એકલવીર

[લે. ચુનીલાલ વ. શાહ, પ્રકા. લોકપ્રકાશન લિમિટેડ, રેવડી બજાર અમદાવાદ મૂલ્ય ત્રણ રૂપિયા.]

શ્રી. ચુનીલાલ શાહની ઐતિહાસિક નવલકથાઓની સંખ્યામાં એક ગણનાપાત્ર કથાનો ઉમેરો કરતી આ નવલકથા ‘પ્રજાબંધુ’ની ૧૯૪૭ની ભેટ-કથા છે. વિ. સં. ૧૨૮૦ના એક તામ્રપત્રમાં મળી આવતા અનેક વિશેષણોથી નવાજાયેલા ‘શ્રીમદ્ અણહિલપુર રાજધાની અધિષ્ઠિત અભિનવ સિદ્ધરાજ શ્રીમજ્જયંતસિંહ’ એવા ભીમદેવ બીજાના સમયના એક જયંતસિંહ સોલંકી વિશેના ઉલ્લેખથી અને ‘એકાંગવીર’ એવા તેના એક વિશેષણથી પ્રેરણા મેળવી શ્રી. ચુનીલાલ શાહે પોતાની કલ્પનાને ગતિવતી કરીને આ કથા લખી છે.

કથાની લખાવટ આકર્ષક છે. તેને માટે પ્રો. બેઇને પોતાની કેટલીક વાર્તાઓમાં તેમ જ કાર્લાઇલે પોતાના ‘સાર્ટર રિઝાર્ટસ’ ગ્રંથના માટે જે સાહિત્યિક યુક્તિ અજમાવી છે તેવી શ્રી. શાહે આ કૃતિના પ્રવેશકમાં પ્રયોજી છે. સહસ્રલિંગના અવશેષો અને જૂના પાટણનાં ખંડેરોની ભૂમિમાં કોઈ ભોંયરામાંથી પોતાને મળી આવેલ જયંતસિંહ સોલંકીની આપવીતીની હસ્તલિખિત અપભ્રંશ પોથીનો પોતે ગુજરાતીમાં અનુવાદ જ કરતા હોય એમ ગંભીર રહીને નિરૂપીને શ્રી. શાહે ભોળિયા વાચકો એ વાત ખરેખર માની જ લે એવી યુક્તિ કરી છે. સ્વસ્થ પ્રકૃતિના શ્રી. શાહની કલમનું આ એક આનંદદાયક ચમત્કારક સાહસ છે.

મોઢેરક મંડલનું હકનું સ્વામિત્વ ન મળતાં મોઢેરકના મંડલેશ્વર કૃષ્ણદેવના પૌત્ર લક્ષ્મણદેવનું બહારવટું: તેના પુત્ર જયંતસિંહનો ઉછેર, પાટણના કુકુટધ્વજની કીર્તિ ચોગમ ફેલાવવાની અભિલાષા અને મહત્ત્વાકાંક્ષા, પિતાનું બહારવટું છોડાવી દસ વરસમાં પોતાના પરાક્રમ અને ગુર્જરેશ્વરની સેવાથી મોઢેરક મંડલ પાછું મેળવવા ને ન મળે તો તેનાથી દોઢું બહારવટું લેવાની તેની પ્રતિજ્ઞા; ઉત્તરોત્તર ઉજ્જવલ બનતી તેની કારકીર્દી, નિર્માલ્ય ભીમદેવને પંચાસરમાં પૂરી રાખી ગુજરાતની ગુમાયેલી પ્રતિષ્ઠા ને પ્રભાના પુનઃસ્થાપન અર્થે ગુર્જરેશ્વરના બધા અધિકાર અખત્યાર કરવાનું તેનું તેજસ્વી ને ભાવના-પ્રેરિત ગૌરવપ્રદ પરાક્રમ, અને શૂરવીરતા તથા ભાવના છતાં કપટલીલાના અનુભવથી બહુદેવ અને ધોળકાના લવણપ્રસાદના પ્રપંચનો ભોગ બની ત્રણ માસ બંદી બની મૃત્યુની રાહ જોતા રહેવાનું તેનું દુર્ભાગ્ય: આ બધી હકીકત કથાને મસાલો પૂરો પાડે છે. માળવા ને મુસલમાનો ગમે ત્યારે આવીને નાક કાપી જાય એવી પાટણની હતગૌરવ અવસ્થા, મંત્રીઓની અદીર્ઘદૃષ્ટિ, રાજાની નબળાઇ અને મંડળેશ્વરોની દોંગાઇનું ગુજરાતની તત્કાલીન પરિસ્થિતિનું ચિત્ર પશ્ચાદ્ભૂમાં સારું દોરાયું છે. એ પરિસ્થિતિ વચ્ચે સોલંકી વર્ચસ્વ જઇ પાટણ પર વાઘેલાવંશની સત્તાની સ્થાપનાની રચાતી જતી પૂર્વભૂમિકા પણ ધોળકાના મુત્સદ્દી અને મહત્ત્વાકાંક્ષી લવણપ્રસાદને કથામાં મહત્ત્વની કામગીરી સોંપીને લેખકે રજૂ કરી છે. કથામાં પ્રણયવાર્તા પણ લેખકે ગોઠવી છે. જયંતસિંહને પ્રથમ દર્શને આકર્ષતી અને તેના પ્રત્યે આકર્ષાતી કળી, તથા પંચાસરના રાણા લૂણપસાકની કુંવરી ભવાની, એ બંને તરફ જયંતસિંહનું અને જયંતસિંહ તરફ બંનેના દિલનું ખેંચાણ, અને કળીને લૂણપસાકથી ભીલ યુવતીને પેટે થયેલી પુત્રી અને એ રીતે ભવાનીની બેન ઠરાવી આખરે લેખકે કરેલું ભેટસ્ફોટન એ પ્રણયકથાને રસભરી બનાવે છે.

નબળા અકાર્યકર અકીર્તિકર રાજત્વની સામે બંડ પોકારી રાજપદની સ્પૃહાથી નહિ પણ રાજ્યની ગુજરાતની પ્રતિષ્ઠાને ખાતર રાજસત્તા હાથમાં લેવા જયન્તસિંહને પ્રેરતી તેનામાં લેખકે મૂકેલી ગુજરાતની સેવાની ભાવના જે દેશકાળની વાત થાય છે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા નવી લાગે છે, પણ છે જાતે આકર્ષક, અને કથાને આકર્ષણ અને ગૌરવ બેઉ આપે છે.

રસ ધીમો પણ અસ્ખલિત ગતિથી છેક સુધી વહ્યે જાય છે, અને ખૂંચે કે અપ્રસન્ન કરે એવું કથામાં ક્યાંય આવતું નથી. પાત્રાલેખનમાં નાયક જયન્તસિંહ, લવણપ્રસાદ, રાજવૈદ્ય શર્મા, ભવાની તથા કળીનું આલેખન સારું થયું છે. શ્રી. ચુનીલાલ શાહની તેમને સાઠમે વર્ષે લખાયેલી આ નવલકથા તેમનું યશોવર્ધન સર્જન છે એમાં શંકા નહિ.

સાથી

[લે. રામનારાયણ ના. પાઠક; પ્ર. ભારતી સાહિત્ય સંઘ–મુંબઇ–અમદાવાદ; મૂલ્ય પાંચ રૂપિયા]

લેખકની ગાંધીવાદી દૃષ્ટિએ એમની પાસે લખાવેલી આ નવલકથા છે. પૂનાની ખેતીવાડી કૉલેજના છેલ્લા વર્ષનો એક વિદ્યાર્થી '૪૨ની લડતવેળા અભ્યાસ છોડી હિંસક ક્રાન્તિકારોની ટોળીમાં ભળી, સાતારા ધાડકેસનો કેદી બની, જેલ તોડી નાસી નીકળી, પોતાનો માર્ગ ખરો નથી એવા અંતરમાં ઊગતા ભાનની પ્રેરણાથી તેમજ જરૂરી અજ્ઞાતવાસને માટે કાઠિયાવાડમાં ભાવનગર પાસે નવાગામમાં આવી ત્યાંના રૂડા પટેલનો સાથી બને છે. એનું ખરું નામ કે. (=કેશવભાઈ) આર. પટેલ, પણ એ અહીં ટપુ ને પાછળથી ટપુભાઇ તરીકે જ ઓળખાય છે. એ જ છે આ કથાનો નાયક, એ સાતારા ધાડકેસમાં કેવી રીતે સંડોવાયો એની નક્કર વીગતોવાળી પૂર્વકથા લેખકે કહી નથી. એ જેલમાંથી ભાગ્યો ને કાઠિયાવાડમાં સાથીનું નવું જીવન ટપુ નામથી શરૂ કરે છે ને પેલી હિંસક પ્રવૃત્તિ છોડે છે ત્યાંથી જ લેખકે વાતનો આરંભ કર્યો છે. અહિંસાની રચનાત્મક પ્રવૃત્તિની સરસાઇ બતાવવાનું જ કર્તાનું ધ્યેય છે, એટલે પેલી પૂર્વકથાનો એને ખપ નથી. સાથી બનેલા નાયકને ફરી પાછો એકવાર મહારાષ્ટ્રમાં લેખકે મોકલ્યો છે, જ્યાં તે કાર્ય તો આગલું જ કરે છે પણ તે લોહિયાળ ક્રાન્તિની પદ્ધતિએ નહિ પણ નવી અહિંસાની ભાવના સાથે. હિંસામાંથી અહિંસાના માર્ગે એ કઇ રીતે આવ્યો તેનો પ્રતિહાસ કથામાં નિરૂપાયો નથી, પણ એ પરિવર્તન એનામાં થઈ ગયું છે એમ જ માનીને વાચકે આગળ વધવાનું રહે છે. મહારાષ્ટ્રમાંથી પાછો આવી નાયક પાછો સાથી ટપુ જ બની જાય છે. એની અસર ગામલોકો પર, કરડા ને અમલદારો સાથે સારો નાતો રાખતા રૂડા પટેલ પર, તેની દીકરી પર અને રમેશ તથા લીલા જેવાં જુવાન સાથીદારો પર વધતી જાય છે. એની મોટી સિદ્ધિ તો છે રૂડા પટેલમાં એણે આણેલું પરિવર્તન. ગ્રામપંચાયત ઊભી કરી સ્થાનિક સ્વરાજનું તંત્ર અહિંસક રહીને સ્થાપવાની અગત્ય તે રૂડા પટેલને ગળે ઉતરાવે છે. પણ એ કાર્ય સિદ્ધ થાય તે પહેલાં તે એત્રણ સાથીઓ સાથે ગાંધીજીની પદ્ધતિ મુજબ પોલીસને શરણે થઈ જાય છે. જેલવાસને અંતે છૂટીને તે સાથીઓ સાથે પાછો આ જ ગામમાં તેની સેવાને અર્થે રહેવા ને કામ કરવા આવે છે. તેનું ખરું નામ સાવ ભૂલાઇ જ જઈને, તેનું સાચું ઓળખાણ બધાને થઇ ગયું છે છતાં તે ત્યાર પછી પણ, ટપુભાઇ નામથી જ ઓળખાય છે. નવાગામમાં પછી સ્થાનિક સ્વરાજ સ્થપાયું કે નહિ તેની વાત વાર્તાકારે કરી નથી. એટલું જ એમણે બતાવ્યું કે સાત વરસથી ખાદી કાર્યાલય કરીને ગામમાં બેઠેલ વિનુભાઈ જે ન કરી શક્યા તે આ જુવાને પટેલના સાથી બનીને સાધ્યું. ભણેલાઓ ગામડામાં ગ્રામવાસીઓ જેવા જ થઇ રહી તેમની અંદર ભળી શ્રમજીવન જીવે ને તેમની સેવા કરી તેમને ઊંચે લઇ જાય તો જ કાર્યસાધક પરિણામો આવે એ એમ કરીને લેખકે સમજાવવા માગ્યું છે.

વાર્તાકારે રૂડાભાઈના નવા સાથી ટપુનો ભેદ તરત જ પોતે આપણને કહી નાખ્યો છે. ઘણા વખત સુધી એ રહસ્યવેષ્ટિત રહે ને છેક છેવટે ઘટસ્ફોટ થાય એવું સંવિધાનકૌશલ વાપરવાને બદલે વાર્તાને સીધી શૈલીની સાદી વારતા બનાવી દીધી છે. ગામને ધાકમાં રાખતો રૂડો પટેલ, નિઃસ્વાર્થ સ્નેહથી ટપુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતી પટેલપુત્રી દેવુ, ખાદી કાર્યાલયવાળા વિનુભાઇ, સાહસશૂરી રાષ્ટ્રપ્રેમી લીલા, ટપુનો ભક્ત બનતો કાનો—આ ને બીજાં પાત્રો એકંદરે ઠીક આલેખાયાં છે, અને ગામડાનું તથા મહારાષ્ટ્રનું વાતાવરણ જાળવવાનો પ્રયાસ ઠીક થયો છે, તેમ છતાં એમ જરૂર લાગે છે કે પાત્રોની ખીલવણીમાં તથા વાતાવરણના ઉઠાવમાં લેખકને એટલો રસ નથી જેટલો પેલા ધ્યેયમાં છે. વાર્તાની સરળતાથી કંઇ જીવનમાં ક્રાન્તિકારીના ને રૂડા પટેલ જેવા પટેલના પલટા થતા હોતા નથી; તેમ ટપુની બધા પર થઇ તેવી અસર અને ગ્રામ-પંચાયતની સ્થાપનાની અનુકૂલતા એટલી સહેલાઇથી થતી નથી. આપણે એટલું જ માનવાનું કે વાર્તાકારે પોતાની ભાવના અહીં રજૂ કરી છે, અને આવડ્યો એવો વાર્તાનો આકાર તેને એણે આપ્યો છે. પોતાને જે વિચાર રજૂ કરવા છે તેના સમર્થન અર્થે વાર્તાની બધી ઘટનાઓ તો તેને અનુકૂળ ને ઇષ્ટ રીતે જ બનતી આલેખે ને એ? બનાવો અને પાત્રોનાં વલણવર્તનાદિમાં સ્વાભાવિકતાં લાવવાનો પ્રયાસ છતાં ઝીણું જોનારને ક્યાંક ક્યાંક અસ્વાભાવિકતા દેખાય છે તે આ કારણે છે. કથા એકંદરે સુવાચ્ય ગણાય.

દાઝેલાં હૈયાં

[અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ: પ્રકા૦ આર. આર. શેઠની કંપની, મુંબઇ; સાડાત્રણ રૂપિયા.]

પ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર શ્રી. વિ. સ. ખાંડેકરકૃત 'ઝળલેલા મોહર'એ કથાનો આ ગુજરાતી અનુવાદ છે. નોબેલ પારિતોષિકવિજેતા પિરેન્ડેલોના 'Six characters in search of an author'એ નાટકે આ કથાના આયોજનની મૂળ લેખકની પ્રેરણા આપી છે.

'જુવાન સ્ત્રીપુરુષોએ પ્રેમજીવનમાં શરીરસુખને ઘણું અગત્યનું અંગ ગણવું જોઇએ.' એમ પ્રવેશકમાં જાહેર કરતા કર્તાએ સંખ્યાબંધ પાત્રોને પોતપોતાનાં લગ્ન અને સંતપ્ત દાંપત્યજીવનની કરુણ કેફિયત તેમની આગળ જુદી જુદી રીતે પેશ કરતાં બતાવ્યાં છે. એકમેકને દોષિત ઠરાવતાં પત્નીઓ અને પતિઓની કહાણી કુશળતાપૂર્વક રજૂ કરી લેખકે બેઉ પક્ષની સહાનુભૂતિપાત્રતા બતાવી એ સિદ્ધ કર્યું છે કે નાન-પણના ઉછેરથી કે કોઈ બનાવથી કે અનુભવથી કે મનોબંધારણથી જ અમુક ગ્રહ બંધાઈ ગયા છે જેમના એવાં સ્ત્રીપુરુષો પરિણીત જીવનમાં શરીરસુખની બાબતમાં ઊનાચાર યા અતિશાચાર કરે અને પરસ્પરાભિમત યુક્તવિહાર ન આચરી શકે તો તેમના પ્રેમજીવનમાં વિકૃતિ જન્મે છે. જે તેમના લગ્નજીવનમાં કંઈક સમજૂતીઓ, વિષમતા અને કરુણતા ઊભી કરી તેમને દુઃખીદુઃખી કરી નાખે છે.

વાત છે આટલી સાદી, છતાં તેને પિરેન્ડેલો-શૈલીમાં નવલકથાનો વાર્તારસ જમાવતા જઇને સાહિત્યોચિત રીતે કહેતાં શ્રી. ખાંડેકરને આવડી છે. સાથે સાથે માનવીના વ્યવહારને પ્રેરતી માનવચિત્તની સંકુલતાનું પૃથક્કરણ કરતા જઈ દંપતીજીવનનો પેલો પ્રશ્ન પણ અનેક પાસાંમાં તેમણે રજૂ કર્યો છે ને ચર્ચ્યો પણ છે. આમ કુશળ વાર્તાકાર ઉપરાંત વણસેલા લગ્નજીવન અને પ્રેમજીવનના સારા ચિકિત્સક પણ શ્રી. ખાંડેકર આ કથામાં બન્યા છે. કથા વાંચવા લાયક ગણાય. મુદ્રણદોષો ક્યાંક ક્યાંક ડોકાઈ જાય છે. વર્ષોથી ગુજરાતમાં રહેતા અનુવાદકનો ગુજરાતી પરનો કાબૂ મજાનો છે.

अ. म. रा.

દક્ષિણા : શ્રી અરવિંદનાં જીવનદર્શનનું અનુશીલન કરતું ત્રૈમાસિક અંક પહેલો, ઓગષ્ટ ૧૯૪૭. તંત્રી: સુંદરમ્. પ્રકાશક: અરવિંદ કાર્યાલય, આણંદ. વાર્ષિક લવાજમ રૂપિયા છૂટક નકલ દોઢ રૂપિયો.

શ્રી અરવિંદના કાર્યને જાણવા સમજવા માટે આજે લોકોમાં વધવા લાગેલી ઉત્સુકતાને સંતોષવા અને તેમનાં જીવનનું એક ખાસ દર્શન–યોગ દ્વારા મનુષ્યનાં વિકાસની પ્રક્રિયામાં એક ક્રાંતિકારી પલટો —કે જે વડે મનુષ્યે એક વિશાળ અને જ્ઞાનપૂર્ણ ચેતના મેળવવાની છે અને તેમાંથી એક દિવ્ય માનવજાતિ ઊભી કરવાને મદદરૂપ થવામાં બંગાળી, હિંદી તથા અંગ્રેજીમાં આ પ્રકારનાં ત્રૈમાસિકોની જાતનાં માસિક માટે શ્રી અરવિંદનાં કાર્યમાં રસ લેતી ગૂજરાતી જનતાને સંતોષવા શ્રી અરવિંદનાં ૭૬માં જન્મદિનની મંગલ ઘડીએ આ ત્રૈમાસિક શ્રી સુન્દરમના તંત્રીપદે પ્રગટ થયું છે. ગૂજરાત એને યોગ્ય આવકાર આપશે એમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજન્ટ : કંચનલાલ વાડીલાલની કું.

મંગળદાસ રોડ, મુંબઇ ૨.



પીયુષ હોઝીયરી વર્કસ

રાજા મહેતાની સ્ટ્રીટ—અમદાવાદ

૮૦ નાગદેવી ક્રોસ લેન, મુંબઈ નં. ૩.

૨૮

વર્ષથી

જનતાની એકધારી

સેવા કરી રહી છે

આરગસ

ઇન્શ્યોરન્સ

કંપની લિ.

ઉચ્ચ કક્ષાની આ

હિંદી વીમાસંસ્થા

આપનો સહકાર વાંછે છે.

કાર્યક્ષેત્રમાં રસ ધરાવનારને અમારું હાર્દિક આમંત્રણ છે.

સૂર્યકાન્ત બી. શાહ બી. એ.

સી. એમ. જશ

મેનેજિંગ ડિરેક્ટર્સ

વડી ઓફિસ

૨૯૯/૧ ગાંધીરોડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર. સંધિવા, અશકિત, સોજા, અજીર્ણ અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત, દાઢમાં કળતર, પેટ પેઢુનો દુખાવો, અમુંઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથાઅનેકજાતનાદરદોમાંતેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂા. ૧ાા, વચલી બાટલી રૂા. ૧ા અને નાની બાટલી રૂા. ૦ાા૮ ટ.ખ. જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના-નડિયાદ

સ્ટોકીસ્ટ : કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ.-૨

ડોક્ટરો વાપરવા ભલામણ કરે છે

પ્રવીણ ગ્રાઇપ સીરપ

બાળકને તંદુરસ્ત રાખે છે

દરેક દવાવાળા પાસેથી મળસે

પ્રવીણ લેબોરેટરી, ૩૦૫, લેમીંગ્ટન રોડ, મુંબઈ, ૭.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હવે કયા બ્રાન્ડનો જોઈએ તે પણ કહો

ભપકાદાર જોઈએ તો શાલીમાર ઉત્તમ છે

તમારી રંગરોગાનની યોજનાઓની વિચારણા પાછળ સમય બરબાદ કરવો અને તમારા જાણીતા વિશ્વાસપાત્ર પેઇન્ટનું નામ ન બતાવવું એ એક વૃથા પ્રયાસ છે. શણગાર અને રક્ષણ માટે રંગરોગાન કરવા તમને જેવા જોઇએ એવા રંગનાં શાલીમાર પેઇન્ટ મળી શકે છે.

શાલીમાર પેઇન્ટ, કલર ઍન્ડ વારનીશ કું. લી.,
૧૬, બેંક સ્ટ્રીટ, મુંબઇ.

SPK-24 GJ

SHALIMAR PAINT COLOUR & VARNISH CO., LTD.
16 Bank Street, BOMBAY.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવીન અને રસભરી
નવલકથા

સોહાગ

લેખક
રામનારાયણ ના.
પાઠક

•

અત્યારના સંક્રાંતિકાળમાં યુવક-યુવતિઓમાં જે પ્રાણભર્યા ખમીરની આવશ્યકતા છે એને જાગ્રત કરતા વિચારો આ નવલકથામાં લેખકે ભારે કુશળતાથી મૂક્યા છે.

માંદલા પ્રેમની વાર્તાથી આજના યુવક–યુવતીઓ ત્રાસ્યા છે. કેવળ પોચટ લાગણીવેડા અને પછી કાંઈ નહિ એવી એફામ જિંદગીથી થાકેલાને આ વાર્તા નવો પ્રાણવાયુ પૂરશે. એકવાર વાંચી જ જશો.

•

કિંમત:
રૂ. ૨–૮–૦

•

રજી. પોસ્ટખર્ચ:
૦–૫–૦

આ લેખકનાં બીજાં પુસ્તકો

જગતનો તાત ૨–૮–૦ માનવતાનાં મૂલ ૪–૦–૦ પચાસ વર્ષ પછી ૩–૦–૦ પ્રવાસપત્રો ૦-૧૨-૦
આવતી કાલ ૩–૦–૦ ગાંધીબાપુ ભા. ૧ ૪–૮–૦ ગાંધીબાપુ ભા. ૨ ૪–૮-૦ સુવર્ણ મૃગ ૩–૮–૦

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી તારાચંદ માણેકચંદ રવાણી; ૧૬ શ્રીમાળી સોસાયટી • અમદાવાદ.
મુદ્રક : હરિલાલ મગનલાલ ભટ્ટ • ભારતી મુદ્રણાલય : હરણવાળી પોળ • ચાર રસ્તા; ખાડિયા અમદાવાદ.
વિજ્ઞાપના વ્યવસ્થાપક: સાયન્ટિફિક પબ્લિસિટી કું. મોડલ ટોકીઝ સામે • અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

છૂટક નકલના બાર આના · પરદેશમાં એક રૂપિયો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Regd. No. B

લેખક
રામનારાયણ ના. પાઠક

પૃષ્ઠ સંખ્યા ૪૦૪
મૂલ્ય રૂ. પાંચ



વર્ષોથી ખાદીકાર્ય, હરિજનસેવા, લોકશિક્ષણ કે એવાં બીજાં રચનાત્મક કાર્યોમાં દટાયેલા સેવાધારી દિક્ષીતોના
હવે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે સ્વરાજ આવ્યું, જેને ઝંખતા હતા એવી આઝાદીની ઉષા ઊગી. પણ હવે કર્તવ્ય શું? એવી મૂંઝવણ
ચિંધતી આ નવલકથા એક નવો પ્રદેશ, એક નવું કર્તવ્યક્ષેત્ર બતાવે છે. ★
રાજકીય આઝાદી આવી છે. બીજા અનેક ક્ષેત્રોને આવરી લેતાં બંધનો તૂટ્યાં નથી, સાચી લોકક્રાંતિ જન્માવવા
રાષ્ટ્રસેવકોએ લોકો માંહેના એક બનીને તેમના સુખદુઃખના સાથી થઇને રહેવું પડશે અને સમજપૂર્વકનું શ્રમજીવન ગાળવું
આ નવલકથાકારનો આ સંદેશો છે. ★ લોકમાનસને સમજવામાં આ નવલકથાનું વાચન ઉપયોગી

પ્રાપ્તિસ્થાન : ભારતી સાહિત્ય સંઘ લિ. ફરનાન્ડીઝ પુલ નીચે · ગાંધી રસ્તો
ભીમરાજ બિલ્ડિંગ · ૪૦૫, કાલબાદેવી રોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળનાં એંધાણ

કાળના મહાસાગરમાં એક વધુ વર્ષ ગાયબ થાય છે. આ મહાન દેશમાં ગરીબી, ભૂખમરો, દારિદ્રય અશાંતિ દૂર થાય એવા પ્રયાસો આપણે સૌ કરીએ છીએ, પણ દેશને એક ખૂણેથી બીજે ખૂણે સુધી જે કાંઇ બની રહ્યું છે તેના એંધાણ સારા નથી. અને જો કોઇ મક્કમ અને સમર્થ પગલું ટૂંક સમયમાં નહિ ભરાય તો વર્ષોનાં સેવેલા રમણીય સ્વપ્નો અને મંગલ આદર્શો હતા નહોતા બની જશે.

સૈકાઓ જૂની ગુલામીના બંધનો કડેડાટ તૂટી રહ્યા છે અને જેને આપણે ઝંખતા હતા તે દિવસોની ગુલાબી ઉષા ઊગી રહી છે આપણો પ્રાણ નાચી રહ્યો છે. પણ હૈયામાં જંપ નથી, શાંતિ નથી. જાણે એ ઊષાની લાલીમા આડે કાળાં વાદળાં છવાઈ રહ્યાં છે.

નવું વર્ષ આ બધી આપત્તિઓને નિવારનારું અને નવા આદર્શોની પ્રસ્થાપના કરનારું નીવડે એવી આપણે સૌ અભિલાષા સેવીએ.

લેખકોએ આ માસિકને પોતાનું ગણીને અનેકવિધ સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો છે તે ભૂલાય તેવો નથી. તેમજ વાંચકોએ ગ્રાહક બનીને અમારા કાર્યમાં જે સહકાર આપ્યો છે તે માટે અમે સૌના આભારી છીએ. અને નવા વર્ષે પણ અમે એ જ સાથ અને સહકારની માગણી કરીએ છીએ.

'સંપાદક

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૬ : 'નવરચના' વર્ષ ૧૧ : અંક ૮

નવેમ્બર : ૧૯૪૬

અ નુ ક્ર મ

૧ કાળરાત્રિના તારલિયા		૧૩
૨ વહેતાં પાણી	માસિક નોંધ	૧૫
૩ મધપૂડા બાંધનાર	ઝવેરચંદ મેઘાણી	૨૯
૪ રાહતવેરો	પન્નાલાલ પટેલ	૩૮
૫ કાવ્ય અને સત્ય	રામનારાયણ વિ. પાઠક	૪૧
૬ રાજા ન જોઇએ	દર્શક	૪૯
૭ પરિભ્રમણ અને સાહિત્યવિહાર	રામનારાયણ વિ. પાઠક	૫૩
૮ ખુલ્લું આકાશ	ઇશ્વર પેટલીકર	૫૭
૯ આજે મને સંગીત દેખાય છે	જીતુભાઈ પ્ર. મહેતા	૬૯
૧૦ ભાષાન્તર કે રૂપાંતર?	ઉમાશંકર જોષી	૭૫
૧૧ શ્રી કાકાસાહેબ કાલેલકર		૭૮
૧૨ એપેન્ડિસાઇટિસ	અનુ. રમણલાલ એન્જિનીઅર	૮૧
૧૩ એટમ બોમ્બ અને વિશ્વશાંતિ	ભૂપેન્દ્ર ઉપાધ્યાય	૯૦
૧૪ હરીફ	ભૂપેન્દ્ર ઉપાધ્યાય	૯૪
૧૫ માનીતી અને અણમાનીતી	સાને ગુરુજી	૯૭
૧૬ ઘડાતા ઇતિહાસનું એક પાનું	સ્નેહરશ્મિ	૧૦૪
૧૭ બાબુ બિપિનચંદ્ર પાલ	રામચંદ્ર સોમણ	૧૧
૧૮ વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, પ્રો. જયંતિલાલ દે. ઓઝા, ડૉ. નરસિંહ મુ. શાહ	૧૧૬
૧૯ હિમપ્રદેશમાં	મૂળશંકર મો. ભટ્ટ	૧૨૧
૨૦ ગ્રંથસમીક્ષા	अ. म. रा.	૧૨૫

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૬-૦-૦ : પરદેશમાં રૂ. ૯-૦-૦

છૂટક નકલ સવા રૂપિયો

ભારતી સાહિત્ય સંઘ લિ.

મીમરાજ બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલીકઃ કે. ટી. ડોંગરે કું. મુંબઇ—૪.

કૈસરે—હિન્દ ઈન્સ્યુરન્સ કંપની લી૦

૧૪૧, મહાત્મા ગાંધી રોડ, કોટ, મુંબઈ—૧

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ

- શેઠ વી. એસ. આપ્ટે (ચેરમેન)
- ,, કાન્તિલાલ નહાલચંદ
- ,, તનસુખરામ એમ. કરૂન્ડીઆ
- ,, રાધાકૃષ્ણ એસ. ખેતાન
- ,, ગોવિંદદાસ માણેકલાલ
- ,, ઇસ્માઈલ અબ્દુલકરીમ પન્જુ
- ,, બ્રીજમોહન જેકીશનદાસ મોદી

કંપની ની કેપીટલ

સત્તાવાર થાપણ...રૂ. ૨૫,૦૦,૦૦૦

બહાર પાડેલી અને
ભરાયેલી થાપણ...રૂ. ૧૮,૮૯,૫૦૦

વસૂલ થયેલી
થાપણ... ...રૂ. ૧૦,૦૦,૦૦૦

જનરલ મેનેજર : આર. જે. સુતરિયા

બાપાલાલ મગનલાલ
હરિભક્તિ
: લોકલ એડવાઈઝર :
ગુલાબભાઇ આર. દેશાઇ
: પ્રાન્ચ મેનેજર :
રીડ રોડ, અમદાવાદ.

✻ જિંદગી ✻ દરિયાઈ
✻ આગ ✻ અકસ્માત
ઈત્યાદિ પ્રકારના વીમાનું
કામકાજ સ્વીકારતી
હિન્દી વીમા—સંસ્થા

જે. એમ. શાહ કું.
: લાઈફ ચીફ એજન્ટ :
વઢવાણ સીટી
આર. બી. રાવલ
: પ્રાન્ચ મેનેજ :
રાવપુરા રોડ, વડોદરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊર્મિ અને નવરચના

ઊર્મિ વર્ષ : ૧૬ મું * નવરચના વર્ષ : ૧૧ મું * અંક : ૮ મો નવેમ્બર : ૧૯૪૬

કાળરાત્રિના તારલિયા

'ઝંઝાવાતભર્યા આકાશ નીચે આજે જ્યારે મોટી મોટી નૌકાઓ તૂટી રહી છે અને ઊંડાં તોફાની પાણીમાં ડૂબી રહી છે ત્યારે કોઇ પ્રેમાળ અને દયાળુ નાવિક પોતાની નાનીશી નાવડીમાં બે ત્રણ માનવીઓને ; આ ઘૂઘવતો મહાસાગર પાર કરાવીને કોઈ સલામત સ્થળે લઈ જવા મથતો હોય એવા દાખલાઓ વીણી વીણીને શ્રી હનુમાનપ્રસાદ પોદ્દારે ' કલ્યાણ કલ્પતરુ'માં આપેલા છે. કલકત્તાના કાળાઘોર હત્યાકાંડ વચ્ચે ઝબૂકી ગયેલાં માનવ–કોડિયાંનું દર્શન કરાવનારાં એ પ્રસંગોમાંથી થોડાક અહીં ઉતાર્યા છે.

ઝકરિયા સ્ટ્રીટના હિંદુઓ જીવ બચાવવા નાસી છૂટયા હતા. પોતાની પાછળ રેઢાં મૂકેલાં ઘરોમાં એમની લાખોની નિર્જીવ દોલત હતી. તે ઉપરાંત જીવતી જાગતી દોલતરૂપી થોડી ગાયો પણ તેઓ પાછળ મૂકતા ગયા હતા. સૂના ઘરમાં એકલી ઊભી ઊભી ગાયમાતાઓ ભૂખના બાંબરડા દેતી હતી ત્યારે એક ગરીબ મુસલમાને એમને ઘાસચારો નીરીને જીવતી રાખેલી.

*

હિંદુ લત્તામાં મુસ્લિમોનાં થોડાં ઘર હતાં, એ લત્તામાં એક ગરીબ ઈશ્વર-પરાયણ બ્રાહ્મણ રહેતો હતો. વારતહેવારે લત્તાનાં શ્રીમંત હિંદુ કુટુંબોમાં જઈને એ પાઠપૂજા કરતો અને ગુજરાન ચલાવતો. હુલ્લડના દિવસો દરમિયાન ઉશ્કેરાયેલા હિંદુઓનું એક વૈરપિપાસુ ટોળું મુસ્લિમ મહોલ્લા ભણી ધસી આવ્યું. મહોલ્લા ભણી જતી સાંકડી અને ગંધાતી ગલીને નાકે એ બૂઢો બ્રાહ્મણ જઈ ઊભો. ટોળાને શાંત પાડવાના એણે પ્રયાસો કર્યા. પણ પોતાની કાકલૂદીઓની કાંઈ અસર ન થતી જોઈને પછી એણે કહ્યું કે, 'મુસલમાનોનાં ઘર સુધી પહોંચતાં પહેલાં તમારે આ બ્રાહ્મણના લોહીથી ખરડાવું પડશે.' ટોળું નિરુત્તર બન્યું અને જતું રહ્યું. તે પછી પણ ભૂખ્યા પેટે ત્યાંને ત્યાં ઊભા રહીને બ્રાહ્મણે એ નાકું સાચવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુંડાઓએ એક હિંદુ કુટુંબ ઉપર હલ્લો કર્યો ત્યારે પાડોશી મુસ્લિમ કુટુંબની પરદાનશીન સ્ત્રીઓ એમની મદદે આવી. બુરખા ફગાવી દઈને એ તોફાનીઓની સામે ગઈ અને બોલી, 'અમારું ખૂન રેડયા પછી જ તમે એ લોકો ઉપર હાથ ઉગામી શકશો.'

સાંકડી ગલીમાંથી બે મુસ્લિમો જાન બચાવીને દોડયા આવતા હતા. હિંદુઓનું એક ટોળું એમની પૂંઠે હતું. એક વૃદ્ધ હિંદુ સ્ત્રીએ એ બેને પોતાના ઘરમાં લઈ લીધા. એમને જનોઈઓ પહેરાવી અને એમને કપાળે સુખડનાં તિલક કરી દીધાં. પેટના દીકરાની જેમ એ બેને વૃદ્ધાએ ચાર દિવસ સુધી સાચવ્યા. પછી હિંદુ વેષે જ તેઓ પોતાના લત્તામાં પહોંચી ગયા. વૃદ્ધ માતા કહે છે કે, 'પોતાને આંગણે આશરો લેવા આવેલાઓનું રક્ષણ કરવું એ તો હિંદુ માત્રની પવિત્ર ફરજ છે. જે એમ ન કરે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.'

હિંદુઓના એક મકાનમાંથી બધા ભાડૂતો ભાગી ગયા હતા. પાછળ રહ્યો હતો એકલો ચોકીદાર. ત્રણ ત્રણ દિવસ સુધી એ ખાધા વિનાનો રહ્યો. એક મુસ્લિમ પાડોશીને ખબર પડી. પોતાના રેશનમાંથી પાંચશેર ચોખા લઇને એણે એક પોટલી વાળી અને ઘરના છાપરા ઉપર ચઢીને છાનીમાની એ ચોકીદારને પહોંચાડી.

*

એક મુસલમાન રસ્તે ચાલ્યો જતો હતો. એકાએક બે હિંદુ જુવાનો લાઠી લઈને તૂટી પડયા, બાજુમાંથી જતી ગાડીનો બૂઢો હિંદુ ગાડીવાળો કૂદીને વચ્ચે પડયો અને મુસલમાનને બચાવવા જતાં એના દેહ ઉપર લાઠીઓ પડી. દરમિયાન મુસલમાન નાસી છૂટયો, બૂઢા ગાડીવાળાએ જુવાન હિંદુઓને પૂછયું: 'ખાલી હાથે ચાલ્યા જતા એટલા માણસ ઉપર બે લાઠીવાળા તૂટી પડયા એમાં શું તમારી બહાદુરી સમજો છો ?' જુવાનો મૂંગે મોઢે ચાલ્યા ગયા.

*

પાડોશમાં વસતા અનેક હિંદુઓને આશરો આપનાર એક મુસ્લિમ વેપારી આંસુભરી આંખે કહેતા હતા કે, 'આપણે અહીં એકબીજા સાથે હળીમળીને બસો વર્ષોથી રહીએ છીએ. પણ હવે બહારનાઓ આવીને મારે હાથે મારા જ ભાઇઓનું ખૂન વહાવવા માગે છે, લોકોનાં આંસુ, લોહી અને હાડકાં ઉપર જેઓ પોતાની ઈમારત ચણી રહ્યા છે તેઓ થોડા જ વખતમાં અટૂલા પડી જશે; યા ખુદા, એ લોકો ઈસ્લામને નામે કેવાં નાપાક કામ કરી રહ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેતાં પાણી — માસિક નોંધ

પ્રત્યેક વાટાઘાટો દેશને પાછો પાડે છે

વિક્રમનું વધુ એક વર્ષ પૂરું થઈ રહ્યું છે. સંવત ૨૦૦૨ને પ્રથમ દિવસે શરૂ થયેલા આઝાદ હિંદ ફોજના ત્રણ શુરવીરો ઉપરના મુકર્દમાએ દેશની નસેનસમાં લડાયક જોમ પ્રસરાવી દીધું હતું. નવા મોરચા ઉપર લડવા જઈ રહેલી કોઈ મહાસેનાની ખુમારીથી આખી પ્રજા હલબલી ઊઠી હતી. અને આજે, વર્ષને અંતે અનિશ્ચતતાઓ અને બહેકાવી મૂકેલી આશાનિરાશાઓના વાતાવરણમાં એ જ પ્રજા ગૂંગળામણ અનુભવી રહી છે. લાઠીઓ સામે જેનાં મસ્તક ઉન્નત રહ્યાં હતાં, સંગીનો અને ગોળીઓ સામે જેની છાતી સાબૂત રહી હતી એ પ્રજાનો બરડો વાટાઘાટોએ ભાંગી નાખ્યો છે. પ્રત્યેક સંગ્રામે દેશને આગળ ધપાવ્યો છે અને પ્રત્યેક વાટાઘાટોએ એને પાછો પાડયો છે.

યુદ્ધે ચઢેલી તમામ પ્રજાઓને વહેલું મોડું એક યા બીજા પ્રકારની વાટાઘાટોમાંથી પસાર થવું પડતું હશે. પણ આપણી વાટાઘાટોની રીત ન્યારી છે. જે પ્રકારનો અહિંસક સંગ્રામ આપણા દેશે ખેલ્યો છે તેમાં કદાચ વાટાઘાટોનું એક વિશિષ્ટ સ્થાન હશે. પણ આજે તો એ વિશિષ્ઠા મટીને અનિવાર્યતા બની બેઠી દેખાય છે. અને કોઇ અનેરા પ્રકારની–અથવા તો કોઈ પણ ચોક્કસ પ્રકાર વિનાની–આપણી વાટાઘાટો હોય છે. ગમે તેની સાથે, ગમે તે મુદ્દા ઉપર આપણા આગેવાનો પૈકી ગમે તે, વાટાઘાટો ચલાવવા તત્પર હોય છે. ભૂતકાળમાં જેણે અનેક ગુલાંટો ખાધેલી હોય, અનેક વાર જે બોલીને સિફતપૂર્વક ફરી ગયા હોય, આપણા શબ્દોને મારીમચડીને જેણે આપણી બેસુમાર બદબોઈ કરી હોય, કસમ ખાવા એક પણ રચનાત્મક સૂચન જેણે કદી કર્યું ન હોય તેવા ફરેબી માનવીઓ સાથે આપણે એક વાર, બે વાર, ફરી ફરીને વાટાઘાટો કરતા આવ્યા છીએ. ભૂતકાળના એમના વર્તનને કારણે અને વર્તમાનની એમની વાણીને કારણે અમુક વ્યક્તિઓ સાથે તો અમે વાટાઘાટો નહિ જ કરીએ એવું આપણે જાહેર કરી શકતા નથી. એ જ રીતે અમુક મુદ્દા તો અમારે મન મૂળભૂત છે, અમારી ઈમારતના પાયારૂપ છે, એ અંગે કશી જ બાંધછોડને અવકાશ નથી એવું આપણે વર્તનમાં સાબિત કરાવી શકતા નથી. આપણા અસ્તિત્વ માટે જવાબદાર એવા સિદ્ધાંતો ચાહે તેવા લાભદાયી સોદાના બદલામાં પણ વટાવી શકાય તેમ નથી. તેવી સચોટ પ્રતીતિ આપણે કરાવી નથી. અને ત્રીજું, વાટાઘાટો કરવા આવનાર સહુ કોઇએ આપણામાંથી કોઇ ચોક્કસ વ્યક્તિને અથવા તો ચોક્કસ સમૂહને એકી સાથે મળવું જોઇએ, એવો આગ્રહ આપણે રાખી શક્યા નથી. પરિણામે ચાલાક દુશ્મન ઘડીક આને મળે, ઘડીક તેને મળે, અહીં એક વાત કહે અને ત્યાં બીજી, એકને ભરમાવે તો બીજાને ઉલ્લુ બનાવે અને છેવટ હાથતાળી દઈ ચાલ્યો જાય ત્યારે આપણે જોયા કરીએ!

દિલ્હીમાં છેલ્લા એક મહિના દરમિયાન આવું જ બન્યું છે. શ્રી સુલતાન અહમદ, ભોપાળના નવાબ, પટુડીના નવાબ, એવા અનેક પ્રકારના વિષ્ટીકારો પહેલાં આવે, ખુશામત કરે, ધમકી આપે, લાલચ આપે—છતાં એ બધાને આપણે મળ્યા. તે પછી શ્રી ઝીણા આવે. એની એ વાતો ઉપર ફરી ફરીને એમની સાથે ચર્ચાઓ ચાલે, મુલાકાતો અને પત્ર-વ્યવહારોનો કાંઈ સુમાર ન રહે. અને એમની સાથે આપણે એક સૂરે વાત પણ નથી કરી શકતા. કોઈ ગાંધીજીને મળે, કોઈ વાઈસરોયને, કોઈ જવાહરલાલને કોઈ સરદાર અને મૌલાના આઝાદને. કોઈ એમને કહેતું નથી કે, મળવા માટે ખુશીથી આવો. કે બોલાવો, પણ વાટાઘાટો તો ફક્ત વચગાળાની સરકારના વડા જવાહરલાલ સાથે જ કરજો. અમારી સાથે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલહોનું મેદાન બનેલી વચગાળાની સરકાર

વાટાઘાટો હવે પૂરી થઈ છે, એટલે એની ઉપર અત્યાર સુધી ઢાળી રાખેલા પડદામાં પ્રત્યેક પક્ષકાર પોતાને ફાવે ત્યાં બાકોરાં પાડી પાડીને પ્રજા સમક્ષ તેનાં એકપક્ષી અને વિકૃત સ્વરૂપો રજુ કરવા માંડયાં છે. લાંબા સમય સુધી પ્રજાને અંધારામાં રાખીને હવે પછી વિતેલા કાળના ચૂંથણાં ચૂંથાવા માંડયાં છે, સામસામા આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનાં નિવેદનોનો આરંભ થઈ ચૂકયો છે. પ્રજામાનસને ત્રાસ પમાડનારી આ તમામ બિનાઓના બદલામાં આપણે મેળવી શું શકયા છીએ? પહેલી હરોળના રાષ્ટ્રનેતાઓના સાથીપદે વિરોધીઓ માંહેલા ૪–૫ મધ્યમ કોટિના માનવીઓને બેસાડયા છે. અંદરથી એમની કનડગત વધશે, અને બહારના મુખ્ય વિરોધિઓનો ઉલ્કાપાત તો ચાલુ જ રહેશે.

વચગાળાની સરકારમાં લીગના જોડાવાથી દેશની તૃષાતુર ધરતી ઉપર શાંતિ અને ભ્રાતૃભાવનાની કોઈ નવવર્ષા થઈ જવાની છે એવી પ્રજાને અપાઈ રહેલી આશાઓ વાંઝણી ઠરી છે. કલકત્તાનો હત્યાકાંડ હજી ભૂલાયો નથી ત્યાં તેનાથી ચાર ચાસણી ચડે તેવી કથા બંગાળના નોઆખલી જિલ્લામાંથી આવી છે. પોતાના હાથમાં સત્તા આવે તો જે વિસ્તારમાં પારકી કોમની પંદર ટકા વસ્તી છે ત્યાં શું કરી શકાય છે તે પાકિસ્તાનીઓએ દેખાડયું છે. મુસ્લિમોને ગેરમાર્ગે દોરવામાં, એમનું મઝહબી ઝનૂન બહેકાવવામાં આગળ ને આગળ જઈ રહેલા લીગવાદીઓને વચગાળાની સરકારમાં જોડાવાથી તો ખુલ્લી આમમાં પવન ફૂંકવાનો મોકો મળ્યો છે. પ્રધાનમંડળ સર્વપક્ષી બન્યું છે. પણ આ સર્વપક્ષીપણું અંતરમાંથી ઊગેલું નહિ, ઉપરથી ઠોકી બેસાડેલું છે.

સરહદના ગાંધીએ વાટાઘાટોના આરંભકાળે જ ઉચ્ચારેલો ચેતવણીનો સૂર આજે લાગે છે તેટલો જ સાચો તે વખતે આપણા આગેવાનોને લાગ્યો હોત તો કેવું સારું થાત.

'મને લાગે છે કે વાઈસરોયે શ્રી જીન્નાને પોતાનો ખાસ હેતુ પાર પાડવા માટે જ બોલાવ્યા છે. વચગાળાની સરકારનો અનુભવ વાઈસરોયને મીઠો નથી લાગ્યો દેખાતો. પોતાની સરમુખત્યારી સત્તામાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો હોય તેવું એમને લાગે છે. એટલે, અત્યારે સરળતાથી ચાલી રહેલી વચગાળાની સરકારને એ જેનાતેના ઝગડાઓ માટેના મેદાનમાં પલટાવી નાખવા માગે છે.

પાછા વળવાનો માર્ગ હવે બંધ છે

એટલે કે પંડિત જવાહરલાલ અને એમના અગિયાર સાથીઓ પ્રચંડ વેગથી લોકોન્નતિનાં કાર્યો કરી રહ્યા હતા તેને બદલે હવે આંતરિક વિખવાદ અને કૂડકપટનો સામનો કરવામાં એમના પ્રધાનમંડળની શકિત ખરચાતી જશે. અનેક મોરચે લડી રહેલા રાષ્ટ્ર સામે એક નવો મોરચો ખૂલ્યો છે, ટેનીસનના 'ચાર્જ ઓફ ધી લાઈટ બ્રિગેડ' કાવ્યે અમર બનાવેલી છસો ઘોડેસ્વાર યોદ્ધાઓની ટુકડીની માફક આપણા લડવૈયાઓની સામે તોપો મંડાયેલી છે, જમણી બાજુ તોપો છે અને ડાબી બાજુ પણ ધુંવાધાર તોપો છે. તફાવત એટલો જ છે કે આપણા લડવયાઓની તો પીઠ પણ સલામત નથી, ત્યાં પણ સગાભાઈની તોપો મંડાયેલી છે.

અને છતાં આગળ વધીને જંગ જીત્યા વિના છૂટકો નથી. પાછા વળવાનું આપણને પાલવે તેમ નથી, કારણ કે પાછા વળવાનો માર્ગ બંધ છે. રસ્તો હવે એક જ છે—આગળ ધપવાનો. સત્તારોહણ પછીના પ્રથમ વાયુ-પ્રવચનમાં જવાહરલાલ નેહરુએ કહેલા શબ્દો જ નવા વર્ષનો આપણો આશાસંદેશ બની રહે છે—

'દ્વાર ખુલ્લાં છે, અને વિધાતા આપણાં સહુને સાદ કરી રહી છે. કોણ જીતશે અને કોણ હારશે એ સવાલ જ નથી, કારણ કે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહુએ સાથે મળીને સાથીઓ તરીકે આગળ વધવાનું છે. કાં તો આપણે બધા જ જીતશું અને કાં તો સહુ સાથે ડૂબશું. પણ આપણે હારવાના નથી. સફળતા ભણી, ચાલીસ કરોડની આબાદી અને સ્વતંત્રતા ભણી આપણે કદમ બઢાવીએ છીએ.'

અન્નસંકટ પાર ઊતારવા
હજી વધુ કમર કસો !

અનાજની એવી કારમી કટોકટીને આરે આવીને આખો દેશ ઊભો છે કે તે અંગે ફરી ફરીને ચેતવણીઓ ઉચ્ચારવી એ સૌ કોઈનો ધર્મ થઈ પડ્યો છે. હિંદી સરકારના ખોરાકમંત્રી શ્રી સેને જાહેર કરેલી નીચેની વિગતો વારંવાર મગજમાં ઘૂંટવાની જરૂર છે.

'હિંદમાં દર વર્ષે છ કરોડ ટન અનાજ પેદા થાય છે. પણ આપણા ખેડૂતોનો મોટો ભાગ પોતાની વપરાશ જેટલું જ અનાજ પકાવતો હોય છે. એટલે કુલ નીપજનું માત્ર ૪૦ ટકા –૨૮ લાખ ટન–અનાજ બજારમાં વેચાણ માટે આવે છે.

'લડાઈ પહેલાં આપણે દર વર્ષે સરેરાશ પંદર લાખ ટન અનાજની પરદેશોમાંથી આયાત કરતાં. દેશના કેટલાક ભાગોમાં અનાજનો પાક નિષ્ફળ ગયો હોવાથી આપણે આ વર્ષે ઓછામાં-ઓછા ચાલીસ લાખ ટન અનાજની આયાત માટે માગણી કરી છે. અત્યાર સુધીમાં દેશાવરથી આપણને માત્ર સાડાબાર લાખ ટન અનાજ મળ્યું છે.'

યુનાઈટેડ સ્ટેટસમાંથી આપણને મળનારું અમુક અનાજ ત્યાંના નાવિકોની હડતાલને કારણે કેટલાય દિવસ સુધી રઝળી પડ્યું. આરજન્ટાઇનાથી કટોકટી ભરી વાટાઘાટો પછી મકાઇનાં જહાજો રવાના થયાં. આપણા બાંધવ-રાષ્ટ્ર ઈન્ડોનેશિયાએ સાત લાખ ટન ચોખા આપવાની કરેલી ઉદાર ઓફરનો લાભ ઓછાં જહાજોને કારણે અતિ મર્યાદિત પ્રમાણમાં લેવાઇ રહ્યો છે. પાડોશી બરમામાં રચાયેલી નવી પ્રજાકીય સરકારના વડા મેજર-જનરલ ઓંગ-સાને એક લાખ ટન ચોખાની ઓફર કરી છે. પરંતુ દેશાવરથી આવતું અનાજ બહુમાં બહુ તો આપણને થોડી મદદ કરી શકે, આપણો જુસ્સો ટકાવી રાખી શકે. કટોકટીનો લાંબો ગાળો તો આપણે એકલે હાથે વિતાવવો પડશે. રેશનિંગનો વહીવટ પડી ભાંગે નહિ તેને માટે સરકાર પાસે અનાજનો સારો એવો જથ્થો રહેવો જરૂરી છે. અને એનો શ્રેષ્ઠ માર્ગ મુંબઈની પ્રજાકીય ખોરાક-સમિતિના પ્રમુખ શ્રી મિનુ મસાણીએ દાખવ્યો છે: શહેરોમાં વસતા શ્રીમંતો અને મધ્યમવર્ગના માનવીઓએ પોતાનાં રેશનકાર્ડનું અરધું અનાજ બે મહિના માટે સ્વેચ્છાએ જતું કરવું. આ રીતે છોડી દીધેલા ચોખા કે ઘઉંને સ્થાને ફળો, શાકભાજી અને દૂધ-ઘી લઇને જાતે સશક્ત અને નીરોગી રહેવાની ત્રેવડ આ વર્ગનાં માનવીઓમાં છે. શ્રી મસાણીના આ સૂચનનો પ્રથમ મુંબઈના અને હવે અમદાવાદના થોડા લોકો ઉત્સાહપૂર્વક અમલ કરવા માંડ્યા છે એ ઘણા આનંદની વાત છે. સ્વતંત્ર પ્રજાને એ જ શોભે. પણ હજી વધુ કમર કસવાની જરૂર છે.

મિલઉદ્યોગને રૂંધતો
મદ્રાસ સરકારનો નિર્ણય

મદ્રાસ પ્રાંતના કોંગ્રેસી વડા પ્રધાન શ્રી પ્રકાશમે પ્રાંતના મિલઉદ્યોગના વિકાસના માર્ગ આડી મોટી શિલા મૂકનારો જે નિર્ણય કર્યો છે તેણે ઘણી ચર્ચા જગાડી છે અને તેની વિરુદ્ધમાં તેમ જ તરફેણમાં વિવિધ-સામાજિક, આર્થિક, રાજનૈતિક અને આધ્યાત્મિક દલીલો થઈ રહી છે. આ એક અત્યંત મહત્ત્વનો પ્રશ્ન છે અને વહેલેમોડો એ એક યા બીજા સ્વરૂપે મદ્રાસ સિવાયના તમામ કોંગ્રેસી શાસન તળેના પ્રાંતોમાં ઉપસ્થિત થવાનો છે, તેથી એ વિશે પૂરી અને ઊંડી વિગતો જાણ્યા પછી જ શાંત ચિત્તે સૌ કોઈ પોતાનો અભિપ્રાય બાંધે તે જરૂરી છે. એ હકીકતો દક્ષિણ હિંદ મિલમાલિક મંડળના પ્રમુખ શ્રી રત્નસભાપતિ મુદાલિયરે કરેલા એક નિવેદનમાંથી તારવીને અહીં આપી છે—

'૩૪૦ લાખની વસ્તીવાળા મુંબઈ પ્રાંતની મિલો પાસે બધી મળીને ૬૦ લાખ સ્પિન્ડલ્સ છે, જ્યારે મદ્રાસ ઈલાકો તેમજ મૈસુર, ત્રાવણકોર અને કોચીનનાં રાજ્યોના બનેલા ૮૩૦ લાખની વસ્તી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળા દક્ષિણ વિભાગની મિલો પાસે કુલ ૨૦ લાખથી પણ ઓછી ત્રાકો છે. દક્ષિણમાંની મોટા ભાગની મિલો માત્ર સૂતર કાંતે છે—વણવાનું કામ પ્રમાણમાં ઓછી મિલોમાં થાય છે. ૧૯૪૫ દરમિયાન મુંબઇની મિલોએ ૩૩૦ કરોડ વાર કાપડ બનાવ્યું અને તેની હાથશાળોએ બીજું ૧૩ કરોડ વાર વણ્યું. એ રીતે મુંબઈ પ્રાંતમાં એ એક વર્ષ દરમિયાન બધું મળીને ૩૪૩ કરોડ વાર કાપડ બન્યું. મુંબઈ પ્રાંતમાં તેના ઉપયોગ કરતાં વધારે કાપડ બને છે. મદ્રાસમાં ઓછું. ૧૯૪૫ના વર્ષ દરમિયાન મદ્રાસ ઇલાકામાં મિલોએ ૩૦ કરોડ વાર અને હાથશાળોએ ૬૬ કરોડ વાર કાપડ પેદા કરેલું. આ રીતે મુંબઈના ૩૪૩ કરોડ વારની સરખામણીમાં મદ્રાસે માત્ર ૯૬ કરોડ વાર કાપડનું ઉત્પાદન કર્યું. તેથી એ બે પ્રાંતોના મિલઉદ્યોગમાં મદ્રાસ પ્રાંતે વધુ વિકાસ સાધવાની જરૂર છે."

શ્રી પ્રકાશમના પ્રધાનમંડળે કરેલો નિર્ણય એ પ્રાંતના મિલઉદ્યોગના વિકાસને રુંધવા માટેનો છે તે હકીકત કોઇ છુપાવતું નથી. મદ્રાસની સરકારે ખાદીના ઉત્પાદનની એક જંગી યોજના ઘડી છે. એ યોજનાથી આખી પ્રજાનું ભલું થવાનું છે અને જો એ અખતરો અનુકૂળ સંજોગો નીચે ચાલુ રાખવામાં આવે તો એ જરૂર સફળ થશે તેવી શ્રદ્ધા સાથે એ ખાદી-યોજનાનો આરંભ મદ્રાસના પ્રધાનમંડળે કરી દીધો છે. આ ખાદી-યોજના થોડા જ વર્ષોમાં મદ્રાસના પ્રજાજનને આજે વાર્ષિક દસ વાર કાપડ મળે છે તેને બદલે વીસ વાર પૂરું પાડવાના ભવ્ય મનોરથને લઇને જન્મી છે. મિલો એ એના માર્ગમાં નડતરરૂપ છે તેથી પ્રાંતમાં નવી મિલો શરૂ ન કરવા દેવાનો તેમજ અત્યારની મિલોમાં વધુ સ્પિન્ડલો ન વસાવવા દેવાનો સરકારે નિર્ણય કર્યો છે.

હાથશાળના વણકરોને પણ નુકસાન પહોંચાડશે?

આ નિર્ણય અને આ નીતિનો વિરોધ કરનારાઓ કહે છે કે મદ્રાસનાં મિલો એ પ્રાંતના જ નહિ બલ્કે પડોશી વિસ્તારોના હાથશાળના વણકરોને પણ સૂતર પૂરું પાડે છે. અત્યારે પણ એ વણકરોને પૂરતું સૂતર ન મળતું હોવાથી અનેક હાડમારીઓ વેઠવી પડે છે. એનો ખ્યાલ કરીને જ કાપડઉદ્યોગના પુનઃનિયોજન અંગેની મધ્યસ્થ સરકારની સમિતિએ મદ્રાસ પ્રાંતને ફાળે દોઢ લાખ ઝીણા સૂતરની અને બે લાખ જાડા સૂતરની સ્પિન્ડલો આપી હતી. આ કુલ આશરે ત્રણ લાખ સ્પિન્ડલમાંની અડધી તો જૂની અને ઘસાઈ ગયેલી સ્પિન્ડલનું સ્થાન લેવા માટેની છે. આંતરપ્રાંતીય વહેંચણીમાં પોતાને ફાળે આવતી આ સ્પિન્ડલ લેવાની ના પાડી દઇને મદ્રાસ સરકાર મિલ-ઉદ્યોગને જ નહિ, હાથવણાટને પણ ફટકો મારી રહી છે; કાપડની કારમી તંગીમાં અસહ્ય વધારો કરી રહી છે."

ટીકાઓના જવાબમાં શ્રી પ્રકાશમે કહ્યું કે, 'અમારી નીતિ સામે વિરોધ જાગશે એ અમે જાણતા હતા. પણ એનો કટકે કટકે જવાબ આપી શકાય નહિ. યોગ્ય સમયે વિસ્તૃત નિવેદન બહાર પાડવામાં આવશે, હું સીધેસીધો આંકડા અને હકીકતવાળો જવાબ દઈ શકું નહિ.'

કોંગ્રેસની નીતિમાં અને ગાંધીજીના આદર્શોમાં જેમને શ્રદ્ધા છે તેઓ એટલું સ્વીકારે છે કે શ્રી પ્રકાશમે એક ઘણું ક્રાંતિકારી પગલું ભર્યું છે. અને તેની સફળતા-નિષ્ફળતાની આ આખા દેશના સામાજિક તથા આર્થિક જીવન ઉપર દૂરગામી અસરો થયા વિના રહેવાની નથી. એક નવી દિશામાં આખી પ્રજાને દોરવાનો-જોતરવાનો અખતરો થઈ રહ્યો છે. એના કરવૈયાઓને પોતાની શક્તિમાં તેમ જ પોતાની નીતિની સદ્ધરતામાં અખૂટ વિશ્વાસ ન હોય તો તેઓ આવી ગંભીર જવાબદારી ઉઠાવવાની હિંમત ન કરી શકે. એ પણ સારું છે કે આવા જોખમભર્યા અખતરા માટે સારાયે હિંદુસ્તાનના વિશાળ પટને બદલે માત્ર એક જ પ્રાંતની ભૂમિ પસંદ કરવામાં આવી છે. મદ્રાસમાં યંત્રશાળો કરતાં હાથશાળો ઘણું વધારે કાપડ વણે છે અને એ હાથશાળો મિલના સૂતરને બદલે હાથકંતામણનું સૂતર ઘણી સરળતાથી વણવા મંડી જઈ શકે એ પણ દેખીતું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાને અંધારામાં રાખીને ક્રાંતિકારી પગલાં કેમ ભરાય ?

અને છતાં ગમે ત્યારે એક ફરમાન કાઢીને આવો અભૂતપૂર્વ અખતરો વહેતો મૂકી શકાય નહિ. પ્રજાએ સંપૂર્ણ વિશ્વાસપૂર્વક ચૂંટેલા કોંગ્રેસી પ્રધાનોને પણ આવો નિર્ણય માત્ર પોતાની અંગત જવાબદારી ઉપર કરવાનો અધિકાર નથી. કોંગ્રેસના ધારાસભ્યોને તેમ જ પ્રાંતિક ધારાસભાને આ બાબતમાં અગાઉથી વિશ્વાસમાં લેવા જોઈતાં હતાં—હજી પણ એમને વિશ્વાસમાં ન લેવાય ત્યાં સુધી આ નવી નીતિનો અમલ મુલતવી રાખવો જોઈએ. ધારાસભામાં એની નિખાલસ ચર્ચા થવી જોઈએ. એની સંપૂર્ણ છણાવટમાંથી ફલિત થતા વિરોધપક્ષના મુદ્દાઓનો હકીકત અને આંકડાથી છાજતો જવાબ અપાવો જોઈએ. આર્થિક પ્રશ્નોની ચર્ચા ચાલતી હોય ત્યારે એના જવાબો પણ અર્થકારણની દૃષ્ટિએ સદ્ધર માલુમ પડે તેવા અપાવા જોઈએ. તે વખતે તેની અંદર આધ્યાત્મિક દલીલો—કે જે વધુ અંશે અભિપ્રાયો હોય છે તે—ન લાવવી જોઈએ. વિરોધીઓના વિરોધનો જડબાતોડ જવાબ દેવાને બદલે મદ્રાસના કોંગ્રેસી વડાપ્રધાન એમ કહે કે, એ બધું નિરાંતે થશે અત્યારે હું હકીકતો ને આંકડા ન આપી શકું—એ તો ભારે શરમની વાત કહેવાય. પોતાની આવી ક્રાંતિકારી નીતિને વાજબી ઠરાવતા આંકડા-હકીકતો તો મદ્રાસના વડાપ્રધાનને જીભને ટેરવે હોવા જોઈએ. પ્રધાનમંડળના અને ધારાસભાના સહુ સભ્યો ઠેર ઠેર ભાષણો, નિવેદનો ને વાતચીતો દ્વારા એ નીતિની સદ્ધરતા અંગે પ્રચાર કરતા હોવા જોઈએ, લોકમત કેળવતા હોવા જોઈએ. લોકોનું ભલું તો સરમુખત્યારો પણ અમુક પ્રમાણમાં કરી શકે છે. પણ એ ભલું કરવા ઉપરાંત, જેનું ભલુ થઈ રહ્યું છે તે જનતાના સામાન્યમાં સામાન્ય માનવીને તેની સતત પ્રતીતિ કરાવતા રહેવું તેનું નામ જ લોકશાહી. મદ્રાસના કોંગ્રેસી તેમજ બિનકોંગ્રેસી આગેવાનોની સંયુક્ત માગણીને માન આપીને આ બાબત અંગે ધારાસભામાં પૂરતી છણાવટ કર્યા પછી, પ્રજાને પોતાની સાથે રાખીને જ પ્રકાશમ-પ્રધાનમંડળે આગળ ડગલું ભરવું જોઈએ. કોઈને ય અંધારામાં રાખીને એકાએક પ્રયાણ કરી દેવાની જરૂર નથી.

દારૂના દૈત્યે કરેલી અમેરિકાની પાયમાલી

મદ્રાસ પ્રાંતમાં ઓક્ટોબરની ૧લી તારીખથી આઠ જિલ્લાઓમાં દારૂબંધીનો કાયદો અમલમાં આવ્યો છે. કોંગ્રેસના પ્રધાનમંડળોએ પોતાના ૧૯૩૭-૩૯ ના અમલ દરમિયાન પોતાના પ્રાંતમાં દારૂબંધીનો ઓછો અધૂરો અમલ શરૂ કર્યો હતો. કોંગ્રેસે હોદ્દા ત્યાગ કર્યા પછીના પ્રતિપ્રાંતના ગવર્નર રાજે એ અમલ કાં તો પાછો ખેંચી લીધેલો અને કાં તો માત્ર કાગળ ઉપર એનો અમલ ચાલુ રાખીને તેની રેવડી કરાવી હતી. હવે કોંગ્રેસ ફરી સત્તા ઉપર આવી છે તેથી પુનઃ કોંગ્રેસી શાસન તળેના પ્રાંતો દારૂબંધીની બક્ષિસ થોડેક અંશે પામી રહ્યા છે. એ સહુમાં મદ્રાસે વિશિષ્ટ કીર્તિ સંપાદન કરી છે. કારણ કે અગાઉ જે ચાર જિલ્લાઓમાં દારૂબંધી દાખલ કરાયેલી તે ઉપરાંત બીજા ચાર વધુ જિલ્લાઓમાં પણ તેનો અમલ આ વખતે શરૂ કરાયો છે, અને આશરે દેઢ કરોડ માનવીઓ એ દૈત્યના પંજામાંથી છૂટ્યાં છે ક્રમે ક્રમે પ્રસરીને પ્રજાશાસનની આ બહુમૂલી સોગાદ સારાયે પ્રાંતને આવરી લેશે.

મદ્રાસની ધારાસભામાં દારૂબંધીના ધારા ઉપર થયેલી ચર્ચા દરમિયાન (અને બીજા પ્રાંતોમાં પણ) દારૂબંધીના કેટલાક વિરોધીઓ એવી દલીલ કરે છે કે અમેરિકામાં દારૂબંધીનો પ્રયોગ નિષ્ફળ ગયો હતો. આ બહુ ગવાયેલી દલીલના જવાબમાં મદુરાના અમેરિકન મિશનના મંત્રી શ્રી લોરબીઅર 'હિંદુ' ઉપરના એક પત્રમાં કહે છે કે—

> 'દારૂબંધીના કાયદાને જ્યાં પ્રજામતનો ટેકો નહોતો તેવાં કેટલાંક મોટાં શહેરોમાં એ નિષ્ફળ ગઈ હતી તે વાત સાચી છે. પરંતુ મોટા ભાગનાં શહેરો અને ગામડાંઓમાં એને સફળતા વરી હતી......

પણ સાચી નિષ્ફળતા તો દારૂબંધીના કાયદાને રદ કરનારાઓને સાંપડી છે. તાજેતરમાં અમેરિકાના ૫૦ પ્રસિદ્ધ નિષ્ણાતોએ એ ધારો રદ થવાનાં આવેલાં પરિણામો અંગે સંશોધન કરીને પોતાનો અહેવાલ બે ગ્રંથોમાં પ્રગટ કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એમના આંકડાઓ એમ બતાવે છે કે અમેરિકાના ૨૦ ટકા છૂટાછેડા, ૨૫ ટકા ગાંડપણ, ૩૭ ટકા ગરીબાઈ અને ૫૦ ટકા ગુનાઓ માટે દારૂનાં પીણાં જવાબદાર છે.'

સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ જીવનધોરણ ઊંચું લાવશે ?

જે ભલા આદર્શોને લક્ષ્યમાં રાખીને આપણી પ્રજા આજ સુધી જંગ ખેલતી આવી છે તેને એક પછી એક મૂર્ત સ્વરૂપમાં મૂકવાની ઘડી હવે આવી પહોંચી છે. ત્યારે કોઈ કાલાંઘેલાં આદર્શોને વધાવવાના ઉત્સાહના અતિરેકમાં આપણા પગ નીચેની જમીન સરકી ન બેસે તે માટે વેળાસરની ચેતવણી ઉચ્ચારનારા થોડાઘણા નિડર અને અભ્યાસી આગેવાનોમાંના એક શ્રી મિનુ મસાણી છે. મોટા ઉદ્યોગો તેમ જ જનતાની સગવડ સાચવતી મહત્ત્વની સંસ્થાઓ (રેલ્વે, ટ્રામ, બસ, ટેલીફોન)નું સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ કરી નાખવું જોઈએ એવો નાદ આપણા દેશમાં આજ વર્ષોથી ગાજતો આવ્યો છે. આપણી કેટલીક નવી પ્રાંતિક ધારાસભાઓએ અથવા કોંગ્રેસી સરકારોએ એ અંગે જાહેરાતો પણ કરી દીધી છે. પરંતુ દરેક બાબતમાં રાષ્ટ્રીયકરણ કરવાથી આપણો દેશ આગળ વધી શકશે ? આપણાં ઉત્પાદન વધી શકશે ? આપણું જીવનધોરણ ઊંચું લાવી શકાશે ? રાષ્ટ્રીયકરણને આ કસોટીએ ચઢાવતાં એક લેખમાં શ્રી મસાણી કહે છે–

'અત્યારનું આપણું ઉત્પાદન અતિશય ઓછું છે. લડાઈ પહેલાં હિંદના સરેરાશ માનવીની આવક વર્ષે ફક્ત રૂા. ૬૫ હતી. તેથી સૌ પહેલી જરૂરિયાત ઉત્પાદન વધારવાની છે. તેથી રાષ્ટ્રીયકરણની કસોટી એ છે કે અમુક કામ સરકારી માલિકી નીચે વધુ સારું થશે કે વ્યક્તિની માલિકી નીચે ?

'આપણું પોશાકનું ઉત્પાદન બ્રિટનના ઉત્પાદનના ૧–૧૨ ભાગ જેટલું અને અમેરિકાના ઉત્પાદનના ૧–૬૦ ભાગ જેટલું છે. લડાઈ પહેલાં હિંદમાં જેટલી વીજળી વપરાતી તેનાથી બ્રિટનમાં ૨૦ ગણી અને અમેરિકામાં ૭૭ ગણી વપરાતી. દર એક લાખની વસ્તી દીઠ હિંદમાં માત્ર પાંચ મોટર ગાડીઓ છે. ઈંગ્લાંડમાં ૧૨૦૦ અને અમેરિકામાં ૩૦૦૦ છે. હિંદમાં ૪૧,૦૦૦ માઈલ લાંબા રેલ્વેમાર્ગો છે. (રશિયા સિવાયના) યુરોપના આપણા દેશ જેટલા જ વિસ્તારમાં ૧,૬૦,૦૦૦ માઈલમાં રેલ્વેના પાટા પથરાયેલા છે. આવી અળખામણી સરખામણીઓ હજી અનેક આપી શકાય.'

શોષણની ઊલમાંથી સડા અને અંધેરની ચૂલમાં ન પડીએ

તો પછી અનેક ક્ષેત્રોમાં આપણે જે પ્રગતિ કરવાની છે તેનો બોજો કોણ ઉઠાવશે ? એ સવાલનો જવાબ આપતાં શ્રી મસાણી કહે છે કે 'પંદર વર્ષની યોજના'માં આપણા આગેવાન ઉદ્યોગપતિઓએ કબૂલ કર્યું છે કે એકલે હાથે તેઓ આ કાર્ય કરી શકે તેમ નથી. પરંતુ બીજી બાજુ, એકલી રાજ્યસત્તાથી પણ એ થઈ શકે તેમ નથી. આપણું વહીવટતંત્ર સાવ કાચું અને સંદતર શક્તિહીન છેઃ—

'અર્ધ લડાઈ એની સાથે અનેક પ્રકારના આર્થિક નિયમનો લેતી આવી. જુદાં જુદાં સરકારી ખાતાંઓમાં વ્યાપક બનેલા સડા અંગે આપણા રાષ્ટ્રનેતાઓએ વારંવાર આકરી ટીકાઓ કરી છે. આ બધું બ્રિટિશ અમલને પરિણામે જ હતું એવી છેતરામણી માન્યતા આપણે ન રાખવી ઘટે. તુમારશાહી, જડ અણઆવડત, અને રૂશ્વતની બદી એ તમામ અમલદારશાહીના મૂળભૂત ગુણો છે. રૂસી સરકારે પોતાના અનેક અફસરોને બરતરફ કરતા હુકમો હમણાં બહાર પાડ્યા, અને અમલદારોમાં પ્રવર્તતા સડા સામે તેમ જ અમલદારી સત્તાના દારુણ દુરુપયોગ સામે રૂસી અખબારોએ માંડેલી જેહાદ એ આ સબ્ધર હકીકતના ટેકામાં સૌથી છેલ્લી સાબિતી છે. આ રીતે આપણે એક દ્વિધામાં સપડાયા છીએ: એક બાજુથી આપણો મૂડીવાદ આ કાર્ય એકલે હાથે કરી શકે તેમ નથી, અને બીજી બાજુ આપણી અમલદારશાહીમાં તો આ કામ માટે એથીય ઓછી લાયકાત છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડીવાદી શોષણનો એક માત્ર રામબાણ ઈલાજ રાષ્ટ્રીયકરણ છે અને સર્વ દેશોમાં સર્વકાળે તે એક અસરકારક નીવડશે એવી ઝનૂની અને આંધળી માન્યતા સેવનારાઓને બાદ દેતાં, વિશાળ જનસમુદાય એ સ્વીકારશે કે આપણા દેશના વિશિષ્ટ સંજોગોમાં સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ કરવું એ તો મૂડીવાદી શોષણની ઊલમાંથી અમલદારશાહીના અંધેરની ચૂલમાં પડવા જેવું થશે, અમુક અનિવાર્ય કિસ્સાઓ સિવાય હાલ તુરત તો વ્યક્તિગત માલિકી રહેવા દઈને સરકાર તેને પોતાની જાગૃત અને કડક દેખરેખ નીચે રહેવા દે એ જરૂરી જણાય છે. વહીવટીતંત્ર જેમ જેમ મજબૂત અને પ્રામાણિક બનતું જાય તેમ અત્યારના નિયંત્રણનું સ્થાન વધુને વધુ રાષ્ટ્રીયકરણ લેતું જઈ શકે. પણ રાષ્ટ્રીયકરણની મર્યાદા આપણે સ્વીકારવી પડશે તેમાં શંકા નથી.

છાપાંના કાગળની વહેંચણી અંગે બ્રિટનનો નવો અખતરો

લડાઈ પૂરી થયાને એક વરસથી વધુ કાળ વીતી ગયો અને યુદ્ધમોરચા ઉપરની પળે પળે પલટાતી પરિસ્થિતિના સનસનાટી ભર્યા સમાચારોનો અંત આવી ગયો. તે છતાં પણ વર્તમાનપત્રોના વાચકોનો રસ ઓછો થયો નથી. ઊલટાની વધુ અને નવાં છાપાં માટે એક વિશાળ વાચકસમુદાય તલસી રહ્યો છે, કારણ કે, માનવીના ભાવિ ઉપર યુદ્ધે જેટલી અસર કરી તેથીય વિશેષ અસર આવતા અનેક દાયકાઓના ઈતિહાસ ઉપર કરનારા બનાવો આજે, શાંતિકાળમાં બની રહ્યા છે. કમનસીબે છાપાંનો વાચક યુદ્ધ દરમિયાન હતો તેટલો જ હજી આજે પણ તરસ્યો રહેલો છે. કારણ કે એક લંડનના 'ટાઈમ્સ' સિવાય દુનિયાભરનાં દૈનિક છાપાં જેની ઉપર છપાય છે તે 'ન્યુઝ-પ્રિન્ટ' કાગળનું ઉત્પાદન તેની ઘણી વધી ગયેલી માંગને હજી પહોંચી શકતું નથી. પેપર કન્ટ્રોલના નિયમન હેઠળ આપણાં છાપાંનાં પાનાં ઉપર અંકુશ મુકાયેલો છે, તેમ પ્રત્યેક છાપાએ કેટલી નકલો છાપવી તે પણ ઠરાવવામાં આવેલું છે. આ બાબતમાં બીજા ઘણા દેશોની માફક બ્રિટન અને હિંદમાં લગભગ સમાન પરિસ્થિતિ પ્રવર્તતી આવી છે. પરંતુ સપ્ટેંબરની ૨૭ મીથી બ્રિટનનાં વર્તમાનપત્રો અંગે ત્યાંની સરકારે જે એક નવો અખતરો શરૂ કર્યો છે તેનાથી બ્રિટિશ અખબારો અને તેમના વાચકોએ ઘણી રાહત અનુભવી હશે.

આખી લડાઈ દરમિયાન બ્રિટનનાં રોજિંદા છાપાંનું કદ ચાર પાનાનું રહ્યું હતું. બ્રિટિશ સરકારે છાપાંને અઠવાડિયામાં ત્રણ દિવસે બબ્બે વધુ પાનાં છાપવાની છૂટ આપી છે. ઉપરાંત દરેક છાપાંને પોતે પ્રજામાં જેટલી વેચી શકે તેટલી નકલો છાપવાની રજા અપાઈ છે. આ રીતે છાપાંને જે વધુ કાગળની જરૂર પડશે તે પૂરો પાડવાનું સરકારે માથે લીધું છે. વધુ ને વધુ વાચકો સર કરવાની બ્રિટિશ અખબારોની આ હરીફાઈ ત્રણ મહિના સુધી અનિયંત્રિતપણે ચાલશે. ત્યારબાદ, પ્રત્યેક છાપાની નવી વાંચકસંખ્યાને આધારે તેનો 'ક્વોટા' નવેસરથી ઠરાવવામાં આવશે. એટલે કે ભૂતકાળમાં ઉજ્જડ ગામમાં એરંડા હતા અને પ્રજાને ગમે ન ગમે તો પણ અમુક છાપાં તેણે ખરીદીને વાંચવાં પડતાં, અને બીજી બાજુ લોકપ્રિય છાપાં પૂરતા 'ક્વોટા'ને અભાવે પોતાના ગ્રાહકોના હાથ સુધી પહોંચી નહોતાં શકતાં, તેવું હવે નહિ બને. આપણે ત્યાં પણ આજે લગભગ દરેક છાપું પોતાના ખરીદનારાઓની માંગને પહોંચી વળવા 'પેપર કન્ટ્રોલ'ને કારણે અસમર્થ હોવાનો દાવો કરે છે. તેમાંથી કેટલાનો દાવો પ્રામાણિક છે, અને પ્રજાને સાચી જરૂર કયા છાપાની છે તે નક્કી કરવા માટે આવો અખતરો કરી જોવા જેવો છે. શક્ય હોય તો તો, અળસિયાંની માફક જન્મ લેવા તલસી રહેલાં અસંખ્ય છાપાંને પણ એ ત્રણ મહિના સુધી પટમાં આવવાની સગવડતા કરી આપવી જોઈએ.

વધુ છાપાં અને વધુ સારાં છાપાંની જરૂર છે

પણ માત્ર ચાલુ છાપાંના ફેલાવવામાં વધારો થવાથી કે નવાં છાપાંનો ઉમેરો થવાથી વાચકોનો રસ છીપવાનો નથી. આપણો વાચકવર્ગ આજે વધુ દળદાર જ નહિ, વધુ સત્ત્વશીલ, વધુ સત્યનિષ્ઠ, વધુ પ્રામાણિક અને સુંદર અખબારોની પ્યાસ અનુભવી રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જરૂર છે વધુ છાપાંની, અને તેથીય વિશેષ તો વધુ સારાં છાપાંની.

ટૂંક સમયમાં જ પોતાનો એક વિશિષ્ટ વાચકસમૂહ ઊભો કરી શકનાર, મુંબઈના અંગ્રેજી અઠવાડિક 'ફોરમે' એક તંત્રીલેખમાં હિંદુસ્તાની તેમ જ પ્રાંતિક ભાષાઓનાં અખબારોની નિઃસીમ શક્તિઓ ઉપર ભાર મૂકતાં કહ્યું છે કે, આજે એક પછી એક હિંદી મૂડીપતિઓને હાથે ખરીદાઈ રહેલાં એંગ્લો-ઇન્ડિયન છાપાં તેમજ હિંદી માલિકીનાં અંગ્રેજી છાપાંની અસર એક દિવસ નાબૂદ થઈ જશે ને તે પછી આપણી પ્રાંતિક ભાષાઓનાં છાપાંની શક્તિ સોગણી વધી જશે. હિંદુસ્તાનની આવતીકાલની સુશિક્ષિત પેઢીના વખતમાં દેશી ભાષાઓનાં છાપાંનો ફેલાવો દસ-વીસ-પચાસ લાખનો આંકડો સહેજે વટાવી જશે. ભાવિના આવા ગુલાબી ચિત્રની પડખે 'ફોરમે' આજની કાળી વાસ્તવિકતાની એક બાજુ આલેખી છે.

"દેની દેશી ભાષાઓમાં નીકળતાં છાપાંની કાળી દિશા વિશે અમે આજે લખીએ છીએ. આ છાપાંનો એક ભાગ કોમી ઝનૂનને ઉશ્કેરે છે, સાચી હકીકતોને નેવે મૂકે છે, ગપગોળા ઉપજાવી કાઢે છે અને પોતાની માન્યતાઓને હકીકત તરીકે વહેતી મૂકે છે. આ છાપાંને હાથે થતું નુકસાન અનહદ છે—આવાં છાપાંમાં ચાલતાં જૂઠાણાંનાં કારખાનાંને પરિણામે લાઠીઓ, છુરીઓ અને તલવારો ઊછળી પડી છે."

કોમ-કોમ વચ્ચેની સંપભાવનામાં સુરંગ ચાંપનારાં અને અંધ મઝહબી ઝનૂન ફેલાવનારાં આવાં છાપાં સામે સરકાર જરૂર પગલાં લઈ શકે. પણ સરકારી પગલાં અસરકારક બનવા જતાં ઘણીવાર નિર્દય અને અન્યાયી બની બેસવાનો સંભવ રહેતો હોય છે. એવાં આકરાં શિક્ષાત્મક પગલાં વારંવાર લેવાની આદત લોકશાહી સરકારને સરમુખત્યારીનો સ્વાદ ચખાડી દે છે. એટલે પ્રજાના અવલ નંબરના શત્રુઓ સમાન આ અખબારો સામે પ્રબલ લોકમત ઊભો થવો જરૂરી છે. એ પ્રજામત ઊભો કરવાનું, એને નીરોગી રાખવાનું, એનામાં કૌવત પૂરવાનું કાર્ય કરતા રાષ્ટ્રીય અખબારોને કોઈ રોકતું નથી.

જનતા ઉપર પકડ ધરાવનારાંએ વિવેકદૃષ્ટિ રાખવી ઘટે

પણ કોમી છાપાંનું કલંક જો તેઓ જે ... તેમાં રહેલું છે, તો રાષ્ટ્રીય છાપાંની શરમ તેઓ ... નથી કરતાં તેમાં સમાયેલી છે. આ રાષ્ટ્રીય છાપાંએ રાષ્ટ્રલડતને આપેલા ટેકાથી પ્રજાપ્રાણ ઉપર ... મહામૂલી પકડ મેળવી છે. એમનાં મથાળાં એમના અભિપ્રાયો, એમની કટારોમાં પીરસાતા સમાચાર હજારો વાચકો અને તેમના લાખો શ્રોતાઓને આશા-નિરાશાની, સુખદુઃખની, માન-અપમાનની લાગણીઓમાં ઝબકોળી શકે છે. સાચે જ દેશનાં નાનાં શહેરો અને ગામડાંમાં વસતી પ્રજા છાપાંનાં શબ્દોની જે કિંમત આંકે છે, એની ઉપર પોતાની લાગણીઓનો જે મદાર બાંધે છે, તેનો પૂરો ખ્યાલ એમાંનાં ઘણાંખરાં છાપાંના સંચાલકોને નહિ હોય, જો એ ખ્યાલ એમને હોય તો ગમે તેવા સળગતાં, જૂઠી સનસનાટીભર્યાં, નિર્મૂળ આશા કે નિરાશાવાળાં મથાળાં બાંધે નહિ અને એ જ કોટિના સમાચારો છાપતાં પૂર્વે અનેક વાર વિચાર કરે.

એક તાજો જ દાખલો લઈએ : આપણાં છાપાંને મુંબઈથી એક સંદેશો મળ્યો કે બે લાખ માણસો હુલ્લડને કારણે મુંબઈ છોડીને ભાગી ગયા છે અને એમને માટે રેલ્વે સત્તાવાળાઓએ ખાસ ગાડીઓ દોડાવેલી. અખબારોએ તરત જ મોટું મથાળું આપીને એ સંદેશો છાપી નાખ્યો. કોઈ વિચાર કરવા થોભ્યું નહિ કે આટલી મોટી સંખ્યા આટલા થોડા દિવસોમાં શહેર છોડી ગઈ હોય તે બનવાજોગ છે કે નહિ. એ બાબત અંગે કોઈએ વિશેષ તપાસ કરી હોય તેવું પણ લાગતું નથી. પણ મુંબઈમાં અને મુંબઈ બહાર હૈયે હામ ધરીને બેઠેલા હજારો વાચકોના દિલમાં શું થયું હશે તેની કલ્પના કરવી અઘરી નથી. રેલ્વેના જવાબદાર અધિકારીઓ મુંબઈમાં હાજર જ હતા. એમની પાસે જઈને કોઈએ એટલું જ પૂછ્યું હોત કે આ વાત સાચી છે? તો પછી હજારોનાં દિલ સાથે આગની માફક ખેલ કરવાનો આ પ્રસંગ ઊભો ન થયો હોત.

અંતે તો અમેરિકી એસોસિયેટેડ પ્રેસના પત્રકારે ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખબરપત્રીએ જઈને રેલ્વેના સત્તાવાળાઓ પાસેથી સાચી હકીકત મેળવી કે હુલ્લડની શરૂઆતના બે એક દિવસ દરમિયાન થોડાંક હજાર માનવીઓ મુંબઈ છોડી ગયાં હતાં ખરાં, પરંતુ તે પછી તો કેટલાય દિવસથી પૂરતા ઉતારુઓ ન હોવાથી અધખાલી ગાડીઓ દોડી રહી છે!

એવો જ બીજો દાખલો લઈએ. અમુક સમાચાર સંસ્થાએ લંડનથી સંદેશો મોકલ્યો કે ૧૯૪૮ માં વેવેલના વાઈસરૉય પદની મુદત પૂરી થતી હોવાથી એમના હોદ્દા ઉપર આ વ્યક્તિ આવશે, કે મહાત્મા ગાંધી (!) આવશે, એટલે શું આપણે એ સંદેશો છાપી જ નાખવાનો? ૧૯૪૮માં હિંદના રાજવહીવટમાં વાઈસરૉય જેવી કોઈ વ્યક્તિ હશે એમ શા માટે માની લેવું? જે સ્વતંત્ર હિંદુસ્તાનનું બંધારણ લોકપ્રતિનિધિ સભા ઘડવાની છે તેમાં સ્વદેશી વાઈસરૉયનું પણ સ્થાન હોઈ શકે એ કલ્પના વાસ્તવિક છે ખરી?

તંદુરસ્ત વાંચનને
પ્રજા અપનાવે

પ્રજામતે જાતે જ જાગવાનું છે અને ઊંઘતા કે આંધળા અખબારોથી ચેતવાનું છે. સારાં તંદુરસ્ત અખબારોને આમજનતાએ અપનાવવા જ પડશે. ફેરીઓ હાથમાં મૂકે તે કોઈ પણ છાપું વાંચીને સંતોષ પામવાનું સ્વતંત્ર મુલકની પ્રજાને ન પાલવે. ચોક્કસ દૃષ્ટિવાળાં છાપાંઓને પ્રયત્નપૂર્વક અપનાવવાં પડશે, એમને વાંચવાની આદત કેળવવી પડશે, મૂડીવાદીઓ જાહેરખબરના પીઠબળવાળા બીજા હરીફો સામે ટકી રહેવા એમને મદદ કરતી રહેશે. સારા શાક માટે બે પૈસા વધુ આપીએ છીએ, ચોકખા દૂધ માટે આનો વધુ આપીએ છીએ, તેમ સારાં છાપાં કાજે મહિને બે રૂપિયા વધુ ખરચવા પડશે. ઉછીનું વાંચવાની આદત છોડવી પડશે.

જેમ છાપાંનું તેમ જ અન્ય સામયિકોનું અને પુસ્તકોનું. આપણે સારાં સામયિકો જોઈતાં હશે, સારાં પુસ્તકો વાંચવાં હશે તો માત્ર પાડોશીઓ અને સાર્વજનિક પુસ્તકલયો ઉપર આધાર નહિ રાખી શકાય. વર્ષે દહાડે દસ રૂપિયાના પણ સારાં પુસ્તકો ખરીદવાનો આપણા 'બજેટ'માં સંકલ્પ કરવો પડશે. એકાદ સારા માસિક કે અઠવાડિકના જાતે ગ્રાહક બનવું પડશે.

છાપાં, સામયિકો અને પુસ્તકો બહાર પાડવામાં મહેનત પડે છે. પારાવાર ખર્ચ થાય છે. એ ખર્ચ પૂરું પાડવા માટે હજારો લાખો વાચકો જ્યારે આગળ આવશે ત્યારે પછી આપણાં છાપાં અને સામયિકોને મિલો, સિનેમાઓ અને પેટન્ટ દવાઓની નરી જાહેરખબરો ઉપર આધાર નહિ રાખવો પડે.

આમજનતાને રાષ્ટ્રીય
સાહિત્ય પહોંચાડવાની જરૂર

હજારો અને લાખો વાચકો પાસે પોતાનાં પ્રકાશનો પહોંચાડવાની મહત્ત્વાકાંક્ષા લઈને એક નવી સંસ્થા આપણે ત્યાં જન્મી છે. સરોજિની નાયડુ, કમળાદેવી ચટોપાધ્યાય, ગગનવિહારી મહેતા, યુસુફ મહેરઅલ્લી અને હુમાયું-કબીર જેવા સન્માનિતો—વિદ્વાનો ઉપરાંત બીજા ૪-૫ શ્રીમંતોની એ લિમિટેડ કંપનીના ડાયરેક્ટરો તરીકે જાહેરાત થઈ છે. પોતાના ઉદ્દેશો અંગે આ પેઢી લખે છે કે—

'આપણી પ્રજાનો ૮૫% ભાગ હજી નિરક્ષર છે. કેળવણી અંગેની મધ્યસ્થ સલાહકાર સમિતિએ દરેક હિંદીને સુશિક્ષિત બનાવી દેવા માટે ૪૦ વરસની મુદત આંકી છે. પણ મધ્યમાં રાષ્ટ્રીય સરકાર હોય તો એ આ ગાળો ટૂંકાવી શકે. જનતામાં શિક્ષણનો પ્રચાર કરવાની પોતપોતાની યોજનાઓ પ્રાંતેપ્રાંતના પ્રધાનમંડળો અમલમાં મૂકવા માંડયા છે. એકલી બિહારની સરકાર જ પોતાના પ્રાંતમાં ૧૦,૦૦૦ પુસ્તકાલયો ખોલવા ધારે છે. આ રીતે સમગ્ર પ્રજા સુશિક્ષિત બનશે ત્યારે ચોપડીઓની માંગ ઘણી વધી જશે. એ માંગને પહોંચી વળવાનું કામ આપણી પ્રકાશન-સંસ્થાઓનું છે. આજે હજી આપણી ૧૫ ટકા પ્રજા સુશિક્ષિત છે છતાં આપણાં પુસ્તકો માટે આપણે વિદેશી પ્રકાશકો પાસે જવું પડે છે. આપણી શાળાઓ માટે મંજૂર કરાયેલાં પુસ્તકોનો મોટો ભાગ હિંદમાંથી કે હિંદ બહારથી પરદેશી પ્રકાશકો બહાર પાડે છે. ૧૯૩૯-૪૦ દરમિયાન રૂ. ૫૩,૬૯,૦૦૦ની કિંમતનાં પુસ્તકો આપણે પરદેશોમાંથી આયાત કરેલાં. તે પછી, ૧૯૪૫ના એપ્રિલથી નવેંબર સુધીના આઠ મહિના દરમિયાન, ઈંગ્લાંડ અને અમેરિકામાં કાગળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખત તંગી હોવા છતાં અને માલની લાવજા કરનારાં જહાજોની કારમી ખેંચ હોવા છતાં લગભગ ઓગણત્રીસ લાખ રૂપિયાનાં પુસ્તકો આપણે આયાત કરેલાં. આ ઉપરાંત હિંદમાં જ પોતાનું કામ ચલાવતી વિદેશી પ્રકાશનસંસ્થાઓએ અનેક પુસ્તકો બહાર પાડયાં છે તેની કિંમત પણ હિંદી પ્રકાશકોના ઉત્પાદનના મૂલ્યથી ઘણી મોટી થવા જાય છે. જો આપણાં પુસ્તકો પરદેશી કે પરદેશથી આયાત કરેલાં હોય તો પછી સાક્ષરતા અને શિક્ષણનો શો અર્થ રહે ? ઉપર કહી તે સંસ્થા આ ખાલી જગા પૂરવા માટે ઊભી કરવામાં આવી છે. વિશાળ આમજનતાને માટે એ રાષ્ટ્રીય સાહિત્ય પેદા કરશે અને હિંદનાં શહેરો તેમજ ગામડાંની પ્રજા સુધી એને પહોંચાડવા મથશે.'

સાથે સાથે બીજા પણ એક પ્રશ્નનો ઉકેલ આ સંસ્થા લાવવા માગે છે. એ છે હિંદ વિશેનાં પુસ્તકોને પરદેશોની બજારોમાં મોટી સંખ્યામાં પહોંચાડવાનું કાર્ય. ૧૯૪૪ દરમિયાન બ્રિટને લગભગ પોણા સાત કરોડ રૂપિયાની કિંમતનાં પુસ્તકોની નિકાસ કરેલી. જ્યારે ૧૯૪૪ના આઠ મહિનાઓ દરમિયાન હિંદુસ્તાનમાંથી પોણા ત્રણ લાખનાં પુસ્તકોની નિકાસ થયેલી. આ આંકડા સુધી આપણી નિકાસ પહોંચી તે પણ મુખ્યત્વે મિત્રરાજ્યોનાં સૈન્યોને માટે અહીંથી પુસ્તકો રવાના કરાયેલાં તે કારણે જ. બાકી સામાન્ય કાળ દરમિયાન તો આપણાં પુસ્તકોની નિકાસ શૂન્યવત્ જ ગણાય. પરદેશોમાં જતાં પુસ્તકો એ આપણા દેશના નાના-નાના એલચીઓ જ છે. આવા એલચીઓ લાખોની સંખ્યામાં નિકાસ થઇને દેશદેશમાં ફરી વળીને નૂતન હિંદુસ્તાનના પિછાનદારો, સાથીઓ અને પ્રશંસકોમાં જલદી વધારો કરવા માંડે એવી હોંશ કોને નહિ હોય ?

થોડો આનંદ અને તેથી અનેકગણી શરમ

સુરત જિલ્લાના કાર્યકર શ્રી કલ્યાણજી મહેતાનો પોતાનો ઉપર આવેલો એક કાગળ ગાંધીજીએ 'હરિજન બંધુ'માં છાપ્યો છે તેનો સારાંશ આ છે—

'૧૭મી તારીખે જલાલપુર તાલુકાના મટિયા ગામે ગામનો મીઠા પાણીનો એકનો એક કૂવો હરિજન માટે ખુલ્લો મૂકી આ કામની શરૂઆત કરી. આપે હરિજનવાસમાં ઊતરવાનું પસંદ કર્યું તેથી લોકોનાં દિલ હાલી ઊઠયાં છે. લોકો હરિજનવાસમાં તેમને કૂવે આમંત્રણ આપવા ગયા, અને શંખ તથા ઘંટનાદ સાથે ગામનાં ભાઇબહેનોના સરઘસ સાથે હરિજન ભાઇબહેનો કૂવે ગયાં. પહેલાં ભંગી દંપતી પાસે પાણી ભરાવ્યું અને તે પછી પાંચ હરિજન બહેનોએ એ ક્રિયા કરી. આ પછી જિલ્લામાં એની હવા ચાલી. બીજી ઓકટોબર સુધીમાં આ રીતે સોએક કૂવા હરિજનો માટે ખુલ્લા મુકાશે તેવો અંદાજ છે.'

કહેવાતા સવર્ણ હિંદુઓના દિલમાં હરિજનો પ્રત્યેના પ્રેમની આવી સરવાણી કોઈક કોઈક સ્થળે ફૂટે છે તે આંખમાં હર્ષનાં આંસુ લાવનારી બીના છે. પરંતુ આ સમાચાર ઉપર ગાંધીજીએ ટીકા કરી છે તેમ—

'આ કૂવા ખૂલ્યા, તે આનંદની વાત છે. પણ એથી વધારે શરમની વાત એ છે કે, અસંખ્ય કૂવેથી હરિજનો પાણી નથી ભરી શકતાં. તેથી જો ઉપરના કૂવા ખોલ્યાની વાત જાણી બીજાંઓને પણ કૂવાઓ ખુલ્લા મૂકવાનો ઉત્સાહ આવશે, તો શરમનો ભાર હળવો થશે.'

અલ્પ આનંદ અને તેથી અનેકગણી શરમથી ભરેલી બીજી પણ એક બીના ઠક્કર બાપાએ 'હરિજન બંધુ'માં જણાવી છે—

'હરિજન સેવક સંઘની ગુજરાતની શાખાના મંત્રી શ્રી પરીક્ષિતલાલ મજમુંદારે ગયા જૂન માસથી કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત વિદ્યાપીઠના મકાનમાં એક છાત્રાલય શરૂ કર્યું છે. તેમાં અત્યારે સોળ વિદ્યાર્થીઓ રહે છે. તે સોળમાંથી વણકર, ચમાર, ભંગી અને નાડિયા કોમના બાર હરિજન અને પાટીદાર, પાટણવાડિયા અને વાણિયાની ન્યાતના ચાર સવર્ણ હિંદુ વિદ્યાર્થી છે. તે બધા પૂરેપૂરી સંપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નતાથી ભેગા રહે છે, એક રસોડે ભેગા જમે છે અને એ રીતે સમાન ધોરણનું જીવન ગાળે છે, ભેગાં જમવાનું રાખી અને સમાન જીવન જીવી અસ્પૃશ્યતા નિવારણ કરવાનો આ એક સરસ દાખલો છે. બીજા પ્રાંતો આવું અનુકરણ કરી પોતાને ત્યાં આવાં અનેક છાત્રાલયો ઉઘાડશે એવી આશા રાખીએ છીએ.'

હરિજનો માટે જુદી નિશાળો, જુદાં છાત્રાલયો, જુદા કૂવાઓ વગેરેની સગવડ કરી આપવાથી એમનામાં જાગૃતિ આવવા ઉપરાંત પોતે પણ એક જુદી કોમ છે, એક કોમ તરીકેના વિશિષ્ટ હક્કોના અધિકારી છે, એવી અહિતકારી ભાવના પ્રગટે છે. તેને બદલે આવાં હરિજન—બિનહરિજનોનાં મિલનસ્થાનો દ્વારા હરિજનોની સાચી સેવા થઈ શકશે. બિનહરિજનો ઢેઢ ભંગીને અસ્પૃશ્ય ગણતા અટકી જાય એટલું જ નહિ, પણ ખુદ હરિજનો જ પોતાને અસ્પૃશ્યો સમજતાં મટે એ જરૂરી છે. એકનું શરમજનક અજ્ઞાન અને બીજાની લાઘવગ્રંથિ કાઢવાનો સાચો માર્ગ આવાં છાત્રાલયો દાખવી રહ્યાં છે.

કોમવાદના વિષસોંચનને નાબૂદ કરો

પણ હિંદમાં—ગૂજરાતમાં— આવાં છાત્રાલયો કેટલાં હશે ? આંગળાને વેઢે ગણાય તેથી પણ ઓછાં. એમાં વસતા વિદ્યાર્થીઓ કેટલા—સો પચાસ હજારો અને લાખો વિદ્યાર્થીઓ તો કોમો અને પેટા-કોમો માટે અલાયદી બેડિંગોના સંકુચિત વાતાવરણમાં ગુંગળાય રહ્યા છે. અને આ બાબતમાં ગુજરાતને સંતોષ લેવો હોય તો તે ફક્ત એટલો જ લઈ શકે તેમ છે કે બીજા પ્રાંતોમાં પણ એટલી જ પછાત મનોદશાવાળી પ્રજા વસે છે.

થોડાં અઠવાડિયાઓ પર યુક્તપ્રાંતના માધ્યમિક શિક્ષણસંઘનું રજત-મહોત્સવ-અધિવેશન લખનૌમાં ભરાયેલું. કોમી શિક્ષણસંસ્થાઓને નાબૂદ કરવાને લગતી એક દરખાસ્ત એ પરિષદ સમક્ષ રજૂ થયેલી પરંતુ તેને ઉત્સાહપૂર્વક આવકાર ન મળ્યો. એ પરિષદને પહેલે દિવસે યુક્તપ્રાંતનાં કેળવણી—પ્રધાન શ્રી સંપૂર્ણાનંદે પોતાના ભાષણમાં એમના હૃદયની વ્યથા ઠાલવેલી કે, હિંદના જુવાન છોકરાઓના મગજમાં કોમવાદના ઝેરનું પદ્ધતિપૂર્વક સીંચન કરવામાં આવ્યું છે. હિંદીઓ તરીકે નહી પણ હિંદુઓ અને મુસ્લિમો તરીકે વિચાર કરવાનું તેમને શિખવવામાં આવ્યું છે. અને પછી તે વખતે કલકત્તામાં અને બીજાં શહેરોમાં જે બની રહ્યું હતું તેને અનુલક્ષીને એમણે કહ્યું કે કુમળા મગજમાં પેસાડાયેલાં ઝેરનું ફળ આજે નીપજી રહ્યું છે.

એ વિશેના એક અગ્રલેખમાં 'નેશનલ હેરાલ્ડ' લખે છે કે :

> 'દુનિયાના સૌ દેશોમાં એક હિંદુસ્તાન જ એવો છે કે જ્યાં કોમી શાળાઓ, કોલેજો, કોમી ક્રિકેટ, કોમી રજાઓ અને કોમી ચૂંટણીઓ જેવી હેવાનિયતો અસ્તિત્વ ધરાવે છે. ૧૯૩૬માં મહાત્મા ગાંધીએ મુંબઈના પંચાંગી ક્રિકેટનો વિરોધ કર્યો ત્યારે ઘણા એમની સાથે સંમત થયા નહોતા. પણ આજે હવે લોકો માનતા થયા છે કે કોમી ક્રિકેટ એક બૂરી ચીજ છે અને તે નાબૂદ થવી જોઈએ. તો પછી આપણી શિક્ષણસંસ્થાની આ નાદાની શા માટે ? આપણા જીવનની યોજના નવેસરથી ઘડવાની છે. તમામ નુકસાનકારક સંસ્થાઓને નાબૂદ કરવાના નિર્ણયથી આપણને ખોટ કરતાં હાંસલ ઘણું વધારે થશે. કોમી કે ધાર્મિક સંસ્થાઓને નાબૂદ કરવાનો અર્થ એ નથી કે એ બધી સંસ્થાઓ બંધ કરી દેવામાં આવશે અને નિશાળીઆઓને તગડી મૂકવામાં આવશે. એ બધી સંસ્થાઓને પ્રાંતિક સરકારો પોતાને હસ્તક લઈ શકે અને આ કે તે કોઈ એક કોમ માટે નહિ પરંતુ સમસ્ત પ્રજા માટે તેનું સંચાલન કરી શકે એવા કાર્ય માટે એમને નાણાં પણ મળી રહેશે.'

પ્રજાકીય પ્રધાનમંડળે કરેલું કર્વે વિદ્યાપીઠનું સુયોગ્ય સન્માન

કર્વે યુનિવર્સિટીને નામે ઓળખાતી સ્ત્રીઓની વિદ્યાપીઠને માન્ય રાખવાના અને તેની ડીગ્રીઓને ભવિષ્યની તેમ જ ભૂતકાળમાં અપાઈ ચૂકેલી ડીગ્રીઓને, બીજી યુનિવર્સિટીના ડીગ્રીઓ જેટલી જ પ્રમાણભૂત ગણવાના મુંબઈ સરકારના નિર્ણય બદલ વડા પ્રધાન શ્રી ખેરને જેટલા અભિનંદન અપાય તેટલાં ગેગ્ય છે. સ્ત્રીઓના વિદ્યાપીઠ હોવા ઉપરાંત કર્વે યુનિવર્સિટી રુદય ગરીબોની વિદ્યાપીઠ રહી છે. એના સ્થાપક કર્વે દાદાએ ચીંથરેહાલ સાદાઈવાળું જીવન જીવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવતાં પાઈ પૈસો ઉસરડી ઉસરડીને આઓના વિશિષ્ટ જ્ઞાનદીપ સમી એમની વિદ્યાપીઠને ઉછેરી છે. મોટાં ફંડોની છાકમછોળ એ પુરુષે કદી અનુભવી નથી— વાંચ્છી પણ નથી. વિદેશી સરકારના પ્રતિનિધિ મેકોલેએ આપણી બીજી યુનિવર્સિટીઓનો પાયો નાખ્યો, જ્યારે કર્વે દાદાએ મહાત્માને છાજતી અખૂટ ધૈર્ય અને પારાવાર પરિશ્રમનું સીંચન કરી કરીને આ ભૂમિના પોતાના આદર્શોને ધ્યેયમાં રાખીને આ સ્ત્રી-વિદ્યાપીઠને ફાલતી કરી છે. કર્વે દાદાનું જીવન એ એક 'રોમાન્સ' છે, એમની વિદ્યાપીઠની તવારીખ એ એક સાહસકથા છે. આપણા સદ્‌ભાગ્યે પ્રજાકીય પ્રધાન મંડળે આવીને વહેલાં આ વિદ્યાપીઠને તેને છાજતું ગૌરવપૂર્ણ સ્થાન આપ્યું છે. થોડા વર્ષો મોડું થયું હોત, અને આજે જે બન્યું છે તે કર્વે દાદાની હયાતી બાદ બન્યું હોત તો પ્રાંતને, દેશને માથે કાળી ટીલી રહી જાત.

માનવવિવેકની દૃષ્ટિએ
મરણવિધિનું મૂલ્યાંકન

'પ્રસ્થાન'ના ભાદરવાના અંકમાં શ્રી કિશોરલાલ મશરૂવાળાએ 'મરણવિધિ' નામે એક લેખ લખ્યો છે તે તેની સ્વચ્છ વિચારદૃષ્ટિ અને સ્પષ્ટ રજુઆતને કારણે પોતાની જાતને પછાત અને અંધશ્રદ્ધાળુ નહિ માનનારા સૌને માટે મહત્વનો છે. માણસના મરણની તદ્દન પૂર્વે અને પછી, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે સંપ્રદાયો પ્રમાણે કેવા વિધિ જરૂરી કે બિન જરૂરી અથવા યોગ્ય કે અયોગ્ય ગણાય તે વિશે શ્રી કિશોરલાલભાઈએ નથી લખ્યું. ધર્મ સંપ્રદાયોથી પર કેવળ માનવવિવેકની દૃષ્ટિએ જ તેમણે પોતાના વિચારો દર્શાવ્યા છે - અને એ જ યોગ્ય છે:—

જ્યારે મારી આજુબાજુના લોકોને એમ લાગે કે હવે હું થોડા દિવસોનો કે કલાકોનો મહેમાન છું તે વખતે, જો મને ભાન ન જણાય અને હું મરી ઘડી નજીક આવેલી છે એમ ન જાણું તો હેઉ ના મને સાવધ કરી દેવો જોઈએ. પોતે અંદર-અંદર ચેતી જવું અને મને ભાન હોય તો મારું મરણ નજીકમાં છે એમ મને સાવધ કર્યા પછી જો હું તે સમાચારથી ગભરાઈ જાઉં કે નાહિંમત થઈ જાઉં તો સમજી મિત્રોએ મને સદુપદેશ આપી હિંમત આપવી જોઈએ, પોતેય રડારોળ ન કરવા જોઈએ અને મનેય જાણે મારી ઉપર કોઈ મહાન આ[illegible] આવી પડેલી હોય તેમ બેબાકળો ન થવા દે[illegible] જોઈએ...

'મર્યા પછી ચોકામાં નાખવો કે પથારીમ[illegible] જ રાખવો વગેરે બાબતોને સદ્‌ગતિ-દુર્ગ[illegible] સાથે કશો સંબંધ નથી. એ બધી લોકાચા[illegible] રૂઢિઓ છે.

'કાંઈ ખાસ પ્રયોજન ન હોય તો શબ[illegible] ફોટો લેવો એ મારી દૃષ્ટિએ એક જાતનું [illegible] લાપણું અને આ જમાનામાં ઉત્પન્ન થયેલું [illegible] પણ છે. મારા મરી ગયા પછી મારા શબ[illegible] કોઈ પણ રીતે નિકાલ કરવો રહ્યો જ. મ[illegible] ગયાની ખાતરી થયા પછી જેમ બને તેમ વહે[illegible] નિકાલ કરવો તે સ્થાનિક સગવડ ઉપર આધાર રાખે છે. સગવડ હોય, અને મંદવાડને પરિણામે કે બીજાં કારણસર શરીર અસ્વચ્છ હોય અથવા વાસ છૂટવા લાગી હોય તો પાણીથી સાફ કરી ધોવું એ સારી રીત છે. પણ નવડાવવાની રીત છે માટે ઘડો પાણી ઢોળવાની જરૂર નથી...

'વૈજ્ઞાનિક દૃષ્ટિએ સારી રીત તો બાળવાની મ[illegible] છું. પણ સમજો કે લાકડાં દુર્લભ જ છે, તો દાટવાને ય હરકત નથી. ગંગા જેવી મોટી નદી કે સમુદ્રમાં વહેતું મૂકવાને ય બાધ નથી. અને જો કોઈ હૉસ્પિતાલમાં મરું, અથવા દાક્તરોને લાગે કે મારું શરીર ખોલીને અભ્યાસ કર[illegible] જેવું છે, અથવા કોઈ બીજા દરદીને માટે તે[illegible] કોઈ ભાગનો ઉપયોગ કરવા જેવું છે, તો તેમને સોંપવામાં ઉદારતા જ છે. ટૂંકમાં, કઈ રીતે શબનો નિકાલ આણવો એ સાથે મને સંબંધ નથી, સમાજને સંબંધ છે. સમાજને અનુકૂ[illegible] હોય તેમ કરે... શબને ચંદન અને ફૂલ ચઢા[illegible] વવાં સારાં વસ્ત્રોથી શણગારવું, ચંદનના લાક[illegible] ડાંમાં ઘી સાથે બાળવું, વગેરે બાબતો દંભ અને મિથ્યાભિમાનની છે, સદ્‌ગતિ-દુર્ગતિની નથી. મારા જેવી સ્થિતિના માણસને એક ધોતી[illegible] ભેર. સાદી ચાદર ઓઢાડી, ખેર-બાવળની ચિતા, જરૂર પડ્યે ઘાસતેલની મદદથી બાળવા[illegible] તાનમ માનવની જરૂર નથી....

'બાળવા-દાટવા માટે નજીકમાં નજીક આવે[illegible] સ્મશાન-કબ્રસ્તાનનો જ ઉપયોગ કરવો ઘટે. [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ જગ્યા શોધવાની જરૂર નથી... તે જગ્યા પર સમાધિ કે કબર બાંધવી, અને તે પર ફૂલ ચડાવવાં કે ત્યાં જઈ પ્રાર્થના–નમાજ કરવાં વગેરે મને ભૂતપૂજાના પ્રકાર લાગે છે... પ્રાણ ગયા પછી શબને બાળવા–દાટવાની જગ્યાનો મહિમા વધારવાનો મોહ એટલો ઊંડો છે કે મહાજ્ઞાનીઓને પણ તેનો સંસ્કાર છૂટી શકતો નથી. તે જગ્યા તીર્થનું સ્થાન બની જાય છે. ક્યારેક તે સમાધિ કે કબર રસ્તાની વચ્ચે આવી પડે અને ખસેડવાની જરૂર ઊભી થાય તો લોહીની નદી વહે એવી તેના પરથી લડાઈ ઊભી થાય છે.... બાળવાની જગ્યા સાફ કરી નાખવાની દૃષ્ટિએ ફૂલ (અસ્થિ) વીણી લેવાની રીત સારી છે... જે રીતે નજીકમાં નજીક થઈ શકતો હોય તે રીતે ફૂલનો નિકાલ કરવો. કોઈ ઝાડમાં તેનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાતો હોય તો કરવો, નહીં તો નજીકમાં જે કોઈ વહેતી નદી હોય તેમાં નાખવાં. પ્રયાગ, હરદ્વાર કે સમુદ્ર સુધી પહોંચાડવાની જરૂર નથી.

'મારા કુટુંબમાં સાદડીનો, રોવા–કૂટવાનો કે ગરુડપુરાણ બેસાડવાનો રિવાજ નથી. પણ જે સંસ્થાઓ સાથે મારે સંબંધ છે, ત્યાં તેની સુધરેલી આવૃત્તિ દાખલ થવાનો સંભવ ખરો. એટલે કે, દશમા, બારમા વગેરે દિવસોને કે મરણની તિથિ કે તારીખને મહત્ત્વ આપી તે દિવસે કાંતણ, ગીતાપાઠ વગેરે યોજવાની સૂચનાઓ કરવામાં આવે એમ બને. કાંતણ અને ગીતાપાઠને બહાને પણ તિથિઓને આવું કૃત્રિમ મહત્ત્વ આપવું અથવા તિથિઓને બહાને કાંતણ અને ગીતાપાઠનો પ્રચાર કરવો એ બન્ને રીતો મને ઇષ્ટ લાગતી નથી, અને એક પછી એક મારા જેવા અનેક કાર્યકર્તાઓ મરશે. કેટલાકની તિથિઓ પળાશે? અને મારે આમ કર્યું તો બીજાને માટે કેમ નહીં એવી ઇર્ષા પણ એમાંથી દરેકના ખાસ ચાહનારાઓના દિલમાં ઉત્પન્ન થાય. જ્યારે કોઈ રિવાજ આવું સ્વરૂપ પકડે ત્યારે તે કર્મકાંડ બન્યો કહેવાય.'

રૂઢિનું કૂંડાળું છોડી નવી કેડી પાડવાની જરૂર

આપણા લગ્ન–મરણના રિવાજો જીવનમાં એટલી જડ ઘાલી ગયા છે કે ઉચ્ચ અભ્યાસ કરી, ડીગ્રીઓ મેળવી, પરદેશ જઈને બુદ્ધિપૂર્વક જીવન જીવવાની તાલીમ પામેલા ડાક્તરો, વકીલો, પ્રોફેસરો અને વિદ્વાનો પણ પોતાના કુટુંબમાં આ બેમાંથી કોઈ પ્રસંગ આવે ત્યારે લોકાચારની રૂઢિના કૂંડાળાની બહાર નથી નીકળી શકતા. લગ્ન વખતની વિધિમાં કેટલેક સ્થળે ફેરફાર થતો આવે છે, પણ જે ઘરમાં કોઈ મરણ થયું હોય તેના મુખ્ય માનવીની ચોપાસ શોકનું એવું ઘેરું વાતાવરણ હોય છે કે શ્રી. કિશોરલાલભાઈએ દર્શાવ્યા તેવા જ વિચારો એને આવતાં હોવા છતાં તેને આચારમાં મૂકવા જેટલું ચેતન એનામાં રહ્યું નથી હોતું. પરિણામે, બે-ચાર જનની સલાહ આગળ જે કાંઈ અર્થહીન વિધિઓ કરાવે છે તેમાંથી એ મૂઢની માફક પસાર થાય છે.

મરણ અંગેની આ કૃત્રિમ રૂઢિઓને તિલાંજલિ આપવી એ સાવ સહેલું છે. ફક્ત થોડા જ માણસો જો પોતાને ઘેર આવા કમનસીબ પ્રસંગો આવે ત્યારે એક નવી કેડી પાડશે તો આમ લોકસમૂહ જૂનવાણી પદ્ધતિઓમાંથી છૂટવા એટલો બધો આતુર છે કે સહુ કેડીના પાડનારાઓની પાછળ ચાલ્યા આવશે.

લોક-પ્રતિનિધિસભા અને ટપાલની ટિકિટો

નવી કામચલાઉ સરકારના ટપાલખાતાના પ્રધાન ઉપર લખાયેલા એક પત્રમાં નીચેનું સૂચન રજુ કરવામાં આવેલું, તે અહીં આપ્યું છેઃ—

સ્વતંત્ર હિંદુસ્તાનનું બંધારણ ઘડવા માટે આપણી લોકપ્રતિનિધિસભાની બેઠક ડિસેંબરની ૯મી એ મળનારી છે, તે ઐતિહાસિક પ્રસંગની જાણ દેશને ખૂણે ખૂણે પડેલા સામાન્યમાં સામાન્ય પ્રજાજન સુધી પહોંચે અને તેની યાદ કાયમ રહે તે માટે ટપાલની ખાસ ટિકિટો કાઢવી. એટલા થોડા સમયમાં જુદી જુદી કિંમતની ખાસ ટિકિટો છપાવવાનું શક્ય ન હોય તો એને માટે ખાસ પોસ્ટકાર્ડ છપાવવાં. પત્તું એ એક એવી ચીજ છે કે જે હિંદના કરોડો નિરક્ષરોના હાથમાં જાય છે. અને રેડિયો કે છાપાં જ્યાં ન પહોંચતાં હોય તેવાં દૂર દૂરના ગામડાંઓમાં પણ એ પહોંચે છે. એવાં સ્થળે અને એવાં માનવીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે લોકપ્રતિનિધિસભાના કાર્યની શરૂઆતના સમાચાર લઈ જવા માટે આ ઘણું સારું સાધન છે. એના જવાબમાં ટપાલખાતાના ડાયરેક્ટર-જનરલે જણાવ્યું કે—

હિંદુસ્તાનની પ્રથમ રાષ્ટ્રીય સરકારના આરોહણ પ્રસંગે ટપાલની ખાસ ટિકિટો કાઢવા અંગે વિચારણા ચાલી રહી છે. લોકપ્રતિનિધિસભા માટે ખાસ ટિકિટો કાઢવાની જરૂર નથી. વળી, લોકપ્રતિનિધિસભા મળે તે પહેલાં સુંદર ટિકિટોનાં ચિત્ર દોરાવવાનું, તેને છપાવવાનું અને તેની વહેંચણી કરવાનું કામ થઈ શકે તેમ નથી. તે છતાં, લોકપ્રતિનિધિસભા મળે તે નિમિત્ત કોઈ યોગ્ય સૂત્રવાળી (તારીખની) છાપ વાપરવી કેટલે અંશે શક્ય છે તે અંગે વિચારણા ચાલી રહી છે.

કલંકિત નિશાનીઓ નાબૂદ થાય છે

પરદેશી અમલ આ દેશમાંથી વિદાય લઈ રહ્યો છે ત્યારે તેની સાથોસાથ પરદેશી અમલની અનેક કલંકિત નિશાનીઓને પણ નાબૂદ કરવા વિશે ગયા અંકે અહીં લખાયેલું. બીજા પ્રાંતોમાં એ દિશામાં કેવાં પગલાં ભરાઈ રહ્યાં છે તે નીચેના બે સમાચાર દર્શાવે છેઃ—

અલ્હાબાદ તા. ૧૧—હિંદુસ્તાન સ્કાઉટ્સ એસોસિયેશનની વડી સમિતિએ નક્કી કર્યું છે. દરેક સ્કાઉટને અત્યાર સુધી 'ઈશ્વર, રાજા અને સ્વદેશ' પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા લેવી પડતી તેમાંથી 'રાજા'ને હવે બાદ કરવામાં આવશે.

લખનૌ તા. ૧૧—યુક્તપ્રાંતના શિક્ષણ-પ્રધાન શ્રી સંપૂર્ણાનંદે જાહેર કર્યું છે કે, "આપણો દેશ પરદેશીઓના કબજામાં હોવાને લીધે 'ગંગા' અને 'મથુરા' જેવાં હિંદુસ્તાની નામોનાં ખોટાં જોડણી-ઉચ્ચાર 'ગેન્જીઝ' અને 'મુત્રા' કરવામાં આવતાં હતાં. પણ હવે એ નામોને તેમનાં અસલ મધુર સ્વરૂપ પાછાં અપાવાનાં છે. મેં પોતે તો મારા અંગત જીવનમાં તેમ જ મારા હોદ્દાની રૂએ હમેશાં 'ગંગા' અને 'મથુરા'નો જ ઉપયોગ કર્યો છે. પણ આપણા શબ્દકોળમાંથી આ વિદેશી દંશ કાઢી નાખવાનો સરકારે નિર્ણય કર્યો છે."

શ્રી શ્રીધરાણીનું ગૃહાગમન

ઘર ઝંખતા શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી બાર વર્ષ અમેરિકામાં ગાળીને સ્વદેશ પાછા ફર્યા છે તે એમના આ પ્રાંતમાંનાં સ્નેહીઓ અને આખા દેશમાંના પ્રશં-સકોને માટે આનંદની વાત છે. હિંદુસ્તાન જેવા દેશમાં જુવાનીમાં પ્રવેશેલા ઘણા માણસો બાર વર્ષે તો બુઢ્ઢા થઈ જાય છે. પણ પ્રચંડ વેગ, પ્રોત્સાહક પ્રગતિ અને અવિરત પુરુષાર્થથી છલકાતા અમેરિકન જીવનપૂરમાં ટકવા માટે માણસ સદાને માટે નહિ તો લાંબા કાળ સુધી યૌવનનું જોમ જાળવવું પડે છે. શ્રી શ્રીધરાણી એ જોમ અને તાજગી લઈને આપણી વચ્ચે પાછા ફર્યા છે.

બાર વર્ષ પૂર્વે એમણે ગુજરાતની વિદાય લીધી ત્યારે 'વડલો', 'પીળાં પલાશ', 'મોરનાં ઈંડાં' અને બીજી ગુજરાતી ચોપડીઓના લેખક તરીકેની લોક-પ્રિયતાનું ભાથું એમની પાસે હતું. દક્ષિણામૂર્તિ અને શાંતિનિકેતનમાં કરેલા અભ્યાસની ફોરમ હતી. અમે-રિકામાં વધુ અભ્યાસ કરી માનવંતી ડીગ્રીઓ મેળવ્યા ઉપરાંત શ્રી શ્રીધરાણીએ 'વૉર વિધાઉટ વાયલન્સ' (અહિંસક યુદ્ધ), 'માય ઈન્ડીઆ, માય અમેરિકા', (મારું હિંદ અને મારું અમેરિકા), 'વૉર્નિંગ ટુ ધી વેસ્ટ' (પશ્ચિમને ચેતવણી) વગેરે અંગ્રેજી પુસ્તકોના લેખક તરીકે નામના મેળવી છે. માત્ર લખવા ખાતર જ નહિ, પણ હિંદુસ્તાનની સાચી ઝાંખી, હિંદુસ્તાનના સંસ્કાર અને તેની ભાવનાઓને અમેરિકા અને જગત સમક્ષ રજુ કરવાના હેતુપૂર્વક એમણે લખેલાં આ પુસ્તકોએ હિંદ વિશેના અંગ્રેજોના પ્રપંચી જૂઠાણાઓના ઘોર અંધકારને તેજનાં કિરણો ભેદ્યો છે; એટલું જ નહિ એક ચિંતનગંભીર લેખક-નવેશ તરીકેનું સ્થાન એમણે પ્રાપ્ત કર્યું છે. અમેરિકા જેવા દેશમાં કેટલીય ઉપરછલી આછકલાઈઓના વાયરા વાયા કરતા હોય છે. તેનાથી પર રહીને આવું સ્થાન પ્રાપ્ત કરવું એ નાનુંસનું ગૌરવ નથી.

શ્રી શ્રીધરાણીનાં બાર વર્ષના પરદેશવાસની સમાપ્તિના સ્મૃતિચિહ્ન સમો, અને એમનાં સ્વદેશ-આગમન એમના ગૃહાગમનની વધામણી આપનારો 'પિયો ગોરી' નામનો એમનો નાટકસંગ્રહ હમણાં જ બહાર પડ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધપૂડા બાંધનારા

ઝવેરચંદ મેઘાણી

ગુણજ્ઞ ગુર્જરો,

તમે આજે મારું બહુમાન કર્યું છે. સામાને સન્માનીને ય ઊલટાના પોતે આભારભીના બનો છો, એ તમારી અધિકતા છે. કરાંચી સંમેલન વખતે પત્રકાર-વિભાગના પ્રમુખસ્થાનને પાછું વાળીને તમારા જેવા જ ગુણજ્ઞોનાં દિલ કોચવ્યાં હતાં. આજે મારા અધિકારમાં તો ન્યૂનાધિકતા નથી થઈ. પણ વારંવાર ના પાડવા પાછળ રખે ઊંડે ઊંડે ય એકલવિહારીપણાનું અભિમાન કામ કરતું હોય, એ આત્મભીતિથી ચુપચાપ ચાલ્યો આવ્યો છું.

તમે આપેલા ગૌરવનું મારે મન મૂલ્ય છે. આપણા નાના શા ગુજરાતમાં સાહિત્યોપાસનાને વરેલા માણસો પ્રમાણમાં નાનાં ઘર-દીવડાં જેવા, સંખ્યાયે તેમની અલ્પ, અને તેમને પ્રત્યેકને પોતપોતાના કસબ પર મુસ્તાક રાખવાને સારુ જરૂરી એવાં માનગૌરવનાં નિમિત્તો અવસરો યે જૂજજૂજ. (એ તો જૂજ હોય તેજ ઇષ્ટ છે.)

સંમેલનનું શ્રેય

આવા પ્રોત્સાહક માનપ્રદાનના તમે યે અધિકારી છો. સાહિત્ય-પરિષદ ચાલીશ વર્ષની પ્રૌઢપીઢ સંસ્થા છે. એનો ભૂતકાળ કેવોક હતો ને વર્તમાન ક્યાં ગૂંચવાયો છે, તે તો મારા જેવા બહાર ઊભેલાને અને પોતાનાં કલમ, કાગળ સાથે જ મહોબતે બંધાએલાને ખબર નથી. તથાપિ આ બુજર્ગ સંસ્થા એક અસલી ટીમો તપનો રાખી રહી છે, લાંબે ટૂંકે ગાળે પ્રાંતના વાણીરસિકોનો મેળો મેળવે છે, અને આડે દહાડે અન્યત્ર તો ક્યાં ય પોતાનું સ્થાન ન શોધી શકતા એવા દૂરદૂર ગામડે નેસડે પડેલા મહેતાજીને પણ, એનો નાનકડો નિબંધ અહીં વંચાશે એવી ઉમેદ સાથે આકર્ષી લાવે છે. આ મેળો જ્યાં જ્યાં મળે છે તે પ્રદેશ અને સ્થળની હવામાં પણ લોકપર્વણીની પ્રસન્નતા છવાય છે. અન્ય પ્રશ્નોએ આવરેલાં જનહૃદયોમાં એક ચમકારો પડે છે, કે સાહિત્ય પણ લાગે છે કંઇક મહત્ત્વની બાબત—રોટી અને વસ્ત્ર જેવી જ કંઈક જરૂરી.

એટલે આ સાહિત્ય-પરિષદે વાઙ્મયના આપણા ફાલમાં સીધો ઉમેરો કેટલો કર્યો, અથવા તો જેની ઘટામાં એક અથવા અન્ય પ્રકારનો જ્ઞાનરાશિ આડે દહાડે પણ પોષણ ને સંવર્ધન પામ્યા જ કરે એવું એક વટવૃક્ષ આ સાહિત્ય-પરિષદ કેમ નથી બની જતી વગેરે પ્રશ્નોને માહિતીના અભાવે વેગળા જ રહેવા દઈને હું તો સીધો, આવાં એનાં અધિવેશનોએ જે હવા પ્રકટાવવી જોઈએ તે પર જ આવી જાઉં.

સંઘ-સંપર્કની ઉષ્મા

સંઘદર્શન એ મહાદર્શન છે. સંઘ્વેર્નિ એ મહાદીપ છે. વ્યક્તિઓની જૂજવી દિવેટો એને અડકીને ચેતાઈ ઊઠે છે. વ્યક્તિગત લેખકો, સર્જકો જ્યારે લોકસંઘનો સાક્ષાત્કાર અનુભવે છે, ત્યારે એની જૂજવે કારણે થાકી ગયેલી સર્જન-સ્ફુરણા ઓગળી પ્રવાહબદ્ધ બને છે; અને એક દિશાએ જેમ વાણીના વિધાયકોનું રુધિર ગરમ બને છે, તેમ બીજી બાજુ આપણા ચેતનાપ્રેરક આ લોકસંઘને પણ ગોચર થાય છે કે, અન્ય ક્ષેત્રોમાંથી મળી આવેલી અમીરાઈ, શ્રીમંતાઈ, ઇજ્જત, અગર રાજકારણી હાકેમીને તો આ મેળાના મંડપ નીચે ગૌણ સ્થાન છે, અહીં તો અગ્રસ્થાને દીપે છે—અગર દીપવો ઘટે છે—પેલો કવિતાકાર, વાર્તાકાર, નિબંધલેખક, વ્યુત્પત્તિનો ઉકેલનારો અથવા શબ્દકોષનો સંશોધક. અરે એકાદ ફક્કડ પરીકથાની કારીગરીથી પણ પ્રજાનાં છોકરાંને કલ્પનામસ્ત બનાવનારો અહીં ગણનાપાત્ર સ્થાને બેસશે. ભલે પછી એમાંના કોઈકના રાજધણી, ગામધણી, ઉપરી અધિકારી કે પેઢી-માલિક ધનપતિની યે આ સંમેલનમાં ઉપસ્થિત હો.

મધપૂડા બાંધનાર

શાની પ્રતિષ્ઠા અહીં કરીશું ત્યારે! ન ધનની, ન સત્તા સાહેબીની, ન દાન ને સખાવતોની, ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકારણની પે. અહીં તો બાજઠ પડે હંસવાહિની વીણાધારીનું. કલ્પનાનાં સરોવર–નીરને વિશે, બુદ્ધિજન્ય આનંદ-રસ અહીં શુભ્ર કમલને રૂપે ઝૂલશે. નાના ને મોટા આપણે સૌ એ પદ્મના પરાગ પીનારા છીએ; પીને પાછા પરજનોને સારુ મધપૂડા બાંધનારા છીએ.

વાણીના વિધાયકોનું, 'પરાગ પીને મધપૂડા, રચનારા,' એવું સ્વરૂપ અહીં અલંકાર–છટા માટે નહિ પણ હકીકતનાં નિરૂપણ માટે બાંધ્યું છે. લેખકનું સાધન છે શબ્દ–કલા. કોઇ પણ પ્રાપ્ત જ્ઞાન અથવા જીવનદર્શનનું રહસ્ય શિલ્પસુંદર શબ્દ–રૂપે પ્રકટાવવું, એ છે એનું સાધ્ય બાકી માનવી એ તો અટપટો વિષય છે. સમાજ, રાજકારણ, જિન્સી, અર્થકારણ, વગેરે તો છે અતલ સમસ્યાઓ. એની પાછળ તદ્વિદો પણ એક કરતાં વધુ અવતારો ખપાવી નાખશે, છતાં એણે ગણતરીમાં રાખેલી એકાદ કોઇ અવસ્થા ઊંધી વળતાં એની માન્યતાનું સમગ્ર મંડાણ તૂટી પડશે. ફ્રૅઈડ સારાય માનવપ્રશ્નોને એક કામેચ્છા ફરતી ધરીની આસપાસ ફરતા બતાવ્યા, પછી એતો બાપડો ગયો, એની મૂળ ધરી જ ધુમાડાની સેર નીવડી, એટલે સમાજશાસ્ત્ર પર ફ્રૅઈડને જ આખરી શબ્દ સમજી તેના સિદ્ધાંતોનાં પ્રતિપાદનને પ્રયોજન બનાવી બનાવી માનવજીવનની વાર્તાઓ કવિતાઓ આલેખનારા લેખકોની અવદશા થઈ. એ જ બને છે માર્કસવાદી વિચારસરણીને પેગમ્બરી સત્ય સમજી તેના પર કૃતિની માંડણી કરનારા કલાધરોનું. એજ જો કદાચ બનશે ગાંધીવાદી અર્થકારણનો ચિરાધાર લેનારા શબ્દ–કસબીઓનું, તો આપણે નવાઈ નહિ પામીએ. ફ્રૅઈડનો દાખલો. ટાંકીને તાજેતરમાં જ એક વાર્તાનવીશે* આપણને વાર્યા છે, કે આખરી સત્યનો વાદવિભ્રમ સેવ્યા વગર કેવળ તમે ચિત્તાહ્લાદક કૃતિઓ રચો. એ જ વાત લાગુ પાડી શકાય ચરિત્ર નિરૂપકને, ઇતિહાસકથન કરનારને, અને ધર્મતત્ત્વના ઉદ્‌ગાતાને : કે જગતની રસભરી રજુઆત કરો, રમણીયને સર્જો. આપણા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું વિધાન છે : 'પ્રકૃતિમાત્ર ઉપયોગી, પરિસ્થિતિમાં ટકે એવું જ નહિ, પણ રમણીય સર્જે છે.' શબ્દસર્જક પણ એ પ્રકૃતિને અનુસરે, ટકાઉ તો ખરું પણ સાથે રમણીય સર્જે.

સાહિત્યકારની મર્યાદા

આવી મર્યાદા જો ન બાંધીએ, ને સાહિત્યકારને કૂટ વિશ્વપ્રશ્નોનો ઉકેલનાર સત્યશોધક સમજીએ, તો માથા કરતાં પાઘડું ઘણું મોટું થાય. પ્રાચીન સમયની આપણી, સાહિત્યકાર વિશેની કલ્પના ચાહે તે હો, આજની આપણી વસ્તુસ્થિતિ જુદી છે. માટે એ જુદી સમજને માગી લે છે, પ્રાચીનોનો 'કવિ' હતો સર્વવિદ્ સત્ય–પેખન્દો તપોધન. એ તો દ્રષ્ટા કહેવાતો. હોમર અને વ્યાસ જેવા 'એકહજા ાં' હતા એના કથાકારો. નાટક તો કાલિદાસ, ભાસ જેવા આંગળીને વેઢે ગણીએ તેટલાનો જ કલાપ્રદેશ. આજે આર્ષદર્શનની અધિકારી અલ્પસંખ્ય વિભૂતિઓનો જમાનો નથી. પેલા શ્લોકમાં કહ્યું છે તેમ, પક્ષીઓને બોલાવતાં ક્યાં પણ 'અહો યે વિહંગમો' કહેતાં હાજર થાય છે. પ્રતિભા જેવું નામ છે તે માનવશક્તિ ચૂર્ણ થઈ ને કણી કણીએ સામાન્યોમાં—અરે અતિ સામાન્યોમાં વહેંચાઈ ગઈ છે. સામાન્યોના આ બુલંદ સમૂહને શિરે, ધ્યેય તો અર્વાચીન કાળે પણ પરમ સત્યોના પારગામીપણાના આદર્શને પહોંચવાનું જ રહેશે, એની બહુસંખ્યાના શોરબકોરમાં મૂળ આદર્શનો સૂર ઢંકાઈ ન જવો જોઈએ, છતાં હકીકતે આ જમાનો મહાકાયનો નહિ પણ મહાસંખ્યનો છે. માટે જ અત્યાર પૂરતાં તો શિરે ગણના ખભા જેટલો ઊંચકી શકે તેટલા જ તોલનો આદર્શ એની પીઠ પર આરોપીએ તો સારું.

પ્રતિભાની ભૂમિકા

બેઉ બાજુએ તથ્ય છે. એ ચાર પ્રતિભાસમ્પન્નો ઝળહળે તેથી યે પ્રાંત તાલેવાન ગણાતો નથી. અને સોહજાર મધ્યમો ખદબદી રહે તે પણ બુદ્ધિની દરિદ્રતા ટળ્યાનું ચિહ્ન નથી. સંખ્યાને ભોગે પણ પ્રતિભાની સામાન્ય ભૂમિકા ઊંચે આવવી જોઈએ.

આજકાલ કરતાં વીશ વર્ષોથી તો હું જોઈ રહ્યો છું : ઢંકભંડોળિયા મધ્યમોને ઊગ્યા ન ઊગ્યા આથમતા જોઉં છું. ઊગીને નભોમંડળમાં માંડ ઝુમખાં … માં તો નિર્વાણ પામી જતા જોઉં છું.

* સમર્સેટ મોમ
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક તો એકાદ હસ્તપ્રત લઈને પ્રવેશ-દ્વારેથી જ બૂમો પાડતા સંભળાય છેઃ ‘ક્યાં છે મારો પુરસ્કાર?’ એકાદ સરું અવલોકન કેટલાકનાં મગજ બેસવી નાખે છે. એકાદ પ્રકાશનની આંટને કેટલાક અતિ ઉતાવળે વટાવી ખાય છે. મિત્રો સાથેનો વાર્તાલાપ, મોટે ભાગે, કયો પ્રકાશક વધુ રોયલ્ટી આપે છે તે એકાદ મુદ્દાની આસપાસ આંટા મારતો હોય છે. પોતે પોતાની પહેલી બીજી કૃતિમાં જેને અડકયો છે તે તો હજી દુનિયાની નાનકડી એક કિનારી જ છે, સંસાર-મહેરામણની શેવાળેલ સપાટી જ છે, પ્રવેશ લાધ્યો છે તો ચાલ હવે ગહન ઊંડાણો નિહાળું ને માનવીનાં મર્માંગણમાં પેસું, એ વાત રહેતી નથી. પછી છેવટે ગુજરાતની બેકદરી પર થોડા કડવા બોલ છાંટી આ મરવાભાઈ અર્થાત મધ્યમ માનવી, જો શાણા હોય તો વીમાની એજન્સી વસાવે છે, ને મંદ હોય તો સિનેમાના કોઈ સામયિકમાં હળવા ટુચકા લખવા બેસી જાય છે.

મધ્યમોની નવી ખુમારી

“તો શું મધ્યમોને ગર્દન મારવા છે?”

જરાકે નહિ. મધ્યમો તો મારી પોતાની જમાત છે. એની પ્રથમ જાગૃતિના મિજાજથી રખે અકળાતા. રડયા ખડયા જૂજ તરજુમાકારોની, અને ટુકડો રોટી ફેંકનાર પેટ્રનના પ્રભાવ નીચે દબાઈ રહેનારાઓની ભૂમિકા પાર કરીને એક સમષ્ટિના રૂપમાં તો મધ્યમોનો સમૂહ આજે પહેલી જ વાર દેખા દે છે. પહેલી જ વાર એ સ્વતંત્રના શ્વાસ ઘૂંટે છે. પહેલી જ વાર એનો કદમ સ્વમાનશીલ ભૂમિકા પર ઠેરાય છે. એનું ચોરી તફડાવી કે સેંધી જતો પ્રકાશક પહેલી જ વાર એને ઘેર તેડવા આવે છે. આત્મવિશ્વાસની ખુમારી એનામાં સમષ્ટિરૂપે પ્રથમ વાર પ્રકટી ઊઠી છે. દ્રવ્યલિપ્સાની નહિ, પણ નવગૌરવનાં સુખની આ બેચેની છે. સાવ સ્વાભાવિક છે, કે નવી હવા એના મગજને તર બનાવે. અને વનસ્પતિ-જગતની જેમ વાઙ્મય-જગતમાં પેલું પણ એટલું જ સ્વાભાવિક છે કે, ફળાઝાડને માથેથી સો પુષ્પો ખરી જાય ત્યારે માંડ દસને ફળ બેસે. જેઓ ખરે છે તેઓ સફળથાલોને માટે સ્થાન કરવા ખપતા હશે. પ્રકૃતિનો એ નિયમ છે. ન ડરીએ. જેઓ ટકી રહેશે તેમની આવતી કાલ છે. પહેલ વારકી ભભક પૂરી થયે એ જ મધ્યમો કમર બાંધીને આજના નવનિર્માણના ચૂનો પથ્થર ઉપાડનારા શ્રમીણો બનશે.

પ્રતિભાવંતોની ખોટ

મારો પ્રાંત અવલ દરજ્જાના પ્રતિભાવંતોથી વંચિત રહે એ અલબત્ત મને અકળાવે છે, એકાદા ગોવર્ધનરામનું સ્થાને ય અર્ધી સદી સુધી ખાલી પડ્યું રહે એ અસહ્ય છે, કારણ કે પ્રતિભાવંતોને અભાવે સામાન્યોમાં વામણા આદર્શોની પૂજા પેસી જાય, મધ્યમોનું જોણું ઉર્ધ્વમુખી રહે નહિ, ગુજરાતી વાઙ્મયની શક્યતાના વિસ્તીર્ણ સીમાડા કોઈ મધ્યમોને દેખાડે નહિ, સામસામા કૂપમંડૂકો પેટ ફુલાવતા બેસીએ છીએ. પ્રજાસમસ્ત પણ સાહિત્ય અને સાહિત્યકાર એ બે શબ્દોના ઉચ્ચારમાત્ર સાથે જે એક રગરગવ્યાપી ગંભીરતા ને આકાશી વિસ્તીર્ણતાનો ભાવસ્પર્શ અનુભવી રહે, તે સાચા સ્વામીને અભાવે અનુભવી શકતી નથી. માટે હું ટાગોરને ભલે નહિ પણ ગોવર્ધનરામને તો ગુજરાતને ટીએ માગું છું. વાણીના સ્વામીઓ વિનાની ગુજરાત સેંકડોને પ્રસવ્યા છતાં ય વાંઝણી કહેવાય.

કામના ઢગલા

તથાપિ સામાન્યો મધ્યમો પર હું જરીકે ઓછું જોર આપવા માગતો નથી. કદી નહિ એટલી મોટી જરૂર સામાન્યોની આ જમાનાને પડી છે. ફક્ત પ્રતિભાનો ફાંકો મૂકી દઈએ તો આપણે સારુ ય કામના ઢગલા પડ્યા છે. હજુ કામચલાઉ રાષ્ટ્ર સરકાર એની બધી ય મર્યાદા સાથે સત્તા પર બેઠી ન બેઠી ત્યાં તો દેશાવરો સાથેનાં તેમજ પ્રાંત પ્રાંત વચ્ચેનાં વિનિમય-દ્વારો ઊઘડવા લાગ્યાં છે. કાવ્યથી માંડી વ્યુત્પત્તિ લગીના કાર્યપ્રદેશોમાં નવી સ્ફૂર્તિ સંચરી છે. પ્રાંતેપ્રાંતે યુનિવર્સિટીઓ માતૃભાષાને માધ્યમ બનાવી રહી છે. ગુજરાતની આગવી વિદ્યાપીઠને આકાર ધરી પૃથ્વી પર ઊતરતાં ઝાઝી વાર નથી છતાં ક્યાં છે ગુજરાત પાસે વિદેશી કે પરપ્રાંતીય ગ્રંથમણિઓનાં અકબંધ અણિશુદ્ધ ભાષાન્તરો યે?

ભાઈ ચંદ્રવદને એક દિવસ મને ચોંકાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે કે અમદાવાદ ખાતે ગુજરાતનું સ્વતંત્ર રેડિયો-ઘર ઉઘાડવાને હવે ઝાઝી વાર નથી. પણ એ પછી, એકેક દિવસના ત્રણ ત્રણ ચચ્ચાર કાર્યક્રમો પૂરવાને માટે તારી મારી પાસે શી સામગ્રી છે તે તો કહે! આખું વર્ષ પ્રજાને આપણે શું પીરસીશું? નાટકો નાટિકાઓ છે? ગીતો છે? વાર્તાઓ છે? નિબંધો યે છે? એ બાપરા ભૂતને કામમાં કઈ પેર રોકી રાખીશું?

આ રહ્યો મધ્યમોની સામે કામ-ઢગલો. એકાદ ભાઈ ચંદ્રશંકર પોતાને વતન ગોધરા બેસી જઈ રાધાકૃષ્ણની પ્રાસાદિક રચનાઓનાં ઓજસપૂર્ણ અને અર્થભારવાહી અનુવાદો આપે જાય છે. ભાઈ નગીનદાસ, ટાગોરની આરાધના માંડી એકલા બેસી ગયા છે. માનું છું કે આ કસબને એ ભાઈઓએ સ્વાવલમ્બી કક્ષાએ પહોંચાડ્યો છે. નવજીવન પ્રકાશન મંદિરમાં જેઓ બેઠા છે તેઓ મધ્યમો જ છે. તેમને હાથે થઈ રહેલું ધારાવાહી જ્ઞાનદોહન નિહાળો. એ બધા કવિતા ને વાર્તા લખવા બેઠા હોત તો!

સંપત્તિ ને કીર્તિના હકદાર

સામાન્યોને હું વિવેક કરવા સૂચવું છું. કીર્તિની કામનાના બે પ્રકારો છે: રોગિયલ અને નિરોગી. 'કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં નહિ કદી!' એવા ચવાઇ ચવાઈ છોતાં બની ગયેલ ગીતાસૂત્રને તમારાં માથામાં નહિ મારું. દ્રવ્યલાભ અને કીર્તિલાભ, બન્નેના તમે સાહિત્યક્ષેત્રે અધિકારી છો. પણ સંપત્તિ અને કીર્તિ બન્ને તમારાં વારણાં લેતી, તમારા પર લળતી ને ઢળતી આવે એ એક વાત છે, ને એ બેઉની પાછળ 'શુનોમન્વેતી શ્વા' વાળી રીતે એકાદ હસ્તપ્રત લઈને લેખક લટુવેડા કરતો દોટો લગાવે એ બીજી વાત છે.

સૌપહેલી આત્મસંતૃપ્તિ

દ્રવ્યલાભ, કીર્તિલાભ ઉપરાંત એક બીજી બાબત આપણું પ્રેરક બળ છે—ને એ જ મુખ્ય છે. એ છે આપણી આત્મસંતૃપ્તિ. દાખલા તરીકે, મેં કોઇ મહાસત્ત્વ જોયું, માનો કે હું હિમાચળ જેવા પહાડમાં ઘૂમી આવ્યો કે ગેરસપ્પાનો ધોધ જોઈ આવ્યો. એ જ પ્રમાણે ધારો કે મેં આ દેશની કે પરદેશની કોઈ ઉત્તુંગ માનવ-વિભૂતિઓનું સાંનિધ્ય સેવવાનો મોકો મેળવ્યો. એ વિભૂતિદર્શનમાંથી સાચા રસાનંદનું એકાદ બિન્દુ ય જો મને લાધી ગયું, તો તો હું એની ખુમારીમાંથી ડુલ્યા કરું. પછી એક દિવસ મને થાય કે આ આનંદ તો મનમાં શમાવ્યો સમાતો નથી, ઝલકાઈ ઝલકાઈ બહાર ઢળે છે, એને શબ્દમાં વહાવી અન્ય જનોને પણ રસભાગી બનાવું. નહિ તો ત્યાં લગી મને જંપ નહિ વળે. નિજાનંદનો આ સભર ભર કુંભ અન્ય જનોને પાવાની લાગણી જો સાચી હશે, તો પેલા બિન્દુમાત્ર અનુભવમાંથી યે વાણીની અમૃતધારા છૂટશે. પણ જો કંઈ વિભૂતિદર્શન કર્યું છે તેને લાવને ઝટઝટ વટાવી નાખું, આના બે ઓર મેળવું, તેના ચાર અભિપ્રાય કઢાવી લઉં, પ્રકાશકને પણ જોઈએ છે ચલણી નામવાળો પ્રસ્તાવનાકાર એટલે એ પણ પ્રકાશન માટે તત્પર બને છે, પરિણામે બહાર પડે છે—કીર્તિલેખ નહિ પણ લેખકના મૃત્યુલેખની ગરજ સારતું એક ચોપડું. એ એનો મૃત્યુલેખ બને છે, કારણ કે ફરી એ લખી શકવાનો નથી.

છૂપો નિજાનંદ

આમ પ્રથમ તો આત્મસંતૃપ્તિની જ આવશ્યકતા, પછી કીર્તિની, તેની યે પછી દ્રવ્યપ્રાપ્તિની અપેક્ષા. એ વાત કેવળ અંતઃપ્રેરણામાંથી પરિણમતી કલ્પના-શોભન કલાકૃતિઓ પરત્વે જ સાચી છે એમ ન માનતા. એકાદા ગ્રંથ-વિવેચનને યે, અખબારનાં મુખ્ય પાનાને શણગારતા એકાદા લેખને યે, કોઈપણ અનુવાદિત છાપાં-લખાણને યે, અરે તમે અહીં તહીં આછા પાટા, લલિત હળવા શબ્દ-સાથિયા પૂરો છો તેને યે, સૌ પહેલી અપેક્ષા છે આત્મપ્રસન્નતાની. બીજા લોકો તો એ વાંચવા પામે ત્યારે ખરા. સારું માઠું જે કંઈ એ ધારે તે ખરું, તમને પોતાને, એ કૃતિના કર્તાને, અત્યારે, આ ઘડીએ એ કૃતિ પ્રસન્ન કરે છે ખરી? આરસીમાં મોઢું જોઇને મલકાતા હો, એવા છૂપા નિજાનંદે તમે તમારી એ સરજત નિહાળીને હસી ઊઠો છો? ઘાટઘૂટ બરાબર ઊતર્યા લાગે છે! આકાર-સૌષ્ઠવ સંતોષે છે? શબ્દો યથાસ્થાને યોજાયા છે ને? સુરુચિની બાબતમાં છૂપી છૂપી યે આત્મવંચના તો નથી થઈ ને? રોજ ઊભરાતાં શબ્દ-પૂરની અંદર ભલે ને તો નાનકડી અને નગણ્ય લેખાય તેવી તમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કૃતિ જે કોઈ જૂજ આંખો એ વાંચવા પામશે તેને તો પકડી રાખે તેવી દીસે છે ના ?

નુગરી દુનિયા

લેખકે દુનિયાને વિશે ઉપર કહી તે આત્મકસોટી રાખ્યા વિના છૂટકો નથી. કારણ કે એ દુનિયા નુગરી છે. નૃત્ય સંગીત ને ચિત્ર જેવા કલાપ્રદેશોમાં મુરશિદ વગર ડગલું દઈ શકાતું નથી ગુરુનો પંજો ત્યાં અનિવાર્ય બને છે. શબ્દકલાના ક્ષેત્રમાંથી એ સુભગ સ્થિતિ ગેરહાજર છે. અહીં તો સૌ સૌને મન સવાશેર હોય છે, અધવાલ પણ ઓછો નહિ ! અહીં મુદતનો બાધ નથી, વયની શરત નથી, હસ્તપ્રતને છ મહિના પણ સંઘરી રાખવાનું આરોગ્યદાયક નિયમન નથી, કોઈ કુલાચાર નથી, કારણ કે કોઈ કુલપતિ નથી. ચિત્રકારને સુખ છે, કે એની કાચી કૃતિની પાંચસો પ્રતો છપાવીને બહાર પાડનારો પ્રકાશક એને સાંપડે નહિ. કાચા નર્તકને રંગભૂમિ પર રજૂ કરવાની કોણ હિંમત કરે ? હુડિયો થવાની જ બીક ! એમ હરકોઇ આ...આ કરનારને કાંઈ ખાં સાહેબ કહી જલસામાં ખડો કરી શકાય છે ? કાન અને આંખના કલાયુક્ત રસાસ્વાદની એ ચિરાનંદિની સામગ્રી છે. એમાં હાથચાલાકી ચાલે નહિ. ઉસ્તાદના હાથની માવજત, કરડી ને સુંવાળી બન્ને કક્ષાની, આ કલાક્ષેત્રોમાં અવલ સ્થાન ધરાવે છે. પણ સાહિત્યનું ક્ષેત્ર બાપડું મોટી અરાજકતાનો ભોગ બન્યું છે. ઉસ્તાદ નામને સાર્થક ઠરાવે એવા પ્રથમ કોટિના વિવેચકોથી ગુજરાતી સાહિત્ય બેનસીબ બન્યું છે. વિવેચક દોરવતો હોય ને વાચક પ્રજા અનુસરતી હોય એ કયાંઇ દીઠું ગુજરાતે ? સળંગ સુદીર્ઘ અને સર્વસ્પર્શી ગ્રંથાવલોકનો જુઓ છો કયાંય ગુજરાતે ? વર્ષે ચારેક કૃતિઓની યે સમાલોચના સૌંદર્યનો આલોક ફેલાવે છે ગૂજરાતમાં ? મંદિરે જઈ ટીલાં ટપકાં કરી આવવાના લોકાચાર જેવું અવલોકનકામ તો હરકોઇ પતાકડું કરતું હોય છે. એને અવલોકન અર્થાત્ પ્રકાશવિતરણ નહિ કહી શકીએ. એ થોડું માર્ગદર્શક બને છે—ખુદ લેખકને કે અન્ય લેખકોને ?

આત્મપ્રસન્નતા એટલે ?

મુરશિદો વિહોણી આવી નુગરી સ્થિતિમાં લખનારની આત્મસંતૃપ્તિ, અને આત્મપ્રસન્નતા એ જ એક ભરોસાપાત્ર આંકણી છે, કે જે વડે એની કૃતિની ગુણવત્તાને એ પોતાની મેળે માપી શકે. આત્મતૃપ્તિ એટલે બેશક આત્માની તૃપ્તિ, માણસના અંતરજામી 'સત્યં શિવં સુંદરમ્' મહાસત્ત્વની તૃપ્તિ, નહિ કે માણસના નાનકડા અહમ્–દેડકાની તૃપ્તિ, ચપટીમાં રીઝી જનાર પામરતાની તૃપ્તિ, સ્વાર્થપટુ બે ચાર પાસવાનોનાં અહોહો અહાહાથી મૂર્ચ્છિત બની જનાર નર્યા પ્રશસ્તિભૂખ્યા પ્રાણની તૃપ્તિ. ના, આપણી કલમો પર એવી તૃપ્તિને નહિ પલાણવા દઇએ. નાનકડી કંડિકાથી માંડી મોટા ગ્રંથની રચના પર્યંત આપણો સાચો ભોમિયો અને સાક્ષી તો પેલો, માયલો રસાનંદી આત્મા જ રહેશે. સાચો હોંકારો એ જ આપશે, કે શિલ્પી ! તેં જે કંઇ રચ્યું તે અલબત્ત તારું નિજનું છે, તારી શકિત મર્યાદાને આધીન છે, તથાપિ એ ઢોંગ જાદુગરીથી અદૂષિત છે, આત્મવંચના પરવંચનાથી અકલંકિત છે, અને તારી પોતાની શૈલીથી અર્થાત્ તારાં ખુદનાં શીલની બનેલી શબ્દસુંદરતાએ વિભૂષિત છે. એમાં સ્વામીઓનો પ્રસાદ ભલે નથી, છતાં એ પ્રાસાદિકતાની તેં આત્મસોત્ કરેલી કણિકા ઉતારી છે. ચોરેલું, ભાડે કે ઉધાર લીધેલું આમાં કંઇ નથી. પ્રસન્ન થા શિલ્પી ! તું નાનો છે, તે છતાં એ મહાજનો જે પંથે ગયા છે તે જ સૌંદર્યવાટનો તું સહયાત્રી છે. તું પોતે પ્રસન્ન થા, પછી બીજાઓ થયા વિના કેમ જ રહેશે ?

સૌ સાચાને ભોક્તા જડશે

આ પ્રસન્નતાનું તત્ત્વ જ સાહિત્યમાં કર્તા તેમ જ ભોક્તા ઉભય પક્ષોને સંયોજી શકશે. અધિકારભેદે ભોક્તા સમૂહ જુદી જુદી શ્રેણીઓમાં વહેંચાઈ ગયો હોય તે તો સહજ છે. વાર્તાઓનો ભોગી વર્ગ મોટો હશે, તો પણ વાર્તાઓ પ્રત્યે નજરે ય ન નાખનારા ભોક્તાઓની અછત નથી. વાર્તાઓમાં જો મુનશીની કલમના વસ્તુવેગ અને પાત્રપ્રભાવ પાછળ ઘેલા થયેલા ઘણા હશે, રમણલાલની સુંવાળી ફરસી પ્રેમવાર્તાઓના મુગ્ધો બીજા ઘણા હશે, તો ત્રીજો વર્ગ એ બેઉને ત્યજી 'સરસ્વતીચંદ્ર' સમી કુલીનતાપ્રધાન કાદમ્બરીઓની નિતમ્બિની શૈલીમાં જ રાચતો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિબંધક્ષેત્રે પણ ન્હાનાલાલના, ઠાકોરના તેમજ ગાંધીજીના, પરસ્પરથી ઘણા વેગળા પડેલા ગદ્ય પ્રકારોને એના પોતપોતાના જુદા ભોક્તાઓ છે. સાચા પીરસનારને ભોક્તાઓનો તોટો નથી. જેના પર સ્વત્વની–નિજત્વની છાપ છે, તેવી કોઇ પણ શૈલી પોતાનો માર્ગ કરશે. પણ અગાઉ કહેવાયું છે તેમ શૈલી એ તો શીલ શબ્દ પરથી ઊતરી આવેલો શબ્દ છે. સર્જકનું શીલ જેમાં વિલસી રહે એવી નિજશૈલી લઇને આવશો ? ભોક્તાઓની પ્રસન્નતાને તો તમે સર કરી શકશો.

ભોક્તાનું રુચિતંત્ર

ભોક્તા શબ્દ ભ્રામક છે એ ખરી વાત. આજે જેઓ વધુમાં વધુ વાંચે છે તેઓને ભોક્તા કહી શકીશું ? નાનાં મોટાં પુસ્તકાલયોમાં જઇ એનાં પત્રકોમાં ડોકિયું કરો. ચોમાસું લીલાં ઘાસ પર તૂટી પડતી ગાયો એ ઘાસની સાથે અંદર જે કોઇ જીવડું આવ્યું તેને ય કરડી જઈ રોગ નોતરે છે. પુસ્તકાલયોમાં પ્રજાજનોની વાચનભૂખ પ્રથમવાર ઊઘડી હોવાથી વાચકોની અભિરુચિના એવા હવાલ છે. આ વાચ્યું, ના તે વાચ્યું, અરે પેલી મજા પડે તેવી છે, એવા કૂદકા મારતું નવું વાચક–મન એકેયમાં ઠરતું નથી. લૂછ લૂછ વાંચી કાઢે, વાંચ્યું તેનો સોમો ભાગ પણ ધારણશકિત પર ટકે નહિ, વિચારની તો વેગળી વાત, પ્રસન્નતાથી પણ એ બેનસીબ રહે. જે સત્ત્વશાળી કૃતિ ત્રણ વાર ન વંચાય તેનો વાચક સાચો ભોક્તા નથી. અથવા મૂળ દોષ તે કૃતિમાં તો હશે જ, પણ ભોક્તાનું રુચિતંત્ર નથી ઘડાયું એ દોષ સૌથી મોટો છે.

સંમેલનોની ફરજ

એનું કારણ કદાચ એ પણ હોય, કે વાચકોની રુચિમાં વાચનરસો પેદા થાય તેની પૂર્વે જ વાચનના મિઠાઇ–ઢગલા થવા માંડયા છે. થોડા પુસ્તકોનું એક કરતાં વધુ વાર સેવન થાય એ સ્થિતિને, ઘણી ચોપડીઓ વગર વિવેકે લૂછ લૂછ વંચાય અને દૂર ફેંકાય તે સ્થિતિના કરતાં સારી સમજો છો ?

તો સજ્જનો ! તમારાં આવાં સંમેલનો એ સ્થિતિ આણવામાં ઉપકારક બની શકે. અહીં જે ટોળાં ઊમટે છે, તેની રુચિમાં રોગ–તત્ત્વ નથી તેની તકેદારી રાખજો. અહીં જે વ્યાખ્યાનો વંચાય, ને જે નિબંધો રજૂ થાય, તેની રસ—નીસરતાનો ત્વરિત ફેંસલો ટોળાંને હાથે ન થવા દેશો. રસ અને સુરુચિ એ પણ ઉત્પન્ન કરવાની વસ્તુ છે. જ્ઞાનકોષો પુરાયા વિના રસ જન્મે કયાંથી ? પચીસ પચાસ સમાનધર્મીઓ જેને જેની કૃતિને કલાક અધ–કલાક કાને ધરવા પણ ન સાંપડે, પાંચ પચીસ પંડિતો પણ એ વંચાયેલી કૃતિના ગુણદોષનું વિવેચન કરવા જે બાપડાને અહીં ન લાધે, થોડો કંટાળો કાબૂમાં રાખીને પણ પલાંઠી બીડી રાખનાર ડઝન બે ડઝન ગરવા ગુણજ્ઞો જેને અહીં ન ભેટે, તે રચનારો પછી બીજે કયાં જઇ ઊભો રહેશે ? એની દુનિયા નુગરી બનશે એમાં નવાઇ શી ? એનો તેજોવધ થશે.

રખે દેવતા જ ખોવાય

મેળા સુખેથી ભરો. સંઘમિલનનો સંજીવની-સ્પર્શ સદાકાળ જરૂરી છે. સામાન્યોમાં સંઘદર્શનથી વિદ્યુત સંચાર થાય છે. પણ પર્વો ઉત્સવો આખરે તો દેવને કાજે છે. ઉત્સવના ધાંધલમાં રખે દેવતા પોતે જ ખોવાઈ જાય. વાઙ્મયીની પર્વણીમાં પહેલી છેલ્લી અને સર્વરમણા તો દેવી વાણી જ હોવી ઘટે. આ અને આવા પર્વો જે કોઈ ઊજવો, તે સર્વને અરજ માત્ર એટલી, કે સંઘને રીઝવશો, દાતાઓને વિભૂષિત કરશો, અગ્રેસરોને અગ્રપદે પૂજશો, અભિનંદનો, આભારવચનો અને રંજન–કાર્યક્રમોનો ધમધમાટ મચાવશો, એની વચ્ચે, એક જ ખૂણે, એકાદ નાનકડો ખંડ એવો રાખજો, કે જ્યાં ટોળું ન પ્રવેશે, ને પ્રવેશે તો અદબ રાખી ઊભું રહે; જ્યાં સો-પચાસ ગરવા ગુણવિદો જ બેસે, અને તેઓ પોતાની સમક્ષ રજૂ થતા શબ્દબ્રહ્મની ઉપાસનાના નમૂનાઓને નિહાળે, મૂલવે, આશાસ્પદ રચનારાની પીઠ થાબડે, ઉતાવળિયાને આશ્વાસે, ભ્રાંતોને સભાન કરે, શરમાળોને એની ગુપ્ત રતિ બતાવી સતેજ કરે, અને ઢોંગીઓના મિથ્યા-વેશ ઉતરાવે.

નજીકનું ઊજળું ભાવિ

પાંચ દસ વર્ષો પછી તો તમારા માંહેના પચાસ સોનું સાંકડું કુંડાળું કાઢવાની જરૂર નહિ રહે. જેને આજે ટોળા રૂપે જોઈએ છીએ તે સારો યે સમાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંભીર જ્ઞાનપિપાસુ શ્રોતાજનોથી રચાયેલો હશે. યુનિવર્સિટીમાં માતૃભાષાને હજુ જે અલ્પસ્થાન મળ્યું તેણે ય જો આટલાં થોડાં વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં કસુંબલ લાલી લાવી દીધી છે, તો એ હિસાબે જ્યારે તળેથી ટોચ સુધી સમગ્ર ભણતરનું માધ્યમ માતૃભાષા બની જશે, ત્યારે આપણી સિદ્ધિઓ કેટલી ગણનાપાત્ર, કેટલી ઊજળી હશે! તે સમયે, બેશક જો માતૃભાષાનું પ્રાણ ભરીને પયપાન કરવા આડે રાષ્ટ્રભાષાને નામે કોઇ બનાવટી હિંદુસ્તાની ડંડો વીંઝતી ને ડોળા કાઢતી આપણા પણ ખડી નહિ થઇ ગઈ હોય તો, અને આપણી પયદાત્રી પ્રાંતભાષાની નિગૂઢ શકયતાઓને આ કે તે કૃત્રિમ રાજકારણી બંધનથી મુક્ત સ્થિતિમાં ઉઝરી ઉછરી યૌવન ધરી મેદાને મહાલવા દેવામાં આવશે તો, મને ખાતરી છે, કે ગહન ગંભીર જ્ઞાનપ્રેમ અને લલિત મધુર રસાનંદ, એ બેઉનો સમન્વય સાધીને ગુજરાતી પ્રજા એક જ દાયકામાં એક પરિપુષ્ટ સાહિત્યના મણિમંડપ નીચે રમણ કરતી હશે, અને લેખકો પોતપોતાની વલ્લભા લેખિનીને કેયુરે કંકણે શણગારી રહ્યા હશે.

કૃત્રિમ રાષ્ટ્રભાષાનો ભય

કૃત્રિમ હિંદુસ્તાની વિશેનો ઉપર કરેલો ભયદર્શક ઉલ્લેખ દેશના સંખ્યાબંધ વિચારકોનાં હૃદયમાં ઘોળાઈ રહેલી ચિન્તાનો પડઘો પાડે છે. અંગ્રેજી ભાષાના માધ્યમનું સ્થાન બનતી તાકીદે–પણ અણુઘટતી ઉતાવળે નહિ–રાષ્ટ્રભાષાએ રોકી લેવું જોઈએ એ વિશેનો મતભેદ તો પાતળો પડી ગયો છે. પણ એ સ્થાને વિરાજનાર રાષ્ટ્રભાષા તે કઈ, આ મુદ્દા પરનો સંક્ષોભ શમ્યો નથી, વધારે ઉત્કટ બન્યો છે. શબ્દોના જથ્થા વડે જ કોઈ ભાષા નીપજી શકતી નથી. ભાષાનું માળખું પણ નર્યા શબ્દોથી નહિ બંધાય. ભાષા તો જનહૃદયનો ઉચ્છ્વાસ છે, એ તો આપણા જ્ઞાનનો, રસનો, મંથનોનો સમુચ્ચય છે. સેંકડો હજારો વર્ષોનાં માનવ-જીવનની કેટકેટલી ચડતી પડતી, ઉન્નતિ અધોગતિ, વિચાર ને ચિંતવન, લાગણી ને કલ્પનાઓ, શ્વાસ ઉચ્છ્વાસ, હર્ષ અશ્રુ, અરે કેટકેટલું અમૂર્ત અને અવ્યક્ત,—તેને મૂર્ત અને વ્યક્ત કરતાં કરતાં વાણીનો વિકાસ થયો હોય છે. એક વાક્ય પૂરે તે સાથે તે બોલનારી જાતિના જીવનરહસ્યો છેક તળિયેથી ટહુકી ઊઠે, એવી પ્રાણજન્ય ભાષાના બારીક વળાંકો, મરોડો, લાઘવ, વ્યંજનાશક્તિ, વાચ્યાર્થના કરતાં ભાવધ્વનિને મુખરિત કરી મૂકવાની તાકાત, એ શું હિન્દી-ઉર્દૂ બન્નેના નર્યાં શબ્દોને વીણી લઇ તે તે ભાષાભાષી સમૂહોનાં મન મનવવાની 'પૅરિટી' પેદા કરવાની બાબત છે?

રાષ્ટ્રભાષાની સાચી રચનાક્રિયા

રાષ્ટ્રભાષા–નિર્માણના આજના સૂત્રધારો આ બધી સમજણવાળા છે અને તેઓ રાજપુરુષો હોવા કરતાં તો સંસ્કૃતિકારો સવિશેષપણે છે એટલે સંસ્કૃતિલક્ષી દૃષ્ટિ તો પ્રધાન પણે જ કામ કરી રહી છે, આપણી ઘણીખરી અકળામણ અંતમાં નિરર્થક ઠરે એમ પણ ધારણા છે, છતાં પ્રતિપક્ષને વિકલકરતી ફિકર શમતી નથી એ પણ એટલું જ તથ્ય છે. આ બે પક્ષોનું અસ્તિત્વ આપણે ઇન્કારી ન શકીએ. એટલે આપણે પણ આપણાં મન સાથે આ બાબતનો સ્ફોટ કરી લેવો જોઇએ. કોઈ ના નહિ પાડી શકે કે રાષ્ટ્રભાષાએ જન્મવું જોઇએ, પણ તે તો એની મોસમે નીપજે તો જ મીઠી લાગે. ભારતવર્ષનું પ્રજાજીવન સંકીર્ણતાને ત્યજતું ત્યજતું જેમ જેમ સમન્વયને સાધતું જશે, પ્રાંત પ્રાંત વચ્ચેનો સંસ્કાર–સંબંધ જેમ જેમ ગાઢ બનશે, સાહિત્ય–વિનિમય જેમ ઝડપથી ચાલુ થશે, એક તરફથી ઉપરથી આંતરપ્રાંતીય જ્ઞાનોપાસકોની 'એકેડેમિક' આપલે થશે અને બીજી તરફથી ધરાતલ પરથી આંતરપ્રાંતીય આમ જનતાનો સંગમ અગાઉ જેમ યાત્રાધામોમાં થતો તે મુજબ આયંદે સંસ્કારધામોમાં થશે, માનવી માનવીને નવલ બંધુદૃષ્ટિએ જોશે, એનાં નેનોમાં નવું અમી ઊભરશે, અન્યોન્ય વિશે જાણવા જોવાના કુતૂહલ–દીવડા પ્રાણ પ્રાણમાં પેટાશે, ત્યારે, તે પ્રગાઢ સંપર્કમાંથી આપોઆપ રાષ્ટ્રવાણી આકાર ધરવા લાગશે. ભિન્ન ભિન્ન ભાષાઓ વચ્ચે, મોતીને પરોવતા ધાગા જેવી સાચા સામ્યની સેર ત્યાર પછી હાથ લાગશે, અને એવા સ્વાભાવિક મિલનમાંથી જે જન્મશે તે રાષ્ટ્રભાષામાં પ્રત્યેકને પોતાપણાનું દર્શન થશે. આજે ચાલતું રાષ્ટ્રભાષાનું ઘડતર એ દોર ન ચૂકે એમ ઇચ્છીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ્યપુસ્તકોનું ગુજરાતી

આવી સ્વભાવમનોહર નિર્વ્યાજ રાષ્ટ્રભાષાનું નિર્માણ જો નજીકમાં નજીક લઇ આવવું હોય તો તેનો ઈલાજ પ્રત્યેક પ્રાંતે પ્રદેશે પોતપોતાની ભાષાની અને સાહિત્યની સમુન્નતિ પર પૂરું જોશ દેવામાં રહ્યો છે. પોતાના ભૂમિરસને પચાવીને પછી જે અન્યનું સત્ત્વ ઝીલવા જશે તેજ ઝીલી શકશે. બાળપોથીથી લઈ ને પી. એચ. ડીઃ ના વર્ગ પર્યંતનાં આપણાં પાઠ્યપુસ્તકોમાં તમે આજે ડોકિયું તો કરો તદ્દવિદો ! એક ધારું ભાષાશિક્ષણ એમાં નથી. એ શિક્ષણક્રમમાં તળિયાથી ટોચ લગી ઊપડતી જતી નક્કર ઘાટદાર ઈમારતની સ્થાપત્યનિષ્ઠ રચના નથી. અપવાદો સિવાય આપણી ગુજરાતી પોથીઓમાં બાળકો જે વાકયો ભણે છે તેની રચના ગુજરાતી વાણીને બગાડનારી છે, કારણ કે વાચનક્રમનું નિર્માણ ગુજરાતી વાણીના મર્મજ્ઞોને હાથ નહિ પણ શાળાના ઉપરી અધિકારીઓની ભાગીદારીમાં અગર કૃપા હેઠળ કમાણીનો ધંધો ચલાવનારા ડેપ્યુટીઓ–માસ્તરોના હાથમાં છે. કેટલાંએક રજવાડાંમાં ચાલતાં ગુજરાતી પુસ્તકો તો જુઓ, ચીતરી ચડશે, રાજકુળો પ્રત્યેની ખુશામદખોરી કિંવા રાજકુળોનાં કોમી મજહબી ઝનૂન વડે પ્રેરિત એ લેખન ગુજરાતી છે ખરાં ? ગુજરાતના આત્માની ઓળખ આપે છે ખરાં ? એમાં નરસિંહ, પ્રેમાનંદ કે કાન્ત ગોવર્ધનરામે ઉપાસેલી, સલૂણી ગૂર્જરીની સૂરત જડે છે તમને ? ઉર્દૂ ભાષાનો ઉપયોગ કોમી દૃષ્ટિએ ગુજરાતીને વિકૃત કરવામાં થઇ રહ્યો છે તે તો તમે જાણો છો ને ?

ભલે થોડું મોડું થતું

મેરુ જેવડું મહાભારત આ કામ આડે પડયું છે ત્યાં સુધી, નખથી શિખ સુધીની સાંગોપાંગ અને સંવાદી ગુજરાતીનાં સિંચનથી દાયકા બે દાયકા સુધી પ્રજા વાડીને પુષ્ટ ન કરીએ ત્યાં સુધી, અરે શિક્ષણક્રમની બહારના વાચનપ્રદેશમાં પણ લેખકોની કલમો સાચી ગિરા ગુર્જરીનો સમન્વયસુંદર આકાર ઊભો ન કરી શકે ત્યાં સુધી, બનાવટી તો શું. નક્કર રાષ્ટ્રભાષાને.ય આપણે, એના ખુદના જ સ્વાગતને હાર્દિક બનાવવાને ખાતર, સાચાં અમૃત ચોઘડિયાંની રાહ જોવાને વિનવવી રહેશે.

સાચો સંસ્કાર-વિનિયમ

હિંદી અને ઉર્દૂને આપણે આવવા દેશું, અસો હાર્દિક નિમંત્રણ દેશું, પ્રેમથી તેડાં કરશું, અને ગુર્જરી દ્વારે સત્કારશું, એનાં યુગસમૃદ્ધ સાચાં મર્મસ્વરૂપોને અપનાવશું, પણ તે કઇ રીતે ? એનાં વિદ્યાલયો, સાહિત્યસંમેલનોમાં આપણા સાચા પ્રતિનિધિઓને મોકલીને, અને એના સાચા પ્રતિનિધિઓને આપણે આંગણે ઉતારીને. એના સાયરો સર્જકોની શતેશ જૂની સંસ્કાર–ખુશ્બૂએ મહેકતી સાચી હિન્દી તથા ઉર્દૂને આપણે ઐચ્છિક વિષયો તરીકેનું આકર્ષક સ્થાન આપણી વિદ્યાપીઠમાં આપશું. એ ભાષાઓનુંજ શા માટે, મરાઠી, કાન્હડી, તેલુગુ ને કાશ્મિરીનું પણ આપણે આ રીતનું નિકટત્વ પરસ્પરના સંસ્કારવાહકો દ્વારા સિદ્ધ કરશું. ગુજરાતનું સર્વોત્તમ તત્ત્વ એતી હતે ઝીલાવશું ને એમનું સર્વોચ્ચ તત્ત્વ આપણે અંજલિમાં ઝીલશું. પરસ્પર લેશું દેશું. પણ નહિ ભૂલીએ મુદ્દાની આકાંક્ષા, કે 'સાંગોપાંગ સુરંગ વ્યંગ અતિશે ધારો ગિરા ગુર્જરી !'

ભિક્ષાપાત્ર નહિ ધરીએ

કારણ કે તેવું સાંગોપાંગ સ્વરૂપ ગિરા ગુર્જરીને ધારણ કરાવ્યા પહેલાં આપણે બહારનું જે કંઇ અપનાવવા જશું, તે કંગાલના ભિક્ષાપાત્રમાં પડતા ધનિકઘરના એઠવાડ જેવું હશે, સમાનધર્મીઓ વચ્ચેનું સ્વાદુ સહભોજન નહિ હોય. અને હજુ આપણે તાલેવાન બની ગયા નથી. ઝીણા મોટા અપરપાર માનવભાવોનું વહન કરનારી વિચારઘન, રસળતી બાનીને ગુજરાતે સિદ્ધ કરી નથી. હજુ તો વ્યાકરણ પણ શીખીએ છીએ, ચોકઠામાંથી છેક બહાર નીકળ્યા નથી. ગુજરાતી વાણી વપરાઈને રીઢી બની નથી. વિવેચના તો પ્રારંભિક અવસ્થાને પણ વટાવી શકી નથી.

અસ્થિર મૂલ્યાંકનો

ને મૂલ્યાંકનો આપણાં હજુ વિશદ બન્યાં નથી, ગમા અણગમાના પાનાં ટળ્યાં નથી. ચિંતન આછયું નથી. નારીનું આલેખન તો કહેશે કે એને કાં સાધ્વી કે માતા તરીકે જ ચીતરજો. પ્રણય–તો કહેશે એમાં રખે ભોગાસક્તિ આલેખાઈ જાય ! શ્રમજીવી—તો એને સર્વગુણસંપન્ન અથવા અન્યાયનો ભોગ જ બનાવવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપત્તિવાન—તો એની કુમળી લાગણીઓની સારવાર પ્રત્યઘાતી કલમો જ કરે, અસ્પૃશ્ય—તો એની સામે હિંદુ જાતિનું, ઘોર અપરાધી સિવાય ઐક્ય સ્વરૂપ ન આલેખાય. મુસ્લિમ સંસારનાં તો બારણાં જ બીડેલાં. છાપાં તો એની વળી સાહિત્યને વિશે ગણના કેવી! નાટક તો અવેતન રંગભૂમિ ભજવે તે કચરાપટ્ટી હોય તો યે વાઙ્મય. બાકી ધંધાર્થીઓએ પોણોસો વર્ષોથી ભજવેલી કુડીબંધ કૃતિઓને કોણ ઓળખે? એના નવાં નાટકોને પણ કયો પંડિત અવલોકે, આલોચે છે?

સમન્વયનું માધુર્ય

આમ જોઈએ તો ગુજરાતી વાણીનું ખેડાણ એક સુવિશાલ પટ પર વિવિધ રીતે ચાલી રહ્યું છે. પણ એના સમગ્ર ફાલ પર સર્વગ્રાહી ગરુડ–દૃષ્ટિ આપણી પડતી નથી. જેમાંથી સમન્વય જન્મે તેવો વ્યાપક અને તલગામી દૃષ્ટિનિક્ષેપ આપણો થતો નથી એટલે પછી ક્યાં ક્યાં પ્રેરક બળો ગુજરાતી જીવનની ધરાને ઉથલાવી ઉપર તળે કરી રહેલ છે તેની ખબર પડતી નથી.

સિદ્ધાંતોની તારવણી તો પછી ખોટીલી જ બને. એક પક્ષ કહે, કે લેખકોને જીવન પર જ પકડ નથી. પ્રતિપક્ષ ઉત્તર વાળે, કે જીવન તો અડફેટે આવતું હોય છે પણ તેનું સંવેદન નીપજી કલ્પનાનિષ્ઠ કલાવિધાન પરિણમતું નથી. શું સાચું હશે? સાચું તો આ છે, કે આપણે ગુજરાતી લેખકો યુગકાલીન જીવન-સત્ત્વોના એક તુમુલ સંઘર્ષની વચ્ચે આવી પડ્યા છીએ. આભા બનીને એ 'ધ્વંસસર્જન'ની લીલા નિહાળી રહ્યા છીએ, હજુ આપણે એ લીલાનાં પાત્રોની દશા પૂરી કરી obgective-વસ્તુલક્ષી વિલોકનશક્તિ કેળવી નથી, એ દૃષ્ટિના ઊઘડવા આડે અનેક વિધિનિષેધાત્મક નિયમનો—નૈતિક તેમજ સામાજિક—કામ કરી રહ્યાં છે. સમન્વયગ્રાહી બનવું એ કપરું કામ છે. પણ સમન્વયગામી બન્યા વગર સાહિત્યની સમૃદ્ધિ નથી. એકાંગિતાનો—અંતિમવાદનો આપણા કસબ સાથે કુમેળ છે. 'we are the music-makers' એ સૂત્ર સાહિત્યવિધાયકોને ઓળખાવવા માટે મશહૂર છે. music-makersનો અર્થ જ આ છે: સમન્વય સાધનારા, સર્વાંગગ્રાહી સંવાદિત્વ નિપજાવનારા, સર્વ રસાંગોની માપસરની મેળવણીમાંથી માધુર્યના સર્જકો, માનવી મરદ હો કે ઓરત, મૂડીદાર હો કે મજૂર, સતી હો કે કુલટા, ગોરો હો કે કાળો, સંત હો કે શઠ, સુંદર હો કે કદરૂપ, માનવી એ માનવી જ છે, એ છે આપણા અવગાહનનો વિષય; એની માનવતાના સારામાઠા સર્વ અંશોની ખેલાતી લીલા, એ છે આપણા વિચાર, સંવેદન અને કલ્પનની વસ્તુ; અને એવાં રસાયનમાંથી જે આપણે નિપજાવવાનું છે, તે છે આ સમન્વય-માધુર્ય: we are the mus-ic-makers. *

---

* ગુજરાતી સાહિત્ય પરિષદ—સંમેલનના સોળમા અધિવેશનના સાહિત્ય—વિભાગના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન. રાજકોટ તા. ૧૮—૧૯—૨૦: ઓક્ટોબર ૧૯૪૬

❦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાહતવેરે

પન્નાલાલ પટેલ

કેડ કેડ સુધીના ઘઉં, ઢીંચણ સુધી વધેલા ચણા, શિયાળાના દિવસોમાં લેરખાં લઈ રહ્યા.

સાઠ સિત્તેર વરસના બુઢ્ઢા ય, મોલનાં એ રૂપ જોઈ ને બોલી ઊઠતા: 'આવો મોલ તો અમારા આખા અવતારમાં ય નો'તો ભાળ્યો!'

અને, જેમ રૂપાળી વહુનો વર ઉજાગરો વેઠે એક-લૌતા પુત્રનાં માબાપ ચિંતા સેવે તેમ ખેડૂતોના અંતરમાં ય ફડક હતી: 'કાંકને કાંક થાય! કાં તો હિમ પડે કે કાં તો તો ગેરૂ ચઢે!'

લીલાં લાકડાંને ય એક રાતમાં સૂકવી દે એવી પોષની ટાઢ પડવા લાગી.

જે દિવસે અગ્નિ ખૂણામાંથી ઓખાર વાયરો વાતો તે રાતે તો રખવાળિયો જાગતા પડી રહેતા જાણે પેલા દખણાતો શિરવા વાયરો જો વાય તો આડા હાથ ન દઈ દેવાના હોય!

અને એક કમનસીબ દિવસે એમ જ બન્યું: એ આખો ય દિવસ ઓખાર વાયરો અવિરત ફૂંકાયો. સાંજ પડતાં જ શિરવાના વિંઝણા ઢોળાવા લાગ્યા. સમજતું હતું એવું માનવી માત્રનાં મોતિયાં મરી ગયાં: 'આજ નક્કી હિમ પડવાનાં!'

અને પડયાં જ.

લીલો કલકલતો મોલ ફિક્કો પડી ગયો. ચણાના પોપટા જાણે અબરખના બની ગયા. ઘઉંની કંટીઓ કાગળની–જાણે જાપાની કરામત! અને ચારે બાજુ હાહાકાર વરતી રહ્યો. જાણે કાગડા કળેળી ઊઠયા!

સાઠ સિત્તેર વર્ષની ઊંડી ઊતરી ગએલી આંખો વળી બોલી ઊઠી: 'આવો હાહાકાર તો આટલી ઉંમરમાં કયારેય ન'તો દીઠો!'

ખેડૂતોએ લેણદારો આગળ લમણે હાથ દઈ લાચારી કરવા માંડી: 'એક છ મહિના ધકી જાઓ શેઠ દિવાળી ઉપર તો—'

તો વળી મુંબઈ અમદાવાદ જેવા શહેરોમાં નોકરી કરતો વર્ગ ગામ ગાળાની મદદે ધાયો: છાપાંમાં આ હિમના હાહાકારની હકીકતો છપાવી ને લોકસેવકોની ભલામણ માગી તંત્રીઓ પાસે લેખ લખાવ્યા: '...ના ખેડૂતોને ...ના દરબારે રાહત આપવી જોઈએ આ આવતું મહેસુલ માફ કરવું જોઈએ...'

પેલાં સફેદવાળવાળાં માનવી હસવા લાગ્યાં: 'અરે મહેસુલ તે કોઇ દન માફ થયું છે કે થશે?...'

શહેરોમાં સભાઓ ભરાઈ ને ઠરાવો થયા. અને એમ શહેરનાં માનવીઓએ, ટપાલના કોથળાઓ અને તારનાં દોરડાં મારફત એ રાજવીના રાજમહેલમાં રમખાણ મચાવી મૂકયું: 'તપાસ કમિટિ નીમો, બહારનો–જનતામાંથી ઑફિસર ચૂંટો.'

આ ઉહાપોહે તો ખેડૂત લોકોને ચિંતામાં નાખ્યા: શું કામ આમ કરીને દરબારને છંછેડતા હશે?'

પણ ત્યાં તો એ હિમ પ્રદેશમાં અને શહેરનાં છાપામાં ખબર આવી: 'તપાસ કરવા માટે એક બહારના માણસને ઑફિસર તરીકે નિમવામાં આવે છે.'

જુવાનોને આનંદ થયો. આધેડો અચરજ પામ્યા, જ્યારે બુઢ્ઢા તો, 'અમે રાજને ન ઓળખતા હોઈએ ત્યારે ને? માથે આ ધોળાં કાંઈ અમથાં નથી આવ્યાં, આમ કહી ઊલટાની પેલી તપાસ કમિટિ જાણે ભય આવતો હોય તેમ ફિકર સેવવા લાગ્યા.

તેમાં ય વળી પેલો ઓફિસર તો ઓળખીતો માણસ હતો. પરીક્ષક તરીકે કેળવણી ખાતામાં કેટલાંક વર્ષ નોકરી કર્યા પછી એના દુશ્મન વર્ગે લાંચ રુશ્વતનું તહોમત મૂકયું ને એમ રાજ્યની નોકરીમાંથી કમી થયો, એ પછી કોંગ્રેસમાં જોડાયો પણ એમાં ય પેલો દુશ્મન વર્ગ તો કહેતો કે ધારાસભાની-સભાસદની ચળવળ વખતે ઉઘરાણામાંથી પૈસા મારી ખાધા ને રૂડી રૂપાળી હવેલી ઉઠાવી. હવેલી અધૂરી રહી ત્યારે કે' કે એ તો ચળચળ બંધ પડી એટલે આવી ય તૂટી ગઈ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ હોય પણ ગામ લોકોને એકંદરે આ ઑફિસર ગમ્યો તો ખરો જ બીજું બધું તો ઠીક–માફી આપવી ન આપવી એ તો રાજના હાથની વાત છે પણ મોં ખોલીને અરજ તો કરી શકાશે ? તો કોઇ કોઇ તો વળી છેક મૂળનો ભેદ જાણી લાવ્યા હતા 'આ તો આપણા દિવાન સાહેબના સગા થાય છે એટલે એ કરશે એ થશે : 'લખ્યું વંચાશે ભાઇ.'

બે જણની બનેલી કમિટિમાં એક રાજ્યનો ઑફિ-સર પણ હતો. એ ય સ્વભાવે મીઠો હતો.

પેલી ઊંડી ઊતરી ગયેલી આંખોને તો સમય બદલાઈ ગએલો જ લાગતો હતો. નહિ તો આ કમિટિ શી ને તપાસ શી વળી ! એમને ય થવા લાગ્યું કે તપાસ કમિટિ નીમાઈ ત્યારે તો રાહત મળવાની જ. આંધળો માણસે ય ખળાંમાં પડેલી એ ઉંબિયો પોપટામાં હાથ નાખીને કહી શકે કે કંઇજ રહ્યું નથી.

જેમ કોઈ ભગવાનનો દૂત મુક્તિ આપવા ઊતરી પડ્યો હોય તેમ કમિટિની આગતા સ્વાગતા થવા માંડી. પેલા બુઢ્ઢા કહેતા તેમ. 'ભૂખાનો માર્યો ઊંચું જુવે પણ રોટલાનો માર્યો તો નીચું જ ઘાલે.'

અને શા માટે માત્ર રોટલો જ ? એ લોકનેતાએ 'ગામનો સુથાર પાયા (ખાટલાના) સારા ઉતારતો લાગે છે.' આટલું કહે એટલામાં તો બે જોડ પાયા તૈયાર થઇ જતા. એક ગામમાં ઘડેલા પાટ જોઈ ને સાહેબે (એ પોતે તો લોકસેવક તરીકે જ પોતાની જાતને ઓળખાવતા. પરંતુ લોક તો એમને સાહેબ જ કહેતા હતા)–'વેચાતા ન આપે ?' આટલું પૂછ્યું એટલામાં ગામ તરફથી સાહેબને ભેટ આપવામાં આવ્યા. ગણત્રી કંઇ ખોટી ન હતી : 'હજાર રૂપિ-યાનો ગામને કર બચે તો પચાસ સોનાં લાકડાં આપવાં શાં ખોટાં ?'

અને આટલું ડહાપણ તો હરેક ગામમાં હોય જ !

'આ ગામમાં ડાંગરનો પાક સારો થતો લાગે છે ?' સાહેબે કહ્યું પણ ગામ બુધ્ધુ લાગ્યું.

પેલા સરકારી અમલદારેં ટકોર કરી. 'તમારા ગામમાં કોઈ અક્કલવાળો નથી લાગતો.'

'શી વાત કરો છો મિ. તરવાડી ! ના ના ! હું તો લોકસેવા કરવા નીકળ્યો છું કે–'

'પણ સાહેબ આપને ય પેટનો વળગ્યું જ છે ને ?' ગામના આગેવાને બુદ્ધિ હોવાનું પૂરવાર કરી આપ્યું.

'એ તો છે જ.' સાહેબ હસ્યા.

'તો બસ ત્યારે.' સરકારી ઑફિસર બોલ્યા.

અને ગામ આગેવાને એ લોકસેવક માટે બાર માસની ખીચડી ગામનું ગાડું જોડાવીને મોકલાવી આપી.

અને આમ એક તરફ સાહેબની તપાસ ચાલતી હતી, બીજી તરફ પેલી અધૂરી હવેલી આગળ ગાડાં આવ્યે જતાં હતાં.

એક મહિનામાં તપાસ પૂરી થઈ. શહેરનાં છાપાએ એ માગણી કરવા માંડી 'કમિટિએ જેમ બને તેમ વહેલી તકે રિપોર્ટ બહાર પાડવો જોઈએ.' આ પછી તો છાપાંએ શહેરમાં બેઠે ફરિયાદો પણ નોંધવા માંડી : 'કમિટિનો રિપોર્ટ બહાર પડયા સિવાય 'ફલાણા' ગામમાં રાજ્ય મહેસુલ ઉઘરાવવા માંડયું છે એ જુલ્મ કહેવાય. રિપોર્ટ બહાર ન પડે ત્યાં સુધી...'

સુધી ને સુધી ! છાપાં મહેસુલ ખાતાના ઑફિ-સર પાસે જાય, ઑફિસર સાહેબ, 'હજુર'ની ફુરસદે એ વાંચી સંભળાવે ને હજુર એ પર વિચાર કરે તે પહેલાં તો તલાટી કોથળીનાં મોં બાંધીને ય રવાના થઇ જાય !

આખરે સ્ટેટ ગેઝેટમાં કમિટિનો રિપોર્ટ અને આઠઆની મહેસુલ માફ કરવાની ભલામણ આવી. સાથે સાથે 'હજુર હુકમ' પણ 'જ્યાં જ્યાં કળ-તરૂ જમીન છે (પાક પ્રમાણે રાજ્યનો હિસ્સો–ઝાઝે ભાગે ચોથાઈ–લેવાતો હોય તે) ત્યાં ત્યાં આપોઆપ માફી આવી જાય છે બાકી મહેસુલી પ્રથામાં ઓછો વત્તો પાક જોવાની પ્રથા જ નથી !... હા, 'હુકમમાં 'અશક્ત' ખેડૂતને મહેસુલ બાકી રાખવા જેટલી રહે-મિયતની જરૂર હતી.

આ ફેંસલો સાંભળતાં જ ગામેગામ કકળાટ વધી પડયો. પેલા બુઢ્ઢાઓએ આઘેડોને ભાંડવા માંડયા : 'આ નવા પંચાતિયા ઊડયા છે તે, ગમ તો પડે નહિ ને બસ આપો માફી... અરે ગધેડાં તો કોઇ [illegible] આપી છે માફી કે આલશે !... નફર અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ સુરખા હતા કે–આ ધોળાં કંઈ અમથાં નથી આવ્યાં ?

આધેડોએ જુવાનો ઉપર અપજશનો ટોપલો ઓઢાડયો : આ જુવાનિયા ન હોય એવા ચાળા કરે છે, ઓઢો પછેડી હવે વેરો તો આલવો પડશે પણ લટકાનું આ ખરચ થયું એ–રાહત વેરો ય રૂપિયે બે ચાર આના ભરવો પડશે.'

જ્યારે જુવાનોએ શહેરમાં વસતા સંબંધીઓ ને છાપાંવાળાંઓ ઉપર દોષ ઓઢાડયોઃ ' એમણે જ આ બધું કરાવ્યું ભાઈ, નકર ત્યાં બેઠે સભાઓ ન ભરી હોત તો–પણ આ તો ત્યા બેઠા બેઠા મંડયા 'આઉંસોઇ' કૂટવા. ઠરાવોનાં ભરી ભરીને બરબિડિયાં મોકલ્યાં ને તાર ઉપર તાર ઠોકયા... નકર એ બધો તાયફો ન કર્યો હોત તો કમિટિય ન નિમાત ને આ રૂપિયા પાછળ બબ્બે આનાનું ખર્ચ ઊતર્યું એ ય ન ઊતરત—'

' અરે હજુ ખરચ ઉતર્યું ક્યાં છે ? પેલા બુઢ્ઢા ડોકું હલાવતાં હલાવતાં–નિજાનંદે મગ્ન હોય તેમ બોલવા લાગ્યા. ' હજુ તો શે'રમાં એ બધો તાયફો કર્યો એનું ખરચ તો ઊભું જ છે. એ આંકડો તો હજુ ઊતરવાતો દો.'

અને આ સાંભળીને તો ગામની સ્ત્રીઓ સુદ્ધાં કળેળી ઊઠી : ' આ મારાં પિટયાં શે'રમાં રહ્યાં રહ્યાં એમના બાપને (રાજને) નકામા શેર કર્યો ને ઉપરથી પાછા–આવે તો ખરા ખર્ચો લેવા.'

ત્યાં તો શહેરમાંથી આઠ દસ કાર્યકર્તાઓનું ટોળું ઊતર્યું સ્તો.

લોકોની નજરે તો પરચાના પાટા જાણે... એ લોકોએ સભા ભરવા માટે થાળી પીટવાનું કહ્યું પણ થાળી પીટનારો ય સામું જુવે તો ને ? અને ઘેર ઘેર ફરવા નીકળ્યા ત્યારે તો જવાબમાં ચૂલા આગળથી ગાળો જ સાંભળવા મળી.

મહા મુસીબતે લોક ભેગા થયા પણ પરિણામ જોતાં તો આ શહેરના નવલોહિયાઓને લાગ્યું કે એ આપણને સાંભળવા નથી આવ્યા પણ સંભળાવવા –ગાળો ભાંડવા આવ્યા છે... 'એક બે ગામમાં તો, માર મારવા ટોળે વળ્યાની ય પ્રતીતિ થઇ...

અને આમ જેની વહારે આવ્યા હતા એ જ સામા ઊઠયા પછી લૂટારાઓના જોર વિષે તો પૂછવું જ શું......

રાજ્યે એમને કાન પકડી પકડીને ગાડીએ ચઢાવી દીધા.

પેલા સેવકો તો વિચારમાં જ પડી ગયા જ્યારે એમનો આગેવાન શાન્તવન આપતો હતો : 'આમ હિંમત હારે ન ચાલે... આપણે હજુ ઘણું બધું શીખવાનું છે... લોકોને સમજાવતા પહેલાં આપણે જ ઘણું બધું સમજવાનું છે...'

જ્યારે લોકો પણ મહેસુલ સાથે પેલી બે આની ભર્યા પછી નિરાંતથી વિચાર કરવા વળ્યા : ' આમાં મારો બેટો વાંક કનો કાઢવો ?'

કોઈની ય પાસે જો જવાબ હોય તો એક પેલા બુઢ્ઢાઓ પાસે જ હતો : ' વાંક વિધાતાનો ભાઈ. બાકી તો કે'તા જ'તા. પણ તમે બધા નવલોહિયા માનો તો ને ?' અને ખુશ થતાં થતાં ઉઘેડતા : 'અમને ય મારું બેટું લાગતું તો હતું કે આ જુની આંખે નવાં ચેટક–રાજ વળી તમારી કમિટિ નીમે ને વેરો માફ કરે એ–હા...હા...હા. પણ આખર અમે જ ખરા પડયા, જુની આંખે નવા ચેટક તો ન જોવા મલ્યા પણ તમને–નવી આંખોને જુનાં ચેટક તો હા... હા...હા...! રાહત તો સૂઈ ગઇ પણ મારો બેટો આ તો ઊલટો રાહત વેરો હા...હા...

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્ય અને સત્ય

રામનારાયણ વિ. પાઠક

આપની સમક્ષ, ફૂલ નહિ તો ફૂલની પાંદડી રૂપે, જે એક વિષય મારા મનમાં ઘણાં વર્ષોથી ઘોળાયાં કરે છે તે રજૂ કરવા રજા લઉં છું.

વિવેચનની તાત્ત્વિક ચર્ચામાં આ પ્રશ્ન એક કે બીજે રૂપે વારંવાર ચર્ચાય છે, તે એ કે કાવ્ય–એટલે કે વાઙ્મય કલ્પનોત્થ સર્જનને સત્ય સાથે શો સંબંધ છે? ઘણા કહે છે કે કાવ્ય એ સત્યનું સૂક્ષ્મતર સ્વરૂપ છે. સદ્ગત નરસિંહરાવે એક પ્રસંગે પુણ્ય પ્રકોપ કરી કવિતા દેવીને "દિવ્ય સત્યનું દર્શન સૂક્ષ્મ પ્રવેશથી કરનારી, અને અલૌકિક શક્તિથી હેતુ પ્રદર્શન કરાવનારી"[1] કહી છે. આ મત કેટલો બધો વિસ્તૃત છે એ શ્રી. મેઘાણીએ 'પરિભ્રમણ'માં ઉતારેલા વાક્યથી સમજાશે:

"મહાન લેખક હમેશાં અચૂકપણે પોતાના વિષયથી ભરપુર હશે, કલાથી નહિ. વધુમાં વધુ ગંભીર સાહિત્યથી લઈ, હળવામાં હળવા સાહિત્યમાં અનિવાર્ય સૌંદર્ય તો ફક્ત એક જ છે: સત્ય."

કવિતા અને સત્યના સંબંધ વિષેનો આ મત આ સ્વરૂપે ઉલ્લેખાય છે તે કરતાં પણ વધારે, જ્ઞાત કે અજ્ઞાત રીતે સ્વીકારાય છે. સાહિત્યની ઘણી કૃતિઓના વિવેચનમાં તે અણુએ અણુમાં અંતર્ગત રહેલો હોય છે. ઘણા તો આ મતની વિરુદ્ધ કંઇ કહેવાનું હોઈ શકે એવું પણ ભાગ્યે જ સ્વીકારે અને છતાં વિવેચનની તાત્ત્વિક ચર્ચામાં આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. અંગ્રેજીમાં જરા જુદા નામે આ પ્રશ્ન મેં વારંવાર ચર્ચાતો જોયો છે. અને તેનો પડઘો આપણા વિવેચન સાહિત્યમાં પણ જડશે. એવા ઉલ્લેખો શોધીને ભેગા કરવા કરતાં એને એના ઉગ્ર સ્વરૂપમાં રજૂ કરવો એ ચર્ચા માટે વધારે પ્રસ્તુત અને ઉપયોગી છે. મહારાષ્ટ્રના એક લબ્ધપ્રતિષ્ઠ વિવેચક અને વાર્તાકારે એક વખત ચર્ચામાં કહ્યું : "સંગીતનો એક સ્વર નીકળે, કે એક રાગ ગવાય, તેને તમે સત્ય કે નીતિને અનુકૂળ કહેશો કે પ્રતિકૂળ? એને સત્ય કે નીતિ સાથે શો સંબંધ છે? નીતિની ચર્ચા નીતિશાસ્ત્ર કરે, સત્યની ચર્ચા ધર્મ કે ફિલસૂફી કરે, કલાની કૃતિ પોતાના સ્વરૂપે કલાની કૃતિ હોય એટલું બસ છે. એને નીતિ કે સત્ય સાથે કશો સંબંધ હોઈ શકે નહિ."

પણ આ રીતે એક કલાના દષ્ટાન્તથી નિયમ બાંધી તેને બીજી કલાને લાગુ કરવો એ મને પ્રમાણિક પદ્ધતિ લાગતી નથી. કલાનું સામાન્ય સ્વરૂપ સમજવા બધી કલામાંથી લાક્ષણિક દષ્ટાન્તો લઈએ એ એક વાત છે, અને એક કલાના દષ્ટાન્તમાંથી નિયમ બાંધી તેને બીજી કલાને લગાડીએ એ બીજી વાત છે. કોઈ પણ એક કલાના સ્વરૂપની ચર્ચા તેનાં પોતાનાં દષ્ટાન્તોથી જ કરવી જોઈએ. એક કલાની ચર્ચામાં બીજી કલાનું સમર્થન મળે તેમાં કશો બાધ ન હોઈ શકે, પણ બીજી કલાને તેથી વધારે મહત્ત્વનું સ્થાન આપવું એ અનિષ્ટ ડખલગીરી છે.

ત્યારે હવે આ પ્રશ્નને હું નમ્રપણે મારી રીતે આપ સમક્ષ ચર્ચવા પ્રયત્ન કરીશ.

કલાનું ભેદકતત્ત્વ તેનું ઉપાદાન છે. તે ઉપાદાનથી જ તેનું મૂર્ત્ત સ્વરૂપ ઘડાય છે. કવિનું ઉપાદાન વાક્—વાણી છે. વાણી શબ્દની બનેલી છે. શબ્દ એ અમુક અર્થનું વાઙ્મય ધ્વનિમય પ્રતિક છે. 'પ્રભાત' શબ્દ, આપણા મનમાં 'પ્રભાત'નો જે અર્થ છે તેનું પ્રતીક છે–ચિહ્ન છે. પણ શબ્દનો એ અર્થપિંડ આપણા મનમાં બંધાયો શી રીતે? અલબત વાસ્તવિક જગતના પ્રભાતના અનુભવથી. માણસ જે જે શબ્દ બોલે છે તેનો તેનો અર્થ, તેના પોતાના વાસ્તવિક જગતના અનુભવથી બંધાયો છે. અલબત, આ શબ્દો શાસ્ત્રીય નિરૂપણમાં વપરાયા હોય ત્યારે જે રીતે એક જ નિયત ચોક્કસ અર્થમાં વપરાય છે, તે જ રીતે કાવ્યમાં વપરાતા નથી.

[1] 'પૂર્વાલાપ' ૧૯૪૦ આવૃત્તિ, પૃ. ૨૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે કે કાવ્યમાં દરેક શબ્દ નવી નવી રીતે વપરાય છે. એ ખરું છે. પણ શબ્દની એ શક્તિ પણ વાસ્તવિક જગતના અનુભવમાંથી જ ઉદ્‌ભવે છે. હું કહું કે "એવી જગાએ પણ ભર ઊંઘમાં અમારી રાત વીતી ગઇ. પ્રભાતે અમે આગળ મુસાફરી શરૂ કરી."

અને નર્મદ કહે છે:

જય જય ગરવી ગુજરાત
દીપે અરુણું પરભાત,
જય જય ગરવી ગુજરાત

અને આગળ કહે છે.

વીતી ગઈ છે રાત.

અહીં 'રાત' અને 'પ્રભાત' બન્નેના અર્થો જુદા છે. અહીં 'રાત' એટલે અજ્ઞાનમય, નિષ્ક્રિયતામય, પરાધીન, પ્રાણહીન સ્થિતિ અને 'પ્રભાત' એટલે સ્વતંત્રતા ક્રિયાપરતાનો નવો પ્રાણસંચાર. હજી આ કરતાં પણ વિશેષ અર્થો આપમાંથી કોઇ વધારે સારી રીતે બતાવી શકે. પણ એ બધા અર્થો વાસ્તવિક જગતનાં રાત અને પ્રભાતના અનુભવમાંથી જ આવેલા છે. રાતમાં માણસ નિશ્ચેષ્ઠ હોય છે. પ્રભાતે સ્ફૂર્તિમય બને છે, એ વાસ્તવિક જગતનો અનુભવ છે, અને એ અનુભવ સચેત થઈ રાત અને પ્રભાતનો નવો અર્થ કરે છે. કાવ્યમાં આમ નવો અર્થ અર્પવાની શક્તિ એટલી વિશાલ અને વૈવિધ્યવાળી છે કે એક ને એક શબ્દોમાંથી ભિન્ન પ્રકરણમાં કે સંદર્ભમાં વિરોધી અર્થો પ્રતીત થતા લાગે. પણ એમ હોય ત્યાં પણ એ અર્થો એ શબ્દોમાં વાસ્તવિક અનુભવજન્ય અર્થપિંડમાંથી ઉત્થિત થયેલા હોય છે. દાખલા તરીકે કુમારસંભવમાં યુવાન બટુકરૂપે ઉપસ્થિત થયેલ શંકર, ઉમાને પોતાના વરવાના સંકલ્પમાંથી નિવારવા કહે છે.

'યૌવન કાલમાં આભરણો તજીને આ ઘડપણને શોભે તેવું વલ્કલ કેમ ધારે છે?' અને પૂછે છે કે 'સાંઝે સ્ફુટચન્દ્રતારાવાળી રાત્રિ શું સવારને યોગ્ય ગણાય?' સાંઝ વખતે સ્ફુટચન્દ્રતારકોવાળી રાત્રિ ઉપરથી તો લોકો એવી આશા બાંધે કે મઝમ રાતે અદ્‌ભુત દેદીપ્યમાન ઝાકઝમાળ રાત્રિનું દર્શન થશે, તેને બદલે આ તો સાંજ પછી તરત જ સવાર પડ્યા જેવું થાય છે, જ્યારે ચન્દ્રતારા ઝાંખા પડી ગયા હોય, અને રાત્રિ ફિક્કી થઇ ગઇ હોય. અહીં રાત્રિ અને પ્રભાત નર્મદે અર્પેલ અર્થો કરતાં લગભગ વિરુદ્ધ અર્થો સૂચિત કરે છે. પણ એ અર્થો પણ રાત્રિ અને પ્રભાતના પડેલા સંસ્કારોમાંથી જ નીકળે છે.

અને આ દષ્ટિ : કવિતાના અભ્યાસમાં જોઇએ તેટલું, હજી મહત્ત્વ પામી નથી. કવિતાના અભ્યાસમાં અને કવિતાના શિક્ષણમાં, કવિએ સૂચવેલો નવો અર્થ, વાસ્તવિક અનુભવના પ્રસ્તુત અંશ સાથે અનુસંધાન પામે, એ અનુભવનો એ પ્રસ્તુત અંશ સચેત થઈ પોતે જ નવો અર્થ રચે, એટલા માટે એ વાસ્વવિક અર્થ સ્પષ્ટ કરવો : જોઈએ. એમ ન થવાથી કવિતા પૂરી સમજાતી નથી. એક દૃષ્ટાંત આપું: શાકુન્તલમાં રાજકાજથી થાકેલો દુષ્યન્ત પ્રસંગવશાત્ કહે છે કે રાજ્ય થાક ઉતારવા માટે હોય તે કરતાં વિશેષ થાક લગાડવા માટે છે!

રાજ્ય, પોતાને હાથે દંડ ઝાલી રાખેલા છત્ર જેવું છે. છત્રથી તડકાથી બચી શકાય છે, છાંયો થાય છે. પણ દુષ્યન્તનો એવો અભિપ્રાય જણાય છે—તેને પકડી રાખવાની મહેનત એથી ક્યાંય વધી જાય! અત્યારના માણસને સહેજે વિચાર આવે કે આ આમ કેમ કહે છે? એક છત્રી ઝાલવામાં તે એવી કેવીક મહેનત પડી જવાની હતી? આપણે ત્યાં તો નાજુકમાં નાજુક સ્ત્રી પણ, છત્રી તો પોતે જ હાથે ઝાલી ફરે છે! આવો પ્રશ્ન ન થાય તો એનો અર્થ એટલો જ કે વાચક પોતાનો અનુભવ સંપૂર્ણ સચેત કરી વાંચતો નથી.[1] દુષ્યન્ત રાજા છે, એના

---

૧ આ પ્રશ્નના ખુલાસાની હકીકત મનમ
અને તેથી પ્રશ્ન જ ન ઉદ્‌ભવે એ વિકલ્પ
નથી. દષ્ટાન્ત માત્ર એમ કોઈને કોઇ રીતે એકદેશીય
હોય જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર હમેશાં એનો સેવક છત્ર ધરે છે. એ છત્ર ઘણાં મોટાં હતાં, અત્યારના નાટકના રાજા ઉપર છત્ર ધરાય છે તેથી પણ ઘણા મોટાં. અને ઘણાં ભારે પણ હોવાં જ જોઇએ. અત્યારે આપણે વાપરીએ છીએ તેવી છત્રી તે વખતે અસ્તિત્વમાં નહોતી. કોઇ રાજા પોતાનું છત્ર પોતે ઊંચકતો જ નહિ. આવું કદી જ નહિ કરેલું એવું ભારે છત્ર જાતે ઉપાડવાનું કામ જેટલું મહેનતવાળું, કલેશમય હોય એટલું આ રાજ્ય ચલાવવાનું કામ કલેશમય છે. એ રીતે અહીં છત્રી સંબંધી તે સમયની વાસ્તવિક સ્થિતિ કાવ્ય સમજવાને આવશ્યક છે.

અને કાવ્યની પછવાડે રહેલી વાસ્તવિક દુનિયાને બરાબર નહિ સમજવાથી કાવ્ય નથી સમજાતું એવો ઊલટો દાખલો પણ, જરા રમૂજી પણ સચોટ, મળી આવે છે. વિક્રમોર્વશીય નાટકના ત્રીજા અંક પહેલાંના વિષ્કંભકમાં, દેવોના નાટ્યકારભરતમુનિના શિષ્યો ભેગા થઈ વાતચીત કરે છે. એ વાતચીત અને વિષ્કંભક પૂરાં એવી રીતે થાય છે કે શિષ્યોને ગુરુ સમીપ હાજર રહેવાનો સમય થઈ ગયો યાદ આવે છે, અને શિષ્યો ચાલ્યા જાય છે. ત્યાં એક શિષ્ય કહે છે: कथाप्रसंगेन अपराद्धा अभिषेकवेला। तद् उपाध्यायस्य पार्श्ववर्तिनौ भवाव। "વાતો કરતાં સ્નાનસમય વહી ગયો. તે ચાલો ગુરુની સેવામાં હાજર થઈ જઈએ." અંગ્રેજ ટીકાકારને એ સમજાતું નથી કે આ શિષ્યો ગુરુના સ્નાનસમયે શા માટે હાજર રહેવાની વાત કરે છે. આ નહિ સમજાવાનું કારણ એ છે કે અંગ્રેજો વસ્ત્ર પરિહાર કરી એકાન્તમાં બંધબારણે નહાય છે* અને તેથી અંગ્રેજ વાચક પોતાની વસ્તુસ્થિતિ કાવ્ય પાછળ હોવાનું માની લે છે. જ્યારે કાવ્ય પછવાડેની, એટલે આપણા દેશના પ્રચલિત રિવાજની વસ્તુસ્થિતિ જુદી જ છે. અને એ વસ્તુસ્થિતિ સમજનારથી અંગ્રેજની મુશ્કેલી જ ન સમજાય! આપણા બ્રાહ્મણો તો ખુલ્લામાં નદીતળાવે માત્ર કટિવસ્ત્ર રાખી નહાય, અને તે સમયની સેવા એટલે ગુરુને માટે અંગૂછો અને કોરાં વસ્ત્ર ધરીને ઊભાં રહેવું, અને નહાઈ રહે એ આપવાં, ગુરુની ચાંખડીઓ જગાએ મૂકવી, નાહેલાં વસ્ત્રો ધોઇ આપવાં વગેરે; આપણને આપોઆપ સમજાય. આ રીતે વાસ્તવિક જગતના અનુભવમાં કંઈ ગેરસમજ હોય તો કાવ્યભાવનામાં એ વિઘ્નરૂપ પણ બને! કાવ્યસૃષ્ટિ અનન્ય પરતંત્ર છે, નિયતિકૃતનિયમરહિત છે, છતાં તેનો વાસ્તવિક જગત સાથેનો સંબંધ કદી તૂટતો નથી, એ સંબંધ હંમેશાં જીવન્ત હોય છે. કાવ્યસૃષ્ટિ સ્વતંત્ર હોવા છતાં, એ વાસ્તવિક જગતમાંથી ઊગેલી વસ્તુ છે, બન્નેનો સંબંધ એકદૃષ્ટિએ ઝાડ ઉપરના ફૂલ જેવો છે.

કાવ્યનું આ પ્રકારનું વિવરણ વિવેચન ગણાય કે નહિ, છેવટ વિવેચનનું આવશ્યક અંગ ગણાય કે નહિ, એની ચર્ચામાં હું નથી ઊતરતો, પણ કાવ્યાર્થના સાચા ભાવનને માટે એ આવશ્યક છે, અને એના વિનાનું વિવેચન ધૂળ ઉપર લીંપણ જેવું છે, એમાં મને સંદેહ નથી. પણ આ કંઈક આડ વાત થઈ.

હું મૂળ એ કહેતો હતો કે કાવ્યનું ઉપાદાન શબ્દ છે. અને શબ્દની શક્તિનો સંકેત, હંમેશાં વાસ્તવિક જીવનના અનુભવ સાથે હોય છે. અલબત, એ વાસ્તવિક જીવનના અનુભવનિષ્ઠ અર્થવાળા શબ્દો એવી રીતે ગોઠવી શકાય કે જેમાંથી વાસ્તવિક જીવન સાથે સંગત હોય એવો કશો અર્થ ન નીકળે. એનું દૃષ્ટાન્ત વેદાન્તચર્ચામાંથી મળી રહે છે—એ દૃષ્ટાન્તને સંદર્ભમાંથી કાઢી નાંખી સ્વતંત્ર વાક્ય તરીકે લેવાથી. "વંધ્યાસુત ખપુષ્પની માળા પહેરીને શશશૃંગ હાથમાં ધારણ કરી ફરે છે" કે એવું કંઈ. દરેક શબ્દનો અર્થ છે. દરેક શબ્દ જુદો વાસ્તવિક જગતનાં વર્ણનોમાં આવી શકે એવો છે. પણ શબ્દોનો અન્વા-

---

* આ શંકા ટાળવાને આ નાટકના આ ભાગના ટિપ્પણમાં વિદ્વાન સંપાદક શંકર પાંડુરંગ પંડિત લખે છે : It is to be remembered that the menner in which Asiatics bathe does not prevent others from being present; on the contrary, servants, or in the case of a holy personage his pupils who are his servants, are required for assisting in the way just indicate.d Vikramorvasiyam by S. P. Pandit. (2nd Edidion) notes p, 77

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં, વ્યાકરણદોષ ન હોવા છતાં, વાકયમાંથી કશો અર્થ નીકળતો નથી. આ માત્ર વ્યાકરણદૃષ્ટિએ વાકય છે. બાકી આપણા શાસ્ત્રકારો આને વાકય જ ન કહે. વાકયનું મુખ્ય કામ અર્થબોધ કરવાનું, તે તે આ વાકય કરતું નથી. અને તેથી તે વાકય જ નથી. વાકયાર્થ માટે શબ્દોમાં આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ હોવાં જોઈએ. તે પૈકી અહીં યોગ્યતા નથી. અને યોગ્યતાનો નિર્ણય, બુદ્ધિ, વાસ્તવિક જગતના આપણા મન પર પડેલા સંસ્કારોથી કરે છે. યોગ્યતાને વાસ્તવિક જગત સાથે સંબંધ છે. અલબત કાવ્યમાં કોઇ પણ એક વાકય આવું દેખીતી રીતે યોગ્યતા-વિહીન ન હોઈ શકે. વ્યવહારમાં પણ ભાગ્યે જ આવું અર્થહીન વાકય આવે. વેદાન્તને આવું વાકય શોધી કાઢતાં કોણ જાણે કેટલોય વખત લાગ્યો હશે. મેં તો માત્ર દૃષ્ટાન્ત આપ્યું છે.

હવે, આ યોગ્યતા માત્ર વાકયના શબ્દોની અંદર જ હોવી જોઈએ એમ નથી. એક સંદર્ભનાં અનેક વાકયોની અંદર પણ હોવી જોઇએ. "એક હતો રાજા. તેને એક કુંવર અને એક કુંવરી. રાજાએ વચેટ કુંવરને બોલાવીને પૂછયું." અહીં પહેલા અને બીજા વાકય વચ્ચે યોગ્યતા છે. પણ પહેલાં બે વાકયોથી જે અર્થપિંડ નિષ્પન્ન થાય છે, તે ત્રીજા સાથે બંધબેસતો નથી. રાજાને એક જ કુંવર હોય તો પછી વચેટ કુંવર ન હોઈ શકે. જરા બીજી જાતનું દૃષ્ટાન્ત લઉં. "એક બાઈ હતી. તેને પોતાનાં બાળકો ઉપર ઘણું જ હેત હતું. તેણે બે બાળકોને મારી નાંખ્યાં હતાં, અને ત્રીજું જન્મે ત્યારે તેને મારવાનો વિચાર કરતી હતી." આમાં પણ યોગ્યતા નથી. કોઈ પણ બાઈ પોતાનાં બાળકોને સાધારણ રીતે મારી નાખે નહિ. હેત હોય તો તો કદાપિ એવું ન કરે. અહીં પણ વાકયો વાકયો વચ્ચે યોગ્યતા નથી. અહીં આ અયોગ્યતા મનુષ્યસ્વભાવ અને તેનું કાર્ય એ વચ્ચેની અસંગતતામાંથી નિષ્પન્ન થાય છે. મનુષ્ય-સ્વભાવ એ પણ વાસ્તવિક જગતનો જ એક અંશ છે. અર્થાત્ વાકયના શબ્દોમાં જે યોગ્યતા આવશ્યક છે તે જ યોગ્યતા સંદર્ભનાં વાકયો વચ્ચે પણ હોવી જોઇએ. અને બન્નેમાં એ યોગ્યતાની બુદ્ધિ વાસ્તવિક જગતના સંસ્કારોમાંથી બંધાયેલી હોય છે.

ખરી રીતે વાકયના શબ્દોમાં આવશ્યક આકાંક્ષા અને યોગ્યતા બન્ને કાવ્યના સમગ્ર સંદર્ભમાં અનુસ્યૂત રહેલી હોય છે. ઉપર કહી તે યોગ્યતા કાવ્યમાં, ઔચિત્ય બને છે, અને આકાંક્ષા તે રસેપ્સા બને છે. આ રસેપ્સા માટે સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં ખાસ ઉલ્લેખ મને સ્મરણમાં નથી, પણ અંગ્રેજ ટીકાકારો કાવ્યમાં જેને interest કહે છે તે આકાંક્ષાનું જ સંદર્ભગત સ્વરૂપ છે.

વાકયના શબ્દોથી શરૂ થઇને આખા પ્રબંધના અંત સુધી પ્રવર્તતી આ યોગ્યતામાં સત્યની વફાદારી આવી જાય છે. યોગ્યતા સ્થૂલ દૃષ્ટિએ જોતાં તો માત્ર અવયવોની પરસ્પર ઘટનક્ષમતા, પરસ્પર સંગતતા, બંધબેસતાં થવાપણું છે. પણ જેને આપણે શાસ્ત્રીય દૃષ્ટિએ સત્ય કહીએ છીએ તે પણ વસ્તુઓની પરસ્પર ઘટનક્ષમતા સિવાય બીજું શું છે? જેને વિજ્ઞાન કહીએ તેમાં પણ એક સત્ય એટલે અનેક હકીકતો ઉપરથી બાંધેલી વ્યાપ્તિ. જેને ઐતિહાસિક સત્ય કહીએ છીએ એ પણ પુરાવા સાથેની સંગતતા જ છે. આપણું લોકસાહિત્ય કહે છે કે સિદ્ધરાજે જૂનાગઢનો કિલ્લો તોડી રા'ખેંગારને માર્યો, અને તેની રાણી રાણકદેવી વઢવાણમાં સતી થઈ અર્થાત્ આ માન્યતા અમુક દુહાઓને આધારે સત્ય હતી. પણ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી દોહદના સંવત ૧૧૯૬ ના ઉત્કીર્ણ લેખ श्री जयसिंह देवोऽस्ति भूपो गुर्जरमंडले। येन कारागृहे क्षिप्तौ सुराष्ट्र मालवेश्वरौ ॥ ને આધારે સોરઠને જીત્યા પછી ખેંગારને કારાગૃહમાં નાખ્યો એવી હકીકતને સાચી કહે છે. અર્થાત્ ઐતિહાસિક સત્ય પણ વસ્તુસ્થિતિને અનુકૂળ માન્યતા છે. ભૌતિક સત્ય, ઐતિહાસિક સત્ય અને માણસના જીવન સંબંધીનાં સત્યો સર્વે વસ્તુસ્થિતિને અનુકૂળ છે માટે જ સત્ય છે. અને વસ્તુસ્થિતિની સમજમાં ફેર પડે તે સાથે સત્યો બદલાતાં જાય છે.

પણ આ યોગ્યતા, તે પોતે સત્યનો સંગ્રહ કે કોષ નથી. યોગ્યતા જ્યારે પ્રવર્તે છે ત્યારે તે પોતાના કોષનાં સત્યો જોઈ ઠરાવ આપીને પ્રવર્તે છે એમ નથી. યોગ્યતા એ એક દૃષ્ટિ છે, એક બુદ્ધિ (inner sense) છે. જેમ શરીરમાં કંઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રવ્ય (foreign body) અંદર પ્રવેશતાં તેને પીડા થાય છે, એવી પીડા થવી એ શરીરની સજીવતાનું એક લક્ષણ છે, એ પીડાની ઈન્દ્રિય જેમ શરીરે પોતાના ઈષ્ટ પ્રયોજન માટે ઉત્પન્ન કરી છે, કે થઈ છે, તેમ આ યોગ્યતા પણ જીવને પોતાના ઈષ્ટ પ્રયોજન માટે ઉત્પન્ન કરી છે અને સત્યથી વિરોધી વસ્તુ આવતાં દુભાય છે, તેને કલેશ થાય છે.

પણ કેટલાંક કાવ્યોમાં પરિચિત સત્યોનો દેખીતો વિરોધ આવે છે તેનું શું?— અને તે પણ એવાં કાવ્યોમાં, જેને આખી પ્રજાઓએ પોતાનાં ઉત્તમ કાવ્યો માન્યાં છે. દાખલા તરીકે આપણું મહાભારત. આવા કાવ્યમાં જે એક બાણનાં સહસ્ર બાણો થાય છે, મનુષ્યો માયાવી રૂપો ધારણ કરે છે, વિમાનોમાં દેવતાઓ વિહાર કરે છે, એ બધું એ સમયના જગતમાં બનતું હતું એમ હું માનતો નથી. પણ યોગ્યતાની બુદ્ધિ કંઈ માત્ર વિજ્ઞાન (Science) થી જ ઘડાતી નથી. એમ હોત તો માત્ર વિજ્ઞાનીઓ જ કવિઓ અને ભાવકો હોત, પણ એમ નથી. કવિ અને ભાવક બન્ને માનવ છે, તેથી કશું જ વિશેષ નથી. કવિતા માણસે માણસ માટે કરેલી છે. અને માણસની બુદ્ધિ માત્ર વિજ્ઞાનથી નહિ (ખરી રીતે વિજ્ઞાનનો અંશ જોઈએ એટલો અત્યારે પણ નથી.) પણ તે તે કાલની સર્વ લોકમાન્યતાથી ઘડાય છે. એ બુદ્ધિ, તે કાલના વિજ્ઞાનથી તેમ જ તે કાલના માણસની શક્તિઓ, વૃત્તિઓ, માન્યતાઓ, શ્રદ્ધાઓ વગેરે સર્વથી ઘડાય છે. અને માણસને સૌથી વધારે રસિક વિષય માણસ પોતે જ છે, અને તેથી માણસ જે કાલે જે માનતો હોય તે કાલે તેનાથી વધારે સાચું તેને બીજું કશું ન હોય! માણસના વાસ્તવિક જગતના સંસ્કારોમાં આ બધાનો સમાવેશ થાય છે.

ઉપરના ખુલાસાથી આપણે એટલું સમજી શકીએ કે મહાભારતકાર જે આ ચમત્કારોનો કાવ્યોમાં ઉપયોગ કરે છે અને તેના સમયના તેના શ્રોતાઓ જે આ ચમત્કાર સાંભળતા હતા, તેમની યોગ્યતાબુદ્ધિને આ વર્ણનોથી કશો આઘાત ન લાગે એ ખરું. એમની યોગ્યતાબુદ્ધિ એને સ્વીકારે એ ખરું. પણ એટલું સ્વીકારતાં, મહાભારતમાં એક બાણમાંથી સહસ્ર બાણ નીકળતાં તેમ, એક પ્રશ્નમાંથી અનેક પ્રશ્નો ઉદ્ભવે છે.

એમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે મહાભારતકારના સમયમાં શ્રોતાઓને એ કાવ્યમાં યોગ્યતા કે ઔચિત્યને આઘાત ન લાગે, પણ આપણું શું? આપણી સત્યાસત્યની બુદ્ધિ એ કેમ સ્વીકારી શકે? એને એમાં રસ શી રીતે આવે?

આ ઘણો મહત્ત્વનો પ્રશ્ન છે. એના ખુલાસા માટે આપણે વસ્તુના અંતરમાં પ્રવેશ કરવો જોઈએ. એમ કરીએ તો જ જો કંઈ ખુલાસો મળવો હોય તો મળે.

પહેલું તો એ કે ભૌતિક વિજ્ઞાન જેવી બાહ્ય પરિસ્થિતિ વિશે લોકમતમાં ફેરફાર થતાં, વિજ્ઞાન પ્રગતિ કરી નવા નિયમો સ્થાપતાં પણ માણસ પોતાની કલ્પના વડે જૂની અતીત થયેલી ભૂમિકા ઉપર જરાપણ કલેશ વિના બેસી શકે છે. જેમ આપણે મોટી ઉંમરના થયા પછી પણ બાળકોની વાતચીત, રમતો વગેરે સાથે લગભગ સંપૂર્ણ તાદાત્મ્ય સાધી શકીએ છીએ, તેમ. તેમાં પણ મહાભારતકારે કાવ્યમાં જે જે માનવશક્તિ કલ્પી છે તે અત્યારે તો લગભગ બધી જ, માનવીએ સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે સિદ્ધ કરી છે. માણસ ઊડી શકે છે, અને એક જ યંત્રમાંથી સહસ્ર શું, કોટચનુંકોટિ શસ્ત્રો ફેંકી શકે છે. ખરું તો મહાભારતના સમયમાં માનવી આ શક્તિઓને ઈષ્ટ માનતો હતો, માનવજાતિએ એને ઈષ્ટ માની છે, અને એ વાસના જ આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધિઓની પ્રેરણા છે. અને કવિની કલ્પના પણ એવી કે લાંબે ગાળે જે સિદ્ધ થવાનું હતું તે જ તેની દૃષ્ટિએ પડ્યું. જગતમાં જે કંઈ શક્ય હતું તે જ તેની કલ્પનામાં આવ્યું. આ રીતે કાવ્યમાં સ્થૂલ રીતે બની ગયેલું સત્ય નહિ પણ શક્ય સત્ય આવે છે. અર્થાત્ કવિ કોઈ ક્રાન્તદષ્ટિથી સત્યના બાહ્ય સ્વરૂપની અંદર રહેલા તેના સૂક્ષ્મ તત્ત્વને પકડે છે. માટે જ યોગ્યતાનો અર્થ મેં સત્ય નહિ પણ સત્યની વફાદારી કહેલી છે.

વિજ્ઞાનની પ્રગતિ થતાં, વિજ્ઞાનની વફાદારી વધતી જાય છે. [illegible] સૈકાનો જૂલે વર્ણ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈંગ્લંડનો થોડા જ સમય પર અવસાન પામેલ પ્રસિદ્ધ સાક્ષર વેલ્સ, બન્ને વિજ્ઞાનની નાનામાં નાની માહિતીને પણ હાનિ ન પહોંચાડવાની ચીવટ રાખે છે. પણ વિજ્ઞાનની સત્તા આટલી સ્પષ્ટ બેઠેલી છે તે જમાનામાં પણ, વિજ્ઞાનથી અવળી જ દિશામાં કલ્પના ચલાવનારા કવિઓ મળી આવે છે, અને તે પણ કોઈ નિકૃષ્ટ પ્રકારના નહિ. આનો સ્પષ્ટ દાખલો મને મૉરિસ મેટરલિંકના 'બ્લ્યૂ બર્ડ' (Blue Bird)માં મળે છે. આ નાટકનાં મુખ્ય પાત્રો ગરીબ અબૂઝ બાળકો છે, પણ તેની આસપાસનાં પાત્રોમાં કૂતરાં બિલાડાં તો શું પણ ખાંડનો પણ 'સ્પિરિટ' આવે છે. આપણે એને ગુજરાતીમાં ખાંડની દેવતા કહીશું. નાનાં બાળકોને ખાવા માટે એ કટ કટ આંગળાં ભાંગી ભાંગીને ખાવા આપે છે, અને ત્યાં તો પાછાં એ આંગળાં હતાં ત્યાં ઊગી નીકળે છે! આ તો ખુલ્લે છોગે વિજ્ઞાનનો અનાદર નથી?

અલબત હું વિચાર તો એ કોટિનો કરું છું કે કાવ્યની એવી કૃતિઓ હોય છે જે વિજ્ઞાન સાથેનો સંબંધ તોડીને રચાયેલી હોય છે. અને તેમ છતાં ઉપરના દાખલામાં વિજ્ઞાનનો સ્પષ્ટ વિરોધ છે એમ હું સ્વીકારી લેવા માગતો નથી. પ્રાણીશાસ્ત્રીઓ જાણે છે કે એવાં પ્રાણીઓ હોય છે, જેનો એક અવયવ કાપો તો ફરી ઊગે છે; જેના કકડા કરો તો તે મરતાં નથી, પણ દરેક કકડો ફરી પૂર્ણ પ્રાણી બને છે, એકનાં બે થાય છે. કદાચ આવા કોઈ નિરીક્ષણ ઉપરથી જ આપણાં પુરાણોમાં એવા રાક્ષસો આવે છે, જેને મારવા માથું કાપો તો ત્યાં બીજું માથું ઊગે, અને એમ માથાંની અનંત પરંપરા ચાલે અને રાક્ષસ મરે નહિ. એટલે મૉરિસ મેટરલિંકની કલ્પના વિજ્ઞાનવિરોધી નથી. પણ છતાં પ્રશ્ન રહે છે, કે આમ વાસ્તવિક જગતમાં હોય જ નહિ એવી ધરાર ખોટી કલ્પના કરવાનું પ્રયોજન શું? શું કલ્પના વિજ્ઞાનનો વિરોધ કરે, કે એની સાથેનો સંબંધ તોડીને જાય એમાં કંઈ રસ રહેલો છે? એમ કરવાનું ફળ શું? અને આ પ્રશ્નના મનનમાં એક બાજુથી કાવ્યના ખરા સ્વરૂપ અને પ્રયોજન ઉપર વધારે પ્રકાશ પડે છે અને તે સાથે આપણા પ્રશ્નના ખરા ખુલાસાની આપણે નજીક જઈ એ.

મૉરિસ મેટરલિંક ખાંડની દેવતાનું એવું સ્વરૂપ કલ્પીને ખરી રીતે જગતમાં રહેલી ઈશ્વરની વિશ્વંભરા શક્તિ, કે વિશ્વંભરા પ્રકૃતિનું આપણને દર્શન કરાવે છે, ગમે તેટલી અને ગમે તેટલી વાર શેરડી ખાઓ, સાકર ખાઓ, અને ધરતી માતા એવી નથી?—કે પાછી જોઈએ એટલી શેરડી ઉગાડે, અને જોઈએ એટલી સાકર પેદા કરી આપે! અને બે નાનાં અબુધ અબૂઝ બાળકો આગળ એ વિશ્વંભરા શક્તિને હવે બીજી કઈ રીતે રજૂ કરી શકે? આ સાકર દેવતાની રજૂઆતથી, એ બન્ને બાળકો ઉપર જરૂર આ વિશ્વંભરા શક્તિના જ સંસ્કારો પડવાના; જોકે ભલે આખી જિંદગી એ વિશ્વંભરા શક્તિ કે એવા બીજા કશા શબ્દો એ કદી જ બોલી ન શકે. આખા નાટકમાં ક્યાંય વિશ્વંભરા શક્તિ કે એવું કશું જ નામ આવતું નથી. કવિની કૃતિ આમ સીધા શબ્દ દ્વારા કદી સંસ્કાર પાડતી નથી, વ્યંજનાથી જ પાડે છે, અને કાવ્યનું મુખ્ય પ્રયોજન ચિત્ત ઉપર આ સંસ્કારો પાડવા એ છે. એ પ્રયોજન માટે કાવ્ય સ્થૂલ ભૌતિક જગતના નિયમોમાં છૂટ લઈ શકે છે.

મેં કહ્યું કે કાવ્ય ચિત્ત ઉપર સંસ્કાર પાડે છે. પણ કાવ્યાસ્વાદન પછીના ચિત્તનું એ પર્યાપ્ત વર્ણન નથી. સંસ્કાર કહેવામાં સંસ્કાર પામતી વસ્તુ પોતે નિષ્ક્રિય નિશ્ચેષ્ટ થઈ માત્ર ક્રિયાનું આધાન કરતી હોય એવી પ્રતીતિ રહેલી છે. પણ કાવ્યાસ્વાદન સમયે ચિત્ત કેવળ નિશ્ચેષ્ટ હોતું નથી. એ સચેત હોય છે. અને માટે એ સ્થિતિ સાધારણ રીતે ભાવ તરીકે ઓળખાય છે. ભાવનો અર્થ હું માત્ર લાગણી કરતો નથી. એ મને બહુ એકતરફી અને કંઈક છીછરો શબ્દ લાગે છે. કાવ્યમાં ચિત્ત સમગ્રરૂપે અમુક પરિસ્થિતિને અભિમુખ થઈ પોતાના સ્વભાવને અનુકૂળ, પોતાના કોઈ આંતર પ્રયોજનને અનુકૂળ રીતે અમુક વૃત્તિ ધારણ કરે છે, તેને માટે ભાવ શબ્દ હું વધારે યોગ્ય ગણું છું. કાવ્યાનુભવમાં, ચિત્ત શુદ્ધરૂપે અને નિર્વિઘ્ને પોતાનો ભાવ ધારણ કરે છે, (જે વ્યવહારમાં ક્વચિત જ બને છે) અને એમ હોવાને લીધે કાવ્યમાં આત્મા સ્વસ્વરૂપને પામે છે, આત્મસાક્ષાત્કાર કરે છે, જેના પરિણામે પરમ આનંદનો અનુભવ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમગ્ર માનવઈતિહાસમાં અને માનવ વ્યહારમાં આ ભાવ જ સૌથી મહત્ત્વનો છે. આપણે સામાન્ય રીતે માનીએ તેના કરતાં ભાવ કોઇ વધારે ગહન વસ્તુ છે. એક બે દાખલાથી આ સ્ફુટ કરવા પ્રયત્ન કરીશ. પ્રથમ દાખલો હું એ લઉં છું કે આખી માણસજાત જમણા હાથને કોઇક ને કોઈક રીતે વધારે મહત્ત્વનો માને છે. હિન્દુઓ જમણા હાથને પવિત્ર માને છે. સંસ્કૃતમાં દક્ષિણનો અર્થ કુશળ અને વામનો અર્થ અવળું, નિકૃષ્ટ થાય છે. આવો ભાવ શાથી આવ્યો ? આપણે કોઇ ખાસ કારણથી આ પ્રમાણે નક્કી કર્યું છે. એવી કયાંય શાસ્ત્રમાં કે ઇતિહાસમાં નોંધ નથી. જમણે હાથે શા માટે લખવું એમ બાળક પૂછે, કે કોઇ પણ પૂછે, તો આપણી પાસે એનો જવાબ નથી. હું માનું છું કે માણસજાતે આ ભાવ કદી જ બુદ્ધિપૂર્વક કદાચ બાંધ્યો નથી, અને છતાં, હું માનું છું તે તેનું કારણ હોય. તો તે પૂરતું પ્રબળ કારણ છે. હું માનું છું કે જમણે હાથે કામ કરવાનું કારણ એ છે કે ડાબી બાજુ હૃદય આવેલું છે, અને બળનું કામ ડાબે હાથે કરીએ તો તેના પ્રત્યાઘાતથી હૃદયને નુકસાન થાય. માણસજાતિએ જમણા હાથની પ્રથા પાડી હશે ત્યારે આ શારીરિક કારણ સ્ફુટ સમજીને પાડી હશે એમ હું માનતો નથી. છતાં માણસજાતે એ પ્રત્યાઘાતની હાનિ ન થાય એને માટે એક ભાવ વિકસાવ્યો, જેણે પોતાનું કામ બરાબર આપ્યું ગણાય. આ ઉપરથી હું એમ માનું છું માનવ ચૈતન્ય અમુક ભાવ ધારણ કરતી વખતે જે વસ્તુસ્થિતિ તરફ એ ભાવ ધારણ કર્યો હોય છે, એ વસ્તુસ્થિતિનું શાસ્ત્રીય સ્વરૂપ, તેમજ ચૈતન્યના જે આંતર પ્રયોજન માટે એ ભાવ ધારણ કરેલો હોય છે તે પ્રયોજન, બુદ્ધિની ભૂમિકા ઉપર સમજેલું હોય છે જ એવું હોતું નથી. એ બન્ને જમાને જમાને અને યુગે યુગે શાસ્ત્રીય દૃષ્ટિ જેમ જેમ કેળવાતી જાય તેમ તેમ જ વધારે સ્પષ્ટ થતો જાય. માટે જ, વિવેચક, કોઇ કાવ્યનો અમુક અર્થ કરે ત્યારે, 'એ અર્થ એ જમાનામાં કવિના મનમાં હોય એ સંભવિત જ નથી,' 'તે વખતે કવિમાં એટલું શાસ્ત્રીય જ્ઞાન હોવાનો સંભવ જ નહોતો,' એવો વાંધો ઉપપન્ન નથી. અને માટે જ, દરેક જમાને જમાને શાસ્ત્રીય દૃષ્ટિ બદલાતી જાય તેમ તેમ, સાહિત્યની મહાન કૃતિઓનાં નવાં નવાં વિવેચનો થવાં જોઈએ.

જમણા હાથની પવિત્રતા જેવો, કદાચ તેથી વધારે વિલક્ષણ એક બીજો દાખલો આપું. માત્ર હિંદમાં નહી પણ આખી સુધરેલી માનવજાતિમાં મા દીકરો અને બહેન ભાઈ વચ્ચેનો લગ્નસંબંધ અને કામસંબંધ અત્યન્ત નિષિદ્ધ મનાયો છે. આખી માનવજાતિએ આ એક મહાન ભાવ કેળવ્યો છે. એના અતિક્રમણ જેવું બીજું કશું અબ્રહ્મણ્ય અને ઘોર પાતક નથી. આ ભાવ શાથી કેળવાયો ? નિષિદ્ધ કરેલા નિકટ સંબંધમાં થતાં લગ્નોનાં ફરજંદોને હેમોફિલ (Hemophil) નામનો રોગ થાય છે એમ દાક્તરો કહે છે. પણ આ નિયમ બંધાતી વખતે, આ ભાવ બંધાતી વખતે, માણસજાતિને, તે વખતના વિદ્વત્તમ માણસને પણ, આવી કશી માહિતી હશે એમ માનવાને લેશ પણ કારણ નથી. ત્યારે આ ભાવનો ખુલાસો શો ? સમાજશાસ્ત્રીઓ અને નરવંશવિદો તર્ક કરે છે કે ભાઈ બહેન વચ્ચે લગ્ન જેવો સંબંધ વ્યવહાર્ય હોય તો કુટુંબમાં બાળપણનાં પૂરાં વરસો પુરુષથી સુરક્ષિત રહી શકે નહિ, માટે આવો સંબંધ નિષિદ્ધ ગણાયો. મને પોતાને આ ખુલાસો સંતોષકારક લાગે છે. અને છતાં આવા સ્પષ્ટ કારણથી કદી પણ આવો નિયમ માનવઇતિહાસમાં ખરેખર કરવામાં આવ્યો હશે એમ હું માનતો નથી. નિયમ કરવાને બદલે બહેન તરફ એક પ્રકારનો માર્દવનો, પવિત્રતાનો, પૂજ્યત્વનો ભાવ વિકસાવીને માનવજાતિ માટેનું એ રક્ષણકાર્ય જીવને કોઈક રીતે કર્યું ! અને આ ભાવ એટલો પ્રબલ છે, એનાં મૂળ માનવસ્વભાવમાં એટલાં ઊંડાં ગયાં છે, અને માનવસ્વભાવમાં આ ભાવના એટલી બધી સિદ્ધ થઈ ગઈ છે, કે કદી આનાં કારણોમાં ઊતરવાની, કારણોનો પ્રશ્ન કરવાની વ્યવહારિક જરૂર જણાઈ નથી. અને આ જે રીતે કામવાસનાને અતિક્રમીને જીવન નવો ભાવ વ્યક્ત કરે છે, તે જોતાં, મને એમ માનવાનું મન થાય છે, કે, જોકે આ ભાવ વ્યક્તિમાં જ વ્યક્ત થાય છે, પણ તેની નીચે કોઈ ગૂઢ રીતે વ્યક્તિને અતિક્રમીને રહેલું કોઈ વિશાલતર જીવન અહીં કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોકે આ કદાચ મારી શ્રદ્ધાની જ માન્યતા હશે, ફિલસૂફીની કસોટીથી એને કસી જોવાનો મેં હજી પ્રયત્ન કર્યો નથી.

આ બન્ને દૃષ્ટાન્તો, જમણા હાથની પવિત્રતાનું, અને બહેનભાઈના સંબંધની પવિત્રતાનું, આ બન્ને દૃષ્ટાન્તોનું ઉદ્દિષ્ટ વક્તવ્ય આપ આ દૃષ્ટાન્તોને ઘડીભર ખરા માની સ્વીકારી શકશો. આ રીતે બધા ભાવોમાં મને સૌથી વધારે ગહન, અને આશ્ચર્યકારક ભાવો સંયમ અને પૂજ્યતાના લાગે છે. સંયમ એટલે માણસ પોતામાં જ થતી વૃત્તિઓને પોતે જ થોભાવે, શમાવે!! પૂજ્યતા, એટલે માણસને પોતાના જ અનુભવની અંદર, પોતાથી કશુંક મહત્તર, કશુંક ઉન્નતતર, કશુંક વિશાલતર, શુદ્ધતર જણાય!! આવો ખરેખરો અનુભવ ન હોત તો માણસ આ વાતને વિરોધી અને અશક્ય માનત અને આ જ ભાવો એ કાવ્યનાં ઉન્નતતમ શિખરો નથી.

આપણે આગળ ચાલીએ : હું એ કહેતો હતો કે ભાવનો અનુભવ, એ જ જીવનનું જીવનતત્વ છે. અને આપણે એ પ્રશ્ન વિચારતા હતા કે વિજ્ઞાનથી વસ્તુના સ્વરૂપ વિશેનો ખ્યાલ બદલતાં, જૂનો ભાવ વ્યક્ત કરતી કવિતા પછીથી નીરસ ન બને. અને મહાભારતનાં યુદ્ધોમાં તો એમ નથી બને એવું, એમ મેં આગળ કહ્યું. પણ હજી આ પ્રશ્ન અનેક દાખલાથી પરીક્ષવો રહે છે. વચમાં આપેલું જમણા હાથની પવિત્રતાનું દૃષ્ટાન્ત કાવ્યના આ પ્રશ્નની મીમાંસામાં હું ઉપયોગમાં લઇ શકતો નથી. પણ એને મળતું એક બીજું દૃષ્ટાન્ત લઉં. કલિને નળની ઈર્ષ્યા થઈ અને તેણે નળમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો. બાર વરસ સુધી નળમાં પ્રવેશ કરવાને તેણે પ્રયત્ન કર્યા કર્યો.

"બારમે વરસે કલિને તક મળી. લઘુશંકા કરી આવીને નળે મોં ધોયું પણ પગ ધોયા વિના તે સન્ધ્યા કરવા બેઠો અને ત્યાં કલિએ પ્રવેશ કર્યો." પ્રેમાનંદ આ વાત જરા ફેરવીને કહે છે :

એક દિવસે નળ ભૂપાળ, મંગાવ્યું જળ થયો સંધ્યાકાળ;
રહી પાહાની ફોરડી ધોતાં પાગ, કળી પામ્યો પેઠાનો લાગ.
સંધ્યાવંદન કીધું રાજન, પ્રવેશ કળીનો થયો તે સ્થાન
નળાખ્યાન : કડવું ૨૮

પ્રેમાનંદના વાસ્તવિક જગતમાં લઘુશંકા કરી મોં ધોવાનો રિવાજ નહોતો, એ હકીકત ભાવને માટે નિરર્થક નીકળી, તો તેણે એ છોડી દીધી, અને શૌચનો ચમત્કાર વધારવા પગ તો ધોયા પણ પ્હાની જરાક કોરી રહી ગઈ તેમાં કલિએ પ્રવેશ કર્યો એવી હકીકત મૂકી. હવે અત્યારે આવી રીતે કશું થઈ જવાથી આટલું ભયંકર પરિણામ આવી જાય એવું આપણે માનતા નથી. પણ આપણે પણ માનીએ છીએ કે જે કામ કરવું તે સંપૂર્ણ કરવું જોઈએ, અને ઘણાં કામમાં કયાંક પણ ખામી રહી જવાથી, જરાક પણ પ્રમાદ થઈ જવાથી ઘણાં માઠાં પરિણામ આવે છે. એના પ્રતીક તરીકે આપણે પ્હાની કોરી રહી જવાની દંતકથા સ્વીકારી શકીએ. જેમ માણસ પોતે જે કાર્ય ન કરે, તે કાર્ય પણ બીજો કરે એમ સમજી શકે છે, તેમ જ પોતે જે ન માને તે પણ બીજો માને એ સમજી શકે. હું અમુક પરિસ્થિતિમાં કોઈનું ગળું કાપું એ મારે માટે અશક્ય હોય, છતાં કોઈ બીજો માણસ એમ કરી નાંખે એ જેમ સમજી શકું, તેમ જ કોઈ પાત્ર એમ કરે એ પણ સમજી શકું. અને જેમ ગળું કાપવું એ વ્યક્તિની ક્રિયા છે, તેમ જ અમુક માનવું એ પણ વ્યક્તિની જ ક્રિયા છે. અને આપણે માની શકીએ કે તે વખતના આર્યો એમ માનતા કે શૌચમાં કોઈ ખામી રહી જાય તો તેથી અનિષ્ટને તક મળે છે. આ રીતે અત્યારે પણ નળાખ્યાનની આ હકીકત આપણા ખાદ્યમાં કાંકરું જેવી નથી રહેતી, ચર્વણમાં આવી એ પણ એકરસ થાય છે. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શાસ્ત્રીય રીતે સ્પષ્ટ થતાં એ સ્પષ્ટ થયા પહેલાંનો ભાવ અવશ્ય બદલાય જ એવું બનતું નથી. જમણા હાથ વિશેની શારીરિક હકીકત ધ્યાનમાં આવતાં એ વિશેનો જૂનો ભાવ ખસી જતો નથી. બહેનભાઇના સંબંધનો ખુલાસો સમાજશાસ્ત્રીથી થતાં બહેનભાઇનો પવિત્ર ભાવ અસ્ત થતાં નથી.

સોળમા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન : રાજકોટ પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન. તા. ૧૮-૧૯-૨૦ : ૧૦ : ૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા ન જોઇએ

દર્શક

૨૫૦૦ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે રોમનું નામ દુનિયામાં તો નહિ પણ ઈટાલીમાં ય જાણીતું નહોતું થયું. દેશ દેશની સમૃદ્ધિ ટાઈબર નદીના બારામાં હજુ ઠલવાઈ નહોતી. જે વૈભવ ને વિલાસે રોમને ભોંભેગું કર્યું તેનાં પગરણ પણ નહોતાં મંડાયાં, સાત ટેકરીઓ પર બંધાયેલા એ શહેરમાં આજુબાજુની જંગલી જાતિઓ વચ્ચે રોમનો ટકી રહેવા મથતા હતા ત્યારે રોમમાં ટાર્કવીન રાજા હતો. લોકોએ એનું નામ મદાંધ ટાર્કવીન પાડ્યું હતું; કારણ કે રોમમાં એ પહેલો જુલ્મી રાજા હતો. ને એ છેલ્લો જ નીવડ્યો.

વાત આમ બની:

રાજા ટાર્કવીન હોમ કરતો હતો ત્યાં એણે જોયું કે દેવ માટે તૈયાર કરેલું નૈવેદ એક કાળો સર્પ આવીને ખાઈ ગયો. રાજાને તર્કો થયું કે આ કાંઈક અપશુકન બતાવે છે. એણે તે જમાનામાં સૌથી મોટા ગણાતા ડેલ્ફીના દેવાલયમાં આ બનાવનો અર્થ પૂછવા માટે પોતાના બંને દીકરાને મોકલ્યા. એમની સાથે ગયો એનો એક ભત્રીજો બ્રુટસ. બ્રુટસનો અર્થ ઘનચક્કર.

સૌ એને અધગાંડો ગણતા. ને ટાર્કવીનના જુલ્મી રાજાની રાજગાદી સાથે સીધો સંબંધ ધરાવતા લોકોએ બહુ અક્કલવાળા દેખાવામાં જોખમ હતું. કારણ કે રાણી ને રાજા બંને–અભિમાન જેટલાં જ અદેખાઈ માટે પણ જાણીતાં હતાં. આ અદેખાઈને કારણે જ ટાર્કવીને પોતાના સસરાને મારી નાખ્યો હતો ને એની રાણીએ પોતાના બાપ પર જ રથ ચલાવ્યો હતો. આવાના રાજમાં બહુ અક્કલવાળા ગણાવામાં બહુ સાર નહિ ને ?

ત્રણે જણા મંદિરમાં જઇ ભવિષ્ય જોનારી દેવદર્શિનીને પગે લાગ્યા.

રોમ, ગ્રીસ બંને દેશમાં આવાં મંદિરોમાં રહેનારી દેવદર્શિનીઓ અખંડ કુમારિકા રહેતી–તેમણે આકરાં વ્રતો પાળવાં પડતાં, તેઓ દેવતાઓની ઈચ્છાને કળી શકે છે એમ મનાતું. એ કાળમાં યુરોપમાં ડેલ્ફીની દેવદર્શિની શ્રેષ્ઠ ગણાતી, સોક્રેટીસ સૌથી ડાહ્યામાં ડાહ્યો માણસ છે એમ એણે જ પહેલી વાર જાહેર કરેલું. એનું વેણ ઈશ્વરી સંકેત જેવું બની જતું. એટલે જ આ ત્રણે જણાએ રોમથી છેક ગ્રીસ સુધીનો પ્રવાસ ખેડ્યો હતો.

ત્રણે જણાએ પગે લાગી રાજાએ મોકલેલ ભેટ ધરી ને બનેલ વાત કહી સંભળાવી પૂછ્યું:

'આ શુકન શેની આગાહી કરે છે ?'

દેવદર્શિની ઘડીભર ધ્યાનસ્થ થઈ ગઈ. પછી ગંભીર અવાજે કહ્યું:

'રાજવંશનો નાશ.'

મોટા રાજકુંવરે પૂછ્યું: 'આ પછી સત્તા પર કોણ આવશે ?'

'જે એની માતાને પહેલો પગે લાગશે તે રોમમાં સત્તાધીશ બનશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને કુવરોએ ત્યાં ને ત્યાં કોણ પહેલો ઘેર જઈને પોતાની માતાને અડે છે તેની હોડ બકી. ને ઘોડે ચડવા બહાર નીકળ્યા. પણ બ્રુટસ બહાર નીકળતાં જ જાણે ઠેસ આવી હોય તેમ પડી ગયો ને સાષ્ટાંગ નમસ્કાર કરતો હોય તેમ લાંબો થઈને બોલ્યો: ‘ભૂમિ-માતા જ આપણી સાચી મા છે ને એનો આશરો જ સાચો આશરો છે.’

બંને રાજકુંવરો આ સાંભળીને હસ્યા.

થોડા દિવસ વીતી ગયા હતા. રાજા ટાર્ક્વીને એની ફોજ સાથે એક કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો. હુમલો કરીને જિતાય તેવું નહોતું. કિલ્લા ફરતું પડયા રહેવા સિવાય કાંઈ કામ નહોતું. આમ પડયા રહીને સૌને કંટાળો આવ્યો હતો; એટલે બંને કુંવરો શિકારે ને વન-ભોજન કરવા નીક-ળ્યા હતા. સાથે હતા થોડાક શિકારીઓ, બે-ચાર સરદારો, બ્રુટસ ને તેનો એક મિત્ર.

સૂરજ નમવા માંડયો હતો. શિકાર પછ-વાડે ડુંગરાઓ ભટકી ભટકી સૌ થાકી ગયા હતા. એક નાનકડું ઝરણું આવતાં સૌએ ઘોડા થંભાવ્યાં. શિકારીઓ શિકારની ખાલ ઉતારવા માંડયા. ગુલામો વન-ભોજનની તૈયારી કરવા માંડયાં. બાકીનાઓએ એક સુંદર ઘટા ગોતી બેઠક જમાવી. વાત વાતમાં કોની સ્ત્રી સૌથી સુશીલ તેની ચર્ચા નીકળી.

એક સરદારે કહ્યું: ‘મારા પર એ રીતે દેવતાઓની કૃપા છે. આટલાં વર્ષોથી એણે કોઈ દિવસ મારા પહેલાં પથારીમાં પગ મૂકયો નથી.’

બીજાએ કહ્યું: ‘હશે. એમ તો મારી સ્ત્રી પણ કોઈ દિવસ મારું વેણ ઉથાપતી નથી. ને રૂપમાં તો આખું રોમ એને ઓળખે છે.’

નાનો કુંવર તો પરણ્યો નહોતો પણ બ્રુટસે કહ્યું: ‘મેં તો ઘણી સ્ત્રીઓ જોઈ છે પણ કોલેશીઆની સ્ત્રી લ્યુક્રેશીઆની તોલે કોઈ ન આવે.’

મોટા કુંવરે કહ્યું: ‘રૂપ હોય તેથી શું? ને એકલા ગુણમાં ય શું મોહવું? મારે ત્યાં તો રૂપ ને ગુણ બંને છે. મારા વિના બિચારી અર્ધી થઈ ગઈ હશે. હું તો બસ એના પર...’

વચમાં જ ઘનચક્કરે કહ્યું: ‘આમ તો વાતનો અંત નહિ આવે. આપણે એમ કરીએ: ‘અગાઉથી ઘેર ખબર આપ્યા વિના આપણે સૌ ઓચિંતાના જ ઘેર ઉપડીએ. ત્યાં જઈને સૌ જોઈએ કે આપણી સ્ત્રીઓ શું કરે છે તેના પરથી જ પારખાં થઈ જશે.’

બધાએ કહ્યું: ‘બરાબર છે. ઠીક પરીક્ષા થશે.’

મોટા કુંવરે કહ્યું: ‘તો આજે જ અહીંથી સીધા ઉપડીએ. મને તો ખાતરી છે કે તમે મારી સ્ત્રીને જુઓ પછી કંઈ કહેવું જ નહિ પડે.’

બધા ઉપડયા.

રોમમાં પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી. સૌથી પહેલાં સરદારની હવેલીએ ગયા તો ખબર મળ્યા કે એની સ્ત્રી તો બનીઠનીને નાટકશાળામાં નાટક જોવા ગઈ છે.

શું પૂછે?

ત્યાંથી ગયા બીજા સરદારને ત્યાં. તેની સ્ત્રી ગઈ હતી કોઈક મિત્રને ત્યાં ઉત્સવમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા કુંવરને મહેલે આવ્યા. જુએ છે તો દીવાનખાનામાં મહેફિલ જામી છે. ચારે બાજુ ઝળાંઝળાં પ્રકાશમાં નાચ ચાલે છે. કુંવરની સ્ત્રી સાજ–શણગાર સજી, બનીઠની સૌની જોડે નૃત્ય કરે છે.

કુંવરની ક્રોધથી લાલ પીળી થઈ ગયેલ આંખો જોઈ બ્રુટસ કહે: 'હજુ બાકી છે. આપણે લ્યુક્રેશીઆને ત્યાં જઈએ.'

'સ્ત્રીઓની જાત જ આખી કમજાત છે. એને ગમે તેટલી સાચવો તો ય બદજાત.' કુંવર આખે રસ્તે બબડતો હતો.

લ્યુક્રેશીઆને ત્યાં પહોંચ્યાં ત્યારે મોડું થઈ ગયું હતું. સૂવાનો સમય ક્યારનો ય થઈ ગયો હતો. જોયું તો ઝાંખા દીવાના પ્રકાશે સાદાં લૂગડાં પહેરીને લ્યુક્રેશીઆ કાંતે છે. ને એક બે દાસીઓ પણ છે. તેણે પોતાના પતિ તથા મિત્રોનું સ્વાગત કર્યું ને જમાડ્યા.

સૌએ કહ્યું: 'આપણા સૌની સ્ત્રીઓમાં લ્યુક્રેશીઆ જ સૌથી સુશીલ છે.'

સવારે સૌ પાછા છાવણીએ ગયા ને કામે ચડી ગયા. પણ પેલા કુંવરને નિરાંત નથી. એની નજર આગળ રૂપ ને ગુણની મૂર્તિ જેવી લ્યુક્રેશીઆ જ રમ્યા કરે છે. કેવી મીઠાશ! કેવો વિનય! સાદાઈ તો એવી બીજે ભાળી જ નથી! ને છતાં સુંદરતામાં એને ટપે તેવી કોણ છે! આવી સ્ત્રી હોય તે જ ભાગ્યશાળી!

વળી થાય છે: મારી પાસે ઉત્તમ ઘોડા છે, ઉત્તમ વસ્ત્રો–આભૂષણો છે. રોમમાં જે કાંઈ ઉત્તમ વસ્તુ છે તે મારી છે–ગમે ત્યારે મેળવી શકું છું. ને આજ એક ઉત્તમ વસ્તુ મને નહિ? બસ એ મને જ શોભે.

અભિમાન અને અદેખાઈના સંતાન જેવા એ કુંવરે કૂડો સંકલ્પ કર્યો. કોઈ ને ય કહ્યા સિવાય ઘોડે ચડીને ચાલી નીકળ્યો સીધો લ્યુક્રેશીઆને ઘેર. લ્યુક્રેશીઆ ઘડીભર વિસ્મિત થઈ ગઈ. પણ રાજાનો કુંવર ને પાછો પતિનો મિત્ર એટલે આગતા–સ્વાગતા કરી. પોતાના પતિના ખબર–અંતર પૂછ્યા ને જમાડ્યો.

અરધી રાતે લ્યુક્રેશીઆના ઓરડામાં જઈ સાંકળ ચડાવી કુંવરે મેલી માગણી કરી.

મધરાત. ઘરમાં કોઈ નહિ. સસરો ને પતિ બંને લડાઈના મેદાન ઉપર ગયેલા. દાસી પણ આજે ઘેર ગઈ હતી. ઘરમાં હતો એક માત્ર નોકર; સામે હથિયારસજ્જ પાટવીકુંવર. લ્યુક્રેશીઆને સમજાવી, વિનવણી કરી લાલચ આપી. પણ ન માની. છેવટે મારી નાખવાની ધમકી આપી. તેને ય ન ગણકારી, એટલે છેવટે કુંવરે કહ્યું:

'તારા મનમાં એમ હશે કે તું આબરૂભેર મરી જઇ અમર થઈ જઈશ. એમ? ના હું તો તને તારા એક ગુલામને મારી નાખી તારી પથારીમાં સુવરાવીશ, લોકોને કહીશ–એ જોયું એટલે મારાથી ન રહેવાયું–મેં બંનેને વાઢી નાખ્યાં.'

લ્યુક્રેશીઆ પગથી માથા સુધી કંપી ઊઠી. રાતનું અંધારું ય આ ધમકી આગળ ઊજળું લાગતું હતું. દેહ જાય એની તો કાંઈ ફિકર ન હતી. પણ બરફ જેવી ઊજળી આબરૂનું શું? એનો પતિ શું ધારે? એને સાચી વાતની શી રીતે ખબર પડે!

'બોલ, શું વિચાર કરે છે? કુંવર પૂછતો હતો. લ્યુક્રેશીઆનો શ્વાસ રૂંધાઇ ગયો, એ શું બોલે? શું આ નરાધમતાનો કોઈ ઉપાય નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારે કુંવર એક દિશામાં ઊપડ્યો ને લ્યુક્રેશીઆએ પોતાના સસરા ને પતિને બોલાવવા માણસો દોડાવ્યા: 'કહેજો કે તમને ભાળીશ પછી અન્નજળ લઇશ.'

લ્યુક્રેશીઆનો પતિ ઉતાવળો ઉતાવળો આવ્યો. સાથે એનો મિત્ર પેલો બ્રૂટસ પણ હતો. લ્યુક્રેશીઆને જોઈ એ ચકિત થઈ ગયો. જાણે વર્ષોથી માંદી હોય તેવી ફિક્કી ને જડ તે થઈ ગઈ હતી. એણે ધીરે ધીરે આખી વાત કરી. કુંવરે છેવટે આપેલ ધમકી કહી ને પતિની કમરે લટકતી છરી ખેંચી લઈ કોઈ અટકાવે તે પહેલા કાળજામાં ખુતાડી દીધી. લોહીલોહાણ અવસ્થામાં છેલ્લા શ્વાસ લેતાં કહ્યું: 'મારો કાંઈ વાંક નથી પણ જીવત તો રોમન સ્ત્રીઓ કહેત કે મારો વાક ઢાંકવા મેં બધી વાત ઘડી કાઢી. ને બીજીઓ પણ આવું બહાનું કાઢી એમના ધણીને બેવફા નીવડત–ઊજળા મોતનો મારગ પણ એણે બંધ કરી દીધો હોત. આનું વેર લેજો. ન ભૂલતા. આનું વેર લેજો.' બોલતાં લ્યુક્રેશીઆનો પ્રાણ ઊડી ગયો. પણ બ્રૂટસે આગળ આવી કાળજામાં ખૂંતેલ છરી બહાર કાઢી, લોહીને હાથ અડકાડી કહ્યું: 'લ્યુક્રેશીઆ, તું ગતે જજે. ટાર્કવીનના કુંવરને તો આની સજા થશે જ પણ રોમની ગાદી પર એના વંશનો કે કોઈ રાજાનો માણસ પગ નહિ મૂકી શકે. રોમની દીવાલની અંદર રાજાનો કોઈ વંશ જ પગ નહિ મૂકી શકે એવા હું આ તારા લોહીને અડી શપથ લઉં છું.'

આજુબાજુ ઊભેલાઓએ કહ્યું: 'અમારે હવે રાજા જ ન જોઈએ.'

બ્રૂટસે લ્યુક્રેશીઆનું લોહી નીંગળતું શબ ઉપાડી ફોરમમાં સુકાવ્યું. ઘડીકમાં તો ચોક રોમન સ્ત્રી–પુરુષોથી ઊભરાઈ ગયો. ચારે બાજુથી ટાર્કવીન અને તેના વંશજો ઉપર શાપ વરસવા માંડ્યા, બ્રૂટસે લ્યુક્રેશીઆના શબને બે હાથે ઊંચક્યું ને મેદનીને બતાવી કહ્યું: 'જુઓ આ ટાર્કવીન-વંશનું ગોઝારું કામ. આવતી કાલે કોનો વારો છે? રોમન સ્ત્રીના શીલને કોણ સાચવશે? આપણે ટાર્કવીનને રાખવા છે કે લ્યુક્રેશીઆને?'

લોકો ઊકળી ઊઠ્યા. રોમન સ્ત્રીઓએ તો આગળ આવી કહ્યું: 'ટાર્કવીન ન જોઈએ. એને દેશનિકાલ કરો.'

ને સૌએ કહ્યું: 'એને દેશવટો દો. હવે રાજા વિના ચલાવવાનું છે.'

લોકોએ બ્રૂટસ અને બીજા એકને લોક-પ્રતિનિધિ કોન્સલ બનાવ્યા ને રાજાને સજાનો સંદેશો કહેવડાવ્યો.

રોમના દરવાજા રાજાને માટે દેવાઈ ગયા.

દેશ અને શહેર

જગતના ૭૦ દેશોમાંથી ૪૧ની વસ્તી ન્યુયોર્ક શહેરના ૭૬,૭૭,૦૦૦ કરતાં ઓછી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિભ્રમણ અને સાહિત્યવિહાર

રામનારાયણ વિ. પાઠક

આજે બે પુસ્તકોની સમાલોચના કરવાની છે 'પરિભ્રમણ' અને 'સાહિત્યવિહાર'. બન્નેના લેખકો ગુજરાતી સાહિત્યમાં સિદ્ધહસ્ત અને લબ્ધ-પ્રતિષ્ઠ છે. પહેલાના શ્રી. ઝવેરચંદ મેઘાણી અને બીજાના પ્રો. અનંતરાય રાવળ.

પ્રસિદ્ધિના અનુક્રમે આપણે પહેલું 'પરિભ્રમણ' લઈએ. આ પુસ્તકના મુખ્ય ખંડો, ત્રણ બંગાળી સાહિત્યકારો, પરદેશની પરિમલ, સાત ગુજરાતી વાર્તાઓ અને આંદોલનો એ સર્વ એમણે વર્તમાન પત્રોની કટારોમાં પ્રસિદ્ધ કરેલા, અહીં સંગ્રહેલા છે.

'પરિભ્રમણ' એ અનેક વિષયોમાં લેખકનું પરિભ્રમણ છે. એમાં લેખક સદેહ ફરવા જતા નથી. ફરતા હોય તો તે બીજા જ, એમના અનેક વિષય જાણતા માણતા અનુભવતા—મિત્રો, લેખકો, પરિચિતો, સાહિત્યરસજ્ઞો, પરિવ્રાજકો. આથી આ વિભાગમાં ચોમાસાના ગુજરાતી દુહા, મારવાડી લોકગીતો, છપ્પનિયાની ચારણી કવિતા, વાઘરીની પરિસ્થિતિ અને એવી સાચી પરિસ્થિતિમાંથી વાર્તા મેળવવાની સૂચનાઓ, એવું આવે છે. આખો વિભાગ અનેક કૌતકોથી ભરેલો છે. તેમાં આવતું બાભણા પ્રાણીનું અને ઠાકરિયા વીંછીનું વર્ણન હું સાચું માની લઉં નહિ, એવું છે. આ બન્ને વિષે તેમજ ઘુવડ, સાપ વગેરે વિશે મેં અનેક વાતો સાંભળી છે એમાં ચક્રવાક ચાતક જેવી કલ્પનાએ ઘણું કામ કરેલું છે. પણ આખો ભાગ સુવાચ્ય છે.

ત્રણ બંગાળી સાહિત્યકારોમાં પ્રથમ સદ્‌ગત રવીન્દ્રનાથના મોટાભાઈ દ્વિજેન્દ્રનાથ ઠાકુરનું ટૂંકું ચરિત્ર અને તેમની કૃતિઓની આછી પિછાન છે. તેમણે પોતે ઘણી કવિતાઓ નાશ કરી છે, નાશ થવા દીધી છે. જો કે એમની જેટલી કવિતા છે તેટલી પણ એમની પ્રતિભાનો સુંદર પુરાવો છે. પણ કવિ કરતાં તેઓ ભક્ત વિશેષ હતા, અને તે પણ આપણા પ્રાચીન પરંપરાના ઓલિયા જેવા, જે પશુપક્ષીની સાથે રમે જેના શરીર ઉપર ખિસકોલિયો દોડાદોડ કરે, અને આંખમાં પંખી ચાંચ મારે તો પણ એ ગુસ્સે ન થાય.

બીજા બંગાળી કવિ તે અસહકારની ખ્યાતિવાળા સદ્‌ગત દેશબન્ધુ ચિત્તરંજનદાસ. અસહકાર યુગથી એમણે દેશના રાજપ્રકરણમાં જે ભાગ લીધો તેથી આપણે એમને વધારે ઓળખીએ છીએ. પણ એક બંગાળી કવિ તરીકે તેમનું અગત્યનું સ્થાન છે. તેમના કાવ્યસંગ્રહ 'માલંચ'માં માત્ર પ્રેમગીતો નથી પણ એક વેશ્યાના હૃદયનું ચિત્ર છે. જેણે એકવાર સમાજમાં કોલાહલ મચાવી મૂકેલો. પણ એમનું ઉત્તમ કાવ્ય છે, 'સાગર સંગીત' શ્રી. મેઘાણીએ એનાં ઘણાં સુંદર અવતરણો આપેલાં છે પણ અહીં એ આપવા જેટલો અવકાશ નથી.

ત્રીજા કવિ તે દ્વિજેન્દ્રલાલ રોય આપણને એટલા અપરિચિત નથી. તેમનાં નાટકોના ગુજરાતી, હિન્દી અનુવાદોથી આપણે તેમને ઓળખીએ છીએ. પણ એમની ખરી પ્રતિભા અનેક દેશીય હતી. એ સુંદર ગાયક હતા અને અંગ્રેજી રાગોમાં બંગાળી ગીતો લખવાની પ્રણાલી પાડનાર એ મુખ્ય કવિ છે. એમનું—

> 'બંગઆમાર, જનની આમાર, ધાત્રી આમાર
> આમાર દેશ.'

એ ગીત આખા હિંદમાં પ્રસિદ્ધ છે.

આ દ્વિજેન્દ્ર જેવા બંગાળી સાહિત્યના અગ્રગણ્ય સાહિત્યકારેને રવીન્દ્રનાથ જેવા એક મહાન કવિવર સાથે કડવા વિરોધનો પ્રસંગ આવી ગએલો. દ્વિજેન્દ્રલાલને કાવ્યની અસ્પષ્ટાર્થતા, અને તેને ઉત્તમ કાવ્યનાં લક્ષણ ગણવાના દાવા સામે તિરસ્કાર હતો તેમજ કુનીતિમૂલક પ્રેમ સામે પુણ્યપ્રકોપ હતો. આ બન્ને સામેનો તિરસ્કાર સાચો છે. પણ કોણ જાણે કઈ દુર્ભાગી ક્ષણે એ તિરસ્કાર રવીન્દ્રનાથ ટાગોર ઉપર ઊતર્યો અને પ્રત્યાઘાતમાં રવીન્દ્રનાથના પક્ષકારો તર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃથી તેમને ગંદી ગાળો સાંભળવી પડી. પણ દ્વિજેન્દ્રલાલના આ વિરોધની સચ્ચાઈ અને નિર્ભયતા કરતાંય એમની છેવટની ક્ષમાયાચનાના વધારે ઉદારતા બતાવે છે. શ્રી. મેઘાણીએ દ્વિજેન્દ્રલાલ રોયના નાટકોનું સારું ગુણદર્શન કરાવ્યું છે. એમનાં નાટકો વાંચવા યોગ્ય છે. અને છતાં એ બધાને એક વિશેષ દૃષ્ટિએ જોવાં જોઈએ એમ હું માનું છું. અને તે એ કે એમનાં નાટકોનાં પાત્રો એકજ ભાવના આવેશવાળા સાદા સ્વભાવનાં છે. માનવ સ્વભાવની જટિલતા એમાં નથી. અને એમનાં પાત્રોના સંવાદો ઘણી જગાએ વસ્તુવિકાસ કરવાને બદલે વકતૃત્વની સુંદરતામાં સરી પડે છે.

પરદેશની પરિમલના ખંડમાં, રશિયામાં બોલશેવિક સ્વતંત્રતા આવતા ત્યાંની કેટલીક જાતોના લોકગીતોમાંની સંગીત સમૃદ્ધિ કેવી રીતે બહાર આવી, બીથોવનની સંગીત પ્રતિભા, સ્ટોલરનો નાઝીરાજ્યમાં કારાવાસ, કેટલાં સાહસ અને અકસ્માતોથી તેનાં નાટકોનું પ્રસિદ્ધ થવું. વગેરે અનેક કલ્પિત વાતોથી પણ વધારે રસિક બનેલી હકીકતોના ઉલ્લેખો છે. એમાંની એકેએક વાત વાંચવા જેવી છે.

સાત ગુજરાતી વાર્તાઓમાં શ્રી. ધુમકેતુની અજિતા, પરાજય, ચૌલાદેવી, કર્ણાવતી. શ્રીમુનશીની જય સોમનાથ, શ્રી. પન્નાલાલ પટેલની વળામણાં અને 'શ્રીકાન્ત' તખલ્લુસ ધારીની રૂપજીવિની, એમ સાત નવલકથાની વિવેચના છે. રૂપજીવિની નવલકથાની શૈલી વગેરેની કદર કરી એની મૂળ વિષયભૂત સુનંદા ગણિકા શ્રી મેઘાણીની કસોટીએ કોઇ સ્વતંત્ર ઉન્નત કે કલામય જીવન ગાળનાર નારી નહિ પણ કલા અને સાંસારિક લગ્નજીવન ઉભયથી ભ્રષ્ટ લાલસામય જીવન ગાળનારી સ્ત્રી ઉતરે છે. શ્રી. પન્નાલાલની વળામણાં વાર્તાની તેઓ યોગ્ય કદર કરે છે. તેમાં આવતી ગામડાની સાચી સૃષ્ટિ શ્રી. મેઘાણીને બહુ ગમી જાય એ સ્વાભાવિક છે; જો કે એ સુંદર વાર્તામાં જમાનાના ખાઈ બદેલા, છોકરીને વેચવા નીકળેલા મુખીના મનના વલણનો ફેરફાર મને તદ્દન સ્વાભાવિક લાગતો નથી. છતાં વાર્તા સુંદર છે. શ્રી. મુનશીના જય સોમનાથને શ્રી. મેઘાણીએ એપિક કે વીરગાથા કહેલી છે તે સાચું છે. જોકે એનાં પાત્રોને છેક ઓળા કહેવા જેવાં એ નિર્બળ નથી. મુનશીએ આ નવલકથામાં ગિઝનીના રણમાં ભૂલા પડયાના પ્રસંગને સોમનાથના ઘેરા પહેલાં મૂક્યો છે, એ વાર્તાને અનુકૂળ છે અને શ્રી. મેઘાણી તેને ઇતિહાસને હાનિકારક ગણતા નથી. આ વિભાગમાં શ્રી. મેઘાણીએ ધૂમકેતુની ચાર નવલકથાઓ લીધી છે. તેમાંથી બે ઐતિહાસિક છે. શ્રી. ધૂમકેતુ ઈતિહાસના બનાવોને ચોક્કસ રીતે વળગી રહેવાનો આગ્રહ રાખે છે. પણ નવલકથામાં મુખ્ય સવાલ એ છે કે આખી વાર્તા માનવપાત્રોથી અને માનવપ્રસંગોથી ઘડાઈ છે કે નહિ. એ ન હોય તો એ નવલકથાજ બનતી નથી. પાત્રમાં ગમે તેટલી ઉન્નતતા, વિલક્ષણતા આરોપી હોય છતાં તે જો જીવતું જાગતું હરતું ફરતું માનવ ન બનતાં માત્ર ભિન્ન ભિન્ન સ્વભાવ અંશોનું અને ભિન્નભિન્ન બનાવો યોજવાનું એક બિન્દુમાત્ર બની રહે તો તેથી નવલકથા ન થાય. મુનશીની કથામાં ઈતિહાસદોષ હોય તો તે બહુબહુ તો ઐતિહાસિક ન ગણાય. પણ એથી એનું કથાતત્ત્વ નષ્ટ નથી થતું, ત્યારે ધૂમકેતુના પાત્રસર્જનમાં જ નિર્જીવતાનો દોષ આવે છે. મેઘાણી એક જગાએ કહે છેઃ "ધૂમકેતુએ પોતાનાં ઉરમંથનો વ્યક્ત કરવા માટે રૂપકો પકડીને વાર્તા લખી છે. ફક્ત અદ્ભુત અને અલૌકિક પાત્રો એટલાં જીવન્ત બનતાં નથી" એ વિધાન મને તો એમની બધી વાતોને માટે સાચું લાગે છે.

છેવટનો વિભાગ આંદોલનોનો છે. તેમાં કેટલીક સાહિત્યના પ્રશ્નોની છણાવટ છે. મેઘાણીની સામાન્ય જનતા પ્રત્યેની દિલસોજીથી કોઈ તેમને પ્રગતિવાદી માને, પણ અહીં સ્પષ્ટ થશે કે મેઘાણી કોઈ વાદમાં પડવા માગતા નથી. તેમની ઊંડી પ્રતીતિ પુસ્તકના છેલ્લા પેરિગ્રાફમાં આવતા અવતરણથી મૂકી શકાય. "મહાન લેખક હમેશાં અચૂકપણે પોતાના વિષયથી ભરપુર હશે, કલાથી નહિ. વધુમાં વધુ ગંભીર સાહિત્યથી લઈ હળવામાં હળવા સાહિત્યમાં અનિવાર્ય સૌંદર્ય તો ફક્ત એક જ છે. 'સત્ય' "

આખું પુસ્તક વેગીલી, લહેરથી ચાલતી પ્રવાહી શૈલીમાં લખાયેલું છે. તેના વિભાગો ખરી રીતે વર્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનપત્રોના વિભાગોનાં મથાળાં છે. તેમાં અમુક વિષયનું યોજનાબદ્ધ નિરૂપણ ન આવે. એમાં ઘણું બહારથી લીધેલું હોય. પણ તે બધામાં શ્રી. મેઘાણીની પસંદગીની દૃષ્ટિ હમેશાં શિષ્ટ, સુરુચિવાળી રહેલી છે. અને કથનશૈલી આકર્ષક, અક્લેશમય સ્પષ્ટ અને તે સાથે ગંભીર વિષયને પણ પરિષ્કાર કરવાને સમર્થ નીવડી છે. પ્રો. અનંતરાય રાવળે તેમના સાહિત્યવિહારમાં શ્રી. મેઘાણીની શૈલીનાં વખાણ કર્યાં છે તે સ્થાને છે.

અને હવે હું આ બીજું પુસ્તક સાહિત્યવિહાર લઉં છું. તેમાંના બધા લેખો ગુજરાતના એક પ્રસિદ્ધ પ્રોફેસર અને વિવેચકના છે. તેમાં વિષયનું સમગ્ર દર્શન કરવાનો પ્રયત્ન છે. તેમાંનો પહેલો ‘ કવિતાનું રસાસ્વાદન ’ અભ્યાસીઓને માર્ગદર્શન કરવાને ઘણો ઉપયોગી છે. કાવ્યાસ્વાદનમાં આત્મા અખંડ રૂપે કાવ્ય અનુભવે છે, એ સત્ય ઉપર આપણે જેટલો ભાર દઈએ તેટલો ઓછો છે. ‘સરસ્વતીચંદ્રને’ અને ‘ગુણસુંદરીને’ એ પાત્રોને લખેલા પત્રો રૂપે કથાનું અવલોકન છે. બીજાં અગત્યનાં પાત્રોને આવા પત્રો લખવાનું એમની મૂળ યોજનામાં છે કે નહિ તે જાણતો નથી. પણ આ પદ્ધતિ નવીન છે. તેમાં કહેવાની એક પ્રકારની સુગમતા છે. અને તેમાં સારા વિવેચકો કથાના મધ્યબિન્દુ સુધી પણ જઈ શકે.

પછીનો લેખ ‘મણિલાલ દ્વિવેદીની કવિતા’ છે. લેખક કહે છે તેમ કવિતા પ્રદેશમાં ગોવર્ધનરામની અને મણિલાલની કવિતા ઉપેક્ષિત થઈ છે, એમ કહી શકાય. મણિલાલની અહીં પણ લેખકે પૂરી સમાલોચના લીધી નથી. પણ તેનાં મુખ્ય લક્ષણો તત્ત્વદર્શન અનુભવબળ ગેયતા અને ભાવવાહી ભાષા તરફ ધ્યાન દોર્યું છે. પણ આ અભ્યાસમાં એક બાહ્ય મુશ્કેલી છે. મણિલાલે પોતે પોતાની કવિતાનો દાર્શનિક અર્થ કર્યો છે. પણ તેની પ્રેરણા પોતાના જીવનના લૌકિક પ્રેમના કોઈ પ્રસંગ, ઘણે ભાગે કોઈ નિષ્ફળતા કે પ્રત્યાઘાતના પ્રસંગની હશે એવો પ્રબળ સંભવ છે. અને એ હકીકત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી એમની કવિતાનો સાચો અર્થ પ્રકાશમાં નહિ આવી શકે.

“ ‘રાઈના પર્વતમાં કર્તાનું સાધ્ય ” એ આખા નાટકનું સમર્થ અવલોકન છે. પ્રો. રાવળે બતાવ્યું છે કે જીવનમાં નીતિભાવનાનું મહત્ત્વ સમજાવવું એ નાટકનો પ્રધાન ઉદ્દેશ છે. અને વિધવાવિવાહની સ્વતંત્રતા એ ગૌણ ઉદ્દેશ છે. અને એની સાથે સૌ સંમત થશે. જૂના મધ્યકાલીન વસ્તુમાં નાટકકારે વિધવાવિવાહ યોજવો વિસંવાદ છે એ સાચું છે પણ એ વિસંવાદ તો આખા રાઈના સ્વભાવનિરૂપણમાં છે. અને એકવાર એ સ્વીકારી લીધા પછી છેલ્લા બે અંકોને ચોટાડેલા જેવા ગણવા એ મને હીરામાં દેખાતી રેખાને તડ ગણવા બરાબર લાગે છે. પ્રો. રાવળ પોતે સ્વીકારે છે કે એ બે અંક નાટકની કેટલીક જરૂરિયાતો સાથે છે. અને એ જરૂરિયાતોમાં એક મહત્વની હું ઉમેરીશ કે આખા નાટકમાં થોડાક દોષ માટે સૌથી વધારે સહન કરતી લીલાવતીના મનનું સમાધાન બન્ને કુલનાં વારસોના લગ્નથી થાય તેટલું કશાથી ન થાય. એ વિચારતાં પછી અંકોને ચોટાડેલા કહેવા એ મને જરા વધારે પડતું લાગે છે. પણ કદાચ આ માત્ર શાબ્દિક મતભેદ હોય. બાકી બધી રીતે આ એક સમર્થ લેખ છે. ‘કવિતા અને ઇતિહાસનું મિલન’ એ કવિશ્રી ન્હાનાલાલના ‘શાહાનશાહ અકબરશાહ’ નાટકની સમાલોચના છે. કવિની જે ઉત્તમ પ્રતિનિધિભૂત કૃતિઓ ગણીએ તેમાં આ ગણી શકાય. આના વિવેચનમાં પ્રો. રાવળે ન્હાનાલાલના નાટકપ્રકારની સામાન્ય ચર્ચા પણ કરી છે. કવિનાં વાક્યોથી જ તેઓ કહે છે કે તેમનાં નાટકોને શેકસપિયરના જેવાં દૃશ્ય ન ગણવાં, પણ શ્રાવ્ય ગણવાં. કવિશ્રી પોતે પોતાનાં નાટકોને શેલીના પ્રાચીથિયસ. અનબાઉન્ડ અને ગેટેના ફાઉસ્ટ જેવાં કહે છે. તો અહીં એક પ્રશ્ન સ્વાભાવિક રીતે ઊભો થાય છે કે શેલીના અને ગેટેના આ નાટકોમાં પ્રો. રાવળ કવિનાં નાટકમાં બતાવે છે તેવું રચનાશૈથિલ્ય છે ખરું ? એ નાટકો અકબરશાહ જેવા પ્રસંગના હારડા જેવાં છે ? અને બીજું, ભજવવા માટે હોય જ નહિ, શ્રાવ્ય જ હોય, એને પછી નાટક બીજાં કયાં કારણોએ કહેવું ? અને તે ઉપરાંત એ વિચારવાનું રહે છે કે કવિશ્રીનાં નાટકો ભજવાય એવાં ન હોય તો એની સરસતા કયાં વિશિષ્ટ લક્ષણોમાં રહેલી છે ? બાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રો. રાવળે આ નાટકમાં કવિશ્રીના ઉદ્દેશ ઉપર નાટકની વિશિષ્ટતા ઉપર તેનાં ગીતોની મનોહરતા ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે.

'સ્વપ્નદ્રષ્ટાની' સમાલોચના પણ આ પુસ્તકમાં આવે છે. આ નવલકથાને શ્રી. મુનશીની ઉત્તમ ન ગણી શકાય. પણ પ્રો. રાવળ કહે છે તેમ સમકાલીન રાજકીય બળો નવલકથામાં મઢવાના યત્ન તરીકે, કૉલેજ જીવનની કથા તરીકે, મુનશીના ટીખળી હાસ્ય અને ભાવનાવાદના દર્શન તરીકે, એમ અનેક રીતે સ્વપ્નદ્રષ્ટા મુનશીના નવલકથાસમૂહમાં વિશિષ્ટ ગણાશે.

'ખબરદારના જીવનદર્શન'નો આમાં લાંબો લેખ છે. આ લેખમાં પ્રો. રાવળે ખબરદારના કાવ્યનાં સુલક્ષણો વિસ્તારથી અને ઉદારતાથી બતાવેલાં છે, અને ખામીઓ પણ ટૂંકમાં પણ મુદ્દાસર નોંધેલી છે. આપણા સાહિત્યમાં જે કેટલાક કવિઓના અભિપ્રાયો સંબંધી મૂળગત ભેદો આપણા લબ્ધપ્રતિષ્ઠ વિવેચકોમાં પ્રવર્તે છે તેમાં કદાચ ખબરદારનું નામ મોખરે આવે. ખબરદાર વિશેનાં પ્રો. ઠાકોરનાં સર્વ વિધાનોને એકત્ર કરી જોઈએ તો એ કવિજ નથી એવો અભિપ્રાય નીકળે. બીજી તરફથી પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રો. અનન્તરાય રાવળ, પ્રો. વિજયરાય વૈદ્ય એ ખબરદારની ક્ષતિઓ બતાવતાં છતાં તેમનું કવિત્વ સ્વીકારે છે. આ વિરોધી ચર્ચાનું સમાધાન કરવાનો અહીં અવકાશ નથી. એને માટે સાચો પ્રયત્ન કોઈ વિવેચક કરશે એવું પણ અત્યારે તો દેખાતું નથી. માટે, જેની કોઈ ચર્ચા નથી કરતું તેની સ્વયંકાલ ભગવાન મૂંગી કસોટી કરી નિર્ણય આણે છે તેની જ આપણે રાહ જોતી રહી.

આજ પુસ્તકમાં શ્રી. રમણલાલની સાહિત્યસેવાના ગુણદર્શનના બે ટૂંકા લેખો છે. બંનેમાં રમણલાલની સાહિત્યપ્રવૃત્તિ લોકપ્રિય થવાનાં અંતર્ગત તેમજ બહિર્ગત કારણોની સુંદર સમીક્ષા કરી છે. આ ઉપરાંત આ પુસ્તકમાં ઉત્સાહી નાટકકાર તરીકે શ્રી ગોવિન્દભાઈ અમીનનાં નાટકોની પણ પ્રો. રાવળે સમીક્ષા કરી છે, તે તેમની ઉદારતા, ઊછરતા જમાના તરફનો સદ્‌ભાવ અને ગુણૈકરાગિતા બતાવે છે. પ્રો. રાવળે શ્રી. અમીનને અંગ્રેજી ફકરામાં સાહિત્યરહસ્યો બતાવ્યાં છે તે આપવા યોગ્ય છે. ગુજરાતી ભાષા જેમજેમ ખેડાતી જાય છે, વાંચનાર વર્ગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ સાહિત્ય પ્રસિદ્ધિની સુકરતા અને સગવડ વધતી જવાની જ. એ વખતે નવા સાહિત્યકારે ધ્યાનમાં રાખવાનું એ કે તેની દૃષ્ટિમાં 'insignificance' રહસ્યહીનતા કે ઊંડા અર્થનો અભાવ ન આવી જાય.

એમનો છેવટનો લાંબો લેખ 'ગુજરાતી નાટક સાહિત્યનું રેખાદર્શન' છે. પ્રો. રાવળ સમસ્ત ગુજરાતી નાટક સાહિત્યનો અભ્યાસ કરે છે, અને તેના પહેલા ફલરૂપ આ તેમનો લેખ છે. એમનું નાટકસાહિત્યનું દિગ્‌દર્શન વ્યાપક છે, તેટલું જ તલસ્પર્શી છે. આ લેખમાં તેમણે આ પ્રશ્નની બધી બાજુઓ બતાવી છે. તેમણે પ્રેમાનંદનાં નાટકો ઉપર પોતાનો મત દર્શાવ્યો છે. ગુજરાતમાં ૧૨મા ૧૩મા શતકમાં ભજવાયેલાં સંસ્કૃત નાટકોનો સ્પર્શ કર્યો છે. ભવાઈના સ્વરૂપ અને ગુજરાતના જીવનમાં તેના સ્થાનની ચર્ચા કરી છે. ભજવાતાં અને સાહિત્યનાં નાટક વચ્ચે વધતા જતા અંતરનું નિદાન કરેલું છે. સાહિત્યના નાટકની ઐતિહાસિક ભૂમિકા દર્શાવી છે. અને ધંધાદારી અને અવૈતનિક નટોની શકયતાની અને તેની મર્યાદાની ચર્ચા કરી છે. આખો લેખ પ્રો. રાવળની વિદ્વત્તા અને શાસ્ત્રીય નિરૂપણનો સારો નમૂનો છે. આપણે એમના સંપૂર્ણ અભ્યાસના પુષ્ટ ફળરૂપ પુસ્તક વહેલું પ્રસિદ્ધ થાય એમ ઇચ્છીએ.

બધા લેખોમાં પ્રો. રાવળની સચ્ચાઈ, સમતોલપણું, મિતાક્ષરી રહેવાની ચીવટ, અભ્યાસપરાયણતા વગેરે જણાઈ આવે છે, જે તેમને વિવેચકોમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે*

---

* ઓલ ઇન્ડીઆ રેડીઓના સૌજન્યથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલ્લું આકાશ

ઇશ્વર પેટલીકર

'અલી ઓ છોડી ચંચી!'

'ઓ છોડી ચંચી!'

'છોડી ચંચી!'

'ચંચી!'

ચંચી (ચંચળ)ની ઉંમરની સરખી છોડીઓ એની ચોમેર વીંટાઈ વળીને પડખામાં ગોદા મારીને આંખોનો અણસારો કરતાં કરતાં 'અલી છોડી ચંચી' કહીને જ અટકી જતી.

ચંચીને તેડવા એનો વર જગાજી આતવારને દિવસે આવવાનો હતો એવું આજે ટપાલમાં પત્તું આવ્યું હતું. આમાં તો કંઇ નવી વાત ન હતી. ઊલટી એની હેડીની છોડીઓ તો બબ્બે ત્રણત્રણ વરસથી સાસરે જતી આવતી થઇ હતી. એનાથી આઠ મહિના નાની કુશકીને ગયા ચૈતર મહિનામાં ભાણો ધાવણો ય થયો હતો.

છતાં મોડી મોડી ચંચી સાસરે જતી હતી, એનો વર તેડવા આવવાનો હતો, એમાં એ છોડીઓ એની આટલી બધી અદેખાઈ શું કામ કરતી હતી? કારણ, ચંચી શહેરમાં, અમદાવાદની વાસી થવાની હતી!

ચંચીનો વર જગાજી નાનપણથી અમદાવાદ નાસી ગયેલો. ગયો એવો હોટલમાં નોકરીએ રહેલો. છ મહિના વગર પગારે રહેલો. દોઢ વરસ ૨ થી ૨॥ ઉપર પગાર શેઠે ભરેલો. અને બીજાં ત્રણ વરસ પાંચ લેખે આપેલો. જગાજી નાનપણથી ઢીલો એટલે હોટલના બીજા છોકરાઓ જેવો તોફાની નહિ. છતાં કોઈ કોઈ હોટલના લીસા પથરા ઉપર પગ ખસી જવાથી કે બહાર વરધી લેઈ ને જતાં કોઈની અડફેટમાં આવી જતાં ફૂટી ગયેલ પ્યાલાઓના દંડ પેટે એકાદ મહિનાનો પગાર શેઠ કાપી જ લેતા.

આમ અઢાર વર્ષ થતાં સુધી જગાજીએ હોટલમાં પાંચ વર્ષ નોકરી કરી. પરંતુ બે વરસથી ચંચી જોડે એનું લગ્ન થયું ત્યારથી એ બીજી નોકરી ગોતતો હતો. આટલી ઉંમરમાં એ ઘરબારી થયો હોય તેમ એ સ્વપ્નાં રચતો હતો.

હોટલમાં દર રજાએ નિયમિત ચા ગાંઠિયા અને જલેબી ખાવા આવતા એક મિલના મુકાદમની ખુશામત કરી જગાજીએ મિલમાં શાળખાતામાં નોકરી મેળવી. એના નામે જે પગાર આવતો તે મુકાદમ લેતો. એને મહિને પંદર રૂપિયા મળતા, છ મહિના થયા, જગાજીને બીજા કારીગરની જેમ બરાબર સાંચો ચલાવતાં, અને તાર તૂટયો હોય તો સાંધતાં આવડી ગયો. નવું બીમ સાંચા ઉપર ચઢતું ત્યારે તાર પરોવવામાં પણ એ મુકાદમની જરૂર પડવા દેતો નહિ.

આઠ મહિના થયા પરંતુ મુકાદમે પગાર વધાર્યો નહિ. દર પગારે એનો પગાર ૨૨ થી ૨૫ ની અંદર ઊતરતો અને એ રીતે મહિનામાં ૪૫ થી ૫૦ પગાર એના નામે મિલમાં ચડતો. છતાં એને તો રૂપિયા પંદર જ મહિને મળતા! પાંચ વરસ હોટલમાં નોકરી કરવાથી જગાજી સો ઘંટીનો લોટ ખાધો હોય તેટલો હોશિયાર થઈ ગયો હતો.

બીજા ચાર મહિના રાહ જોઇ એણે એ મિલની નોકરી તોડી નાખી. એક મહિનાનો પગાર મુકાદમને લાંચનો આપવાનો કરી બીજી મિલમાં ગોઠવાઇ ગયો. આમ એક બાજુ આખો પગાર લેતો થયો અને બીજી બાજુ જુવાનીએ પણ ઠેલો કરવા માંડયો એટલે એણે ઘર માંડીને ચંચીને તેડવાનો વિચાર કર્યો.

એકાદ વરસ હેડ જોબરની ખુશામત કરી એણે છેવટ મિલની ચાલીમાં એક ઓરડી મેળવી લીધી. કંઈ કંઈ આશાઓના મિનારા એણે ચણવા માંડયા.

પોતે પણ રજાને દા'ડે ચંચીને સાથે લેઈને બજારમાં નીકળશે, સિનેમા જોવા જશે, કાંપના હનુમાને દર્શન કરવા જશે, રાણીબાગમાં ટેસ કરવા જશે, ચંદ્રવિલાસની ગરમ ગરમ જલેબી ચંચીને ખવરાવશે..........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ ચિત્ર દોરતાં દોરતાં વચ્ચે એને મોટો વખલ્લો દેખાયો. ચંચી, ગામડામાં રહેલી, રાતું ગવન અને ખંડનું કાપડું પહેરી, ખસડક ખસડક થતી ચામડિયાના ઘરની પગમાં જોડીઓ પહેરેલી, એના એ ઢંગ પહેલા કાઢી નાખવા પડશે.

ઘડીક પોતાની જાત સામે તાકી રહેતાં જગાજી વિચારી રહ્યા. મને કોઈ કહે કે હું બારૈયો છું? કોઈ દા'ડો ચાલીમાં આવતા વાળંદ પાસે મેં વાળ કપાવ્યા નથી. બજારમાં જઈ ત્રણ આના પરખાઈ દેવાના જ! મિલમાં ગમે તેવી ટોપી ચલાવી લઉં છું, પણ રજાને દા'ડે તો સવા રૂપિયાની લાવ્યો છું તે ભરત ભરેલી (કાશ્મીરી) ટોપી મેલ્યા વગર બહાર નીકળવાનું જ ખોટું! કોટ ખમીસે ય એક જોડ બહાર જવાના બજારમાં દરજી પાસે જ શીવડાવી રાખું છું. શિલાઈ લે છે તો દોઢી, પણ એનો કટ, તે એનો કટ! અને ધોતિયું, વાણિયા બામણ શું પંહેરે તેમ પગની એડી નીચે દબાવીને ઢેકે એવી કાછડી ખોસું છું કે ચાલીની બધી બાયડીઓ રજાને દા'ડે મને જોઈ જ રહે છે! બૂટનું જરી દુઃખ છે, ગટરની વરાળને લીધે એ કડક થઈ તરડાઈ જાય છે. તળિયાં વહેલાં ઘસાઈ જાય છે એટલે નવાં મરાવતાં ખરાબ તો દેખાય છે. પણ ત્રણ ત્રણ મહિને જોડા કાઢી ય નંખાય? અને પોતાના પહેરવેશમાં એટલી કચાશ હોય તેમ એનું મોં ઘડીક કડુચું થઈ જતું.

ચંચીને માટે એના આવતા પહેલાં જગાજીએ તૈયારીઓ કરવા માંડી. રજાને દહાડે હેડજોબરને ઘેર, બજારમાં જતાં, સલામ કરવા જતો ત્યારે સા'બનાં પત્નીને જે સાડીઓ પહેરેલી જોતાં એ એને ઘણી ગમી જતી. એવા જ રંગની બે સાડીઓ ત્રણ ત્રણ રૂપિયા આપી મસરાઈઝ કાપડની ખરીદી. એનું પાતળું પોત હાથમાં લઈ પંપાળતા જગાજીના મનમાં પાણી આવ્યું—ચંચીને ય થશે કે મારા જેવું ધનભાગ્ય નાતમાં કોઇને મળ્યું નથી!

ચંચીના માપ વગર કબજા નહિ શિવડાવી શકાય જાણી જગાજીને મૂંઝવણ થઈ. આવી સરસ સાડી ને એમાં મગજી મૂકેલું કાપડું શોભતું હશે! છેવટ આશરા પડતે માપે એક શિવડાવી લેવું કે જેથી ચંચીને અમદાવાદના સ્ટેશને પગ મુકાવતા પહેલાં કાપડું કાઢી નંખાવાય.

કાપડિયાને ધીમેથી જગાજીએ કહ્યું: 'શેઠ! આ સાડી ઉપર ખલે (શોભે) તેવું એક કબજાનું લૂગડું આલો.'

ચોવીસે ય કલાક પૈસાનું ભજન કરતા કાપડિયાને મનમાં ને મનમાં હસવું આવ્યું: 'અજ્ઞાન લોક આમ ને આમ પૈસા બગાડવાના. આવાં શાહુકાર વરણ પહેરે તેવાં કપડાંનો બૈરાને ઠઠારો ન કરાવ્યો હોય તો!' અને પોતાનો વિચાર આવ્યો: 'ઘરનો વેપાર છે પણ આવી મસરાઈઝની સાડી તો અમારાં બૈરાં ય બહાર જાય ત્યારે પહેરવા દેખે છે.'

અને મૂછમાં હસતાં હસતાં કાપડિયાએ સવારૂપિયે વાર, ઊડીને આંખે બાઝે તેવો લાલચટક રંગનો કડો ચરડ દેઇને ફાડી આપ્યો.

એ સુંવાળા કટકાને હાથ વતી વહાલ કરતાં જગાજીએ પૂછયું: 'એના ઉપર મૂકવાનું જોઇશે ને?'

'શું મુકાવવું છે?'

જગાજીએ કે દા'ડે બાપજન્મારે એ ધંધો કર્યો હતો? એણે કહ્યું: 'જે સારું ખલે એ આલો ને.'

આવો ઘેટો હલાલ કરવાનો કયારે મળવાનો છે માની, કાપડિયાએ લેસ, ગોટ, ચળક, દોરી અને ભરત ભરેલાં છૂટાં ફૂલ, બધો સામાન આપ્યો.

દરજી એ જોતાં જ ચમકયો. જગાજી સામે એણે આંખ માંડી રાખી. થયું કે, 'કોઈ વસણટકું લાગે છે! કોકની બાયડીને જ આ પહેરાવવાનો હશે. બાકી એની બાયડી હોય તો એક કબજા માટે આટલું ખરીદાય કે નહિ એનું ભાન ન હોય?'

પણ આવા ઘરાકમાં જ મોટું મળતર રહેતું એટલે મનની એ બધી ખટપટ મૂકી દરજીએ કહ્યું: 'નહૂં નાનો કબજો આણ્યો છે?'

'સારામાં સારો શીવજો ને.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરજી મનમાં હસ્યો. કહ્યું: 'પણ માપ તો જોઈએ ને?'

'આસરે……' કહેતાં જગાજીની આંખ સામે દોઢ વર્ષ પહેલાં છેલ્લી ચંચીને જોયેલી તે આકૃતિ ખડી થઈ. એક પળમાં એના મને એ દોઢ વર્ષના ગાળામાં ચંચીનું કાઠું કેટલું થયું હશે તેની ગણતરી કરી લીધી. અને તરત જ જગાજીએ દરજીની દુકાને ઊભેલી ત્રણ બહેનોમાંથી વચ્ચેની તરફ આંગળી કરતાં ધીમેથી કહ્યું: 'આ બોનના માપે માપ શીવજો એટલે થઈ રે'શે.'

જગાજીએ પૂંઠ ફેરવી દુકાનેથી વિદાય લીધી ત્યારે દરજી ચોખ્ખું સંભળાય તેમ બબડ્યો: 'હું આંખ વરતીને તરત કહી આપું. પારકી બાયડી વગર આવો ઘાટ બને જ નહિ!'

એ જ પ્રમાણે જગાજીએ કલ્પનામાં ને કલ્પનામાં ચંચીનું કાંડું પાંચ પંદર વાર માપી જોયું. સાથે પોતાનું કાંડું સરખાવી જોયું. અને લીલા રંગની જે ચાર બંગડીઓ એણે લીધી હતી તે અંગે જગાજીને ખાત્રી હતી કે ચંચીને એ માપ બેઠા વગર રહે જ નહિ.

ચંચીને તેડવાની તૈયારી કરતો જગાજી પ્રાથમિક જે જે ચીજ જોઈએ તે ખરીદતો હતો. એક વખત એને થયું કે ચૈણિયા વગર ચાલશે. સાલ્લા નીચે કોણ જોવા બેઠું છે કે ગામડાનો શીવેલો છે કે શહેરનો? અહીં આવ્યા પછી ક્યાં તરત નથી શીવડાવાતો?

ચંપલ પણ એની જાણ બહાર ન હતાં. પરંતુ એને તો કોઈ ઉપાયે ગામડામાં લેઈ ન જવાય એની જગાજીને શ્રદ્ધા હતી, જોનાર લોક એ દેખતાં પોતાને તોડી ખાય અને શહેરથી ન ટેવાયેલી ચંચી પહેરે પણ નહિ. એટલે એ બધો પહેરવેશ ચંચીના અહીં આવ્યા પછી થઈ રહેશે એમ માની જગાજીએ થોડામાં સંતોષ માન્યો હતો. નહિ તો માથાના વાળ ગૂંથીને પહેરવાનો શણગાર પણ એની જાણ બહાર ન હતો. બજારમાં જતાં, જેટલી ઉઘાડે માથે સ્ત્રીઓ જોતા એ દરેકના માથામાં આડાઅવળા સોયા એ ખોસેલા દેખતો હતો. ફક્ત એ બધાનાં નામ એને નહોતાં આવડતાં એ સાચું. વળી એટલે

ખનો થયો પણ ન હતો. બૈરાં એમ સાવ ઉઘાડે માથે ફરે એ એને દીઠું તો ગમતું, પરંતુ પોતાની ચંચી એમ ફરે એ પસંદ નહોતું. અને એ તો ભવિષ્યની વાત હતી ને?

એટલે માથાનાં બકલ, ચાંલ્લાનું કંકુ, આંખની મેશ અને પગનાં ચંપલ, એ બધાંની એણે ખરીદી કરી ન હતી. પરંતુ છેવટે ચૈણિયો તો ખરીદવો એમ છેલ્લે દા'ડે એનો વિચાર બદલાયો. સાસરીવાળાંને થાય કે સાલ્લો મળ્યો, કિમતી કબજો મળ્યો ત્યારે એક ચૈણિયો શા સારુ બાકી રાખ્યો હશે? એટલે શનિવારે બપોર પછી મિલમાંથી રજા લેઇ એ બજારમાં ગયો. લૂગડું લીધું અને તરતને તરત ચૈણિયો શીવડાવી ઓરડીએ આવ્યો.

આવતી કાલે ચંચીને તેડવા જવા માટેની સંપૂર્ણ તૈયારી પૂરી થઈ હતી.

*

ચંચીને અત્યારે સોળમું વરસ જતું હતું. દોઢ વરસ ઉપર એ સાસરે ગઇ ત્યારે દિવાળીની ત્રણ રજાઓમાં એ અને જગાજી સાથે રહ્યાં હતાં. તે અગાઉ બે વખત એણે દૂરથી જગાજીને જોયેલો એટલું જ.

આ દિવાળી ઉપર ચંચી સાસરે ગઈ ત્યારે મનથી નિશ્ચય કરીને જ ગઈ હતી કે ગમે તેમ કરી એની સાથે આ વખત શે'રમાં જવું જ! દિવાળી ઉપર પોતે ઘેર આવશે એમ એણે બાપ અને માને લખ્યું પણ હતું. પરંતુ છેલ્લે દા'ડે રજાઓમાં ઘેર જવાની ઉતાવળમાં એના એક ભાઈબંધનો હાથ પટ્ટા સાથે ઝડપાઈ ગયો. અધું પૈડું ફરીને હાથ ઉપર આવ્યો ત્યારે પંજો લોહી નીંગળતો લચી પડ્યો. 'તાબડતોબ મિલ તરફથી એને દવાખાને લેઇ જવામાં આવ્યો. જગાજીને ચંચીને મળવા આવવાને બદલે એ સાથીને ગામ જવું પડ્યું. એનાં માબાપને બોલાવી લાવ્યો. સાથીને મદદરૂપ થઈ પડ્યો પણ એનું કામ રખડી પડ્યું.

છેવટે રવિવાર સાથે બે રજા લેઈ સાસરીમાં જઈ ચંચીને સીધી અહીં તેડી લાવવી એમ જગા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીએ નક્કી કર્યું. સાસરીમાં ગયાં ય બે વરસ થયાં હતાં. જો કે, ત્યાં જવામાં, અને ચંચીને અહીં બારોબાર તેડી લાવવામાં પોતાનો પહેલે ધડાકે જ એના આગળ વટ પડી જશે, એ ગણતરીમાં જગાજી બધાં પગલાં ભર્યાં કરતો હતો.

અત્યાર સુધીમાં તો એનામાં થોડું થોડું ય બારૈયાપણું હતું. ગામ જતો ત્યારે એ ફેંટો બાંધતો. કાછડો મારીને ધોતિયું પહેરતો. આંખમાં થોડી મેશ આંજતો. ગળે કાળો દોરો બાંધતો. કોટ પણ સાવ સાદો હાફ કોટ નહિ પણ રૂઆબ પડે તેવો આગળ પાછળ બટ્ટન જડેલાં અને ગળાસુધી બંધ બટ્ટનનો પહેરતો.

પરંતુ આ છેલ્લા એક વર્ષમાં એ સાવ સુધરી ગયો હતો. વાન તો એનો ગોરો હતો જ. શાહુકાર વરણ જેવો સફાઈદાર પોષાક એ પહેરીને બજારમાં જતો ત્યારે મનમાં ને મનમાં મલકાતો. જાણે પોતે કોઈ રીતે બારૈયો છે એમ ઓળખાય તેવું ન હતું.

અને આ બધો ફેરફાર ચંચીને આ પ્રથમ વખત જ દીઠામાં આવતો હતો. એકજ ઝપાટે એના આગળ પોતાનો વટ પડી જશે!

એ જ ધૂનમાં ને ધૂનમાં, ચંચી માટે શીવડાવેલાં કપડાંની થેલી એક હાથમાં અને બીજા હાથે ઝાલેલી નેતરની વાંકોડી સોટીનો ટકોરો બૂટ ઉપર મારતો મારતો જગાજી સાસરીના ફળિયામાં પ્રવેશ્યો.

ગાડીનો વખત થતાં એના આવવાની વાટ જોતી ચંચીએ એકદમ તો એને ઓળખ્યો પણ નહિ. અને એ જ્યારે ઓસરીમાં આવ્યો, ઢાળેલા ખાટલા ઉપર બેઠો, લોકો બધા ખબર અંતર પૂછતા ભેગા થઇ ગયા અને બારણાની તરાડમાંથી ચંચી એને બીજાંને જવાબ દેતો સાંભળી રહી ત્યારે હતાશ થઈ હોય તેમ ત્યાં ને ત્યાં ફસકી પડી.

આ એનો વર! જગાજી!

દોઢ વર્ષ ઉપર જોયેલો અને આજે! એની કલ્પના ઊડી ગઈ. સાથે હૈયાનો ઊમળકો પણ લેતી ગઈ!

ચંચીએ તો કલ્પ્યું હતું કે, શહેરમાં કમાય છે એટલે બધાં કરતાં સવાયો, લીલો પીળો સંજાબ મૂકેલો કેસરી ફેંટો દોઢ હાથ છોગું માથા ઉપર ટટ્ટાર રાખી રહ્યો હશે! ત્યાં એણે બામણ–બકાલનો છોકરો મૂકે તેવી, વા આવે ને ઊડી જાય તેવી ટોપી મૂકી હતી! કાન માએ મજાના વીંધાવ્યા હતા છતાં આટલા મોટા શા શહેરમાં એને ડમરો ય ન મળ્યો હોય તેમ કાન સાવ અડવા હતા. આંખોમાં મેશ ન હતી એ તો જાણે ઠીક, પણ એમાં કરડાકી ય ક્યાં હતી! દોઢ વર્ષ પહેલાંનું પાણી એમાંથી ઓસરી ગયું હોય તેમ આંખ થોડી ઊંડી પણ ગઈ હતી. દોઢ ગાઉ સ્ટેશનેથી તાપમાં ચાલીને આવ્યો છતાં એનુ મોં લાલ નહોતું દેખાતું, તો રોજ શીળે હોય ત્યારે એ કેટલું ફિક્કું રહેતું હશે? ગયે વખતે એણે શિકારી કોટ પહેર્યો હતો ત્યારે એ કેટલો રૂઆબવાળો દેખાતો હતો! ને આ શાહુકાર વરણનાં કોટ, ધોતિયું તો એને સાવ જાણે પાણી વગરનો હોય તેવાં દેખાય છે! બૂટ કાળા ચકચકતા સરસ હતા. ચંચીને ગમી પણ ગયા હતા. છતાં એને ચરડ નહોતી બોલતી એટલી ખામી હતી.

પણ આ બંધા પહેરવેશમાં સૌથી મોટો ઘા તો ચંચીને નેતરની સોટીએ કર્યો. મરદને મૂછ અને ખભે ધારિયું ન હોય, ચાલે ત્યારે પ્રથમી (પૃથ્વી) ધમધમે નહિ ત્યારે એનું જીવતર ધૂળ!

'ચ્યમ જગાજી ડિલ આમ લેવાઈ ગ્યું છે? તાવ બાવ આવે છે કે શું, કીધું?' ખબર પૂછનાર જગાજીના મોં સામે જોઈ ને પૂછતું.

જગાજી ધીમેથી જવાબ આપતો: "ના, મોટા! એતો બહુ દા'ડે તમે જુઓ એટલે એવું લાગે.'

ચંચીની છાતીનાં પાટિયા સાવ બેસી ગયાં. આ કોણ બોલતું હતું એનો વર! જગાજી! એમાં પુરુષાતનની નહોતી ખુશબો, નહોતું જોમ કે નહોતો કેફ! માંદુ માણસ બોલે તેમ એ મરતાં મરતાં કેમ બોલતો હતો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંચીની સાહેલીઓને પણ આ ફેરફાર ન ગમ્યો હોય તેમ એ વાતો કરવા લાગી.

'અલી વખત! જગાજી ઠાકોર તો વટલી ગ્યા!'

'ચ્યમ?'

'જોતી નથી, એમણે જાત જ બદલી નાખી?'

'પણ એમને શાહુકારનાં લૂગડાં ખલે છે સારાં.' અને વખતે જગાજી તરફ જોઇ આંખ મીચકારતાં કહ્યું: 'ચ્યમ ખરું ને ઠાકોર?'

જગાજી કંઇ જવાબ આપે તે પહેલાં વાત છેડનાર જીવી બોલી ઊઠી: 'ખલે એટલે કંઇ ગમે તેનાં લૂગડાં પહેરાય?'

જગાજી બોલી ઊઠયા: 'ખાખરાની ખિસકોલી સાકરનો સવાદ શું જાણે?'

વખત બોલી: 'એમને છેડીને લે કાઢય વાત! શે'રમાં રે' એ લોક આપણને બોલવામાં પહોંચવા દેતા હશે?'

જીવી કંઇ જાય એવી નહોતી. કહ્યું: 'અમે ખાખરની ખિસકોલી સાકરનો સવાદ તો ન જાણીએ. પણ ખાખરનો સવાદ તો જાણીએ ને?'

'એટલે?' જગાજી સમજ્યા નહિ.

'પારકી સાકર ગમે તેવી હોય પણ એથી આપણી ખાખર ત્યજી દેવાય.'

જગાજી એ ન સ્વીકારતાં બોલ્યા: 'ગામડાના લોક જ એવું નાકું ઝાલી રાખે......"

'ત્યારે તમે શે'રના લોક કેવું નાકું ઝાલો?'

'જે સારું હોય તે.'

'તો આથી વધારે ખલે એવાં લૂગડાં હોય તો તમે પહેરો?'

જગાજીએ માથું હલાવીને હા ભણી.

'ખાવ (સમ) જોઈ, ખોડિયાર માતાના.'

'એ ખોડીયાર માતાબાતા શે'રવાળા ના માને.'

ચંચીએ મનમાં ચીસ નાખી. શું આ મન બદલાઈ ગ્યો છે! ખોડિયાર માને ય એ માનતો નથી?

વખત વળી બોલી: 'ત્યારે શે'રના લોક કયી માતાને માને?'

જગાજીએ કહ્યું: 'ભદ્રકાળી.'

જીવી બોલી: 'ત્યારે એના સમ ખાવ.'

વખતે વાત વાળતાં કહ્યું: 'હવે સમ ખવરાવ્યા વગર જ કહે ને.'

'શે'રનાં લોકનો વસવાસ નંઇ.' જીવીએ જગાજી સામે જોતાં કહ્યું: 'ચ્યમ, ત્યારે આથી વધારે ખલે એવાં લૂગડાં પહેરશો ને?'

જગાજીની નજર ક્યારની ચંચીને શોધવા આમતેમ ઘૂમતી હતી. એ આ છોડીઓ જોડે વાત કરતો હતો એય અધીં બેફામમાં જ. એને હજુ એકની એક વાત ફરી ઉથલાવતી હતી એના મર્મનો ખ્યાલે ય નહોતો. એણે ફરી ડોકું હલાવતાં કહ્યું: 'અમે તો જે લૂગડાં સારાં ખલે એ પહેરવા તૈયાર.'

જીવી મોં ઠાવકું રાખીને બોલી: 'તો અલી વખત, જગાજી મૂછો કઢાવી નાખે તો મારાં લાલ ગવન, ભૂરો ઘાઘરો અને લીલું કાપડું, વધારે ખલે કે નંઇ?'

પેટ પકડીને બધી છોડીઓ હસી. જગાજી મિયાંની મીંદડીની જેમ ચૂપ જ થઇ ગયો. શહેરની સાકરની ખિસકોલીનો એ ફાંકો રાખતો હતો પણ ગામડાની ખાખરની ખિસકોલી, જીવી એને આબાદ બનાવી ગઇ.

આ મશ્કરી ચંચીને માટે વજ્રલેપ નીવડી. જગાજીનો પોષાક જે એને જોતાં વેંત જ ખૂંચ્યો હતો. તે કદાચ આંખને ગમે તેવો હોય તો પણ ન જ પહેરાય, એ વાતની ખાત્રી જીવીની મશ્કરીમાંથી એને મળી ગઇ. કારણ કે, ખલે એ બધું કંઈ માણસથી પહેરાય છે? માણસે પોતાની જાતમાં ચાલતું હોય તે જ પહેરવું જોઇએ.

પણ જગાજીની થેલી ચૂંથતાં જે લૂગડાં નીકળ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જોઇને તો ચંચી શરમીંદી જ પડી ગઈ. પેલી બધી છોડીઓ ઊલટા વધારે જોરથી ગોદા મારી મારીને કહેવા લાગી: 'અલી ઓ ચંચી!'

'અલી વખત, મૂઇ તું તો ખાખરની ખિસકોલી જ નહણક રહી તો.' અને જીવી પાંપણો પટપટાવી બોલી: 'આવાં લુગડાં પહેરે એને ચંચી કહેવાતી હશે?'

'ત્યારે?'

'ચંચળબોન!'

ચંચીએ તે વખતે જ મનમાં ગાંઠ વાળી કે એણે જાત બદલી તેમ હું કદી જાત નંઇ બદલવાની. બામણ વાણિયાનાં લૂગડાં પહેરવાથી કંઇ બારૈયા મટી જવાનાં છીએ? અને ભગવાને જનમ આલ્યો એ સંતાડવાનું કામે ય શું?

બિચારો જગાજી!

એની મનની મુરાદ મનમાં રહી. એનાં આણેલાં લૂગડાં પાછાં થેલીમાં ચગદવાં પડયાં. અને ચંચી, વગડાના તાપમાં તપી તપીને થયેલા એના કસુંબલ દેહને શોભે તેવાં ગવન, ચૈણિયો અને કાપડાનો સાજ સજીને તૈયાર થઇ.

તેલ ચોપડવાથી દડ ચોંટીને ધૂળિયા રંગની એની ખાસડિયો ચંચી ચાલતી ત્યારે ખસડ્ડ ખસડ્ડ ઘસડાતી. કોઈ ડમરાળો જુવાન હોત તો એ સૂરમાં વહુનાં જોબનનો તોર અને મસ્તી પારખત. પરંતુ નાનપણથી શહેરમાં રહેતા જગાજી તો એ મસ્તીનો કેફ પીવાને બદલે મનમાં ને મનમાં બળતા હતા:

'ગામડાની ઝોડ જાત તે ઝોડ! સ્ટેશન ઉપર જ બધાં કપડાં બદલી નંખાવું.'

અને એ કારણે જ, ચંચીનો બાપ ઠેઠ સ્ટેશન સુધી મૂકવા આવતો હતો એને બેળેબેળ જગાજીએ અર્ધેથી પાછો વાળ્યો હતો.

ચંચી સ્ટેશન ઉપર, પ્લેટફોર્મના એક છેડે જ્યાં બોર્ડ ચોડેલું હતું ત્યાં લીમડા નીચે બેઠી. લૂગડાંની પોટલી પડખા નીચે દબાવી ગામના બીજા શાહુકાર આદમીઓ સ્ટેશન ઉપર હતા એટલે જગાજીની નજર એક ન થાય માટે એણે સાલ્લાનો છેડો થોડો મોં ઉપર ખેંચ્યો.

જગાજી ટિકિટ થાય છે કે નહિ તે બારી ઉપર જોઈ આવ્યો તારનો ટકટકારો થતો હતો. મલાઈનાં કેન તૈયારીમાં ચડાવવાનાં હતાં તેની સ્ટેશન માસ્તર રસીદ બનાવતો હતો. બારી હજુ ઊઘડી ન હતી.

જગાજીએ રેલના પાટા ઉપર જઈ ગાડી આવવાની દિશા તરફ મીટ માંડી. 'સિંગલ' પડયો ન હતો. હજુ વખત છે માની જગાજીએ પગ ઉપાડયો. સામે છેડે બેઠેલી ચંચી ભણી એનાં ડગ ભરાતાં હતાં. સાલ્લાના ઓથે ચંચી એને પોતા ભણી આવતો જોઈ રહી હતી. બેએક હાથ છેટે બીજા ગામનાં ઉજળિયાત ચારપાંચ બૈરાં બેઠાં હતાં.

ગામના મુખી 'કચારી'એ જવા ગાડી ઉપર આવ્યા હતા. એ 'છોડી ચંચી! સાસરૂ જાય છે કે?'ની ખબર પૂછી સ્ટેશન ભણી જતા હતા એ જગાજીને ઘસાઈને ગયા. ચંચીનો વર છે એમ એ જાણતા હતા છતાં એ વેશની નવાઇ લાગી હોય તેમ પાછું વાળીને એને જતાં જોઈ રહ્યા.

જગાજી ઠેઠ ચંચી પાસે પહોંચ્યો.

પણ એ બોલે તે પહેલાં લાજ જરા વધારે ખેંચી ચંચીએ કહ્યું: 'પેલા મુખી કાકાની નજર આ બાજુ છે. જરા આઘા જાવ ને!'

'મૂઓ તારો મુખી કાકો'ની કરડાકી ભરેલી નજર ચંચી તરફ નાખી જગાજીએ પૂઠ ફેરવી. માથે સાફો બાંધેલા, હાથમાં સીસમની મૂઠવાળી લાકડી ઝાલેલા મુખી એ બાજુથી નજર ફેરવી લઇ માસ્તરની ઑફિસમાં ગયા.

પેલી જોડે બેઠેલી સ્ત્રીઓ પાસે એક જુવાન પુરુષ આવ્યો. એની કેડે બે વર્ષનો છોકરો હતો તે નીચે મૂકતાં બોલ્યો: 'લાવો પ્યાલો, પાણી પીવું હોય તો પરબ પરથી લેતો આવું.'

પેલા છોકરાને સોડિયામાં લેતાં એની પત્ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં બૈરાં સામે હસીને બોલીઃ ' આમનો આવો મશ્કરો સ્વભાવ ગયો જ નંઈ. આજે નકરણા કોકે અગિયારસ કરી છે, પછી શા ઉપર પાણી પાતા હશે ? '

પેલો પુરુષ એવું સામે હસીને બોલ્યો: ' એટલી આછી ઊઠવેઠ. કાયમનું અન્નપાણી છોડી દે તો મારે પૂરેપૂરી નિરાંત ! '

જગાજીને એ ય અમદાવાદ રહેતો હોય તેવો લાગ્યો. એ વગર એમ એ બૈરી–પુરુષ હસીબોલીને વાત કરે જ નહિ ને ! '

પાછી એની નજર ચંચી તરફ ગઈ. મુખી કાકો ત્યાંથી ટળ્યો છે કે નહિ, એ જોઈ લીધું. વળી ચંચી પાસે ગયો. ચંચીને બોલવાની તક આપતાં પહેલાં એ આ વખતે ભભડો ઉઠ્યોઃ ' હવે તો બધાં ગાંડાં કાઢ્યા વગર પેલાં લૂગડાં પહેરી લે. શે'રમાં આ લૂગડાં તને જ ભૂંડાં લાગશે.

ચંચી કંઈ વિચારતી હોય તેમ ન બોલી.

જગાજી પટાવીને વાત કરતો હોય તેમ બોલ્યોઃ ' દેશ એવો વેશ કરવો જોઈએ. નહિ તો માણસની કંઈ કેમત ના રહે. '

ચંચીએ સાલ્લાના ઓથે આંખ કરડી કરી.

જગાજીને એવું મોં દેખાતું ન હતું. એ સમજાવતાં આગળ બોલ્યોઃ ' ના પહેર્યાં હોય ત્યાં લગી વરવું લાગે. પણ એક વખત પહેરીશ એટલે તને જ એવું ગોઠી જશે કે એને કાઢીશ નહિ. '

દૂરથી સ્ટેશન ભણી આવતા માણસ તરફ નજર જતાં ચંચીએ કહ્યું; ' આઘા જાવ. પેલા હાથીકાકા આવે છે તે મારા ગામના છે. '

જગાજી ખિજાઈ ગયો. પણ મૂગો મૂગો હાથીકાકા ત્યાંથી સ્ટેશનની ઓરડી ભણી વિદાય થયા ત્યાં સુધી એ એમના તરફ આંખ તાણી રહ્યો.

પેલી સવી છોકરાને પાછો એના બાપને આપતાં બોલીઃ ' આને થોડો તેડીને ફેરવો. ખાધા વગર ધાવણ તે ક્યાંથી એટલું બધું આવે ? ભૂખ્યો થયો લાગે છે. થેલીમાંથી બીસ્કીટ કાઢીને આપો જોઈ. '

જગાજી એ તરફ તાકી રહ્યો. આમને કોઈ વાત કરતાં નથી ગળી જતું અને ચંચી તરફ નજર કરતાં, આ ઝોડને એનો હાથી કાકો અને મુખી કાકો ગળી જાય છે !

વળી ટિકિટ બારી ઉઘાડી હતી એટલે જગાજી એ ટિકિટ લઈ આવીને ચંચી પાસે ગયો. પરંતુ આ ફેરા ચંચીએ લાગ ન ચૂકતાં તરત સંભળાવી દીધું: ' કીધું, તમે કે'નાર કહી રહ્યા, હું મારાં લૂગડાં નથી બદલવાની. '

જગાજી ચંચીની બે તકતકતી આંખોમાંનો રોષ જોઈ શક્યો. શહેરી ન થયો હોત તો એના મોઢામાંથી તરત બોલ નીકળત—મારી હાળી, પાછી બહુ ફાટી છે......

પણ નાનપણથી હોટલના માલિકના, મિલના જોબરના, હેડજોબરના તૂંકારા ખાવા ટેવાઈ ગયેલા જગાજીમાં ગામડાની સ્વતંત્રતાની કેફ રહી ન હતી. ધણી મટીને એ વર્ષોથી શહેરમાં ધણીઆણી જેમ ઓશિયાળો જીવતો હતો.

એ નમ્રતાને મનમાં વાગોળતાં એણે વિચાર્યું: ' એકદમ બહુ ખેંચતાણ કરવાથી તૂટી જાય. ત્યાં રહેશે એટલે દેખાદેખી એની મેળે એ લૂગડાં પહેરતી ઓઢતી થશે ! '

ગાડી આવી. ચંચી જગાજીથી દૂર સામે પાટિયે બેઠી. જગાજીએ જાણ્યું કે મોટી ગાડીમાં સાથે બેસીશું. પણ મોટી ગાડીમાં ય ચંચી એની જોડે જગા હતી છતાં ત્યાં ન બેસતાં સામે પાટિયે બીજાં બૈરાં ભેગી બેઠી.

જગાજીએ દાંત કચકચાવ્યા : ' હાળી આતો સાવ ઝોડ છે ! '

*

આજે ચંચીને અમદાવાદ આવ્યાં અઠવાડિયું થયું હતું. પરંતુ એ જેમ જેમ દિવસ જતા હતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેમ એ વાતાવરણથી ટેવાવાને બદલે વધુ ને વધુ ઉદાસ બનતી હતી.

જે રાત્રે એ આવી તે રાત્રે એને સાવ ઊંઘ જ ન આવી. નાક ફાડી નાખે તેટલી એને વાસ આવતી હતી. 'શું ગંધાતું હશે?' એણે મનથી ઘણો ઘણો વિચાર કર્યો.

છેવટે થાકીને એણે જગાજીને પૂછ્યું: 'આ શું ગંધાય છે? મારાથી નથી વેઠાતું.'

જગાજી એને વહાલ કરતાં બોલ્યો: 'આટલી ખબર ના પડી? આ આપણી સામે વંડો છે, એની પેલી બાજુ અમારી મિલ. એ વંડાની પાછળ રંગાટીખાતું છે. લૂગડાં વણાતાં પહેલાં બધું સૂતર ત્યાં એક વખત રંગવાતું. આટલી ચોખ્ખી રંગની ગંધ આવે છે, તે તને સમજ નથી પડતી?'

ચંચીએ પૂછ્યું: 'તે આ રંગની ગંધ રાત-દાડો આવવાની?'

જગાજી ફિક્કું હસીને બોલ્યો: 'ગાંડી નંઈ તો! મિલ રાતદા'ડો ચાલે એટલે ગંધ રાતદા'ડો જ આવે ને?' અને એ ગંધ કંઇ ખરાબ નથી તેમ જણાવતાં એ બોલ્યો: 'આ તો તું નવી એટલે તને એમ થાય. નહિ તો મોટા સાહેબ આઠસેં રૂપિયા પગાર મળે છે એ ય કલાક કલાક ઊભા રહે તો ય એમને ગંધ નથી મારતી.'

એ ગંધનો કંઇ ઉપાય ન હતો એટલે ચંચી કંઇ ન બોલી. અને એ મૂંઝવણના ખુલાસાની સાથે બીજો ખુલાસો પણ આપોઆપ થઇ ગયો હતો એટલે ચંચીએ કહ્યું; 'ત્યારે આ ખટાપટ થયા કરે છે તે ય બંધ નહિ રહેતી હોય.'

જગાજીએ કહ્યું: 'મિલમાં બધા સાંચા ચાલે એટલે અવાજ બંધ ના રહે. પરંતુ અહીં તો બહુ થોડો આવે છે. અંદર, તું કાલે ભાથું લેઈને આવીશ ત્યારે બધું બતાવીશ. અમારે સાળ ખાતામાં કાન પડયે ય ન સંભળાય. વાંદરા હૂપાહૂપ કરે તેમ કરીએ ત્યારે સામો આપણા સામી નજર કરે. પછી આંગળીઓની ઈશારતથી જ બધી વાત કરવાની.'

ચંચીને થયું: 'આટલી ગંધ અને આટલો ઘોંઘાટ, પછી રડયું ઊંઘ તે શી રીતે આવે?'

એ રાતે સાચે જ એની આંખે મટકું ય ન માર્યું. પાછાં અધૂરામાં પૂરાં મચ્છર, આંખ મીંચવાની થાય ત્યારે ચટકો ભરે એટલે ઝબકી જવાય. ગામડામાં ચોમાસામાં મચ્છર હોય એ ચંચીનો અનુભવ હતો. પરંતુ અહીં શહેરમાં ધમધમતા ઉનાળામાં આટલાં મચ્છર શાં? પણ એ મનની વાત એણે જગાજીને ન પૂછી.

સવારમાં એણે ઓરડીનું બારણું ઉઘાડયું ત્યારે એના આંગણા સામે ચાલીનાં છોકરાં જાજરુ જવા બેઠાં હતાં. સામે પાંચ જાજરુ હતાં તે દરેકમાં એક એક જણ ગયો હતો, અને ઉપરથી બે હાર બહાર થઇ હતી.

ચંચીને થયું: 'બળ્યું, આમ લોક બહાર ઊભા હોય અને મહીં બેઠેલાને ઝાડો શી રીતે ઊતરે?' અને હજુ એ એમ વિચારતી હતી ત્યાં અંદર બેઠેલા એક જણને વધારે વાર થવાથી બહાર ઊભેલાએ જોરથી બારણું ખખડાવ્યું. અંદરવાળે ચંચી સાંભળે તેટલા જોરથી ખોંખારો ખાધો.

ચંચીની જીભ દાંત તળે આવી ગઈ: 'મૂઆ અહીંના લોકને લાજશરમ જ ના મળે!' અને એણે જગાજીને પૂછ્યું: 'આ છોકરાં રોજ આપણા આંગણા સામે લોટે જવાના?'

'એ તો ઘડીક જ' જગાજીએ હાથ વતી ઈશારત કરતાં કહ્યું: 'કલાકમાં ઝાડુવાળી આવે એટલે તરત બધું સાફ કરી નાખવાની.'

'પણ ત્યાં સુધી બધા ઉચેરા આપણા મોઢા સામે રહેવાના ને?' ચંચીએ સૂગ બતાવતાં કહ્યું.

જગાજીએ એનો ઉપહાસ કરતાં કહ્યુ: 'ગામડામાં ભેંસોના છાણના ઢગલા કંઈ ઓછા હોતા નથી.'

ચંચી ચણચણી ઊઠી: 'આ તો ગામડાની મજા જ ભૂલી ગયા છે! ક્યાં ભેંસનું છાણ ને ક્યાં આ નરકનાં ઉચેરા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીનો નળ થોડો દૂર હતો. એ બતાવતાં જગાજીએ કહ્યું : 'એ નળે અહીંથી ચાલીને પાણી ભરવાનું. સામે છેડે બીજો પણ નળ છે.'

ચંચી પાણી ભરવા ગઇ. એને નવીન જોતાં, બૈરાં એનો વગડાનો તંદુરસ્ત દેહ જોઇ રહ્યાં! પણ એનાં કલ્લાં, વેલ્લા, હાંસડી અને લોળિયું ન ગમ્યાં. આટલો બધો ભાર આ બાપડી શી રીતે વેઠતી હશે, એમ આ ગંધાતી ખોલીઓમાં રહી રહીને દૂબળી પડી ગયેલી સ્ત્રીઓ મનમાં વિચારતી હતી. વાંઝણી જેમ જનેતાના ભારની ફિકર કરે તેમ!

ખાસ્સો કલાક થયો પણ ચંચીનો વારો જ ન આવે. જે હોય તે ઉપરા છાપરી પડાપડ જ કરે. એમ એનો હક ડુબાડતાં બૈરાં એને શિખામણ પણ આપતાં જાય કે' એમ શરમમાં દૂર ઊભી રહીશ તો ભાથાની વેળા થશે તો ય તારો વારો નહિ આવે.

ચંચીએ મનથી નક્કી કર્યું કે, કાલથી વહેલા ઊઠીને પહેલું પાણી ભરી લેવું.

બપોરે પાડોશણ સાથે ચંચી ભાથું લેઈને મિલમાં ગઇ. કામદારો બપોરે છૂટે ત્યારે ભાથું ખાવા માટે પતરાંનો એક તરાપો મારીને છાપરું ઊભું કરેલું હતું. ચોમેર ખુલ્લું હતું. તળિયું પ્રભુ જાણે કયે દા'ડે સાફ કર્યું હશે? શહેરોમાં ચોમાસાના વરસાદના રક્ષણ માટે સ્મશાનમાં છાપરું મારેલું હોય છે તે કરતાં આ ભોજનગૃહ કપાતર હતું.

ચંચીને અહીં થોડું આશ્વાસન મળ્યું. ઘણા બૈરાં આવ્યાં હતાં. એની જેમ વેશ ન બદલનાર કાઠિયાવાડી બૈરાંની સંખ્યા વિશેષ હતી. એની છાતી હરખની મારી ફુલાઈ.

પરંતુ એ હર્ષ ઝાઝો વખત ન રહ્યો. મિલની વીસલ થઈ. મિલ છૂટી. હૂડુડુ કરતું એ ટોળું એ છાપરામાં આવ્યું. જગાજી ઠેઠ એની પાસે આવ્યો ત્યાં સુધી ચંચીએ એને ઓળખ્યો નહિ.

ગઈ કાલના જગાજી કરતાં આ વળી જુદો જ હતો. એના વાણિયા બામણના વેશને ઠેકાણે મેલાં કપડાં હતાં. મોં અને વાળમાં રૂની ઝીણી રજોટી ભરાઈ હતી. યંત્રમાં પિલાઈને ચૂસાવી ગયો હોય તેમ એના મોં ઉપર કંટાળો હતો. હાશ, કરતાં એ નીચે બેઠો. બાજરીના મજાના ચંચીએ રોટલા ઘડયા હતા. ઘેરથી આણેલાં તાજાં રીંગણાંનું શાક કર્યું હતું. છતાં હૈયું રેડીને ઘડેલા એ રોટલા અને કરેલું શાક, જગાજીના મોંમાં ગળપણ છોડવાને બદલે લોચાવળીને ગળે ન ઉતરે તેવાં બરછટ લાગતાં હતાં.

એક રોટલો ખાતો જગાજી હાંફી ગયો. જાણે કોઈના સારુ ખાવા બેઠો હોય તેમ મોં કટાણું કરી એણે થાળી ઠેલી મૂકી.

ચંચી આગ્રહ ન કરી શકી. જગાજીના મોં ઉપરની નિસ્તેજતાએ એના રહ્યાસહ્યા ઉમંગને હરી નાખ્યો. એને થયું–જે ખાય નહિ તે કામે ય શું કરે? અને શે'રમાં માણસના મોં ઉપરથી નૂર ઊડી જતું હોય તો અહીં ધંધો શું કામ કરવો?

જગાજી આડા પડવાનો વખત ગુમાવીને ચંચીને મિલના બંધ પડેલા બધા સાંચા, ખાતાં બતાવ્યાં. પોતે જે સાંચા ઉપર કામ કરતો હતો તે એ સાળ બતાવી. પોતે જે કાપડ વણતો હતો તેનું વર્ણન કર્યું. લાકડાના પાટિયાં નીચેની ગટરો બતાવી, પોતાના સુખની વાત કરી. અહીં કાન ફૂટી જાય એટલો અવાજ થાય એટલું જ. બાકી આ ગટર નીચેથી ઉનાળામાં ઠંડી અને શિયાળામાં ગરમ વરાળ આવવાની એટલે તાપ–ટાઢ લાગે નહિ.

ત્યાં મિલની વિસલ માગી. કુંભકર્ણ રાક્ષસ ઊંઘમાંથી જાગી અંગ મરડતો હોય તેમ પાટા અને પૈડાએ આળસ મરડી. એક સાથે બધા સાંચા ખટાપટ ખટાપટ થવા લાગ્યા. પૈડાં ઝડપથી ફરવા લાગ્યા.

જગાજી પોતાની આવડત બતાવવા સાંચાની ચોમેર ફરી તાર પરોવવા લાગ્યો, ખાલી કાંકલો કાઢી ભરેલો નાખ્યો, વખલ્લો જણાતો હતો તે માથામાંથી હાંતી કાઢી સરખો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંચીને થયું: 'આમાં માણસ કંઈ પટ્ટામાં ફેરવાઈ ન પડે?' પરંતુ જગાજી સાંભળે તેવું હવે રહ્યું ન હતું,

કુંભકર્ણ રાક્ષસ મારો, કાપો કરતો ચીસો પાડવા લાગી ગયો હતો.

ચંચી પહેલે દિવસે જ મિલ જોઇને દુઃખી થઈ. ખુલ્લા ખેતરમા કામ કરવાનું, ભેંસબળદને સાચવવાનું, થાક લાગે ત્યારે મન ફાવે તેટલો વખત નિરાંતે આડા પડવાનું, નહિ કોઇની અણુસ કે ખણુસ, નહિ ગંધ કે ઘોંઘાટ! દા'ડા ઊગે ને શેર લોહી ચડે. અને મિલનું ભૂંગળું વાગે ને ચરડ દઈને ચરડકો પડે!

ચંચીને થયું, આમાં કામ કરનારની આંખમાં કદી તેજ ન હોય.

પરોવતાં મોતીની સેર દોરો તૂટતાં ફર...ર...ર કરતી વેરાઇ જાય, તેમ ચંચીની જુવાનીની સેર વીખરાઈ ગઈ.

જગાજીએ ચંચીને સીનેમા બતાવ્યું, ચંદ્રવિલાસની જલેબી ખવડાવી, ભદ્રકાળી માતાનાં દર્શન કરાવ્યાં, કેમ્પના હનુમાન બતાવ્યા, રાણીબાગ બતાવ્યો, સાબરમતી નદી બતાવી......

પણ ચંચીને જે જોઈતું હતું એ અહીં હતું નહિ. અને બીજાં બહારનાં ફાંફાંથી એનું મન રીઝે એવું બાલિશ ન હતું.

ચંચીને ઉદાસ જોઈ સાંચા સાથે કાયા ઘસતો જગાજી માનતો કે માબાપથી પહેલી વહેલી આટલા દા'ડા વિખૂટી પડી છે એટલે એમ થતું હશે.

ચંચી કહેતી મારા ડિલે કળતર થાય છે. ત્યારે જગાજી એને છાનીમાની પડી રહેવા દેતો.

ચંચી પોકારી ઊઠતી: 'આ અહીં રહેશે ત્યાં સુધી મારી કળતર નહિ મટે. મારે જોઇ છે તે આ જગામાં નથી. અહીં ચોખ્ખું વાદળ નથી, ઊગતો સૂરજ નથી, ચાંદા સાથે ગેલ કરાય તેવું આંગણું નથી, ઢોર ચારવા જતાં જે રખડવાની મઝા પડે તેવી મોકળાશ નથી, ઠઠા મશ્કરી કરતાં કરતાં સાથે કામ કરાય તેવાં ખેતર નથી અને આ ન હોય ત્યાં કેફ કયાંથી હોય. જુવાની કયાંથી હોય, ધીંગામસ્તી કયાંથી હોય......'

ચંચી આખો મહિનો રહી પણ જગાજીની મનોકામના, ધીમે ધીમે હળી જશે, ન ફળી. એણે પિયર જવાની હઠ પકડી.

બીજી વખત રહેવાશે, માની જગાજી ચંચીને પિયર મૂકી આવ્યો.

પાંજરામાં પૂરાયેલી મેના જેમ એક વખત બહાર છટકી જતાં અંદર પૂરવાના કોઇ પ્રયત્ન કરે છતાં ન છેતરાય, તેમ ચંચી ફરી અમદાવાદની એ ગંધાતી ઓરડીમાં ભરાવા માગતી ન હતી.

જગાજી છ મહિનામાં બે વખત એને તેડવા આવી ને પાછા ગયા.

ચંચીએ એક જ રઢ લીધી કે, મરી જઇશ પણ અમદાવાદ તો જઉં જ નંઈ!

ચંચી સાસરે જાય છે. જગાજી નથી હોતો છતાં મહિનો બબ્બે મહિના સાસુસસરા ભેગું વેતરું કરી મઝાથી કાઢતી હતી. જગાજી પણ થાકે ત્યારે બેચાર દા'ડા ભાગી એને મળી જતો. આગ્રહ કરતો, કાલાવાલા કરતો, કોઇ કોઈ વખત ધમકાવતો, પણ ચંચી એકની બે ન થાય.

એની એક જ રઢ હતી કે 'તમે ઘેર આવો.'

જગાજી કહેતો કે, 'શે'રમાં રહેલા મને ગામડામાં ન ગમે.'

ચંચી પૂછતી: 'ક્યમ?'

ગમા—અગમાની વાત જવા દેઇ જગાજી કહેતો: 'કહેનાર તું કહી રહી. મારાથી હવે ખેતરનું તડકા તાપનું કામ જ ન થાય.'

'એની તમારે ચંતા મ કરવી.' કોઈ પાતાળની નાગણ ફૂંફાડો મારે તેમ ચંચી બોલતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પછી ખાઈશું શું?'

'હું છું ને?'

'એટલે?'

'તમે તમારે ખેતરને શેઢે આવીને બેસી રે'જોને. થાય એટલું કરજો. ખેતીનું બધુ કામ હું ના કરી લઉં તો ચંચીને બે બાપની કે'જો.'

પણ જગાજીને વર્ષોનો શે'રનો મોહ, રાગ, એમ સ્હેજમાં શી રીતે છૂટે? ચંચી થાકીને ય આવશે માની જગાજીએ ઠચુંપચું મને લાગલગાટ બે વરસ ખેંચ્યાં. જગાજી એને તેડી જઈ શકતા નથી. સાસુસસરો એના કામથી એટલાં બધાં રાજી છે કે છોકરો શે'રમાંથી ઘેર આવે એમ છેલ્લા છ મહિનાથી રટતાં થઈ ગયાં છે.

❋

છેવટ અઢી વર્ષે જગાજી શહેર છોડી ઘેર આવ્યો.

તોરલની પાછળ નીચી મૂંડી કરીને જેસલ જતો હોય તેમ ચંચીની પાછળ જગાજીએ સીમમાં જવાનું શરૂ કર્યું.

ચંચીનો એ વિજય હતો. પરંતુ આવા નાના વિજયથી હરખાય તે માટીની ચંચી ન હતી.

એને તો એના જગાજીમાં પાછી મર્દાઈ પ્રગટાવવી હતી. માથે ફેંટો, કાને ડમરો, ખભે ધારિયું, આંખે મેશ, ગળે દોરી, દિલે શિકારી કોટ અને પગે માવ મોચીના બે ખેતરવા સંભળાય તેવી ચરડવાળા જોડા પહેરેલો જોવો હતો. એ પાવો વગાડે અને પોતાનું હૈયું નાચી ઊઠે એવો એને કામણગારો બનાવવો હતો. એક પડખામાં ચપસીને ફેર કૂદરડી પોતાને ખવડાવે તે દા'ડો જોવો હતો.

અને ચંચીને શ્રદ્ધા હતી કે, એ દા'ડો પોતે જરૂર જોશે.

લાંબા ભાષણની ઔષધિ

દક્ષિણ આફ્રિકાની એક જાતિના માણસોને લાંબાલચ ભાષણો પ્રત્યે એવી નફરત છે કે માણસ એક પગે ઊભો ઊભો બોલી શકે તેટલું જ ભાષણ તેણે કરવું એવો શિરસ્તો એમણે રાખ્યો છે. ભાષણકર્તાનો બીજો પગ જમીનને અડે કે તરત જ એનું ભાષણ ખતમ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી રૂસ્તમ જહાંગીર મિલ્સ લી.

અમારી વિશિષ્ટતાઓ

પોપલીન, લોંગ કલોથ, ટવીલ, કોમ્બ્રુ, સૂતરમાંથી બનાવેલી ફેન્સી ધોતી, સાડી, જેકાર્ડ સાડી, ફેન્સી શર્ટિંગ, વાયલ, મલમલ, દોરિયા અને બીજી વિવિધતાઓ.

આ કાપડ

રેશમ જેવું સુંવાળું છે, ટકાઉ પણ છે તેથી બીજી મિલ કરતાં કિંમતમાં સસ્તું પડે છે, આકર્ષક અને અપટુડેટ હોવાથી તમને સંપૂર્ણ સંતોષ આપશે.

: ઠેકાણું :

ધી રૂસ્તમ જહાંગીર વકીલ મિલ્સ લિમિટેડ.

દૂધેશ્વર રોડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે મને સંગીત દેખાય છે

જિતુભાઈ પ્ર. મહેતા

સંગીત સંભળાય કે સંગીત દેખાય? આજે આ લેખમાં સૂર નજરે પડે છે. લેખક સ્વરોનાં ચિત્રો એક પછી એક રજૂ કરે છે. આમાં રાગોનાં નામો સંભળાય છે. લલત, ટોડી, ભૈરવી. દેશકાર, બિલાવલ, સારંગ, પુરવી, પરજ, કલ્યાણ, માલકસ અને ભૈરવ રાગોનું લેખકે રૂપ કલ્પ્યું છે. હિંદુસ્તાની રાગો સમય સમયના છે. એની અસર ઝીલીને આંહી એને લેખકે એમના પોતાના ચિત્રચોરસામાં Composition માં ગોઠવેલ છે. રાગોનો પરિચય આપવાની આ રીત નવીન છે. સંગીત આંખ માટે પણ છે એનો ખ્યાલ આનાથી આવે છે. લેખક જણાવે છે કે એમણે ગાઈને, રાગોની સરગમ ઘૂંટીને આ લેખની 'તરજ' બાંધી છે—'તરજ' લેખકની પોતાની છે.

—સંપાદક

લલત જાગ્યો ત્યારે સામા મંદિરમાં દીવા ઝોમળ બળતા હતા. સવાર પડવાને થોડી વાર હતી. ટાઢો વા વાતો હતો. આકાશનાં ચાંદરડાં લળક ઝળક થતાં હતાં.

લલત જાગ્યો, રાતે માત્ર આંખ બીડી સવાર પડતાં આંખ ઉઘાડીને જ નહિ, રાતના એણે કોઈ અનુભવ માણ્યો. અનુભવનો અંત આવ્યો. એ અનુભવ ભરેલી રાતની ભસ્મ લગાવી, થોડો આરામ લઈ એ જાગ્યો. એની આંખમાં હજુ ઊંઘ હતી: અવાજમાં ખરજનો ઘેરો સૂર હતો.

મંદિરના દીવાનું સોનું આંખમાં રાખી એ મંદિર આસપાસના ડુંગરા ભણી ચાલ્યો. ધરાઈને એણે જિંદગીનો રસ પીધો હતો. જુવાની ચાલી જાય અને માથા પર સફેદ કેશ આવે ને એક પ્રકારનું દર્દ, એક પ્રકારનું તત્ત્વજ્ઞાન, એક પ્રકારનો જીવન જીવ્યાનો આનંદ છલકાય અને આખરે કોઈ સદ્‌ગુરુ સાંભરે તેમ લલતને ભભૂત સાંભરી હતી! વૈરાગ્યનો એ રૂપ લાવવો કયાંથી?

લલત ચાલ્યો. ચિંતામણી પાસે એવી ભસ્મની ડાબલી હતી. બિલ્વમંગળ એનાથી જ સૂરદાસ થયો હતો ને! લલતને ચિંતામણી જોવાની હોંશ હતી–એને ખાત્રી હતી કે ચિંતામણીની આંખના ખૂણાનો કાજળ એની આંખમાં રહેજ આવી જશે તો એને બીજી ભભૂતની જરૂર નહિ પડે.

મનમાં ને મનમાં સૂર ઘૂંટતો લલત ચાલતો હતો. એના પગ ભીના થયા. ઝાકળ એ સૂર આગળ ઝૂકી પડી હતી. પારિજાતકના ઘેરાવામાંથી લલત બહાર નીકળ્યો. એનું શરીર કેસર કેસર થઇ ગયું. લલતના કપાળ ઉપર આપોઆપ તિલક થઇ ગયું.

પૃથ્વી પર મીઠી સુગંધ હતી, પ્રકૃતિનું અનેરું રૂપ હતું; પણ એ રૂપમાં લલતને એક ઋષિના તપનું તેજ મળેલું લાગ્યું. ભોગવટો એ જ જિંદગીનો સૂર નહોતો! ભોગવટા પછીનું ભાન એ માણવા જેવી અવસ્થા હતી. પોતાની ત્રુટિઓ, પોતાની ઠોકરો, પોતાની પ્યાસ, પોતાનો પશ્ચાતાપ—એ સુંદરમાં સુંદર સરગમ હતી. તીવ્ર અને કોમળ સ્વર વિના રાગનું રૂપ ખીલતું નથી, એમ માણસની ત્રુટિ એ તીવ્ર સ્વર છે, સમય વીતી ગયા પછીનું ભાન થાય એ કોમળ સૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવની વચ્ચે ભાન આવતું નથી એ પણ એક સરસ જીવનની બંધેજ છે.

આલિંગનમાંથી એક ક્ષણે સુંદરી સરકી જાય પછી ભાન આવે છે કે મોહ કેવો વિચિત્ર છે!

એવી એવી માયા કરીને લલત આજે જાગ્યો હતો. જાગીને ડુંગરામાં ભમી રહ્યો હતો.

લલતે સૂર લગાડ્યો. જાણે તંબૂરનો ખરજનો તાર બોલ્યો. સા પછીનો કોમળ રિખબ એના ગળામાં આવ્યો ને તરત જ સવારની હવા બંધાઈ ગઈ. કોમળ રિખબમાં આટલી શકિત!

હા, સૂરજ પાસે સવાર છાંટવાની શકિત હતી, એ રીતે કોમળ રિખબ આગળ પણ હૃદય ઉપર પહેલો પ્રહર છાંટવાની શક્તિ હતી!

પણ લલતના ગળાની અંદર આ રિખબ એવી રીતે રહ્યો કે ભળકડાનો સમય લાગે.

લલતની આંખ સામે એક ગુફા આવી. લલત અંદર ગયો. એક યોગી સમાધિમાં હતા. યોગીની આગળ એક વાઘચર્મ પડેલું હતું. એના પર લલત બેઠો.

યોગીએ આંખ ખોલી. 'બચ્ચા બોલ આંહીં શીદ આવ્યો છે?'

લલતે સમજાવ્યું: 'મારા ગળાની અંદર કોમળ રિખબ છે, બીજા કોમળ સ્વરો છે, ધૈવત છે પણ મારી બંધેજમાં હજુ જાન નથી. તમે મને એ આપો."

યોગીએ સમજાવ્યું: "જો તેં જિંદગી જીવી જાણી નહિ હોય તો હું તને કાંઇ આપી શકીશ નહિ.. તું આજે વૈરાગ્યનો રંગ લઈ મારી આગળ આવ્યો છે. તને કહું! વિલાસ વિના વરાગ્યનો સાબદો રંગ મળતો નથી."

લલતે વધુ વાત કરવાને બદલે એના ગળામાંથી એના સૂરીલા અનુભવો કહ્યા—યોગીને સંતોષ થયો.

"લે આ અંજલિ! એનું નામ છે મધ્યમ! પણ આ એકલા મધ્યમનું ગજું નથી તને સતોષવાનું. માટે તું બે મધ્યમ-કોમળ અને તીવ્ર લઈ જા—ને જો! એ સ્વરો તું લગાડીશ એટલે સ્વરનો સાધુ બની જઈશ. કોઇને લાગશે કે પીંગળાના હોઠ ચૂસીને ઝેર પીનારા ભતૃહરિ વૈરાગ્યશતક ગાઇ રહ્યા છે! ફક્ત આ બે સ્વરો ઉપર અટકવાથી તું ભરથરીનું ભગવું રાજ મેળવી શકીશ. જા, હું તને સવારના ચારથી છ સુધીનું સમયરાજ આપું છું."

લલત હવે ફરી ફરીને એને મુકામે જતો હતો. એનો ફરવાનો સમય પૂરો થયો હતો. રસ્તામાં એને મળી ગઈ, ગાંધારી ટોડી.

આ શું? રાતના ભોગી એ સવારના યોગી!... સવારનો સમય એટલે જાગૃતિનો સમય. એમાં આભાસને આસન ન મળે. સૂરજનો તડકો બધા પ્રકારની ઊંઘોને ઉડાડી દે.

એટલે તો આ ટોડી ફૂલ વીણવા ચાલી છે. એને માળા ગૂંથવી છે. કોમળ રિખબનો ચંપો એની પાસે છે, ધૈવતનો મોગરો એની આગળ છે, એને જોઈએ છે એની માળા માટે ગાંધારનું ગુલાબ.

ટોડી ફરતી ફરતી અનેક સૂતેલી વીણાઓને જગાડે છે: "તમારા ધ્વનિના બાગમાં ગાંધારનું ગુલાબ છે?"

વનમાં પંખીઓનાં ગીતથી ફૂલેલાં ગળાં ભણી ટોડી એનો કાન ધરે છે. ગાંધારનું ગુલાબ નથી.

ડુંગરા પર થોડાં માણસો દેખાય છે. ભગવાનના ભોજન માટેના થાળો એ માણસો એમના માથા પર ઉપાડી જાય છે. ભગવાનના ભોજનના થાળો વજનદાર છે. સોના ચાંદીના એ છે. એમાં ઘણી ઘણી વાનગીઓ છે.

એ ઉપાડનારાઓ થાકે છે. તેમના શરીરમાંથી પરિશ્રમનાં ટીપાં પડે છે. એ ટોળામાં એક સ્ત્રી છે. એ સ્ત્રીની આંખે થાકને લીધે અંધારાં આવે છે અને એ સ્ત્રીના માથા પરથી થાળ પડી જાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીને રોવું આવે છે, આખા વનમાં એ રૂદનના સ્વરો રેલાય છે.

એ રૂદનના સ્વરમાંથી ટોડીને ગાંધાર મળી જાય છે. ગાંધારની શ્રુતિ સાંપડે છે. ટોડી એકલી એકલી વનમાં બોલે છે : "આવ મારી શ્રુતિ! તું જેના ગળામાંથી બહાર નીકળી એને મેં દીઠેલ નથી. પણ તું, જ્યાંથી આવી ત્યાંથી—હવે તો મારી આગળ જ રહે, તારામાં જે દર્દ છે એ ઊંડું છે. આછકલું નથી. દુનિયાદારીથી એ દર્દ ઉપર જાય છે–આવ, હું ને તું સાથે જ રે'શું."

રૂમક ઢૂમક ઝાંઝર બોલાવતી પસાર થઈ? ટોડીએ એને જવા દીધી. એને વારી નહિ કારણ કે ટોડી સમજી ગઈ એ રૂમક ઢૂમક વાળીના પગમાં ગજબનો છડ હતો!

સવાર ઊગી ગયું હતું. એની તાજગીનું વસ્ત્ર પહેરી રૂમક ઢૂમક કરતી ભૈરવી ખીલી:

"હું તો ન્હાઈધોઈને આવી છું. જુઓ મારી તંદુરસ્તી! મારા શરીર પર બાર ઘરેણાં છે. એ ઘરેણાંને સામસામાં અફળાવો! એ ધ્વનિમાંથી બાર સ્વરોનાં આંદોલનો તમને સંભળાશે, હા, હું ભૈરવી! છડેચોક હું મોનવદિલ સાથે પ્યાર કરું. બાર સ્વરોમાં હું ઘેરાઈ જાઉં. મારા પગની પાની એટલે? ઉડાન ચાંખડી! તમો સુસ્ત બેઠા હો તો તમને એક વાર તો મારા મંગળચોકમાં ખેંચી જાઉં! મને મારા ઉરની વાત કહેતાં શરમ ન આવે. મારી બધેજ એવી! રિખબ, ગાંધાર, ધૈવત, નિખા બધાં કોમળ! એટલે હું કોમળાંગી! તમારા અંતરનાં આંગણાં ઉપર હું રંગોળી પૂરી જાઉં."

ભૈરવીની વાત વધુ સાંભળવા બેસીએ તો ખૂબ સમય જાય. એને બધો પોશાક ખપે. પંજાબી દુપટ્ટો એ હવામાં ઉડાડે, લાલ લીલો દુપટ્ટો–ઇજારમાં એ નાચે–અને ચોળી ચણીઓ પાટલીનો ઘેર એને શોભે!

એના કપાળમાં ચાંદલો હોય ને ક્યારેક ચાંદલો ન હોય. "મારે ચિંતા શેની? બારે સૂરો મારાં સાથી!"

કોઈ વાર એ છિનાળ જેવી લાગે. ને કોઇ વાર એ સૌભાગ્યવતી લાગે.

આજે એ ઊપડી છે, એક ગોવાળનો પાવો સાંભળવા, એ તો ગોવાળ હારે બેસીને ગીત પણ ગાઈ નાખે. ભૈરવી ગૂમ થાય છે,

બે મિત્રો સાથે સાથે કામે નીકળ્યા લાગે છે. એક છે દેશકાર ને બીજો છે બિલાવલ, તંબૂર સાથેના કોઈ ગળાએ એમને સાદ દીધો છે એટલે તેઓ ત્યાં જાય છે.

હા, સવારના અગિયાર બાર સુધી તેઓને હરવા–ફરવાની છૂટ છે.

બપોર. બહાર તડકો છે. ઘામ છે એ ખંડમાં ઠંડક છે. સુગંધી વાળા પર પાણી છંટાયું છે. મોર-પિચ્છના પંખા ફરે છે. ઘાટીલાં અંગોવાળી એક સ્ત્રી તળાઇ પર પડી છે.

એ લલના ઉપર વિંઝણો ઢોળાય છે તો ય એને મુંઝારો થાય છે. રીસાઈને એ સ્ત્રી તળાઈમાં પડી છે. કોણે એને ચિડવી છે! લેખકોએ? ગીતકારોએ? ચિત્રકારોએ?

હા, ખાસ કરીને એક ચિત્રકારે. ચિત્રકાર ને એ લલના વચ્ચે મુલાકાત થઇ. પરિણામે ચિત્રકારે હાથમાં પીંછી લીધી ને એ કૃતિને કંતાન પર રૂપ આપવા માંડયો.

ચિત્રકાર એની કૃતિમાં એટલો બધો તલ્લિન થઇ ગયો છે! એને ભાન ન રહ્યું કે એક જીવતી જાગતી સ્ત્રીને સામે રાખીને એ એની કલાને સજીવન કરતો હતો.

જે રીતે ચિત્રકારે કહ્યું એ રીતે એ સુંદરી કલાકો લગી ઊભી રહી. ચિત્રકાર એની છબીના પ્યારમાં પડયો. એ એની છબીના હોઠ ચૂમવા લાગ્યો. એની પીંછી પર જીવતી જાગતી સ્ત્રીનાં અંગેઅંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતર્યાં. સ્ત્રીની એ કલાકારે નકલ કરી. ને એ નકલી ચિત્રના મોહમાં પડી ગયો. એની કલાને જીવાડનાર સ્ત્રીને એણે તજી દીધીઃ એને સારા બોલે બોલાવી નહિ...ને એક ક્ષણે એ સ્ત્રી ચિત્રકારની કૃતિને ઠોકરે મારીને ચાલી નીકળી.

પછીથી એ આ ખંડમાં પુરાણી છે. એને બહાર નીકળવું ગમતું નથી. એને કોઈની સાથે વાત કરવાનું ફાવતું નથી. એના અંગ પર પવન સતત ઢોળાયા કરે છે તોય એને રાહત નથી.

એ લલનાનું શરીર ઓછા પ્રસ્વેદને કારણે વધુ મારકણું થયું છે. અંગનો ઘાટ એને લઇને નીકળી આવ્યો છે. કોઈ મસ્તી પડી હોય એમ લાગે છે.

બે તંબૂરને ઊંધા રાખી દીધા હોય એવી રીતે એ આડી પડી છે. સુગંધી વાળો સુવાસ વેરે છે. એને કોઇએ બોલાવાની નથી એવું એ સ્ત્રીનું ફરમાન છે.

એ ખંડમાં કોઈની પણ પરવા કર્યા વિના સારંગ દાખલ થાય છે. સારંગ જઈને તરત જ એ સ્ત્રીના કાનમાં કાંઈક કહે છે. અર્ધાં ભીનાં અંગો પર જાણે કોઇની ગુલાબી ફૂંક પડે છે.

તોય સ્ત્રી બેઠી થતી નથી. એના હૃદયમાં અન્યાયનું દર્દ એટલું ભર્યું છે કે એના પર અસર નથી.

સારંગ લલનાની પાસે બેસી સૂર છોડે છે. સારંગ કહે છેઃ "મારો બનાવેલો આ રાગ છે. અનેક પ્રકારના સારંગ છે પણ અત્યારે હું ગૌડ સારંગ ગાઉં છું. મેં ગૌડ સારંગ તારા જેવી સજની માટે રચ્યો છે."

ગૌડ- સારંગનાં સ્વરનાં કણો વેરાવા માંડે છે. સુગંધીવાળાની સુવાસ, મોરપિચ્છનો વાસર, બપોરની સુંદર આવકારદાયક સુસ્તી. જીવનનું મંગળ ઘેન.

હાય ! ગૌડસારંગ એ લલનાથી ખમાતો નથી. એ સફાળી બેઠી થાય છે. ક્ષણે ક્ષણે એ રાગની મસ્તીમાં એ સ્ત્રી તણાવા લાગે છે.

શું ગૌડસારંગની શરૂઆત છે ! પહેલા ત્રણ ચાર સ્વરો જ હવા જમાવે છે. ટીપના સા ઉપરથી હેઠળના મધ્યમને ચુંબન ભરીને, ચુંબન માટે વધુ અટકીને ફરી નીચેના સા પર આવતાં આવતાં તો હૃદયનું રેશમ ગૂંથાય છે.

અંતરામાં ખૂબ સિફત રાખવાની રહે છે અને ટીપનો સા લગાડયા પછી તરત જ નીચા ચાલ્યા આવવું પડે છે. નહિંતર બિહાગની સરહદ આવી જાય છે. બિહાગની સરહદમાં ગૌડસારંગનું રાજ કેમ ચાલે ?

લલના સારંગની પાસે ને પાસે જતી જાય છે. મંગળમાં મંગળ સ્વરો. અને છતાં મસ્તી ! સારંગ ગાયે જાય છે. લલના સારંગને વળગી પડે છે. અધરો મળે છે. ચિત્રકારે તજેલી એક ઉમદામાં ઉમદા અંગવાળી સ્ત્રીનું હૃદય સારંગ જીતી જાય છે. સ્ત્રી બોલે છે. "હવે જ્યાં તું ત્યાં હું."

સાંજ પહેલાં સારંગ અને એની નવી મેળવેલી સજની અદૃશ્ય થાય છે.

કોઈ દેખાતું નથી. જૂનું દેરું છે. દેરાના ખૂણાપર કરોળિયા એમની ભક્તિની માળા ચડાવતા હોય એ રીતે બાવાં ચડાવે છે. દીવા થવાને વાર છે. સંધ્યાને ખીલવાને પણ થોડી જ વાર છે.

દેરાના એક ખૂણામાં એક ખવાઈ ગએલાં લાકડાંની પાટ છે. એના પર નગારું છે. નગારાનું ચામડું અડધું ગયબ થઈ ગયું છે. નગારું પીટવાની દાંડી કોઈનાં હાથની વાટ જોતી નગારાના પાડોશમાં પડી છે.

શંખ એમને એમ પડયો છે. પણ એ બોડો થઇ ગએલો શંખ છે.

દેરાની અંદર જે કમાડ છે એ ઉઘાડું છે. પણ અંદર કોઇ માણસ જણાતું નથી.

એક થાળી છે. એમાં ઘીનો પૂરેલો દીવો છે, અબિલ છે, ગુલાલ છે, ચોખા છે, અડદ છે. ધૂપ છે, દસ ફેણની આરતી ત્યાં પડી છે.

સામગ્રી છે પણ માણસનું નામ નથી. સાંજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવન ફૂંકાય છે. પવન અવાવરુ દેરામાં આંટા મારવા લાગે છે. શંખનાં પોલાણમાં પવન ઘૂસે છે ને બહાર નીકળે છે, ભાંગેલા નગારા પર પવન થપાટો મારી જાય છે, સુસવાટો થાય છે ને એમાંથી સુરાવટ જાગે છે.

પુરવી અને પરજ. ભયાનક સૂરો એકલા એકલા પવન સાથે આંટા મારે છે. ખંડેરનું સંગીત ! હા, એક દિવસ જે દેવાલયનો મહિમા હતો એ દેવાલય અપૂજ પડયું હતું. માણસોએ એ દેરું તજી દીધું હતું. એ તો માનવજાતની ટેવ છે. ઈમારત એક દિવસ ભવ્ય, જીવતી જાગતી કિલ્લોલ કરતી અને જમાના પછી એ ઈમારતનું નામ ખંડેર ! આ અવસ્થાનું દુઃખ થતું હોય, જીવ વિનાની આ સામગ્રીનો માનવ-સ્પર્શ છૂટી ગયો એનું દર્દ થતું હોય એ રીતે પવન આ પુરવી અને પરજની બંધેજ રજૂ કરી જાય છે.

આ કોનો અવાજ ? કોનો આ સાદ ? દીવાનાં દોરી જેવાં સોનેરી તેજને ઝુલાવો કરે છે ? કોણ ? શુદ્ધ કલ્યાણ. શુદ્ધ કલ્યાણ તેજનો ફેરિયો છે. એના વાહનમાં તેજને એ પહેલી જગ્યા આપે છે.

સુધરાઈ ખાતાના નોકરો શહેરની બત્તીઓ સાંજ પડે સળગાવી જાય છે એવી અદા આ કલ્યાણમાં નથી. એ તો એક સૂરના રાજાના દિમાકથી એનું કામ કરે છે.

એનો ધ્વનિ અંધારાંને ઊલેચનારો છે એટલે એનું નામ છે, કલ્યાણ. અજવાળાનો એ પ્રતિનિધિ છે. પણ એનામાં અજવાળાની નરી મગરૂરી નથી. ના, રે ના ! એ તો સાંજને રોકે છે. સાંજના ખબર અંતર પૂછે છે. દિવસના મૃત્યુ માટે એ સરસ સ્વરના પાઠ કરે છે. દિવસનું મોત બગડે નહિ એવી રીતે એ વાતાવરણને શુદ્ધ કરે છે.

એની પાસે છે, તીવ્ર રિખબ, તીવ્ર ગાંધાર; કોમળ સ્વરો એની પાસે નથી તોય એ કુમાશ આપી જાય છે.

દીવાનું સ્વાગત કરતાં કરતાં એ સંધ્યા માટે નિશ્વાસ નાખે છે. કલ્યાણ વિના રાત પડે નહિ, એવી એની સ્વરશક્તિ છે.

સપનાનાં પ્રદેશમાં માનવી રાતે ઊતરે, શયન-ખંડની દુનિયામાં સ્ત્રી-પુરુષ જીવવા જાય, રાતની જવાબદારીમાં પુરુષ અને સ્ત્રી દાખલ થાય એમને કલ્યાણ ગંભીર બનવાનું સમજાવે છે. જો જો હોં, સેજના બગીચાને સાવ વેડફી ન નાખતા. સંભાળજો હોં, સેજના કારભારને બટ્ટો ન લગાડતા. સાંભળો ! સેજ પર અનેક સ્ત્રી પુરુષોનાં આંસુ પડયાં છે. જિંદગીની મુલાયમ પળો સેજમાં સળવળે છે. એમાં ગીત છે, એમાં ગાળ પણ છે. એમાં સુગંધ છે, એમાં બદબૂ પણ છે. એમાં ઝરણાં છે ને એમાં ખાબોચિયાં છે. એમાં રૂપ છે ને એમાં કરૂપ પણ છે. એમાં ફૂલ-માળ છે અને ફાંસીય છે. સેજના આવા વિરોધો પર હું સૌનું ધ્યાન ખેંચું છું અને સૌનું કલ્યાણ ઈચ્છું છું. સેજનું જીવન મહત્ત્વનું જીવન છે, એ વાત કહેતાં હું લગીરે ડરતો નથી. ઉરનો ઈતિહાસ રાત્રિએ લખાય છે. એની હું તમને જાણ કરું છું. જાવ, દીવાની દુનિયામાં ઊપડી જાવ."

કલ્યાણનો અમલ પૂરો થાય છે.

અરધી રાત વીતી ગઈ છે. એને રોવા દો. એના કાનમાં ડહાપણનો બોલ મેલવો નથી. એને દિલાસાની જરૂર નથી. એને દિલાસો આપનાર એનું ગળું છે.

માલકંસ પથ્થર પર બેઠો છે. એકલો બેઠો છે. એને એક અશકય લાગતી બીના પાર પાડવી છે. એ આસ્તેથી કહે છે :

"મારે તો પથ્થરને પીગળાવવો છે. માણસને તો સૌ પીગળાવે. મારે પાણાને હૃદયવાળો કરવો છે.

ગ, મ, ધ, નિ અને મધ્યમનો મુકામ ! હદ હો ગઈ ! રૂદન, મર્દમાણસનું રૂદન. મસ્ત કવિનું રૂદન. સિંહની આંખનું આંસુ. નિશ્વાસનો તાલ.

જરૂર ! માલકંસ એક દિવસ આશક હોવો જોઈએ. એના પ્રણયને એ સર કરી શકયો નહિ હોય. એણે જગતના દરેક આશકના દિલનો પારો, હલતો પારો, એની હથેળીમાં રાખ્યો હશે. અને એ હલતા પારા-માંથી એણે એની હલક બાંધી હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશાદી પણ કેવી ? વિષાદ પણ કેવો ? પહાડની કોઈ ઊંચામાં ઊંચી ધારના જેવો ! ના, નિશ્વાસ ફૂલોના વગડા જેવો !

કદાચ માલકંસ પથ્થર પીગળાવી નહિ શકે ! એ પથ્થર પીગળાવી શકે તોજ એ બેરહમ સનમને મનાવી શકે. માશુકના કઠોર હયાને પીગળાવી શકે !

માલકંસે એ સારું કર્યું. પહેલાં પથ્થર, પછી માશુક.

જમાનાઓ આવ્યા છે. ને ગયા છે. પથ્થર પીગળ્યો નથી. માલકંસનો આલાપ અટકયો નથી. મધરાતનો એ સ્વર અટકયો નથી.

કોઈ જાણકાર કહે છે કે માલકંસને ખબર નથી; પણ જાણકારે જોયું છે કે પથ્થર આગળથી જે ઝરણ ચાલતું થયું છે એમાં પથ્થરનાં છાનાં આંસુ છે. પથ્થર માલકંસને ખબર ન પડે એવી રીતે માલકંસની આજીજીથી છાનુંમાનું રોઈ લ્યે છે. ને આ રીતે પથ્થરનાં આંસુ, જગતનાં આશક–માશુકની યાદને રોતાં ઝરણાંની મારફત ઊજવે છે.

માલકંસ પછી બીતી બીતી સોહિણી આવે છે. પણ માલકંસને કાંઇ કહેવાની એનામાં હિંમત નથી. માલકંસ પછી બીજા કોઇની હવા જમાવવી અતિશય મુશ્કેલ છે.

અજબ રીતે રોતા માલકંસને છાનો રાખવા માટે એના જેવો જ એક અનુભવી ધીરગંભીર ભૈરવ આવે છે. ભૈરવ માલકંસની પાસે બેસીને કહે છે:

"તું શોક કર મા. તારી ગમગીનીએ મને દૃષ્ટિ આપી છે.

મારું તું કહેવું સાંભળ ! હું ફિલસૂફ છું. પ્રેમમાં હારી જવું એ તો કલાને જીતવા બરોબર છે. એ પરાજયમાંથી કલાનો જન્મ થાય છે. તારું રુદન નકામું ઠરશે નહિ. મને જરા સાંભળ ! મારું સંગીત સાંભળીને જોગીઓએ એનો જોગ ઝળકાવ્યો છે. હું જઇશ ને જોજે ! મારી સૂરપગલીઓ પર ફૂલ મૂકવા જોગીઓ આવશે. પણ હું તો તને લેવા જ આવ્યો છું. ચાલ ભાઇ ! આપણે ચાલ્યા જઈએ ! આપણે કોઈ સરોવરમાં સ્નાન કરી આવીએ. આપણે ઊઘડનારા સુમનમાંથી ભમરો ઊડી જાય એ ક્ષણે હાજર રહીએ. ચાલ મારી સાથે ચાલ.'

નિષ્પક્ષ

એક મોટી મિલકતના વારસાહક બાબતનો મુકર્દમો ચાલતો હતો. ન્યાયાધીશ ઘણા કરડા અને એક ઘાને બે કટકાની નીતિમાં માનનારા ગણાતા હતા.

એક દિવસ ઊઘડતી અદાલતે ન્યાયમૂર્તિ અદાલતને સંબોધીને બોલ્યા : 'સદ્‌ગૃહસ્થો, આ ખટલામાંના ફરિયાદી તરફથી રૂા. ૧૦,૦૦૦ નો અને બચાવપક્ષ તરફથી રૂા. ૧૫,૦૦૦ નો, એમ બે ચેક મને મળ્યા છે. બચાવપક્ષને રૂા. ૫૦૦૦ પાછા આપીને પછી આ ખટલાનો ચુકાદો માત્ર તેના ગુણદોષ ઉપરથી આપવાનો મેં નિર્ણય કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાંતર કે રૂપાંતર?

ઉમાશંકર જોષી

વિખ્યાત ફ્રેંચ કવિ વિકટર હ્યુગો પોતાના લોકશાહી વિચારોને કારણે ઇ. સ. ૧૮૫૧થી ૧૮૭૦ સુધી દેશવટો ભોગવી રહ્યા હતા. તે દરમ્યાન 'લે મિઝરાબ્લ' લખાયું હતું અને ઇ. સ. ૧૮૬૨માં, એક જ દિવસે આઠ મોટાં શહેરોમાં જુદી જુદી દસ ભાષાઓમાં એ પ્રગટ થયું હતું. તે દિવસથી એણે હ્યુગોની વિપુલ સાહિત્યરચનાઓમાં તો અગ્રસ્થાન મેળવ્યું જ છે, પણ સમગ્ર નવલકથાસાહિત્યમાં પણ એક અનોખી કૃતિ તરીકે એ પંકાયું છે.

યૂરોપે છેલ્લાં સો–સવાસો વરસમાં આપણાં પ્રાચીન પુરાણોની કાંઇક યાદ આપે એવી જે કેટલીક મહાકાય નવલકથાઓ સર્જી છે તેમાંની 'લે મિઝરાબ્લ' એ એક છે. આ અર્વાચીન યૂરોપીય પુરાણકથાઓમાં પણ અનેક આડકથાઓ આવી મળતાં મૂળ કથાનો પ્રવાહ પુષ્ટ થતો હોય છે અને એ બધી શાખા–પ્રશાખાઓ પોતાની સાથે સમાજના ખૂણેખૂણાની વાત લઈ આવી હોય છે, તેમજ અંતે આખોય કથા-પ્રવાહ રચનારને પ્રિય એવી કોઇ વિશાળ ધર્મભાવના-ના સાગરસંગીતમાં વિલીન થઇ જતો હોય છે.

'લે મિઝરાબ્લ'નાં કોઈ પણ ચાર પૃષ્ઠ વાંચતાં વરતાઈ આવે એવું છે કે હ્યુગોના હૃદયમાં રમી રહી છે તે માનવધર્મની ભાવના છે. એ ભાવનાનો ફુવારો આપણે ત્યાં તો યુગે યુગે અવિચ્છિન્ન ઊડયાં જ કર્યો છે. ભક્તકવિ ચંડીદાસે ગાયું છે: 'સબાર ઉપર માનુષ આછે, તાહાર ઉપર નાઈ.'–સર્વની ઉપર મનુષ્ય છે, તેની ઉપર કોઇ નથી. મનુષ્યનું આવું બહુમાન યૂરોપમાં ૧૮મી સદીના અંતમાં મહાનુભાવ રૂસોએ ભારે જોરશોરથી કર્યું. પ્રત્યેક જીવાત્માના, પ્રત્યેક વ્યક્તિના મહત્ત્વનો રૂસોએ ઉદ્‌ઘોષ કર્યો. ફ્રાન્સમાં થયેલી ૧૭૮૯ની ક્રાન્તિમાં રૂસોની આ ઘોષણાનો ફાળો નાનોસૂનો લેખાતો નથી. વ્યક્તિનું ગૌરવ પૂર્ણપણે ખીલી ઊઠે તે તો કેવળ પ્રકૃતિના ખોળામાં જ, એ વિચાર પણ રૂસોએ આગળ કર્યો હતો. પરિણામે, શહેરોની ઊંચનીચભેદવાળી કહેવાતી સંસ્કૃતિ સામે અણગમો જાગ્યો અને એ કહેવાતી સંસ્કૃતિથી અલિપ્ત એવાં કુદરતને ખોળે કિલ્લોલતાં નિર્દોષ માનવબાળ માટે પક્ષપાતનું વલણ જામ્યું. આની સાથે, શહેરોની કહેવાતી 'સંસ્કૃતિ'ના ભોગ બનેલ, સમાજનાં ષડ્‌યંત્રોમાં પીલાઈ વિકૃત બનેલ, કંગાલ, ભિખારી, વેઠિયા, ગુનેગાર, વગેરે માટે પારાવાર સહાનુભૂતિની–સહાનુકંપાની લાગણી ઉછળવા માંડે એ પણ સ્વાભાવિક જ હતું. 'લે મિઝરાબ્લ'માં આ લાગણીનું ઉજ્જવળ પ્રતિબિંબ ઝીલાયું છે.

જિન વાલજિન પ્રામાણિકપણે મજૂરી કરી બેન અને ભાણેજિયાંનું પોષણ કરતો. બેકાર બનતાં એકવાર એ રોટી ચોરવા જાય છે અને એ માટે પાંચ વરસની સજા પામે છે, જે કેદખાનામાં થયેલા બીજા ગુનાઓને લીધે ઓગણીસ વરસ સુધી પહોંચે છે. રીઢો ગુનેગાર બની આખરે એ છૂટે છે ત્યારે દુનિયા આખી એની પૂંઠે કૂતરાં મેલે છે. માત્ર એક પાદરીનું હૃદય એને વધાવે છે અને ચોરી ઉપર સામેથી શિરપાવ આપે છે. આ 'મંગળમૂર્તિ' પાદરીનો પરિચય જિન વાલજિનના હૃદયને સનાતન માનવતાના રાજમાર્ગ ઉપર પાછું ચઢાવી દે છે. મેડેલીન નામથી એક ગામમાં એ નવો અવતાર શરૂ કરે છે અને પરગજુ નગરપતિ બની ચોમેર સાધુતાની સુવાસ પ્રસારે છે. જેવર્ટ નામના એક પોલિસ અધિકારીને મેડેલીન વિશે શંકા રહ્યા કરે છે. પણ જિન વાલજિન તરીકે કોઈ નિર્દોષ ખેડૂત પકડાયાનું જાણી મેડેલીન પોતેજ ન્યાયમંદિરમાં હાજર થઇ ફરી કેદી થવાનું સ્વીકારે છે. એક ખલાસીને વહાણના ઊંચા વાંસ પરથી બચાવી, પોતે સમુદ્રમાં ઝંપલાવી, અદૃશ્ય થઈ, ફરી પાછો જિન વાલજિન સમાજમાં ડોકું કાઢે છે. મેડે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીન તરીકે, એક કુમારી માતાને અંતકાળે, મદદરૂપ થયેલો તેની દીકરી કોઝેટને વીશીની કાળી મજૂરીમાંથી છોડવી એ પેરિસ ભેગો થાય છે. પણ ત્યાં જેવર્ટ બે ડગલાં આગળ જ હતો! નાસીને સાધ્વીઓના મઠમાં પોતે માળી તરીકે રહી ત્યાં જ કોઝેટને ભણવા મૂકે છે. કોઝેટ મોટી થતાં મેરિયસ નામના એક નબીરાના પ્રેમમાં પડે છે. ઈ. સ. ૧૮૩૨ના જ્વલંત દિવસોમાં પેરિસમાં વિપ્લવ ભભૂકી ઊઠે છે તેમાં તે એક અગ્રણી છે. ક્રાન્તિકારીઓના હાથમાં જેવર્ટ જાસૂસ તરીકે સપડાઇ જાય છે. જિન વાલજિન (હવે તેનું નામ ફોશલવેન્ટ છે) પોતે એને પૂરો કરવાની રજા મેળવી તમંચાની અણીએ એને ગલીને નાકે લઇ જઇ હાથપગનાં બંધન કાપી નાખી છૂટો કરી, હવામાં ખાલી બાર કરે છે. પાછળથી વિપ્લવિવાદીઓનું આવી બને છે. જિન વાલજિન સલામત છે, પણ મેરિયસ ઘવાઇને બેભાન બન્યો છે. તેને ઊંચકીને, બીજો કોઈ રસ્તો ન હોઇ ગટરમાર્ગે એ બચી છૂટે છે. નદીકિનારા પાસે બહાર નીકળે છે તો સામે જેવર્ટ! મેરિયસને એના દાદાને ત્યાં મૂકી આવવા પૂરતી તે માગણી કરે છે. મેરિયસને એને ઘેર સોંપ્યા પછી જિન વાલજિન પોતાની ઓલીએ ડોકિયું કર્યા બાદ પકડાવાની ઇચ્છા બતાવે છે. ત્યાં પહોંચ્યા પછી જેવર્ટ કહે છે, ગાડી ઊભી છે, તમે ઉપર જઇ આવો. જિન વાલજિન પાછો આવીને જુએ છે તો નહિ ગાડી કે નહિ જેવર્ટ! પોલિસ કચેરીએ જઈ છેલ્લો અહેવાલ પેશ કરી જેવર્ટ સીધો સીન નદીએ જઈ તેનાં જળમાં અદૃશ્ય થાય છે. અહીં મેરિયસ સાજો થઇ કોઝેટને પરણે છે. જિન-વાલજિન, પોતે નાસી છૂટેલ કેદી છે–એ વાત મેરિયસને કહે છે. નવદંપતી ધીમે ધીમે તેની માયા ઓછી કરી દે છે. ડોસો એકલો દહાડા કાઢે છે. પણ તેના મૃત્યુ પહેલાં મેરિયસ જાણવા પામે છે કે પોતાની જિંદગી બચાવનાર ડોસો તે આ માણસ જ છે. દંપતી ડોસા પાસે દોડી પહોંચે છે. ત્યાં, અંતિમ ઘડી આવી પહોંચી છે. જિન વાલજિન કહે છે: "ઓરાં આવો, બંને જણાં ઓરાં આવો... આ રીતે મરવું કેવું રૂડું છે!...મારે તમને એ વાત કશીક કહેવી હતી, પણ રહો, હવે એની કાંઈ જરૂર નથી. જરી ઓરાં આવો તો, મારાં બાળુડાં! આમ મરતાં પણ કેટલું સુખ છે!"

ખરેજ, જિન વાલજિનને જગત સુખી જીવન જીવવા દે એમ ન હતું; તેમ છતાં એણે, જગતની બુરાઇઓ જીરવી જઈ, પોતાની અંદર પેલા પાદરીએ પ્રગટાવેલી ભલાઇને બુઝાવા ન દઈ, જે ધીરજભરી અખૂટ સહનશીલતા દાખવી, તેને અંતે સુખભરી મૃત્યુઘડી જરૂર મેળવી હતી. પોતાની પાછળ બે સુકુમાર કોડભર્યાં દંપતીને–બંનેનાં જીવનનું પોતાના પ્રાણને ભોગે રક્ષણ કરીને–મૂકતો ગયો હતો. અને જેવર્ટ? તેને પણ એણે મોટું જીવનદાન કર્યું ન હતું? એનો સ્થૂળ દેહ એકવાર પોતે બચાવ્યો હતો એ તો ઠીક. પણ કાયદા કરતાં પણ કાંઇક (માનવઆત્મા) મહાન છે એ સત્યનો સાક્ષાત્કાર પોતાને લીધે જેવર્ટને થયો ન હતો? તેની એણે સીનમાં ઝંપલાવીને પ્રાણથી જે કિંમત આપી તે કાંઈ બહુ મોટી હરગીજ ન હતી.

'લે મિઝરાબ્લ' એ, આમ, ઉપલકદષ્ટિએ જગતનાં દીન, દુખિયાં, દબાયાં, દુભાયાંની કરુણ કથા લાગે છે, પણ જરીક જ ઊંડું જોતાં દુનિયાના નિર્ઘૃણ સ્વાર્થપોપડાઓ નીચે કલકલ વહી રહેલા ચિરંતન માનવતાઝરણનું આપણને દર્શન અને પાન કરાવનારી એ એક મંગલકથા બની રહે છે.

હ્યુગોની રંગદર્શી લેખણીએ કથા ભારે સચોટતાથી રજૂ કરી છે. કથાનો વેગ ક્યાંય કથળતો નથી, સાદી છતાં એકએકથી વધુ આશ્ચર્યકારક ઘટનાઓ નજર આગળ બનતી જ રહે છે, અને ન્યાયમંદિરમાં મેડેલીન હાજર થાય છે, જિન વાલજિન ખલાસીને બચાવે છે, વગેરે ચિત્રો તો હૃદયમાં છપાઇ જ જાય એવાં છે! 'પાદરીની દીવીઓ'નું અંગ્રેજીમાં એકાંકી નાટક થઇ ચૂક્યું છે. એવાં નાટકો આ કથામાં વેરાયેલાં પડ્યાં દેખાશે.

આખી ગાથા મહાકાવ્યની ભવ્યતા ધારણ કરે છે અને વાક્યે વાક્યે એમાંથી ઊર્મિકવિતા ઝરે છે. લિટન સ્ટ્રેચી કહે છે કે શબ્દ ઉપરના પ્રભુત્વમાં હ્યુગો એક શેક્સપિયર કરતાં જ ઊતરે એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘણીવાર આ શબ્દસ્વામિત્વ એ શબ્દાડંબર તરફ પણ લેખણીને ઘસડી ગયા વગર રહેતું નથી. અને હ્યુગોને એ કારણે થોડુંક વેઠવું પણ પડયું છે. આજે વિવેચકો હ્યુગોની અમર કૃતિઓ માટે એની ગદ્યરચનાઓ કે અનિયંત્રિત પદ્યરચનાઓ તરફ નહિ પણ દઢ છંદોબંધનમાં રાચતી એની કવિતા તરફ મીટ માંડે છે. કોઇ કોઇ રસજ્ઞને 'લે મિઝરાબ્લ' આજે અતિકાય લાગે છે.

અને તેથી ભાઈશ્રી મૂળશંકરે 'લે મિઝરાબ્લ'નો સંક્ષેપ આપ્યો એમાં બેવડું ઔચિત્ય સધાયું છે. ઉપર સૂચવ્યો છે તેવો શૈલીનો મેદ દૂર થયો અને વિદ્યાર્થીઓને એક રોચક, સરળ અને સાચો સંક્ષેપ પણ મળ્યો. આવા સંક્ષેપ કરવાનો હક, જે લેખક મૂળ કથાના રસને પી ડોલી ઊઠયો હોય અને એને માટે જેને એવી ગાઢ આત્મીયતા બંધાઈ હોય કે પોતે એને સર્વથા વફાદાર જ રહે, તેને જ હોઇ શકે. શ્રી. મૂળશંકરે મૂળનો રસ આપણને પહોંચાડવામાં કશી જ કમી રાખી નથી.

ભાષાંતર કે રૂપાંતર ?—એ પ્રશ્ન આ જાતના પ્રયાસો વખતે હમેશાં ઊભો થાય છે. પ્રકાશકો બૂમો પાડે છે કે ગુજરાતી વાંચકો રાસ્કોલ્નિકોફ કે ઇવાનોવિચ જેવાં વિશેષનામો જોતાં જ ત્રાસી ઊઠે છે, ત્યારે અનુવાદકો ધા નાખે છે કે મેરિયાનું મધુરી કે તુસોફિયાનું સુનન્દા કરી તેમને ગુજરાતી કપડાં પહેરાવવાથી આખી કથા કાંઈ ગુજરાતના વાતાવરણમાં ગોઠવાવી સહેલી નથી. વિશેષનામો અંગેનો વાંધો બહુ મોટો ગણાવો જોઇએ નહિ. આ મહાયુદ્ધમાં યૂરોપનાં કેટકેટલાં અજાણ્યાં નાનાંમોટાં સ્થળોનાં નામ છાપાં દ્વારા આપણી જીભને ટેરવે ચઢી ગયાં હતાં ? આપણે જો જાણીએ કે મ્વિરફીન કરીને કોઈ ઓલિયો હોઇ શકે છે કે બોએટ્રીસ કરીને કોઈ સન્નારી સંભવે છે તો એથી આપણા માનસિક કુટુમ્બનો વિસ્તાર જ થશે અને દૂરદૂરના પ્રદેશોમાં આપણાં સ્વજનો છે એવી આત્મીયતાની ભાવનાને બળ મળશે. રૂપાંતર કરવા જતાં તો કેટલીક વાર મૂળ વસ્તુનું સ્વરૂપ જ બદલાઈ જવાનો ભય છે. ભાઈશ્રી મૂળશંકરે રૂપાંતરને બદલે સંક્ષેપમાં પણ ભાષાંતર આપ્યું છે તે યોગ્ય જ થયું છે. ફ્રેન્ચ નામો ફ્રેન્ચ ઉચ્ચારો પ્રમાણે જ (જેમકે જિન વાલજિન જ્યૉં વાલ્જ્યૉં) નથી અપાયાં એ-પ્રમાણમાં, ગૌણ બાબત છે.

ભાષાંતરની શૈલી સરળ, તળપદી અને રોચક છે. વચ્ચે વચ્ચે આવતા બોલચાલના રૂઢિપ્રયોગો અને લહેકા ભાષાંતરને જીવતું કરી મૂકવા માટે પૂરતા છે. કથારસિકો, ખાસકરી વિદ્યાર્થીઓ, આ પુસ્તક હોંસે હોંસે વાંચશે એમાં શંકા નથી.

ભાઈશ્રી મૂળશંકરને 'લે મિઝરાબ્લ' જેવા એક ગૌરવગ્રંથનો સ્વભાષામાં સંક્ષેપ આપવાનું સાહસ ઉઠાવવા માટે અને શિષ્ટ, સુઘડ સંક્ષેપ રજૂ કરી એ સાહસમાં સફળતા મેળવવા માટે અભિનંદન ઘટે છે.

* 'લે મિઝરેબ્લ'ના આમુખ રૂપે લખાયેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રખર પુરુષાર્થના ઘડવૈયા

શ્રી. કાકાસાહેબ કાલેલકર

મહારાષ્ટ્રની રાજધાની સતારામાં સને ૧૮૮૫ના ડીસેમ્બરની પહેલી તારીખે જન્મ થયો. આપણી રાષ્ટ્રીય મહાસભા (National congress) પણ એજ વર્ષે એજ મહિનામાં નાતાલમાં જન્મી.

પિતાશ્રી કલેકટરના હેડ એકાઉન્ટન્ટ હતા. એ હોદ્દા ઉપર એમણે સતારા, કારવાર, ધારવાડ, બેલગામ આદિ જીલ્લાઓમાં કામ કર્યું. આખરે પેન્શન લીધા પછી સાંગલી નામના દેશી રાજ્યમાં રાજ્યના ટ્રેઝરી ઓફીસર તરીકે એમણે કામ કર્યું હતું. માતાપિતા બન્ને ધર્મનિષ્ટ ભક્તિમાર્ગી રૂઢિપરાયણ સનાતન વૃત્તિના હતા. નોકરીને કારણે અને ધાર્મિક લાગણીને કારણે એમણે મહારાષ્ટ્ર, કર્ણાટકમાં જે મુસાફરી કરી તેનો લાભ બચપણથી બાળક દત્તુને મળ્યો. પિતા જોડે સતારા, સજ્જનવાડ, જરંડા, બેલગામ, શાહપુર, કારવાર, ગોકર્ણ, ગોવા, ધારવાડ, સાવંતવાડી, મીરજ, જત, પંઢરપુર, રામદુર્ગ, મૂધોળ, સાવનુર, જમખંડી, સાંગલી. વિ. શહેરો અને રાજધાનીઓમાં રહેવું પડવાથી મુસાફરીનો લાભ મળ્યો. ઘણોખરો પ્રવાસ બળદગાડીમાં થવાથી નિસર્ગનું નિરીક્ષણ કરવાની તક મળી. અને કુદરત પ્રત્યે પ્રેમ બંધાયો. મહારાષ્ટ્ર, કર્ણાટકમાં સમાજનું અને દેશી રાજ્યોની પરિસ્થિતિનું જ્ઞાન પણ સહેજ થયું. પણ આવી સ્થિાતમાં ભણતર રખડે એમાં આશ્ચર્ય શું? કોઈ પણ એક નિશાળમાં એક વર્ષ ભાગ્યેજ ગાળ્યું હોય.

સને ૧૯૦૩માં બેલગામમાં સરદાર હાઈસ્કુલમાંથી મેટ્રીક અને યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલ બન્ને પરીક્ષાઓ પહેલેજ વર્ષે પાસ કરી અને પુના જઇ ફર્ગ્યુસન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. એન્જીનીયરીંગ તરફ આકર્ષણ હોવા છતાં ૧૯૦૪ થી ૧૯૦૭ સુધીના ચાર વર્ષ ફર્ગ્યુસન કોલેજમાં આર્ટસ કોર્સમાં ગાળ્યા અને ગણિત લેવાને બદલે લૉજિક અને મૉરલ ફિલોસોફી ઐચ્છિક વિષય લીધો. આ જ દિવસોમાં સ્વદેશી અને બહિષ્કારની હિલચાલ શરૂ થઈ. બંગભંગ પછી સરકારે જે દમનનીતિ ચલાવી તેને પરિણામે ક્રાંતિ અને કાવત્રાનું જે વાતાવરણ દેશમાં ઉત્પન્ન થયું તેમાં યુવાન હૃદયનું તણાઇ જવું સ્વભાવિક હતું.

૧૯૦૮માં પિતાશ્રીના દબાણના કારણે પહેલી એલ. એલ. બી. પાસ કરી. બીજી એલ. એલ. બી. ના ટર્મ્સ અર્ધા ભર્યા હતા. એટલામાં પિતાશ્રીનો દેહાંત થયો. અને ભણતરનો સ્વાભાવિક રીતે અંત આવ્યો. વકિલાત કરવાની દાનત તો હતીજ. દેશના ક્રાંતિકાર્યમાં સક્રિય ભાગ લેવો અને રાષ્ટ્રિય શિક્ષણને જીવન અર્પણ કરવું આ બે સંકલ્પો બંધાયા હતા. તેને માટે રસ્તો મોકળો થયો.

પ્રથમ બેલગામની રાષ્ટ્રીય શાળા–ગણેશ વિદ્યાલયમાં મુખ્ય અધ્યાપકનું કામ માસિક આઠ રૂપિયામાં શરૂ કર્યું. ત્યાનું પ્રતિગામી સનાતની વાતાવરણ પસંદ ન પડવાથી એ કામ છોડી દીધું. રાજદ્વારી હિલચાલમાં જહાલ પક્ષ તરફથી નરમદળ (moderates) ની જે નિંદા થતી તે અસહ્ય થઇ હતી.

કોલેજના દિવસોમાંજ બુદ્ધિવાદી (Rationalistic) સાહિત્ય વાંચીને ધર્મો અને ધર્મશાસ્ત્રો, ઇશ્વર અને પરલોક, આવી ગૂઢ વસ્તુઓ વિષે અશ્રદ્ધા ઊભી થઇ હતી અને નાસ્તિકવાદનો પુરસ્કાર કરવામાં વખત ગાળ્યો હતો. આગળ જતાં ડૉ. ભાંડારકર અને ન્યાયમૂર્તિ રાનડેનું સાહિત્ય વાંચી પ્રાર્થના સમાજ તરફ વલણ થયું. એમાંથી સ્વામી વિવેકાનંદના વેદાંત પ્રત્યે અભિરુચિ જાગી. પરિણામે ગીતા અને ઉપનિષદોનો અભ્યાસ શરૂ થયો. અનેક ધર્મોના ગ્રંથોનો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી અંતે શ્રી રવીન્દ્રનાથ અને મહાત્મા ગાંધીના તત્ત્વજ્ઞાન ઉપર બુદ્ધિ સ્થિર થઇ. ભગવાન બુદ્ધના જીવન અને ઉપદેશનો મન પર ઊંડો પ્રભાવ થયો હતો.

કાયદાનું અધ્યયન અને રાષ્ટ્રિય શિક્ષણનું અધ્યાપન બન્ને છોડી દીધા પછી મુંબઇમાં રાષ્ટ્રીય પક્ષના દૈનિક મરાઠી રાષ્ટ્રમતના સંપાદક મંડળમાં જોડાઈને લેખનકાર્ય કર્યું. લોકમાન્ય તિલકને છ વર્ષની સજા થઇ ત્યાંથી માંડીને નાશિકમાં ત્યાંના કલેકટર જેક્સનનું ખૂન થયું, ત્યાં સુધીનો એ ટૂંકો કાળ હતો. આ કાળ દરમ્યાન મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી મંડળો સાથે સંપર્ક બંધાયો હતો. સાથે સાથે એક તરફ દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવનાર કર્મવીર ગાંધી તરફ અને બીજી બાજુ ક્રાંતિમાંથી નાસીપાસ થઈ યોગમાર્ગ તરફ વળેલા અરવિંદ ઘોષ તરફ આજ કાળમાં આકર્ષણ જન્મ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારે, રાષ્ટ્રમત બંધ પાડયા બાદ વડોદરામાં બેરીસ્ટર કેશવરામ દેશપાંડે તરફથી ચાલતા ગંગનાથ વિદ્યાલયમાં મુખ્ય અધ્યાપક તરીકે પ્રવેશ કર્યો. અહીં બેલગામમાં હતા ત્યારેજ સ્વામી રામતીર્થના લેખોનું મરાઠી ભાષાંતર કર્યું. એ મુંબઈના માસિક 'મનોરંજન' મારફતે પ્રકાશિત કર્યું હતું. વડોદરામાં નીગ્રો નેતા બુકટીર વોશીંગ્ટનની બે ચોપડીઓ (1) Up from slavery અને (2) My larger education વાંચવાને મળવાથી કેળવણી વિષે દૃષ્ટિ ખીલી–એ બે ચોપડીઓના ભાષાંતરમાં મદદકર્તાની સાથે રાષ્ટ્રીય કેળવણીના મૂળભૂત સિદ્ધાંતોનો આ મૂળ આગ્રહ વિચાર અહીંજ થયો. રાષ્ટ્રિય કેળવણી એટલે કેવળ દેશાભિમાન કે રાજકિય ક્રાંતિની પૂર્વ તૈયારી નથી. પણ ભારતીય સંસ્કૃતિના પાયા ઉપર વ્યકિતગત સમાજિક અને રાષ્ટ્રીય જીવનનું નવેસર ચણતર કરવાનું છે. અને એમાં કેવળ બુદ્ધિનો નહિ પણ કલા–કૌશલ્ય તેમજ ઉદ્યોગ હુન્નરનો વિકાસ કરવાનો હોય છે એ વાતનું દર્શન થયું.

ધાર્મિક વાંચન અને મનનને અંતે સાધનાનો પ્રારંભ પણ અહીંજ થયો. ગંગાનાથ વિદ્યાલયમાં માસિક ચાલીસ રૂપિયા લઇને મુખ્ય અધ્યાપકનું કામ કર્યું.

દિલ્હી દરબાર વખતે શ્રી. સયાજીરાવ ગાયકવાડ ઉપર બ્રિટીશ સરકાર નારાજ થઈ: સરકારની એ ઇતરાજી ગંગનાથ વિદ્યાલયને નડી અને એ વિદ્યાલય બંધ પડયું. જેથી હિમાલયનો રસ્તો ખુલ્લો થયો.

નાનપણનો પ્રવાસ મહારાષ્ટ્ર ને કર્ણાટક પૂરતોજ હતો. હવે અલ્હાબાદ, બનારસ, ગયા, કલકત્તા, બેલુર-મઠ, અયોધ્યા, હરિદ્વાર, લાહોર, રાવલપીંડી, ઇત્યાદિ દૂર દૂરના શહેરો સુધી મુસાફરી કરી. ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનારાયણ, પશુપાતનાથ અમરનાથ આદિ યાત્રા કરી. એજ અરસામાં ટહેરી, દહેરાદુન, મુઝફ્ફરપુર, નેપાળ, શ્રીનગર, કાશ્મીર, ઇત્યાદ, સ્થાનો જોયાં. હિમાલયમાં, લગભગ અઢી હજાર માઇલની પગપાળા મુસાફરી થઈ હશે. અને અંતે એક બે ઠેકાણે ઠરી ઠામ બેસી ધ્યાન સાધનાં વગેરેનો અનુભવ લીધો.

જીવન રહસ્યનો કંઈક ઉકેલ આવતા અને શાંતિ મળતાં ફરી રાષ્ટ્રીય શિક્ષણનું કામ કરવાનું સૂઝયું. તેને અંગે રવીન્દ્રનાથ ઠાકુરનું શાંતિનિકેતન, હરિદ્વારનું ગુરુકુળ, રાજા મહેન્દ્રપ્રતાપનું વૃંદાવનનું પ્રેમ મહાવિદ્યાલય વગેરે સંસ્થાંઓની મુલાકાત લીધી. પછી હરિદ્વારના સનાતન ઋષિકુળમાં મુખ્ય અધિષ્ટાતાનું છએક મહિના કામ કર્યું. ત્યાંથી શાંતિનિકેતનમાં છએક મહિના શિક્ષણકાર્ય કર્યું. ત્યાંથી હૈદ્રાબાદ સિંધ જઈ સિંધુ બ્રહ્મચર્યાશ્રમમાં છએક મહિના ગાળ્યા. આમ અનેક ઠેકાણે અનુભવ લઈ એક મહિનાનો બ્રહ્મદેશનો પ્રવાસ કર્યો, ત્યાં રંગુન, પેગુ, માંડલે, અમરાપુરા, યકોકુ, યેનનજાવ, પ્રોમ, આદિ મોટા મોટા સ્થળો જોઈ બ્રહ્મદેશના લોકજીવનનો ખ્યાલ મેળવ્યો.

હિમાલયની યાત્રા શરૂ કરતા પહેલાં સન્યાસ દીક્ષા લઇને રામકૃષ્ણ મીશનમાં જોડાવવાનો વિચાર હતો તે હવે બદલાયો. જેથી બેલગામ તરફ ઘેર જઇ સ્ત્રી–પુત્ર સમેત ૧૯૨૬ની સાલમાં વડોદરા પાસેના સયાજીપુરા નામના ગામડામાં ગ્રામસેવાના સંકલ્પથી રહેવાનું નકકી કર્યું. ત્યાં એક દૂધની સહકારી ડેરી ચલાવવામાં મદદ કરી. પણ ગામડાના લોકોના ભાષાજ્ઞાનને અભાવે એ કામમાં રસ જામ્યો નહિ, તેથી વડોદરામાં રહી તેની સેન્ટ્રલ લાયબ્રેરીનો ઠીક ઠીક ઉપયોગ કર્યો.

શાંતિનિકેતનના વસવાટ દરમ્યાન દક્ષિણ આફ્રિકાથી આવેલા મહાત્મા ગાંધીજીના આશ્રમવાસીઓ સાથે પરિચય થયો હતો, મહાત્માજીના દર્શન પણ ત્યાંજ થયા હતા. એમણે જયારે અમદાવાદમાં કોચરબ મુકામે સત્યાગ્રહઆશ્રમની સ્થાપના કરી ત્યારે આશ્રમની રાષ્ટ્રીયશાળા ચલાવવા માટે આમંત્રણ આપ્યું. ત્યારથી મહાત્માજીનો અને એમના આશ્રમનો સંબંધ થયો. આશ્રમની સ્થાપના સાબરમતી નદીને કિનારે વાડજ મુકામે થયા પછી તરતજ મીલના મજૂરોની હિલચાલ શરૂ થઇ. રોલેટ એકટ સામે ગાંધીજીએ દેશવ્યાપી વિરાટ આંદોલન શરૂ કર્યું. એમાંથી અમદાવાંદમાં રમખાણો થયા. ગોળી ચાલી, એ બધામાં સહેજે ભાગ લીધો. ત્યાર પછી અસહકાર આવ્યો. વિલાયતી કપડાંની હોળીઓ શરૂ થઇ. ગુજરાત પ્રાંતીય રાજકીય પરિષદે વિદ્યાપીઠની સ્થાપનાનો ઠરાવ કર્યો. એ પ્રમાણે વિદ્યાપીઠની સ્થાપના અને ઘડતરમાં ભાગ લઈ એકાદ વરસ ત્યાં કામ કર્યું. ત્યારપછી ગુજરાત પુરાતત્ત્વ મંદિરની સ્થાપના પણ વિદ્યાપીઠની સાથેજ કરી.

અમદાવાદની ઐતિહાસિક કોંગ્રેસ પછી સરકારે ગાંધીજીને જેલમાં પૂરી દીધા. ત્યારે એકાદ વરસ ગાંધીજીનું નવજીવન ચલાવવાની તક મળવાથી ગુજરાતીમાં લખવાનો મહાવરો થયો. નવજીવનમાં લખાણને કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારે એક વર્ષની મહેમાનગીરી ચખાડી. જેના અનુભવનો થોડોક અંશ ઓતરાતી દીવાલોમાં આવી ગયો છે.

જેલમાંથી છૂટીને આવ્યા બાદ ગુજરાત રાજકીય પરિષદનું અધ્યક્ષપણું બોરસદમાં કરવું પડ્યું. આશ્રમની શાળાનું નવસંસ્કરણ કરવાનો પ્રયાસ ચાલતો હતો એટલામાં ક્ષયરોગના ચિહ્નોએ દેખા દીધા. જેને પરિણામે આરામ લઈ ક્ષયરોગ સામે ચાંપતા ઇલાજો કરવા પડયા. હજીરા, પુના, ચિંચવડ, સિંહગઢ, યવત આદિ ઠેકાણે પૂરતો આરામ લેવાથી ક્ષયરોગ દૂર થયો. પછી અમદાવાદ આવી ડોકટર તલવલકરની દવા કરી. પૂર્ણપણે રોગમૂકત થયા પછી થોડોકાળ આશ્રમમાં ગાળ્યો. અને તરતજ મહાત્માજી સાથે દક્ષિણ હિન્દુસ્તાન, આંધ્ર, ઓરિસ્સા, સિલોન, આદિ પ્રદેશોની મુસાફરી કરી.

આ પછી મહાત્માજીએ ગુજરાત વિદ્યાપીઠનો આખો ભાર માથે નાખ્યો. જે કામ પ્રિન્સીપાલ અને વાઇસિચાન્સેલર તરીકે સાત આઠ વર્ષ સુધી કર્યું. એ દરમ્યાન બારડોલીનો સત્યાગ્રહ થયો. જેમાં વિદ્યાપીઠે પરિમિત પણ સક્રિય ભાગ લીધો હતો.

છેવટે જ્યારે આખરી ફેંસલા તરીકે ગાંધીજીએ દાંડીકૂચની હિલચાલ આદરી–ત્યારે ગુજરાત વિદ્યાપીઠના બધા વિદ્યાર્થીઓ, બધા અધ્યાપકો, અને કર્મચારી લડતમાં ઊતર્યા. પ્રથમ ગુજરાતના ખૂણા ખાચરા સુધી એ લોકોએ ફરીવળી દેશમાં જાગૃતિ આણી અને પછી બધા એક પછી એક જેલમાં ગયા.

ગુજરાત વિદ્યાપીઠ ચાલતી ત્યારે અને તે પહેલાં પણ નવજીવન અને વિદ્યાપીઠ મારફતે લોકશિક્ષણને ઉપયોગી એવું વિપુલ સાહિત્ય તૈયાર કર્યું–કરાવ્યું. વિદ્યાપીઠ મારફતે ગુજરાતના ઠાકરડા, ધારાળા, પઢિયાળા વગેરે નામે ઓળખાતા પછાત અને રાની કોમની સેવાનો સવાલ ઉત્કટતાથી હાથ ધર્યો હતો.

ગુજરાતી ભાષાની જોડણી એકધારી અને સર્વમાન્ય થઈ જાય એટલા માટે ગાંધીજીના કહેવા પ્રમાણે એક જોડણીકોષ તૈયાર કરાવ્યો.

આ બધી પ્રવૃત્તિ દરમ્યાન બે ત્રણ વાર જેલ જવું પડયું હતું. આખરે સિંધ હૈદ્રાબાદની જેલમાંથી છૂટી આવી ગાંધીજીની હરિજન યાત્રા દરમ્યાન એમની સાથે સિંધ, પંજાબ, યુકતપ્રાંત, બિહાર, કલકત્તા, આદિ ઉત્તર ભારતની મુસાફરી કરી, એમની સાથે વર્ધા આવીને ગુજરાત છોડવાનો નિશ્ચય કર્યો.

એજ અરસામાં મદ્રાસ તરફ ચાલતા હિંદી પ્રચાર સભાની સ્થિતિ સુધારવા માટે અને ધનસંગ્રહ માટે બે ત્રણ મહિના દક્ષિણની મુસાફરી કરી. ત્યાંથી આવીને વર્ધા પાસેના એક ગામડામાં, સ્થિર થવાની તૈયારી ચાલતી હતી એટલામાં આસામ, બંગાળ, ઓરિસ્સા, સિંધ, કચ્છ, કાઠિયાવાડ; ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈ, વિદર્ભ એટલા પ્રદેશોમાં રાષ્ટ્રભાષા પ્રચારનું કામ માથે આવી પડયું. તેની સાથે નાગરીલિપિ સુધારવાનું આંદોલન વર્ષ બે વર્ષ ચલાવ્યું. સિંધથી આસામ સુધીનો પ્રવાસ પણ રાષ્ટ્રભાષા પ્રચારને અંગેજ બે ત્રણ વાર કરવો પડયો.

રાષ્ટ્રભાષા પ્રચાર માટે 'सबकी बोली' અને ગાંધીતત્વજ્ઞાનના પ્રચાર માટે 'सर्वोदय' એવા બે માસિકો બે ત્રણ વર્ષ ચલાવ્યા. થોડા દિવસ વર્ધાના મહિલાશ્રમનું સંચાલન પણ કર્યું.

મુંબઈ સરકારના 'basic education board' ના સદસ્ય તરીકે અને એજ સરકારના હિન્દુસ્થાની બોર્ડના સભાપતિ તરીકે અમુક વર્ષ સુધી કામ કર્યું. બિહાર સરકારના હિન્દુસ્તાની બોર્ડ કે જે પારિભાષિક કોષનું કામ ચાલતું હતું એમાં પણ સદસ્ય તરીકે કામ કર્યું હતું.

૪૨ના આંદોલનના પ્રારંભમાં વિસેક દિવસ સુધી પત્રિકાઓ કાઢયા પછી રાજબંદી તરીકે જેલમાં લગભગ ત્રણ વર્ષ કાઢયા.

જેલમાંથી છૂટી આવ્યા પછી હિન્દી અને ઉર્દૂના મિશ્રણથી બનતી હિન્દુસ્તાનીનો રાષ્ટ્રભાષા તરીકે પ્રચાર કરવાનું માથે લીધું.

આટલામાં ઉંમરના સાઠ વર્ષ પૂરા થયા અને હવે સંસ્થાઓ ઊભી કરવી, ચલાવવી, તોડવી, અને નવી સંસ્થાપવી એવી પ્રવૃત્તિઓ ચલાવવા વિષે અરુચિ ઉત્પન્ન થઈ છે. એ બધી છોડીને એકલ હાથે જે કંઈ થઈ શકે તેટલું કરવાની લેખન, વાચન, નિરીક્ષણ અને ભ્રમણ ઈત્યાદિ નિવૃત પ્રવૃતિમાં શેષ આયુષ્ય પૂરું કરવું એ જાતની લાગણી પેદા થઈ છે.

સ્વરાજ્ય માટે પરિશ્રમ કરવાનો અને સ્વરાજ્ય જોવાનો સંકલ્પ માત્ર ઘરડો થયો નથી. એ છે ત્યાં સુધી આરામ અને વિરામને અવકાશ નથી.

વર્ધા તા. ૨ : ૯ : '૪૬

શ્રી. કાકા સાહેબના જીવન ઘડતર વિષે અનેક માન્યતાઓ પ્રચલિત છે પણ અહીં કાકા સાહેબે પોતે જ એમના વિષેની ગેરસમજ કે અતિશયોક્તિ ટાળવાનો પ્રયાસ કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એપેન્ડિસાઇટિસ

ડૉ. હેન્રી લિન્ડલહાર એમ. ડી.
અનુ : રમણલાલ એન્જિનીઅર

એલોપેથિક વર્ણન અને સારવાર

આ રોગ ચેપી છે. સામાન્ય રીતે એને માટે જવાબદાર જંતુ બેસીલસ કોલાય હોય છે. મોટા ભાગના કેસોમાં એપેન્ડિકસની આંતરત્વચાને થએલી કોઇક ઇજાને લીધે જ આ જંતુ રોગને ઉત્તેજે છે. મળની ગાંઠો અથવા તો વિજાતિય પદાર્થો જેવા કે, ટાંકણીઓ અથવા દ્રાક્ષનાં બીયાં, સોજાનાં ઉત્તેજક કારણો થઈ શકે. કેટલાક દાખલાઓમાં ઇજા સિવાય પણ ઝેરી જંતુઓ સોજો લાવી શકે.

લક્ષણો : આ રોગના સામાન્ય હુમલામાં, દુઃખતું અણધાર્યું આક્રમણ, જે શરૂઆતમાં આખા પેટ ઉપર હોય છે, પણ પછીથી જલદી જમણા પેડુના ખાડામાં કેન્દ્રિત થાય છે, સ્થાનિક આળાપણું, જે મેકબર્નીના બિંદુ આગળ વધુમાં વધુ હોય છે, શારીરતી ગરમીમાં વધારો, થરવાળી જીભ, કબજીયાત અને ઊલટી, એ પ્રાથમિક લક્ષણો હોય છે. પેટની જમણી બાજુના સ્નાયુઓ સખત હોય છે, અને ઘણીવાર જમણી જાંઘ સહેજ ઉપર ખેંચાયલી હોય છે. પેડુના ખાડામાં ભરાવો સ્પષ્ટ રીતે પારખી શકાય છે.

જ્યારે ચાંદા કે સડતા જખમને અંગે પેટના પડદામાં છિદ્ર પડે છે, ત્યારે શૈત્યનાં લક્ષણો દેખા દે છે, અને એમના પછી પેટના પડદાના સર્વવ્યાપી સોજા હેઠળ વર્ણવેલાં લક્ષણો દેખાય છે.

સારવાર (એલોપેથિક) : એપેન્ડિસાઇટિસના બધા કેસોમાં તત્કાળ શસ્ત્રક્રિયા એ સર્વોત્તમ સારવાર છે. જોકે સામાન્ય કેસોમાં એક નિયમ તરીકે સર્જીકલ ધાલમેલ સિવાય સંપૂર્ણ રોગશાંતિ થાય છે, તોપણ કઈ ક્ષણે છિદ્ર પડશે અને એનાથી પેટના પડદાનો પ્રાણઘાતક સોજો ઉત્પન્ન થશે એ અગાઉથી કહી શકાય નહિ. અલબત્ત, ગૂમડું થઈ ચૂકયું હોય તો ઑપરેશન આવશ્યકે જ છે અને જ્યાં પેટના પડદાનો સર્વવ્યાપી સોજો હોય ત્યાં ઑપરેશન એ રોગશાંતિની એક માત્ર આશા પૂરી પાડે છે, જોકે એ આશા જુજ હોય છે. જ્યારે ઑપરેશનની ના પાડવામાં આવે અથવા તો ઑપરેશનની અપેક્ષા હોય ત્યારે દવાવાદી સારવારને સ્થાન મળે છે. આવા કેસોમાં, ગરમ શેક, કોઠો ખોલવા માટે એનિમા, વેદનાના શમન માટે અફીણસત્વ, પ્રવાહી ખોરાક (મુખ્યત્વે દૂધ), અને પથારીમાં સંપૂર્ણ આરામ, એ સારવારના મુખ્ય સાધનો છે.

નિસર્ગોપચારના દ્રષ્ટિબિંદુથી

એપેન્ડિસાઇટિસનો ફેલાવો : છાપાના ફેરીયા બીલ માટે એપેન્ડિસાઇટિસને ઉચિત એવો નીચેનો ટુચકો કહેવામાં આવે છે. એ પોતાના માનીતા રહેઠાણથી કેટલાક મહિનાઓ માટે ગેરહાજર હતો અને એ જ્યારે પાછો ફર્યો ત્યારે એના સાથીઓએ એને આવકારતાં કહ્યું કે : " અરે બીલ, અમે સાંભળ્યું કે તને એપેન્ડિસાઇટિસ હતું " બીલે જવાબ દીધો, " ઉંહ, એપેન્ડિસાઇટિસ ? નહિ રે–એને માટે મારી પાસે પૂરતા પૈસાજ નહોતા– એ તો માત્ર પેટપીડ હતી !"

બીજી ઘણી મજાકની માફક, આમાં પણ કલ્પના કરતાં સત્ય વધારે છે. એ સમય પાસે આવતો દેખાય છે કે જ્યારે સામાન્ય લોકસમૂહ અસ્વચ્છ સમૂહ તરીકે નહિ ઓળખાય, પણ અછેદ્ય સમૂહ તરીકે ઓળખાશે.

કેટલાય સમયથી, ચિકિત્સકોની રાષ્ટ્રીય સભાઓમાં, સ્થાનિક સંમેલનોમાં, અને વૈદકીય પત્રોમાં, પૂરતી ગંભીરતા સાથે એ વિધાન કરવામાં આવ્યું છે કે, બધાય બાળકોનો એપેન્ડિકસોચ્છેદ કરવો અને સાથેસાથે કાકડાઓ કાપી કાઢવા, " જેથી એમનાં ઉત્તરજીવનમાં આ અવયવોની ફરિયાદો અટકાવી શકાય." તો પછી આપણી સંતતિને ભવિષ્યની બધી પીડામાંથી બચાવવા માટે એમના માથાં વૈજ્ઞાનિક રીતે અને કુશળતાપૂર્વક શા માટે કાપી ના કાઢવાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનભિજ્ઞ લોકોમાં એ ખ્યાલ પ્રવર્તે છે કે મોટા ભાગોના કેસોમાં એપેન્ડિસાઇટિસ થવાનું કારણ, એપેન્ડિક્સમાં બીયાં અને બીજા વિજાતિય પદાર્થો ભરાય છે તે છે.

પણ ખરી રીતે આ તો એક અત્યાગ્રહી પ્રશ્ન પૂછનારાઓને આપવામાં આવતો ઉડાઉ જવાબ છે. ખરી હકીકત તો એ છે કે, અપેન્ડિસાઇટિસ માટે જેમની ઉપર ઑપરેશન થાય છે, એ બધા કેસો-માંથી એક ટકા કરતાં પણ ઓછા કેસોમાં બીયાં અને બીજા વિજાતિય પદાર્થો મળી આવે છે.

"વૈદકના સિદ્ધાંતો અને વ્યવહાર"માં ૫૨૦મા પાન ઉપર ડૉ. વિલિયમ ઓસ્લર કહે છે કે: "મોન્ટ્રી-અલમાંના મારા રોગશાસ્ત્રવિષયક કાર્યમાં, દશ વર્ષ દરમ્યાન, એપેન્ડીક્સમાં વિજાતિય પદાર્થો હોય એવા માત્ર બેજ દાખલાઓ મારા જોવામાં આવ્યા છે. પહેલા કેસમાં એપેન્ડીક્સમાં આઠ ગઠ્ઠા હતા, બીજામાં સફરજનનાં પાંચ બીયાં હતાં.

સુપ્રસિદ્ધ સર્જનોના અહેવાલો મુજબ, જેમની ઉપર એપેન્ડિસાઇટિસ માટે ઑપરેશન થાય છે, તેઓમાંથી માત્ર પંદર ટકા જેટલા દરદીઓ જ આ દરદનો ભોગ બન્યા હોય છે. બાકીના પંચાશી ટકા અંધાંત્રના, ઊર્ધ્વગામી બૃહદઅંત્રના કે નાના આંતરડાના સોજાઓથી પીડાતા માલમ પડ્યા છે. કેટલીક-વાર પેટના પડદાના સહેજસાજ સોજાથી પણ આ રોગ જેવા લક્ષણો ઉત્પન્ન થાય છે. આવા દર્દીમાંના મોટાભાગના દર્દીનાં નિદાન અને ચિકિત્સા એપેન્ડિ-સાઇટિસ તરીકે જ થાય છે. આ જાદુઈ શબ્દે પ્રજાના મન ઉપર એવી તો મોહિની બીછાવી દીધી છે કે, એ શબ્દ દરદીઓને વગર સવાલે કે વગર તકરારે સીધા શસ્ત્રક્રિયાના મેજ ઉપર મોકલી આપે છે.

સર્જન એમ કહે છે: "જો એ એપેન્ડિસાઇટિસ હશે તો ફક્ત ઑપરેશનજ દરદીની જિંદગી બચા-વશે." આનો અમે ભારપૂર્વક ઈન્કાર કરીએ છીએ, અને આ વિધાન ખોટું છે, એમ અમે સેંકડો કેસોમાં સિદ્ધ કર્યું છે. અમે અમારા દર્દીઓમાંથી એકની ઉપર પણ ઑપરેશન કર્યું નથી. અને અમે એક પણ કેસ ગુમાવ્યો નથી. અમારા પોતાનાં દફતરો અને બોર્ડ ઑફ હેલ્થ આગળ રજુ કરવામાં આવેલા અમારા અહેવાલો આ હકીકત સત્ય હોવાની ખાત્રી આપે છે. જો અમારા નિદાનની સચ્ચાઈ બદલ સંશય ઉઠાવવામાં આવે, તો હું એનો જવાબ એ આપીશ કે અમે એવા કેસો ઘણી મોટી સંખ્યામાં લીધા છે કે, જેમની બીજા ચિકિત્સકો એપેન્ડિસા-ઇટિસ માટે સારવાર કરી ચૂકયા હોય, અને એમણે ઑપરેશન સંપૂર્ણ રીતે આવશ્યક હોવાનું જાહેર કર્યું હોય.

એનો જવાબ કદાચ એમ મળે કે: "પણ એનું છે શું? આ નિરુપયોગી વર્મીફોર્મ એપેન્ડિક્સ વિષે આટલું બધું ધાંધલ શા માટે કરો છો? વિકાસક્રમની મહાયાત્રા દરમ્યાન માનવદેહના લુપ્ત થતા જતા અવ-યવોમાંનો એ એક અવશેષ અવયવ છે."

આ બાબતમાં સત્ય તો એ છે કે, માંસાહારી સસ્તન્ય પ્રાણીઓમાં એપેન્ડિક્સ બહુજ નાના કદનું અથવા તો પ્રાથમિક દશામાં હોય છે. વનસ્પત્યાહારી પ્રાણીઓમાં એ વધુ પૂરેપૂરું વિકાસ પામેલું હોય છે, એનો એથી વિશેષ વિકાસ ફળાહારી વાનરોમાં થયો હોય છે, અને એ બધાય કરતાં વધુ વિકાસ માણસમાં માલમ પડે છે. આ હકીકત, એપેન્ડિક્સ એ એક મૃત અને ભ્રષ્ટ અવયવનો અવશેષ છે, એ પ્રકારના વિધાનનું સ્પષ્ટ રીતે ખંડન કરે છે. જીવ-સૃષ્ટિના વિકાસક્રમ દરમ્યાન એનો વિનિપાત થવાને બદલે, એ અવયવ વધુ સંપૂર્ણ રીતે વિકાસ પામ્યો છે.

તો પછી એના ઉપયોગો કયા કયા છે? ડૉ. મેકએવેન નામના એક અંગ્રેજ સર્જનનો એવો દાવો છે કે ઇંગ્લેંડનાં કોઈપણ સર્જન કરતાં એણે એપેન્ડિસાઇટિસનાં વધુ ઑપરેશનો કર્યાં છે. એણે હવે આ પ્રકારના ઑપરેશનોના પ્રશ્ન ઉપર મોરચો બદલ્યો છે, અને હવે એ એમની વિરુદ્ધ કડક ચેત-વણી ઉચ્ચારી રહ્યો છે.

એ એમ માને છે કે એપેન્ડિક્સનો રસ પિત્તની પેઠે પાચનક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે, એટલા માટે તદ્દન છેલ્લી હદે બગડી ચૂકેલાં રોગી એપેન્ડિક્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોના અપવાદો બાદ કરતાં આ રોગ માટે થતાં સઘળાં ઑપરેશનો બિલકુલ ગેરવ્યાજબી છે.

આંતરડામાં આવેલું ભયસ્થાન

આંત્રપ્રદેશમાં અંધાંત્ર એ ભયસ્થાન શા માટે છે એ બાજુના ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. ખોરાક હોજરીમાંથી નીકળ્યા પછી, નાના આંતરડામાંથી પસાર થાય છે, અને ઇલીઓ-સીકલ વાલ્વ મારફતે મોટા આંતરડામાં દાખલ થાય છે. અંધાંત્ર અથવા સીકમ એ ઉપર જતા મોટા આંતરડાના નીચેના છેડાની બનેલી કોથળી છે, અને નાનું આંતરડું મોટા આંતરડામાં જ્યાંથી પ્રવેશે છે તેની સપાટીની નીચે એ આવી રહેલી છે.



અંધાંત્રમાંથી આહારના અવશેષો ઊર્ધ્વગામી બૃહદ અંત્ર મારફતે ઉપરની બાજુ જાય છે, અનુપ્રસ્થ બૃહદઅંત્રમાંથી બાજુમાંથી જાય છે.ત્યારપછી અધોગામી બૃહદઅંત્ર, કટિરેય બૃહદ અંત્ર, મળાશય અને ગુદા મારફતે નીચે ઊતરીને શરીરની બહાર જાય છે. વાંચકના ધ્યાનમાં એ આવ્યું હશે કે ઉર્ધ્વગામી બૃહદઅંત્ર એજ એક આંતરડાનો એવો ભાગ છે કે જેમાંથી આહારના અવશેષોને સીધેસીધા ઉપર ચઢવાનું હોય છે. એટલા માટે ગુરુત્વાકર્ષણના બળને લઇને અથવા તો અધોગામી દબાણને લઈને મળનું અંધાંત્રમાં સંચિત થવા તરફ અને એને વિસ્તૃત કરવા તરફ વલણ હોય છે. એટલા માટે આંત્રપ્રદેશનું એ ભયસ્થાન છે.

જો આ ઉપરાંત શિથિલતા અને કબજિયાત તરફ વલણ હોય તો અંધાંત્ર બહુજ ધ્યાનપાત્ર હદ સુધી વિસ્તૃત બને છે. એમાં ખાદ્ય પદાર્થો એકઠા થાય છે, અને આથાને ને સડાને જન્મ આપે છે. આ રોગ-ક્રિયાઓ અંધાત્રની દીવાલોના, મોટા આંતરડાની પાસેનાં નાનાં આંતરડાના અને કેટલીકવાર એપેન્ડિ-ક્સના સોજામાં, વારંવાર પરિણમે છે.

બીજી કેટલીકવાર આ દુર્ગંધયુક્ત મળસંચયના પોપડા જામી જાય છે, ત્યારે એપેન્ડિક્સની ગ્રંથિ-ઓના સ્રાવો રોકાઈ જાય છે, અને એમાંથી જમાવ, સોજો, ગૂમડાં તેમજ તેની સાથે તાવ, ઝડપી નાડી, મેકબર્નિઝ પ્રદેશમાં તીવ્ર દુ:ખ વગેરે સઘળાં સહગામી લક્ષણો ઉપસ્થિત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો લક્ષણોના જે સમૂહનું એપેન્ડિસાઇટિસના નામથી નિદાન થાય છે, તે દેખા દે છે.

એપેન્ડિસાઇટિસનું સાચું કારણ

આગળ જે જણાવવામાં આવ્યું છે તે ઉપરથી એ સ્પષ્ટ થશે કે એપેન્ડિસાઈટિસના ઘણા મોટા ભાગના કેસો વિજાતિય પદાર્થોથી નથી થતા પણ આંતરડાના હઠીલા પ્રમાદીપણાથી થાય છે. એને મટાડવા માટે સર્જન શું કરે છે? એપેન્ડિક્સને કાતરી નાખવાથી, આંતરડાનું અજીર્ણ અને કબજિયાત ઉત્પન્ન કરનાર, ખોટી ટેવો તથા રોગી અવસ્થાઓમાં પરિવર્તન થતું નથી.

કેટલાક વર્ષો અગાઉ ફ્રેન્ચ એકેડેમી ઑફ સાય-ન્સના એક સભ્યે પ્રસિદ્ધ કરેલા આંકડા એમ બતા-વતા કે, જુદાજુદા દેશોમાં અને સમાજના જુદાજુદા વર્ગોમાં માંસના વપરાશના પ્રમાણમાં જ, એપેન્ડિ-સાઈટિસનો વધારો થતો હતો.

એ યાદીમાં એપેન્ડિસાઇટિસના ફેલાવાની અને માંસના વપરાશની બાબતમાં અમેરિકા મોખરે હતું. ત્યારબાદ ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને જર્મનીનો વારો આવતો હતો. ફ્રાન્સ અને જર્મનીના અર્ધનિરામિષાહારી ખેડુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તવર્ગમાં આ રોગનો જેટલો ફેલાવો હતો, એના કરતાં ઘણોજ વિશેષ ફેલાવો એ દેશના આર્થિક રીતે સાધનસંપન્ન માંસાહારી વર્ગોમાં હતો.

કબજિયાતના અને એટલા માટે એપેન્ડિસાઇટિસનાં મુખ્ય કારણો માંસ, મચ્છી, મરઘાંબતકાં, ઈંડાં, કોફી અને સફેદ રોટી એ છે. અતિશય પ્રમાણમાં લેવામાં આવતાં માંસના ખોરાકમાંથી સડો ઉદ્‌ભવે છે. એનાથી જંતુઓનો વિકાસ, સોજો અને ઝાડા માટે અનુકૂળતા ઉત્પન્ન થાય છે, જેને પરિણામે ધીમેધીમે અશક્તિ અને ક્ષીણતા દેખા દે છે.

આ ગ્રંથમાળાના ત્રીજા પુસ્તકમાં આપણે એ જોયું છે કે, નત્રિલ અને કર્બુદિતવાળા ખોરાકો, તૈલીદ્રવ્યો અને શર્કરાની અતિશયતા માનવદેહમાં રોગોત્પાદક પદાર્થો પેદા કરે છે. આ રોગોત્પાદક પદાર્થો, અને એમની સાથેસાથે કોફી અને ચાના ઝેરીતો, પાચનક્રિયાના અવયવોને પહેલાં તો ઉત્તેજીત કરે છે, પણ પાછળથી અચૂક રીતે જડ કરી નાખે છે. આ પદાર્થો પિત્તાશય, ગુરદા અને મૂત્રાશયની પથરી પેદા કરે છે, એટલું જ નહિ પણ આંતરડાઓમાં, અંધાંત્રમાં અને એપેન્ડિકસમાં પોપડાઓ પેદા કરે છે. આ મળસંચય રસસ્ત્રાવી ગ્રંથિઓને અને આંતરત્વચાને રૂંધે છે, સતત ક્ષોભનું કારણ બને છે, અને ખોરાકનું અભિશોષણ અટકાવે છે.

સફેદ રોટી શા માટે કબજિયાત કરે છે?

અનાજોના અંકુરોમાં ડાયાસટેઝ અને પેપટેઝ એ નામના બે શક્તિશાળી ઉત્સેચકો હોય છે. ડાયાસટેઝ અનાજના કર્બુદિતનું શર્કરામાં રૂપાંતર કરે છે. પેપટેઝ ગ્લુટનનું પ્રોટીઓઝ અને પેપટોન્સમાં રુપાંતર કરે છે. ઈંડાંની જરદી અને સફેદ ભાગ જેમ મરઘીના બચ્ચા માટે ખોરાકની ગરજ સારે છે, તેમ આ બે તત્વો ઊગતા ફણગાના ખોરાકનું કામ કરે છે. આખા અનાજના લોટમાં આ ઉત્સેચકો સચવાઇ રહ્યા હોય છે. એ રોટીમાં આથો ચઢાવવા માટે ખમીરનું કામ કરે છે, કર્બુદિતનું ડેકસટ્રીન અને શર્કરામાં, અને ગ્લુટનનું પ્રોટીઓઝ અને પેપટોન્સમાં રૂપાંતર કરે છે, અને આ રીતે રોટીમાંના કાચા પદાર્થોનું પૂર્વપાચન કરે છે. શરીરમાંનાં પાચક ઉત્સેચકો જે રીતે કાર્ય કરે છે તેજ રીતે તેઓ લોટ ઉપર કાર્ય કરે છે.

આખા અનાજનો લોટ શા માટે 'સારો નથી રહેતો' અને મેંદાને મુકાબલે એને હલકો કરવા માટે ઓછા ખમીરની શા માટે જરૂર પડે છે, એનો આ ખુલાસો છે. દળવાની ક્રિયા દરમ્યાન મેંદામાંથી ડાયાસટેઝ અને પેપટેઝ ધરાવતા અંકુરો હરાઇ ગયા હોય છે, અને ખનીજ ક્ષારો ધરાવતું, તથા એ રીતે પ્રજીવનકોનું વાહક થૂલું પણ કાઢી લેવામાં આવ્યું હોય છે. આખા અનાજના લોટમાં આવતા થૂલાના નાના કણો આંતરડાની સર્પગતિ માટે નૈસર્ગિક ઉત્તેજકનું કાર્ય કરે છે. એ હોજરી અને આંતરડાઓમાંના કર્બુદિતના જથ્થાને ઢીલો કરે છે, અને એ રીતે પાચક રસોના પ્રવેશને સરળ બનાવે છે.

નૈસર્ગિક ઉત્સેચકો અને અનાજના બાહ્યાવરણો, જેમની પાસેથી હરાઈ ગયાં છે, એવા મેંદાની રોટી, મીઠાઈ અને બીજા પદાર્થોનું વલણ, આંતરડામાં ચીકણો અને ગઠ્ઠાવાળો મળ ભેગો કરવા તરફ હોય છે. સફેદ રોટીના ખોરાકથી ઘોડાઓ મરી ગયા હોય એવા દાખલાઓ હું જાણું છું. એ ખોરાકથી આંતરડામાં નક્કર ગઠ્ઠા જામ્યા એને લઇને આંત્રાવરોધ ઉત્પન્ન થયો અને એ રીતે એ પ્રાણીઓ માર્યાં ગયા. જેનાથી ઘોડો મરી જાય એવા ખોરાકો પચાવવાનો માનવપ્રાણીઓ પ્રયત્ન કરે અને એમને કબજિયાત તથા એપેન્ડિસાઇટિસ થાય એમાં કાંઇ નવાઈ ખરી!

જ્યારે માંસ–મેંદાની રોટી–મીઠાઈ–અને કોફીનું કબજિયાત કરનારું પ્રચલિત ભોજન એનાં સ્વાભાવિક પરિણામો દેખાડવા માંડે, ત્યારે એ અનિષ્ટ પરિણામોનો પ્રતિકાર કરવા માટે પેટન્ટ દવાઓ, ને સારક તથા રેચક દવાઓનો આશ્રય લેવામાં આવે છે. કાર્ય અને પ્રતિકાર્યના નિયમ મુજબ આ ઝેરી ઉત્તેજકો આંત્રપ્રદેશની હઠીલી ક્ષીણતાને કેવળ વહેલી આમંત્રવાનું જ કામ કરે છે.

આગળ જે જણાવવામાં આવ્યું છે, એ ઉપરથી સ્પષ્ટ થશે કે, વિપુલ પ્રમાણમાં ફળો, શાકભાજીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આખા અનાજોની વાનીઓ ધરાવનાર સમતોલ નિરામિષાહારી ભોજન (પુસ્તક રજું) એજ કબજિયાત અને એપેન્ડિસાઇટિસ માટે સર્વોત્તમ પ્રતિબંધક છે. બીયાંવાળા ફળો જેમની ઉપર એપેન્ડિસાઇટિસ ઉત્પન્ન કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે, તેઓ જ ખરેખર આ સામાન્ય રોગનાં સર્વોત્તમ પ્રતિબંધકો છે. આ હકીકત વ્યવહારુ અનુભવથી સિદ્ધ થએલી છે. જેઓ વિવેકયુક્ત નિરામિષાહારી ભોજન કરતા હોય છે, તેઓ કબજિયાત અને એપેન્ડિસાઇટિસથી ખરેખર અજ્ઞાત જ હોય છે, પણ એપેન્ડિકસ કાતરી નાખવા માટે જેને પૂરતા પ્રમાણમાં નાણાં મળે છે, એવા સર્જ્યન, પાસે એ પોતે જાણતો હોય તોપણ, આહારવિષયક ઉપદેશ આપવા માટે, બગાડવા યોગ્ય ફાજલ સમય હોતો નથી.

ઉગ્ર એપેન્ડિસાઇટિસની ચિકિત્સા

ઉગ્ર એપેન્ડિસાઈટિસની ચિકિત્સા બીજા કોઈ પણ ઉગ્ર સોજાયુક્ત તાવવાળા વ્યાધિની ચિકિત્સા જેવી જ હોય છે. પુષ્કળ પ્રમાણમાં તાજી હવા, સંપૂર્ણ ઉપવાસ, જલોપચાર અને મેનીપ્યુલેટીવ સારવાર એ એની જરૂરિયાતો છે. ઉપવાસ દરમ્યાન દરદી પોતાની ઈચ્છા મુજબ, જેટલું જોઈએ તેટલું કુદરતી ગરમીનું પાણી, પાતળા બનાવેલા અમ્લ ફળોના રસ સાથે મેળવીને લઈ શકે છે.

બીજા સંપ્રદાયોના ચિકિત્સકોની સારવાર હેઠળ રહેલા એપેન્ડિસાઇટિસના દરદીઓને જોવા તપાસવા માટે મને જ્યારે જ્યારે બોલાવવામાં આવ્યો છે, ત્યારે ત્યારે દરેક દાખલામાં મારે ગરમ પાણીના કોમ્પ્રેસો કે બરફની કોથળી દૂર કરવાં પડયાં છે. બન્ને ઉપચારો ખરેખર નુકશાનકારક અને વિનાશક છે, મેં આ ગ્રંથમાળાના બીજા પુસ્તકમાં ગરમ પાણીના ઉપચારોના કાર્ય વિષે સમજ આપી છે. લોહીના જમાવ અને દુઃખમાં કૃત્રિમ ગરમી તાત્કાલિક રાહત આપી શકે છે, પણ સાથોસાથ એ રોગગ્રસ્ત ભાગોની ગરમીને પણ સાચવી રાખે છે. આ ઉપચાર ગરમીના પ્રસરણને સહાયરૂપ થવા માટે કંઈજ કરતો નથી અને એ રીતે એ પરુયુક્ત ગૂમડું થવાની ક્રિયાને અનુકૂળતા કરી આપે છે. બીજી બાજુ બરફનો ઉપચાર એ ભાગોને ઠંડા કરીને ઠારી નાખે છે, અને એ રીતે એ સોજાયુક્ત પ્રક્રિયાનો નિરોધ કરે છે, અને એને દબાવી દે છે. પરિણામે રોગગ્રસ્ત ભાગો વિનાશની સ્થિતિમાં જ રહે છે, અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો એ ભાગો હઠીલા રોગનો ભોગ બને છે.

વિવેકયુક્ત ચિકિત્સા ગરમી અને બરફના એ અંતિમ છેડાઓની વચમાં રહેલી છે. એ એક વિચિત્ર હકીકત છે કે ચિકિત્સાના બીજા સંપ્રદાયોમાંથી એકે પણ આ સત્ય શોધી કાઢયું નથી. કૂવામાંથી અથવા નળમાંથી નીકળે છે તેવું સ્વાભાવિક ગરમીનું પાણી, પેકોમાં, કોમ્પ્રેસોમાં અને સ્નાનોમાં વાપરવું એ જ એક માત્ર નૈસર્ગિક અને વિવેકયુક્ત માર્ગ છે.

જો દરદી સહન કરી શકે તો, અમે સોજાના સ્થાન ઉપર વધારાના ભીના કોમ્પ્રેસ સાથે, સામાન્ય પેટનો પેક અથવા તો ધડનો પેક આપીએ છીએ, ગંભીર કેસોમાં ભારે તાવ ઘટાડવા માટે અને રોગગ્રસ્ત ભાગોમાંથી લોહીને બીજી બાજુ ખેંચવા માટે ધડના પેક ઉપરાંત ગળાના અને પીંડલીઓના પેકો આપી શકાય છે. જો દરદી એટલો બધો આળો થઈ ગયો હોય કે તે પેકોનો પ્રયોગ સહન કરી શકે એમ ના હોય તો, અથવા તો સોજો હળવી ગતિએ આગળ વધતો હોય તો, કૂવાના તાજા પાણીમાંથી નીચોવી કાઢેલા કોમ્પ્રેસો પેટ ઉપર બીછાવી શકાય. અલબત્ત, જ્યારે જ્યારે ગરમ અથવા કોરા થઇ જાય ત્યારે ત્યારે દિવસે તેમજ રાત્રે, તેમને બદલવા જોઇએ.

ન્યુરોથેરાપી, કરોડનિરોધ, પ્રાણવિનિમય, માનસિક ચિકિત્સા અને સૂચક હોમિયોપેથિક ઔષધો એ નૈસર્ગિક ચિકિત્સામાં કીમતી મદદગારો છે. તો પણ તદ્દન જરૂરી તત્વો તો **સંપૂર્ણ આરામ, ઉપવાસ, પાતળા બનાવેલા ફળરસો મિશ્રિત પીવાનું પાણી, અને જલોપચાર** એ છે. જો શરૂઆતથી જ નૈસર્ગિક ઉપચારોનો અમલ કરવામાં આવ્યો હશે, તો તેઓ સંપૂર્ણ રોગશાંતિ સર્જવામાં હરહમ્મેશ પૂરાં થઈ પડશે.

દરદીને કોઇપણ જાતનો ખોરાક આપવો ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. દૂધ કે શેરવો પણ નહિ. કુદરતને જ છૂટે હાથે કામ કરવા દેવી જોઈએ. કોઇ પણ જાતનો ખોરાક સુજેલાં આંતરડાની સર્પગતિને ઉત્તેજે છે, અને એ રીતે રોગશાંતિની ક્રિયાને અટકાવે છે. અવાર નવાર ખોરાકના કણો ખુલ્લા જખમો અને પરૂભર્યા ગૂમડાંઓમાં ભરાઇ જાય છે, અને એ રીતે સડો, હઠીલો ક્ષોભ અને "વારંવાર ઉથલા ખાતું એપેન્ડિસાઇટિસ" ઉત્પન્ન કરે છે.

સઘળાં લક્ષણો શમી ગયા બાદ ઉપવાસ કેટલાક દિવસો સુધી ચાલુ રાખવા જ જોઇએ. ઘણા કેસોમાં રોગશાંતિ બાદ એક અઠવાડિયું કે વધુ દિવસો સુધી ઉપવાસ કરાવવા, જેથી ઉથલાઓ અને હઠીલાં પશ્ચાત પરિણામો આવતાં અટકાવી શકાય. આ સાદા નિયમોને વળગી રહેવાથી, અમારી સારવાર હેઠળ આવેલા દરેક કેસને અમે સારો કર્યો છે.

ઉપવાસ અને ઠંડા પાણીની સારવાર સોજાયુકત પ્રક્રિયાઓને ભયબિંદુની નીચે રાખે છે. એ ગરમીના પ્રસરણને છૂટથી થવા દે છે, પરૂયુકત ગૂમડું થતું અટકાવે છે, અને સાથેસાથે કુદરતના વિશોધક અને રોગનિવારક પ્રયત્નોમાં અડચણરૂપ થતા નથી.

પરુયુકત ગૂમડાંઓની બાબતમાં શું કરવું ?

કદાચ એવો પ્રશ્ન પૂછવામાં આવે કે; "જો એક પરુયુકત ગૂમડું થઇ ચૂકયું હોય તો તમે શું કરો ?" તો હું એનો જવાબ એમ આપું કે: "એવું બન્યું હોય તો પણ હું એની એ જ સાદી કુદરતી સારવારને વળગી રહું, અને સર્જનની છરી ઉપર વિશ્વાસ રાખવાને બદલે કુદરત ઉપર વિશ્વાસ રાખું. આ સર્વોત્તમ નીતિ છે, એવું અમે ઘણી મોટી સંખ્યાના દાખલાઓમાં સિદ્ધ કર્યું છે. સાચી સારવાર હેઠળ કાંતો પરુયુકત ગૂમડું શોષાઇ જશે અથવા તો ઓછામાં ઓછા અવરોધની દિશામાં ફાટશે, સામાન્ય રીતે એ અંધાંત્રમાં ફાટે છે, અને પરુનું વિસર્જન મળદ્વાર દ્વારા અથવા તો પેટની દીવાલોમાં થએલા મુખ મારફતે થાય છે. એ એક આશ્ચર્યજનક હકીકત છે કે, આવાં કેસોમાં યોગ્ય સારવાર હેઠળ કુદરત સૌથી સલામત મુખદ્વાર શોધવા માટે કેવી રીતે પ્રયાસ કરે છે, અને છેવટે એને શોધી કાઢે છે.

છતાંય, સારવાર જો શરૂઆતથીજ નૈસર્ગિક હો તો પરુયુક્ત ગુમડું થવાનો, છિદ્ર પડવાનો અને પેટના પડદાના સોજાનો પ્રસંગ ઉપસ્થિત થશેજ નહિ. આ બધા ગંભીર ગુંચવાડાઓ, ગરમ પાણીની સારવાર બરફના પેકો, અકાળતર્પણ, અથવા તો જુલાબની દવાઓનાંજ પરિણામો છે. મારી સારવાર હેઠળ એવા કેટલાક કેસો આવ્યા છે કે જેમાં પરુયુક્ત ગૂમડાંનો ઉદ્ભવ થયો હોય અને છિદ્ર પડી ચૂકયું હોય, એમાંથી ઉદ્ભવતા પેટના પડદાના સોજાનું નૈસર્ગિક ચિકિત્સાથી બહુજ સહેલાઇથી નિયમન થઈ શકતું હતું. મોટા ભાગના દરદીઓ સરસ રીતે રોગમુક્ત થાય છે.

શસ્ત્રોપચારનાં જોખમો

ચેપ, પરુયુક્ત ગૂમડાં કે છિદ્રના સ્થાન ઉપર પહોંચવા માટે સર્જનને તંતુજાળોનાં અનેક પડોની આરપાર છરી ચલાવવી પડે છે, અને ત્યારપછી જ પરુ અને જંતુઓથી ભરેલા સ્થાન ઉપર, એ જઈ પહોંચે છે. સ્વાભાવિક રીતે જ આ સ્થિતિમાં પેટના પડદાની બખોલને ચેપ લાગવાનો ભય ઘણોજ મોટો હોય છે. આવે વખતે પ્રકૃતિમાતા પોતે જ કુશળતા-પૂર્વક ચેપના ભયને ઓછામાં ઓછો કરવાનો પ્રયત્ન કરે છે. મેં અનેકવાર સર્જનોને એ હકીકત ઉપર ટીકા કરતા સાંભળ્યા છે કે, સામાન્ય રીતે પરુમય ગૂમડું ફાટતું અટકાવવા માટે, અને શરીરને ચેપથી બચાવવા માટે, એ મજબૂત તંતુમય દીવાલોથી વિંટળાયેલું હોય છે. આરોગ્ય અને જીવનના રક્ષણ માટે, આકસ્મિક બનાવો માટે, અને શરીર ઉપર આવી પડેલ અસાધારણ માગને પહોંચી વળવા માટે કુદરતની અદ્ભુત તૈયારીનો આ એક દાખલો છે.

હાનમેનનો હું પ્રબળ પ્રશંસક હોવા છતાંય, "કુદરત એ એક કંગાલ વૈદ્ય છે" એ પ્રકારના એના સૂત્ર સાથે સહમત થઈ શકતો નથી. એક નિયમ તરીકે ચિકિત્સક અથવા સર્જન જેમજેમ વધુને વધુ વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ થતો જાય છે, તેમતેમ એ "કુદરતની રોગનિવારક શક્તિ"ને વધુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ પિછાનતો જાય છે, અને એનામાં વિશ્વાસ મૂકતો જાય છે. પાઠશાળામાંથી તાજોજ બહાર આવેલા જુવાનીઆ એની આગળ જે કાંઇ રજુ થાય છે, તેની ઉપર ઉત્સાહપૂર્વક છરી ચલાવે છે. એના વડીલો એમનાં માથાં ધુણાવે છે, અને કહે છે : "થોડા વખત થોભી જાવ. કુદરત શું કરે છે તે જુઓ તો ખરા."

મારા અનુભવમાં આવેલા કેસોમાં એક અત્યંત અસાધારણ કેસ, એક પ્રૌઢ વયનો પુરુષ જેને હું શ્રી. ક્ષ. કહીશ તેનો હતો. તે પેટના પડદાના સર્વ-વ્યાપી સોજાથી ગુંચવાઈ ગએલા એપેન્ડિસાઇટિસથી પીડાતો હતો. એ પહેલાં એ લાંબો સમય થયાં મધુ-મેહના રોગથી દુઃખી થતો હતો. દવાવાદી સારવાર દ્વારા રાહત શોધવાનો પ્રયત્ન કર્યા પછી, એને ક્રિશ્ચિયન સાયન્સ ઉપર આસ્થા બેઠી, અને અનેક વર્ષો થયાં, એ અને એનું કુટુંબ શ્રીમતી એડીના ઉપદેશોમાં અચળ નિષ્ઠા ધરાવતાં હતાં. એમ હોવા છતાંય એ રોગની એના ઉપરની પકડ દિવસે દિવસે આગળ વધતી ચાલી, અને વાત જ્યારે છેલ્લે પાટલે આવી, ત્યારે એણે ફરી પાછું એલોપેથિક સારવારનું શરણ શોધ્યું. જ્યારે એના એલોપેથિક દાક્તરે એને ખુલ્લા દીલથી એમ કહ્યું કે એને માટે હવે કોઈ આશા રહી નથી, ત્યારે એ અમારી પાસે તપાસ અને સલાહ માટે આવ્યો.

આંખની કનીનિકા દ્વારા કરવામાં આવેલા નિદાનથી અગ્ન્યાશયના પ્રદેશમાં એક મોટો ખસવિષનો ડાઘ પ્રત્યક્ષ થયો. એને એ સ્પષ્ટ રીતે યાદ હતું કે એ એની જુવાનીમાં "સપ્તવર્ષી ખસ"ના એક જોર-દાર હુમલાથી પીડાયો હતો, અને એ રોગને સામાન્ય રીતે વપરાતા ગંધકના અને પારાના મલમોથી દબાવી દેવામાં આવ્યો હતો. છ મહિનાની વિવેકપૂર્ણ જીવનપ્રણાલિકા અને નૈસર્ગિક ચિકિત્સાએ એને સુંદર સ્વાસ્થ્ય બક્ષ્યું. રોગ મટયા બાદ એણે આ મટાડનો બધોજ યશ ક્રિશ્ચિયન સાયન્સને આપ્યો, અને ફરી પાછું પોતાનું વિલાસી ને અનિયંત્રિત જીવન શરૂ કર્યું.

પાછળથી શ્રી. ક્ષ. મને પ્રસંગોપાત મળતો, અને એને ક્રિશ્ચિયન સાયન્સ કેવી રીતે દરેક રસ્તે મદદરૂપ થઈ રહ્યું છે એની કથા હર્ષપૂર્વક કહેતો. એ એમ કહેતો કે: "઼ઓ ડોકટર, જો તમે તમારા નિસર્ગોપચાર સાથે કેવળ સાયન્સનેજ ભેળવો તો સૌ વાતે સારાં વાનાં થશે. હું જ્યાં સુધી મારા "ચિકિત્સક" પાસેથી દૈનિક ચિકિત્સા લઉં છું, ત્યાં સુધી દરેક પ્રકારનાં માંસમચ્છી, ગરમ કેક્સ અને કોફી લેશમાત્ર અડચણ સિવાય આનંદપૂર્વક આરોગી શકું છું." હું એને હસતાં હસતાં જવાબ આપતો "ધ્યાન રાખજો, શ્રી. ક્ષ., તમે કુદરતને કાયમને માટે છેતરી શકશો નહિ. જો તમે સીધી રીતે નહિ ચાલો તો તમારું "સાયન્સ" એકબાજુ રહી જશે, અને કુદરત તમને લપડાક લગાવી દેશે." અને થયું પણ એમજ. આશરે છ મહિના બાદ મને એક સંદેશો મળ્યો : "એકદમ અહીં આવો. શ્રી. ક્ષ.ની છેલ્લી ઘડીઓ ગણાય છે."

એક નર્સને સાથે લઈને હું એને ઘેર ગયો અને ત્યાં મેં એને બહુજ ભયંકર દશામાં જોયો. એની બિમારીની શરૂઆત એપેન્ડિસાઈટિસના એક ઘણાજ ગંભીર હુમલામાંથી થઈ હતી. એમાંથી પરુયુક્ત ગૂમડું અને પેટના પડદાનો સર્વવ્યાપી સોજો ઉદ્ભવ્યાં હતાં.

અમે એકદમ ઠંડા પાણીના પૅક અને કરોડનિરોધની સાથેસાથે પ્રાણવિનિમય અને માનસોપચારની ચિકિત્સા શરૂ કર્યાં. અર્ધા કલાકની અંદરજ પરિસ્થિતિ ઉપર અમારો કાબૂ આવી ગયો. ભયાનક વેદના શમી ગઈ અને દરદી સહેલાઈથી આરામ લઈ રહ્યો હતો. એણે કહ્યું : "ડોકટર, છ દિવસ થયાં હું નર્કમાં હતો. મેં મારી જિંદગીમાં અનેક પ્રકારનાં દુઃખ સહન કર્યાં છે, પણ આનાજેવું દુઃખ તો કદી અનુભવ્યું નથી. આ બધા વખત દરમ્યાન એક કે બીજે સમયે મારી સેવામાં શીકાગોના છ સર્વોત્તમ સાયન્ટીસ્ટો હતા, પણ મને બિલકુલ રાહત મળી નથી."

સોજો કંઇક શમી ગયા બાદ, અમે એનાં આંતરડા એનીમાથી ધોઈ કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ એનું પરિણામ કંઈજ ના આવ્યું. અમારે બળાત્કારે 'કુદરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર વિશ્વાસ' રાખવો પડયો. અઠ્ઠાવીસમે દિવસે એ કુદરતી રીતે અને છૂટથી પ્રવૃત્તિશીલ બન્યાં. એ સમય પછી, પૂર્ણ રોગશાંતિ એ તો ફકત કાળજીભરી સૂશ્રુષાનોજ પ્રશ્ન રહ્યો હતો.

શરૂઆતનાં થોડાંક અઠવાડિયાં દરમ્યાન એનું આખુંયે પેટ ભીંગડાવાળા જણાતા ફોલ્લાઓથી છવાઈ ગયું હતું. એ કુદરતના શરીરશુદ્ધિના પ્રયત્નો હતા. ત્યારપછી એ ફરિયાદ ફરી કદી દેખાઈ નથી. શ્રી. ક્ષ. જ્યાંસુધી એના "સાયન્સ" સાથે વિપુલ પ્રમાણમાં નિસર્ગોપચારની માત્રા લે છે, ત્યાં સુધી એનું ગાડું બરાબર ચાલે છે.

એણે મને કહ્યું હતું કે મધુમેહમાંથી સાજો થયા પછી અને માંસાહાર ફરી પાછો શરૂ કર્યા પછી એ કબજિયાતથી પીડાવા માંડયો હતો. કેટલીકવાર એના આંતરડા અનેક દિવસો સુધી નિષ્ક્રિય રહેતાં. વારંવાર સળંગરીતે એક અઠવાડિયા સુધી આ સ્થિતિ રહેતી. જ્યારે એણે આ હકીકત એના 'ચિકિત્સક'ને કાને નાખી, ત્યારે એને એમ જવાબ મળ્યો કે: 'પરવા ન કરો. ભગવાન એ બાબતની કાળજી રાખશે.' શરીરની ગંદી સ્થિતિને લઇને એપેન્ડિસાઇટિસનો હુમલો આવ્યો, ત્યાં સુધી ભગવાને એની કાળજી રાખ્યાજ કરી. જે ચિકિત્સક પોતાની સાદી સમજણનાં અભાવનાં પરિણામો ઈશ્વર દૂર કરશે એવી આશા રાખતો હતો, તે એક વખત એક સુવિખ્યાત એલોપેથિક ચિકિત્સક હતો. આરોગ્ય, રોગ અને રોગનિવારણના પાયાના નિયમો ના સમજવાને લઈને એણે એક છેડેથી બીજા છેડા તરફ ઝુકાવ્યું હતું. એલોપેથિક અત્યાચારમાંથી ક્રિશ્ચિયન સાયન્સના અનાચાર તરફ એ ગયો હતો.

એપેન્ડિસાઇટિસનાં હઠીલાં પશ્ચાત પરિણામો

દરદી એપેન્ડિસાઇટિસના ઉગ્ર હુમલામાંથી સાજો થયા પછી પણ, એના બીજા હુમલાઓ અટકાવવા માટે, એપેન્ડિકસને કાપી કાઢવાની સલાહ આપવાનો સર્જનોમાં સામાન્ય શિરસ્તો છે. જો એપેન્ડિસાઈટિસને કુદરતી રીતે મટાડવામાં આવ્યું હોય તો કોઈપણ જાતનાં હઠીલાં પશ્ચાત પરિણામો જોવામાં આવશે નહિ. વિવેકશૂન્ય તર્પણ, દવાઓના ઉપયોગ અને સર્જિયકલ વાઢકાપથી રોગગ્રસ્ત ભાગોની સંપૂર્ણ સુધારણા અટકી જશે અને એનું પરિણામ હઠીલા એપેન્ડિસાઇટિસમાં આવશે.

હું અગાઉ એ સમજાવી ગયો છું કે, ખાદ્ય પદાર્થો જખમો અને પરુયુકત ગૂમડાંઓ ઉપર કેવી રીતે આક્રમણ કરે છે, અને એમાં એ ભરાઇ જઇને કાયમી ક્ષોભ ઉત્પન્ન કરે છે. હાથની હથેળીમાં જો ચીરો પડયો હોય, તો આપણે એને સતત બંધ કરતા અને ઉઘાડતા નથી. એમ કરવાથી રૂઝ આવવાની ક્રિયામાં વિક્ષેપ પડે. એજ રીતે સુજેલા અંધાંત્ર અને એપેન્ડિકસની આળી સપાટી સાથે ખોરાકનો સંસર્ગ થવાથી રોગનિવારણમાં નડતર થાય છે.

સર્જિયકલ ઉચ્છેદ એ 'એપેન્ડિસાઇટિસ' ફરીથી ના થવાની કોઈ ગેરન્ટી નથી. મેં ઘણા કેસોમાં એ જોયું છે કે, આ અવયવને દૂર કર્યા પછી, દર્દના ખરાબમાં ખરાબ હુમલા આવ્યા હતા. આમ થવાનું કારણ ઑપરેશનથી નબળા પડેલા પાડોશના ભાગોનો સોજો એ હતું.

આપણે એ જોઈ ગયા કે, એપેન્ડિકસ એ એક ઉપયોગી અવયવ છે, અને એ અન્નપાચનની પ્રક્રિયાઓમાં મહત્વનાં કાર્યો કરે છે. એટલા માટે એનો ઉચ્છેદ શરીરની વ્યવસ્થામાં ગંભીર ખોટ ઉપસ્થિત કરે છે. અમે એ જોયું છે કે જે લોકોની ઉપર આ પ્રકારનું ઑપરેશન થયું હોય છે, તેઓ લગભગ હમેશાં પહેલાં પીડાતા એના કરતા ઑપરેશન પછી પાચનક્રિયાની અવ્યવસ્થાથી વધુ પીડાતા હોય છે. આવા લોકો ઑપરેશન પછી આંતરડાની નિષ્ક્રિયતા, કબજિયાત અને પવન એકઠો થવાની ફરિયાદોથી વિશેષ પ્રમાણમાં હેરાન થતા હોય છે. એમના આરોગ્યનું સામાન્ય જોમ પહેલાંના જેવું હોતું નથી, અને પ્રતિકારશકિત પણ ઘટી હોય છે. મોટા ઑપરેશનને પરિણામે હરહમ્મેશ 'તંતુજાળો નિર્બળ બને છે, અને ઝેરી' સડાનાશકોથી સંતૃપ્ત થાય છે. એટલા માટે એ રોગગ્રસ્ત ભાગો અધઃપતન અને વ્યાધિ સામે ઓછો પ્રતિકાર કરી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસર્ગોપચાર છેલ્લો અજમાવવાને બદલે પહેલો શા માટે ન અજમાવવો ?

આ પ્રશ્નનો જવાબ અમારી પડોશમાં રહેતો શ્રી૦ અ૦ નામનો ઈટાલીયન હજામ પોતાના દુખદ અનુભવ ઉપરથી આપી શકશે. એની તકલીફની શરૂઆત હઠીલી કબજિયાત અને હરસથી થઇ. હરસ મટાડવા માટે એની ઉપર ઑપરેશન કરવામાં આવ્યું, પણ એને પરિણામે એનું મળાશય એટલું તો સંકોચાઈ ગયું કે બીજું ઓપરેશન જરૂરી બન્યું. ત્યારબાદ આંતરડા તદ્દન નિષ્ક્રિય થઈ ગયાં.

આ શહેરના એક અત્યંત સુપ્રસિદ્ધ સર્જ્યને એક વિશેષ ઓપરેશન કરીને એપેન્ડિકસને કાપી કાઢયું. એના પછી આંતરડા ઉપર એનીમાઓ અને અત્યંત પ્રબળ દવાઓ પણ કશી જ અસર કરી શકયાં નહિ. બીજા અખતરાઓ નિષ્ફળ જવાથી છેવટના ઉપાય તરીકે એ સુવિખ્યાત સર્જ્યને પેટની દીવાલની આરપાર ઉર્ધ્વગામી બૃહદઅંત્રમાં એક મોં કર્યું. આ નાળમાં એક ચાંદીના નાળચા મારફતે આંતરડામાં નવશેકું પાણી રેડવામાં આવતું. આનાથી ધાર્યું પરિણામ આવ્યું. જ્યારે એ માણસ અમારી પાસે સલાહ માટે આવ્યો, ત્યારે તે બે વર્ષ થયાં દરરોજ એ એના જમણા પડખામાં આવેલી નાળ મારફતે એનાં આંતરડામાં સવાશેર કે એથી વધારે નવશેકું પાણી રેડતો હતો. આ ક્રિયાથી એનાં આંતરડાં તો કામ કરતાં થયાં, પણ એના જખમમાં કોષનાશક અધઃપતનની પ્રક્રિયાના ચિહ્નો દેખાવાની શરૂઆત થઈ. અને એને દાકતરો તરફથી કહેવામાં આવ્યું કે, ત્યાં આગળ કેન્સર થવાનો ગંભીર ભય હતો. એને લઈને એ છેવટે નિસર્ગોપચારને શરણે આવ્યો.

નૈસર્ગિક જીવનપ્રણાલિ હેઠળ ચાર જ અઠવાડિયાંની અંદર, ઉપરથી જલસિંચન કર્યા શિવાય એનાં આંતરડાં કુદરતી રીતે અને નિર્બંધપણે કામ કરતાં થયાં ત્યારથી આજસુધી એનાં આંતરડાં એવાંજ કાર્યક્ષમ રહ્યાં છે.

શરૂઆતમાં એણે એ જખમને બીડાવા દીધો નહિ, કારણ કે એને એ ડર હતો કે એમ કરવાથી એની જુની ફરિયાદો—કબજિયાત અને અંત્રાવરોધ ફરી પાછાં દેખા દેશે. એણે એ નાળને દરરોજ નાળચું દાખલ કરીને કૃત્રિમ રીતે ખુલ્લી રાખી, જ્યારે ત્રણ મહિના સુધી એનાં આંતરડાં સ્વાભાવિક રીતે ક્રિયાશીલ રહ્યાં ત્યારે એણે એ જખમને બીડાવા દીધો. એ સંપૂર્ણ રીતે રૂઝાઈ ગયો અને ત્યારપછી આજ સુધી કેટલાયે વર્ષોના સમય દરમ્યાન એણે કશી જ તકલીફ અનુભવી નથી.

મેં આ કેસને એક વૈદકીય કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોના સમૂહ આગળ રજુ કર્યો. મારા વિવેચન દરમ્યાન મેં જણાવ્યું કે: "જો ત્રણ વર્ષના દવાવાદી અને સર્જીકલ અખતરાખોરી પછી ચાર અઠવાડિયા નૈસર્ગિક આહાર અને સારવારથી આંતરડા પાસે નૈસર્ગિક અને નિર્બંધ રીતે કાર્ય કરાવવાનું શકય બન્યું, તો શરુઆતમાં જ નૈસર્ગિક પદ્ધતિઓથી રોગનિવારણનું કાર્ય કરવાનું કેટલું બધું સહેલું બન્યું હોત! કેટલું બધું દુઃખ તેમજ સમય અને પૈસાનો દુર્વ્યય ટાળી શકાયાં હોત!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટમ બોમ્બ અને વિશ્વશાંતિ

યુદ્ધો વિજ્ઞાનની જનેતા જેવાં છે. સંહારમાંથી સર્જન તે આનું નામ હશે? છેલ્લા યુદ્ધે માનવ જાતને ઘણી નવી વૈજ્ઞાનિક વસ્તુઓ આપી છે, જેમાં એટમ-બોમ્બનું સ્થાન શિરોમણિ છે. અણુ શકિતને નિયંત્રણ હેઠળ લાવવાથી મહાન કાર્યો સહેલાઈથી પાર પાડવાની કલ્પનાઓ વૈજ્ઞાનિકો કરે છે, અને એ બધાની પાછળ માનવમાત્રના સુખની 'શુભ' ભાવનાઓ હોવાનું જણાય છે. એટમ-બોમ્બ જે હેતુ માટે બનાવવામાં આવ્યો છે તે હેતુ પાર પાડવામાં એની અસર રામબાણ છે, એટલે એની શોધ સફળતાને વરી છે. મહાનકાર્યોને સફળતાથી પાર પાડનારા નરપુંગવોની યાદીમાં આપણે એના શોધકો કે યોજકોને મૂકી શકીશું?

એનો ઉપયોગ સર્જનાત્મક કરતાં સંહારાત્મક છે, છતાં, ઘડી ઘડી લડવાને માટે તૈયાર થતાં રાષ્ટ્રો એના ભયથી યુદ્ધો ઉપાડતાં અચકાશે ને કોટિ પ્રયત્નો વડે પણ જે વિશ્વશાન્તિનું સ્વપ્ન પૂર્ણ થયું નથી તે એથી પૂર્ણ થશે એવી કલ્પના રજૂ કરવામાં આવી છે, એટમ-બોમ્બનો એક જ ફટકો ને લાખ્ખોની વસતિવાળું સુન્દર, સુશોભિત મકાનો, ઉદ્યાનો, સંગ્રહસ્થાનો ને પુસ્તક ભંડારોવાળું શહેર ઘડીના છઠ્ઠા ભાગમાં તારાજ બને છે. એનો પ્રચંડ અગ્નિ દિવસોના દિવસો સુધી ધૂંધવાયા કરે છે, ચારે બાજુ વિનાશનું પ્રચંડ મોજું ફરી વળે છે, લશ્કરનો નાશ થાય છે, નિર્દોષ શહેરીઓ અને બાળકો મરે છે, ભવિષ્યનું ઘડતર કરી શકે એવો એક 'જીવ' પણ એની સંહાર જવાળામાંથી છટકી શકે એમ નથી. રાષ્ટ્રનો અને પ્રજાનો આવો સંપૂર્ણ પ્રલય થાય એવી પરિસ્થિતિમાં મૂકાવવું કોઈ પણ રાષ્ટ્ર કદી પસંદ કરે નહિ. એટમ બોમ્બનો ભય અમને યુદ્ધોમાં ઊતરતા અટકાવશે. રાષ્ટ્રો બીજા રાષ્ટ્રો સાથે સંપથી રહેશે, એ ભયથી કે રખેને, બીજું રાષ્ટ્ર એટમ બોમ્બ લાવી એમના રાષ્ટ્રને નષ્ટપ્રાય કરી દેશે. લીગ ઓફ નેશન્સની મુત્સદ્દી, કવિઓનો સંસ્કૃતિસંદેશ, માનવની માનવી માટેની બંધુત્વ ભાવના, નિર્દોષ માનવ પ્રાણીઓની ક્રૂર કત્લેઆમની કરુણ હૃદયભેદકતા કે નીતિની સૂક્ષ્મ ભાવનાના ધ્વંસને નિહાળીને પ્રગટેલો ઋષિઓનો પુણ્યપ્રકોપ પણ "એક-વિશ્વ"ની ભાવનાને સાકાર કરી શકયા નથી તો તે ભાવના 'ભય' જેવી માનવની એક નિર્બળવૃત્તિ સાકાર કરશે તે વસ્તુને આપણે કેવી લેખીશું? સ્વાભાવિક છે કે પ્રલય બોમ્બની બીક હેઠળ શકિતશાળી રાષ્ટ્રો તરફથી થતાં અન્યાયો સહન કરવામાં નાના રાષ્ટ્રો મુત્સદ્દીગીરી માનશે, માનવતા માનશે, ડહાપણ માનશે. એમ નહિ બને તો સર્વનાશ સ્વીકારે જ છૂટકો. હજુ તો આ શોધનો આરંભકાળ છે, જગતની અનેક વસ્તુની માફક એ પણ વિકાસને પંથે જશે ને એની શક્તિમાં કાંઇ કેટલોએ વધારો થશે! આજે એનો ભેદ ભલે એક જ રાષ્ટ્રના હાથમાં હોય કે મિત્રો બનેલા રાષ્ટ્રોના સમુહના હાથમાં હોય, તેથી કાંઇ એની ભયાનકતામાં ફેર પડતો નથી. એના ઉપર નિયંત્રણ રહેશે કે "સંસ્કૃતિ ભરેલા યુદ્ધ"માંથી એને બાકાત રાખવામાં આવશે એવો વિશ્વાસ રાખવાનું પણ કોઇ કારણ નથી, એટલે એનો ઉંપયોગ થવાનો છે એમ ધારી સૌ કોઇ વર્તશે એમ જણાય છે.

ધારો કે એટમ-બોમ્બના વિનાશકારી ભયને કારણે દુનિયામાં યુદ્ધો ઉપડતાં અટકશે ને યુદ્ધોની ગેરહાજરીને આપણે વિશ્વશાન્તિ ગણીએ તો એ વિશ્વશાન્તિ અને એની સ્થાપના પાછળ કાર્ય કરી રહેલાં બળો આપણે વિચારવાં જોઈશે.

મનુષ્યનાં જીવનમાં ભય અને પ્રલોભનનું સ્થાન અવગણવા જેવું નથી. નાના બાળકને માર મારવાનો ભય દેખાડશો તો એ તમારું પુસ્તક ફાડી નહી નાખે, એને કાંઈ ખાવા આપવાની લાલચ બતાવશો તો એ તમારી ટપાલ પોસ્ટઓફિસમાં નાખી આવશે. ગંગામાં સ્નાન કરવાથી પાપમુકત થવાય છે ને પરિણામે બીજા જન્મમાં સુખી જીવન જીવવાનું મળે છે. રસ્તામાં ચાલતાં કીડી મંકોડી પગે ચગદાઈ ને મરી જાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપ લાગે છે ને નરકની યાતના સહન કરવી પડે છે, પરોપકાર ને યજ્ઞો કરવાથી મોક્ષ મળે છે ને સંસારના જન્મબંધનના ફેરામાંથી છૂટાય છે, ખૂન કરીએ કે પાપ ભરેલું આચરણ કરીએ તો ઇશ્વર ભારે શિક્ષા કરે છે; આવી આવી ધર્મે ઉપજાવી આપેલી માન્યતા પાછળ યોગ્ય રસ્તે માણસને વાળવા માટેના પ્રલોભનો અને એને ખોટે માર્ગે જતો અટકાવવા માટે અપાતો ડર નથી જણાતો ? સુકાર્યની બક્ષિસરૂપે મળતાં મીઠાં ફળોને દુષ્કર્મની સજારૂપે ભોગવવા પડતા દુઃખોનો ઉલ્લેખ દરેક ધર્મના શાસ્ત્રોમાંથી જડી આવે છે. કીર્તિ મળે એટલા માટે કેટલાંયે પરોપકારી કાર્યો સારા ગણાતા માણસો કરે છે ને અપકીર્તિની બીકે અમુક કાર્યો કરતાં અટકી જાય છે. જગતના બીજા માનવ પ્રાણીઓના હિત માટે આ કાર્ય જરૂરી છે અથવા તો એમનું અહિત થશે માટે અમુક જાતનું આચરણ બિનજરુરી છે એવી માત્ર શુદ્ધ ભાવનાથી કોણ, કેટલાં કાર્યો આરંભે છે ? કોણ એ રીતે વર્તે છે ? નિષ્કામકર્મના કરનારા મહાત્માઓ જગતમાં વિરલ છે. સામાન્ય માણસોએ તો આ સામાન્ય માર્ગનો જ આશરો લીધો છે અને કહેવું જોઈએ કે ન્યાય અને વ્યવસ્થા ટકાવવામાં આ પ્રક્રિયાએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. માણસના સ્વભાવમાં રહેલી આ વૃત્તિના અવલોકન પછી એટમ બોમ્બ અને વિશ્વશાન્તિનો પ્રશ્ન વિચારીએ ત્યારે લાગે કે અનેક પ્રયત્નો વડે જે વિશ્વશાન્તિ સ્થપાઈ નથી તે આ ભયથી સ્થપાશે, યુદ્ધથી ત્રાસ પામેલા, આપણે આવી આશા રાખી બેસીએ ને આ પરિસ્થિતિને આવકારવા તૈયાર થઇ જઈએ એ સ્વભાવિક છે. માની લઇએ કે એટમ-બોમ્બ વિશ્વશાન્તિનો જનક બનશે ને દુનિયા ડાહી બની, એવી તો હળીમળીને રહેશે કે એટમ બોમ્બને એનો પરચો બતાવવાનો પ્રસંગ નહિ સાંપડે, એના ઉપયોગમાં રહેલી ભયાનકતા કદી સર્જાશે જ નહિ, ઘડીભર આ કલ્પના આપણને આલ્હાદક લાગે છે. પણ આપણા મનમાં શંકા જન્મે છે; શું ખરેખર એમ બનશે, ખરું ? ને બનશે તો જગતની સૂરત કેવી હશે ? પ્રજાઓના ભાઇચારાને પરિણામે પ્રગટેલો પરમાનંદ વિશ્વ ભોગવતું હશે ખરું ? આ બધાને પરિણામે સઘળી પ્રજાઓ પ્રગતિને પંથે પડી સંસ્કૃતિની ટોચે પહોંચશે ? 'યેન કેન પ્રકારેણ' વિશ્વશાન્તિની ઝંખના કરનાર એથી સંતોષ પામશે ?

જો આ બધા પ્રશ્નોનો જવાબ 'હા' હોય તો એટમ-બોમ્બ આપણી પૂજાનો અધિકારી છે, પણ આસુરી સાધન વડે દૈવી સિદ્ધિ મળી હોય એવું ઉદાહરણ પુરાણોમાંથી કે ઇતિહાસમાંથી સાંપડતું નથી. સાધ્યને પ્રાપ્ત કરવામાં સાધનની યોગ્યાયોગ્યતાનો વિચાર ટાળવો સરવાળે હાનિકારક છે. શુદ્ધ અને મહાન સાધન વિના મહાન સિદ્ધિ પ્રાપ્ત નથી થતી, ને લાંબી ટકતી પણ નથી. વિશ્વશાન્તિના સાધન તરીકે એટમ-બોમ્બ કેવા પ્રકારનું સાધન છે ? એ શુદ્ધ સાધન છે ? ગૌરવભરેલું છે ? મહાન છે ? નીતિયુક્ત છે ? ના એ શુદ્ધ નથી. એના ઉપયોગનું પરિણામ આપણે જાણીએ છીએ કે અતિદારુણ છે. નિર્દોષની ઠંડી કત્લેઆમમાં શૌર્યનું ગૌરવ નથી પણ જાલીમોની ક્રૂરતા છે. સાધન વિહિન કે નિર્બળ ઉપર પોતાની સત્તા લાદવી અને એ ના પાડે તો એનો કચ્ચરઘાણ કાઢી નાખવો એમાં મહત્તા નથી પણ હીનતા છે. પ્રેમ કે સમજાવટથી નહિ પણ ભય અને ત્રાસ વડે પ્રજાઓને શાન્તિને માર્ગે ખેંચી જવામાં જરાએ ગૌરવ નથી. આ પ્રકારના સાધન વડે ગમે તેવા મહાન કે ઉપયોગી કહેવાતા કાર્યની સિદ્ધિ માટે મથવું એ કદાપિ નીતિયુક્ત હોઈ શકે નહિ. આ પ્રકારની વિચારણા પછી તાત્ત્વિક અર્થમાં આપણે કહી શકીએ કે એટમ-બોમ્બ વિશ્વશાંન્તિના સાધન તરીકે અયોગ્ય સાધન છે.

હવે, એટમ-બોમ્બનો ભય અસરકારક થાય ને યુદ્ધો ઉપડતાં અટકે તો કેવી પરિસ્થિતિ ઊભી થાય તે વિચારવું જોઈએ. બાહ્ય ભયના દબાણ હેઠળ થતાં કાર્યનું પરિણામ વિપરિત આવવાનો સંભવ છે. જે દિવસે ભયનો માર્યો માનવી અન્યાયો સહન કરતાં બની જાય ત્યારે એનું તેજ હણાઈ જાય છે. પોતાના ઉપર વરસતાં દુઃખો મૂંગે મોઢે સહન કરતો અસહાય બની એ બેસી રહે છે, વિરોધનો એક ફુંફાડો મારવાની તાકાત પણ એ ગૂમાવી બેસે છે; પરિણામે બીજાએ લાદેલું જીવન જીવતો કંગાલ ગુલામ બને છે. માનવ તરીકેના શુભ ગુણો પ્રગટાવવાનું એને માટે શક્ય નથી હોતું, જીવનના ઉચ્ચ અને રમણીય તત્ત્વોનું પાન કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાની કે સર્જન કરવાની નિસર્ગશક્તિ એ ગૂમાવી બેસે છે, એ સ્થૂળ અર્થમાં જીવતો છતાં સૂક્ષ્મ અર્થમાં મરેલો એ જીવન વિતાવે જાય છે. એટમ-બોમ્બવાળાં કે શક્તિશાળી રાષ્ટ્રો તરફથી થતાં જૂલમો સહન કરી લેવાં, એની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને સંતોષે જવી, એના મદને પોષવો ને પોતાને જે સત્ય લાગ્યું હોય તેનું કે પોતાના હિતને માટે અપરિહાર્ય લાગે તેનું આચરણ ઘર્ષણ ટાળવા ન કરવું એ પરિસ્થિતિ કોઇ પણ રાષ્ટ્રના જુસ્સાને નષ્ટપ્રાય કરી દેવા પૂરતી છે. પછી, એ રાષ્ટ્ર કેવી રીતે પ્રગતિ કરી શકે? સંસ્કૃતિનું વિકાસમય સાતત્ય કેવી રીતે જાળવી શકે? પોતાની પ્રજાનો વિકાસ ક્યાંથી સાધી શકે? કઈ રીતે બળવાન ને પ્રાણપોષક સાહિત્ય રચી શકે? ને એ બધા વિના એ રાષ્ટ્ર પણ જીવતું છતાં મરેલું જ છે. સ્થૂળ અર્થમાં ભલે સ્વતંત્ર હોય પણ સાચા અર્થમાં એ ગુલામ જ રહેવાનું. શોષિત બનવું એ માનવીની શોભા નથી, શોષક બનવું એ પણ શોભાસ્પદ નથી. એટમ-બોમ્બ આવા બે વર્ગો વિશ્વમાં ઊભા કરી દેશે. એક વર્ગ એટમ-બોમ્બ ઉપર કાબૂ ધરાવનાર શોષકોનો ને બીજો વર્ગ પોતાનું અસ્વિત્વ ટકાવી રાખવા એ વર્ગનો ગુલામ બની ચૂકેલો શોષિતોનો. ગંજાવર સાધન સામગ્રી માગી લેતું એટમ-બોમ્બનું અટપટું વિજ્ઞાન કાંઈ એકેએક રાષ્ટ્રને સાધ્ય હોય નહિ. એટલે આવા બે વર્ગો ઊભા થવાના જ. જ્યારે વિશ્વ આવા બે વર્ગોમાં વિછિન્ન થઇ ગયું હોય ત્યારે એ સમય સંસ્કૃતિની દૃષ્ટિએ અધમ જ ગણાય. પ્રજા પ્રજા વચ્ચે બંધુત્વના સંબંધને બદલે ઊંચ-નીચના, સેવક-શેઠના સંબંધો બંધાય એ ઉચ્ચતમ સ્થિતિ નથી. એટમ-બોમ્બના ભય હેઠળ આ રીતે પ્રગટતી વિશ્વશાન્તિ જગતને આગળ લઈ જવાને બદલે પાછળ લઈ જશે. યુદ્ધનો અભાવ વિશ્વશાન્તિ નથી. એટમ-બોમ્બના ભય હેઠળ જન્મતી શાન્તિ સ્મશાન શાન્તિ જેવી ત્રાસપ્રેરક હશે, દરેક રાષ્ટ્ર એકબીજા સાથે સમાનતાથી રહે, પોતાની શક્તિના અવિર્ભાવ માટે સંપૂર્ણ સ્વતંત્ર હોય, એકબીજાને ચૂસવામાં નહિ પણ પોષવામાં ગૌરવ લે, હરેક રાષ્ટ્ર વિશ્વ માટે ને વિશ્વ હરેક રાષ્ટ્ર માટે રહે તોજ માનવ સંસ્કૃતિ વિકાસને માર્ગે આગળ જાય એવી વિશ્વશાન્તિ પ્રગટે. એટમ-બોમ્બનો ભય એવી વિશ્વશાન્તિ પ્રગટાવી શકે એમ નથી જણાતું. એટમ બોમ્બ જેની પાસે હશે તે પોતાનું ગૌરવ પ્રગટ કરવા માટે, પોતાની મહત્તા ને સત્તા સ્વીકારાવવા માટે ને પોતાનો સ્વાર્થ સાધવા એટમ-બોમ્બનો ડર બતાવ્યા કરશે ને પ્રસંગ આવે એનો ઉપયોગ કરવા તૈયાર રહેશે. એટમ-બોમ્બ સંગ્રહસ્થાનની નહિ પણ શસ્ત્રાગારની વસ્તુ બની રહેશે. એક વર્ગ પાસે સત્તાના અતિરેકમાંથી ઊપજતું ગુમાન હશે, બીજા વર્ગમાં સાચી સત્તાના અભાવને કારણે પ્રગટતી દીનતા હશે. જેને પરિણામે ઊપજતી પરિસ્થિતિ વિશ્વશાન્તિને મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થઇ પડશે. એટમ-બોમ્બના ભય હેઠળ, યુદ્ધો ઊપડતાં અટકશે તો પણ એવી યુદ્ધની ગેરહાજરી, સાચી વિશ્વશાન્તિ નહિ પ્રગટાવી શકે.

હવે, એટમ-બોમ્બનો ભય ખરેખર યુદ્ધોને અટકાવશે કે નહિ એ રીતે આ પ્રશ્ન વિચારવાનો રહે છે. કેટલીક વખત વ્યક્તિના કે પ્રજાના જીવનમાં યુદ્ધ અનિવાર્ય હોય છે. એવું યુદ્ધ ઉપાડવાની ઘડીએ કોઈ વસ્તુના ભય હેઠળ રાષ્ટ્ર કે પ્રજા યુદ્ધો ઉપાડતાં અચકાય એ કાયરતા છે. એવું કરનાર પ્રજા પોતાનાથી બળવાન પશુથી બીને ભાગી જતા જનાવર જેવી જ કહેવાય. માનવીમાં રહેલું ગૌરવ એને આ રીતનો આચરણ કરતાં અટકાવશે. સ્વત્ત્વ પ્રબળ બની જે ઘડીએ કાર્ય કરવા મંડી પડે છે ત્યારે માણસ પોતાની આગળ રહેલા ભયનો કે પરિણામનો વિચાર કરવો શોભતો નથી, અપરિહાર્યનું આચરણ એજ એક એની રટણા હોય છે, કોઇ પણ રાષ્ટ્ર એવી પરિસ્થિતિમાં આવી પડશે ત્યારે શક્તિશાળી રાષ્ટ્રના મદને પોષવાની ના પાડશે. ને માનહાનિ સહન કરીને ગુલામ જેવું જીવન જીવવાનો ઇન્કાર કરવાનું એનામાં જોમ પ્રગટશે, ત્યારે એ ચૂપ નહિ રહે. પ્રજાનાયકો અને વિધાયકો પ્રજામાં યુદ્ધનો જુસ્સો પ્રગટાવશે ને પ્રજા પણ પોતાનું ધાર્યું મેળવવા કે સ્વાર્પણ કરી ખપી જવા તૈયાર થશે, નિશ્ચિત આદર્શને પહોંચવા માટે કે અન્યાયોનો સામનો કરતાં મરણને વીરતાથી ભેટતા નરરત્નોથી ઇતિહાસ શણગારાએલો છે, આમ થશે ત્યારે એટમ-બોમ્બને અવગણવાનો જુસ્સો પ્રજામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેળવાશે ને માત્ર એ ભય એમને યુદ્ધોમાં ઊતરતા રોકી નહિ રાખે. ભયથી ડરી જવું એ નીતિની દૃષ્ટિએ હલકું કાર્ય છે એ હકીકત બાજુએ મૂકી, માત્ર આ રીતે વિચાર કરીએ તો જણાશે કે વિશ્વશાન્તિ સ્થાપવા માટે એટમ–બૉમ્બનો ભય કામયાબ બની શકે એમ નથી.

તો પછી એનો અર્થ એ કે એટમ–બૉમ્બની ક્રૂર લીલા આપણે નીહાળે જ છૂટકો, યુદ્ધની ભીષણતા વધારે કરાલ બનશે, એના સતત ભય હેઠળ કેટલીએ ઉપયોગી વાતો ટાળવી પડશે, શક્તિશાળી રાષ્ટ્રને નમવાનું ને એની આજ્ઞાઓ કે ધૂનો માથે ચઢાવવાનું નાના રાષ્ટ્રોને જરુરી થઇ રહેશે, મોટાં રાષ્ટ્રોની જોહુકમી ને દાદાગીરી વધશે, એટમ-બૉમ્બ ઉપર કાબૂ ધરાવનારી ટોળકીના હાથમાં વિશ્વનું ભાવિ બંધાએલું રહેશે. આમ વિશ્વશાન્તિ માટે એની શોધ નડતરરૂપ ને મોટી આફતરૂપ જણાય છે. એથી અનેક ગૂંચવાડાઓથી ભરેલી આપણી દુનિયામાં એક ત્રાસજનક ગૂંચવાડાનો વધારો થયો છે. એના શોધકોએ જગતને દુઃખ અને મૂંઝવણમાં મૂક્યું છે ને એના અત્યંત કાળા ભાવિના રંગને વધારે ઘેરો બનાવ્યો છે. નાનશેષ ન રહે એવો એટમ–બૉમ્બનો વિનાશ જગતનું ભાવિ માંગી રહ્યું છે. આપણે આશા રાખીએ કે આ વિપુલ પૃથ્વી ઉપર કોઈ એક કાળે એવો ઋષિ પયગંબર જરૂર પ્રગટશે કે જે સત્તા, મહત્ત્વાકાંક્ષા, સ્વાર્થ ધનલોલુપતા જેવા રિપુઓનો સંહાર કરશે ને પ્રેમ, પરમાર્થ ને અનાસક્તિનો પ્રજામાં સંચાર કરશે. એવા માનવીના દેહમાં વસેલો પવિત્ર ને પ્રબળ આત્મા જ એટમ–બૉમ્બને જડમૂળથી ઊખેડી, સાચી ને કાયમી વિશ્વશાન્તિનાં બીજ વાવશે.

(અનુસંધાન પૃષ્ઠ ૯૬ થી આગળ)

આ એણે જ એને મારી નાખ્યો છે. એ ન હોત તો એ જરૂર જીવ્યો હોત.”

“આ તમે કેવી વાત કરો છો ?”

મેં મારું કામ ચાલુ રાખ્યું એટલે, “ઓ ભગવાન ! હાય, હાય રે, આમને શું થયું છે રે !” એણે બૂમરાણ મચાવી મૂક્યું ને સાથે સાથે મને તાળીઓ બંધ પાડવાનું કહ્યું.

“શા માટે ? શા માટે ? મેં પૂછ્યું. પછી, હું બાળક પાસે ગયો અને બબડયો: “તું હમેશ યાદ રાખજે કે તારી મોટી બહેન તારા અકાળ મરણ માટે જવાબદાર છે ! એ તારી ખૂની છે, હું તારો બાપ તને એનું વેર લેવાનું કહું છું......”.

પછી તો શબની વિધિપૂર્વક ક્રિયા કરવામાં આવી. મા પોતાના બાળક પાસે બેસી છેલ્લું રડી, પછી એને નવડાવ્યું, એના કાનમાં કંઈ કહ્યું ને એને કકડામાં વીંટાળ્યું. ફરી પાછું રૂદન ચાલ્યું, જાગી ઊઠેલાં બન્ને બાળકોએ પણ એમાં સાથ પૂર્યો. હું બાળક પાસે ગયો અને બોલ્યો:

“સ્વર્ગમાં ભગવાન તને સર્વ પ્રકારની શાંતિ આપે, તું ત્યાં સુખી બને ! ત્યાં ભગવાન આગળ તારા ગરીબ, ઘરવગરના અને આ ભરી દુનિયામાં હવે એકલો રહેનાર તારો બાપ સુખી બને એ માટે પ્રાર્થના કરજે !!! ......”

પછી, શાન્ત વદને, મૂગે મોઢે શબ ઉપાડયું, મારા સૌથી નાના બન્ને બાળકો તરફ હેત ભરી છેલ્લી દૃષ્ટિ નાંખી તેમની વિદાય લીધી અને ધીરે ધીરે ઓરડામાંથી નીકળી આ કાળઘેરી અંધારી દુનિયામાં આગળ વધવા માંડયું. [સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરીફ

[ગતાંકથી સંપૂર્ણ]

અનુ : ભૂપેન્દ્ર ઉપાધ્યાય

ઠંડી હોય તો પણ માથા પરથી ફાળકું ઉતારીને વાળને પવનમાં ઊડવા દેતો. મારા માથાનું મને અભિમાન હતું. કાળા માથાનો માનવી જે કાંઇ કરી શકે છે તે હું પણ કરી શકું છું એવું મને અભિમાન કેમ ન હોય?

લટાર પૂરી કરી ઘરે પહોંચી જાઉં છું. હવે ચોરપગલીએ ચૂપકીથી અંદર જતો નથી પણ વટભેર ઘરમાં પ્રવેશ કરું છું. ઓરડાની વચ્ચે જઇને ઊભો રહીને મારી સમૃદ્ધિ પર દૃષ્ટિ કરું છું: બાળકો નિરાંતે ઘોરતાં હોય છે. બીજું શું દેખાય છે? એક, બે, ત્રણ-ત્રણ નાના માનવ પ્રાણીઓ, હમણાં એ ઘોર નિદ્રામાં પડયા છે પણ મારા વિના એમનું અસ્તિત્વ જ શકય નથી, મારા લોહીમાંસમાંથી એ ઘડાયા છે. એ ત્રણ માનવપ્રાણીઓ મારો જ અંશ છે અને હું એમનો અંશ છું. અને સામે સુતેલી મારી પત્ની એ પણ મારી જ છે, મારા સિવાય બીજા કોઇની નથી, એના ગર્ભમાં મારું જ બીજ રહેલું છે. ઓહ, અમે કેટલાં? એક બે ત્રણ, મારી પત્ની ચાર, જન્મવાનું છે એ બાળક પાંચમું અને હું એમ છ જણાં. અને એટલે જ હું છગણો છું અને આ છએ જણાં મારા જ છે, મારે લીધે જ છે. આખો ઓરડો મારા વડે ભરાઇ ગયો છે!

*

હવે તો હું ગૂંચવણમાં આવી પડયો છું. કેટલાએ વખતથી મારા મહાન દરજ્જાને છાજે એવો પોષાક તૈયાર કરાવવાને માટે મારી પત્નીને કહેવાની હિંમત ભેગી કરી રહ્યો છું, કારણ કે એમ કરવાની આજ સોનેરી તક છે. હમણાં નહિ તો કયારે ય નહિ એ હું જાણું છું પણ આ વાત એને કહેવાનું ખાળ્યા કરવું પડે છે. 'આજ નહિ તો કાલે' એવું રોજ બનતું રહે છે અને હવે તો સમય પણ થોડો રહ્યો છે. ગમે તે દિવસે એ 'સુવાવડી' બની જાય અને ત્યારે તો આ કામ માટે ખૂબ મોડું થઈ ગયું કહેવાય! પણ થવાનું હોય તે થાય સાંજે જ્યારે એ આવશે ત્યારે વાત; એમ નક્કી કર્યું. જેવી એ આવી કે એકદમ હું ધસ્યો, એના હાથમાંથી ટોપલો લઈ લીધો, અંદર ભાજી હતી તે પણ લઇને ઠેકાણે મૂકી આવ્યો. મારે ખૂબ પ્રમાણિકતાપૂર્વક કહેવું જોઇએ કે મારી પ્રિયતમાને એ સાંજે હું જેટલી ખુશ કરી શકયો તેટલી કોઇ પણ રસિક પોતાની પ્રિયતમાને ભાગ્યે જ ખુશ કરી શકયો હશે! પણ મારે જે કહેવાનું હતું તે કહી શકયો નહિ, મારી જીભ જ ઊપડી નહિ!

જ્યારે એ એનાં કપડાં ઉતારી પથારીમાં જાય છે એ વખતે લગીર પણ ક્ષોભ વિના બહાદૂરીપૂર્વક થોડી ક્ષણો એની સમક્ષ રહી શકું છું. એ દિવસે એવી થોડી ક્ષણો વીતી ગયા પછી માથાથી તે પગ સુધીના મારા દેદાર તરફ યાચનાભરી દૃષ્ટિએ એનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો પણ મારો અર્થ એ સમજી નહિ અને એની સ્વાભાવિક બની ગએલી કરડાકીભરી નજર મારા તરફ ફેંકી છતાં હું ખસ્યો નહિ અને મારા કપડાંની હાલત એના ધ્યાનમાં ઉતારવા પ્રયત્ન કરી રહ્યો. વારાફરતી બધાં જ કપડાંની હાલત પ્રત્યે એનું ધ્યાન ખેંચ્યું, એ બધાં હવે તો કેટલાં જીર્ણ બની ગયાં છે એનું મારી મુખરેખાઓ વડે ધ્યાન આપ્યું. ફાટેલા ખમીસમાંથી બહાર ડોકાયા કરતી હાથની કોણીવડે એના મુખને સ્પર્શ કર્યો. એ રહી શકી નહિ.

"કેમ શું છે? આવા મૂંગા જેવા મારી આગળ શા માટે ઊભા રહ્યા છો?" એણે પૂછ્યું.

હું મૂગો જ રહ્યો.

"આવા વાંદરા જેવા ચાળા બંધ કરો, શું લકવો-બકવો થયો છે?"

હું કશું જ બોલી શકયો નહિ.

આ વખતે નાની છોકરી જાગી ઊઠી અને એણે રડવા માંડયું. હું અને મારો હરીફ બન્ને જણા એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ઘોડિયા આગળ ધસી ગયાં પણ મારા કરતાં એ વહેલી પહોંચી અને ઝોળીની દોરી ખેંચી એને સુવાડી દેવાનો પ્રયત્ન શરૂ કર્યો. હું નહિ ત્યાં જઇ શકયો, નહિ પત્ની પાસે રહી શકયો, કયાં જવું એનો પણ નિર્ણય થઇ શકયો નહિ. ખરું કહું તો એક અનુભવી માતાની અદાથી સફળતાપૂર્વક નાની છોકરીને સુવાડવાનો એ સાચે જ સુંદર પ્રયત્ન કરી રહી હતી, પણ મારા કામમાં એવી દખલ હું કેમ ચલાવી લઉં? તરત જ ત્યાં ગયો અને ઝોળીમાંથી લગભગ ઊંઘી ગએલી છોકરીને ઊંચકીને ચાલવા માંડયું, તરત જ એ પાછળ દોડી અને એને મારા હાથમાંથી ખૂંચવીને એની મા પાસે જઈ ઊભી, એ વખતે તો હું ગમ ખાઈ ગયો, હું પણ મારી પહેલાંની જગ્યાએ જઈ ઊભો.

"નાનીને ઊંચકવાની તારી રીત તો જો?" મારા કરતાં વધારે સારી રીતે ઊંચકી શકતી હતી પણ મેં એનો વાંક કાઢવા જ કહ્યું.

"તમે, તમારું કામ કરો." એણે સુણાવ્યું.

"એટલે! એનો પગ તો જો કેવો વાળી નાખ્યો."

"તેની તમારે શું પંચાત છે?"

"મારે શું પંચાત છે એમ? હું એનો બાપ છું."

"પણ તમે એની જરા ચિંતા કરશો નહિ."

"શું? મારે એની ચિંતા ન કરવી? કેમ, હું એનો બાપ નથી?"

"બહુ સારુ, બહુ સારુ."

"કેમ ફાટી છે? બહુ સારુ એટલે? અહીં આવ." હું તડૂકયો.

"કેમ, તમારે એનું શું કરવું છે? જરા તો એને ઠરવા દો!" મારી પત્નીએ કહ્યું.

"જોને, એનો પગ કેવો વાળી નાંખ્યો છે?"

"એની તમારે શું પડી?"

"એટલે?"

"તમારે અહીંથી ખસવું છે કે અહીં જ ચોંટી રહેવું છે?"

"મારાં કપડાંનો દેદાર તો જો!"

"એના કરતાં તો મારાં કપડાં વધારે ફાટી ગયાં છે, નવાં તો મારે જોઇએ." મારી હરીફ બોલી.

"મારાં કપડાં તરફ જરા જો તો ખરી." હું નિશ્ચયી અને બહાદૂર બન્યો હતો.

"મહેરબાની કરી હવે અહીંથી ચાલ્યા જાઓ!" મારી પત્ની એક જ વાત કરતી હતી.

હું હતો ત્યાંનો ત્યાં ઊભો રહ્યો, એટલે ભીંતમાં ખોસેલી સોય કાઢીને મારા પર ફેંકી, મારી બધી દલીલોનો એણે સરસ જવાબ દઇ દીધો. એનો અર્થ મને આવડતો હતો.

એવામાં મારા હરીફના હાથમાં નાની છોકરીએ સળવળવા માંડયું, કૂદવા માંડયું, પરિણામે એના હાથમાંથી એ પડી ગઈ, મારે માટે સરસ તક આવી ચઢી. સોય ફેંકી દીધી, ત્યાં દોડી ગયો, અને એનો ચોટલો પકડીને મારા પિતાપણાને છાજે એવી એક લાત જોશથી લગાવી દીધી, પછી કાન પકડીને "છોકરાં કેમ ઊંચકવા તે તને શીખવું, આટલી મોટી થઈ પણ હજુ કંઈ ભાન નથી" કહીને તાડૂકી ઊઠયો, એટલે ધમસાણ મચી રહ્યું. શાકમારકીટ જેવો કોલાહલ મારા નાના ઓરડામાં સંભળાવા લાગ્યો. હવે તો પેલા બે નાના બાળકો પણ એનો બહેન સાથે જોડાઈ ગયાં, નાનીએ રડવા માંડયું અને છોકરો પોતાની મોટી બહેન અને નાની બહેન—એમ બન્નેનું અનુકરણ કરવા લાગ્યો. મારી પત્ની શાન્ત પણ વ્યગ્ર ચિત્તે ઊભી હતી, શું કરવું એની તેને સમજણ પડી નહિ. હેતાળભાવે એનાં બાળકોને નીરખી રહેતાં એની આખમાંથી આંસુઓ પડવા માંડયાં. પછી ગાંડી સ્ત્રીની માફક વાળ ખેંચીને માથું કૂટવા માંડયું, અંતે ભાન ભૂલીને એ પડી ગઈ. હું ગભરાયો અને બારી આગળ જઈ પાડોશીઓને મદદ માટે બૂમ પાડવા લાગ્યો!

× × ×

હવે મારું નશીબ રૂઠયું છે. નવું જન્મેલું બાળક અમારા સંસારમાં ત્રણ મહિનાનું આયુષ્ય ભોગવીને આ ફાની દુનિયા છોડી ગયું છે. એને પહેલવહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું ત્યારે જ મને તો લાગી ગએલું કે મારું આ સદ્‌ભાગ્ય લાંબુ ટકે એમ નથી. તરત મરવા માટે જ જાણે એ જન્મેલું !

એનો જન્મ મારે મન આશીર્વાદ સમાન હતો. એને કારણે મારા હરીફને મેં થોડીવારને માટે તો જબરી હાર આપી હતી, કારણ કે એવડા નાના નજીવા આકારને અડકવાની પણ એની હિંમત ચાલતી નહતી. મારી પત્ની માર્કેટમાંથી વારંવાર આવી ધવડાવી જતી. મારાં બીજાં બાળકો માતાનાં દૂધથી ઊછરેલાં નથી. થોડા દિવસ જ એમને એ સૌભાગ્ય મળતું પછી તો મારે એમને કકડામાં સાકરનો ગાંગડો વીંટાળીને ચૂસવા માટે આપી મૂકવો પડતો. એ રીતે એ ઊછર્યાં અને મોટાં થયાં. હવે હું એક વધારે બાળકનો બાપ બન્યો, હવે જીવવામાં મજા છે એમ મને તે વખતે લાગ્યું, પણ મારું સૌભાગ્ય લાંબું ટક્યું નહિ. એના મરણનું કારણ મારી મોટી છોકરી જ છે, એ ન હોત તો બાળક થોડા મહિના તો વધારે જીવ્યું જ હોત. એ હમેશાં બારણું ખુલ્લું રાખીને ચાલી જતી, એને એટલું પણ ભાન હતું નહિ કે પવનથી બાળકને શરદી લાગી જાય છે. હું એને ઘણીવાર ધમકાવતો પણ એને કશી અસર થતી નહિ. એક વખત મારે કહેવું પડ્યું, "કેમ, તારે એને મારી નાંખવી છે શું ?" ત્યારે એ નફ્ફટે જવાબ દીધો, "હા, મારી નાંખવી છે, તેનું શું છે ? તમારાથી કોણ ડરે છે ?"

એ બાળકના આખા જન્મારામાં એના પ્રત્યે માયા રાખી કાળજી કરનારો એક માત્ર હું જ હતો. એનું કદ જ એવું હતું કે એને અડવાની પણ જોવા-તેવાની હિંમત ચાલે નહિ, પણ મેં એની કાળજી લેવામાં કાંઈ બાકી રાખી નથી.

એ જે રાત્રે મરણ પામ્યું એ રાત્રિ તો ખરેખર યાદ રહે એવી છે ! એના આખા શરીર ઉપર એવું તેજ છવાઈ રહેલું મેં જોયું કે મને એમ જ લાગ્યું કે આ બાળક નથી પણ કોઈ પુખ્ત ઉમ્મરનું માણસ છે, જાણે દુનિયાની બધી જ વસ્તુનું એને ભાન હોય ! એની પાસે ઊભા રહેતાં મેં ધ્રૂજારી અનુભવી.

બધાં સૂતેલાં હતાં, સવારના ત્રણ વાગ્યા હતા, રાત્રિ અંધારી હતી, ખૂબ જોશથી ઠંડો પવન વાતો હતો. પૃથ્વી પરનાં એનાં જીવનની છેલ્લી ક્ષણ વિતાવતું હતું ત્યારે મેં દીવો સળગાવી એના મુખ ઉપર પ્રકાશ પડવા દીધો. એ તો શાન્ત રીતે પડ્યું હતું, માત્ર એની નાનકડી છાતી છેલ્લી વારના ધબકારા લઈ રહી હતી. એના મુખ ઉપરની કરચલીઓવાળી ગોરી ચામડી પરથી રંગ ઊડી ગયો હતો. એની આંખો બંધ હતી પણ એનો અંત આવી જાય એ પહેલાં પા–એક ક્ષણને માટે નિર્મળ કાળી ભમર જેવી આંખ એકાએક ઊઘડી, મારા પર મંડાઈ ન મંડાઈ, અને તરત જ હતી તેવી સદાને માટે બંધ પડી ગઈ. મારાથી બોલી જવાયું: "મને માફ કર......"

પાસેથી એક કકડો લઈ એના પર ઓઢાડી દીધો. દીવો એની નજીક મૂક્યો. ઓરડામાં ભૂતાવળ ભરાઈ બેઠેલી લાગી, વાતાવરણનો ભાર લઈને મારું માથું બાળકની આગળ નમી પડ્યું......

મારા મનમાં વિચાર આવ્યો: 'મારે એકલાએ આ બધું શા માટે સહન કરવું ? અને હું સીધો મારી પત્ની પાસે ગયો, એને ઢંઢોળીને ઉઠાડી, કહ્યું: "ઊઠ, પેલો તો ગયો !" ગાભરી ગાભરી એ એકદમ ઊઠી પડી. પછી હું મારા હરીફ પાસે ગયો, એને જોરથી ધક્કો મારી જગાડી કહ્યું: "ઊઠ, તારો નાનો ભાઈ મરી ગયો."

બાળક પરનો કકડો ઉડાવી લઈને ધીરે સાદે માતાએ રુદન કરવા માંડ્યું. મોટી છોકરીએ પણ એનું અનુકરણ કરી ઠંડીમાં ધ્રુજતાં ધ્રુજતાં રોવા માંડ્યું. એ બન્ને જોતાં અવાક્‌ જેવો હું ઊભો રહ્યો... પછી મારા હરીફ પાસે ગયો, એનો હાથ પકડીને ઓરડાની વચમાં લઈ આવ્યો, એની આંખ સામે ટગર ટગર જોયા કર્યું. પછી તાળી પાડી ગાવાનું શરૂ કર્યું. એને પણ કહ્યું કે "આ આનંદના અવસરે તું નાચ, કૂદ" અને હું જોરથી હસી પડ્યો !

મારી પત્ની બોલી ઉઠી: "અરે, અરે, તમે તે ગાંડા થઇ ગયા કે શું ?"

મેં કહ્યું: "ના, ના, હું ગાંડો નથી થઈ ગયો.

(અનુસંધાન પૃષ્ઠ ૯૩ પર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીતી અને અણમાનીતી

સાને ગુરુજી
અનુ. સુશીલાબહેન દેશપાંડે

એક હતું ગામ. તે ગામમાં એક માણસ રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. એક હતી માનીતી અને બીજી હતી અણમાનીતી. જે અણમાનીતી હતી તે દેખાવમાં સારી ન હતી. તેને બહુ દુઃખ પડતું. કૂકડો બોલે ત્યારથી તે કામે ચઢે તે આખો દિવસ સતત કામ કર્યા જ કરે. કૂવાનું પાણી ભરે, નદી ઉપરથી ઢગલો કપડાં ધોઈ લાવે, ઢોરઢાંખરનું કામ કરે, દળવું–ખાંડવું વગેરે કામ એ જ કરતી. ઘરમાંના બધાનો એંઠવાડ પણ તે જ કાઢતી, કચરો વાળવો, લીપણગૂંપણ, દીવાબત્તી બધું એ પોતે એકલે હાથે કરતી. ઘડીભર પણ તેને આરામ મળતો નહિ. આટલું બધું કામ તે કરતી હતી છતાં તેની સાથે કોઈ ભલાઈનો અક્ષર પણ બોલતું નહિ. તેને સારો કોળિયો પણ મળતો નહિ. તેને ભાગે તો રોજ વાસી ને ટાઢું ખાવાનું જ આવતું. તેને પહેરવા માટે ફાટેલા ઊતરેલા લૂગડાં જ મળતાં. સૂવા માટે પણ ફાટલી ગોદડી હોય. તેના શરીર પર મંગળસૂત્ર ઉપરાંત કંઈ પણ ઘરેણું ન હતું. હાથમાં સરખી બંગડી પણ ન હતી. ઘરેણાંની વાત તો જાણે છોડી દઈએ, એ વિના તેનું કંઈ અટકી પડતું નહિ. મફતનો મીઠો બોલ, તે પણ તેને માટે કેમ મોંઘો હોવો જોઈએ? પરંતુ દુનિયામાં મીઠાં વચનોનો પણ દુકાળ જ હોય છે.

અણમાનીતીની શોક તેને બધાના દેખતાં મહેણાં મારતી, અને તેનું અપમાન કરતી. બધાના દેખતાં અપમાન સહન કરવા કરતાં મરવું બહેતર, એમ કોઈ પણ માણસને થાય. અણમાનીતી મનમાં ને મનમાં કહ્યા કરતી: “બળ્યું મર મર મરીએ, છાતીફાટ કામ કરીએ, તોપણ કશાની કદર નહિ. અને ગાળો, શાપ, નિંદા, અપમાન એ વળી વધારામાં બક્ષીસ!” માણસ કામથી કંટાળતું નથી. “થાકી હઈશ ને!” એવો મીઠો શબ્દ તેને કોઈ કહે તો તેનો થાક ઊતરી જાય છે. માણસ પ્રેમનું ભૂખ્યું હોય છે. અણમાનીતીને આ જગતમાં પ્રેમ મળવાનું અશક્ય થઈ ગયું. જેને પ્રેમ અને સહાનુભૂતિ મળતાં નથી તેના કરતાં વધારે અભાગી અને દુઃખી કોણ હોઈ શકે!

માણસની સહન કરવાની શક્તિની પણ મર્યાદા હોય છે. વધારે તાણવાથી તે તૂટી જાય છે. અણમાનીતી એક દિવસ સાવ જ ત્રાસી ગઈ, તેને પોતાના જીવ ઉપર કંટાળો આવ્યો. પરમેશ્વર નિર્દય છે એમ તેને લાગ્યું. શા માટે હવે આ જગતમાં જીવતા રહેવું એવો વિચાર મનમાં આવતાં તે બહાર પડી. તે જીવતા નરકવાસમાંથી જાનવરોના ડબામાંથી તે બહાર પડી. બહાર ઘણી જ રાત પડી હતી. બધે નીરવ સ્તબ્ધતા હતી. દૂર ક્યાંક કૂતરા ભસતા સંભળાતાં હતાં. શિયાળોના રડવાનો અવાજ પણ સંભળાતો હતો. એકાદ પક્ષીનો દયામણો અવાજ વચમાં તેના કાનપર આવતો. કૃષ્ણ પક્ષ હોવાથી આકાશમાં ચંદ્રમા નહોતો. ચોમેર અંધારું હતું. તારાઓનો થોડોક અસ્થિર પ્રકાશ હતો ખરો.

અણમાનીતી ચાલી, એકલી એકલી ચાલી. તેનું દુઃખ તેની સાથે હતું જ. તેનાં આંસુ તેની સાથે હતાં. પગમાં પગરખાં ન હતાં. રસ્તો બરાબર દેખાતો ન હતો. પગે કાંટા વાગતા હતા, પથ્થર ખૂંચતા હતા. પરંતુ શોકની ગાળો અને મહેણાં સાંભળવા કરતાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંટાનું વાગવું, પથ્થરોનું ખૂંચવું કંઈ વધારે દુ:ખકારક ન હતું. અથડાતી કૂટાતી તે જતી હતી.

હવે રાત પૂરી થવા આવી હતી. મળસ્કુ થયું હતું. ઝાકળનાં ટીપાં ટપોટપ પડતાં હતાં. જાણે અનુમાનીતી માટે કુદરત રડતી ન હોય ! ઝાડપર પક્ષીઓનો કિલકિલાટ શરૂ થયો હતો. ઝાડોની આકૃતિઓ ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગી. પો ફાટવા લાગ્યો. પ્રકાશ ફેલાવા લાગ્યો. પરંતુ અનુમાનીતીના મનમાં તો અંધકાર જ હતો. જગત ઊંઘમાંથી જાગતું હતું. અનુમાનીતી કાયમની ઊંઘ લેવા ચાલી. હતી.

સામે ગાઢું જંગલ હતું. જંગલમાં થઈ ને તે ચાલી. જતાં જતાં એક ગમ્મત થઈ; જે પગદંડીએ અનુમાનીતી જતી હતી તે રસ્તે એક તુલસીનો છોડ ઊગેલો હતો, એ તરફ અનુમાનીતીનું ધ્યાન ગયું. વટેમાર્ગુઓએ તુલસીનાં પાંદડાં ચૂંટીને ખાધાં હતાં. તુલસીનો છોડ દયામણો દેખાતો હતો. અનુમાનીતી તે છોડ પાસે ગઈ અને તેને પગે લાગીને બોલી. "જય તુલસીમાતા, તને વટેમાર્ગુઓએ ચૂંટી ખાધી, તારાં પાંદડાંની સમૃદ્ધિ તેઓએ લૂંટી લીધી, પરંતુ તને કોઈએ પાણી સરખું પાયું નહિ, તારાં ઉઘાડાં મૂળિયાં પર માટી ઢાંકી નહિ. ઊભી રહે હું તારાં ઉઘાડાં મૂળિયાં પર માટી ઢાંકુ છું અને તને પાણી પાઉં છું." એમ કહી અનુમાનીતી આસપાસ પાણી શોધવા લાગી. એક નાનકડું પાણીનું વહેણુ ખળખળ કરતું વહેતું હતું. અનુમાનીતીએ ખાખરાનાં પાદડાંનો પડિયો બનાવ્યો ને તે પડિયા વડે તેણે તુલસીના છોડને પાણી પાયું. આસપાસની જમીન ખોદીને તુલસીનાં મૂળિયાં પર માટી ઢાંકી. અને તેને નમસ્કાર કરી અનુમાનીતી આગળ ચાલી.

મનમાં વિચાર કરતી કરતી તે ચાલતી હતી. રસ્તામાં એકાદ તળાવ કે નદી આવશે અથવા ઊંડો ધરો આવશે તો તેમાં હું પડતું મૂકીશ અને મરી જઈશ. એમ મનમાં વિચાર કરતી તે જતી હતી એટલામાં એક દેવકપાસનું ઝાડ રસ્તામાં આવ્યું, દેવકપાસ સરસ હોય છે; તેના રેસા સુંદર સુંવાળા દેખાય છે. દીવેટો વગેરે બનાવવા માટે સ્ત્રીઓ આજ કપાસનું રૂ વાપરે છે. માટે તેને દેવકપાસ કહે છે. તે દેવકપાસનાં જીંડવાં રસ્તે ચાલનારાઓએ તોડી લીધાં હતાં. તે ઝાડપરની સફેદ ધનદોલત બધાંએ લૂંટી લીધી હતી. પરંતુ તેની કાળજી કોઇએ લીધી ન હતી. કોઈએ તેનાં મૂળિયાંપર મૂઠી ભરીને માટી પણ નાખી ન હતી અને તેને ટીપું પાણી પણ પાયું ન હતું. બધાં મફતિયું લેનારા હોય છે. અનુમાનીતી તે ઝાડ પાસે ગઈ. દુનિયામાં જેને સહાનુભૂતિ મળતી નથી, જેની પૂછપરછ કોઈ કરતું નથી, તેને જીવવું કેવું વસમું થાય છે તેનો તેને અનુભવ થયો હતો. તે પેલા દેવકપાસના ઝાડ પાસે ગઈ અને બોલી, "હે કપાસના વૃક્ષ, છાનો રહે, રડીશ નહિ, હું તને પાણી પાઉં છું અને તારા મૂળિયાં પર માટી ઢાંકુ છું." એમ કહી તેણે તેને પાણી પાયું, તેનાં મૂળિયાં માટી વડે ઢાંક્યા અને આગળ ચાલી.

તે હવે અધીરી થઈ હતી. મનમાં તે કહેતી હતી કે, હજી કેમ કોઈ તળાવ કે કૂવો અથવા ઊંડા પાણીનો ધરો દેખાતો નથી? એટલામાં રસ્તમાં એક જમરૂખનું ઝાડ આવ્યું. રસ્તે જનારાઓ તેના જમરૂખ ખાઇ ગયા હતાં, કાચા છે કે પાકા છે તે જોયા વિના પણ લઈ ગયા હતાં. તેઓ જમરૂખને પથ્થર મારતા અને જમરૂખ પાડી લેતા. પક્ષીઓ માટે પણ જમરૂખ રહેતા નહિ. કારણ કે પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષીઓ જમરૂખ પાકે ત્યારે જ તેને ખાય છે. પરંતુ માણસ એટલી ધીરજ ક્યાંથી લાવે! તે તો જમરૂખને પાકતા પહેલાં જ ખાઈ જતા. પક્ષીઓ કહેતા "આ મનુષ્ય પ્રાણી બધી દુનિયામાં સૌથી વધારે લોભિયો દેખાય છે. તે ખાઉધરો અને સર્વભક્ષક છે." પરંતુ તે અણુમાનીતી એવી ન હતી. તે જમરૂખના ઝાડ પાસે ગઈ અને બોલી "જમરૂખના વૃક્ષ! કોઈએ તારી પૂછપરછ નહિ કરી હોય, તને પાણી પણ પાયું નહિ હોય, તેથી તારી આવી અવદશા થઈ લાગે છે. હું તને પાણી પાઉં છું હોં, તારા મૂળિયાં ઉપર માટી પણ નાખીશ," તેણે તે પ્રમાણે કર્યું અને તે આગળ ચાલી.

તે ગાઢું જંગલ પૂરું થયું અને ખુલ્લું મેદાન શરૂ થયું. સૂર્ય માથાપર આવ્યો હતો. હવે તો પગ પણ દાઝવા લાગ્યા. એટલામાં એક મોટું તળાવ તેની નજરે પડયું. તળાવ કેમ, તે એક મોટું સરોવર જ હતું. તેમાં સુંદર કમળો ખીલ્યાં હતાં. પાણીની મંદ લહેરો નાચતી હતી પાણીમાં હંસ વગેરે પક્ષીઓ નાવની જેમ ડોલતાં હતાં, તે સરોવરની એક બાજુએ ઓવારો પણ બાંધેલો હતો. અણુમાનીતી તે ઓવારાપર જઈને ઊભી રહી.

તેણે છેવટનો નિશ્ચય કરી લીધો તેણે સાડીનો છેડો ખોસી લીધો. તે હવે પાણીમાં પડતું મૂકવા જતી હતી એટલામાં "હે અભાગી જીવ, જરા થોભ. આવી રીતે જીવ દઈશ નહિ." એવા શબ્દો તેના કાન પર પડયા.

એ શબ્દો ક્યાંથી આવ્યા હશે? એવો કોણુ અનાથનો નાથ, ગરીબનો બેલી ત્યાં હતો? ત્યાં એક સાધુ રહેતો હતો. આ બાઈના હલનચલન પરથી તે હવે જીવ દેશે એ વાત તે સમજી ગયો, તેના જ એ શબ્દો હતા.

તે શબ્દો સાંભળી અણુમાનીતી ચોંકી ગઈ, જરા ગભરાઈ પણ ખરી. આ નઠારી દુનિયા મને નિરાંતે જીવવા પણ દેતી નથી કે નથી સુખેથી મરવા પણ દેતી. દુનિયા સાચે જ દુષ્ટ છે એમ તેને લાગ્યું.

તે સાધુ પાસે આવ્યો. વહાલથી બાઈને કહ્યું, "તમે શા માટે જીવ દો છો? પ્રભુએ આપેલી આ સોનાની કાયા શા માટે પાણીમાં ફેંકી દો છો? આ દેહ સેવામાં વાપરો. પરોપકારના કામધંધામાં ઘસાવા દો, આત્મહત્યા કરવી એ સૌથી મોટું પાપ છે. ના, ના, આવું અવિચારી પગલું ભરશો નહિ, મારું સાંભળો."

અણુમાનીતી બોલી, "મહારાજ, તમે કહો છો તે ખરું છે, આત્મહત્યા કરવી એ મહાપાપ છે એ હું જાણું છું તેથી જ હું આજ સુધી થોભી. પણ હવે થોભવું અશક્ય છે. મારી ધીરજ ખૂટી ગઈ છે. કઈ આશાએ હું જીવું? દુનિયામાં શાને આધારે દહાડા કાઢું? વહાલનો એક શબ્દ પણ મને મળતો નથી. એક કોળિયો પણ મને સુખેથી ખાવા મળતો નથી. બળ્યું મર મર મરીએ તો પણ તેની કદર થતી નથી. કૃપા કરીને મને મરવા દો. હું મરી જઈશ તો તેથી કોઈ રડવાનું નથી. મને મરવાનું સુખ તો મળવા દો." સાધુએ કહ્યું, "તમને શાનું દુઃખ છે?" અણુમાનીતી બોલી, "હું મારા ધણીની અણુમાનીતી છું, માનીતીનું બધું સારું ગણાય, મારું બધું જ ભૂંડું ગણાય, પ્રભુએ મને રૂપ આપ્યું નથી તેમાં મારો શો વાંક? પણ એટલા માટે જ બધાં મારી પજવણી કરે છે, મને હેરાન કરે છે ગમે તેમ બોલે છે, મારા બૂરા હાલ કરે છે, કુદરૂપી સ્ત્રીએ શા માટે જીવવું? પરમેશ્વર ફૂલોને, પતંગિયાંને કેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શણગારે છે, પરંતુ મને જ ઘડતી વખતે તેનો બધો ખજાનો ખૂટ્યો લાગે છે, મારું કમનસીબ ! મને જવા દો, ડૂબવા દો. ”

સાધુ બોલ્યો, “ થંભી જા, ડૂબીશ નહિ, હું તને સુંદર રૂપલાવણ્ય આપું છું, પ્રભુનું નામ દઇ ત્રણ વખત આ પાણીમાં ડૂબકી મારી બહાર આવ, એટલે તું અપ્સરા જેવી દેખાઈશ. સાચું કહું છું.”

અણુમાનીતીએ સાધુના વચનપર વિશ્વાસ રાખ્યો; તેણે સાધુને પ્રણામ કર્યાં. સાધુ નીકળી ગયો પછી તેણે પ્રભુનું નામ દઈને ત્રણ વખત પાણીમાં ડૂબકી મારી, અને સાચે જ તે ઘણી સુંદર દેખાવા લાગી. જાણે રાજાની રાણી, સ્વર્ગની રંભા જેવી તે દેખાવા લાગી.

તે પાછી ઘેર જવા નીકળી. મનમાં ને મનમાં તે સાધુનો ઉપકાર માનતી; તેમ જ તેના વખાણ કરતી નીકળી. મારો પતિ હવે મારા પર વહાલ કરશે, મારો તિરસ્કાર નહિ કરે, એ વિચારથી તેનો આનંદ હૈયામાં માતો નહોતો. પોતાની શનિની પનોતી પસાર થઈ છે, એમ તેને લાગવા માંડ્યું. હવે તેને પગે પથ્થર ખૂંચતા ન હતા; કાંટા વાગતા ન હતા, જાણે પગ નીચે બધે ફૂલો વેર્યાં હતાં.

ફરીથી તે જંગલ આવ્યું. જંગલમાં થઈને તે જતી હતી. તે ઝડપથી ચાલતી હતી. એટલામાં “ઓ બહેન જરા થોભો, અહીં આવો.” એવા શબ્દો તેને કાને પડ્યા. આસપાસ કોઈ માણસ તો દેખાતું ન હતું. કોણે બૂમ પાડી હશે ? તે કોના શબ્દો હશે ? પોતાને કેવળ ભાસ થયો હશે એમ વિચારી તે પાછી ચાલવા માંડી. પરંતુ તે શબ્દો તેને ફરીથી સંભળાયા. આ ભાસ નથી, પણ કોઈ તેને બોલાવી રહ્યું છે એમ તેને લાગ્યું. એટલામાં તેને તે જમરૂખનું ઝાડ દેખાયું. તે ઝાડ જાણે હર્ષથી ડોલતું હતું. અણુમાનીતી તેની પાસે ગઈ અને બોલી, “ કેમ જમરૂખના ઝાડ, તેં મને બોલાવી ? ”

ઝાડ કહે, “હા.”

“શા માટે બોલાવી ?” તેણે પૂછ્યું.

“શા માટે બોલાવી એમ કેમ કહો છો ? તમે જાતે દુઃખી હતા તો પણ તમે મારી પૂછપરછ ને સેવા કરી, મને ખોબો પાણી પાયું. મૂઠી ભરીને માટી મારાં મૂળિયાં પર નાખી. આજ સુધી બધાએ મને લૂંટ્યાં જ કર્યું, પણ કોઈએ મારી સારવાર કરી નહિ. તમે મારો કાચો દોડો પણ તોડ્યો નહિ. ઉપરાંત, આ વહાલ આપ્યું. તમે મહાન છો, તમારો ઉપકાર કેમ ભૂલું; તમારું વહાલ કેવી રીતે વીસરું ? અમે વૃક્ષો માણસના જેવા નગુણા હોતા નથી. અમને કાપવા આવેલા પર પણ અમે છાયા ધરીએ છીએ, પથ્થર મારનારાઓને પણ ફળ આપીએ છીએ. તો તો પછી અમને વહાલ આપનારા વિષે અમને કેટલું બધું લાગતું હશે ? પ્રેમનું દેવું કદી પૂરેપૂરું ચૂકવી શકાતું નથી. તો પણ હું તમને કંઈક આપવા માગું છું. તે તમે લ્યો. ના પાડશો નહિ. ” એમ જમરૂખનું ઝાડ બોલ્યું.

“ મારા વહાલા જમરૂખના ઝાડ, તું મને શું આપીશ ? ” તેણે પૂછ્યું.

“ એક નાનો શો કરંડિયો. ”

“ કરંડિયામાં શું હશે. ? ”

“ કરંડિયામાંથી ગમે તે જાતનાં ફળ તમે માગો તેટલાં મળશે. દાડમ જોઈતાં હોય તો દાડમ મળશે; દ્રાક્ષ જોઈતી હોય તો દ્રાક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે માગો તે મળશે. લો, આ કરંડિયો. મારા વહાલની નિશાની."

તે કરંડિયો લઈ અણમાનીતી આગળ ચાલી. થોડે દૂર ગયા પછી "ઓ બહેન, જરા થોભો અહીં આવો," એવા શબ્દો ફરીથી તેના કાન પર પડયા. તે આમતેમ જોવા લાગી. તો ત્યાં તેને પેલું દેવકપાસનું ઝાડ દેખાયું, તે બોલાવતું હતું. અણમાનીતી તેની પાસે જઈને બોલી "કપાસના ઝાડ તેં મને બોલાવી?"

"હા મેં તમને બોલાવ્યાં."

"શા માટે?"

"એમ કેમ પૂછો છો? આજ સુધી મારા જીંડવાં તોડીને લઈ જનારાઓ જ મને મળ્યા. પરંતુ વહાલથી મારી પૂછપરછ કરનારું, મને પાણી પાનારું, તેમ જ ઉઘાડા મૂળિયાં પર માટી ઢાંકનારું કોઈ મળ્યું ન હતું. તે તમે મળ્યા. બહેન તમારો કેટલો બધો સ્નેહાળ અને પરોપકારી સ્વભાવ! પ્રેમનો બદલો વાળી શકાતો નથી. પણ મારાથી રહેવાતું નથી, એટલે કંઈક પ્રેમની ભેટ આપવાનું મન થાય છે. હું તમને કંઈક આપવા માગું છું. અમે વૃક્ષો અમારા પર કરેલો ઉપકાર યાદ રાખીએ છીએ, અમે માણસના જેવા કૃતઘ્ન હોતા નથી."

"શું આપીશ તું મને, કપાસના ઝાડ?"

"એક નાનકડું પોટલું આપવાનો છું. બીજું મારી પાસે શું હોય.?"

"પોટલામાં શું હશે?"

"તમને જે જોઈતું હોય તે વસ્ત્ર તેમાંથી મળી શકશે. રેશમી સાડીઓ, કસબી સાડીઓ, બનારસી સાળુ, પીતાંબર, પટોળાં બધું એમાંથી મળી રહેશે. હંમેશા મળશે."

"ઠીક ત્યારે, તમારી પ્રેમની યાદગીરી લઈ જાઉં છું."

પોટલું લઈ અણમાનીતી આગળ ચાલી. હવે તે ખૂબ ઝડપથી ચાલતી હતી. ઘેર કયારે પહોંચું એમ તેને થઈ ગયું હતું. એટલામાં "ઓ બહેન થોભો, અહીં આવો" એવા શબ્દો તેણે ફરીથી સાંભળ્યાં. તેણે જોયું તો ટટાર થએલો તુલસીનો છોડ ત્યાં હતો.

"જય તુલસી માતા, તમે મને બોલાવી શું?"

"હા બેટા, તેં મને પાણી પાયું, મારા મૂળિયાં પર માટી ઢાંકી. આજ સુધી કોઈએ પણ આવું કર્યું નહોતું. આ રસ્તે હજારો લોકો આવ્યા અને ગયા. પણ કોઈએ આવું કર્યું નહોતું. તારા પર હું પ્રસન્ન છું. હું તને કંઈક આપવાની છું."

"શું આપવાના છો માતાજી?"

"એક નાનકડો કરંડિયો."

"તેમાં શું હશે.?"

"તેમાં તને જે જોઈતાં હોય તે ઘરણાં મળશે. સોના-ચાંદીના, હીરા મોતીના જેવાં જોઈએ તેવાં મળશે. લે આ કરંડિયો."

અણમાનીતીએ તે કરંડિયો લીધો. તુલસી માતાને પગે લાગીને તે નીકળી. એક જગ્યાએ તે જરા થોભી. તેને ભૂખ લાગી હતી. કરંડિયામાંથી તેણે ફળ કાઢીને ધરાઈને ફલાહાર કર્યો. પછી પેલા મોટા પોટલામાંથી સુંદર વસ્ત્રો કાઢી તેણે પહેર્યાં. કરંડિયામાંથી કિંમતી ઘરેણાં કાઢી તેણે તે પહેરી લીધાં. તે હવે કેવી સુંદર દેખાતી હતી! જાણે વનદેવતાજ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુમાનીતી ઘેર આવી અને લક્ષ્મીની જેમ ઊભી રહી. તેનો પતિ તેની સામું જોઈ જ રહ્યો. તે હવે તેની માનીતી થઈ. પહેલાંની માનીતી હતી તે અણુમાનીતી થઈ ગઈ.

એક દિવસ નવી અણુમાનીતીએ નવી માનીતીને પૂછયું. "બહેન આવું રૂપલાવણ્ય મેળવવા તમે શા ઉપાય કર્યા? તે મને કહેશો? તેમ જ કરંડિયા પોટલું, તમને કોણે આપ્યાં? કયા દેવતાની તમે આરાધના કરી? કયું વ્રત કર્યું? કઈ બાધા રાખી? તે બધું મને કહો. ના પાડશો નહિ. મેં તમારી ખૂબ પજવણી કરી, તે મનમાં લાવશો નહિ."

નવી માનીતી સીધા સરળ સ્વભાવની હતી. તેને કપટની ખબર નહતી. તે જૂઠું બોલતી નહિ. જાણે છૂટી વહેતી નિર્મળ પવિત્ર ગંગા જ. તેણે તેને બધી હકીકત કહી સંભળાવી.

એક દિવસે તે નવી અણુમાનીતી જંગલમાં ગઈ. તેણે તુલસીના છોડને પાણી પાયું નહિ, તેના પાંદડાં માત્ર તેણે ખાધાં. તેણે દેવકપાસના છોડને પાણી રેડયું નહિ; પણ તેના જીંડવાં હતાં તેટલાં તેણે તોડયાં. જમરૂખના ઝાડને પાણી પાયું નહિ, પણ તેણે પથરા મારીને જમરૂખ પાડયા ને ખાધા. એમ કરતાં કરતાં તે આગળ ગઈ. તે સરોવરને કાંઠે જઈને ઊભી રહી. અને તેમાં પડીને જીવ દેવાનો ડોળ કર્યો. એટલામાં "ઓ બહેન થોભો, થોભો, જીવ દેશો નહિ." એવા શબ્દો તેને કાને પડયા. તે શબ્દોની જ રાહ જોતી હતી. પેલો સાધુ પણ ત્યાં આવ્યો. તેણે પૂછયું "શા માટે આત્મહત્યા કરવા માગો છો?"

આંખમાં ખોટા આંસુ લાવીને તે બોલી, "પહેલાં મારો પતિ મારા પર વહાલ રાખતો હતો, પણ હવે મારી સાથે સારી રીતે વર્તતો નથી. મને જોઈને તે હસતો નથી. હું હવે નજર આગળ પણ ન હોઉં એમ તે ઇચ્છે છે. શું કરું પતિના પ્રેમ વગર સ્ત્રીઓને જીવતર નકામું લાગે છે. જવા દો, મને ભૂસકો મારવા દો."

સાધુ બોલ્યો, "આ બધા પુરુષો જાતે શું મદનનાં પૂતળા હોય છે શું? પોતે ગમે તેટલા કુરૂપ હોય તો પણ પત્ની માત્ર તેમને અપ્સરા જેવી જોઇએ. વળી તમારું રૂપ કંઇ ખરાબ કહેવાય તેવું નથી. હશે તમે જીવ દેશો નહિ. આ પાણીમાં પ્રભુનું નામ દઈને ત્રણ વખત ડૂબકી મારો તો હાલમાં છો તેના કરતાં પણ તમે વધારે સુંદર દેખાશો."

એટલું કહી સાધુ જતો રહ્યો. અણુમાનીતીએ તેને નમસ્કાર પણ કર્યા નહિ. તે પાણીમાં એક ડૂબકી મારીને ઉપર આવી. તો સાચે જ પહેલા કરતાં વધારે સુંદર દેખાવા લાગી. પછી તેણે બીજી ડૂબકી મારી, એટલે તે એથી યે સુંદર થઈ. તેણે ત્રીજી ડૂબકી મારી. હવે તે સૌંદર્યની ખાણ સમી દેખાવા લાગી. એટલે તેને થયું હજી એક ડૂબકી મારું. તેણે ચોથી ડૂબકી મારી તો આ શું થયું! તેનું બધું રૂપ સાફ ધોવાઈ ગયું. તેનું શરીર કોલસા જેવું કાળું થયેલું, નાક નકટું થયેલું. આંખો મોટી લખોટા જેવી દેખાવા લાગી. તે રડવા લાગી. રડતાં-રડતાં તે પેલા સાધુની ઝૂંપડી પાસે ગઈ. એટલે તે બહાર આવ્યો. તેને પગે લાગીને તે બોલી, "મહારાજ મને માફ કરો. તમે મને ત્રણ ડૂબકીઓ મારવા કહેલું પણ મેં ચોથી ડૂબકી મારી. મારું બધું રૂપ જતું રહ્યું. મારું રૂપ મને પાછું મળે તેમ કરો. મારા પર કૃપા કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુ બોલ્યો તે શક્તિ મારામાં નથી. 'अति लोभो न कर्तव्यः' ઝાઝામાં મજા નથી. ઉપરાંત તમે મારા શબ્દો પર વિશ્વાસ રાખ્યો નહિ. એક રીતે તમે મને છેતર્યો. જાઓ હવે કરેલા કર્મનાં ફળ ભોગવો."

તે નવી અણમાનીતી કંઈ મરવા માટે થોડી જ આવી હતી! મરવાની તેનામાં હિંમત ન હતી. રડતી રડતી તે પાછી આવવા નીકળી. "મારશે બે લાતો, પણ ખાવાનું તો આપશે ને," એમ મનમાં તે બોલતી હતી. રસ્તામાં કોઈએ તેને બોલાવી નહિ. મોટો કરંડિયો નાનો કરંડિયો, પોટલું, કશું તેને મળ્યું નહિ. ખાલી હાથે તે પાછી આવી. વધારામાં, હતું તે રૂપ ગુમાવીને સાવ કુરૂપ ને કાળમુખી થઈને પાછી આવી.

ઘેર આવી તે બારણામાં ઊભી રહી. તેને કોઈ ઓળખી શક્યું નહિ. પણ પછી તે આંખમાં આંસુ લાવીને નવી માનીતીને બોલી.

"બહેન મને તમે ઓળખી નહિ? હું તે જ છું કે જેણે જૂની માનીતી તરીકે તમારી પજવણી કરી હતી. ફરીથી માનીતી થવા હું જંગલમાં ગઈ. પણ ત્રણ વખત ડૂબકી માર્યા પછી, અતિલોભથી ચોથી વાર ડૂબકી મારી. તેનું આ ફળ છે. મારું બધું રૂપલાવણ્ય ધોવાઈ ગયું. ને હું આ આવી થઈને આવી. બધા મને માફ કરો અહીં મને રહેવા દો."

નવી માનીતી બોલી. "રહેજો હોં બહેન. આ તમારું ને મારું બન્નેનું ઘર છે. તમે મને દુઃખ દીધું, પણ હું તમને દુઃખ નહિ દઉં. જે દુઃખમાંથી હું પસાર થઈ છું તે તમને હું ભોગવવા વારો નહિ આવવા દઉં. ગઈ ગુજરી ભૂલી જાઓ. છાના રહો. રડશો નહિ. આંખો લૂછો. આપણે બંને સુખેથી સાથે રહીશું."

અને ખરેખર તેઓ બન્ને સુખ સમાધાનથી રહેવા લાગ્યાં.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડાતા ઇતિહાસનું એક પાનું

સ્નેહરશ્મિ

"સભાપતિ, સન્નારીઓ ને સજ્જનો,
છે આજનો આ દિવસ આખા
દેશના ઇતિહાસમાં
મહત્ત્વનો અતિશય, અને
આ સભા જે આજ ભાસે
અલ્પથી યે અલ્પ શી.
ભવિષ્યનો પરદેશી કોઈ
ઇતિહાસ-લેખક તે તણી
નોંધ કરતાં નાખશે નિઃશ્વાસ ઊંડા
કે, ન જન્મ્યો આપણા આ યુગ વિશે તે,
તે ન જન્મ્યો ભારતે,
ને ભારતે જન્મી સભામાં
આ ન આવ્યા કેરું તે
સદ્‌ભાગ્ય વિરલું પામયો !"

ને વાહ શેઠ કપૂરચંદ
ઓચરે બીજું તે પહેલાં
તાળી ઉપર તાળીઓ
ગાજી રહી ને મરકી આછું,
શેઠજી એ ડોક પરથી
છાતી પે થઈ ઝૂલતા.
રેશમી નિજ ખેસને
કરે બેઉ ઝુલાવતાં.
વક્તવ્ય પોતા કેરું તે
ચાલુ છટાથી રાખિયું :

"આદી માનવ પૃથ્વી પે
ફરતો હતો તે કાળથી તે આજ સુધી કો,
માનવે નિજ હિંસ્ર ટેવો છોડવા,
કદી બુદ્ધ વા ઈશુના સમા કો.
સન્ત જનની પ્રેરણાથી,
યત્નો કર્યાનું હોય ઇતિહાસે કયહીં નોંધાયલું,
તો જાણવું કે યત્ન સૌ
હતા વ્યક્તિ- વિશેષના
ન કે લોક-સમૂહના !

હિંસ્ર ટેવો આદ્ય તે
કાળ બળથી સૂક્ષ્મતાને પામીને,
ને ભદ્રતાના ઓપ નીચે
ભીષણ બનીને વધુ વધુ,
આજ માનવ-સૃષ્ટિમાં
કેવા સ્વરૂપે વિહરતી તે
પેખવા હે સજ્જનો,
દૂર દૃષ્ટિ ન નાખતાં
છે અર્જ મારી આપને કે,
સ્ટેશને વા બંદરે
જઈને ખીચોખીચ આવતી જતી વા કદી
કો ટ્રેન કે મનવાર ઉપર
દૃષ્ટિ ઊડતી નાંખજો.

ત્યાં ખાખીના ગણવેશમાં
નવલોહિયા આશાભરેલા
સૈનિકોને પેખજો,
ને એ ન છે કો માનવી
પણ કોળિયા રણચંડીના,
એ સત્ય કેરી ચિત્તમાં
કરીને પ્રતીતિ ઉર મહીં
સંવેદનો જે જાગી રે'
તેને ઘડીભર શોચજો.
સન્નારીઓ હે,
આપ મહીં કો હશે જનની,
બહેન કો ને પુત્રીઓ કે પત્નીઓ કો,
કો યુવક કેરી, ચમક જેની આંખમાં
જિંદગીની આશા ભરેલી જિંદગીની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊર્મિમય યૌવનતણી,
તેજસ્વી ભાવિ વિકાસની
ને સફળતાથી જિંદગી
ઉલ્લાસ મહીં જીવવા તણી—
હા, ચમક અદ્ભુત એવી કો
તે સ્વજન કેરી આંખમાં,
પેખતાં તમ ઉરમહીં
ઊર્મિઓની ભરતીઓ,
કેવી હશે નિત જાગતી
તે વર્ણવાને મારું એનો,
ગજું કશું! કિંતુ પૂછું
કે, મંદિરે વા દેવળે,
ભક્તિભાવે, આર્દ્ર હૈયે
મૂંગી વેળા કેટલી
સફળ દીર્ઘ અને સુખી
જિંદગીની વિરલ સિદ્ધિ
આત્મીય નિજ તે કાજ
પ્રાર્થી છે તમે ?

યુવાન સહુ તે સૈનિકોને
માતા હશે, ભગિની હશે વા પત્ની કૈં
તમ જેવી. તેના ઉરમહીં
વેદના ને મન્થનો,
નિત્યે હશે જે જાગતાં,
કો ઘવાયા સૈનિકોને પેખતાં,
સમભાવથી તે લહી બ્હેનો,
કે'શો મને ક્ષણ શોચી કે,
આંખ જે—તેજસ્વી સુન્દર આંખ જે
ઇશે દીધી કંઈ યુવકને,
તેની હણવા દિવ્ય જ્યોતિ
અધિકાર છે શો કોઈનો ?
કે આજાન બાહુ, વૃષસ્કંધ, તેજસ્વી કો
યુવાનના
પ્રચંડ, શક્તિશાળી ભુજને છેદી
તેના અંગને શસ્ત્રો થકી કાપી કૂપી,
શિયાળ,કૂતરાં, ગીધ, સમડીથી ય ભૂંડી રીતથી,
ચૂંથી ચોળી. પીંખી વીંખી,
ધૂળમહીં રગદોળવા
અધિકાર છે શો કોઈને ?"

"ના કોઈને!" ગણગણે સન્નારી કો,
તે સાંભળીને શેઠજી
ઉચ્ચરે: "ના કોઈને ! હા, કોનેય ના
અધિકાર છે એવો અહીં
ને તોય એ અધિકાર મોંઘો
માનવીનો આજ તો આ જગતમાં
શોધ્યો ય જડવો દુર્લભ !
છે દોષ એ સૌ પૃથ્વીમાં રાજ્યો તણો;
કિન્તુ મિત્રો, રાજ્ય નભતાં 'લોક કેરા બળ પરે,
ને 'લોક' તો સહુ આપણે !
તો આપણો એ લોક-ધર્મ પીછાનીને
અનુરૂપ તેને જીવન જીવતા શીખવા
આપણો આ યત્ન છે,
નમ્ર ને અતિ અલ્પ : કિન્તુ
અભૂતપૂર્વ અજોડ! જેની
અસર મોડી વ્હેલી યે
વિશ્વ આખે વ્યાપશે,
ને અહિંસક સંઘ જે
આપણે છે સ્થાપવો,
તે રુદ્રની જ્યમ વિશ્વનાં
ગરલ જીરવી ઝેર સઘળાં
સુપ્રભાતે કોક દી આ જગમહીં
વિશ્વ-શાન્તિ ઉતારશે !"

ઉત્સાહ કેરું મોજું ભારે
શેઠજીનાં વચનથી,
સૌ સભાજનના વદન પે
છલકી ગયું ને તાલીઓની
ઝડીઓ રહી વરસી સતત.
સ્વસ્થ થાતાં સભ્ય સૌ
સભાપતિએ ગૌરવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિપ્રાય નિજનો ભાષતાં
વ્યાખ્યાન નિજ આરંભિયું;

" સન્નારીઓ ને સજ્જનો,
છે વિરલ ઘડી આ આજની,
ને સૌ જનોનું આપણું
છે વિરલ સદ્‌ભાગ્ય યે
કે શેઠજી સમ લક્ષ્મીનંદન,
સુજન ને વળી શક્તિ ભાજન,
પ્રતાપી ને દાનેશ્વરી,
મેધાવી ને આદર્શસેવી,
છે આજ પડખે આપણી;
ને આજ જ્યારે દેશમાં
કોમકોમોની મહીં
વિદ્વેષ કેરી ઝાળ ભીષણ
વ્યાપી રહી છે ચહુદિશે,
ને કોમી હુલ્લડ આપણાં
જીવનતણા સૌ મર્મને
કો રોગના જંતુ સમાં
શારી રે'છે પ્રતિદિને,
તે પળે આ સંઘ જેનું
છે અહિંસા ધ્યેય કેવળ,
તે તણી આ સ્થાપના

છે આજના આ યુદ્ધ-ઘેલા
વિશ્વમાં કો ઘોર મેઘલી રાતમાં
ખડકે ભર્યા તોફાની કે.ઈ સમુદ્ર વચમાં
અચળ દીવાદાંડી શી !

સજ્જનો, છે અહિંસા મંત્ર અદ્‌ભુત આપણો !
ને સભ્ય સૌ આ સંઘના
લેશે પ્રતિજ્ઞા આજ કે,
પ્રેમ ને શાન્તિ ભરેલું,
મૈત્રી ભાવે વિકસતું,
વિશ્વ નૂતન સર્જવા
સૌ શક્તિ નિજની અર્પીને

એ ધર્મ યુદ્ધ મહીં ન તે
જંપ ઘડીનો માણશે,
જ્યાં સુધી નહિ અટકશે
દ્રોહ થાતો શાન્તિ કેરો વિશ્વમાં.

સહુ જાણી આપ થશો ખુશી કે,
શેઠજીએ આપણા
લીધી પ્રતિજ્ઞા એવી છે !
ને આપણા આ નગર કેરા
સજ્જનો ય અનેક છે
તેમની પડખે ખડા.

" પણ કાર્યક્રમ એ સંઘનો શો ? "
સભા મહીંથી કોઈના
બુલંદ પ્રશ્ને પ્રમુખશ્રીની
વાણીને ઘડી મૂંઝવી.
ખંખેરી નાખી કિન્તુ ક્ષણમાં
તેમણે નિજ ક્ષોભ તે,
હસીને પૂછ્યું ; " શું આપને જોઈએ ભલા !
કાર્યક્રમ ! દીવા સમો છે સ્પષ્ટ તે તો
આપણા આ પ્રણ મહીં;
રોજના વ્યવહારમાં ને,
દુન્યવી સંબંધમાં,
પ્રેમ ને નિર્વૈરથી,
સત્ય ને વળી ન્યાયથી
સભ્ય સૌ આ સંઘના
જીવન નિજનાં ગાળશે,
ને આપવા તે કારણે
જે જે પડે કૈં ભોગ તેને.
કાજ સભ્યો સંઘના આ આપણા
તત્પર રહેશે સર્વદા. "

" જૂઠું ! " રોષે યુવક કો ત્યાં
ગર્જિયો આવેશથી:
" જૂઠું એ સૌ-દંભ મિથ્યા !
બુઝર્વા જનોનું છે મહાન ધતીંગ આ ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઑર્ડર !" "ઑર્ડર !" એક સાથે
કંઠોમહીંથી અનેક ત્યાં
વિરોધ સૂચક સર્યા શબ્દો;
કિન્તુ પરવા લેશ ના કરી તેહની
વધ્યો પેલો યુવક મુઠ્ઠી ઉગામતો તે સહુ ભણી:
"ન એક વાર, કિન્તુ કહીશ હું લાખવાર
કે, છે બધા આ છળ પ્રપંચો
આપણા આ દેશના જાગૃત થવાને મથી રહ્યા
શ્રમજીવીઓને ઘેનમાં ફરી નાખવાના !"
માફ કરજો પ્રશ્ન એ મુજ ધૃષ્ટ લાગે આપને;
કિન્તુ પૂછું : વાત હિંસા ને અહિંસા કેરી સૌ
જેણે ઉપાડી તે બધા શું તેહને અનુરૂપ વર્તન
દાખવે છે કોઇ દી કે
કદી શકશે દાખવી ?"

ખળભળાટ મચ્યો સભામાં,
ને એક સાથે જન ઘણા
વિધવિધ ગયા વચનો વદી !
ને પ્રમુખશ્રીએ ધૈર્ય ભારે દાખવી
પાડી ધીમા સર્વને કીધી વિનંતિ શાન્તિ ને
સબુરી સભામાં રાખવા.
ને યુવક પાછો તે વધ્યો:
"ન માનશો ઘડી કોઈ કે,
હિંસા તણો હું છું પૂજારી:
છું કિન્તુ કટ્ટર શત્રુ હું તો
ધૂર્તતા ને ઢોંગનો.
સત્ય, ન્યાય, સમાનતા !
શબ્દ રૂડા એ બધા;
પણ આ સમાજે આપણા
છે સત્ય ક્યાં ને ન્યાય ક્યાં છે? છે અહિંસા
ક્યાં કહો ?
હું પૂછું, શેઠ કપૂરચંદ,
છે ચોકીદારો કેટલા જી આપ કેરે બંગલે ?
ખંભાતી વળી કૈં કેટલાં લટકે છ તાળાં
લોખંડી દ્વારે આપને ?
જો અહિંસા હોય ધર્મ જ આપનો—
ને અહિંસક મર્દને ભય ના કશો યે વિશ્વમાં,
તો ચોકીદારો રાખવા શિદને પડે એ આપને ?
ને બંધુ લેખે સર્વ જનને
વિશ્વ–પ્રેમી વીર જે
તે સર્વના અવિશ્વાસ કેરી
જીવન્ત જાહીરાત જેવું
તાળું કદી યે હાથ લે ?
ધનિકો તણા સૌ વિપુલ વૈભવ
કાજ મીલે, ખેતરે ને સૌ સ્થળે,
કે'શો મને કે રક્ત વ્હે છે કેટલા નિર્દોષનાં ?
વેદનાની લ્હાય આવી
દક્ષ હાથે આપના
સળગી રહી છે સૌ સ્થળે;
ને જાયના પકડાય નિજનાં
કૃત્ય ભીષણ હીન એ
તે કાજ આવા કૈંક જલસા
યોજતા નિત આપને
પેખી મને તે જૂની કહેવત
યાદ આવે આપણી કે,
રામજીનું નામ મુખમાં
ને બગલમાં છૂરી છૂપી ઝેરીલી !
પૂંજીપતિઓની અહિંસા કેરી નિતની વાત તો
વધકાજ નિર્મ્યા પ્રાણીને
વિશ્વાસ છરીનો રાખી તે શું
મૈત્રી ભાવ ખીલાવવાના
ઉપદેશ આપ્યા જેવી દંભી છે બધી,
હાજિર અહીં સહુ સુણજો:
આપના ભંડારમાં
ઢગલા સડે છે ખાદ્યના,
ને આપની મ્હોલાત પડખે
ખાદ્ય વિણ લોકો સડે !
એવા સડન્તા લોકને
ઉપવાસ કેરું મહાત્મ્ય આજે
આપ સંભળાવા ચહો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પેખતાં મુજને સ્મરે છે
કથા ત્રીજા હાથની

'પુત્રો–પિતા' નામાભિધાના
નવલકથામાં વર્ણવેલી હિન્ડસેઃ
ને સાંભળોજી એ કથાઃ

એકદા આ પૃથ્વીમાં
સાગર તટે કો જીવ જન્મ્યો,
ભલો પણ કૈં વરવો વરાક ને વામણો
ને બિચારો વિરુપતાના કારણે
ઠઠ્ઠા અને વિનોદ કેરું
બની રહ્યો તે પાત્ર લોકે;
ને તેથી હારી જિંદગીથી,
દીનહીન હતાશ થઈ,
નિજ વેદનાથી છૂટવા
એકાન્ત કો રાત્રિમહીં
સાગર કિનારે તે પળ્યો.

ડૂસકાં સૂણી તેહનાં
રડી પડયાં સૌ જળચરો ને ભૂચરો
ને એક માદા સીલની
પાણી ઉપર આવી બોલી;
શિદને રુવે છે ભાઈ, તું ?
છો લોક હાંસી તવ કરે,
એથી હારી જિંદગીનો
અન્ત નવ ચહવો ઘટે."

"ના, ના, મને નવ રોકશો"
વદે જીવ અભાગી તે.
"શો સાર છે આ જિંદગીમાં,
ને સાર શો છે પૃથ્વીમાં ?
એથી ભલું તો મોત કેરી
ગોદમાં ડૂબી જઈ
છૂટવું સૌ આંખ કેરાં ઝેરથી !"

"નહીં નહીં," વદે સીલ
"નવ જિંદગી તો એવી છેક નકામી છે;
છે હૈયું તારું નિર્મળું,
ને આંખમાં છે અમી ભર્યું.
એ આંખ ને એ ઉર થકી
કલ્યાણ નિજ ને અન્ય કેરાં
શકીશ સાધી તું ઘણાં
નવ રો ભલા !
છે મારી પાસ અલભ્ય જેવી
એક જાદૂઈ પાંસળી,
જેને પ્રતાપે થાય રક્ષા
અમ સર્વ કેરી જળચરોના શત્રુઓથી સર્વદા,
દક્ષિણાંગે સ્કંધ નીચે
લાવ દઉં એ મૂકી તારે,
ને એ પ્રતાપે કામના બધી તાહરી
ફળશે અને તું વંદ્ય બનશે
સર્વનો આ લોકમાં !"

"સાચું ?" પૂછે જીવ તે શંકા થકી.
"સાચું." બોલે સીલ–માદા,
"છે શર્ત કિન્તુ એક કે,
પ્રતિ વર્ષ તારે એક વેળા
ચાંગળું ભરી રક્ત તારું
અર્પવું આ અબ્ધિને;
જે સાધશે અમ કાજ
કાર્યો પાંસળી જે સાધતી,
ને થશે જેથી જળચરોના
શત્રુઓનો હ્રાસ ને
અમ સર્વના જીવન મહીં
શાન્તિ–અમૃત રેલશે."

ને સ્કંધ નીચે દક્ષિણાંગે
સીલ માદાએ મૂકી જ્યાં પાંસળી,
હાથ ત્રીજો ફૂટિયો તે જીવ કેરા અંગથી,
ને શીકલ ગઈ બદલાઈ તેની સર્વથા !
ચકિત બન્યા સૌ જીવ બીજા
શક્તિ તેની પેખતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને હાથ ત્રીજે તેહને
સંસિદ્ધિ એવી તો વરી
કે, દેવ શો તે લોકમાં
સત્કાર પૂજા પામતો,
અધીશ સર્વ તણો બન્યો !

શરૂઆતમાં તો જીવ તે
સૌ યાચકોને તોષતો,
ને ધનિક નિર્ધનનો ન કોઈ
ભેદ એકે લેખતો,
કિન્તુ વિધવિધ ભેટ જોતાં લોકની
લોભમાં તે દિન દિને,
ગયો ફસી ને મોંઘી ભેટો
આપી શકતા લોક જે
તેમની ઉર-કામના
લાગ્યો સદા યે તોષવા
ને ગરીબ નિર્બળ લોક જે
શકતા ધરી ના કો બલિ,
તેમનું રહ્યું સ્થાન ક્યાંના
તેની તે દુનિયા મહીં.

'હાથ ત્રીજો' આમ તે
લીધો ખરીદી ધન થકી
સૌ ધૂર્ત ધનિકે, ને જગે
ત્રાસ એવો વ્યાપિયો
કે, ગરીબો તણી ઉર-હાયથી
સાગર તણું એ નીર ક્ષૈં ખૂટી ગયું !
નિર્લજ્જ, નિર્દય ને ગુમાની
દિનદિને તે જીવ સૌ સદ્વૃત્તિ ને શુભકામના
બેઠો ગુમાવી. ને રહ્યો
સત્તાતણાં મૃગવારિ પાછળ દોડતો
મચવી મૂકી ઉત્પાત ભારે લોકમાં.
"હાથ ત્રીજે પૃથ્વી ઉપર
સ્વામિત્વ આવું હું વર્યો,
તો હાથ ચોથો જો ઉગે
તો સ્વર્ગનો ય અધીશ હું
બનું ને વરું હું લક્ષ્મી ને ઇન્દ્રાણી યે."
એમ શોચી જીવ તે
સીલ-માદા પાસ જાદુઈ પાંસળી બીજી પામવા
છળ-પ્રપંચો અવનવા કંઈ ગોઠવી મનમાં રહ્યો.

પ્રતિ વર્ષની તે રક્તકેરી અંજલિ
આપતાં તે તો હવે
લાગ્યો બતાવા અણગમો ને ઢીલ કૈં કારણ વિના
ને અર્પતો તે અંજલિ તો
સીલ-માદા પે મહદ ઉપકાર કો
હોય કરતો નિત્ય તેવો ડોળ તે દર્શાવતો.
ને એક દિન તો ધૃષ્ટ તે એવો બન્યો કે,
'હાથ ચોથા કાજ બીજી
પાંસળી જો દે ન તું,
તો અંજલિ મુજ રક્તની
છે ન મારે આપવી !"
એવું વદીને સીલ-માદાને રડાવી તે રહ્યો.

સીલ-માદા બાપડી !
નો'તી બીજી પાંસળી તેની કને,
ને એક જે હતી તેની પાસે
સૌ જળચરોના શત્રુઓના કાળ શી,
ને દિવ્ય કલ્પતરુ સમી,
તે તો હતી તે જીવને આપી દીધી,
ને જીવ જો નહિ રક્તની
અંજલિ દધિને દિયે
તો જળચરોનો હ્રાસ થાતાં રોકી કોયે નવ શકે.
એ વિચારે દીનહીન હતાશ શી,
લળી લળી તે સીલ-માદા,
વિનવી રહી અતિ તેહને
"ભાઈ, બીજી છે નહિ
જાદૂઈ એવી પાંસળી,
આજ તુજને શું થયું એ ?
કેવો ભલો ને રહેમદીલ હતો તું વીરા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિન્તુ આજ તને શું ઘેલું."
ને રોકી અધવચ તેહને
રોષથી તે ગર્જિયો
"ચૂપ કર નથી ડાહ્યલું એ
સુણવું મારે તાહરું
ને સાંજ પ્હેલાં નહિ મને તું આપશે બીજી પાં-
-સળી
તો જળચરોનું મોત નક્કી, સીલડી તું માનજે."
વિવેક–ભ્રષ્ટ કૃતઘ્નીને તે
પ્રાર્થવો છે એ ય મોટું પાપ તે લહી
સીલ–માદા
આંખ લૂછી નિજ તણી
હસીને વદી:
"ધન્ય વીરા તુજને
વીર સાચો તું બન્યો!
નહિ તે દી જેવો જિંદગીથી ત્રસ્ત ને
ભીરુ જરા યે છે રહ્યો.
એ પેખતાં મુજ હૃદય રીઝયું,
છે યોગ્ય પૂરો ભાઈ તું
હાથ ચોથાનો નહિ."
ને એવું બોલી ડૂબકી ઘડી એક મારી
મુખ મહીં લઈ પાંસળી
આવી માદા સીલની.
"લાવ ડાબા સ્કંધ નીચે દઉં મૂકી!"
બોલી તેણે જીવને બોલાવિયો,
ને હોંસથી જ્યાં પીઠ જીવે ફેરવી,
આંત ચપળતાથી સીલ–માદાએ લીધી ઝટ
ખેંચી તે
જૂની જાદુઈ પાંસળી—
ને હાથ ત્રીજો તે ખર્યો
ને જીવ યે હતભાગી તે
બેડોળ, મૂંજી, વામણો કૈં પૂર્વ શો ત્યાં
થઈ રહ્યો
છે સાર સ્પષ્ટ કથાતણો:
સાધનો ઉત્પત્તિ કેરા
છે હાથ ત્રીજો વિશ્વમાં.
કો ધૂર્ત લોકો દુષ્ટતાથી
સાધનો એ ઝૂંટવી
યુગયુગોથી ત્રાસ વર્તાવી રહ્યા છે વિશ્વમાં.
ધર્મની ને કોમનાં કલ્યાણની
ને અહિંસા કેરી યે
વાત રોજ નવ નવી
આપણે ને પૂર્વજોએ આપણા
સુણી છે ઘણી—
કિન્તુ કો દી સૌ અનિષ્ઠો કેરું છે જે
મૂળ તે સંપત્તિ કેરી વ્હેંચણીની.
સુણી છે કદી યે વાત કો એ?
અન્ધ હતી જનતા કદી,
વા આજ છે તે આંધળી
એવું રખે કો માનશો!—
તે તો રહી છે ઝૂઝતી
મર હાંફતી કે થાકતી
અન્યાય સામે સર્વદા!
કિન્તુ નિજનાં દુઃખનાં
કારણ તણું નવ પૂરું તેને ભાન છે
ને કોઈ વેળા સત્ય સાચું તે લહે
તો તે પહેલાં શોધી યુક્તિ નવી નવી,
કદી ધર્મ નામે, રાષ્ટ્ર નામે વા કદી,
કે શત્રુઓના આક્રમણોની
વાત કલ્પિત જોડીને,
તે જાગૃતિને આત્મ–ઘાતક
માર્ગમાંહી દોરવા
યત્નો થયા છે આજ સુધીમાં અલ્પતા
ને અહિંસા કેરી યે
વાત છે એ જાગતા જગ–પ્રાણને
આત્મ–ઘાતક ઘેનમાં ફરી નાખવાની."
ધારા અખંડ વક્તવ્ય કેરી
યુવક કેરી આમ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હેતી રહી તે વાત તેની તે ફરીથી સાંભળી
લોક કંટાળ્યા ને તહીં કો સજ્જને
સૂચના કરી એવી કેઃ
"સભા કેરી રૂખ જોતાં,
ને પ્રશ્નનું ગાંભીર્ય જોતાં,
પ્રસ્તાવ કરું છું હું રજૂ
કે, સંઘ કેરી સ્થાપના
મુલ્તવી દિન રાખી થોડા
ફરી મળવું આપણે—
ને ત્યાં સુધી આ હાથ ત્રીજાના નિદર્શક
કોમરેડે ને વળી શ્રી શેઠજીએ
ભેગા મળીને સંઘ કેરા ધ્યેય પે
ચર્ચા કરી, સંપૂર્ણ એવી શ્રેય પ્રેય થકી ભરી
યોજના કરવી રજૂ"
ને કોમરેડે વળી સર્વ સભ્યે
સત્કારી લીધી સૂચના
ને શેઠજીએ, પ્રમુખશ્રીએ
અન્ય વળી કૈં સજ્જને,
"હાશ" કરીને શ્વાસ હેઠો મૂકિયો
કે, દિન બગડતાં તે બચ્યો !—
ને બચ્યો જેનો દિવસ તેની
બાજી કૈંક બચી જ તો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબુ બિપિનચંદ્ર પાલ

રામચંદ્ર સોમણ

કલકત્તામાં એક સાંજે બ્રહ્મો સમાજના એક આગેવાન નવગોપાલ મિત્રે પોતાના અખાડાના પ્રયોગો એક જગ્યાએ રાખ્યા હતા. કલકત્તાનાં મોટાં મોટાં કુટુંબો તે જોવા માટે પધાર્યાં હતાં: તેમાં એક અંગ્રેજી યુવક પોતાની પત્ની સાથે આવેલો. પણ ત્યાં એક જ ખુરશી ખાલી હતી. પાસેની ખુરશી પર એક કદાવર શરીરનો યુવક બેઠો હતો. અંગ્રેજે તેને ખસી જવાનો હુકમ કર્યો, યુવકે સાફ નન્નો સંભળાવ્યો. બન્નેની વચ્ચે યુદ્ધ જામ્યું. યુવકે વ્યાજ સાથે હિસાબ ચૂકવ્યો. આખી સભામાં ધાંધલ મચી. પોલીસો આવી અને બંગાલી યુવાનને પકડીને લઈ ગઈ. બીજે દિવસે ભલા મૅજીસ્ટ્રેટે તેને માયાળુ ચેતવણી આપીને રૂા. ૨૦) નો દંડ કરી છોડી મૂકયો.

તે યુવાન તે આપણા ચરિત્રનાયક.

પાલબાબુ સિલેટના પોઈલ નામના ગામમાં ૧૮૫૮ માં જન્મ્યા. તેના પિતા વકીલ હતા અને એક ઉગ્ર વૈષ્ણવ તરીકે તે બાજુ પ્રસિદ્ધ હતા. તેમનું કુટુંબ બહોળું હતું અને બાલબિપિન તેમનો એકનો એક દીકરો હતો. ઘરની પાસેના તળાવનો માછી અને તરવાને માટે ઉપયોગ થતો. તેમાં બિપિન ખૂબ તરતો. રામચંદ્ર બાબુએ તેને ઘોડા પર બેસવાનું પણ શીખવાડયું હતું. તે એકનો એક છોકરો હતો. છતાં પિતાએ તેને લાડથી બગાડયો ન હતો અને જયારે તે કંઈ વાંકમાં આવી જતો ત્યારે તેને પિતાને હાથે ઠીક પ્રસાદી ચાખવી પડતી.

સત્તરમે વરસે મૅટ્રિકની પરીક્ષા આપી યુવાન બિપિન કૉલેજમાં જવા માટે કલકત્તા આવ્યો. આ સીત્તેરેક વરસ પહેલાંની વાત છે. તે વખતે કલકત્તા નવજાગૃતિનું એક મોટું કેંદ્ર હતું. દેવેંદ્રનાથ ઠાકૂર, કેશવચંદ્ર સેન, શિવનાથ શાસ્ત્રી જેવા આગેવાનોએ ધર્મ અને સમાજસુધારાનાં કાર્યો શરૂ કર્યાં હતાં. બંકીમચંદ્ર ચેતરજી, હેમચંદ્ર બાનરજી જેવા સાહિત્યસ્વામીઓએ સાહિત્યમાં પણ વૈયક્તિક સ્વાતંત્ર્ય અને ચારિત્ર્યની વિશુદ્ધિના વિચારો માતૃભાષામાં પ્રગટ કરવા માંડયા હતા. સુરેંદ્રનાથ બાનરજી તે જ અરસામાં સરકારી નોકરીમાંથી છૂટા થયા હતા. તેમણે આનંદમોહન બોસ જોડે થઈ વિદ્યાર્થીમંડળ સ્થાપી તે દ્વારા વિદ્યાર્થીઓને સંઘટિત કરવા માંડયા. સાહિત્ય, નાટક, સંકીર્તન અને કાવ્યના નવા નવા પ્રકારો અસ્તિત્વમાં આવવા લાગ્યા. તેની યુવકવર્ગ પર ઘણી અસર થઈ. કેશવચંદ્ર સેનની વકતૃત્વકળાએ તો પાલબાબુને મુગ્ધ જ કર્યા. તેમના ધાર્મિક સુધારાના વિચારો તેમને પસંદ પડતા, પણ તેમાં રાજદ્વારી અપીલ ન હતી. સુરેંદ્રનાથના રાજદ્વારી આઝાદી પરનાં ભાષણો તેમને હચમચાવી મૂકતા ખરા પણ તેની પાછળ આધ્યાત્મિક પાર્શ્વભૂમિ ન હોવાથી તે લૂખા લાગતા. ૧૮૭૬ માં પંડિત શિવનાથ શાસ્ત્રીએ દેવેંદ્રનાથ ઠાકૂરથી છૂટા પડી 'સદ્ધર્મબ્રહ્મોસમાજ' નામની સંસ્થા કાઢી, તેમાં આ બન્ને આદર્શોનો સમન્વય થયેલો પાલબાબુને લાગ્યો ને તેઓ તેમાં જોડાયા, અને ટૂંક સમયમાં 'સંસ્કારક' નામના બંગાળી અને 'પબ્લીક ઓપિનિયન' નામના અંગ્રેજી છાપામાં તંત્રીમંડળોમાં દાખલ થયા.

'બ્રહ્મો' થવું એટલે તે જમાનામાં 'હિંદુ ધર્મનો ત્યાગ કરવો' એમ મનાતું. મૂર્તિપૂજાને, જાતિભેદને સમાજમાં સ્થાન ન હતું. પ્રચલિત હિંદુ ધર્મ બન્નેમાં માનતો. સમાજ વિધવાવિવાહનો પુરસ્કાર કરતો. હિંદુ ધર્મ તેનો નિષેધ કરતો. તેથી 'બ્રહ્મોસમાજ'માં દાખલ થવું એટલે 'હિંદુ મટી જવું' એમ મનાતું. દીકરો બ્રહ્મો થયો એમ જયારે રામચંદ્રબાબુએ સાંભળ્યું ત્યારે તે ખૂબ અકળાયા. તેમણે તથા તેમના મિત્રોએ પાલ બાબુને ખૂબ સમજાવ્યા, પિતાએ એને મિલ્કત પરનો વારસ હક ખૂંચવી લેવાની ધમકી આપી, પણ પાલબાબુ એકના બે ન થયા. આખરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાએ પોતાના મૃત્યુપત્રમાં વર્ષની રૂા. ૬,૦૦૦. આવકની મિલ્કત પોતાના એકના એક દીકરાને બાદ રાખી દીકરીઓમાં વહેંચી નાખી! તે વખતે પાલબાબુ કૉલેજમાં ભણતા હતા. ઘેરથી પૈસા બંધ થયા એટલે તેમને કેળવણી આટોપી લેવી પડી અને પેટનો ધંધો ખોળવો પડ્યો. તેમણે કટકમાં એક નિશાળમાં હેડમાસ્તરની જગ્યા સ્વીકારી.

૨

એક સામાન્ય સ્થિતિના માણસને આવી પરિસ્થિતિમાં અનેક મુસીબતોનો સામનો કરીને જ આગળ વધવું પડે છે. પાલબાબુ સ્વતંત્ર વૃત્તિના હોવાથી તેમને થોડાજ મહિનામાં કટક છોડવું પડયું. પછીથી સિલેટ પોતાના વતનમાં જ—અને બંગલોર તેઓ હેડમાસ્તર તરીકે એક બ્રહ્મોસમાજની નિશાળમાં જોડાયા. પણ ત્યાં પણ ઝાઝું ન રહી શકયા. બંગલોરમાં એક બ્રહ્મો સ્ત્રી સાથે પરણી તેની સાથે કલકત્તા આવી એક સારા ગ્રંથાલયમાં ગ્રંથપાલ થયા. અહીં તેમણે રાજકારણ, અર્થકારણ, વગેરે વિષયોનો ઉત્તમ અભ્યાસ કર્યો. પોતાની વકતૃત્વશક્તિનો ખ્યાલ તેમને પહેલેથી જ હતો, તેથી જાહેરમાં ભાષણો આપવાની તક પણ તેઓ જવા દેતા નહીં.

અહીં તેમની પત્ની ગુજરી જવાથી તેઓ કામ ધંધો છોડી બે ત્રણ વરસ સાધુઓની સાથે રખડયા. તે દરમિયાન તેમણે વેદાંત ને વૈષ્ણવધર્મનો અભ્યાસ કર્યો અને મિત્રોના આગ્રહથી સુરેંદ્રનાથની વિધવા ભત્રીજી સાથે ફરી પરણ્યા. પાછો તેમનો સંસાર જામ્યો. તેમને એક છોકરો થયો. પૌત્રના જન્મના સમાચાર સાંભળી વૃદ્ધ રામચંદ્રબાબુ પિગળ્યા અને તેમણે પાલબાબુને સહકુટુંબ ઘેર બોલાવીને સમાધાન કર્યું, અને દીકરાને પોતાનો વારસદાર બનાવ્યો!

આ અરસામાં તેમણે પોતાની જાહેર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તે વખતની જાહેર પ્રવૃત્તિ એટલે ભાષણો આપવાની હોવાથી પાલબાબુને જ્યાં ત્યાંથી માગણી આવતી. અંગ્રેજી અને બંગાળી ભાષા પર તેમનો અસાધારણ કાબૂ હતો, અવાજ સિંહ જેવો (તે વખતે 'ધ્વનિ પ્રક્ષેપક' (લાઉડ–સ્પીકર) યંત્ર ન હોવાથી આવો અવાજ બહુ જ ઉપયોગી નીવડતો!) અને બોલવાનાં વિષયનો પૂરેપૂરો અભ્યાસ હોવાથી તે જમાનામાં પાલબાબુ એટલે દેશના પ્રખ્યાત વક્તાઓની પ્રથમ પંક્તિમાં ગણાતા. ૧૮૮૭માં મદ્રાસમાં થયેલી મહાસભાની ત્રીજી બેઠકમાં તેમણે 'શસ્ત્રબંધી'ના કાયદા ઉપર ભાષણ કર્યું હતું. મહાસભા સાથેનો તેમનો સંબંધ આટલો જૂનો છે.

પણ તેમના પર રાજકારણ જેટલી જ ધર્મની પણ અસર હતી. સ્વામી વિવેકાનંદ તે સૈકાના છેવટના દસકામાં અમેરિકા, ઈંગ્લંડ, વગેરે દેશોમાં હિંદુધર્મ અને તત્ત્વજ્ઞાન પર ભાષણો આપતા હતા. પાલબાબુને પણ આવો પ્રચાર કરવાની ઇચ્છા થઈ. ૧૯૦૦માં તેમણે મૅંચેસ્ટર કૉલેજમાં જઇ બે વરસનો ધર્મશાસ્ત્રનો અભ્યાસક્રમ એક વર્ષમાં પૂરો કરીને અમેરિકા, ઈંગ્લંડ અને ફ્રાંસમાં ફરીને હિંદુધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપર ભાષણો આપ્યાં અને ૧૯૦૨માં પાછા હિંદ આવી કલકત્તામાં 'ન્યૂ ઈંડિયા' નામનું છાપું શરૂ કર્યું.

તે સાલમાં જ બંગભંગની ચર્ચા શરૂ થઈ હતી. આખો પ્રાંત કર્ઝનના આવા અન્યાય સામે સમસમી ઊઠયો હતો. પાલબાબુએ તે ચળવળનાં બળો સંઘટિત કરવા માંડયાં. તેમાં તેમને અરવિંદબાબુનો સહકાર હતો. ૧૯૦૪માં 'વંદે માતરમ્' છાપાના બન્ને સહતંત્રી હતા. આજે જેમ ગાંધીજીનાં છાપાનું વાચન દેશનાં આબાલવૃદ્ધ જે ઉમંગથી કરે છે, તેમ જ તે વખતે પાલબાબુ અને અરવિંદબાબુના લખાણોનું વાચન થતું હતું. મહારાષ્ટ્રમાં લોકમાન્ય ટિળકનું 'કેસરી' પણ આટલું જ લોકપ્રિય હતું. બંગભંગની ચળવળ આગળ ધપવા લાગી તેમતેમ તેનામાં ઉગ્રતા આવી. તેમાંથી અત્યાચારી ચળવળ તરફ યુવકો વળ્યા. સરકારે દમનનાં ચાબૂકો વીંઝાવવા માંડયા. અરવિંદ બાબુ પર કેસ થયો તેમાં સરકારે બિપિનબાબુને જુબાની આપવા બોલાવ્યા. તેમણે ના પાડી, તેથી તેમને છ મહિનાની સજા થઈ. જેલમાંથી બહાર આવ્યા પછી પણ તેમણે બંગભંગ સામે પ્રચાર શરૂ કર્યો. તે ચળવળમાંથી જ રાષ્ટ્રીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ, બહિષ્કાર, સ્વદેશી અને સ્વરાજ્યની ચતુઃ-સૂત્રીનો ઉદ્ભવ થયો. મહારાષ્ટ્રમાં તેનો પ્રચાર લોકમાન્ય ટિળકે શરૂ કર્યો હતો. પંજાબમાં લાલા લજપતરાય આગેવાન હતા અને બંગાળના મુખ્ય આગેવાન તરીકે પાલબાબુ હતા. તેથી આ આગેવાનોની ત્રિપુટીને 'લાલ-બાલ-પાલ' એમ કહેવાતું. મદ્રાસમાં તેમણે બંગભંગની ચળવળ પર છ પ્રસિદ્ધ ભાષણો આપ્યાં હતાં, તેથી તેમને મદ્રાસ છોડી જવાનો સરકારે હુકમ કર્યો હતો. તે છ ભાષણો ગીતાની પેઠે આખા દેશમાં તે વખતના યુવકો વાંચતા હતા.

અરવિંદબાબુ, પાલબાબુ અને લોકમાન્ય ટિળક તે વખતના રાષ્ટ્રીય હિલચાલના ભાષ્યકારો ગણાતા. આપણી ચળવળનું આગળનું પગલું તે વખતે આ આગેવાનોએ ભર્યું. તેથી તે કાળના સિદ્ધાંતોનું ટૂંક વિવેચન અહીં કરવાની જરૂર છે.

બંગભંગ પહેલાંના રાજકારણનો આદર્શ બ્રિટિશ સામ્રાજ્યની હેઠળ બ્રિટિશ સરકારને પસંદ પડે એ રીતે અને એ રીતના અધિકારો હફતે હફતે મેળવવા, એ માટેનાં સાધનો એટલે મહાસભામાં પસાર થતી અરજીઓ કે વિનંતિરૂપે ઠરાવો. બંગભંગ પછીનો આદર્શ બ્રિટિશ સામ્રાજ્યથી સ્વતંત્ર એક સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો હતો અને તેનો ઉપાય નિઃશસ્ત્ર પ્રતિકારનો હતો. પાલબાબુ એક જગ્યાએ કહે છે:—

" આપણો આદર્શ આઝાદીનો છે, અને તેનો અર્થ પરદેશી તાબાથી સંપૂર્ણ સ્વાતંત્ર્ય એવો છે... આપણી પદ્ધતિ નિઃશસ્ત્ર પ્રતિકારની છે. તેનો અર્થ સરકારને સ્વેચ્છાથી મદદ કરવાની સામુદાયિક રીતે ના પાડવી એ છે. આપણું સ્વરાજ્ય બ્રિટિશ પાર્લામેંટથી પૂર્ણ સ્વતંત્ર અને સ્વાધીન હોવું જોઈએ." આ નિઃશસ્ત્ર પ્રતિકારના ફણગા ગણાવતાં તેઓ બીજા ભાષણમાં કહે છે, " તેની એક ચળવળ બહિષ્કારની. ...બીજી રાષ્ટ્રીય કેળવણીની અને ત્રીજી ગ્રામસંઘટનથી માંડીને આપણા જાહેર જીવનના સંઘટનની... આવી રીતે આપણે આ સરકારથી સમાંતર એવી સ્વરાજ્યની એક વ્યવહારુ યોજના આપણા દેશમાં તૈયાર કરવા માગીએ છીએ...એમાં આપણા તાલુકા અને જિલ્લાઓનું સંઘટન થવું જોઈએ, એ રીતે આપણે આ સરકારના કારભારથી તદ્દન સ્વતંત્ર અને સમાંતર એવું આમજનતાનું સ્વરાજ્ય સ્થાપી શકીશું. ...તેમાં પંચાયત સમિતિઓ અને પોલીસોની સ્થાપના પણ આવી જાય છે."

ગાંધીજીના અસહકારની ઝાંખી આમાં વાચકને થશે.

૧૯૦૫થી જ મહાસભાની બેઠકોમાં બંગભંગના પ્રશ્નપર ભાગલા પડવા માંડયા હતા. સર ફિરોજશાહ મહેતા, ગોખલે અને સુરેંદ્રનાથ કહેતા કે આ પ્રશ્ન પર સરકાર સામે બહિષ્કાર જેવા ઉગ્ર શસ્ત્રનો ઉપયોગ કરવો બરાબર નથી. ત્યારે પાલબાબુ, ટિળક જેવા યુવાનો આ ચળવળનો ફાયદો ઉઠાવી તેને વધારે ઉગ્ર બનાવી દેશનું રાજકારણ આગળ ધપાવવા માગતા હતા. સુરતની મહાસભામાં આ પ્રશ્નપર ભંગાણ પડ્યું અને નરમપક્ષે મહાસભાનો કબજો રાખ્યો. ગરમ પક્ષના આગેવાનોને સરકારે ઝાપટી લીધા. લોકમાન્યને છ વર્ષની સૌથી વધારે સજા કરી. લાલાજીને દેશપાર કરી માંડલેમાં રાખ્યા. પાલબાબુને પણ હદપાર કર્યા; તેથી તેઓ ૧૯૦૮થી ૧૯૧૧ સુધી ઇંગ્લંડ રહ્યા. ત્યાં તેમણે 'સ્વરાજ્ય' નામનું છાપું કાઢ્યું અને તે દ્વારા હિંદી મહાસભાના કાર્યનો પ્રચાર કરવા લાગ્યા, સરકારે લંડનમાં પણ તેમના પર જાપતો રાખ્યો હતો અને તેમના છાપાને હિંદ આવવાની મનાઈ કરી હતી.

૩

૧૯૧૧માં બંગભંગ રદ થયો અને પાલબાબુને હિંદ પાછા આવવાની પરવાનગી મળી. તે વખતે તેમના રાજદ્વારી વિચારોમાં ભારે પરિવર્તન થયું હતું. સ્વાતંત્ર્યના બદલામાં હવે તેઓ 'સાંસ્થાનિક સ્વરાજ્ય'ના હિમાયતી બન્યા હતા. છતાં બંગભંગ વખતની તેમની ઉગ્રતા સાવ લોપ પામી ન હતી, તેમણે 'આત્મની મીમાંસા' નામનો એક લેખ લખ્યો, તે માટે તેમના પર સરકારે કેસ કર્યો. પણ તેમાં પાલબાબુએ માફી માગી. ત્યારપછી તેમના વિચારો સાવ મોળા થવા લાગ્યા. ૧૯૧૪માં રાજકારણની મીમાંસા કરતા તેઓ એક જગ્યાએ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બધાં સરકારી અધિકારીઓ અને કાર્યોથી અળગા રહેવાની રાષ્ટ્રીય આગેવાનોની નીતિ એક વખતે સકારણ અને સમર્થનીય હતી. પણ તે અત્યારે તેવી રહી નથી, હિંદી રાષ્ટ્રીયતાને માટે આજે ક્રાંતિકારી દેશપ્રેમ એ મહાનમાં મહાન આફત છે."

આ વર્ષમાં લોકમાન્ય છ વરસની સજા પૂરી કરી બહાર આવ્યા હતા અને ' પુનશ્ચ હરિ ૐ ' કરી હોમરૂલની ચળવળનું મંડાણ તેમણે શરૂ કર્યું હતું, એ વાત ધ્યાનમાં લઈએ તો તેમના એક વખતના સહકારી પાલબાબુના વિચારોમાં કેટલું ભારે અને મૂલભૂત પરિવર્તન થયું હતું, તેનો ખ્યાલ આવશે. પાલબાબુ હોમરૂલ લીગમાં જોડાશે, એવી લોકમાન્યની અપેક્ષા હતી. પણ તેમણે જોડાવાની ના પાડી. તે પછી તેઓ પં. મોતીલાલ નહેરુના 'ઇન્ડિપેન્ડન્ટ' છાપાના તંત્રી બન્યા હતા. ગાંધીજીનો અસહકાર આવ્યો. તેનો તેમણે વિરોધ કર્યો હતો. તેથી પં. મોતીલાલજી ના કહેતા હતા છતાં તેમણે 'ઇન્ડિપેન્ડન્ટ' માંથી રાજીનામું આપ્યું. ૧૯૨૦માં કલકત્તામાં મહાસભાની બેઠક થઈ, તેમાં અસહકારનો ઠરાવ આવ્યો હતો. તેમાં ઉપસૂચના તરીકે દાસબાબુ પાસે પાલબાબુએ 'અસહકાર જાહેર કરીએ તે પહેલાં એક શિષ્ટમંડળ લંડન મોકલવું એવો ઠરાવ મૂકેલો તે નામંજૂર કરવામાં આવ્યો.

ત્યારપછી હિંદી રાજકારણની આ ક્રાંતિકારી ચળવળ સાથે સહમત ન હોવાથી પાલબાબુ નિવૃત્ત થઈ પોતાના વતનમાં સિલેટ ગયા અને પછીનું જીવન તેમણે ત્યાં જ ગાળ્યું. હવે તેમની વૃદ્ધાવસ્થા પણ થઈ હતી. મહાસભામાં તેઓ છેવટના ૧૯૨૮ માં લખનૌમાં થયેલી સર્વપક્ષીય પરિષદમાં આવ્યા હતા અને તેમણે પરિષદ્‌માં ઉત્સાહથી ભાગ લીધો હતો. ૧૯૩૩માં તેમનો દેહાંત થયો ત્યારે તેઓ વૈષ્ણવ ધર્મ ઉપર એક ચોપડી લખતા હતા. જીવનના છેવટના ભાગમાં તેઓ મહાસભાના વિકાસ સાથે સહમત ન થઈ શક્યા છતાં બંગભંગ વખતે મહાસભાએ જે આગળનું પગલું લીધું અને નરમ રાજકારણનો ત્યાગ કરી બહિષ્કાર જેવું નવું શસ્ત્ર સ્વીકાર્યું, તેમાં પાલબાબુએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એ આપણે ભૂલવું ન જોઈએ. એક સમર્થ શિક્ષક, સમાજસુધારક વક્તા, વૃત્તપત્ર વિવેચક, અર્થશાસ્ત્રી અને રાજકારણના ગાઢ અભ્યાસી, જબરા પ્રચારક અને પ્રજાના આગેવાન અને છેવટે નિતાંત ધર્મનિષ્ઠ જીવનવાળા તરીકે પાલબાબુ આપણા સ્મરણમાં હમેશાં રહેશે.

અરધી ટિકિટ

દક્ષિણ અમેરિકાના ચિલી દેશમાં આગગાડીમાં મુસાફરી કરતાં બાળકોની ઉમ્મર વિષે તેમના મા-બાપ અને ટિકિટ-માસ્તરો વચ્ચે કદી તકરાર નથી થતી. ત્યાંના દરેક સ્ટેશનની ટિકિટ-ઑફિસની દીવાલમાં જમીનથી સાડાચાર ફીટ ઊંચે એક ખીતી ખોડેલી હોય છે. એ ખીતીની નીચે ન સમાઇ શકનાર કોઈ પણ બાળકને આખી ટિકિટ લેવી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈજ્ઞાનિક જગતના આંદોલનો લોકભોગ્ય ભાષામાં વર્ણવતી માસિક નોંધ :

વિજ્ઞાનદર્શન

શ્રી. બંસી ગાંધી बी.एससी.
પ્રોફે. જયંતિલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મુ. શાહ एम. एससी. पीएच. डी.

હિંદમાં વિજ્ઞાનનું એક વર્ષ

ગયા વર્ષમાં (૧૯૪૫) આપણા દેશની વૈજ્ઞાનિક ખીલવણીમાં સારી એવી પ્રગતિ થઇ છે. આપણા 'નૅશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સીસ' ને સરકારે માન્ય રાખ્યું છે. આ ઈન્સ્ટીટયુટને શાહી સનંદ આપવાની વિચારણા ચાલી રહી છે. દેશના જીવનમાં વિજ્ઞાનની અગત્ય વધતી જાય છે એની આ કદર છે.

વિજ્ઞાનના ભક્તો તરીકે આપણી પવિત્ર ફરજ છે કે વિજ્ઞાનની ખીલવણી દેશમાં ખૂબ થાય એ માટે બનતું બધું કરવાનું આપણે ચૂકવું જોઇએ નહીં. પ્રત્યેક વૈજ્ઞાનિકના હાર્દિક સહકાર અને શુભેચ્છાઓ વડે જ આ કામ સિદ્ધ કરી શકાય. હવે પછીના યુદ્ધોત્તર કાળમાં દુનિયાના વૈજ્ઞાનિકોનો સહકાર ખૂબ ખીલવાનો. આજની દુઃખી દુનિયાના દેશોને વિનાશક સંહારમાંથી વૈજ્ઞાનિકોનો સહકાર જ બચાવી શકશે: નહીં કે રાજદ્વારીઓના ધમપછાડા. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જીવનની જરૂરિયાતો સૌ કોઈ ને બરાબર પૂરી રીતે મળી શકે એવું કરીને વૈજ્ઞાનિકો ભવિષ્યના યુદ્ધો ટાળી શકશે.

દેશમાં વૈજ્ઞાનિક સંશોધનની સગવડો વધતી જાય છે. જુદી જુદી સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી જાય છે, અને નજીકના ભવિષ્યમાં બીજી વિશેષ અસ્તિત્વમાં આવશે. દુનિયાની જ્ઞાનવૃદ્ધિમાં આપણે ફાળો આપવાનો છે. વખત જતાં જેમ જેમ આપણી સંસ્થાઓ ખીલતી જશે તેમ તેમ આપણો ફાળો વિશેષતર બનશે.

(બેંગ્લોરની હિંદ વિજ્ઞાન પરિષદના પ્રમુખ પ્રો. એમ. અફઝલ હુસેનના પ્રમુખ તરીકેના ભાષણમાંથી)

*

આપણું અન્નસંકટ અને તેના નિવારણમાં સંશોધન

દેશમાં અન્નસંકટ ચાલે છે: દેશાવરમાંથી અનાજ આયાત કરી જનતાને પૂરું પાડવા પ્રયત્નો થાય છે. આવી મુશ્કેલી ભવિષ્યમાં ન આવે એ માટે આપણા દેશમાં અનાજનું ઉત્પાદન વધારવા પ્રયત્નો થઈ રહ્યા છે. આ અર્થે ઇમ્પીરીયલ કાઉન્સીલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ નામની એક મોટી સંસ્થા સરકારના આશ્રય નીચે કામ કરે છે. આ સંસ્થાની નિયામક સભાની સોળમી બેઠક સપ્ટેમ્બર માસમાં મળી હતી. વચગાળાની રાષ્ટ્રીય સરકારના ખેતી અને ખોરાક ખાતાના પ્રધાન ડૉ. રાજેન્દ્રપ્રસાદે તે વખતે કરેલ વિચારપ્રેરક ભાષણમાંથી સારભાગ નીચે આપ્યો છે.

"વધારે અનાજના ઉત્પાદનના પ્રયાસોનો આશય આ છે: **હિંદુસ્તાનમાં દરેકને બે ટંક પેટપૂરતું ખાવાનું મળે.** દેશમાં સાધનો વિશાળ પ્રમાણમાં છે. આપણો મુખ્ય સવાલ આ વિશાળ સાધનો અને દેશની જનશક્તિને જોડી દેવાનો, અને યોજના અનુસાર તેમને ખીલવવાનો છે. આયોજિત વૈજ્ઞાનિક ખીલવણીમાં દેશની મુક્તિ રહેલી છે. આ મહાન કાર્યમાં વૈજ્ઞાનિક સંશોધનકારોએ અને ખાસ કરીને કૃષિ–વિજ્ઞાન અને પશુ–વિદ્યામાં કામ કરી રહેલા વિજ્ઞાનીઓએ મહત્તાપૂર્ણ ફાળો આપવાનો છે.

સારાં સાધન અને પાણીની શોધમાં આપણે ભૂલવું ન જોઇએ કે આપણા સામાન્ય ખેડૂતને ન પોસાય એવા સાધનોનો ઉપયોગ એક કોર પડયો રહેવાનો. આપણી તરસી જમીનને પાણી પાવા નહેરો અને બંધોની મોટી યોજનાઓનો વિચાર કરવામાં આપણા કૂવા, નદી અને તળાવોની ઉપેક્ષા ન થવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આલીશાન ઈમારતો, સુંદર આધુનિક સાધનસામગ્રી, પુષ્કળ મોટા પગારદાર અધિકારીઓ–માત્ર આ બધાં વડે સંશોધન–સંસ્થા બનતી નથી–જો સંશોધનની સાચી ભાવના ન હોય તો.

સંશોધન માટે વાતાવરણ આવશ્યક છે: આ વાતાવરણ વિજ્ઞાનને ખાતર સ્વાર્થહીન આત્મસમર્પણ માગે છે અને જ્યારે તે મળે છે ત્યારે સંશોધન ખીલે છે.

શિક્ષક અને શિષ્ય–યુવાન કે વૃદ્ધ–બધાંએ સાથે મળી વિજ્ઞાનના કીર્તિમંદિરના પાયા રચવાના છે. જ્ઞાનની અભિવૃદ્ધિ અર્થે, આપણા દેશમાં આવી મહાન પરંપરા ઊભી કરવાની આપણને આજે તક છે.

ખેતી અને ઉદ્યોગ માટે સસ્તી શક્તિની યોજનાઓમાં માણસ કે પશુવડે ચલાવી શકાય એવા કાર્યક્ષમ પંપો અને અન્ય સાધનોનો ઉપયોગ ભૂલાવો ન જોઈએ.

ખેતી અને ખોરાક માટે સૌથી વધારે ધ્યાન આપવું જોઈએ. દેશમાં ખોરાકી ચીજોનું ઉત્પાદન વધારવાના ઉપાયો આપણને સુઝાડે એવી ખેતી વિષયક શોધખોળને પ્રથમ સ્થાન આપવું જોઈએ. **આપણા દેશની ખેતી બળદની શકિત પર અવલંબે છે,** અને ભવિષ્યમાં પણ એમજ રહેવાનું. એટલે ગાય અને તેના વંશ–ઉછેર માટે આપણે ખૂબ ધ્યાન આપવું જોઈએ. આથી, એક તો, સપ્રમાણ ખોરાક માટે આવશ્યક દૂધની પેદાશ વધે: અને બીજું કાર્યક્ષમ ખેતી માટે મજબૂત અને તંદુરસ્ત બળદો મળી રહે.

વિજ્ઞાનની ખીલવણીમાં સહકાર આવશ્યક છે: એટલે દેશના સારા કાર્યકરોને એકઠા કરી, અનુભવ અને વિચારની આપલે કરવી જોઈએ. સામાન્ય જનતાના કલ્યાણમાં કેટલો ફાળો આપે છે એ પરથી બધી શોધખોળનું મૂલ્યાંકન થવું જોઈએ. જીવનની વાસ્તવિકતાઓથી વેગળી, હાથીના દાંત જેવી દેખાવડી શોધખોળ હિંદ જેવા ગરીબ દેશને ન પાલવે. સંશોધનકારે ખેડૂતની જરૂરિયાતો ધ્યાનમાં રાખવી જોઈએ. 'દેશની સેવામાં વિજ્ઞાન' આપણું આદર્શ થવું જોઈએ,

સંશોધનમાં ખર્ચેલો પૈસો મૂડીનું સારામાં સારું રોકાણ છે, એ હવે સર્વમાન્ય છે. રોકેલા પૈસાના પ્રમાણમાં તે સવિશેષ અને સારું વળતર આપે છે. દાખલા તરીકે ખાંડના ઉદ્યોગમાં શેરડીની સારી ખીલવણીએ દેશને ખૂબ ફાયદો કરી આપ્યો છે.

*

ખગોળવેત્તા સર જેમ્સ જીન્સ

(૧૮૭૭–૧૯૪૬)

"દુનિયાના ૭ મહાન પુરુષોમાંના એક" સુવિખ્યાત ખગોળવેત્તા અને ગણિતશાસ્ત્રી સર જેમ્સ હૉપવૂડ જીન્સ ગયા મહિને મૃત્યુ પામ્યા. એચ. જી. વેલ્સના મૃત્યુબાદ થોડા વખતમાં જ આ મહાન ખગોળવેત્તા પણ ચાલ્યો ગયો એમાં વિધિનો કોઈ સંકેત લાગે છે. દુનિયાના ખગોળવેત્તાઓમાં જીન્સનું સ્થાન પહેલી હરોળમાં હતું. જીન્સ વિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીની ટ્રિનીટી કૉલેજની પેદાશ હતો. ૧૮૯૮માં તે રેંગ્લર થયો હતો. ૧૯૦૦મા સ્મીથ પ્રાઈઝ મેળવ્યું હતું. જીન્સનું પ્રથમ સંશોધન વાયુઓના પરમાણુઓની ગતિને લગતા સિદ્ધાંત પર હતું. આ કાર્ય ખૂબ ગણના પામ્યું હતું અને જીન્સને આ વિષયમાં એક તજજ્ઞ તરીકે નામના અપાવી હતી. આ સંશોધનકાર્ય ખગોળ–વિદ્યાના પ્રશ્નોના ઉકેલમાં તેને પાછળથી મદદરૂપ થયું હતું. તારાઓની ઉત્ક્રાંતિમાં પ્રવાહી કરતાં વાયુરૂપ પદાર્થો હોય છે. એટલે આ અનુમાનપર ગણિત કરી તારાઓની ઉત્ક્રાંતિના સંશોધનમાં જીન્સ સારો ફાળો આપી શક્યો હતો. તારાના વિકિરણીય સમતોલન પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીન્સની શોધોને અંગે એડીંગ્ટન અને તેના વચ્ચે ખૂબ ચર્ચા જામી હતી. વૃષપ્રવા (Cepheus) તારા સમૂહ તૂટતો જાય છે એવો જીન્સનો મત હતો અને છેવટે એડીંગ્ટને તે કબૂલ કર્યો હતો. જીન્સ મૌલિક વિચારક અને સંશોધક હતો, એટલું જ નહીં પણ તે સારો લેખક હતો. ખગોળના ગૂઢ રહસ્યો લોકભોગ્ય ભાષામાં જનતાને સમજાવવાની વિરલ શક્તિ તેમનામાં હતી. આ શકિત તેમને તેમના પિતા તરફથી વારસામાં મળી હોય એમ લાગે છે, કારણ કે તેમના પિતા આમસભામાં વૃત્તાંત લેખક તરીકે કામ કરતા હતા. જીન્સના લોકપ્રિય પ્રકાશનોમાં 'ધી મીસ્ટીરીયસ યુનિવર્સ' ખૂબ જાણીતું છે. અન્ય પુસ્તકોમાં 'મેથેમેટીકલ થિયરી ઑફ ઈલેકટ્રીસીટી અને મેગ્નેટીઝમ' એ વિષયનો ઉચ્ચ અભ્યાસ કરતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક તરીકે વાપરતા આવ્યા છે.

જીન્સ, એડીંગ્ટન, વાઈટહેડ ઈત્યાદિ વિજ્ઞાનીઓના પ્રકાશનો દ્વારા એક નૂતન વૈજ્ઞાનિક ધર્મ ઊભો થયો છેઃ તેનો પાયો માનવીના ઉત્કૃષ્ટ સર્જનમાં પરિણમતી ઉત્ક્રાંતિની ક્રિયાઓના મૂલ્યાંકનોના વિચારો પર છે, આ રીતે આધુનિક વિજ્ઞાન પ્રાચીન ધર્મના મિત્ર તરીકે બન્યું છે.

૧૯૩૭ના ડીસેમ્બરમાં જીન્સ હિંદ આવ્યા હતા— બ્રિટિશ અને યુરોપિયન વૈજ્ઞાનિકોના નેતા તરીકે. હિંદ વિજ્ઞાન પરિષદના રજત મહોત્સવ (૧૯૩૮)ની બેઠકનો પ્રસંગ હતો. આ બધા પરદેશી વિજ્ઞાનીઓ એમાં ભાગ લેવા આવ્યા હતા. લોર્ડ રૂથરફર્ડ પ્રમુખ તરીકે ચુંટાયા હતા. પણ અચાનક તેમનું મૃત્યુ થયું. તેમની જગ્યાએ જીન્સ ચુંટાયા. રૂથરફર્ડે પોતાનું ભાષણ તૈયાર રાખ્યું હતું એટલે એ ભાષણ તેમણે વાંચ્યું અને બેઠક સફળતાપૂર્વક પાર ઉતારી. 'અણુના ભૌતિક વિજ્ઞાનનો ન્યૂટન' એ શબ્દોમાં તેમણે રૂથરફર્ડની ઓળખાણ આપી હતી. હિંદમાં ખોરાકના સંશોધન પર તેમણે ખાસ ભાર મૂકયો હતો. હિંદને આ ખાસ જરૂરનું છે અને તેને પહેલી પસંદગી મળવી જોઈએ એમ જાહેર કર્યું હતું.

શાંતિના કાળમાં વિજ્ઞાનના લોકહિતકારી ઉપયોગો વિકસાવવા દુનિયા મથી રહી છે. દુનિયાના કાચા પદાર્થોની આંતરરાષ્ટ્રીય ખીલવણી અને કાબૂને લગતાં પ્રશ્નો ચર્ચવા પ્રમુખ ટ્રુમેને વિશ્વવિજ્ઞાન-પરિષદ ભરવા જાહેરાત કરી છે ત્યારે જીન્સનું મૃત્યુ વિજ્ઞાનને મોટી ખોટ છે.

*

તેજ–સમીકરણ

(Photo-synthesis)

સૂર્ય આપણને પ્રકાશ અને ગરમી આપે છે. એ કાર્યશકિતનો આપણે બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ. સૂર્ય જેટલી કાર્યશક્તિ પૃથ્વીને આપે છે તેના ફકત સોમા ભાગ જેટલી શકિતનો ઉપયોગ વનસ્પતિ કરે છે. જો બાકીના નવ્વાણું ભાગનો ઉપયોગ માણસ કરી જાણે તો શકિત–ઉત્પાદનના મહાપ્રશ્નનું સહેલાઈથી નિરાકરણ કરી શકાયઃ કોલસા કે પેટ્રોલની જરૂર રહે નહીં. પણ એ દિવસ આવતાં હજી વાર લાગશે.

ગુરુદત્તાત્રયે ચોવીસ ગુરુઓ પાસેથી જ્ઞાન મેળવ્યું. આજનો રસાયણશાસ્ત્રી વનસ્પતિ પાસેથી સૂર્યશકિતના ઉપયોગનું રહસ્ય જાણવા મથી રહ્યો છે. વનસ્પતિ હવામાંથી પાંદડાં વાટે કાર્બનનો ડાયોકસાઈડ લે છે. અને મૂળવાટે જમીનમાંથી ક્ષારનું દ્રાવણ ચૂસે છે. મૂળવડે ચૂસેલા ક્ષાર અને કાર્બનના ડાયોકસાઇડમાંથી વનસ્પતિ પોતાનો ખોરાક–કાર્બોહાઇડ્રેટ અને ખાંડ બનાવી લે છે. આવા સાદા પદાર્થો–પાણીમાં મેળવેલા ક્ષાર અને કાર્બનના ડાયોકસાઈડમાંથી ખોરાક બનાવવાની ક્રિયા વનસ્પતિનાં પાંદડાંમાં ચાલે છે. સાદી ભાષામાં કહીએ તો, પાંદડાં વનસ્પતિનો ખોરાક બનાવવાની પ્રયોગશાળા–રસોડું છે. આ કાર્યમાં સૂર્યનો પ્રકાશ અગત્યનો ભાગ ભજવે છે. સૂર્ય–પ્રકાશની હાજરીમાં, મૂળ સાદા ખનીજ પદાર્થોમાંથી પોતાનો ખોરાક બનાવવાની આ રીત તેજ–સમીકરણ–Photo-synthesis કહેવાય છે. વનસ્પતિના પાંદડામાં જે લીલો પદાર્થ છે તે કલોરોફીલ નામે ઓળખાય છે. સૂર્યના પ્રકાશની મદદથી તેજસમીકરણનું કામ તે કલોરોફીલ કરી લે છે. કલોરોફીલની રસાયનિક રચના ખૂબ ગૂંચવણ ભરેલી છે, તેમાં કાર્બન, હાઈડ્રોજન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઇટ્રોજન અને ઓકસીજન ઉપરાંત મેગ્નેશીયમનું પરમાણું છે. પાંદડાંના દર ચોરસ ઈંચે તેનાં વીસ લાખ અણુઓ આવેલા છે. તેને પાંદડાંમાંથી જુદા પાડીએ તો ભૂરા લીલાં પ્રવાહી રૂપે તે મળે છે. શરદી તેમજ કેટલાક સૂક્ષ્મ જંતુજન્ય રોગોના નિવારણમાં એ પ્રવાહી અકસીર નીવડે છે. પણ આ રીતે જુદા કાઢેલા કલોરોફીલના પ્રવાહીમાં તેજસમીકરણની શકિત રહેતી નથી. પાંદડાંની એક ચોરસવાર સપાટી દર ત્રણ દિવસે એક અધોળ ખાંડ બનાવે છે. આ ખાંડનું રૂપાંતર થઇ છોડને ઉપયોગી ખોરાક થાય છેઃ છોડ વધે છે અને એક મોટું ધટાદાર ઝાડ હોય તો દરરોજ ત્રણ શેર જેટલું વધે છે. એ ખાસ નોંધવા જેવું છે કે તમામ લીલી વનસ્પતિ એક સરખી પદ્ધતિએ પોતાનો ખોરાક બનાવે છે.

*

શણુ

મુંબઈ ઈલાકામાં જેમ રૂ તેમ બંગાળામાં શણ. રૂ ને કાંતી વણી કાપડ થાય તેમ શણમાંથી શણીયાનું કાપડ બને. કપાસની જાતપર જેમ લાંબાટુંકા રૂના તાંતણા નીકળે તેમ શણની બાબતમાં પણ થાય છે. શણના છોડને કોર્ચોરસ-(corchorus) કહેવાય છે અને તેની બે જાતો થાય છેઃ કોર્ચોરસ કેપ્સ્યુલારીસ અને કોર્ચોરસ ઓલિટોરીયસ. દુનિયા આખીની શણની જરૂરિયાત હિંદુસ્તાન પૂરી પાડે છે. બંગાળામાં શણનું વાવેતર ખૂબ થાય છે. શણના છોડનું વાવેતર અમેરિકા, ઇજીપ્ત આફ્રિકા વગેરે દેશોમાં દાખલ કરવના પ્રયત્નો કરવામાં આવ્યા હતા પણ એ નિષ્ફળ નીવડયા છે. ચીન, જાપાન, નેપાલ અને ફાર્મોસામાં શણ પેદા થાય છે પણ તેની પેદાશ સાવ નજીવી છે. હિંદુસ્તાન દરવર્ષે ૯૦ લાખ ગાંસડીઓ તૈયાર કરે છે; જ્યારે દુનિયાના બીજા દેશો મળીને માત્ર સવા લાખ ગાંસડીઓનો ફાળો આપે છે. ૧૯૪૧માં હિંદુસ્તાનમાં સવા કરોડ ગાંસડીઓ તૈયાર થઈ હતી.

વિલાયતમાં ડંડી શણના ઉદ્યોગનું મોટું મથક હતું. પણ સમય બદલાતો ગયો. ડંડીમાંથી શણનાં તણુ-વણાટમાં ઉપયોગી સાંચાઓ કલકત્તામાં દાખલ કરવામાં આવ્યા. ૧૮૫૪માં શણની પ્રથમ મીલ કલકત્તામાં શરૂ થઈ. ૧૯૨૮માં શણની મીલોની સંખ્યા ૫૯ની હતી. દશ લાખ ઉપર ત્રાકો શણ કાંતવા માટે ચાલતી હતી. આ ઉદ્યોગનું સંચાલન પ્રથમ યુરોપિયનોના હાથમાં હતું. પણ હવે હિંદીઓના હાથમાં પણ ઘણી મીલો આવી છે.

માલ ભરવાના કોથળા કોણે નહીં જોયા હોય ? આ કોથળા તેમજ શણનો બીજો માલ શણના છોડના રેસા કાંતી વણીને તૈયાર થાય છે. દુનિયાનો ૭૦ ટકા કાચો માલ ભરવા કોથળા ઉપયોગમાં લેવાય છે. શણનો ઉપયોગ માત્ર આટલો જ નથી. સબમરીન, તાર ટેલીફોનના દોરડાની બનાવટમાં શણ વપરાય છે. બીજા ઘણા ઉદ્યોગોમાં શણ પુષ્કળ વપરાય છે. તેની જાજમો બનાવવામાં આવે છેઃ શણને રંગીને બૂટ જોડાંને મગજી મૂકવા માટે વાપરવામાં આવે છેઃ શણીયાનો ઉપયોગ મંડપ માંડવા ઈત્યાદિ બાંધવામાં થાય છેઃ કાપડની તંગીના આ જમાનામાં શણીયાને યોગ્ય રીતે રંગી બારી બારણા આગળ પડદા તરીકે ઉપયોગમાં લેવાય છે. ફરનીચરની બનાવટમાં શણનો ઉપયોગ અનેક રીતે કરવામાં આવે છે. શણના આવા બહુવિધ ઉપયોગો છે.

શણના બીમાંથી તેલ નીકળે છે. આ તેલ ચામડીના દર્દો માટે ટિપ્પેરા બંગાળના વતનીઓ ખૂબ વાપરે છે. પાંચશેર બીમાંથી શેર એક તેલ નીકળે છે. "બીને પહેલાં કચરીને પાણીમાં ભીંજવવામાં આવે છે. આ બીની લોંપરીને તળિયે કાણાવાળા વાસણમાં મૂકીને સળગેલા કોલસાવાળું એક વાસણ તેના પર મૂકવામાં આવે છે અને કાણાવાળા વાસણ નીચે તેલ એકઠું કરવા એક વાસણ રાખવામાં આવે છે. તેલ નીકળી જાય ત્યાં સુધી ગરમી આપવામાં આવે છે." દવા ઉપરાંત, તેલને સાફ કરીને ખાવામાં પણ વાપરી શકાય અને બાળવામાં પણ ઉપયોગી થાય છે. શણના બીમાં ફોસ્ફરસ અને પોટાશીયમનું પ્રમાણ સારું છે. તેમાંથી કોરચોરીન નામનો કડવો પદાર્થ કાઢવામાં આવ્યો છે, આ પદાર્થ કોયદાન કરતાં દશ ગણો કડવો છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંશોધન અને અકસ્માત

વિજ્ઞાને માનવજાતને અનેક લાભદાયી પરિણામોથી નવાજી છે. વૈજ્ઞાનિક સંશોધનનો લાભ લઈ ઊભા કરેલા મોટા ઉદ્યોગોની કમાણીમાંથી દર વર્ષે કરોડો રૂપિઆનો નફો વહેંચાય છે. નુફ્ફીલ્ડ જેવા તાલેવાન બનેલા ધનાઢ્યો આ નફો ખિસ્સામાં ઘાલતા જાય છે. ફોર્ડ જેવા રોજના અઢળક સંપત્તિ મેળવે છે. આ બધું શેને આભારી છે? કોણ કહી શકે કે વિજ્ઞાન વાંઝિયું છે?

વૈજ્ઞાનિક સંશોધને અજબ પરિણામો પેદા કર્યાં છે: શંકાશીલોને પણ સંશોધનના હિમાયતીઓ બનાવ્યા છે. નકામી ગણાતી વસ્તુઓને ઉપયોગી બનાવી છે. નુફ્ફીલ્ડ જેવા અજબપતિઓને પણ સંશોધનના ફાયદા માનવજાતિને ઉપકારક લાગ્યા છે. જે ધનાઢ્યો પાઈ પાઈનો હિસાબ રાખે તેમને કરોડોના હિસાબે સંશોધન પાછળ ખર્ચતા બનાવ્યા છે. આજના હુન્નર ઉદ્યોગની જાહોજલાલી સંશોધનને આભારી છે. દેશમાં ગરીબાઈ ઘટાડવામાં સંશોધન કારણભૂત થાય છે. નવા ઉદ્યોગો સ્થાપવામાં સંશોધને મોટો ફાળો આપ્યો છે. સંશોધન યોજનાપૂર્વક આગળ ધપાવીને અનેક ઉદ્યોગો નવા ઊભા થયા છે: જૂનામાં મોટા ફેરફાર થયા છે અને મોંઘી ચીજો સસ્તી બની છે.

પણ સંશોધન દરેક વખતે યોજનાપૂર્વક ધારેલા પરિણામો નથી લાવતું. કુદરતના બળોને વશ કરતાં મનુષ્યને આકરી તપશ્ચર્યા કરવી પડે છે. નવો રંગ શોધવા જતાં ઘણાવાર પરિણામ શૂન્યમાં આવે છે—કરેલી મહેનત માથે પડે છે. નવીન ઔષધ તૈયાર કરવા જતાં કોઈ નિરાળા પરિણામો આવે છે. એકાદ ઔષધની બનાવટમાં ધારેલા પરિણામો લાવવા માટે અનેક પ્રયોગો કરવા પડે છે. સાલ્વરસનની શોધ ૬૦૬ પ્રયોગો કર્યા પછી થઈ શકી હતી. એથી ઊલટું, કોઈ વાર સંશોધનમાં અકસ્માત નિર્ણાયાત્મક પરિણામ લાવવામાં કારણભૂત બની જાય છે. આવા અકસ્માતોએ સંશોધનમાં મોટો ભાગ ભજવ્યો છે.

એનલીન અને સોડા ફેબ્રીક નામની સુવિખ્યાત જર્મન પેઢીની પ્રયોગશાળાઓમાં બનાવટી ગળી તૈયાર કરવા સંશોધન ચાલી રહ્યું હતું. ડામરની ગોળીમાંથી—નેફ્થેલીનમાંથી થેલીક એસિડ નામનો જરૂરી પદાર્થ બનાવવા અખતરા ચાલતા હતા. એક પ્રયોગમાં ગરમી આપતાં થર્મોમિટર તૂટી ગયું. તેમાંથી પારો નેફ્થેલીન અને ગંધકના તેજાબનાં મિશ્રણમાં પડયો. જરૂરી પરિવર્તન થયું અને થેલીક એસીડ તૈયાર થઈ શકયો. પરિણામે બનાવટી ગળી ૧૮૯૭માં બજારમાં આવવા લાગી. હિંદુસ્તાનની ગળી–ખેતરો નકામા પડયા. ચાર કરોડ રૂપિયાની ગળી નિકાશ કરનાર હિંદનો ગળીનો ઉદ્યોગ લગભગ પડી ભાંગ્યો.

વિજ્ઞાનના બીજા ક્ષેત્રોમાં પણ અકસ્માતે ખૂબ ભાગ ભજવ્યો છે. મીઠીપેશાબના દર્દમાં ઈન્સ્યુલીન ખૂબ અસરકારક નીવડયું છે. આ શોધ પણ અકસ્માત થઈ હતી. પ્રયોગશાળાના એક મદદનીશે જોયું કે કાઢી લીધેલા કૂતરાના પેશાબ પાસે પુષ્કળ માખીઓ આવતી. તપાસ કરતાં માલુમ પડ્યું કે તેમાં પુષ્કળ સાકર હતી. આમ પેન્ક્રીયાસ અને મીઠી પેશાબનો સંબંધ જડી આવ્યો. પાછળથી વિશેષ સંશોધન દ્વારા માલુમ પડયું કે પેન્ક્રીયાસમાંથી ઈન્સ્યુલીન શરીરમાં સાકરના પરિવર્તનનું નિયમન કરે છે. જો પેનક્રીયાસ બરાબર કામ ન કરે અને તેમાંથી ઈન્સ્યુલીન ન આવે તો મીઠી પેશાબનું દર્દ થાય છે.

પેનિસિલીનની શોધ પણ અકસ્માતને આભારી છે (જુઓ ઊર્મિ અને નવરચના, ૧૯૪૬ જાન્યુઆરીનો અંક) આવી અનેક શોધો નોંધી શકાય. મહાન ફ્રેંચ વૈજ્ઞાનિક લુઈ પાશ્ચુરે એક જગ્યાએ કહ્યું છે. "અવલોકન ક્ષેત્રમાં જેઓ તૈયાર રહે તેમને અકસ્માત મદદ કરે છે." ટુંકામાં, વિષયનું યોગ્ય જ્ઞાન અને ઉઘાડી આંખે અવલોકન કરવાની ટેવ સંશોધનમાં ખૂબ મદદ કરે છે.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોતને હથેળીમાં લઇને જોખમો ખેડનાર અટંકીવીર નાનસેન

હિમપ્રદેશમાં

મૂળશંકર મો. ભટ્ટ

આ આખરી સફર કંઇ ઓછી ખતરનાક ન હતી. જમીન, બરફ અને પાણી ત્રણે ય ઉપર વારાફરતી તેમને સફર કરવાની હતી. ક્યારેક બરફના તોફાનમાં ચાર–પાંચ દિવસ એકાદ ખડકની ઓથે ભરાઇ રહેવું પડતું, વળી કોઇ વાર ખાવાનું ખૂટી જાય ત્યારે ઉપવાસ ખેંચવો પડતો; વળી એકાદ રીંછ કે વાલરસ મળી જાય એટલે તેના પર તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. રીંછ અને વાલરસનાં ચામડાં ઊતરડી ઊતરડીને અને તેનું માંસ તથા ચરબી ચૂંથી ચૂંથીને તેમનાં કપડાં, તેમની ચામડી ચીકણી અને ગંધાતી બની ગઈ હતી. ચપ્પુથી માંડ માંડ તે ચરબી ઉખેડી શકાતી. દાઢીનાં તથા વાળનાં જાળાં આખા મોઢા પર છવાઈ ગયાં હતાં. પણ તે કાપવામાં નુકસાન હતું. કારણ કે ફાટલાં–તૂટલાં કપડાંમાં ઠંડીની સામે આ દાઢીના વાળ બખ્તરનું કામ આપતા હતા.

થોડે થોડે અંતરે છૂટા–છવાયા બેટો આવતા જતા હતા, અને આ બેટો ફ્રાંસ જોસેફ લેંડના છે કે સ્પીટ્ઝબર્ગનના તે વિષે નાનસેનને શરૂઆતમાં શંકા હતી, પણ પછી પોતાની સાથેના નકશા સાથે સરખાવતાં તેને ખાતરી થઈ કે આ ફ્રાંસ જોસેફ લેંડનો કિનારો લાગે છે.

એકવાર કિનારાના બરફ પર હોડીઓનું લંગર નાખીને નાનસેન તથા તેનો સાથી બેટ ઉપરના એક ટેકરા પર ચડીને આસપાસની જમીન નિહાળતા હતા: ત્યાં એકાએક નાનસેને જોયું કે કિનારા પર બાંધેલી કાયાક બરફથી છૂટી પડી ગઈ ને પાણીમાં તણાવા લાગી; નાનસેન તરત જ દોડ્યો. એકાદ–બે કપડાં દોડતાં દોડતાં જ શરીર પરથી ઉતારી નાખ્યાં ને કાયાકની પાછળ તેણે પાણીમાં ઝંપલાવ્યું. એ કાયાક તેમની જીવાદોરી હતી, તેમાં જ તેમનું સર્વસ્વ હતું.

નાનસેન પાણીમાં પડ્યો તો ખરો, પણ એ ઠંડાગાર પાણીએ તેનું આખું શરીર જાણે કે લાકડા જેવું કરી નાખ્યું, હોડીઓ નાસતી જતી હતી પણ નાનસેન તેની પાછળ તરીને કેમ પહોંચે ? તેના પ્રાણની જેટલી શક્તિ હતી તેટલી એકઠી કરીને તે હોડીની પાછળ તરવા લાગ્યો, પણ ધીમે ધીમે તેમની ચેતનશક્તિ ઘટવા લાગી. કિનારા પર ઊભેલો જોહાન્સન લાચાર બનીને આ જોઈ રહ્યો હતો, તે પાછળ પડે તો તેની દશા પણ એમ જ થવાની હતી; એક એક ક્ષણ યુગ જેવી જવા લાગી, આખરે હોડીઓનો વેગ કંઈક ઓછો થયો ને નાનસેન માંડ માંડ હોડીનો છેડો પકડી શક્યો પણ કૂદકો મારીને હોડીમાં ચડવાની તાકાત પણ રહી ન હતી; તેનાં કપડાં બધાં પાણીથી લદબદ થઈ ગયાં હતાં, તોપણ તેના શરીરમાં જેટલું જોર હતું તેટલું ભેગું કરીને તે કાયાક પર ચડયો ને હલેસાં મારીને હોડીને કિનારા પર લાવ્યો. નાનસેનના નાનપણથી જ કસાયલા શરીરનો વિજય થયો, પણ કિનારે આવતાંવેંત તેની તમામ શક્તિઓ ચાલી ગઈ, તેનું આખું શરીર પાંદડાની જેમ ધ્રૂજતું હતું, તે કિનારા પર પગ મૂકીને ઊભો પણ ન રહી શક્યો. જોહાન્સને તેનાં ભીનાં કપડાં કાઢીને પોતાનું પાટલુન તેને પહેરાવ્યું (બીજું વધારાનું પાટલુન હતું જ નહિ) સૂવાના કોથળામાં તેને માંડ માંડ સુવાડ્યો ને તેના પર હોડીના સઢનું ઢાંકણ કર્યું, તેને ગરમાવો આપવા માટે જે કંઈ થઈ શકે તે તેણે કર્યું. પણ નાનસેન આખી રાત પોતાના કોથળામાં ધ્રૂજ્યા કર્યો, ઊંઘમાં પણ તેનું શરીર કંપતું હતું. તેના મોઢામાંથી ફીણ નીકળ્યા કરતાં હતાં. તે બોલી પણ શકતો નહોતો. સદ્‌ભાગ્યે હવા બહુ ઠંડી ન હતી. સવારે ઊઠીને જોહાન્સને તેને જગાડ્યો, ત્યારે નાનસેને રોજના સ્વાભાવિક અવાજે હોંકારો દીધો, નાનસેને એક રાતમાં પોતાની તમામ શક્તિ પાછી મેળવી લીધી; જોહાન્સનના જીવમાં પણ જીવ આવ્યો.

આગળ વધતાં વળી એકવાર હોડીમાં બેસીને વાલરસનો શિકાર કરવા જતાં એક વાલરસે ડુબકી મારીને હોડીની નીચે આવી પોતાના દંતૂશળથી કાયાકમાં કાણું પાડી દીધું, કાયાકને માંડ માંડ કિનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી પહોંચાડી શકાઇ. આ વાલરસ એ દરિયાની એક અજબ વસ્તી છે. આ બાજુ ટોળાબંધ વાલરસો કિનારા પર એદી ભેંસોની જેમ પડયાં જ હોય. નાનસેનને જોઇને કયાં ય સુધી ટગર ટગર તેની સામે જોયા કરે, અને એકાએક ભડકીને ભાગે, તેનાં ચામડાં તેના દંતુશળો, તેની ચરબી એ બધું આ બન્ને પ્રવાસીઓને ખૂબ ઉપયોગી થઈ પડયું હતું, દંતૂશળો એટલાં અણીદાર હતાં કે તેનાથી કઠણ જમીનમાં પણ ખોદકામ થઈ શકે.

૧૭ મી જૂનનો દિવસ હતો. બપોર થયા હતા, આજે નાનસેનનો રાંધવાનો વારો હતો, એટલે તેણે ચૂલા ઉપર માંસ રાંધવા ચડાવ્યું હતું, ને હજુ તે ચઢવાને વાર હતી, એટલે બહાર ફરવા નીકળ્યો, જોહાન્સન તો પોતાની પથારીમાં અર્ધી ઊંઘમાં પડયો હતો, ધીમો ધીમો પવન બેટ પર વાતો હતો, દૂર દૂર ડુંગરાઓમાંથી પક્ષીઓના કિલકિલાટ જેવો અવાજ આવતો હતો, એકાએક નાનસેનના કાન ઉપર કૂતરું ભસતું હોય એવો અવાજ આવ્યો, નાનસેન ચમકયો તેણે ફરી કાન માંડયા, કૂતરાના જ ભસવાનો અવાજ હતો, બે દિવસ પહેલાં તેણે બંદૂકના અવાજ જેવો અવાજ સાંભળ્યો હતો તે તેને યાદ આવ્યું, તે વખતે તો તેણે માનેલું કે તે અવાજ બરફનો હશે;આ અવાજ તો નક્કી કૂતરાનો જ છે, તેણે બૂમ મારી : ' જોહાન્સન, જોહાન્સન ! કૂતરાં ભસતાં સંભળાય છે, ' જોહાન્સન પથારી છોડીને તંબૂમાંથી દોડતો આવ્યો. ' કૂતરા ? ' તેણે તો એ માન્યું જ નહિ. પણ નાનસેનને તો ખાતરી જ હતી. તેઓ એકદમ તંબૂમાં ગયા. ઉતાવળે ઉતાવળે નાસ્તો કરી લીધો. ખાતાં ખાતાં તેમણે અટકળો દોડાવવા માંડી: કોણ હશે ? આપણા દેશના માણસો હશે કે કોઈ અંગ્રેજ હશે ? નાનસેનની ટુકડી પ્રવાસે ઊપડી ત્યારે ઈંગ્લાંડની એક ટુકડી ફ્રાંઝ જોસેફ લેન્ડ ઉપર પ્રવાસે નીકળવાની તૈયારી કરી રહી હતી. તે ટુકડી તો આ નહિ હોય ? તે જ ટુકડી હોય તો આપણે શું કરીશું ? જોહાન્સનનો મત તો હતો કે કદાચ તે લોકો હોય તો એકાદ-બે દિવસ તેમની સાથે રહીને આપણે તો સ્પીટ્ઝબર્ગન તરફ મારી મૂકવી, નહિ તો ઘેર પહોંચવાનું મોડું થાય.

નાનસેન ખભે બંદૂક ચડાવીને કૂતરાના ભસવાના અવાજની દિશામાં ચાલવા લાગ્યો. જોહાન્સન પાછળ કાયાકને સમારવાના વગેરે કામમાં રોકાયો. તેના મનમાં શંકા અને આશા વારાફરતી આવ-જા કરતી હતી. આગળ જતાં તેણે જમીન પર પ્રાણીનાં પગલાં જોયાં! પગલાં કૂતરાનાં હશે કે શિયાળનાં ? શિયાળનાં તો ન જ હોય. તો પછી વરુનાં હશે ? તે આગળ વધ્યો. વળી કૂતરાના ભસવાનો અવાજ તેના કાન પર પડયો. વળી પગલાં દેખાયાં. વળી પાછી શાંતિ. નાનસેનને થયું કે આ કેવળ ભ્રમણા તો નહિ હોય ? ' કદાચ આ સ્વપ્નું ચાલી રહ્યું છે. ના પણ પગલાં કૂતરાનાં જ છે. તો પછી આ ફ્રાંઝ જોસેફ લેન્ડના ટાપુ-મંડળમાંનો કોઇ ટાપુ છે ?...ઊંચાનીચા ખાડા-ટેકરા પર થતો થતો હું આગળ વધવા લાગ્યો; ત્યાં એકાએક લાગ્યું કે કોઈ વિચિત્ર અવાજ-માણસનો અવાજ-મારા કાન પર પડયો. ત્રણ વરસે અપરિચિત માનવ-અવાજ ! મારું હૃદય ધબકવા લાગ્યું. મગજમાં ચડીને ધમધમાટ કરવા લાગ્યું. હું દોડયો, એક ઢોરા પર ચડયો અને મારા ફેફસામાં જેટલું જોર હતું તેટલા જોરથી મેં બૂમ પાડી. એ એક માનવ-અવાજની પાછળ જીવનનો સંદેશ હતો, ઘરનો સાદ હતો. તેની પાછળ રાહ જોઇને પંથ વિલોકતું એક સ્વજન ડોકિયાં કરતું હતું......થોડી જ વારે મેં ફરી બૂમ સાંભળી. દૂર એક ટેકરી પાછળ કંઈક કાળી આકૃતિ ચાલતી દેખાઇ. એ કૂતરો હતો. તેની પાછળ એક માનવ-આકૃતિ દેખાઇ !...કોણ હશે ? પેલો અંગ્રેજ મુસાફર જેકસન તો નહિ હોય ? હું વેગથી આગળ વધ્યો. તે માનવ-આકૃતિ પણ એટલા વેગથી મારા તરફ આવતી હતી. મેં મારો ટોપો ઊંચો કરીને હલાવ્યો. તેણે સામે પોતાનો ટોપો હલાવ્યો. તે કૂતરાને કંઈક કહેતો હતો. તે અંગ્રેજ જ છે. નજીક આવતાં મને લાગ્યું કે તે જેકસન છે. મેં તેને ઈંગ્લાંડમાં એકવાર જોયો હતો.

' મેં ટોપો ઊંચો કર્યો. અમે એકબીજાએ હાથ લંબાવ્યા. 'કેમ છે ?' પૂછ્યું...એક બાજુ સંસ્કૃતિના પ્રતિનિધિ સમો એક યુરોપિયન ઊભો છે. તેણે સ્વચ્છ કપડાં પહેર્યાં છે. તાજી હજામતથી તેનો ચહેરો સ્વચ્છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેના શરીરમાંથી સુગંધી સાબુની ફોરમ આવે છે. અને બીજી બાજુ જંગલી, ચીંથરહાલ, ઝીંથરિયા વાળવાળો, ધુમાડા જેવો કાળો આદમી ઊભેલો છે.

'જેકસન, તમને જોઇને મને ઘણો આનંદ થયો!'

'મને પણ ખૂબ જ આનંદ થયો. તમારું વહાણ આટલામાં છે?' જેકસને પૂછ્યું.

'ના.'

'તમે કેટલા જણ છો?'

'મારો એક સાથી પેલા બરફની કિનાર પર છે.'

'અમે વાતો કરતા બેટના અંદરના ભાગ આગળ વધતા હતા. મેં માની લીધું કે તેણે મને ઓળખી કાઢયો છે. નહિ તો આટલી મમતાથી તે વાત ન કરે. પણ એકાએક તે અટકયો, મારા ચહેરા સામું તેણે બરાબર તાકયું અને એકદમ બોલી ઊઠયો: 'તમે નાનસેન તો નહિ ને?'

'હા, હું નાનસેન છું.'

'લે! મને બહુ જ આનંદ થયો.'

'તેણે ફરી મારો હાથ પકડયો. ને ખૂબ જોરથી હલાવ્યો. તેના ચહેરા પર આનંદની ઝલક છવાઈ ગઈ.'

આ રીતે નાનસેનના પ્રવાસનો ખૂબ અણધાર્યો ને સુખી અંત આવ્યો. જેકસનની ઝૂંપડીમાં આ બન્ને 'જંગલીઓ'ને હૃદયના ઉમળકાથી વધાવી લેવાયા. તેમના ચરબીભર્યા વાઘા ઊતર્યા, દાઢીના વાળ ઊતર્યા. સાબુ અને ગરમ પાણીથી વર્ષોથી જામેલા મેલના થર ઊતર્યા. ગરમાગરમ અને વિવિધ વાનીઓનાં ભોજન મળ્યાં. એટલું જ નહિ પણ જેકસનની સાથે નોર્વેથી મોકલાયેલ કાગળો પણ મળ્યા. ઘરના સારા સમાચારો મળ્યા. તેમણે પોતાનાં ઘડિયાળો મેળવ્યાં. તેમાં ફક્ત ૨૬ મિનિટનો ફેર હતો. અને એને કારણે અક્ષાંશની માપણીમાં પણ ૬૩/૪ અંશનો ફેર રહ્યો હતો. નાનસેને તરત જ પોતે દોરેલ નકશામાં એ પ્રમાણે સુધારો કરી લીધો.

પણ હવે ઘેર ક્યારે પહોંચાશે? જેકસનની ટુકડી માટે સામાન લઇને જે વહાણ આવવાનું હતું, તેમાં જ પાછા ફરવા માટે જેકસને આગ્રહ કર્યો હતો. તે વહાણ આવવાનો વખત થયો હતો, પણ હજુ આવ્યું નહિ; તેથી તે બન્નેની અધીરાઈ વધતી જતી હતી. પાછો સપ્ટેમ્બર મહિનો તો નહિ આવી જાય ને? વળી પાછો એક વધારે શિયાળો ગાળવો પડશે! આખરે ૨૬ મી જુલાઈએ વહાણ આવી પહોંચ્યું. નાનસેન અને તેના સાથીએ આખરે આ ઉત્તરધ્રુવ-પ્રદેશની વિદાય લીધી.

નાનસેનના હૃદયમાં ઊછળતા આનંદના સાગરમાં ફક્ત એક પોતાના વહાલા વહાણ ફ્રામની ચિંતા આડે આવ્યા કરતી હતી. તેનું શું થયું હશે!

૧૨મી ઓગસ્ટ! દૂર સમુદ્રની ક્ષિતિજ પર કાળી કોર દેખાય છે! તે જ નોર્વેનો કિનારો! વહાણ વારદો બંદરે નાંગર્યું. નાનસેન વહાણમાંથી ઊતરીને સીધો તારઑફિસમાં ગયો. તારમાસ્તરની સામે તારોનો એક મોટો થોકડો મૂકીને તેણે કહ્યું: 'આટલા તારો જલદી રવાના કરી દેવાના છે.'

તારમાસ્તરે ચશ્માંમાંથી ત્રાંસી નજરે જોયું. તેણે તારના થોકડા પર નજર કરી. ઉપરના તારમાં નીચે સહી જોઇ. તેણે ફરી તાર આપનાર સામે જોયું. તેના ચહેરા પર આનંદ છવાઇ ગયો. તારઑફિસના બધા કારકુનો તારના યંત્ર ઉપર તૂટી પડયા. તારનાં દોરડાંઓ આખા નોર્વેમાં ધ્રૂજવા લાગ્યાં.

નાનસેનના નોર્વે પહોંચવાના ખબર વીજળી-વેગે ફેલાઇ ગયા. બંદરે બંદર લોકોનાં ટોળાં નાનસેન તથા તેના સાથીના સ્વાગત માટે ઊમટી પડયાં.

પણ ફ્રામનું શું? નાનસેન વારદોથી આગળ વધીને હેમર્ફેસ્ટ બંદરે આવ્યો. નાનસેને જે પૂછે તેને તો કહ્યું હતું કે ફ્રામ પાછળ પાછળ ચાલ્યું જ આવે છે. આ વરસની આખર સુધીમાં તો તે નોર્વે આવી પહોંચશે. પણ તેના મનમાં રહેજ-શંકા જન્મી હતી. ૨૦મી ઑગસ્ટે એક દિવસ વહેલી સવારે તે હજુ પથારીમાંથી ઊઠતો હતો, ત્યાં તાર લઇને તાર-ઑફિસનો વડો આવ્યો. તેણે નાનસેનના હાથમાં તાર મૂકયો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ફ્રામ આવી પહોંચ્યું છે, બધા લહેરમાં છે.

સ્વેરડ્રુપ.'

નાનસેન આ પ્રસંગે લખે છેઃ 'મારે ગળે ડૂમો ભરાઈ આવ્યો. હું ફક્ત એટલું જ બોલી શકયોઃ 'ફ્રામ આવી ગયું છે.'

ફરી બધા મિત્રો મળ્યા. સ્વેરડ્રુપને નાનસેન ભેટી પડયો. આ બહાદુર મૂંગા કપ્તાને નાનસેનના બાળક જેવા વહાણને અખંડ અને અજેય રાખીને પાછું આણ્યું.

નાનસેનની પાછળ નોર્વેના લોકો ગાંડા બન્યા હતા. બંદરે બંદરે કાંઠા પર જ નહિ પણ તેના વહાણની પડખોપડખ પણ કેટલા ય માણસો, માછીમારો ટોળે મળતાં ને નાનસેનની ને નોર્વેની જય બોલાવતા.

'સાંજે હું ફયોર્ડના કાંઠા પર ઊભો હતો, વિજય-નાદો અને સ્વાગતના અવાજો બંધ પડ્યા હતા. ટેકરીઓ પર સ્વાગત માટે સળગાવેલ મોટી તાપણીઓ પણ હવે ઠરી જવા લાગી હતી. ફયોર્ડના કાંઠા પર ધીમે ધીમે છબછબિયાં કરતાં મોજાંઓ જાણે કે મને કહે છેઃ 'કેમ પાછો આવી ગયો ને?'

'ત્રણ વરસ પહેલાંનો તે ધૂંધળો ને ગમગીન દિવસ મને યાદ આવે છે. ત્રણ વરસની અખંડ તપસ્યા પછી આજે તેનું ફળ મળે છે. મારું હૃદય આભાર અને આનંદથી રડી ઊઠે છે.

'તે અફાટ હિમપ્રદેશ, એ લાંબી ધ્રુવરાત્રિઓ, જાણે કે એ દૂરનાં સ્વપ્નોની જેમ નજર સમક્ષ રમે છે. પણ જીવનમાં જો સ્વપ્નો નથી તો જીવનની શી કિંમત છે?×

× લેખકના 'નાનસેન' નામના પ્રગટ થનાર પુસ્તકમાંથી.

111171



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી શૈલી અને નવો પ્રવાહ ઝીલતી બે નવલકથાઓ

ગ્રંથ સમીક્ષા

અ. म. रा.

[૧] : ધરતીનો અવતાર

[લે. ઈશ્વર પેટલીકર; સોલ એજન્ટ. ભારતી સાહિત્ય સંઘ લિ. મુંબઈ–અમદાવાદ; મૂલ્ય, અઢી રૂપિયા.]

'જનમટીપ' અને 'લખ્યાલેખ'ના ઉત્સાહી લેખક રા. ઈશ્વર પેટલીકરની આ ત્રીજી નવલકથા છે. એમના સૌથી પહેલા પ્રકાશન 'ગ્રામચિત્રો'માં એમણે ગ્રામિણ સમાજનું જે યથાર્થ ચિત્રણ કર્યું હતું તે પછી જેમ એમની આગલી બે નવલકથાઓનું તેમ આ કથાનું પણ એક વિશિષ્ટ લક્ષણ બન્યું છે. નવલકથાનાં ધરતી, પાત્રો ને વાતાવરણ ગામડાનાં છે. નાતે રજપૂત છતાં સરકાર તરફથી મળેલી પટલાઈને કારણે પટેલ અટકથી ઓળખાતા એક ખેડૂ કુટુંબની આ કથા છે.

એનું વસ્તુ જુઓ તો સાવ સાદું, બેચાર વાકયમાં કહી નખાય તેવું ને તેટલું જ છે. પિતરાઈ ભાઈની મોહક પત્ની નંદુના જેવી રૂપાળી વહુના અભિલાષી ગેમલને મળે છે ત્યારે, કેમ જાણે વિધિએ તેની ક્રૂર મશ્કરી જ કરવી ધારી હોય તેમ, નામે રૂપાળી, બાકી રૂપે તેની બધી કલ્પના અને રસિકતાને મારી જ નાખે એવી કદરૂપી વહુ. બહુનિરાશ અને ખીજવાયેલા ગેમલના મારપીટ ભર્યા ખરાબ વર્તાવનાં પાંચ વરસ મૂંગે મોંયે રૂપાળીએ કાઢી નાખ્યાં ત્યારે એક બનાવ એવો બન્યો જેણે ગેમલની આંખ ઉઘાડી નાખી તેને કુરૂપ રૂપાળીના વ્હાલભર્યા રૂપાળા અંતરનું દર્શન ને ભાન, કરાવ્યું. રૂપાળીને સર્પ ડસ્યો. એ જવા બેઠી ત્યારે પોતે એને કરેલા અન્યાયનું ગેમલને ભાન જાગ્યું અને તે બચે એમ ઈશ્વરને આકૂળતાથી વીનવવા લાગ્યો. સર્પના ઝેરે એની આંખ તો લીધી, પણ રૂપાળી બચી ગઈ. ઝેર ઉતારનાર નાગજીએ કહ્યું કે સતી જ આવું ઝેર જીરવીને જીવી શકે. રૂપાળીના સુશીલ સતીત્વે આમ વિરોધી ગેમલને જીતી પોતાનો કરી લીધો. આવા સુખી દાંપત્યનાં દસ વરસ વીતી જાય છે. પણ એમને ત્યાં પારણું બંધાયું નહિ. રૂપાળી સંતાન વાસ્તે ગેમલને ફરી પરણાવવા તૈયાર થાય છે. ગેમલ ચોકખી ના સંભળાવે છે. કર્તાને કરવું છે તે રૂપાળીને દાકતરી સલાહ મુજબ ઓપરેશન કરાવ્યા બાદ દહાડા રહે છે અને ગેમલને ત્યાં દીકરાના જન્મ સાથે કથા પૂરી થાય છે.

વાર્તાકારે નારીત્વના ખરા સૌન્દર્યનું, નારીના ચહેરામહોરાના નહિ પણ એના અંતરનાં રૂપસુગંધનું, કથા દ્વારા ગૌરવ કરવા ધાર્યું છે એ સ્પષ્ટ છે. એટલા માટે ગેમલનું પૂરું પરિવર્તન આલેખી તેનો જશ રૂપાળીને ખાતે જમા કરી કર્તાએ કથાને સુખાન્ત બનાવી છે. ગેમલનું પરિવર્તન થોડી જ પળોમાં ને ઝડપી રીતે થયું છે અને એને માટે સર્પદંશના અકસ્માતનો એમને આશ્રય લેવો પડયો છે એ કોઈને ખૂંચશે ખરું, પણ ગેમલના પરિવર્તન માટે ખાસ જરૂરી મનોવ્યાપારની પળ (Psychological moment) પત્ની ગુમાવવાની એ વેળાએ જ ઊભી થતી હોઈ એની સામે બહુ વાંધો લેવા જેવું નથી.

કથામાં ધડાકિયા અને ઝાઝા બનાવો નથી છતાં તે બસો પાનાંની હદને વટાવી ગઈ છે. વાર્તાકાર નાની નાની વિગતોને ઠીક લડાવી ને મલાવી જાણે છે. પહેલા ખંડમાં ગેમલ નંદુને પોતાની વહુ કેવી છે એ પૂછવા જાય છે તેનું કર્તાએ ખાસ્સું આખું પ્રકરણ કરી નાખ્યું છે. ત્રીજા ખંડનું પહેલું પ્રકરણ આખું રોકાયું છે નંદુની ગેમલના નવા લગ્નની સૂચનામાં જ. બીજા ખંડમાંના ચોથા, પાંચમા અને સાતમા પ્રકરણોમાં કહેવાનું થોડુંક જ છે ને વિસ્તાર સારો જમાવ્યો છે. એવી વાર્તાકારની બીજી કરામત છે પાત્રોના ચિત્તવ્યાપારો ને મનોમંથનના વિસ્તારી ચિતરામણની. એમનું આ નવલકથાકારલક્ષણ ગયા વર્ષની 'લખ્યાલેખ' એ એમની કૃતિમાં પણ સ્પષ્ટ દેખાતું હતું. પહેલા ખંડમાં સગપણ પહેલાં, સગપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી અને લગ્નના માયરામાં ગેમલ અને રૂપાળીનાં મનોદર્શન અને બીજા ખંડમાં પ્ર. ૬ માંનું ઉજમનું અને પ્ર. ૯ માંનું ગેમલનું મનોગત તે પાત્રોને સરસ ઉઠાવ આપી તેમનાં અંતર ને આશયોનો સરસ પરિચય વાચકોને કરાવે છે તે સાથે કથાનો વિસ્તાર પણ કેવો સાધી આપે છે એ વાચકો જોશે.

રા. પેટલીકરનું કૌશલ્ય વસ્તુસંવિધાન કરતાં કથાના પાત્રાલેખનમાં વધુ દેખાય છે એમ કહી શકાશે તે આ જ કારણે. ગેમલ, રૂપાળી, ઉજમ, જીજી ને નંદુ એ પાત્રોનું આલેખન આ વાતની સાબિતી બનશે. પતિ પાસેથી સતત અવમાનના પામવા છતાં 'થોરને વેલ વળગે તેમ' એને વળગી રહેતી રૂપાળી અને એવી દિયર વડે હડધૂત થતી દેરાણી પ્રત્યે પૂર્ણ વહાલ ને સમભાવ મૂળથી જ દાખવતી ઉજમનાં પાત્રો દ્વારા નારીહૃદયનું વાર્તાકારે મંગલ દર્શન કરાવ્યું છે. એ બેઉ પાત્રોના નિરૂપણમાં વાર્તાકારે વાસ્તવનું આલંબન લેવાને બદલે ભાવનાની ઉજ્જવળતામાં રંગાવું પસંદ કર્યું છે. ઉજમ પોતાની બિમારીની ખબર રૂપાળીને એને પીયર પડવા ન દેવાની તકેદારી રાખે, અને રૂપાળી જેઠાણીના તાવની ખબર કોઇકની મારફત સાંભળી બાપના ઘરનો યજ્ઞ-ઉત્સવ મૂકી જેઠાણી પાસે દોડી આવે તથા ભાભીને માટે ઉતાવળમાં આકળું વેણ કાઢવા માટે પતિને ઉધડો લે, એવું આ કથામાંનું એ દેરાણી જેઠાણીનું આલેખન ચોખ્ખું શરદબાબુશાઈ છે અને આકર્ષક છે. વાર્તાકારે એવું જ ધ્યાન આપ્યું છે ગેમલના પિતા છીતાબાવાના ચિત્રણ પર. જાડી કરડી ભાષાના ઉચ્ચારનાર એ જીજી પાસે બીજા ખંડનું પાંચમું પ્રકરણ બતાવે છે તેમ થોડુંક માનચતુર જેવું કામ વાર્તાકારે કરાવ્યું છે. એના પાત્રને પહેલા ખંડના પાંચમા ને બીજા ખંડના ત્રીજા ને પાંચમા પ્રકરણમાં ઠીક ઉપસાવી ત્રીજા ખંડમાં તો એને જગતમાંથી વિદાય આપી દીધી છે. એ પાત્રને એનાં કાર્યો કરતાં એની વાણીદ્વારા જ કથામાં રજૂ કરવામાં આવ્યું છે.

એના 'અસ્ત્રી એ ય બીજું કોઈ નથી, પણ ધરતીનો જ અવતાર છે. જેમ કોઈ ધરતી ટેકરાવાળી હોય, કોઈ ઝાખરવાળી હોય, કોઈ કાળી હોય, કોઈ ગોરાડુ હોય, કોઈ રેતાળ હોય કે કોઈ પડતર હોય, પણ એનું હૈયું બધી જગાએ એનું એ જ. ધણી જો એને હેત રાખી કેળવે તો એ કદી દગો ન દે. ઇચ્છા કરતાં કદી એ ઓછું ફળતી નથી......એ ધરતી જેવી જ અસ્ત્રી છે. એનાં રૂપરંગ જોવાનાં જ ન હોય......માટીનાં ઢેફાં એ કંઈ ધરતી નથી, એના કાળાગોરા પર એનો કસ નથી, કસ છે એના પેટાળમાં વહેતી શક્તિનો અને એ કંઈ આંખે દેખાતી નથી... અસ્ત્રીનું પણ એવું જ. બહારથી દેખાય છે એ કંઈ અસ્ત્રી નથી. સાચી અસ્ત્રી તો અંદર એના હૈયામાં છે...'(ખંડ ૧, પ્ર. ૫)

એ ઉદ્‌ગારોને અને

'મારી રૂપાળી વહુ ધરતીનો અવતાર છે, એ કદી ખાલી ખોળે રહે જ નહિ. અને કદાચ રહે તોય, એમાં ધરતી કરતાં ધણીના કરમને લીધે જ' એ એની શ્રદ્ધાને વાર્તાકારે કથાના વક્તવ્ય તથા એના શીર્ષકના ટેકણ બનાવી ઘણું મહત્ત્વ આપ્યું છે. એના શબ્દોને કર્તાએ સાચા પાડી બતાવ્યા છે. પણ એથી જ, જીજી પરમાત્માના સ્વાભાવિક સર્જન કરતાં વાર્તાકારનું સર્જન કે કરામત વિશેષ લાગે છે; કંઈ નહિ તો એના મોંમાં મૂકાયેલો વાણીપ્રવાહ એવી છાપ પાડે છે. પૃ. ૩૭ના બીજા પરિચ્છેદમાંની જેમાં 'ઊર્મિ' જેવા શબ્દ પણ આવે છે એ એની ભાષા તેમજ પૃ. ૧૦૩ ની છેલ્લી ત્રણ ચાર લીટીઓની 'ફળપ્રાપ્તિ ને અશ્રદ્ધાળુ' જેવા શબ્દોવાળી ભાષા એના જેવા જૂની પેઢીના ગામડિયાના મોંમાં બહુ ભળતી નથી. એજ રીતે ઉજમના મોંમાં લેખકે 'અત્યાચાર' જેવો શબ્દ મૂક્યો છે!

ને એવી ભાષાવિષયક ક્ષતિ જોવી હોય તો તો 'વળાવવા'ને બદલે 'વરાવવા' (પૃ. ૮), 'વાળી લેતાં'ને સ્થાને 'વારી લેતાં' (પૃ. ૩૦) ને 'વેળા' ને ઠેકાણે 'વેરા' (પૃ. ૩૫), તો બીજે પક્ષે 'ઝૂરતી' ને બદલે 'ઝૂળતી' (પૃ. ૩૬) જેવા શબ્દોની ય નોંધ લેવી જોઈએ. પણ વાર્તાપ્રવાહ એવો સતતવાહી રહે છે, પ્રેમનું અને દાંપત્યનું અત્યારના ચીલાચાલુ નિરૂપણ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું વિશિષ્ટ અને સુભગ નિરૂપણ એમાં જોવાય છે, ગેમલ, રૂપાળી, ડુંજી, ઉજમ ને કા જેવાં પાત્રો એમાં ઉપસ્યાં છે, અને સાદી અમથી વાતનેય રસિક અને રહસ્યગર્ભ બનાવવાનાં રા. પેટલીકરનાં કસબકળાનો એવો પરિચય અહીં થાય છે, કે ચીંધાયેલી ક્ષતિઓને ભૂલી જઈ એને ઉમળકાભર્યો આવકાર આપવાની ગુજરાતના વાર્તારસિકોને ભલામણ કરવાનું જ મન થાય છે.

[૨] : કદમ કદમ બઢાયે જા : ખંડ પહેલો.

[લેખકો નિરંજન વર્મા : જયમલ્લ પરમાર : ફૂલછાબ પ્રકાશન મંદિર, રાણપુર; મૂલ્ય સાડાત્રણ રૂપિયા]

'ફૂલછાબ' અઠવાડિકના ૧૯૪૬ના આ ભેટ પુસ્તકનું કર્તૃત્વ એનાં આગલી બે સાલનાં ભેટપુસ્તકોના જોડિયા જુવાન લેખકો રા. નિરંજન વર્મા અને જયમલ્લ પરમારનું છે. કથાની ભૂમિ સિંગાપુર, સમય જાપાનીઓએ એ સર કર્યું એ અરસાનો, અને વિષય આઝાદ હિંદ ફોજની સ્થાપના અને સિંગાપુર–મલાયાના હિંદી નાગરિકોમાં આવેલી જાગૃતિનો છે. જાપાનીઓને હાથે સિંગાપુરનું પતન થતાં બ્રિટિશ સેનપતિઓએ હિંદી સૈનિકોને જાપાની સેનાપતિને સોંપી દીધા, જાપાની સેનાપતિએ તેમને યુદ્ધકેદીઓ ન ગણતાં પોતાના દેશ માટે લડવા કહ્યું અને કેપ્ટન મોહનસિંગે પહેલી આઝાદ હિંદ ફોજ એ સૈનિકોમાંથી ઊભી કરી, એ સમયે પૂર્વ એશિયાના હિંદીઓએ આઝાદ હિંદ માટેની તમન્નાથી પ્રેરાઈ તેને તન મન ને ધનથી જોશીલો ટેકો ને સહકાર આપ્યાં તે તો ભારતની અનિવાર્ય આઝાદીના ભાવિ ઇતિહાસનું એક તેજસ્વી પ્રકરણ છે. એ તેજસ્વી પ્રકરણની ઉત્સાહી લેખકોએ અહીં નવલકથા બનાવી છે.

'... પૂરા આઠ માસ સુધી એ પ્રજા–જાગૃતિના ઇતિહાસના રજરજ અભ્યાસ પછી આ કથા લખી છે. આઝાદ હિંદ ફોજના અફસરો, સૈનિકો અને બર્મા–મલાયાના હિંદી વતનીઓ સાથેની દિવસો સુધીની વાર્તા–ચર્ચા પછી એ આલેખી છે. પૂર્વ એશિયાની ભૌગોલિક રચના અને પ્રજાની ખાસિયતો જાણ્યા પછી લખી છે...એવી વાસ્તવ ભોમ પર આલેખેલી આ નવલકથાના અદ્‌ભુત લાગતા ઘણા બનાવો સત્ય ઘટનાત્મક છે. કલ્પનાનું ચિત્રણ માત્ર નવલકથાને રંગ આપવા પૂરતું જ કર્યું છે...' લેખકોના આ એકરાર પછી કથાનાં સ્થળ, કાળ, પાત્ર ને પ્રસંગોની મુખ્ય મુખ્ય વિગતોના ખરાપણા વિશે શંકા ઊઠવી જોઈએ નહિ. મુખ્ય પ્રસંગો ખરા છતાં 'આ કથાનાં પાત્રો બધાં કલ્પિત છે...' એમ લેખકોએ કહ્યું છે ખરું, પણ એ કલ્પિત નામોની પાછળ એ તેજસ્વી તવારીખનાં કેટલાંક સાચાં પાત્રોનું પોત નથી પરખાતું એમ નથી. કેપ્ટન દીલાવરખાંમાં બીજી આઝાદ હિંદ ફોજના મેજર જનરલ શાહનવાઝખાનનું સ્પષ્ટ દર્શન થાય છે. ગાંગુલી મહાશયમાં એજ રીતે રાસવિહારી ઘોષનો અણસાર દેખાશે.

કથામાં પહેલી આઝાદ હિંદ ફોજની સ્થાપના તથા પૂર્વ એશિયાના હિંદીઓમાં આવેલી નવચેતનની ભરતીની સાથોસાથ મલાયલા અને ચીનાઓની હિંદીવિરોધી પ્રવૃત્તિઓનું ચિત્ર પણ એ વાતાવરણની એક સત્ય હકીકત લેખે દોરવામાં આવ્યું છે. એમના દુશ્મન જાપાનીઓ સાથે સહકાર કરી હિંદીઓ આઝાદ હિંદ ફોજ રચવા મંડ્યા એથી મલાયલા ને ચીનાઓના મગજમાં શંકા પેઠી કે એ ફોજનો ઉપયોગ તેમની જાપાનની ગુલામી કાયમ કરવામાં જ થશે. એ ફોજ જ્યારે વિખેરાઈ ત્યારે એ લોકોને પ્રતીતિ થઈ કે હિંદીઓ હિંદની આઝાદીના જ ચાહકો છે ને જાપાનના વિરોધીઓ છે, અને ત્યારે એમનો એ હિંદીવિરોધ શમી ગયો.

પણ બની ગએલા બનાવનો માત્ર અહેવાલ કંઈ લેખકોને આપવો નથી, એમને તો નવલકથા લખવી છે. એટલે આ મોટા બનાવોની પશ્ચાદ્‌ભૂ પર એમણે વીરેન્દ્ર, એની, મહાત્મા જેવા કેટલાંક પાત્રોની કથા આલેખી છે. ગુજરાતી લેખકોએ વીરેન્દ્રને, એક ગુજરાતી જુવાનને, લગભગ કથાનાયક જેવો બનાવ્યો છે તે ધ્યાન ખેંચે તેવું છે. જાપાની ચડાઈ વેળા દેશ ચાલ્યા જતાં સ્ટીમર ઉપડવાની ઘડીએ કોઈ ગોરા કુટુંબને જવા દેવા માટે તેના કુટુંબની એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિકિટ રદ થઈ એટલે કુટુંબને હિંદ જવા દઈ પોતે સિંગાપુરમાં રહી પડનાર એ જુવાનને લેખકોએ ભાવનાશાળી, અંગ્રેજવિરોધી, દિલમાં જાપાનવિરોધી અને હિંદની આઝાદી માટે આવેલી સોનેરી ઘડીને પકડી લેનારો નિરૂપ્યો છે. આઝાદ હિંદ ફોજ માટે નાગરિકોમાંથી એ ઉત્સાહભેર સ્વયંસેવક સૈનિકોની ભરતીનું કાર્ય ઉપાડી લે છે.

નવલકથામાં થોડી પ્રણયકથા હોય તો રંગ આવે એમ ઘણા નવલકથાકારો પેઠે આપણા લેખકો પણ માનતા લાગે છે. તેથી વીરેન્દ્ર અને અંજલિના પરિણયમાં પરિણત ન થએલા પ્રેમની વાત તેમણે પશ્ચાદ્‌ભૂમાં ગોઠવી છે. સ્ત્રીમાંથી વિશ્વાસ ઉઠાવી લઈ તેમનાથી દૂર રહેવા ઈચ્છતા નિરાશ પ્રેમી વીરેન્દ્રને બીજી પ્રણયિની સંપડાવવા લેખકોએ એક એનીના પાત્રને તેના સંપર્કમાં લાવી મૂક્યું છે. અંગ્રેજો તથા જાપાનીઓ બેઉની જાસૂસી કરતા, થોડો વખત એના પ્રીતમ બનેલા બંગાળી જુવાન અમરે એના નામનો ઉપયોગ કરેલો એથી આવી પડનાર ભયમાંથી ઉગરવા એની પિનાંગથી ભાગી સિંગાપુર આવી તેની બેનપણી અંજલિની ભલામણથી વીરેન્દ્રને ત્યાં રહે છે. બીજે પરણી ગએલી છતાં વીરેન્દ્રને માટે જૂનો પ્યાર ને આદર હૈયામાં સંઘરી બેઠેલી અંજલિની વીરેન્દ્રનો એની જોડે યોગ થાય એવી આંતરિક ઈચ્છા બર આવે તેવી ઘટના—એનીનો વીરેન્દ્ર પ્રત્યે વધતો જતો કૂણો ભાવ—ધીમે ધીમે જામતી જાય છે તેને લીધે, તેમજ બીજી રીતે એને પકડવા મથતા જાપાની જાસૂસીખાતાની એને લીધે ઊભી થતી ખટપટ ને દોડધામને લીધે, એનીના પાત્રને કથામાં ઠીક મૂહત્ત્વ મળ્યું છે.

કથામાં ડૉ. જોસેફ, તામિલ વેપારી રાજગોપાલન, શીખ ટીંબર મરચન્ટ ખડગસિંહ, બંગાળી પત્રકાર શરદ ગાંગુલી, કરિયાણાના ગુજરાતી વેપારી મોતીચંદ શેઠ, એમ હિંદના બધા પ્રાંતોનું પ્રતિનિધિત્વ જાળવતી સિંગાપુરનિવાસી નાગરિક વ્યક્તિઓ જે હિંદી સ્વાતંત્ર્ય સંઘ સ્થાપે છે તે પાત્રો અને અંજલિ, હેમાંગિની, કંચન આદિ તેમના કુટુંબની યુવતીઓનાં પાત્રોને યથાયોગ્ય સ્થાન મળ્યું છે. પાત્રચમૂમાં એમનાથી સહેજ વિશિષ્ટ ધ્યાન ખેંચે એવું પાત્ર છે ઉત્તર હિંદના મહાત્મા કૈલાસનાથનું. મહાત્મા કૈલાસનાથ હિંદી, ચીની, મલાયલી કોઈ એક જ કોમના નહિ, સૌના એક સરખા સેવક છે અને બીનરાજકીય માનવસેવા જ કરી રહ્યા છે. એનામાં ગાંધીજીની પ્રતિમૂર્તિ સરજવા જેવું લેખકોએ કર્યું છે. એના નામમાં એક ઠેકાણે ગરબડ થઈ છે: બધો વખત કૈલાસનાથ નામથી ઓળખાતા એ પાત્રને પૃ. ૨૧૨ પર 'કેદારનાથ' કહ્યા છે!

કથામાં પરાજિત હિંદી સેનાના અફસરો ને સિપાઈઓનાં તેમ વીરેન્દ્રનાં ભાષણોનું કથામાં સારું જોર રહ્યું છે. વાર્તાના રસ કે કળા કરતાં લેખકો ગુલામીએ દીઠેલા ગુલાબી સ્વપ્નનું, 'હિંદની આઝાદી માટે થએલા એક સન્નિષ્ઠ પ્રયાસનું આલેખન કરવાના પોતાના હેતુને વધુ વફાદાર રહ્યાનું એ પરિણામ છે. ભાષણોમાં જુવાનસિંગ અને વીરેન્દ્રનાં ખાસ તરી આવે છે. એ લાંબાં, આવેશભર્યાં, છટાદાર બાનીવાળાં અને દેશદાઝથી છલકાતાં બન્યાં છે. લેખકોના દેશપ્રેમે ભારત ને તેના ઈતિહાસના તેમના જ્ઞાને અને તેમના ભાષાપ્રભુત્વે તેમાં એકસાથ કામ કર્યું છે.

વસ્તુતઃ આ કથા આની પછી આવનાર ખંડની પ્રસ્તાવના રૂપ જ છે. જાપાનીઓએ આપેલાં વચન ન પાળતાં પહેલી આઝાદ હિંદ ફોજને કેપ્ટન મોહન-સિંગે વિખેરી નાખી અને કેપ્ટન મોહનસિંગને જાપાનીઓએ ગિરફતાર કર્યા ત્યાં સુધી જ કથા આ ખંડમાં પહોંચી છે. ગુલામ હિંદીઓએ 'નેતાજી' સુભાષચંદ્રનાં જ્વલંત પ્રેરણા ને નેતૃત્વ તળે આઝાદીનો જે રણજંગ ખેલ્યો અને આઝાદ હિંદ સરકારની જે સ્થાપના કરી એનું ચિત્ર તો હજી હવે દોરાવાનું છે. વીરેન્દ્ર—એનીનું શું થાય છે એ પણ બીજો ખંડ જ ખોલશે. એ બીજા ખંડ માટે ઉત્સુકતા જન્માવે એવો તો આ પહેલો ખંડ છે જ. હિંદની આઝાદીની લડતની તવારીખના એક અવિસ્મરણીય પ્રકરણના કથા-લેખનનો લેખકોનો પ્રયાસ કમતાકાત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2000

111179

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri